


શ્રી ગૌતમસ્વામી



શ્રી મહાવીર સ્વામી

શ્રી સુધર્માસ્વામી



જૈન પરંપરાનો ઇતિહાસ










ભાગ–૪



લેખક : ત્રિપુટી

પૂજ્ય મુનિશ્રી દર્શનવિજયજી મ.

પૂજ્ય મુનિશ્રી જ્ઞાનવિજયજી મ.

પૂજ્ય મુનિશ્રી ન્યાયવિજયજી મ.



: સંકલન :

પૂજ્ય આ. શ્રી વિજય ભદ્રસેનસૂરિજી મ.

॥ वंदे वीरम् श्री चारित्रम् ॥

જૈન પરંપરાનો ઇતિહાસ

ભાગ ચોથો ✿ આવૃત્તિ બીજી

: લેખક :

પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ

પૂજ્ય મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી મહારાજ

પૂજ્ય મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ

(ત્રિપુટી મહારાજ)

: સંપાદક :

આ. શ્રી વિજય ભદ્રસેનસૂરિજી મહારાજ



: પ્રકાશક :

શ્રી યશોવિજયજી જૈન આરાધના ભવન

પાલીતાણા

પ્રાપ્તિસ્થાન :

(૧) **શ્રી યશોવિજયજી જૈન આરાધના ભવન**
પ્લોટ નં. ૨૮, ગિરિરાજ સોસાયટી,
ચ. મો. સ્કૂલની પાછળ, તળેટી રોડ,
પાલીતાણા.


(૨) **પંકજભાઈ હિંમતલાલ શાહ**
૧૬, કીર્તિ કુંજ, પહેલે માળે,
મામલતદાર વાડી, મેઈન રોડ,
મલાડ (પશ્ચિમ), મુંબઈ–૪૦૦ ૦૬૪.
ફોન : ૨૮૮૨ ૭૮૩૭.

નકલ : ૧૦૦૦

મૂલ્ય : રૂા. ૨૦૦/-

વીર સં. ૨૫૩૨	ઈ. સ. ૨૦૦૬
વિ. સં. ૨૦૬૨	ચા. સં. ૧૨૨

મુદ્રક : કોમ્પ્યુ-ગ્રાફિક્સ
૧૧૬, નમન પ્લાઝા શોપીંગ આર્કેડ, પહેલા માળે, એસ. વી. રોડ,
શોપર સ્ટોપની પાછળ, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ–૪૦૦ ૦૬૭.
ફોન : ૯૨૨૩૩૧૯૬૫૫ ★ ઘર : ૨૮૦૫ ૧૯૭૯.


પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મ.સા. (કચ્છી)
: આદ્યસ્થાપક :
શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ - પાલીતાણા
: જન્મ :
સં. ૧૯૪૦ આસો વદ-૧૪
ગામ-પત્રી
: સ્વર્ગવાસ :
સં. ૧૯૭૪ આસો વદ-૧૦
ગામ-અંગીયા

શ્રીરામ જીવનવિજ્ઞાન શ્રીનર્મ ન્યાસ ♣ શ્રીરામ જીવનવિજ્ઞાન શ્રીનર્મ ન્યાસ ♣ શ્રીરામ જીવનવિજ્ઞાન શ્રીનર્મ ન્યાસ


શ્રીરામ ટ્રસ્ટ

મારા પરમ ઉપકારી

પૂજ્ય મુનિવર્યશ્રી દર્શનવિજયજી મ. સાહેબ
પૂજ્ય મુનિવર્યશ્રી જ્ઞાનવિજયજી મ. સાહેબ
પૂજ્ય મુનિવર્યશ્રી ન્યાયવિજયજી મ. સાહેબ
(ત્રિપુટી મહારાજ)ના

જન્મશતાબ્દી વર્ષમાં

જૈન પરંપરાના ઇતિહાસના
ભાગ ચોથાની આવૃત્તિ બીજી



અર્પણ

કરતા કૃતાર્થતા અનુભવું છું.

આપનો

આ૰ વિજય ભદ્રસેનસૂરિ

સાદર સમર્પણ

વર્તમાનકાળે દેશમાં કે પરદેશમાં શાળા, મહાશાળા, વિશ્વવિદ્યાલયમાં સર્વત્ર ઇતિહાસનું અધ્યયન વિદ્યાનું અનન્ય અંગ બન્યું છે. સાહિત્ય, ભાષા, કલાઓ જ નહિ પણ જ્ઞાન-વિજ્ઞાનની એકેક શાખા ઇતિહાસના અધ્યયન વિના અધુરી જ મનાય છે.

ભૂતકાળ આપણી સામે નથી, પણ તેના બધા જ પદચિહ્નો વિદ્યમાન છે. સૂક્ષ્મ અને સ્થૂલ બન્ને અર્થમાં એ પદચિહ્નોનો વારસો વર્તમાન કાળમાં પણ છે. તેથી જ ગઈ કેટલીક પેઢી કરતાં અત્યારની નવતર પેઢી તો પ્રત્યેક વસ્તુનો વિચાર કરી ઇતિહાસની આંખે કરતી થઈ છે. જિજ્ઞાસુ જગતની માગણીને સંતોષવા જ્ઞાનભંડોળની પૂરવણી કરે તેવા ઇતિહાસની અગત્યતા છે. તેથી જ જૈન પરંપરાના ઇતિહાસની ભૂમિકા સ્વરૂપ જૈન પરંપરાનો સમસ્ત પરિચય આપવા જૈન ઇતિહાસના રસિક એવા વિદ્વાન જેઓની ચેતના મૂર્છિત થઈ નથી, જ્ઞાનનાડી ધબકતી હતી એવા પૂ. મુનિશ્રી દર્શનવિજયજી મ.સા., પૂ. મુનિ જ્ઞાનવિજયજી મ.સા., પૂ. મુનિ ન્યાયવિજયજી મ.સા. (ત્રિપુટી મહારાજ) એ સમ્યગ્ પુરૂષાર્થ ખેડ્યો અને 'જૈન પરંપરાનો ઇતિહાસ' પુસ્તકનું સર્જન કરી જૈન પરંપરાની પેઢીને અમૂલ્ય વારસો આપ્યો છે.

'જૈન પરંપરાનો ઇતિહાસ' એટલે ?

જૈન સંસ્કૃતિનું વિસ્મયકારી વર્ણન.
જૈન ઇતિહાસ – સાહિત્ય અને કલાનો ત્રિવેણી સંગમ.
ઉપકારી પૂર્વપૂરુષોનું પ્રેરણાદાયક ગૌરવજ્ઞાન.
ભાવી પેઢીને આપણા ભવ્ય વારસાની સોંપણી.
જૈન ધર્મ પ્રાચીન છે અને એ પ્રાચીનતાના પૂરાવાની સાચવણી.

આજના વિષમય વિષમ વાતાવરણમાં જ્યારે અનાર્ય સંસ્કૃતિ ફૂલીફાલી છે ત્યારે આજની ઉગતી પેઢીને પાશ્ચાત્ય વાતાવરણની અસરથી સુરક્ષિત રાખવા જૈનધર્મ પરંપરાનું જ્ઞાન અત્યંત આવશ્યક છે. તેથી જ વર્ષો પૂર્વે મારા પરમ તારક, પરમ ઉપકારી ત્રિપુટી મહારાજશ્રીના અંતરના આશીર્વાદથી, તેઓશ્રીના ઉદ્‌ગારોથી આ કામ સરળ અને સાકાર બન્યું છે. તેઓશ્રીના અધુરા કામને પૂર્ણ કરવાનું મને જે અહોભાગ્ય પ્રાપ્ત થયું તે માટે હું સદાય ગુરુશ્રીનો ઋણી રહીશ.

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ તૈયાર કરવામાં એટલે કે, મેટર વાંચવામાં, સાથે યોગ્ય સુધારા-વધારા કરવામાં પં. રતિલાલ દીપચંદ દેસાઈ તથા પં. બાલાભાઈ (જયભિખ્ખુ)ની પ્રેરકબળની પ્રાપ્તિ છે. તેમજ લખેલ મેટરની પ્રેસકૉપી કરવામાં અને પ્રુફ સંશોધન કરવામાં પં. અંબાલાલ પ્રેમચંદભાઈનો ઉદાર ફાળો છે. તેમજ પૂ. ત્રિપુટી મહારાજ જે કંઈ સંગ્રહિત કરી પોતાની નોટ તૈયાર કરે તેને વ્યવસ્થિત રૂપે લખવામાં તેઓશ્રીની સૂચના મુજબ કાચી કૉપી તૈયાર કરવામાં નિયમિત કાર્ય કરનાર પં. રસિકલાલ શાંતિલાલ (સુઈગામવાળા)ને પ્રથમ ત્રણ ભાગમાં નામોલ્લેખ કરવામાં ભૂલાઈ જવા છતાં તેઓની ઉદારતા અનુમોદનીય છે. આ ભાગ-૪માં તેઓની કાર્યદક્ષતાની અનુમોદના કરવામાં આવે છે.

આ કાર્યમાં મારા તપસ્વી શિષ્યરત્ન બાળમુનિ મહાભદ્રવિજયે ઘણાં ઉત્સાહથી દાદાગુરુઓના કાર્યને નત મસ્તકે ઉપર ચઢાવી કર્યું છે.

'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા. ૪માં સં. ૧૬૦૦ થી ૨૦૦૦ સુધીની વાતો અને ક્રિયોદ્ધારક પં. શ્રી સત્યવિજયજી ગણિવર્ય મ. સાહેબનું જીવન ચરિત્ર અને છેલ્લા પરમ ઉપકારી ત્રિપુટી મ.નું જીવન ચરિત્ર આપવાની ભાવના છે. તેઓશ્રીની કૃપાવર્ષાથી પુનઃમુદ્રિત થયેલ છે. આ પુસ્તક સમ્યગ્ શ્રદ્ધા, સમર્થ સત્ત્વ તેમજ સુંદર સમર્પણના સથવારે તેઓશ્રીના કરકમલમાં અર્પી યત્કિંચિત્ કૃતાર્થતા અનુભવું છું.

પાલિતાણા

એજ શુભાભિલાષી
ભદ્રસેનસૂરિ

આવકાર

'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા. ૪નું પુનઃ પ્રકાશન થઈ રહ્યું છે, તે ઘણો આનંદનો વિષય છે.

આ પૂર્વે ભા. ૧-૨-૩ ના પુનઃ પ્રકાશન આ૦ શ્રી ભદ્રસેનસૂરિ મ.ના પ્રયાસથી પ્રગટ થઈ ચૂક્યા છે.

ઇતિહાસના ગ્રંથો રચવા એ ધૂળ ધોવા જેવું શ્રમસાધ્ય અને કંટાળાજનક કહી શકાય તેવું કામ છે. ક્યારેક ડુંગર ખોદ્યા પછી ઉંદર પણ નિકળે.

શ્રી ત્રિપુટી મ.ની ઇતિહાસ ગ્રંથો રચવાની લગનના કારણે નાદુરસ્ત તબિયતે પણ હજારો સંદર્ભોના વાંચન-ટાંચન કરી હજારો વિગતોને કડીબદ્ધ કરી છે.

પૂ૦ શ્રી અભયસાગરજી મહારાજે આ ગ્રંથની પ્રથમ આવૃત્તિના મેટરનું અવલોકન કરી યથાયોગ્ય સૂચનો કરેલા અને મુનિ મિત્રાનંદસાગરજીએ એનું સંપાદન કરેલું. પ્રસ્તુત બીજી આવૃત્તિમાં યથાયોગ્ય પરિવર્તનો શ્રી વિનોદભાઈએ કર્યા છે.

પ્રસ્તુત ચોથા ભાગમાં આ૦ ભ૦ શ્રી દાનસૂરિજી મ.સા., જગદ્‌ગુરુ આ૦ ભ૦ શ્રી હીરસૂરિજી મ.સા., આ૦ ભ૦ શ્રી સેનસૂરિજી મ.સા.થી માંડી (પં૦ શ્રી સત્યવિજયજી ગણિવર) શ્રી મણિવિજય દાદા સુધીના પાંચસો વર્ષ જેટલા સુદીર્ઘ કાળપટમાં થયેલા આચાર્ય ભગવંતો, એમની વિવિધ શાખાઓ, સાધુ–સાધ્વીજી, શ્રાવક–શ્રાવિકાઓ વિષે અહીં પ્રચુર વિગતો છે.

જાજરમાન સંઘો વિષે વિગતો, અમદાવાદના નગરશેઠના વંશ વિષે, જગતશેઠના વંશનો પરિચય, મોગલ બાદશાહો અને ધર્મપ્રેમી રાજાઓ વિષે અહીં ઘણી એવી વિગતો છે જે અપ્રગટ રાસાઓમાં ઘરબાયેલી હોય, કોઈ છૂટા-છવાયા લેખો રૂપે સામયિકોમાં પ્રગટ થયેલી હોય, એવી અનેક સ્થળે વેર-વિખેર વિગતોને એક સ્થળે એકઠી જોવા મળી છે, તે શ્રી ત્રિપુટી મ.ના પ્રચંડ પુરુષાર્થને કારણે જ સંભવિત બન્યું છે.

સાહિત્યના ઇતિહાસને સંબંધ છે ત્યાં સુધી આ માટે ભગીરથ પ્રયત્નો કરી શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ ૧. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', ૨. 'જૈન ગૂર્જર કવિઓ' દ્વારા ઘણી વિગતો આપી છે. શ્રી હીરાલાલ ૨. કાપડિયાએ પણ ૩. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' ભા. ૧-૨-૩-૪ 'પાઇઅ (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય'માં તે તે વિષય ઉપર રચાયેલા, પ્રગટ થયેલા સાહિત્ય વિષે મૂલ્યવાન સામગ્રી પૂરી પાડી છે. ૧-૨-૩ ગ્રંથોનું અમે સંપાદન કર્યું છે. ૧, ૪ ટૂંકમાં પ્રગટ થઈ રહ્યાં છે. પરંતુ ચતુર્વિધ સંઘમાં થયેલા પ્રભાવકો વગેરે માટે 'જૈન પરંપરાનો ઇતિહાસ' જેવું બીજું સાધન દેખાતું નથી.

અહીં એક વાત કહી દેવાનું મન થાય છે કે, ઇતિહાસના આ ગ્રંથો પ્રગટ થયા તે દરમિયાન ત્રિપુટી મહારાજોની તબિયત સારી રહી નહીં અને અખંડ પણ રહી નહીં. એક પછી એકે વિદાય લીધી. ચોથો ભાગ ત્રિપુટીની વિદાય પછી પ્રગટ થયો છે એટલે અહીં પ્રગટ થયેલી બધી વિગતો ચકાસી જોવાનું શક્ય બન્યું નથી. ક્યારેક અહીં અપાયેલી વિગતો પરસ્પર વિરોધી કે ભિન્નતા દર્શાવતી હોય. અનેકવિધ મતાંતરો, દંતકથાઓને પણ આમાં સ્થાન અપાયું હોય... પણ, એટલા માત્રથી ઇતિહાસકારો આ ગ્રંથોથી મોં મચકોડે તે યોગ્ય નથી. અહીં અપાયેલી સામગ્રીને ચકાસી નવા સંદર્ભો મેળવી ઇતિહાસકારો ત્રિપુટી મ.ના કાર્યને આગળ ધપાવે.

– આ૰ વિજય મુનિચન્દ્રસૂરિ

ઇતિહાસ વાંચતા પહેલા...

'જૈન પરંપરાનો ઇતિહાસ' આ અવસર્પિણી કાળમાં પ્રાયઃ એક કોડાકોડી સાગરોપમ જૂનો છે. આ ઇતિહાસ એટલે સમયરૂપી આકાશમાં પ્રગટેલા તીર્થંકરરૂપી સૂર્યોના, કેવળજ્ઞાનરૂપી ચંદ્રોના, તે તે યુગપ્રધાન આચાર્ય ભગવંતોથી માંડી વિવિધ ક્ષેત્રે ઝળકેલા ચતુર્વિધ સંઘરૂપ ઝળહળતા તારાઓના તે તે સત્કાર્યરૂપી તેજકિરણોને શબ્દોની પેટીમાં ભરી દેવાનો એક સુયોગ્ય-સાર્થક પ્રયાસ.

એમાં કેટલાક ઇતિહાસનું જ્યારે પુનરાવર્તન થાય છે, ત્યારે શિષ્ટ પુરુષોમાં પ્રમોદભાવ પથરાય છે. તો યુદ્ધોના ઇતિહાસમાંથી કશું નહીં શીખેલા યુદ્ધખોર માનવો એવા ઇતિહાસનું પુનરાવર્તન કરે છે, ત્યારે ચારેબાજુ હાયકારાનું વાતાવરણ ઊભું થાય છે.

જો કે જૈન ઇતિહાસ સુકૃતોના સુવર્ણાક્ષરે લખાયેલો છે. ઇતિહાસ પૂર્વકાલીન પરિસ્થિતિઓ, સંયોગો, માનવીય વિકાસ, કળાઓ, આર્થિક, કૌટુંબિક, રાજકીય, સામાજિક વગેરે અવસ્થાઓના અભ્યાસુ વર્ગની જિજ્ઞાસા સંતોષવાનું કામ કરે છે.

જો કે પશ્ચિમી અને તે તરફ ઢળેલા ભારતીય ઇતિહાસવિદો પોતાની તેવા પ્રકારની માન્યતા વગેરેના કારણે આ ઇતિહાસને મહત્ત્વ નથી આપતા અને માત્ર ભક્તિભાવથી પ્રેરાયેલી અતિશયોક્તિ ભરેલી વાતો માને છે.

પણ પૂર્વના દ્રઢ વૈરાગી, મધ્યસ્થ ભાવનાને પામેલા પ્રતિભાસંપન્ન મહાપુરુષોએ આલેખેલા ચરિત્રાત્મક ઇતિહાસખંડને કલ્પના માત્ર માની લેવાની મૂર્ખામી એ કહેવાતા વિદ્વાનોને ખરેખર તો સત્યથી યોજનો દૂર લઈ જાય છે. ઊલટાં આ કહેવાતા ઇતિહાસકારો કેટલીક માન્યતા–પૂર્વગ્રહો વગેરેથી પીડાતા હોવાથી તેમને આલેખેલા ઇતિહાસમાં એકપક્ષીયતા આવી જતી જોવા મળે છે ને તેથી જ જુદા જુદા વાદ વગેરે તરફ ઢળેલા જુદા જુદા ઇતિહાસકારોનું એક જ ઘટના માટેનું આલેખન સાવ અલગ અલગરૂપે ઉપલબ્ધ થતું દેખાય છે.

ખેર ! આપણા માટે તો પૂર્વના મહાપુરુષોએ કરેલું આલેખન તે તે મહાપુરુષોને માનસગોચર બનાવવાનું, જાણે કે શબ્દદેહથી મળેલા એમને સાક્ષાત નિહાળવાનું, એમના સુકૃતોની અનુમોદનાનું અને આપણા માટે એ માટેના આલંબનનું અનન્ય સાધન બને જ છે.

પ્રભુવીરના સમકાલીન અને તે પછી થયેલા અમુક કાળ સુધીના અમુક મહાપુરુષોનું ચરિત્ર પરિશિષ્ટ પર્વમાં મળે છે. પણ છેલ્લા ૨૫૦૦ વર્ષમાં જૈનશાસનમાં થયેલા પ્રાયઃ બધા વિશિષ્ટ આચાર્ય ભગવંતો – એમના દ્વારા થયેલી સાધનાઓ, એમની નિશ્રામાં થયેલા સુકૃતો, એમના ભક્ત રાજાઓ, વિશિષ્ટ ઉદાર શ્રાવકો, સમર્થ સાધ્વીજીઓ, ઉત્તમ શ્રાવિકાઓ, તે તે કાળે જૈનશાસનપાટે ગૌરવભરી કે આપત્તિજનક બનેલી ઘટનાઓ, રચાયેલા ગ્રંથો વગેરે બત્રીશ પકવાનયુક્ત થાળી જેવા ઇતિહાસને સૌ પ્રથમ તો એકત્ર કરવો, પછી એની સત્યતા ચકાસવી, એ માટે મળતા પૂરા કે અધુરા શિલાલેખોની લિપિઓ ઉકેલવી વગેરે વાતો કેટલી કઠીન-અઘરી, પ્રાયઃ અશક્ય કહેવાય તેવી છે, એ કહેવા માટે શબ્દોની જરૂરત નથી. ચાર ભાગમાં ફેલાયેલા 'જૈન પરંપરાનો ઇતિહાસ' ગ્રંથના પાના ફેરવવાથી દરેક સુજ્ઞને સહજ સમજ પડી જશે.

'ત્રિપુટી મહારાજ' તરીકે પ્રસિદ્ધ આદરણીય મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ, જ્ઞાનવિજયજી મહારાજ અને ન્યાયવિજયજી મહારાજે પૂરી જિંદગીના કિંમતી વર્ષો એમાં ફાળવી દઈ જે અનન્ય સર્જન કર્યું છે એમને લાખ લાખ ધન્યવાદ આપવા જ જોઈએ.

એમના અધુરા કાર્યને ઉપાડી લઈ વિક્રમની એકવીસમી સદીના આરંભ સુધીના ઇતિહાસને વ્યવસ્થિત સંકલિત કરી ચોથા ભાગરૂપે આપણી સમક્ષ રજુ કરતા પૂજ્ય આચાર્યશ્રી ભદ્રસેનસૂરીશ્વરજી મહારાજને પણ ખરેખર જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

આ ચોથા ભાગમાં એમણે જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિ મહારાજના ગુરુભગવંત શ્રી દાનસૂરિજી મહારાજના જીવનવૃત્તાંતથી ઇતિહાસનો આરંભ કર્યો છે.

જૈન પરંપરાના પૂર્વના ભાગો અને આ ભાગ જોતા સહેજે સમજાય છે કે, હુંડા અવસર્પિણીના દશ અચ્છેરાથી દૂષિત ફરતા ભસ્મરાશિ ગ્રહની અસરવાળા આ પાંચમા આરાના પ્રભુવીર નિર્વાણ પછીના ૨૦૦૦ વર્ષમાં જૈન સંઘપર, શાસનપર, તીર્થોપર, સાધુ-સાધ્વીઓપર કેવી કેવી આફતો આવી અને એ બધાની સામે તે તે મહાપુરુષોએ સત્ત્વથી, મંત્રથી, પુણ્યથી, કુનેહથી, અવસરોચિત સમાધાનકારી વલણથી, અગમચેતીથી કે છેવટે જાતે સહન કરીને પણ જૈનશાસનની શાન-બાનમાં ઘટાડો થવા દીધો નહીં એમ નહીં, પણ વૃદ્ધિ જ કરી. આથી સહજ મસ્તક અહોભાવથી ઝૂકી જાય છે.

આ છેલ્લા ભાગમાં શ્રીશત્રુંજય તીર્થાધિરાજ, શ્રીસમેતશિખરજી તીર્થ વગેરે અંગે તે તે બાદશાહોના ફરમાન, દસ્તાવેજો, કરારોની અતિ મહત્ત્વની વિગત પ્રગટ કરી ખૂબ મોટી સંઘસેવા કરી છે. વર્તમાનમાં અને ભવિષ્યમાં એ ખૂબ ઉપયોગી થાય તેમ લાગે છે.

છેલ્લે બે વાત – (૧) આ ચારેય ભાગનું વાંચન સમસ્ત જૈન સંઘમાં વ્યાપકરૂપે થાય એ ખૂબ જરૂરી છે, જેથી જૈનોને પોતાના પ્રતાપી પૂર્વજોનો ઇતિહાસ પણ જાણવા મળશે ને એવા પરાક્રમી થવાની પ્રેરણા પણ મળશે. આ માટે જે ઉચિત માર્ગ લાગે, તે અપનાવવો જોઈએ.

અને (૨) વિક્રમની એકવીસમી સદીના આરંભ સુધીનો તો પ્રાયઃ પૂરો ઇતિહાસ આપણને પ્રાપ્ત થઈ ગયો. એ પછીના વર્ષોનો ઇતિહાસ પણ આ રીતે સંકલિત થયા કરે ને ભવિષ્યની પેઢી માટે પ્રકાશિત થયા કરે એ જરૂરી છે. આ માટે પ્રયત્ન ચાલુ રહેવો જોઈએ.

પ્રાન્તે, આ પ્રસ્તાવના નિમિત્તે મને ચોથો ભાગ વાંચવાનો લાભ આપવા બદલ પૂ. આ. શ્રી ભદ્રસેનસૂરીશ્વરજી મહારાજનો હું આભાર માનું છું.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છા મિ દુક્કડમ્.

જ્ઞાનપાંચમ સં. ૨૦૬૨
શાશ્વત તીર્થાધિરાજના
સાંનિધ્યમાં....

– અજિતશેખર વિજય

બે બોલ...

આજે મને બે શબ્દ લખવાનું મન થયું. મારા દાદા ગુરુદેવો 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ ૧ થી ૩ પ્રકાશિત કરીને ગયા હતા. બાદ મારા પરમતારક, ઉપકારી ગુરુદેવે સુધારા વધારા કરીને બીજી આવૃત્તિઓ પ્રકાશિત કરી છે. આ કાર્ય તેઓશ્રીના આશીર્વાદ અને અંતરના કહેલા શબ્દ દ્વારા સફળ થયું છે. મારા ગુરુદેવ આ કાર્યમાં ઘણી વિટંબણાઓ હોવા છતાં આ અશક્ય કાર્યને સફળ કરીને જ રહ્યા. પ્રકાશનનું પ્રુફ તેમજ સુધારા વધારા કરનાર શ્રી વિનોદભાઈ ગુલાબચંદ શેઠ પોતાની તબિયત નાદુરસ્ત હોવા છતાં રાત-દિવસ જોયા વગર પોતાનું માની આ કાર્ય કર્યું તેઓશ્રીને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. ઉપરાંત ગુરુદેવના કોઈપણ કાર્યમાં જ્યારે કહો ત્યારે તુરંત હાજર રહેનાર ગુરુભક્ત એવા પંડિતવર્ય શ્રી પંકજભાઈ એચ. શાહનો પણ આ કાર્યમાં મહત્તમ સહયોગ મળ્યો છે. સાથે કોમ્પ્યુ-ગ્રાફિક્સવાળા ભરતભાઈ ચિત્રોડાએ પણ સારો સહયોગ આપી પુસ્તક હાથમાં લેતાં ગમી જાય એવું કામ કર્યું છે તે બદલ તેમને પણ ધન્યવાદ.

આજે રોજ રોજ નહિં, કલાકે કલાકે નહિં પણ મિનિટે મિનિટે નવી શોધો થતી રહે છે. આ શોધો કોઈ એકાદ ક્ષેત્રમાં નહિં પરંતુ ભૌતિકતાના લગભગ દરેક ક્ષેત્રમાં થતી રહે છે. ટી.વી., વિડિયો, ઉપગ્રહો, રોકેટ, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રોનિક્સ મશીન, બોલતી ઘડીયાળો, વિમાનો, ભૂગર્ભમાં અને દરિયાના પેટાળમાં ચાલતી ટ્રેનો, તાર, ટેલિફોન, ટેલિફેક્ષ અને સેલ્યુલર વિગેરે જેવા ક્ષેત્રમાં વિજ્ઞાન કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે. આથી જ આજના યુગને વિજ્ઞાન યુગ કહેવામાં આવે છે.

અનંત ઉપકારી શ્રમણ ભગવંત શ્રી મહાવીર પ્રભુની અઢી હજાર વર્ષની અડિખમ ઊભેલી ભવ્ય ઈમારતના પાયામાં આજે ચારે બાજુથી વિષય-કષાય તેમજ વિજ્ઞાન સંશોધિત ભૌતિક સાધનોથી ભયંકર કુઠારાઘાત થઈ રહ્યા છે. ત્યારે તેની સામે પડકાર ઝીલવા માત્ર દેશમાં જ નહિં પરંતુ વિદેશમાં પણ થિયેટરની સામે જિનમંદિર, ક્લબની સામે ઉપાશ્રય, વાસનાના નિમિત્તોની સામે ઉપાસનાના આલંબનો, કોન્વેન્ટની સામે પાઠશાળા (ગુરુકુળ) બનાવવામાં આવી રહ્યા છે.

આ સાથે આપણાં માટે જમાનાવાદના ઝેર સામે રક્ષણ આપતું રસાયણ સમાન સાહિત્ય વિદ્વાન પૂ. મુનિશ્રી દર્શનવિજયજી મ.સા. પૂ. મુનિશ્રી જ્ઞાનવિજયજી મ.સા. અને પૂ. મુનિશ્રી ન્યાયવિજયજી મ.સા. (ત્રિપુટી મહારાજ) એ 'જૈન પરંપરાનો ઈતિહાસ'નું સર્જન કરી કર્યું છે.

'જૈન પરંપરાનો ઈતિહાસ' એટલે –
હજારો વર્ષ પૂર્વે થયેલા મહાપુરુષોનો પુણ્ય પરિચય.

પરમ તારક, ઉપકારી ગુરુદેવોના ઋણમુક્ત થવા તેઓશ્રીના શિષ્યરત્ન પૂજ્ય ગુરુદેવ શ્રી વિજય ભદ્રસેનસૂરિ મ. સાહેબે ૬૦ વર્ષ બાદ તે સાહિત્યનું પુનઃમુદ્રણ કરાવ્યું તે ખરેખર અત્યંત આવકાર્ય, આવશ્યક તેમજ અનુમોદનીય છે. સત્યનું શિખર દર્શાવતી દીવાદાંડી, પાશ્ચાત્ય સંસ્કૃતિના વાવાઝોડાના તોફાની પવન વચ્ચે સમ્યક્ દર્શનનો દીપક પ્રગટાવનાર મારા ગુરુદેવશ્રી ધન્યવાદના અધિકારી છે.

પૂજ્ય દાદા ગુરુદેવોના જન્મ શતાબ્દિ વર્ષમાં અને સંયમ જીવનના અનુમોદનાના પ્રસંગે તેઓશ્રીના યત્કિંચિત ઋણમુક્ત બનવા આ અનમોલ નઝરાણું ઉપકારીના ચરણ કમળમાં સમર્પિત કરી રહ્યા છો તે માટે હૈયાના હેતથી વધાવીએ છીએ.

માગશર સુદ-૨, શનિવાર
ગુરુ જન્મદિન
પાલિતાણા (સૌરાષ્ટ્ર)

ગુરુ કૃપાકાંક્ષી
બાલ શિશુ

જૈન પરંપરાના ઇતિહાસ વિશે કંઈક

આ અવસર્પિણીના ચોથા આરામાં ચરમ તીર્થપતિ ભગવાન મહાવીર થયા. ભગવાન મહાવીરને અગિયાર ગણધર હતા. ભગવાન મહાવીરે સર્વથી વધારે આયુષ્યવાળા સુધર્માસ્વામિને પોતાની પાટે સ્થાપ્યા.

ગણધરો પછી ચૌદ પૂર્વધરાદિ અનેક ભગવાન મહાવીરના પ્રરૂપેલા માર્ગની પ્રભાવના કરનારા થયા, જે મહાપુરુષોએ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે.

આજે ભગવાન મહાવીરને થયાને ૨૫૩૨ વર્ષ થયાં. તે દરમિયાન થયેલ જૈનશાસનના પ્રભાવક મહાપુરુષો, અનેક શ્રાવકવર્ગ, શ્રેષ્ઠીવર્ગ જે થયા તેનું વિસ્તૃત વર્ણન જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ-૧-૨-૩માં પૂ૦ ત્રિપુટી મહારાજે (તેમની ઉપસ્થિતિમાં) સંગ્રહિત કરી પ્રકાશિત કરેલ છે.

સોળમા સૈકામાં થયેલ હીરસૂરીશ્વરજી મહારાજા આદિ અનેક જૈનશાસનના મહા સિતારાઓનું વર્ણન જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ-૪ (પૂ૦ ત્રિપુટી મહારાજની ગેરહયાતીમાં પ્રથમ આવૃત્તિ તેમજ બીજી આવૃત્તિ પણ આજે) પૂ૦ આ૦ ભદ્રસેનસૂરિજી દ્વારા સંપાદનપૂર્વક પ્રકાશિત કરવામાં આવે છે.

પૂ૦ ત્રિપુટી મહારાજના આરંભેલા કાર્યને આગળ ચલાવવા એટલે સોળમા સૈકા પછી થયેલ અનેક ગીતાર્થો, આચાર્યો, જૈનશાસનની પ્રભાવના કરી અમારિનું પાલન કરાવવા દ્વારા મુસલમાન રાજાઓને પ્રતિબોધ કરનારાઓનું વિસ્તારથી વર્ણન આ ચોથા ભાગમાં આપવામાં આવેલ છે.

આર્યભૂમિ અને પ્રાયઃ શાશ્વત શત્રુંજય મહાતીર્થ તથા બીજા અનેક તીર્થોથી સુશોભિત એવા ગુજરાતદેશમાં જૈનશાસનનાં અનેકવિધ કાર્યો કરનાર શ્રેષ્ઠીવર્ગ, નગરશેઠ, રાજમંત્રીઓ આદિનો વિસ્તૃત ઇતિહાસ ભાગ-૪માં સંગ્રહિત કરેલ છે. તે સંગ્રહિત કરવામાં જુદા જુદા શાસ્ત્રો, ગ્રંથો, સ્તવનો, દોહાઓ, છંદો, સામયિકો વગેરે આધાર સાથે રજુ કરવામાં આવેલ છે.

વળી જૈનશાસનની મહાપ્રભાવક નગરી રાજનગર-અમદાવાદમાં જૈનતીર્થોની રક્ષા કરવામાં જે કુટુંબનો અસાધારણ ફાળો છે તેવા નગરશેઠ કુટુંબની ધર્મપ્રભાવના, ધર્મરક્ષા, તીર્થરક્ષા, તીર્થ પ્રભાવના આદિનું પણ આ ભાગમાં વર્ણન આપવામાં આવેલ છે.

ડાયમંડ સીટી - ધર્મભૂમિ એવી સુરત સૂર્યપુરનું ત્યાંના પ્રાચીન ચૈત્યોનું વિસ્તારથી વર્ણન પણ આધારગ્રંથો સાથે આપવામાં આવેલ છે.

જૈન પરંપરાના ઇતિહાસના ભાગ ૧ થી ૪નું વાંચન અને મમન કરનાર જૈનશાસન પ્રત્યે અજોડ શ્રદ્ધાવાળો અને સમ્યક્ત્વ પામનાર બને અને વીર પરમાત્માના નિર્વાણ વખતે બેઠેલ ભસ્મગ્રહ ઉતરી જવાથી પરમાત્મા શાસનની પ્રભાવના કરવાની ભાવનાવાળો અને પ્રયત્નવાળો થાય. પૂ૦ આ૦ ભ૦ શ્રી ભદ્રસેનસૂરીશ્વરજીએ અથાગ પ્રયત્ન કરી ભાગ-૪ પ્રકાશિત કર્યો તે સમયોચિત અને અજોડ કાર્ય ગણાય. સૌ કોઈ આ ગ્રંથ વાંચી-વિચારી જિનશાસનની પ્રભાવના કરવાની ભાવનાવાળા થાઓ.

મુ. પો. સુઈગામ
જિ. બનાસકાંઠા.

– પં૰ રસિકલાલ શાંતિલાલ

ઇતિહાસનો વર્તમાન...

'જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ ચોથો નવી આવૃત્તિ સુધારા-વધારા સાથે ચતુર્વિધ સંઘની સમક્ષ મૂકાઈ રહી છે તેનો અત્યંત હર્ષ અનુભવ કરું છું. જીવનની અણમોલ સંસ્કૃતિને ઉદાત્ત બનાવનારા ગ્રંથોને સંસ્કૃતિ પ્રેમીઓએ સદા આવકાર્યા છે. ખજાનાને ખોજવા માટે પાત્રતા જરૂરી છે. તેવી જ રીતે શબ્દોને સમજવા, ભૂતકાળના ગૂઢ રહસ્યોને પામવા અને ગ્રંથસ્થ આશયોને આત્મસ્થ કરવા માટે વાચકોની ભાવુક સજ્જતા એટલી જ જરૂરી બની રહે છે. ઇતિહાસ એ માણસની ભાવનાને બળવતર બનાવે છે, એના દિલમાં એક પ્રકારની ગૌરવની ભાવના પ્રગટાવે છે અને પૂર્વ પુરુષોના જીવન ચરિત્રમાંથી પ્રેરણા મેળવે છે.

આ ગ્રંથના લેખક ગચ્છાધિપતિ પૂજ્ય શ્રી મૂળચંદજી મ.સા.ના પ્રશિષ્ય પૂજ્ય શ્રી ચારિત્રવિજયજી મ. (ગુરુકૂળ પાલિતાણા)ના શિષ્યરત્નો પૂજ્ય મુનિશ્રી દર્શનવિજયજી મ.સા., મુનિ શ્રી જ્ઞાનવિજયજી મ.સા. અને મુનિ શ્રી ન્યાયવિજયજી મ.સા. ત્રિપુટી છે. ત્રિપુટી મહારાજની વિહારયાત્રા પછી પૂજ્યોને આવા પ્રકારના ઐતિહાસિક ગ્રંથની જરૂરીયાત જણાતા જૈન પરંપરાનો ઇતિહાસ એ નામથી ગ્રંથ લખવાનો પ્રારંભ કર્યો હતો. તેમાં ઓતપ્રોત થઈને પોતાનું સમગ્ર જીવન ઇતિહાસનો ગ્રંથ લખવા પાછળ સમર્પિત કર્યું હતું. તે ગ્રંથ તૈયાર કરવા પૂર્વે ઐતિહાસિક, ધાર્મિક, રાજકીય વગેરે વિવિધ વિષયોને લગતાં ૩૦,૦૦૦ થી પણ વધુ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. તે ગ્રંથોમાંથી જરૂરી વિષયોની નોંધ કરતા અને રાત-દિવસ ધગશથી આગળ વધવા પુરુષાર્થ કરતાં.

અપૂર્વ ખંત અને અપ્રમાદના પરિણામે ઇતિહાસનો ગ્રંથ લખાતો ગયો. તેનો પહેલો ભાગ પ્રકાશિત કરતાં પહેલાં પૂજ્ય મુનિ શ્રી ન્યાયવિજયજી મ.સા.નો સ્વર્ગવાસ થયો અને ત્રિપુટી મહારાજની જોડી તૂટી. છતાંય ગ્રંથનું કામ ચાલુ રાખી તેમનો બીજો ભાગ સં. ૨૦૧૬માં પ્રકાશિત કર્યો. તે પૂર્વે પૂજ્ય જ્ઞાનવિજયજી મ.ની તબિયત નાદુરસ્ત હતી અને પૂજ્ય દર્શનવિજયજી મ.સા.ને બ્લડપ્રેસરની તકલીફ આવ્યા છતાં પણ બીજો ભાગ પ્રકાશિત થયો. ત્રીજા ભાગનું કામ ચાલુ હતું ત્યારે પૂજ્ય જ્ઞાનવિજયજી મ.સા.નો સ્વર્ગવાસ થયો. પોતાના પર આવી પડેલી જવાબદારીને ખૂબ ખંતથી નિભાવી પૂજ્ય દર્શનવિજયજી મ.સાહેબે ત્રીજો ભાગ ૨૦૨૦માં પ્રકાશિત કર્યો.

ત્રીજો ભાગ પ્રકાશિત થયા પછી પૂ. દર્શનવિજયજી મ.સા.ને લકવાની અસર થઈ અને ગ્રંથની પ્રવૃત્તિમાં મંદતા આવી. પૂ. મહારાજશ્રીએ તેથી સુયોગ્ય વ્યક્તિને રોકીને ચોથા ભાગનું લખાણ લખાવ્યું હતું. તે સમયે પૂજ્યશ્રીને બોલવામાં પણ તકલીફ પડતી હતી. છેવટે પ્રેસ મેટર તૈયાર કરવા માટે પં. શ્રી અંબાલાલ પ્રેમચંદ્રને જ સોંપ્યું. પછી ૨૦૨૯માં પૂ. દર્શનવિજયજી મ.સા.નો પાલિતાણા મુકામે સ્વર્ગવાસ થયો. પ્રકાશનનું કામ અટકી ગયું. તે પછી સ્વ. પૂજ્યશ્રી ન્યાયવિજય મ.સા.ના શિષ્ય મુનિ શ્રી નીતિવિજયજી મ. વર્તમાનમાં (આચાર્ય ભદ્રસેનસૂરીશ્વરજી મ.સા.)એ ચોથા ભાગનું લખાણ પૂ. આચાર્યદેવ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી છાપવા આપ્યું અને તે ચારિત્ર સ્મારક ગ્રંથમાળા વતી જૈન ધર્મલાભ કાર્યાલય ભાવનગર તરફથી છપાયું હતું. તેમાં પ.પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી ગણિ તથા મુનિશ્રી મિત્રાનંદસાગરજીએ પ્રુફ તથા ગ્રંથ પ્રકાશનની જવાબદારી લીધી અને વીસ વર્ષ પછી ચોથો ભાગ બહાર પાડવામાં સફળતા મળી.

ચોથો ભાગ બહાર પડ્યા પછી પહેલાના ત્રણ ભાગની ઘણી માંગ આવતાં ફરી દ્વિતીય આવૃત્તિનો પહેલો ભાગ ચતુર્વિધ સંઘના સાથ-સહકારથી બહાર પડ્યો અને બે વર્ષ બાદ બીજો ભાગ પણ પ્રકાશિત થયો. ત્રીજો ભાગ બહાર પાડવામાં ઘણાં વિઘ્નો આવતાં ઘણો વિલંબ થયો હતો. આ ગ્રંથના પ્રુફ આદિ કાર્યમાં તન, મનથી સાથ સહકાર આપનાર શ્રી વિનોદભાઈ ગુલાબચંદ શેઠને લકવાનો હુમલો આવ્યો અને કામ લંબાયું પછી પૂ. આ. શ્રી ભદ્રસેનસૂરીશ્વરજી મ. સા.ની તબિયત લથડતાં કાર્ય સાવ ધીમું પડ્યું. પહેલો અને બીજો ભાગ છાપનારા ભરતભાઈ જે. ચિત્રોડાને શારીરિક વિઘ્ન આવતાં કામ અટકી ગયું હતું. પણ દેવ-ગુરુની કૃપાથી છ મહિના પછી ત્રીજો ભાગ પણ પ્રકાશિત કરી શક્યા. આમ પ્રથમ ત્રણ ભાગ બહાર પાડતાં ઘણા વિઘ્નોનો સામનો કરવો પડ્યો હતો.

આજે દ્વિતીય આવૃત્તિનો ચોથો ભાગ બહાર પાડતા પૂ. આ. શ્રી ભદ્રસેનસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી શ્રુતજ્ઞાનની ભક્તિ કરવા રૂપે સાથે રહેવાનો મને લાભ મળ્યો હતો. પહેલો, બીજો, ત્રીજો ભાગ નવી આવૃત્તિ અને સુધારા-વધારા સાથે ક્રમસર પ્રગટ થતા રહ્યા જેમાં જરૂરી ઉમેરા કર્યા છે. ચોથો દળદાર ભાગ અત્યારે પ્રગટ થઈ રહ્યો છે, જે મારા માટે ગૌરવરૂપે ગણાશે. પૂ. આ. શ્રી ભદ્રસેતસૂરીશ્વરજી મ.સા.નો છેલ્લા ૨૭ વર્ષના મારા અખંડ પરિચયના કારણે જૈન પરંપરાના ઈતિહાસના ભાગમાં તન, મનથી જ્ઞાન-ભક્તિ લાભ મળ્યો તેમાં ગુરુદેવની કૃપા જ મારા માટે કર્મક્ષયમાં નિમિત્ત બની છે. વાચકો જૈન પરંપરાના ઈતિહાસથી પરિચિત બને એ જ હૃદયની અભિલાષા...

માગસર સુદ-૫
મલાડ, મુંબઈ.

– પંકજ હિંમતલાલ શાહ
અધ્યાપક

✤ સહાયક દાતાઓની શુભ નામાવલી ✤

- શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ
  માટુંગા, મુંબઈ
- શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ – બોરીવલી (ઈસ્ટ), મુંબઈ
- શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
  ભગવાન મહાવીર માર્ગ, આણંદ
- શ્રી સત્સંગ મંડળ - લંડન
- શ્રી પાઠશાળા - લંડન
- શ્રી આદીશ્વર જૈન જિનાલય - કૈલાસનગર
  મજુસ ગેઈટ રોડ, કૈલાસનગર, સુરત
- શ્રીમતી ધીરજબેન રતિલાલ સલોત – મુંબઈ
- શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સાયન
  શ્રી અભિનંદન સ્વામી જૈન દેરાસર
  પ્લોટ નં. ૧૮૭, જૈન સોસાયટી, સાયન (વેસ્ટ), મુંબઈ.
- હારીજ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, હારીજ.

પરમ પૂજ્ય પંજાબકેશરી આ૦ શ્રી વલ્લભસૂરિજી મ. સાહેબના સમુદાયના સ્વ. પૂજ્ય સા.શ્રી ઉંકારશ્રીજી મ.ની સ્મૃતિ નિમિત્તે શ્રી પાલનપુર યાત્રિક ભવનની આરાધક બહેનો તરફથી પાલીતાણા

તપાગચ્છાધિરાજ શ્રીમદ્ રામચંદ્રસૂરિજી મ. સા.ના પ્રશિષ્ય પ્રશાંતમૂર્તિ ૫૦ પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયનરચંદ્રસૂરિજી મ.સા. તથા ૫૦ પૂ૦ આ૦ શ્રીમદ્ શ્રેયાંસપ્રભસૂરિજી મ.સા.ની પાવન નિશ્રામાં
વિ.સં. ૨૦૬૧ ચાતુર્માસ, પાલિતાણા,
શ્રી સંભવ વાચના સમિતિ તરફથી, મુંબઈ.

અધ્યાત્મયોગી પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના
શિષ્યરત્ન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરિજી મ.સા.ના
શિષ્યરત્ન પૂ. પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.ની
શુભ પ્રેરણાથી જુદા જુદા સંઘો તરફથી...

પરમ પૂજ્ય આ૦ શ્રીમદ્ મહાબલસૂરિજી મ.સા.ની પ્રેરણાથી
શ્રી મહારાષ્ટ્ર ભુવન જૈન ધર્મશાળા, પાલિતાણા.

પ૦ પૂજ્ય આ૦ શ્રીમદ્ વિજયભક્તિસૂરિજી મ.સા.ના શિષ્યરત્ન
સ્વ. પ૦ પૂ૦ આ૦ વિજયવિનયચંદ્રસૂરિજી મ.સા.ના શિષ્યરત્ન
પટ્ટધર પ૦ પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયકલ્પજયસૂરિજી મ.સા.ની
પ્રેરણાથી
શ્રી જૈન શ્વેતાંબર પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ
મહાવીરનગર, સાંગલી (મહારાષ્ટ્ર)
શ્રી સપ્તક્ષેત્ર ભક્તિ મહિલા મંડળ, સાંગલી

પરમ પૂજ્ય આ૦ શ્રીમદ્ વિમલભદ્રસૂરિજી મ. સાહેબની પ્રેરણાથી
શ્રી દાહણુંકરવાડી મહાવીરનગર શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘ
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ.

શ્રી મગરવાડા (તીર્થ) માણિભદ્રવીર ધર્મશાળા-દેરાસર ટ્રસ્ટના
ગાદીપતિ યતિ મૃગેન્દ્રસોમજી યતિ (વર્તમાન) વિજયસોમજી

પરમ પૂજ્ય આ૦ શ્રીમદ્ નરદેવસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી
શ્રી આદિનાથ તપગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
કતારગામ - સુરત.

પટ્ટ પરંપરા

પૂજ્યપાદ ગચ્છાધિપતિ શ્રી મુક્તિવિજયજી (મૂલચંદજી)
ગણિવર્ય મહારાજ સાહેબના શિષ્યરત્ન

પરમ પૂજ્ય આ. શ્રી કમલસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

શાંતમૂર્તિ સ્થવિર મુનિશ્રી વિનયવિજયજી મ.ના શિષ્યરત્ન

(ગુરુકુળ સ્થાપક)

પૂજ્ય મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મ.સા.ના શિષ્યરત્નો

પૂજ્ય મુનિશ્રી દર્શનવિજયજી મ. (ત્રિપુટી)

જન્મ : દડવા
નામ : મગનભાઈ
દીક્ષા : સં. ૧૯૭૨, ફાગણ વદ-૧૩, સામખીયાળી (કચ્છ)
કાળધર્મ : સં. ૨૦૨૯, મહા વદ ૦।। પાલિતાણા (સૌરાષ્ટ્ર)

પૂજ્ય મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી મ. (ત્રિપુટી)

જન્મ : ગઢુલા (ઘોળાજશન)
નામ : ગુલાબચંદ
દીક્ષા : સં. ૧૯૭૨, ફાગણ વદ-૧૩, સામખીયાળી (કચ્છ)
કાળધર્મ : સં. ૨૦૧૯, શ્રાવણ વદ ૦।। પાલિતાણા (સૌરાષ્ટ્ર)

પૂજ્ય મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મ. (ત્રિપુટી)

જન્મ : ખેડા (ગુજરાત)
નામ : ડાહ્યાભાઈ
દીક્ષા : સં. ૧૯૭૪, વૈશાખ વદ-૨, ભદ્રેશ્વર તીર્થ (કચ્છ)
કાળધર્મ : સં. ૨૦૦૭, માગસર સુદ-૫, અમદાવાદ.

ત્રિપુટી મહારાજનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર

જગતમાં માણસો ઘણા જન્મે છે અને મરે છે. આ દુનિયામાં જન્મનાર બધા માણસોના મરણની કે જન્મની નોંધ ભાગ્યે જ કોઈ રાખે છે.

જન્મ અને મરણની આ ઘટમાળા સંસારમાં સદા ચાલ્યા કરે છે. જે જન્મ્યા તે બધા મરે છે. પણ જેનો જન્મ કોઈ ઉપકારક હોય અગર જેના જીવનકાર્યની સુવાસ જગતને મહેકાવે તેને જ જગત સંભારે છે.

કચ્છના સૂરા સપૂત, સત્યધર્મના ભેખધારી, સંયમના પૂજારી, ગુરુકુળના સ્થાપક, વીસમી સદીના ગૌરવશાળી રત્ન પૂજ્ય મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મ. સાહેબના શિષ્યરત્નો પ્રકાંડ દાર્શનિક, પ્રખર શાસન પ્રભાવક, જૈન પરંપરાનો ઇતિહાસ ગ્રંથના સર્જક પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનવિજયજી મ. (ત્રિપુટી), પૂજ્ય મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી મ. અને પૂજ્ય મુનિશ્રી ન્યાયવિજયજી મ.

આ ત્રણ જૈન મુનિવરોનાં નામ અને કામથી ભાગ્યે જ કોઈ સાધુ, કોઈ શ્રાવક કે કોઈ સંઘ અજાણ હશે. ત્રિપુટી મહારાજના નામથી તેઓ ભારતભરમાં ખ્યાતી પામેલા છે. આવી આ મુનિવર ત્રિપુટીને વિધિએ આપણી વચ્ચેથી ખેંચી લીધી ત્યારે સકળસંઘે ઘેરા શોકની લાગણી અનુભવી હતી. જગતમાં જન્મે છે તે મૃત્યુવશ થાય છે એ અટલ નિયમ છે; પરંતુ મૃત્યુ મૃત્યુમાં ફરક હોય છે. કોઈ જીવતે જીવત મરેલાં જેવું જીવન જીવે છે, તો કોઈ મૃત્યુ પછી સૈકાઓ સુધી નામ ન વિસરાય એવું. ત્રિપુટી મહારાજ આવા ઉચ્ચ કોટિના મુનિવરો હતા.

પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજનું સંસારી નામ મગનલાલ હતું. તેમની જન્મભૂમિ રાંદલના દડવા ગામ. પિતાનું નામ પાનાચંદ અને માતાનું નામ કસ્તૂરબેન હતું. પૂજ્ય મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી મહારાજનું સંસારી નામ ગુલાબચંદ. તેમનુ જન્મભૂમિ ગઢુલા હતી અને પૂજ્ય મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજનું સંસારી નામ ડાહ્યાભાઈ હતું. તેમની જન્મભૂમિ ખેડા (ગુજરાત) હતી.

પૂજ્ય મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મહારાજ (કચ્છી)એ પાલિતાણામાં શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળની સ્થાપના કરી. તે પહેલા વિ.સં. ૧૯૬૮માં શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કારતક સુદ-પના રોજ થઈ હતી. ત્યારબાદ વિ.સં. ૧૯૭૦માં શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ મકાનનો પાયો નાખ્યો અને વિ.સં. ૧૯૭૧માં માગશર સુદ-૧૩ના રોજ વિદ્યાર્થીઓનો મકાનમાં પ્રવેશ. તેમાં આ ગુરુકુળમાં એક દડવાનો, એક ગઢુલાનો અને એક ગુજરાતના ખેડા ગામનો એમ ત્રણ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવ્યા. આ ત્રણે અત્યંત તેજસ્વી હતા અને ધર્મમાં અપૂર્વ પ્રીતિવાળા હતા.

ત્રણેએ આગળ જતાં દીક્ષા લીધી અને અને ત્રણે ત્રિપુટી તરીકે વિખ્યાત થયા. આ ત્રણે રત્નો પ્રથમ વિદ્યાર્થી અને પ્રથમ દીક્ષાર્થી થયા. પૂજ્ય મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મ. (કચ્છી)ના ત્રણે શિષ્યો થયા. આજ સુધીમાં શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળમાંથી ઘણા આત્માઓએ સંયમ (દીક્ષા) લીધી છે અને જૈન શાસનની પ્રભાવના કરી રહ્યા છે. આ ત્રણે મુનિવરો દીક્ષા લઈને આજ સુધી સાથે જ રહ્યાં છે, સાથે જ વિચર્યા છે અને દરેક કાર્યો પણ તેઓશ્રીએ સાથે કર્યાં છે. તેથી જૈનસંઘો તેઓશ્રીને (ત્રિપુટી)ના નામથી ઓળખે છે. આથી દીક્ષા પછીનું ત્રણેનું જીવન ચરિત્ર લગભગ સરખું જ જોવા મળે છે. જૈન સાધુસંસ્થા ગૌરવ લઈ શકે એવા ઘણાં કાર્યો આ ત્રિપુટી મહારાજ દ્વારા થયાં.

આમ છતાં આ ત્રણે મુનિવરો એકરૂપ રહીને જૈન શાસનની અપૂર્વ સેવા કરી છે તે નિઃશંક છે. જેની ટૂંકી હકીકત આ પ્રમાણે છે.

તેઓશ્રીએ ધાર્મિક કાર્યો અર્થે કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મુંબઈ, પૂના, નિઝામ હૈદરાબાદ, કાજી પેંઠ, વરંગલ, વહાડ, નાગપુર, સી.પી. અયોધ્યા, બિહાર, બંગાલ, યુ.પી., પંજાબ, મેવાડ, ગોલવાડ વગેરે પ્રદેશોમાં વિહાર કર્યો છે. નાનાં મોટાં દરેક જૈનતીર્થોની યાત્રા કરી છે. યુ.પી.માં મેરઠ જિલ્લો, મુજફ્ફર જિલ્લો, સરધના, બળોદ, મેરઠ આસપાસ ૨૦ થી ૩૦ ગામમાં અગ્રવાલમાંથી ચાર હજાર લોકોને નવા જૈન બનાવ્યાં. ત્યાં દેરાસર, પાઠશાળાઓ, પુસ્તકાલય, જૈન ઉપાશ્રયો, ધર્મશાળાઓ સ્થપાવ્યાં. કલકત્તા, મથુરા, સરધના, રોહિડા, કંબોઈતીર્થ, વીરમગામ, સૂરજગામ, દેહગામ, અમદાવાદ, પાલિતાણા, પાલી-ભાખરી વગેરે સ્થળોએ પ્રભુ-પ્રતિષ્ઠા તથા ગુરુ-પ્રતિષ્ઠાઓ કરાવી. તેઓશ્રીના ઉપદેશથી આગરાથી શૌરિપુરતીર્થ, જયપુરથી બરખેડાતીર્થ અને રોહિડાથી પોસીનાતીર્થના સંઘો નિકળ્યા હતા. જુદા જુદા સ્થળોમાં જૈન પાઠશાળાઓ સ્થપાવી છે અને વિદ્યાર્થીઓને તથા જૈનોને સહાય અપાવી છે.

વિદ્વાનોના સંપર્ક – પૂ. ત્રિપુટી મહારાજ નાના મોટા અનેક વિદ્વાનોના સંપર્કમાં આવ્યાં છે અને તેઓશ્રીએ તેઓને જૈનધર્મની સુવાસ આપી છે. તે પૈકીના કેટલાક વિદ્વાનોની યાદી નીચે પ્રમાણે છે :

શ્રીયુત્ કાશીપ્રસાદ જયસ્વાલ, મુ. પટણા. તેમણે કલકત્તામાં ત્રિપુટી મહારાજ પાસે આવી રાજનભોવાહન માટે જૈન આગમોના પ્રમાણો મેળવ્યાં હતાં. ત્રણ કલાક સુધી પુરાતન અને ઇતિહાસના વિષયમાં લાંબી ચર્ચા કરી હતી.

તાલકનાથ ચક્રવર્તી એડવોકેટ જનરલ, મુ. કલકત્તા. તેમણે પટણામાં ત્રિપુટી મહારાજ પાસે આવી પાવાપુરી તીર્થનો પ્રાચીન અર્વાચિન સળંગ ઇતિહાસ સાંભળ્યો હતો. છ કલાક સુધી વાતચીત કરી હતી.

પરમેશ્વર દયાલ એડવોકેટ જનરલ, મુ. પટણા. તેમણે પોતાની જન્મભૂમિ

ચૂરામણપુરમાં ત્રિપુટી મહારાજને રોકી જૈનધર્મ, શ્વેતાંબર-દિગંબર વગેરે ઇતિહાસ સાંભળ્યો હતો. આહાર-પાણીની ભક્તિ કર્યા પછી જ વિહાર કરવા દીધો હતો.

ભૂપતિચરણ ચટોપાધ્યાય ઈ.આઈ.આર., મુ. ભાટપાડા. તેમણે ભાટપાડામાં ત્રિપુટી મહારાજ પાસે ત્રણ દિવસ સુધી જૈનધર્મ સાંભળ્યો અને માંસાહારનો ત્યાગ કર્યો હતો.

પ્રો. નાગ, મુ. કલકત્તા. તેમણે બોઝની લેબોરેટરીમાં ત્રિપુટી મહારાજને વિજ્ઞાનના પ્રયોગો બતાવ્યા હતા. તેમજ નાગજાતિનો જૈનધર્મ તથા જૈનવિજ્ઞાન સંબંધે ઘણો વાર્તાલાપ કર્યો હતો.

પ્રા. જગદીશચંદ્ર બોઝ, મુ. કલકત્તા. તેમણે રાજગૃહીમાં ત્રિપુટી મહારાજ સાથે ત્રણ કલાક વાર્તાલાપ કર્યો હતો. જૈનવિજ્ઞાન, જીવના ભેદો, ઉત્પત્તિ સ્થાનો, પુદ્‌ગલ સ્વરૂપ, પુદ્‌ગલની તાકાત, જૈન તત્ત્વજ્ઞાન, છ દ્રવ્યો, જૈન ઇતિહાસ વગેરે બાબતોમાં ચર્ચા કરી હતી. જૈન તત્ત્વજ્ઞાન તથા જૈન ઇતિહાસને પ્રકાશમાં લાવવા તેમણે વિનંતી કરી હતી. ત્યાર પછી તરતમાં જ પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૧ પ્રકાશિત કરવામાં આવી. હિંદ અને હિંદ બહારના ઇતિહાસજ્ઞોએ ભૂરી ભૂરી પ્રશંસી કરી છે.

ભૂપદેવચરણ સોબાકર ચેટરજી, ડિસ્ટ્રીક્ટ એન્જીનિયર, બી.એ.બી.ઇ. જે.ઇ.એ.એમ. જે.ઈ.; મુ. કૃષ્ણનગર (નદીયાશાંતિ). તેમણે બે દિવસ સુધી ત્રિપુટી મહારાજ સાથે વિહારમાં રહી જૈનધર્મ સાંભળ્યો હતો. અદ્વૈતવાદ અને સ્યાદ્વાદનો સમન્વય ભેદ સાંભળ્યો હતો અને જાવજીવ સુધી દારૂ, ઈંડા, માછલી તથા માંસ ભોજનનો સર્વથા ત્યાગ કર્યો હતો.

શ્રીમદ્ શંકરાચાર્ય, મુ. બૌદ્ધ ગયા. તેમણે ત્રિપુટી મહારાજને ઘણા આદરપૂર્વક પોતાના આશ્રમ મઠમાં ઉતાર્યા હતા. સંસ્કૃત ભાષામાં જ અદ્વૈતવાદ, સ્યાદ્વાદ, આત્મશાંતિ અને ધ્યાન સંબંધી તર્કપૂર્ણ ચર્ચા કરી હતી. ઘણો પ્રેમ બતાવ્યો હતો. પોતાના મઠમાં રહેલ ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાના દર્શન કરાવ્યાં હતાં.

પ્રો. દયારામ સહાની, પંજાબ આર્કિયોલોજિકલ વિભાગના ડાયરેક્ટર જનરલ, મુ. દિલ્હી. તેમણે હસ્તિનાપુરમાં ત્રિપુટી મહારાજની સહાયથી દિગમ્બર પ્રતિમાનો પડિમાત્રાનો લેખ તથા દિલ્હીમાં ભોજરાજે બનાવેલ કોદંડ શ્લોક, ૫૭૪ પડિમાત્રા શિલાલેખ વાંચી તેની પ્રેસકોપી કરી હતી. પુરાતત્ત્વ, પ્રાચીન જૈન ઇતિહાસ, ક્ષત્રિયકુંડ વગેરે બાબતોમાં ઘણી વાતચીત કરી હતી.

પ્રો. દેવરાજ શર્મા, એમ.એ. શાસ્ત્રી આર્કિયોલોજિકલ વિભાગ, મુ. દિલ્હીમાં આવ્યા હતા. પ્રો. બ્રાઉન, તેમણે અમદાવાદમાં ત્રિપુટી મહારાજ સાથે કાલિકાચાર્ય કેટલા ? તે સંબંધે વાર્તાલાપ કર્યો હતો. મહારાજે કાલિકાચાર્ય ચાર

બતાવ્યાં હતાં. આ ઉપરાંત પુષ્કરના શ્રીરંગમ્ મંદિરના આચાર્ય કાજીપેંઠના પંડિત જયપુર, બેદશાળાના ક્યૂરેટર અને બીજા અનેક વિદ્વાનોના પરિચયમાં આવ્યા હતા.

સાહિત્ય નિર્માણ કાર્યો : આ ત્રણે મુનિવરો ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના વિદ્વાન હતા. ઉપરાંત કચ્છી, મરાઠી અને ઉર્દુ ભાષાના પણ અત્યાંશે જાણકાર હતા. સાથોસાથ પ્રવચનકાર, લેખક, સાહિત્યના નિપુણ કવિ પણ હતા. તેઓશ્રીના જૈન ધર્મપ્રકાશ, જૈન સત્યપ્રકાશ, આત્માનંદ પ્રકાશ, વીરશાસન, મધુરીશ્રવણ, પતાકા, બુદ્ધિસાગર સાહિત્ય, પ્રજાબંધુ, સ્વર્ણમાલા, નવચેતન ચિત્રમય જગત, જૈનજીવન, જૈનજ્યોતિ, સમયધર્મ અનેકાંત સંદેશ, જૈનયુગ શ્વેતાંબર જૈન, જૈન કોન્ફરન્સ હેલ્ડર, જૈનધ્વજ, મુંબઈ સમાચાર વગેરે છાપાઓમાં ધર્મ સમાજ, રાષ્ટ્રનીતિ ઈતિહાસ કથા, તિથિચર્ચા, સાહિત્ય ચર્ચા, સમીક્ષા, પ્રાસંગિક વિવેચન, પ્રતિકાર ઇત્યાદિ વિવિધ વિષયો પર લેખો લખ્યા છે. જૈન સત્ય પ્રકાશનમાં પુરાતત્ત્વ ઈતિહાસ અને લેખોમાં તેઓશ્રીએ ઘણી ઘણી વસ્તુઓ આપી છે.

તેઓશ્રીએ ઘણા ગ્રંથો બનાવ્યાં અને પ્રકાશિત કર્યા છે અને ઘણાની પ્રસ્તાવના લખી છે. શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાલા તરફથી આજ સુધીમાં પચાસ ગ્રંથો છપાયા છે. તેમાંના ઘણા ગ્રંથો ત્રિપુટી મહારાજે બનાવેલ છે. પ્રમાણ નયતત્ત્વ લોકાલંકારનું ભાષાંતર, ષડ્દર્શન સમુચ્ચયનું ભાષાંતર, જૈનાચાર્યો, જૈન મંત્રીઓ, તીર્થોનો ઇતિહાસ સચિત્ર (મોટો) સિદ્ધચક્ર મહાત્મ્ય સમયદર્શન પચ્ચક્ખાણનો કોઠો લોંકાશાહ (ધ. લોકાશાહની સમીક્ષા), આ. વિજયકમલ-સૂરીશ્વરજી ચરિત્ર, પૂર્વાંશ વગેરે તક્ષશિલાના ઇતિહાસનું મેટર અને જૈન પરંપરાનો ઇતિહાસ એ મુનિવરોએ તૈયાર કરેલ છે. આમાંથી ઘણા ગ્રંથો છપાઈ ગયા છે.

પટ્ટાવલી સમુચ્ચય ભાગ : ૧-૨નું પ્રકાશન જૈન અજૈનમાં બહુ જ આવકાર પામ્યું છે. પ્રો. શબ્રિગ વગેરે વિદ્વાનોએ તેની ખુબ પ્રશંસા કરી છે. જૈન તીર્થોનો ઇતિહાસ અને જૈન પરંપરાનો ઇતિહાસ પણ ઘણો લોકપ્રિય થયો અને લોકચાહના મેળવી છે.

ત્રિપુટી મહારાજે ઘણી પાઠશાળાઓ તથા સંસ્થાઓ સ્થપાવી છે. જેમાં ચારિત્ર સ્મારક ગ્રંથમાલા અને શ્રી ચારિત્રવિજયજી જ્ઞાનમંદિર જ્ઞાનભંડાર (અમદાવાદ), શ્રી જૈન સાહિત્ય સંસદ મુ. પૂના, શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મ પ્રચારક સમિતિ મુ. અમદાવાદ, શ્રી જૈન પ્રાચ્યય વિદ્યાભવન મુ. એલીસબ્રીજ જૈન સોસાયટી અમદાવાદ, શ્રી વસ્તુપાલ–તેજપાલ જીર્ણોદ્ધાર સમિતિ મુ. પાડીવ દિલ્હી સાહિત્ય પ્રચારક મંડળ નાગજી ભૂધરની પોળ અમદાવાદ વગેરે સંસ્થાઓ સ્થાપી છે.

પૂ૦ ત્રિપુટી મહારાજના શિષ્ય-પ્રશિષ્યો

પૂજ્ય મુનિશ્રી દર્શનવિજયજી મ. (ત્રિપુટી) સાહેબના શિષ્યો

પૂ૦ મુનિશ્રી ન્યાયવિજયજી મ. દીક્ષા વિ.સં. ૧૯૭૪
નય વિજયજી મ. ૧૯૯૧
જિનભદ્રવિજયજી મ. ૧૯૯૧
ખીમાવિજયજી મ. ૨૦૦૮

પૂજ્ય મુનિશ્રી જ્ઞાનવિજયજી મ. (ત્રિપુટી) સાહેબના શિષ્યો

પૂ૦ મુનિશ્રી વલ્લભવિજયજી મ. (ફક્કડ) દીક્ષા વિ.સં. ૧૯૮૯
મુનિશ્રી લક્ષ્મીભદ્રવિજયજી મ. ૨૦૦૦

પૂજ્ય મુનિશ્રી ન્યાયવિજયજી મ. (ત્રિપુટી) સાહેબના શિષ્યરત્ન

પૂ૦ મુનિશ્રી નીતિવિજયજી મ. (હાલ)

પ૦ પૂ૦ આ૦ શ્રી ભદ્રસેનસૂરીશ્વરજી મ.

દીક્ષા : વિ. સં. ૨૦૦૪, ચૈત્ર વદ-૭ (સંડેરગામ) રણુંજ
પ્રવર્તક પદવી : વિ. સ. ૨૦૪૯, પાલિતાણા (સૌરાષ્ટ્ર)
આચાર્ય પદવી : કારતક વદ-૫, પાલિતાણા (સૌરાષ્ટ્ર)

પ૦ પૂ૦ આ૦ શ્રી ભદ્રસેનસૂરીશ્વરજી મ. સાહેબના શિષ્યો

પૂ૦ મુનિશ્રી કમલપ્રભવિજયજી મ. (સ્વ.)
પૂ૦ મુનિશ્રી કૈલાશવિજયજી મ. (સ્વ.)

પૂ૦ મુનિશ્રી મહાભદ્રવિજયજી મ.

માતુશ્રી : જશીબેન પિતાશ્રી : રાયસિંહ
જન્મ : વિ. સં. ૨૦૩૩
નામ : માવસિંહ (પરમાર ક્ષત્રિય)
ગામ : કરા, તા. જાંબુઘોડા, (જિ. પંચમહાલ)
દીક્ષા : વિ. સં. ૨૦૪૬, વૈશાખ સુદ-૧૧
વડી દીક્ષા : વિ. સં. ૨૦૪૬, જેઠ સુદ-૧૦.

ચાતુર્માસ આદિ ધર્મકાર્યો –

પૂ૦ ગુરુદેવશ્રી ચારિત્રવિજયજી મ. સાહેબ સાથે પ્રથમ ચાતુર્માસ વિ. સં. ૧૯૭૨માં અંજારમાં થયું. ત્યાર બાદ વિહાર કરીને પાલિતાણા પધાર્યા અને વિ.સં. ૧૯૭૩ ફાગણ વદ-૫ ના શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ (પાલિતાણા)ની સ્થાપના કરી અને વિ.સં. ૧૯૭૩ના ચૈત્ર સુદ પુનમના રોજ જૈન ગુરુકુળની

કમિટિ રચી. તે ચાતુર્માસ પાલિતાણામાં કર્યું અને પાછા કચ્છ તરફ વિહાર કર્યો. ત્યાં અનેક ધર્મકાર્યો કર્યાં અને લાકડિયા નરેશને પ્રતિબોધ કર્યો. વિ.સં. ૧૯૭૪ના વૈશાખ વદ-૨ ના રોજ પૂજ્ય મુનિશ્રી ન્યાયવિજયજી મ.ને દીક્ષા આપી. વિ.સં. ૧૯૭૪નું ચાતુર્માસ અંગીયા (કચ્છ)માં કર્યું. તે ચાતુર્માસ દરમિયાન પૂજ્ય ગુરુદેવ શ્રી ચારિત્રવિજયજી મ.નો સ્વર્ગવાસ થયો.

ચાતુર્માસ દરમિયાન આસો મહિનામાં પૂજ્ય મુનિશ્રી ચારિત્રવિજયજી મ.ની તબિયત બગડી અને પૂજ્યશ્રીને ખ્યાલ આવી ગયો કે મારું મરણ નજીક છે તેથી તેઓશ્રી નવકાર મંત્રનો જાપ શરૂ કરવા સાથે સીમંધર પરમાત્મામાં લીન બન્યા. આસો વદ-૧૦ના સાંજે પ્રતિક્રમણ કર્યા બાદ ત્રણે મુનિવરોમાં મોટા પૂજ્ય મુનિશ્રી દર્શનવિજયજી મ.ને બોલાવીને સૂચનાઓ આપી અને આ બધી જવાબદારી તને આપું છું અને અંતરના આશીર્વાદ આપું છું કે, શાસનની સેવા કરશો અને મારા ગુરુકુળની સંભાળ રાખશો. આ તેઓશ્રીના છેલ્લા ઉદ્‌ગારો હતા. બરાબર ૧૨ ને ૪૫ મિનિટે તેઓશ્રીનું પ્રાણપંખેરું સ્વર્ગધામ સિધાવી ગયું. આ સમય દરમિયાન નિદ્રામુક્ત બનીને પોતાના ઘરની બહાર બેઠેલા એક ડોશીમાએ આકાશમાંથી એક તારો ખરતો જોયો હતો. તેમને સવારે ખબર પડી કે, ઉપાશ્રયમાં ગુરુદેવ સ્વર્ગવાસ થયા હતા અને તેમની પાછળ ત્રણ રત્નો મૂકીને ગયા હતા. તે આ ત્રણ મુનિવરો ત્રિપુટી તરીકે ખ્યાતિ પામ્યાં.

આ ત્રણે મુનિવરોએ અનેક પ્રદેશોમાં વિચરીને ધર્મ પ્રભાવના કરી છે. વિ.સં. ૧૯૭૫ વગેરે ચાતુર્માસ કરીને પાછા ગુજરાતમાં વિ.સં. ૧૯૭૮નું ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં કર્યું અને વિ.સં. ૧૯૭૯નું ચાતુર્માસ ધ્રાંગધ્રામાં થયું. મારા પૂજ્ય ગુરુદેવ કહેતા કે, પ્રત્યેક સાધુ સમુદાય વિવિધ ભાષા, શક્તિ, વિજ્ઞાનવાળા મુનિઓથી રચાયેલો હોવો જોઈએ. એટલે તેઓશ્રીએ મને જ્યોતિષ વિષય અને બંગાળી ભાષાનું જ્ઞાન સંપાદન કરવાની અનુકુળતા કરી આપી અને મને પૂ૦ ગુરુદેવની કૃપાથી વિ.સં. ૧૯૭૩ના ચોમાસામાં હીરસૌભાગ્ય, નૈષધ, હિન્દી બંગલા શિક્ષા અને બાલબોધ જ્યોતિષનું જ્ઞાન મળ્યું. ૧૯૭૫ના ચોમાસામાં ગ્રહલાઘવ ભણવાનો પ્રસંગ મળ્યો. આ દરમિયાન જે વિષયની ખીલવટ કરવી હોય તે વિષયમાં કંઈ સ્વતંત્ર લખવું જોઈએ એ ઇચ્છાથી મેં 'વિજયકમલ જ્યોતિષ' તથા વિનય સામુદ્રિક છંદ લખ્યું હતું અને સ્વતંત્ર મૌહતિક ગ્રંથ લખવા ભાવના કરી હતી. પરંતુ મહાન જૈનાચાર્યોના સામ્રાજ્ય સામે મારી શક્તિની ખામીનો મને ખ્યાલ હતો માટે પ્રાચીન પ્રતિષ્ઠિત ગ્રંથોની નામાવલિમાં એક શ્રુદ્ર ગ્રંથ ઉમેરવા કરતાં તેમાંના એક ગ્રંથને જાહેરમાં લાવવા પ્રયાસ કરવો જેથી જ્ઞાન વધારે ખીલશે એવું મને લાગ્યું અને દિનશુદ્ધિ તથા લગ્નશુદ્ધિ ઉપર દ્રષ્ટિ પડી.

અમારું સં. ૧૯૭૯નું ચાતુર્માસ ધ્રાંગધ્રામાં થયું ત્યારે એક ભાઈએ ઇચ્છા

દર્શાવી કે, આપ મુનિ મહારાજને ઉપયોગી થઈ પડે અને ઘાંગધ્રાના ચોમાસાની યાદી રહે એવું એક પુસ્તક તૈયાર કરો. અમે જ્ઞાનભક્તિ કરવા ભાગ્યશાળી બનશું. તેમની આ વાતથી, ક્યું નવું પુસ્તક તૈયાર કરવું ? એ પ્રશ્ન ઊઠ્યો. દિનશુદ્ધિએ દિવસનું બળ દર્શાવ્યું છે જ્યારે લગ્નશુદ્ધિએ લગ્નબળ પર ભાર મૂક્યો છે. દિનશુદ્ધિ અભ્યાસના પ્રારંભમાં ઉપયોગી છે, જ્યારે લગ્નશુદ્ધિનું અધ્યયનમાં પછી સ્થાન છે. આ પ્રમાણેની વિચારમાળામાં સ્થિર થઈ દિનશુદ્ધિનું વિવરણ લખવાનું નક્કી કર્યું અને બીજે દિવસે જ વિશ્વપ્રભાનો પ્રારંભ કર્યો. સાથે સાથે વિષયને સુંદર રીતે છણવા માટે પ્રસ્તુત ગ્રંથોનું અધ્યયન પ્રારંભ્યું. આ વિશ્વપ્રભામાં આરંભસિદ્ધિ–વાર્તિકને મુખ્ય રાખેલ છે. બાકીના ગ્રંથોની જુદા પડતા પાઠોમાં સહાય લીધી છે અને કોઈપણ જરૂરી વિષય રહી ન જાય તે તરફ પૂરતું લક્ષ્ય રાખેલ છે. હું આ ભાષાંતર ચોમાસામાં જ લખતો હતો. એક નાનકડું પુસ્તક રચવાની ભાવના હતી પરંતુ વિશ્વપ્રભાનું કદ વધતું ગયું. ઉત્સાહ વેગિત બન્યો અને જ્ઞાનાવરણીય પ્રકૃતિનો ક્ષય પણ થતો આવ્યો. છેવટે એ ભાવના ત્રણ ગણી પુર-પ્રમાણ ગ્રંથને તૈયાર કરી, સંતોષ પામી હું વિરમું છું.

ત્યારબાદ આજ ગ્રંથનું પ્રકાશન લગભગ ૬૦ વર્ષ બાદ ફરી મુંબઈ નગરીમાં તેઓશ્રીના શિષ્યરત્ન પ.પૂ. મુનિશ્રી ભદ્રસેનવિજયજી મ. હાલ (પ.પૂ. શ્રી ભદ્રસેનસૂરીશ્વરજી મ.સા.)એ કરેલ છે. પાછળ હસ્તરેખા, કુંડલી આદિ સંગ્રહ કરીને પ્રકાશિત કરેલ છે. આ ગ્રંથનું ઉદ્‌ઘાટન ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈના હસ્તે થયું હતું. તે વખતે અનેક જ્યોતિષીઓ પણ આવ્યા હતા.

વિ.સં. ૧૯૮૧માં વેરાવળ (પ્રભાસ પાટણ) ચાતુર્માસ થયેલ. કારણ, છેલ્લી આઠમી પૂજાના કલશમાં ગાથા વેરાવળ ચોમાસુ કર્યાનું લખ્યું છે. આ પુસ્તિકાનું ઉદ્‌ગમ પ્રભાસ પાટણ હસ્તલિખિત ભંડારમાંથી નવી પદ્ધતિથી લિખિત અને અપ્રસિદ્ધ નવપદ પૂજાની મળી આવેલ પ્રત છે. જેમાં બે કૃતિઓનો સંગમ છે. ઉપાધ્યાયજી અને તેમના પ્રશિષ્ય મુનિ સુમતિવિજયના શિષ્ય મુનિ ઉત્તમવિજય (સં. ૧૮૩૦)એ અનુપૂર્તિ બનાવેલ છે. એટલે કે, ઉપાધ્યાયજીની ઢાળની પાછળ જોડીને નવપદપૂજા ઉપસ્થિત કરેલ છે. એટલે પ્રથમ રત્નશેખરસૂરિ વિરચિત પ્રાકૃત ગાથાઓ, ત્યારબાદ દાદાગુરુ ઉપાધ્યાયની બનાવેલ બે ઢાળો અને ત્યાર પછી પોતાના (ઉત્તમવિજયના) બનાવેલ દોહરા, ઢાળોને એવા ક્રમમાં આ પૂજા બનાવેલ છે. આ નવપદપૂજા ઉપરોક્ત વિગતે છે. તેમાં અષ્ટપ્રકારી પૂજા પણ આપેલ છે, તેના કર્તા મુનિ દર્શનવિજય છે.

વેરાવળમાં અષ્ટપ્રકારી પૂજા શ્રાવકોના આગ્રહથી રચના પૂજાનો આઠે પ્રકારનો ભાવ તદ્‌રૂપ આવે એ આશયથી બનાવી છે. બૃહદ્‌ તીર્થપૂજા મહારાજશ્રી વિહારમાં તીર્થોના દર્શન કર્યા તેને અનુલક્ષીને તીર્થોની મહિમાસૂચક પૂજા બનાવવામાં આવેલ છે. ત્યાંથી વિહાર કરી તેઓશ્રીએ વિ.સં. ૧૯૮૩માં જૈન

પંચાંગ પદ્ધતિ (વિરમગામ) બહાર પાડી છે. ત્યારબાદ તેઓશ્રીનો વિહાર મુંબઈ તરફ થયો. ત્યાંથી નાગપુર, કલકત્તા, બાલાપુર આદિ તીર્થોની યાત્રા કરી. વિ.સં. ૧૯૮૫, પોષ દશમી શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજાની પાંચ પૂજા છે, તેમાં છેલ્લા પૂજાના કળશમાં ચોથી કડીમાં તસપદ પંકજ લીનો મધુકર, દર્શનવિજય ચોમાસુ આવ્યો.

જ્ઞાનવિજય અને ન્યાયવિજયજી દેશ વરાડ બાલાપુર ઠાયો. બાલાપુરનું ચાતુર્માસ કરીને તેઓશ્રી વિહાર કરી વિ.સં. ૧૯૮૬ ચૈત્ર સુદ-૧૩ના શિખરજી આદિ તીર્થોની યાત્રા કરી. વિ.સં. ૧૯૮૭નું ચાતુર્માસ કલકત્તા કરી ક્ષત્રિયકુંડ (જન્મસ્થાન) તરફ વિહાર કર્યો. પોષ મહિનાની વાત છે. કલકત્તામાં ચાતુર્માસ નિર્ગમ્યા બાદ અમે ભ. શ્રી મહાવીરની જન્મભૂમિને સ્પર્શવા વિહાર કર્યો. મુર્શિદાબાદ, અજીમગંજ, ભાગલપુર અને ચંપાપુરીની યાત્રા કરી પોષ વદ-૭ના ક્ષત્રિયકુંડ પહોંચ્યા. વિ.સં. ૧૯૮૮ ચૈત્ર સુદ-૧૩ના મહાવીર જન્મદિન દિલ્હી શહેરમાં ઉજવી અક્ષય તૃતીયા પ્રસંગે હસ્તિનાપુર આવ્યા. ત્યાં પંજાબ વિભાગના પુરાતત્ત્વ ખાતાના વડા શ્રી દયારામ સહાની સાથે સમાગમ થયો. તેઓ અહીં નીકળેલી પ્રતિમાઓની વિગતો લેવા આવ્યા હતા. તેમના કહેવાથી અમે પણ સાથે જોડાયા. નવી નીકળેલી એક દિગમ્બર મૂર્તિનો લેખ પડિમામા હતો. આ વાંચન મુશ્કેલ હતું. અમે મદદ કરી હતી અને કામ ઘણું સરળ બન્યું. તેઓએ દિલ્હી જતાં અમોને કહ્યું કે, આપ જો દિલ્હી આવો તો મને જણાવજો. હું તમારા પ્રાકૃત અને પડિમાત્રાના જ્ઞાનનો લાભ લેવા ઇચ્છું છું. પછી સં. ૧૯૮૮નું ચાતુર્માસ આગરા કર્યું. સં. ૧૯૮૯નું ચાતુર્માસ દિલ્હી, કિનારી બજારના ઉપાશ્રયમાં થયું.

દિલ્હીથી વિહાર કરી વિ.સં. ૧૯૮૯માં વૈશાખ સુદ-૭ મથુરા (યુપી) તરફ વિહાર કર્યો. વિ.સં. ૧૯૯૦માં દિલ્હી તરફ વિહાર કરીને વૈશાખ સુદ-૩ના હસ્તિનાપુર પારણા ઉપર પધાર્યા. ત્યાંથી તીર્થોના દર્શન કરી, વિહાર કરી વિ.સં. ૧૯૯૦માં અમદાવાદ આવ્યા. અમદાવાદ મોટું સમ્મેલન ભરાયું હતું. આ અંગે નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈએ શેઠ સારાભાઈ ડાહ્યાભાઈને મહીદપુર–મેરઠ મોકલી ત્રિપુટી મહારાજને અમદાવાદ પધારવા વિનંતી કરી હતી અને પત્રિકાઓ છપાવતાં ફરી આમંત્રણ મોકલ્યું હતું. આમંત્રણને માન આપી ત્રિપુટી મહારાજોએ ૪૫ દિવસમાં ૬૮૭ માઈલનો વિહાર કરી અમદાવાદ પધારી મુનિ સમ્મેલનમાં હાજરી આપી હતી. મુનિરાજ હોવા છતાં તેઓએ સારો એવો ભાગ ભજવ્યો હતો અને તે વખતે તેઓ મુનિરાજ દિલ્હીવાળા તરીકે ઓળખાતા હતા. મુનિ સમ્મેલનમાં તેઓને ત્રિપુટીની પદવી આપી ત્યારથી ત્રિપુટીથી ઓળખાવા લાગ્યા. બાદ ત્રિપુટીએ જૈન ધર્મ પ્રચારક સમિતિ વતી 'જૈન સત્ય પ્રકાશ' માસિક શરૂ કરી જૈનધર્મની ઉન્નતિ કરવામાં મોટો ફાળો આપ્યો. આ મુનિ ત્રિપુટીમાં મુનિ

ન્યાયવિજયજી પણ એક સમર્થ મુનિવર હતા. તેમની વ્યાખ્યાન શૈલી સચોટ હતી. જેમણે એકવાર સાંભળ્યું હોય તેઓ ભૂલી શકે એમ નથી. તેમના લેખો પણ એવા હતા કે વાંચવાથી વાતની વિશેષ ખાતરી થાય. વિ.સં. ૧૯૯૦ થી ૧૯૯૨નું ચાતુર્માસ પણ અમદાવાદ થયું. અમદાવાદથી વિહાર કરી વિ.સં. ૧૯૯૩નું ચાતુર્માસ અજમેર, વિ.સં. ૧૯૯૪નું ચાતુર્માસ સરઘના, વિ.સં. ૧૯૯૫નું ચાતુર્માસ દિલ્હી અને વિ.સં. ૧૯૯૬નું ચાતુર્માસ આગરા કર્યું. આગરાથી ચોમાસું પૂર્ણ કરી ભરતપુર થઈ તીર્થોના દર્શન કરીને વિ.સં. ૧૯૯૭નું ચાતુર્માસ જયપુરમાં કર્યું હતું. એ ચાતુર્માસમાં શ્રી ચારિત્ર ગ્રંથમાળા નં. ૩નું પુસ્તક યુગપ્રધાન જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિ પૂજા સ્તવનાદિ સંગ્રહ નામે વિરમગામ દ્વારા પ્રગટ થયું હતું. આ પુસ્તિકામાં શ્રી હીરવિજયસૂરિનું સંક્ષિપ્ત જીવનચરિત્ર તેમજ મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજે બડી પૂજા જે અહીં જ રચી ને પ્રથમ અહીં જ ભણાવવામાં આવી તેમની વિગત હતી. આપશ્રીના ઉપદેશથી અહીં અનેક ધર્મકાર્ય થયા અને શાસનપ્રભાવના ખૂબ સારી થઈ. જયપુરના ઈતિહસામાં સદા અમર યાદગાર રહેનાર બડખેડાનો છ'રીપાળતો યાત્રાસંઘ તેઓશ્રીના ઉપદેશથી શ્રીયુત માંગીલાલે કાઢ્યો હતો. જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિની પાટ પરંપરામાં બુદ્ધિવિજયજી ગણિ થયા. જેમણે સંવેગરંગનો કલશ ચઢાવ્યો. તેમના આદિ પટ્ટપ્રભાવક મુક્તિવિજયજી ગણિ, તેમના પટ્ટમાં વિજયકમલસૂરિ, સ્થવિર વિનયવિજયજી, તેમના શિષ્ય ચારિત્રવિજયજી અને શિષ્ય દર્શનવિજયજી, જ્ઞાનવિજયજી અને ન્યાયવિજયજી, જેમણે વિ.સં. ૧૯૯૭માં જગદ્‌ગુરુ દિન મનાવ્યો. અહીંની સૌથી પ્રાચીન શ્રી તપોસંઘમાં પ્રતિષ્ઠ શ્રી જગદ્‌ગુરુની પાદુકા સમક્ષ શ્રી હીરવિજયસૂરિ કી બડી પૂજા ભણાવાઈ. જેમાં ભંડારી, કોચર, ચોરડિયા આદિએ ભક્તિરંગ જમાવ્યો હતો.

જયપુરથી ચાતુર્માસ કરીને પાછા ગુજરાત પધાર્યા અને વિ.સં. ૧૯૯૮નું ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં કર્યું. ત્યાંથી વિહાર કરી આગમ મંદિરની પ્રતિષ્ઠા ઉપર પાલિતાણા પધાર્યા હતા. તેમાં આગમોદ્ધારક પૂજ્ય સાગરાનંદસૂરિ મ. આદિ મુનિ ભગવંતોની નિશ્રામાં ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. તે વિ.સં. ૧૯૯૯નું ચાતુર્માસ પાલિતાણામાં થયું. પાલિતાણાથી વિહાર કરી અમદાવાદ પધાર્યા અને ત્યાં જૈન સોસાયટી (પાલડી) અમદાવાદ સંઘની વિનંતીથી વિ.સં. ૨૦૦૦નું ચાતુર્માસ ત્યાં થયું.

વિ.સં. ૨૦૦૦માં ચાતુર્માસ દરમિયાન વ્યાખ્યાન મુખ્યત્વે મુનિ ન્યાયવિજયજી આપતાં હતાં. વ્યાખ્યાન ઉપરાંત મુનિ શ્રી દર્શનવિજયજી આદિ દ્વારા તત્ત્વાર્થ સૂત્રનું વાંચન કરવામાં આવતાં ઘણાં ભાઈ-બહેનોએ તેનો લાભ લીધો. આટલું જ નહીં, પણ આ વર્ગ હંમેશાં ચાલુ રહે તેવી ભાવના જાગી અને તેના પરિણામ સ્વરૂપે તાત્ત્વિક ગ્રંથોના સ્વાધ્યાય ઉપરાંત પૂ. સાધુ-સાધ્વીજી તથા શ્રાવક-

શ્રાવિકાઓને જૈન સાહિત્ય અધ્યયન સંસ્થા સ્થાપન કરવાની આવશ્યકતા જણાતાં પૂજ્ય શ્રી દર્શનવિજયજી મ. આદિ (ત્રિપુટી)ના ઉપદેશ અને પ્રેરણાથી પ્રાચ્ય વિદ્યાભવન નામની સંસ્થાની ૨૦૦૧ના માગશર સુદ-૭ના રોજ સ્થાપના કરવામાં આવી. અન્ય કોઈ જગ્યા ભાડેથી ન મળતાં આ સંસ્થાની શરૂઆત ક્લબ બિલ્ડીંગના ઉપરના ભાગમાં જૈન સોસાયટીના શ્રીસંઘે વાપરવા આપી હતી. સંસ્થાના પ્રારંભે અધ્યાપકો નિયત કરી પૂ. સાધુ-સાધ્વીજી તથા શ્રાવક-શ્રાવિકાઓ માટે અધ્યયનનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. સાથે કોલેજમાં અર્ધમાગધી ભાષાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થવા અર્ધમાગધી ભાષાના વર્ગ શરૂ કરવામાં આવ્યા.

ઉપરાંત આ જગ્યા નાની હોવાથી પ્રકાશનની વ્યવસ્થાનું કાર્ય થઈ શકે તેમ ન હતું. એવામાં જૈન સોસાયટીમાં જ એક મકાન વેચવાનું જાણમાં આવતાં કેટલાક ભાઈઓએ આ મકાન લેવા માટે વિચાર દર્શાવ્યો. આ મકાનની કિંમત ૭૫ હજાર રૂપિયા હતી અને સંસ્થા પાસે ફાજલ રમક તો હતી જ નહીં. પણ ગુરુદેવના ભક્તો અને ગૃહસ્થો આ રકમ આપવા માટે ૫-૫ હજાર રૂપિયા આપવા તૈયાર થયા અને આ મકાન લેવાનું સરળ બન્યું.

મિટીંગ (સભા) પહેલી

શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવનની યોજનામાં આર્થિક સહાય કરનાર તથા સંસ્થાની સેવામાં સક્રિય ભાગ લેનાર શુભેચ્છકોની સામાન્ય સભા વિ.સં. ૨૦૦૧ માગશર સુદ-૧ ને ગુરુવાર, તા. ૧૬-૧૧-૧૯૪૪ના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી જૈન સોસાયટીના ક્લબ બિલ્ડીંગમાં મળી જેમાં ૨૨ ગૃહસ્થો હાજર રહ્યા હતા. સભાનું પ્રમુખસ્થાન શેઠ જીવાભાઈ ચુનીલાલને આપવામાં આવેલ.

ઠરાવ–૧ : આજ રોજ મળેલી સંસ્થાના શુભેચ્છકોની સામાન્ય સભામાં જૈન સાહિત્યનું અધ્યયન, અધ્યાપન, સંશોધન, પ્રકાશન અને સંરક્ષણ કરવાના ઉદ્દેશથી 'શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવન' નામની સંસ્થાની સ્થાપના કરવાનું નક્કી કરેલ છે. અને તેનું ઉદ્‌ઘાટન સં. ૨૦૦૧, માગશર સુદ-૭ ને બુધવારના રોજ પૂ. મુનિશ્રી દર્શનવિજયજી મ. (ત્રિપુટી)ના હસ્તે કરવામાનો ઠરાવ કરે છે. આ સંસ્થાનું બંધારણ ઘડવા માટે તથા બંધારણ તૈયાર થાય ત્યાં સુધી સંસ્થાની બધી વ્યવસ્થા કરવા માટે સાત સભ્યોની કમિટી નિમવામાં આવે છે.

ઠરાવ–૨ : ટેમ્પરરી પ્રમુખ, મંત્રીઓની નિમણુક.

ઠરાવ–૩ : પ્રારંભિક ખર્ચ માટેની સત્તા.

ઠરાવ–૪ : મુનિશ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટી મ.ના પ્રયત્નથી આ સંસ્થાની ઉત્પત્તિ થઈ છે.

ટૂંકનોંધ : સંસ્થાની સૌપ્રથમ મિટીંગ તા. ૧૬-૧૧-૧૯૪૪ના મળી.

ત્યારબાદ તા. ૧૮-૧૧-૧૯૪૪ના વ્યવસ્થાપક કમિટીની મિટીંગ મળી તેમાં બેન્કમાં ખાતું ખોલવા બાબતે અને જરૂરી ખર્ચાની સત્તા માટે અમુક સભ્યોની નિમણુક બાબતે નિર્ણયો થયેલ. ત્યારબાદ તા. ૨૪-૧૧-૧૯૪૪ના વ્યવસ્થાપક કમિટીની મિટીંગ થઈ તેમાં જૈન સોસાયટીમાં બંગલા નં. ૪૫ (હાલ જ્યાં સંસ્થા છે) તે વેચવાનો છે, તે વેચાતો લેવાની વિચારણા થઈ તેમજ સંસ્થાનું બંધારણ રજુ કરવામાં આવ્યું અને આ બંને બાંબતો સામાન્ય સભામાં રજુ કરવાનો નિર્ણય લેવાયો. ત્યારબાદ તા. ૧૩-૧-૧૯૪૫ની અસાધારણ સામાન્ય સભા મળી. જેમાં ૨૫ સભ્યો હાજર હતા. આ સભામાં ઠરાવ-૧માં મકાન વિના સંસ્થા ચલાવી શકાય નહિ અને ભાડાનું મકાન મળતું નથી. જે માટે જૈન સોસાયટીમાં મિટીંગ મળી હતી જેમાં ઠરાવ-૧માં સંસ્થાની શરૂઆતથી એટલે કે ૨૦૦૧ માગશર સુદ-૭થી ફાગણ વદ-૦॥ સુધીનું સરવૈયું રજુ કરી મંજુર કરવામાં આવ્યું અને વર્ષના બાકીના વખત માટે ખર્ચનો અંદાજ રજુ કરવાનું, બંધારણ મુજબ કમિટીના સભ્યો અને હોદ્દેદારોની ચૂંટણી કરવાનું, સંસ્થાની અસાધારણ સામાન્ય સભા બોલાવી તેમાં નક્કી કરવામાં આવ્યું અને ઠરાવ-૨માં અગાઉના ઠરાવો મુજબ જૈન સોસાયટીમાં આવેલા બંગલા નં. ૪૫ને ખરીદ કરવામાં આવ્યો તેની નોંધ લેવામાં આવી.

ત્યારબાદ તા. ૮-૪-૧૯૪૫ની અસામાન્ય સાધારણ સભા ઘી જૈન કો.ઓ. હાઉસીંગ સોસાયટી (જૈન સોસાયટીના સંઘના ક્લબ બિલ્ડીંગ)માં મળી. ઠરાવ-૧માં સરવૈયું અને નવા ખર્ચ માટેની રકમ પાસ કરવામાં આવી અને ઠરાવ-૨માં અગાઉના ઠરાવો મુજબ ખરીદ કરવામાં આવેલ મકાનની નોંધ લેવામાં આવી. ઉપરાંત આ મકાનના જુદા જુદા હૉલની વ્યાજબી કિંમતો નક્કી કરીને, કોઈ દાન આપનાર વ્યક્તિઓ મળે તો તે લઈને તેમજ બંધારણમાં નક્કી કર્યા મુજબ મેટ્રનો અથવા મેમ્બર ઊભા કરીને અથવા બીજી કોઈ રીતે રકમ ઊભી કરવા વ્યવસ્થાપક સમિતિને સત્તા આપવામાં આવી. ઠરાવ-૩માં ચાલુ વર્ષ માટે ૧૧ સભ્યોની અને ઠરાવ-૪માં જીવણલાલ ચુનીલાલ કોઠાવાળાને–પ્રમુખ, ભોગીલાલ લક્ષ્મીચંદ–ઉપપ્રમુખ, પ્રેમચંદ બાલાભાઈ તથા આશારામ, છગનલાલ-મંત્રીઓ, ભગવાનદાસ હરખચંદને નિયામક અને લાલભાઈ - લલુભાઈ પરીખને અન્વેષક તરીકે નિમવામાં આવ્યા. તા. ૨૦-૫-૧૯૪૫ના વ્યવસ્થાપક સમિતિની મિટીંગ થઈ તેમાં ૪ કો.ઓપ્ટ સભ્યોની નિમણુક અને પગાર સંબંધી નિર્ણયો થયેલા.

ત્યારબાદ તા. ૨૭-૫-૧૯૪૫ના અસાધારણ સામાન્ય સઠામાં ઠરાવ-૧માં પાંચ વર્ષ માટે પાંચ ટ્રસ્ટીઓ (૧) જીવણલાલ ચુનીલાલ, (૨) જગતપ્રસાદ નેમચંદ વોરા, (૩) પ્રેમચંદ બાલાભાઈ, (૪) પ્રો. સાકળચંદ મફતલાલ શાહ અને (૫) ભોગીલાલ લક્ષ્મીચંદની નિમણુક કરવામાં આવી. તા.૧૧-૬-૧૯૪૫ ના વ્યવસ્થાપકની મિટીંગમાં મકાનનું રજીસ્ટ્રેશન કરાવીને જ મકાનનો કબજો લેવાનો

દસ્તાવેજ નક્કી કરવામાં આવેલ. ત્યારબાદ તા. ૧૬-૮-૧૯૪૫ના વ્યવસ્થાપક સમિતિની મિટીંગ સંસ્થાના મકાનમાં મળી હતી, જે સંસ્થાના મકાનમાં મળેલી સૌપ્રથમ મિટીંગ હતી. આ સભામાં ઠરાવ-૧માં શિક્ષકો આદિના પગાર તેમજ સાફસફાઈ માટે માણસ રાખવા બાબત અને વિદ્યાર્થીઓ માટે અર્ધમાગધીના વર્ગ માટે શિક્ષક રાખવા બાબતની વિચારણા થઈ હતી. ઠરાવ-૩માં મુનિશ્રી દર્શનવિજયજી મ. ત્રિપુટી તરફથી શ્રી ચારિત્રવિજયજી જ્ઞાનમંદિરના પુસ્તકો સંસ્થાને સોંપવા બાબત પત્ર આવ્યો તેની નોંધ સાથે સંસ્થાની સામાન્ય સભા જૈન સોસાયટીના ક્લબ બિલ્ડીંગમાં મળી તેમાં ઠરાવ-૧માં મુનિશ્રી દર્શનવિજયજી મ. (ત્રિપુટી) આદિ તેમની પાસે જે શ્રી ચારિત્રવિજયજી જ્ઞાનભંડાર આપણી સંસ્થાને સોંપવા જે વિચાર દર્શાવ્યો છે અને તેઓશ્રીએ સં. ૨૦૦૧ના અષાઢ સુદ-૨ના પત્ર દ્વારા જણાવેલી શરતો પ્રમાણે તેનો સ્વીકાર કરવામાં આવે છે. સાથે તે મુજબ જ્ઞાનભંડારનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. સંસ્થાને પુસ્તકો-જ્ઞાનભંડાર મળતા કબાટો વસાવવા કે ભેટ મેળવવા વગેરે બાબતો જે તે મિટીંગ દ્વારા નક્કી કરવામાં આવે છે. જેમકે તા. ૧-૧૧-૧૯૪૫ના યવસ્થાની મિટીંગમાં ઠરાવ-૧માં કબાટની રકમો મળ્યાની, ૧૫ કબાટો લાવવાના ખર્ચ બાબતે છે. ઠરાવ-૨માં લાઈબ્રેરીના પુસ્તકોનું વર્ગીકરણ પૂંઠાદિના ખર્ચ બાબત છે અને ઠરાવ-૩માં ધાર્મિક સ્તવનો–પૂજાદિનું સંગીત પદ્ધતિએ શિક્ષણ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

તા.૩-૨-૧૯૪૬ની વ્યવસ્થાપકની મિટીંગમાં પુસ્તકાલયના પુસ્તકો બહાર વાંચવા આપવા માટેના નિયમો માટે એક પેટા સમિતિ રચવામાં આવી હતી. તા.૨૬-૨-૧૯૪૬ની અસાધારણ સામાન્ય સભા જે સંસ્થાના મકાનમાં મળી હતી. તા. ૨૨-૯-૧૯૪૬ની સામાન્ય સભામાં વ્યવસ્થાપક સમિતિના સભ્યોને માટે નોમિનેશનના પેપર્સ મંગાવેલા પણ એકેય ન આવતાં ચાલુ હોદ્દેદારો અને મેમ્બરોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલા. આજ રીતે તા.૩-૯-૧૯૪૭ની સભામાં ચાલુ હોદ્દેદારોની નિમણુક થઈ હતી. તા. ૧૯-૯-૧૯૪૮, તા. ૨૪-૭-૧૯૪૯, તા. ૪-૬-૧૯૫૦, તા. ૩-૬-૧૯૫૧, તા.૩૦-૩-૧૯૫૨ અને તા. ૭-૬-૧૯૫૩ની સભામાં પણ એજ રીતે બન્યું હતું.

સંસ્થા તરફથી સર્વપ્રથમ 'ક્ષત્રિયકુંડ' પુસ્તિકા છપાવવામાં આવી. તા. ૩૦-૧-૧૯૫૦ની વ્યવસ્થાપકની મિટીંગમાં પ્રકાશન વિભાગ શરૂ કરવા બાબતે ઠરાવ થયેલ અને ક્ષત્રિયકુંડ પુસ્તિકા છપાવવા બાબત નિર્ણય થયેલ. જો કે ખર્ચ શ્રી મોતીલાલ મોહનલાલ તરફથી આપવામાં આવેલ. આ પ્રકાશન વિભાગ ચાલુ કરવા તા. ૧૯-૩-૧૯૫૦ની સામાન્ય સભાએ બહાલી આપેલ અને પાંચ વર્ષ માટે એજ ટ્રસ્ટીઓની નિમણુક થઈ હતી. તા. ૧૦-૭-૧૯૫૫ની સામાન્ય સભામાં પણ ઉપર મુજબ ટ્રસ્ટીઓ ચૂંટાયેલ જાહેર કરવામાં આવ્યા હતા. તા. ૧૬-

૭-૧૯૫૬ની સભામાં હોદ્દેદારોની પ્રતિકુળતાઓને કારણે પ્રમુખ તરીકે ચંદ્રકાંત બકુભાઈ અને મંત્રી તરીકે પ્રેમચંદભાઈની જગ્યાએ રમણીકલાલ મોહનલાલ ફોજદારની વરણી થઈ હતી. તા. ૨૪-૪-૧૯૬૦ની સભામાં ટ્રસ્ટીઓમાં (૧) ચંદ્રકાંત બાબુભાઈ, (૨) જીવણલાલ ચુનીલાલ, (૩) ભોગીલાલ લક્ષ્મીચંદ (ના અવસાન), (૪) ભોગીલાલ બુલાખીદાસ, (૫) આશારામ છગનલાલને હોદેદારોમાં ચૂંટવામાં આવ્યા હતા. તા. ૬-૬-૧૯૬૫ની સભામાં ઉપપ્રમુખ ભોગીલાલ બુલાખીદાસ (અગાઉના પ્રમુખનું અવસાન થયું હોઈ) બદલાયા. બાકીના એના એજ ટ્રસ્ટીઓમાં ભરતકુમાર ઘેલાભાઈ નવા આવ્યા.

તા. ૨૮-૭-૧૯૬૮ની સભામાં હોદ્દેદારોમાં ઉપપ્રમુખ–ભરતકુમાર ઘેલાભાઈ, મંત્રીઓ– બાબુલાલ ભગવાનદાસ પંડિત તથા ઈન્દુભાઈ હરીલાલ, સહમંત્રી તરીકે રમેશચંદ્ર પોચાભાઈ જે પાંચેક વર્ષથી એસ્થામાં છે. તા.૨૯-૮-૭૧ની સભામાં મંત્રી બાબુલાલ ભગવાનદાસ પંડિતજીની જગ્યાએ રમેશભાઈ ફોજદાર અને બાકી એના એજની નિયુક્તિ. તા. ૩-૯-૧૯૭૩ની સભામાં ઉપપ્રમુખ–સુમતિલાલ કસ્તૂરચંદ, મંત્રીઓમાં ઈન્દુભાઈ અને શાંતિલાલ પ્રેમચંદ બાકી એજ. જ્યારે ટ્રસ્ટીઓમાં (૧) ચંદ્રકાંત બકુભાઈ, (૨) સુમતિલાલ કસ્તૂરચંદ, (૩) ભોગીલાલ બીલાખીદાસ (૪) શાંતિલાલ પ્રેમચંદ અને (૫) ઈન્દુભાઈ. પ્રમુખ–સુમતિલાલ. તા.૧૪-૮-૧૯૭૭ની સભામાં ઉપપ્રમુખ નલીનકાંત કેશવલાલ, બીજા હતા તેજ નિમાયા. તા.૧૬-૮-૧૯૭૮ની સભામાં ટ્રસ્ટી ભોગીલાલ બુલાખીદાસ દલાલ (અવસાન પામતાં)ને સ્થાને નલીનકાંત કેશવલાલ નિમાયા. તા.૨૭-૫-૧૯૭૯ની સભામાં સહમંત્રીપદે કોઈ ન હતું. તા.૩૧-૭-૧૯૮૫ના મંત્રીઓમાં ઈન્દુભાઈ તથા પ્રશાંતભાઈ રમેશચંદ્ર સુતરીયા બાકી હોદ્દેદારો એના એજ. ૧૯૭૮માં ટ્રસ્ટીઓમાં પ્રેમચંદભાઈ (અવસાન પામતાં)ને બદલે હસમુખલાલ મૂળચંદ શાહ નિમાયા.

વર્તમાનમાં ટ્રસ્ટીઓમાં શ્રી ચંદ્રકાંત બકુભાઈ શાહનું રાજીનામું આવતા હાલ ૪ ટ્રસ્ટીઓ (૧) સુમતિલાલ કસ્તૂરભાઈ, (૨) નલીનકાંત કેશવલાલ, (૩) ઈન્દુલાલ હરિલાલ શાહ, (૪) હસમુખરાય મૂળચંદ હોય. વર્તમાન હોદ્દેદારોઃ તઅ. ૧૮-૧૦-૧૯૯૨ની સભા મુજબ : પ્રમુખ–સુમતિલાલ કસ્તૂરભાઈ, ઉપપ્રમુખ–નલીનકાંત કેશવલાલ શાહ, મંત્રી–ઈન્દુભાઈ હરિલાલ, સહમંત્રી– પ્રશાંતભાઈ રમેશચંદ્ર સુતરીયા અને સભ્યોમાં હસમુખલાલ મૂળચંદ શાહ, ડૉ. કે. કે. શાહ, ચંદ્રકાંત હરિલાલ શાહ, પ્રવિણભાઈ રતિલાલ શાહ, દિલીપભાઈ જયંતિલાલ વગેરે. તેમાં હાલ પ્રમુખ તરીકે ડૉ. કે. કે. શાહ સેવા આપી રહ્યા છે. આ **પ્રાચ્ય વિદ્યાભવન શ્રી ચારિત્રવિજયજી જ્ઞાનભંડાર** માટે ઘણી જગ્યાએથી માગણી આવેલ છે. શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર તથા તપોવન સંસ્કારધામ દ્વારા પણ માગણી થઈ હતી તેનો સંસ્થા દ્વારા અસ્વીકાર થયો હતો અને માગણી

નામંજુર કરેલ હતી. સંઘ મજબુત છે, ટ્રસ્ટીઓ મક્કમ છે. આ સંસ્થા અત્યારે ઘણી સુંદર રીતે ચાલી રહી છે.

૩. આ ગ્રંથમાં પ્રક૦ અને પૃ૦ આપ્યાં છે, તે આ ઈતિહાસના ભાગ–૧, ભાગ–૨ અને ભાગ–૩ની નવી આવૃત્તિના સમજવાં.

૪. આ ગ્રંથમાં મુદ્રણદોષથી કાનો, માત્રા, હ્રસ્વ, દીર્ઘ, અનુસ્વાર, વિસર્ગ, અક્ષર કે આંક ઊડી ગયા હોય ત્યાં વાચકોએ સુધારીને વાંચવું.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।
णमो लोए सव्वसाहूणं ॥

જૈન પરંપરાનો ઇતિહાસ

(ભાગ ચોથો)

★ ★ ★

પ્રકરણ સત્તાવનમું

આચાર્ય વિજયદાનસૂરિ

दुर्मनस्कमृगत्रासमृगारिमुनिपुङ्गवम् ।
श्रीमद् विजयदानाह्वं नत्वा सूरीश्वरं पुनः ॥
(– સં. ૧૬૧૭માં મહો૦ ધર્મસાગરગણિ કૃત
'ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા' મંગલાચરણ.)

तस्स पक्खे पुण अहिणवसूरो दूरट्ठिआण बहुलावी ।
सिरिविजयदाणसूरीणामेण वि कुमयतममहणो ॥
(– સં. ૧૬૨૯માં મહો૦ ધર્મસાગરગણિ કૃત 'કુપક્ષકૌશિક
સહસ્રકિરણ–પ્રવચન પરીક્ષા', ગાથા : ૪.)

तास पट्टोधर सुरतरु એ मा०, गोयम सम अवतार;
श्री विजयदानसूरीसर એ मा०, जिनशासन शणगार. सुणो०
(– સં. ૧૬૭૬માં આચાર્ય વિજયદેવસૂરિ આજ્ઞાવર્તી
પં૦ ધર્મદાસગણિ કૃત 'સૂરત હીરવિહાર સ્તવન'.)

ટૂંકો પરિચય –

સં. ૧૫૫૩માં જામલાનગરમાં કરમિયા ગોત્રના વીશા ઓશવાલ શા. જગમાલ (ભામોશા)નાં પત્ની સૂર્યાદેવી (ભ્રમાદે)ની કુક્ષીએ તેમનો જન્મ. સં. ૧૫૬૨માં ૯ વર્ષની બાલ્યવયે શ્રી આનંદવિમલસૂરિના શિષ્યપદે દીક્ષા, નામ મુનિ ઉદયધર્મ. સં. ૧૫.....માં પંન્યાસ અને ઉપાધ્યાય-પદ. સં. ૧૫૮૭માં સિરોહીમાં આચાર્યપદ તેમજ ગચ્છનાયકપદ, નામ **વિજયદાનસૂરિ**. સં. ૧૫૯૬માં ભટ્ટારકપદ. સં. ૧૬૨૧ (કે ૧૬૨૨)માં પાટણ પાસે વડલી ગામમાં આરાધનાપૂર્વક સ્વર્ગગમન.

આ૦ વિજયદાનસૂરિને ગૃહસ્થપણામાં બીજા ૩ ભાઈઓ અને ૧ બહેન હતાં તથા વિજય અને લક્ષ્મણ નામે બે ભાણેજ હતા.

આચાર્યશ્રી ગણધર ગૌતમસ્વામી જેવા તેજસ્વી, કૃપાળા, ત્યાગી, તપસ્વી, વિદ્વાન, મોટા વાદી, સિદ્ધાંતના પારગામી, તપાગચ્છમાં સૂર્યસમા, સમતાના સાગર, વૈરાગ્યના ભંડાર, અપ્રમાદી, જેમની સૌકોઈ આજ્ઞા પાળે એવા અખંડ પ્રતાપી, નવકલ્પ વિહારી, તીર્થંકર ભગવાનની જેમ હિતોપદેશ દેનારા તેમજ પરોપકારી હતા.

વિકાસ ઘટકો :

ગુરુદેવની મનોભાવનાનું પાલન

વૃદ્ધો જણાવે છે કે, આ૦ વિજયદાનસૂરિ ગુરુ શ્રી આનંદવિમલસૂરિના આજ્ઞાપાલનમાં સદા તત્પર રહેતા હતા. તે માટે કહેવાય છે કે –

એક દિવસે સમુદાયની ગોચરી સમયે સૌ મુનિવરો ગોચરી લઈ આવ્યા. સૌએ આહાર કરી લીધો, પણ સૌની ગોચરી થઈ રહ્યા પછી ત્રણ મુનિઓ પણ મહામહેનતે વાપરી શકે એટલો આહાર વધ્યો. આ આહાર પતાવવો કેવી રીતે ? આથી ગુરુદેવે સૌ મુનિવરોને જણાવ્યું કે, ''આ આહાર પરઠવો નથી, તેથી જે મુનિ એકલો જ આ આહાર વાપરી જાય તેને હું મનપસંદ કાંબળી આપીશ.''

પં૦ ઉદયધર્મ (અર્થાત્ વિજયદાનસૂરિ) ગુરુદેવની ઇચ્છા પ્રમાણે એકલા જ એ આહાર વાપરી ગયા. પછી બીજે દિવસે સવારે તેમણે ગુરુદેવ પાસે આવી ત્રણ ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું.

ગુરુદેવે ચોથે દિવસે તેમને પારણું કરાવી કહ્યું : ''બોલ, તારે કેવી કાંબળી જોઈએ છે ?''

પં૦ ઉદયધર્મ બે હાથ જોડી બોલ્યા : ''ગુરુદેવ ! આપની કૃપા છે, તે જ મારે મન બધું છે. આ આહાર કાંબળી માટે વાપર્યો નથી. આપની ઇચ્છા હતી કે આ આહાર પરઠવો નથી, આથી જ મેં આપની એ ઇચ્છા જાણીને આહાર વાપર્યો છે. બાકી કપડાં, કાંબળી, પુસ્તક કે પાનાંપોથી અને આહાર આપની કૃપામાં જ રહેલાં છે, મારે કાંબળીની જરૂર નથી.''

પદવીઓ – ગુરુદેવે પ્રસંગ આવતાં તેમને ગણિ-પંન્યાસ બનાવ્યા; પછી ઉપાધ્યાય ઉદયધર્મગણિ પણ બનાવ્યા.

ક્રિયોદ્ધાર – તપાગચ્છના આ૦ આનંદવિમલસૂરિવરે પોતાની સાથેના ઋષિ-મુનિવરો સાથે સં. ૧૫૮૨ વૈ. સુદ ૩ના વડાલીમાં ક્રિયોદ્ધાર કરી સંવેગી-

માર્ગનો સ્વીકાર કર્યો (જુઓ પ્રક. ૫૬, પૃ. ૪૩૭). ઉપા૦ ઉદયધર્મ ગણિવરે પણ તે સમયે ગુરુદેવની સાથે જ ક્રિયોદ્ધાર કરી સંવેગીમાર્ગ આદર્યો હતો; અને જાવજ્જીવ સુધી દૂધ, દહીં, ઘી, તેલ, મીઠાઈ (ગળપણ), તેલની તળેલી વસ્તુઓ કડા વગેરે વિગઈઓનો ત્યાગ કર્યો હતો.

બીજા સહયોગીઓ – તપાગચ્છની સોમશાખાના ભટ્ટારક સૌભાગ્યહર્ષસૂરિ વીસનગરથી અને ઉપકેશગચ્છની દ્વિવંદનીક શાખાના ઉમરેઠની ગાદીના ભટ્ટારક આ૦ કક્કસૂરિ બારેજાથી આ ક્રિયોદ્ધારમાં જોડાવા માટે વડાલી આવ્યા, પણ તેઓ પોતપોતાની ગાદીએ પાછા ચાલ્યા ગયા. આ પૈકીના આ૦ કક્કસૂરિ ક્રિયોદ્ધાર કરવાની તીવ્ર ભાવનાવાળા હતા. તેમણે ઉમરેઠ જઈ જેમ બને તેમ વહેલા ગાદી છોડી, ક્રિયોદ્ધાર કરી, સંવેગી બની શકાય એવી યોજના ઘડી.

આ૦ આનંદવિમલસૂરિ અને ઉપા૦ ઉદયધર્મગણિ વગેરે ક્રિયોદ્ધાર કરી, વડાલીથી વિહાર કરી ચિત્તોડ પધાર્યા. તેમણે ત્યાં દોશી કર્માશાહ ઓશવાલને ભાવવાહી ઉપદેશ આપી શત્રુંજય તીર્થનો મોટો ઉદ્ધાર કરવા માટે વધુ પ્રોત્સાહિત કર્યો. ઉપા૦ ઉદયધર્મગણિએ ચિત્તોડથી વિહાર કરી, મક્ષી પાર્શ્વનાથ તીર્થની યાત્રા કરી, માંડવગઢમાં સં. ૧૫૮૩નું ચાતુર્માસ કર્યું. ત્યારબાદ ગુજરાત પધારી ગોધરા વગેરે થઈ ઉમરેઠ પધાર્યા. તેમણે અહીં ભટ્ટારક કક્કસૂરિને ક્રિયોદ્ધાર કરી આત્મકલ્યાણ માટે ઉપદેશ આપ્યો. આથી ભટ્ટા૦ કક્કસૂરિએ ઉપા૦ ઉદયધર્મગણિના ઉપદેશથી સંવેગ પામી, ઉમરેઠની ગાદી છોડી, ઉપા૦ ઉદયધર્મગણિનું ઉપસંપદા સ્વીકારી, ક્રિયોદ્ધાર કરી, સંવેગીપણું અંગીકાર કર્યું. ઉપાધ્યાયજીએ તેમને પોતાના શિષ્ય બનાવી તેમનું નામ **મુનિ રાજવિજય** રાખ્યું.

ગચ્છનાયકની પદવી

ગુરુદેવશ્રી આનંદવિમલસૂરિએ સં. ૧૫૮૭માં સિરોહીમાં ઉપા૦ ઉદયધર્મ-ગણિને આચાર્યપદ આપ્યું. સાથોસાથ શાસનદેવે ભટ્ટા૦ હેમવિમલસૂરિને આપેલા સંકેત મુજબ દ+આ+ન અક્ષરો જોડી તેની આગળ **વિજય** શબ્દ જોડી આ૦ વિજયદાનસૂરિ નામ રાખી પોતાની પાટે તપગચ્છના નાયક તરીકે સ્થાપન કર્યા.• તે ત્યારથી ગચ્છનાયક આ૦ વિજયદાનસૂરિ બન્યા. ત્યાંથી વિહાર કરી તેઓ

• સંવેગી સાધુઓ માટે આ સમય કટોકટીનો હતો. જુદા જુદા ગચ્છ, મત અને વાડાને કારણે ઠેકઠેકાણે શિથિલતા વધતી જતી હતી. આ૦ આનંદવિમળસૂરિએ આવા કટોકટીના સમયમાં ક્રિયોદ્ધાર કર્યો, પણ આ મહાન કાર્યમાં તેમને જોઈએ તેટલો સાથ ન મળ્યો; છતાં પણ પુરુષાર્થથી અને સ્વશિષ્યોની સામર્થ્યતાથી ઘણો સુધારો કરી શક્યા. પોતાના શિષ્યો પૈકી આ૦ વિજયદાનસૂરિને સમર્થ અને શક્તિશાળી જાણી તેમણે તેને પોતાની પાટે સ્થાપ્યા. (જુઓ 'શ્રી તપાગચ્છ પટ્ટાવલી', પૃ. ૨૨૩)

શત્રુંજય તીર્થની યાત્રાએ પધાર્યા; અને સં. ૧૫૮૭ના વૈ. વદ ૬ના રોજ દોશી કર્માશાહે શત્રુંજય મહાતીર્થનો સોળમો ઉદ્ધાર કર્યો, તેમાં હાજર રહ્યા (પ્રક. ૩૫, પૃ. ૧૩૭ તથા પૃ. ૧૫૯).

બે પટ્ટધરો –

(૧) આ૦ આનંદવિમલસૂરિએ સં. ૧૫૯૧માં પાટણના મણિયાતીપાડાના જૈન ઉપાશ્રયમાં પં૦ રાજવિજયગણિને આચાર્યપદ આપી, વિજયરાજસૂરિ નામ રાખી, ૫૭મા ગચ્છનાયક આ૦ વિજયદાનસૂરિની પાટે ૫૮મા ગચ્છનાયક તરીકે સ્થાપિત કર્યા.

(૨) આ૦ વિજયદાનસૂરિએ ભટ્ટા૦ આનંદવિમલસૂરિના સ્વર્ગવાસ પછી તપાગચ્છના ગીતાર્થ મુનિવરો અને શ્રમણસંઘની વિનંતીથી ઉપા૦ હીરહર્ષગણિને સં. ૧૬૧૦માં, સિરોહીમાં, આચાર્ય બનાવી શ્રી હીરવિજયસૂરિ નામ રાખી, પોતાની પાટે બીજા ૫૮મા ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા.

આ રીતે ભટ્ટા૦ વિજયદાનસૂરિની પાટે (૧) આ૦ વિજયરાજસૂરિ અને (૨) આ૦ હીરવિજયસૂરિ – એમ બે ગચ્છનાયક બન્યા.

આગમવાચના –

આ૦ વિજયદાનસૂરિ વિદ્વાન હતા તેમજ મોટા વાદી હતા. તેમનું નામ સાંભળી ભલભલા વાદીઓ પણ ચૂપ થઈ જતા.

તેઓ પોતાના પરિવારના બધા મુનિઓને ભણાવતા હતા. જિનાગમની વાચના દેતા હતા. મહો૦ રાજવિમલગણિ, મહો૦ ધર્મસાગરગણિ, આ૦ હીર-વિજયસૂરિ વગેરે સૌ તેમની પાસે જિનાગમો ભણ્યા હતા. આ૦ વિજયદાનસૂરિ વાચનામાં આગમોના પાઠ શુદ્ધ કરતા હતા. તેમણે આ રીતે ૧૧ અંગોને ઘણીવાર શુદ્ધ કર્યા હતા.

તેમણે ગુજરાત, સૌરાષ્ટ્ર, ગોલવાડ, મારવાડ, માળવા, મેવાડ અને કોંકણ વગેરે પ્રદેશોમાં વિહાર કર્યો હતો. તેમજ ખંભાત, ગંધાર, પાટણ, સિદ્ધપુર, વિજાપુર, દેવકી પાટણ અને નાગોર વગેરે સ્થાનોમાં આગમોની વાચના આપી ગીતાર્થો પાસે ૪૫ આગમો શોધાવ્યા હતા.

સાત બોલનો પટ્ટક –

આ૦ વિજયદાનસૂરિએ શ્રમણસંઘ–જૈનશાસનનું એકમ મજબૂત બનાવી રાખવા માટે સં. ૧૯૧૯-૨૦માં સાત બોલનો પટ્ટક બનાવ્યો અને તેનો પૂરો અમલ કરાવ્યો. આ પટ્ટકની પૂરી સમજુતી માટે આ૦ હીરવિજયસૂરિએ સં. ૧૬૪૬માં ૧૨ બોલનો એક પટ્ટક બનાવી તેનો અમલ કરાવ્યો.

(જુઓ પ્રક. ૫૫, પૃ. ૩૫૨, ક્રમાંક : ૪ તથા પૃ. ૩૫૪થી ૩૫૬, ક્ર.૧૩)

અંજનશલાકા–પ્રતિષ્ઠાદિ મહોત્સવો અને સંઘયાત્રા

આ અરસામાં મુસલમાનોએ ધર્માન્ધતાથી ઘણાં હિન્દુ તીર્થો, જૈન તીર્થો, હિન્દુ મંદિરો, જૈન દેરાસરો તથા શૈવ–વૈષ્ણવ પ્રતિમાઓ અને જૈન પ્રતિમાઓને ખંડિત કર્યાં હતાં.

આ૦ વિજયદાનસૂરિના ઉપદેશથી ઉપર્યુક્ત ક્ષતિને પહોંચી વળવા ઠેર ઠેર જૈન તીર્થો, જિનાલયોના જીર્ણોદ્ધારો થયા, નવાં જિનાલયો બન્યાં તેમજ ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા (પ્રાણપ્રતિષ્ઠા), ગાદી-પ્રતિષ્ઠા વગેરે થયાં હતાં.

તેમણે હાડોતીદેશ, ઢુંઢારપ્રદેશ, કચ્છ, સૌરાષ્ટ્ર અને લાટ (ગુજરાત) પ્રદેશ તેમજ માળવા વગેરે પ્રદેશોના નગરોમાં અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. એ રીતે શત્રુંજય મહાતીર્થ, ખંભાત, અમદાવાદ, પાટણ, મહેસાણા, ગંધાર બંદર વગેરે સ્થળે મોટા ઉત્સવો સાથે ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

સં. ૧૫૮૭ના દોશી કર્માશાહે શત્રુંજય તીર્થના સોળમા મોટા ઉદ્ધાર સમયે તપાગચ્છની વડી પોષાળના આ૦ ધર્મરત્નસૂરિના શિષ્ય આ૦ વિદ્યામંડનસૂરિના હાથે ભ૦ આદીશ્વરની પ્રતિષ્ઠા કરાવી ત્યારે આ૦ આનંદવિમલસૂરિ વિદ્યમાન હતા અને આ૦ વિજયદાનસૂરિ એ પ્રતિષ્ઠામાં હાજર હતા. ત્યાર પછી આ૦ વિજયદાનસૂરિ અને આ૦ હીરવિજયસૂરિએ સં ૧૬૧૫થી ૧૬૨૦ના ગાળામાં **શત્રુંજય તીર્થમાં** ઘણાં જિનાલયો તથા ઘણી જિનપ્રતિમાઓની **પ્રતિષ્ઠા** કરી હતી, જેની ટૂંકી નોંધ આ પ્રમાણે છે –

અમદાવાદના શાહ દેધર શ્રીમાલીના વંશજ સંઘપતિ સુહિજપાલ (સહજપાલ)ના પુત્ર સં. કુંવરજીએ સં. ૧૬૧૫ (શ્રા.વદ ૨)ના શત્રુંજય તીર્થમાં મોટી ટૂકના મુખ્ય જિનપ્રાસાદની જમણી બાજુએ મોટો જિનપ્રાસાદ બનાવ્યો અને સં. ૧૬૧૯-૨૦માં ઉક્ત આચાર્યોની સાંનિધ્યમાં છ'રી પાળતો યાત્રાસંઘ શત્રુંજય તીર્થે લઈ જઈ તેઓના હાથે એ નવા જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિષ્ઠા–ઉત્સવમાં સં. કુંવરજી, તેની ભાર્યા પદ્મા, પુત્ર વિમલદાસ, સંઘવણ પદ્માના ભાઈઓ મેઘો, શુભરાજ, લખરાજ વગેરે, સં. કુંવરજીના મોસાળના સં. સેનો, તેની ભાર્યા ખીમી (અમરી), સં. કુંવરજીની માસી વશી વગેરે સૌ પરિવાર હાજર હતા. આ સૌ તપાગચ્છના ઉપાસકો હતા. (પ્રક. ૪૫, પૃ. ૯૮)

મુક્તાઘાટ – અમદાવાદનો (૧૧મો) બાદશાહ મહમ્મદખાન, (૧૨મો) અહમ્મદ અને (૧૩મો) મુજફ્ફર ત્રીજો (સં. ૧૫૯૪થી ૧૬૨૮) – એ ત્રણેના મંત્રી ગલરાજે ભટ્ટા૦ વિજયદાનસૂરિના ઉપદેશથી સં. ૧૬૧૯-૨૦માં શત્રુંજય તીર્થનો મુક્તાઘાટ કરાવ્યો હતો, એટલે અમુક સમય સુધી રાજ્ય તરફથી લાગા, જકાત, મુંડકાવેરો વગેરે માફ કરાવ્યાં હતાં.

યાત્રાસંઘ – મંત્રી ગલરાજે ભારતભરના દરેક સ્થાનોમાં આમંત્રણપત્રિકા મોકલી, બધાય જૈન સંઘોને એકત્ર કરી, સંઘપતિ બની શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. આ યાત્રાસંઘમાં ભટ્ટા૦ વિજયદાનસૂરિ, આ૦ હીરવિજયસૂરિ, બાલમુનિ જયવિમલ વગેરે ચતુર્વિધ સંઘ સાથે હતો. સં. ગલરાજે શત્રુંજય તીર્થને મુક્તાફલ (મોતીઓ) અને અક્ષતથી વધાવ્યો હતો અને સાથેના નાના સંઘોના સહુ યાત્રાળુઓને પણ યાત્રા કરાવી હતી.

(તપાગચ્છ પટ્ટાવલી, ગાથા ૧૯ની સંસ્કૃત ટીકા; હીર-સૌભાગ્ય મહાકાવ્ય, સર્ગ ૪, શ્લોક ૧૪૭ની સ્વોપજ્ઞ ટીકા; પ્રક. ૪૪, પૃ. ૫૪ તથા પ્રક. ૫૭, પૃ. ૩૧–૩૨•)

અમદાવાદના સં. કુંવરજી શ્રીમાલી, ગંધારના શેઠ વર્ધમાન શ્રીમાલી અને પુત્ર રામજી વગેરે ઘણા સંઘવીઓ પોતપોતાના નાના સંઘો લઈ અમદાવાદ, ઘોલેરા કે પાલીતાણા આવી આ સંઘ સાથે મળી ગયા હતા. સંભવ છે કે, આ યાત્રાસંઘ પાલીતાણામાં એક વર્ષથી વધુ કાળ સુધી રહ્યો હોય. તે દરમિયાન અહીં ઘણી નવી દેરીઓ બની અને ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ.

પ્રતિષ્ઠા – ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ હીરવિજયસૂરિના ઉપદેશ અને નિશ્રામાં શત્રુંજય તીર્થમાં ઘણી નવી દેરીઓ બની, જૂની દેરીઓનો જીર્ણોદ્ધાર થયો અને જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થઈ તે નીચેની વિગતે છે.

(૧) સં. ૧૬૨૦ના વૈ. સુદ ૨ ને દિવસે શ્રી આભૂ પોરવાડના વંશજ ગંધારનિવાસી વ્યવ૦ પોઈઆની દેરીની પ્રતિષ્ઠા. (પ્રક. ૪૫, પૃ. ૧૦૧)

(૨) સં. ૧૬૨૦ વૈ. સુદ ૫ ને ગુરુવારેં અમદાવાદના દીશાવાલ જ્ઞાતિના વણાઈગના પુત્ર મંત્રી ગલા (ગલરાજ) મહેતા, તેના પત્ની મંગુ, પુત્ર વીરદાસ વગેરે કુટુંબ પરિવારની ભ૦ આદીશ્વરની દેરીની પ્રતિષ્ઠા. (પૃ. ૩૧–૩૨)

(૩) સં. ૧૬૨૦ના વૈ. સુદ ૫ ના ગંધારના વ્ય૦ સમરિયા (સમરા શાહ) પોરવાડની ભ૦ શાંતિનાથની દેરીની પ્રતિષ્ઠા.

(૪) સં. ૧૬૨૦ વૈ. સુદ ૫ ના ગંધારના દેવા શ્રીમાલીના પુત્ર પરીખ મુથા તથા ગંધારના ગૂર્જર શ્રીમાલી દોશી શ્રીકરણની ભાર્યા અમરી અને પુત્ર હંસરાજ દોશીની ભ૦ આદીશ્વરની દેરીની પ્રતિષ્ઠા.

(૫) સં. ૧૬૨૦ વૈ. સુદ ૫ ના ગંધારનિવાસી સંઘવી જાવડશાહ પોરવાડના પુત્ર સીપા, તેની ભાર્યા ગીસુના પુત્રો ૧. જીવંત, ૨. કાઉજી અને

• ઉક્ત વિગત આ જ (૫૭મા) પ્રકરણમાં અન્ય સ્થળે આવી હોય તો તે દર્શાવવા કૌંસમાં હવે પછી માત્ર પૃષ્ઠ નંબર આપેલ છે. – **સંપાદક**

૩. સં. આઢૂ વગેરે પરિવારની ભ૦ પાર્શ્વનાથની દેરીની પ્રતિષ્ઠા.
(પ્રક. ૪૫, પૃ. ૮૪)

(૬) સં. ૧૬૨૦માં અમદાવાદના સં. કુંવરજી શ્રીમાલીના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા. (પ્રક. ૪૫, પૃ. ૯૮)

(૭) સં. ૧૬૨૦ અષાડ સુદ ૨ ને રવિવારે ગંધારના દોશી ગોઈયાના પુત્ર તેજપાલની ભાર્યા ભોટકીના પુત્રો દોશી પંચાણ, ભીમજી, નાનજી અને દેવરાજની ભ૦ મહાવીરસ્વામીની દેરીની પ્રતિષ્ઠા.

(૮) સં. ૧૬૨૦ના આસો વદિ ૯ ને શનિવારે અમદાવાદના દોશી રાજપાલ શ્રીમાલીની મોટી ટૂંકની ભમતીમાં છેલ્લી ભ૦ મુનિસુવ્રતસ્વામીની દેરીની પ્રતિષ્ઠા. (–શત્રુંજયતીર્થનું હસ્તલિખિત મોટું વર્ણન)

(૯) સં. ૧૬૨૦ કા. સુદૅ ૨ ના ગંધારના શ્રીમાલી વર્ધમાનના પુત્રો ૧. રામજી, ૨. હંસરાજ અને ૩. મનજી વગેરેના શત્રુંજયતીર્થમાં ભંડારની ઓરડી પાસે બનાવેલ ભ૦ શાંતિનાથ ચતુર્મુખ જિનાલયની પ્રતિષ્ઠા.

(–એપ્રિગ્રાફિકા ઇન્ડિકા, ભાગ-૨, પૃ. ૪૭થી ૫૦; શ્રી જિનવિજયજી સંપાદિત 'પ્રાચીન જૈન લેખસંગ્રહ', ભા.૨, લેખ નં. ૪થી ૧૦; નગરશેઠ કુટુંબના નગીનદાસ હેમાભાઈ અને મયાભાઈ પ્રેમાભાઈની વિનંતીથી કોઈ મુનિશ્રીએ તૈયાર કરેલું શત્રુંજયતીર્થનું હસ્તલિખિત મોટું વર્ણન તથા અરવિંદ [B.A.]નો પ્રાગ્વાટ ઇતિહાસ, ખંડ ૩, પૃ. ૨૯૪.)

વિશેષ નોંધ – ઉપરના શિલાલેખોને ગંભીરતાથી વિચારીએ તો નીચેની બાબતો વિશેષ જાણવા મળે છે –

૧. ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ હીરવિજયસૂરિ વગેરે સં. ૧૬૨૦ના શેષકાળમાં તેમજ ચોમાસામાં પાલીતાણામાં વિરાજમાન હતા.

૨. ત્યારે હિંદમાં મોગલ રાજ્ય હતું. તેના ફરમાનોમાં મુખ્યતાએ ચૈત્રાદિ વિક્રમ સંવતની નોંધ મળે છે. તો સંભવ છે કે, ઉક્ત શિલાલેખોમાં એ જ ચૈત્રાદિ (હિંદી-મારવાડી) વિક્રમ સંવત લખાયો હોય અર્થાત્ આ શિલાલેખોમાં જે સંવત છે તે ચૈત્રાદિ વિક્રમ સંવત છે.

૩. શત્રુંજયતીર્થમાં સં. ૧૬૨૦ના વૈશાખ, આષાઢ, શ્રાવણ, આસો અને કાર્તિક મહિનાઓમાં દેરીઓ તથા જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ છે.

૪. સંભવ છે કે, કાર્તિક મહિનામાં પણ શત્રુંજયતીર્થની ઉપર જવાની પ્રવૃત્તિ હોય.

૫. કદાચ આપત્તિકાળના કારણે આ બધું અપવાદરૂપે પણ હોય.*

મહેસાણામાં જિનપ્રતિષ્ઠા : ભટ્ટા૦ વિજયદાનસૂરિના શિષ્ય મહો૦ વિમલ-હર્ષગણિના શિષ્ય મુનિ વિમલજીએ સં. ૧૬૧૯માં મહેસાણામંડન ભ૦ ઋષભ-દેવસ્વામીનું સ્તવન (કડી ૩૩) બનાવ્યું છે, જેમાં લખે છે કે –

''સંઘપતિ ભોજાએ મહેસાણામાં શ્રી ઋષભદેવ ભ૦નો જિનપ્રાસાદ બનાવ્યો, જેમાં ચાર ગભારા બનાવ્યા હતા. ભટ્ટા૦ વિજયદાનસૂરિએ સં. ૧૬૧૯ના વૈ. સુદ ૨ ના દિવસે તે જિનપ્રાસાદની તથા તેના એ ચાર ગભારામાં અનુક્રમે (૧) મૂળ ગભારામાં સં. ભોજાએ ભરાવેલ ભ૦ શ્રેયાંસનાથની પ્રતિમાની, (૨-૩) સં. ભોજાએ ભરાવેલ ભ૦ શાંતિનાથનાં બે પ્રતિમાઓની અને (૪) સં. વેગોડે ભરાવેલ ભ૦ શ્રેયાંસનાથની પ્રતિમાની તથા શિખરવાળી ૨૪ દેરીઓની અને બીજી ૪૨૯ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.''

(–જૈન સત્ય પ્રકાશ, ક્રમાંક ૮૭)

★ **પૂ. પં. શ્રી અભયસાગર ગણિવરની ખાસ નોંધ** (પ્રથમ આવૃત્તિ મુજબ)–

પૂજ્ય શ્રી ત્રિપુટી મહારાજે ઉપરની વિશેષ નોંધમાં ત્રીજી કલમમાં શ્રાવણ, આસો અને કાર્તિક મહિનાના શિલાલેખો હોવાની વાત જણાવી છે.

તે પરથી જુગજૂની ચાલી આવતી ચોમાસામાં ગિરિરાજની યાત્રા કે ગિરિરાજ પર ચઢવાના નિષેધ સાથે વ્યાઘાત ઊભો થવાની શંકાથી ચોથી અને પાંચમી કલમ લખી છે.

પણ તાજેતરમાં પૂ. આગમોદ્ધારક આ૦ શ્રી આનંદસાગરસૂરિજીના શિષ્યરત્ન પૂ. આ૦ શ્રી કંચનસાગરસૂરિજીએ વર્ષોથી ખંતભરી મહેનત ઉઠાવી શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર કલાકોના કલાકો ગાળી, ખૂણે-ખાંચરે ફરી, એક એક જિનપ્રતિમાઓ, શ્રી સિદ્ધચક્રજી તથા દેરીઓ અને ભીંતો કે થાંભલાઓના નાના-મોટા બધા લેખો ઉતારી વ્યવસ્થિત કરી 'શ્રી શત્રુંજય તીર્થ દર્શન' (પ્રકા. શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા, કપડવંજ)માં પરિશિષ્ટ એકમાં પા. ૧ થી ૧૧૦માં ૫૦૦ શિલાલેખો, સંસ્કૃત મોટા શિલાલેખોના ગુજરાતી ભાષાંતર સાથે આપ્યા છે.

તે બધાનો અભ્યાસ કરતાં એક પણ પાષાણની જિનપ્રતિમાજી પર અષાડ સુદ ૧૪થી કાર્તિક સુદ ૧૪ દરમિયાનનો પ્રતિષ્ઠાનો લેખ નથી. ફક્ત વિરલ અપવાદ તરીકે બે-ચાર ધાતુમૂર્તિ અને શ્રી સિદ્ધચક્રજી ગટ્ટા પર શ્રાવણ, આસો અને કારતક સુદના લેખો છે.

તે માટે જ્ઞાની મહાપુરુષોનાં ચરણોમાં બેસી વિચારતાં સમજાય છે કે, ચોમાસા દરમિયાન પોતાના ગામમાં અંજનશલાકા કરાવી અહીં પધરાવ્યા હોય. વળી તે લેખોમાં સિદ્ધગિરિનો ઉલ્લેખ પણ નથી, તે પરથી તે પ્રતિષ્ઠા ચોમાસામાં ગિરિરાજ ઉપર જઈને કરી હોય તેવું માની શકાય તેમ નથી. વળી, શ્રાવણ અને આસોના બે-ત્રણ લેખો દેરી પર મળે છે તેનો સંબંધ ગિરિરાજની ચોમાસાની યાત્રા સાથે સંભવિત નથી. એ તો જીર્ણોદ્ધારનું કામ ચાલતું હોય ને કો'ક પુણ્યવાનને પોતાના તરફથી લાભ લેવાની ભાવના જાગી હોય તે નામ લખાવે. ➡

ભટ્ટા૦ વિજયસેનસૂરિના આજ્ઞાધારી મુનિશ્રી વિમલે 'શ્રીપાલ રાજાની સજ્ઝાય' (કડી-૧૨) પણ બનાવી છે. (સજ્ઝાયમાલા)

તપાગચ્છની વિજયદાનસૂરિશાખાના ૬૭મા ભટ્ટા૦ વિજયલક્ષ્મીસૂરિ જણાવે છે કે,

કલશ – એમ વીર જિનવર પ્રમુખ કેરા અઢી લાખ ઉદાર એ,
જિનબિંબ સ્થાપી સુજસ લીધો દાનસૂરિ સુખકાર એ;
તાસ પાટ પરંપરા તપગચ્છે સૌભાગ્યસૂરિ ગણધાર એ,
તાસ શિષ્ય લક્ષ્મીસૂરિ પભણે સંઘનો જય જયકાર એ.
(જુઓ પૃ. ૨૫–૨૬)

એટલે કે ભટ્ટા૦ વિજયદાનસૂરિએ ભ૦ મહાવીરસ્વામી વગેરે તીર્થંકરોની લગભગ અઢી લાખ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. ઉપરાંત, તેઓના ઉપદેશથી ગિરનાર આદિ અનેક સ્થાનોમાં જીર્ણોદ્ધાર થયા હતા.

વિજયશાખા તથા ગુરુનામ મંત્રપ્રભાવ :

યક્ષરાજ માણિભદ્ર વીર આ૦ વિજયદાનસૂરિ ઉપર પ્રસન્ન હતા. તેણે આચાર્યશ્રીને જણાવ્યું કે, "આપ પોતાની પાટે વિજય-શાખાવાળા આચાર્ય બનાવજો." આથી જ તેઓએ પોતાની પાટે (૧) વિજયરાજસૂરિ અને (૨) વિજયહીરસૂરિ – એમ બે આચાર્યો બનાવ્યા. આ રીતે વિજયશાખાની શરૂઆત આ૦ વિજયદાનસૂરિથી થઈ. (પ્રક. ૪૫, પૃ. ૧૨૧; પ્રક. ૫૬, પૃ. ૪૪૬)

એક જૈન બાલિકા એક દિવસે અકસ્માત સમુદ્રમાં પડી. તેણે પડતી વખતે

➡ તેથી ચોમાસામાં ગિરિરાજની યાત્રાનું સમર્થન થતું નથી.

એટલે પૂ. ત્રિપુટી મહારાજ સામે બધા શિલાલેખો ન હોય તેમણે અપવાદિક કે મુગલકાળની વિષમતાની કલ્પના આગળ કરી કદાચ કારતકમાં શત્રુંજયની યાત્રા અગર અપવાદિક રીતે ચોમાસામાં પ્રતિષ્ઠાની વાત રજૂ કરી હોય.

પણ હકીકતે ઉપર લખ્યા મુજબ અષાડ સુદ ૧૪ થી કા. સુદ ૧૪ સુધીમાં એકપણ પાષાણની જિનપ્રતિમાની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ શિલાલેખોમાં નથી જ.

એટલે ચોમાસામાં ગિરિરાજની યાત્રા ન થાય એ ચાલી આવતી જુગજૂની પરંપરા પર હાલમાં કેટલાક વર્ગ તરફથી પણ ચોમાસામાં ગિરિરાજ ઉપર પ્રતિષ્ઠાના શિલાલેખોના નામે ભ્રમ ફેલાવાય છે તે વાજબી નથી.

તા.ક. શિલાલેખોમાં અષાડ વદના કેટલાક શિલાલેખો મળે છે, પણ તે પ્રતિષ્ઠા કરાવનાર આચાર્યો અને ગૃહસ્થો મારવાડ તરફના હોય, એટલે મારવાડી રીત પ્રમાણે અષાડ વદને જેઠ વદ જાણવી. તેથી અષાડ સુદ-૧૪ પછી ગિરિરાજ ઉપર પ્રતિષ્ઠા થયાના ભ્રમમાં કોઈ ન રહે.

શબ્દો ઉચ્ચાર્યા કે, ''મને ગુરુદેવ વિજયદાનસૂરિનું શરણ હજો.'' બસ, ક્ષણ-વારમાં તે બાલિકા પાણી ઉપર તરી આવી. શાસનદેવે તે બાલિકાને આબાદ બચાવી લીધી. આ રીતે 'વિજયદાનસૂરિ' એ નામ 'મહામંત્ર' જેવું મનાતું હતું.•

મહો૦ કીર્તિવિજય ગણિવર જણાવે છે કે,

તદનુ વિજયદાનસૂરિરાસીદસીમોજ્વલમહિમનિધાનમ્ સર્વસાધુપ્રધાનમ્ ।
ત્રિદશ ઇહ યદંઘ્રિદ્વન્દ્વભક્તાં પયોધેર્વહનવિલય વિલગ્નાં શ્રાવિકામુદ્દધાર ।।
(જુઓ પ્રક. ૫૬, પૃ. ૪૪૭)

સ્વર્ગગમન –

ભટ્ટા૦ વિજયદાનસૂરિજી સં. ૧૬૨૧ (કે ૧૬૨૨)માં ગુજરાતના પાટણ પાસેના વડલી ગામમાં અંતિમ આરાધના કરી કાળધર્મ પામી સ્વર્ગે ગયા.

પાટણ પાસે સહસ્રલિંગ તળાવ છે. તેની પાસે જ વડનાં વૃક્ષોવાળું વડલી ગામ હતું. આજે એ તળાવ નથી, માત્ર સ્મૃતિચિહ્ન છે, વડલી ગામ પણ નથી.

ત્યાંની જનતાએ પાટણથી ૧૫ માઇલ દૂર વડાવલી ગામ વસાવ્યું છે, જે અર્વાચીન ને વિદ્યમાન છે. અહીં શ્વેતાંબર જૈનોનાં ઘર છે, જિનાલય અને ઉપાશ્રય છે.

વડોદરા રાજ્યે પાટણના સહસ્રલિંગ તળાવનું ખોદકામ કર્યું ત્યારે આ વડલીના સ્થાનમાંથી એક ચરણપાદુકાવાળી શિલા મળી છે, જે હાલ પાટણના કુંભારિયાપાડાના સાગરગચ્છના શ્વેતાંબર જૈન ઉપાશ્રયમાં સુરક્ષિત છે, તેમાં નીચે પ્રમાણે પાદુકાલેખ છે –

''संवत १६२१ वैशाख सुदि १२ गुरु वडलीमध्ये भट्टारक श्री विजयदानसूरि निरवाण हुवुं तथा वदि (वरि) कमलपूजा करी तथा निरवाण आवी तेहनी श्री विजय-दानसूरि वादानि आखडी मूकावी । श्री विजयदानसूरि गुरुभ्यो नमः ।।''

તેમના સ્વર્ગગમનની સાલ માટે ભિન્ન ભિન્ન ઉલ્લેખો મળે છે –

(૧) ઉક્ત પાદુકાલેખમાં ભટ્ટા૦ વિજયદાનસૂરિનો સ્વર્ગ સંવત ૧૬૨૧ લખ્યો છે.

(૨) મહો૦ ધર્મસાગરગણિ આ૦ વિજયદાનસૂરિનું સ્વર્ગગમન સં. ૧૬૨૨ માં વડલીમાં બતાવે છે. (તપાગચ્છ પટ્ટાવલી, ગાથા ૧૯૯ની ટીકા; વીરવંશાવલી; વિવિધગચ્છ પટ્ટાવલી, પૃ. ૨૨૨)

• નાગેન્દ્રગચ્છના આ૦ મલ્લિષેણસૂરિએ પોતાના ગુરુદેવ આ૦ ઉદયપ્રભસૂરિના નામને પણ મહામંત્ર બતાવ્યો છે. (પ્રક. ૩૫, પૃ. ૬)

(૩) આસુકવિ પં૦ હેમવિજયગણિ નોંધે છે કે, આ૦ વિજયદાનસૂરિનું સં. ૧૬૨૧ વૈ. સુદિ ૧૨ના રોજ વડલીમાં સ્વર્ગગમન થયું; અને જૈનસંઘે ત્યાં ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિના સ્તૂપો બનાવ્યા.

(વિજય પ્રશસ્તિ મહાકાવ્ય)

સંભવ છે કે કાર્તિકાદિ ગુજરાતી વિક્રમ સંવત અને ચૈત્રાદિ હિંદી વિક્રમ સંવતના હિસાબે આ વિભિન્ન ઉલ્લેખો હોય.

તપારત્નશાખા પટ્ટાવલી (છઠ્ઠી)

૫૭. ભટ્ટા૦ વિજયદાનસૂરિ (સ્વ. સં. ૧૬૨૧-૨૨).

૫૮. ભટ્ટા૦ વિજયરાજસૂરિ –

ભ૦ પાર્શ્વનાથની શ્રમણપરંપરામાં ઉપકેશગચ્છના કોરંટગચ્છની દ્વિવંદનીક* શાખામાં ક્રમશઃ ઘણા આચાર્યો થયા, જેમાં ૬૮મા આ૦ દેવગુપ્તસૂરિ થયા. આ આચાર્ય સોળમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં વિદ્યમાન હતા. એ ગુજરાતના બા૦ બહાદુરશાહ (સને ૧૫૨૬થી ૧૫૩૭)ના માનીતા ગુરુ હતા. બા૦ બહાદુરશાહે ચમત્કાર દેખી તેમને ઈનામમાં ગામો આપ્યાં પણ આચાર્યશ્રીએ તે ન લીધાં, આથી બાદશાહે તેમને 'બારેજામાં મોટી પોષાળ' બાંધી આપી અને તેના ખર્ચ માટે કૂવા તથા બાગવાળી જમીન આપી. વળી, એક ઘણી કીમતી કાંબલ-શાલ ઓઢાડી. સંભવ છે કે આથી જ ઉપકેશગચ્છનું બીજું નામ કંબલગચ્છ (કંવલાગચ્છ) જાહેર થયું હોય. આચાર્યશ્રીએ બારેજામાં મણિભદ્ર વીરની સ્થાપના કરી ગામનો ઉપદ્રવ ટાળ્યો હતો. (પ્રક. ૧, પૃ. ૩૦)

આ૦ દેવગુપ્તસૂરિની પાટે ૬૯મા ભટ્ટા૦ કક્કસૂરિ થયા, તે જ ક્રિયોદ્ધાર કરી ભટ્ટા૦ વિજયરાજસૂરિ થયા.

પરિચય – કાકરદેશ (કાંકરેજ)ના તીરવાડા (તેરવાડા) ગામમાં શેઠ દેવદત્ત શ્રીમાલીની પત્ની દેવતદેએ સં. ૧૫૬૪માં એક બાળકને જન્મ આપ્યો. તેનું નામ રાજકુમાર રાખ્યું.

તેને ભટ્ટા૦ દેવગુપ્તસૂરિએ સં. ૧૫૭૧માં દીક્ષા આપી મુનિ જીવકલશ નામે પોતાનો શિષ્ય બનાવ્યો. સં. ૧૫૮૪માં ઉમરેઠમાં ગુરુએ તેને આચાર્ય બનાવી, ભટ્ટા૦ કક્કસૂરિ નામ આપી, પોતાની પાટે ભટ્ટારક બનાવી સ્થાપન કર્યા. તેમનાં બીજાં નામો કેકોજી અને ભટ્ટા૦ સર્વદેવસૂરિ પણ મળે છે.

(પ્રક. ૧, પૃ. ૨૮, ક્રમ : ૭૨)

★ આ શાખાના ભટ્ટારકો ભ૦ પાર્શ્વનાથની પરંપરાના શ્રમણોને તેમજ ભ૦ મહાવીરની પરંપરાના શ્રમણોને – બન્નેને માનતા, આથી તે દ્વિવંદનીક કહેવાયા.

ભટ્ટા૦ કક્કસૂરિ ઉમરેઠની ગાદીએ બેઠા હતા. તેઓ ઉમરેઠ અને બારેજામાં રહેતા હતા.

તેઓ બાલદીક્ષિત હોવાથી બાલબ્રહ્મચારી, સંવેગી, બુદ્ધિમાન, વિદ્વાન, વાદી અને ચમત્કારી હતા. સર્વ જાતના સચિત્તના ત્યાગી હતા. હંમેશાં ચઉવિહાર કરતા હતા અને બરાબર એકાંતરે ઉપવાસ કરતા હતા. પોતે ત્યાગી હતા અને ત્યાગી પ્રતિ પ્રેમાળ હતા. મોટા વૈરાગી અને તપસ્વી હતા. જ્યોતિષ, વૈદ્યક અને મંત્ર-તંત્રના જાણકાર હતા. તેમણે ચઉદશ-પૂનમના શાસ્ત્રાર્થમાં ચૌદશની પાખી સ્થાપી હતી.

કવિબહાદુર દીપવિજયજી લખે છે કે, ''તેઓ હંમેશાં-નિરંતર સૂરિમંત્રનો જાપ કરતા હતા, આથી તેમની તરપણીમાં કામધેનુ પ્રગટી હતી.''

(–સોહમકુલ પટ્ટાવલી, ઉલ્લાસ ૪, ઢાળ ૪૪, કડી ૧૩)

ગુજરાતનો બાદશાહ મહમ્મદખાન (સં. ૧૫૯૪થી ૧૬૧૦) ચમત્કાર દેખી તેમને બહુ માનતો હતો. આથી જ બાદશાહે તેમને 'રાજવલ્લભસૂરિ' એવું માનવંતુ બિરુદ આપ્યું હતું.

આગળ (પૃ. ૩માં) જણાવ્યા મુજબ કક્કસૂરિ આ૦ વિજયદાનસૂરિના ઉપદેશથી સં. ૧૫૮૪માં સંવેગી દીક્ષા લઈ મુનિ રાજવિજય બન્યા. અને સં. ૧૫૯૧માં તપાગચ્છના ૫૮મા ભટ્ટારક (ગચ્છાધિપતિ) થયા. એ વિજયરાજસૂરિએ સં. ૧૫૯૫માં દિગંબર વાદી ભટ્ટારક જીવાજીને હરાવ્યા હતા. એક પ્રતિમાલેખ મળે છે કે, 'આ૦ વિજયરાજસૂરિએ સં. ૧૬૦૧માં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.'

તેઓ સં. ૧૬૦૦ પછી મોટે ભાગે ગુજરાતમાં વિચર્યા, તેમાં પણ વધુ સમય બારેજામાં રહ્યા.

ગુજરાતના બાદશાહો, શાહજાદાઓ, રાજ્યના અમલદારો, ધનાઢ્યો અને જનતા સૌ કોઈ તેમનું સન્માન-બહુમાન કરતા હતા. આથી તેઓ શાતા-ગારવમાં ફસાયા અને ધીમે ધીમે ફરીવાર શિથિલાચારી બની ગયા.

તપાગચ્છના તે સમયના ગીતાર્થો અને સૌ મુનિવરોએ નવા ગચ્છનાયકની આ શિથિલતા જોઈને ભટ્ટા૦ વિજયદાનસૂરિને આગ્રહભરી વિનંતી કરી કે આપ વિજયરાજસૂરિના સ્થાને બીજા કોઈ ત્યાગી, સંયમી, વિદ્વાનને ગચ્છનાયક બનાવો.

ભટ્ટા૦ વિજયદાનસૂરિએ તેમની આ વાજબી વિનંતીને માન આપી સં. ૧૬૧૦માં સિરોહી નગરમાં ઉપા૦ હીરહર્ષગણિને આચાર્યપદવી આપી તેમનું

આ૦ વિજયહીરસૂરિ નામ રાખી તેમને પોતાની પાટે તપાગચ્છના ૫૮મા ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા.

તપાગચ્છના ૫૮મા ગચ્છનાયક (૧) આ૦ વિજયહીરસૂરિ અને (૨) આ૦ વિજયરાજસૂરિ – એ બંને વચ્ચે પ્રેમ-સદ્‌ભાવ વિશેષ હતો. આથી એ બંને એક બીજા સાથે મળીને જિનશાસનની પ્રભાવનાનું કામ કરતા હતા. એવામાં એક ક્લેશજનક પ્રસંગ બન્યો.

આ૦ વિજયરાજસૂરિ ભરૂઆ નગરમાં વિરાજમાન હતા ત્યારે તપાગચ્છની રુચિશાખાના એક ગીતાર્થે શ્રીમાલનગર (ભિન્નમાલ) વગેરે ક્ષેત્રોમાં ક્ષેત્રોપદેશની મર્યાદા તોડી ચાતુર્માસના ક્ષેત્રની અદલાબદલી કરી ગરબડ ઊભી કરી.

આથી ભટ્ટા૦ વિજયરાજસૂરિએ પોતાનો શિષ્યપરિવાર અને પોતાના ક્ષેત્રોને સ્વતંત્ર બનાવી રાખવાનો નિર્ધાર કર્યો; અને સં. ૧૬૧૩માં મોરબી નગરમાં પોતાના અલગ સ્વતંત્ર ગચ્છની સ્થાપના કરી.

(વીરવંશાવલી; વિવિધગચ્છ પટ્ટાવલી, પૃ. ૨૨૨)

તે પછી આ૦ વિજયરાજસૂરિ બીજા ગચ્છનાયક આ૦ વિજયહીરસૂરિ બનવાથી અને પોતાની એ પ્રકારની મહત્તા ઘટવાથી સં. ૧૬૧૩માં ગુરુદેવ ભટ્ટા૦ વિજયદાનસૂરિ પાસે ગયા.

ત્યાં તેમણે ઉમરેઠ અને બારેજાની ગાદી વગેરેનો પરિગ્રહ અને શિથિલતાદિનો ત્યાગ કરી, ગુરુદેવની પાસે પ્રાયશ્ચિત્ત સ્વીકારી શુદ્ધ જીવન બનાવ્યું. આથી ભટ્ટા૦ વિજયદાનસૂરિએ તેમને આચાર્યપદે કાયમ રાખ્યા પણ ગચ્છનાયક તરીકે તેમને સ્થાપન ન કર્યા.

જો કે સં. ૧૬૧૫થી આ૦ વિજયરાજસૂરિની ભટ્ટારક પરંપરા 'તપારત્નશાખા' તરીકે ચાલુ થઈ. આ તપારત્નશાખાના મૂળ પુરુષ તેઓશ્રી હતા.

(જુઓ પ્રક. ૧, પૃ. ૩૦-૩૧)

ભટ્ટા૦ વિજયરાજસૂરિ સં. ૧૬૨૪માં ઝીંઝુવાડામાં સ્વર્ગવાસ પામ્યા. તેમનાથી તપાગચ્છમાં તપારત્નશાખાની અનેક પરંપરા નીકળી, જેની વિગત આ પ્રમાણે છે.

તપારત્નશાખાની પહેલી પરંપરા

૫૮. ભટ્ટા૦ વિજયરાજસૂરિ.

૫૯. ભટ્ટા૦ વિજયરત્નસૂરિ – તેમનો સં. ૧૫૯૪માં જન્મ, સં. ૧૬૧૩માં દીક્ષા, સં. ૧૬૨૪માં ઝીંઝુવાડામાં આચાર્યપદ અને ગચ્છનાયકપદ તથા સં. ૧૬૭૫માં સ્વર્ગગમન થયું.

તેમણે સં. ૧૬૧૬માં લુંકામતને પરાસ્ત કર્યો. તેમજ સં. ૧૬૨૪માં શાહજાદા જહાંગીરને પ્રતિબોધ આપી શત્રુંજયનો મુક્તાઘાટ કરાવ્યો. (મો. દ. દેસાઈની રત્નશાખા પટ્ટાવલી; 'જૈનયુગ' વર્ષ ૩, અંક ૧૧-૧૨)

મેવાડનો ૬૦મો રાણો અમરસિંહ અને દાનવીર ભામાશાહ તેમના ભક્ત હતા. (પ્રક. ૪૪, પૃ. ૨૪-૨૫)

ભટ્ટા૦ વિજયરત્નસૂરિના સમયમાં ગચ્છભેદ થવાથી તેમના અનુયાયીઓએ વિજયને બદલે રત્નશાખા ચલાવી.

ભટ્ટા૦ વિજયરત્નસૂરિ અને પં૦ માણેકવિજયગણિ વગેરે સં. ૧૬૩૯માં ઉનામાં ચાતુર્માસ હતા. (–શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભાગ-૨, પ્રશ. નં. ૪૮૯)

૬૦. **ભટ્ટા૦ હીરરત્નસૂરિ** – તેમને સં. ૧૬૭૧માં આચાર્યપદવી અને સં. ૧૬૭૫માં ભટ્ટારકપદવી આપી ભટ્ટા૦ વિજયરત્નસૂરિએ પોતાની પાટે સ્થાપન કર્યા. તેમનો સં. ૧૭૧૫ શ્રાવણ સુદ ૧૪ના સ્વર્ગવાસ થયો.

તેઓ પ્રભાવક હતા. એટલે તેમનાથી તપારત્નશાખા ચાલી અને ઘણી શિષ્યપરંપરાઓ ચાલી હતી, તે આ પ્રમાણે છે :

[૧] ૬૧. ભટ્ટા૦ જયરત્નસૂરિ – તેઓ ભટ્ટા૦ હીરરત્નસૂરિના શિષ્ય હતા. તેમનો સં. ૧૬૬૬માં જન્મ, સં. ૧૬૯૯માં દીક્ષા, સં. ૧૭૧૫માં ભટ્ટારકપદ અને સં. ૧૭૩૪માં સ્વર્ગવાસ થયો.

૬૨. ભટ્ટા૦ ભાવરત્નસૂરિ (પ્રક. ૧, પૃ. ૩૧).

૬૩. ભટ્ટા૦ દાનરત્નસૂરિ – તેઓ ભટ્ટા૦ હીરરત્નસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા અને પં૦ તેજરત્નગણિના દીક્ષાશિષ્ય હતા. નામ મુનિ દાનવિજય પાડ્યું હતું. તેઓ વિદ્વાન અને કવિવર હતા. સં. ૧૭૧૬માં આસો વદ ૫ને દિવસે સાદડીમાં વિરાજમાન હતા. તેઓએ સં. ૧૭૨૫ના ચૈત્ર વદ ૫ના સુરતમાં મહો૦ વિનયવિજયગણિએ રચેલા **'પંચકારણ સ્તવન'**ની બે બે પાનાંની પાંચ નકલ લખાવી હતી.

તેઓએ સં. ૧૭૩૦માં 'પ્રતિક્રમણ ચતુષ્પદી' અને સં. ૧૭૬૧માં જંબૂસરમાં 'લલિતાંગરાસ' રચ્યો. સં. ૧૭૬૨માં સુરતમાં શેખ ફત્તેહમિયાંના મોટા પુત્ર બડેમિયાંને સંસ્કૃતનો અભ્યાસ કરવા માટે પદ્યમાં સંસ્કૃત વ્યાકરણ રચ્યું.* સં. ૧૭૭૦માં પોતાના શિષ્ય દર્શનવિજયને વાંચવા માટે 'કલ્પસૂત્ર'ની સંસ્કૃત ટીકા 'દાન-પ્રદીપિકા' બનાવી. તેમજ સં. ૧૭૭૧માં બીજા અષાઢ વદિ ૪ ને દિવસે આઈજ ગામમાં 'તપારત્ન પટ્ટાવલી' બનાવી.

★ આ પ્રતિ ઈડરમાં આત્મકમલસૂરિ શાસ્ત્રસંગ્રહ (પ્ર. નં. ૩૩૩)માં છે.

૬૪. ભટ્ટા૦ કીર્તિરત્નસૂરિ, ૬૫. ભટ્ટા૦ મુક્તિરત્નસૂરિ, ૬૬. ભટ્ટા૦ પુણ્યોદયરત્નસૂરિ, ૬૭. ભટ્ટા૦ અમૃતરત્નસૂરિ, ૬૮. ભટ્ટા૦ ચંદ્રોદયરત્નસૂરિ.

૬૯. ભટ્ટા૦ સુમતિરત્નસૂરિ – તેમના એક ભાઈ મુનિ ગંગવિજય હતા. તેઓ સં. ૧૭૭૨ શ્રાવણ સુદ ૪ના દિવસે વર્ધમાનપુર (વઢવાણ) હતા.

સં. ૧૭૮૦માં ભટ્ટા૦ સુમતિરત્નસૂરિ તથા પં૦ માણક્યરત્નગણિ વગેરે 'વજીરપુર'માં ચાતુર્માસ હતા, જ્યારે પં૦ હસ્તિરત્નગણિના શિષ્ય પં૦ અમરવિજયજીએ ખેડામાં ચાતુર્માસ કર્યું હતું. ખેડાના જૈન સંઘે ખેડામાં 'સુમતિરત્ન લાઈબ્રેરી' બનાવી છે, જે સારી રીતે ચાલ્યા કરે છે.

૭૦. ભટ્ટા૦ ભાગ્યરત્નસૂરિ – તેઓ તપારત્નશાખાના ભટ્ટારક હતા. તેમનો સ્વર્ગવાસ ખેડામાં થયો હતો.

(પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પુરવણી પૃ. ૨૪૯; પ્રક. ૧, પૃ. ૩૧)

[૨] ૬૦. ભટ્ટા૦ હીરરત્નસૂરિ. ૬૧. પં૦ ધનરત્નગણિ. ૬૨. પં૦ તેજરત્નગણિ. (જુઓ આગળ બીજી પંડિત પરંપરા)

[૩] ૬૦. ભટ્ટા૦ હીરરત્નસૂરિ. ૬૧. તેમના શિષ્યો નયરત્નગણિ, ભ્રાતા વિવેકરત્નગણિ. ૬૨. પં૦ લક્ષ્મીરત્નગણિ : તેમણે સં. ૧૬૭૬ આસો સુદ ૫ ના ઊંઝામાં પં૦ વિવેકરત્નગણિ માટે 'આઠ કર્મનો રાસ' રચ્યો.

[૪] ૬૧. ઋષિ રૂપચંદજી : તેઓ ભટ્ટા૦ હીરરત્નસૂરિના શિષ્ય હતા. તેમણે સં. ૧૭૩૮ માગસર સુદ ૧૧ ને રવિવારે વિજયમુહૂર્તમાં 'પાશાકેવલી–શકુનાવલી'ની પ્રતિ લખી.

નોંધ : તપારત્નશાખાની પરંપરાના ભટ્ટા૦ .....ના શિષ્ય પં૦ ઋદ્ધિરત્નગણિ અને પં૦ રૂપરત્નગણિના શિષ્ય પં૦ જિતેન્દ્રરત્નગણિ સં. ૧૮૭૭ ચૈત્ર વદ ૩ ના રોજ વિદ્યમાન હતા. તેમણે પં૦ દીપવિજયની પટ્ટાવલીમાં પોતાની સમ્મતિના હસ્તાક્ષર આપ્યા છે.

તપારત્નશાખાની બીજી પંડિત પરંપરા

૫૮. ભટ્ટા૦ વિજયરાજસૂરિ. ૫૯. ભટ્ટા૦ વિજયરત્નસૂરિ. ૬૦ ભટ્ટા. હીરરત્નસૂરિ.

૬૧. પં૦ ધનરત્નગણિ : તેમનાં બીજાં નામો પં૦ વિશાળવિજયગણિ અને પં૦ વિશાળરત્નગણિ મળે છે. સં. ૧૭૨૬.

૬૨. પં૦ તેજરત્નગણિ : તેઓ ભ૦ હીરરત્નસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા અને પં૦ ધનરત્નગણિના દીક્ષાશિષ્ય હતા. નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. તેઓ સં. ૧૭૭૩ આસો વદ ૮ના બારેજામાં અને સં. ૧૭૮૦માં અમદાવાદમાં વિરાજમાન હતા.

૬૩. **પં૦ દાનવિજયગણિ** – તેઓ તપારત્નશાખાની પહેલી પરંપરામાં ૬૩મા ભટ્ટા૦ દાનરત્નસૂરિ થયા. તેમનું નામ પં૦ દાનરત્નગણિ પણ મળે છે. તેમના પંન્યાસપદના શિષ્યોમાં પં૦ વૃદ્ધિવિજય અને મુનિ દર્શનવિજયનાં નામો ઇતિહાસમાં મળે છે.

તેમના પંન્યાસપદના શિષ્યો વિજયપદથી ઓળખાતા હતા. આથી એક અનુમાન એવું થાય છે કે, રત્નશાખાના મુનિઓમાં સાધારણ રીતે 'વિજય' શબ્દ રહેતો હોય અને ભટ્ટારકમાં 'રત્ન' શબ્દ જોડાતો હોય.

૬૪. પં૦ જ્ઞાનરત્નગણિ : તેઓ ભટ્ટા૦ દાનરત્નસૂરિના ઉપાધ્યાય હતા. સુરતના સંઘવી પ્રેમજી પારેખે સં. ૧૭૭૦માં સુરતથી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો, જેમાં પં૦ જ્ઞાનરત્નગણિ અને પં૦ (ઉપા૦) ઉદયરત્નગણિ આદિ ઠાણા સાત પણ સાથે હતા. (પૃ. ૩૯)

આ૦ વિજયહીરસૂરિના શિષ્ય મહો૦ સોમવિજયગણિની પરંપરાના ૬૨મા પં૦ લાલવિજયગણિ અને તેના શિષ્ય ૬૩મા પં૦ સૌભાગ્યવિજયગણિ થયા. તેમણે સં. ૧૭૪૭થી ૧૭૭૨ સુધી ભારતના પૂર્વ અને ઉત્તરપ્રદેશના વિવિધ જૈન તીર્થોની યાત્રા કરી, તેમાં પં૦ જ્ઞાનરત્નગણિ સાથે હતા.

૬૫. પં૦ ન્યાયરત્નગણિ – તેઓ તપાગચ્છના વિજયદેવસૂરિ સંઘના ૬૨મા ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આજ્ઞામાં હતા. તેમણે એમની આજ્ઞાથી સં. ૧૭૨૩માં 'સીવેરા (?)'માં ચાતુર્માસ કર્યું હતું. તેમના શિષ્ય ઉપા૦ હર્ષરત્નગણિ થયા.

(જુઓ પૃ. ૧૮, ક્રમ : ૬૫, ચોથી પરંપરા)

તપારત્નશાખાની ત્રીજી પરંપરા

(**નોંધ** : નૈષધ કાવ્ય પૃ. ૨૨૦ની પુષ્પિકામાં નીચે પ્રમાણે પરંપરા મળે છે.)

૫૮. ભટ્ટા૦ વિજયરાજસૂરિ.

૫૯. મહો૦ રામવિજયગણિ : તેઓ ભટ્ટા૦ વિજયરાજસૂરિના શિષ્ય હતા.

૬૦. **મહો૦ દેવવિજયગણિ** : તેઓ મહો૦ રામવિજયગણિના શિષ્ય હતા; પણ ભટ્ટા૦ વિજયરાજસૂરિના હસ્ત-દીક્ષિત શિષ્ય તથા એમના જ શિષ્ય લેખાતા હતા.

ગ્રંથપ્રશસ્તિઓ પરથી જાણવા મળે છે કે – ઉપા૦ રામવિજયગણિ, ઉપા૦ દેવવિજયગણિ વગેરે તપાગચ્છના ભટ્ટા૦ વિજયહીરસૂરિ, વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિની આજ્ઞા માનતા હતા. (પ્રશસ્તિસંગ્રહ, ભાગ-૨, પ્રશસ્તિ નં. ૪૯૯, ૫૦૦, ૫૫૭, ૬૨૬, ૬૯૪.)

ઉપા૦ દેવવિજયજીએ પંન્યાસપદ વખતે સાધ્વી સહજશ્રી માટે માળવાની

નુતાહિપુરીમાં સં. ૧૬૧૯ના આસો વદિ ૧૨ ને ગુરુવારે 'રાયપસેણીસુત્ત' લખાવ્યું.

ગ્રંથો – મહો૦ દેવવિજય ગણિવરે ઘણા ગ્રંથો રચ્યા છે. 'સજ્ઝાય' પણ રચી છે. જેમ કે –

(૧) ક.સ. આચાર્ય હેમચંદ્રસૂરિના 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત' પર્વ-૭ રામાયણના આધારે તેમણે 'ગદ્ય-રામાયણ' સર્ગ ૧૦ (ગ્રં. ૫૦૦૦) સં. ૧૬૫૨ના આસો વદ ૧૦ ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં મારવાડના શ્રીમાલનગરમાં રચ્યું છે.

તેની પ્રશસ્તિ આ પ્રકારે મળે છે :

"इति तपागच्छ. भट्टारक श्रीहीरविजयसूरिराज्ये आ० विजयसेनसूरि यौवराज्ये पं० देवविजयगणि विरचिते गद्यबन्धें श्रीरामचरित्रे रामनिर्वाणगमनो नाम दशमः सर्गः ।

श्रीवाचकाग्रेसर धर्मसागर क्रमाब्ज सृ ङ्गै बुधपअसागरैः एतत् चरित्रं स्वधिया सुशोधितं वर्यस्व वाच्यं भवतु श्रियां पदम् ॥"

(૨) પદ્મચરિત્ર (શ્લો. ૨૨૦૦). (૩) પાંડવચરિત્ર (શ્લો. ૯૫૦૦), વિ.સં. ૧૬૦૦. (૪) વીશલનગરમંડન ભ૦ આદિનાથનું સંસ્કૃત સ્તોત્ર (શ્લો. ૩૦).

પં૦ દેવવિજય ગણિવરો – આ નામના ઘણા વિદ્વાનો વિક્રમની ૧૭-૧૮મી સદીમાં થયા છે, તે આ પ્રમાણે :

૧. ઉપરોક્ત મહો૦ દેવવિજય ગણિવર.

૨. તપાગચ્છની પરંપરામાં અનુક્રમે (૫૭) ભટ્ટા૦ વિજયદાનસૂરિ, (૫૮) મહો૦ વિમલહર્ષગણિ, (૫૯) મહો૦ મુનિવિમલગણિ અને (૬૦) મહો૦ દેવવિજયગણિ (સં. ૧૬૨૦થી ૧૬૯૧).

તેઓ સં. ૧૬૭૩માં સિરોહીમાં ૫૧ શિષ્યો સાથે નવા વિજયાનંદસૂરિ ગચ્છમાં દાખલ થયા અને .....માં ભટ્ટા૦ વિજયતિલકસૂરિએ તેમને ઉપાધ્યાય બનાવ્યા.

૩. ભટ્ટા૦ વિજયદેવસૂરિસંઘના (૬૩) વિજયરત્નસૂરિ (પ્રક. ૫૫, પૃ. ૩૮૭)ના આજ્ઞાધારી પં૦ નીતિવિજયગણિના શિષ્ય પં૦ દેવવિજયગણિ થયા. તેમના વરદ્ હસ્તે ઘોઘા તીર્થમાં સં. ૧૭૮૧ કા. સુદ ૧૩ના દિવસે શ્રીસંઘે શેઠ મીઠા સુંદરજીની શેઠાઈમાં ભ૦ પાર્શ્વનાથના જિનપ્રાસાદના ભોંયરામાં ભ૦ સુવિધિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. (પ્રક. ૩૮, પૃ. ૩૨૭-૨૮)

આ પૂર્વે સને ૧૩૪૭માં મુસલમાનોએ (ઘોઘાની નજીક) પીરમબેટ ઉપર ગોહિલ મોખડાજીના રાજકાળે હલ્લો કર્યો ત્યારે ત્યાંના જૈનોએ બેટની જિન-

પ્રતિમાઓને સમુદ્રરસ્તે ઘોઘાબંદર પહોંચાડી દીધી હતી. આ જિનપ્રતિમાઓ ત્યારે ઘોઘામાં ભ૦ પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં છૂટી બેસાડી રાખી હતી. પાછળથી ઉક્ત ભ૦ સુવિધિનાથને તેમજ બીજી જિનપ્રતિમાઓને ભોંયરું સુધરાવી, તેની દીવાલમાં બે ગોખ કરાવી, તેમાં 'ભોંયરામાં દાખલ' કરી પધરાવી હતી.

૬૧. પં૦ ખીમાવિજયગણિ : તેઓ મહો૦ દેવવિજયગણિના શિષ્ય હતા.

૬૨. પં૦ તેજવિજયગણિ. ૬૩. પં૦ સૂરવિજયગણિ. ૬૪. પં૦ સુખવિજયગણિ. ૬૫. પં૦ સદાનંદવિજયગણિ. ૬૬. પં૦ રૂપવિજયગણિ. ૬૭. પં૦ પદ્મવિજયગણિ : તેઓ સં. ૧૮૬૯માં વિરાજમાન હતા. ૬૮. પં૦ ગુલાલવિજયગણિ – તેમણે પોતાના ચિરંજીવી મુનિ ભાગ્યવિજયને ભણવા માટે શાકે ૧૭૩૫ (વિ.સં. ૧૮૬૯)ના જેઠ સુદિ ૧૫ ને રવિવારે સૂર્યપુર (સુરત)માં 'નૈષધ કાવ્ય' લખ્યું.

તપારત્નશાખાની ચોથી પરંપરા

૫૮. ભટ્ટા૦ વિજયરાજસૂરિ. ૫૯. વિજયરત્નસૂરિ. ૬૦. હીરરત્નસૂરિ.

૬૧. ઉપા૦ લબ્ધિરત્નગણિ. ૬૨. ઉપા૦ મેઘરત્નગણિ.

૬૩. ઉપા૦ શિવરત્નગણિ – તેઓ ભટ્ટા૦ દાનરત્નસૂરિના ઉપાધ્યાય હતા.

૬૪. મહો૦ સિદ્ધિરત્નગણિ – તેઓ પણ ભટ્ટા૦ દાનરત્નસૂરિના ઉપાધ્યાય હતા.

૬૫. **ઉપા૦ હર્ષરત્નગણિ** અને મહો૦ ઉદયરત્નગણિ – •ખેડાના વતની શેઠ વર્ધમાન તથા તેની ભાર્યા માનબાઈના આ બંને પુત્રો હતા. ક્રમશઃ નામ હરખચંદ અને ઉત્તમચંદ હતાં.

હરખચંદને પં૦ જ્ઞાનરત્નગણિએ દીક્ષા આપી પોતાના પ્રશિષ્ય અને પં૦ ન્યાયરત્નગણિના શિષ્ય મુનિ હર્ષરત્ન બનાવ્યા. જ્યારે ઉત્તમચંદને ઉપા૦ શિવરત્નગણિએ દીક્ષા આપી મહો૦ સિદ્ધિરત્નગણિના શિષ્ય મુનિ ઉદયરત્ન બનાવ્યા (જેની વધુ વિગત જુઓ, પૃ. ૧૯, તપારત્નશાખાની પાંચમી પરંપરા).

મુનિ હર્ષરત્નનું બીજું નામ હંસરત્ન પણ મળે છે.

ઉપા૦ હર્ષરત્નગણિ મોટા ત્યાગી, તપસ્વી, શુદ્ધ સંયમી તેમજ ગીતાર્થ હતા. આથી ભટ્ટા૦ દાનરત્નસૂરિએ મહો૦ સિદ્ધિરત્નગણિના સ્વર્ગગમન પછી તેમને ઉપાધ્યાય બનાવ્યા હતા.

ગ્રંથો : પં૦ હર્ષરત્નગણિ વિદ્વાન અને મોટા ગ્રંથકાર હતા. તેમણે બનાવેલા ગ્રંથોની નોંધ આ પ્રમાણે મળે છે –

• **નોંધ :** ન્યાયવિજયજી મ. (ત્રિપુટી). ખેડાના વતની શેઠ હીરાલાલ, ભાર્યા : માણેકબેન. પુત્રો : રતિલાલ, ડાહ્યાલાલ, મણિલાલ. ડાહ્યાલાલને ચારિત્રવિજયજી મહારાજે દીક્ષા આપી દર્શનવિજયજી મ. (ત્રિપુટી)ના શિષ્ય મુનિ ન્યાયવિજય બનાવ્યા.

(१) सं. १७५५ना महा सुद ७ मंगळवारे 'जिनस्तवन चोवीशी'. (२) सं. १७८६ फागण वद ५ ने गुरुवारे ऊंझामां 'शिक्षादोहा (दोहाशतक)'. (३) सं. १७८६ (अथवा १७९६)માં નેમિરાસ, વસંતવિલાસ તથા વાસુપૂજ્યસ્વામી સ્તવન, શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન, શંખેશ્વર પાર્શ્વનાથ છંદ વગેરે રચ્યાં છે. (૪) વિદ્વાનો એમ પણ માને છે કે, તેમણે સં. ૧૭૮૨માં ગદ્ય સંસ્કૃતમાં 'શત્રુંજય માહાત્મ્ય' સર્ગ ૧૫ રચ્યું છે અને (૫) સં. ૧૭૯૮માં 'અધ્યાત્મ કલ્પદ્રુમ–બાલાવબોધ' રચ્યો છે. (નોંધ : અમને લાગે છે કે છેલ્લા બે ગ્રંથો તેમની જ પરંપરાના ૬૭મા ઉપા૦ માનરત્નગણિના શિષ્ય ૬૮મા પં૦ હંસરત્નગણિએ રચ્યા હોય.)

ઉપા૦ હર્ષરત્નગણિએ સં. ૧૭૯૭ના ચોમાસામાં મિયાગામમાં 'ભગવતી-સૂત્ર'નું વ્યાખ્યાન આપ્યું અને તેમનું સં. ૧૭૯૮ ચૈત્ર સુદિ ૧૦ના દિવસે મિયાગામમાં સ્વર્ગગમન થયું.

મિયાગામના જૈન સંઘે તેમના નિર્વાણ દિવસની પાખી દર વર્ષ પાળવાનું નક્કી કર્યું. તેમજ તેમના અગ્નિસંસ્કારના સ્થાને સમાધિસ્તૂપ બનાવ્યો, જે આજે પણ ત્યાં વિદ્યમાન છે. (–સુરતના શેઠ નગીનદાસ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ તરફથી પ્રકાશન 'જૈન સાહિત્યરત્નો' ભા.૧, પૃ. ૨૩૦)

૬૬. ઉપા૦ લક્ષ્મીરત્નગણિ : ઉપા૦ હર્ષરત્નગણિના શિષ્ય.

૬૭. ઉપા૦ માનરત્નગણિ – તેઓ ૬૨મા ભટ્ટા૦ ભાવરત્નસૂરિ (પૃ.૧૪)ના શિષ્ય હતા અને ૬૩મા દાનરત્નસૂરિના ઉપાધ્યાય હતા. તેમણે સં. ૧૭૫૧ના ચૈત્ર માસમાં સુરતમાં કડવામતના સંવરી આણંદે બનાવેલ 'અર્હન્નકરાસ'ની પાંચ પ્રતિઓ લખી. તેઓ સં. ૧૭૫૩માં વઢવાણમાં ચોમાસું કરી ત્યાંથી 'ભોઈકા' ગામ પધાર્યા. ત્યાં સં. ૧૭૫૪માં તેમણે 'રત્નસંચય' ગ્રંથ લખ્યો. તેઓ સં. ૧૭૫૮ સુધી વિદ્યમાન હતા.

૬૮. પં૦ હંસરત્નગણિ – તેઓ મોટા વિદ્વાન અને ગ્રંથકાર હતા. તેમણે સં. ૧૭૮૨ વૈશાખ સુદ ૩ના રાજદ્રંગ (અમદાવાદ)માં આ૦ ધનેશ્વરસૂરિના 'પદ્ય સંસ્કૃત સરળ શત્રુંજય માહાત્મ્ય'ના આધારે 'ગદ્ય સંસ્કૃતમાં સરળ શત્રુંજય માહાત્મ્ય (અધિકાર ૧૫, ગ્રં. ૮૫૫૦)' રચ્યું અને સં. ૧૭૯૮માં 'અધ્યાત્મ કલ્પદ્રુમનો બાલાવબોધ' રચ્યો.

तपारत्नशाखानी पांचमी वाचक परंपरा

૬૫. **મહો૦ ઉદયરત્નગણિ** – તેમના ગુરુ મહો૦ સિદ્ધિરત્નગણિએ ભણાવ્યા અને ક્રમશઃ તેમને પંન્યાસ, ઉપાધ્યાય અને મહોપાધ્યાય બનાવ્યા (જુઓ પૃ. ૧૮, તપાગચ્છની ચોથી પરંપરા).

મહો૦ ઉદયરત્નગણિ સિદ્ધ કવિ હતા. જૈન તેમજ જૈનેતરમાં પ્રસિદ્ધ હતા. તેઓ રંગીલા રતન તરીકે પણ સુપ્રસિદ્ધ હતા.

ચમત્કારો –

સં. ૧૭૫૦માં ખેડાના સંઘ સાથે શંખેશ્વરતીર્થની યાત્રાએ ગયા. તેમણે પહેલેથી જ પ્રતિજ્ઞા કરી હતી કે, શંખેશ્વરમાં ગયા પછી ભ૦ શંખેશ્વર પાર્શ્વનાથનાં પ્રત્યક્ષ દર્શન કર્યા બાદ જ અન્ન-જલ લેવાં.

શ્રીસંઘ ત્યાં પહોંચ્યો ત્યારે જિનાલયના દરવાજા 'માંગલિક' થઈ ગયા હતા. આથી પૂજારીએ દરવાજો ખોલવાની ના કહી. ઉપાધ્યાયજીએ ભક્તિભર્યું 'પાર્શ્વનાથનું પ્રભાતિયું' રચ્યું અને પ્રભુજીને જલદી દર્શન દેવા **આજ્ઞા કરી.**

એવામાં આકાશમાં વીજળીનો કડાકો થયો અને જિનાલયના દરવાજા એકાએક ઉઘડી ગયા. તેમણે તથા શ્રીસંઘે તરત જ ભ૦ શંખેશ્વર પાર્શ્વનાથનાં દર્શન કર્યાં. આ ચમત્કારી ઘટના બનવાથી મહો૦ ઉદયરત્નજીની ખૂબ પ્રશંસા થવા લાગી.

ખેડા પાસે મેશવો, વાત્રક અને ખારી એમ ત્રણ નદીઓનું સંગમસ્થાન છે. ઉપાધ્યાયજીએ તે સંગમસ્થાનમાં ચાર મહિના સુધી રહીને ધ્યાન ધર્યું. તેમના ધ્યાનના પ્રભાવથી એ સ્થાને ટાપુ બની ગયો. આથી લોકોમાં આ ચમત્કારની વાત ફેલાઈ ગઈ.

તેમના પ્રભાવથી ખેડાનાં જૈનેતર ભાવસારોનાં ૫૦૦ ઘર જૈન બની ગયાં.

સં. ૧૭૫૮માં તેઓ ઉનામાં ચાતુર્માસ હતા. ત્યાં તેમણે સં. ૧૭૫૯ના માગસર વદિ ૧૧ને દિવસે 'સ્થૂલિભદ્ર-નવરસ' કાવ્ય રચ્યું. તેમાં શૃંગારરસ હતો. મર્યાદિત હતો, છતાં ભટ્ટારક ગુરુને તે ઉચિત ન લાગવાથી તેમને બોલાવીને સમજાવ્યા કે –

''મહાનુભાવ ! આપણે ત્યાગી સાધુ છીએ, તેથી આપણે એવું બોલવું, લખવું કે કામ કરવું જોઈએ, જેથી બીજાને બોધદાયક બને. કોઈ મનુષ્ય આપણા વ્યાખ્યાનથી કે કાવ્ય સાંભળવાથી સ્વચ્છંદી બની ન જાય તેનું પૂરેપૂરું ધ્યાન રાખવું જોઈએ. આપણા કાર્યથી લોકોને સદાચાર અને નીતિનો માર્ગ મળે એવું કરવું જોઈએ. સરસ્વતીદેવી તારા ઉપર પ્રસન્ન થયાં છે, તો હવે ઉપરની વાત ધ્યાનમાં રાખી એવાં કાવ્યો બનાવ કે જેથી લોકોપકાર થાય.''

ઉપાધ્યાયજીએ ગુરુદેવની આજ્ઞાને શિરોધાર્ય માની પોતાની કાવ્ય-સ્ફૂરણાની દિશા બદલી નાખી અને ત્યારથી જ 'લોકોપકારક ઉત્તમ કાવ્યો' બનાવવાનો આરંભ કર્યો. તેમણે સં. ૧૭૬૩ના શ્રાવણ વદ ૩ને દિવસે ખંભાતમાં ખાસ કરીને 'બ્રહ્મચર્યની નવ વાડની સજ્ઝાઈ (ઢાળ-૧૦)' રચી.

સુરતના સં. પ્રેમજી પારેખે સં. ૧૭૭૦માં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો તેમાં (પં૦) ઉદયરત્નગણિ પણ સાથે હતા.

ત્યારે અને તે પછી પણ ઉપાધ્યાયજીએ પ્રસંગોપાત શત્રુંજયતીર્થનાં ઘણાં સ્તવનો રચ્યાં હતાં.

ગ્રંથો : મહો૦ ઉદયરત્નગણિએ વિક્રમની ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી ભાષામાં વિશાળ પદ્ય-સાહિત્ય રચ્યું છે. તેની વિગત આ પ્રમાણે છે :

સં. ૧૭૪૯ના બીજા ભાદરવા સુદ ૧૩ – હરિયાલા (ખેડા) ગામમાં 'શ્રી જંબૂસ્વામી રાસ' ઢાળ : ૬.

સં. ૧૭૫૫ના પોષ સુદ ૧૦–પાટણમાં 'અષ્ટપ્રકારી પૂજા'.

સં. ૧૭૫૯–ઉનામાં 'સ્થૂલિભદ્ર-નવરસરાસ' (પૃ. ૨૦).

સં. ૧૭૫૯ વૈશાખ વદ ૬–શંખેશ્વરમાં 'શંખેશ્વર પાર્શ્વનાથ સલોકો'.

સં. ૧૭૬૧ ફાગણ વદ ૧૧ શુક્રવાર–પાટણમાં 'રાજસિંહરાસ (નવકાર)'.

સં. ૧૭૬૩–ખંભાતમાં 'બ્રહ્મચર્યની નવવાડ સજ્ઝાય' (પૃ. ૨૦).

સં. ૧૭૬૫માં 'બાર વ્રતનો રાસ'.

સં. ૧૭૬૬ માગસર વદ ૮–હરિયાલા (ખેડા) ગામમાં 'મલયાસુંદરી રાસ' (વિનોદવિલાસ), ઢાળ : ૧૩.

સં.૧૭૬૭ પોષ સુદ ૫ ગુરુવાર–ઉનાવામાં 'યશોધર-રાસ' ઢા. ૮૧.

સં. ૧૭૬૭ આસો વદ ૬ રવિવાર–ઉનાવામાં 'લીલાવતી સુમતિ-વિલાસરાસ' ઢા. ૨૧.

સં. ૧૭૬૮ મા. સુદ ૧૦ રવિવાર–પાટણમાં 'ધર્મબુદ્ધિ-પાપબુદ્ધિ રાસ'.

સં. ૧૭૬૯ પોષ સુદ ૧૩ મંગળવાર–ઉનાવામાં 'ભુવનભાનુકેવલી રાસ' (રસલહરી), ઢાળ : ૯૭.

સં. ૧૭૬૯ શ્રાવણ સુદ ૭ મંગળવાર–ભટ્ટા૦ હીરરત્નસૂરિની આજ્ઞામાં થળ (ગામ)માં 'સુવિધિનાથ સ્તવન', કડી : ૩૦.

સં. ૧૭૭૦ માગસર સુદ ૧૩–આદરજ ગામમાં (૧) નેમિનાથ સલોકો, (૨) શાલિભદ્ર સલોકો અને (૩) ભરત-બાહુબલી સલોકો.

સં. ૧૭૭૦–પાલીતાણામાં 'સિદ્ધાચલમંડન ભ૦ ઋષભદેવ સ્તવન', ઢા.૧૦.

સં. ૧૭૭૦–ખેડામાં 'ભટ્ટા૦ ભાવરત્નસૂરિ પરંપરા-રાસ'.

સં. ૧૭૭૨ ભા. સુદ ૧૩ બુધવાર–અમદાવાદમાં (૧) સ્તવન ચોવીસી અને (૨) ઢંઢણમુનિ સજ્ઝાય.

સં. ૧૭૭૯ ભા. સુદ ૧૫–પાટણમાં 'ભાભા પાર્શ્વનાથ સ્તવન.'

સં. ૧૭૮૨–અમદાવાદમાં 'રાજા સૂર્યયશા(ભરતપુત્ર)નો રાસ.'

સં. ૧૭૮૨ મા. સુદ ૧૫ બુધવાર–અમદાવાદમાં 'વરદત્ત-ગુણમંજરી રાસ'.

સં. ૧૭૮૨ આસો સુદ ૧૫ બુધવાર–અમદાવાદમાં (૧) દામન્નક રાસ અને (૨) રાજા મહીપતિ મંત્રી મતિસાગર રાસ.

સં. ૧૭૮૫ ભા. વદ ૫ બુધવાર–ભાલેજમાં 'સુદર્શન શેઠનો રાસ'.

સં. ૧૭૯૦માં 'ગંધારમંડન મહાવીર સ્તવન'.

સં. ૧૭૯૫ જેઠ સુદ ૮–હરિયાળા (ખેડા)માં 'વિમલ મહેતાનો સલોકો'.

સં. ૧૭૯૫ શ્રા.સુદ ૧૫ સોમ–ઉનાવામાં 'નેમિનાથ-રાજીમતી બારમાસા'.

સં. ૧૭૯૯ ચૈત્ર સુદ ૯ ગુરુ–ઉમરેઠમાં 'હરિવંશરાસ' (રાસ રત્નાકર).

સં. ૧૭૯૯ ચૈત્ર સુદ ૧૦–મિયાગામમાં 'પં૦ હર્ષરત્નગણિ સજ્ઝાય' કડી ૯૨. (–શેઠ નગીનદાસ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ–સુરત તરફથી પ્રકાશિત 'શ્રી જૈન ગૂર્જર સાહિત્યરત્નો' ભા. ૧, પૃ. ૨૭૨થી ૨૮૬ તથા શ્રી દોલતસિંહ લોઢાકૃત 'પ્રાગ્વાટ ઇતિહાસ' ખંડ-૩, પૃ. ૩૫૦થી ૩૫૨)

નોંધ : આ ઉપરાંત તેમણે છૂટક રાસો, સ્તવનો, સજ્ઝાયો, પ્રભાતિયાં, છંદો તથા સ્તવન ચોવીશી, શત્રુંજયતીર્થનાં સ્તવનો, મૌન એકાદશી સજ્ઝાય એમ વિવિધ પ્રકારનું સાહિત્ય રચ્યું છે.

તેમણે સં. ૧૭૯૦માં ખંભાત અને જંબૂસર જૈન સંઘની સાથે યાત્રા કરી ત્યારે 'ગંધારમંડન મહાવીર સ્તવન' અને 'જગવલ્લભ સ્તવન' રચ્યાં.

તેમણે 'સ્તવન ચોવીશી' મોટે ભાગે તે યુગમાં ગવાતી ગરબીઓના રાગમાં બનાવી હતી.

તેમના રાસો, સ્તવનો, સજ્ઝાયો વગેરે સુંદર, બોધક, ભાવવાહી અને લોકપ્રિય છે. તેમની રચનામાં નવે રસો હૂબહૂ ઉપસેલા મળે છે. આથી તેમની રચનામાં વાસ્તવિકતા તરવરે છે અને લોકપ્રિયતા બની રહે છે. જેમકે –

''ભણશાલી કપૂરે ભલી પરે, સંઘની સાનીધ કીધી;
કાઠી લોકોને લાગે કરડો, સખર શાબાશી લીધી.''

(–સિદ્ધાચલમંડન ઋષભદેવ સ્તવન, ઢાળ : ૯)

ચાલ ચાલ રે કુંવર ચાલ, તારી ચાલ ગમે રે; તારી૦
તુજ દીઠડા વિના મીઠડા, મારા પ્રાણ ભમે રે. મારા૦ ચાલ. ૧

ખોળા માંહી પડતું મૂકે, રીસે દમે રે; રીસે૦
માવડી વિના આવડ ખુંદ્યું કોણ ખમે રે. ખુ૦ માવડી. ૨
(ભ૦ પાર્શ્વનાથનું સ્તવન)

આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જલનો જોગ જો નવી મળે, તો પાસેનું પરજાળે. કડવાં ફળ છે ક્રોધના.
(–ક્રોધની સજ્ઝાય)

સૂકાં લાકડાં સારીખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. ૫
(માનની સજ્ઝાય)

મુખ મીઠો જૂઠો મનેજી, કૂડ કપટનો રે કોટ;
જીભે તો જી જી કરે જી, ચિત્તમાં તાકે ચોટ રે. પ્રાણી૦ ૨
આપ ગરજે આઘો પડેજી, પણ ન ઘરે વિશ્વાસ;
મન શું રાખે આંતરોજી, એ માયાનો પાસ રે.
પ્રાણી મ કરીશ માયા લગાર. ૩ (માયાની સજ્ઝાય)

તે તો દામ તણા લોભે કરી, ઉપર મણિઘર થાયે મરી.
તમે૦ ૫ (લોભની સજ્ઝાય)

વહાલાં તે વહાલાં શું કરો, વહાલાં વોળાવી વળશે;
વહાલાં તે વનકેરા લાકડાં, તે તો સાથે જ બળશે.
(વૈરાગ્યની સજ્ઝાય)

એક ઊઠંતી આળસ મરડે, બીજી ઊંઘે બેઠી;
નદીઓમાંથી કોઈ નિસરતી, જઈ દરિયામાં પેઠી. આજ૦ ૧૦
(મૌન એકાદશીની સજ્ઝાય, કડી : ૧૨)

મહો૦ ઉદયરત્નગણિ પછીના ક્રમે ૬૬. ઉત્તમરત્નગણિ, ૬૭. ઉપા૦ જિનરત્નગણિ, ૬૮. ઉપા૦ ક્ષમારત્નગણિ.

૬૯. ઉપા૦ રાજરત્નગણિ – તપાગચ્છના પ૩મા ભટ્ટા૦ લક્ષ્મીસાગરસૂરિની વાચક પરંપરામાં ૬૧મા ઉપા૦ રાજરત્નગણિ (જુઓ, ક્રમ. પ૩, પૃ. ૨૩૨) થયા, તેમનાથી આ જુદા સમજવા. આ સં. ૧૬૯૩માં થયા. એમણે 'નવ તિથિઓ અને સાત વારની સજ્ઝાય' રચી છે.

૭૦. ઉપા૦ અનોપચંદ્રગણિ. ૭૧. ઉપા૦ તેજરત્નગણિ.

૭૨. ઉપા૦ ગુણરત્નગણિ – તેઓ શાંત, મળતાવડા, ખુશમિજાજી, પરગજુ, વૈદ્યકના નિષ્ણાત અને જૈનધર્મના અત્યંત રાગી હતા. સાધુ-સાધ્વીઓ પ્રત્યે પૂજ્યબુદ્ધિ ધરાવતા હતા. તેમનું ખાળેલા (?)માં સ્વર્ગગમન થયું.

ભટ્ટા૦ વિજયદાનસૂરિની શિષ્યપરંપરા-પરિવાર

(નોંધ : ભટ્ટા૦ વિજયદાનસૂરિના એક પટ્ટધર આ૦ વિજયરાજસૂરિની વિગત આગળ 'તપારત્નશાખા'માં પૃ. ૧૧થી ૨૩માં આપી છે, જ્યારે બીજા પટ્ટધર આ૦ વિજયહીરસૂરિની વિગત હવે પછી પ્રક. ૫૮માં આવશે.)

ભટ્ટા૦ વિજયદાનસૂરિએ આપેલ અન્ય શિષ્યપરિવાર આ પ્રમાણે મળે છે :

(૧) ૫૭. ભટ્ટા૦ વિજયદાનસૂરિ.

૫૮. ઉપા૦ શ્રીકરણગણિ – તેમનું બીજું નામ મહો૦ કરણકુશલગણિ પણ મળે છે. તેમણે 'સમય ગોયમ મ કર પ્રમાદ'વાળી ગૌતમસ્વામીની સજ્ઝાય રચી છે, જે લોકપ્રિય છે. (પ્રક. ૫૫, પૃ. ૩૯૪.) તેઓ સંવેગી, ત્યાગી અને વિદ્વાન હતા.

૫૯. ઋષિ જગમાલ – તે પ્રથમ ઉગ્ર સ્વભાવી હતા. તેણે સં. ૧૬૩૦માં પેટલાદના હાકેમને ખોટી રીતે સમજાવી પોતાની 'ગ્રંથપોથી' લેવા બોરસદમાં વિરાજમાન આ૦ વિજયહીરસૂરિને કષ્ટમાં નાખ્યા હતા. પણ, તે પછી તેણે માફી માગી આ૦ વિજયહીરસૂરિની આજ્ઞામાં ભળી ગયા.

(શ્રી તપાગચ્છ પટ્ટાવલી, પૃ. ૨૨૬)

ઊંઝાના વૃદ્ધો કહે છે કે, ''આ૦ વિજયહીરસૂરિ સં. ૧૬૩૯માં ફત્તેપુરસિક્રીમાં બાદશાહ અકબરને મળ્યા હતા, ત્યારે ઋષિ જગમાલ હારીજ થઈ તેમની સાથે જોડાઈને ફત્તેપુરસિક્રી ગયા હતા. તેઓ ચમત્કારી હતા. તેમની ગાદી ઊંઝા અને હારીજમાં હતી.''

(૫૯) પં૦ તેજમાલજી – તેઓ પણ ઉપા૦ શ્રીકરણના શિષ્ય હતા. તેમણે જિનપ્રતિમા–પાઠ ગર્ભિત 'પાર્શ્વનાથ સ્તવન' રચ્યું છે.

(પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨, પુરવણી પૃ. ૧૫૧)

(૨) ૫૭. આ૦ વિજયદાનસૂરિ.

૫૮. શ્રી વાસણ – તેમણે સં. ૧૭૯૭ (કે ૧૫૯૭)માં 'આણંદવિમલસૂરિ રાસ' રચ્યો છે.

(૩) ૫૭. આ૦ વિજયદાનસૂરિ.

૫૮. પં૦ જયહર્ષગણિ. ૫૯. મુનિ પદ્મવિજય.

(૪) ૫૭. આ૦ વિજયદાનસૂરિ.

૫૮. પં૦ વેલામુનિ – તેમનું બીજું નામ 'મનસત્ય' હતું. તે સં. ૧૬૨૨માં વિદ્યમાન હતા. (જુઓ, જૈન ગૂર્જર કવિઓ, ભા. ૧, પૃ. ૨૨૫, કૃતિ : નવતત્ત્વ જોડિ.)

(૫) ૫૭. આ૦ વિજયદાનસૂરિ.

૫૮. પં૦ સાંગાગણિ. ૫૯. પં૦ હમીરગણિ.

૬૦. મુનિ માણેકવિજય – સં. ૧૬૫૩.

શીલોપદેશમાલા

તપાગચ્છના ૫૦મા પટ્ટધર આ૦ મુનિસુંદરસૂરિના શિષ્ય આ૦ જયચંદ્રસૂરિની શિષ્યપરંપરામાં ક્રમે ૫૪મા પં૦ શુભવર્ધનગણિ (પ્રક. ૫૦, પૃ. ૧૫૮), ૫૫મા પં૦ ઉદયવર્ધનગણિ થયા. તેમણે 'શીલોપદેશમાલા' લખી. જુઓ તેની પુષ્પિકા–

''संवत् १६०९ वर्षे वैशाख बुधवारे श्री गूर्जरसत्कमहीशानकनगरतटलिखितं । प्रारभ्य श्री अणहिलवाटकाह्वयश्रीपतनगच्छा० श्री श्री विश्वलनगरे प्रत्याबृत्त्य मारवाडा नांदोत्रादि–मालवणादि–नांदिया–वीरवाडादि–शैवरो–मालणसू–नाणादिषु मुश्चा (भ्रान्त्वा) लहिडाग्रामस्ताने श्रीबालीसाजि श्रीतेजमालाख्य भूपतौ विजयराज्ये तपागच्छाधिराज श्रीविजयदानसूरि शिरोमणौ तत्रावसरे नारदीपुरीनगरे पादावधारिते आधारमहास्थाने चतुर्मासीकृत्य पण्डितश्रीउदयवर्धन–शिष्य पं० सौभाग्यवर्धनगणिमिरलिखि फागण सुद ३ तः प्रारभ्य वैशाख वदि ७ दिने सम्पूर्ण एतावन्तं विहारं कुर्वाणैः १०७ गव्यूतप्रमाणः श्रेयोऽस्तु श्रीसंघाय ।'' (શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા.૨, પ્રશ. નં. ૪૦૩.)

ભાવાર્થ : ''તેમણે સં. ૧૬૦૮ના ફાગણ સુદ ૩ મહેસાણાથી વિહાર કરી પાટણ, વીસનગર, મગરવાડા, નાંદોત્રા વગેરે તથા માલવણ આદિ તથા સિરોહી નાંદિયા તીર્થ, વીરવાડા આદિ તથા સીવેરા, માલસુ, નાણા, મુચ્ચા, લહિડા, રાજા તેજપાલનું બાલી પરગણું થઈ નાડોલ, નાડલાઈમાં ભટ્ટા૦ વિજયદાનસૂરિને વંદન કરી ૧૦૭ ગાઉનો વિહાર કરી આહડ (ઉદયપુર પાસે) મહાનગર જઈ ત્યાં સં. ૧૬૦૮નું ચાતુર્માસ કર્યું. પછી વિહાર કરી સં. ૧૬૦૯ના વૈશાખ વદ ૭ના રોજ મહેસાણા આવી સ્થિરતા કરી.''

તેમણે આ રીતે સં. ૧૬૦૮ (અને ૧૬૦૯)ના વિહારમાં (જવા-આવવામાં) 'શીલોપદેશમાલા' લખી.

૫૭મા આ૦ વિજયદાનસૂરિની પરંપરાના .....માં આ૦ વિજયાનંદસૂરિના પરિવારમાં ક્રમે ૬૬મા આ૦ વિજયસૌભાગ્યસૂરિના શિષ્ય ૬૭મા આ૦ વિજયલક્ષ્મીસૂરિએ વિ. સં. ૧૯૨૭ના ..... મહિનાની સુદિ ૮ના દિવસે શ્રી ઋષભ, શ્રી અજિત, શ્રી સંભવ, શ્રી અભિનંદન, શ્રી સુમતિ, શ્રી મુનિસુવ્રત, શ્રી નમિ, શ્રી નેમિ, શ્રી પાર્શ્વ (આદિ) ૧૦ તીર્થંકરોનાં ૧૧ કલ્યાણકોના દિવસે એટલે ૩૦ ચોવીશીના કલ્યાણક દિવસે જ્ઞાન-દર્શન-ચારિત્ર સંવાદ ગર્ભિત 'વીરજિનેન્દ્ર સ્તવન' (ઢાળ : ૮) રચ્યું.

તે તેના કળશમાં લખે છે કે –

એમ વીર જિનવર પ્રમુખ કેરા, અઢી લાખ ઉદાર એ,
જિનબિંબ સ્થાપી સુજસ લીધો, દાનસૂરિ સુખકાર એ;
તસ પાટપરંપરા તપાગચ્છે, સૌભાગ્યસૂરિ ગણધાર એ,
તાસ શિષ્ય લક્ષ્મીસૂરિ પભણે, સંઘનો જય જયકાર એ. ૧

સમકાલીન ગ્રંથકારો –

સોળમી અને સત્તરમી સદીના ગ્રંથકારોની કેટલી યાદી અર્થાત્ નામાવલી :

(૧) નાગેન્દ્રગચ્છના આ૦ ગુણસાગરસૂરિની પાટે સં. ૧૫૧૨માં આ૦ ગુણભદ્ર (ગુણસમુદ્ર)સૂરિ થયા. (પ્રક. ૩૫, પૃ. ૭)

(૨) બ્રહ્માણગચ્છના ભટ્ટા૦ ગુણસાગરસૂરિ અને પં૦ નયકુંજરગણિ સં. ૧૬૧૦ ફાગણ વદ ૫ ને શુક્રવારે 'મોહન' ગામમાં હતા.
(શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પ્રશ. નં. ૪૦૮)

(૩) પિપ્પલકગચ્છના આ૦ ધર્મસાગરસૂરિ રાજમાન્ય હતા. તેમની પાટે આ૦ ધર્મવલ્લભસૂરિ થયા. (પ્રક. ૩૭, પૃ. ૨૧૧)

(૪) પુનમિયાગચ્છના ૪૬મા આ૦ મુનિચંદ્રસૂરિની પાટે સં. ૧૫૯૮માં આ૦ વિજયચંદ્રસૂરિ થયા. (પ્રક. ૪૦, પૃ. ૩૯૭)

(૫) ખરતરગચ્છના ૫૫મા આ૦ જિનમાણિક્યસૂરિના પરિવારના ઉપા૦ સાધુરંગગણિએ સં. ૧૫૯૯માં 'સુયગડાંગસૂત્ત-દીપિકા' (ગ્રં. ૧૩૪૧૬) રચી તથા ઉપા૦ રત્નાકરગણિએ સં. ૧૬૧૦ના શ્રાવણ વદમાં 'જીવવિચાર'ની પ્રાકૃતવૃત્તિના આધારે સંસ્કૃત ટીકા રચી. (પ્રક. ૪૦, પૃ. ૩૭૯-૩૮૦)

(૬) ખરતરગચ્છના ૫૬મા આ૦ જિનચંદ્રસૂરિ અને તેમના શિષ્યો ઉપા૦ કનકતિલક (પં૦ તિલક)ગણિ અને મહો૦ સમયસુંદરગણિ વગેરેએ સત્તરમી સદીમાં ક્રિયોદ્ધાર કર્યો. (પ્રક. ૪૦, પૃ. ૩૮૦થી ૩૮૨)

(૭) અંચલગચ્છના ૫૭મા આ૦ ધર્મમૂર્તિસૂરિએ આ૦ મેરુતુંગસૂરિ કૃત 'અંચલગચ્છની પટ્ટાવલી'માં વધારાનો ઇતિહાસ જોડી સં. ૧૬૧૭માં 'અનુપૂર્તિ' કરી. (પ્રક. ૪૦, પૃ. ૪૧૯)

(૮) આગમિકગચ્છના આ૦ વિવેકરત્નસૂરિના ઉપદેશથી સં. ૧૫૭૧માં વ્ય૦ પરબત અને વ્ય૦ કાન્હાએ જૈન સિદ્ધાંત-ગ્રંથો લખાવ્યા. (પ્રક. ૪૦, પૃ. ૪૨૮)

(૯) આગમિકગચ્છની લઘુશાખાના આ૦ ધર્મરત્નસૂરિના શિષ્ય પં૦ જયસુંદરગણિએ ગ્રંથો લખાવ્યા. (પ્રક. ૪૦, પૃ. ૪૨૮)

(૧૦) પાયચંદગચ્છના આ૦ પાર્શ્વચંદ્રસૂરિએ ઘણા ગ્રંથો રચ્યા છે. સં. ૧૬૧૨માં જોધપુરમાં તેઓ સ્વર્ગસ્થ પામ્યા. (પ્રક. ૪૧, પૃ. ૪૬૬)

આ૦ શ્રી કંઠસૂરિ અને 'હિતોપદેશ' ગ્રંથ

વડોદરાના વૈદ્ય દુર્ગાશંકર અંબાશંકર દલસુખરામે પ્રકાશિત કરેલ જૈન પંડિતવર્ય શ્રી કંઠસૂરિ વિરચિત મૂળ વૈદ્યકનો ગ્રંથ 'હિતોપદેશ' નામે સંસ્કૃત પદ્યોમાં રચ્યો છે.

તેનું વૈદ્યરાજ છોટાલાલ નરભેરામે ગુજરાતી ભાષાંતર સં. ૧૮૮૪ (ઈ.સ. ૧૮૨૭)માં વડોદરાના લક્ષ્મીવિલાસ પ્રેસ તથા નૂતનવિલાસ પ્રેસમાં છપાવી પ્રકાશિત કર્યું છે. પ્રકાશક તેની પ્રસ્તાવનામાં લખે છે –

''આ વિદ્યાના સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથો છે. પણ તે સર્વ કોઈને સમજવા સુલભ નથી. વળી, તેમાં બતાવેલ ઉપચારમાંથી પણ ઘણા ઉપચારો એવા છે કે વૈદ્યની મદદ વિના રોગી તેનો ઉપયોગ કરી શકે નહીં. એવા હેતુથી અમે શ્રી કંઠસૂરિ જૈન વિદ્વાન્ વૈદ્યના રચેલા આ 'હિતોપદેશ' નામે ગ્રંથનું ભાષાંતર કરાવી પ્રગટ કર્યો છે.

જૈન પંડિતોએ વૈદ્યક, જ્યોતિષ વગેરે વિષયોમાં અનેક ગ્રંથો રચેલા છે, પણ પઠન-પાઠનના અભાવે તે ગ્રંથોમાંથી ઘણા દુર્મિલ (દુર્લભ) થયા છે.

અમારા પિતામહ શ્રી દલસુખરામ વૈદ્ય, જેઓ તે સમયે વડોદરામાં પ્રખ્યાત વિદ્વાન હતા અને જેમનો શ્રીમંત મહારાજા ખંડેરાવ ગાયકવાડ સરકાર તરફથી સારો સત્કાર થતો હતો.

તેમની પાસે કેટલાક જૈન પંડિતો વૈદ્યકવિદ્યાનો અભ્યાસ કરતા હતા. તેમના પુસ્તકસંગ્રહમાંથી આ ગ્રંથ મને ઉપલબ્ધ થયો. અને તે કેટલાક વિદ્વાન વૈદ્યોને બતાવતાં ઘણો ઉપયુક્ત છે એવો તેમણે અભિપ્રાય આપ્યો. મારા કેટલાક વિદ્વાન મિત્રોએ તે છપાવી પ્રસિદ્ધ કરવા મને આગ્રહ કર્યો.

આ ઉપરથી વાગ્ભટ્ટ તથા હારીતસંહિતા વગેરે વૈદ્યકના મોટા ગ્રંથોના પ્રસિદ્ધ ભાષાંતરકાર રા. છોટાલાલ નરભેરામને આ ગ્રંથની અસલ પ્રત આપી, તેનું ગુજરાતી ભાષાંતર કરવા વિનંતી કરી, જે તેમણે સ્વીકારી અને આ ગ્રંથ હું આજ તેના ગ્રાહકોના હાથમાં આપવાને શક્તિમાન થયો.

આ ગ્રંથમાં બધા મળીને દશ સમુદ્દેશ છે. જ્વર વગેરે અને કેટલાક રોગોનાં સંક્ષિપ્ત લક્ષણો તથા વિસ્તારથી પ્રતિકાર છે. તેમાંના બહુધા બધા જ ઉપાયો અનુભવસિદ્ધ હોય એમ લાગે છે; કેમકે આમાંના કેટલાક ઉપાયો અમે રોગીઓ ઉપર અજમાવી જોયા તો રામબાણ નીવડ્યા છે. કેટલાક સામાન્ય વાળો, રાંઝણ વગેરે રોગોના ઉપાયો, જે વૈદ્યકના મોટા ગ્રંથમાંથી મળી આવતા નથી તે પણ આમાં બતાવેલા છે.

વિશેષ ખૂબી એમાં એ છે કે, રોગોના ઉપાય સહજ બની શકે એવા જ એમાં બતાવેલા છે, જેથી હરકોઈ માણસ હરકોઈ સ્થળમાં જોઈતાં ઔષધ મેળવી રોગનો પ્રતિકાર કરી શકે. તથાપિ અમારી સલાહ એવી છે કે, બનતા સુધી વૈદ્યની સલાહ લઈ ઉપાય કરવા એ જ ઠીક છે.

લખેલી અસલ સંસ્કૃત પ્રત ઘણી જૂની તથા અશુદ્ધ લખાયેલી હોવાને લીધે ભાષાંતર કરતાં મુદત બહુ વીતી છે. તે બાબત અમે અમારા અગાઉથી થયેલા ગ્રાહકોની ક્ષમા યાચીએ છીએ.''

આ પ્રકાશિત ગ્રંથ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના ગ્રંથાલયમાં નં. ૧૮૮, નં. ૧૬૩માં છે.

ગ્રંથનું નામ છે : 'વૈદ્યકસાર સંગ્રહ હિતોપદેશ.' કર્તાનું નામ છે આ૦ શ્રી કંઠસૂરિ. આ ગ્રંથમાં ૧૦ સમુદ્દેશ છે. અનુષ્ટુપ વગેરે વિવિધ વૃત્તોમાં શ્લોક ૯૭૫ છે અને ગ્રં. ૧૦૦૦ છે.

ગ્રંથકાર પોતાનો પરિચય નીચે પ્રમાણેના શબ્દોમાં આપે છે –

नत्वा मुनीनामृषमं दयालुं तीर्थङ्करं श्रीवृषभं गुणाढ्यम् ।
हिताय रुग्मिः परिपीडितानां हितोपदेशं कथयामि किञ्चित् ॥ १
रोगाकान्त शरीरस्य स्थानान्येषां निरीक्षयेत् ।
नाडीं मूत्रं मलं जिहवां शब्दः स्पर्शः स्वरूपकम् ॥ २

(–સમુદ્દેશ ૧, પૃ. ૧)

इति श्रीपरम जैनाचार्य श्रीकण्ठविरचिते बैद्यक सारसंग्रहे
हितोपदेशनाम्नि नाडी-नेत्र-मुख-जिहवा परीक्षाः प्रथमः समुद्देशः ॥

(–સમુદ્દેશ ૧, પૃ. ૩૧)

एनांसि रोगा वपुषस्तमांसि यद्दर्शनाद् दूरत एव यान्ति ।
वन्दे तमेकं जगतामधीशं तेजोमयं सूरमदूरविश्वम् ॥

(–સમુ. ૯, શ્લો. ૧, પૃ. ૧૫૮)

माहिषं नवनीतं सिन्दूरं मरिचान्वितम् ।
पामां हन्ति प्रलेपेन पापं वीरो यथा स्मृतः ॥

(–સમુ. ૯, શ્લો. ૪૯, પૃ. ૧૬૬)

इति परमजैनाचार्य–श्रीउमास्वातिवाचक शिष्य श्रीकण्ठ विरचिते हितोपदेशनाम्नि कुष्ठ–पामा–सिध्म–वातरोग प्रतिकारो नवमः समुद्देशः ॥

(–સમુ. ૯, પૃ. ૧૭૫)

ग्रंथसमाप्ति –

मुक्ताफलैरिव घनैः शुचिभिः सुवृत्तै-
रापूरिता विमलकाव्यगुणैश्च युक्ता ।
श्री कण्ठपण्डितकृतिर्बुधकण्ठधराऽस्तु
मुक्तावलीयतु सतां रुचिरा चिराय ॥ २२

इति परमजैनाचार्य श्रीकण्ठविरचिते उमास्वातिशिष्य शोधिते हितोपदेशनाम्नि बाल–स्त्रीरोग–शस्त्रघात–नाडीविसर्प–कण्डू–दश्रू–रक्त–पित्ता–पीमार–पाण्डुरोगवह्निना दीपनवह्नि–दग्ध–श्वेत–पित्त–सर्पविष–कन्दविष–वृश्चिकविषप्रतीकारनामा दशमः समुद्देशः ।

(–समुद्देश १०, पृ. १९६)

આમાં આ० श्रीકંઠનું નામ મળે છે. તેમને ઉમાસ્વાતિ વાચકના શિષ્ય અને સમકાલીન બતાવ્યા છે એ વિચારણીય છે. કેમકે વા० ઉમાસ્વાતિના શિષ્યો બાબત તેમજ શ્રી કંઠસૂરિ બાબત આ ગ્રંથ સિવાયનો બીજો કોઈ વ્યવસ્થિત આધાર મળતો નથી.

આમાં જે સમુદ્દેશ શબ્દ વપરાયો છે તે જૈન પરિભાષાનો શબ્દ છે અને ભ० ऋषભદેવ તથા ભ० મહાવીરસ્વામીને વંદન કર્યું છે, તે ગ્રંથકાર જૈન હોવાનું પુરવાર કરે છે. સૂર્યને નમસ્કાર કરવાનું બતાવ્યું છે તે વ્યવહારસમ્મત વસ્તુ છે. ઉમાસ્વાતિને વાચક બતાવ્યા છે તેથી ગ્રંથકાર શ્વેતાંબર હોવાનો સંભવ છે.

પ્રકાશકે આ ગ્રંથની ઉપલબ્ધ પ્રતિને જૂની અને અશુદ્ધ બતાવી છે, તો સંભવ છે કે જૈન યતિઓના હાથે લખાતી પડિમાત્રા કે મરોડદાર લિપિમાં તે લખાઈ હોય. આવી લિપિમાં ઠ, ण्ण અને क्क ને ઓળખવામાં ઘણી મુશ્કેલી પડે છે.

અમને તો એમ લાગે છે કે આ ગ્રંથકારનું મૂળ નામ (૧) શ્રી કંઠસૂરિ કે (૨) શ્રી કૃષ્ણસૂરિ અથવા (૩) શ્રી કક્કસૂરિ હોય.

આ વિષયના ગ્રંથો મોટે ભાગે વિક્રમની તેરમી સદી પછી બન્યા છે તો આ ગ્રંથકાર પણ વિક્રમની બારમી–તેરમી સદી પછી થયા હોય અને જો તે વાત સાચી હોય તો –

(૧) શ્રી કંઠસૂરિ – છેલ્લી સદીઓમાં આ નામના હોવાનો આ રીતે ઉલ્લેખ મળતો નથી.

(૨) આ० કૃષ્ણસૂરિ – કૃષ્ણર્ષિગચ્છ વગેરેમાં આ નામના ઘણા આચાર્યો થયા છે. (પ્રક. ૩૨, પૃ. ૪૨૯-૪૩૦)

(૩) આ૦ કક્કસૂરિ – ઉપકેશગચ્છની કોરંટ શાખામાં તેમજ દ્વિવંદનીક શાખામાં આ નામના ઘણા આચાર્યો થયા હતા. (પ્રક.૧, પૃ. ૧૭થી ૩૦-૩૧)

તેમના છેલ્લા ભટ્ટા૦ દેવગુપ્તસૂરિ અને ભટ્ટા૦ કક્કસૂરિ વિક્રમની સોળમી સદીમાં થયા હતા. જે વિદ્વાન, કળામાં સમર્થ અને યંત્ર-કલામાં નિષ્ણાત તથા બાદશાહોના પણ માનીતા હતા.

ભટ્ટા૦ કક્કસૂરિનું બીજું નામ ભટ્ટા૦ રાજવલ્લભસૂરિ તથા ભટ્ટા૦ વિજયરાજસૂરિ પણ મળે છે.

(પ્રક. ૧, પૃ. ૩૧ અને પ્રક. ૫૭, પૃ. ૧૧ થી ૧૩)

સાધ્વીસંઘ –

આ સમયે અને તે પછીના સમયની ગ્રંથપ્રશસ્તિઓ–પુષ્પિકાઓમાં સાધ્વીઓનાં ઘણાં નામો મળે છે, તે આ પ્રમાણે –

૧. ભટ્ટા૦ વિજયદાનસૂરિના પટ્ટધર ભટ્ટા૦ વિજયરાજસૂરિના શિષ્ય પં૦ દેવવિજયગણિએ સાધ્વી સહજશ્રી માટે નુતાહિપુરી (માલવા)માં સં. ૧૬૧૯ના આસો વદ ૧૨ ને ગુરુવારે 'રાયપસેણી સૂત્ર' લખાવ્યું.•

૨. આગમિકગચ્છની લઘુશાખાના આ૦ ધર્મરત્નસૂરિના શિષ્ય પં૦ જયસુંદરગણિએ પ્રવર્તિની સાધ્વી હેમશ્રીની શિષ્યા સાધ્વી મહિમાશ્રી માટે સં. ૧૬૪૦ આસો સુદ ૩ના રોજ ગ્રંથ લખાવ્યો. (પ્રક. ૪૦, પૃ. ૪૨૮)

૩. અંચલગચ્છના ૫૭મા ભટ્ટા૦ ધર્મમૂર્તિસૂરિના પ્રશિષ્ય અને મહો૦ પુણ્યલક્ષ્મીગણિના શિષ્ય ઉપા૦ ભાનુલબ્ધિગણિના આજ્ઞાવર્તિની સાધ્વી ચંદ્રલક્ષ્મીશ્રીની સાધ્વી પ્રતાપશ્રીએ ધારી (બહેન)ને ભણાવવા માટે 'જ્ઞાનપંચમી કથા' લખાવી. (શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા.૨, પ્રશ. નં. ૪૩૭)

૪. તપાગચ્છના ૬૦મા આ૦ વિજયદેવસૂરિના મહો૦ લાવણ્યવિજયગણિના શિષ્ય શ્રી નિત્યવિજયગણિએ સાધ્વી ..... માટે સં. ૧૭૨૭ના દ્વિ. વૈશાખ વદ ૨ ને ભોમવારે સિરોહીમાં 'નવસ્મરણનો ટબો' લખાવ્યો.

(શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા.૨, પ્રશ. નં. ૮૯૬)

૫. પં૦ ભોજવિમલગણિના શિષ્ય પં૦ મેઘવિમલગણિએ સં. ૧૭૯૬ના વૈશાખ સુદ ૫ ને બુધવારે સુરતમાં પશાગરીજી લક્ષ્મીશ્રી (સાધ્વી)ને માટે 'દંડક પ્રકરણનો ટબો' લખ્યો.

(–'શ્રી સૂર્યપુરનો સુવર્ણયુગ', પ્રસ્તાવના પૃ. ૮૨)

• આ૦ વિજયદાનસૂરિના બહેને સં. ૧૬૫૧માં દીક્ષા લીધી હતી, જેમનું નામ પણ સાધ્વી સહજશ્રી હતું.

પ્રભાવક જૈનો તથા જૈનધર્મ-પ્રેમીઓ

દોશી કર્માશાહ –

તેણે સં. ૧૫૮૭ વૈશાખ વદ ૬ ના રોજ શત્રુંજયતીર્થનો ૧૬મો મોટો ઉદ્ધાર કરાવ્યો. (વિગતે જુઓ, પ્રક. ૩૫, પૃ. ૧૫૭થી ૧૬૦)

બાદશાહ બહાદુરશાહ –

તે ગુજરાતનો ૧૦મો બાદશાહ હતો. દ્વિવંદનીકશાખાના ભટ્ટા૦ દેવગુપ્તસૂરિ અને તપારત્નશાખાના આદ્ય ભટ્ટા૦ વિજયરાજસૂરિનો ભક્ત હતો. તેણે દોશી કર્માશાહને શત્રુંજય તીર્થોદ્ધારનું ફરમાન કાઢી આપ્યું હતું. (પ્રક. ૪૪, પૃ. ૫૩)

મંત્રી ગલરાજ મહેતો –

તે અમદાવાદના વતની અને દિશાવાલ જ્ઞાતિના મંત્રી દોશી વણાઈગનો પુત્ર હતો. તેને મંગુ નામે પત્ની હતી અને વીરદાસ નામે પુત્ર હતો, જે પણ મંત્રી બન્યો હતો.

સં૦ ગલરાજ અમદાવાદના ૧૧મા બાદશાહ મહમ્મદ (ચોથા)નો માનીતો મંત્રી હતો. બાદશાહે તેને મલેક નગદલનું બિરુદ આપ્યું હતું. એક મોટા વજીર લેખે તેના હાથ નીચે ૫૦૦ ઘોડેસ્વાર હબસીઓની સેના હતી.

(પ્રક. ૪૪, પૃ. ૫૪)

તેણે સં. ૧૬૧૮માં મહો૦ ધર્મસાગરગણિને મોટું સામૈયું કરી પધરાવ્યા. મંત્રીએ તેમના પ્રવેશ-ઉત્સવમાં બે હજાર શ્રીફળની પ્રભાવના કરી હતી. તેમને અમદાવાદમાં ચાતુર્માસ કરાવી વ્યાખ્યાનમાં જુદી જુદી વસ્તુઓની પ્રભાવના કરવાનો મંત્રીએ લાભ લીધો હતો; ત્યારે ત્યાં વ્યાખ્યાનમાં ૫૦૦થી વધુ વ્યક્તિઓ આવતી હતી.

પાટણના વીશા શેઠ શિવજી સં. ૧૬૧૮માં અમદાવાદમાં ચાતુર્માસમાં મહો૦ ધર્મસાગરજીને વાંદવા આવ્યા હતા, ત્યારે મંત્રી ગલરાજ અને શેઠ શિવજી વચ્ચે ગાઢ મૈત્રીસંબંધ બંધાયો હતો. (પ્રક. ૫૫, પૃ. ૩૪૯)

ભટ્ટા૦ વિજયદાનસૂરિએ સં. ૧૬૧૯માં મહો૦ ધર્મસાગરગણિના 'કુમતિકુદ્દાલ' ગ્રંથને અપ્રમાણિક જાહેર કર્યો હતો. પછી મહોપાધ્યાયજી અમદાવાદ પધાર્યા ત્યારે તેમની નવી પ્રરૂપણાને મંત્રી ગલરાજે ટેકો આપ્યો હતો તેમજ એ નવી પ્રરૂપણાના વિરોધી પક્ષકાર તરીકે ઉપા૦ રાજવિમલ ગણિવર વગેરેને ત્રાસ આપ્યો હતો. (પ્રક. ૫૫, પૃ. ૩૫૨, ક્રમાંક : ૫)

મંત્રી ગલરાજે ભટ્ટા૦ વિજયદાનસૂરિના ઉપદેશથી સં. ૧૬૧૯-૨૦માં બાદશાહને સમજાવી ૬ મહિના સુધી શત્રુંજયતીર્થને મુક્તાઘાટ કરાવ્યો હતો,

એટલે રાજ્ય તરફનાં લાગા, જકાત, વેઠ, મુંડકાવેરો, યાત્રાકર વગેરે માફ કરાવ્યાં હતાં.

તેમણે ભારતમાં સર્વ સ્થાને આમંત્રણ–પત્રિકા મોકલી બધા જૈન સંઘોને બોલાવી સંઘપતિ બની શ્રી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. શ્રી શત્રુંજયતીર્થને સાચા મોતીઓ અને અક્ષતો વડે વધાવ્યો હતો અને સૌને યાત્રા કરાવી હતી. (પૃ. ૫–૬)

મંત્રી ગલરાજે સં. ૧૬૨૦ના વૈશાખ સુદ ૫ ગુરુવારે શત્રુંજયતીર્થમાં ભ૦ આદીશ્વરની દેવકુલિકા બનાવી, તેની ભટ્ટા૦ વિજયદાનસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

ગલા મહેતો પ્રભાવક જૈન હતો. એ રાજમાન્ય પણ હતો; તેના પુરાવા રૂપે અમદાવાદમાં આજે પણ ગલા મનજીની પોળ (દોશીવાડાની પોળમાં) વિદ્યમાન છે.

શા૦ વર્ધમાન શ્રીમાલી –

ગંધાર બંદરમાં પાસવીર નામે શ્રીમાલી જૈન રહેતો હતો. તેને વર્ધમાન નામે પુત્ર હતો. શા૦ વર્ધમાનને (૧) રામજી, (૨) હંસરાજ અને (૩) મનજી એ ત્રણ પુત્રો હતા. આ સૌ ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિના ભક્ત શ્રાવકો હતા.

શા૦ વર્ધમાને પોતાના પુત્રો સાથે ઉક્ત આચાર્યોના ઉપદેશથી સં. ૧૬૧૯-૨૦માં શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રિ પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો અને સં. ૧૬૨૦ કારતક સુદ ૨ ના રોજ શત્રુંજયતીર્થમાં ભંડાર પાસેની ઓરડી આગળ બંધાવેલા શ્રી શાંતિનાથના ચૌમુખ જિનપ્રાસાદ (ગંધારીઆનું દેરાસર તથા ફરતી દેરીઓ)ની એ જ આચાર્યોના હસ્તે પ્રતિષ્ઠા કરાવી હતી.

સંઘપતિ સહજપાલ, પુત્ર કુંવરજી વગેરે પરિવાર

અમદાવાદના શાહ દેધર શ્રીમાલીના વંશજ સં૦ સહજપાલને મંગુ નામે પત્ની હતી, જે સતી શિરોમણિ હતી. તેઓ ભટ્ટા૦ વિજયદાનસૂરિના ભક્ત અને અનન્ય ધર્મપ્રેમી હતાં. તેમને કુંવરજી નામે પુત્ર અને વિમલદાસ નામે પૌત્ર હતો.

સંઘપતિ કુંવરજી* નાનપણથી પુણ્યશાલી હતો. નિરંતર ધર્મક્રિયા કરતો

★ આ સમયે અન્ય બે કુંવરજી થઈ ગયા.

(૧) સોની કુંવરજી ઓશવાલ તે સોની આભૂ ઓશવાલના વંશના ૮મા શા૦ વછિયા અને પદ્મીનો પુત્ર હતો. તેણે સં. ૧૬૫૦માં શત્રુંજયતીર્થ ઉપર જિનાલય બંધાવ્યું.

(૨) ગાંધી કુંવરજી નાગર જૈને સં. ૧૬૫૪-૫૫માં કાવીમાં રત્નતિલક પ્રાસાદ બંધાવ્યો. (પ્રક. ૪૨, પૃ. ૫૩૧થી ૫૩૩)

હતો. સાતે ક્ષેત્રમાં દાન દેતો હતો. ભટ્ટારકના હસ્તે ઘણી પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. સં. ૧૬૧૫માં શત્રુંજયતીર્થમાં દેવવિમાન જેવો જિનપ્રાસાદ બનાવ્યો હતો અને સં. ૧૯૨૦માં શત્રુંજયતીર્થનો છ'રિ પાળતો યાત્રાસંઘ ભટ્ટા૦ વિજયદાનસૂરિના ઉપદેશથી કાઢી તેમના જ હસ્તે તેની પ્રતિષ્ઠા કરાવી હતી. તેણે તાલધ્વજતીર્થ તથા જૂનાગઢ ગિરનારતીર્થમાં જિનાલયોના જીર્ણોદ્ધાર કરાવ્યા હતા. તેના પુત્ર વિમલદાસે ગુરુદેવોના ઉપદેશથી મહો૦ ધર્મસાગરગણિ રચિત 'કલ્પસૂત્ર' ઉપરની 'કિરણાવલી' ટીકાની સેંકડો પ્રતિઓ લખાવી હતી.

(પ્રક. ૪૫, પૃ. ૯૮ તથા પ્રક. ૫૭, પૃ. ૫)

પં૦ દેવીદાસ –

તેણે સં. ૧૬૧૧ના આસો સુદ ૧૫ ને રવિવારે રાધનપુરમાં ભ૦ મહાવીર સ્વામીની કૃપાથી છ આરાના સ્વરૂપવાળું 'વીર સ્તવન' (ઢાળ : ૫, કળશ : ૧) બનાવ્યું છે. તેમાં તે પોતાનો પરિચય આ રીતે આપે છે –

ઈમ હર્ષ ધરીને સ્તવીયો વીર જિણંદ;
રાધનપુરમંડન પાય પ્રણામે સુર-નર વૃંદ. ૧
મેં પુણ્ય પસાયે પામ્યા જિનવર પાય;
મુજ પાપપડલ સવિ દુષ્કૃત દૂરે જાય. ૨
શ્રી તપાગચ્છનાયક વિજયદાનસૂરીંદ;
તસ પાય પ્રણમીને સેવે સુર-નર વૃંદ. ૩
તસ નામે મુજને ટળિયો મુજ મિથ્યાત;
સેવંતા પામ્યો જિનધર્મ જગત વિખ્યાત. ૪
સંવત સય સોલહ ઈગ્યારોત્તર (૧૬૧૧) માન;
આસો સુદ પૂનમ રવિવાર શુભ ધ્યાન. ૫

કળશ – દ્વિજ ભણે દેવીદાસ સેવક, સકલ સંઘ મંગલ કરો.

(વિ. સં. ૧૯૮૬માં એ. એમ. એન્ડ કું. પાલીતાણા દ્વારા પ્રકાશિત 'પ્રકરણાદિ વિચારગર્ભિત સ્તવન-સજ્ઝાય સંગ્રહ')

નગરસ્થાપના –

જોધપુર – સં. ૧૫૧૫માં રાવ જોધાજી રાઠોડે જોધપુર વસાવ્યું.

(પ્રક. ૫૨, પૃ. ૨૨૨)

સમી – સં. ૧૫૧૫માં સમી ગામ વસ્યું.

રૂપનગર – સં. ૧૫૯૩માં પાટણ પાસે રૂપનગર (અત્યારે રૂપપુર કહેવાય છે તે) વસ્યું.

જામનગર – રાજા જામે સં. ૧૫૯૬માં જામનગર-નવાનગર વસાવ્યું.

આમેર – આંબા કચ્છવાહે સં. ૧૧૫૪માં આમેર નગર એક પહાડી પર વસાવ્યું. તેની આસપાસ કિલ્લો પણ બાંધ્યો. જયપુર રાજ્યની પ્રાચીન રાજધાનીનું નગર આમેર બન્યું હતું.

અહીં જૈન શ્વે. સંઘે મોટું જિનાલય બંધાવ્યું છે અને શ્વે. જૈન ધર્મશાળા પણ છે. આમેરના કિલ્લામાં ઘણાં ગુપ્ત સ્થળો હોવાનું કહેવાય છે; અને તે પૈકી એક ગુપ્ત સ્થળે રાજ્યનો મોટો ખજાનો ભંડારેલો છે એમ સંભળાય છે. આમેર જયપુરથી આઠ માઈલ થાય છે.

સૂર્યપુર–સુરત

સુરત ગુજરાતનું રંગીલું નગર ગણાય છે. બંદર પણ છે. તેના સ્થાપક, સ્થાપનાકાળ અને નામકરણ બાબતમાં મોટો વિસંવાદ પ્રવર્તે છે.

કેશરીચંદ હીરાચંદ ઝવેરીના ઉલ્લેખ પ્રમાણે તો સુરત શહેર વિક્રમની દસમી સદીનું હોય એમ લાગે છે. (–'સૂર્યપુરનો સુવર્ણયુગ' પ્ર. ૨, પૃ. ૯)

વિક્રમની સોળમી શતાબ્દીના તપાગચ્છના (બાવનમા પટ્ટધર) ભટ્ટા૦ રત્નશેખરસૂરિ, (ત્રેપનમા) ભટ્ટા૦ લક્ષ્મીસાગરસૂરિ, તપાગચ્છની વૃદ્ધ પોષાળગચ્છના ભટ્ટા૦ ઉદયવલ્લભસૂરિ અને અંચલગચ્છના ભટ્ટા૦ જયકેશરસૂરિ વગેરેએ સુરતમાં પ્રતિષ્ઠિત કરેલી જિનપ્રતિમાઓ ઉપરના પ્રતિમાલેખો મળે છે, જેમાં સુરતના 'સૂર્યપુર' અને 'સુરત' નામો ઉલ્લેખેલાં પ્રાપ્ત થાય છે.

તે પછીના વિવિધ પ્રતિમાલેખો, ગ્રંથપ્રશસ્તિઓમાં તપાગચ્છ, વૃદ્ધ તપાગચ્છ, અંચલગચ્છ, ખરતરગચ્છ અને પાયચંદગચ્છના તેમજ છૂટક વર્ણનોમાં લોંકાગચ્છ, ઢુંઢિયા અને તેરાપંથીઓનાં નામો પણ જોવા મળે છે.

નામકરણ –

સુરત નામ કેમ પડ્યું ? એ વિશે આ પ્રમાણે વિવિધ અટકળો જાણવામાં આવી છે –

૧. રાંદેરના નવાબની રખાત સૂરજ.

૨. તુર્કી સુલતાનની બેગમ સૂરતા.

૩. રૂમીખાન સોદાગરની રખાત સૂરતા.

૪. કંચની સૂરજ કે જેણે જમીનદારની વિધવા કન્યાના પુત્ર ગોપીને પોતાનાં ધન-દોલતનો વારસદાર બનાવ્યો.

૫. વડનગરના નાગર અને દિલ્હીના બાદશાહ અકબરના કારભારી ગોપીના પ્રયાસથી અને સૂરજના નામથી સૂરત વસ્યું.

૬. બાદશાહ જહાંગીરની વેશ્યા સૂરજ.

૭. સં. ૧૫૨૧ની રામજણી સૂરજ. (નર્મદ૦ ગદ્ય, પૃ. ૭૦)

૮. સૂરતના નામની વાડી.

ઉપર બતાવેલી વ્યક્તિઓનાં નામથી સૂરત વસ્યું છે.

ઇતિહાસ કહે છે કે, ધારા નામની વેશ્યાના નામ ઉપરથી જેમ ધારા નગરી વસી હતી તેમ સૂરજ નામની વેશ્યાના નામ ઉપરથી સૂરત વસ્યું હોય એવો સંભવ છે, માત્ર સૂરજના જ ને બદલે ત અક્ષર ગોઠવવામાં આવ્યો છે.

સૂરતના વસાવનાર અને વસવાટકાળ વિશે છૂટા છૂટા ઉલ્લેખોમાં જુદા જુદા બાદશાહોનાં નામો આ પ્રકારે મળે છે :

૧. ગુજરાતનો બાદશાહ મહમ્મદ બેગડો. (સં. ૧૫૧૬ થી ૧૫૬૮). (પ્રક. ૪૪, પૃ. ૪૯ થી ૫૧)

૨. બા૦ મુજફ્ફર બીજો (સં. ૧૫૬૮ થી ૧૫૮૩). (પ્રક. ૪૪, પૃ. ૫૧)

૩. બા૦ મહમ્મદ ચોથો (સં. ૧૫૯૪ થી ૧૬૧૦).

૪. બા૦ મુજફ્ફર ત્રીજો (સં. ૧૬૧૭ થી ૧૬૨૮).

૫. દિલ્હીનો બાદશાહ અકબર (સં. ૧૬૧૨ થી ૧૬૬૨, કા.સુ.૧૪). (પ્રક. ૫૮, પૃ. ૧૧૮)

૬. દિલ્હીનો બા૦ જહાંગીર (સં. ૧૬૬૨ થી ૧૬૮૪, કારતક વદ અમાવસ્યા.) (પ્રક. ૫૮, પૃ. ૧૩૬)

ઉપરની અટકળોના આધારે વિચારીએ તો બા૦ મહમ્મદ બેગડો અને બા૦ મુજફ્ફર બીજાના સમયે ગોપી થયો હતો.

ગોપી – વડનગરનો મલેક ગોપી બ્રાહ્મણ હતો, જે બા૦ મહમ્મદ બેગડાની કૃપાથી અધિકારી બન્યો હતો. ગોપી, મલેક ગોપી કિંવા ઉલ્મુલ્ક રાજા સારંગદેવની મદદથી શાહજાદો મુજફ્ફર ગુજરાતનો બાદશાહ બન્યો હતો. (પ્રક. ૪૪, પૃ. ૫૧)

ગોપીનો મિત્ર ઈડરનો રાજા ભીમ બાદશાહના ગુન્હામાં આવ્યો હતો; પરંતુ ગોપીના વચ્ચે પડવાથી તે બચી ગયો હતો. મલેક ગોપીએ સને ૧૪૮૩ (સં. ૧૫૩૯-૪૦)ના દુકાળમાં જગતને મોટી મદદ કરી હતી.

મલેક ગોપી બહુ વિષયી હતો. તેણે ધારા નામની એક નર્તકીને રખાત તરીકે રાખી હતી. બા૦ મુજફ્ફરે સને ૧૫૧૪માં તેને મારી નાખ્યો.

સંભવ છે કે, દિલ્હીના બાદશાહ અકબર અને બા૦ જહાંગીરના સમયે તેમના ગુજરાતના સૂબાઓના હાથ નીચે ગોપી નાગર સૂરતનો મંત્રી હોય. એટલે વડનગરનો મલેક ગોપી અથવા ગોપી નાગર તે જ મંત્રી ગોપી હોય.

કવિબહાદુર પં૦ દીપવિજયજી ગણિ સં. ૧૮૭૭માં લખે છે –

ફિરંગીઓએ સં. ૧૬૦૦માં સૂરતમાં કિલ્લો બંધાવ્યો. શાહજાદો જહાંગીર

સં. ૧૬૨૪માં રાનેર આવ્યો હતો ત્યારે રાનેરમાં કરોડપતિ નાખુદો રહેતો હતો ને શાહજાદા જહાંગીરને ૨ ગાઉ દૂર રાનેરમાં પોતાને ઘેર લઈ ગયો હતો. તેણે શાહજાદાના સમ્માનમાં વરીયાવથી પોતાના ઘર સુધી રસ્તામાં કિનખાબ વસ્ત્ર પથરાવ્યું હતું. શાહજાદાએ તેના ઉપર ખુશ થઈ તેને કહ્યું : 'માગ, માગ, જે જોઈએ તે માગી લે.' જવાબમાં તેણે કહ્યું : 'મારે હાથી અને હાથણીનો સંભોગ જોવો છે.' શાહજાદાએ તેને સમજાવતાં કહ્યું : 'એ જોવામાં લાભ નથી. એ જોવાથી માણસ નિર્ધન થઈ જાય છે એમ કહેવાય છે.' છતાં તે ન માન્યો. શાહજાદાએ તેને હાથી-હાથણીનો સંભોગ બતાવ્યો. છેવટે તેનું ધન નાશ પામ્યું. તે દરિદ્ર બની ગયો.

શાહજાદા જહાંગીરે ત્યાં જ જહાંગીરપરું વસાવ્યું.

શાહજાદા જહાંગીરે સૂરજ નામની વેશ્યાને રાખી હતી. તેણે સં. ૧૬૨૫માં શાહજાદાની રજા મેળવી ત્યાં સૂરત નામે નગર વસાવ્યું. તે સમયે ત્યાં ગોપી શાહ નામે જૈન ઓશવાલ રહેતો હતો. તેણે સૂરતમાં ગોપીપરું અને ગોપી તળાવ બનાવ્યાં અને ચૌમુખી વાવ પણ બંધાવી.

(પં૦ દીપવિજયજીએ સં. ૧૮૭૭ના આસો સુદ પના રોજ રચેલી સૂરત ગઝલ, કડી ૭૮, ગ્રં. ૮૩; 'સોહમકુલ પટ્ટાવલી', પૃ. ૫૯; કેશરીચંદ હીરાચંદ ઝવેરી સંગ્રહિત સૂરતનો ઇતિહાસ, પૃ. ૪)

સમજી શકાય એમ છે કે સૂરતનું ગોપીપરું, ગોપીતળાવ વગેરે સ્થળો ગોપી નામની સાથે સંબંધ બતાવે છે, તે પૈકીના **ગોપીશાહ** ઓશવાલનું નામ પણ આપણે ઉપર જોઈ ગયા છીએ.

બીજો વડનગરનો મંત્રી ગોપી થયો છે, જેનો ઇતિહાસ આ પ્રકારે જાણવા મળે છે –

સદ્‌ગત સાક્ષર શ્રી ચીમનલાલ ડાહ્યાલાલ દલાલે ગોપીના પૂર્વજો વિશે સંસ્કૃતમાં શ્લોકબદ્ધ વર્ણન મેળવ્યું હતું. અને તે 'ધિ લાઈબ્રેરી મિસેલેનિયસ' નામક અંગ્રેજી ત્રૈમાસિકના સને ૧૯૧૪ના ફેબ્રુઆરી માસથી મે સુધીના વર્ષ ૨–૩ ના અંકોમાં પ્રસિદ્ધ કરવા સાથે 'ગોપી કોણ ?' એ શીર્ષક હેઠળ લેખ આપ્યો હતો. એના આધારે માનવું પડે છે કે –

''મંત્રી ગોપીનો પૂર્વજ (૧) મંત્રી રામજી વડનગરનો નાગર હતો. તેની પરંપરામાં અનુક્રમે (૨) મંત્રી ભાલણ, (૩) મંત્રી દામોદર, (૪) મંત્રી ગોવિંદ, (૫) મંત્રી માધવ, (૬) મંત્રી કીકરાજ અને (૭) મંત્રી ગોપીનાથ થયા.

મંત્રીઓની વિશેષ હકીકતમાં જણાવ્યું છે કે (૧) મંત્રી રામજીએ તાપી

નદી જ્યાં સમુદ્રમાં જઈને મળે છે ત્યાં સંગમસ્થાને સમુદ્ર કિનારે સૂર્યપુર નગર વસાવ્યું. (૬) મંત્રી કીકરાજે સમુદ્ર અને તાપી નદીના સંગમસ્થાને સૂર્યપુરમાં નીલકંઠનું મંદિર બંધાવ્યું તથા પુલ બંધાવ્યો. મંત્રી કીકરાજને રેણુ નામે ભાર્યા હતી. તેનાથી ગોપીનાથ અને મુકુંદ – એમ બે પુત્રો થયા. ગોપીનાથનું બીજું નામ ગોપીશ્વર પણ મળે છે. તેને નાગલા અને ગોરી નામે બે પત્નીઓ હતી. ગોપી મંત્રી હતો. સંગીતકલામાં બહુ નિષ્ણાત હતો. તેણે વિષ્ણુ, શંકર, સૂર્ય, પાર્વતી અને લક્ષ્મી માટે સિંહાસનો બનાવ્યાં હતાં. તેણે દુકાળમાં જનતાને અનાજ વગેરે દાન આપ્યું અને સૌનું દુઃખ દૂર કર્યું.

આ વર્ણનમાં બાદશાહ મહમ્મદનું નામ પણ મળે છે.''

(–કેશરીચંદ હીરાચંદ ઝવેરી સંગ્રહિત 'સૂર્યપુરનો સુવર્ણયુગ')

તારવણી –

આપણે ઉપર્યુક્ત ઉલ્લેખોનો સમન્વય સાધતાં વિચારીએ તો આ પ્રકારે તારવણી થાય.

મંત્રી રામજી વડનગરનો હતો. તે ઓશવાલ કે બ્રાહ્મણ નહીં પણ નાગર વાણિયો હતો. મંત્રી રામજીએ સૂરત નહીં પણ રામનગર-રાનેર વસાવ્યું હોય અને સાથેસાથે સૂર્યપુરમંદિર પણ બંધાવ્યું હોય. પોતાની નમ્રતા અને સૂર્યની મહત્તા બતાવવા એ મંદિરને રામનગર ન બતાવતાં સૂર્યપુરના નામથી ઓળખાવતો હોય. તે પછી તેના વંશજ કીકરાજે ત્યાં પુલ અને નીલકંઠનું મંદિર બનાવ્યાં હોય.

કીકરાજનો પુત્ર ગોપી નિર્ધન બની ગયો હશે. તે સંગીતનિષ્ણાત અને ઈમાનદાર હશે, તેથી જ શાહજાદાની ગાયિકા સૂરજે પોતાની મૂડી તેને ત્યાં મૂકી હશે. અને સંગીતથી તેણે કરેલા સત્કાર–સન્માન અને ભક્તિથી ખુશ થઈ ગાયિકાએ પોતાની બધી મિલકત તેને આપી દીધી હોય અને ધન મળતાં ગોપી ધનિક બની ગયો હોય. તેને પોતાની ધનદાત્રીનું નામ અમર કરવા ભાવના થાય એ સ્વાભાવિક છે.

શાહજાદાની વેશ્યાનું નામ પણ સૂરજ હતું. મંત્રી ગોપીએ શાહજાદાની વેશ્યા અને પોતાની ધનદાત્રી સૂરજને અમર કરવા સૂરતનો વિકાસ કર્યો હોય, સૂરતને જળમાર્ગ અને સ્થળમાર્ગનું વેપારી કેન્દ્ર બનાવ્યું હોય.

વેશ્યાની જાતિમાં વડી હોય તે અક્કા કહેવાય છે. તો બનવા જોગ છે કે અક્કાનગર, અક્કનગર અને સૂરત એમ નામ પડ્યાં હોય.

બાદશાહ અકબરે સુરતને જીતી લઈ ગોપીને જ સુરતનો મંત્રી બનાવ્યો હોય; અને તે બાદશાહ જહાંગીરના સમયમાં પણ મંત્રીરૂપે ચાલુ હોય.

મંત્રી ગોપી નાગરે સુરતમાં [સં. ૧૬૮૭ કે ૧૫૪૦ માં] મોટા દુકાળમાં જનતાને ભારે મદદ કરી હતી. તેણે વિવિધ લોકોપયોગી સ્થાનો તેમજ ધર્મસ્થાનો બનાવ્યાં હશે. મંત્રી ગોપીએ પોતે અગર તેની પ્રેરણાથી જૈનસંઘે સુરતમાં [સૂર્યપુરમંડન પાર્શ્વનાથનું] જિનાલય બંધાવવું શરૂ કર્યું હતું. મંત્રી ગોપીએ અથવા તેના પરિવારે [સં. ૧૬૭૮ના કા. વદ ૫ના રોજ ભટ્ટા૦ વિજયસેનસૂરિ અથવા તેમની આજ્ઞાના] ગીતાર્થ મુનિવરના હાથે જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી હશે.

(પ્રક. ૫૭, પૃ. ૬૦)

(જરૂરી નોંધ : ઉપરના ફકરા માટે જુઓ આગળ આપેલ 'સંપાદકીય પ્રસ્તાવના')

ઇતિહાસ કહે છે, સુરતના નાગર વાણિયા જૈન હતા. કેમકે સુરતના નાગર વાણિયા શેઠ સુંદરજી નાગરે સં. ૧૭૩૬માં વીશસ્થાનકવ્રત તપ શરૂ કર્યું હતું. તપાગચ્છની વિમલશાખાના ભટ્ટા૦ જ્ઞાનવિમલસૂરિએ સં. ૧૭૬૬ના પોષ વદ ૮ ને બુધવારે શેઠ સુંદરજી માટે વીશસ્થાનકનું સ્તવન બનાવ્યું હતું.

વળી, શેઠ સુંદરજી નાગરની ભાર્યા અમૃતબાઈએ સં. ૧૭૬૬ કે સં. ૧૭૭૬–૧૭૭૭ના આ૦ જ્ઞાનવિમલસૂરિના હાથે ભ૦ શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. આચાર્યશ્રીએ પણ તે જ દિવસે ભ૦ શાંતિનાથનું સ્તવન રચ્યું.

(–પૃ. ૬૧ તથા 'સૂર્યપુરનો સુવર્ણયુગ' પૃ. ૫૪-૫૫)

આ રીતે સમન્વય સાધતાં સુરતનો ઇતિહાસ વ્યવસ્થિત બને છે.

તે પૂર્વે સને ૧૬૮૧ (સં. ૧૭૩૭)માં સુરતનો કોટ બન્યો. સને ૧૬૮૪માં સુરતમાં મરકીનો રોગચાળો ફાટી નીકળ્યો, જેમાં રોજના લગભગ ૩૦૦ માણસોનાં મરણ થતાં હતાં.

સને ૧૭૯૨માં સુરતમાં હિન્દુ–મુસલમાનનું હુલ્લડ થયું. સને ૧૮૨૨માં તાપી નદીની રેલ હોનારત થઈ. સને ૧૮૬૪માં સુરતમાં રેલવે આવી, ને સ્ટેશન બંધાયું ત્યારથી સુરત અને મુંબઈ વચ્ચે રેલ્વે વ્યવહાર જોડાયો. સને ૧૮૬૮માં મોટું સૂર્યગ્રહણ થયું.

સુરતના સંઘપતિઓ

સુરતના ઘણા જૈનોએ સંઘપતિ બની વિવિધ જૈન તીર્થોના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢ્યા હતા; જેમાં અનેક ઐતિહાસિક પ્રસંગો બન્યા હતા.

(૧) સંઘપતિ પ્રેમજી પારેખ –

તેઓ સુરતના વતની શેઠ રાવજી અને તેમનાં પત્ની ગમતાદેના પુત્ર હતા. તેમને (૧) ..... અને (૨) નવીબાઈ નામે બે પત્નીઓ હતી.

સંઘપતિ પ્રેમજી પારેખે સં. ૧૭૭૦માં તપાગચ્છની વિમલશાખાના આ૦ જ્ઞાનવિમલસૂરિના ઉપદેશથી સુરતથી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો–પગપાળા યાત્રાસંઘ કાઢ્યો હતો.

આ સંઘમાં જૈનાચાર્યો અને બીજા મુનિવરો આ પ્રમાણે હતા :

૧. આ૦ જ્ઞાનવિમલસૂરિ (જુઓ પૃ. ૭૦, જીવનપરિચય).

૨. શ્રી વિજયદેવસૂરિસંઘના સાગરશાખાના તપાગચ્છીય વડી પોષાળમાં રહેલા ભટ્ટા૦ લક્ષ્મીસાગરસૂરિ. તેઓ સંઘમાંથી પાછા વળી અમદાવાદમાં ચાતુર્માસ રહ્યા હતા.

૩. તપાગચ્છીય ભટ્ટા૦ શ્રી વિજયરત્નસૂરિ (પ્રક. ૫૫, પૃ. ૩૮૭) અથવા ભટ્ટા૦ ઋદ્ધિસાગરસૂરિ અથવા અંચલગચ્છીય ૫૯મા ભટ્ટા૦ અમરસાગરસૂરિ. આમાંના કોઈ આચાર્ય સંઘમાં સાથે હતા.

તપાગચ્છના ૬૦મા પટ્ટધર આ૦ વિજયદેવસૂરિના હસ્તદીક્ષિત મહો૦ લાવણ્યવિજય ગણિવરની પરંપરાના (૬૫મા) પં૦ લક્ષ્મીવિજયગણિ અને તેમના શિષ્ય (૬૬મા) પં૦ અમરવિજયગણિ વગેરે આ સંઘમાં સાથે હતા.

આ બધા સંઘમાંથી પાછા વળી સં. ૧૭૭૦માં નડિયાદમાં ચાતુર્માસ કર્યું હતું. પં૦ અમરવિજયગણિએ સં. ૧૭૭૦ના ચાતુર્માસમાં નડિયાદમાં 'સં૦ પ્રેમજીનો સલોકો' (શ્લો. ૧૬૧, ગ્રં. ૨૪૧) રચ્યો.

તપાગચ્છની રત્નશાખાના ૬૦મા ભટ્ટા૦ હીરરત્નસૂરિની પરંપરાના ૬૩મા ભટ્ટા૦ દાનરત્નસૂરિના શિષ્ય પં૦ જ્ઞાનરત્નગણિ તથા શીઘ્રકવિ પં૦ (મહો૦) ઉદયરત્નગણિ આદિ ઠાણા ૭ આ સંઘમાં સાથે હતા.

પં૦ ઉદયરત્નગણિએ સં. ૧૭૭૦ના .... વદિ ૭ ને ગુરુવારે શ્રી સિદ્ધાચલમંડન ઋષભદેવ સ્તવન બનાવ્યું છે, તેમાં તેમણે ચોથી ઢાળમાં પોપટ, વાદળી, વરસાદ, માળી અને સંઘપતિને ઉદ્દેશીને આલંકારિક વર્ણન કર્યું છે. તેમાં તેઓ શત્રુંજયની યાત્રા કરવા પોપટની પાંખ માગે છે. વૈશાખ-જેઠની વાદળીને સંઘ ઉપર છાયા નાખવા વીનવે છે. પવનને વાદળી લાવવા વિનંતી કરે છે. વરસાદને ઝીણી ઝીણી બુંદ છાંટવા પ્રાર્થના કરે છે. આઠ માળીને વિવિધ જાતિનાં પુષ્પો લાવવા પ્રેરણા કરે છે.

ઉપરાંત, સંઘપતિ પ્રેમજી પારેખ અને કપૂરચંદ ભણશાળીને સંઘના ટૂંકા ટૂંકા પડાવો નાખવા વિનંતી કરે છે ને ભ૦ આદિનાથ દાદાને દર્શન દેવા વીનવે છે. (જૈનયુગ, વર્ષ : ૩, પૃ. ૩૪૯ થી ૩૫૧)

સંઘમાં આવેલ અધ્યાત્મયોગી ઉપા૦ દેવચંદ્રજીગણિના શિષ્ય પં૦ મતિ-

રત્નગણિ, જેમણે સં. ૧૮૦૪માં પોતાના શ્રી સિદ્ધાચલ તીર્થમાલા–રાસમાં આ સંઘનું વર્ણન કર્યું છે.

સં૦ પ્રેમજી પારેખના આ સંઘમાં આચાર્યો, પંન્યાસો, મુનિવરો, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ મોટી સંખ્યામાં સામેલ હતાં. અમદાવાદ, પાટણ, ખંભાત વગેરે સ્થળોના નાના-નાના સંઘો આવી સાથે ભળ્યા હતા. તેનું વિગતવાર વર્ણન કંઈક આ પ્રકારે છે –

અમદાવાદનો **કપૂરચંદ ભણશાલી** ઓશવાલ જૈન દિલ્હીના બાદશાહ ફરુખશિયરનો માનીતો શ્રેષ્ઠી હતો. ગુજરાતના સૂબાઓ પણ તેમને માન આપતા હતા. એ સમયે ગુજરાતમાં તેનો મધ્યાહ્ન તપતો હતો–ભારે પ્રભાવ હતો.

(વિગતે જુઓ પૃ. ૪૩ થી ૪૫)

સં૦ પ્રેમજી પારેખે તેમની મદદ માગી હતી અને તેમની સહાયથી સં. ૧૭૭૦ના ચૈત્ર સુદ ૧૦ ના રોજ તેમણે સુરતથી સંઘ કાઢ્યો હતો. તે સંઘ ભરૂચ, સોજીત્રાના રસ્તે થઈ ધોળકા આવ્યો ત્યારે અહીં નાના ત્રણ સંઘો આવી તેમાં ભળ્યા હતા. જેમકે – (૧) અમદાવાદથી કપૂરચંદ ભણશાળીએ સંઘ કાઢ્યો. તેમાં નગરશેઠ શાંતિદાસ ઝવેરીના વંશના શેઠ હીરજી ઝવેરી, શેઠ રતન સૂરા, શા૦ વર્ધમાન, શા૦ નિહાલચંદ સોની, શા૦ હરખચંદજી વગેરે તથા પાટણના અને ખંભાતના જૈનોને પણ સાથે લીધા હતા. (૨) ખંભાતથી જૈનોની ટોળી. (૩) પાટણથી જૈનોની ટોળી.

ધોળકાથી પાલિતાણા જવાનો રસ્તો ભય ભરેલો હતો. કારણ કે કાઠીઓ ધાડ પાડી સંઘને અને યાત્રાળુઓને લૂંટી લેતા હતા. આથી સંઘોને અહીંથી સંઘરક્ષાની પાકી વ્યવસ્થા કરવી પડતી હતી.

કપૂરચંદ ભણશાળીએ આ સંઘની રક્ષા માટે પાકો બંદોબસ્ત કર્યો હતો. સંઘની સાથે બંદૂકધારી આરબોની બાદશાહી ફોજ હતી; જેમાં ૪૦૦ ઘોડેસવારો અને ૫૦૦ પગપાળા સૈનિકો હતા. કપૂરચંદ ભણશાળી રસ્તાનાં ગામોમાં જે જે રાજાની સરહદમાં જાય તે તે રાજાને જ સંઘના વળાવા તરીકે સાથે લઈ લેતા અને તેમની સરહદ પૂરી થતાં તે તે ઠાકોરને શિરપાવ આપી વિદાય કરવામાં આવતા.

કપૂરચંદ ભણશાળીએ સૈનિકો તથા યાત્રાળુઓને સૂચવી દીધું હતું કે કાઠીઓ આવે તો તેમનો જોરદાર સામનો કરવો. સામનો કરનારને ઈનામ, પગાર કે આજીવન સવલતો આપવાની બાંહેધરી પણ આપી હતી.

આ સૂચનાઓ સાથે મક્કમ પગલે સંઘ ધોળકાથી નીકળ્યો. ધોળકાથી તેનો માર્ગ હતો : ગાંગડ, બરોલ, ઘંઘુકા, નાવલ-વાઢેલા, લોલિયાણા, ઘારુકુ, સુસરા-સણોસરા, ઢુંઢણ-બદરગામ અને પાલિતાણા.

આ દિવસો દરમિયાન સંઘને લૂંટવા કાઠીઓએ ઘાડ પાડી હતી પરંતુ ભણશાળીની રક્ષણ વ્યવસ્થાના કારણે તેઓ ફાવ્યા નહીં.

ઘંઘુકા પછીના પડાવથી સંઘ જ્યારે ઉપડ્યો અને નાવલ-વાઢેલા ગામે જવાનો હતો ત્યાં રસ્તામાં ઘાડપાડુઓ ત્રાટક્યા. મારામારી શરૂ થઈ. સામસામી બંદૂકો છૂટી. આ ધમાલમાં હાથી કાઠીની ઘોડી મારી ગઈ. ઘાડપાડુઓ ત્યાં નાઠા અને સંઘ ક્ષેમકુશળ નાવલ-વાઢેલા પહોંચી ગયો.

કાઠીઓએ નાવલ-વાઢેલા અને લોલિયાણા વચ્ચે રસ્તામાં ઘાડું મોકલ્યું. અહીં એક યાત્રાળુ વાણિયો બરછી લઈ કાઠીઓની સામે લડ્યો ત્યારે કાઠીઓ નાહિંમત બની નાસી ગયા. સંઘ લોલિયાણા પહોંચી ગયો. ભણશાળીએ આ બહાદુર વાણિયાને ભારે રકમનું ઈનામ આપ્યું. સંઘ લોલિયાણામાં ત્રણ દિવસ રોકાયો.

તે પછી દ્વારકા (કે ધારૂકા) ગયો. તે ભાવનગરની સરહદનું ગામ હતું. ભાવનગરના રાજવી ભાવસિંહજીએ દ્વારકા (કે ધારૂકા)માં આવી સંઘ પાસે દાણ માગ્યું. ભણશાળીએ દાણ આપવાની સાફ ના પાડી. પરિણામે મામલો બગડ્યો. આથી સંઘને અહીં સાત દિવસ સુધી રોકાવું પડ્યું અને સંઘપતિ પ્રેમજી પારેખે રાજા ભાવસિંહજીને સીધા મળી શાંત પાડી, મનાવી વળાવા તરીકે પોતાની સાથે લીધા. તેની સરહદ પૂરી થતાં સંઘવીએ તેને શિરપાવ આપી ખુશ કરી રવાના કર્યા.

ગારિયાધારની ગોહિલ ગાદીએ અનુક્રમે (૧૬) ઠા૦ શવોજી, (૧૭) ઠા૦ સરતાનજી, (૩) ઠા૦ કાંધાજી ત્રીજો અને (૧૯) ઠા૦ પૃથ્વીરાજજી થયા. તેણે ગાદીનગર ગારિયાધારથી ફેરવી પાલિતાણા બનાવ્યું હતું.

(પ્રક. ૫૮, પાલિતાણાનો ગોહિલવંશ)

સંઘના સ્વાગત માટે ઠા૦ પૃથ્વીરાજજી ઢોલ-વાજાં સાથે લઈને ઢુંઢણ-બંદર ગામ સુધી સામે આવ્યો હતો. સંઘે સં. ૧૭૭૦ના વૈશાખ વદ ૫ના રોજ પાલિતાણામાં લલિતા સરોવરના કિનારે પડાવ નાખ્યો. સંઘ બીજે દિવસે શત્રુંજય તીર્થ ઉપર ચડવા લાગ્યો. વચ્ચે આવતી ઘોળી પરબ, નીલ પરબ, કુમાર કુંડ, સુંદર પરબ, ભવાનીવાળો, હીંગળાજનો હડો, સાલા કુંડ અને હીરાબાઈની પરબ (અધૂરો કુંડ) વગેરે સ્થાને સંઘે વિસામો લીધો અને આગળ વધ્યો, દાદાના દર્શન કર્યાં.

સંઘ વૈશાખ વદ ૬ થી અમાસ સુધી હંમેશાં શત્રુંજય તીર્થ ઉપર ચડી શ્રી આદીશ્વર દાદાની યાત્રા કરી દાદાનાં દર્શન કરતા. તે જ સમયે ત્યાં વરસાદ

થયો. પં૦ (મહો૦) ઉદયરત્નગણિએ પોતાના 'શત્રુંજય ભેટ્યો રે' સ્તવનમાં આ ઘટનાની નોંધ લીધી છે.

આ સંઘમાં ૩ જૈનાચાર્યો, ૩૦૦ મુનિવરો, હજારો યાત્રિકો તથા ૪૦૦ ગવૈયા-ભોજકો અને ૧૭૦૦ ગાડાંઓ હતાં.

શત્રુંજય ઉપર હંમેશાં સ્નાત્રપૂજા, સત્તરભેદી પૂજા વગેરે વાજિંત્રો-ગીત અને દાંડિયારાસની રમઝટ સાથે ભણાતી હતી. દાદાને નિત આંગી ચડાવાતી. સંઘનો પડાવ નીચે લલિતા સરોવરના કિનારે હતો પણ ઘણા યાત્રાળુઓ હંમેશાં ઉપર ચડતા હતા અને સાંજે નીચે આવી જતા હતા.

સંઘપતિ પાલિતાણાના ઠાકોરને કરાર મુજબ રકમ આપવા તૈયાર હતા પણ તેમાં ગરબડ ઊભી થઈ. ઠા૦ પૃથ્વીરાજને સુરતી લાલાનો માતબર સંઘ જોઈને લોભ લાગ્યો અને કરારનો ભંગ કરી વધુ રકમ લેવાની ઇચ્છા દર્શાવી.

ઠા૦ પૃથ્વીરાજે વૈશાખી અમાવસ્યાના દિવસે સંઘપતિ પાસે જઈ મુંડકાના રૂા. ૧૬૦૦૦ (સોળ હજાર) માગ્યા. કપૂરચંદ ભણશાળીએ સાફ સંભળાવી દીધું કે, એક પાઈ પણ વધુ નહીં મળે. આ રકમ માટે ભાંજગડ ચાલી.

પાલિતાણાના વેપારી વાણિયા અને બારોટો વચ્ચે પડ્યા. રકમ ઘટતાં ઘટતાં રૂા. છ હજાર અને છેવટે ત્રણ હજાર સુધી આવીને અટકી; પરંતુ મામલો સુધર્યો જ નહીં. આ ભાંજગડમાં છ દિવસો પસાર થઈ ગયા.

કપૂરચંદ ભણશાળીએ જેઠ સુદિ આઠમના રોજ સંઘને અહીંથી નીકળી જવાની ગોઠવણ કરી પણ વેપારી અને બારોટોએ આવી ભણશાલીને સમજાવ્યા કે, ''સંઘપતિ માળા પહેરે નહીં ત્યાં સુધી જવાય નહીં. માટે એક દિવસ રહી જાઓ. મામલો સુધરી જશે. માળા પહેરીને જજો.''

ભણશાળીએ કરડાકીમાં રોકડું પરખાવી દીધું – ''અમે માન્યા તો દેવ નહીં તો પાષાણ.'' (–કડી : ૧૩૨)

આઠમે મામલો કંઈ સુધર્યો નહીં. સંઘે સોમની સવારે પ્રયાણ કર્યું. ઠાકોરે લલિતા સરોવરના કિનારે પોતાના ભાયાતો, ઠાકરડાઓ, કોળીઓ વગેરેને બોલાવી આડા ઊભા રાખ્યા અને સંઘને રોકી રાખવા સામસામી મારામારી ચાલી. ઠાકોરના માણસોએ સંઘ ઉપર ભાલાં, તીર, પથ્થરગોળા વગેરે ફેંક્યાં.

સંઘના રક્ષકોએ વળતાં તેમની ઉપર બંદૂકની ગોળીઓ છોડી. આ મારામારીમાં ઠા૦ પૃથ્વીરાજનો ભાઈ અને વીશ માણસો મરાયા. નગરશેઠ શાંતિદાસ ઝવેરીના વંશના શેઠ હીરજી ઝવેરીએ વચમાં પડી સંઘના રક્ષકોને ભ૦ શ્રી આદીશ્વરની આણ આપી આ મારામારીથી રોક્યા અને મામલો શાંત પાડ્યો.

શેઠ હીરજી ઝવેરીને થયું કે સંઘને અપયશ મળશે, માટે માંડવાળ કરી કામ લેવું ઠીક છે. તેમણે સંઘવી પાસેથી ઠાકોરને સંતોષ થાય તેટલી રકમ અપાવી મામલો સુધારી લીધો.

પછી જેઠ સુદિ ૧૦ના રોજ સંઘવી અને તેમની બે પત્નીઓએ આ૦ જ્ઞાનવિમલસૂરિના હાથે તીર્થ ઉપર સંઘમાળા પહેરી. તે પ્રસંગે તેઓએ તથા યાત્રાળુઓએ વ્રત-પચ્ચક્ખાણ સ્વીકાર્યા.

સંઘપતિની શરૂઆતથી જ ભાવના હતી કે શ્રી શત્રુંજય અને શ્રી ગિરનારની યાત્રા કર્યા પછી સંઘને પાછો સુરત લાવવો; પરંતુ કાઠીઓનું તોફાન અને મુંડકાની રકઝકમાં ઘણા દિવસો પસાર થઈ ગયા તેથી સૌના મન ઉદાસ બની ગયાં હતાં અને સૌ જલદી પાછા જવા માટે ઉતાવળા થઈ ગયા હતા. વળી ચોમાસું નજીક આવતું હતું. આથી સંઘે અહીંથી પાછા વળી જવાનો નિર્ણય કર્યો.

સંઘે પાલિતાણાથી નીકળી મોટાં મોટાં મુકામોએ પડાવ નાખ્યો. ઢુંઢણ-બદરગામ, મોતલી, થાણા, લોલિયાણા, પીપળિયું, નાવલિયા-ઢેલી (નાવલ-વાઢેલા) અને ધંધુકા થઈ ધોળકા પહોંચી ગયો. અમદાવાદ, પાટણ અને ખંભાતના સંઘો અહીંથી છૂટા પડ્યા. સંઘવી પ્રેમજી પારેખનો સંઘ સીધા રસ્તે થઈ સુરત જઈ પહોંચ્યો.

આ સંઘનું વર્ણન નીચેના ગ્રંથોમાં આલેખાયેલું મળે છે.

(૧) પં૦ સુખસાગરગણિ કૃત 'પ્રેમવિલાસરાસ' (કડી : ૪૫).

(૨) પં૦ અમરવિજયગણિ કૃત 'સંઘપતિ પ્રેમજીનો સલોકો.' (પૃ. ૩૯)

(૩) શીઘ્રકવિ મહો૦ ઉદયરત્નગણિ કૃત 'સિદ્ધાચલમંડન ઋષભદેવ સ્તવન'. (પૃ. ૨૧)

(૪) ઉપા૦ દેવચંદ્રગણિના શિષ્ય પં૦ મતિરત્નગણિ કૃત 'સિદ્ધાચલ તીર્થમાળા-રાસ' સં. ૧૮૦૪.

એક લેખ મળે છે –

''શા૦ પ્રેમજી ચૂલી અટકના વીશા શ્રીમાળીએ સં. ૧૭૮૮ના મહા સુદિ ૬ ને શુક્રવારે શત્રુંજય તીર્થમાં તપાગચ્છના ભટ્ટા૦ સુમતિસૂરિના હાથે ભ૦ ચંદ્રપ્રભની પ્રતિષ્ઠા કરાવી હતી. (–એપ્રિગ્રાફિકા ઈંડિકા ભા.૨, પ્ર.૬, લેખ નં.૩૭)

કપૂરચંદ ભણશાળીના બે પ્રસંગો : ૧. મદન ગોપાલ, ૨. રતનસિંહ ભંડારી

કપૂરચંદ ભણશાળી અમદાવાદનો ઓશવાલ જૈન હતો. મોટો ધનાઢ્ય અને જૈન સંઘનો અગ્રણી હતો. દિલ્હીના બાદશાહ ફરુખશેઅર (સં. ૧૭૭૦ના મહા વદિ ૧૦ થી સં. ૧૭૭૫ના ફાગણ સુદ ૯)નો તે માનીતો મહાજન હતો.

ખોજા હજ્જર (હમીર) સૂબાનો તે દીવાન હતો. શૂરો અને વીર હતો. કોઈ માનવી તેની આજ્ઞા ઓળંગી શકતો નહોતો. જે તેનો વિરોધ કરે તેનો 'જગદીશ રુઠ્યો' એમ સમજવું. જે નમતો આવે તેની તે કદર કરતો, ઇનામ પણ આપતો. પ્રજા ઉપર કોઈ જુલમ થાય તો જુલમ કરનારની સામે તે ઝૂઝતો હતો; છતાં તે ધર્મપ્રેમી શ્રાવક હતો. વળી, વટનો કટકો હતો તેથી તે પોતાનું ધાર્યું કરતો હતો. રાજ્યના અમલદારો પણ તેનાથી ડરતા. આથી તે સૌને આંખના કણા માફક ખટકતો હતો. અમલદારો તો ઇચ્છતા હતા કે પ્રસંગ આવે ભણશાળીને ઉખેડી નાખવો. એવા બે પ્રસંગો ઉપસ્થિત થયા.

(૧) મદન ગોપાલ – એ ઉત્તર ભારતનો મોટો શરીફ હતો. આજે તેના નામનો દિલ્હીમાં મહોલ્લો છે અને અમદાવાદમાં એની હવેલી પ્રસિદ્ધ છે. તે ફિરોજ ગિઝની સાથે અમદાવાદમાં ખજાનચી તરીકે આવ્યો હતો. તેના માણસ હરિરામે સં. ૧૭૭૧ (ઈ.સ. ૧૭૧૪)ની હોળીમાં અમદાવાદમાં એક મુસલમાનની છેડતી કરી, આથી મુસલમાનો એકત્ર થઈ મદન ગોપાલની હવેલી બાળવા માટે ઊપડ્યા. તે ટોળું ઝવેરીવાડમાં આવ્યું કે તરત કપૂરચંદ ભણશાળીએ ઝવેરીવાડના દરવાજા બંધ કરી પોતાના સૈનિકોને મદન ગોપાલની સેના-અંગરક્ષકો ઉપર બંદૂકની ગોળીઓ છોડવા હુકમ કર્યો. સૂબાએ નગરના મોટા આગેવાનોને સાથે રાખી વચ્ચે પડી રમખાણ શાંત પાડ્યું.

આ મામલાની હકીકત દિલ્હીના બાદશાહ પાસે પહોંચી. બાદશાહે કપૂરચંદ ભણશાળીને પકડાવી કેદમાં પૂર્યો. મુસ્લિમ મુલ્લાએ લાગવગ વાપરી તેને છોડાવ્યો. છૂટીને અમદાવાદ આવ્યો ત્યારે લોકોએ એને પ્રશંસાનાં પુષ્પોથી વધાવ્યો. આ પ્રસંગને ઉદ્દેશીને એ વખતે અમદાવાદમાં રાસડો જોડાયો હતો કે – ''હાર્યો હાર્યો મદન ગોપાલ, જીત્યો જીત્યો કપૂરશા ઓશવાલ.''

(૨) રતનસિંહ ભંડારી – દિલ્હીનો બાદશાહ ફરુખશેઅર સં. ૧૭૭૬ (ઈ.સ. ૧૭૧૯)માં સૈયદોના હાથે મરાયો. પછી ગુજરાતના સૂબાઓ પણ બદલાયા. રાજા અભયસિંહ રાઠોડ સને ૧૭૨૦માં અમદાવાદનો સૂબો બન્યો. તેણે ગુજરાતની વ્યવસ્થા માટે રતનસિંહ ભંડારીને પોતાના વતી અમદાવાદ મોકલ્યો. રતનસિંહ ભંડારી ઓશવાલ જૈન હતો. રાજ્યવ્યવસ્થામાં અતિકુશળ હતો. પોતાના કાર્યની આડે આવનારની સામે કડક હાથે કામ લેતાં તે પાછી પાની કરે એવો નહોતો. અમદાવાદના જૂના અમલદારોએ 'કાંટાથી કાંટો નીકળે' એ કહેવત અનુસાર કપૂરચંદ ભણશાળી વિરુદ્ધમાં રતનસિંહના કાન ભંભેર્યા.

(પ્રક. ૫૨, પૃ. ૨૨૫, ક્રમ ૨૪ તથા પ્રક. ૫૮, પૃ. ૧૫૦)

કપૂરચંદ ભણશાળી પોતે જે પગારદાર પાસવાનોને રાખતો હતો તે બધા

શસ્ત્રધારી હતા. ભંડારી કોઈને અન્યાય થતાં ગુનેગારને જેલમાં પૂરે તો આ પાસવાનો તેને બળજબરીથી છોડાવી દેતા હતા. આથી રતનસિંહ ભંડારીએ ગુસ્સે થઈ સં. ૧૭૭૬-૭૭માં કપૂરચંદ ભણશાળીનું હિચકારું ખૂન કરાવ્યું.

(–મુંબઈ ગેઝેટિયરના પૃ. ૨૯૮માં અંગ્રેજીમાં ગુજરાતનો ઇતિહાસ, નર્મદાશંકરે પોતાના 'ગુજરાત સર્વસંગ્રહ' પૃ. ૩૨માં તે અંગ્રેજીનું કરેલું ભાષાંતર; 'સૂર્યપુરનો સુવર્ણયુગ–પ્રસ્તાવના' પૃ. ૭૧ થી ૭૩)

કપૂરચંદ ભણશાળીનું ખૂન થવાથી તેના વંશજો અમદાવાદથી સુરત જઈ વસ્યા. થોડાં વર્ષો પહેલાં સુરતમાં શા૦ માણેકચંદ રૂપચંદ ભણશાળીની પેઢી પ્રસિદ્ધ હતી. તેના ઘરની આસપાસનો વિભાગ આજે પણ ભણશાલીનો મહોલ્લો કહેવાય છે. ભણશાલી વંશના એક ભાઈએ 'ગુજરાત સમાચાર' અને 'દાંડિયો' નામના સમાચાર પત્રો કાઢ્યાં હતાં, જે ખૂબ લોકપ્રિય હતાં.

(૨) સંઘપતિ કચરા કીકા –

એ શા૦ રવજી શ્રીમાલીના વંશનો હતો. તેને બે ભાઈઓ હતા. એ ત્રણે ભાઈઓ પાટણથી સુરતમાં આવી વસ્યા. તેણે બે તીર્થસંઘો કાઢ્યા હતા.

(૧) સમેતશિખર તીર્થનો અને (૨) શત્રુંજય તીર્થનો યાત્રાસંઘ

(૧) સંઘવી કચરા કીકા પટણીએ અધ્યાત્મયોગી ઉપા૦ દેવચંદ્રજી મહારાજ (જુઓ પૃ. ૭૨, જીવનપરિચય)ના ઉપદેશથી સં. ૧૭૯૪માં શ્રી સમ્મેતશિખર તીર્થનો યાત્રાસંઘ જલ-સ્થલ વાહન દ્વારા કાઢ્યો હતો. તેમાં સાધુ-સાધ્વી સાથે નહોતાં; માત્ર શ્રાવક અને શ્રાવિકાઓ જ હતાં. ઉપા૦ દેવચંદ્રજી મહારાજે પોતાની પાસે ભણતા અમદાવાદના શા૦ બાલચંદના પુત્ર પૂંજાશાહ વિદ્યાર્થીને ધર્મક્રિયા કરાવવા માટે આ સંઘમાં સાથે મોકલ્યો હતો. સંઘ સુરતથી વહાણમાં નીકળી કલીકોટ (કલકત્તા) પહોંચ્યો. ત્યાં ભ૦ પાર્શ્વનાથની સેવા-પૂજા કરી.

ત્યાંથી નીકળી મક્ષુદાબાદ (મુર્શિદાબાદ) થઈ મધુવન (શિખરજી) પહોંચ્યો. તે સમયે ત્યાં પાલગંજ રાજાએ જોહુકમીથી સંઘને યાત્રા કરવા મનાઈ કરી; પરંતુ તે જ રાત્રે ભોમિયાદેવે ખુશાલચંદનું રૂપ બનાવી પૂંજાશાહને સ્વપ્નમાં દર્શન દીધાં.• તેણે પૂંજાશાહના મુખથી યાત્રાના અંતરાયની વાત જાણી. પૂંજાશાહને સાથે લઈ શ્રી નંદીશ્વર તીર્થ તરફ ભ૦ સીમંધરસ્વામીનું સમવસરણ વગેરે યાત્રાઓ કરાવી ને સાથોસાથ શ્રી સમ્મેતશિખર મહાતીર્થની યાત્રા ખુલ્લી મુકાવી. સંઘને યાત્રા કરવાની અનુકૂળતા કરી આપી.

• આ સદીમાં ઘણા ખુશાલચંદ થયા છે. (૧) સુરતના શ્રીમાલી કપૂરચંદનો પુત્ર સંઘવી ખુશાલચંદ (જુઓ પ્રક. ૫૭, પૃ. ૮૫), (૨) જગતશેઠ ખુશાલચંદ સ્વ. સં. ૧૮૪૦, (૩) નગરશેઠ ખુશાલચંદ સ્વ. સં. ૧૮૦૫.

પછી સંઘ શિખરજી મહાતીર્થથી નીકળી રાજગૃહી, ચંપાપુરી, બ્રાહ્મણકુંડ, ક્ષત્રિયકુંડ, પાવાપુરી, મથુરા, આગરા વગેરે તીર્થોની યાત્રા કરી ગુજરાતના પાટણ થઈ સુરત આવ્યો.

પૂંજાશાહ આ યાત્રાઓ કરી સુરતથી અમદાવાદ આવ્યો. તેણે સં. ૧૭૯૬ વૈશાખ સુદ ૬ના રોજ અમદાવાદમાં પં૦ જિનવિજયજી ગણિની પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. ગુરુજીએ તેનું નામ ઉત્તમવિજય રાખ્યું.

(ભાગ : ૪, પ્રથમ આવૃત્તિ, પ્રક. ૬૪ : તપાગચ્છના ૬૪મા પટ્ટધર)

(૨) સં૦ કચરા કીકાએ સં. ૧૮૦૪ના કારતક સુદ ૧૩ ને મંગળવારે સુરતથી શત્રુંજયની યાત્રા કરવા માટે જલ-સ્થળ માર્ગનો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેના પુત્ર શા૦ રૂપચંદ પણ આ સંઘમાં ભાગીદાર બન્યા હતા. સંઘ સુરતથી નીકળી વહાણ દ્વારા ડુમસ થઈ ભાવનગર આવ્યો હતો. ભાવનગરથી કારતક વદ ૧૩ ના રોજ નીકળી પગરસ્તે વરતેજ, કનાડ તથા મઢડાના રસ્તે થઈ પાલિતાણા પહોંચ્યો. સંઘે લલિતા સરોવરના કાંઠે પડાવ નાખ્યો.

સં૦ કચરા કીકા તથા સં૦ રૂપચંદ કચરા એ બંને સંઘપતિઓએ માગસર સુદિ ૩ના શત્રુંજય તીર્થમાં 'તીર્થમાળા' પહેરી હતી.

અંચલગચ્છના ૬૧મા ભટ્ટા૦ શ્રી ઉદયસાગરસૂરિ, અધ્યાત્મયોગી પં૦ (મહો૦) દેવચંદ્રગણિ, તેમના શિષ્ય મુનિ (પં૦) મતિરત્નગણિ તથા તપાગચ્છના મહો૦ યશોવિજયજી ગણિની યતિપરંપરામાં થયેલા ઉપા૦ સુમતિવિજયગણિ (તેમના શિષ્ય પં૦ ઉત્તમવિજયગણિ) વગેરે સંઘ સાથે સુરતથી આવ્યા હતા. અને તપાગચ્છના યતિવર્ય પં૦ જિનવિજયગણિના શિષ્ય પં૦ ઉત્તમવિજયગણિ તથા અંચલગચ્છના ભટ્ટા૦ ઉદયસાગરસૂરિના શિષ્ય સંવેગી પં૦ યોગવિમલગણિ વગેરે ભાવનગરથી સંઘ સાથે જોડાયા હતા.

શેઠ કચરા કીકાના પુત્ર તારાચંદ તથા રૂપચંદ અને પૌત્રો બાલચંદ તથા મીઠાચંદ વગેરે સંઘમાં સાથે હતા.

આ સંઘ પાલિતાણા પહોંચ્યો ત્યારે ખંભાત, ઘોઘા, ભાવનગર, પાટણ, વેરાવળ તેમ જ દક્ષિણ તરફનાં ઘણાં શહેર-ગામોના યાત્રાસંઘો અહીં આવી મળ્યા હતા.

ભટ્ટા૦ ઉદયસાગરસૂરિએ સં. ૧૮૦૪ના પોષ સુદિ ૧૫ ને સોમવારે શત્રુંજયતીર્થમાં 'સ્નાત્રપંચાશિકા' રચી. ઉપા૦ દેવચંદ્રગણિએ 'સિદ્ધાચલનું સ્તવન' રચ્યું અને તેમના શિષ્ય પં૦ મતિરત્નગણિએ 'સિદ્ધાચલતીર્થનો રાસ' રચ્યો.

સં૦ કચરા કીકાએ સં. ૧૮૧૦ના મહા સુદિ ૧૩ ને મંગળવાર (શનિવાર)ના રોજ ઉપા૦ દેવચંદ્રગણિના ઉપદેશથી શત્રુંજયતીર્થ ઉપર છ હજાર

(કે સાઈઠ હજાર) રૂપિયા ખરચીને શ્રી સુમતિનાથ વગેરે જિનપ્રતિમાઓનો પ્રતિષ્ઠા ઉત્સવ કરાવ્યો અને તેમાં સાથેના સર્વ આચાર્યભગવંતોના હાથે વિવિધ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

(૩) સંઘપતિ તારાચંદ –

સં૦ તારાચંદ સં૦ કચરા કીકાનો પુત્ર હતો. તારાચંદને ઘરમચંદ નામે પુત્ર હતો. ફતેચંદ નામે કાકા હતા અને ફતેચંદને ઝવેરચંદ નામે પુત્ર હતો.

તપાગચ્છના સંવેગી પં૦ ઉત્તમવિજયગણિ અને પં૦ પદ્મવિજયગણિએ સં. ૧૮૦૫ થી ૧૮૧૦ સુધી સુરતમાં રહીને યતિવર શ્રી સુવિધિવિજયજી પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો. તેનો ખરચ સં૦ તારાચંદે આપ્યો હતો. સં. ૧૮૧૩-૧૪માં તેમની પાસે ઉપધાન વહન કર્યાં હતાં અને માલારોપણનો મોટો ઉત્સવ ઉજવ્યો હતો. સં૦ તારાચંદના પત્ની રતનબાઈ ધર્મોપાસિકા હતી. મહો૦ યશોવિજયજી ગણિની યતિપરંપરામાં થયેલા પં૦ ઉત્તમવિજયગણિએ સં. ૧૮૩૪ કારતક સુદ પાંચમ ને બુધવારે રતનબાઈના જ્ઞાનપંચમીના ઉજમણામાં 'પિસ્તાલીસ આગમની પૂજા' રચી હતી. સં૦ તારાચંદે બે છ'રી પાળતા યાત્રાસંઘો કાઢ્યા હતા.

(૧) મોરવાડાનો શ્રી ગોડીજી પાર્શ્વનાથ તીર્થનો યાત્રાસંઘ

સં૦ તારાચંદે મોરવાડાનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢવાનો નિર્ધાર કર્યો. કાકા ફતેચંદની સંમતિથી સુરતના શ્રી ગોડીજી પાર્શ્વનાથના જિનાલયમાં અષ્ટોત્તરી સ્નાત્રપૂજા ભણાવી તથા સં. ૧૮૨૧ના માગ. સુદિ ૭ ને સોમવારે સુરતના જૈન સંઘને એકત્ર કરી મોરવાડાના ગોડીજી તીર્થનો યાત્રાસંઘ કાઢવાની રજા મેળવી અને સંઘમાં પધારવા સૌને આમંત્રણ આપ્યું.

સં૦ તારાચંદે સુરતનાં સમસ્ત જિનાલયોમાં અઠ્ઠાઈ મહોત્સવ શરૂ કરાવ્યો અને સં. ૧૮૨૧ના માગશર વદિ ૨ ને ગુરુવારે સુરતથી શ્રી ગોડીજી પાર્શ્વનાથ તીર્થનો યાત્રાસંઘ કાઢ્યો.

આ સંઘની મુખ્ય દોરવણી આપનાર સંઘપતિનો મહેતો હતો. તે બાલબ્રહ્મચારી દયાળુ જૈન હતો.

અંચલગચ્છના ભટ્ટા૦ ઉદયસાગરસૂરિ, તેમના શિષ્ય ઉપા૦ જ્ઞાનસાગરગણિ, તપાગચ્છની સાગરશાખાના ભટ્ટા૦ પુણ્યસાગર, તપાગચ્છના સંવેગી ગીતાર્થ પં૦ ખુશાલવિજયગણિ, આગમિકગચ્છના ભટ્ટા૦ શ્રી રત્નસૂરિ (સિંહરત્નસૂરિ : પ્રક. ૪૦, પૃ. ૪૨૮), તેમના શિષ્ય પં૦ હેમચંદ્રગણિ વગેરે યતિવરો-મુનિવરો સુરતથી આ સંઘમાં સાથે હતા.

તે પૈકીના ભટ્ટા૦ પુણ્યસાગરજી અને ઉપા૦ જ્ઞાનસાગરગણિ પાલનપુરથી પાછા વળ્યા હતા.

જ્યારે પં૦ અમૃતાનંદગણિના મુનિશ્રી યોગવિમલજી આબૂ આવીને સંઘની સાથે જોડાયા હતા.

વળી, તપાગચ્છની સંવેગીશાખાના (૬૬મા) પં૦ ઉત્તમવિજયજી ગણિ વગેરે રાધનપુરથી સંઘની સાથે જોડાયા હતા.

આ સંઘમાં સુરત, પાટણ, દમણ, દીવ, વ્યારા, સોનગઢ, રાનેર, વરિયાવ, જંબૂસર, પાદરા, દશપરા, કોરાબ, આછોદ, આમોદ, ચાંપાનેર, ખંભાત, બોરસિદ્ધ, પેટલાદ, મહુધા, કપડવણજ, સોઝંતરુ, નડિયાદ, વૈરાટનગર, કટોસણ, સાણંદ, બહિયેલ, કડી, ભાવનગર, ઘોઘા, પાલિતાણા, જૂનાગઢ, વાવ, થિરા, સાથલપુર (સાંતલપુર) વગેરે ગામોના નાના-મોટા જૈન સંઘો તથા છૂટક ભાવિક જૈનો વગેરે આવીને જોડાયા હતા.

આ સંઘે વિવિધ જૈન તીર્થો અને મોટાં નગરોની યાત્રા કરી હતી. સંઘ સં. ૧૮૨૧ના માગ. વદ ૨ ના દિવસે સુરતથી નીકળી અનુક્રમે કતારગામ, કઠોર, ચોકી, પાનોલી, અંકલેશ્વર, રેવાતટ, ભરુઅચ્છ (દેરાસર ૨૭), છાણી (દેરાસર ૫), અડાસ, કરમસદ (શાંતિનાથ જિનમંદિર ૧), ખેડા (દેરાસર ૧), ઉપપુર (વાસ) (દેરાસર ૧), વટુઆ, સરલાપુરા (શ્રી મુનિસુવ્રતસ્વામી દેરા.૧), પોષ વદ ૧ અગર ૧૦ના રાજનગર–શ્રીનગર–રાજદ્રંગ–અમદાવાદ (મોટાં દેરાસર ૬૮, કુલ દેરા ૩૦૧) [પ્રક. ૪૪, પૃ. ૪૫–૪૬], નરુડુ (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસર ૧), વળાદ, પેથાપુર (દેરાસર ૧), માણસા (દેરાસર ૧), કુકરવાડા (દેરાસર ૧), કડી (દેરાસર ૨), વીસનગર (દેરાસર ૬). ગૂંજા (દેરાસર ૧), વડનગર (દેરાસર ૧૦), સિંહપુર (દેરાસર ૨), તારંગાતીર્થ, ખેરાલુ (દેરાસર ૧), વડગામ (દેરા.૧), વગદા સમૌ (દેરાસર ૧), આણંદપુર (દેરાસર ૧), મગરવાડા (શ્રી માણિભદ્રવીરનું મંદિર ૧), પાલનપુર (દેરાસર ૨૩), ભૂતેડી, દાંતીવાડા (દેરાસર ૧), હણાદ્રા (દેરાસર ૧), ફાગણ સુદ ૭ શનિવારથી ફાગણ સુદ ૧૫ આબૂતીર્થ (દેરાસર ૫), ફાગણ વદ ૧ ઢકાપુર (દેરાસર ૧), ધવલી (દેરાસર ૧), ભટાણા (દેરાસર ૧), પાલનપુર, સિદ્ધપુર (દેરાસર ૧૭), પાટણ, રૂપપર (દેરાસર ૧), ચાણસ્મા (દેરાસર ૧), પાટણ, કુણગર (દેરાસર ૩), શંખેશ્વરતીર્થ, ભીલોટા, કોરડા, જજામ, સોઈગામ (શ્રી આદિનાથ દેરાસર ૧), બેણપ (દેરાસર ૧), ઊંચોસણ (દેરાસર ૧) થઈને વૃષડી–વરખડી (મોરવાડા) આવ્યો હતો. અહીં શ્રી ગોડીજી પાર્શ્વનાથની યાત્રા કરી.

અહીં સંઘપતિ તારાચંદ, સં૦ રત્નાકુમારી (રતનબાઈ), પુત્ર ધરમચંદ,

પુત્રવધૂ ફુરડીબેન–ફુલબાઈ, સંઘપતિનો ભાણેજ શ્રી ગોડીદાસ પોરવાડ વગેરે સાત જણાને સંઘપતિની માળા પહેરાવવામાં આવી.

સંઘ અહીંથી પાછો વળી, મોટાં મોટાં મુકામો કરી સુઈગામ, રાધનપુર, કુણગર, વિસલપુર, ખેડાવાસુ, છાણી, મીરક્ષેત્ર, ઈંટોણ અને અંકલેશ્વર થઈને સુરત પહોંચી ગયો.

અંચલગચ્છના (૬૩) ભટ્ટા૦ પુણ્યસાગરસૂરિની પ્રેરણાથી ઉપા૦ જ્ઞાનસાગરગણિએ સં. ૧૮૨૧માં સુરતમાં 'તીર્થમાલા' (ઢાળ–૧૨) રચી છે. આ તીર્થમાલામાં ઉપર બતાવેલાં દરેક તીર્થો તથા નગરોનું ઐતિહાસિક વર્ણન આપ્યું છે. (–જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૯૪ થી ૯૮ તથા પ્રક. ૪૦, પૃ. ૪૨૨)

(૨) શ્રી શત્રુંજય તીર્થનો યાત્રાસંઘ

સંઘવી તારાચંદે સં. ૧૮૨૬માં સુરતથી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

આ સંઘમાં ભટ્ટા૦ ઉદયસાગરસૂરિના શિષ્ય પં૦ તિલકચંદગણિ વગેરે યતિવરો તથા તપાગચ્છના સંવેગી પં૦ જિનવિજયગણિ અને પં૦ ઉત્તમવિજયગણિ વગેરે મુનિવરો સાથે હતા.

આ સંઘ અમદાવાદ થઈને પાલિતાણા ગયો હતો.

(સં. ૧૮૭....માં ક્ષેમવર્ધનગણિ કૃત 'શાંતિદાસ શેઠનો રાસ')

પં૦ શ્રી ઉત્તમવિજયજી ગણિએ સં. ૧૮૨૭ પોષ સુદ ૧૪ના રોજ 'શ્રી શત્રુંજય તીર્થ સ્તવન' રચ્યું છે. તેમણે તેમાં આ સંઘનું ઐતિહાસિક વર્ણન આપ્યું છે. (–જૈનયુગ માસિક પત્ર, પુ. ૧, પૃ. ૨૫૯)

(૪) સંઘપતિ મોદી પ્રેમચંદ લવજી –

અમદાવાદમાં કાશ્યપગોત્રીય પરમાર વંશનો શેઠ લવજી મોદી નામે દશાશ્રીમાલી જૈન હતો. તેને (૧) પ્રેમચંદ, (૨) હેમચંદ અને (૩) જયચંદ નામે પુત્રો હતા તથા (૪) તેજકુંઅર નામે પુત્રી હતી.

તેજકુંઅર બચપણથી જ ધર્મપ્રેમી હતી. કહેવાય છે કે તે મરીને દેવલોકમાં ઉત્પન્ન થઈ અને પોતાના ભાઈઓને ધર્મમાં જોડી રાખી ધાર્મિક કાર્યોમાં મદદ કરતી રહેતી.

શેઠ પ્રેમચંદ વગેરે ત્રણ ભાઈઓ સુરત આવી વસ્યા. આથી તેઓ સુરતી તરીકે ખ્યાતિ પામ્યા. શેઠ પ્રેમચંદને વીજળી નામે પત્ની હતી. તેની પાસે અઢળક લક્ષ્મી હતી. તેણે યાત્રાસંઘો, પ્રતિષ્ઠાદિ ધર્મકાર્યોમાં લક્ષ્મીનો મોટો સદ્વ્યય કર્યો હતો. (–શેઠ કૃત વર્ણન)

શ્રી શત્રુંજયતીર્થના ત્રણ યાત્રાસંઘો અને પ્રતિષ્ઠા

૧. સં૦ પ્રેમચંદ મોદી સં. ૧૮૩૦માં શત્રુંજયતીર્થની યાત્રાએ ગયો હતો. તેણે સં. ૧૮૩૬માં તપાગચ્છના ભટ્ટા૦ વિજયધર્મસૂરિ (સં. ૧૮૦૯ થી ૧૮૪૧)ની અધ્યક્ષતામાં છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

તેણે સં. ૧૮૩૬ના ચૈત્ર સુદ ૧૩ ને શુક્રવારે ભટ્ટા૦ વિજયધર્મસૂરિના ઉપદેશથી શત્રુંજયતીર્થમાં ખોડિયારના કુંડના ઉપરના ભાગમાં મોટું જિનાલય બંધાવવાનો નિર્ણય કર્યો, એટલું જ નહિ; એનું કામ પણ શરૂ કરાવી દીધું. સં. ૧૮૩૭માં જિનાલય તૈયાર થઈ ગયું.

૨. સં૦ પ્રેમચંદ મોદીએ સં. ૧૮૩૭ પોષ સુદ ૨ ના સુરતથી શત્રુંજયતીર્થનો બીજો જલ-સ્થલમાર્ગનો નાનકડો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેમણે આ સંઘમાં તપાગચ્છની સાગરશાખાના ભટ્ટા૦ ઉદયસાગરસૂરિ, આ૦ વિજયપ્રભસૂરિની પરંપરાના ભટ્ટા૦ વિજયદયાસૂરિ, ભટ્ટા૦ વિજયધર્મસૂરિ, ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિના મહોપાધ્યાય (૬૫) પં૦ ખુશાલવિજયગણિના શિષ્ય પં૦ શ્રી ઉત્તમવિજયગણિ, મહો૦ સુમતિવિજયગણિના શિષ્ય પં૦ ઉત્તમવિજયગણિ વગેરે શ્રમણપરિવારને, પોતાના કુટુંબને અને બીજા થોડા જૈનોને સાથે લીધા હતા.

યાત્રાસંઘ સુરતથી નીકળી વહાણમાર્ગે ભાવનગર જઈ ગાડા રસ્તે સં. ૧૮૩૭ના પોષ સુદ ૫ ને મંગળવારે પાલિતાણા પહોંચ્યો. ત્યાં લલિતા સરોવરના કિનારે પડાવ નાખ્યો. સં૦ પ્રેમચંદ મોદીએ પાલિતાણાના ઠાકોર ઉનડજીને રખોપાની મોટી રકમ આપી સૌનો રખોપાકર માફ કરાવ્યો.

સંઘ ડેરા-તંબૂ લઈ ગિરિરાજ પર ચડ્યો. રસ્તામાં આંબડવાવ, ભૂખણની વાવ, નીલી પરબ, ધોળી પરબ, કુમારકુંડ, હીંગલાજનો હડો, માનમોડિયો, કોટનો દરવાજો, સૂરજપોળ, વાઘણપોળ, ચક્રેશ્વરી દેવીના મંદિરે થઈ શ્રી આદીશ્વર દાદાનાં દર્શન કરી મોદીએ બંધાવેલા જિનાલય પાસે ગયો. સૌ નવા જિનપ્રાસાદને જોઈને ખુશ થયા. મોદીએ તેની ચારે બાજુએ બીજાં મંદિરો બંધાવવાનો આદેશ આપ્યો અને પં૦ ખુશાલવિજયના શિષ્ય પં૦ ઉત્તમવિજયગણિને વિનંતી કરી કે, ''આપ હવે ભટ્ટારકજીને અહીં બોલાવો. તેઓ જલદી આવે એટલે પ્રતિષ્ઠા તરત કરાવવી છે.''

સંઘ અહીંથી યાત્રા કરી ભાવનગર, ઘોઘા થઈ વહાણ દ્વારા પરત સુરત પહોંચી ગયો.

૩. સુરતના સંઘવી પ્રેમચંદ લવજીએ શ્રી શત્રુંજયતીર્થમાં તૈયાર કરેલ પ્રેમચંદ મોદીની ટૂક વગેરે તથા ત્યાંના બધાંયે જિનમંદિરોની પ્રતિષ્ઠા કરાવવા માટે મુહૂર્ત જોવરાવ્યું. સં. ૧૮૪૩ મહા સુદિ ૧૧ ને સોમવારે પ્રાણપ્રતિષ્ઠા

દિવસ નક્કી કરવામાં આવ્યો. વળી, સંઘવીએ આ પ્રસંગે શત્રુંજયતીર્થનો ત્રીજો સંઘ કાઢવાનો પણ નિર્ણય કર્યો.

તેણે તપાગચ્છના ભટ્ટા૦ વિજયધર્મસૂરિને પ્રતિષ્ઠા કરવા વિનંતી કરી હતી; પરંતુ સં. ૧૮૪૧માં મારવાડના બુલંદનગરમાં ભટ્ટારકજી કાળધર્મ પામી ગયા. આથી તેમની પાટે સં. ૧૮૪૧ મહા સુદ ૧૦ ના આ૦ વિજયજિનેન્દ્રસૂરિને સ્થાપન કરવામાં આવતા, સંઘવીએ તેમને પ્રતિષ્ઠા કરવા એક વિજ્ઞપ્તિપત્ર સિરોહી મુકામે લખી મોકલ્યો.

સં૦ પ્રેમચંદ મોદીએ સુરતના સંઘને એકઠો કરી શત્રુંજયતીર્થનો સંઘ કાઢવાની તથા પ્રતિષ્ઠા કરાવવાની રજા માગી. શ્રીસંઘની સમ્મતિ મળતાં સાથોસાથ સૌને પધારવા વિનંતી કરી. જુદા જુદા નગરોના જૈન સંઘોને પણ કંકોત્રી મોકલી આમંત્રણ આપ્યું.

સુરતના વસતા શેઠ બોઘાશાહને શત્રુંજયતીર્થનો સંઘ કાઢવાની ભાવના હતી. તેણે સંઘવી મોદીને વિનંતી કરી કે, ''આપના સંઘમાં મારી ભાગીદારી રાખો.'' મોદીએ તેની વિનંતીનો સ્વીકાર કરતા સુરતના સંઘે (૧) પ્રેમચંદ મોદી અને (૨) હેમચંદ મોદી, (૩) જયચંદ મોદી તેમજ (૪) શેઠ બોઘાશાહને સંઘપતિનાં તિલક કર્યાં.

સંઘે સં. ૧૮૪૩ના માગ. સુદ ૨ ને સોમવારે સુરતથી પ્રયાણ કર્યું. તેણે અમદાવાદના નગરશેઠ વખતચંદને અમદાવાદથી પોતાના સંઘમાં સાથે લીધા.

સંઘે પાલિતાણા જઈ લલિતા સરોવરના કિનારે પડાવ નાખ્યો. ત્યાંના ઠા૦ ઉન્નડજીને બોલાવી રખોપાની મોટી રકમ આપી સૌ યાત્રિકોનો રખોપા કર માફ કરાવ્યો.

શ્રી શત્રુંજય ઉપર મોદીની ટૂકનાં બધાં જિનાલયો માટેની નવી જિનપ્રતિમાઓ તૈયાર થઈ ગયેલી હતી, તેમનાં શ્રીસંઘે દર્શન કર્યાં.

આ સંઘમાં અંચલગચ્છના ભટ્ટા૦ ઉદયસાગરસૂરિ અને પં૦ ખુશાલવિજય ગણિના શિષ્ય પં૦ ઉત્તમવિજયગણિ વગેરે સાથે હતા.

બીજી બાજુ તપાગચ્છના ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિ સંઘપતિની વિનંતી આવતાં સિરોહીથી સં. ૧૮૪૨-૪૩નું ચાતુર્માસ પૂર્ણ કરી તેઓશ્રી તથા તેમના મહોપાધ્યાય પં૦ ખુશાલવિજયગણિ વગેરેએ ત્યાંથી પાલિતાણા આવવા માટે વિહાર કર્યો.

તેઓ રોહાઈ પ્રદેશ, બ્રાહ્મણવાડા તીર્થ, રાજા નંદિવર્ધને ભરાવેલ જીવિતસ્વામીનું નાંદિયા તીર્થ, લોટાણામાં શ્રી આદિનાથ, વસંતગઢમાં ભ૦

શાંતિનાથ, હમીરપુરનો કોટવાળો જિનપ્રાસાદ વગેરેનાં દર્શન કરતાં કરતાં મગરવાડા પધાર્યા.

પોતે નવા ભટ્ટારક બન્યા હતા. તપાગચ્છની વિજયશાખાની મર્યાદા મુજબ મગરવાડામાં શ્રી માણિભદ્રજીની યાત્રા કરવી જરૂરી હતી. આથી તેઓ મગરવાડા પધારી ત્યાંથી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ વગેરેની યાત્રા કરી સૌરાષ્ટ્રના લીંબડી શહેરમાં પધાર્યા. અહીં તેમને સંઘવી મોદીના મુનિમે પાલિતાણા જલદી પધારવા ફરી વિનંતી કરી. આથી તેઓ મહા સુદિ ૮ ના ત્યાંથી વિહાર કરી મહા સુદિ ૧૦ના રોજ પાલિતાણા લલિતા સરોવરના કાંઠે પહોંચ્યા. સંઘપતિએ તેમનો પ્રવેશ-મહોત્સવ કર્યો.

બીજા જ દિવસે શત્રુંજય ઉપર મોદીની ટૂકની તેમના વરદ્ હસ્તે પ્રાણપ્રતિષ્ઠા કરાવવાની હતી. એ દિવસે સૌ શત્રુંજય ઉપર ગયા. સં૦ પ્રેમચંદ મોદી વગેરે ત્રણ ભાઈઓ અને શેઠ બોઘાશાહ ઇન્દ્રો બન્યા. પ્રેમચંદ મોદીની પત્ની વીજળી અને બોઘાશાહની પત્ની શેઠાણી ગુલાબબાઈ ઇન્દ્રાણી બન્યાં. પાલિતાણા શહેરમાં મોટા જિનાલયમાં નિત પૂજા, આંગી, રાત્રિજગો, પ્રભાવના વગેરે ચાલુ હતાં. શત્રુંજય તીર્થ ઉપર પણ રોજે રોજનો ઉત્સવ ચાલુ હતો.

ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિએ મહા સુદિ ૧૧ ને સોમવારે શુભ મુહૂર્તમાં સંઘવી પ્રેમચંદ મોદીના જિનપ્રાસાદની ટૂકનાં બધાં મંદિરોની તથા તેમાં બિરાજમાન કરવાના મૂળનાયક ભ૦ આદિનાથ વગેરે બધી પ્રતિમાઓની અંજનશલાકા–પ્રાણપ્રતિષ્ઠા કરી. (–એપ્રિગ્રાફિકા ઇન્ડિકા, ભા.૨, લે.નં. ૪૪)

પ્રતિષ્ઠા – એ જ આચાર્યશ્રીએ મહા વદિ ૫ ને બુધવારે મોદીની ટૂકના મોટા જિનાલયમાં તથા નાની-મોટી દેરીઓમાં મૂળનાયક શ્રી આદિનાથ વગેરે જિનપ્રતિમાઓનો પ્રવેશ કરાવી એ સૌની પ્રતિષ્ઠા–સ્થાપના કરી. આચાર્યશ્રીએ પ્રેમચંદ મોદીના જિનાલયનું નામ સર્વતોભદ્રપ્રાસાદ રાખ્યું. પ્રેમચંદ મોદીની ટૂકના મૂળનાયક આદિનાથની ગાદીમાં લેખ આ પ્રકારે છે –

''સંવત્ ૧૮૪૩ શાકે ૧૭૦૮ મહા સુદિ ૧૧ સોમવારે કાશ્યપ ગોત્રના, પરમાર વંશના દશા શ્રીમાલી, અસલમાં રાજનગરના વતની પ્રેમચંદે શ્રી આદિનાથની જિનપ્રતિમા ભરાવી અને તપગચ્છના ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિએ તેની પ્રાણપ્રતિષ્ઠા કરી.'' (–ડૉ. બુલ્હરના લીટ્સના આધારે શ્રી જિનવિજયજીનો 'જૈન પ્રાચીન લેખસંગ્રહ' ભા.૨, અવલોકન પૃ. ૫૩)

વિઘ્ન અને શાંતિ – નોંધપાત્ર ઘટના એ છે કે, મહા સુદિ ૧૦ ને રવિવારે શત્રુંજયગિરિ પર જોરથી હવા ફૂંકાવા લાગી, વીજળી ચમકવા લાગી, વરસાદનો ગર્જારવ થયો અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો.

સૌ કોઈ મૂંઝાયા કે આવતી કાલે શ્રી આદિનાથ વગેરે જિનપ્રતિમાઓની અંજનશલાકા થશે કે નહીં ? પરંતુ મહા સુદિ ૧૦ ની રાત પૂરી થતાં જ આ બધું તોફાન શાંત થઈ ગયું. અને મહા સુદિ ૧૧ ને સોમવારે ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિએ ઘણા આનંદથી શ્રી આદિનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા કરી. સંઘમાં ઘણો આનંદ વર્તી રહ્યો.

પછી તો સંઘ અહીં વધુ રોકાયો. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે સંઘે પગપાળા શ્રી આદીશ્વર દાદાની યાત્રા કરી અને છ કોશની જુદી જુદી પ્રદક્ષિણા વગેરેથી પણ યાત્રા પૂરી કરી.

ભટ્ટારકજી અને સંઘ યાત્રા કરી નીચે શત્રુંજયની તળેટીએ આવ્યા. અહીં પ્રેમચંદ મોદીએ ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિને પોતાના ઉતારા સ્થાને પધરાવી સ્નાત્ર પૂજા કરી બે શાલ ઓઢાડી. બીજા ભટ્ટા૦ ઉદયસાગરસૂરિ વગેરે અને ઉપાધ્યાયોને પણ સ્નાત્ર પૂજા કરી એકેક શાલ ઓઢાડી. યતિવર્યો પણ આવ્યા હતા તે સૌનું બહુમાન કર્યું. શ્રાવક-શ્રાવિકાઓને પોતાને ત્યાં પધરાવી સ્વામિવાત્સલ્ય કર્યું.

મોદીની ટૂકના પ્રતિષ્ઠા–ઉત્સવમાં સુરત, અમદાવાદ, પાટણ, ખંભાત, કપડવંજ, પાલનપુર, મારવાડ, કાંકરેજી વિભાગ, ઔરંગાબાદ, આગરા, બુરહાનપુર, હૈદ્રાબાદ, ભાવનગર, ભરૂચ, ઘોઘા, નવાનગર, કંઠાલનો પ્રદેશ, ડભોઈ, વડોદરા, પેટલાદ, મિયાગામ, જંબૂસર, કાવી વગેરે અને ઝાલાવાડથી મોટી સંખ્યામાં જૈનો આવ્યા હતા. સંઘપતિએ તે સૌને બોલાવી આદર સાથે જમાડ્યા અને ફોફલ–પાન આપ્યાં.

સંઘે ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિને આ ચાતુર્માસ સુરતમાં કરવા વિનંતી કરી, જય બોલાવી.

સંઘે પાલિતાણાથી પ્રયાણ કર્યું. પહેલા મુકામે શા૦ કેશરીચંદ લાધાએ આવી ભટ્ટારકજીને વિનંતી કરી કે, ''આપ મારી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી પછી પધારો.'' ભટ્ટારકજીએ તેમની વિનંતીને માન આપી પ્રતિષ્ઠા કરાવવા માટે ઉપા૦ દયાલવિજયજીને પાલિતાણા પાછા મોકલ્યા.

સંઘ પાલિતાણાથી નીકળી શિહોર, ભાવનગર, ઘોઘા થઈને ભાવનગર પુનઃ ગયો. સુરતના ઘણા યાત્રાળુઓ ભાવનગરથી વહાણદ્વારા સુરત ગયા. ભટ્ટારકજી, સંઘવી અને બાકી રહેલા સંઘે ભાવનગરથી પગપાળા વરતેજ, પીપળી થઈ આરો વટાવી ફાગણ સુદ ૧૩ ના સહુ ખંભાત પહોંચ્યા. ત્યાંથી પેટલાદ, જંબૂસર, ગંધાર, ભરૂચ, અંકલેશ્વર, વરિયાવ, કતારગામ અને શેઠની વાડીના રસ્તે થઈ સુરત શહેરમાં પહોંચ્યા.

ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિ અને મહો૦ ખુશાલવિજયજી વગેરે સુરતમાં સં.

૧૮૪૩માં ચાતુર્માસ રહ્યા. પં૦ ઋદ્ધિસાગરગણિના શિષ્ય પં૦ ઋષભસાગરગણિ, જેઓ કવિ હતા, તે પણ સાથે રહ્યા. તેમણે સં. ૧૮૪૩ના જેઠ વદિ ૩ ને સોમવારે સુરતમાં 'મોદી પ્રેમચંદના શત્રુંજયસંઘનો રાસ' (ઢાળ–૨૧, ગ્રં. ૭૩૫) રચ્યો અને સં. ૧૮૪૩ના બીજા શ્રાવણ વદિ ૫ ના તે પોતાના હાથે લખ્યો.

આ રચના ઉપરાંત તેમણે 'વિદ્યાવિલાસરાસ' અને સં. ૧૮૪૮માં 'ગુણમંજરી–વરદત્ત ચોપાઈ' તથા આગરામાં ગુજરાતી-મારવાડી ભાષામાં તેમજ સુરતમાં 'જિનસ્તવન ચોવીશી' રચ્યાં.

મોદીની ટૂકનો જીર્ણોદ્ધાર –

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સં. ૧૯૯૨માં અમદાવાદની નાગજી ભૂધરની પોળના નિવાસી શેઠ પૂંજાભાઈ નગીનદાસના નામે, તેમનાં પત્ની સુશ્રાવિકા ભૂરીબહેને રૂા. ૧,૧૨,૧૫૧ની આપેલ રકમ સ્વીકારી સં૦ પ્રેમચંદ મોદીની ટૂકના મુખ્ય જિનાલય, ગૌતમસ્વામીની દેરી, બીજી દેરીઓ તથા વડોદરાવાળાના નામથી ઓળખાતા જિનાલય અને આખા ચોકનો જીર્ણોદ્ધાર કર્યો.

(૫) પ્રેમચંદ મોદી, ગોવિંદજી મસાલિયા અને ઉદયરામજી દીવાનનો યાત્રાસંઘ

પ્રેમચંદ મોદી સુરતી તથા શા૦ ગોવિંદજી મસાલિયા રાઘનપુરી અને શેઠ ઉદયરામજી લીંબડીના દીવાન – એ ત્રણેએ મળીને સંઘપતિ બની સં. ૧૮૫૨માં તપાગચ્છના ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિની અધ્યક્ષતામાં ગુજરાતના મોરવાડાનો શ્રી ગોડીજી પાર્શ્વનાથનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો અને ચૈત્ર વદ ૨ ના રોજ યાત્રા કરી સંઘમાળા પહેરી.

આ સંઘમાં પં૦ પદ્મવિજયગણિ અને મુનિ રંગવિજયજી સાથે હતા. તેમણે તે જ દિવસે 'ગોડી પાર્શ્વનાથનું સ્તવન' (કડી : ૯) રચ્યું. અને તેમણે અગર મુનિ રંગવિજયજીએ સં. ૧૮૫૪ના શ્રાવણ સુદ ૧૩ ના તેની બીજી પ્રતિલિપિ કરી. (–'શેઠ શાંતિદાસનો રાસ' પૃ. ૮૪; જૈન સત્ય પ્રકાશ, ક્ર. ૧૬૧, પૃ. ૭૩; શ્રી ગોડીજી સ્મારક ગ્રંથ, મુંબઈ, પૃ. ૬૧)

(૬) સંઘપતિ ડાહ્યાભાઈ લાલભાઈ નવલખા –

સુરતના શેઠ ડાહ્યાભાઈએ સં. ૧૮૬૨માં સુરતથી મોરવાડાનો શ્રી ગોડીજી પાર્શ્વનાથ તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેઓ અમદાવાદમાં નગરશેઠ વખતચંદને મળ્યા હતા. તેમણે સંઘમાંથી પાછા સુરત આવી વડાચૌટામાં નગરશેઠની પોળમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથનું મોટું જિનાલય બંધાવ્યું.

(પૃ. ૬૩, ક્રમાંક : ૧૭ જુઓ)

(૭) સંઘપતિ શેઠ ધરમચંદ ઉદયચંદ –

સુરતના શેઠ ધરમચંદ ઉદયચંદે છ'રી પાળતા બે યાત્રાસંઘો કાઢ્યા હતા.

(૧) સં. ૧૯૪૫માં શાંતમૂર્તિ મુનિરાજ શ્રી મોહનલાલજી મહારાજના ઉપદેશથી શ્રી કેસરિયાજી તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો, જેમાં લગભગ ૧૫૦ સાધુ-સાધ્વીઓ સાથે હતાં અને લગભગ ૧૪૪૦ શ્રાવક-શ્રાવિકાઓ હતાં.

(૨) સં. ૧૯૪૯માં સુરતથી શ્રી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ શ્રી મોહનલાલજી મહારાજ (જુઓ પૃ. ૭૫–૭૬, જીવનપરિચય)ની નિશ્રામાં કાઢ્યો હતો. લગભગ સવામહિને એ પાલિતાણા પહોંચ્યો હતો. પાલિતાણાના ઠાકોર સાહેબ સંઘનું સામૈયું કરવા સામે આવ્યા હતા, યાત્રાસંઘની ખૂબ યાદગાર રીતે સમાપ્તિ થઈ હતી.

(૮) શેઠ અભયચંદ સ્વરૂપચંદ –

આગમોદ્ધારક પૂ૦ આ૦ શ્રી આનંદસાગરસૂરિના ઉપદેશથી શેઠ અભયચંદ સ્વરૂપચંદે સુરતથી શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થ (શિરપુર–આકોલા)નો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

આ સંઘમાં સાથે જિનપ્રતિમા હતી. સંઘપતિએ તેને લઈને શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથની ગાદી ઉપર (પાસે) રાખી; પરંતુ બે-ચાર દિગંબરભાઈઓએ આવીને તે મૂર્તિને દૂર ફેંકી દીધી. આથી આચાર્યદેવ, સૌ મુનિવરો અને ચતુર્વિધ શ્રીસંઘને ઘણું દુઃખ લાગ્યું. પરિણામે આશાતના કરનાર ઉપર સામનો થયો. ભારે ઝઘડો ઉપસ્થિત થયો અને બાસીમ તેમજ નાગપુરની કોર્ટમાં ફોજદારી કેસ ચાલ્યો.

નાગપુરની કોર્ટમાં આ કેસ ચલાવનાર બે ન્યાયધીશો હતા. દિગંબરોએ તેમને ફોડવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ કિસનચંદજી પટ્ટણી તથા કેશવજીભાઈએ પ્રચારેલ ચાંદીના જુત્તાના મોરના ખુલાસાથી તે પ્રયત્નો નિષ્ફળ ગયા. વિદ્વાન ન્યાયધીશોએ આચાર્યદેવની જુબાનીમાંથી તારવ્યું કે, આ કેસમાં માત્ર મુનિરાજ જ સત્યવાદી છે, બીજા સૌ જુઠા છે. તો હું આ૦ શ્રી આનંદસાગરસૂરિને નિર્દોષ જાહેર કરું છું અને બીજાઓને ગુના પ્રમાણે શિક્ષા કરું છું.

આ પ્રમાણે ત્યાં શ્વેતાંબરોનો વિજય થયો હતો અને પછીના ઝગડાઓમાં પણ અદાલત તરફથી વારંવાર જાહેર કરવામાં આવ્યું હતું કે, આ તીર્થ શ્વેતાંબરોનું છે અને આ પ્રતિમા પણ શ્વેતાંબરોની છે. શ્વેતાંબરોએ ભાઈચારો રાખી દિગંબરોને જે હક આપ્યો છે તેથી તેમના માટે નુકસાનકારક તત્ત્વ ઊભું થયું છે.*

★ સને ૨૦૦૦ પૂર્વેથી અહીં દેરાસર–ગભારાને સીલ લાગેલ છે.

(૯) સંઘપતિ જીવણચંદ નવલચંદ ઝવેરી –

સં૦ જીવણચંદ નવલચંદ ઝવેરીએ પૂ૦ આ૦શ્રી આનંદસાગરસૂરિના ઉપદેશથી સં. ૧૯૭૬માં સુરતથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. સંઘ સુરતથી ખંભાત, ઘોલેરા બંદરના રસ્તે થઈ પાલિતાણા પહોંચ્યો.

આ સંઘમાં પૂ૦ આ૦શ્રી સાગરાનંદસૂરિ, પં૦ વિજયસાગરગણિ, પં૦ માણેકસાગરગણિ વગેરે તેમજ પં૦ મણિવિજયગણિ, મુનિ કુમુદવિજય, મુનિ સુમતિવિજય વગેરે સાધુઓ સાથે હતા.

આ ગ્રંથના લેખકો મુનિશ્રી દર્શનવિજયજી, મુનિશ્રી જ્ઞાનવિજયજી અને મુનિશ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી મહારાજ) ત્યારે ઘોલેરા બંદરમાં હતા. અમદાવાદના ધર્મપ્રેમી શ્રાવક વીરચંદ ભગત આ સંઘના પડાવની અગાઉથી વ્યવસ્થા કરતા હતા. તેમણે આ ત્રિપુટી મહારાજને સંઘમાં પધારવા વિનંતી કરી તથા શાંતમૂર્તિ સિદ્ધિવિજયજીના શિષ્ય મુનિ કલ્યાણવિજયજીને પણ સંઘમાં સાથે આવવા આગ્રહ કર્યો; અને અમે સૌ ઘોલેરા બંદરથી સંઘમાં સાથે જોડાયા. સંઘ પાલિતાણા પહોંચ્યો. ત્યાં શત્રુંજય તીર્થની યાત્રાપૂર્વક સંઘવીની સાનંદ સંઘમાળ થઈ.

આ૦ શ્રી સાગરાનંદસૂરિજી વગેરે મુનિવરો અને સંઘપતિ વગેરે શ્રાવકો સં. ૧૯૭૬માં ચાતુર્માસ પાલિતાણામાં જ રહ્યા. વળી, પૂ૦ મુનિ કાંતિવિજયજી, પૂ૦ મુનિ પુણ્યવિજયજી વગેરે મુનિવરો પણ પાલિતાણામાં ચાતુર્માસ રહ્યા હતા. આથી સંઘમાં ઘણો આનંદ વર્તી રહ્યો.

પૂ૦ આ૦શ્રી સાગરાનંદસૂરિએ સં. ૧૯૭૨માં પાટણના ચાતુર્માસથી મુનિરાજોને આગમનું જ્ઞાન આપવા માટે આગમવાચના ચાલુ કરી હતી તે સં. ૧૯૭૬ના પાલિતાણાના ચાતુર્માસમાં પણ આગમવાચના આપવાના હતા.

તેથી ઘણા મુનિવરો, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ આગમનું પઠન અને શ્રવણ કરવા માટે અહીં ચોમાસું રહ્યાં હતાં. આ૦ શ્રી સાગરાનંદસૂરિજીએ પાલિતાણાના આ ચાતુર્માસમાં ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, સામાચારીગ્રંથ, ભગવતીશતક ૧ થી ૮, પન્નવણા સૂત્ર પદ ૧ થી ૩૩ વગેરે આગમોની વાચના આપી. આ ગ્રંથના લેખક પૂ૦ ત્રિપુટી મહારાજે પણ આ આગમવાચનાનો લાભ લીધો હતો.

સંઘપતિના પુત્ર તથા તેની ધર્મપત્નીએ ભાગવતી દીક્ષા અંગીકાર કરી છે. તેમનાં નામ અનુક્રમે મુનિ જિતેન્દ્રવિજય (જુઓ આ જ પ્રકરણમાં પૃ. ૭૮, જીવનપરિચય) તથા સાધ્વી જયપ્રભાશ્રી છે.

મુનિ જિતેન્દ્રવિજયજીએ પૂનામાં 'જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ' નામની સંસ્થાની સ્થાપના કરી છે. સાધ્વી જયપ્રભાશ્રીના ઉપદેશથી સં. ૨૦૧૨ વૈશાખ સુદ ૧૩ના રોજ મેરઠ સદરમાં પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી મહાવીરસ્વામીની જિનપ્રતિમા પધરાવવામાં આવી હતી. આ પ્રતિમા આજે મેરઠ જૈન સંઘના મોટા જિનાલયમાં બિરાજમાન છે.

સુરતનાં જૈન મંદિરો

૧. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય –

સુરતમાં પ્રાચીન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ હતો. સંભવ છે કે મંત્રી ગોપીએ અથવા અમદાવાદના શેઠ શાંતિલાલ ઝવેરીએ (પોતાનો ને સુરતનો અભ્યુદય થયો તે કારણે) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદ બંધાવ્યો હોય.

ઇતિહાસ કહે છે કે, ''સં. ૧૬૯૪માં બાદશાહ શાહજહાંના રાજ્યમાં શાહજાદો ઔરંગઝેબ ગુજરાતનો સૂબો બન્યો હતો. તેણે સં. ૧૬૯૪માં અમદાવાદમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનો જિનપ્રાસાદ તોડી તેની મસ્જિદ બનાવી હતી; પરંતુ શેઠ શાંતિદાસ ઝવેરીની વિનંતીથી બાદશાહ શાહજહાંએ તે જિનપ્રાસાદ રાજ્યના ખરચે ફરી બનાવી આપ્યો હતો.''

ઔરંગઝેબના વખતમાં મુસલમાનોએ સુરતનો શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદ તોડી તેની મસ્જિદ બનાવી હતી, જે સુરતમાં મીરજાસ્વામીનો ચકલો અને વરિયાવ ગેટની વચ્ચે રસ્તામાં જમણી બાજુએ મીરઝાસાંઈની મસ્જિદના નામથી છે.

દંતકથા મળે છે કે, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની જિનપ્રતિમા મસ્જિદ પાસેની ભૂમિમાં હતી. તપાગચ્છની વડી પોષાળના એક શ્રાવકને તે પ્રતિમા ત્યાં જમીનમાં હોવાનું સ્વપ્ન આવ્યું. તેણે તે સ્વપ્ન એક યતિવરને જણાવી તે પ્રતિમાને બહાર કાઢી. ત્યાં જ મોટો જિનપ્રાસાદ બંધાવવાનું નક્કી કર્યું. યતિવરે તે શેઠને બે વીશાયંત્રો, ૧ સોપારી, ૮ કોડી તથા ૧ મંતરેલી ધનની કોથળી આપી. શેઠે તે કોથળીમાંથી ધન કાઢીને ૭૨ દેવકુલિકાવાળો જિનપ્રાસાદ બંધાવ્યો. તેમાં વિવિધ કોરણી કરી સોનેરી રંગો પુરાવ્યા; પણ એક દિવસે તેણે તે કોથળી ભૂલથી ઊંધી કરી ઝાટકી નાખી, એટલે તે કોથળી ખાલી થઈ ગઈ. તે પછી કોથળી કદી ભરાઈ નહીં ને તેમાંથી કંઈ ધન મળ્યું નહીં.

શેઠે મોટો ઉત્સવ કરી ભટ્ટા૦ રાજસાગરસૂરિ (સં. ૧૭૨૧) તથા ભટ્ટા૦ વૃદ્ધિસાગરસૂરિના હાથે તે નવા જિનપ્રાસાદમાં ભ૦ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની મૂળ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

વૃદ્ધો કહે છે કે, આ પ્રતિષ્ઠા પછી (બેથી અઢી દાયકા સુધી) કશો સુધારો-વધારો કરાયો નથી.

આ જિનપ્રાસાદમાં સુંદર કોતરણીનું કામ કરેલું હતું. એમ કહેવાય છે કે, સંઘે આ મંદિરના નમૂનાનું સુખડનું મોડલ (નકશો) તૈયાર કરાવી લંડનના મ્યુઝિયમમાં મોકલ્યું હતું; જેની કીમત ૩૬,૦૦૦ રૂા. થઈ હતી.

એક યંત્રલેખ મળે છે કે – ''સંવત્ ૧૭૫૬ ચૈત્ર સુદિ ૫ દિને ગુરુવાસરે પાદશાહ શ્રી અવરંગને પૂ૦ વિદ્યામાન શ્રી વૃદ્ધિસાગરસૂરિ.''

સમય જતાં આ મંદિર જૂનું થયું. ભમતીની ૨૮ દોરીઓ તૂટી ગઈ. કોતરકામ અને રંગકામ બગડી ગયાં. અંતે હીરુમામા જૈને સને ૧૯૦૬–૧૯૦૭માં તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો.*

★ **સંપાદકીય નોંધ :** આ ટિપણી બીજી આવૃત્તિમાં લેવામાં આવે છે. શેઠ આણંદજી કલ્યાણજી પેઢી–અમદાવાદ દ્વારા સં. ૨૦૧૦માં પ્રગટ થયેલ ગ્રંથ 'જૈનતીર્થ સારસંગ્રહ', ખંડ ૧, ભાગ ૧, વિશેષ નોંધનાં પૃ. નં. ૩૧-૩૨, ક્રમાંક ૬માં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય સંબંધી આપેલ વિગત નીચે સાભાર પ્રગટ કરીએ છીએ.

''શાહપુર (મહોલ્લા)માં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ઘણું પ્રાચીન મંદિર છે. આ દેરાસર વડી પોષાળ (તપા)ગચ્છનું કહેવાય છે. મંદિરમાં લાકડાનું નકશીકામ ઘણું ઉત્તમરીતે કરેલું છે... રંગનું કામ પણ ઉત્તમરીતે આલેખ્યું છે. જીર્ણોદ્ધાર સમયે બહુ કાળજીથી કામ લેવાયું હોય એમ લાગે છે. અહીં કુમારપાલ નરેશ અને શ્રી હેમચંદ્રાચાર્યનું તૈલચિત્ર બહુ મોટું અને સુંદર છે. મૂળ દેરાસરમાં બાવન જિનાલય હતાં. જીર્ણોદ્ધાર સમયે તે કઢાવી નાખી મૂળનાયકના ગભારાની આસપાસ તે ચોવીશી વગેરે ગોઠવવામાં આવી છે.

આ મંદિર અને તેના મૂળનાયક વિશે એમ કહેવામાં આવે છે કે – અત્યારે જે મેરઝા સામેની મસ્જિદ છે તે પહેલાં જૈનમંદિર હતું. એમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની મૂર્તિ હતી. આ મંદિરને મુસલમાનો તોડવા આવ્યા ત્યારે દેરાસરના દરવાજા બંધ થઈ ગયા હતા. એક સમયે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની મૂર્તિ કૂવામાં હોવાનું એક શ્રાવકને સ્વપ્ન આવ્યું. તે વાત તેણે એક યતિને કરી. સાથે જણાવ્યું કે, 'મારી પાસે કંઈ જ મૂડી નથી.' આથી યતિજીએ તેને એક કોથળી આપીને કહ્યું કે, 'તું દેરાસર બંધાવ. એ માટે તારે આમાંથી જેટલા રૂપિયા જોઈએ તેટલા કાઢજે પણ કોથળીને ઊંધી વાળીશ નહિ.' પછી તો એ મૂર્તિ કૂવામાંથી કાઢવામાં આવી; અને દેરાસર બંધાવ્યું. આજે એ કૂવો અને એ કોથળી મોજુદ છે. 'ગુજરાત સર્વસંગ્રહ' (પૃ. ૫૩૧)માં આ મંદિર વિશે ઉલ્લેખ છે કે – 'મેરઝા સામેની કબર (સને) ૧૫૪૦માં ખુદાવિંદખાને બંધાવી છે. કબર પાસે લાકડાની મસ્જિદ છે તે શાહપુર મહોલ્લાનું જૈન દેવળ (દેરાસર) હતું; તે તોડીને તેમાંના સામાનથી (મસ્જિદ) બંધાવી છે.

આ ઉપરથી જણાય છે કે આ ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર પંદરમા સૈકામાં હોવું જોઈએ. તેની સાથે જૈનોની કેટકેટલી સમૃદ્ધિ, ઇતિહાસ અને સંસ્કૃતિ કાળનો ભોગ થઈ પડી એ પણ સ્પષ્ટ સમજાશે.

સંઘે કોતરણીવાળાં લાકડાની છત તથા લાકડાં નજીવી કીમતે વેચી નાખી ભમતીની ૨૪ દેરીઓના સોનાનું રંગકામ કરાવ્યું.

(શ્રી દિનેશ નર્મદાશંકર ત્રિવેદી (સેનેટરી ઈન્સ્પેક્ટર, પીતાંબર ફળી, સોનાફળિયા)નો 'પ્રતાપ' નામના છાપામાં આવેલો લેખ – ''સુરતનું એક કલામંદિર-ચિંતામણિ જૈન દેરાસર'', 'સૂર્યપુરનો સુવર્ણયુગ' પૃ. ૬૨-૬૫)

૨. હીરવિહાર –

સં. ૧૬૭૩ના પોષ વદિ ૫ ને ગુરુવારે સુરતના નિઝામપુરામાં જગતગુરુ આ૦ વિજયહીરસૂરિ પધાર્યા હતા.

ઉપા૦ નેમિસાગરગણિના ઉપદેશથી શરૂ થયેલા હીરવિહારની પ્રતિષ્ઠા તથા તેમાં આ૦ વિજયહીરસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા સં. ૧૬૭૬ના પોષ સુદ ૧૫ના પં૦ લાભસાગરગણિએ કરી હતી. (પ્રક. ૫૫, પૃ. ૩૯૭)

સં. ૧૬૭૫-૭૬માં ઉપા૦ રત્નચંદ્રગણિએ સુરતના એ હીરવિહારમાં ભ૦ ઋષભદેવની અને અન્ય ૭૨ જિનપ્રતિમાઓની તેમજ આ૦ વિજયહીરસૂરિ અને આ૦ વિજયસેનસૂરિની ચરણપાદુકાઓની તથા તપાગચ્છના ૭ નાયકોની મૂર્તિઓની અને તપાગચ્છના ૪ ઉપાધ્યાયોની ચરણપાદુકાઓ વગેરેની પ્રતિષ્ઠા કરી હતી.

તપાગચ્છની સાગરશાખાના ભટ્ટા૦ લક્ષ્મીસાગરસૂરિનાં ચરણપાદુકાની અને સ્તૂપની પ્રતિષ્ઠા હીરવિહારમાં તેમના પટ્ટધર ભટ્ટા૦ કલ્યાણસાગરસૂરિએ કરી હતી.

➡ શ્રી નર્મદાશંકર ત્રિવેદી આ મંદિરમાંની કળા વિશે એક લાંબા લેખ દ્વારા માહિતીપૂર્ણ હકીકતો નોંધે છે. અહીં એનો વિસ્તાર ન કરતાં ટૂંકમાં સારભાગ આપું છું.

આ મંદિરના સ્તંભના શિરોભાગથી તે છેક છેવટ સુધી લતાનાં ચિત્ર અને શિરોભાગ આંબળાના આકાર જેવો ઘટાદાર ને વચ્ચે જરા ફૂલેલો હોય છે, તેનેં કાંગરા હોય છે. સ્તંભોનું કોતરકામ પણ એવું જ (સુંદર) છે. તેમાં યક્ષ, યક્ષિણી, અષ્ટ-દિગ્પાલો અને જૈન કથાપ્રસંગો, ઘોડા અને હાથી સાથેની દેવોની સવારી વગેરે કોતરેલું છે. એકીટશે જોવાથી એ કોતરકામ ઉપસીને આપણી તરફ ધસી આવતું હોય એવો ભાસ થાય છે. ચિત્રોનો યથોચિત ઘાટ એ ચિત્રકારોની કુશળ કારીગરી અને સૌન્દર્યવિષયક ઉચ્ચ કલ્પનાનો દ્યોતક છે... રંગની યોજનામાં પણ ચિત્રો સફળ છે. સોનેરી રંગ એવો કુશળતાથી પુરાયો છે કે આજે સૈકાઓ વીત્યા છતાં રંગ જેટલો ઝાંખો પડવો જોઈએ એવો પડ્યો નથી. સ્તંભો પરનું સોનેરી રંગકામ ઝાંખું પડતું જોઈને તેવો ઉઠાવ લાવવા માટે સ્તંભો રંગવાનું કામ અહીંના વહીવટદારે આજથી વીશેક વર્ષ પહેલાં કરાવેલું પરંતુ બીજે જ વર્ષે એ સ્તંભોનું રંગકામ ઝાંખુ પડવા માંડ્યું હોવાથી વધુ કામ અટકાવી દીધું.

૩. શ્રી ચંદ્રપ્રભ (નંદીશ્વરદીપ)નું જિનાલય –

સુરતના સૈયદપરામાં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું દેરાસર છે. તેની બહાર નાની દેરીમાં આ૦ હીરવિજયસૂરિની ચરણપાદુકા પ્રતિષ્ઠિત છે.

(સં. ૧૬૬૦માં સાંકળચંદ શેઠ નામના શ્રાવકે આ દેરાસર બંધાવ્યું એમ કહેવાય છે. આ દેરાસરના ભોંયરામાં ભ૦ અરનાથની પ્રતિમા છે. આ અને મૂળનાયકની પ્રતિમા સંપ્રતિ રાજાના સમયની કહેવાય છે. આમાં નંદીશ્વરદ્વીપની કલાત્મક અને મનોહર રચના હોવાથી આને 'નંદીશ્વરદ્વીપનું મંદિર' પણ કહે છે. લાકડાનું કોતરકામ બહુ મૂલ્યવાન અને નમૂનેદાર છે. તેના ઉપરનું રંગકામ પણ બહુ જ સુંદર છે. આ નંદીશ્વરદ્વીપની રચના આ૦ જ્ઞાનવિમલસૂરિની પ્રેરણા અને દેખરેખ નીચે કરવામાં આવી હતી. તેમના સ્વર્ગવાસના વર્ષમાં આ દેરાસરના ચોકમાં તેમનાં પગલાંની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ દેરાસરના છેલ્લા ઉદ્ધાર પછીની પ્રતિષ્ઠા સં. ૧૯૬૦ વૈશાખ સુદ ૧૦ના રોજ શેઠ ધરમચંદ ઉત્તમચંદના પુત્રોએ કરાવી છે. જુઓ : 'જૈન તીર્થ સર્વસંગ્રહ' ભા. ૧, પૃ. ૩૨)

૪. સૂર્યપુરમંડન પાર્શ્વનાથ જિનપ્રાસાદ –

સં. ૧૬૭૮ના કારતક વદ ૫ ને ગુરુવારે પુનર્વસુ નક્ષત્રમાં સુરતમાં ઉપા૦ રત્નચંદ્રગણિએ સૂર્યપુરમંડન પાર્શ્વનાથ જિનપ્રાસાદે શ્રી પાર્શ્વનાથ આદિ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

આ જિનપ્રાસાદની પુનઃ પ્રતિષ્ઠા સં. ૧૯૫૬માં શાંતમૂર્તિ મુનિરાજ શ્રી મોહનલાલજી મ.ના ઉપદેશથી શેઠ જીવણચંદ ધરમચંદ તથા શેઠ બાબુલાલ મૂળચંદે કરાવી છે.

૫. અગિયાર જિનપ્રાસાદો –

સં. ૧૬૮૯માં સુરતમાં (૧) ઋષભદેવ, (૨) અજિતનાથ, (૩) સંભવનાથ, (૪) અભિનંદનસ્વામી, (૫-૬) ધર્મનાથ, (૭) શાંતિનાથ, (૮) કુંથુનાથ, (૯) ચિંતામણિ પાર્શ્વનાથ, (૧૦) શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ અને (૧૧) ઉમરવાડીમાં જીરાવલા પાર્શ્વનાથ – એમ ૧૧ જિનપ્રાસાદો હતા. (મહો૦ વિનયવિજય કૃત 'સૂર્યપુર ચૈત્યપરિપાટી', કડી : ૧૪)

૬. કતારગામ (સુરત)નું ભ૦ આદીશ્વર જિનાલય –

કતારગામમાં શ્રી આદીશ્વર ભ૦નું સં. ૧૭૦૦ લગભગનું સુંદર બાંધણી અને કારીગરીયુક્ત અતિ પ્રાચીન જિનાલય છે. આનો જીર્ણોદ્ધાર પૂ. મુ. મોહનલાલજી મહારાજના ઉપદેશથી શ્રીસંઘે સં. ૧૯૪૮ થી સં. ૧૯૫૫ સુધીમાં પૂર્ણ કરી એ જ વર્ષમાં વૈશાખ સુદ ૧૩ના તેની પુનઃ પ્રતિષ્ઠા શ્રી મોહનલાલજી

મહારાજ હસ્તક કરાવી હતી. એ દિવસે શ્રી નગીનચંદ કપૂરચંદ ઝવેરીએ (કે શેઠ રૂપચંદ લલ્લુભાઈએ) મૂળનાયક પ્રભુને ગાદીનશીન કર્યા હતા.

આ દેરાસરની સામે જ શ્રી પુંડરીકસ્વામીનું દેરાસર છે. દેરાસરની પાછળ શ્રી આદીશ્વર ભ૦નાં પગલાં અને રાયણવૃક્ષ છે. આ દેરાસરો શત્રુંજયાવતારરૂપે તીર્થસ્થાન મનાય છે. દર વર્ષે કાર્તિકી પૂનમ અને ચૈત્રી પૂનમે અહીં મેળો ભરાય છે. ['જૈન તીર્થ સર્વસંગ્રહ' (ભાગ ૧, પૃ. ૩૨)માંથી સાભાર ઉદ્‌ધૃત.]

૭. સં. ૧૭૫૫માં સુરતમાં (૧) શ્રી ઋષભદેવ, (૨) શ્રી ધર્મનાથ, (૩) શ્રી શાંતિનાથ, (૪) શ્રી કુંથુનાથ, (૫) શ્રી નમિનાથ, (૬) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ વગેરે જિનપ્રાસાદો પ્રસિદ્ધ હતા.

(—આ૦ જ્ઞાનવિમલસૂરિ કૃત 'તીર્થમાલા')

૮. આ૦ જ્ઞાનવિમલસૂરિના વરદ્‌ હસ્તે સં. ૧૭૬૬ કે ૧૭૭૬માં (જુઓ પૃ. ૩૮) તથા સં. ૧૭૭૬ ચૈત્ર સુદ ૧૧ ને બુધવાર, સં. ૧૭૭૭ મહા સુદ ૧૧ ને બુધવાર અને સં. ૧૭૮૦ વૈશાખ વદ ૯ ના રોજ સુરતના જુદા જુદા જિનપ્રાસાદોમાં અનેક જિનપ્રતિમાઓની તેમજ સં. ૧૭૮૨ અષાઢ વદ ૪ ને ગુરુવારે ભટ્ટા૦ સૌભાગ્યવિમલસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા થઈ હતી.

('સૂર્યપુરનો સુવર્ણયુગ' પૃ. ૫૪ થી ૭૪)

૯. દશ મોટા જિનપ્રાસાદો અને ૨૩૫ નાનાં દેરાસરો –

સં. ૧૭૯૩ (કે ૧૭૯૭) માગસર વદ ૧૦ ને ગુરુવારે સુરતમાં ૧૦ મોટા જિનપ્રાસાદો, ૨૩૫ (!) નાનાં દેરાસરો (ઘરદેરાસરો આદિ), ૩ ભોંયરાવાળા જિનાલયોમાં ૩૯૭૨ જિનપ્રતિમાઓ, પાંચ ધાતુની પંચતીર્થીઓ, ૨૪ ચોવીશ જિનવટા – એમ મળીને હજારોની સંખ્યામાં જિનપ્રતિમાઓ હતી.

(કડુઆમતના સંવરી લાધા શાહકૃત 'સુરત ચૈત્યપરિપાટી સ્તવન' સં. ૧૭૯૩)

૧૦(આ). સુરતનું પરું રાંદેર, સુરતથી પણ વધુ પ્રાચીન છે. રાંદેરમાં મોટા દેરાસર નામે પ્રસિદ્ધ નિશાળ ફળિયામાં શ્રી આદિનાથ ભ૦નું વિશાળ જિનાલય સં. ૧૮૦૦ લગભગનું અને શ્રી પાર્શ્વનાથ ભ૦નું જિનાલય સં. ૧૭૦૦ લગભગનું છે. શ્રી ઋષભદેવ નાભિરામની જૈન પેઢી હસ્તક અન્ય બે દેરાસરો, ચાર ઉપાશ્રયો, બે ધર્મશાળા, એક પુસ્તકાલય છે. આ દેરાસરોમાં ૧૫મા સૈકાની પ્રાચીન મૂર્તિઓ અને અન્ય અનેક વિશેષતાઓ જોવાલાયક છે.

૧૦(બ). સં. ૧૮૦૦ લગભગનું નાણાવટ, તાળાવાળાની પોળમાં શ્રી સીમંધરસ્વામીનું ભવ્ય જિનમંદિર છે. આ દેરાસરમાં એક સ્ફટિકના પ્રતિમાજી, એક પ્રાચીન (સં. ૧૨૧૫ની) ધાતુમૂર્તિ અને ત્રણ ચોવીશીના ચાંદીના પટો છે.

૧૦(ક). સં. ૧૮૦૦ લગભગનું ગોપીપુરામાં હાથીવાળું દેરાસર છે. મૂળનાયક પ્રભુ ધર્મનાથજી છે. સં. ૧૬૬૪ના પ્રાચીન પ્રતિમા છે.

૧૧. સં. ૧૮૨૫ લગભગમાં નાણાવટમાં ભ૦ અજીતનાથનું જિનાલય છે. અહીં આરસની એક અને ધાતુની બે ગુરુમૂર્તિઓ છે. એક ઊભી આરસની સરસ્વતીદેવીની મૂર્તિ જે સં. ૧૨૨૩ની પ્રાચીન છે.

૧૨. શા૦ ભાઈદાસ નેમિદાસે સં. ૧૮૨૭ વૈશાખ વદ ૧૨ ને ગુરુવારે શ્રી શીતલનાથ, શ્રી અજીતનાથ વગેરે નવા જિનપ્રાસાદો બનાવ્યા અને તેમાં ૨૦૦થી વધુ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા ખરતરગચ્છના ભટ્ટા૦ જિનલાભસૂરિ પાસે કરાવી તથા (૧) શ્રી શીતલનાથ, (૨) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ અને (૩) શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુને મૂળનાયક તરીકે સ્થાપન કર્યા. એ જ શા૦ ભાઈદાસે સં. ૧૮૩૯ વૈશાખ સુદ ૨ ને બુધવારે શ્રી અજીતનાથ, શ્રી અનંતનાથ વગેરે જિનપ્રતિમાઓની ભટ્ટા૦ જિનલાભસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી હતી.

('જૈન તીર્થ સર્વસંગ્રહ' ભા.૧, કોઠા નં. ૫૦૩)

૧૩. સં. ૧૮૩૩ મહા સુદ ૫ ને બુધવારે પં૦ ઉત્તમવિજયગણિએ સુરતમાં તપાગચ્છના પં૦ વિનીતવિજયગણિ, પં૦ દેવવિજયગણિ અને મહો૦ સુમતિવિજય-ગણિની ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરાવી. (સુરત જૈન પ્રતિમા લેખસંગ્રહ)

૧૪. સં૦ સમરાશા ઓશવાલના વંશજ ઝવેરશાના પૌત્ર શા૦ રતનચંદે સં. ૧૮૪૩ના વૈશાખ સુદ બીજના સુરતમાં શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિષ્ઠા ભટ્ટા૦ વિજયલક્ષ્મીસૂરિ પાસે કરાવી હતી.

[ગોપીપુરા–મોટીપોળમાં સં. ૧૮૪૩નું શ્રી વાસુપૂજ્યસ્વામીનું દેરાસર છે. પહેલા માળના ભોંયરાના લેખ ઉપરથી જાણી શકાય છે કે શ્રી રત્નસાગરજી મહારાજના ઉપદેશથી શેઠ સાકરચંદ લાલભાઈ તરફથી આ મંદિર બનાવાયું છે. તેની પ્રતિષ્ઠા શ્રી સિદ્ધિવિજયજી મહારાજે કરાવી છે.

બીજા માળના ભોંયરામાં મૂળનાયક શ્રી શાંતિનાથનું દેરાસર છે. ઉપરના માળમાં ચૌમુખજી છે. અહીં સમોવસરણની સુંદર રચના છે. નીચે અને ઉપર મળીને ચાર માળમાં દેરાસર છે. સુરતના સમૃદ્ધિમાન દેરાસરોમાં આ દેરાસર પ્રથમ પંક્તિનું છે. ['જૈન તીર્થ સર્વસંગ્રહ' (ભા.૧, પૃ. ૩૨, ક્રમાંક : ૨)માંથી સાભાર ઉદ્‌ધૃત.]

૧૫. સં. ૧૮૬૦ વૈશાખ સુદ પાંચમ ને સોમવારે સુરતમાં ઝવેરી પ્રેમચંદ ઝવેરચંદ ઓશવાલ વગેરે શ્રાવકોએ જુદી જુદી જિનપ્રતિમાઓ ભરાવી, તેની પ્રતિષ્ઠા તપાગચ્છના ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિના હાથે કરાવી હતી.

(–એપ્રિગ્રાફિકા ઇન્ડિકા, ભા. ૨, લે.નં. ૪૬)

૧૬. સં ૧૮૭૭ મહા વદ ૨ ના રોજ સુરતમાં વીશા નેમા (નિમા) જૈનોએ જુદી જુદી જિનપ્રતિમાઓ ભરાવી અને તપાગચ્છીય શ્રી વિજયાનંદસૂરિ-શાખાના ભટ્ટા૦ વિજયસમુદ્રસૂરિ તથા તપાગચ્છની સોમશાખાના ભટ્ટા૦ આણંદસોમસૂરિ પાસે તેની પ્રતિષ્ઠા કરાવી.

સં. ૧૮૭૭ વૈશાખ વદ ૩ ને રવિવારે ભટ્ટા૦ આણંદસોમસૂરિએ જિન-પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

૧૭. શ્રી ગોડી પાર્શ્વનાથનું જિનાલય –

સુરતના સં૦ ડાહ્યાભાઈ લાલભાઈએ સં. ૧૮૮૨માં વડાચૌટા–નગરશેઠની પોળમાં શ્રી ગોડી પાર્શ્વનાથનું જિનાલય બાંધ્યું છે. (જુઓ પૃ. ૫૪)

[આ જિનાલયમાં એક અતિ સુંદર પિત્તળનું સમવસરણ છે. તે શેઠ મેલાપચંદ આણંદચંદ સિરોહી તાબેના અજારી તીર્થમાં નકરો ભરીને લાવ્યા હતા. તેની પ્રતિષ્ઠા મુનિવરશ્રી મોહનલાલજી મ૦ના વરદ્ હસ્તે સં. ૧૯૪૩ માગસર સુદ ત્રીજના થઈ હતી. શેઠ મેલાપચંદ પૂર્વે સિરોહીના દીવાન હતા.

અહીં ગુરુમૂર્તિઓ શ્રી વિજયાનંદસૂરિની, તેમની નીચે પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, શ્રી હંસવિજયજી તથા શ્રી વિજયકમલસૂરિની આવેલ છે. તેની સ્થાપના શેઠ માણેકચંદ મેલાપચંદ અને તેમના ભાઈઓએ કરી તેના લેખો પણ છે. જુઓ 'જૈન તીર્થ સર્વસંગ્રહ' ભા. ૧, ખંડ ૧, પૃ. નં. ૩૧]

૧૮. શેઠ હીરાચંદ મંગળદાસ રાજાએ સં. ૧૯૧૦માં, ગોપીપુરા–મોટીપોળમાં ભ૦ પાર્શ્વનાથનું જિનાલય બંધાવ્યું છે. વળી, તેમાં સં. ૧૯૫૪માં શ્રી સમેતશિખરની રચનાની પ્રતિષ્ઠા કરાવી છે. સમેતશિખરની આ રચના આબેહૂબ અને અનેક વિવિધતાથી સભર છે.

૧૯. અંચલગચ્છ શ્રીસંઘનું ભ૦ સંભવનાથનું જિનાલય સં. ૧૯૨૦ લગભગમાં બંધાયું છે. અહીં એક સં. ૧૨૯૫ની પ્રાચીન ધાતુમૂર્તિ અને ત્રણ ચાંદીના ચોવીશ જિનમૂર્તિના પટ છે.

૨૦. સં. ૧૯૪૦ લગભગમાં શ્રી તલકચંદ મોતિચંદ કચરાએ નાણાવટમાં ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું. પ્રતિમાજી સં. ૧૬૩૩ના પ્રાચીન છે. આ દેરાસર સમવસરણના દેરાસર નામથી વિખ્યાત છે.

૨૧. સં. ૧૯૪૨ લગભગમાં શેઠ કલાભાઈ શ્રીપતજીએ ગોપીપુરામાં શ્રી આદિનાથનું જિનાલય બંધાવ્યું.

૨૨. સં. ૧૯૪૬માં શેઠ ધરમચંદ ઉદયચંદે ઉજમણું કર્યું અને શ્રી મોહનલાલજી મ૦ના ઉપાશ્રયની બાજુમાં શ્રી વિમલનાથ પ્રભુનું ત્રિગડું પધરાવ્યું.

૨૩. સં. ૧૯૪૮માં શ્રી લાડવા શ્રીમાલી સંઘ દ્વારા હરિપુરા–મેઈન રોડ પર ભ૦ શીતલનાથનું જિનાલય બંધાયું છે. અહીં શ્રી પાર્શ્વનાથની સં. ૧૧૭૦ની પ્રાચીન ધાતુમૂર્તિ છે.

૨૪. મુનિપ્રવરશ્રી મોહનલાલજી મ૦ના વરદ્ હસ્તે સં. ૧૯૫૫માં ગોપીપુરા, મેઈન રોડ સ્થિત શ્રી કુંથુનાથ દેરાસરની તથા ઓશવાલ મહોલ્લા સ્થિત શ્રી મનમોહન પાર્શ્વનાથ દેરાસરની પ્રતિષ્ઠા થઈ છે.

૨૫. શેઠ ફૂલચંદ કલ્યાણચંદે સં. ૧૯૬૦ના વૈશાખ સુદ ૧૦ ને સોમવારે અઠવા લાઈન્સમાં શ્રી આદીશ્વર જિનાલયની પ્રતિષ્ઠા કરાવી છે. આ દેરાસર ઘણું વિશાળ અને સુંદર છે. આમાં આરિસાભુવનનો દેખાવ મનોહર છે. થાંભલાઓ વગેરેમાં અકીકનું કામ ઘણું અદ્‌ભુત છે. ('જૈન તીર્થ સર્વસંગ્રહ', ભા. ૧, ખંડ ૧, પૃ. ૩૨માંથી સાભાર ઉદ્‌ધૃત.)

૨૬. શેઠ મનસુખભાઈ (મંછુભાઈ) તલકચંદના પુત્રોએ ગોપીપુરા–મોટી પોળના નાકે શ્રી સંભવનાથ પ્રભુનું જિનાલય બંધાવી સં. ૧૯૬૨ જેઠ સુદ બીજના રોજ પ્રતિષ્ઠા કરાવી છે. આ દેરાસરના મૂળનાયક તથા અન્ય ત્રણ પ્રતિમાઓ સ્ફટિક–રત્નનાં છે.

૨૭. ગોપીપુરા–માળી ફળિયામાં શ્રી આણસૂરગચ્છનું ભ૦ આદીશ્વરનું મોટું જિનમંદિર આવ્યું છે. આનો ઘુમ્મટ સુરતના દેરાસરોમાં સૌથી મોટો છે. આ વર્ષો જૂના દેરાસરનો જીર્ણોદ્ધાર કરી સં. ૧૯૬૪ના વૈશાખ સુદ ૨ ને બુધવારે પુનઃ પ્રતિષ્ઠા થઈ હતી. શેઠ દીપચંદ સુરચંદે મૂળનાયક પ્રભુને ગાદીનશીન કર્યા હતા.

સુરતની વિશેષ ઘટનાઓ

સં. ૧૬૦૯ અંચલગચ્છના પં૦ કમલશેખરગણિએ 'નવતત્ત્વ ચોપાઈ' રચી.

સં. ૧૬૧૩ તપાગચ્છના ભટ્ટા૦ વિજયસેનસૂરિની દીક્ષા.

સં. ૧૬૧૪ ભટ્ટા૦ વિજયદાનસૂરિનું ચાતુર્માસ.

સં. ૧૬૨૧ ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિ પધાર્યા.

સં. ૧૬૩૨ ભટ્ટા૦ વિજયસેનસૂરિનું ચાતુર્માસ. તેમણે આ ચાતુર્માસમાં શ્રી ચિંતામણિ વગેરે મોટા મોટા વિદ્વાનોની સભામાં દિગંબર ભટ્ટારક ભૂષણને હરાવ્યો.

સં. ૧૬૪૫ ખરતરગચ્છીય ૫૬મા ભટ્ટા૦ જિનચંદ્રસૂરિનું ચાતુર્માસ.

સં. ૧૬૫૩ કારતક સુદિ ૯ના દિવસે મહો૦ ધર્મસાગરગણિ સ્વર્ગવાસ પામ્યા. (પ્રક. ૫૫, પૃ. ૩૭૧)

સં. ૧૬૬૪ તપાગચ્છના પં૦ મુનિવિજયગણિના શિષ્ય પં૦ દર્શનવિજયગણિએ વિવિધ રાગ-રાગિણીઓવાળું સ્તવન રચ્યું.

સં. ૧૬૭૪ આ૦ મુનિસુંદરસૂરિએ રચેલા 'અધ્યાત્મ કલ્પદ્રુમ' ગ્રંથ ઉપર મહો૦ રત્નચંદ્રગણિએ 'કલ્પલતા' નામની સંસ્કૃત ટીકા રચી.

સં. ૧૬૭૬ પોષ સુદ ૧૩ ના 'સમ્યક્ત્વ સિત્તરી'નો ગુજરાતી ગદ્ય બાલાવબોધ 'સમ્યક્ત્વરત્ન પ્રકાશ' રચાયો.

સં. ૧૬૭૮ પોષ સુદ ૨ ના રોજ મહો૦ રત્નચંદ્રગણિએ સમ્યક્ત્વ ઉપર પદ્યમાં ગુજરાતી 'સંગ્રામસૂરકથા' રચી અને પં૦ દેવચંદ્રગણિને ભણવા માટે પોતાના હાથે લખી.

સં. ૧૬૮૭ ભટ્ટા૦ વિજયદેવસૂરિ કાન્હડદેશના બીજાપુરમાં જિનપ્રાસાદની પ્રતિષ્ઠા માટે અમદાવાદથી વિહાર કરી સુરત પધાર્યા ત્યારે ભટ્ટા૦ રાજસાગરસૂરિની પ્રેરણાથી શેઠ શાંતિદાસ ઝવેરીએ સુરતના નવાબ મીરઝા મલેકની રાજ્યસભામાં નવાબ તથા જૈનેતર વિદ્વાનોની અધ્યક્ષતામાં 'સર્વજ્ઞશતક' પ્રામાણિક છે કે નહીં એ નક્કી કરવા માટે શાસ્ત્રાર્થ ગોઠવ્યો.

આ શાસ્ત્રાર્થમાં ભટ્ટા૦ વિજયદેવસૂરિ તરફથી ઉપા૦ કુશળસાગરગણિ તથા પં૦ લાભકુશળગણિ અને ભટ્ટા૦ રાજસાગરસૂરિ તરફથી પં૦ સત્યસૌભાગ્યગણિ નિયુક્ત થયા હતા. શાસ્ત્રાર્થ ચાલ્યો, જેમાં પં૦ સત્યસૌભાગ્યગણિ નિરુત્તર બન્યા. આથી સભાએ જાહેર કર્યું કે પં૦ સત્યસૌભાગ્યગણિ હાર્યા છે અને ઉપા૦ કુશળસાગરગણિ સાચા છે એટલે ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિનો પક્ષ જીત્યો છે.

(પ્રક. ૫૫, પૃ. ૩૬૮-૩૬૯)

સં. ૧૬૮૯ મહો૦ વિનયવિજયગણિએ ચાતુર્માસ કરી ભટ્ટા૦ વિજયપ્રભસૂરિના રાજ્યમાં 'સૂર્યપુર ચૈત્યપરિપાટી' બનાવી.

સં. ૧૭૦૬ જેઠ સુદિ ૧૩ ના મહો૦ વિજયદેવગણિના શિષ્ય મુનિ દયાવિજયે મુનિ જયવિજયને ભણવા માટે 'ચંપક શ્રેષ્ઠીકથા' લખી.

સં. ૧૭૧૦ ભટ્ટા૦ વિજયદેવસૂરિએ ગંધારમાં આ૦ વિજયપ્રભસૂરિને આચાર્ય બનાવી સુરતમાં બંનેએ સાથે ચાતુર્માસ કર્યું.

સં. ૧૭૧૫ ખરતરગચ્છીય વેગડશાખાના ભટ્ટા૦ જિનસમુદ્રસૂરિ પધાર્યા.

સં. ૧૭૧૬ મહો૦ વિનયવિજયગણિએ ચાતુર્માસ કર્યું.

સં. ૧૭૨૨ મહો૦ યશોવિજયગણિએ ચાતુર્માસ કર્યું અને એ સમયે 'પ્રતિક્રમણ હેતુગર્ભિત સજ્ઝાય', 'અગિયાર અંગની સજ્ઝાય' તથા 'સૂરજમંડન પાર્શ્વનાથ સ્તવન' વગેરે રચ્યાં.

સં. ૧૭૨૩ ભટ્ટા૦ વિજયપ્રભસૂરિએ ચાતુર્માસ કર્યું, એ સમયે મહો૦

વિનયવિજયગણિએ જોધપુરથી તેમની ઉપર 'ઇન્દુદૂત' નામે વિજ્ઞપ્તિપત્ર (શ્લો. ૧૩૧) લખી મોકલ્યો.

સં. ૧૭૨૮ મહો૦ વિનયવિજયગણિએ રાનેર (સુરત)માં 'નેમિનાથનો બારમાસો' શીર્ષક સ્તવન રચ્યું.

સં. ૧૭૩૦ ખરતરગચ્છના પં૦ કનકોદયગણિએ ચાતુર્માસ કર્યું.

સં. ૧૭૩૨ પં૦ જયસાગરગણિએ 'અનિરુદ્ધાહરણરાસ' રચ્યો.

સં. ૧૭૩૮ મહો૦ વિનયવિજયગણિએ 'ભગવતીસૂત્ર'ની સજ્ઝાય રચી.

સં. ૧૭૪૭ ખરતરગચ્છના પં૦ રત્નચંદ્રગણિ અને શ્રી સમુદ્રવિજયગણિએ ચાતુર્માસ કર્યું.

સં. ૧૭૫૧ આસો સુદ ૧૦ના શ્રી વિનયવિજયગણિએ 'ગુણાવલી રાસ' (ઢાળ–૨૭) રચ્યો અને 'વિચાર છત્તીસી'નો ટબો લખ્યો.

સં. ૧૭૬૧ ખરતરગચ્છના પં૦ રાજસુંદરગણિએ ચાતુર્માસ કર્યું.

સં. ૧૭૬૩ ખરતરગચ્છીય ૬૦મા ભટ્ટા૦ જિનચંદ્રસૂરિ સુરતમાં કાળધર્મ પામ્યા. અને તેની પાટે અષાડ સુદિ ૧૧ ના રોજ આ૦ શ્રી જિનસૌખ્યસૂરિ આવ્યા. (પ્રક. ૪૦, પૃ. ૩૮૭)

સં. ૧૭૭૧ ખરતરગચ્છના પં૦ રાજસુંદરગણિ તેમજ શ્રી દયાવિજયજીએ ચાતુર્માસ કર્યું.

સં. ૧૭૭૫ ભટ્ટા૦ જ્ઞાનવિમલસૂરિએ 'તીર્થમાલા' રચી.

સં. ૧૭૭૮ ઉપા૦ દેવવિજયગણિએ ચાતુર્માસ કર્યું અને 'જિનસ્તવન ચોવીસી' રચી.

સં. ૧૭૮૦ પં૦ જયવિજયગણિએ ચાતુર્માસ કર્યું.

સં. ૧૭૮૧ ભટ્ટા૦ વિજયદયાસૂરિના શિષ્ય પં૦ સત્યસાગરગણિએ 'વચ્છરાજ રાસ' રચ્યો.

સં. ૧૭૮૧-૮૨ ખરતરગચ્છના ઉપા૦ નિત્યલાભે 'સ્તવન ચોવીશી' અને 'સદેવંત–સાવલિંગા'નો રાસ રચ્યો.

સં. ૧૭૮૪ અધ્યાત્મયોગી શાંતમૂર્તિ પં૦ શ્રી દેવવિજયગણિએ ચાતુર્માસ કર્યું.

સં. ૧૭૮૭ પં૦ ક્ષમાવિજયગણિ તથા પં૦ જિનવિજયગણિએ ચાતુર્માસ કર્યું. આ સમયે અમારિપાલન વગેરે ઘણાં ધર્મકાર્યો થયાં હતાં.

સં. ૧૭૮૭-૮૮ તપાગચ્છીય શ્રી વિજયદેવસૂરિસંઘની સાગરશાખાના (૬૩) ભટ્ટા૦ લક્ષ્મીસાગરસૂરિનાં ચાતુર્માસો થયાં.

તેમણે સં. ૧૭૮૮ના આસો સુદ ૧૦ના રોજ ઉપા૦ પ્રમોદસાગરને આચાર્યપદવી આપી ભટ્ટા૦ કલ્યાણસાગરસૂરિ નામ

આપ્યું ને પોતાની પાટે તેમને સ્થાપન કર્યાં. ભટ્ટા૦ લક્ષ્મીસાગરસૂરિના એક શિષ્ય ઉપા૦ સુમતિવિજયજી હતા. ભટ્ટા૦ લક્ષ્મીસાગરસૂરિ આસો વદ ૭ના રોજ કાળધર્મ પામ્યા. તેમની ચરણપાદુકાની ભટ્ટા૦ કલ્યાણસાગરસૂરિએ હીરવિહારમાં સ્થાપના કરી. ઉપા૦ રામવિજયગણિએ રાજપરામાં 'લક્ષ્મીસાગરસૂરિ–રાસ' રચ્યો. ભટ્ટા૦ કલ્યાણસાગરસૂરિ સં. ૧૮૧૧માં કાળધર્મ પામ્યા હતા.

સં. ૧૭૯૭ અષાઢ સુદિ ૨ ના અંચલગચ્છીય ઉપા૦ જ્ઞાનસાગરગણિએ 'ગુણ-પર્યાયરાસ' રચ્યો.

સં. ૧૭૯૯ ફાગણ સુદ ૧ના પં૦ વિનીતસાગરગણિના શિષ્ય મુનિ ભોજવિજયજીએ તપાગચ્છના આ૦ રત્નશેખરસૂરિના 'આચાર પ્રદીપ' ગ્રંથ પર ગુજરાતીમાં 'બાલાવબોધ' રચ્યો છે.

સં. ૧૭૯૯ તપાગચ્છીય ભટ્ટા૦ વિજયદયાસૂરિ (સં. ૧૭૮૪ થી ૧૮૦૯)એ સુરતમાં નવ અથવા ચૌદ ચાતુર્માસ ગાળ્યાં.

સં. ૧૭૯૯ શ્રાવણ સુદ ૧૦ના રોજ 'ધન્ના–શાલિભદ્રરાસ' રચાયો.

સં. ૧૮૦૫ થી ૧૮૧૪ : સંવેગી પં૦ ઉત્તમવિજયગણિ અને પં૦ પદ્મવિજય ગણિએ ચાતુર્માસો ગાળ્યાં.

સં. ૧૮૧૩-૧૪ પં૦ ઉત્તમવિજયગણિએ ઉપધાન વહન કરાવ્યાં.

સં. ૧૮૨૭ અંચલગચ્છના ભટ્ટા૦ જિનલાભસૂરિ, શ્રી જ્ઞાનસાગરજી વગેરેનું ચાતુર્માસ થયું.

સં. ૧૮૨૭ ઉપા૦ જ્ઞાનસાગરજીએ 'અંચલગચ્છ પટ્ટાવલી' રચી.

સં. ૧૮૩૭ પોષ સુદિ ૧૦ના રોજ તપાગચ્છીય શ્રી વિજયાનંદસૂરિશાખાના ભટ્ટા૦ વિજયોદયસૂરિ કાળધર્મ પામ્યા.

સં. ૧૮૪૩ અંચલગચ્છના ભટ્ટા૦ કીર્તિસાગરસૂરિ સ્વર્ગવાસ પામ્યા. તેમની પાટે આ૦ પુણ્યસાગરસૂરિ આવ્યા.

સં. ૧૮૫૫ ખરતરગચ્છના ૬૪મા ભટ્ટા૦ જિનચંદ્રસૂરિ, ઉપા૦ ક્ષમાકલ્યાણગણિ આદિ ઠાણા ૩૫એ ચાતુર્માસ કર્યું.

સં. ૧૮૫૬ જેઠ સુદ ૩ના રોજ ખરતરગચ્છના જિનચંદ્રસૂરિ કાળધર્મ પામ્યા. તેમની પાટે આ૦ જિનહર્ષસૂરિ ૬૫મા ભટ્ટારક બન્યા.

સં. ૧૮૫૭ (ઈ.સ. ૧૮૦૦)માં સુરતમાં (૧) અમદાવાદના નગરશેઠ લક્ષ્મીચંદની અને (૨) ભણશાલીની–એમ બે જૈન પેઢીઓ વિદ્યમાન હતી.

સં. ૧૮૫૮ પોષ વદિ ૧૩ (મેરુ ત્રયોદશી)ના તપાગચ્છીય શ્રી વિજયાનંદસૂરિ-શાખાના ભટ્ટા૦ વિજયલક્ષ્મીસૂરિ ૬૪ વર્ષની ઉંમરે સુરતમાં કાળધર્મ પામ્યા હતા. તેમણે સં. ૧૮૫૭માં વડોદરામાં સુરતના શ્રીમાલી આ૦ વિજયદેવેન્દ્રસૂરિને ભટ્ટારક બનાવી પોતાની પાટે સ્થાપન કર્યા હતા. ભટ્ટા૦ વિજયલક્ષ્મીસૂરિએ છ વર્ષની વયે સુરત આવીને (ગુરુદેવ ભટ્ટા૦ શ્રી વિજયસૌભાગ્યસૂરિ પાસે) અભ્યાસ કર્યો હતો.

સં. ૧૮૬૦ ગુજરાતમાં મોટો સાઠિયો દુકાળ પડ્યો તેમાં જૈનોએ પ્રજાને ભારે મદદ કરી હતી.

સં. ૧૮૭૧ શ્રાવણ માસમાં પં૦ વીરવિજયગણિએ 'અક્ષયનિધિ–સ્તવન' (ઢાળ-૫) રચ્યું.

સં. ૧૮૭૭ સુરતના શ્રીસંઘે પોરબંદરમાં બિરાજમાન ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિને સચિત્ર વિજ્ઞપ્તિ પત્ર લખ્યો.

સં. ૧૮૭૭ કવિબહાદુર પં૦ દીપવિજયગણિએ 'સુરતની ગઝલ' અને 'સોહમકુલ પટ્ટાવલી રાસ' રચ્યાં. (પૃ. ૩૬)

સં. ૧૮૮૯ કવિબહાદુર પં૦ દીપવિજયગણિએ મુનિ ભક્તિસાગરની વિનંતીથી નંદીશ્વર દ્વીપના મહોત્સવમાં 'નંદીશ્વરદ્વીપની પૂજા' રચી.

સં. ૧૮૯૨ આસો વદ ૧૩ ના કવિબહાદુર પં૦ શ્રી દીપવિજયગણિના શિષ્ય મુનિશ્રી ક્ષેમ(સોમ)વિજયે 'પ્રતિમાપૂજાનો રાસ' રચ્યો.

સં. ૧૯૧૯ પૂ૦ શ્રી બુટેરાયજી મ૦ના શિષ્ય શ્રી નિત્યવિજયજીએ 'વીશ વિહરમાન જિનપૂજા' રચી.

સં. ૧૯૩૬ ત્રિસ્તુતિક આ૦શ્રી વિજયરાજેન્દ્રસૂરિ પધાર્યા.

સં. ૧૯૩૬ પં૦ રત્નસાગરજીએ નેમુભાઈની વાડીમાં ચાતુર્માસ કર્યું. તેમના નામની આજે અહીં શાળા ચાલે છે.

સં. ૧૯૩૮ ખરતરગચ્છીય કાશીવાળા યતિવર્ય શ્રી બાલચંદ્રજી પધાર્યા.

સં. ૧૯૪૨ પૂ૦ આ૦ શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી) મ૦ અહીં ચાતુર્માસ પધાર્યા. તેમણે અહીં 'જૈનમત વૃક્ષ' નામનો ઐતિહાસિક ગ્રંથ લખ્યો.

સં. ૧૯૫૦ જૈન ભોજનશાળાની સ્થાપના થઈ.

સં. ૧૯૫૭ શેઠ નગીનદાસ ઝવેરચંદે એક લાખ રૂપિયા ખરચીને કરેલ પદવી–ઉત્સવમાં મુનિરાજ શ્રી સિદ્ધિવિજયજીને પંન્યાસપદવી આપવામાં આવી; જે પછીથી આ૦ શ્રી વિજયસિદ્ધિસૂરિ નામથી પ્રસિદ્ધ થયા.

સં. ૧૯૫૮ મુનિવર્યશ્રી મોહનલાલજી મહારાજના શિષ્ય મુનિશ્રી હર્ષમુનિને ગણિપદ આપવામાં આવ્યું.

સં. ૧૯૬૧ મુનિરાજશ્રી નીતિવિજયજીને પંન્યાસપદવી આપવામાં આવી (જે પછીથી આ૦ વિજયનીતિસૂરિ નામથી ખ્યાતિ પામ્યા).

સં. ૧૯૬૨ શેઠ નગીનદાસ કપૂરચંદે શ્રી મોહનલાલજી જ્ઞાનભંડાર બનાવ્યો અને શ્રી મોહનલાલજી જૈન પાઠશાળાની સ્થાપના કરી.

સં. ૧૯૬૩ ના ચાતુર્માસમાં આગમપ્રજ્ઞ આ૦ આનંદસાગરસૂરિના ઉપદેશથી શહેરની ચૈત્યપરિપાટી–તીર્થયાત્રા નીકળી.

સં. ૧૯૭૩ શ્રી મોહનલાલજી મહારાજ કાળધર્મ પામ્યા.

સં. ૧૯૭૪ વૈશાખ સુદ ૧૦ ના રોજ તપાગચ્છાધિરાજ પૂ૦ મૂલચંદજી (મુક્તિવિજયજી) મ૦ના પટ્ટધર આ૦ શ્રી વિજયકમલસૂરિ મ૦ના હાથે શ્રીસંઘે મેરુ પર્વત વગેરે તીર્થની રચનાનું ઉજમણું કર્યું તથા પદવી–ઉત્સવમાં આગમપ્રજ્ઞ પં૦ આનંદસાગરજીને આચાર્યપદ. વળી, દશ વર્ષથી ચાલતા ઝઘડાની પતાવટ.

સં. ૧૯૮૧ આ૦ શ્રી વિજયકમલસૂરિ, આ૦ શ્રી વિજયદાનસૂરિ તથા આ૦ વિજયલબ્ધિસૂરિ વગેરેનું ચાતુર્માસ તથા 'વિજયકમલસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ' અને 'જૈન સહાયક ફંડ'ની સ્થાપના.

સં. ૧૯૮૬ આ૦ શ્રી સાગરાનંદસૂરિ પધાર્યા. 'નવપદ આરાધક સમાજ', 'દેશવિરતિ આરાધક સમાજ' અને 'યંગ મેન્સ જૈન સોસાયટી'નું સંમેલન.

સં. ૧૯૮૬ નગીનદાસ મંછુભાઈ ઝવેરી સાહિત્યોદ્ધાર ફંડની સ્થાપના.

સં. ૨૦૦૦ મા. વદ ૧ના શ્રી નેમિસૂરિ સમુદાયના આ૦ ચંદ્રોદયસૂરિની દીક્ષા.

સં. ૨૦૦૨ વૈશાખ સુદ ૧૧ના રોજ (આ૦ સાગરાનંદસૂરિના ઉપદેશથી) 'શ્રી વર્ધમાન જૈન તામ્રાગમ સંસ્થા'ની સ્થાપના.

સં. ૨૦૦૪ મહા સુદ ૩ ને શુક્રવારે 'તામ્રાગમ મંદિર'ની પ્રતિષ્ઠા તથા મૂળનાયક શ્રી મહાવીરસ્વામી વગેરે જિનબિંબોની પ્રતિષ્ઠા.

સં. ૨૦૦૬ વૈશાખ વદ ૫ ને શનિવારે લીંબડીવાળા ઉપાશ્રયમાં આગમપ્રજ્ઞ આ૦ શ્રી સાગરાનંદસૂરિજી ૭૫ વર્ષની ઉંમરે અર્ધપદ્માસનસ્થ કાઉસગ્ગની સ્થિતિમાં સમાધિપૂર્વક•કાળધર્મ પામ્યા.

નોંધ : સં. ૨૦૧૦ આસપાસ સુરતમાં લગભગ ૭૪-૭૫ નાનાં-મોટાં દેરાસરો છે. કેટલાક પ્રાચીન છે અને કેટલાક અર્વાચીન છે. આ જિનપ્રાસાદો પૈકી કેટલાંક વિશાળ અને અતિસુંદર છે, તો કેટલાંક વિવિધ વિશેષતાઓથી આકર્ષક છે.

સં. ૨૦૧૦માં અહીં ૨૩ જૈન ઉપાશ્રયો અને ૫ જૈન ધર્મશાળાઓ છે.

સુરતના ઉપકારી ગુરુભગવંતો

(આ વિભાગ બીજી આવૃત્તિમાં દાખલ કર્યો છે.)

[**નોંધ** : 'સુરતની વિશેષ ઘટનાઓ' વગેરેમાં સુરતના ઉપકારી ગુરુદેવો ૧. ભટ્ટા૦ ઉદયસાગરસૂરિ અને ૨. ઉપા૦ રત્નચંદ્રગણિના અનેક કાર્યોની વિગત ઉપર આપવામાં આવી છે, જેમનો ટૂંક પરિચય અગાઉ પ્રગટ થયો હોય પુનઃ અહીં લીધો નથી. જુઓ ભા. ૨, પ્રક. ૪૦, પૃ. ૪૨૨ અને ભા. ૩, પ્રક. ૫૫, પૃ. ૩૯૭.]

તપાગચ્છની વિમલશાખાના ભટ્ટા૦ જ્ઞાનવિમલસૂરિ –

આ૦ જ્ઞાનવિમલસૂરિનો જન્મ સં. ૧૬૯૪માં, મારવાડના ભિન્નમાલ શહેરમાં, વીશા ઓસવાલ જ્ઞાતિમાં થયો હતો. પિતા વાસવ શેઠ, માતા કનકાવતી અને એમનું જન્મનામ નાથુમલ હતું. માત્ર આઠ વર્ષની વયે મુનિશ્રી ધીરવિમલગણિ પાસે દીક્ષા લીધી. નામ મુનિ નયવિમલ પાડ્યું. ચારિત્રની નિર્મળતા સાથે જ્ઞાન-ધ્યાનમાં લાગી ગયા. મુ૦શ્રી અમૃતવિમલગણિ તેમજ મુ૦શ્રી મેરુવિમલગણિ પાસે ઊંડું શાસ્ત્રાધ્યયન કર્યું. ગુરુએ સુયોગ્ય જાણી સં. ૧૭૨૭માં પંન્યાસ બનાવ્યા. સં. ૧૭૩૯માં ગુરુ સ્વર્ગવાસ પામ્યા.

અનેક ગીતાર્થોની ઇચ્છા અને અનુમતિથી આ૦ વિજયપ્રભસૂરિએ પં૦ નયવિમલગણિને આચાર્યપદ આપવાનો નિર્ણય કર્યો. સં. ૧૭૪૮ના ફાગણ સુદ પાંચમના દિવસે, સંકેર ગામમાં, તેમને આચાર્યપદવીથી વિભૂષિત કરી આ૦ જ્ઞાનવિમલસૂરિ નામે જાહેર કરવામાં આવ્યા.* આ સમયે શ્રેષ્ઠી નાગજી પારેખે આચાર્યપદનો મહોત્સવ કર્યો અને સારું એવું દ્રવ્ય ખર્ચ્યું.

મહો૦ યશોવિજયજી મહારાજ, ઉપા૦ વિનયવિજયજી મહારાજ, મહો૦ દેવચંદ્રજી મહારાજ, મુનિવર્યશ્રી આનંદઘનજી મહારાજ વગેરે તેમના સમકાલીન હતા. તે સૌ સંવિગ્ન ગીતાર્થો હતા અને પરસ્પર પ્રત્યે આદરભાવ રાખતા હતા.

મહો૦ યશોવિજયજી મહારાજ પ્રત્યે આ૦ જ્ઞાનવિમલસૂરિને અદ્‌ભુત આદર હતો. મહોપાધ્યાયજીનાં બનાવેલાં ઘણાં સ્તવનો ઉપર તેમણે ટીકાઓ રચી છે. મહો૦ યશોવિજયજીના સ્વર્ગવાસ પછી તેઓએ અને ઉપા૦ દેવચંદ્રજી મહારાજે સંયુક્તપણે (શ્રીપાલ રાસનો ઢાળ લઈ) શ્રી નવપદજીની પૂજાની રચના કરી છે; પણ તે રચનાને મહો૦ યશોવિજયજીની કૃતિ તરીકે રજૂ કરી છે.

★ (૧) 'શ્રી ચંદ્રકેવલી રાસ'માં આચાર્યપદવી સં. ૧૭૪૯માં અને પાટણમાં આપ્યાનો ઉલ્લેખ છે. (૨) જૈન પરંપરાના ઇતિહાસમાં પ્રક. ૫૫, પૃ. ૩૬૩ના ક્રમાંક : ૪માં ઉલ્લેખ છે કે – ''આ૦ વિજયદેવસૂરિના પટ્ટધર ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આજ્ઞાથી આ૦ મહિમાસૂરિના હાથે આચાર્ય બન્યા. તેમનાથી તપાગચ્છ વિજયદેવસૂરિ ગચ્છની 'વિમલશાખા' નીકળી.

આ૦ જ્ઞાનવિમલસૂરિએ પ્રભુજીની અંજનશલાકાઓ લગભગ ૧૭ વખત કરી હતી. તેમજ બીજાં પણ અનેક પ્રતિષ્ઠાદિ કાર્યો કર્યાં-કરાવ્યાં હતાં. અનેક મુનિઓને વિવિધ પદવીઓ આપી હતી. તેમની સાંનિધ્યમાં, સં. ૧૭૭૦માં સુરતના શ્રી પ્રેમજી પારેખે શ્રી સિદ્ધાચલજી તીર્થનો સંઘ કાઢ્યો હતો (પૃ. ૩૯). તેમની પ્રેરણાથી સુરત-સૈયદપરાના ભ૦ ચંદ્રપ્રભ જિનાલયમાં નંદીશ્વરદ્વીપની અદ્‌ભુત રચના બની છે. આ જ જિનાલયના ચોકમાં તેમનાં ચરણપાદુકાની દેરી પણ બની છે (પૃ. ૬૦). સુરત શહેરમાં તેમણે અનેકવાર સ્થિરતા કર્યાના અને અનેક ધર્મકાર્યો પ્રવર્તાવ્યાના ઉલ્લેખો સાંપડે છે. તેમનું વિહારક્ષેત્ર મોટે ભાગે ગુજરાત, સૌરાષ્ટ્ર તેમજ મારવાડ હતું. તેમણે શ્રી સિદ્ધાચલજીની યાત્રા અનેક વખત કરી હતી.

તેમની કાવ્યશક્તિ અદ્‌ભુત હતી. સંસ્કૃત સાહિત્યમાં જેવું સ્થાન ક.સ. શ્રી હેમચંદ્રાચાર્યનું છે તેવું જ સ્થાન લોકભાષાની કવિતામાં આ૦ જ્ઞાનવિમલસૂરિનું છે. તેમણે સંસ્કૃત અને ગુજરાતીમાં અનેક ગ્રંથો રચ્યા છે, જે પૈકી નીચેના ગ્રંથો મુખ્ય છે :

નરભવદિટ્ઠંતોવનયમાલા	પ્રશ્નદ્વાવિંશિકાસ્તોત્ર
પ્રશ્નવ્યાકરણસૂત્રવૃત્તિ	જિનપૂજાવિધિ
સંસારદાવાનલસ્તુતિવૃત્તિ	વીશસ્થાનકતપવિધિ
શ્રીપાલચરિત્ર	જ્ઞાનવિલાસ
સંયમતરંગ	તીર્થમાલા
નવતત્ત્વ બાલાવબોધ	સૂર્યાભનાટક
આનંદઘન ચોવીશી બાલાવબોધ	સાધુવંદનારાસ
૩૫૦ ગાથાના સ્તવનનો બાલાવબોધ	જંબૂસ્વામીરાસ
દીવાલીકલ્પ બાલાવબોધ	શ્રી ચંદ્રકેવલીરાસ
આધ્યાત્મકલ્પદ્રુમ બાલાવબોધ	બે ચોવીશીઓ
પાક્ષિકસૂત્ર બાલાવબોધ	દશદ્રષ્ટાંતની સજ્ઝાય
ધ્યાનમાલા ઉપર ટબો	યોગદ્રષ્ટિની સજ્ઝાય

ઉપરાંત, સિદ્ધાચલનાં અનેક સ્તવનો, રાસો, સ્તુતિઓ વગેરેની રચના કરી છે.

તેમનો ૮૦ વર્ષનો સુદીર્ઘ ચારિત્રપર્યાય અને આયુષ્ય ૮૮ વર્ષનું હતું. સં. ૧૭૮૨માં આસો વદ ૪ ને દિવસે ખંભાત મુકામે અનશનપૂર્વક સમાધિમય સ્વર્ગવાસ થયો હતો. તેઓ સૌના અત્યંત પ્રીતિપાત્ર હતા. તેથી જ્યારે તેમનો સ્વર્ગવાસ થયો ત્યારે ખંભાતમાં ૪૦ દિવસપર્યંત અમારિપ્રવર્તન કરાવવામાં આવ્યું

હતું. ખંભાતના દરિયામાં માછીમારોએ પણ ઘંઘો બંધ રાખ્યો હતો. (શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ–મુંબઈ દ્વારા પ્રકાશિત 'પંચપરમેષ્ઠી ધ્યાનમાળા'માંથી સાભાર ઉદ્‌ધૃત.)

ખરતરગચ્છીય મહો૰ દેવચંદ્રજી ગણિ –

(**નોંધ** : આ જ ગ્રંથના ભા. ૪ની પ્રથમ આવૃત્તિમાં પ્રક. ૬૬ના પૃ. ૩૮૫ થી ૩૮૯ ઉપર છપાએલ જીવન-પરિચય આ બીજી આવૃત્તિમાં અહીં (પ્રક. ૫૭માં) પ્રગટ કરીએ છીએ. –**સંપાદક**)

તેમનો જન્મ બિકાનેર પાસે ચંગ ગામમાં સં. ૧૭૪૬માં થયો હતો. તેમની દીક્ષા ક્યારે થઈ અને પંન્યાસપદ ક્યારે મળ્યું તેની સાલ મળતી નથી.

તેમણે સં. ૧૭૭૭માં પાટણમાં ક્રિયોદ્ધાર કરી સંવેગી મુનિપદ સ્વીકાર્યું અને સં. ૧૮૧૧માં અમદાવાદમાં ઉપાધ્યાયપદ સ્વીકાર્યું. તેમની ગુરુપરંપરા આ રીતે મળે છે.

ખરતરગચ્છના ભટ્ટા૰ (પ્રાયઃ ૬૦મા) જિનચંદ્રસૂરિ, ઉપા૰ પુણ્યપ્રધાન સુમતિસાગરગણિ, ઉપા૰ રાજસાગરગણિ, ઉપા૰ જ્ઞાનધર્મગણિ, ઉપા૰ દીપચંદ્રગણિ અને ઉપા૰ દેવચંદ્રગણિ.

ઉપા૰ દેવચંદ્રગણિએ મુલતાન, બિકાનેર, મરોટ, પાટણ, અમદાવાદ, પાલિતાણા, સુરત, રાણાવાવ, જામનગર, ભાવનગર, લીંબડી, ધ્રાંગધ્રા, ચુડા વગેરે સ્થળે પ્રતિષ્ઠાદિ પ્રસંગો અને ચાતુર્માસો કર્યા હતાં.

તેમણે બિલાડાનગરમાં એકાંતમાં બેસી સરસ્વતીદેવીની આરાધના કરી હતી. તેમણે જૈન વિધિપાઠ, સંસ્કૃત વ્યાકરણ, પંચકાવ્ય, કોશ, ચંપૂ, નાટક, દર્શન, જ્યોતિષ, સ્વરોદયગ્રંથિ, તત્ત્વાર્થસૂત્ર તથા જિનાગમોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેઓ દ્રવ્યાનુયોગના સમર્થ વ્યાખ્યાતા હતા. તેઓ મરોટથી પાટણ આવ્યા ત્યારે તપાગચ્છીય વિમલશાખાના ભટ્ટા૰ જ્ઞાનવિમલસૂરિના પરિચયમાં આવ્યા. બંને વચ્ચે અરસપરસ ખૂબ પ્રેમસંબંધ બંધાયો.

તેમણે પાટણમાં શાહની પોળમાં ચૌમુખજીની વાડી પાસેના જિનાલયમાં આ૰ જ્ઞાનવિમલસૂરિ તથા પાટણના નગરશેઠ જેતસીના પુત્ર શેઠ તેજસીને સહસ્રકૂટના ૧૦૨૪ તીર્થંકરોનાં નામ સંભળાવ્યાં. શેઠ તેજસીએ પં૰ (મહો૰) દેવચંદ્રગણિના ઉપદેશથી પાટણમાં પોતાના દેરાસરમાં સહસ્રકૂટનું પિત્તળનું ત્રિગડું બનાવી તેની સં. ૧૭૭૪ના જેઠ સુદ ૮ ને સોમવારે પુનમિયાગચ્છના ભટ્ટા૰ ભાવપ્રભસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. (ભાગ : ૩, પ્રક. ૪૦, પૃ. ૩૯૮ તથા ભાગ : ૪, પ્રક. ૬૧, પૃ. ૩૩૩–૩૩૪)

રતનસિંહ ભંડારી સં. ૧૭૮૯ થી ૧૭૯૩ સુધી અમદાવાદનો નાયબ સૂબો હતો. તે પં૦ દેવચંદ્રગણિના ઉપદેશથી વિશેષ ધર્મપ્રેમી બન્યો હતો.

(ભા. ૪, પ્રથમ આવૃત્તિ, પ્રક. ૫૮, પૃ. ૧૪૬;
પ્રક. ૬૪, પૃ. ૩૭૯; પ્રક. ૬૬, પૃ. ૩૮૯)

મુસલમાનોએ સં. ૧૭૨૫માં જામનગર ઉપર ચઢાઈ કરી. આથી જૈન સંઘે એ સમયે ''મુસલમાનો જૈન મંદિર તથા જિનપ્રતિમાઓને તોડી નાખશે'' એવા ભયથી બધી પ્રતિમાઓને ભોંયરામાં પધરાવી દીધી અને બધાં જિનાલયોને તત્કાલ બંધ કરી દીધાં.

એ પછી જામનગરમાં તલકશી શ્રેષ્ઠી મંત્રી બન્યો. તેણે પં૦ દેવચંદ્રગણિના ઉપદેશથી જામનગરનાં બંધ રાખેલાં સર્વ જિનાલયોને સં. ૧૭૮૮ના શ્રાવણ સુદ ૭ ને સોમવારે ઉઘડાવ્યાં અને બધી જિનપ્રતિમાઓને બરાબર સ્થાને સ્થાપન કરી બધાની પૂજા ચાલુ કરી. સં. ૧૭૯૦માં શ્રીસંઘે અંચલગચ્છના ભટ્ટા૦ ઉદયસાગરસૂરિના ઉપદેશથી જામનગરનાં બધાં જિનાલયોનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. (પ્રક. ૪૦, પૃ. ૪૪૨)

પં૦ (ઉપા૦) દેવચંદ્રગણિના ઉપદેશથી તેમજ તેમની નિશ્રામાં ઘણા યાત્રાસંઘો નીકળ્યા. (જુઓ પૃ. ૪૫–૪૬.)

તેમણે સં. ૧૮૧૦ મહા સુદ ૧૩ના શત્રુંજયતીર્થમાં સુરતના સં૦ કચરા કીકા શ્રીમાલીએ ૬૦ હજાર રૂપિયા ખરચીને પ્રતિષ્ઠા–ઉત્સવ કર્યો, તેમાં ભ૦ સુમતિનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. આ પૂર્વે પણ અનેક વખત શત્રુંજયતીર્થે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. અમદાવાદમાં સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી.

પં૦ દેવચંદ્રગણિએ અમદાવાદમાં જુદી જુદી સાલમાં પાંચ ચાતુર્માસ કર્યાં. સુરતમાં પણ કેટલાંક ચોમાસાં કર્યાં. તપાગચ્છના સંવેગી (૬૫મા) પં૦ જિનવિજયગણિએ અમદાવાદમાં અને સુરતમાં તેમની પાસેથી દ્રવ્યાનુયોગનું જ્ઞાન સંપાદન કર્યું. (૬૬મા) પં૦ ઉત્તમવિજયગણિ ગૃહસ્થાવસ્થામાં અને મુનિપણામાં પણ તેમની પાસે ભણ્યા હતા. (આવૃત્તિ-૧, પ્રક. ૬૬, પૃ. ૩૮૪.) પં૦ દેવચંદ્રજી અમદાવાદમાં જે સ્થાને ઉતરતા તે એ સમયે 'દેવચંદની ડેલી' તરીકે ખ્યાત હતું, જે પાછળથી 'ડહેલાના ઉપાશ્રય' તરીકે પ્રસિદ્ધિ પામ્યું.

તેમણે રચેલા ગ્રંથોની માહિતી નીચે મુજબ મળે છે :

સં. ૧૭૬૬માં મુલતાનમાં 'ધ્યાનદીપિકા ચતુષ્પદી', સં. ૧૭૬૭માં બિકાનેરમાં 'દ્રવ્યપ્રકાશ', સં. ૧૭૭૬માં મરોટમાં 'આગમસારોદ્ધાર' અને સં.

૧૭૯૬માં 'વિચારસાર' તથા 'જ્ઞાનમંજરી-ટીકા'. ઉપરાંત 'અધ્યાત્મગીતા', 'વિચારરત્નાકર', 'જિનસ્તવન ચોવીશી' તેનો 'ટબો', 'સહસ્રકૂટ સ્તવન', 'સ્નાત્રપૂજા', 'વીરનિર્વાણ સ્તવન', સિદ્ધાચલનાં સ્તવનો, પદો, સજ્ઝાયો, પ્રભંજના સજ્ઝાય, પાંચ પાંડવોની સજ્ઝાય ઇત્યાદિ.

મહો૦ દેવચંદ્રગણિને પં૦ મતિરત્નગણિ, મુનિ રાયચંદજી વગેરે શિષ્યો હતા. પં૦ મતિરત્નગણિએ 'સિદ્ધાચલતીર્થનો રાસ' રચ્યો છે. બીજા મુનિ રાયચંદજીની પ્રેરણાથી સં. ૧૮૨૫માં 'દેવવિલાસરાસ' (મહો૦ દેવચંદ્રજીનું જીવનચરિત્ર) બન્યો છે.

મહો૦ દેવચંદ્રગણિ સં. ૧૮૧૧ના ભાદરવા વદ અમાવાસ્યાએ અમદાવાદમાં સ્વર્ગવાસ પામ્યા.

(નોંધ : ઉપરોક્ત જીવન-પરિચય ઉપરાંત અન્ય વિશેષ વિગતો 'શાસનપ્રભાવક શ્રમણભગવંતો' ભા. ૧ના પૃ. ૩૯૧ થી ૩૯૩માંથી સાભાર ઉદ્‌ધૃત કરી નીચે આપીએ છીએ.)

તેમનો જન્મ સં. ૧૭૪૬માં બિકાનેર પાસે ચંગ ગામમાં, ઓસવાલ જ્ઞાતિના લુણિયા ગોત્રમાં થયો હતો. પિતા તુલસીદાસ અને માતા ધનબાઈના આ પુત્રનું નામ દેવચંદ્ર પાડવામાં આવ્યું. બાલ્યાવસ્થામાં ભણવાની અપૂર્વ ભાવના અને ધર્મ પ્રત્યે અપ્રતિમ પ્રીતિ હતી. આથી માતા ધનબાઈએ પુત્ર આઠ વર્ષનો થતાં ગુરુમહારાજને વહોરાવી દીધો. સં. ૧૭૫૬માં માત્ર ૧૦ વર્ષની વયે ઉપા૦ રાજસાગરજી મહારાજે દીક્ષા આપી અને નામ મુનિ રાજવિમલજી યાને શ્રી દેવચંદ્રજી રાખવામાં આવ્યું. બાલમુનિ જ્ઞાનપ્રાપ્તિમાં તન્મય બની ગયા. આગળ વધતા વિવિધ શાસ્ત્રોમાં પારંગત થયા અને માત્ર વીસ વર્ષની વયમાં જ 'ધ્યાનદીપિકા' અને 'દ્રવ્યપ્રકાશ' ગ્રંથની અદ્વિતીય રચના કરી.

પં૦ દેવચંદ્રજી મહારાજ સં. ૧૭૭૬ સુધી મોટે ભાગે મારવાડમાં વિચરતા રહ્યા. ત્યારબાદ ગુજરાતમાં વિહાર કરી સં. ૧૭૭૭માં પાટણ પધાર્યા. ત્યાં આ૦ જ્ઞાનવિમલસૂરિ સાથે સમાગમ થયો.

પં૦ દેવચંદ્રગણિ ખરતરગચ્છના હતા, છતાં તેઓમાં મતમતાંતર અને ભેદભાવ ઓગાળી નાખે એવી વત્સલતા અને મહાનતા હતી. તેથી જ તપાગચ્છના મુનિઓએ તેમની પાસે અભ્યાસ કર્યો હતો; અને એ જ મુનિઓ પં૦ જિનવિજયજી, પં૦ ઉત્તમવિજયજી, પં૦ પદ્મવિજયજી આદિએ પોતાની કાવ્યરચનાઓમાં તેમના નામનો સાદર ઉલ્લેખ પણ કર્યો છે.

સં. ૧૭૮૭માં અમદાવાદમાં નાગોરી–સરાદમાં તેઓશ્રીએ ભગવતીસૂત્રનું વાચન કર્યું, ઢુંઢક માણેકલાલને મૂર્તિપૂજક બનાવ્યા, શાંતિનાથની પોળમાં

સહસ્રફણા બિંબની પ્રતિષ્ઠા કરી. સં. ૧૭૮૫-૮૬-૮૭માં શત્રુંજયતીર્થ ઉપર પ્રતિષ્ઠાઓ કરી. વળી, અમદાવાદ પધારી તે સમયે ફેલાયેલા મરકીના ઉપદ્રવમાં માનવસેવામાં જોડાયા. અનેક વૈષ્ણવોને પ્રતિબોધી જૈન બનાવ્યા. સં. ૧૭૯૬-૯૭માં નવાનગર (જામનગર)માં રહીને ઢુંઢકોને જીતીને મૂર્તિપૂજક બનાવ્યા અને બંધ ચૈત્યો ખુલ્લાં કરાવ્યાં. સં. ૧૮૦૨-૩-૪માં ભાવનગર, સં. ૧૮૦૫-૬માં લીંબડી, ધ્રાંગધ્રા અને ચુડામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવ્યા. સં. ૧૮૧૦માં સુરતથી કચરા કીકાના સંઘમાં શત્રુંજયતીર્થ પધાર્યા. તે સમયે પાલિતાણામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની સ્થાપના કરી.

મહો૦ દેવચંદ્રજીગણિ સં. ૧૮૧૧ના ભાદરવી અમાવાસ્યાએ અમદાવાદ–ડોસીવાડાના ઉપાશ્રયમાં દેવગતિને પ્રાપ્ત થયા. તે સમયે ચોર્યાસી ગચ્છના સાધુઓ–શ્રાવકો એકત્રિત થયા હતા. તેમની પાદુંકા દરિયાપુરના દેરાસર સામે સ્થાપવામાં આવી છે.

તેમણે રચેલા ગ્રંથોમાં ઉક્ત ગ્રંથો ઉપરાંત નયચંદ્રસાર, કર્મગ્રંથ ભા. ૧ થી ૫, કર્મસંવેદ્ય પ્રકરણ, ગુરુગુણ છત્રીશી વગેરે મુખ્ય છે. (સંકલન : જીવણચંદ ઝવેરચંદ ઝવેરીના લેખને આધારે.)

મુનિવર્ય શ્રી મોહનલાલજી મહારાજ –

મુનિવર્ય શ્રી મોહનલાલજી મહારાજ એક વિદ્વાન હોવા ઉપરાંત સાચા અર્થમાં કર્મયોગી હતા. તેમનો જન્મ ઉત્તરપ્રદેશમાં મથુરા પાસે ચાંદપુર ગામમાં સં. ૧૮૮૭માં થયો. નામ મોહન પડ્યું. જન્મ બ્રાહ્મણ કુળમાં થયો પણ કર્મે જૈન બન્યા. રાજસ્થાનના નાગોર શહેરમાં ૯ વર્ષની બાલ્યવયે જૈન યતિશ્રી રૂપચંદજીનો સમાગમ થયો. ધાર્મિક જ્ઞાનની ઉત્તરોત્તર પ્રાપ્તિ સાથે વિવિધ શાસ્ત્રોની જાણકારી મેળવી. સં. ૧૯૦૩માં સોળ વર્ષની યુવાવયે ખરતરગચ્છના આ૦ મહેન્દ્રસૂરિ પાસે મક્ષીજી તીર્થમાં યતિ-દીક્ષા લીધી. આગળ જતાં સંવેગીપણાની ભાવના જાગી. પોતાની બધી મિલકતનો ધર્મમાર્ગે ત્યાગ કર્યો. તેઓ અજમેર ગયા અને સં. ૧૯૩૦માં શ્રીસંઘ સમક્ષ યતિમાંથી સંવેગી સાધુ થયા. શ્રી સુખસાગરજી મહારાજ પાસે યોગોદ્વહન કરી વાસક્ષેપ લીધો અને તેમના શિષ્ય બની ખરતરગચ્છની સંવેગી પરંપરામાં મુનિ મોહનલાલજીના નામે પ્રસિદ્ધિ પામ્યા. સં. ૧૯૩૨થી સં. ૧૯૪૦ દરમિયાન તેઓએ અસાધારણ ધર્મકાર્યો પ્રવર્તાવ્યાં. સિરોહીમાં પ્રતિ વર્ષ ૧૫ દિવસ અમારિ પ્રવર્તાવી. બ્રાહ્મણવાડાના જૈનમંદિરનો વહીવટ બ્રાહ્મણો પાસેથી લેવરાવી જૈન શ્રાવકોને સોંપ્યો. ઓસિયાતીર્થ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

તેઓએ રાજસ્થાનથી ગુજરાત તરફ વિહાર કર્યો. સં. ૧૯૪૧નું ચોમાસું

પાટણ કર્યું. તે વખતે શ્રીસંઘની વિનંતીથી તપાગચ્છની ધર્મક્રિયાઓનું આચરણ કરવા લાગ્યા. સં. ૧૯૪૫નું ચોમાસુ શ્રી આદીશ્વર દાદાની છત્રછાયામાં પાલિતાણા કર્યું. સં. ૧૯૪૬નું ચોમાસુ સુરત કર્યું. ત્યાં બે દીક્ષા થઈ, આથી એમના શિષ્યોની સંખ્યા વધીને સાત થઈ. ખરતરગચ્છ અને તપાગચ્છ–બંનેની અંદર શિષ્યપરંપરા ચાલી. આ બંને તરફ એમની દ્રષ્ટિ સમાન હતી. ગચ્છભેદ અને મતભેદ એમની પાસે હતા જ નહીં. જો કે ગુજરાતમાં તપાગચ્છનું પ્રાબલ્ય વધારે હતું. તેથી આ પરિવર્તનને લીધે તેઓ સુરત અને મુંબઈમાં ઘણું પ્રશસ્ય કાર્ય કરી શક્યા હતા.

સં. ૧૯૪૭ના ચૈત્ર સુદિ ૬ના તેઓ અનેક ધર્મશ્રેષ્ઠીઓની સાગ્રહ વિજ્ઞપ્તિથી મુંબઈ પધાર્યા. સંવેગી શ્રમણનો મુંબઈમાં આ પ્રથમ પ્રવેશ હતો. ભુલેશ્વર–લાલબાગમાં વિવિધ આરાધના અને ઓચ્છવપૂર્વક ઘણા ઠાઠથી ચાતુર્માસ થયું.

સુરતના શ્રેષ્ઠી ઘરમચંદ ઉદયચંદ ઝવેરીએ સુરતથી શ્રી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢવાની ભાવનાથી પૂ૦ શ્રી મોહનલાલજી મહારાજને સંઘમાં સામેલ થવાની વિનંતી કરી. પૂજ્યશ્રીએ એનો સ્વીકાર કર્યો અને તેઓશ્રી મુંબઈથી વિહાર કરી સં. ૧૯૪૮માં સુરત પધાર્યા. ત્યાં આવી વડાચૌટામાં શ્રી સીમંધરસ્વામીના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને કતારગામના પ્રાચીન દેરાસરનો મોટા પાયે જીર્ણોદ્ધાર શરૂ કરાવ્યો, જે સં. ૧૯૫૫માં પૂરો થયો. સં. ૧૯૪૯માં સુરતથી શ્રી શત્રુંજયતીર્થનો સંઘ નીકળ્યો. લગભગ સવા મહિને એ પાલિતાણા પહોંચ્યો. યાત્રાસંઘની ખૂબ યાદગાર રીતે સમાપ્તિ થઈ. તે પછી શ્રી શત્રુંજયની તળેટીમાં બંધાયેલ ઘનવસહી ટૂક (બાબુના દેરાસર)ના મૂળનાયક શ્રી આદિનાથ વગેરે જિનબિંબોની અંજનશલાકા અને પ્રતિષ્ઠા વિધિ પણ પૂજ્યશ્રીના શુભ હસ્તે થઈ.

એ પછી તેઓશ્રી સુરત અને મુંબઈમાં ચોમાસાં કરતા રહ્યા. સુરતમાં કુલ ૬ ચોમાસાં કર્યાં. એ દરમિયાન શેઠ નેમચંદ મેળાપચંદનો ઉપાશ્રય, મોહનલાલજીનો ઉપાશ્રય, ગ્રંથભંડાર, જૈન ભોજનશાળા, જયકુંવર જૈન જ્ઞાનઉદ્યોગ શાળા વગેરે બંધાવ્યાં. મુંબઈમાં એમણે કુલ ૮ ચોમાસાં કર્યાં. એ દરમિયાન ભુલેશ્વર–લાલબાગનું સમગ્ર જૈન સંકુલ (દેરાસર, ઉપાશ્રય, પુસ્તકાલય, ધર્મશાળા, ભોજનશાળા વગેરે) એમની પ્રેરણા અને પ્રયાસોથી વિકાસ પામ્યું. વાલકેશ્વરનું ભ૦ આદિનાથનું (બાબુ અમીચંદ પન્નાલાલનું) જૈનમંદિર એમની પ્રેરણાથી બંધાયું અને એની પ્રતિષ્ઠા પણ પૂજ્યશ્રીના હસ્તે થઈ.

એમના જીવનની ઉત્તરાવસ્થામાં સુરત એમનું સ્થિરવાસ બની ગયું હતું.

પ્રાંતે, સં. ૧૯૬૩ના ચૈત્ર વદિ ૧૨ ના દિવસે સુરતમાં તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો. ('શાસનપ્રભાવક શ્રમણભગવંતો' ભા. ૨, પૃ. ૪૯૩થી ૪૯૬માંથી સાભાર ઉદ્‌ધૃત.)

મુનિશ્રી જિનભદ્રવિજયજી મહારાજ –

બોડેલી ક્ષેત્રના પરમાર ક્ષત્રિય જૈનોના સૌપ્રથમ ઉદ્ધારક મુનિશ્રી જિનભદ્ર-વિજયજીનો જન્મ સં. ૧૯૩૬માં સુરતમાં પ્રસિદ્ધ ઝવેરી ઘરમચંદભાઈને ત્યાં થયો હતો. તેમનું જન્મનામ જીવણચંદ હતું. ધનાઢ્ય અને ધર્મિષ્ઠ કુટુંબમાં તેમનો ઉછેર થયો હતો. પિતા ઘરમચંદભાઈએ વ્યાપારમાં વહેલી નિવૃત્તિ લેતા, લાખોનો વ્યવસાય કરતી, 'ઘરમચંદ ઉદયચંદ (કે ઉમેદચંદ)ની પેઢી'ની જવાબદારી જીવણચંદ ઉપર માત્ર ૧૪-૧૫ વર્ષની વયે આવી પડી. સં. ૧૯૫૦માં વેપાર સંભાળ્યો અને સં. ૧૯૫૨માં લગ્ન કર્યાં. તીવ્ર ઘગશ, કાબેલિયત, સાહસવૃત્તિ તેમજ પ્રામાણિકતાથી તેમણે મોતી વગેરે ઝવેરાતનો વેપાર વધાર્યો. અનેક રાજા-મહારાજાના તે ઝવેરી બન્યા અને કેટલાક રાજાના તો ગાઢ મિત્ર પણ બન્યા.

વ્યાપાર અર્થે તેમને યુરોપના દેશોમાં અવારનવાર જવાનું બનતું. એક વખત ફ્રાંસના હીરાના વેપારીએ તેમને ૬૦ હોર્સપાવરની કિંમતી મોટર ભેટ આપી. આખા મુંબઈમાં આવી મોટર એ સમયે એક જ હતી. મોટરના અવાજ વગેરેના કારણે ટ્રાફિક પોલીસને અગાઉથી તકેદારી રાખવી પડતી. અંગ્રેજ અમલદારો પણ તેમનું માન-સન્માન રાખતા.

તેમની નીતિમત્તા અને ઉદારતાને કારણે પેઢીની પ્રતિષ્ઠા અને આવકમાં વૃદ્ધિ થઈ હતી. માત્ર મોતી તોલવાના ધર્માદાના કાંટે પેઢી તરફથી વર્ષે પોણો લાખ કે એક લાખ રૂપિયા ભરવામાં આવતા. આ હિસાબે વાર્ષિક વેપાર કેટલા કરોડનો હશે તેની કલ્પના કરો !

તેમને યુરોપ જવાનું ઘણીવાર બનતાં, ત્યાં ત્રણ માળનું એક મકાન રાખી તેમજ દેશમાંથી રસોયાદિ માણસોને લઈ જઈ કાયમી વ્યવસ્થા ગોઠવી હતી. રાજા-મહારાજાઓ દેશી ભોજન કરવાની ઇચ્છાથી ક્યારેક અહીં આવતા. શેઠે યુરોપથી પાછા આવતા પછી પણ મકાન તથા રસોયાની વ્યવસ્થા ચાલુ રાખી, દેશમાંથી અહીં આવતા પરિચિતોને તેમજ વિદ્યાર્થીઓને રહેવા અને જમવાની અનુકૂળતા કરી આપેલ.

સામાજિક અને ધાર્મિક કાર્યોમાં પણ તેઓ પ્રવૃત્ત અને ઉદાર હતા. પેઢીના નામે તેમણે જિનાલયોનાં જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા કરાવ્યાં, યાત્રાસંઘો કાઢ્યા, નવ્વાણું યાત્રા કરાવી, ઉજમણાં કર્યાં, ઉપાશ્રય તેમજ વિદ્યાલય વગેરેમાં દાન આપ્યાં. 'જીર્ણોદ્ધાર ફંડ' અને 'એજ્યુકેશન ફંડ'ની સ્થાપના કરી. શ્રી જૈન

શ્વેતાંબર કોન્ફરન્સ–મુંબઈ, શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ–પાલિતાણા વગેરે સંસ્થા સાથે સંકળાયેલા રહ્યા.

શેઠ જીવણચંદની પાછલી જિંદગીમાં એક આકસ્મિક બનાવ બની ગયો. પોતાના એક મિત્ર મિ. મોરે વડોદરામાં ગુજરી ગયા અને બીજા મિત્ર લીંબડીના દરબાર દોલતસિંહ પણ ચાલ્યા ગયા. એ બંને પોતાના પરમ મિત્રો હતા. બંને મજબૂત બાંધાના, કદાવર, સશક્ત અને તંદુરસ્ત હતા. એમના જવાથી શેઠને ઊંડો આઘાત લાગ્યો. એ આઘાતે તેમને વિરક્ત બનાવી દીધા. તેમને વિચાર આવ્યો કે આવા કદાવર માણસો ઘડીકમાં ચાલ્યા ગયા, તો મારું શરીર તો માંદલું છે, અશક્ત છે, એનો શો ભરોસો ! આ વિચારે તેમને વૈરાગ્ય આવ્યો. આગળ જતાં એ વૈરાગ્ય સંસારત્યાગમાં પરિણમ્યો.

મુનિશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી મહારાજ)થી તેઓ પરિચિત અને પ્રભાવિત હતા. એમની પાસે સં. ૧૯૯૭માં મહા વદિ ૧૦ ના રોજ બાંદનવાડીમાં તેમણે દીક્ષા સ્વીકારી અને મુનિ જિનભદ્રવિજય નામે એમના શિષ્ય બન્યા. બાંદનવાડીના જૈન–જૈનેતર પંચે એકઠા થઈને આ દીક્ષાની ખુશાલીમાં દર સાલ માટે મહા વદિ ૧૦ અને ભાદરવા સુદિ ૪ (સંવત્સરી મહાપર્વ)ના રોજ પાખી પાળવાનું નક્કી કર્યું હતું.

મુનિ જિનભદ્રવિજયનું સંયમી જીવન ત્યાગમય, નિરીહ અને લોકોપકારક હતું. બોડેલી ક્ષેત્રમાં પરમાર ક્ષત્રિય જૈનો સાધુમહારાજોના સમાગમના અભાવે ઘણા સમયથી વિધર્મી, વ્યસની અને માંસાહારી બની ગયા હતા. તેમને સદાચારી તેમજ પુનઃ જૈનધર્મી બનાવવાનું ધર્મકાર્ય મુનિશ્રી જિનભદ્રવિજયજીએ હાથ ધર્યું. મુનિશ્રીએ બોડેલી ક્ષેત્રના ગામેગામ વિચરી પરમાર ક્ષત્રિયોને પોતાના મૂળ જૈનધર્મની સાચી સમજ આપી જૈનધર્મી બનાવ્યા. પરમાર ક્ષત્રિયોને ધાર્મિક તેમજ સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને સંસ્કારિક તરીકે પણ આગળ લાવ્યા. બોડેલીમાં બોર્ડિંગની સ્થાપના કરી. આમ, તેઓ પરમાર ક્ષત્રિય જૈનોના પ્રથમ ઉદ્ધારક બની ગયા. તેઓ જીવનભર આ લોકકલ્યાણનું કાર્ય કરતા રહ્યા અને સં. ૨૦૧૫માં સ્વર્ગવાસી બન્યા.

પરમાર ક્ષત્રિય જૈનોએ પોતાના પરમ ઉપકારી શ્રી જિનભદ્રવિજયજીની ગુરુમૂર્તિ બોડેલી તીર્થમાં બિરાજમાન કરી છે.

('જૈન' પત્રના તા. ૧૭-૭-૭૨ના અંકમાંથી સારરૂપ સાભાર,
લેખક : શ્રી ફત્તેહચંદ બેલાણી.)

મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ –

ધાર્મિક શિક્ષણના પ્રસારકાર્યમાં નામાંકિત મુનિશ્રી જિતેન્દ્રવિજયજીનો સં. ૧૯૬૪માં, સુરતમાં, વીસા ઓસવાલ જ્ઞાતિના જાણીતા શેઠશ્રી જીવણચંદ

નવલચંદ ઝવેરી (પ્રક. ૫૭, પૃ. ૫૬)ના ઘરે શ્રીમતી પાર્વતીબહેનની કુક્ષીએ જન્મ થયો હતો. તેમનું જન્મનામ જેચંદભાઈ હતું. બાલ્યવયથી ઊંડા સંસ્કાર મળતાં ઉચ્ચ ધાર્મિક અભ્યાસ સાથે એસ. એસ. સી. સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

તેઓ સં. ૧૯૮૫માં વ્યાપારમાં સંકળાયા અને સં. ૧૯૮૭માં સુરતના શેઠશ્રી મગનભાઈ દયાચંદની સુપુત્રી જશવંતીબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. વ્યાપાર કે લગ્નજીવનમાં તેઓ માત્ર જોડાયા એટલું જ, તેમનું મન તો સંસારથી અલિપ્ત એવા વૈરાગ્યભાવમાં જ વસતું હતું. વળી, પોતાનું જ નહિ ધર્મપત્નીનું હિત પણ ત્યાગમાર્ગે વાળવા ઉત્સુક બન્યા. તેઓની એ ભાવના સફળતામાં પરિણમતાં સં. ૧૯૯૦ના મા. વદિ ૮ના દિવસે, પાટણમાં ભાગવતી દીક્ષા અંગીકાર કરી આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિના સમુદાયના પં૦ મહિમાવિજયજીના શિષ્ય બની મુનિ જિતેન્દ્રવિજય નામે જાહેર થયા. જ્યારે ધર્મપત્ની જશવંતીબહેન પણ સાધ્વી લાવણ્યશ્રીનાં શિષ્યા સાધ્વી જયપ્રભાશ્રી નામે સંયમી બન્યાં.

મુનિશ્રી જિતેન્દ્રવિજયજી સંયમની સાધના સાથે જ્ઞાન સાધનામાં પણ આગળ વધવા લાગ્યા. સં. ૨૦૦૦ પૂર્વે એક નાનકડો દીપ પાલિતાણા પાસે ગારિયાધારમાં 'પુણ્યનો સિતારો' નામે પુસ્તક રૂપે પ્રગટ કર્યો. આ જ્ઞાનદીપને પ્રદીપ્ત અને અખંડિત રાખવા મુનિશ્રીએ સં. ૨૦૦૪ (તા. ૧૪-૫-૧૯૪૮)ના પૂનામાં 'શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ'ની સ્થાપના કરી. આ સંસ્થા દ્વારા ધાર્મિક ઈનામી પરીક્ષા, તેનાં પાઠ્ય પુસ્તકોનું પ્રકાશન વગેરે કાર્ય છેલ્લા શ્વાસ સુધી અવિરત ચાલું રાખ્યું. કલકત્તા નિવાસી ઉદારદિલ શેઠશ્રી હીમચંદભાઈ કે. શાહ દ્વારા આ સંસ્થાને વખતોવખત દાન મળતું રહ્યું.

પ્રેસ અને પ્લેટફોર્મ એ સમાજને જાગૃત રાખવાનું સાધન છે, એવા વિચારે મુનિવર્યશ્રીએ સં. ૨૦૦૫માં મુરબાડ (મહારાષ્ટ્ર) ગામે 'ગુલાબ' નામના સામયિકનો પ્રારંભ કર્યો. આ બાળમાસિકે શિક્ષા અને શિક્ષણ માટે, વિદ્યાપીઠ અને પાઠશાળા માટે, વિદ્યાર્થી અને ભાવિ નાગરિક માટે ઉમદા વિચારો સમાજને આપ્યા. ટૂંકમાં હજારો જ્ઞાનપિપાસુઓમાં જ્ઞાનની ભૂખ જગાડી, સૂત્રોના અર્થની સૂઝ ઊભી કરી અને સમ્યક્‌જ્ઞાનનો ખૂબ ખૂબ પ્રચાર કર્યો.

મુનિશ્રી જિતેન્દ્રવિજયજીએ ઉત્તર-પૂર્વ (દિલ્હી-કલકત્તા)ના અને દક્ષિણ (કન્યાકુમારી)ના પ્રદેશોમાં ઉપયોગી થાય તેવાં જૈનધર્મનાં અનેક પુસ્તકો તે તે ભાષામાં પ્રકાશિત કરી જિનશાસનની સેવા અને પ્રભાવના કરી હતી. મુનિવર્યશ્રીએ પોતાના શિષ્ય મુનિ હરીશભદ્રવિજયજી સાથે કુલ આઠ ભાષામાં જૈન સાહિત્યનું પ્રકાશન કર્યું છે. આવું મોટું કામ પૂર્વે કોઈએ કર્યું નથી અને

ભવિષ્યમાં કોઈ કરશે કે કેમ તે શંકા છે. તેથી જ બેંગલોરના શ્રીસંઘે સં. ૨૦૩૨ના પૂજ્યશ્રીને 'સાહિત્યભૂષણ'ના સન્માનનીય પદથી વિભૂષિત કર્યા હતા.

પૂ૦ મુનિરાજની એક આદર્શ સ્વપ્નદ્રષ્ટા હતા. તેઓની પ્રેરણાથી જિનમંદિરોનું નિર્માણ, ધાર્મિક પાઠશાળા, કન્યા છાત્રાલય, જૈન લાઈબ્રેરી વગેરેની સ્થાપના તેમજ સાધર્મિક ઉત્કર્ષની શુભ પ્રવૃત્તિઓ ફાલી-ફૂલી હતી. પ્રાંતે, સં. ૨૦૩૬ના ભાંડૂપમાં તેઓ સ્વર્ગવાસ પામ્યા હતા.

(સંકલન : શ્રી ફૂલચંદ હરિચંદ દોશી 'મહુવાકર', 'શાસનપ્રભાવક શ્રમણભગવંતો', ભા. ૨, પૃ. ૬૧૯ થી ૬૨૧.)

સુરતના મહાજનો

શેઠ પ્રમોદરાય અને શેઠાણી સુભદ્રાદેવી –

સુરતના એક શેઠને પ્રમોદ નામે પુત્ર હતો. પ્રમોદને સુભદ્રા નામે ધર્મપત્ની હતી. પ્રમોદરાયનો વેપાર ધમધોકાર ચાલતો હતો. એની પેઢી ઉપર પચ્ચીસેક ગુમાસ્તા કામ કરતા હતા. મોટા મુનિમનું નામ મણિલાલ. મુનિમ અનુભવી અને પ્રૌઢ હતો.

પિતાએ પ્રમોદરાયને શિખામણ આપેલી કે,

''નીતિને છોડીશ નહીં. સાધુસંતોનો સંગ તજીશ નહીં.
પરસ્ત્રીગમન કરીશ નહીં. જીભની મીઠાશ મૂકીશ નહીં.''

''આપણી પાસે કુલ વીશ લાખની માલમત્તા છે એટલે વેપારમાં વીશ લાખથી વધુ જોખમ ખેડીશ નહીં.''

આ શિખામણો પિતાએ ચોપડાના પહેલા પાના ઉપર નોંધાવી.

પ્રમોદરાય આ બધી શિખામણોને પાળતો હતો અને એ મુજબ વેપાર ચલાવતો હતો. પ્રમોદરાય એક પ્રસંગ કારણવશ બહારગામ ગયા. પાછળથી એક સાંજે વહાણના માલિકે ત્રીશ લાખના માલવાળા વહાણનો વીમો ઉતારવા વિનંતી કરી અને મુનિમે વહાણના ટંડેલનું નામ લખી તેના માલની આંકણી કરી વીમો ઉતાર્યો. પૈસા લઈ, જમાડી તેને રવાના કર્યો.

પ્રમોદરાય ત્રીજે દિવસે આવ્યા. આવીને જોયું તો મુનિમે વીશ લાખથી વધુ જોખમ ખેડ્યું છે એવી ભૂલ જણાતાં તે મૂર્છિત થઈ ગયા. મણિલાલ મુનિમ પણ ખરી વાત સમજ્યો ત્યારે મૂંઝાઈ ગયો. જો પૈસા ભરવા પડે તો ત્રીશ લાખ લાવીશું ક્યાંથી ? પણ મુનિમે મનને મનાવી લીધું કે મોસમ સારી છે, પવન સાનુકૂળ છે માટે વાંધો નહીં આવે. સમયે સૌ સારાં વાનાં થશે. અને એ રીતે શેઠને પણ સમજાવ્યા.

આ પરિસ્થિતિની શેઠાણી સુભદ્રાને ખબર પડી. તેણે પણ શેઠને શાંત પાડવા બધા પ્રયત્નો કર્યા. વહેલી રાતે બંને સૂઈ ગયાં. મધ્ય રાત્રિએ પવન ફૂંકાવા લાગ્યો. ચારે તરફ આંધી ફેલાઈ ગઈ હતી. ઘણાં ઝાડો તૂટી પડ્યાં હતાં, થાંભલા પણ વળી ગયા, કેટલાંક મકાનો પડી ગયાં. શેઠ રાત્રે જાગ્યા ને પરિસ્થિતિ પામી ગયા. મનમાં બબડવા લાગ્યા કે ખેલ ખલાસ !

સવાર થતાં વાતાવરણ શાંત થયું. બપોરે શેઠ ઉપર તાર આવ્યો કે, ''વહાણનો પત્તો નથી. ત્રીશ લાખ રૂપિયા તૈયાર રાખો. સવારે આવીએ છીએ.'' શેઠ આ સાંભળી ગાંડા જેવા થઈ ગયા. તે ઘેર આવ્યા અને અફીણ ઘોળી પીવાનો નિર્ણય કર્યો. શેઠના હુકમ મુજબ શેઠાણી સુભદ્રાએ સાંજ થતાં અફીણની બે પ્યાલી તૈયાર રાખી. એક પોતાને માટે અને બીજી શેઠને માટે.

સુભદ્રાએ શેઠ પાસે આવીને કહ્યું : ''મરવું છે જ પણ મને એક વચન આપો.'' શેઠે તે કેવલીની સાક્ષીએ પાળવાનો કોલ આપ્યો. ''આ અફીણ અત્યારે નહીં પણ એવો સમય આવે ત્યારે આપણે બંને પીશું.'' શેઠે તેનું વચન કબૂલ રાખ્યું.

પછી સુભદ્રાએ સ્નાન કરી નવાં વસ્ત્રો ધારણ કર્યાં. શણગાર પણ સજ્યો. અને ઘીનો દીવો લઈ પુસ્તકમાંથી સ્તવન ગાવા લાગી. શેઠ એ સાંભળતાં સાંભળતાં ઊંઘી ગયા. શેઠાણીએ પ્રભુભક્તિ ચાલુ રાખી. પોતે કરેલાં ધર્મકાર્યોને યાદ કર્યાં. ચોથો પહોર થયો. તે જાગતી જ હતી એવામાં નીચેથી સાંકળનો ખખડાટ થયો. શેઠાણીએ નીચે આવી બારણાં ખોલ્યાં.

એક બુકાનીધારી માનવી હાથમાં મોટી કોથળી લઈને આવી ઊભો હતો. તેણે શેઠાણીને જોઈ બુકાની કાઢી નાખી, વિનંતી કરતાં કહ્યું :

''ભવાનીપુરના બાપુ ગઈ કાલે દેવલોક પામી ગયા છે. સરકારનો સૂબો ત્યાં આવી જપ્તી બેસાડશે અને કંઈ લેવા નહીં દે. હું ત્યાંનો ફટાયો છું. પિતાજીએ હું લાડકો હોવાથી મારા ભાગની રોકડ અને જરજવેરાત મને આપી દીધેલાં છે તે લઈ હું રાતોરાત ભાગ્યો છું. મોટો ભાઈ તો બાપુની ગાદીએ આવશે પણ મારું કોણ ? તો આ મારી મૂડી છે. વ્યાજ વિના રાખવાની છે. તો તમે રાખી લો. ના ન પાડતાં. તમારી મોટપની મને જાણ છે. મારે વ્યાજ નથી જોઈતું. મારે પારેવા જેવાં બાલુડાં છે તેના પર દયા લાવી આ મૂડી રાખી લો.''

સુભદ્રાએ એ મિલકતની નોંધ કરી લીધી. ઝેરની પ્યાલીઓ ઢોળી દીધી. સવાર થતાં શેઠે જાગી શેઠાણીને કહ્યું કે, 'હવે પ્યાલી પી લઈએ.' શેઠાણીએ ચોથા પ્રહરની બધી ઘટના કહી સંભળાવી. શેઠ ખૂબ ખુશ થયા. નાહી-ધોઈ, જમી-પરવારીને દુકાને ગયા. મુનિમ મણિલાલ પણ એ જ અવસરે હસતે મોંએ

આવી કહેવા લાગ્યો : ''શેઠ ! વધામણી. વહાણ સહીસલામત છે. બીજા બંદરે એ ખેંચાઈ ગયાં હતાં. તે હવે તેઓને મળી ગયાં છે.''

શેઠે આનંદના સમાચારથી આંખ મીંચીને પોતાની સતિ-શિરોમણિ સુભદ્રાને યાદ કરી ને સુભદ્રાને મનથી ધન્યવાદ આપવા લાગ્યા.

શેઠ મોતીશાહ –

ખંભાતના નાહટા ગોત્રના વીશા ઓશવાલ જૈન શેઠ સાંકળચંદના પુત્ર શેઠ અમીચંદની ભાર્યા રૂપ(રૂપા)બાઈના પુત્ર શેઠ મોતીચંદ થયા.

શેઠ અમીચંદ વિ. સં. ૧૮૧૪માં (૧૩ વર્ષની વયે) ખંભાતથી મુંબઈ આવ્યા. તેની પત્ની રૂપાબાઈને મુંબઈમાં પાંચ સંતાનો થયાં હતાં. તેઓમાં (૧) સં. ૧૮૩૪માં નેમચંદ, (૨) સં. ૧૮૩૮માં મોતીચંદ અને (૩) સં. ૧૮૪૦માં દેવચંદ નામના પુત્રો હતા અને બે પુત્રીઓ હતી.

(–શેઠ રતનજી ફરામજી વાંછા લિખિત 'મુંબઈનો બહાર'
શેઠ મોતીચંદની ઉત્પત્તિ પ્રકરણ : ૬)

શેઠ અમીચંદ કોટમાં રહેતા હતા. તેમણે પોતાને ત્યાં ઘરદેરાસર કરાવ્યું હતું.

શેઠ મોતીશાહ પણ મુંબઈમાં રહ્યા હતા. તે શાહ સોદાગર હતા. તેમને દિવાળીબાઈ નામે પત્ની હતી અને ખીમચંદ નામે પુત્ર હતો. તેઓ વહાણવટાનો ધંધો કરતા હતા. તેમની પાસે ૮ વહાણો હતાં. તેઓ વારંવાર દરિયાઈ ખેડ કરતા હતા.

શેઠ મોતીશાહે મુંબઈ વગેરે સ્થાનોમાં ધર્મશાળા, પાંજરાપોળ, દવાખાનાં બનાવ્યાં હતાં. સં. ૧૮૮૫ના મહા સુદિ ૬ ના મુંબઈ–ભાયખલામાં આદીશ્વર જિનપ્રાસાદ બંધાવીને તેની પ્રતિષ્ઠા કરાવી હતી. તેમજ મુંબઈમાં પાયધુની ઉપર ગોડી પાર્શ્વનાથનો વિશાળ જિનપ્રાસાદ તેમણે તૈયાર કરાવ્યો હતો.

એમ જાણવા મળે છે કે, મુંબઈમાં કોટમાં વિ. સં. ૧૬૩૧ થી ૧૬૩૫માં ગોડી પાર્શ્વનાથનું જિનાલય બન્યું હતું, પરંતુ સં. ૧૮૫૯માં કોટમાં આગ લાગતાં ત્રણ દિવસ સુધી તે આગ રહી હતી. તેમાં ઘણાં મકાનો ભસ્મીભૂત થયાં, તેમાં ચાલીશેકનું નુકસાન થયું હતું.

ત્યાં વસતા ઘણા જૈનો, ઘરો બળી જવાથી કાલબાદેવી, ભૂલેશ્વર, પાયધુની વિભાગમાં આવીને વસ્યા.

એ જૈનોએ પાયધુની ઉપર ગોડીજીનું જિનાલય બંધાવવાનો નિશ્ચય કર્યો. શેઠ નેમચંદે સં. ૧૮૬૨માં ૪૨૦૦ રૂપિયામાં પાયધુની ઉપર મકાન ખરીદ્યું

અને સં. ૧૮૬૮ના બીજા વૈશાખ સુદ ૧૦ ને બુધવારના રોજ સવારે ૮ ને ૩૦ મિનિટે શ્રી ગોડી પાર્શ્વનાથને ગાદીએ બેસાડ્યા. ઘોઘાવાળા શેઠ કલ્યાણજી કાનજીએ રૂા. ૧૦૦૧ની ઉછામણી બોલીને પ્રભુજીને ગાદીએ બેસાડ્યા. શેઠ નેમચંદ, મોતીચંદ, દેવચંદે ઉત્સવમાં જુદી જુદી બોલી બોલીને લાભ લીધો.

સં. ૧૮૬૨ થી ૧૮૭૨ સુધીમાં જિનાલય તૈયાર થયું અને તેનો વહીવટ શરૂઆતમાં શેઠ અમીચંદ સકરચંદની પેઢી કરતી હતી.

સંભવતઃ આ પ્રતિષ્ઠા તપાગચ્છના (૬૮મા) ભટ્ટા૦ વિજયદેવેન્દ્રસૂરિના હાથે થઈ હશે, કેમકે ગવર્નર ઈન કાઉન્સીલ ડબલ્યુ. હારે તેમને ગુજરાત, કાઠિયાવાડમાં ફરવા માટે પરવાનગી પત્ર આપ્યો હતો.

સં. ૧૮૬૯માં શેઠ નેમચંદભાઈ તથા તેમનાં માતુશ્રી રૂપાબાઈ મરણ પામ્યાં. હવે કુટુંબનો ભાર શેઠ મોતીચંદ ઉપર આવી પડ્યો. શેઠ મોતીચંદ દેવચંદ સુરતની પેઢીના ટ્રસ્ટી નિમાયા. સંઘે સં. ૧૮૯૧ના જેઠ સુદ ૫ ના રોજ ગોડીજીના દેરાસરના નીચેના ભાગમાં મણિભદ્ર વીરની સ્થાપના કરી.

શેઠ મોતીશાહનાં મરણ બાદ સં. ૧૮૯૨માં તેમના ૩૨ વર્ષની ઉંમરના પુત્ર ખીમચંદભાઈ ટ્રસ્ટી નિમાયા.

શેઠ મોતીશાહની ટૂક બંધાવવા વગેરેમાં શેઠ અમરચંદ દમણી, શેઠ કલ્યાણજી કાનજી ઘોઘાવાળા, તેમના પુત્ર બાલાભાઈ, દીપચંદ, શેઠ મોતીશાહના મિત્ર શેઠ ફૂલચંદ કસ્તૂરચંદ, કસળચંદ કપૂરચંદ વગેરેએ અંજનશલાકા, સંઘ-વ્યવસ્થા, પ્રતિષ્ઠા મહોત્સવમાં મોટો ભાગ લીધો. મોતીશાહની ટૂકની પ્રતિષ્ઠા વખતે જ બાલાવસી ટૂકની પણ પ્રતિષ્ઠા થઈ.

('ગોડીજી ગ્રંથ', પૃ. ૧૩૩ થી ૧૩૯)

વિ. સં. ૧૯૧૩ના પોષ સુદ ૨ ને સોમવારે વિજયદેવસૂરિસંઘનું ટ્રસ્ટ બંધારણ તૈયાર થયું.

કોટમાં સં. ૧૮૬૫ના મહા વદિ ૫ ના રોજ ઘોઘાના ત્રિકમજી કલ્યાણજી દ્વારા શ્રી શાંતિલાલ જિનાલય બન્યું.

એકદા શેઠ મોતીશાહે ૮ વહાણ માલથી ભરી ચીનમાં મોકલ્યાં. તેમાં તેમને ૧૨-૧૩ લાખ રૂપિયાનો નફો થયો. તેમણે તે રકમ શ્રી શત્રુંજયતીર્થમાં ખરચવાનું નક્કી કર્યું અને તે રકમ જુદી મૂકી રાખી. તેમણે અમદાવાદના નગરશેઠ હેમાભાઈ વખતચંદ પાસે શ્રી શત્રુંજય પહાડ ઉપર મંદિરો બંધાવવા જમીન માગી પણ કોઈ જગ્યા ખાલી નહોતી એટલે શેઠ મોતીશાહ જાતે તપાસ કરવા સંઘ લઈ પાલિતાણા ગયા.

તેમણે જોયું કે શ્રી શત્રુંજય ઉપર પહેલી ટૂક અને આઠમી ટૂક વચ્ચે મોટો ખાડો હતો, જે કુંતાસરની ખાઈ નામે પ્રસિદ્ધ હતો. શેઠ મોતીશાહે આ જગ્યા પૂરાવીને ત્યાં જિનાલયો બંધાવવાનું નક્કી કર્યું. તેમણે શેઠ હેમાભાઈની રજા મેળવી ખાડો પુરાવવાની શરૂઆત કરી. આમાં રૂા. ૮૦૦૦૦ એંશી હજારના દોરડાં વપરાયાં. અહીં શેત્રુંજી નદીમાંથી મજૂરો પાસે એક હાંડી પાણી ભરાવી લાવવાના ચાર આના લેખે રકમ આપતા હતા.

શેઠે આ ખાડો પુરાવી જમીનને સપાટ બનાવી. એ જમીન ઉપર ટૂક બંધાવવાનું કામ શરૂ કર્યું. બીજી તરફ પાલિતાણા શહેરમાં મોતીશાહની ધર્મશાળા તૈયાર થઈ ગઈ. શેઠ મોતીશાહ સં. ૧૮૯૨ના ભાદરવા સુદિ ૧ ના રોજ મરણ પામ્યા. સર્વત્ર શોક છવાઈ ગયો. પછી તો શેઠાણી દિવાળીબાઈ, પુત્ર ખીમચંદ, શેઠના મિત્રો અમરચંદ દમણી, ફૂલચંદ કસ્તૂરચંદ અને કસળચંદે મળીને ટૂકનું કામ આગળ વધાર્યું. ટૂક બની ગઈ, બધાં જિનાલયો તૈયાર થઈ ગયાં એટલે શેઠાણી દિવાળીબાઈએ આમંત્રણ પત્રિકા કાઢી બધા સંઘોને પાલિતાણા બોલાવ્યા અને પોતે મુંબઈથી મોટો સંઘ કાઢી ભાવનગર થઈ સં. ૧૮૯૩ના પોષ વદ ૧ ના રોજ પાલિતાણા પહોંચ્યા. તેમની વિનંતીથી અમદાવાદથી શેઠ હેમાભાઈ વખતચંદ, શેઠ હઠીસિંહભાઈ વગેરે શ્રેષ્ઠીઓ અને બીજા ગ્રામ-નગરથી લાખો જૈનો ત્યાં એકઠા થયા.

શેઠ ખીમચંદે પોષ વદિ ૧ થી ૧૮ દિવસ સુધી બધા યાત્રિકો અને શહેરના બધા જૈનોને ઝાંપે ચોખા મૂકી નૌકારસી કરી જમાડ્યાં. એ સમયે એક નૌકારસીએ રૂા. ૪૦૦૦૦ ચાલીસ હજાર રૂપિયાનો ખર્ચ થતો હતો.

આ પ્રસંગે એક મારવાડી વૃદ્ધ ડોસીમાએ એક નૌકારસી કરવાની રજા માગી, ત્યારે તેને રૂપિયા ક્યાં છે ? એમ પૂછ્યું. ડોસીમાએ ગોદડીમાંથી સોનામહોરો કાઢીને ઢગલો કર્યો. સંઘે તેને નૌકારસીનો આદેશ આપ્યો.

આ ઉત્સવમાં ખૂબ શાંતિ હતી. શેઠ ખીમચંદે સં. ૧૮૯૩ના માહ મહિનામાં શ્રી શત્રુંજય ઉપર મોતીશાહની ટૂકની તથા ૭૦૦ જિનપ્રતિમાઓની અંચલગચ્છના ૬૫મા ભટ્ટા૦ મુક્તિસાગરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

શેઠ મોતીશાહના પુત્ર ખીમચંદ, નગરશેઠ હેમાભાઈ અને શેઠ હઠીભાઈ ત્રણે મિત્રો હતા. તેથી તેઓ ત્યાં આવ્યા હતા. પછી શેઠ ખીમચંદે ગમે તે કારણે તેમનું માન જાળવ્યું નહીં હોય તેથી તેઓ નારાજ થઈ અમદાવાદ પરત આવ્યા. શેઠાણી દિવાળીબાઈ તે પછી મુંબઈમાં મરણ પામ્યાં. શેઠ ખીમચંદ પણ સં. ૧૯૨૫માં મૃત્યુ પામ્યા. (– પ્રક. ૪૦, પૃ. ૪૨૩; આવૃત્તિ પહેલી, ભાગ ૪, પ્રક. ૬૮, પૃ. ૪૧૩ થી ૪૧૬.)

શ્રી ભૂખણદાસ મોહનલાલ શ્રીમાલી –

તેમણે અંચલગચ્છના ભટ્ટા૦ ઉદયસાગરસૂરિના ઉપદેશથી શ્રી શત્રુંજયતીર્થનો યાત્રાસંઘ કાઢ્યો હતો. શત્રુંજય ઉપર (૬૦મા) ભટ્ટા૦ વિદ્યાસાગરસૂરિના પગલાં સ્થાપ્યાં અને ત્યાં છેલ્લો કુંડ જે 'ભૂખણકુંડ' કહેવાય છે તે બનાવ્યો. તળેટીમાં રાણાવાવ બંધાવી અને પાલિતાણા ગામમાં શ્રી ગોડીજી જિનાલય સામે અંચલગચ્છીય ઉપાશ્રય બંધાવ્યો, જે હાલમાં શેઠ આ૦ ક૦ પેઢીના હસ્તક છે.

ખુશાલચંદ કપૂરચંદ શ્રીમાલી –

તેઓ સુરતના સંઘમાં અગ્રપદે હતા. તેમણે ઉપાશ્રય, ધર્મશાળા વગેરે બંધાવ્યાં હતાં. તેમણે તથા શ્રેષ્ઠી ભૂખણદાસે સં. ૧૮૨૩માં સુરતમાં, અંચલગચ્છના (૬૨મા) શ્રી કીર્તિસાગરજી મ૦નો સૂરિપદ–ઉત્સવ ઉજવ્યો હતો.

ઈચ્છાભાઈ નિહાલચંદ (ઈચ્છાકુંડ) –

સુરતના ઈચ્છાભાઈ નિહાલચંદ શ્રીમાલીએ અંચલગચ્છના ૬૩મા ભટ્ટા૦ પુણ્યસાગરસૂરિના ઉપદેશથી શ્રી શત્રુંજયતીર્થ ઉપર સં. ૧૮૬૧ના માગશર સુદિ ૩ ને બુધવારે 'ઈચ્છાકુંડ' બનાવ્યો.

[**સંપાદકીય નોંધ** : પ્રથમ આવૃત્તિમાં આ પ્રકરણના છેડે 'સુરતના મહાજનો' અંતર્ગત 'શેઠાણી સુભદ્રા'નો પરિચય અને બીજા માત્ર નામ જ આપવામાં આવ્યા છે. જેમકે – શેઠ મોતીશાહ, શેઠ પ્રેમચંદ રાયચંદ, શ્રી કીકાભાઈ માણેકલાલ, શેઠ ધરમચંદ ઉદયચંદ, શેઠ દેવચંદ બાલાભાઈ, શેઠ જીવણચંદ સાકરચંદ, શેઠ નગીનદાસ મંછુભાઈ, શ્રી સુરચંદ પી. બદામી, પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીઆ વગેરે.

અમે આ બીજી આવૃત્તિમાં શેઠાણી સુભદ્રા ઉપરાંત શેઠ મોતીશાહનો પરિચય– જે પ્રથમ આવૃત્તિના પ્રક. ૬૮, પૃ. ૪૧૩ થી ૪૧૬માં આપ્યો હોય – અહીં પ્રગટ કર્યો છે (આ પ્રકરણો બીજી આવૃત્તિમાં લીધા નથી. જુઓ વિશેષ સંપાદકીય પ્રસ્તાવના). તદુપરાંત ઉક્ત ત્રણ પરિચયો આ પ્રકરણના જુદા જુદા સ્થાનેથી અહીં ક્રમશઃ આપ્યા છે. જ્યારે અન્ય માત્ર નામ જ અગાઉ મુજબ આપ્યા છે. જો કે ઉપરોક્ત અને અન્ય સુરતના મહાજનોના પરિચય આપવાની અમારી ઊંડી ઊંડી ભાવના, છતાં અમે સમયમર્યાદા અને શક્તિમર્યાદાના કારણે આપી શક્યા નથી.]

卐

પ્રકરણ : અક્ષાવનમું

આચાર્ય હીરવિજયસૂરિ

गच्छेऽस्मिन्नथ चारुहीरविजया भट्टारकत्वं गता
निर्ग्रन्थान् द्विसहस्रमानगणितान संशिक्षयन्त्याहृताः ।
वाक्यै र्हृद्रुचितै र्मितै र्हितकरै र्जैनैरिवाकर्कशै–
श्चारित्रोपकृतिप्रदानविधिना सन्तोषयन्ति क्रमात् ॥३८॥

देशे यत्र पुरेषु येषु विहृतिं चक्रुस्त्विमे सूरयः
सप्तक्षेत्रधनव्ययो धनिकृतस्तत्राऽभवत्तेषु वा ।
जीवाऽमारिरहर्निशं व्रतकृति र्दीनोध्धृतिर्भाविनां
प्रासादोद्धरणं च भक्तिकरणं साधर्मिकाणां पुनः ॥३९॥

– આ ગચ્છમાં ઉત્તમ એવા હીરવિજય ભટ્ટારકપણાને પામ્યા કે જેઓ આદર પામીને બે હજાર જેટલા નિર્ગ્રન્થ–સાધુઓને સંશિક્ષણ આપે છે અને ક્રમે હૃદયરુચિર મિત હિતકર અને જિનની પેઠે અકર્કશ વાક્યોથી ચારિત્ર એટલે દીક્ષારૂપી ઉપકારના પ્રદાનની વિધિવડે સંતોષ પમાડે છે. (૩૮)

– જે જે દેશમાં જે જે શહેરમાં આ સૂરિએ વિહાર કર્યો ત્યાં ત્યાં ધનિકોએ સાતે ક્ષેત્રોમાં ધનનો વ્યય કરતા તથા જીવની અમારિ, હંમેશાં વ્રતગ્રહણ, દીનોનો ઉદ્ધાર, ભાવિકોથી પ્રાસાદોનો ઉદ્ધાર અને સ્વધર્મીઓની ભક્તિનાં કાર્ય થતાં હતાં. (૩૯)

(ઉપા૦ પદ્મસાગરગણિકૃત 'જગદ્‌ગુરુ કાવ્ય' સં. ૧૬૪૬)

दामेवाखिलभूपमूर्द्धसु निजामाज्ञां सदा धारयन्
श्रीमान् शाहि अकब्बरो नरवरो (देशेष्व) शेषेष्वपि ।
षण्मासाभयदानपुष्टपटहोद् घोषानधध्वंसितः
कामं कारयति स्म हृष्टहृदयो यद्‌वाक्‌कलारंजितः ॥१७॥

– તમામ રાજાઓના શિરે જેની આજ્ઞાઓ માળાની માફક ધારણ કરવામાં આવતી એવા શ્રીમાન્ અકબરશાહે તે (હીરવિજય)સૂરિના વાક્‌ચાતુર્યથી રંજીત થઈને છ મહિના સુધીનો અમારિનો પડહ વગડાવી સમસ્ત દેશમાં પાપનો નાશ કરનારી ઉદ્‌ઘોષણા કરાવી. (૧૭)

(પં૦ હેમવિજયગણિકૃત સં. ૧૬૫૦ના પ્રશસ્તિ લેખમાં)

ભટ્ટા૦ વિજયદાનસૂરિના પટ્ટધર શ્રી હીરવિજયસૂરિ તપાગચ્છીય શ્રમણ-પરંપરામાં ૫૮મી પાટે થયા. તેઓ એક મહાન, સમર્થ, પ્રતાપી અને પ્રભાવી આચાર્ય હતા. જેમ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિનું સાહિત્ય ક્ષેત્રે અસાધારણ પ્રદાન રહ્યું હતું, તેવું જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિનું અહિંસા અને તીર્થક્ષેત્રે અસાધારણ પ્રદાન હતું.

તેઓનો જન્મ સં. ૧૫૮૩માં માગશર સુદ ૯ને દિવસે પાલનપુરમાં, ખીમસરા ગોત્રીય ઓશવાલ પરિવારમાં થયો હતો. પિતાનું નામ કુંવરજી શેઠ અને માતાનું નામ નાથીબાઈ હતું. તેમનું પોતાનું નામ હીરજી હતું. હીરજીને સંઘજી, સુરજી અને શ્રીપાલ નામે ત્રણ ભાઈ હતા તથા રંભા, રાણી અને વિમલા નામે ત્રણ બહેન હતી. (હીરસૌભાગ્યમાં તેને બે ભાઈ અને બે બહેન દર્શાવ્યાં છે.) હીરજી સૌથી નાનો અને સૌને પ્રિય હતો. તેનો વાન ઊજળો અને ચહેરો તેજસ્વી હતો. તેનામાં ધર્મસંસ્કાર નાનપણથી ખીલ્યા હતા. સાધુ-મહારાજોના સમાગમથી જ્ઞાનપ્રાપ્તિ પણ વધવા લાગી. હીરજીની વય બાર વર્ષની થઈ હશે ત્યાં થોડા થોડા અંતરે માતપિતા સ્વર્ગવાસી થયા. ઘર માથેથી છત્ર છીનવાઈ ગયું. હીરજીને આ બનાવથી સંસારની અસારતા તેમજ અનિત્યતાનું ભાન થયું.

હીરજી સૌથી નાનો એટલે તેની ચિંતા વધુ હતી. હીરજીની બે બહેનો રાણી અને વિમલા પાટણમાં સાસરવાસ રહેતી હતી, તે પાલનપુર આવીને હીરજીને પોતાની સાથે તેડી ગઈ.

પાટણમાં એ વખતે ભટ્ટા૦ વિજયદાનસૂરિ બિરાજતા હતા. હીરજી રોજ વ્યાખ્યાન સાંભળવા ઉપાશ્રયે જવા લાગ્યો. આ૦ વિજયદાનસૂરિની વૈરાગ્યરસ ઝરતી વાણી સાંભળી તેનો વિરક્તભાવ પ્રદીપ્ત થયો અને તેણે દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. મા વિનાના હીરજી ઉપર બહેનોનો સ્નેહરાગ પ્રબળ હતો; પણ હીરજીના દ્રઢ નિશ્ચય અને સાચી સમજ આગળ એ સ્નેહરાગ છૂટી ગયો. સં. ૧૫૯૬ના કાર્તિક વદ બીજને દિવસે, ૧૩ વર્ષની વયે હીરજીએ આ૦ વિજયદાનસૂરિ પાસે દીક્ષા અંગીકાર કરી. આ૦ વિજયદાનસૂરિએ તેને મુનિ હીરહર્ષ નામે જાહેર કરી પોતાનો શિષ્ય બનાવ્યો.

મુનિ હીરહર્ષજી ઊંડી જિજ્ઞાસાવૃત્તિ અને જ્ઞાનરુચિના કારણે થોડા જ સમયમાં વ્યાકરણ, સાહિત્ય, સિદ્ધાંત વગેરેમાં પારંગત બની ગયા. પછી ગુરુએ મુનિ રાજવિમલ અને મુનિ ધર્મસાગરની સાથે તેને ન્યાયશાસ્ત્રના ઊંડા અભ્યાસ માટે પ્રખર પંડિત પાસે દક્ષિણ દેશમાં દેવગિરિ (દૌલતાબાદ) મોકલ્યા. ત્યાં પણ થોડા સમયમાં જ 'ચિંતામણિ' વગેરે ન્યાયના કઠિનમાં કઠિન ગ્રંથોનો અભ્યાસ


કર્યો★ અને પાછા આવ્યા. ગુરુએ તેમના ચારિત્ર અને જ્ઞાનની પૂર્ણ યોગ્યતા જોઈ તેમને નાડલાઈ (મારવાડ)માં કે નાડોલ (નારદપુરી)માં સં. ૧૬૦૭માં પંન્યાસપદ અને ૧૬૦૮માં ઉપાધ્યાયપદ આપ્યું. ત્યારબાદ સં. ૧૬૧૦ના માગશર સુદ ૧૦ના રોજ સિરોહીમાં આચાર્યપદ આપી શ્રી હીરવિજયસૂરિ નામે જાહેર કર્યા• (જુઓ ભા. ૩, પૃ. ૩૪૦-૩૪૧; ભા. ૪, પૃ. ૪). આ નિમિત્તે સિરોહીના મંત્રી ચાંગા સંઘવી (ધરણાશાહના વંશજ)એ મહોત્સવ ઉજવી સારો એવો લ્હાવો લીધો.

ત્યારબાદ ગુરુદેવ સાથે આચાર્ય હીરવિજયસૂરિ સિરોહીથી વિહાર કરી પાટણ પધાર્યા. ત્યાં તેમનો પાટોત્સવ કરવામાં આવ્યો. આ પ્રસંગે સૂબા શેરખાનના મંત્રી સમરથ ભણશાલીએ લક્ષ્મીનો ઘણો જ સદ્‌વ્યય કર્યો. ત્યારબાદ સં. ૧૬૧૫ થી ૧૬૨૦ દરમિયાન ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ હીરવિજયસૂરિની સાન્નિધ્યે શત્રુંજય તીર્થાદિ અનેક સ્થાનોમાં નવનિર્મિત જિનમંદિરો, દેરીઓમાં તેમ જ જીર્ણોદ્ધાર પામેલા જિનપ્રાસાદોમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ તથા યાત્રાસંઘો વગેરે કાર્યો સમ્પન્ન થયાં. (પ્રક. ૫૭, પૃ. ૫ થી ૮.) સં. ૧૬૨૨માં વૈશાખ સુદિ ૧૨ના દિવસે પાટણ પાસેના વડલી ગામે ગુરુશ્રી વિજયદાનસૂરિનો સ્વર્ગવાસ થતાં ગચ્છની સર્વ જવાબદારી આ૦ હીરવિજયસૂરિ ઉપર આવી પડી.

આ સમયમાં ભારતમાં અને તેમાંયે ગુજરાતમાં અરાજકતાનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. સૂબાઓ સ્વતંત્ર જેવા બની ગયા હતા અને બેમર્યાદ વર્તી રહ્યા હતા. આથી પ્રજાજનો અને સંત-સજ્જનો પણ હેરાન-પરેશાન બન્યા હતા. તેમાં શ્રી હીરવિજયસૂરિને પણ કેટલાક **કષ્ટદાયી** પ્રસંગોમાંથી પસાર થવું પડ્યું હતું.

એક વખત આ૦ હીરવિજયસૂરિ વિહાર કરતા કરતા ખંભાત પધાર્યા. ત્યાં રત્નપાલ દોશી નામના ગૃહસ્થનો રામજી નામનો ત્રણ વર્ષનો પુત્ર વ્યાધિની વ્યથાથી પીડિત થતો હતો. રત્નપાલ ગુરુના પ્રભાવથી વાકેફ હતો. તેણે ગુરુજીને વિજ્ઞપ્તિ કરી કે – ''હે મહારાજ ! આ મારા પુત્રને જો આપ નિરોગી બનાવશો

★ ત્યાં વિધવિધ પ્રમાણશાસ્ત્રો – તર્કપરિભાષા, મિતભાષિણી, શશધર, મણિકંઠ, વરદદાજી, પ્રશસ્તપદભાષ્ય, વર્ધમાન, વર્ધમાનેન્દુ, કિરણાવલી પ્રમુખનું અધ્યયન કરી બ્રાહ્મણ પંડિતને સારું પારિતોષિક અપાવ્યું. તે પંડિતે ચિંતામણિ નામનો ગ્રંથ આપ્યો. (જુઓ 'જૈન સાહિત્યનો ઇતિહાસ', પૃ. ૫૩૭)



• **શ્રી હીરવિજયસૂરિ આચાર્યપદ કુંડલી**

તો હું તમને સુપ્રત કરી દઈશ.'' બાદ ગુરુજી ત્યાંથી વિહાર કરી ગયા અને ભાગ્યાનુયોગે રામજી દિવસે દિવસે નિરોગી બનવા લાગ્યો. પછી તો તે તદ્દન સાજો થઈ ગયો. જ્યારે રામજી આઠ વર્ષની ઉંમરનો થયો ત્યારે આચાર્યશ્રી પુનઃ ખંભાત પધાર્યા અને રત્નપાલ પાસે તેના કહેવા મુજબ રામજીની માગણી કરી. કાર્ય સરી જવાથી રત્નપાલની વૃત્તિ ફરી ગઈ હતી તેથી ઉલટો તે ગુરુ સાથે ક્લેશ કરવા લાગ્યો. તલમાં તેલ ન હોવાથી ગુરુએ તે વાત પડતી મૂકી, પણ રત્નપાલ હજુ નિશ્ચિંત થયો ન હતો. લાગવગ પહોંચાડી ખંભાતના સૂબા શિતાબખાનને તેણે જણાવ્યું કે – ''હીરવિજયસૂરિ આઠ વર્ષના બાળકને સાધુ બનાવવા ચાહે છે.'' કાચા કાનના સૂબાએ હીરવિજયસૂરિ અને બીજા સાધુઓને પકડી લાવવા ફરમાન કાઢ્યું. આ ઉપદ્રવમાંથી બચવા સૂરિજીને તેવીશ દિવસ સુધી ગુપ્તપણે સંતાઈ રહેવું પડ્યું હતું.

★ ★ ★

સં. ૧૬૩૦માં જ્યારે સૂરિજી બોરસદમાં હતા ત્યારે કર્ણ ઋષિ (ઉપા૦ શ્રીકરણગણિ)ના શિષ્ય જગમાલ ઋષિએ આવી તેમની પાસે ફરિયાદ કરી કે – ''મારા ગુરુ પોથી આપતા નથી તો તે અપાવો.'' સૂરિજીએ જણાવ્યું કે – ''તારા ગુરુ તારામાં લાયકાત નહીં જોતા હોય તેથી નહીં આપતા હોય, તેમાં તકરાર કરવાની જરૂર નથી.'' તેને વિશેષ સમજાવવામાં આવ્યો. છતાં તે સમજ્યો નહિ ત્યારે તેને 'ગચ્છબહાર' કર્યો. આથી જગમાલ ઊલટો સૂરિજી પ્રત્યે વિદ્વેષી બન્યો અને ત્યાંથી પેટલાદ જઈ ત્યાંના હાકેમને હીરવિજયસૂરિ સંબંધી કેટલીક બનાવટી વાતો કહી. હાકેમ ચીડાયો અને સૂરિજીને પકડવા માટે સિપાઈઓ મોકલ્યા. સિપાઈઓ બોરસદ આવ્યા પણ કાર્ય સિદ્ધ થયું નહિ એટલે ફરી ઘોડેસ્વારોને મોકલ્યા; છતાં નિષ્ફળતા જ મળી. શ્રાવકોએ ઘોડેસ્વારોને 'દામનીતિ'થી સમજાવી લીધા એટલે તે ઊલટા જગમાલની વિરુદ્ધ થઈ ગયા. પણ જગમાલ આટલેથી અટકે તેમ ન હતો. તે સમ્રાટ અકબર સુધી પહોંચ્યો અને તેને જેમ તેમ સમજાવી સૂબા સાહિબખાન ઉપર ફરમાન લખાવી લાવ્યો, પરંતુ બાદશાહના માનીતા જૈન શ્રાવકો શ્રી ભાનુમલ અને કલ્યાણમલને આ હકીકતની જાણ થતાં જ તેમણે બા૦ અકબરને સાચી સમજ પાડી અને જગમાલની વિરુદ્ધ ફરમાન લખાવી લીધું અને ત્વરાથી તે ફરમાન જગમાલ ગુજરાત પહોંચ્યા અગાઉ ગંધાર મોકલી આપ્યું. પરિણામે જગમાલ સૂરિજીને કંઈ નુકસાન કરી શક્યો નહિ અને જ્યારે સૂરિજીને અકબર પાસે જવાનું થયું ત્યારે તેની પ્રાર્થના પરથી તેને પુનઃ ગચ્છમાં દાખલ કરવામાં આવ્યો.

★ ★ ★

સૂરિજી વિહાર કરી કુણગેર (પાટણથી ત્રણ ગાઉ દૂર) આવ્યા અને ત્યાં જ ચોમાસું કર્યું. આ વખતે 'સોમસુંદર'• નામના એક આચાર્ય પણ ત્યાં જ ચોમાસું રહ્યા હતા. પર્યુષણા વીત્યા પછી ત્યાં ઉદયપ્રભસૂરિ■ આવી ચઢ્યા અને હીરવિજયસૂરિને કહેવરાવ્યું કે – 'તમે સોમસુંદરસૂરિને ખામણાં કરો તો અમે પણ તમને ખામણાં કરીએ.' સૂરિજીએ પ્રત્યુત્તર વાળ્યો કે ''તમારા ગુરુજીએ નથી કર્યાં તો મારાથી કેમ થઈ શકે ?'' સૂરિજીના આવા જવાબથી તે સાધુઓ ઈર્ષ્યા કરવા લાગ્યા અને ઉપદ્રવ કરવાના બહાનાથી પાટણના સૂબા શેરખાન (કે કલાખાન)ને મળી જણાવ્યું કે – ''હીરવિજયસૂરિએ વરસાદ અટકાવ્યો છે.'' બુદ્ધિવાળો માનવી તે સાચું માની શકે નહિ પણ પાટણનું આધિપત્ય ભોગવનાર શેરખાને તે સાચું માન્યું અને ગુરુને પકડી લાવવા માટે સો ઘોડેસ્વારો રવાના કર્યા. ઘોડેસ્વારો કુણગેરની ચારે તરફ વળી વળ્યા. સૂરિજી રાતોરાત ત્યાંથી નીકળી ગયા અને તોલા ધામીની સહાયથી તેને ત્યાં વડાવલી પહોંચ્યા. ઘોડેસ્વારો કુણગેરમાં તપાસ કરી સૂરિજીના પગલે-પગલે વડાવલી આવી પહોંચ્યા. ત્યાં પણ ખૂબ તપાસ કરી છતાંય ગુરુનો પત્તો લાગ્યો નહીં એટલે સ્વારો પાટણ પાછા ચાલ્યા ગયા. આ ઉપદ્રવમાંથી બચવા ગુરુને ત્રણ માસ પર્યંત ભોંયરામાં ગુપ્તપણે રહેવું પડ્યું હતું.

★ ★ ★

સં. ૧૬૩૬માં તેઓશ્રી અમદાવાદ આવ્યા. ત્યાંના હાકેમ સાહિબખાન (શિઆબખાન)ને કોઈએ ભંભેર્યો કે – 'હીરસૂરિએ વરસાદ રોકી રાખ્યો છે.' સાહિબખાને તરત જ હીરવિજયસૂરિને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું ત્યારે તેમણે જણાવ્યું કે – ''અમે વરસાદને શા માટે બાંધી લઈએ ? વરસાદના અભાવમાં લોકોને શાંતિ મળે નહીં અને લોકોને શાંતિ ન હોય તો અમને ક્યાંથી શાંતિ પ્રાપ્ત થાય ?'' આ પ્રમાણે વાતચીત ચાલતી હતી તેવામાં અમદાવાદના જૈન ગૃહસ્થ કુંવરજી ત્યાં જઈ પહોંચ્યા અને સૂબાને જૈન સાધુઓના પવિત્ર આચાર-વિચાર તેમજ સંયમપાલનની હકીકતથી વાકેફ કર્યો. શ્રેષ્ઠીની સમજાવટથી સૂબાએ સૂરિજીને ઉપાશ્રયે જવાની છૂટ આપી. આ ચિંતામુક્તિના પ્રસંગે કુંવરજી તરફથી લોકોને દાન આપવામાં આવ્યું. દાન આપતાં આપતાં એક તુરકી સિપાઈ સાથે બોલાચાલી થઈ. તુરકી સિપાઈએ સૂરિજીને પુનઃ ફસાવવાના ઈરાદાથી આઠ દિવસ બાદ કોટવાલ પાસે જઈ કાન ભંભેર્યા. કોટવાલે સાહિબખાનને વાત

• પચાસમા પટ્ટધર શ્રી સોમસુંદર સમજવા નહિ. આ સોમસુંદર કોઈ બીજા જ જણાય છે.

■ આ ઉદયપ્રભસૂરિ શિથિલાચારી હોવાનું અનુમાન થાય છે, કારણ કે ચોમાસાની અંદર એક ગામથી બીજે ગામ વિહાર કરતા હતા.

કરી. ખાને ગુસ્સે થઈ સૂરિજીને પકડવા સિપાઈઓ મોકલ્યા. સિપાઈઓએ ઝવેરીવાડામાં આવી સૂરિજીને પકડ્યા, પરંતુ રાઘવ નામના ગંધર્વે તથા સોમસાગરે વચ્ચે પડી સૂરિજીને છોડાવ્યા અને દેવજી નામના લોંકાએ આશ્રય આપ્યો.

★ ★ ★

આ કષ્ટદાયક પ્રસંગો આખરે ઉપશાંત બનતા શ્રી હીરવિજયસૂરિએ સં. ૧૬૩૭નું ચાતુર્માસ નિર્વિઘ્ને બોરસદ કર્યું. ત્યારબાદ તેઓ ખંભાત પધાર્યા અને સં. ૧૬૩૮ના મહા સુદ ૧૩ ને દિવસે તેઓના હસ્તે શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિષ્ઠા થઈ. સંઘવી ઉદયકરણે પ્રતિષ્ઠાનો લાભ લેવા ઉપરાંત આબૂ અને ચિત્તોડનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. ત્યારબાદ સૂરિજી વિહાર કરતાં કરતાં ગંધાર પધાર્યા. આ સમયે એક ઈષ્ટદાયક ઘટના બની, જે આ૦ હીરવિજયસૂરિ અને સમ્રાટ અકબરના ભાવિ મિલનરૂપ હતી. વાત એવી બની કે –

એક દિવસ સમ્રાટ અકબર દિલ્હીના રાજમહાલયમાં ઝરૂખે બેસી નગરચર્યા જોઈ રહ્યા હતા ત્યારે તેણે રાજમાર્ગ પરથી એક વરઘોડો પસાર થતો જોયો. એ વરઘોડામાં પાલખી પર એક શ્રાવિકા બેઠી હતી. આગળ-પાછળ જનસમૂહ આનંદભેર ચાલતો હતો. આગળ વાદ્યવૃંદ હતું અને સૌ મંગલ ગીતો ગાતાં હતાં.

બાદશાહ અકબરે વરઘોડાની વિલક્ષણતા જોઈ રાજસેવકોને પૂછ્યું કે, આ જુલૂસ શેનું છે ? ત્યારે સેવકોએ તપાસ કરીને કહ્યું કે, ''એક જૈનધર્મી બહેન છ મહિનાના ઉપવાસ કરે છે.* અહીંના જૈન સંઘે એ ઉપવાસી ચંપાબાઈની તપસ્યા નિમિત્તે વરઘોડો કાઢ્યો છે.''

બાદશાહને આ તપની વાત અસંભવ લાગી. તેણે સચ્ચાઈ પારખવાનું નક્કી કર્યું. ચંપા શ્રાવિકાને આદરપૂર્વક રાજમહેલમાં બોલાવી અને ઉગ્ર તપસ્યા પ્રત્યે પોતાની શંકા દર્શાવી. ચંપા શ્રાવિકાએ જવાબમાં દર્શાવ્યું કે, ધર્મકૃપાથી બધું સંભવિત છે. અકબરે કહ્યું : ''જો તું મહેલમાં ગોઠવેલ ચોકીપહેરા નીચે રહી ઉપવાસ કરે તો એ વાત સાચી માનું.'' બાદશાહને એક માસમાં આ વાતની પૂરી ખાતરી થઈ ગઈ કે તે કહ્યા પ્રમાણે જ વર્તી છે. બાદશાહની શંકા દૂર થતાં ચંપા શ્રાવિકાએ નમ્રતાથી કહ્યું કે, ''આ બધો પ્રભાવ જિનેશ્વરનો, જિનશાસનનો અને ગુરુદેવ શ્રી હીરવિજયસૂરિ મહારાજનો છે.''

★ શ્રાવિકા ચંપાબાઈએ છ માસની ઉગ્ર તપસ્યા કરી હતી. તેના આ વિશિષ્ટ તપને કારણે આજે પણ પર્યુષણના પ્રથમ દિવસે તેમનું જીવનવૃત્તાંત વ્યાખ્યાનમાં વાંચવામાં આવે છે ('જૈન પ્રતિભાદર્શન' પૃ. ૧૯૮). તેમના જીવન સંબંધી કેટલીક વિગત માટે જુઓ : પ્રક. ૫૮, પૃ. ૧૧૪–૧૫, પૃ. ૧૮૪.

બાદશાહ અકબરને હીરવિજયસૂરિનું નામ સાંભળી તેમને મળવાની ઉત્કંઠા જાગી. તુરત આગ્રાના જૈન શ્રાવકો શા૦ ભાનુમલ અને કલ્યાણમલને બોલાવ્યા અને કહ્યું કે, ''તમારા ગુરુ હીરવિજયસૂરિને મળવાની મને ઇચ્છા થઈ છે. તમે એમને અહીં પધારવા માટે ખાસ લખો. હું પણ એક જુદો પત્ર ગુજરાતના સૂબા ઉપર લખું છું.''

ભાનુમલે જૈન સંઘને એકત્ર કરી સૂરિજી ઉપર વિનંતી પત્ર લખ્યો, જ્યારે બા૦ અકબરે ગુજરાતના સૂબા સાહિબખાન ઉપર પત્ર રવાના કર્યો અને તેમાં ભારે આગતા-સ્વાગતાપૂર્વક સૂરિજીને અહીં મોકલવા ફરમાન કર્યું.

આ પત્ર અમદાવાદ પહોંચ્યો. ગુજરાતનો સૂબો સાહિબખાન તો આ ફરમાન વાંચી સ્તબ્ધ બની ગયો. પૂર્વે પોતે કરેલ ઉપદ્રવ તેને યાદ આવ્યો. પોતે કરેલ ભૂલ માટે તેને પસ્તાવો થવા લાગ્યો પણ गतं न शोच्यं એમ સમજી બાદશાહના હુકમનો કેવી રીતે અમલ કરવો તે જ તે વિચારવા લાગ્યો. પછી અમદાવાદના પ્રસિદ્ધ ગૃહસ્થોને બોલાવીને આગ્રાના શ્રાવકોનો તેમજ બાદશાહ અકબરનો ખરીતો વાંચી સંભળાવ્યો. જવાબમાં અમદાવાદના શ્રાવકોએ જણાવ્યું કે, ''અમારી ઉપર પણ ત્યાંના સંઘનો પત્ર છે. સૂરિજી હાલમાં ગંધારમાં બિરાજે છે, માટે ગંધાર જઈ અમે વિનંતી કરી આવીએ.''

અમદાવાદના ગૃહસ્થોની સૂચનાથી ખંભાતના પણ કેટલાક ગૃહસ્થો સીધા ગંધાર પહોંચ્યા. અમદાવાદ અને ખંભાતના આગેવાન શ્રાવકોના આગમનથી સૂરિજીને આનંદ તો થયો પણ તેમના અચાનક આગમનનું શું કારણ હશે ? એવી શંકાએ પણ સાથોસાથ હૃદયમાં સ્થાન લીધું. બપોરના આહાર-પાણી કર્યા બાદ કેટલાક આગેવાનો તેમજ સૂરિજી એકાંતમાં વાત કરવા બેઠા. ગુરુજી પર વિતેલી વિતકકથાઓથી સૌ કોઈ વાકેફ હતા અને અકબર બાદશાહના આ અચાનક આમંત્રણથી પણ સૌ કોઈ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા. સર્વ પોતપોતાના મનમાં આવે તેવો અભિપ્રાય જણાવવા લાગ્યા. આ ચર્ચા દરમિયાન બધા સમય સુધી સૂરિજી શાંત રહ્યા અને થતી ચર્ચા એકચિત્તે સાંભળવા લાગ્યા. ચર્ચાના અંતમાં છેવટે તેમણે જણાવ્યું કે – ''પૂર્વાચાર્યોએ કેવળ શાસનની સેવા માટે માન-અપમાનની દરકાર કર્યા વગર જ રાજદરબારમાં જઈને રાજાઓને પ્રતિબોધ્યા હતા એટલું જ નહિ પરંતુ તેઓ દ્વારા શાસનહિતનાં અનેક કાર્યો કરાવ્યાં હતાં. લાખો મનુષ્યોને ઉપદેશ આપવામાં જે લાભ રહેલો છે તેના કરતાં પણ અધિક લાભ એક સમ્રાટને પ્રતિબોધવામાં છે, માટે બીજો કોઈ પણ પ્રકારનો વિચાર કરવો ત્યજી દઈ સમ્રાટ અકબર પાસે જવા માટે મારી સાથે સૌ સંમત થાઓ.'' સૂરિજીના ગંભીરાશયની અને અપૂર્વ હિંમતની શ્રાવકો પર શીઘ્ર અસર થઈ અને સૌ સૂરિજીના અભિપ્રાયથી સંમત થયા.

માગશર (કે મહા) વદિ ૭ના દિવસે સૂરિજીએ ગંધારથી વિહાર શરૂ કર્યો અને પહેલું મુકામ ચાંચોલમાં કર્યું. ત્યાંથી જંબૂસર થઈ ધુઆરણના આરે મહી નદી પાર કરી વટાદરે આવ્યા, જ્યાં પંજાબનો સંઘ વાંદવા આવ્યો હતો. આ ગામમાં રાત્રિના સમયે એક અજાયબીભર્યો બનાવ બન્યો. રાત્રિના સમયે જ્યારે ગુરુજી કંઈક જાગૃત અને કંઈક નિદ્રિત અવસ્થામાં હતા તેવામાં એક દિવ્યાકૃતિવાળી સ્ત્રી આવીને બોલી કે – 'અકબર આપને ઘણો જ ચાહે છે માટે કોઈપણ જાતની શંકા રાખ્યા સિવાય ત્યાં પધારો અને વીરશાસનની શોભા વધારો.' સૂરિજી કંઈ પૂછે તે પહેલાં તો તે દિવ્ય સ્ત્રી અંતર્ધ્યાન થઈ ગઈ, પણ આ બનાવથી સૂરિજીનો ઉત્સાહ અતિ વૃદ્ધિ પામ્યો. આગળ વિહાર લંબાવી ખંભાત, સોજીતરા, માતર અને બારેજા આદિ સ્થળોએ થઈ તેઓ અમદાવાદ પધાર્યા.

અમદાવાદના સંઘે અત્યંત આડંબરપૂર્વક પ્રવેશ-મહોત્સવ કર્યો. અહીંના સૂબા સાહિબખાનને સૂરિજીને મળવું અકારું થઈ પડ્યું, તેના પગ ભારે થઈ ગયા; પરંતુ ગમે તેમ તોય સમ્રાટનો હુકમ માન્યા સિવાય ચાલે તેમ ન હતું. સૂરિજીને તેણે પોતાના દરબારમાં પધરાવ્યા અને દ્રવ્ય, અશ્વ, હાથી, રથ, પાલખી વગેરેની ભેટ ધરી તે સ્વીકારવા પ્રાર્થના કરી. ગુરુજીએ પોતાનો નિઃસ્પૃહ ભાવ બતાવી જૈન સાધુના આચારવિચાર અને કંચન-કામિનીના ત્યાગની હકીકત સમજાવી. સૂરિજીના આ નિઃસ્પૃહભાવ તેમ જ ઉપદેશે સાહિબખાનના હૃદય પર સચોટ અસર કરી અને પોતાના પૂર્વકૃત કૃત્ય બદલ વિનીતભાવે માફી માગી. પછી તેણે બા૦ અકબર પર એક લાંબો પત્ર લખ્યો જેમાં તેણે હીરવિજયસૂરિના ચારિત્રની તેમ જ સદ્‌ગુણોની ભારોભાર પ્રશંસા કરી હતી.

અમદાવાદમાં કેટલીક સ્થિરતા કર્યા બાદ તેઓશ્રી વિહાર કરતા કરતા પાટણ પધાર્યા. અહીંથી ઉપા૦ વિમલહર્ષગણિ વગેરે પાંત્રીશ સાધુઓએ સૂરિજીથી અલગ પડી આગળ વિહાર શરૂ કર્યો, અને સૂરિજી વિહાર કરતાં પાલનપુર થઈ સરોતર પધાર્યા. ત્યાંનો ઠાકુર અર્જુન ન કરવાના કામ કરતો હતો અને પ્રજાને રંજાડતો હતો. આચાર્યશ્રીએ ઉપદેશ આપતા તેણે માંસ, મદિરા, શિકાર, પરસ્ત્રીગમન વગેરેનો ત્યાગ કર્યો.•

સૂરિજી ત્યાંથી વિહાર કરી આબૂતીર્થની યાત્રાએ પધાર્યા. બાદ સિરોહી પધારતા શ્રીસંઘે તેમજ ત્યાંના દેવડા રાજા સુરત્રાણે (સુલતાનસિંહે) પણ સામૈયામાં

• આ૦ હીરવિજયસૂરિ અકબર બાદશાહને પ્રતિબોધ કરવા જતાં વચ્ચે આ ગામ (સરોત્રા)માં ચાતુર્માસ રહ્યા હતા. ત્યાં ભિલ્લોના મુખી સહસ્રાર્જુનને ઉપદેશ આપી તેને અને બીજા ભિલ્લોને પણ અહિંસાના નિયમો આપ્યા હતા. (જુઓ શેઠ આ. ક. પેઢી-અમદાવાદ પ્રકાશિત 'જૈન તીર્થ સર્વસંગ્રહ' ભાગ ૧, ખંડ ૧, પૃ. ૩૪-૩૫)

જોડાઈ પ્રવેશોત્સવ ઉજવ્યો. અહીં શ્રી કુંથુનાથ ભ૦ના દેરાસરની પ્રતિષ્ઠા આચાર્યશ્રીના હસ્તે થઈ. સૂરિજી ત્યાંથી મેડતા પધાર્યા. ત્યાંનો સુલતાન સાદીમ પણ સામૈયામાં જોડાયો અને સૂરિજીનો ઉપદેશ શ્રવણ કરીને ધર્માભિમુખ બન્યો. અહીં ઉપા૦ કલ્યાણવિજયગણિ તથા સાદડી શ્રીસંઘ અને આઉવાના નગરપતિ શ્રી તલ્હા શેઠ વગેરે સૂરિજીના વંદનાર્થે પધાર્યા હતા. સૂરિજી આદિ ત્યાંથી જોધપુર થઈ સાંગાનેર પધાર્યા તેટલા સમયમાં તો ઉપા૦ વિમલહર્ષગણિ વગેરે ફતેહપુર સીકરી પહોંચી ગયા. બાદશાહ અકબર પાસે પહેલાં પહોંચી જવામાં તેઓનો ઉદ્દેશ બાદશાહની હીરવિજયસૂરિ પ્રત્યેની નેમ જાણી લેવાની હતી, એટલે ફતેહપુરમાં આવીને તરત જ તેમણે થાનસિંહ, ભાનુમલ અને કલ્યાણમલ પાસે જઈ અકબરને મળવા માટેની પોતાની જિજ્ઞાસા દર્શાવી. બાદ તેઓ શેખ અબુલ ફજલને મળ્યા અને તેના દ્વારા બાદશાહનો હેતુ જાણી લીધો. પછી બાદશાહને મળ્યા અને બાદશાહે હીરવિજયસૂરિના આ શિષ્યો પ્રત્યે અતિવ પ્રેમભાવ બતાવ્યો અને સિંહાસનથી તે ઊભો થઈ ગાલીચા બહાર જ્યાં ઉપાધ્યાયજી ઊભા હતા ત્યાં સામે ગયો. ઉપાધ્યાયે 'ધર્મલાભ'રૂપ આશીર્વાદ આપ્યો અને અકબરે સૂરિજીના આગમનની પૃચ્છા કરી. ઉપાધ્યાયજીએ જણાવ્યું કે – ''તેઓ ચાલુ વિહારમાં છે અને જેમ બને તેમ જલ્દી અત્રે આવી પહોંચશે.''

સાંગાનેરથી વિહાર કરતા કરતા સૂરિજી ફતેહપુર સીકરીથી છ ગાઉ દૂર અમિરામાબાદ આવી પહોંચ્યા. થાનમલ ઓશવાલ અને શા૦ ભાનુમલજી તથા કલ્યાણમલજીએ સૂરિજીના અપૂર્વ સ્વાગત માટે બાદશાહી રિયાસતનો બંદોબસ્ત કરી વાળ્યો અને સં. ૧૬૩૯ના જ્યેષ્ઠ વદિ ૧૨ના દિવસે સૂરિજીએ પોતાના ૬૭ મુનિવરો સાથે ધામધૂમપૂર્વક ફતેહપુર સીકરી (સિક્રી)માં પ્રવેશ કર્યો.

જ્યેષ્ઠ વદિ ૧૩ને દિવસે બાદશાહ સાથે સૂરિજીની પહેલવહેલી મુલાકાત થઈ અને તે સમયે તેમની સાથે પંડિત અને વિચક્ષણ તેર સાધુઓ હતા. સૂરિમંડળને આવતું જોઈ બાદશાહ પોતાના મંત્રીમંડળ સાથે ઊભો થઈ ગયો અને વિનયપૂર્વક કુશળ-મંગળના સમાચાર પૂછ્યા. પછી વિશેષ ધર્મચર્ચા કરવા માટે ચિત્રશાળાના એક કમરામાં પધારવા સમ્રાટે સૂરિજીને વિનંતી કરી એટલે તેઓ ચિત્રશાળા તરફ ચાલ્યા, પણ પ્રવેશદ્વાર આગળ આવતાં સુંદર બિછાવેલો ગાલીચો જોયો અને તરત જ થોભાઈ ગયા. સૂરિજીને અટકી ગયેલા જોઈ બાદશાહે તેનું કારણ પૂછ્યું, એટલે ગુરુએ જણાવ્યું કે – ''ગાલીચા પર પગ મૂકીને ચાલવાનો અમારો અધિકાર નથી; તેનાથી હિંસા થાય.'' બાદશાહને આવી વાતથી વિશેષ આશ્ચર્ય થયું અને કહ્યું કે – ''ગાલીચો તદ્દન સ્વચ્છ છે. કોઈ પણ જીવ-જંતુ તેના પર નથી તો આપને આ ગાલીચા પર ચાલવામાં શી હરકત

છે ?'' સૂરિજીએ કહ્યું કે – ''અમારો સાધુઓનો એવો આચાર છે કે દ્રષ્ટિપૂતં ન્યસેત્ પાદમ્ અર્થાત જ્યાં ચાલવું અગર બેસવું હોય ત્યાં દ્રષ્ટિથી જમીનને જોઈ લેવી જોઈએ.'' સૂરિજીના આ કથનથી બાદશાહને મનમાં કંઈક હાસ્ય આવ્યું. આવા મનોહર સ્વચ્છ ગાલીચામાં જંતુઓ આવીને ક્યાંથી પેસી જતા હશે ? એવો વિચાર કરતા કરતા જેવો તેણે ગાલીચાનો એક છેડો ઊંચો કર્યો કે તેની નીચે કીડીઓનો ઢગલો જોયો. બાદશાહ તો આ દ્રશ્ય નિહાળી દંગ થઈ ગયો. ગુરુ પ્રત્યેના ભક્તિભાવમાં ઘણો જ વધારો થયો અને એ તેમને સાચા ફકીર માનવા લાગ્યો. પછી બાદશાહે ગાલીચો લેવરાવી સૂરિજીને યોગ્ય આસને બેસાડ્યા. સૂરિજીએ ઉપદેશ આપી શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. ધર્મોપદેશને અંતે અકબરને જણાયું કે આચાર્યશ્રી એક પ્રતાપી અને પંડિત પુરુષ છે. પછી તેણે પોતા પાસે આવેલ પુસ્તકનો ભંડાર* મંગાવ્યો અને સૂરિજીને તે સ્વીકારવા આગ્રહ કર્યો. ગુરુજીએ જણાવ્યું કે – ''અમો અમારાથી ઉઠાવાય તેટલાં જ પુસ્તકો સાથે રાખીએ છીએ. વળી જ્યાં જઈએ ત્યાં અમને પુસ્તક મળી રહે છે. વળી, પુસ્તકોનો સંગ્રહ કરવાથી મમત્વભાવ બંધાઈ જાય છે માટે અમે તે સ્વીકારી શકશું નહિ.'' બાદશાહને સૂરિજીની નિઃસ્પૃહતા માટે માન ઉપજ્યું પણ છેવટે અત્યંત આગ્રહથી સૂરિજીને તે સમર્પણ કર્યાં ત્યારે સૂરિજીએ જણાવ્યું કે – ''આટલાં બધાં પુસ્તકો સાથે ફેરવવા તે ઠીક નહિ, તેથી જો એને માટે એક ભંડાર બનાવવામાં આવે તો સારું.'' બાદશાહ આ વાતથી અત્યંત રંજિત થયો અને થાનમલને તાત્કાલિક જ્ઞાનભંડાર બનાવવા માટે કહેવામાં આવ્યું. છેવટે આગ્રામાં અકબરના નામથી જ એક જ્ઞાનભંડાર ('ચિંતામણિ ભંડાર' નામે હાલ પ્રસિદ્ધ) બનાવવામાં આવ્યો અને ત્યાં ઉપરોક્ત પુસ્તકો સંગ્રહવામાં આવ્યા.

સૂરિજી ફતેહપુર સીકરીમાં રહ્યા ત્યાં સુધીમાં બાદશાહ સાથે અનેક વખત મુલાકાત થઈ; અને તે દરમિયાન જુદા જુદા વિષયોને અંગે બાદશાહ સાથે ચર્ચા કરી તેને સત્ય વસ્તુનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું.

સૂરિજી ફતેહપુર સીકરીથી વિહાર કરી આગ્રા પધાર્યા અને સં. ૧૬૩૯નું ચાતુર્માસ પણ ત્યાંજ કર્યું. જ્યારે પર્યુષણના પવિત્ર દિવસો પાસે આવ્યા ત્યારે આગ્રાના શ્રાવકોએ વિચાર કર્યો કે સૂરિજીને બાદશાહ અત્યંત માન આપે છે તો પર્યુષણના આઠ દિવસ 'અમારિ' પાળવામાં આવે તો સારું. પછી પરસ્પર

★ શ્રી હીરવિજયસૂરિ સમ્રાટ અકબરને મળ્યા તે અગાઉ બાદશાહને નાગપુરીય તપગચ્છના પદ્મસુંદરગણિ નામના એક યતિ મળ્યા હતા. તેઓ વાદી હતા. વાદમાં તેણે રાજસભા મધ્યે એક વાદીને પરાસ્ત કર્યો હતો. તેણે સમ્રાટને પોતાના પુસ્તકો અર્પણ કર્યાં હતાં, તે જ પુસ્તકો સમ્રાટે સૂરિજીને અર્પણ કર્યાં. (ભા. ૨, પ્રક. ૪૨, પૃ. ૪૬૫-૪૬૬.)

વિચાર કરી શ્રાવકો સિંધુનદીને કિનારે બાદશાહ પાસે પહોંચ્યા અને વાત કરી. બાદશાહે તરત જ આઠ દિવસનું ફરમાન-પત્ર લખી આપ્યું અને આગ્રામાં આઠ દિવસ સુધી કોઈપણ માણસ કોઈપણ જીવની હિંસા ન કરે એવો હુકમ ફેરવવામાં આવ્યો.★

આ રીતે પર્યુષણા સહિત ચાતુર્માસ પૂર્ણ થતાં આ૦ હીરવિજયસૂરિ આદિ સં. ૧૬૪૦માં શૌરીપુર તીર્થે પધાર્યા. ત્યાં શ્રી નેમિનાથ ભગવંતની ભાવભેર યાત્રા કરવાં ઉપરાંત શ્રી ઋષભજિન અને શ્રી નેમિજિનની પ્રાચીન મોટી પ્રતિમાઓની તથા એ સમયે બનાવેલ શ્રી નેમિનાથની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી. ત્યાંથી પુનઃ આગ્રા પધારી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠા કરી.■ આ પ્રસંગે શા૦ ભાનુમલ અને કલ્યાણમલે સેંકડો સુવર્ણ ટંકના સદ્વ્યય-પૂર્વક પ્રતિષ્ઠા–મહોત્સવ ઉજવ્યો (પૃ. ૧૮૫). આ જિનપ્રાસાદ ત્યારથી જ પ્રગટ પ્રભાવી અને તીર્થરૂપ મનાય છે. સૂરિજી ત્યાંથી ફતેહપુર સિક્રી પધારતાં શેઠ થાનમલજીના જિનાલયની પ્રતિષ્ઠા કરી (પૃ. ૧૮૫), પં૦ શાંતિચંદ્રગણિને ઉપાધ્યાય બનાવ્યા અને નાગોરવાળા જેતાશાહ (ઝવેરી)ને દીક્ષા આપી મુનિ જિનવિજય બનાવ્યા.● ત્યારબાદ શેઠ થાનમલજીની જેમ શેઠ દુર્જનશલ્યે (દૂજણમલે) પણ મોટા ખર્ચે પ્રતિષ્ઠા–મહોત્સવ ઉજવ્યો.

અહીં બા૦ અકબર પણ ધર્મપાનનો લાભ લેવા ઉત્સુક હતો. સૂરિજી પધારતા બાદશાહે એક પહોર સુધી ધર્મનું શ્રવણ કર્યું અને ત્યારબાદ પોતાની મનોકામના જણાવતાં કહ્યું કે, ''આપના દર્શનની ઇચ્છાથી મેં આપને દૂર દૂરથી બોલાવ્યા છે, પરંતુ આપ તો અમારું કંઈ પણ આતિથ્ય સ્વીકારતા નથી; છતાં પણ આપને પસંદ પડે તેવી માગણી આપે કરવી જોઈએ કે જેથી અમે કૃતકૃત્ય થઈએ.'' સૂરિજીએ યોગ્ય અવસર જાણી સમસ્ત દેશમાં પર્યુષણાપર્વની અઠ્ઠાઈમાં અહિંસાની

★ હીરસૌભાગ્ય કાવ્ય અને જગદ્‌ગુરુ કાવ્યમાં આ સંબંધી હકીકત આપવામાં આવી નથી, જ્યારે 'હીરવિજયસૂરિ રાસ'માં ઋષભદાસ કવિ પાંચ દિવસની 'અમારિ' પળાવ્યાનું જણાવે છે.

■ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા એક યસવ નામના કીમતી ખનીજ ધાતુની બની છે. બાદશાહ અકબરના દરબારમાં સન્માનપ્રાપ્ત શ્રેષ્ઠી શ્રી માનસિંહ, સંઘવી ચંદ્રપાલ, હીરાનંદ, થાનમલ, દુર્જનશલ્ય વગેરે શ્રાવકોએ અહીં અનેક જિનમંદિરો બંધાવ્યાં હતાં, જેમની પ્રતિષ્ઠા આ૦ હીરવિજયસૂરિના વરદ્ હસ્તે થઈ હતી ('તીર્થદર્શન' મદ્રાસ).

● આ જેતાશાહ બાદશાહ અકબર પાસે રહેતો હતો. માટે જ દીક્ષા બાદ 'બાદશાહી યતિ' તરીકે પંકાયા હતા. ('તપાગચ્છ પટ્ટાવલી' પૃ. ૨૩૬)

ઉદ્‌ઘોષણા કરવાનું તથા કેદીઓને અને પશુ-પક્ષીઓને પાંજરામાંથી મુક્ત કરવાનું કહ્યું.

સૂરિજીની આવી જીવમાત્ર પ્રત્યેની કરુણા દ્રષ્ટિથી ખૂબ પ્રભાવિત થઈ બાદશાહે ''અમારા તરફથી પણ ચાર દિવસ વધારે થાઓ'' કહી સહર્ષ સ્વીકાર કર્યો અને સમગ્ર ભારતવર્ષમાં શ્રાવણ વદિ ૧૦થી ભાદરવા સુદિ ૬ સુધીના બાર દિવસ પર્યંત 'અમારિ' પળાવવા માટેનું પોતાના નામનું સુવર્ણ મુદ્રાવાળું ફરમાન ગુરુમહારાજને અર્પણ કર્યું. તદુપરાંત બા૦ અકબરે કેદખાનામાં પડેલા બંદીજનોને તેમજ પાંજરામાં પૂરેલાં પશુ-પંખીઓને પણ મુક્ત કર્યાં.★

આ શુભ પ્રસંગે ગુરુમહારાજના ગુણમાહાત્મ્યથી ભક્તિવંત મેડતાના હાલ આગ્રા રહેતા શાહ સદારંગે યાચકસમૂહને હાથી, ઘોડા અને લાખો રૂપિયાના દાન આપીને તેમજ દિલ્લી પ્રદેશમાં દરેક જૈન શ્રાવકના ઘરે બશેર-બશેર મીઠાઈની લ્હાણી કરીને જિનશાસનનો જય-જયકાર પ્રવર્તાવ્યો. (પૃ. ૧૯૧–૧૯૨)

સં. ૧૬૪૦ના આજ વર્ષમાં સમ્રાટ અકબરે બાદશાહી દરબાર ભરી સૂરિજીને 'જગદ્‌ગુરુ'ના બિરુદથી સન્માનિત કર્યા. આ વર્ષનું ચાતુર્માસ પણ સૂરિજીએ ફતેહપુર સિક્રીમાં કર્યું. પછી આગ્રા થઈ મથુરા પધાર્યા. ત્યાં પ્રાચીન જૈન સ્તૂપોની યાત્રા કરી અને ગ્વાલિયર, ગોપગિરિ (બાવનગજા) તીર્થ થઈ ઈલાહાબાદ (અલ્હિરામાબાદ) પધાર્યા. સં. ૧૬૪૧નું ચાતુર્માસ ઈલાહાબાદ અને સં. ૧૬૪૨નું ચાતુર્માસ આગ્રા કર્યું.

આ૦ હીરવિજયસૂરિ આ પ્રદેશમાં લગભગ ચાર વર્ષ વિચર્યા. આ દરમિયાન તેઓએ સમ્રાટ અકબર તેમજ તેના શાહી પરિવાર અને રાજ્યાધિકારીગણને ઉપદેશ આપી ધર્માભિમુખ બનાવ્યા. સમ્રાટના સૂબાઓ મહારાવ સુરતાન, સુલતાન ઈબીબુલ્લાહ, આઝમખાન, કાસીમખાન, સુલતાન મુરાદ વગેરે પર ઘણો સારો પ્રભાવ પાડ્યો અને તેમના દ્વારા જીવદયા વગેરેનાં સદ્‌કાર્યો પણ કરાવ્યાં. વળી, સૂરિજીનાં દર્શનથી અને ઉપદેશથી કેટલાક અનાર્ય (મ્લેચ્છ) જાતિના લોકોએ મદ્ય, માંસભક્ષણ તથા જીવહિંસાદિ કાર્યોનો ત્યાગ કરીને શુભ માર્ગનું અવલંબન લીધું, તો કેટલાક આર્ય લોકો શાસન વિરોધી હતા તેઓ સંપૂર્ણ ભક્તિભાવવાળા બન્યા અને કેટલાક અન્ય પક્ષીય (ગચ્છીય) લોકો તેમના પ્રત્યે ગુણાનુરાગી બન્યા.

★ બા૦ અકબરના ખાસ માનીતા મુખ્ય વજીર અબુલ ફજલ સાથે આ૦ હીરવિજયસૂરિને ગાઢ મિત્રતા હતી. બંને વિદ્વાન હોય જ્ઞાનગોષ્ઠીમાં ઉભયને આનંદ ઉપજતો. બા૦ અકબર અબુલ ફજલ પાસેથી સૂરિમહારાજના અદ્‌ભુત જ્ઞાનની પ્રશંસા સાંભળી વધુ પ્રભાવી બન્યો હતો. અમારિ વગેરેના ફરમાનો આપવામાં અબુલ ફજલ પણ એક નિમિત્ત હતો. (શ્રી તપાગચ્છ પટ્ટાવલી, પૃ. ૨૩૨)

શ્રી હીરવિજયસૂરિ અને બાદમાં તેમના શિષ્યો–પ્રશિષ્યો વગેરેએ આ પ્રદેશમાં લગભગ ત્રણ દાયકા વિચરી મોગલ બાદશાહો (અકબર, જહાંગીર અને શાહજહાં)ને જૈનધર્મથી પ્રભાવિત બનાવ્યા હતા. આ ગુરુમહારાજોના સતત સાંનિધ્ય અને ઉપદેશથી ઉપરોક્ત બાદશાહોએ અમારિ પ્રવર્તન, હિંસાત્યાગ, જૈન ધર્મસ્થાનોની રક્ષા, જૈન તીર્થો અર્પણ, યાત્રાકર માફ વગેરેનાં ફરમાનો તેમજ લોકહિતનાં અનેક કાર્યો જાહેર કર્યાં હતાં. જેમ કે –

(૧) બા૦ અકબર આ૦ હીરવિજયસૂરિનો ભક્ત બન્યો અને જૈનધર્મનો પ્રેમી બન્યો. (૨) સૂરિજીને મોટો ગ્રંથભંડાર અર્પણ કર્યો. (૩) પર્યુષણમાં અમારિ પ્રવર્તન. (૪) કેદીઓને અને પશુ-પક્ષીઓને મુક્ત કર્યાં. (૫) ડાબર તળાવમાં માછલાં પકડવાની જાળો બંધ કરાવી. (૬) બાદશાહે નિર્વંશિયાનું ધન લેવાનું બંધ કર્યું. (૭) યાત્રાકર માફ કર્યો. (૮) આગ્રા, ફતેહપુર-સિક્રી, લાહોર, બુરહાનપુર, માલપુરા વગેરે સ્થળોમાં નવાં જિનાલયો અને ઉપાશ્રયો બંધાવવાની છૂટ આપી. (૯) જૈન ધર્મગુરુઓ અને ધર્મસ્થાનોની રક્ષાનું ફરમાન. (૧૦) શત્રુંજય, ગિરનાર, તારંગા, કેસરિયાજી, આબૂ, સમેતશિખરજી તથા રાજગૃહીની પાંચ પહાડી વગેરે તીર્થો જે શ્વેતાંબર જૈનોના પૂજનીય છે તે શ્રી જૈન શ્વેતાંબર સંઘને ભેટ આપ્યાનું ફરમાન અને તે તીર્થોની આસપાસ કોઈએ પણ જીવહિંસા કરવી નહીં તેવું ફરમાન. (૧૧) લગભગ છ માસ અહિંસા પાળવાનું ફરમાન ઇત્યાદિ. આ દરેક ફરમાનો અને કાર્યોની વિસ્તૃત વિગત આ જ પ્રકરણમાં હવે પછી 'મોગલવંશ–રાજ્યકાળ' વિભાગમાં પૃ. ૧૫૭થી આપવામાં આવશે.

જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિએ સં. ૧૬૪૨-૪૩નું આગ્રાનું ચાતુર્માસ પૂર્ણ કરી ઉપા૦ શાંતિચંદ્રગણિ, ઉપા૦ ભાનુચંદ્રગણિ વગેરે વિદ્વાન ધર્મોપદેશક મુનિવરોને અહીં સ્થિરતા કરવાનું કહી વિહાર કર્યો. મારવાડમાં ફલોધી તીર્થની યાત્રા કરી અને નાગોરમાં સં. ૧૬૪૩નું ચાતુર્માસ કર્યું. ત્યારબાદ સૂરિજી મેડતા થઈ સિરોહી પધાર્યા. ત્યાં તેમના પત્રથી આ૦ વિજયસેનસૂરિ પણ પધાર્યા અને થોડા દિવસ સ્થિરતા કરી ખંભાત તરફ વિહાર કરી ગયા. જ્યારે આ૦ હીરવિજયસૂરિ અહીં ચૌમુખ જિનપ્રાસાદ અને શ્રી અજિતનાથ જિનાલયમાં પ્રભુપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરીને મસુદાબાદ (મુસુંદ) પધાર્યા. ત્યાં સૂરિજી ઉપર મેવાડમાં પધારવા માટેનો રાણા પ્રતાપસિંહનો વિજ્ઞપ્તિ પત્ર આવ્યો. (જુઓ પત્ર – ભાગ ૩, પ્રકરણ ૪૪, પૃષ્ઠ ૨૩-૨૪. આ પત્ર જૂની મેવાડી ભાષામાં છે અને જૈન ઇતિહાસના અન્વેષણમાં નવું અજવાળું પાડે તેવો છે.)

સૂરિજી ત્યાંથી વિહાર કરી પ્રથમ આબૂ તીર્થે પધાર્યા. ત્યાં યાત્રા કરી વિહાર કરતા હતા એવામાં સિરોહીના રાજા સૂરત્રાણ દેવડાના અંગત અધિકારીઓ

વિનંતીપત્ર સાથે અહીં આવી પહોંચ્યા. પત્રમાં રાજાએ કરમુક્તિ અને અમારિ પ્રવર્તનનું પૂર્વે આપેલ વચન ન પાળવા બદલ ક્ષમા પ્રાર્થી અમલ કરવા અને સૂરિજીને સિરોહી ચાતુર્માસ પધારવા જણાવ્યું હતું. સૂરિજીએ ઊંડો વિચાર કરી સમ્મતિ આપતાં સૌ સિરોહી પધાર્યા. રાજાએ સૂરિજીનું ભવ્યાતિભવ્ય સામૈયું કર્યું તેમજ કરમુક્તિ અને અમારિ પ્રવર્તનનો અમલ કર્યો. નગરના ભાવિકજનોએ પણ ઘણો ધર્મલાભ મેળવ્યો. સૂરિજીએ ચાતુર્માસ બાદ ગુજરાત તરફ વિહાર કર્યો.

સં. ૧૬૪૫નું ચાતુર્માસ પાટણ કર્યું. ચાતુર્માસ પૂર્ણ થયા બાદ પાટણમાં જ સં. ૧૬૪૬ના પોષ સુદિ ૧ના રોજ સૂરિમહારાજે તપાગચ્છનો ચતુર્વિધ સંઘ એકઠો કર્યો અને જૈન સંઘની એકતા માટે ૧૨ બોલનો નવો પટ્ટક બનાવી, બધે સ્થળે મોકલ્યો.

આ ૧૨ બોલનો પટ્ટક સારરૂપે નીચે મુજબ છે :

૧. કોઈએ પરપક્ષીને (સામાને) કઠોર વચન કહેવું નહીં.
૨. પરપક્ષીના માર્ગાનુસારી ગુણો અનુમોદવા યોગ્ય છે.
૩. શાસ્ત્રવિરુદ્ધ અને પરંપરા વિરુદ્ધ પ્રરૂપણા કરનાર ઠપકાને પાત્ર થશે.
૪. દિગંબરની પ્રતિમા, શ્રાવકે પ્રતિષ્ઠા કરેલી જિનપ્રતિમા તથા દ્રવ્યલિંગીના દ્રવ્યની બનેલ પ્રતિમા સિવાયની સર્વ જિનપ્રતિમાઓ વાંદવા-પૂજવા યોગ્ય છે, તેમાં અચકાવું નહીં.
૫. ઉપર નિષેધ કરેલી જિનપ્રતિમાઓ પણ સ્વપક્ષને ત્યાં હોય તો વંદનીય છે. ચારિત્રધારીએ વાસક્ષેપ કરેલ સર્વ જાતની જિનપ્રતિમા વંદનીય છે.
૬. શાસ્ત્રોમાં **સાધુની પ્રતિષ્ઠા** કહેલી છે. બીજા ગચ્છવાળા સાધુ છ દર્શન પૈકી જૈન દર્શનના જ સાધુ છે, તો તેનો સ્થાપનાનિક્ષેપો પણ જૈન સાધુના જ મનાય.
૭. સ્વામીવાત્સલ્યમાં પરપક્ષી આવીને જમે તો સ્વામીવાત્સલ્યનું ફળ નાશ પામતું નથી.
૮. શાસ્ત્રમાં નિહ્નવો ૭ (૯) બતાવ્યા છે, તે સિવાયના બીજાઓને નિહ્નવ કહેવાથી સમ્યક્ત્વ રહે નહીં.
૯. પરપક્ષીઓ સાથે કરેલી તીર્થયાત્રાનું ફળ નકામું જતું નથી.
૧૦. પરપક્ષી સાથે ઉદેરીને (ઉદ્દેશીને) ચર્ચા કરવી નહીં. સામી વ્યક્તિ ઉદેરીને ચર્ચા કરે તો તેને શાસ્ત્રાધારોથી શાંતિપૂર્વક જવાબ દેવો. ક્લેશ વધે તેમ કરવું નહીં.
૧૧. આ૦ વિજયદાનસૂરિએ 'કુમતિકુદ્દાલ' ગ્રંથને ચતુર્વિધસંઘની વચ્ચે જળશરણ કરાવી, અપ્રમાણ ઠરાવ્યો. તે ગ્રંથનું એક વચન પણ જેમાં હોય તે ગ્રંથને પણ અપ્રમાણ માનવો.

૧૨. પરપક્ષના અવિરોધી સ્તવન, સ્તુતિ વગેરે બોલવાં, કેમકે જિનસ્તુતિ કરનારા સુકૃત પિંડને ભરે છે.

આ બાર બોલનો પટ્ટક ગીતાર્થોએ ત્રણ ચોમાસી અને પર્યુષણપર્વમાં સર્વ સ્થળે વાંચવાનું નક્કી કર્યું.

આ ૧૨ બોલના પટ્ટકની નીચે આ મુનિસમ્મેલનમાં હાજર રહેલા સર્વ ગીતાર્થો અને મુનિવરોના હસ્તાક્ષર કરવામાં આવ્યા. તે આ પ્રમાણે –

આ૦ વિજયસેનસૂરિ, મહો૦ ધર્મસાગરગણિ, ઉપા૦ વિમલહર્ષગણિ, ઉપા૦ શાંતિચંદ્રગણિ, ઉપા૦ કલ્યાણવિજયગણિ, ઉપા૦ કમલવિજયગણિ, ઉપા૦ સોમવિજયગણિ, પં૦ સહજસાગર, પં૦ કાનર્ષિગણિ (પં૦ કલ્યાણકુશલ) વગેરે.

શ્રી મોતિચંદ ગીરધરલાલ કાપડિયા આ અંગે લખે છે કે, ''પ્રતાપી આ૦ હીરવિજયસૂરિની અસર આખી સદી પર થઈ છે. તેમણે સાધુઓના શિસ્ત માટે ખૂબ વિચારો કર્યા છે.'' (પ્રક. ૫૫, પૃ. ૩૫૪ થી ૩૫૬.)

આ મુનિસમ્મેલન બાદ આ૦ શ્રી હીરવિજયસૂરિ તેમજ આ૦ વિજયસેનસૂરિ પાટણથી ખંભાત પધાર્યા. અહીં તેઓના પગલે પગલે સોનાનો ટંક અથવા રૂપાનાણું મૂકવામાં આવતું. આ પ્રથા અદ્યાપિપર્યંત પ્રચલિત છે. અહીંના શ્રદ્ધાસમ્પન્ન શ્રાવકોએ પ્રભાવનાદિ કાર્યોમાં ૧ કરોડ ટંકનો સદ્વ્યય કર્યો હતો. ખંભાતના ધનાઢ્ય શ્રેષ્ઠી તેજપાલ સોનીએ શ્રી સુપાર્શ્વનાથ જિનાલય અને શ્રી અનંતનાથ જિનાલયની પ્રતિષ્ઠા સૂરિજીના વરદ્ હસ્તે અપૂર્વ ઠાઠથી કરાવી હતી.

સૂરિજી ખંભાતથી વિહાર કરી સં. ૧૬૪૬-૪૭માં અમદાવાદ ચાતુર્માસ રહ્યા અને સં. ૧૬૪૮નું ચાતુર્માસ આ૦ વિજયસેનસૂરિ સાથે રાધનપુર રહ્યા. અહીં બા૦ અકબરે લાહોરથી એક ફરમાન લખી મોકલ્યું કે,

''આપના પવિત્ર શત્રુંજય તીર્થમાં યાત્રાળુઓ ઉપર લેવાતો કર માફ કરવામાં આવે છે અને શત્રુંજય તીર્થ (પર્વત) આપને ભેટ આપવામાં આવે છે.

''હવે તમારા પટ્ટધર આ૦ વિજયસેનસૂરિને અહીં લાહોર મોકલો.'' આથી ગુરુદેવ શ્રી હીરવિજયસૂરિએ આ૦ વિજયસેનસૂરિને સં. ૧૬૪૯ના લાહોર મોકલ્યા.

શ્રી શત્રુંજય તીર્થનો છેલ્લો સોળમો ઉદ્ધાર સં. ૧૫૮૭માં કર્માશાહે કરાવ્યો હતો. પરંતુ બહુ પ્રાચીનતાને લીધે થોડા જ સમયમાં મૂળમંદિર (મુખ્ય ટૂંક) જીર્ણપ્રાય જેવું અને જર્જરિત થઈ ગયેલું દેખાતાં ખંભાતના શ્રેષ્ઠી તેજપાલ સોનીએ મૂળ મંદિરનો બરાબર જીર્ણોદ્ધાર થાય તો કેવું સારું ! એમ વિચારી આ૦ હીરવિજયસૂરિના ઉપદેશથી જીર્ણોદ્ધાર કરાવી, જિનપ્રાસાદ તદ્દન નવા જેવું તૈયાર કરાવ્યું. સં. ૧૬૫૦માં સૂરિજી પાટણથી સંઘ સહિત પાલિતાણા પધાર્યા.

આ સમયે બીજા ૭૨ સંઘો પાલિતાણા આવ્યા હતા. આ સંઘોમાં લગભગ એક હજાર સાધુમહારાજો અને બે લાખ યાત્રિકો પધાર્યા હતા. સંઘમાળની તેમજ શ્રેષ્ઠી તેજપાલ સોની દ્વારા મુખ્ય ટૂંકની પ્રતિષ્ઠાની ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી થઈ હતી.

સિદ્ધાચલની યાત્રા કરી સૂરિજી દીવ પધાર્યા અને સં. ૧૬૫૦નું ચાતુર્માસ દીવ કર્યું. ત્યાર પછીનું ચાતુર્માસ ઉના નગરમાં કર્યું. સૂરિજીના સાંનિધ્યમાં અહીં પણ સારી એવી ધર્મારાધના અને શાસનપ્રભાવના થવા લાગી. જો કે સૂરિજીના સ્વાસ્થ્ય ઉપર હવે વય અને અતિ શ્રમની અસર દેખાવા લાગી હતી. સં. ૧૬૫૧નું ચાતુર્માસ પુરું થયું પણ સૂરિજીની તબિયત વધુ નરમ-ગરમ રહેતાં ઉના શ્રીસંઘે અહીં જ સ્થિરતા કરવા સૂરિમહારાજને અતિ આગ્રહપૂર્વક વિનતિ કરી. સ્વાસ્થ્યની પ્રતિકૂળતાને કારણે સૂરિજીએ ઉનામાં સ્થિરતા કરી અને સં. ૧૬૫૨નું ચાતુર્માસ પણ ઉનામાં કર્યું. સૂરિજીની તબિયત દિવસે દિવસે વધુ ગંભીર બનવા લાગી. સૂરિજીની શાતા પૂછવા બહારગામથી શ્રાવકોનું સતત આવાગમન રહેવા લાગ્યું. જામનગરના દીવાન અબજી ભણશાલી પણ આ માટે ઉના આવ્યા. સૂરિજીની ગંભીર તબિયત છતાં સમતા અને સ્વસ્થતા જોઈ તે આશ્ચર્ય પામ્યા. તેમણે સૂરિજી અને સર્વ સાધુમહારાજોનું સોનામહોરથી પૂજન કર્યું. પર્યુષણાપર્વના દિવસો આવી પહોંચ્યા. આ નાજુક તબિયતમાં પણ સૂરિજીએ કલ્પસૂત્રનું વ્યાખ્યાન વાંચ્યું. થોડા દિવસ ગયા કે સૂરિજીનું સ્વાસ્થ્ય અતિ ચિંતાજનક બની ગયું; અને કાળે કાળનું કામ કર્યું ! સૂરિજી સં. ૧૬૫૨ના ભાદરવા સુદિ ૧૧ને દિવસે ૫૬ વર્ષના સમગ્ર સાધુજીવનને ઉજમાળ કરી, ૬૯ વર્ષની વયે, સમતા અને સમાધિપૂર્વક સ્વર્ગવાસી થયા. સર્વકલ્યાણવાંછુ મહાપુરુષ અને પ્રભાવક જ્યોતિર્ધર આચાર્યશ્રી હીર-વિજયસૂરિજી મહારાજ જેમ 'જગદ્‌ગુરુ'ના નામથી અમર બની ગયા તેમ એમની સુવાસ પણ દેહવ્યાપી મટી વિશ્વવ્યાપી બની ગઈ.

★ ★ ★

તપસ્યા : આ૦ હીરવિજયસૂરિની ત્યાગ-તપસ્યા પણ નોંધપાત્ર હતી. તેઓ હંમેશાં ગણત્રીની વસ્તુઓ વાપરતા હતા. તેમણે પોતાની જિંદગી દરમિયાન નીચે પ્રમાણે તપસ્યા કરી હતી.

એકાશી અઠ્ઠમ, સવાબસો છઠ્ઠ, છત્રીસો ઉપવાસ, બે હજાર આયંબિલ, બે હજાર નીવી. આ ઉપરાંત વીસસ્થાનકની ૨૦ વખત આરાધના કરી, જેમાં ચારસો આયંબિલ અને ચારસો ચોથ ભત્તા કર્યાં. સૂરિમંત્રનું ધ્યાન-આરાધન કરવા માટે ત્રણ મહિના ધ્યાનમાં રહ્યા અને તે ત્રણ મહિના ઉપવાસ, આયંબિલ, નીવી ને એકાસણામાં જ વ્યતીત કર્યા. જ્ઞાનની આરાધના કરવા માટે પણ તેમણે

બાવીશ મહિના તપશ્ચર્યા કરી હતી. ગુરુભક્તિપણામાં પણ તેમણે તેર મહિના પર્યંત છઠ્ઠ, અઠ્ઠમ, ઉપવાસ, આયંબિલ અને નીવી આદિ કર્યાં હતાં.

સૂરિજીનો જિહ્વાઇન્દ્રિય પરનો કાબૂ પણ અદ્‌ભુત હતો. એકદા સૂરિજી આદિ સાધુમહારાજો આહાર-પાણી વાપરી હજુ નિવૃત્ત થયા નહિ હોય તેવામાં એક શ્રાવક અને શ્રાવિકા ઉપાશ્રયમાં આવી પહોંચ્યા અને કહેવા લાગ્યાં કે, ''મહારાજ સાહેબ ! આજે અમારાથી મોટો અનર્થ થઈ ગયો છે. અમારા ઘરેથી જે ખીચડી આપ વહોરી લાવ્યા છો તે એકદમ ખારી છે, માટે અમને માફ કરજો.'' સાધુઓ તો સાંભળી સ્તબ્ધ થઈ ગયા, કારણ કે તે ખીચડી તો સૂરિજીએ વાપરી હતી; અને તેમ છતાં તેઓએ તેના ખારાપણા માટે લેશમાત્ર ઉચ્ચાર પણ કર્યો ન હતો.

ગ્રંથલેખન : તેમના બનાવેલા ગ્રંથો – શાંતિનાથ રાસ, દ્વાદશ–જિનવિચાર, મૃગાવતી ચરિત્ર, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા, અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવન વગેરે.

સૂરિજીના શિષ્યો–પ્રશિષ્યો અને સ્વહસ્તક દીક્ષિતો –

આ૦ હીરવિજયસૂરિ ગચ્છનાયક હોવાથી તેમના શિરે શાસનના મુખ્ય અંગ-સમા સાધુસમુદાયની જવાબદારી હતી. તે માટે તેઓ સદા જાગૃત અને પ્રવૃત્ત રહેતા હતા. તેઓના ઉપદેશથી અનેક ભાવુકો દીક્ષાપંથે જોડાયા હતા. તેઓની પ્રેરણાથી લોંકામતના ઋષિ મેઘજી વગેરે યતિઓ મૂર્તિપૂજક સંવેગી સાધુ બન્યા હતા. સૂરિજીના વરદ્ હસ્તે ૧૬૦ ઉપર દીક્ષા થઈ હતી. તેઓશ્રી લગભગ બે હજાર સાધુઓ અને ત્રણ હજાર સાધ્વીઓના નાયક હતા.* તેમના પટ્ટધર શ્રી વિજયસેનસૂરિ હતા. સૂરિજીના અન્ય શિષ્યો–પ્રશિષ્યો અને સ્વહસ્તે દીક્ષિત સાધુઓ પણ અનેક હતા. તેમાંના જુજ નામો અમે મેળવી શક્યા છીએ, જેની વિગત નીચે મુજબ છે.

આ૦ વિજયસેનસૂરિ : જુઓ પ્રકરણ ૫૯.

ઉપા૦ કમલવિજયગણિ : મારવાડના નાડલાઈમાં ઓસવાલ કર્માશાહને કોડમદે નામે પત્ની હતી અને જયસિંહ નામે પુત્ર હતો. આ૦ વિજયદાનસૂરિએ

★ સૂરિજીના વિશેષ જીવન-પરિચય માટે જુઓ નીચેના ગ્રંથો –

(૧) હીરસૌભાગ્ય (મહા) કાવ્ય, (૨) હીરવિજયસૂરિ રાસ, (૩) લાભોદય રાસ, (૪) કર્મચંદ્ર ચોપાઈ, (૫) કૃપારસ કોશ, (૬) ખંભાતની તીર્થમાળા, (૭) હીરવિજયસૂરિ કથા પ્રબંધ, (૮) જગદ્‌ગુરુ કાવ્ય, (૯) જૈન રાસમાળા ભાગ-૧, (૧૦) વિજય પ્રશસ્તિ કાવ્ય, (૧૧) દુર્જનશાલ બાવની, (૧૨) સૂરીશ્વરજી અને સમ્રાટ, (૧૩) પટ્ટાવલી સમુચ્ચય, (૧૪) જૈન સાહિત્ય સં. ઇતિહાસ, (૧૫) શાસનપ્રભાવક શ્રમણભગવંતો, ભાગ–૧ વગેરે.

સં. ૧૬૧૧માં ખંભાતમાં કર્માશાહને દીક્ષા આપી મુનિ કમલવિજય નામ રાખ્યું અને તેમને પોતાના પટ્ટધર આ૦ હીરવિજયસૂરિના શિષ્ય બનાવ્યા.

આ૦ વિજયદાનસૂરિએ સં. ૧૬૧૩માં મુનિ કમલવિજયજીના સંસારી પુત્ર જયસિંહને પણ દીક્ષા આપી અને નામ મુનિ જયવિમલ રાખી આ૦ હીરવિજયસૂરિના શિષ્ય બનાવ્યા; જે આગળ જતાં સં. ૧૬૨૮માં શ્રી વિજયસેનસૂરિના નામે આચાર્યપદે અને સં. ૧૬૩૦માં ગચ્છનાયકપદે વિભૂષિત થયા.

જૈન શ્રમણ સંઘમાં એવી માન્યતા છે કે કોઈપણ મુનિવર ગચ્છનાયક વગેરે કોઈ મોટા પદવીધારી બને પણ તે પોતાનાં પિતા, માતા કે મોટાભાઈ પાસે નમસ્કાર કરાવે નહીં પણ જો અનુકૂળતા હોય તો તેમને ઉપાધ્યાય કે મહત્તરા વગેરે મોટી પદવીઓ આપી શ્રમણસંઘમાં સૌથી મોટા બનાવી સૌને માટે વંદનીય બનાવી દે છે. એટલે બનવાજોગ છે કે આ૦ હીરવિજયસૂરિએ પં૦ કમલવિજય-ગણિને ઉપાધ્યાય બનાવ્યા હોય !

પછીના ગ્રંથલેખકો ઉપા૦ કમલવિજયગણિને વૃદ્ધ પંન્યાસ તરીકે ઓળખાવે છે અને આ૦ વિજયસેનસૂરિના ઉપાધ્યાય તરીકે પણ ઓળખાવે છે.

ઉપા૦ કમલવિજયગણિને પં૦ સત્યવિજયગણિ, પં૦ કીર્તિવિજયગણિ, પં૦ ધનવિજયગણિ વગેરે શિષ્યો હતા.

ઉપા૦ કમલવિજયગણિએ મનુષ્ય ક્ષેત્ર બહાર રહેલા સિંહના ખોરાક માટે પ્રશ્ન પૂછ્યો હતો અને આ૦ વિજયસેનસૂરિએ તેનો ઉત્તર આપ્યો હતો. આ પ્રશ્નનો ઉત્તર 'સેનપ્રશ્ન'માં મળે છે.

આ૦ વિજયસેનસૂરિના સ્વર્ગગમન પછી સં. ૧૬૭૨-૭૩માં તપાગચ્છમાં બે પક્ષો પડ્યા હતા. ઉપા૦ કમલવિજયગણિ વિજયદેવસૂરસંઘમાં રહ્યા હતા. એક કહેવત છે કે, 'ગૃહસ્થને મૂડી કરતાં વ્યાજ વધુ વહાલું હોય' એટલે પુત્રો કરતાં પૌત્રો વધુ વહાલા હોય. બનવાજોગ છે કે, ઉપા૦ કમલવિજયગણિને પોતાની જ્ઞાતિના તથા પોતાના પુત્ર પાસે ૯ વર્ષની નાની ઉંમરમાં શિષ્ય થયેલા અને તેમના હાથે જ આચાર્ય બની તેમની જ ગાદીએ બેઠેલા શાંતસ્વભાવી ભટ્ટા૦ વિજયદેવસૂરિ પ્રત્યે વિશેષ વાત્સલ્ય હોય !

ઉપા૦ કલ્યાણવિજયજી ગણિ – ગુજરાતના પલખડી નામના ગામમાં પ્રાગ્વંશી સંઘવી આજડના પૌત્ર નામે રાજસીના પુત્ર થિરપાલને ગુજરાતના મેહમૂદશાહ પેલા (મહમદ બેગડા)એ લાલપુર ગામ ભેટ આપ્યું. તે થિરપાલના પૌત્ર હરખશાની પત્ની પુંજીની કુક્ષીએ સં. ૧૬૦૧ના એક પુત્ર જન્મ્યો. તેનું નામ ઠાકરશી રાખવામાં આવ્યું. તે ઠાકરશીને આ૦ હીરવિજયસૂરિએ સં.

૧૬૧૬માં વૈશાખ વદિ બીજને દિવસે, મહેસાણામાં દીક્ષા આપી પોતાના શિષ્ય મુનિ કલ્યાણવિજય નામે જાહેર કર્યા.

મુનિ કલ્યાણવિજય સંયમ-સાધના અને શાસ્ત્રાભ્યાસમાં આગળ વધી મહાન વિદ્વાન થયા. સં. ૧૬૨૪ના પાટણમાં તેમને ઉપાધ્યાયપદ આપવામાં આવ્યું. તેઓની વ્યાખ્યાનકળા ઘણી સરસ અને ઉત્તમ હતી. તેમણે રાજપીપળામાં રાજાની સભામાં બ્રાહ્મણ પંડિતોને જીત્યા હતા. તેઓએ ગુજરાત, મારવાડ, મેવાડ, માલવા વગેરે પ્રદેશોમાં વિહાર કરી અનેક તીર્થોની યાત્રા કરવા ઉપરાંત પ્રભુ-પ્રતિષ્ઠા કરી હતી. જયપુર રાજ્યના વૈરાટનગરમાં અકબર બાદશાહના અધિકારી શ્રીમાલી ઇન્દ્રરાજે કરાવેલા ઇન્દ્રવિહાર નામે ભવ્ય જિનપ્રાસાદમાં સં. ૧૬૪૪માં તેમણે શ્રી પાર્શ્વનાથાદિ બિંબોની પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રાસાદની પ્રશસ્તિ તેમના શિષ્ય પં૰ લાભવિજયગણિએ રચી હતી. (જુઓ પ્રક. ૪૦, પૃ. ૩૮૭ તથા આ જ પ્રક. ૫૮, પૃ. ૧૮૩–૧૮૪ અંતર્ગત ઇન્દ્રરાજ શ્રીમાલી પરિચય.)

ઉપા૰ કલ્યાણવિજય વ્યાકરણશાસ્ત્રમાં પારંગત હતા. તેમણે સં. ૧૬૫૮માં 'જિનસહસ્રનામ' સ્તોત્ર રચ્યું હતું. તેમને પં૰ (ઉપા૰) લાભવિજય, ધર્મવિજય, સંઘવિજય, જયવિજય, સોમકુશલ, સાધુવિજય, શુભવિજય, ભાવવિજય, જીતવિજય, નયવિજય, પદ્મવિજય, યશોવિજય (મહોપાધ્યાય), વિદ્યાવિજય (ઇરિયાવહીની સજ્ઝાયના કર્તા) વગેરે અનેક શિષ્યો-પ્રશિષ્યો હતા.

('જૈન ગૂર્જર કવિઓ' આવૃત્તિ પ્રથમ, ભા.૨, પૃ. ૨૦માંથી સાભાર.)

ઉપા૰ ઉદ્દ્યોતવિજયગણિ – લોંકાગચ્છના શ્રીપૂજ કુંઅરજીસ્વામીની પાટે ઋષિ મેઘજી થયા. તે અમદાવાદની ગાદીના શ્રીપૂજ હતા. તેમની આજ્ઞામાં ઋષિ ગુણજી, નેનજી, શાર્દૂલ વગેરે ૧૭ (કે ૨૭) યતિઓ હતા. તે સૌએ આ૰ હીરવિજયસૂરિ પાસે સંવેગી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો; અને અમદાવાદમાં, સં. ૧૬૨૮માં તપાગચ્છીય દીક્ષા લીધી. આ પ્રસંગે ફતેહપુર-સીક્રીના, બા૰ અકબરના રાજમાન્ય શ્રેષ્ઠી, શ્રી થાનમલજી ઓસવાલે શાહી બેન્ડવાજા લાવી ઉત્સાહમાં વૃદ્ધિ કરી હતી. ઋષિ મેઘજીનું નામ મુનિ ઉદ્દ્યોતવિજય રાખવામાં આવ્યું. આગળ જતાં તેઓ મહોપાધ્યાયપદથી નામાંકિત બન્યા. (જુઓ ભા.૩, પ્રક. ૫૩, પૃ. ૨૬૩-૨૬૪; પ્રક. ૫૫, પૃ. ૪૦૯-૪૧૦.)

ઉપા૰ સોમવિજયગણિ અને ઉપા૰ કીર્તિવિજયગણિ –

વીરમગામ વિભાગનો વજીર મલેક **વીરજી** પોરવાડ જૈન હતો. તે ગુજરાતના બાદશાહનો માનીતો હતો અને ૫૦૦ ઘોડેસ્વારનો ઉપરી હતો. તેને સહસ્રકિરણ નામે પુત્ર હતો. તે પણ વીરમગામ વિભાગનો વજીર બન્યો. તેને ગોપાળજી, કલ્યાણજી અને વિમળા નામે ત્રણ સંતાન હતાં. તે ત્રણેએ સં. ૧૬૩૧માં

અમદાવાદ જઈને આ૦ હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી. ગોપાળજી મુનિ સોમવિજયના નામે અને કલ્યાણજી મુનિ કીર્તિવિજયના નામે આચાર્યશ્રીના શિષ્ય બન્યા. વિમળાબહેને સાધ્વી વિમલાશ્રી નામે ચારિત્ર ગ્રહણ કર્યું. આ દીક્ષા પ્રસંગે મુમુક્ષુ ધનજી (જુઓ આ જ પૃષ્ટમાં ઉપા૦ ધનવિજયગણિ) તથા તેમનાં પત્ની અને ૩ પુત્રો તથા શા૦ વચ્છરાજ ભણશાલી તેમજ પદ્મવિજય, વિજયહર્ષ વગેરે ૧૮ જણાએ ચારિત્ર ગ્રહણ કર્યું હતું.

મુનિ સોમવિજય અને મુનિ કીર્તિવિજય આગળ જતા શાસ્ત્રમાં નિપુણ બનતા ગુરુએ તેમને ઉપાધ્યાયપદે અલંકૃત કર્યા.

ઉપા૦ કીર્તિવિજયગણિએ ગુરુદેવશ્રી હીરવિજયસૂરિને પૂછાએલા જૈનશાસ્ત્રો સંબંધી શંકાના પ્રશ્નો અને અપાયેલા ઉત્તરો એકત્રિત કરી 'પ્રશ્નોત્તર સમુચ્ચય' અપરનામ 'હીરપ્રશ્ન' તથા સં. ૧૬૯૦માં 'વિચાર રત્નાકર' ગ્રંથ સંકલિત કર્યો.

(જુઓ પ્રક. ૪૪, પૃ. ૫૪ તથા પ્રક. ૫૫, પૃ. ૩૫૯–ટિપ્પણી.)

ઉપા૦ સહજસાગરગણિ – જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિના શિષ્ય ઉપા૦ સહજસાગરગણિ જિનાગમો–શાસ્ત્રોના જ્ઞાતા અને પ્રખર પ્રવચનકાર હતા. તેમનાથી સાગરશાખા પ્રસિદ્ધ અને સમૃદ્ધ બની.

ઉપા૦ શ્રી ધનવિજયજી ગણિ –

ઉપાધ્યાય શ્રી ધનવિજયજીનું સંસારી નામ ધનજી હતું. તેમણે પોતે, પોતાના ત્રણે પુત્રો – ગણજી, કમલ અને વિમલ તથા સ્વપત્ની સહિત શ્રી વિજયહીરસૂરિની નિશ્રામાં તેમના શિષ્ય શ્રી કલ્યાણવિજયજીના શિષ્ય બનીને ધનવિજય તરીકે તથા ત્રણે પુત્રોને ગુણવિજય, કુંવરવિજય અને વિમલવિજયના નામે પોતાના શિષ્યો બનાવવાપૂર્વક સં. ૧૬૩૧માં દીક્ષા ગ્રહણ કરી હતી.

તેમણે સં. ૧૬૫૪ના વૈશાખ વદ ૧૩ના દિને પોતાના શિષ્ય ગુણવિજયના વાચન માટે અમદાવાદમાં 'હેમવ્યાકરણ–બૃહદ્‌વૃત્તિદીપિકા' લખી હતી. સં. ૧૬૫૦માં 'હરિષેણ–શ્રીષેણ રાસ' રચ્યો હતો. શ્રી વિજયસેનસૂરિના શિષ્ય શ્રી સંઘવિજયગણિએ સં. ૧૬૭૪માં કલ્પસૂત્ર પર દીપિકા રચી, તે તેઓએ સં. ૧૬૮૧માં સંશોધી હતી. સં. ૧૬૮૧માં લોકનાલિકાસૂત્ર પર ભાષ્યવૃત્તિ રચી. મુનિસુંદરસૂરિના 'અધ્યાત્મ કલ્પદ્રુમ'ની અધિરોહિણી ટીકા રચી. સં. ૧૬૯૯ના પોષ માસમાં રાજનગરની સમીપમાં આવેલા ઉસ્માનપુરામાં આભણમાલિકા–આભારશતક અપરનામ ધર્મોપદેશલેશની ૧૦૮ શ્લોકપ્રમાણ રચના કરી હતી. સં. ૧૭૦૦માં સપ્તતિકા નામના કર્મગ્રંથ પર બાલાવબોધ રચેલ હતો.

આ૦ શ્રી વિજયહીરસૂરિને અકબર બાદશાહે સં. ૧૬૪૦માં 'જગતગુરુ'નું

બિરુદ આપ્યું, તે વખતે બંદીવાનોને છોડી મૂક્યા અને સૂરિસહિત મુનિ ધનવિજયને ડાબર તળાવે સાથે લઈ જઈ ત્યાંનાં પાંજરામાં પૂરેલાં પક્ષીઓને મુક્ત કર્યાં. શ્રી ધનવિજયે આ૦ હીરવિજયસૂરિ સાથે રહીને મેડતામાં જૈન-વિહારોને મ્લેચ્છકરથી મુક્ત કરાવ્યા અને વાજાં વગાડવાં બંધી થઈ હતી તે ચાલુ કરાવી.

ઉપાધ્યાય ધનવિજયજી મહા ત્યાગી-વૈરાગી અને વિદ્વદ્વર્ય હતા.

('જૈન સાહિત્યનો ઇતિહાસ'ને આધારે;
સંકલનકર્તા : કરમશી ખેતશી ખોના.)

મુનિ શુભવિજય તથા મુનિ કમલવિજય (ભટ્ટા૦ વિજયાનંદસૂરિ) –

મારવાડના રોહા ગામના વતની શેઠ શ્રીવંત અને તેના કુટુંબીજનો લોંકાગચ્છના ઋષિ વરસિંગજીના અનુયાયી હતા. તે સૌ લોંકાગચ્છમાં દીક્ષા લેવાના હતા. તેમાં કેટલાકે લોંકાગચ્છમાં દીક્ષા લીધી; પરંતુ કેટલાકે તપાગચ્છમાં આ૦ હીરવિજયસૂરિ પાસે સં. ૧૬૨૮થી સં. ૧૬૫૧ સુધીમાં, જુદા જુદા સ્થળે અને સમયે, સંવેગી દીક્ષા સ્વીકારી. શેઠ શ્રીવંત પણ સં. ૧૬૪૫માં સિરોહીમાં આ૦ હીરવિજયસૂરિ પાસે સંવેગી દીક્ષા સ્વીકારી ઉપા૦ કલ્યાણવિજયજીના શિષ્ય મુનિ શુભવિજય બન્યા. પછી તેની પત્ની લાલબાઈ, પુત્રી સહજા અને બાલપુત્ર કલા (કલ્યાણ)એ સં. ૧૬૫૧ મહા સુદ ૬ના દિને, ઉના નગરે સૂરિજીના વરદ્ હસ્તે દીક્ષા લીધી. પુત્ર કલાને મહો૦ સોમવિજયજીના શિષ્ય મુનિ કમલવિજય નામ આપ્યું. ત્યારબાદ સં. ૧૬૭૬માં, સિરોહીમાં તેઓ ૬૩મા ભટ્ટા૦ વિજયાનંદસૂરિ નામે આચાર્ય બન્યા; અને તેમનાથી તપાગચ્છમાં નવી 'વિજયાનંદસૂરિ શાખા' શરૂ થઈ. (ભા.૩, પ્રક. ૫૧, પૃ. ૨૧૨; પ્રક. ૫૩, પૃ. ૨૬૫ તથા ભા.૪ની પ્રથમ આવૃત્તિ, પ્રક. ૬૦, પૃ. ૩૧૨)

– પ્રભાસપાટણનો વતની શેઠ **અભયરાજ** પોતાના પરિવાર સાથે દીવબંદર આવીને વસ્યો હતો. તેણે અને તેનાં પત્ની, પુત્ર, પુત્રી તથા અન્ય મળીને ૯ જણાએ ખંભાત તીર્થે કંસારીપુરમાં રાયણના વૃક્ષ નીચે આ૦ હીરવિજયસૂરિના વરદ્ હસ્તે દીક્ષા લીધી હતી (પ્રક. ૩૮, પૃ. ૩૨૯).

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિ –

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી જન્મે વણિક હતા. તેમની માતાનું નામ રાજશ્રી (રાજબાઈ) અને પિતાનું નામ તેજપાલ હતું. તેઓ દીક્ષા સ્વીકારી આ૦ શ્રી હીરવિજયસૂરિના શિષ્ય ઉપાધ્યાય શ્રી કીર્તિવિજયજીના શિષ્ય બન્યા હતા. તેમણે પોતાની જનનીના શ્રેય માટે અનેક કૃતિઓ રચી. તેમાંની કથાસંગ્રહ, જ્ઞાતાસૂત્ર વગેરે ગ્રંથોની પ્રતો પાટણના જૈન ગ્રંથભંડારમાં જોવામાં આવે છે.

ઉપા૦ વિનયવિજયજી ગણિએ પોતાના જીવનમાં અનેક તપાગચ્છ અધિપતિઓના સમયમાં ગ્રંથોનું લેખન, સંશોધન, અવગાહન અને રચનાકાર્ય કર્યું જણાય છે. તેમના ગુરુબંધુ કાંતિવિજયે 'સંવેગરસાયણ બાવની'માં કરેલ સૂચન પ્રમાણે તેમણે બે લાખ શ્લોકપ્રમાણ રચના કરી, સમાજને ઉપયોગી સાહિત્ય પૂરું પાડ્યું હતું. આ રચનાઓથી સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી આદિ ભાષા પરનું તેમનું પાંડિત્ય પ્રગટ થાય છે. ઉપરાંત, તેઓ વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, ધર્મ, દર્શન અને આગમિક સાહિત્યના સર્જક પણ હતા. તેઓની પ્રખર વિદ્વત્તાને કારણે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી પણ તેમનો આદર કરતા. તેમની મુખ્ય રચનાઓ આ પ્રમાણે જાણવામાં આવી છે :–

સં. ૧૬૮૪માં ચૈત્ર વદ ૧૦ના રચાયેલ રામચંદ્રકૃત શ્રી શેષી–નૈષધવૃત્તિનું લેખન. સં. ૧૬૮૭માં યંત્રરાજ ગ્રંથનું લેખન. સં. ૧૬૮૯માં ઉપાધ્યાય ભાવવિજયજીએ રચેલી ઉત્તરાધ્યયન વૃત્તિનું સંશોધન. સં. ૧૬૮૯માં ગુજરાતી ભાષામાં રચેલી સુરત (સૂર્યપુર)ની ચૈત્યપરિપાટી. સં. ૧૬૯૦માં ગુરુ શ્રી કીર્તિવિજયજીકૃત રચના રત્નાકરનું લેખન. સં. ૧૬૯૬માં જેઠ સુદ બીજના કલ્પસૂત્ર પર ૬૫૮૦ શ્લોકપ્રમાણ કલ્પસુબોધિકા નામની ટીકા, વિજયાનંદસૂરિના રાજ્યમાં, રામવિજય પંડિતના શિષ્ય શ્રી વિજયગણિની અભ્યર્થનાથી રચી; તે શ્રી વિમલહર્ષના શિષ્ય શ્રી ભાવવિજયગણિએ શોધી. સં. ૧૬૯૭માં ધન્ય ત્રયોદશીએ દ્વારપુર (બારેજા)થી સ્તંભતીર્થ (ખંભાત)માં ચોમાસુ રહેલા તપાગચ્છાધિપતિ વિજયદેવસૂરિને લખેલ વિદ્વત્તાભર્યો ચિત્ર-કાવ્યમય પાંચ અધિકારવાળો આનંદલેખ વિ. વિજ્ઞપ્તિપત્ર. સં. ૧૭૦૫માં ધનતેરસે ખંભાતમાં શ્રીસંઘ તરફથી (તેના વતી) ખંભાત પધારવા વિજ્ઞપ્તિરૂપે, રાજનગરમાં રહેલા, શ્રી વિજયદેવસૂરિ તરફ લખેલ ગુજરાતી કવિતા-લેખ. સં. ૧૭૦૬માં ભાદ્રપદમાં વિજયસિંહસૂરિના આધિપત્યમાં નેમિનાથ ભ્રમર-ગીત. સં. ૧૭૦૭માં દીવ બંદરમાં વિજયદેવસૂરીશ્વર અને વિજયસિંહસૂરિની તુષ્ટિ માટે સંસ્કૃત નયકુસુમાંજલિ (નયકર્ણિકા). સં. ૧૭૦૮માં વૈશાખ સુદ ૫ના જૂનાગઢમાં ૧૭૬૨૧ શ્લોકપ્રમાણ અતિવિસ્તૃત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ લોકવિષયક 'લોકપ્રકાશ' નામના મહાન સંસ્કૃત ગ્રંથની રચના. સં. ૧૭૧૦માં રાધનપુરમાં કાંતિવિજયગણિ માટે સિદ્ધહેમ વ્યાકરણ લઘુપ્રક્રિયાની રચના. સં. ૧૭૧૩માં વિજયપ્રભસૂરિ પર્યંત પટ્ટાવલી સજ્ઝાય. સં. ૧૭૧૬માં સુરતમાં ધર્મનાથ વિજ્ઞપ્તિરૂપ ઉપમિતિ–ભવપ્રપંચકહા સ્તવન. સં. ૧૭૨૩માં ગંધારમાં શાંતસુધારસ ભાવના પ્રબંધ (સં. ગેય દેશીઓમાં, મધુર સંગીતમાં ઉતારેલ ઉચ્ચ જૈન સોળ ભાવનાઓ). સં. ૧૭૨૩માં તપાગણપતિ પૂ. આચાર્યને જોધપુરથી સુરત લખેલ 'ઇન્દુદૂત' કાવ્યલેખ. સં. ૧૭૨૬માં

મહામહોપાધ્યાય યશોવિજયે રચેલ ધર્મપરીક્ષા ગ્રંથનું સંશોધન. સં. ૧૭૨૮માં રાંદેરમાં રાજુલ-નેમિ-સંદેશ (બારમાસો). સં. ૧૭૨૯માં રાંદેરમાં વિજયાદશમીએ પુણ્યપ્રકાશ (આરાધના) સ્તવન. સં. ૧૭૩૧માં ગંધારમાં જિનસહસ્રનામસ્તોત્ર. સં. ૧૭૩૨માં પંચકારણ (પંચસમવાય) સ્તવન; સ્યાદ્વાદ સૂચક મહાવીરસ્તવન. સં. ૧૭૩૬માં વિજયરત્નસૂરિના અધિકારમાં ગુણસ્થાપક સ્વરૂપ (વીર) સ્તવન. સં. ૧૭૩૭માં વિજયાદશમીએ રતલામમાં હૈમપ્રકાશ (હેમપ્રક્રિયા વિવરણ) વિસ્તૃત વ્યાકરણગ્રંથ. સં. ૧૭૩૮માં રાંદેરમાં ભગવતીસૂત્ર–સજ્ઝાય. સં. ૧૭૩૮માં રાંદેરમાં શ્રીપાલ રાસ (૭૫૦ ગાથાપર્યંત અપૂર્ણ મૂકી કાળધર્મ પામતા બાકીનો ભાગ તેમના વચનથી સુપ્રસિદ્ધ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ પૂર્ણ કર્યો). આ ઉપરાંત, તેમણે આદિનાથ-વિનંતી, ઉપધાનસ્તવન, ષડાવશ્યકસ્તવન, પચક્ખાણની સજ્ઝાય, આયંબીલની સજ્ઝાય, વિનયવિલાસ (સુંદર ૩૭ પદોનો સંગ્રહ), વીસી, ચોવીસી (૨૪ જિનોનાં ૨૪ સ્તવન), અધ્યાત્મગીતા, શાશ્વત-જિનભાષ, અર્હન્નમસ્કારસ્તોત્ર, હૈમલઘુપ્રક્રિયા પર સ્વોપજ્ઞ ટીકા ૩૪૦૦૦ શ્લોકપ્રમાણ, ભાવવિજયગણિ કૃત ત્રિંશતજલ્પ સંક્ષેપ તરીકે ષટ્ત્રિંશતજલ્પ સંસ્કૃત ગદ્યમાં અને પ્રભાસપાટણથી ગુજરાતની રાજધાની પાટણમાં ચોમાસું રહેલા પૂજ્ય વિજયદેવસૂરિ તરફ પૂર્વાર્ધ પ્રાકૃત અને ઉત્તરાર્ધ સંસ્કૃત પદ્યોવાળું છટાદાર વિશિષ્ટ નિવેદનવાળું પર્યુષણાપર્વ–વિજ્ઞપ્તિપત્ર વગેરે રચ્યાં.

તેઓશ્રી વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં અને અઢારમી સદીના પૂર્વાર્ધમાં વિદ્વત્તાભરી રચનાઓથી વિખ્યાત થયેલા. આ બહુશ્રુત વિશ્વસભાજન ઉપાધ્યાય એક પ્રતિભાશાળી નામાંકિત વિદ્વાન હતા.

આ૦ વિજયસિંહસૂરિના ઉપદેશથી શત્રુંજયના શિખર પર મેડતાવાસી ઓશવાલજ્ઞાતીય, વૃદ્ધશાખીય અને કુહાડગોત્રીય સા૦ વર્ધમાન (ભાર્યા વાલ્હાદે)ના પુત્ર સા૦ માનસિંહ, રાયસિંહ, કનકસેન, ઋષભદાસ આદિએ સા૦ જગતસિંહ અને જીવણદાસ પ્રમુખ પુત્રાદિ પરિવાર સહિત પોતાના પિતા વર્ધમાનના વચનથી તેમના પુણ્ય માટે સહસ્રકૂટ તીર્થ કરાવ્યું, જેની વિજયદેવસૂરિ અને વિજયપ્રભસૂરિની આજ્ઞાથી વિજયહીરસૂરિ-શિષ્ય મહો૦ કીર્તિવિજયજી ગણિના શિષ્ય ઉપાધ્યાય વિનયવિજયજી ગણિએ સં. ૧૭૧૦માં પ્રતિષ્ઠા કરી.

('શાસનપ્રભાવક શ્રમણભગવંતો' ભા. ૧, પૃ. ૩૩૦–૩૩૧ તથા 'જૈન પરં. ઇતિ.' ભા. ૪, પ્રથમ આવૃત્તિ, પ્રક. ૬૦, પૃ. ૩૩૨–૩૩૩.)

અન્ય શિષ્યો : આ ઉપરાંત ઉપા૦ શાંતિચંદ્ર (પ્રક. ૫૫, પૃ. ૩૯૫-૩૯૬), ઉપા૦ ભાનુચંદ્ર (પ્રક. ૫૫, પૃ. ૩૯૮ થી ૪૦૨), ઉપા૦ પદ્મસાગર, ઉપા૦ સિદ્ધિચંદ્ર (પ્રક. ૫૫, પૃ. ૪૦૫ થી ૪૦૯) વગેરે [જુઓ 'તપાગચ્છ પટ્ટાવલી',

પૃ. ૨૩૬] તથા ઉપા૦ સહજસાગર [જુઓ 'આગમોદ્ધારક જીવનચરિત્ર', પૃ. ૩૧૧], ઉપા૦ કનકવિજય, પં૦ ઉદયવર્ધનગણિ વગેરે તેમના શિષ્યો હતા.

સૂરિજીનો ભક્તવર્ગ : બાદશાહો, રાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ વગેરે

બાદશાહ અકબર આદિ મુગલ(મોગલ)વંશ

[ભા. ૩ની પ્રથમ આવૃત્તિના પૃ. ૫૨ થી પૃ. ૨૭૬ સુધી અહીં ઉદ્ધૃત]

(૧) અમીર **તૈમુર** કેરાન. (પ્રક. ૪૪, પૃ. ૩૪, ક્રમ : ૨૭)

(૨) મીરણ શાહ (મીર શાહ)

(૩) સુલતાન મહમ્મદ.

(૪) સુલતાન **અબુસૈયદ** – તપાગચ્છના ૫૫મા પટ્ટધર આ૦ હેમવિમલસૂરિએ તેમને ઉપદેશ' આપ્યો હતો.

(૫) ઉમરશેખ (શેખ ઉમર મીરઝા).

(૬) **બાદશાહ બાબર** – તે તૈમુર લંગનો વંશજ હતો. તેનો સને ૧૪૮૨માં જન્મ થયો. તેણે સને ૧૫૨૬માં મુગલ (મોગલ) રાજ્યની સ્થાપના કરી અને ૪૮ વર્ષની ઉંમરે સને ૧૫૩૦માં તે મરણ પામ્યો.

આ૦ હેમવિમલસૂરિની શિષ્યપરંપરાના મહો૦ સહજકુશલગણિના ઉપદેશથી બા૦ બાબરે જજિયાવેરો માફ કર્યો હતો. જેમકે –

જાકો મહિમા જગત મેં, કો કરી સકૈ સરાહિ;
તજિયો જેજિયા તા વચન, સાહિ બબ્બર સાહિ. ૨૯

(ભટ્ટા૦ કનકકુશલકૃત 'લખપતમંજરી'ની પ્રશસ્તિ, પ્રક. ૫૫, પૃ. ૩૯૨-૩૯૩)

(૭) બાદશાહ હુમાયુ –

તે બા૦ બાબરનો પુત્ર હતો. દિલ્હીની ગાદીએ બેઠા પછી તેના રાજકાળમાં ભારતમાં જુદાં જુદાં સ્થળોએ બળવા જાગ્યા. પરિણામે તે દિલ્હીની ગાદીએ શાંતિથી બેસી શક્યો નહીં. તે ભારતના બાદશાહોમાં એક **કમનશીબ** બાદશાહ મનાય છે.

શેરશાહે સને ૧૫૩૯માં કનોજની લડાઈમાં બા૦ હુમાયુને હરાવ્યો, ભગાડ્યો અને શેરશાહ દિલ્હીની ગાદીનો માલિક બની બેઠો.

હુમાયુ સને ૧૫૫૫ માં ફરી ચડી આવ્યો અને તે દિલ્હી તેમજ આગરાનો કબજો લઈ બાદશાહ બન્યો. બા૦ હુમાયુ તા. ૨૪-૧-૧૫૫૬માં મરણ પામ્યો. ત્યારે તેનો શાહજાદો નામે **અકબર** પંજાબ તરફ હતો. તે હુમાયુની પછી દિલ્હીનો બાદશાહ મનાયો અને તરાદી બેગખાન દિલ્હીનો હાકેમ બની બાદશાહ અકબર વતી દિલ્હીનું રાજ્ય ચલાવવા લાગ્યો.

બા૦ હુમાયુ સં. ૧૫૯૨માં ગુજરાતમાં આવ્યો હતો. દીવના ફિરંગીઓએ ગુજરાતના બા૦ બહાદુરશાહને સં. ૧૫૯૩માં દરિયામાં દગાથી માર્યો. (પ્રક. ૪૪, પૃ. ૫૩)

કવિ **ઋષભદાસે** 'ભરત-બાહુબલીરાસ'માં **ખંભાત**નાં ઘણાં નામો બતાવ્યાં છે, ખંભાતની પ્રખ્યાત વસ્તુઓની પ્રશંસા કરી છે તથા બા૦ હુમાયુના ગુજરાત ઉપરના હુમલાની ઘટના વર્ણવી છે. તેના આધારે ગુજરાતના વિખ્યાત સાક્ષરરત્ન **બલવંતરાય** કલ્યાણરાય ઠાકોર 'હુમાયુની ગુજરાત પરની ચઢાઈનો નવો ઇતિહાસ' આ પ્રમાણે આપે છે.

કવિ ઋષભદાસના 'હીરવિજયસૂરિ રાસ'માંથી મળતી એક બીજી 'ઐતિહાસિક વિગત' અહીં જ આપું છું.

સાહસી ભેરોદાનજી : હુમાયુ પાતશાહની ગુજરાત–સોરઠની ચડાઈને લગતી એ હકીકત હૃદયદ્રાવક છે. એ ચડાઈ દરમિયાન (મારવાડ, ગુજરાત, મેવાડ અને મેરઠના) લાખો **બાન** બાંધીને ગુલામગીરીમાં જ્યાં વેચી શકાય ત્યાં વેચી નાખવાને માટે ઉત્તર દિશામાં તગડ્યાં અને તેમાંથી 'નવ લાખ' (ઘણી મોટી સંખ્યાના) બાન એક જણને આપ્યા અને કહ્યું : ''જાઓ, આટલાં 'ખુરાસાન' (ઈરાન દેશના એક ભાગ)માં વેચીને જે ઉપજે તે નાણું લઈ આવો.''

હુમાયુના દરબારમાં **ભૈરવશા (ભેરોદાનજી)** નામે **શ્રાવક** હશે. **આ૦ હીરવિજયસૂરિ**ના અનેકાનેક ધનાઢ્ય શ્રાવકોમાંનો એક તે 'પરધાન' જેવા કોઈ અધિકાર ઉપર પણ હશે, એમ જણાય છે. કદાચ (મોગલ સલ્તનતના જાણીતા બંધારણ પ્રમાણે) **અલવર**નો તે વખતનો માંડવિયો વ્યાપારી શેઠ જ ભૈરવશા હશે. આ બાનોને કુદરતી રીતે જ એવી તો બેકાળજીએ રાખવામાં આવતાં કે તેમાંથી રોજ સંખ્યાબંધ મરી પણ જતાં. અલવરમાં એક સવારે હુમાયુએ કૈં નિમિત્તે ભૈરવશાને પોતાની **મહોર છાપ** સોંપી. તુરત એ ઉદાર અને છાતીના મજબૂત શ્રાવકે તેનો લાભ લઈને પાતશાહી ફરમાન લખી, ઉપર મહોરછાપ વગેરે તમામ યથાયોગ્ય સંપૂર્ણતાને ઉપજાવીને તે ફરમાન પેલા **ખોજા મકીમ**ના હાથમાં ધરી દીધું.

તે ફરમાન દેખાડ્યું ત્યાંહિરે, **ખોજ મકીમ** બેઠો છે જ્યાંહિ રે...૮
કરી તસલીમ ને ઊભો થાય રે, મસ્તક મૂકી હાથેં સાય રે...
ઊભો રહીને વાંચે ત્યાંહિ રે, નામ હુમાયુનું લિખિયું માંહિ રે...૯
મકીમ ! કહ્યા તુમ મેરા કીજે રે, નવ લખ બાંદ ભૈરવકું દીજે રે...
અજર મત કરે તુમ ઇસ ઠોરો રે, દીઠી ઉપરિ અજમુખી મોહોરો રે..૧૦
મકીમ મુકે ભૈરવને આલે રે, તિહાં વાણીયો જીવ ચલાવે રે...

કાઢ્યાં બાંદ તિહાં સૌ રાતિ રે, જાઓ જાતાં ન રહિસ્યો વાંટિ રે...૧૧
ઘોટિક પંચસે ઘરથી આણ્યા રે, આલ્યા તેહને કરમી જાણ્યા રે...
મુકી નારીઓ બંધન કાપી રે, વસ્ત્રે બાંધી મોહોરો તે આપી રે...૧૨
(વિજયહીરસૂરિરાસ, આ. ૫, પૃ. ૨૨૭ થી ૨૮૦)

સાહસી ભૈરવશાનો પરિચય ઉપર આપ્યો છે. આ જ વાતનો ગુલામોને છોડાવનાર (પ્રથમ આવૃત્તિ, ભાગ : ૩, પ્રક. ૪૫, પૃ. ૩૮૯ થી ૩૯૨માં) **ભૈરૂસિંહ લોઢા** ચૌહાણ ઓસવાલ અને તેના ભાઈ **રામસિંહ લોઢા**નો પરિચય ભાટ કવિઓના દુહામાં મળે છે, જે આ પ્રમાણે છે :

૧. બંદીવાન છોડાવનાર ભૈરૂસિંહ લોઢા –

અસુર સેન દલ **સંભરી** આઈ, બાંધી મુગલાં **બંદી** ચલાઈ;
અહુ સમ પરજ (પ્રજા) કરે પુકાર, કીધા ચરિત કીસૌ કરતાર. ॥૧॥

જગડ, ભીમ, જગશી નહીં, **સારંગ સહજા તન;**
વાહરે ચઢી ડાયાતણા, મહિ ભૈરૂ મહિવંન. ॥૨॥

મૃગનૈણી મંતી ઔદ કૈં, પરવસી 'પાલી' જાઈ;
કૈં 'લોઢા' તુમથી ઉબરૈ, કૈ ખુરસાણ વિકાઈ. ॥૩॥

છંદ

ખુરસાણ કાબુલ દિસહ ખંચહિ, એક રૂસન બરસયે,
અસવરૈ યૌ મુલતાન લીજૈ, કરબ ચેડી દખયે;
ખટહડૈ કોટ દુરંગ પાડી, ઘરા આસપતિ ધાવયે,
પુનીવંત **સારંગ** પછૈ **ભૈરૂ**, બહુત બંદી છુડાવયે. ॥૧॥

ભડ સુહડ તે ભૈ ભંતિ ભંગા, કૌન વાહર આવયં,
ફીરી રાજ કવરી વાટ હાલૈ, અમહ કોણ છુડાવયં;
અહી વાત અવિચલ દીયે 'લોઢો' સીખ સંચીગાં લાઇયં,
પુનીવંત **સારંગ** પછૈ **ભૈરૂ**, બહુત બંદી છુડાવયં. ॥૨॥

બાભણી વીણાણી પવણી સારી દે, અસીસાં અતિ ઘણી,
લખ બરસ 'લોઢા' પાધ કાયમ, કિત્તિ ચહુખંડી તુમ તણી;
સંચીયા સુકૃત નિવાણ નિશ્ચલ, ભાંણ સુજશ સુણાઈયં,
પુનીવંત **સારંગ** પછૈ **ભૈરૂ**, બહુત બંદી છુડાવયં. ॥૩॥

વીલવીલે બાલક, માય પાખૈ એક રણમેં રડવડૈ,
પીડી જે લોક પ્રભોમિ લીજે, ડરાયે દહુ ડિસિ ડરૈ;

મેલીયા તે ઓસવાલ ઉદીવંત, સીખ કીપણાં લાઈયં,
પુનીવંત **સારંગ** પછૈ **ભૈરૂ**, બહુત બંદી છુડાવયં. ॥૪॥

કવિત્ત

છુડાઈ સબ બંદી અવની, અખીયાત ઉબારી,
અલવરી ગઢી સૌ કરે, ઉબર્યા, સિપતિ સહુ કરે તુમ્હારી;
''તું સારંગ દુસરા'' દુની સંકડે સધારી,
ભડ ભૂપતિ ડગીયા, અચલ અખિયાત ઉબારી;
મતિહીણ મુગલ વ્રખ (વૃક્ષ) બઢીયો, છાયાતર ઘર તૌ ઘરા,
ભૈરવા ! તરોવર તું પાખે, પછિતાવે પંખી ખરા. (૩)

તુજ બીણ અસુર અનંત સંક નહિ કોઈ માને,
તુજ બીણ પાત કુપાત, ભલા કો ભેવ ન જાને;
તુજ બીણ બંદી બંદીજાત કાબીલ ન બહોડે,
તુજ બીણ ચાડી કરે, ચાડકે નાક ન ફોડે;
ભણી **સીહુ** તુજ બીણી દાન ગૌ, કછુ ન બાત દીસે ભલી,
ભૈરવા ! આવ ઈક વાર તું, ઇતિ અનીતિ **અલવર** ચલી ! (૪)

પ્રથમ રમી **ચૌહાણ** બંસ, જિસ હુવો હમીરા,
દુ જે ખીચલી (ખીચી) સાહી, જાસ માકુર બજીરા;
તી પીછે **પેરોજ** ચઢ બિમલુખાં દલ ફુટ્યો,
બહુ રાણ ભૂ ગઇ, **સાહી મહમુદ** અહુટ્યો;
અવશાન અંતી આયો ન કો, પતિશાહ પરગટ કહું,
ભૈરૂ નરિંદ્ર સાંભરી (સાંભર) ભણું તુવ જશ કરી કંકણ બહુ. (૫)

૨. **ભૈરૂસિંહના ભાઈ રામસિંહ લોઢા (ચૌહાણ) –**

નેક નીજરી કરૈ **સાહી આલમ**, રામ ચ્યારી પતિ સાહા માલિમ;
બહતરી પાલ **મેવાત** વસાવૈ, 'રાજકુલી નિત સેવા આવૈ'.

છંદ

સેવૈ કછવાહા, જોધક, જાદો, ભારથ, જોગૈ ભીછ ભલા,
નિર્વાણ, ચૌહાણ, ચંદેલ, સોલંકી, દેલ્હ નિશાન જિકે દુજલા;
બડગુજર, ઠાકુર, છેછર, છીભર, ગૌડ, ગોહેલ, મહેલ મીલી,
દરબારી તુહારૈ **રામ** નરેસુર, સેવૈ રાજ છત્રીસ કુલી. (૧)

જે તુંવાર, તાર, પંવાર, સોઢા, સાંખલા ખીચી, સોનગરા,
રાઠૌડજી કે રાયજાદા રાવત, સ્વામી કાંમી સંગ્રામ ખડા;

જે રાવલ રાજા રાણ, રાજવી, કોડી કલા મંડલિક મીલી,
દરબારી તુહારૈ **રામ નરેસુર**, સેવૈ રાજ છત્રીસ કુલી. (૨)
ભુમીયા, ભૂપતિક રાય મહાભડ, તે દીસે દરબારી ખડા,
જે બંભણ ભટ દિવાણ દરસણ, જગાતિ હુંજિદાર બડા;
જે મંગણ ગીત કલૈ કબી, માંહી **'મહાજન'** મેલ મીલી,
દરબારી તુહારૈ **રામ** નરેસુર, સેવૈ રાજ છત્રીસ કુલી. (૩)
જે મીર, મીયાં, સીકદારત, ખોજા, ખાન, મુમ્મીક, તરૂક, તુચા,
ખાંજાંદા, મલિક જુમેર, મુકદમ, જવાંન, પઠાણ, મુગલ બચા;
જે જામ લંગા, બલોચ, હબસી, ખેડ, ખત્રી, જનુ મેલમીલી,
દરબારી તુહારૈ **રામ** નરેસુર, સેવૈ રાજ છત્રીસ કુલી. (૪)

(સં. ૨૦૦૪માં ક્ષેમસિંહ મો૦ રાઠોડે લખેલ 'ઓસવાલ કોમનો [વંશનો] ઇતિહાસ', પૃ. ૨૦૮ થી ૨૧૧, ભાટ કવિઓના પ્રાચીન પ્રસિદ્ધ દુહા અને કવિત્ત)

નોંધ : ભૈરૂસિંહના આ દુહા (કડી : ૨)માં આવેલા જગડુ વગેરેનો પરિચય પહેલાં આવી ગયો છે, તે આ પ્રમાણે –

૧. **જગડુશાહ** (પ્રક. ૩૮, પૃ. ૨૯૯; પ્રક. ૪૫, પૃ. ૭૫).
૨. **ભીમજી** (પ્રક. ૪૫, પૃ. ૮૮).
૩. **જગશી** (જગતસિંહ, પ્રક. ૪૫, પૃ. ૧૧૩).
૪. સં૦ દેશલના પુત્ર **સમરા–સારંગ** ઓસવાલ.
(પ્રક. ૩૫, પૃ. ૧૪૯-૧૫૦.)

ઉલ્લેખો મળે છે કે, આભૂ સોનગરા શ્રીમાળીના વંશના સહણપાલ તથા મંત્રી ઝાંઝણના પુત્રો અને સોની સાંગણ ઓસવાલ વંશના સોની ધનદેવ તથા સંગ્રામસિંહ, સં૦ ગુણરાજ, ખંભાતના પારેખ વાજિયા–રાજિયા વગેરેએ પણ ઘણાને મુસલમાનોના ત્રાસમાંથી બચાવી અને બાનમાંથી છોડાવ્યા હતા.
(પ્રક. ૪૫, પૃ. ૮૫, ૮૬, ૯૨, ૯૪; પ્રક. ૫૦, પૃ. ૧૭૨; ભા. ૪, પ્રક. ૫૯, પૃ. ૩૮૫)

ઉપર હુમાયુ સુધીના મુસ્લિમ સમયની એક અગ્રરેખા જોઈ લીધી. હવે હુમાયુ પછીના મુઘલ સમયની **ઉજ્વલ બાજુ** જોઈએ. અને તેમ કરવા માટે આપણે મૂલ વિષયને પાછા વળગીએ. **ઋષભદાસ** ગૃહસ્થ રહીને પણ કવિ થવા પામ્યા, તેનું બીજું કારણ સમજવા પ્રયત્ન કરીએ. હિંદના ઇતિહાસમાં અને આખી દુનિયાના રાજાઓના વર્ગમાં અકબરનું સ્થાન કેટલું તો ઊંચું છે, તેની નિર્મલ બુદ્ધિના ઇતિહાસકારોએ પણ હજી યથાયોગ્ય તુલના કરી નથી. સદ્‌ગત **વિન્સેન્ટ**

સ્મિથ, મોરલાન્ડ આદિ આ જમાનાના ઇતિહાસકારોની શોધકવૃત્તિએ હવે અકબરના સમયની એટલી તો વિગતો નવેસરથી ભેગી કરી–ગોઠવીને નવા પ્રકાશમાં આણી છે કે આપણે હવે એ મહાનુભાવનો દુનિયાના મોટામાં મોટા રાજાને ટક્કર મારે એવો પ્રભાવ જોઈ શકીએ છીએ. અહીં આ વિષય પૂરતા લંબાણ વિના મંડાય પણ નહિ એટલે એટલું જ કહીશ કે – ''શિવાજી ન હોત તો સુનત હોત સબકી ।'' એ ઉક્તિ કવિપણાની અતિશયોક્તિ માગે છે.

અકબર ન હોત તો સુનત હોત સબકી – એ જ હિંદના ઇતિહાસમાં સુદ્રઢતર સત્ય છે. સાડાત્રણ સૈકાના ત્રાસથી અને જુલમથી છેક ખળભળી ઉઠેલા અને મરવા પડેલા **ઉત્તર હિંદને** અકબરની ઉદાર રાજનીતિએ ધરપત આપી. નવું લોહી અને નવું વીર્ય ઉપજાવવા જેટલો સમય આપ્યો અને સમાજ પોતાની સંસ્કૃતિને પાછી ખીલવી શકે, એવાં બીજ પણ છુટે હાથે એણે વેર્યાં.

અકબર જન્મથી જ સાચી **ધાર્મિક વૃત્તિ** લઈને જન્મ્યો હતો. ધર્મજિજ્ઞાસા એના ચિત્તતંત્રની ઊંડામાં ઊંડી **પ્યાસ** હતી. સંજાગોએ એને રાજા અને રાજાધિરાજ–એ જમાનાનો મોટામાં મોટો સમ્રાટ બનાવ્યો. તો આ ધર્મપિપાસા છીપાવવાને કોઈ એક સાધુ કરે એવા પ્રયત્નો કોઈ મહારાજા પોતાની બધી સત્તા, વગ અને લક્ષ્મી વાપરીને કરી શકે તે પ્રકારે આ **રાજર્ષિએ** પોતાની વય અને સત્તાના મધ્યાહ્નમાં વર્ષો લગી કર્યા. મુસ્લિમસંઘની ઘોર ઝનૂનને પણ આ નીડર મર્દે લેખવી (બતાવી–દર્શાવી) જ નહીં.

રાજા એટલે લોકપાલ. કાલ કારણ બની નવો પ્રજાને સુખદ બલપ્રદ કાળ ઉપજાવવા મથે, તે 'રાજાપદને સાર્થક બનાવનાર' **રાજા** એ હિંદુ સંસ્કૃતિની નમૂનેદાર રાજા માટેની ભાવનાને એણે સાચા ઉમળકાથી વધાવી લીધી અને હિંદુ મુસ્લિમના ઊંડા વિરોધોને કાળે કરીને શમાવી શકે, એવી રાજનીતિ જ એણે ઉદાર અદ્વિતીય દક્ષતાથી સર્જી.

આ પ્રયાસો દરમિયાન એક વખત એના જોવામાં એક **મોટો વરઘોડો** આવ્યો. એની વિલક્ષણતા મુજબ અકબરે પૂછપરછ કરી. એને કહેવામાં આવ્યું કે, એ વરઘોડો આગ્રાના **જૈન સંઘે ચંપા** નામે **શ્રાવિકા**ને માન આપવાને કહાડ્યો હતો, કેમકે ચંપાએ **છમાસી ઉપવાસનું વિરલ પુણ્ય તપ** કર્યું હતું. 'લાગટ છ માસ લગી માણસ અન્ન વગર રહી શકે' એ અકબરને સંભવિત લાગ્યું નહીં. તેણે એ બાઈને ઘટતા માન સાથે પણ પૂરા બંદોબસ્તથી એક માસ રાખી અને 'તે વચન પ્રમાણે વર્તે છે' એમ તેની ખાતરી થતાં તથા આ પ્રસંગ દરમિયાન જિન ધર્મના સિદ્ધાંતો, મંતવ્યો, રીતરીવાજો આદિ વિશે પણ તેના સાંભળવામાં આવતાં, અકબર જેવી વૃત્તિવાળા માણસને તો એક નવા સ્વતંત્ર અને વિશાલોદાર

જ્ઞાન-સ્થાન અને અનુભવ સંચયની ભાળ મળી. જૈન ધર્મના તે સમયે ઉત્તમોત્તમ ગુરુ કોણ હતા તે શોધી કહાડતાં અકબરને વાર લાગી નહીં; અને આ પ્રમાણે અકબરનો **હીરવિજયસૂરિ** અને તેજસ્વી જિનભક્તો સાથેનો સમાગમ આરંભાયો.

('આનંદ કાવ્ય મહોદધિ' મૌક્તિક ૮મું; સંઘવી ઋષભદાસ કવિ કૃત કુમારપાલ રાજાનો રાસ; રા. રા. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર કૃત પ્રવેશક, પા. ૧૦ થી ૧૪.)

બાદશાહ વિક્રમાદિત્ય હેમૂ –

દિલ્હીનો ૨૪મો બાદશાહ મહમ્મદ તઘલખ (ઈ.સ. ૧૩૯૪ થી ૧૩૯૮) હતો ત્યારે ખાજાજહાને જોનપુરમાં **શર્કી વંશના** રાજ્યની સ્થાપના કરી* (સને ૧૩૯૪ થી ૧૪૯૩ સુધી).

★ **જોનપુરનો શર્કી રાજવંશ** (ઈ.સ. ૧૩૯૪ થી ૧૪૯૩) –

બનારસની ઉત્તરમાં આશરે ૩૫ માઈલ દૂર **ગોમતી નદી**ના કિનારે **જોનપુર** નામે શહેર વિદ્યમાન છે.

દિલ્હીના બાદશાહ **ફિરોજશાહ** તઘલખે સને ૧૩૫૧માં રાઠનગઢના સ્થાને એક નવું શહેર વસાવ્યું. તેનું બાળપણનું નામ **જોન** હતું આથી પ્રાચીન નામ રાઠનગઢને **જોનપુર** નામ આપ્યું અને તેણે જ ખ્વાજા જહાનને સને ૧૩૯૪માં 'મલેક ઉસશરકી'નો ખિતાબ આપી જોનપુરમાં સૂબેદાર તરીકે નીમ્યો. ખ્વાજા જહાન પોતાનું **મુબારક શર્કી નામ** રાખી જોનપુરનો સ્વતંત્ર બાદશાહ બની બેઠો. તેનાથી શર્કી વંશ ચાલ્યો, તે આ પ્રમાણે –

પહેલો બાદશાહ મુબારક શર્કી – તે સને ૧૪૦૧માં મરણ પામ્યો.

તે પછી ઈબ્રાહીમ શર્કી – મૃત્યુ સને ૧૪૪૦.

બા૦ મહમ્મુદ શર્કી – મૃત્યુ સને ૧૪૫૭.

બા૦ અહમ્મદશાહ શર્કી. બા૦ મહમ્મદશાહ શર્કી. બા૦ **હુસેનશાહ શર્કી** – તે સને ૧૪૭૭માં સિકંદર લોદીના હાથે માર્યો ગયો.

એ રીતે શર્કી રાજવંશ સને ૧૪૯૩માં સમાપ્ત થયો.

(–જુઓ વિક્રમાદિત્ય હેમૂ માટે 'સૂરીશ્વર અને સમ્રાટ', પૃ. ૪૭, ૪૮, ૩૨૫ થી ૩૮૭)

જોનપુર : આ શહેરનું પુરાણું નામ **જૈનપુરી** હતું. અહીં એક વાર જૈન ધર્મનું પૂરેપૂરું જોર હતું. ત્યારે ગોમતી નદીના કિનારે અનેક જૈનમંદિરો હતાં. અહીં ખોદકામ કરતાં અનેક જૈન મૂર્તિઓ નીકળે છે. આમાંની ઘણીખરી મૂર્તિઓ કાશીના જૈનમંદિરમાં વિદ્યમાન છે.

અહીં એક વિશાળ **મસ્જિદ** છે, જે ૧૦૮ દેરીઓવાળું વિશાળ જૈનમંદિર હતું. સંભવતઃ બાદશાહ ઔરંગઝેબ (સં. ૧૭૧૫ થી ૧૭૬૩)ના સમયે તેના સૂબાના હાથે એ ગગનચુંબી જૈનમંદિરને મસ્જિદ બનાવવામાં આવી. મોગલ જમાનામાં તેઓએ ➡

હેમૂ મોગલ વંશનો કે મુસલમાન નહોતો પણ મોગલ યુગનો હિંદુ બાદશાહ હતો. અસલમાં તે જોનપુરનો વતની જૈન વેપારી હતો. કોઈ કોઈ લેખક તેને રેવાડીનો અથવા બંગાલનો વતની માને છે.

ત્યારે જોનપુરમાં શર્કીવંશનું રાજ્ય (સને ૧૩૯૪ થી ૧૪૯૩) હતું.

➡ આ મંદિરના સ્વરૂપનો નાશ કરી તેમાં ફેરફાર કરીને મસ્જિદના રૂપમાં ફેરવી નાખ્યું. બહારના ભાગમાં ઘણે ઠેકાણે વધુ પડતા સુધારા-વધારા પણ કર્યા હતા; પરંતુ અંદરના ભાગમાં જિનમંદિરનો ઘાટ સાફ સાફ દેખાય છે. અંદર એક મોટું ભોંયરું છે, જેમાં અનેક ખંડિત–અખંડિત **જૈન મૂર્તિઓ** છે. મંદિરનો ઘાટ અને શિલ્પકામ હેરત પમાડે એવું છે. લગભગ ત્રણ માળનું જિનમંદિર હશે, એવી કલ્પના થાય છે. અમે એક-બે મુસલમાનોને પૂછ્યું કે, આ સ્થાને પહેલાં શું હતું ? તેમણે કહ્યું : 'યહ એક જૈનિયોંકા બડા મંદિર થા. બાદશાહને ઉસે તુડવા કર મસ્જિદ બનવા દી હૈ.' અમે એક-બે બ્રાહ્મણ પંડિતોને પૂછ્યું કે, અહીં પહેલાં શું હતું ? તેમણે કહ્યું : 'આ શહેરનું નામ પહેલાં જૈનપુરી હતું, તેમાંથી જૈનાબાદ, જેનાબાદ અને આખરે **જોનપુર** થયું છે.'

આ પ્રાંતમાં આવું વિશાળ મંદિર આ એક જ હતું. આગરાથી લઈને ઠેઠ કલકત્તા સુધીમાં આવું બીજું વિશાળ મંદિર અમારા જોવામાં આવ્યું નથી. અહીં હજારો જૈનોની વસ્તી હતી; આજે અહીં એક પણ જૈનનું ઘર નથી.

આજથી ૩૦૦ વર્ષ પહેલાનાં વિદ્વાન્ જૈન સાધુ યાત્રી પોતાની 'તીર્થમાળા'માં જોનપુર માટે આ પ્રમાણે લખે છે –

> ''અનુક્રમે જઉણપુરી આવીયા, જિનપૂજા ભાવના ભાવીયઈ;
> દોઈ દેહરે પ્રતિમા વિખ્યાત, પૂજી ભાવઈ એક સો સાત.''
>
> (–તીર્થમાળા, પૃ. ૩૧)

આ જઉણપુર એ જ આજનું જોનપુર છે. ગ્રંથકારના સમયમાં અહીં બે જિનમંદિરો હતાં અને તેમાં ૧૦૭ જિનમૂર્તિઓ વિદ્યમાન હતી.

(–જુઓ અમારો 'જૈનતીર્થનો ઇતિહાસ', પૃ. ૫૬૦–૫૬૧)

મહો૦ નયવિજય ગણિ તથા **મહો૦ યશોવિજય** ગણિવર સં. ૧૭૦૫માં જોનપુરમાં પધાર્યા હતા.

બાદશાહ ઔરંગઝેબના જોનપુરના સૂબાએ જૈન ઉપાશ્રયને પોતાના તાબામાં લઈ ખાલસા કરી તેની મસ્જિદ બનાવી હતી. પરંતુ પં૦ ભીમવિજય ગણિવરે સં. ૧૭૩૬માં અજમેરમાં બા૦ ઔરંગઝેબ પાસેથી ફરમાન મેળવી તે ઉપાશ્રયને પાછો મેળવી જૈન સંઘને સુપરત કર્યો હતો. (જુઓ પ્રક. ૫૮, ફરમાન વીસમું, પૃ. ૧૪૬)

દિગંબર જૈનોના તેરાપંથના પ્રતિષ્ઠાપક કવિવર **બનારસીદાસ** જૈન અસલમાં આ જોનપુરના જ શ્વેતાંબરીય ખરતરગચ્છના **શ્રાવક** હતા. તેણે સં. ૧૬૮૦માં આગરામાં તેરાપંથ ચલાવ્યો. (પ્રક. ૧૪, પૃ. ૨૭૧)

પરિચય : પ્રો. **આઝાદ** હેમૂનો પરિચય આપતા જણાવે છે કે, તે ગલીકૂચીમાં રહેતો હતો. પણ ભાગ્ય ચમકતાં ફોજના બજારમાં આવ્યો અને લશ્કરી **મોદી** બન્યો. તે વ્યવસ્થાશક્તિવાળો અને યુક્તિથી કામ લેનાર સાહસી **યુદ્ધવીર** હતો. તે સૌની સાથે હળીમળીને રહેતો હતો, તેથી તે લોકપ્રિય બન્યો. ધીમે ધીમે તે પહેલાં **ચોધરી**, પછી **કોટવાલ** અને પછી તે **ફોજદાર** બન્યો. તે ઈમાનદાર હતો. પોતાના માલિક અને સૌના ભલામાં તે રાજી હતો. છેવટે તે જોનપુરના બાદશાહ **મહમ્મદ આદિલશાહનો** પ્રેમપાત્ર (મહેતો) બન્યો. તે અમીરો અને ઉમરાવોનાં કામ કરાવી દેતો, આથી બાદશાહનો પ્યારો અને સૌથી **વડો દીવાન** બન્યો. તેની ભાવના હતી કે, મહમ્મદ આદિલને દિલ્હીનો બાદશાહ બનાવવો; પણ મહમ્મદ આદિલ પઠાણો સાથેના યુદ્ધમાં માર્યો ગયો. આથી હેમૂ પોતે જ રાજા બની બેઠો.

તે **વાણિયો** હતો. છતાં પરાક્રમી, સાહસી અને ધીર હતો. માલિક પ્રત્યે **નિમકહલાલ** હતો. લોકોને ખુશ રાખતો. તે જાણતો હતો કે, 'દિલ્હીનો બાદશાહ અકબર છે, છતાં તેને પોતાને દિલ્હીનો બાદશાહ બને એવી મરજી થઈ.' તે ચુનારા અને બંગાળના વિદ્રોહને શાંત કરી દિલ્હી, આગરા તરફ ચાલ્યો. તે આગરાને કબજે કરી **દિલ્હી** ઉપર ચડી આવ્યો.

પ્રસિદ્ધ ઇતિહાસકાર **બદાઉની** લખે છે કે, ''આ સાલ દિલ્હી, આગરાના પ્રદેશમાં ભયંકર દુકાળ હતો. અનાજનો સર્વથા અભાવ હતો. મનુષ્યો ઝાડનાં પાંદડાં અને છાલ ખાતા હતા. પોતાનાં પશુઓને મારીને ખાતા હતા. માણસોને મારી નાખી, તેનાં નાક, કાન કાપી ખાઈ જતા હતા.''

એવા સમયમાં હેમૂ સાહસથી આગળ વધ્યો. તેણે દિલ્હીના હાકેમ તરાદી બેગખાન (તાર્દી બેગખાન)ને હરાવી, પંજાબ તરફ નસાડી મૂક્યો; અને **હેમૂ વિક્રમાદિત્ય દિલ્હીની ગાદીએ બેઠો અને બાદશાહ** બન્યો.

એ સમયે બા૦ અકબર બહેરામખાનની દોરવણી મુજબ કાબૂલ જીતવાનો વિચાર માંડી વાળી દિલ્હી તથા આગરા લેવા આ તરફ આવી રહ્યો હતો, ત્યાં તરાદી બેગખાન તેને રસ્તામાં મળ્યો.

બહેરામખાને તરાદી બેગખાન પાસેથી 'હેમૂ દિલ્હી જીતી બાદશાહ બની બેઠો છે' એ વાત જાણી લીધી. એ વાત સૌની જાણમાં ન આવે એટલા માટે તરાદી બેગખાનને કાવતરું કરી મારી નખાવ્યો.

યુદ્ધ : અકબર સને ૧૫૫૬માં પાણીપતના કુરુક્ષેત્રમાં આવ્યો. હેમૂ પણ ત્યાં તેની સામે થયો. મોગલસેના અને હેમૂ વચ્ચે યુદ્ધ ચાલ્યું. બહેરામખાને એક તીર મારી હેમૂને હાથીથી નીચે પાડ્યો. હેમૂ ઘવાયો, હાર્યો અને અકબરનો જય થયો. અકબરના સ્વભાવ પ્રમાણે તે આવા વીરોને મારી નાખવા કરતાં

પોતાના મિત્ર બનાવી લેવાનું પસંદ કરતો હતો. જો અકબર મોટી ઉંમરનો હોત તો તે હેમૂને જરૂર બચાવી લેત અને પોતાનો સાથીદાર બનાવી રાખત.

પ્રસિદ્ધ ઇતિહાસકાર **બદાઉની** તથા **અબુલ ફજલ** લખે છે કે, 'અકબરે આવા બહાદુર માનવી ઉપર પોતાની તરવાર ચલાવવાની ના પાડી, આથી બહેરામખાને પોતાની તરવાર વડે હેમૂ વિક્રમાદિત્યનું માથું ઉડાવી દીધું.'

(–દરબારે અકબરી; સૂરીશ્વર અને સમ્રાટ,
પૃ. ૪૭, ૪૮, ૩૨૫ થી ૩૨૭

ઇતિહાસની સૌને યાદ અપાવે એવી ઘટના એ છે કે, દિલ્હીમાં વિક્રમની બીજી સહસ્રાબ્દીમાં કેવળ મુસલમાન બાદશાહો જ થયા હતા પરંતુ તેઓની હરોળમાં તેઓની વચ્ચે દિલ્હીનો બાદશાહ બનનાર 'આ એક જ **હિંદુ વાણિયો** હતો.' જે છ મહિના સુધી દિલ્હીનો બાદશાહ રહ્યો હતો.

ઇતિહાસના વિદ્વાનો આ ઘટનાને 'ઢીલી દાળે માંસને દબાવ્યું' આવા શબ્દોમાં ઘટાવે છે–ગોઠવે છે. આ ઘટનાને કદાચ સારા શબ્દોમાં કહીએ તો તે 'ખારા સમુદ્રમાં મીઠી વીરડી સમાન બન્યો હતો' એવી ઉપમા આપીએ તો તે સર્વથા તર્કસંગત છે.

આ રીતે અકબર સં. ૧૬૧૩ના ફાગણ વદિ ૨ ના રોજ વિક્રમાદિત્ય હેમૂને મારીને દિલ્હીનો બાદશાહ બન્યો હતો.

(–જૈન સત્ય પ્રકાશ, ક્ર. ૧૩૪, દિલ્હીપતિના રાજવંશો)

૮. બાદશાહ અકબર –

રાજકાળ : હી. સન ૯૬૩ રવિઉસ્સાની મહિનાની તા. ૨ થી હી. સન ૧૦૧૪-૧૦૧૫ (જમાદિઉસ્સાની મહિનાની તા. ૧૧મી) સુધી, સં. ૧૬૧૨ના ફાગણ સુદ ૪ (વિ. સં. ૧૬૧૩ ફાગણ વદિ ૨)થી સં. ૧૬૬૨ના કારતક સુદ ૧૪ ને મંગળવાર સુધી, તા. ૧૪-૨-૧૫૫૬ થી તા. ૧૫-૧૦-૧૬૦૫ સુધી.■

अः सर्वनाथः क इतीव चात्मा, वरः प्रधानः स इवास्ति तेषु ।
तादृक् प्रभुत्वादिभिरित्युदर्थां, विज्ञो जगादाऽकिबरेति संज्ञाम् ॥४४॥

श्रीयुक्तहीरविजयाभिधसूरिराजां तेषां विशेषसुकृताय सहायभाजाम् ।
जन्तुष्वमारिमदिशद् यदयं दयार्द्रस्तत्पुण्यमानमधिगच्छति सर्ववेदी ॥१२३॥

कन्ये ! कासि कृपा, कुतोऽसि विधुरा राजा कुमारो गत-
स्तत् किं हिंसकमानवैरहरहर्गाढं प्रमुष्टाऽस्यहम् ।

■ આ સ્થળે આપેલી તવારિખો અને અન્ય સ્થળે આપેલી તવારિખોમાં ક્યાંક ક્યાંક ફરક જોવા મળે છે. અમે મહદ્ અંશે જ્યાં જેમ છે તેમ જ રહેવા દીધું છે.

स्थानाय स्पृहयामि तद् भज शुभे ! भूभामिनीभोगिनं
संप्रत्येकनृपं चिरादकबरं येनासि न व्याकुला ॥११३॥
यज्जीजिआकर निवारणमेष चक्रे, या चैत्यमुक्तिरपि दुर्दममुद्गलेभ्यः ।
यौ बन्दिबन्धनमपाकुरुते कृपाङ्को यत् सत्करोत्यवमराजगणो यतीन्द्रान् ॥१२६॥
(–મહો૦ શાંતિચંદ્રગણિ કૃત કૃપારસકોશ, કુલ શ્લોકો : ૧૨૮)

બાદશાહ હુમાયુ (શેરશાહની સાથેના યુદ્ધમાં) દિલ્હી છોડી પંજાબ નાસી ગયો હતો ત્યારે તેની બેગમ **હમીદા** મરિયમ મકાની અમરકોટમાં હિંદુ રાજાના રાજમહેલમાં અતિથિ તરીકે રહી હતી, ત્યાં તેણે તા. ૨૩-૧૧-૧૫૪૨ ને ગુરુવારના રોજ એક બાળકને જન્મ આપ્યો, જેનું જન્મ નામ હતું **બદરૂદ્દીન મહમ્મદ અકબર.**

પૂર્વભવ : અકબરના પૂર્વભવનો ઇતિહાસ આ પ્રકારે મળે છે –

પ્રયાગમાં **મુકુંદ** નામે બ્રહ્મચારી રહેતો હતો. તેને ૧૪ શિષ્યો હતા. એક દિવસ બ્ર૦ મુકુંદે બાદશાહની સુખ-સાહ્યબી જોઈ બીજા ભવમાં હું આવો બાદશાહ બનું તો સારું એ રીતે બાદશાહ બનવાનો સંકલ્પ-નિયાણું કર્યું. તેણે સં. ૧૫૯૮ ફાગણ વદિ ૧૨ ના દિવસે સવારે પહેલા કે બીજા પહોરના સમયે એક જૂના પીપળાને સળગાવી તેમાં પોતાના શરીરને હોમી દીધું, તે ત્યાંથી મરીને બાદશાહ હુમાયુની બેગમ હમીદાબાનુની કુક્ષીએ ગર્ભમાં આવ્યો. **હમીદા બેગમે** સં. ૧૫૯૯ કાર્તિક વદિ ૬ના રોજ બીજોગઢમાં (બાઘોગઢમાં) **અકબરને** જન્મ આપ્યો.

બ્રહ્મચારી મુકુંદને જે ૧૪ ચેલાઓ હતા તે પૈકીનો એક મોટો ચેલો મરીને સં. ૧૫૬૨માં અહીં ભારતમાં જન્મી ચૂક્યો હતો, જે અહીં નરહરિ નામે પ્રસિદ્ધ હતો. બીજા ચેલાઓ પણ મરીને અહીં જન્મ્યા હતા, જે શેખ અબુલ ફજલ, રાજા માનસિંહ વગેરે બન્યા હતા. બાદશાહ અકબરને પોતાના પૂર્વભવનો સંકેત થયો, આથી તેણે પ્રયાગમાં બ્ર૦ મુકુંદના હોમ સ્થાને માણસો મોકલી તપાસ કરાવી, તો તેને ત્યાંથી એક તામ્રપત્ર મળ્યું, તેમાં નીચે પ્રમાણે શ્લોક હતો–

वसु-निधि-शरचन्द्रे तीर्थराजप्रयागे तपसि बहुलपक्षे द्वादशीपूर्वयामे ।
शिखिनि तनु जुहोम्यखण्डभूम्याधिपत्ये सकलदुरितहारी ब्रह्मचारी मुकुन्दः ॥
(–નરહરિ મહામાત્ર કૃત છપ્પય, કવિ દયાલજી કૃત કવિત્ત, સને ૧૯૪૬ ડિસેમ્બરથી સને ૧૯૪૯ એપ્રિલ વગેરે મહિનાઓના 'વિશાલ ભારત' માસિકના અંકો; પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પુરવણી પૃ. ૨૫૦)

સમ્રાટ અકબરના પૂર્વભવ માટે અંગ્રેજીમાં નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે–

ORIENTAL BIOGRAPHICAL DICTIONARY.
MUKUNDA BRAHMACHARI.

A famous brahmana ascetic. The Hindus insist the emperor Akbar was a Hindu in former generation. The proximity of the time in which this famous emperor lived has forced them however, to account for this in the following manner.

There was a holy Brahmana of the above name, who wished very much to become emperor of India, and the only practicable way for him was to die first, and be born again. For this purpose he made desperate tappasia, wishing to remember everything he knew in the present generation. This could not be fully granted but he was indulged with writing on brass plate a few things which he wished more particularly to remember. Then he was directed to bury plate, and promissed that he should remember the plate in the next generation. Mukunda went to Allahbad, buried the plate, and then buried himself. Nine months afterwards he was born in the character of Akbar, who as soon as he ascended the throne went to Allahbad, and easily found the spot, where the brass plate was buried.

Mill's British Indian Vol. II. P. 152.

The translation of the inscription on the brass plate is as follows :

In the Samvat year 1598, on the 12th day of Second fortnight of the month of Magh II, Mukunda Brahmachari whose food was nothing but milk, sacrificed myself at Prag (Allahbad) the place of worship, with the design that I should become ruler of the whole world.

The above date correspond with the 27th January A. D. 1542, and Akbar was born on Sunday, the 15th October, the same year being three or four days less than nine months after the above circumstances.

('An Oriental Biographical Dictionary' by Thomas William Beale.)

London 1894.

સ્વભાવ – વિદ્વાનો માને છે કે, બાદશાહ અકબર અકળ સ્વભાવનો હતો. તે દારૂડિયો,* વિલાસી,■ દાર્શનિક બુદ્ધિવાળો, સર્વ ધર્મમાં સમભાવવાળો, સત્યનો પક્ષપાતી, મનુષ્યનો પરીક્ષક, અભણ, ચંચળ સ્વભાવનો, પુરુષાર્થી, વ્યવહારદક્ષ, લડવૈયો, પરાક્રમી, મુત્સદ્દી અને રાજકુશળ હતો. વીરતાનો પ્રેમી અને પૂજાપ્રેમી હતો.

અકબર તા. ૧૪-૨-૧૫૫૬માં ગુરુદાસપુર જિલ્લાના કલનોર ગામમાં દિલ્હીના બાદશાહ તરીકે નિમાયો–અભિષેક કરાયો, અને બહાદુર વિક્રમાદિત્ય હેમૂને મારી દિલ્હી, આગરા જીતી લઈ સં. ૧૬૧૩ના ફાગણ વદિ ૨ ના રોજ

બાદશાહ અકબર દારૂનો વ્યસની અને વિલાસી હતો એ અંગે કેટલીક ઘટનાઓ નીચે મુજબ પ્રસિદ્ધ છે –

★ બાદશાહ અકબરે **જૈનાચાર્ય હીરવિજયસૂરિ**ને વિનંતીપૂર્વક ફરમાન લખી મોકલ્યું, જેમાં તેણે તેમને ગૂજરાતથી ફતેપુરસિક્રી આવવા જણાવ્યું. તેમના પરિવારના મહો૦ **વિમલહર્ષગણિ** વગેરે મુનિવર તથા આગરા અને ફતેપુરસિક્રીના આગેવાન જૈનોને સાંગાનેર તેમની સામે મોકલીને આચાર્યશ્રીને ભક્તિપૂર્વક જલદી ફતેપુર લઈ આવવા વ્યવસ્થા ગોઠવી. આચાર્યશ્રી સં. ૧૬૩૯ જેઠ વદ ૧૩ શુક્રવારે ફતેપુરસિક્રી આવ્યા; અને બાદશાહની મુલાકાત માટે બાદશાહી મહેલમાં પધાર્યા. બાદશાહને બરાબર તે જ સમયે દારૂ પીવાની મરજી થઈ. આથી તે દારૂ પીને જનાનખાનામાં ચાલ્યો ગયો. અને જ્યારે નશો ઊતર્યો ત્યારે બપોરે તેણે આચાર્યશ્રીને બાદશાહી મહેલમાં બોલાવી, માન-સન્માનપૂર્વક તેમનો ઉપદેશ સાંભળ્યો.

■ (૧) બિકાનેરના રાજા રાયસિંહનો નાનો ભાઈ **પૃથ્વીસિંહ કવિ** હતો. તે બાદશાહની 'વિલાસપ્રિયતા' જાણતો હતો. તેણે બાદશાહને ખુશ કરવા ડીંગલભાષામાં શૃંગાર-રસવાળી કૃષ્ણરુક્મિણીવેલી રચીને આપી. બાદશાહ તે સાંભળી ઘણો પ્રસન્ન થયો.

(૨) જેસલમેરનો રાજા **માલદેવ** રાવળ હતો. તેનો પાટવી કુંવર **હરરાજજી** રાવળ હતો. એ સમયે ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિના શિષ્ય ઉપા૦ **આગમધર્મ**ના શિષ્ય ઉ૦ **કુશળલાભગણિ** હતા. હરરાજજી રાવળે યતિવર ઉપા૦ કુશળલાભ પાસે સં. ૧૬૧૬ના ફાગણ સુદિ ૨ ને રવિવારે જેસલમેરમાં માધવાનલકામકુંદલા રાસ-ચોપાઈ (ગ્રં. ૫૫૦) અને સં. ૧૬૧૭ ના વૈશાખ સુદિ ૩ ને ગુરુવારે જેસલમેરમાં રાજસ્થાની ભાષામાં મારૂઢોલાચોપાઈ–ચંપૂ (ગાથા : ૨૩૮) તૈયાર કરાવીને બાદશાહની સભામાં લાવી મૂક્યાં. તેમાં મર્યાદિત તથા રોચક શૃંગાર હતો. પરંતુ અંતે 'શીલપાલનનું માહાત્મ્ય' બતાવ્યું હતું. એ સાંભળીને તો બાદશાહ વધુ ખુશ થયો.

(૩) પછી તો પૃથ્વીસિંહે સદેવંતસાવલિંગાની વારતા રચી તૈયાર કરાવી હતી. તેમાં અમર્યાદિત અને ઉઘાડો શૃંગારરસ હતો. બાદશાહ તેને સાંભળી અત્યંત પ્રસન્ન થયો.

બાદશાહ સ્ત્રીઓનો મીનાબજાર ભરાવતો હતો, તેમાં તે ગુપ્તવેશે જોવા જતો હતો. બાદશાહ અકબર આવો વિલાસી હતો.

દિલ્હીની ગાદીએ બેસી ભારતનો **બાદશાહ** બન્યો. તે જલાલુદ્દીન મહમ્મદ અકબર તરીકે પ્રસિદ્ધિ પામ્યો. પણ બાદશાહ અકબર એવું તેનું ટૂંકુ નામ ભારતના ઇતિહાસમાં સોનાના અક્ષરે કોતરાયેલું છે.

બા૦ અકબરે સં. ૧૬૧૨ કે સં. ૧૬૧૯માં આગરા વસાવ્યું હતું. એટલે કે તેને બાદશાહી વસવાટને યોગ્ય બનાવ્યું હતું.

નવો મત – તેણે ભારતના હિંદુ-મુસલમાન સૌને એકરૂપ બનાવી ભારતની એકતા સાધવા માટે વિચાર કર્યો અને વિ. સં. ૧૬૩૬, સને ૧૫૭૯ (કે સં. ૧૬૪૧, સને ૧૫૮૪)માં દીન-ઇ-ઇલાહી (ઈશ્વરનો ધર્મ) નામનો સર્વગ્રાહ્ય બને તેવો મત સ્થાપ્યો.

બા૦ અકબર જુદા જુદા ધર્માચાર્યોની મુલાકાત લઈ તેમના ધર્મતત્ત્વને સાંભળતો હતો અને તેમાંથી હિતતત્ત્વને અંગીકાર કરતો હતો. એ ધર્મોનાં સારભૂત તત્ત્વોને પોતાના નવા ધર્મમાં દાખલ કરી લોકોપયોગી બનાવવા યોગ્ય નિયમો ગોઠવતો.

આ સમયે ગુજરાતનો બાદશાહ મુજફ્ફર **ત્રીજો** (સને ૧૫૬૧ થી ૧૫૭૨) હતો. બાદશાહ અકબર સને ૧૫૭૨માં મોટી સેના લઈ ગુજરાત ઉપર ચડી આવ્યો. અમદાવાદને જીતી લઈ બા૦ મુજફ્ફરને હરાવી પોતાની સાથે લઈ સને ૧૫૭૩ના જૂન મહિનામાં તે ફતેપુરસિક્રી પહોંચી ગયો. તેણે અમદાવાદમાં પોતાના દૂધભાઈ મીરઝા અજીજ કોકાને ગુજરાતનો સૂબો બનાવ્યો.

બાદશાહ અકબર ફતેપુરસિક્રી પહોંચ્યો તે પછી બે મહિનામાં એટલે ઓગસ્ટ માસમાં મહમ્મદ હુસેન અને ઈખ્તીયાર મુલ્કે ગુજરાતમાં બળવો જગાવ્યો. અકબરને તેના ખબર મળ્યા. આથી બાદશાહ રાજા બિરબલ વગેરે સાથે મોટી સેનાને લઈ, કોઈને ખબર ન પડે તેમ એકાએક ફતેપુરસિક્રીથી નીકળી, ફરીવાર ગુજરાત ઉપર ચડી આવ્યો. તે 'માત્ર ૯ દિવસમાં ૬૦૦ માઈલ મુસાફરી કરી', પોતાની સેનાનો મજબૂત વ્યૂહ રચી અમદાવાદ આવ્યો. તા. ૨-૯-૧૫૭૩ ના દિવસે મોટું યુદ્ધ થયું. અકબરે શત્રુઓને હરાવી અમદાવાદને કબજે કર્યું અને તે અમદાવાદની ગાદીએ બેઠો. તેણે પોતાનો પ્રભાવ જમાવવા ૨૦૦૦ બળવાખોરોના માથાનો મોટો બૂરજ બનાવ્યો. આ રીતે તે ફરી ગુજરાતનો બાદશાહ બન્યો અને તે અમદાવાદમાં આરામથી ઘણા દિવસો સુધી રોકાયો.

(–ગુજરાતનું પાટનગર અમદાવાદ, પૃ. ૬૯-૭૦)

આગરાનો શેઠ **થાનમલ જૈન** (પૃ. ૧૮૪) આ લશ્કરમાં અકબર સાથે અમદાવાદ આવ્યો હતો.

દીક્ષા ઉત્સવ – આ સમયે સં. ૧૬૨૮માં લોંકાગચ્છની અમદાવાદની

ગાદીના શ્રીપૂજ **મેઘજીસ્વામી** વગેરે ૧૮ યતિઓએ આ૦ હીરવિજયસૂરિ પાસે તપાગચ્છની સંવેગી દીક્ષા અંગીકાર કરી હતી. આગરાના શેઠ થાનમલજીએ બાદશાહની પરવાનગી મેળવી આ દીક્ષા ઉત્સવમાં બાદશાહી લશ્કરી વાજાં લાવી ઉત્સવની શોભામાં વધારો કર્યો હતો. આચાર્યશ્રીએ તેઓને દીક્ષા આપી **મુનિ ઉદ્યોતવિજયજી** વગેરે નામો રાખ્યાં અને પોતાના પરિવારના ગીતાર્થો વગેરેના શિષ્ય-પ્રશિષ્યો બનાવ્યા. (પ્રક. ૫૫, પૃ. ૪૦૯ તથા પ્રક. ૫૮, પૃ. ૧૦૪)

એ પછી બાદશાહ અકબર **સાહિબખાનને** ગુજરાતનો સૂબો બનાવી, ફતેપુરસિક્રી ચાલી ગયો. બા૦ અકબરે ગુજરાતમાં એક પછી એક ૯ સૂબા મોકલ્યા હતા. (જુઓ પ્રક. ૫૮, પૃ. ૧૫૨ થી ૧૫૫)

આમંત્રણ – બાદશાહ અકબરે ફતેપુર સિક્રીમાં શેઠ થાનમલની માતા ચંપાબાઈના મુખેથી આ૦ હીરવિજયસૂરિની પ્રશંસા સાંભળી તેમને ફતેપુર સિક્રી લાવવા માટે **મોદી** અને **કમાલ** નામના બે મેવાડાઓને મોકલી ગુજરાતથી ફતેપુર સિક્રી બોલાવ્યા.

આ૦ હીરવિજયસૂરિ પોતાના ૬૭ મુનિવરોની સાથે ગુજરાતથી નીકળી મારવાડ, મેવાડ થઈ સં. ૧૬૩૯ જેઠ વદિ ૧૩ના ફતેપુર સિક્રી આવ્યા. તેમણે આ પ્રદેશમાં લગભગ ચાર વર્ષ સુધી વિચરી બાદશાહ અકબર, તેનો પરિવાર અને રાજદરબારીઓને ધર્મોપદેશ આપ્યો. પછી તેઓ ગુજરાત પધાર્યા ત્યારે તેમણે અહીંના લોકો, બાદશાહ, શાહી પરિવાર, અમીરો, રાજા વગેરેને ધર્મોપદેશ દેવા માટે **મહો૦ શાંતિચંદ્ર ગણિવર, મહો૦ ભાનુચંદ્રગણિ** વગેરે વિદ્વાન્ ધર્મોપદેશક મુનિવરોને બાદશાહની પાસે રાખ્યા હતા; અને ગુજરાતમાં ગયા બાદ ત્યાંથી પોતાના પટ્ટધર **આ૦ વિજયસેનસૂરિ** તથા મહો૦ **સિદ્ધિચંદ્રગણિ** વગેરેને ગુજરાતથી બાદશાહ પાસે મોકલ્યા હતા. મહો૦ **ભાનુચંદ્રગણિ** અને મહો૦ સિદ્ધિચંદ્રગણિ બાદશાહના દરબારમાં લગભગ ૨૩ વર્ષ સુધી રહ્યા હતા. બા૦ અકબરે આ૦ હીરવિજયસૂરિ અને તેમના શિષ્યો–પ્રશિષ્યો વગેરેના ઉપદેશથી ઘણાં લોકહિતનાં અને આત્મવિકાસનાં શુભ કામો કર્યાં હતાં. તેની ટૂંકી યાદી અગાઉ પ્રક. ૫૮, પૃ. ૯૮ ઉપર આપી છે. અન્ય યાદી નીચે પ્રમાણે છે :

આચાર્યથી પ્રેરિત બાદશાહ અકબરનાં શુભ કાર્યો

(૧) બાદશાહ અકબર જૈનધર્મનો પ્રેમી બન્યો. **આ૦ હીરવિજયસૂરિ**નો ભક્ત બન્યો અને હિંદુધર્મ પ્રત્યે ખેંચાયો.

(૨) મારવા માટે બાંધી રાખેલાં પશુ–પંખીઓને છોડી મૂક્યાં અને કેદીઓને પણ છૂટા કર્યા.

(૩) ડાબર તળાવનો શિકાર બંધ કરાવ્યો અને માછલાં પકડવાની જાળો બંધ કરાવી.

(૪) બાદશાહ અકબર હંમેશાં સવારમાં ૫૦૦ ચકલાંની જીભોનો કલેવો કરતો હતો. તેણે તે ખાવાનો ત્યાગ કર્યો.

(૫) ખાને આઝમ મીરઝા અજીજ કોકા બા૦ અકબર વતી ગુજરાતનો (સં. ૧૬૪૪ થી ૧૬૪૯ સુધી) ૭મો સૂબો બની અમદાવાદ આવ્યો હતો, ત્યારે તેનો **પુત્ર ખુરમ** સોરઠનો નાયબ સૂબો હતો. તેણે કોઈની ચડવણીથી કે ધર્મના ઝનૂનથી શત્રુંજય તીર્થના મોટા જિનપ્રાસાદનો નાશ કરવા માટે પહાડ ઉપરનાં ઝાડ કપાવી, એ ઝાડનાં લાકડાં મંદિરની ચારે બાજુ ગોઠવ્યાં. તેનો ઇરાદો હતો કે મંદિરને બાળી રાખ બનાવવું, ત્યારે આ૦ વિજયહીરસૂરિ વતી આ૦ વિજયસેનસૂરિએ આ ઘટના લાહોરમાં ઉ૦ ભાનુચંદ્રગણિને લખી જણાવી અને શેઠ હરખચંદ પરમાનંદે અરજી મોકલી બા૦ અકબરને આ ઘટના જણાવી ન્યાય માગ્યો. બા૦ અકબરે ઉ૦ ભાનુચંદ્રના કહેવાથી ચૈત્રાદિ સં. ૧૬૪૭ આસો વદિ અમાસના રોજ શાહજાદા જહાંગીર પાસે ફરમાન લખાવી સૂબા મીરઝા કોકા ઉપર મોકલ્યું. ''તેમાં કોઈ સૂબો કે અમલદાર આવી ભૂલ ન કરે તે માટે તાબડતોબ મનાઈ હુકમ કર્યો.'' આ રીતે ખુરમને તે ભૂલ કરતાં રોક્યો અને કોઈ અમલદાર આવી ભૂલ ન કરી બેસે એટલા ખાતર જૈનોની માગણીથી **બા૦ અકબરે આ૦ હીરવિજયસૂરિને** સં. ૧૬૪૯ વૈશાખ સુદ ૧૦ના રોજ **શત્રુંજય** વગેરે તીર્થો ઇનામમાં આપવાનું **ફરમાન** લખી મોકલ્યું. (પ્રક. ૫૮, પૃ. ૧૫૮ થી ૧૬૨, ફરમાન નં. ૩, ૪)

(૬) બાદશાહ દયાળુ સ્વભાવનો બન્યો.

અ. બાદશાહ અકબરે સને ૧૫૭૨માં અમદાવાદ જીતી લીધું અને પછી બળવો ઊઠવાથી ફરી ચડાઈ કરીને તા. ૨-૯-૧૫૭૩માં અમદાવાદને ફરી જીતી લઈ તે અમદાવાદની ગાદીએ બેઠો. તેણે મહમ્મદહુસેન તેમજ ઈખ્તિહાર મુલ્કે વગેરે બળવાખોરોમાંના ૨૦૦૦ માણસોનાં માથાં એકઠાં કરી મોટો બૂરજ બનાવ્યો હતો. (પ્રક. ૫૮, પૃ. ૧૨૨)

આ. બાદશાહ અકબર ખ્વાજા મુઈનુદ્દીનની **હજ** (યાત્રા) કરવા માટે અવાર-નવાર પગપાળા **અજમેર** જતો હતો. તે અને તેના સાથીદારો આ રસ્તે જતાં-આવતાં ભૂલા ન પડે એટલા માટે તેણે આગરાથી અજમેર સુધીના ૨૨૮ માઈલના રસ્તામાં ૧૧૪ હજીરા મિનારા ઊભા કરાવ્યા હતા અને તેને શોભાવવા માટે હજારો હરણનાં શિંગડા તેની ઉપર લગાવ્યાં હતાં.

કવિ **ઋષભદાસ** લખે છે કે –

''દેખે હજીરે હમારે તુમ્હ, એકસો ચૌદ કિયે વે હમ;
એકેક પે સિંગ પાંચસે પંચ, પાગત કરતે નહીં ખલ પંચ.''

(–હીરવિજયસૂરિરાસ)

ઇ. અકબર બાદશાહને **ચિત્તોડનો કિલ્લો** જીતતાં ઘણું કષ્ટ પડ્યું હતું. પણ જ્યારે એ જિતાયો ત્યારે બાદશાહે ગુસ્સામાં આવી ઘણો જનસંહાર કરાવ્યો. સૌ પ્રત્યે ક્રૂરતાભર્યું વર્તન ચલાવ્યું.

ઈ. બાદશાહ અકબરે પંજાબમાં હતો ત્યારે એક દિવસે ત્યાં **રાવી નદીના** કિનારે મોટા જંગલમાં ચારે બાજુએ સૈનિકોનો ઘેરો ગોઠવી, પશુઓને બહાર જવાના રસ્તા રોકાવી, સ્વચ્છંદપણે પ્રાણીઓનો મોટો સંહાર કર્યો–કરાવ્યો હતો.

બાદશાહ અકબરે પોતાના આ અત્યાચારોને યાદ કરી, મનમાં દુઃખ પામી પસ્તાવો કર્યો અને આ૦ હીરવિજયસૂરિ પાસે તે ક્રૂર કામોનું પ્રાયશ્ચિત્ત માગ્યું; અને સાથોસાથ પ્રતિજ્ઞા કરી કે, 'હું હવે પછી આવી ક્રૂરતા કરીશ નહીં.'

(૭) પોતાની આજ્ઞામાં રહેતાં સર્વ રાજ્યોમાં દર સાલના લગભગ ૬ મહિના જેટલા દિવસોમાં શિકાર બંધ કરાવ્યો અને માંસભોજન ઉપર પ્રતિબંધ મૂક્યો.

અહિંસા ફરમાન : બાદશાહે આ અહિંસા પળાવવા માટે પોતાના સર્વ રાજ્યોમાં પોતાની મહોર લગાવી **ફરમાનો** લખી મોકલ્યાં હતાં. તે ફરમાનોમાં ગુજરાતી શ્રાવણ વદિ ૧૦ થી ભાદ્રપદ શુદિ ૬ સુધીના ૧૨ દિવસો, બાર સૌર મહિનાઓના પહેલા ૧૨ દિવસો, સાલભરના ૪૮ રવિવારો, સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના દિવસો, ઇસ્લામી ૭મા **રજબ** મહિનાના દરેક ચાર સોમવારો, સૌર મહિનાના સર્વ તહેવારો, ઈરાની ફરવરદીન મહિનાના સર્વ ૩૦ દિવસો, બાદશાહના જન્મ મહિનાના બધા દિવસો, **શાઆબાન** મહિના (ઇસ્લામી આઠમો મહિનો)ના ૩૦ દિવસો, સોફિયાન મહિનાના ૩૦ દિવસો, મિહિર મહિનાના ૩૦ દિવસો, નવરોજનો ૧ દિવસ, રોજા ઈદ કે બકરી ઈદનો ૧ દિવસ – એમ વર્ષભરમાં લગભગ છ મહિનાની અહિંસા પળાવી હતી.[૧]

---

૧. અ. ઇસ્લામ મહિનાનાં નામ આ પ્રમાણે છે –

(૧) **મહોરમ**, (૨) સફર, (૩) રવિઉલ અવ્વલ, (૪) રવિઉલ આખર, (૫) જમાદિઉલ અવ્વલ, (૬) જમાદિઉલ આખર, (૭) **રજબ**, (૮) શાઆબાન, (૯) **રમજાન**, (૧૦) શવ્વાલ, (૧૧) જિલકાદ, (૧૨) જિલ્હજ.

આ. ઈરાની (પારસી) મહિનાનાં નામ આ પ્રકારે છે –

(૧) **ફરવર દીન**, (૨) અરદીબેહસ્ત, (૩) ખોરદાદ, (૪) તીર, (૫) અમરદાદ, (૬) શહેરેવર, (૭) **મેહેર** (મિહિર), (૮) આવાં, (૯) આદર, (૧૦) દહે, (૧૧) બેહમન, (૧૨) અસ્પંદારમદ.

(૮) **જગદ્‌ગુરુ પદવી :** બાદશાહ અકબરે સં. ૧૬૪૦માં ફતેપુરસિક્રીમાં બાદશાહી દરબારમાં આ૦ હીરવિજયસૂરિને 'જગદ્‌ગુરુ' તરીકે ઓળખાવ્યા તથા સં. ૧૬૪૯માં લાહોરમાં આ૦ વિજયસેનસૂરિને 'સવાઈહીર', પં૦ ભાનુચંદ્રને 'મહોપાધ્યાય' અને પં૦ નંદિવિજય અને પં૦ સિદ્ધિચંદ્રગણિને 'ખુશફહમ'ના ખિતાબો આપ્યા હતા.

બાદશાહ અકબરે આ૦ હીરવિજયસૂરિ વગેરેને મળ્યા પછી ઉપર્યુક્ત શુભ કાર્યો કર્યાં. છતાં **નોંધપાત્ર** તો એ બીના છે કે, બાદશાહે માંસાહાર કરવાનું બંધ કર્યું અને હંમેશાં **સૂર્યપૂજા** કરવાનો ક્રમ ગોઠવ્યો.

આ ઘટનાઓનું વિસ્તૃત વર્ણન નીચે જણાવેલા ગ્રંથો અને વિદ્વાનોની નોંધમાંથી આ પ્રમાણે મળે છે.

સૂરીશ્વર અને સમ્રાટના પરિચય બાબતમાં વિદ્વાનોની વિચારધારા

(૧) શેખ અબુલફઝલ : જે બાદશાહ અકબરનો અંગત મિત્ર, બાદશાહી દીન-ઈ-ઈલાહી ધર્મસભાનો વડો તેમજ મુખ્ય સંચાલક હતો. તેણે આઇન ઇ અકબરીમાં બાદશાહ અકબરનું સંપૂર્ણ જીવન આપ્યું છે.

શેખ અબુલફઝલ માંસત્યાગ માટે લખે છે કે –

(Page : 167) "Now, it is his intention to quit it by degrees, conforming, however, a little to the spirit of the age. His Majesty abstained from meat for some time on Fridays, and then on Sundays: now on the first day of every solar month, on Sundays, on solar and lunar eclipses, on days between two fasts, on the Mondays of the months of Rajab, on the feastday of the every solar month, during the whole month of Farwardin and during the month in which His Majesty was born, viz., the month of Aban." (The Ain-i-Akbari translated by H. Blochman, M.A. Vol. I. P. 61-62)

(પૃ. ૧૬૭) બાદશાહ જીવનની લાગણીઓનું કોઈ કોઈ અંશે પાલન કરતો હતો. તે ધીમે ધીમે માંસાહાર છોડવા ઇચ્છતો હતો. તેણે ઘણા શુક્રવારો અને ઘણા રવિવારોએ માંસાહાર છોડ્યો. હવે તે દરેક સૌર માસને પહેલે દિવસે, રવિવાર, સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના દિવસોમાં, બે ઉપવાસના વચલા દિવસે,

રજબ મહિનાના દરેક સોમવારે, સૌર માસના દરેક તહેવારે, ફરવર મહિનામાં અને પોતાના જન્મમહિનાના દરેક દિવસોમાં એટલે આબાન મહિનામાં માંસાહાર કરતો નથી. (આઇન-ઇ-અકબરી, ભા. ૧, શ્રી જેરિટે કરેલો અંગ્રેજી અનુવાદ)

શેખ અબુલફજલ લખે છે કે –

(Page : 174) "His Majesty cares very little for meat, and often expresses himself to that effect. It is indeed from ignorance and cruelty that, although various Kinds of food are obtainable, men are bent upon injuring living creatures, and landing a ready hand in killing and eating them; none seems to have an eye for the beauty inherent in the prevention of cruelty, but makes himself a tomb for animals. If His Majesty had not the burden of the world on his soulders, he would at once totally abstain from meat."

(Ain-i-Akbari by H. Blochmann Vil. I. P. 61)

(પૃ. ૧૭૪) બાદશાહ માનતો હતો કે, મનુષ્ય જીવતા પ્રાણીઓને દુઃખ દે છે, મારે છે અને તેનું માંસ ખાવા તૈયાર થાય છે તેનું કારણ માત્ર, મનુષ્યની અજ્ઞાનતા છે અને નિર્દયતા છે.

મનુષ્ય આંતરિક સૌંદર્યને જોઈ શકતો નથી તેથી તે પોતાની નિર્દયતાને રોકી શકતો નથી. મનુષ્ય સાધારણ રીતે પોતાના શરીરને પશુઓનું **કબ્રસ્તાન** બનાવે છે. જો બાદશાહની ઉપર રાજ્યનો બોજો ન હોત તો માંસાહારથી સર્વથા દૂર જ રહેત. (આઇન-ઇ-અકબરી)

શેખ અબુલફજલ જ્ઞાની સભ્યો માટે લખે છે કે –

(પૃ. ૧૭૭) અકબરની દીન-ઇ-ઇલાહી ધર્મસભાના સભાસદો પાંચ વિભાગમાં વહેંચાયેલા હતા, જેની સંખ્યા ૧૪૦ હતી. તેના પહેલા વિભાગમાં ૧૨ મુસલમાનો તથા ૯ હિંદુઓ એમ ૨૧ સભાસદોનાં નામો હતાં. પહેલા વિભાગમાં નં. ૧૬મા સભાસદ આ૦ હીરવિજયસૂરિ છે અને પાંચમા વિભાગમાં નં. ૧૩૯મા સભાસદ આ૦ વિજયસેનસૂરિ તેમજ નં. ૧૪૦મા સભાસદ મહો૦ ભાનુચંદ્રગણિ છે. (આઇન-ઇ-અકબરી, ભા. ૨, આઈન ૩૦મી, શ્રી જેરિટે કરેલો અંગ્રેજી અનુવાદ)

(૨) પ્રસિદ્ધ ઇતિહાસકાર અલ બદાઉની : તે સને ૧૫૮૩ (હીજરી સન ૯૯૧)માં જન્મ્યો હતો અને હી. સં. ૧૦૪૦ સુધી વિદ્યમાન હતો. તેણે પોતાના ઇતિહાસમાં અકબર વિશે સુંદર વર્ણન કર્યું છે.

તે સૂર્યોપાસના તથા સૂર્યસહસ્રનામ અંગે લખે છે કે –

(Page : 149) "A second order was given that the sun should be worshipped four times a day, in the morning and evening, and at noon and midnight. His Majesty had also one thousand and one Sanskrit names for the sun collected, and read them daily, devoutly turning towards the sun."

(Al. Badaoni, translated by W. H. Lowe M.A. Vol. II P. 332)

(પૃ. ૧૪૯) બીજો એવો હુકમ કરવામાં આવ્યો હતો કે, સૂર્યની સવારે, સાંજે, મધ્યાહ્ને અને મધ્યરાત્રિએ એમ ૪ વાર પૂજા કરવી જોઈએ. બાદશાહ સૂર્યના ૧૦૦૦ નામ જાણતો હતો અને સૂર્ય સામે ઊભો રહી ભક્તિથી નામો બોલતો હતો.

(Page : 168-169) "At this time His Majesty promulgated some of his new-faugled decrees. The Killing of animals on the first day of the week was strictly prohibited (P. 322) because this day is sacred to the Sun, also during the first eighteen days of the month of Farwardin; the whole of the month of Abam (the month in which His Majesty was born); and on several other days, to please the Hindus. This order was extended over the whole realm and punishment was inflicted on every one, who acted against the Cokmand, Many a fa, ily was ruined, and his property was confiscated. During the time of those fasts the Emperor abstained altogether from meat as a religious penance, gradually extending the several fasts during a year over six months and even more, with a view to eventually discontinuing the use of meat altogether."

(Al. Badaoni, translated by W. H. Lowe M.A. Vol. II P. 331)

(પૃ. ૧૬૮–૧૬૯) બાદશાહે આ વખતે કેટલાએક નવા પણ પોતાને પ્રિય લાગતા સિદ્ધાંતોનો પ્રચાર કર્યો હતો. તેણે સૌથી પહેલાં સૂર્યપૂજાના દિવસે દરેક રવિવારે પ્રાણીવધ ન કરવાની કડક આજ્ઞા આપી. ફરવરદીન મહિનાના શરૂના ૧૮ દિવસો, આખો આબાન મહિનો (પોતાનો જન્મ માસ) તથા બીજા ઘણા દિવસો માટે પ્રાણીવધ ન કરવાનો હુકમ આપ્યો હતો. આ હુકમ હિંદુઓને પ્રસન્ન કરવા માટે કર્યો હતો.★

★ સુપ્રસિદ્ધ ઇતિહાસકાર વિન્સેટ સ્મિથ આ 'હિંદુ' શબ્દ જૈનો માટે છે એમ પોતાના 'અકબર' પુસ્તકના પૃ. ૩૩૫માં સ્પષ્ટ જણાવે છે.

આ હુકમનો ભંગ કરનારનો દંડ કરવામાં આવતો હતો. આ હુકમનો ભંગ કરવાથી ઘણા કુટુંબો બરબાદ થયાં છે અને તેઓની મિલકત જપ્ત થઈ છે.

બાદશાહે આ ઉપવાસોના દિવસોમાં ધાર્મિક ક્રિયાની જેમ માંસાહારનો સર્વથા ત્યાગ કર્યો હતો. તે વર્ષભરમાં છ મહિના અને તેથી વધુ દિવસો સુધી ઉપવાસનો (માંસ-ત્યાગનો) અભ્યાસ કરતો ગયો. તેની ઇચ્છા હતી કે, તે અંતે માંસાહાર સર્વથા છોડી શકે.

(Page : 171-172) "And Sumanas and Brahmans (why as far as the matter of private interviews is concerned (P. 257) gained the advantage over every one in attaining the honour of interviews with His Majesty, and in associating with him, and were in every way superior in reputation to all learned and trained man for their treaties in morals, and on physical and religious sciences, and in religious ecstacies, and stages of spiritual progress and human perfections brought forward proofs, based on reason and traditional testimony, for the truth of their own and the fallacy of our religion, and inculcated their doctrine with such firmness and assurance, that they affirmed mere imagination as though they were self evident facts, the truth of which the doubts of the sceptic could no more shake."

(Al. Badaoni, translated by W. H. Lowe M.A. Vol. II P. 264)

(પૃ. ૧૭૧–૧૭૨) સમ્રાટ વિશેષરૂપથી **સેવડા** (શ્રમણો) અને **બ્રાહ્મણોને** એકાંતમાં મળતો હતો. તેઓ નૈતિક, શારીરિક, ધાર્મિક તથા આધ્યાત્મિક શાસ્ત્રોમાં, ધર્મોન્નતિની પ્રગતિમાં, માનવજીવનની સંપૂર્ણતાને પહોંચવામાં બીજા સર્વ સંપ્રદાયો, વિદ્વાનો અને પંડિતોના મુકાબલામાં સર્વ રીતે ઊંચા હતા.

તેઓ પોતાની સચ્ચાઈ તથા મુસલમાની ધર્મનાં દૂષણો બતાવવાં હોય ત્યારે બુદ્ધિપૂર્વક પરંપરાથી ચાલ્યાં આવતાં પ્રમાણો રજૂ કરતા હતા. તેઓ પોતાના મતનું સમર્થન તેમની ધારણા પ્રમાણે એવી દ્રઢતા અને યુક્તિથી કરતા હતા કે તેમનો મત સ્વતઃ સિદ્ધ થઈ જતો. તેઓની સચ્ચાઈમાં **નાસ્તિક** પણ શંકા ઉઠાવી શકતો નહીં.

(૩) પ્રસિદ્ધ ઇતિહાસકાર ડૉ. વિન્સેંટ સ્મિથ : તેણે વિવિધ પ્રમાણો એકઠાં કરીને ઇતિહાસના ગ્રંથો રચ્યા છે. તે પોતાના 'હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ'માં લખે છે –

૧. **ગેટી** ઇતિહાસકારને માટે આદર્શ રજૂ કરે છે કે, ''ખોટામાંથી ખરું, અનિશ્ચિતમાંથી નિશ્ચિત તથા ન સ્વીકારી શકાય એવી બાબતોમાંથી શંકાસ્પદ બાબતો તારવી કાઢવાની ઇતિહાસકારની ફરજ છે.

બીજી બધી બાબતો કરતાં દરેક અન્વેષકે પોતાને ન્યાયધીશની મદદ માટે બોલાવેલા નિષ્પક્ષ પંચની જગામાં બેઠેલો સમજવાની જરૂર છે.

મુકરદમા (મુકદ્દમા)ની રજૂઆત કેટલે અંશે પૂર્ણ છે તથા આપેલી સાહેદીથી કેટલે અંશે સ્પષ્ટ પુરવાર થાય છે તે જ માત્ર તેને વિચારવાનું છે. પછી તે પોતાનો નિર્ણય બાંધે છે અને પોતાનો મત આપે છે. તે મત પંચના, સરપંચના મતને મળતો થતો હોય કે નહીં તે તેને જોવાનું ન હોય.''

(હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ, ગુજરાતી અનુવાદ, પૂર્વાર્ધ પાનું ૫)

૨. **આધારો** – સંસ્કૃત તથા પ્રાકૃત સાહિત્યમાંથી મારી જાણમાં આવેલા એવા ફકરાઓનો મારા પુસ્તકમાં ઉપયોગ કરવામાં આવેલો છે. છતાં કેટલાએક મારી નજર બહાર રહી પણ ગયા હશે.

જૈનપુસ્તકો : જૈન સંપ્રદાયનાં પવિત્ર પુસ્તકોની આપણને ઘણી અપૂર્ણ માહિતી છે. તેમાં પણ સંખ્યાબંધ ઐતિહાસિક નિવેદનો તથા ઘણા ઉપયોગી ઉલ્લેખો આવેલા છે. (પૂર્વાર્ધ પાનું ૧૫)

ડૉ. વિન્સેંટ સ્મિથ બા૦ અકબર વિશે લખે છે કે –

(Page 170-A) "He cared little for flesh food, and gave up the use of it almost entirely in the later years of his life, when he came under Jain influence."

(Page 170-B) "But the Jain holy man undoubtedly gave Akbar prolonged instruction for years, which largely influenced his actions : and they secured his assent to their doctrines so far that he was reputed to have been converted to Jainism.

(Jain Teachers of Akbar by Vincent A. Smith.)

(Page 175) "Men are so accustomed to eating meat that, were it not for the pain, they would undoubtedly fall on to themselves."

"From my earliest years, whenever I ordered animal food to be cooked for me, I found it rather tasteless and cared little for it. I took this feeling to indicate the necessity for protecting animals, and I refrained from animal food."

"Man should annually refrain from eating meat on the

anniversary of the month of may accession as a thanks-giving to the almighty, in order that the year may pass in prosperity."

"Butchers, fisherman and the like who have no other occupation but taking life should have a separate quarter and their association with others should be prohibited by fine."

(Akbar The Great Mogal, P. 335-336)

(Page 179) "To sum up. Akbar never came under Buddhist influence in any degree whatsoever. No. Buddhists took part in the debates on religion held at Fatehpur-Sikri, and Abu-l Fazal never met any learned Buddhist. Consequantly his knowledge of Buddhism was extremely slight. Certain persons who took part in the debates and have been supposed erroneously to have been Buddhists were really Jains from Gujarat."

(Jain Teachers of Akbar by V. A. Smith.)

ડૉ. વિન્સેંટ સ્મિથ લખે છે કે –

(પૃ. ૧૭૦-A) બાદશાહની રુચિ માંસાહાર પ્રત્યે બિલકુલ નહોતી. તેણે પોતાની પાછલી જિંદગીમાં જ્યારથી 'જૈનોના પરિચય'માં આવ્યો ત્યારથી માંસાહાર સર્વથા છોડી દીધો.

(પૃ. ૧૭૦-B) જૈન સાધુઓએ વર્ષો સુધી બાદશાહ અકબરને ઉપદેશ આપ્યો હતો. આ ઉપદેશનો બાદશાહના કાર્યો ઉપર ઊંડો પ્રભાવ પડ્યો હતો. જૈન સાધુઓએ પોતાનો સિદ્ધાંત બાદશાહને એવી રીતે સમજાવ્યો હતો કે લોકો બાદશાહને જૈન સમજવા લાગ્યા હતા.★

ડૉ. વિન્સેંટ સ્મિથ માંસ-ત્યાગ માટે લખે છે કે –

(પૃ. ૧૭૫) અકબરના વિચારો એવા હતા કે, મનુષ્યને માંસાહાર માટે એવી ખરાબ આદત પડી છે કે જો તેને પોતાને મારવાથી દુઃખ થતું ન હોત તો પોતાના શરીરને પણ ખાઈ જાય.

બાદશાહને બચપણથી જ માંસાહાર ગમતો નહોતો. તે ક્યારેક હુકમ આપી માંસ તૈયાર કરાવતો પણ તેને ખાવાની બહુ પરવા રાખતો નહોતો. (બાદશાહ કહેતો કે) મારા આ સ્વભાવથી મારું ધ્યાન પશુરક્ષા તરફ ગયું છે અને તેથી જ મેં પાછળથી તો માંસ સર્વથા છોડી દીધું છે.

★ ગોવાના પાદરી પીનહરોનો તા. ૩-૯-૧૫૯૫નો લાહોરનો પત્ર. તેમાં લખે છે કે, અકબર જૈન સિદ્ધાંતોનો અનુયાયી છે.

(પ્રક. ૫૮, પૃ. ૧૬૯ થી ૧૭૨, ફરમાનોના સમર્થનરૂપ પત્ર નં. ૮)

મારા રાજ્યાભિષેકની પહેલી તારીખે દરસાલ કોઈપણ મનુષ્યે ઈશ્વરનો ઉપકાર માનવા ખાતર માંસ ખાવું ન જોઈએ, કે જેથી (આમ કરવાથી) મારું આખું વર્ષ આનંદથી વીતે.

ડૉ. વિન્સેંટ સ્મિથ શ્રમણ પરિચય બાબત લખે છે કે –

(પૃ. ૧૭૯) બૌદ્ધો અકબરને મળ્યા જ નથી તેમજ તેમનો પ્રભાવ બાદશાહની ઉપર પડ્યો નથી. બૌદ્ધોએ ફતેપુરસિક્રીની ધર્મસભામાં કદી પણ ભાગ લીધો જ નથી. બૌદ્ધોએ અબુલફજલ સાથે કદાપિ મુલાકાત લીધી નથી. આથી અકબર બૌદ્ધધર્મ સંબંધી કંઈ જાણતો નહોતો.

કોઈ કોઈ લેખક અકબરની ધર્મસભામાં ભાગ લેનારા બે-ચાર શ્રમણો અંગે તે બૌદ્ધ સાધુ હોવાની કલ્પના કરે છે. આ કલ્પના તે કોરી ભ્રમણા જ છે.

(૪) ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિ (સં. ૧૬૧૨ થી ૧૬૭૦) – તેઓ બિકાનેરના મંત્રી **કર્મચંદ્ર બચ્છાવત**ના પ્રયત્નથી લાહોરમાં અકબર બાદશાહના દરબારમાં પધાર્યા હતા ત્યારે બાદશાહે તેમને અઠવાડિયાનું અહિંસાનું ફરમાન આપ્યું હતું. તે ગૂમ થવાથી તેની ફરી માગણી થતાં બાદશાહે ફરીવાર અહિંસાનું ફરમાન આપ્યું હતું. તેમણે ફરમાનની માગણીમાં આ૦ હીરવિજયસૂરિ માટે જે માનભર્યા શબ્દો વાપર્યા હતા તેનો ઉલ્લેખ બાદશાહે પોતાના ફરમાનમાં આ પ્રમાણે દાખલ કર્યો છે :

"उन्होंने (आ० जिनचंद्रसूरिने) प्रार्थना की कि, इससे पहले ईश्वरभक्त हीरविजयसूरि तपसाने सेवामें उपस्थित होनेका गौरव प्राप्त किया था, और हरसाल बारह दिन मांगे थे; जिनमें बादशाही मुलकोंमें कोई जीव मारा न जावे और कोई आदमी किसी पक्षी, मछली और उन जैसे जीवोंको कष्ट न दें । उनकी प्रार्थना स्वीकार हो गई थी, अब मैं भी आशा करता हूं कि एक सप्ताहका और वैसा ही हुक्म हम शुभ चिंतक के वास्ते हो जाय ।"

(– युगप्रधान जिनचंद्रसूरि, पृ. २७८ थी २८३; જગદ્‌ગુરુ હીરવિજયસૂરિ પૂજાપરિચય, પૃ. ૧૩; પ્રક. ૪૦, પૃ. ૩૮૧; પ્રક. ૫૮, પૃ. ૧૬૨ - ફરમાન પાંચમું, પૃ. ૧૬૭ - ફરમાન સાતમું)

(૫) **ભારતનો પ્રસિદ્ધ ગવૈયો તાનસેન** વૃંદાવની સારંગના ધ્રુપદમાં શ્રીજગદ્‌ગુરુને આ પ્રકારે યાદ કરે છે –

तुम रब तुम साहेब, तुम ही करतार, घट घट पूरन, जल थल भरभार;
तुम ही रहीम, तुम ही करीम, गावत गुनी गंध्रव, सुरनर सुरतार ॥

तुम ही पूरन ब्रह्म, तुम ही अचल, तुम ही जगद्गुरु, तुम ही सरदार;
कहे मीयां तानसेन, तुम ही आप, तुम ही करत, सब जगके भवपार ॥

(– 'तानसेनની રચનાઓ પર નવીન ઐતિહાસિક પ્રકાશ'
લે. ચંદ્રશેખર પંથ, તા. ૮-૩-૧૯૫૬ ગુરુવારનું હિંદી 'હિંદુસ્તાન')

(૬) ગોવાના ઈસાઈ પાદરી ફાધર રીડોલ્ફો, એક્વોનીયા, મોન્સારાટ ઓનસવ અને પીનહરો (Pinheiro) વગેરે અકબરના દરબારમાં આવી ગયા હતા. તે પૈકીનો પીનહરોએ તા. ૩-૯-૧૫૯૫ના રોજ લાહોરથી એક પત્ર લખ્યો હતો. તેમાં જણાવે છે કે, He follows the sect the Jains (Vertie).

અર્થાત્ અકબર જૈન સિદ્ધાંતોનો અનુયાયી છે. જૈનો માને છે કે..... વગેરે વગેરે. (–ડૉ. વિન્સેંટ સ્મિથનું અકબર, પૃ. ૨૮૨; સૂરીશ્વર ઔર સમ્રાટ, પૃ. ૧૭૧; પ્રક. ૫૮, પૃ. ૧૬૯, પત્ર–ફરમાન નં. ૮)

આ૦ વિજયસેનસૂરિ આ જ અરસામાં (વિ. સં. ૧૬૪૯માં) બાદશાહ પાસે લાહોર પધાર્યા હતા અને મહો૦ ભાનુચંદ્રગણિ તથા મહો૦ સિદ્ધિચંદ્રગણિ વગેરે મુનિવરો પહેલેથી જ લાહોરમાં વિદ્યમાન હતા. બાદશાહ અકબર આ બધા મુનિવરોથી પ્રભાવિત હતો. તેઓનું માન-સન્માન કરતો હતો.

(૭) શ્રી જેરિટ લખે છે કે, અકબરે કરેલો અહિંસાનો સ્વીકાર અને તે સંબંધી ફરમાનો એ આ૦ હીરવિજયસૂરિ તથા તેમના શિષ્યો આદિ શ્વેતાંબર જૈનોના પ્રયાસને આભારી છે.

(૮) શ્રી બંકિમચંદ્ર લાહિડી 'સમ્રાટ અકબર' નામક બંગાલી ગ્રંથમાં લખે છે કે : "सम्राट् रविवारे चंद्र ओ सूर्यग्रहण दिने एवं आर ओ अन्यान्य समये कोन मांसाहार करि तेना, रविवार ओ आर ओ कतिपय दिने पशुहत्या करिते सर्वसाधारणको निषेध करिया छिलेन ।"

(સૂરીશ્વર ઔર સમ્રાટ, પૃ. ૧૬૫)

(૯) શ્રીયુત રામસ્વામી આયંગર (એમ. એ. એલ. ટી.) લખે છે કે : "श्री विजयसेनसूरिजीको अकबरने लाहोरमें आमंत्रण दिया । उन्होंने लाहोरमें ३६३ विद्वान ब्राह्मणोंको बादमें परास्त किये । अकबर इससे बहुत संतुष्ट हुआ और उन्हें सवाई (सवाईहीर) की पदवी प्रदान की । उन्होंने भानुचंद्रजीको वहीं **उपाध्यायपद** दिया । इस विधिके करनेमें ६००) रूपये व्यतीत (खर्च) हुए । यह सब खर्च **अबुलफजलने** दिया था ।

(–અકબર ઔર જૈનધર્મ, પૃ. ૧૦; જગદ્ગુરુ
હીરવિજયસૂરિ પૂજાપરિચય, પૃ. ૧૨)

બાદશાહ અકબરે માંસાહાર અને પ્રાણીવધ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. તે માટે જુદી જુદી આજ્ઞાઓ આપી હતી. તેમજ શરાબ અને વેશ્યાગમન ઉપર પણ પ્રતિબંધ મૂક્યો હતો. તે વેશ્યાવાસ–વેશ્યા બજારને **શેતાનનગર** કહી બોલાવતો હતો. બાદશાહે તેની ચારે બાજુએ કડક પોલિસચોકી ગોઠવી હતી.★

બાદશાહે પ્રજાહિત માટે ઉપર દર્શાવેલા પ્રતિબંધો ઉપરાંત બાલવિવાહ, પુનર્વિવાહ, કમેળવિવાહ અને **સતીદાહ** વગેરેનો પણ નિષેધ કર્યો હતો.

તે પ્રજાના હિત અને સુખ માટે દરેક જાતના જરૂરી ઉપાયો લેતો હતો. તે પોતાની આજ્ઞામાં આવેલા રાજા, નવાબ, જમીનદાર, ખેડૂત અને પ્રજાની સાથે મીઠો વર્તાવ રાખતો હતો. તેની આજ્ઞામાં આવેલા સૌકોઈ તેની આજ્ઞા બહાર જવાનું પસંદ કરતા નહોતા. તે હિંદુ, બ્રાહ્મણ, જૈન, બૌદ્ધ, મુસલમાન, પારસી વગેરે સૌને કોઈ જાતનો ભેદભાવ રાખ્યા વગર એક સરખા માનતો હતો. તેણે પોતાના તહેવારમાં પારસીઓના તહેવારોને પણ દાખલ કર્યા હતા. નવરોજના દિવસોમાં સ્ત્રીઓનો બજાર–મેળો ભરતો હતો, જે **પારસી તહેવાર** હતો.

તેણે આગરાના રોશન મહોલ્લામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય બનાવવાની આજ્ઞા આપી હતી, અને તેના ખરચ માટેની રકમની પણ પાકી વ્યવસ્થા કરી હતી. (પ્રક. ૫૮, પૃ. ૧૯૯, આગરા)

સાથીદારો –

તેના રાજ્યમાં રાજા ભગવાનદાસ, રાજા માનસિંહ, ટોડરમલ બ્રહ્મભટ્ટ, રાજા **બિરબલ** વગેરે હિંદુઓ અને મુસલમાનો મોટા મોટા યુદ્ધવીરો હતા, જે તે સમયના મહાપુરુષો હતા.

બાદશાહ અકબરની ભાવના હતી કે, 'હું ભારતનો મોટો બાદશાહ બનું.' પરિણામે સૌ રાજાઓ તેની આજ્ઞામાં આવ્યા હતા. માત્ર **રાણો પ્રતાપ** તેની આજ્ઞામાં આવ્યો નહોતો. બા૦ અકબર સં. ૧૬૫૨ (સને ૧૫૯૫) સુધીમાં ભારતના બહુ મોટા પ્રદેશનો રાજા બની ગયો હતો. બાદશાહના ઘણા મોટા

★ વિક્રમની સત્તરમી શતાબ્દીમાં મુસલમાન બાદશાહો રાજ્યમાં શરાબ, વેશ્યા વગેરેના વિરોધને જગતનાં શાંતિપોષક તત્ત્વ લેખતા હતા. આજે એકવીશમી શતાબ્દીમાં વિશ્વસંહારક અણુબોંબના પ્રયોગોનો વિરોધ શાંતિભંગ કરનાર તત્ત્વ લેખાય છે. આ માટે ઈંગ્લેંડની અદાલતે ૮૯ વર્ષની ઉંમરના વિશ્વવિખ્યાત તત્ત્વવેત્તા બર્ટ્રાંડ અર્લ રસેલને ૭ દિવસની જેલની સજા ફટકારી હતી.

(ભાવનગરનું 'જૈન' સાપ્તાહિક, વર્ષ : ૬૦, અંક : ૩૬, તા. ૨૩-૯-૧૯૬૧, 'સામયિક સ્ફુરણ' વિભાગ)

સાથીદારો સને ૧૬૦૨ સુધીમાં મરી પરવાર્યા હતા. એ બાબતનું બાદશાહને ભારે દુઃખ હતું. પણ તેનો પોતાના શાહજાદાઓનો ઠંડો વિરોધ વધુ સાલતો હતો.

જનતા બાદશાહ અકબરને દેવાંશી પુરુષ માનતી હતી. બાદશાહ અંગે **ચમત્કારની** વિવિધ વાતો પણ ચાલતી હતી.

અકબર બાદશાહના રાજ્યમાં **અભિવાદન** માટે જુહાર, પ્રણામ, જયશ્રીકૃષ્ણ, જયજિનેન્દ્ર, સલામ આલેકમ, વાલેકમ સલામ વગેરે શબ્દો વપરાતા હતા. બાદશાહની 'દીન-ઈ-ઇલાહી' ધર્મસભાના સભ્યો આપસ આપસમાં 'અલ્લાહો અકબર' અને 'જલજલ લુહૂ' શબ્દો વાપરતા હતા.

સંવત : બાદશાહ અકબરે પોતાના રાજ્યમાં **ઈલાહી સંવત** ચલાવ્યો હતો. તેનાં ફરમાનોમાં ઇલાહી સંવત તથા **જુલસી સંવત**નો ઉલ્લેખ મળે છે.★

(પ્રક. ૫૮, પૃ. ૧૫૫-૧૫૬)

પરિવાર : બાદશાહ અકબરને (૧) રાજા ભગવાનદાસની બહેન, (૨) રાજા માનસિંહની ફોઈ, (૩) મેડતાના રાજા મલ્લદેવની પુત્રી જોધબાઈ અને

★ ગૂર્જરેશ્વર કુમારપાલે સં. ૧૧૯૯ અથવા સં. ૧૨૧૬માં **'સિદ્ધહેમકુમાર સંવત'** ચલાવ્યો હતો. (–પ્રક. ૩૫, પૃ. ૮૯)

બીજાપુરના બાદશાહ શિયા સંપ્રદાયના યુસુફ આદિલશાહે સં. ૧૩૧૩ થી **'આદિલશાહી સન'** ચલાવ્યો હતો.

કોચીનની ઉત્તરમાં બિપીન ટાપુ નીકળ્યો, તેની યાદગીરીમાં સં. ૧૩૯૭ થી **'પુડુવેપ્પુ'** (નવો વસવાટ) સંવત નીકળ્યો હતો.

ઉત્કલના રાજા કપિલેશ્વરે સં. ૧૪૯૧ (સને ૧૪૩૫)માં **'કપિલ સંવત'** ચલાવ્યો હતો.

મોગલ સમ્રાટ બાદશાહ અકબર સં. ૧૬૧૨ના મહા વદિ (ફા. સુદિ) ૪, તા. ૧૪-૨-૧૫૫૬ શુક્રવાર, તા. બીજી રવિઉસ્સાની હી. સં. ૯૬૨માં ગાદીએ બેઠો. પણ ગાદીનશીનની તારીખથી ૨૫ મો દિવસ એટલે સં. ૧૬૧૨ના ફાગણ વદિ અમાવાસ્યા તા. ૧૧-૩-૧૫૫૬, તા. ૨૮ રબી ઉસ્માની (રવિઉસ્સાની) સં. ૯૬૨ થી **'ઈ-ઇલાહી'** સંવતનો પ્રારંભ ગોઠવ્યો છે. બાદશાહ અકબરે દીન-ઈ-ઇલાહી ધર્મ ચલાવ્યા પછી એટલે પોતાના ગાદીનશીન થયાના દિવસો ગણીને રાજ્યવર્ષ ૨૯માં આ સંવતને વ્યવસ્થિતરૂપ આપ્યું છે, જે **સૌર વર્ષ** છે. તેમાં ઈરાની નામોવાળા ૧૨ મહિના (પ્રક. ૫૮, પૃ. ૧૨૫–ટિપ્પણી) અને ૧ થી ૩૨ સુધીની તારીખો રાખેલી છે, જેનો પ્રારંભ **સાયનમેષથી** છે. મોગલ બાદશાહોનાં ફરમાનો ઘણી જિનપ્રતિમાઓના પરિકર અને ગાદી નીચે પણ હીજરી સંવત નોંધાયેલો મળે છે. (જુઓ 'જૈન સત્ય પ્રકાશ', ક્રમાંક : ૧૦૦, ૧૦૧, ૧૦૨, પૃ. ૨૭૪)

(૪) બિકાનેરની રાજકન્યા – એમ ચાર હિંદુ **રાણીઓ** હતી અને સાત મુસલમાની બેગમો હતી. આ રીતે કુલ ૧૦ થી ૧૧ **બેગમો** હતી. મિ. ઈ. બી. હેવલ લખે છે કે – બાદશાહ અકબરને ઘણી બેગમો હતી.

બાદશાહ અકબરને (૧) જહાંગીર–શેખુજી સલીમ, (૨) મુરાદ પહાડી અને (૩) દાનીઆર–એમ ત્રણ **શાહજાદા** હતા. શાહજાદા જહાંગીરનો હિંદુ બેગમથી થયેલો પુત્ર **ખુશરૂ** નામે હતો.

બાદશાહ અકબરને પોતાના એક પણ પુત્રને દિલ્હીની ગાદી આપવાની ઇચ્છા નહોતી. કેમકે જહાંગીરે તેની સામે બળવો જગાડ્યો હતો, મુરાદ પહાડી ભારે શરાબખોર હતો અને દાનીઆર શરાબી તેમજ વ્યભિચારી હતો. આથી તેને પૌત્ર **ખુશરૂને** દિલ્હીની ગાદી આપવાની ઇચ્છા હતી.

બાદશાહ અકબર બિમાર પડ્યો એવામાં તેની માતા મરી ગઈ, આથી તેને વધુ આઘાત લાગ્યો. છેવટે તેણે પોતાના રાજ્યના ઉચ્ચ અધિકારી મુસલમાનોની સલાહથી **જહાંગીરને** જ સૌની વચ્ચે પોતાનો વારસદાર જાહેર કરી, તેને પોતાનો **મુકુટ** અને પોતાની **તરવાર** આપ્યાં.

બાદશાહ અકબર ૫૦ વર્ષ સુધી રાજ્ય ભોગવી સં. ૧૬૬૨ના કાર્તિક શુદિ ૧૪ ને મંગળવાર, જમાઉસ્સાની તા. ૧૩ (કે ૧૧), ઈ.સ. તા. ૧૫-૧૦-૧૬૦૫ની રાતે ૧૪ ઘડી ગયા બાદ આગરામાં મરણ પામ્યો.

૯. બાદશાહ જહાંગીર –

રાજ્યકાળ–હીજરી સન ૧૦૧૫ થી ૧૦૩૭ના સફર મહિનાની તા. ૨૮, સં. ૧૬૬૩ થી ૧૬૮૪ કાર્તિક વદિ અમાસ; સને ૧૬૦૬ થી તા. ૨૮-૧૦-૧૬૨૭.

તે અકબર બાદશાહની હિંદુ બેગમ **જોધબાઈનો** પુત્ર હતો. બાદશાહ અકબરને જહાંગીર, મુરાદ અને દાનીઆર એમ ત્રણ પુત્રો હતા તે પૈકી આ સૌથી મોટો હતો. તેનાં નુરૂદ્દીન મહમ્મદ જહાંગીર શેખુજી, શેખ સલીમ અને **સલીમ** એવાં નામો પણ મળે છે. આ બધાયે **શાહજાદાઓ** ''અકબરના મરણ પછી પોતાને દિલ્હીની ગાદી મળે'' એવા પ્રયત્નમાં હતા. આ કારણે એ સૌએ અકબરની સામે ઠંડો **વિરોધ** જાહેર કર્યો હતો. પણ તે પુત્રવાત્સલ્યના કારણે લાચાર હતો.

શાહજાદા **જહાંગીરે** તો ખુલ્લંખુલ્લા બળવો કરીને અલ્હાબાદને પોતાના કબજે લીધું હતું અને આગરાનો કબજો મેળવવાના એના પ્રયાસ ચાલુ હતા. તેમણે પોતાના નામના **સિક્કા** પણ પડાવી લીધા. જહાંગીરને એવો ભય હતો

કે 'પિતાજી મને દિલ્હીનું રાજ્ય નહીં જ આપે.' જો કે ત્રણ શાહજાદાઓમાં તે જ **સચ્ચરિત્ર** હતો. તેને હિંદુ બેગમ હતી તેનાથી તેને **ખુશરૂ** નામે પુત્ર થયો હતો. ખુશરૂ અજીજકોકાનો **જમાઈ** હતો. અજીજકોકા અને રાજા માનસિંહ 'અકબરના મરણ પછી ખુશરૂને દિલ્હીની ગાદી મળે' એવી તરફેણ કરતા હતા. પરંતુ જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિના શ્રમણપરિવારના **મહો૦ શાંતિચંદ્રગણિએ** બાદશાહ અકબરને સ્પષ્ટ જણાવી દીધું હતું કે –

શેખૂજી-પહાડી દાનીઆરા ભવન્ત્યમી ।
આયુષ્મન્તઃ શાહિજાદાઃ મૂર્તિભેદા ઇવેશિતુઃ ॥૧૧૯॥

ત્રિષ્વપિ પ્રકૃતિબન્ધુરબન્ધુષ્વગ્રજોઽસ્ય નૃપતેઃ પદયોગ્યઃ ।
ચન્દ્રદીપદિનપત્રિકમધ્યે ભાનુરેવ ભુવનેઽધિકતેજાઃ ॥૧૨૦॥ (–કૃપારસકોશ)

બાદશાહ અકબર જહાંગીરને દિલ્હીનું રાજ્ય દેવાને ઇચ્છતો નહોતો; પરંતુ ઉચ્ચ અધિકારી **મુસલમાનોની** સલાહથી તેણે શાહજાદા **જહાંગીરને** જ છેલ્લે દિવસે પોતાની ગાદીના વારસદાર તરીકે જાહેર કર્યો, ત્યારે **જહાંગીર** એ ટોળીમાં બાદશાહ અને હજૂરિયાઓની છેલ્લી ચળવળ જાણવા માટે ત્યાં આવીને ગુપચુપ બેસી ગયો હતો. તે પિતાના દિલની વિશાળતા અને તેના પ્રત્યેના વાત્સલ્યથી એકદમ ઊઠીને પિતાના ચરણમાં માથુ મૂકી ઝૂકી પડ્યો. બા૦ અકબરે તેને સૌની હાજરીમાં ત્યાં તે જ અવસરે પોતાનો **રાજપોશાક, મુકુટ** અને **તરવાર** આપ્યાં.

બા૦ અકબર તા. ૧૫-૧૦-૧૬૦૫ના આગરામાં મરણ પામ્યો, ત્યારથી **જહાંગીર** દિલ્હીનો **બાદશાહ** બન્યો.

સ્વભાવ : બાદશાહ જહાંગીર ઉતાવળીયા સ્વભાવનો, દયાળુ, કૃતજ્ઞ, લોકપ્રેમી અને ન્યાયી રાજવી હતો. પણ તે પોતાના હુકમનો અમલ કરાવવા સખ્તાઈથી કામ લેતો હતો. આ વિશે તેના વિવિધ જીવન પ્રસંગો જાણવા મળે છે, તેમાંના કેટલાક નીચે પ્રમાણે છે :

૧. ભવિષ્યવાણી – જહાંગીર દિલ્હીનો બાદશાહ બન્યો પરંતુ તેના ભાઈઓ અને તેનો પુત્ર **ખુશરૂ** તેનો વિરોધ કરવા લાગ્યા.

ખરતરગચ્છના ભટ્ટારક **આ૦ જિનચંદ્રસૂરિ**ના શિષ્ય ઉપા૦ **માનસિંહગણિ** જે ભટ્ટા૦ જિનસિંહસૂરિ (સં. ૧૬૪૯ થી ૧૬૭૪)ના નામથી પ્રસિદ્ધ થયા, તેમણે **ભવિષ્યવાણી** ભાખી કે – ''બાદશાહ અકબરના મરણ બાદ શાહજાદો ખુશરૂ બાદશાહ બનશે.''

બિકાનેરના રાજા રાયસિંહ, તેનો મોટો પુત્ર દલપતસિંહ અને બીજો પુત્ર સુરસિંહ વગેરે તથા બિકાનેરનો મંત્રી કર્મચંદ્ર બછાવત તે સૌએ 'ઉપા૦ માનસિંહ

ગણિની ભવિષ્યવાણી સાચી માનીને' બાદશાહ જહાંગીરના વિરોધમાં **બળવો** જગાવ્યો. પરંતુ બા૦ જહાંગીરે સં. ૧૬૬૪માં પંજાબના જંડિયાલામાં ખુશરૂને પકડી કેદ કર્યો; અને પોતે સં. ૧૬૬૫ના બીજા ભાદરવા વદિ ૯-૧૦ ના રોજ આગરા આવી ગયો.

બાદશાહને આગરામાં આવ્યા બાદ ઉપા૦ માનસિંહ (જિનસિંહસૂરિ)ની 'ભવિષ્યવાણીના સમાચાર' મળ્યા અને બિકાનેરના રાજા તથા મંત્રીઓના બળવાની મૂળ વાત જાણી ત્યારે જહાંગીરે ગુસ્સે થઈને ''ભટ્ટા૦ જિનસિંહસૂરિના શિષ્યપરિવારને આગરા પ્રદેશમાં વિહાર કરવાની મનાઈવાળો કડક હુકમ'' બહાર પાડ્યો.

ભટ્ટા૦ જિનચંદ્રસૂરિ પોતાના પરિવારના યતિઓ તથા મુનિઓનો વિહાર આગરા પ્રદેશમાં બંધ હતો તેને ખુલ્લો કરાવવા સં. ૧૬૬૯-૭૦માં આગરા પધાર્યા. તે, **મહો૦ વિવેકહર્ષ** ગણિવર તથા પં૦ **પરમાણંદગણિ** વગેરેને સાથે લઈ બાદશાહ જહાંગીરને મળ્યા. તેઓએ બાદશાહને સમજાવી, શાંત પાડી, ખરતરગચ્છના યતિઓનો આગરા પ્રદેશમાં વિહાર માટે જે મનાઈ હુકમ હતો તે પાછો ખેંચાવી લીધો. (પ્રક. ૪૦, પૃ. ૩૮૩ થી ૩૮૫, ટિપ્પણી સાથે)

બાદશાહ **જહાંગીરે** પોતે 'આ૦ જિનસિંહસૂરિ સં. ૧૬૭૪ના પોષ વદિ ૧૩ ના મેડતામાં કાળધર્મ પામ્યા છે' એમ જાણ્યું ત્યારે 'જહાંગીરનામા'માં (પોતાની જીવનઘટનાઓની નોંધપોથીમાં) તે આચાર્ય માટે કડવા શબ્દોમાં લખાણ કર્યું હતું, એટલું જ નહીં; બા૦ જહાંગીરે બિકાનેરના રાજવંશ અને મંત્રીવંશનો પ્રશ્ન હાથમાં લીધો અને રાજા રાયસિંહ, રાજપુત્ર દલપતસિંહને એક પછી એક તેના વારસદારોના હાથે મરાવી નાખ્યા; અને પછી બિકાનેરના નવા રાજાના હાથે જ મંત્રી કર્મચંદ્ર બછાવતના કુટુંબપરિવારનો નાશ કરાવ્યો.

૨. **ખુશફહમની કસોટી** – બીજો પ્રસંગ એવો છે કે, બાદશાહ જહાંગીરે જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિના પરિવારના મહો૦ **ભાનુચંદ્રગણિ** અને ખુશફહમ પં૦ **સિદ્ધિચંદ્રગણિને** આમંત્રણ આપી અમદાવાદથી આગરા બોલાવ્યા. તે સં. ૧૬૬૯માં આગરા આવ્યા હતા ત્યારે બાદશાહે તેઓનું મોટું સ્વાગત કર્યું હતું.

આમાં પં૦ સિદ્ધિચંદ્રજી નાના હતા, ૨૫ વર્ષના ઊછરતા યુવાન હતા. બહુ **રૂપાળા** અને આકર્ષક ચહેરાવાળા હતા. મીઠાબોલા અને નવ રસોનું છટાદાર વર્ણન કરી શકતા હતા. એવા આ મુનિવરને જોઈ કદાચ બાદશાહની કોઈ **શાહજાદી** તેમના ઉપર આસક્ત થઈ. તેની સાથે નેકા પઢવા ચાહતી હોય કે ગમે તે કારણ હોય, પણ બાદશાહ **જહાંગીર** અને બેગમ **નૂરજહાંએ** તેમની

પાસેથી 'નવ રસોનું અનુભવસિદ્ધ વર્ણન સાંભળી' સં.૧૬૭૦માં તેમની આકરી કસોટી કરી હતી. (પ્રક. ૫૫, પૃ. ૪૦૬–૪૦૭)

તેઓએ પં૦ સિદ્ધિચંદ્રજીને જણાવ્યું કે, ''તમે સાધુપણું છોડી આ રાજ્યમાં રહો, તમને પાંચ હજાર ઘોડેસવારોનું ઊપરીપણું આપીશું અને એક ખૂબસુરત કન્યા પરણાવી દઈશું.''

પં૦ સિદ્ધિચંદ્રજીએ તેમને આકરો જવાબ આપ્યો કે, ''મને કોઈ દુનિયાભરનું રાજ્ય આપે તો તે ન જોઈએ. મને જગદ્‌ગુરુએ જે સાધુવેશ આપ્યો છે તેમાં જ **સાચી બાદશાહત** સમાયેલી છે.''

આવો જવાબ સાંભળી બાદશાહે જીદ્દમાં આવીને હુકમ કર્યો કે, ''તમે અમારી વાતનો સ્વીકાર કરો અથવા મારું રાજ્ય છોડી બહાર ચાલ્યા જાઓ.''

પં૦ સિદ્ધિચંદ્રજી આ હુકમ સાંભળી ત્યાંથી નીકળી સં. ૧૬૭૧માં **માલપુરા** ચાલ્યા ગયા અને ત્યાં ચોમાસું રહ્યા, પરંતુ જ્યારે બાદશાહ જહાંગીરને જણાયું કે, મેં પં૦ સિદ્ધિચંદ્રને ગુરુથી જુદા પાડી મહો૦ ભાનુચંદ્રજી અને પં૦ સિદ્ધિચંદ્રજી બંનેને દુઃખી કર્યા છે, તો તેમને પાછા અહીં બોલાવી લેવા જોઈએ. બાદશાહે પં૦ સિદ્ધિચંદ્રને માલપુરાથી આગરા પાછા બોલાવ્યા. તેમને જોઈ બાદશાહ જહાંગીર અને બેગમ નૂરજહાં ઘણાં ખુશ થયાં અને પહેલાંની જેમ તેમની પાસે ઉપદેશ સાંભળવા લાગ્યા. પં૦ સિદ્ધિચંદ્રે પોતાની વાસવદત્તા–વૃત્તિ માં આ બાબતનો ઉલ્લેખ કર્યો છે. આ ઘટના પછી બાદશાહ જહાંગીરે 'જૈન યતિઓને આગરા પ્રદેશની બહાર જવા જે જે હુકમો કરેલા તે હુકમો પાછા ખેંચી લીધા.'

૩. **જિનપ્રતિમાલેખ** – ત્રીજો પ્રસંગ આ પ્રકારે હતો :

અંચલગચ્છના ભટ્ટા૦ કલ્યાણસાગરસૂરિની અધ્યક્ષતામાં સં. ૧૬૭૧ વૈશાખ સુદ ૩ ના આગરામાં જિનપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. તેમાં તેમણે ૪૫૦ જિનપ્રતિમાઓની અંજનશલાકા–પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રતિમાઓની ગાદીમાં 'બાદશાહ જહાંગીરનું નામ' કોતરાવ્યું હતું. બાદશાહ જહાંગીર પ્રતિમાઓની નીચે પોતાનું નામ દાખલ થયેલું જાણીને ગુસ્સે થયો. તે પોતે જોવા આવ્યો, પરંતુ તે સ્થળે ભ૦ પાર્શ્વનાથની પ્રતિમામાં નાગફણાની ઉપર ઊંચે પોતાનું નામ જોઈ તે શાંત થઈ ગયો અને આચાર્યશ્રીની પ્રભાવક મુદ્રા જોઈ ખુશી થયો. છેવટે તે એ ઉત્સવ ઉજવવાની સમ્મતિ આપી ચાલ્યો ગયો.

(પ્રક. ૪૦, પૃ. ૪૨૧)

૪. **ભટ્ટા૦ વિજયદેવસૂરિની પરીક્ષા** – બાદશાહ જહાંગીર સં. ૧૬૭૩માં આગરાથી અજમેર ગયો. ત્યાંથી સં. ૧૬૭૩ના કાર્તિક શુદિ ૩ ના રોજ નીકળી **માળવા** તરફ ગયો. (–તૂજુકે જહાંગીર, પૃ. ૧૭૩, પૃ. ૨૩૫)

તે સં. ૧૬૭૩માં માંડવગઢ જઈ રહ્યો. પં૦ **સિદ્ધિચંદ્રગણિ** સિરોહીમાં **ઉપાધ્યાય** બની, ત્યાં પહોંચી ગયા અને તેમણે બાદશાહ જહાંગીરને ભંભેર્યો કે, આ૦ વિજયસેનસૂરિની ગાદીએ **આ૦ વિજયદેવસૂરિ** ગચ્છનાયક બન્યા છે, પણ તેમને પોતાના સ્થાનની જવાબદારીનું ભાન નથી. આથી બીજા મુનિવરોએ તેમની આજ્ઞા તજી નવા ગચ્છનાયક બનાવ્યા છે વગેરે વગેરે.

બા૦ જહાંગીરે આ સાંભળી **આ૦ વિજયદેવસૂરિને** ગુજરાતમાંથી **માંડવગઢ** બોલાવ્યા. ઝીણવટથી તેમની જીવનચર્યાની તપાસ કરી; પણ તેમના ત્યાગ, તપ અને વિદ્વત્તા વગેરેનો અનુભવ કરી, સંતોષ પામી, આ૦ વિજયદેવસૂરિને, સં. ૧૬૭૩ના માંડવગઢના ચોમાસામાં, મોટા ત્યાગી અને તપસ્વી તરીકે ઓળખાવવા **'જહાંગીરી મહાતપા'** (દુનિયાનો મોટો ઓલિયો)નું બિરુદ આપ્યું અને તેમની સાથે ગયેલા **મહો૦ નેમસાગરગણિને** 'વાદિજીપક'ની પદવી આપી.

આગરાના **શા૦ ચંદ્રપાલ** સંઘવીને તેમની સાથે મોકલી તેઓને 'બાદશાહી વાજાં સાથે બહુમાનથી' જૈન ઉપાશ્રયે પધરાવ્યા. સં. ૧૬૭૩માં આ રીતે તેમનું બહુમાન કર્યું (પ્રક. ૫૯, પૃ. ૩૮૮). બાદશાહ જહાંગીરે સં. ૧૬૭૪-૭૫માં (હીજરી સન ૧૦૨૭માં) આગરાથી આ૦ વિજયદેવસૂરિને સુખશાતાના સમાચારનો પત્ર લખી પં૦ દયાકુશલ મારફત તેમની ઉપર મોકલ્યો.

(પ્રક. ૫૮, પૃ. ૧૮૦, ફરમાન નં. ૧૩)

આથી સ્પષ્ટ છે કે, બાદશાહ જહાંગીર જૈનશ્રમણોની નાની-મોટી બાબતોમાં વિશેષ રસ અને પ્રેમ ધરાવતો હતો. આ તો બાદશાહ જહાંગીરના **જહાંગીરી હુકમની** વાતો છે.

બાદશાહ જહાંગીરે સં. ૧૬૭૬માં મહો૦ ભાનુચંદ્રને **અમારિનું ફરમાન** આપ્યું હતું. તેમાં પણ તેણે સોરઠ સરકારને આ૦ વિજયસેનસૂરિ અને આ૦ વિજયદેવસૂરિની સંભાળ રાખવાની ભલામણ કરી હતી.

બાદશાહ જહાંગીરના કેટલાક **પ્રશસ્ય પ્રસંગો** પણ મળે છે. તે આ પ્રકારે જાણવામાં આવ્યા છે –

બાદશાહ જહાંગીરની બેગમ **નૂરજહાં** હતી. તે રૂપાળી, ચકોર અને બુદ્ધિશાળી હતી. રાજ્ય સંચાલનમાં દક્ષ હતી. તેણે બાદશાહ જહાંગીરનો સ્વભાવ વિચિત્ર હોવાથી રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. તે જહાંગીરના નામથી રાજ્ય ચલાવતી. આથી જૈન શિલાલેખોમાં ''બાદશાહ જહાંગીર અને બેગમનું રાજ્ય'' બતાવ્યું છે. 'નૂરદ્વિજહાંગીરરાજ્યે' એટલે નૂરજહાં અને જહાંગીર એમ બે જહાંના રાજ્યમાં એવા શબ્દો વપરાયા છે. તે પ્રજાવત્સલ હતી. તેણે સાચો

ઇન્સાફ કરવા માટે ઊંચા પ્રકારની વ્યવસ્થા ગોઠવી હતી. આથી જહાંગીરનો ઇન્સાફ ઇતિહાસમાં ખૂબ વખણાયો છે.

જહાંગીરના જીવનમાં રહેલા સદ્‌ગુણો તેણે આપેલા ફરમાનોથી સમજી શકાય છે.

બાદશાહ જહાંગીર પોતાના વિરોધીઓના બળવાને શમાવી સં. ૧૬૬૫માં આગરા આવ્યો અને તે સારા મુહૂર્તમાં શહેરમાં પ્રવેશ કરવા ખાતર ઘણા સમય સુધી શહેર બહારના બગીચામાં મુકામ નાખીને રહ્યો હતો. તેને પોતાના પિતાની જેમ 'રખડપટ્ટી' પસંદ નહોતી, એટલે તેણે હવે શાંતિમય જીવન ગાળવા અને પિતાની જેમ વિદ્વાનો અને ધર્મી પુરુષોના સહવાસમાં વધુ રહેવાનો નિરધાર કર્યો.

તે આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ, મહો૦ શાંતિચંદ્રગણિ, મહો૦ ભાનુચંદ્રગણિ, ખુશફહમ પં૦ સિદ્ધિચંદ્રગણિ, મહો૦ વિવેકહર્ષગણિ, પં૦ પરમાનંદ ગણિ વગેરેના વધુ પરિચયમાં આવ્યો હતો. આ વિદ્વાન મુનિવરો પ્રત્યે તેને અત્યંત સદ્‌ભાવ હતો. તેણે તથા શાહજાદા ખુશરૂએ મહો૦ ભાનુચંદ્રગણિ પાસેથી **ધર્મજ્ઞાન** મેળવ્યું હતું.

વિષકન્યા –

બાદશાહ જહાંગીર સં. ૧૬૪૮-૪૯માં પિતાની સાથે લાહોરમાં હતો ત્યારે તેની બેગમે ત્યાં મૂળ અશ્લેષા નક્ષત્રમાં કન્યાને જન્મ આપ્યો. તે વિષકન્યા હોવાનો સૌને વહેમ પડ્યો અને વિચાર આવ્યો કે, આ કન્યાથી બાદશાહનો પરિવાર અણધારી આફતમાં સપડાશે માટે આ કન્યાને મારી નાખવી જોઈએ.

મહો૦ ભાનુચંદ્રજીએ આ વાત સાંભળી, શેઠ **થાનમલજી** અને શા૦ માનમલ ચોરડિયા તરફથી લાહોરના જૈન ઉપાશ્રયમાં **શાંતિસ્નાત્ર પાઠ**નો મોટો વિધિ કરાવ્યો. બાદશાહ અકબર, શાહજાદો જહાંગીર વગેરે તથા રાજ્યના મોટા અમલદારો આ ઉત્સવમાં આવ્યા હતા. સૌએ સોનાના પાત્રમાંથી શાંતિસ્નાત્રનું પાણી લઈ પોતાની આંખે લગાડ્યું અને જનાનખાનામાં પણ મોકલાવ્યું.

સૌને આ વિધિ જોયા બાદ ખાતરી થઈ કે, ''બાદશાહના પરિવાર પર આવી પડનારી આફત દૂર થઈ ગઈ.'' આ રીતે સૌ ખુશ થયા અને શાહજાદી બચી ગઈ. (પ્રક. ૫૫, પૃ. ૩૯૯–૪૦૦)

મહો૦ ભાનુચંદ્રગણિ મોગલ દરબારમાં ૨૩ વર્ષ સુધી રહ્યા હતા. બાદશાહ અકબરના મરણ પછી તે સં. ૧૬૬૨માં આગરાથી વિહાર કરી ગુજરાત તરફ પધાર્યા હતા. બા૦ જહાંગીરે શા૦ હરખચંદ પરમાનંદની માંગણીથી સં. ૧૬૬૨-

૬૩માં આ૦ વિજયસેનસૂરિને જૈન ધર્મસ્થાનોની રક્ષાકરની માફી માટે તથા અહિંસા માટે ફરમાન લખી મોકલાવ્યું હતું. (પ્રક. ૫૮, પૃ. ૧૭૩, ફરમાન નં. ૯; જૈન સત્યપ્રકાશ, ક્ર. ૯૮, પૃ. ૪૭ થી ૫૪)

તે પછી **મહો૦ વિવેકહર્ષ** ગણિવર, **પં૦ પરમાનંદગણિ, પં૦ મહાનંદગણિ** અને મુનિ ઉદયહર્ષગણિ વગેરે આગરા પધાર્યા હતા.

બાદશાહ **જહાંગીરે** તેમના ઉપદેશથી પોતાના પિતાની જેમ જુલસી સન ૫, ફરવરદિન મહિનો તા. ૨૬, ઇલાહી સન ૫૫, હીજરી સન ૧૦૧૯, સને ૧૬૧૦ માર્ચ-એપ્રિલ, સં. ૧૬૬૬ અથવા સં. ૧૬૬૭ ચૈત્ર શુદિ ૧૫ ના રોજ પર્યુષણાના ૧૨ દિવસોમાં અમારિ પાળવાનું ફરમાન લખી આપ્યું હતું.

(–પ્રક. ૫૫, પૃ. ૪૧૯, મહો૦ વિવેકહર્ષ; પ્રક. ૫૮, પૃ. ૧૭૪, ફ.૧૦)

બાદશાહ જહાંગીરે શરૂમાં એક દિવસે 'ખરતરગચ્છના યતિઓ માટે આગરા અને દિલ્હી પ્રદેશોમાં વિહાર કરવાનો મનાઈહુકમ કર્યો હતો.' બા૦ જહાંગીરે સં. ૧૬૬૯માં તેઓના ઉપદેશથી તે વિહાર ખુલ્લો કર્યો હતો. (પ્રક. ૫૮, પૃ. ૧૩૮)

મહો૦ વિવેકહર્ષ ગણિવર વગેરે વિહાર કરી ગયા પછી બા૦ જહાંગીરને પોતાના વિદ્યાગુરુ **મહો૦ ભાનુચંદ્રજીએ** કરેલા ઉપકારનું વારંવાર સ્મરણ થતું હતું. આથી તેણે મહો૦ **ભાનુચંદ્ર** અને ખુશફહમ પં૦ **સિદ્ધિચંદ્રના** સહવાસમાં પોતાનું શાંતિમય જીવન ગાળવાની ભાવના કરી. તેઓને સં. ૧૬૬૮માં અમદાવાદથી આગરા બોલાવ્યા.

બાદશાહે સં. ૧૬૬૯માં તેમનો નગરપ્રવેશ કરાવ્યો અને તેમનું ભારે ઉમળકાભર્યું સ્વાગત કર્યું. તે વિશે નીચેની કાવ્યપંક્તિઓ ખ્યાલ આપે છે –

મિલ્યા ભૂપ નઈ ભૂપ આનંદ પાયા,
ભવઈ તુમે ભલઈ અહીં ભાણચંદ આવ્યા;
તુમ પાસિ થિઈ મોહી સુખ બહોત હોવઈ,
સહરિઆર ભણવા તુમ વાટ જોવઈ. ૧૩૦૯

પઢાઓ અમ પુતકો ધર્મવાત,
જ્યું અવસુણતાં તુમ પાસિ તાત;
ભાણચંદ કદી મ તુમે હો હમારે,
સબહીસે તુમહી હો હમેં હિ પ્યારે. ૧૩૧૦

(–આ૦ વિજયતિલકસૂરિરાસ)

બાદશાહો, બેગમો, શાહજાદા, શાહજાદીઓ સૌ હંમેશાં મહોપાધ્યાજીનાં દર્શને આવતાં હતાં અને ઉપદેશ સાંભળતાં હતાં.

મહો૦ ભાનુચંદ્રજી અને પં૦ સિદ્ધિચંદ્રજી સં. ૧૬૭૨માં આગરાથી વિહાર કરી મારવાડ પધાર્યા અને ત્યાંથી સં. ૧૬૭૪-૭૫માં માંડવગઢ, બુરહાનપુર થઈ આગરામાં આવી ગયા હતા.

બા૦ જહાંગીરે જુલસી સન ૧૫, ફરવરદિન તા. ૨૫મી, ઇલાહી સં. ૬૫, છઠ્ઠો શહેરીવર મહિનો તા. ૧૪, હીજરી સન ૧૦૨૯ રબિઉસ્સાની મહિનો, સને ૧૬૨૦, વિ. સં. ૧૬૭૬ ચૈત્ર શુદ ૧૫ના મહો૦ ભાનુચંદ્ર ગણિવર અને ઉપા૦ સિદ્ધિચંદ્ર ગણિવરને અહિંસાનું નવું ફરમાન લખી આપ્યું હતું.

(પ્રક. ૫૮, પૃ. ૧૭૬, ફરમાન નં. ૧૧)

બાદશાહ જહાંગીર તેમાં જણાવે છે કે, ''બા૦ અકબરે પળાવેલ ૬ મહિનાની અહિંસાનું પાલન કરવું. તેમાં મારા જન્મનો એક મહિનો **વધારે** અહિંસા પાળવી. શત્રુંજયતીર્થનો **યાત્રાવેરો–જજિયાવેરો** માફ કરવો. ઉનામાં જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિના **સમાધિસ્થાન**માં જકાતવેરો માફ કરવો. શત્રુંજય તીર્થ અને જગદ્‌ગુરુના સમાધિસ્થાનની રક્ષા કરવી. સોરઠ સરકારને આ હુકમનો અમલ કરવાની સખ્તાઈ કરવામાં આવે છે. મરેલાનાં માલ–ધન લેવાનું બંધ કરવું.''

વધારો – બાદશાહ તેમાં વધારારૂપે જણાવે છે કે, ''મને આ સાધુઓ પ્રત્યે સદ્‌ભાવ છે તેથી મારા જન્મનો એક મહિનો આ તપસીલમાં વધારું છું. અને તપસીલ લખ્યા મુજબ અહિંસાનું પાલન તથા માફી પાળવાનાં છે.''

બા૦ જહાંગીરે મહો૦ ભાનુચંદ્ર તથા ખુશફહમ સિદ્ધિચંદ્રજીના ઉપદેશથી આ ફરમાન તથા તે સિવાયનાં બીજાં ઘણાં ઘણાં લોકહિતનાં કાર્યો કર્યાં હતાં.

(પ્રક. ૫૫, પૃ.૩૯૮ થી ૪૦૨ તથા પૃ. ૪૦૫ થી ૪૦૯)

બાદશાહ જહાંગીરે જુલસી સન ૧૦, ઇલાહી સન ૬૦, **યૂર** મહિનો, હીજરી સન ૧૦૨૪, મહિનો **રજબ**, સને ૧૬૧૫નો ઓગષ્ટ મહિનો, વિ.સં. ૧૬૭૧ (૭૨)ના શ્રાવણ મહિનામાં આગરાના તપગચ્છ જૈન સંઘવી ચંદ્રપાલ ઓશવાલને આ૦ શ્રી વિજયસેનસૂરિનું સં. ૧૬૭૧-(૭૨)ના જેઠ વદિ ૧૧ ના રોજ ખંભાતના મહમ્મદપરામાં–અકબરપરામાં સ્વર્ગગમન થયું હતું તે કારણે ૧૦ વીઘા જમીન **ઈનામ** આપી તેનું ફરમાન લખી આપ્યું હતું. બાદશાહે એ જમીનમાં ગુરુદેવના અગ્નિસંસ્કારના સ્થાને મંદિર મેળો ભરવા અને ચોક-બાગ-બગીચો બનાવવાની રજા આપી હતી તથા એ સ્થાનનો કરવેરો–જકાત માફ કરી હતી.

આ ફરમાનમાં સં૦ ચંદ્રપાલનું દેહવર્ણન લખી ઓળખાણ આપી હતી, જે વસ્તુ તે સમયના પરિચયપત્રમાં નવી ભાત પાડે એવી છે. (પ્રક. ૫૮, પૃ.૧૭૮, ફરમાન નં. ૧૨; પ્રક. ૫૯, પૃ. ૩૮૭ થી ૩૯૮)

બા૦ જહાંગીરે આ૦ હીરવિજયસૂરિના શિષ્યોને વિવિધ ફરમાનો આપ્યાં હતાં (જુઓ પ્રક. ૫૮, પૃ. ૧૭૩ થી ૧૮૩, ફરમાનો નં. ૯ થી ૧૩).

તેણે ગુજરાતમાં પોતાના તરફથી ૮ સૂબા મોકલ્યા હતા (જુઓ પ્રક. ૫૮, પૃ. ૧૫૫).

૧૦. બાદશાહ શાહજહાં –

તે બા૦ જહાંગીરનો ત્રીજો પુત્ર હતો. તેનું પૂરું નામ 'શહાબુદ્દીન મહમ્મદના સાહેબ કીરાની શાહજહાં' હતું. બેગમ નૂરજહાંના ભાઈ વજીર આસિફખાને બા૦ જહાંગીરના મરણ બાદ તેને દિલ્હીની ગાદીએ બેસાડ્યો હતો. તે હી. સં. ૧૦૩૭ જમાદિઉસ્સાની મહિનાની તા.૮મી, ઈ.સ. તા. ૪-૨-૧૬૨૮, વિ. સં. ૧૬૮૪ મહા સુદિ ૧૦ના રોજ બાદશાહ બન્યો. બા૦ શાહજહાં મહો૦ ભાનુચંદ્ર ગણિવર પાસે ભણ્યો હતો, ઉપા૦ સિદ્ધિચંદ્રગણિની સાથે રમ્યો હતો અને મહો૦ વિવેકહર્ષ ગણિવરના પરિચયમાં આવ્યો હતો. આથી તે જૈન મુનિવરોથી પ્રભાવિત હતો. તે ત્રીશ વર્ષ સુધી બાદશાહ તરીકે રહ્યો. તેણે પોતાના રાજકાળ દરમિયાન ગુજરાતમાં ૧૩ સૂબાઓ મોકલ્યા હતા (જુઓ પ્રક. ૫૮, પૃ. ૨૨૭).

બા૦ શાહજહાંને પુત્ર ઔરંગઝેબે હી. સં. ૧૦૬૮ રમજાનની તા. ૧૭મી, સને તા. ૯-૬-૧૬૫૮, વિ. સં. ૧૭૧૫ અષાડ વદ ૪ના રોજ આગરાના કિલ્લામાં કેદ કર્યા હતા. જ્યાં શાહજહાં હી. સં. ૧૦૭૬ રજબ મહિનાની તા. ૨૬મી, સને તા. ૨૨-૧-૧૬૬૬, વિ. સં. ૧૭૨૨ મહા વદ ૦૩ના દિને મરણ પામ્યો હતો.

(**ખાસ નોંધ** – બાદશાહ શાહજહાં અને તે પછીના મુગલ બાદશાહોએ 'નગરશેઠ વંશ' અને 'જગતશેઠ'ને કેટલાંક ફરમાનો આપ્યાં હતાં, જે અહીં ન આપતાં હવે પછી આ જ પ્રકરણમાં તે તે વિભાગમાં આપવામાં આવશે.)

૧૧. બા૦ ઔરંગઝેબ –

રાજ્યકાળ : હીજરી સં. ૧૦૬૮ જિલ્કાદ તા. ૧ થી સં. ૧૧૧૮ જિલ્કાદ તા. ૨૮ સુધી; સં. ૧૭૧૫ના શ્રાવણ સુદ ૩ થી સં. ૧૭૬૩ના ફાગણ વદ ૪; તા. ૨૩-૭-૧૬૫૮ થી તા. ૨૧-૨-૧૭૦૭.

તે બા૦ શાહજહાં અને બેગમ મુમતાઝના ૧૪ સંતાનોમાં છઠ્ઠું સંતાન. તેનો જન્મ ગુજરાત–અમદાવાદમાં થયો હતો. તેનું પૂરું નામ 'મહીઉદ્દીન મુહમ્મદ ઔરંગઝેબ આલમગીર' હતું. તે પિતાને આગરાના કિલ્લામાં કેદ કરી, દિલ્હી જઈ ગાદીએ બેસી બાદશાહ બન્યો. તે તા. ૨૧-૨-૧૭૦૭માં અહમદનગરમાં મરણ પામ્યો.

ભારતના મુસલમાન બાદશાહોમાં જે ધર્મઝનૂની બાદશાહો થયા છે, તેમાંનો એક ઔરંગઝેબ પણ છે. છતાં તેણે કેટલીક બાબતોમાં સજ્જનતા બતાવી હતી. તેણે સને ૧૬૬૪માં અમદાવાદની પ્રજા ઉપરના ઘણા કરો માફ કર્યા હતા અને **પાખી પાળવાનો** રિવાજ બંધ કર્યો હતો. (ગુ. પા. અમદાવાદ, પૃ. ૧૦૧)

બા૦ ઔરંગઝેબે સં. ૧૭૦૭માં ઔરંગાબાદ વસાવ્યું. તેણે ગુજરાતમાં એક પછી એક–એમ ૧૦ સૂબાઓ મોકલ્યા હતા.

તપાગચ્છના ભટ્ટા૦ હેમવિમલસૂરિ પરંપરાના પં૦ પ્રતાપકુશળજી, જેઓ વિદ્વાન અને ફારસી ભાષાના અભ્યાસી હતા, તેમજ રાજામહારાજાઓ, શાહ-સૂબાઓ તેમજ મોટા શ્રીમંતો તેમનું બહુમાન કરતા હતા. જ્યારે બા૦ ઔરંગઝેબે તેમના જ્ઞાનની પ્રશંસા સાંભળી, ત્યારે તેમને પાલખી મોકલી પોતાની પાસે બોલાવ્યા હતા અને પોતાના મનમાં જે શંકા હતી તે વિશે પ્રશ્નો પૂછ્યા હતા.

પં૦ પ્રતાપકુશળજીએ તે દરેક પ્રશ્નના બરાબર ઉત્તરો આપ્યા હતા. સાથોસાથ બાદશાહના મનની વાત પણ જણાવી હતી. આથી બાદશાહે ખુશ થઈને તેમને ૫-૭ ગામો ઇનામમાં આપવાને જણાવ્યું. પણ પંન્યાસજી ત્યાગી અને નિર્લોભી હતા. તેમણે ગામો લેવાનો ઇન્કાર કર્યો.

મહો૦ સોમવિજયગણિની પરંપરાના તેમજ ભટ્ટા૦ વિજયરત્નસૂરિની આજ્ઞામાં રહેલા પં૦ લાલવિજય ગણિવર અને પં૦ સૌભાગ્યવિજયગણિ સં. ૧૭૫૦માં આગરામાં યાત્રા કરવા પધાર્યા હતા. ત્યારે ત્યાં બા૦ ઔરંગઝેબને મળ્યા હતા. બા૦ ઔરંગઝેબે તેઓને કુશળ સમાચાર પૂછી ભારતમાં શાંતિપૂર્વક રહેવાનું અને નિરાબાધપણે તેઓને વિચરવાનું ફરમાન આપ્યું હતું. (જુઓ પૃ. ૧૪૬, ફરમાન ૧૯મું.)

એક સમયે અજમેરના સૂબાએ અજમેર, મેડતા, સોજત, જયતારણ અને જોનપુર વગેરે શહેરોના જૈન ઉપાશ્રય પોતાના તાબામાં લઈ ખાલસા કરી લીધા હતા. એ સમયે ઔરંગાબાદનો સૂબો અસતખાન, જે મહો૦ સોમવિજયગણિની પરંપરાના (૬૨) પં૦ ભીમવિજયજીનો ભક્ત હતો.

બા૦ ઔરંગઝેબ સં. ૧૭૩૬માં અજમેર ઉપર ચઢી આવ્યો ત્યારે ભટ્ટા૦ વિજયરત્નસૂરિ અને પં૦ ભીમવિજયજીના ઉપદેશથી તેમજ સૂબા અસતખાનની અપીલથી બાદશાહે પં૦ ભીમવિજયજીને તે ઉપાશ્રયો છૂટા કરી પાછા સોંપવાનું ફરમાન લખી આપ્યું હતું; અને જૈન ઉપાશ્રયો સંઘને પાછા સુપ્રત કરાવ્યા હતા.

બા૦ ઔરંગઝેબના સમયે એક સંન્યાસી એક બાળકને ઉઠાવી ગયો. આથી ઔરંગઝેબના અમદાવાદના સૂબા શાહજાદા મહમ્મદ આઝમે સર્વ સંન્યાસીઓને અમદાવાદમાંથી કાઢી મૂક્યા અને સૌને માટે અમદાવાદમાં આવવાનો અને

રહેવાનો મનાઈહુકમ કાઢ્યો. આ સમયે ભટ્ટા૦ વિજયરત્નસૂરિએ સૂબાને મળી, સમજાવી, શાંત પાડી આ હુકમ પાછો ખેંચાવ્યો.

બા૦ ઔરંગઝેબે જૈનાચાર્યોના ઉપદેશથી વિવિધ ફરમાનો આપ્યાં હતાં; જો કે તે મળતાં નથી પણ ઇતિહાસમાં તેના ઉલ્લેખો જોવા મળે છે, તે આ પ્રમાણે –

ફરમાન અઢારમું

બા૦ ઔરંગઝેબે આ૦ હેમવિમલસૂરિની પરંપરાના પં૦ પ્રતાપકુશળને ઇનામમાં પાંચ-સાત ગામ આપી ફરમાન આપ્યું.

ફરમાન ઓગણીસમું

બા૦ **ઔરંગઝેબે** સં. ૧૭૫૦માં આગરામાં મહો૦ **સોમવિજય**ગણિની પરંપરાના પં૦ **લાલવિજય**ગણિ તથા પં૦ **સૌભાગ્યવિજય**ગણિને શાંતિપૂર્વક રહેવાનું ફરમાન આપ્યું હતું. (જુઓ પં૦ સૌભાગ્યવિજયગણિકૃત તીર્થમાળા)

ફરમાન વીસમું

બા૦ ઔરંગઝેબે તપગચ્છના ભટ્ટા૦ **વિજયરત્નસૂરિ** તથા પં૦ ભીમવિજય ગણિના ઉપદેશથી અને ઔરંગઝેબના સૂબા **અસતખાન**ની પ્રેરણાથી, પં૦ ભીમવિજયગણિને ફરમાન આપ્યું કે – ''અજમેરનો સૂબો અજમેર, મેડતા, સોજત, જયતારણ અને જોનપુર વગેરે શહેરના **જૈનોના ઉપાશ્રયો** જેણે જેણે દબાવ્યા હોય તેની પાસેથી પાછા લઈ જૈનસંઘોને સુપ્રત કરે.''

(ગદ્ય ગુજરાતી પટ્ટાવલી, પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨, પૃ. ૨૫૯)

ફરમાન એકવીસમું

બા૦ ઔરંગઝેબના સૂબા **મહમ્મદ આઝમે** પોતાની સૂબાગીરીમાં ''સર્વ સંન્યાસી અને ફકીરોને અમદાવાદ બહાર ચાલ્યા જવાનો હુકમ કર્યો હતો (સં. ૧૭૬૦).'' ભટ્ટા૦ **વિજયરત્નસૂરિ**ના ઉપદેશથી તે હુકમને તેણે પાછો ખેંચી લીધો અને સૌ સંન્યાસીઓને અમદાવાદમાં રહેવાની છૂટ આપી.

દિલ્હીના બાદશાહની ટૂંકી નામાવલિ

૧૨. બહાદુરશાહ આલમ પહેલો –

(રાજ્યકાળ : સને ૧૭૦૭ થી તા. ૧૮-૨-૧૭૧૨, વિ. સં. ૧૭૬૪ અષાડ વદ ૪ થી સં. ૧૭૬૮ ફાગણ વદ ૭.)

તે બા૦ ઔરંગઝેબનો પુત્ર હતો. તેના સમયે અને હૈદ્રાબાદના સૂબા મહમ્મદ યુસુફખાનના રાજ્યકાળમાં હૈદ્રાબાદના જૈન સંઘે સં. ૧૬૬૭ ચૈત્ર સુદ ૧૦ ને રવિવારે પં૦ કેશરકુશલગણિના સદ્‌પદેશથી પરત મળેલ કુલ્પાકજી તીર્થનો

જીર્ણોદ્ધાર કરાવ્યો અને ભ૦ ઋષભદેવ–માણિક્યસ્વામીની તે પંન્યાસજીના હાથે પ્રતિષ્ઠા કરાવી.*

સૂબાએ પં૦ કેશરકુશળગણિને હૈદ્રાબાદ શહેરની બહાર જગદ્‌ગુરુની દાદાવાડી–હીરવિહાર બનાવવા માટે મોટી જમીન ભેટ આપી હતી. જૈન સંઘે ત્યાં પં૦ કેશરકુશળગણિના ઉપદેશથી જ૦ ગુ૦ હીરવિજયસૂરિનો મોટો હીરવિહાર બનાવ્યો. આ સ્થાન આજે હૈદ્રાબાદમાં દાદાવાડી તરીકે પ્રસિદ્ધ છે.

આ અંગેના (બાવીશમા અને ત્રેવીશમા) ફરમાનો નીચે મુજબ જાણવા મળે છે. (જુઓ પ્રક. ૫૫, પૃ. ૪૧૩-૪૧૪ તથા હિંદી વિ. સં. ૧૯૬૨નો હૈદ્રાબાદના સેવાસંઘનો વિશેષાંક–રીપોર્ટ, પૃ. ૪૬)

જૈન સાધુને કુલ્પાકતીર્થ આપ્યાનું ફરમાન

દિલ્હીના ૧૨મા બાદશાહ બહાદુરશાહ આલમ (પહેલા)ના સમયમાં યુસુફખાને વિ. સં. ૧૬૬૭ના પં૦ કેશરકુશળગણિને કુલ્પાક તીર્થ પરત આપ્યું અને જૈનસંઘે તેનો જીર્ણોદ્ધાર કરી પંન્યાસજીના હાથે તેમાં ભ૦ માણિક્યસ્વામી–ઋષભદેવની પુનઃ પ્રતિષ્ઠા કરાવી. (પ્રક. ૨૮, પૃ. ૩૭૬-૩૭૭ તથા જુઓ કુલ્પાકતીર્થના શિલાલેખો.)

હીરવિહાર માટે જમીન ભેટ આપવાનું ફરમાન

સૂબો મહમ્મદ યુસુફખાન પં૦ કેશરકુશળગણિનો ભક્ત હતો. આથી તેણે તેમને હૈદ્રાબાદ શહેરની બહાર જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિનો **હીરવિહાર** (દાદાવાડી) બનાવવા માટે મોટી જમીન ઇનામમાં આપી. સંઘે ત્યાં હીરવિહાર બંધાવ્યો. ત્યારે તપાગચ્છમાં સૌનું હીરવિહાર (દાદાવાડી) બનાવવાનું વિશેષ લક્ષ્ય હતું. પણ આસમાની-સુલતાની વખતે તે હીરવિહાર નાશ પામ્યો અને હૈદ્રાબાદના પ્રસિદ્ધ જૈન અમરશી સુજાનમલજીના સમયે તે જમીનનો પટ્ટો, ફરમાન પણ નાશ પામ્યાં. તે પછી ખરતરગચ્છના સંઘે ત્યાં આ૦ જિનકુશળસૂરિની દાદાવાડી બનાવી છે, જે આજે દાદાવાડી તરીકે પ્રસિદ્ધ છે. આ જમીનનું ફરમાન કે પટ્ટો મળતાં નથી, પણ સૌ કોઈ જાણે છે કે–સૂબાએ આ જમીન પં૦ કેશરકુશળ ગણિને આપી હતી. અમને લાગે છે કે આ૦ જિનકુશલસૂરિ અને પં૦ કેશરકુશલ ગણિ એ બન્નેનાં નામોમાં કુશલ શબ્દ હોવાથી તે સ્થાન દાદાવાડી બન્યું હોય.

૧૩. જહાંદરશાહ – (રાજ્યકાળ : તા. ૧૭-૪-૧૭૧૨ થી ૧૭૧૩; વિ. સં. ૧૭૬૯ ચૈત્ર શુદિ ૧૫ થી સં. ૧૭૭૦) તે શાહઆલમનો પુત્ર હતો.

★ કુલ્પાકજી તીર્થ આંધ્રપ્રદેશના હૈદ્રાબાદથી લગભગ ૮૦ કિ.મી. અને આલેર સ્ટેશનથી ૬ કિ.મી. દૂર આવેલ છે. અહીં ભ૦ ઋષભદેવની પ્રતિમા ફિરોજ રંગની છે અને ભ૦ મહાવીરની પ્રતિમા માણિક્ય જેવી નીલવર્ણી છે.

૧૪. બા૦ ફરુખશિયર – (રાજ્યકાળ : તા. ૧૦-૧-૧૭૧૩ થી ૧૭૧૯ સં. ૧૭૭૦ મહા વદિ ૧૦ થી ૧૭૭૫ ફાગણ સુદ ૯.)

તે જહાંદરશાહનો ભત્રીજો હતો. તેણે સં. ૧૭૭૦માં જૈનાચાર્ય ભટ્ટારક દેવેન્દ્રસૂરિને મોટું માન આપ્યું હતું અને ફરમાન આપ્યું હતું.

જૈનાચાર્યને બહુમાન આપતું ફરમાન

(**સૂચના** : ૧૪મા બાદશાહ ફરૂખશિયરે જૈનાચાર્ય અને જૈન ગૃહસ્થને સન્માનતાં ફરમાન આપ્યાં હતાં, જે અનુક્રમે નં. ૨૪ અને ૨૫ છે.)

મૂળ ફરમાન ઉર્દુ લીપીમાં છે. તેમાં અક્ષરશઃ નાગરી લીપીમાં નીચે પ્રમાણે લખાણ છે –

'इस नेक घडी में यह फरमान जारी हुआ. जिसकी एनायत फर्झ है, और इस पर यकीन करना झरुरी है. चुंकि साबिक तरीके पर बडी सल्तनतके तख्तको बुलंद करनेवाले और सबको वसी रियासतके अलम गाडनेवाले, तख्तशाही पर बैठनेवाले, सल्तनत के कवानी और बडाईकी हलीलको मजबुत करनेवाले, सफाई और बरमुझीद के चमकदार मोती, हक्क पसंद हकीकतकी बुनियाद ज्यादा कानून और एकताई (खूदा) को पहचाननेवाले, **बादशाह जमशेद** जैसी इज्जत रखनेवाला, सरमाये (Capital) का मालिका खूदाको देखनेवाला, सच्चाईसे वाकिफ, हझरत (खालीजील्ल) (फरुखशियर बादशाह) ने

अनेक शकल सुह उपमान, बिराजमान, इझझतकी मजलीसके झीना, परम सतगुरु, **जगतगुरु**, जगतश्रीपूज्य, स्वामीनाथ, जगत आचार्य, परमस्वरूप, धरमजगत, चक्रवर्ती, ठारक **भट्टारक** इन्दरिसिंह महंतसिरिजी महाराज जैन बादशाह स्त्रीकार इस्तुतरंक बिराजमान श्री बाबाजी हश **सेलजी** और स्वाामी साहब–भद्रजी **देवसिरिचरण** को

"जो बडा मरतबा और बुलंद पाया रखते हैं, अपने तर्फ बादशाहने शर्फ बारियाबी बक्षी (मुलाकात आपी), और दुआ देते वख्त" ताझीम साष्टांग दंडवत बहु प्रणाम के साथ, जो तख्त खास पर दो आसन जमा कर, हझरत अर्दा अकदस्त (फरुखशियर बादशाह) के सामने बैठनेकी इझाझत रखते है.

और तख्तरवां छायादार छत्र छुल (चामर) आफताबी (लोटा).... और सोने चांदीकी दस्ती (छडी) वगैरह ये तमाम शाही जुलुस बादशाही के तर्फसे नझरे नेयाझ (भेट) दिया हुआ है. और ये इज्जत महेफूझ और जारी रख कर तमाम कौम हो नदि (हिंदु) और मुसलमान बगैराह को (हुकम दिया जाता है) के "इझजतसे पेश आकर मजकुरके आगे नझर नेयाझ (भेट) दे और सतगुरु पूज्य समझें और ये मरतबा आयंदा मुकरर हो जाय."

"चाहिये कि मुअझझद (इज्जतवाळा) शाहझादे साहेब, अख्तेदार वझीर, सल्तनत और खिलाफतके पाय तख्तके बलेद मरतबा उमरा जागीरदार, करोडगीर (टोलटेक्स लेनेवाले), मुक्काम (हाकेम), उग्माल (आमील), मुत्सद्दी, जो बादशाही कामोके, अंजाम देनेवाले है."

"सरकार दोलतमदारके तमाम महालत के झमींदार, रजवाडे, और खास आम तमाम मळलुक (प्रजा) हमेशा हमेशा इन्के हुकमोंकी तामील (ताबेदारी) में अपती नेकबख्ती समझें."

"मझकुरको सतगुरु, पूज्य, हझरत, श्रीजी, जानकर साष्टांग दंडवत बहु प्रणाम करें, और साल बसाल हर फसलमें हर जगहसे **एक रुपया एक नारियल** भेंट चढावें. और मझहबी कानूनमें इनकी पैरवीसे बहार न जाय. और तमाम कौमके लोक **अपना गुरु** समझें."

और जो कोई इस मामलेमें जरा भी फर्क करेगा वो दीनके खिलाफ होगा.

"खास कर तमाम बक्काल और जैन लोग इनकी तरफ तवज्जुह करके, 'अपने मझहब पर रह कर' इनकी खिदमत करनेको सच्ची इबादत जाने."

और जो कोई जैनीके कानून और मझकुर के हुकमसे टेडा (आडो) होकर चलेगा तो "अपने मझहबकी किताबोंके माफिक" इन स्वामी सजा देनेमें... (मूळ फरमाननो केटलोक भाग अहीं नाश पाम्यो छे)

तमाम लोक अपने हादी (Leader) की ताझीम और कदमबोसी..... (करें), और सिंहासन पर बिठाकर, अपनी ताकतके मुताबिक भेंट दे.... हो मझकुर स्वामी साहबान के इज्जत अकझाई नरके रोशन करनेवाले हझूरके तर्फ से (की जा रही है) पशी (पछी) "इस फरमान जो मौतकी तरह अटल है." किसी तरहसे खिलाफ न करें और लीखे हुए पर अमल करें.

तारीख १ शावान महिना सन अेक जुलुस मोअल्ला (राज्याभिषेकनुं पहेलुं वर्ष) में लिखा गया.

फरमानके पीछे की मोहर.

सिपाहसालार यार वफादार फिदवी कुत्बुलमुल्क यमीनद्दौला सैयद अब्दुल्लाखान बहादूर जफरजंग महम्मद फरुखशियर बादशाह गाझी, हीजरी ११२५ (इ. स. १७१३).

नोंध – બા૦ ફરૂખશિયરે "જૈન ભટ્ટારક દેવેન્દ્રસૂરિ"ને જૂલસી સન–૧ શાઅબાન તા. ૧ લી, હીજરી સન–૧૧૨૫, ઈ. સ. ૧૭૧૩, વિક્રમ સંવત ૧૭૭૦માં ફારસીમાં ઉપર પ્રમાણે ફરમાન આપ્યું હતું.

અમને શિરોહી રાજ્યના રોહિડા ગામના એક જૈનૈ વિ. સં. ૨૦૦૩ના ચોમાસામાં આ મૂળ ફરમાન વગેરે આપ્યાં હતાં. તેને આ ફરમાન એક સોની પાસેથી જૂના કાગળો અને જૂના પુસ્તકો સાથે મલ્યું હતું. તે સોનીના દાદાને કોઈ યતિ સાથે ગાઢ સંબંધ હતો. ત્યારે તેની પાસેથી તે સોનીના દાદાને આ કાગળો-પુસ્તકો વગેરે મળ્યાં હતાં.

સંભવ છે કે તે **યતિ** આ ફરમાનવાળા ભટ્ટારકના ઉત્તરોત્તર વારસદાર હોય !

આ ફરમાનની બન્ને બાજુના ફોટાઓ, તેનું ઉર્દુ લીપીને બદલે ''નાગરી લીપી''માં પૂરું લખાણ અને તેનો ગુજરાતી **અનુવાદ શ્રી હરિન શાહે** વિ. સં. ૨૦૧૮ અષાડ વદિ ૧૩ તા. ૨૯-૭-૧૯૬૨, રવિવારના દૈનિક સંદેશ પત્રનાં (વર્ષ–૪૦, અંક ૩૧૫નાં) ૭મા પાનામાં પ્રકાશિત કરાવ્યાં છે.

આ ફરમાનમાં બાદશાહી સહી-સિક્કાઓ સાથે બન્ને બાજુ લખાણ છે. અમે આ ફરમાન અમદાવાદની જૈન સોસાયટીના શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવનનાં **શ્રી ચારિત્રવિજય જૈન જ્ઞાનમંદિરમાં** મૂક્યું છે.

અમે આ ફરમાન મુંબઈના ''પ્રીન્સ ઓફ વેલ્સના મ્યુઝિયમ''માં આગમપ્રભાકર પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મ. મારફત મોકલી, સાફ કરાવ્યું છે.

આ ફરમાનનું પાઠ વાંચન અને ગુજરાતી અનુવાદ અમદાવાદના ખાનપુર સૈયદવાડાના વતની અને અમદાવાદની ગુજરાતી વર્નાક્યુલર સોસાયટી (વિદ્યાસભા)ના સૈયદ ''અબૂઝફરદવી'' પાસે તૈયાર કરાવ્યાં હતાં. જે પાઠ વાંચન ઉપર નાગરી લીપીમાં આપેલાં છે.

ફરમાનમાં જૈન ભટ્ટારક **ઈન્દ્રસૂરિનું** નામ વંચાય છે; પરંતુ અમને લાગે છે કે આ૦ ઇન્દ્રસૂરિ તે **ભટ્ટારક દેવેન્દ્રસૂરિ** હોય.

સૌ કોઈ સમજી શકે છે કે ઉર્દુલીપીમાં રેખાક્ષરોની યોજના છે. આથી દેવેન્દ્રસૂરિ નામ લખવું હોય તો દેવીંદસૂરિ અથવા દેવઈન્દ્રસૂરિ એવાં નામ સરલતાથી લખાય જાય તેમ છે. તે સમયે ભટ્ટા૦ ઇન્દ્રસૂરિનો સ્પષ્ટ પરિચય મળતો નથી.

અમે આગળ જૈન પરંપરાના ઇતિહાસ (પ્રક. ૪૦, પૃ. ૩૪૫ થી ૩૪૭)માં રૂદ્રપલ્લી નગર અને સં. ૧૫૦૧ સુધીની રૂદ્રપલ્લીગચ્છના ભટ્ટારકો–યતિઓની પરંપરા બતાવી છે. તેમજ પ્રક. ૫૧ના પૃ. ૫૧૩ થી ૫૧૫માં રૂદ્રપલ્લીગચ્છના ભટ્ટારકો–કુલગુરુઓની છેલ્લી પરંપરા આપી છે, તેના આધારે નક્કી છે કે રૂદ્રપલ્લી-ગચ્છની દિલ્હીની ગાદીએ ભટ્ટા૦ જ્ઞાનસાગરસૂરિ તથા આગરાની ગાદીએ દેવેન્દ્રસૂરિ થયા હતા.

આથી ખુશીપૂર્વક તારવી શકાય છે કે – બા૦ ફરૂખશિયરે વિ. સં. ૧૭૭૦માં આગરામાં ભટ્ટા૦ દેવેન્દ્રસૂરિને તેમણે બાદશાહનું કુટુંબ કે રાજ્ય કે પ્રજા ઉપર કરેલ કોઈ મોટા ઉપકારના બદલામાં બહુમાન કરવાનું આ ફરમાન આપ્યું હોય.

સૂબાઓ – તેણે ગુજરાતમાં ચાર સૂબાઓ મોકલ્યા હતા. તેમાં ત્રીજો દાઉદપની, ચોથો મહારાજા અજિતસિંહ અને તેના વતી સને ૧૭૧૯માં અનોપ (કે રતનસિંહ) ભંડારી અમદાવાદ આવ્યો હતો. (પ્રક. ૫૭, પૃ. ૪૪)

[**સંપાદકીય નોંધ** : દિલ્હીમાં ચાંદની ચોકમાં આવેલ કિનારી બજારમાં નૌધારા મહોલ્લામાં શ્રી સુમતિનાથ ભગવાનનું અતિ પ્રાચીન, અલૌકિક અને કલા-કારીગરીપૂર્ણ જિનાલય છે. આ જિનાલયનો જીર્ણોદ્ધાર (૧૪મા) બાદશાહ ફર્રૂખશિયરના સમય (સને ૧૭૧૩ થી ૧૭૧૯)માં શાહી ખજાનચી શેઠ ઘાંસીરામજીએ કરાવ્યો હતો; તેમાં જગતશેઠ માણિક્યચંદનું પણ વિશેષ યોગદાન હતું. જિનાલય–ટ્રસ્ટની એક પત્રિકામાંથી ઉદ્‌ધૃત.]

૧૫. રફિઉદરજાત – (રાજ્યકાળ : તા. ૧૮-૨-૧૭૧૯ થી તા. ૨૮-૫-૧૭૧૯; ચૈત્ર સં. ૧૭૭૫ના ફાગણ સુદ ૧૦ થી ૧૭૭૬ના અ. વદ ૬.) તે બા૦ ફરુખશેખરનો પુત્ર હતો.

તેણે ગુજરાતના સૂબા તરીકે રાજા અજિતસિંહને મોકલ્યો હતો.

૧૬. રફિઉદ્દોલા – (રાજ્યકાળ : તા. ૨૯-૫-૧૭૧૯ થી તા. ૧૧-૯-૧૭૧૯; ચૈત્રાદિ વિ. સં. ૧૭૭૬ અ. વદ ૭ થી સં. ૧૭૭૬ આ. શુદ ૯.) તે બા૦ રફિઉદરજાતનો પુત્ર હતો.

૧૭. બા૦ મહમ્મુદશાહ – (રાજ્યકાળ : તા. ૧૯-૯-૧૭૧૯ થી તા. ૧૬-૪-૧૭૪૮; ચૈત્રાદિ વિ. સં. ૧૭૭૬ દ્વિ. આસો વદ ૨ થી સં. ૧૮૦૫ વૈશાખ વદ અમાસ.) તે ૧૩મા બા૦ જહાંદરશાહનો ભત્રીજો હતો.

બા૦ મહમ્મુદના સમયે સને ૧૭૩૯ (વિ. સં. ૧૭૯૧)માં સુલતાન નાદીરશાહે હિંદુસ્તાન ઉપર સવારી કરી હતી. બા૦ મહમ્મુદ તથા તેની એક દાસીએ સ્વદેશના અભિમાનથી બાદશાહી રાજમહેલના ઝરૂખામાંથી કિલ્લાના પાણીમાં ઝંપલાવ્યું હતું; પરંતુ સુલતાને તે બન્નેને બચાવ્યા, બન્નેના દેશાભિમાનની પ્રશંસા કરી અને બા૦ મહમ્મુદને દિલ્હીની ગાદીએ પોતાને હાથે બેસાડ્યો હતો.

બા૦ મહમ્મુદશાહ અને જોધપુરના રાજા અભયસિંહ રાઠોડ દ્વારા સં. ૧૭૮૯ થી સં. ૧૭૯૩ સુધી રત્નસિંહ ભંડારી ગુજરાતનો સૂબો રહ્યો હતો. તેણે સં. ૧૭૯૧માં શત્રુંજયતીર્થમાં વિમલવસહીમાં નવો જિનપ્રાસાદ બનાવ્યો અને તેમાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની મૂર્તિની ભટ્ટા૦ વિજયદયાસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

સં. ૧૭૯૧માં છીપાઓએ પણ છીપાવસહીનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.
(શત્રુંજય તીર્થનો ફરમો હસ્તલિખિત–મોટું વર્ણન)

૧૮. બા૦ અહમ્મદશાહ – (રાજ્યકાળ : તા. ૨૦-૪-૧૭૪૮ થી તા. ૨-૬-૧૭૫૪; સં. ૧૮૦૫ના વૈશાખ સુદ ૪ થી સં. ૧૮૧૧ના જેઠ સુદ ૧૨.) તે બા૦ મહમ્મુદનો પુત્ર હતો.

૧૯. આલમશાહ બીજો – (રાજ્યકાળ : તા. ૨-૬-૧૭૫૪ થી તા. ૨-૯-૧૭૫૯.) તે બા૦ જહાંદરનો બીજો પુત્ર હતો. તેનું બીજું નામ અલીખાન પણ મળે છે.

૨૦. શાહજહાં બીજો – (તા. ૨-૯-૧૭૫૯ થી તા. ...-૧૨-૧૭૫૯; સં. ૧૮૧૬ મા. સુદ ૧૦ થી સંવત ૧૮૧૬.)

આ સમયે મીર કાસિમ બંગાલનો નવાબ બન્યો.

૨૧. શાહ આલમગીર (ત્રીજો) – (રાજ્યકાળ : તા. ૨૫-૧૨-૧૭૫૯ થી તા. ૧૯-૧૧-૧૮૦૬; સં. ૧૮૧૬ પો. સુદ ૬ થી ૧૮૬૩ કા. સુદ ૯)

શાહ આલમ નામ માત્રનો બાદશાહ હતો; પરંતુ વાસ્તવમાં રાજસત્તા સંધિયાના હાથમાં હતી. બા૦ આલમે ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી ૨૬ લાખ રૂપિયાનું વર્ષાસન લઈ અલ્હાબાદમાં જઈ વાસ કર્યો.

૨૨. બા૦ અકબરશાહ – (રાજ્યકાળ : તા. ૧૯-૧૧-૧૮૦૬ થી તા. ૨૯-૯-૧૮૩૭; વિ. સં. ૧૮૬૩ના કા. સુદ ૯ થી ૧૮૯૪ આ. વદ અમાસ)

૨૩. બા૦ બહાદુરશાહ (બીજો) – (રાજ્યકાળ : તા. ૩૦-૯-૧૮૩૭ થી સને ૧૮૫૭; વિ. સં. ૧૮૯૪ આ. સુદ ૧ થી સં. ૧૯૧૪)

ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ સને ૧૮૫૭માં તેનું વર્ષાસન બંધ કર્યું અને તેને પકડી, કેદ કરી, રંગુન મોકલી દીધો.

મોગલ બાદશાહોએ નીમેલા ગુજરાતના સૂબાઓ

બાદશાહ અકબર (પૃ. ૧૧૮ થી ૧૩૬) –

બાદશાહ અકબરે તા. ૨-૯-૧૫૭૩ના અમદાવાદ જીતી લઈ, ફતેપુરસિક્રી આવી, ગુજરાતમાં એક પછી એક એમ ૯ સૂબા મોકલ્યા હતા. ગુજરાતના જૂના બા૦ મુજફ્ફર સને ૧૫૮૩માં મરણ થયા બાદ અકબરે પોતાના સાવકા ભાઈ **ખાન આઝમ અજીજ કોકા**ને ગુજરાતનો પ્રથમ સૂબો બનાવી મોકલ્યો. બા૦ અકબરે શેખ અબુલફજલને સૌરાષ્ટ્રમાં સાત વર્ષ રાખ્યો. તેણે મહેસૂલની વ્યવસ્થા માટે સૌરાષ્ટ્રના આ પ્રકારે નવ ભાગ પાડ્યા –

૧ ઝાલાવાડ, ૨ સોરઠ, ૩ **શત્રુંજય વિભાગ**, ૪ વાલાક, ૫-૬-૭ વાઘેલાઓનો વિભાગ, ૮ કાઠી અને ૯ નાનો કચ્છ વગેરે.

બા૦ અકબરે ૧. ખાને આઝમ મિરઝા અજીજ કોકા, ૨. મિરઝાખાન–સને ૧૫૭૫, ૩. શાહબુદ્દીન, ૪. ગુજરાતી અમીર ઈતમાદખાન, ૫. મિરજા અબદુલ રહીમ–સને ૧૫૮૩, ૬. ઈસ્માઈલ કુલીખાન, ૭. મિરઝા અજીજ કોકા, ૮. શાહજાદો મુરાદબક્ષ અને ૯. મિરઝા અજીજ કોકા – એ નવ સૂબાઓને મોકલ્યા હતા.

(૧, ૭, ૯) **સૂબો ખાને આઝમ મિરઝા અજીજ કોકા** –

આ સૂબાઓ પૈકી ૧, ૭, ૯ **ખાને આઝમ મિરઝા અજીજ કોકા**, તેનાં મિરઝા, અજીજ, અજીજ કોકા, મિરઝા અજીજ કોકા વગેરે નામો મળે છે. તે બા૦ અકબરનો દૂધભાઈ હતો. બાદશાહ તેની ઉપર ઘણો પ્રેમ રાખતો હતો.

કોકા બોલવામાં ચતુર હતો, મોટો કવિ હતો, ભારે લડવૈયો હતો અને રમુજી હતો. તે અવારનવાર બા૦ અકબરને ચીડવતો હતો. બા૦ અકબર સૌને કહેતો કે કોકા અને મારી વચ્ચે **દૂધની નદી** છે. હું તેને ઓળંગીશ નહીં.

ખાન સૌને કહેતો કે પુરુષે ચાર પ્રકારની સ્ત્રીઓ રાખવી જોઈએ. (૧) વાર્તાવિનોદ માટે ઈરાની, (૨) ઘરકામ માટે ખુરાસાની, (૩) બાલ-બચ્ચાંના ઉછેર માટે હિંદુસ્તાની અને (૪) સ્ત્રીઓ ઉપર કડપ બેસાડવા, મારપીટ કરવા માટે ઉન્નહરી. (–ગુજરાતનું પાટનગર અમદાવાદ, પ્ર. ૪૯, પૃ. ૭૨૫)

તે બા૦ અકબર વતી ગુજરાતનો સૌથી પહેલો સૂબો હતો. તેમજ અકબરના સમયે સને ૧૫૮૭ થી ૧૫૯૨ સુધી સાતમો અને સને ૧૬૦૦ થી ૧૬૦૫ સુધી નવમો બન્યો હતો. તે પછી બા૦ જહાંગીરના સમયે પણ સને ૧૬૦૯ થી ૧૬૧૧ સુધી ગુજરાતનો સૂબો બનીને આવ્યો હતો.

તે સને ૧૫૯૨માં શાહજાદા **મુરાદબક્ષને** પોતાની સૂબાગીરી સોંપીને દીવ, માંગરોલ થઈ મક્કા તરફ હજ (યાત્રા) કરવા માટે ગયો. હજ કરવા જતાં તેની સાથે તેનાં ૬ પુત્રો, ૬ પુત્રીઓ અને ૧૦૦ નોકર-ચાકરો હતા.

શરૂઆતથી જ તે આ૦ હીરવિજયસૂરિનો ભક્ત હતો. સને ૧૫૯૪માં તે હજ કરીને ભારત પાછો આવ્યો, ત્યારે જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિ પોતાના પરિવાર સાથે સૌરાષ્ટ્રના ઉના શહેરમાં ચાતુર્માસ હતા. ખાને વિ. સં. ૧૬૫૧-૫૨માં ઉના જઈ **જગદ્‌ગુરુને** વંદન કર્યું.

તે છેવટે દીન-ઈ-ઈલાહી ધર્મમાં દાખલ થયો હતો. તે અમદાવાદમાં મરણ પામ્યો, તેની કબ્ર સરખેજમાં બની હતી.

તેણે પોતાની પુત્રીનો ખુશરૂ (શાહજાદા જહાંગીરના પુત્ર) સાથે વિવાહ કર્યો હતો. તેની ઇચ્છા હતી કે ''બા૦ અકબરના મરણ બાદ શાહજાદો ખુશરૂ દિલ્હીનો બાદશાહ બને.''

ખુરમ – અજીજ કોકાને **ખુરમ** નામે પુત્ર હતો, જે સૌરાષ્ટ્રનો નાયબ સૂબો હતો. તે ઉગ્ર સ્વભાવનો અને ઝનૂની હતો. તે પ્રજાને બહુ ત્રાસ આપતો.

અજીજ કોકા ગુજરાતનો (સં. ૧૬૪૪ થી ૧૬૪૯ સુધી) ૭મો સૂબો બની આવ્યો ત્યારે **પુત્ર ખુરમ** સોરઠનો અમલદાર હતો. તેણે કોઈની ચડવણીથી કે

ધર્મના ઝનૂનથી શત્રુંજય તીર્થના મોટા **જિનપ્રાસાદનો** નાશ કરવા માટે પહાડ ઉપરનાં ઝાડ કપાવી, એ ઝાડનાં લાકડાં મંદિરની ચારે બાજુ ગોઠવ્યાં. તેનો ઇરાદો હતો કે મંદિરને બાળી રાખ બનાવવું. ત્યારે **આ૦ વિજયહીરસૂરિ વતી** આ૦ વિજયસેનસૂરિએ આ ઘટના લાહોરમાં ઉ૦ ભાનુચંદ્રગણિને લખી જણાવી; અને શેઠ હરખચંદ પરમાનંદે બા૦ અકબરને અરજી મોકલી, આ ઘટના જણાવી ન્યાય માગ્યો. બા૦ **અકબરે** ઉ૦ ભાનુચંદ્રગણિના કહેવાથી, ચૈત્રાદિ સં. ૧૬૪૭ના આસો વદ અમાસના રોજ શાહજાદા જહાંગીર પાસે ફરમાન લખાવી સૂબા મીરઝા કોકા ઉપર મોકલ્યું. તેમાં 'કોઈ સૂબો કે અમલદાર કોઈ જાતની આવી ભૂલ ન કરે તે માટે તાબડતોબ મનાઈ હુકમ કર્યો.' આ રીતે ખુરમને તે ભૂલ કરતાં રોક્યો. ઉપરાંત, 'કોઈ અમલદાર ફરી ફરી આવી ભૂલ ન કરી બેસે' એટલા ખાતર જૈનોની માગણીથી બા૦ અકબરે આ૦ હીરવિજયસૂરિને સં. ૧૬૪૯ વૈશાખ સુદ ૧૦ના રોજ શત્રુંજય વગેરે તીર્થો ઇનામમાં આપવાનું ફરમાન લખી મોકલ્યું. સાથોસાથ આ૦ વિજયસેનસૂરિને લાહોર પધારવા વિનંતી પણ કરી હતી.

(પ્રક. ૫૮, પૃ. ૧૨૪, કલમ : ૫; પૃ. ૧૫૮ થી ૧૬૨, ફરમાન નં. ૩ અને ૪)

ખુરમ સં. ૧૬૬૮માં જૂનાગઢમાં હતો ત્યારે **આ૦ વિજયસેનસૂરિએ** તેને ઉપદેશ આપી પ્રજાપ્રેમી બનાવ્યો હતો. એ ત્યારે આ૦ વિજયસેનસૂરિનો ભક્ત બન્યો હતો.

(૩) **શાહબુદ્દીન** – તેનાં બીજાં નામો અહમદ, અહમદખાન અને સાહિબખાન પણ જાણવા મળે છે. તે પ્રથમ માળવાનો સૂબો હતો. તે પછી સને ૧૫૭૭ થી ૧૫૮૩ સુધી ગુજરાતનો સૂબો બન્યો.

તેણે બીજાની ભંભેરણીથી ગુસ્સે થઈ વિ. સં. ૧૬૩૬માં અમદાવાદમાં આ૦ હીરવિજયસૂરિને ત્રાસ આપ્યો હતો, પરંતુ જ્યારે બા૦ અકબરનું આ૦ હીરવિજયસૂરિને આમંત્રણ આપતું ફરમાન જોયું, ત્યારે તે જ આચાર્યશ્રીને ખંભાતથી અમદાવાદ માન-સન્માન પૂર્વક લઈ આવ્યો અને તેમને ફતેપુરસિક્રી મોકલવા માટે બધી સગવડો કરી આપી. (પૃ. ૯૦ થી ૯૩)

(૪) **ઇતમાદખાન** – તે ગુજરાતના જૂના બા૦ અહમદ અને બા૦ મુજફરનો મોટો વજીર હતો. તે 'ગુજરાતી અમીર' મનાતો હતો. અકબરે તેને સને ૧૫૮૩-૮૪માં ગુજરાતનો સૂબો બનાવ્યો.

બા૦ અકબરે ફતેપુરસિક્રીમાં જ્યારે આ૦ હીરવિજયસૂરિનો પરિચય માગ્યો, ત્યારે સૂબા ઇતમાદખાને તેમના સાધુજીવનની ઘણી પ્રશંસા કરી હતી.

(૮) શાહજાદો **મુરાદબક્ષ** – તે બા૦ અકબરનો પુત્ર હતો. તેનું બીજું નામ **પહાડી** પણ મળે છે. તે ભારે શરાબી હતો.

જ્યારે મિરઝા અજીજ કોકાને મક્કાની હજ કરવા જવાનો વિચાર થયો ત્યારે તે શાહજાદા મુરાદબક્ષને ગુજરાતમાં સાથે લઈ આવ્યો અને તેને ગુજરાતની સૂબાગીરી સોંપી પોતે હજ કરવા રવાના થયો.

શાહજાદો મુરાદ ફતેપુરસિક્રીથી જ આ૦ હીરવિજયસૂરિ અને મહો૦ શાંતિચંદ્રગણિનો ભક્ત હતો.

બા૦ અકબરે જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિને સં. ૧૬૪૯માં શત્રુંજય તીર્થ ભેટ કર્યું હતું. આથી આચાર્યદેવ પાટણના જૈનોના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રાએ જતાં વિ. સં. ૧૬૫૦માં અમદાવાદ પધાર્યા ત્યારે શાહજાદા મુરાદે જગદ્‌ગુરુ તેમ જ સંઘનાં બહુ સત્કાર-સન્માન કર્યાં હતાં અને આચાર્યશ્રીની **પૂજા** કરી હતી.

શાહજાદો મુરાદ સને ૧૬૦૦માં મરણ પામ્યો ત્યારે મિરઝા અજીજ કોકા ગુજરાતનો ''નવમો સૂબો'' બનીને આવ્યો.

બા૦ જહાંગીર (પ્રક. ૫૮, પૃ. ૧૩૬ થી ૧૪૪) –

તેણે ગુજરાતમાં એક પછી એક, ૧. કાલીજખાન, ૨. સૈયદ મૂર્તિઝખાન બુખારી સને ૧૬૦૩, ૩. મિરઝા અજીજ કોકા સને ૧૬૦૯ થી ૧૬૧૧, ૪. અબ્દુલ્લાખાન ફિરોજજંગ, ૫. મકબરખાન, ૬. શાહજાદો શાહજહાન, ૭. શાહજાદા ખુશરૂનો પુત્ર દાવરબક્ષ અને ૮. સૈફખાન એમ આઠ સૂબાઓ મોકલ્યા હતા. (પ્રક. ૫૮, પૃ. ૧૪૪)

મોગલ બાદશાહના ફરમાનો

દિલ્હીના મોગલ બાદશાહોએ જૈનાચાર્યો, જૈન સેવડા-સાધુ અને જૈન ગૃહસ્થોને જુદી જુદી જાતનાં ફરમાનો આપ્યાં હતાં. બાદશાહ બાબરે ભટ્ટારક હેમવિમલસૂરિની પરંપરાના મહો૦ સહજકુશલગણિને અહિંસાનું ફરમાન આપ્યું હતું તેમજ જજિયાવેરો માફ કર્યો હતો. (પ્રક. ૫૮, પૃ. ૧૦૯)

આ ફરમાન કે તેની વિગત મળતી નથી. બાદશાહ અકબર વગેરેના ફરમાન અવશ્ય મળે છે. બા૦ અકબરનાં ફરમાનોમાં (૧) જુલસી સન, (૨) ઇલાહી સન, (૩) હીજરી સનનાં વર્ષો વગેરેની નોંધ સ્પષ્ટ રીતે મળે છે.

ઇલાહી સન – ઇલાહી નામે જૂનો સન ચાલતો હતો. બા૦ અકબરે ગાદીએ બેઠા પછી ૨૯મા વર્ષે એટલે હીજરી સન ૯૯૨ વર્ષે વિ. સં. ૧૬૪૧ અને

ઈ. સ. ૧૫૮૪ થી પોતાના નવા મતને **'દીન-ઈ-ઈલાહી'**નું નામ આપી હીજરી સનને બદલે **સૌર ઈલાહી સનનો** પ્રચાર કર્યો હતો.

બા૦ અકબરે પોતાના ઇલાહી સનમાં ઈરાની મહિનાઓનાં નામ રાખ્યાં હતાં અને ઇલાહી સનના ફરવરદીન મહિનાની તા. ૧ થી તેનો પ્રારંભ કરાવતો હતો. અને તે જ દિવસે પોતાના રાજ્યાભિષેકનો ઉત્સવ મનાવતો હતો. આથી આ નવા સનનાં (૧) ઇલાહી સન અને (૨) જુલુસ (જુલસી) સન એમ બે નામો મળે છે. (પ્રક. ૫૮, પૃ. ૧૨૫–ટિપ્પણી)

હીજરી સન – આ સન મહમ્મદ પેગંબરથી શરૂ થયેલો છે. તેનો પ્રારંભ હિંદી મહિનાઓની સુદિ ૧ અથવા સુદિ ૨ થી થાય છે. હિંદી મહિનાઓમાં વૃદ્ધિ થાય ત્યારે આ મહિનાઓમાં વૃદ્ધિ થતી નથી. આથી ત્રણ-ચાર વર્ષે હિંદી મહિનાઓથી આ મહિનાઓ જુદા પડી જાય છે.

બા૦ જહાંગીરે પણ પોતાના રાજ્યાભિષેકનો ઉત્સવ ઇલાહી સનના ૫૧મા વર્ષને પોતાનો જુલસી સન એક (૧) માની અને ફરવરદીન મહિનાની તા. ૧ થી મનાવતો હતો.

બા૦ શાહજહાંએ પોતાના રાજ્યાભિષેકનો ઉત્સવ ઇલાહી સનના ફરવરદીન મહિનાની તા. ૧ના રોજ ન મનાવતાં હીજરી સનના મહોરમ મહિનાની તા. ૧ થી મનાવવો શરૂ કર્યો.

ઇલાહી સન, જુલુસ સન અને હીજરી સન આ ત્રણેને એક સાથે ગોઠવવાની ગરબડમાં અથવા ઉર્દુલિપિમાં એક બારીક રેખા પણ નવો શબ્દ બનાવતી હોવાના કારણે અગર આવા કોઈ બીજા ગમે તે કારણે ફરમાનોની **સાલવારીમાં ફરક મળે છે.** જુઓ ફરમાન નં. ૨, ૬, ૧૧.

આજ કારણે ફરમાન નં. ૪માં મહિનાનો ફરક પડ્યો હોય એવો સંભવ છે. ગણિતશાસ્ત્રીઓ આને ઠીક કરવા પ્રયત્ન કરે એ ઇચ્છવા યોગ્ય છે.

રા૦ બ૦ પં૦ **ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ** દિલ્હીના બાદશાહોનો હીજરી સન તથા મારવાડ અને મેવાડના રાજાઓ અને સરદારો વગેરે હિંદુઓના વિક્રમ સંવતનો મેળ મેળવવા માટે ચૈત્રાદિ વિ. સં. ૧૬૦૪ થી વિ. સં. ૧૯૧૪ સુધીના **ચંડાશુચંડુ** પંચાંગના કોઠાઓના આધારે ફરવરદીન તા. ૧ નો ઇલાહી સન, હીજરી સન, વિક્રમ સંવત અને ઈસ્વીસનના મહિનાઓ તથા તિથિ–વાર–તારીખો સ્પષ્ટ કરી 'મોગલ બાદશાહો કે જુલસી સન' નામે લેખ પ્રકાશિત કર્યો હતો.

અમે ઉક્ત લેખ તથા બીજા મળતા સાધનોના આધારે અહીં મોગલ

બાદશાહોનાં ફરમાનોની સાલવારી વગેરે સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. તે ફરમાનો (વટહુકમો) આ પ્રકારે છે :

બા૦ અકબરનાં ફરમાનો નં. ૧ થી ૭ (નં. ૮માં બે પત્રો)

અહિંસાનું ફરમાન (પહેલું)

અકબર બાદશાહ લખે છે : મારી ભાવના છે કે મારી પ્રજા પ્રસન્ન રહે, આકર્ષિત રહે, એવું શુભ આચરણ આપણે કરવું જોઈએ. ગમે તે મતનો મહાપુરુષ હોય, તે જો પવિત્ર રહે, આત્મધ્યાનમાં મસ્ત રહે, પ્રભુનાં ધ્યાનમાં મગ્ન રહે તો હું તેના બાહ્ય વ્યવહારને ન જોતાં તેના માનસિક અભિપ્રાયને જોવા તેની **સોબત** કરી **વિચાર વિનિમય** કરું છું. મને આવા મહાપુરુષો પ્રત્યે પ્રેમ થાય છે. હું આવા કાર્યને પસંદ કરું છું. આ માટે મેં ગુજરાતથી આ૦ **હીરવિજયસૂરિને** અહીં બોલાવ્યા હતા. તે સપરિવાર અહીં આવ્યા છે. તેમનામાં **ઉગ્ર તપ**, અસાધારણ **પવિત્રતા** વગેરે છે, જે સર્વથા આદરપાત્ર છે; સન્માન યોગ્ય છે. તેઓ હવે ગુજરાત પધારે છે. તેમની ઇચ્છા છે કે, બાદશાહ અનાથોનો રક્ષક છે. તો શ્રાવણ વદિ ૧૨ થી ભાદરવા સુદિ ૬ સુધી એમ **પર્યુષણાદિના** પવિત્ર ૧૨ દિવસોમાં કોઈ પણ સ્થાને કોઈ પણ પશુ-પ્રાણી મરાય નહીં એવું કરવું જોઈએ. આમ કરવાથી દુનિયામાં પ્રશંસા વધે, ઘણાં જીવો વધથી બચી જાય. આમ કરવાથી પ્રભુ પણ બાદશાહ ઉપર પ્રસન્ન રહેશે. તેઓની આ ઇચ્છા છે. આ ઇચ્છા અમારા ધર્મથી પ્રતિકૂળ નથી; પવિત્ર મુસલમાન ધર્મને અનુકૂળ છે. તેમની આ માગણીને સ્વીકારી અમે હુકમ જાહેર કરીએ છીએ કે, ''કોઈએ પર્યુષણાદિના ૧૨ દિવસોમાં જીવહિંસા કરવી નહીં. આ હુકમ હંમેશને માટે છે. તેનું બરાબર પાલન કરવું.'' હીજરી સન ૯૯૨, જમાદુલસાની મિતિ ૭.

નોંધ – આ ફરમાનની નકલ ૬ સ્થાન માટે બનાવી છે. (૧) ગુજરાતનો સૂબો, (૨) માળવાનો સૂબો, (૩) અજમેરનો સૂબો, (૪) દિલ્હી-ફતેપુરનો પ્રદેશ, (૫) લાહોર-મુલતાનનો પ્રદેશ, (૬) સૂરિજીની પાસે રાખવા માટે.

ઉજ્જૈનમાં માળવાના સૂબા પર મોકલાવેલ અસલી ફરમાન સુરક્ષિત છે, જેની લંબાઈ ૨ ફૂટ અને પહોળાઈ ૧૦ ઇંચની છે. મોટા મજબૂત કપડા ઉપર સોનેરી શાહીથી લખેલું છે. તે કોઈ કોઈ જગાએ ફાટી ગયું છે.

મેજર જનરલ સર **જોન માલકમે** પોતાના 'મેમાયર ઑફ સેંટ્રલ ઇન્ડિયા' પુસ્તકના ભા. ૨, પૃ. ૧૩૫-૩૬માં તેનો અંગ્રેજી અનુવાદ પ્રકાશિત કર્યો છે.

શાસનદીપક પૂ. મુનિ **શ્રી વિદ્યાવિજયજી** મહારાજે સૂરીશ્વર *અને* સમ્રાટ માં તથા શ્રી જિનવિજયજીએ કૃપારસકોશ ની પ્રસ્તાવનામાં, શ્રી અગરચંદજી નાહટાએ યુગપ્રધાન જિનચંદ્રસૂરિ ના પરિશિષ્ટોમાં વિવિધ ફરમાનોના ફોટા, ફારસી પાઠો તથા અંગ્રેજી, હિંદી અને ગુજરાતી અનુવાદો પ્રકાશિત કરાવ્યા છે.

બા૦ અકબરે જુલસી સન ૨૯, ઇલાહી સન ૨૯, હીજરી સન ૯૯૨, જમાદિ ઉસ્સાની છઠ્ઠા મહિનાની તા. ૭, ઈ. સ. ૧૫૮૩, ચૈત્રાદિ વિ. સં. ૧૬૪૦ (૧૬૪૧) પ્રથમ અષાડ સુદિ ૧૧ ના રોજ ફત્તેપુરસિકરીથી આ૦ હીરવિજયસૂરિને ફરમાન આપ્યું હતું.

ફરમાન બીજું

જૈનોને સંપ રાખવા માટેનો પ્રાર્થનાપત્ર

બા૦ અકબરે નહીં પણ મોલવી **અબુલફજલે** ઇલાહી સન ૪૦ની તા. ૨૨ મીએ સરફુદ્દીન હુસેન પાસે પત્ર લખાવ્યો હતો કે, ''ખરતરગચ્છવાળાની વિનંતીથી આ પત્ર લખવામાં આવે છે કે, તપગચ્છ અને ખરતરગચ્છવાળાએ અંદરો અંદર ઝઘડા કરવા નહીં. બંનેએ પ્રવચનપરીક્ષા જેવા ગ્રંથો બનાવવા નહીં. બંને સંપ્રદાયોને પ્રેમ અને મેળ બનાવી રાખવા પ્રાર્થના છે.''

(–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પરિશિષ્ટ ચ, પૃ. ૩૦૫)

નોંધ – ખરતરગચ્છના ભટ્ટારક જિનચંદ્રસૂરિએ સં. ૧૬૪૧માં જાલોરમાં અને સં. ૧૬૪૨માં પાટણમાં ચોમાસું કર્યું હતું. આ પાટણના ચોમાસામાં તપગચ્છના આ૦ વિજયસેનસૂરિ અને ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિ વચ્ચે મહો૦ ધર્મસાગર ગણિવરે સં. ૧૬૨૯માં રચેલા પ્રવચનપરીક્ષા ગ્રંથ અંગે પાટણની રાજસભામાં ૧૪ કે ૧૮ દિવસ સુધી શાસ્ત્રાર્થ થયો હતો. (–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પરિ. ક. પૃ. ૨૬૪-૬૫)

(પ્રક. ૫૫, પૃ. ૩૫૪, ક્રમાંક : ૯-૧૦ તથા પ્રક. ૫૯, પૃ. ૩૫૫)

સંભવ છે કે, આ પ્રસંગને ઉદ્દેશીને પ્રસ્તૃત પત્ર લખાયો હોય. આ પત્ર બનાવટી હોવાની યે સંભાવના છે. આમ છતાં આ પત્ર કદાચ સાચો હોય તો આ પત્રની સાલવારીમાં ૧૦ વર્ષનો ફરક છે, એટલે કે ઇલાહી સન ૩૦ની તા. ૨૨મી; જુલસી સન ૩૦ ફરવરદીનની તા. ૨૨મી; વિ. સં. ૧૬૪૧-૪૨માં આ પત્ર લખાયો હોય.

ફરમાન ત્રીજું

જૈન ધર્મસ્થાનોની રક્ષાનું ફરમાન

અલ્લાહુ અકબર

(જલાલુદ્દીન મહમ્મદ અકબર બાદશાહ ગાજીનું ફરમાન. અલ્લાહુ અકબરના સિક્કા સાથે આ શ્રેષ્ઠ ફરમાનની નકલ અસલ મુજબ છે.)

મહાન રાજ્યને ટેકો આપનાર, મહાન રાજ્યના વફાદાર, સારા સ્વભાવ અને ઉત્તમ ગુણવાળા, અજિત રાજ્યને મજબૂત કરનાર, શ્રેષ્ઠ રાજ્યના ભરોંસાદાર, શાહી મહેરબાનીને ભોગવનાર, રાજાની નજરે પસંદ કરેલ ઊંચા દરજ્જાના ખાનોના નમૂના સમાન **મુબારિજ્જુદ્દીન** (ધર્મવીર) **આઝમખાને** બાદશાહી મહેરબાનીઓ અને બક્ષીસોના વધારાથી શ્રેષ્ઠતાનું માન મેળવી જાણ્યું, જે જુદી જુદી રીતભાતવાળા, ભિન્ન ધર્મવાળા, વિશેષ મતવાળા અને પંથવાળા, સભ્ય કે અસભ્ય, નાના કે મોટા, રાજા કે રંક અથવા દાના કે નાદાન, દુનિયાના

દરેક દરજ્જા કે જાતના લોકો કે જેમાંની દરેક વ્યક્તિ પરમેશ્વરના નૂરને જાહેર થવાની જગા છે અને દુનિયાને પેદા કરનારે નિર્માણ કરેલ ભાગ્યને જાહેર થવાની જગા છે અને દુનિયાને પેદા કરનારે નિર્માણ કરેલ ભાગ્યને જાહેર થવાની અસલ જગા છે તેમજ સૃષ્ટિસંચાલક (ઈશ્વર)ની અજાયબી ભરેલી અનામત છે. તેઓ પોતપોતાના શ્રેષ્ઠ માર્ગમાં દ્રઢ રહીને તથા તન અને મનનું સુખ ભોગવીને પ્રાર્થના અને નિત્ય ક્રિયાઓમાં તેમજ પોતાના દરેક હેતુઓ પ્રાપ્ત કરવામાં લાગેલા રહી, શ્રેષ્ઠ બક્ષીસ કરનાર (ઈશ્વર) તરફથી અમને લાંબી ઉંમર મળે અને સારાં કામ કરવાની પ્રેરણા થાય એવી દુવા કરે. કારણ કે માણસ જાતમાંથી એકને રાજાને દરજ્જે ઊંચે ચઢાવવામાં અને સરદારીનો પહેરવેશ પહેરાવવામાં પૂરેપૂરું ડહાપણ એ છે કે તે સામાન્ય મહેરબાની અને અત્યંત દયા કે જે પરમેશ્વરની સંપૂર્ણ દયાનો પ્રકાશ છે, તેને પોતાની નજર આગળ રાખી જો તે બધાઓની સાથે **મિત્રતા** મેળવી ન શકે તો ઓછામાં ઓછું બધાઓની સાથે સલાહસંપનો પાયો નાખી પૂજવાલાયક જાતના (પરમેશ્વરના) બંદાઓ સાથે મહેરબાની, માયા અને દયાને રસ્તે ચાલે અને ઈશ્વરે પેદા કરેલી બધી વસ્તુઓ (બધાં પ્રાણીઓ) કે જે ઊંચા પાયાવાળા પરમેશ્વરની સૃષ્ટિનાં ફળ છે, તેમને મદદ કરવાની નજર રાખી, તેમના હેતુઓ પાર પાડવામાં અને તેમના રીતરિવાજો અમલમાં લાવવાને મદદ કરે, કે જેથી બળવાન નિર્બળ ઉપર જુલમ નહીં ગુજારતાં દરેક મનુષ્ય મનથી **ખુશી** અને **સુખી** થાય.

આ ઉપરથી યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ **હીરવિજયસૂરિ સેવડા** અને તેમના ધર્મને પાળનારા કે જેમણે અમારી હજુરમાં હાજર થવાનું માન મેળવ્યું છે અને જેઓ અમારા દરબારના ખરા હિતેચ્છુઓ છે, તેમના **યોગાભ્યાસનું** ખરાપણું, વધારો અને પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી હુકમ થયો કે, તે શહેરના (તે તરફના) રહેવાસીઓમાંથી કોઈએ એમને હરકત (અડચણ) કરવી નહીં અને તેમનાં **દેવમંદિરો** તથા **ઉપાશ્રયોમાં** ઉતારો કરવો નહીં તેમ તેમને તુચ્છકારવા પણ નહીં. વળી, જો તેમાંનું (મંદિરો કે ઉપાશ્રયોમાંનું) કંઈ પડી ગયું કે ઉજ્જડ થઈ ગયું હોય અને તેને માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઈ તેને સુધારવા કે તેનો પાયો નાખવા ઇચ્છે તો તેને કોઈ ઉપલક જ્ઞાનવાળા (અજ્ઞાની)એ કે ધર્માન્ધે અટકાવ પણ કરવો નહીં. અને જેવી રીતે ખુદાને નહીં ઓળખનારા, વરસાદનો અટકાવ અને એવાં બીજાં કામો કે જે ઈશ્વરના અધિકારનાં છે તેનો આરોપ, મૂર્ખાઈ અને બેવકૂફીને લીધે જાદુનાં કામ જાણી તે બિચારા ખુદાને ઓળખનારા ઉપર મૂકે છે, અને તેમને અનેક પ્રકારનાં કષ્ટો આપે છે. એવાં કામો, તમારા રક્ષણ અને બંદોબસ્તમાં છે કે જે તમે સારા નસીબવાળા અને બાહોશ છો. તેમના હાથે થવાં જોઈએ નહીં, વળી એમ પણ સાંભળવામાં આવ્યું છે કે, **હાજી હબીબુલ્લાહ** કે જે અમારી

સત્યની શોધ અને ખુદાની ઓળખાણ વિશે થોડું જાણે છે તેણે આ જમાતને ઈજા કરી છે. આથી અમારા પવિત્ર મનને કે જે દુનિયાનો બંદોબસ્ત કરનાર છે, તેને ઘણું ખોટું લાગ્યું છે. (દુઃખનું કારણ થયું છે.) માટે તમારે તમારી રિયાસતથી એવા ખબરદાર રહેવું જોઈએ કે, **કોઈ કોઈના ઉપર જુલમ કરી શકે નહીં.** તે તરફના વર્તમાન અને ભવિષ્યના હાકેમો, નવાબો અને રિયાસતનો પૂરેપૂરો અથવા કેટલેક અંશે કારભાર કરનાર મુત્સદ્દીઓનો નિયમ એવો છે કે, રાજાનો હુકમ કે જે પરમેશ્વરના ફરમાનનું રૂપાંતર છે તેને પોતાની સ્થિતિ સુધારવાનો વસીલો જાણી તેનાથી વિરુદ્ધ કરે નહીં અને તે પ્રમાણે કરવામાં દીન અને દુખિયાનું સુખ તથા પ્રત્યક્ષ સાચી આબરૂ જાણે.

આ ફરમાન વાંચી તેની નકલ રાખી લઈ આ ફરમાન તેમને (પાછું) આપવું જોઈએ કે જેથી હંમેશાંની તેમને માટે **સનદ** થાય તેમ તેઓ પોતાની ભક્તિની ક્રિયાઓ કરવામાં ચિંતાતુર થાય નહીં અને ઈશ્વરભક્તિમાં ઉત્સાહ રાખે. એ જ ફરજ જાણી એથી વિરુદ્ધનો દખલ થવા દેવો નહીં.

ઇલાહી સંવત ૩૫ના અઝાર મહિનાની છઠ્ઠી તારીખ ને ખુરદાદ નામના દિવસે લખ્યું. મુતાબિક ૨૮ માહે મુહરમ, સને ૯૯૯ હીજરી.

મુરીદો (અનુયાયીઓ)માંના નમ્રમાં નમ્ર અબુલફજલના લખાણથી અને ઈબ્રાહીમ હુસેનની નોંધથી. ('સૂરીશ્વર અને સમ્રાટ', પૃ. ૩૭૫ થી ૩૭૮)

નોંધ – બા૦ અકબરે જુલસી સન ૩૫-૩૬, ઇલાહી સન ૩૫-૩૬ના નવમા અઝાર મહિનાની તા. ૬ અને **ઈરાની ખુરદાદ** નામના દિવસે, (આ દિવસે પારસી પંચાંગોમાં ક૦ અશો૦ જરથોસ્તનો દીશો લખાય છે.) હીજરી સન ૯૯૯ પહેલા મહોરમ મહિનાની ૨૮મી તારીખે, વિ. સં. ૧૬૪૭ના આસો વદિ અમાસના રોજ, ઈ. સ. ૧૫૯૧ના નવેમ્બરમાં ગુજરાતના સૂબા આઝમખાન (મિરઝા અજીજ કોકા)ને આ ફરમાન મોકલી આ૦ વિજયહીરસૂરિ સેવડાના ધર્મસ્થાનોની રક્ષા કરવા માટે ધ્યાન આપવા જણાવ્યું હતું.

સંભવ છે કે, આઝમખાનના પુત્ર અને સોરઠના અમલદાર ખુરમે ધર્મઝનૂનથી શત્રુંજય તીર્થનો નાશ કરવાની તૈયારી કરી હતી ત્યારે બાદશાહે આ ફરમાન મોકલી તેને રોક્યો હોય. (પ્રક. ૫૮, પૃ. ૧૫૩–૧૫૪)

બનવાજોગ છે કે, જુદા જુદા સ્થળના જૈનોએ બાદશાહ સમભાવવાળો છે એમ માની આ સમય દરમિયાન શત્રુંજય તીર્થના મોટા જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરી લેવાની ભાવનાથી બાદશાહ પાસે પરવાનગી માગી હોય. પરંતુ બાદશાહે ઉપા૦ **ભાનુચંદ્રગણિ** વગેરેની ભાવના મુજબ તેમની વ્યવસ્થા કરી હોય, તે પછી જ બાદશાહે આ૦ **હીરવિજયસૂરિને** જૈન તીર્થો ભેટ આપ્યાં અને તે તે સ્થાનો માટે અહિંસાના હુકમો કાઢ્યા. આથી સોની **તેજપાલે** શત્રુંજયના મોટા જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો; અને આ૦ હીરવિજયસૂરિએ છ'રી પાળતો શત્રુંજયતીર્થનો સંઘ કઢાવી ત્યાં ઘણાં જિનાલયોની પ્રતિષ્ઠા કરી.

ફરમાન ચોથું

જૈનાચાર્યને જૈનતીર્થોનું દાન

અકબર બાદશાહ લખે છે કે, મારા તાબાના માલવા, શાહજહાંનાબાદ, લાહોર, મુલતાન, અમદાવાદ, અજમેર, મેરઠ, ગુજરાત, બંગાળ વગેરે મુલકો તથા બીજા જે નવા તાબામાં આવે તે મુલકોના સૂબા, કરોડપતિ અને જાગીરદારોને સૂચના કરવામાં આવે છે કે –

શ્વેતાંબર જૈનાચાર્ય હીરવિજયસૂરિ તથા તેમના શિષ્યો જે પવિત્ર મનવાળા સાધુપુરુષો છે તેઓના દર્શનથી મને ઘણો આનંદ થયો છે. તેમની માગણી છે કે, '**અમારાં તીર્થ સિદ્ધાચલજી**, ગિરનારજી, તારંગાજી, કેસરિયાનાથજી, આબૂજી, રાજગૃહીની પાંચ પહાડીઓ, સમેતશિખરજી વગેરે શ્વેતાંબર તીર્થસ્થાનો છે તેમાં તથા તેની આસપાસની ભૂમિમાં કોઈ જીવની હિંસા થાય નહીં એવો હુકમ કરવો જોઈએ.' અમને આ માગણી વ્યાજબી લાગે છે. તપાસ કરતાં નક્કી થયું છે કે, આ **સ્થાનો શ્વેતાંબર જૈનોનાં છે.** હું આ બધાં સ્થાનો શ્વેતાંબર આ૦ **હીરવિજયસૂરિને અર્પણ કરું છું** કે, તેઓ એ પવિત્ર સ્થાનોમાં શાંતિથી પ્રભુની ઉપાસના કરે. **આ સ્થાનો શ્વેતાંબર જૈન સમાજનાં છે,** તેમની માલિકીનાં છે. જ્યાં સુધી સૂર્ય–ચંદ્ર તપે ત્યાં સુધી આ ફરમાન જૈન શ્વેતાંબરો માટે અમર રહે. આ ફરમાનના અમલમાં કોઈએ દખલ કરવી નહીં. આ તીર્થોના પર્વતોની ઉપર, નીચે કે આસપાસ યાત્રાધામોમાં કોઈએ કોઈ જાતની જીવહિંસા કરવી નહીં. આ હુકમનો પાકો અમલ કરવો. કોઈએ ઊલટું વર્તવું નહીં. બીજી સનદ માગવી નહીં. જુલસી સન ૩૭ માહે ઉર્દી બૈહેસ્ત મુતાબિક રવીઉલ અવલ, મિતિ ૭મી.

નોંધ – આ ફરમાન અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં છે. તેની લંબાઈ ૨ ફૂટ, પહોળાઈ ૧ ફૂટ અને ૫ ઈંચ છે. ધોળા કપડા ઉપર સોનેરી શાહીથી લખેલું છે. ઉપર ડાબી તરફ બાદશાહી મહોર લાગેલી છે. રાજકોટની રાજકુમાર કોલેજના મુનશી મહમ્મદ અબ્દુલ્લાએ તેનો અંગ્રેજી અનુવાદ કર્યો છે.

બા૦ અકબરે જુલસી સન ૩૭, ઈલાહી સન ૩૭ના બીજા અરદીબેહસ્ત મહિનાની બીજ-ત્રીજ તારીખે, હીજરી સન ૧૦૦૦ના ત્રીજા રવિઉલ મહિનાની તા. ૭મીએ સિદ્ધાચલજી, ગિરનાર, તારંગા, કેશરિયાજી, આબૂ, રાજગૃહીના પાંચ પહાડો, સમ્મેતશિખર વગેરે તીર્થો શ્વેતાંબર જૈન તીર્થો હોવાનું નક્કી કરી આ બધા તીર્થો આ૦ **હીરવિજયસૂરીશ્વરજી**ને આપ્યાં અને તે તે સ્થાનોમાં અહિંસાનો હુકમ આપ્યો.

પરંતુ આ ફરમાનના અનુવાદમાં આપેલ મહિનાના નામમાં ફરક લખાયેલો છે.

જુલસી સન ૩૭, ઈલાહી સન ૩૭ના ફરવરદીન મહિનાની પહેલી તારીખે, હીજરી સન ૧૦૦૦ના જમાદિઉસાની મહિનાની તા. ૫, હિંદી સં. ૧૬૪૯, ગુજ. સં. ૧૬૪૮ની ચૈત્ર સુદિ ૭ અને તા. ૧૦-૩-૧૫૯૨ હોય.

ફરમાનમાં લખેલ અરદીબેહસ્ત મહિનો ફરવરદીન મહિનાથી બીજા મહિનો છે, તો આ રીતે મેળવતાં ત્યારે બીજા સંવતોના પણ બીજા બીજા મહિના આવે.

તો સંભવ છે કે, બાદશાહ અકબરે જુલસી ઇલાહી સન ૩૭ બીજા અરદીબેહસ્ત મહિનાની તા. ૩જી, હીજરી સન ૧૦૦૦ રજબ મહિનાની તા. ૭મી, હિંદી વિ. સં. ૧૬૪૯ના વૈશાખ સુદિ ૧૦ અને તા. ૧૨-૪-૧૫૯૨ના રોજ આ૦ **હીરવિજયસૂરિને** આ ફરમાન આપ્યું હોય.

આ૦ **હીરવિજયસૂરિને** આ તીર્થ મળ્યું તેથી ખંભાતના સોની તેજપાલ વગેરેએ શત્રુંજયતીર્થના મોટા જિનપ્રાસાદનો **'નંદિવર્ધન જિનપ્રાસાદ'** નામ આપી જીર્ણોદ્ધાર કરાવ્યો. બીજા જૈનોએ નવાં નવાં જિનાલયો બનાવ્યાં. **આ૦ હીરવિજયસૂરિએ** સં. ૧૬૪૯ પ્રથમ ચૈત્ર સુદિ ૧૫ના પાટણના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શત્રુંજયતીર્થની યાત્રા કરી અને **નંદિવર્ધન જિનપ્રાસાદ** વગેરેની પ્રતિષ્ઠા કરી. (પૃ. ૧૮૯-૧૯૦)

ફરમાન પાંચમું

અહિંસાનું ફરમાન

અલ્લાહુ અકબર

નકલ – પ્રતિભાશાલી (चमकदार) फरमान, जिस पर मुहर 'अल्लाहु अकबर' लगी हुई है ।

तारीख शहरयूर ४ माह **महर** आलही सन् ३७ ।

चूंकि उमदतूल मुल्क रुकनूस सल्तनत उल काहेरात उजदूददौला निजामुद्दीन सइदखाँ जो बादशाह का कृपापात्र है, मालूम हो चूंकि मेरा (बादशाह का) पूर्ण हृदय तमाम जनता यथा सारे जानदारों (जीवधारियों) के शांति के लिये लगा है कि समस्त संसार के निवासी शांति और सुख के पालन में रहें । इन दिनों में ईश्वरभक्त व ईश्वर के विषय में मनन करनेवाले जिनचंद्रसूरि खरतर भट्टारक को मेरे मिलनेका सौभाग्य प्राप्त हुआ, उनकी ईश्वरभक्ति प्रगट हुई । मैंने उसको बादशाही महिरबानियोंसे परिपूर्ण कर दिया । उसने प्रार्थना की कि इससे पहिले ईश्वरभक्त हीरविजयसूरि तपसीने (हजूर के) मिलनेका सौभाग्य प्राप्त किया था, उसने प्रार्थना की थी कि हरसाल बारह दिन साम्राज्य में जीववध न हो और किसी चिडीया या मच्छी के पास न जाय (न सतावें) । उसकी प्रार्थना कृपाकी द्रष्टिसे व जीव बचानेकी द्रष्टिसे स्वीकार हुई थी, अब मैं आशा करता हूं कि मेरे लिये (एक) सप्ताहभर के लिये उसी तरहसे (बादशाह का) हुकम हो जाय । इसलिये हमने पूर्ण दयासे हुकम किया है कि आषाढ मास के शुक्लपक्ष में **सात दिन** जीववध न हो ओर न सतानेवाले (गैर मूजी) पशुओं को कोइ न सतावे, उसकी तफसील यह है : नवमी, दशमी, एकादशी, द्वादशी, त्रयोदशी, चतुर्दशी और पूर्णमाशी । वास्तव में बात यह है कि, चूंकि आदमी के लिये ईश्वरने भिन्न भिन्न अच्छे पदार्थ

दिये हैं, अतः उसे पशुओं को न सताना चाहिए और **अपने पेटको पशुओं की कब्र न बनावे;** कुछ हेतुवश प्राचीन समय के कुछ बुद्धिमान लोगोंने इस प्रथाको चला दिया था । चाहिये कि जैसा उपर लिखा गया है उस पर अमल करें, इसमें कमी न हो और इसे (हुकम को) कार्यरूप में परिणत करने में बहुत सहनशीलतासे काम लें । उपर लिखी तारीखको लिखा गया ।

अबुलफजल व वाक्यानवीस इब्राहीमवेरा ।

नकल – (१)

उडीसा और उडीसा की सब सरकारे	(ओरिसा प्रान्त)
जिहन्ताबाद	खिल्जीयाबाद
मारोहा (मादोहा)	सरीफाबाद
तारीकाबाद	सासा गाँव
गोरीया	सार काम
कफदा	सलीमाबाद
कीचर	सलसल (सिलसल)
बलाद (टाण्डा)	फतेहाबाद
ताजपुर	भूराघाट
हसनगाँव	महमूदाबाद
	मदारक

नकल – (२) अवधप्रान्त फरमान बयाजी व मोहर "अल्लाहु अकबर" असकरार ४ शहरयूर माह महर आलही सन् ३७ आकि जागीरदारान करोडियान ओ मुत्सदियान सूबे अवध बिदानद ।

अवध	वहेराइच
खैराबाद	गोरखपुर
लखनउ	

नकल – (३) दिल्ही–आगरा प्रान्त

(कटा हुआ आधा उपर का भाग नहीं मिला ।)

देहली	सरहिंद
बदायुं	सम्बल
हिसार–फिरोजा	सहारनपुर
रिवाडी	

नोंध : खरतरगच्छीय यति श्री पूनमचंद्रजी के सौजन्यसे हाल ही में, हमें पांच शाही फरमानों की नकलें प्राप्त हुई, जिनमें तीन केवल आषाढी अष्टाह्निका के अमारिके फरमान

है । × × × ये तीन फरमान क्रमशः उडीसा, अवध और दिल्हीके हैं ।

(–શ્રીમાન્ અગરચંદજી નાહટા અને ભંવરલાલજી નાહટાએ લખેલા 'યુગપ્રધાન શ્રીજિનચંદ્રસૂરિ' પરિશિષ્ટ ચ, પૃ. ૩૦૬ થી ૩૦૮)

નોંધ : ખરતરગચ્છમાં આ૦ જિનસાગરથી સં. ૧૬૮૬માં 'આચાર્યીય ગચ્છ' નામે લઘુશાખા ચાલી હતી (પ્રક. ૪૦, પૃ. ૩૮૯). આ શાખાના યતિવર શ્રીપૂનમચંદજીએ શ્રીઅગરચંદજી નાહટાને (મૂળ શાહી ફરમાનો નહીં પણ) પાંચ શાહી ફરમાનોની નકલ આપી હતી, જેમાં (૧, ૨, ૩) ઓરિસા પ્રાંત, અવધ પ્રાંત અને દિલ્હી પ્રાંતના ફરમાનો હતાં, જે ઉપર છપાયાં છે. (૪, ૫) અગાઉ ફરમાન નંબર બીજામાં છપાયેલ પ્રાર્થનાપત્રની બે નકલો હતી.

બાદશાહ અકબરે ઇલાહી સન ૩૭ના મિહિર માસની તા. ૪થીએ શેહેરેવરના રોજ આ૦ જિનચંદ્રસૂરિને અહિંસાનું ફરમાન આપ્યું હતું, તેની આ જુદા જુદા પ્રાંતો માટેની ફરમાનોની નકલો છે.

ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિ હિંદી સં. ૧૬૪૮ના અષાડ માસમાં ખંભાતથી વિહાર કરી સિરોહીમાં પર્યુષણપર્વ અને જાલોરમાં ચોમાસું પૂરું કરી સં. ૧૬૪૮ના ફાગણ સુદિ ૧૨ના રોજ ઈદના દિવસે લાહોર પધાર્યા, પછી સં. ૧૬૪૯માં લાહોરમાં, સં. ૧૬૫૦માં હાપુડમાં, સં. ૧૬૫૧માં લાહોરમાં ચોમાસું કરી સં. ૧૬૫૨માં હાપુડમાં ચોમાસું કરી જેસલમેર (મારવાડ) તરફ પધાર્યા હતા. તેમણે સં. ૧૬૬૦માં પાટણમાં, સં. ૧૬૬૮માં પાટણમાં, સં. ૧૬૬૯માં સાધુવિહાર ખોલાવવા માટે આગરામાં અને સં. ૧૬૭૦માં બિલાડામાં ચોમાસાં કર્યાં હતાં. તેમણે સં. ૧૬૭૦ના આસો વદ ૨ બિલાડામાં સ્વર્ગગમન કર્યું.

તેમના વિહારની અને ઉપરના ફરમાનની સાલવારી મેળવીએ તો સ્પષ્ટ થાય છે કે, તેમણે લાહોરમાં આવતાં તરત જ બાદશાહ પાસેથી ફરમાનો વગેરે વિવિધ લાભો લેવા પ્રયત્ન ચાલુ કર્યો હતો. જેમકે, ઇલાહી સન ૩૭ ફરવરદીન તા. ૧ના રોજ હીજરી સન ૧૦૦૦ જમાદિઉસાની તા. ૫; હિંદી વિ. સં. ૧૬૪૯ના ચૈત્ર સુદિ ૭, તા. ૧૦-૩-૧૬૯૨ હોય; જ્યારે આ ફરમાન ઇલાહી સન ૩૭ની સાલમાં મેહેર મહિનાની તા. ૪ના રોજ અપાયું હતું, તો તે દિવસે હીજરી સન ૧૦૦૦નો ૧૨મા જિલ્હજ મહિનાની તા. ૧૦મી, હિંદી વિ. સં. ૧૬૪૯ના બીજા અષાડ સુદિ ૧૧ અને તા. ૧૪-૮-૧૬૯૨ આવે. તે દિવસે આ ફરમાન અપાયું હોય તે પૈકી પંજાબ પ્રાંતનું ફરમાન ગુમ થયું હતું, પણ ઉપરના ૩ ફરમાનોથી આ મૂળ ફરમાન ક્યારે અપાયું તેનો અનુમાનથી સ્પષ્ટ દિવસ જાણી શકાય છે.

સાથોસાથ એ પણ જાણી શકાય છે કે, બા૦ અકબરે મહો૦ ભાનુચંદ્ર ગણિવરની 'ધર્મસ્થાનો ધર્માચાર્યોના હાથમાં સોંપાય.' આવી સલાહથી આ૦ હીરવિજયસૂરિને સર્વ જૈન તીર્થો ભેટ આપ્યાં હતાં. સંભવ છે કે, આ૦ જિનચંદ્રસૂરિના અનુયાયીઓએ બુદ્ધિપૂર્વક આ તીર્થ ભેટ આપ્યાની બાબતમાં વિરોધ કર્યો હોય.

(–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પરિશિષ્ટ ગ, પૃ. ૨૮૦ થી ૨૮૩)

આ ફરમાનથી વિશેષ એ જાણવા મળે છે કે, ઓરિસા વગેરે પ્રાંતો ક્યા ક્યા

પ્રદેશમાં હતા. તથા એ પણ ચોક્કસ થાય છે કે, બા૦ અકબરે આ૦ હીરવિજયસૂરિને પર્યુષણાદિના ૧૨ દિવસની અમારિનું ફરમાન આપ્યું હતું અને આ૦ જિનચંદ્રસૂરિએ તેમની પ્રશંસા કરી બીજા ફરમાનોની માગણી કરી હતી.

ફરમાન છઠ્ઠું

જૈન ધર્મસ્થાનોની રક્ષા અને અહિંસા વગેરેનું ફરમાન

અલ્લાહુ અકબર

અબુ અલ મુજફ્ફર સુલતાન.....નો હુકમ ઊંચા દરજ્જાના નિશાનની નકલ અસલ મુજબ છે.

આ વખતે ઊંચા દરજ્જાવાળા નિશાનને બાદશાહી મહેરબાનીથી નીકળવાનું મળ્યું (છે) કે હાલના અને ભવિષ્યના હાકેમો, જાગીરદારો, કરોડીઓ અને ગુજરાતના સૂબા તથા સોરઠ સરકારના મુત્સદ્દીઓએ **સેવડા** (જૈન સાધુ) લોકો પાસે ગાય અને આખલાને તથા ભેંસ અને પાડાને કોઈ પણ વખતે મારવાની તથા તેનાં ચામડાં ઉતારવાની **મનાઈ** સંબંધી શ્રેષ્ઠ અને સુખના ચિહ્નવાળું **ફરમાન** છે અને તે શ્રેષ્ઠ ફરમાન પાછળ લખેલું છે કે, ''દર મહિનામાં કેટલાક દિવસ એ ખાવાને ઇચ્છવું નહીં એ ફરજ અને વ્યાજબી જાણવું. તથા જે પ્રાણીઓએ ઘરમાં કે ઝાડ ઉપર માળા નાખ્યા હોય તેવાઓનો શિકાર કરવાથી કે કેદ કરવાથી (પાંજરામાં પૂરવાથી) દૂર રહેવામાં પૂરી કાળજી રાખવી.'' (વળી) એ માનવા-લાયક ફરમાન લખ્યું છે કે, યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ **હીરવિજયસૂરિના** શિષ્ય **વિજયસેનસૂરિ સેવડા** અને તેના ધર્મને પાળનારા, જેમણે અમારા દરબારમાં હાજર થવાનું માન મેળવ્યું છે અને જેઓ અમારા દરબારના ખાસ હિતેચ્છુઓ છે તેમના યોગાભ્યાસનું ખરાપણું અને વધારો તથા પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી (હુકમ થયો) કે, એમનાં દેવળ કે ઉપાશ્રયમાં કોઈએ ઉતારો લેવો નહીં અને એમને **તુચ્છ કરવા** નહીં. તથા જો તે જીર્ણ થતાં હોય અને તેથી તેના માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઈ તેને સુધારે કે તેનો પાયો નાખે, તો કોઈ ઉપલકિયા જ્ઞાનવાળાએ કે ધર્માન્ધે તેનો અટકાવ કરવો નહીં અને જેવી રીતે ખુદાને નહીં ઓળખનાર, વરસાદનો અટકાવ અને એવાં કામો કે જે પૂજવાલાયક જાતનાં (ઈશ્વરનાં) કામો છે તેનો આરોપ, મૂર્ખાઈ અને બેવકૂફીના લીધે જાદુનાં કામ જાણી તે બિચારા ખુદાને માનનારા ઉપર મૂકે છે અને તેમને અનેક જાતનાં દુઃખો આપે છે. તેમ તેઓ જે ધર્મક્રિયાઓ કરે છે તેમાં અટકાવ કરે છે; એવાં કામોનો આરોપ એ બિચારાઓ ઉપર નહીં મૂકતાં, એમને પોતાની જગ્યા અને મુકામે સુખેથી ભક્તિનું કામ કરવા દેવું તેમ પોતાના ધર્મ મુજબ ક્રિયાઓ કરવા દેવી.


તેથી તે શ્રેષ્ઠ ફરમાન મુજબ અમલ કરી એવી તાકીદ કરવી જોઈએ કે એ ફરમાનનો અમલ સારામાં સારી રીતે થાય અને તેની વિરુદ્ધ કોઈ હુકમ કરે નહીં. દરેકે પોતાની ફરજ જાણી ફરમાનથી દરગુજર કરવી નહીં અને તેની વિરુદ્ધ કરવું નહીં.

તા. ૧ લી શહરયૂર મહિનો, ઇલાહી સન ૪૬, મુવાફિક તા. ૨૫ મહિનો સફર, ૧૦૧૦ હીજરી.

પેટા ભાગનું વર્ણન :–

ફરવરદીન મહિનો, જે દિવસોમાં સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય તે દિવસો, ઈદ મેહરનો દિવસ, દરેક રવિવારો, તે દિવસ કે જે બે સૂફિયાના દિવસોની વચમાં આવે છે. રજબ મહિનાના સોમવારો, આબાન મહિનો કે જે બાદશાહના જન્મનો મહિનો છે. દરેક શમશી મહિનાનો પહેલો દિવસ, જેનું નામ ઓરમઝ છે અને બાર પવિત્ર દિવસો કે શ્રાવણ મહિનાના છેલ્લા છ અને ભાદરવાના પ્રથમ છ દિવસો મળીને કહેવાય છે.

નિશાને આલીશાનની નકલ અસલ મુજબ છે.



આ સિક્કામાં માત્ર કાજી ખાન મહમ્મુદનું નામ વંચાય છે, તે સિવાયના અક્ષરો વંચાતા નથી.



આ સિક્કામાં અકબરશાહ મુરીદ જાદા દારાબ આ પ્રમાણે લખેલ છે.

(સૂરીશ્વર અને સમ્રાટ, પૃ. ૩૭૯ થી ૩૮૧)

નોંધ : બાદશાહ અકબરે ઇલાહી સન ૪૬ શહેરેવર મહિનાની તા. ૧લી, હીજરી સન ૧૦૧૦ સફર મહિનાની તા. ૨૫મીના રોજ આ૦ હીરવિજયસૂરિશિષ્ય આ૦ વિજયસેનસૂરિને આ ફરમાન આપ્યું હતું.

આ૦ વિજયસેનસૂરિએ ગુરુ આજ્ઞાથી ગુજ. સં. ૧૬૪૯ના મા. સુદ ૩ના રોજ રાધનપુરથી વિહાર કર્યો. સં. ૧૬૪૯ના જેઠ સુદિ ૧૧ના રોજ લાહોરમાં પ્રવેશ કર્યો. સં. ૧૬૪૯-૫૦-૫૧નાં ચોમાસાં લાહોરમાં કર્યાં. સં. ૧૬૫૨માં લાહોરથી વિહાર કરી માહિમનગર થઈ સં. ૧૬૫૨માં ગુજરાત પધાર્યા. (પ્રક. ૫૯, પૃ. ૩૫૮)

જ્યારે આ ફરમાનનાં વર્ષો ઇલાહી સનના હિસાબે શ્રીઓઝાજીના કોઠાના આધારે વિ. સં. ૧૬૫૮, ઈ. સ. ૧૦૬૧ આવશે; પણ તે આચાર્યના સમયમાં ઉપર મુજબ દશ વર્ષનો ફરક પડે છે; તો સંભવ છે કે, બા૦ અકબરે આ ફરમાન જુલસી સન

૩૬, ઈલાહી સન ૩૬ શહેરેવર મહિનામાં એટલે વિ. સં. ૧૬૫૮, ઈ. સ. ૧૬૦૨માં નહીં પણ ચૈત્રાદિ વિ. સં. ૧૬૪૮ના શ્રાવણ વદ ૧૩, ઈ. સ. ૧૫૯૯ના ઓગસ્ટ મહિનામાં આપ્યું હશે.

આ ફરમાનમાં મુરીદજાદા દારબાનું નામ છે. તેનું પૂરું નામ મિરજા દારાબખાન છે. જે અબુર્રહિરમખાન ખાનાનો પુત્ર હતો.

('આઇન-ઈ-અકબરી' ભા. ૧, અંગ્રેજી અનુવાદ)

ફરમાન સાતમું

અહિંસાનું ફરમાન

(जोधपुरनिवासी मुनशी देवीप्रसादजीने इस फारसी फरमान का हिंदी में इस तरह अनुवाद किया है ।)

फरमान अकबर बादशाह गाज़ीका

सूबे मुलतान के बडे बडे हाकिम, जागीरदार, करोडी और सब मुत्सद्दी (कर्मचारी) जान लें कि, हमारी यही मानसिक इच्छा है कि सारे मनुष्य और जीवजंतुओं को सुख मिले, जिससे सब लोग अमन चैनमें रह कर परमात्माकी आराधनामें लगे रहें । इससे पहिले शुभ चिंतक तपस्वी जयचंद (जिनचंद्र)सूरि खरतर(गच्छ) हमारी सेवामें रहता था । जब उसकी भगवद्भक्ति प्रगट हुई तब हमने उसको अपनी बादशाही की महरबानियों में मिला दिया । उसने प्रार्थना की कि, "**इससे पहिले हीरविजयसूरिने** सेवामें उपस्थित होनेका गौरव प्राप्त किया था, और हरसाल बारह दिन मांगे थे; जिनमें बादशाही मुल्कों में कोइ जीव मारा न जावे, और कोइ आदमी किसी पक्षी, मछली और उन जैसे जीवोंको कष्ट न दें। उसकी **प्रार्थना** स्वीकार हो गई थी । अब मैं भी आशा करता हूं कि एक सप्ताहका और वैसा ही हुक्म इस शुभ चिंतक के वास्ते हो जाय ।" इसलिये हमने अपनी आमदयासे हुक्म फरमा दिया है कि आषाढ शुक्ल पक्षको नवमीसे पूर्णमासी तक कोई जीव मारा न जाय और न कोई आदमी किसी जानवरको सतावे। असल बात तो यह है कि जब परमेश्वरने आदमी के वास्ते भांति–भांतिके पदार्थ उपजाये हैं, तब वह कभी किसी जानवरको दुःख न दे और अपने पेटको पशुओं का मरघट न बनावे । परंतु कुछ हेतुओंसे अगले बुद्धिमानोंने वैसी तजवीज की है । इन दिनों आचार्य 'जिनसिंह' उर्फ 'मानसिंह'ने अर्ज कराई कि पहिले जो उपर लिखे अनुसार हुक्म हुआ था वह खो गया है, इसलिये हमने उस फरमानके अनुसार नया फरमान इनायत किया है । चाहिए कि जैसे लिख दिया गया है, वैसा ही इस आज्ञाका पालन किया जाय । इस विषयमें बहुत बडी कोशिश और ताकीद समझ कर इसके नियमोंमें उलटफेर न होने दें ।

ता. ३१ खुरदाद, इलाही सन ४९ ॥

હઝ़રત બાદશાહકે પાસ રહનેવાલે દૌલતખાંકો હુક્મ પહુંચાનેસે ઉમદા અમીર ઔર સહકારી રાય મનોહરકી ચૌકી ઔર ખ્વાજા લાલચંદ કે વાકિયા (સમાચાર) લિખનેકી બારીમેં લિખા ગયા ।

(–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પરિશિષ્ટ ગ, પૃ. ૨૭૮ થી ૨૭૯)

નોંધ – બાદશાહ અકબરે આ૦ જિનચંદ્રસૂરિને ઈલાહી સન ૪૯ના ત્રીજા મહિના ખુરદાદની તા. ૩૧મીએ આ અહિંસાનું **ફરમાન** આપ્યું હતું.

બા૦ અકબરે પહેલાં ઈલાહી સન ૩૭ અને વિ. સં. ૧૬૪૮માં ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિને એક અહિંસાનું ફરમાન આપીને તેની પોતાના પ્રાંતો માટે જુદી જુદી નકલો કરાવી આપી હતી (જુઓ ફરમાન નં. ૫), તેમાંનું મુલતાન પ્રદેશનું ફરમાન ગૂમ થયું. આચાર્યશ્રીની વતી આ૦ જિનસિંહસૂરિએ તેના ગુમ થવાની ખબર પડી ત્યારે, બા૦ અકબર પાસે મુલતાન પ્રદેશ માટે તે જ જાતના બીજા ફરમાનની માગણી કરી હતી. આથી બા૦ અકબરે તેમને મુલતાન વગેરે પ્રદેશ માટે પહેલા ફરમાનની જેમ બીજું ફરમાન લખી આપ્યું.

આ૦ જિનચંદ્રસૂરિ ઈલાહી સન ૩૭, ૩૮, ૩૯માં, ચૈત્રાદિ વિ. સં. ૧૬૪૯, ૧૬૫૦, ૧૬૫૧, ૧૬૫૨માં આ પ્રદેશમાં વિચર્યા હતા. તો સંભવ છે કે, તેમણે આ ફરમાન ફરીવાર બીજે-ત્રીજે વર્ષે અથવા ૧૦ વર્ષ પછી મેળવ્યું હોય.

બીજે વર્ષે મેળવ્યું હોય તો જુલસી સન ૩૯, ઈલાહી સન ૩૯, ત્રીજા મહિના ખુરદાદની તા. ૩૧મી, હીજરી સન ૧૦૦૨ શાઅબાન મહિનો, વિ. સં. ૧૬૪૯ (ચૈત્રાદિ વિ. સં. ૧૬૫૦)નો વૈશાખ મહિનો અને ઈ. સ. ૧૫૯૫ના મે મહિનામાં મેળવ્યું હોય.

આ ફરમાનમાં અમુક બીજાં ફરમાનોની જેમ ૧૦ વર્ષનો ફરક લખાયો હોય અને કદાચ ૧૦ વર્ષ બાદ આ ફરમાન મેળવ્યું હોય તો આ ફરમાનની ઈલાહી સન ૪૯, હીજરી સન ૧૦૧૨, વિ. સં. ૧૬૬૦, ઈ. સ. ૧૬૦૪ એમ સાલવારી આવે.

પરંતુ આચાર્યશ્રી વિ. સં. ૧૬૬૦ લગભગમાં ગુજરાતમાં પાટણ વગેરે સ્થાનોમાં હતા. મંત્રી કર્મચંદ્રનું સં. ૧૬૫૬માં અમદાવાદમાં મરણ થયું હતું, એમ મનાય છે. તો સંભવ છે કે આ ફરમાન વિ. સં. ૧૬૪૯ના વૈશાખ મહિનામાં અપાયું હોય.

આ ફરમાનની મૂળ નકલ લખનઉના ખરતરગચ્છના જૈનભંડારમાં છે. આ ફરમાનનો ફોટો અસલી ફારસી લખાણ તથા જોધપુરના મુનશી દેવીપ્રસાદજીએ કરેલ હિંદી અનુવાદ કાશીની માસિક પત્રિકા **સરસ્વતી** સને ૧૯૧૨ના જૂનનો ભા. ૧૩નો અંક–છઠ્ઠો, પૃ. ૨૯૩; 'કૃપારસકોશ' આવૃત્તિ બીજીની પ્રસ્તાવના, પૃ. ૩૧ થી ૩૯; શ્રી અગરચંદજી નાહટાનું યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પૃ. ૨૭૬ થી ૨૭૯માં પ્રકાશિત થયાં છે.

શ્રી અગરચંદજી નાહટાએ ખરતરગચ્છના ઇતિહાસને પ્રકાશમાં લાવવા ભરચક પ્રયત્ન કર્યો છે. જ્યાં સુધી ખરતરગચ્છનો ઇતિહાસ રહેશે ત્યાં સુધી મંત્રી કર્મચંદ્ર અને અગરચંદજી નાહટાનું નામ અમર રહેશે.

ફરમાન (નં. આઠ)ના સમર્થનમાં બે અંગ્રેજી પત્રો

''અકબરના દરબારમાં જૈન સેવડા (સાધુ)નું સ્થાન.''

પોર્ટુગીઝ પાદરી પિનહરોના વિ. સં. ૧૬૫૨ના બે પત્રો મળે છે, તે આ પ્રમાણે –

(૧) તા. ૩-૯-૧૫૯૫નો પત્ર : ૧.

(૨) તા. ૬-૧૧-૧૫૯૫નો પત્ર : ૨.

પત્ર : ૧ – આ પુસ્તક (સૂરીશ્વર અને સમ્રાટ)ના પૃ. ૧૬૯માં પિનહરો (Pinheiro) નામના એક પોર્ટુગીઝ પાદરીએ લાહોરથી તા. ૩ સપ્ટેમ્બર સને ૧૫૯૫માં પોતાના દેશમાં લખેલ પત્રનું ઉપરોક્ત એક વાક્ય ડૉ. વિન્સેંટ એ. સ્મિથના અંગ્રેજી 'અકબર'માંથી ઉદ્‌ધૃત કરવામાં આવ્યું છે. તે પત્રમાં તેણે જૈનો સંબંધી વિશેષ હકીકત લખી હતી તે આ છે :

"This king (Akbar) worships God and the sun, and is Hindu (Gentile) : he follows the seot of Vertie, who are like monks living in communities (congregation) and do much penance. They eat nothing that had life (animal) and before they sit down, they sweep the place with a brush of cotton, in order that it may not happen (non siaffrouti) that under them any worm (or "insect", vermicells) may remain and be killed by their sitting on it. These people hold that the world existed from eternity, but others say No, many worlds having passed away. In thiy way they say many silly things, which I omit so as not to weary your Reverence."

''રાજા અકબર પરમેશ્વર અને સૂર્યને પૂજે છે અને તે હિંદુ છે. તે વ્રતી સંપ્રદાયને અનુસરે છે. તે વ્રતીઓ મઠવાસી સાધુની પેઠે વસ્તીમાં રહે છે અને બહુ તપશ્ચર્યા કરે છે. તેઓ કંઈપણ સજીવ વસ્તુ ખાતા નથી. અને જમીન ઉપર બેસવા પૂર્વે જમીનને રૂની-ઉનની પીંછી (ઓઘા)થી સાફ કરે છે, જેથી જમીન ઉપર રહેલા જીવ-જંતુનો નાશ થાય નહિ. આ લોકોનું એવું માનવું છે કે જગત અનાદિ છે. પણ બીજાઓ કહે છે કે ઘણી દુનિયાઓ થઈ ગઈ છે. આવી મુર્ખાઈ ભરેલી (?) વાતોથી આપ પૂજ્યશ્રીને કંટાળો નહિ આપતાં આટલેથી જ વિરમું છું.''

પત્ર : ૨ – આવી જ રીતે બીજો પત્ર તેણે (પિનહરોએ) તા. ૬ નવેમ્બર ૧૫૯૫ના દિવસે પોતાના દેશમાં લખ્યો હતો, તેમાં જૈનો સંબંધી જે હકીકત લખી છે, તે આ છે :

"The Jesuit narrates a conversation with a certain Bobansa (? Baban Shah) a wealthy notable of Cambay, favourable to the Fathers.

He is a deadly enemy of certain men who are called Verteas, concerning whom I will give some slight information (delli quali tocaro, alcuna cosa).

The Verteas live like monks, to-gether in communities (congregation) : and when I went to their house (in Cambay) there were about fifty of them, there. They dress in certain white clothes; they do not wear anything on the head; their beards are shaven not with a razor, but pulled out, because all the heirs are torn out from the beards, and likewise from the head, leaving none of them save a few on the middle of the head up to the top, so that they are left a very large bald space.

They live in poverty receiving in alms what the given has in excess of his wants for food. They have no wives. They have (the teaching of) their sect written in the script of Gujarat. They drink warm water, not from fear of catching cold, but because they say that water has a Soul and that drinking it without heating it kills its Soul, which God created and that is a great sin, but when heated it has not a Soul. And for this reason they carry in their hands certain brushes, which with their handles look like pencils made of cotton (bambaca) and these they use to sweep the floor or pavement whereon they walk, so that it may not happen that the Soul (animal) of any work be killed. I saw their prior and superior (maggiore) frequently sweep the place before sitting down by reason of that scruple. Their chief Prelate or supreme Lord may have about 100,000 men under obedience to him, and every year one of them is elected. I saw among them boys of eight or nine years of age, who looked like Angels. They seem to be men, not of India, but of Europe. At that age they are dedicated by their fathers to this Religion.

❁ ❁ ❁

They hold that the world was created millions of millenniums ago, and that during that space of time God has sent

twenty three Apostles, and that now in this last age, he sent another one, making twenty-four in all, which must have happened about two thousand years ago, and from that time to this, they possess scriptures, which the others (Apostles) did not compose.

Father Xavier and I discoursed about the saying to them that this one (questo) (Seil apparently the last Apostle) concerned their Salvation.

The Babansa aforesaid being interpretor, they said us, we shall talk about that another time. But we never returned there, although they pressed us earnestly, because we departed the next day."

''પાદરીઓને અનુકૂળ ખંભાત શહેરના અમુક ધનાઢ્ય ઉમરાવ બાબનસા (બાબનશાહ-પારસી બહમનશા)ની સાથે થયેલી વાતચીતનો પાદરી નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે.

તે 'વ્રતી'ના નામથી ઓળખાતા અમુક માણસોનો કટ્ટો દુશ્મન છે. તે વ્રતીઓ સંબંધી હું કંઈક હકીકત આપીશ.

વ્રતીઓ સાધુઓની માફક સમુદાયમાં રહે છે અને હું જ્યારે તેમના સ્થાન (ખંભાતના ઉપાશ્રય)માં ગયો, ત્યારે તેમનામાં પચાસેક જણ ત્યાં હતા. તેઓ શ્વેત વસ્ત્રો પહેરે છે. તેઓ માથા ઉપર કંઈ પણ ઓઢતા નથી. વળી, અસ્ત્રાથી દાઢીની હજામત કરાવતા નથી પણ તે દાઢીને ખેંચી કાઢે છે, અર્થાત્ દાઢીના તેમજ માથાના વાળનો તેઓ લોચ કરે છે. માથાની ટોચે વચલા ભાગમાં જ થોડા વાળ હોય છે, આથી કરીને તેઓનાં માથામાં ટાલ પડી ગયેલી હોય છે.

તેઓ નિર્ગ્રંથ છે. ભિક્ષામાં જે ખાદ્યપદાર્થ (ગૃહસ્થોની) જરૂરિયાત ઉપરાંત વધેલો હોય છે તે જ લે છે. તેઓને સ્ત્રીઓ હોતી નથી. ગુજરાતની ભાષામાં તેઓના ધર્મશિક્ષણો લખેલાં હોય છે. તેઓ ગરમ કરેલું પાણી પીએ છે. તે શરદી લાગવાના ભયથી નહિ, પણ એવા મંતવ્યથી કે પાણીમાં જીવ છે, અને ઉકાળ્યા સિવાય તે પીવામાં આવે તો તે જીવોનો નાશ થાય છે. આ જીવ પરમેશ્વરે બનાવ્યા છે અને આમાં (ઉકાળ્યા વગર પીવામાં) બહુ પાપ છે; પણ જ્યારે ઉકાળવામાં આવે છે, ત્યારે તેમાં જીવ રહેતો નથી. અને આ કારણથી તેઓ તેમના હાથમાં અમુક પ્રકારની પીંછીઓ (ઓઘાઓ) લઈને ફરે છે. આ પીંછીઓ તેના દાંડાઓ સહિત રૂની (ઉનની) બનાવેલી સીસાપેનો જેવી લાગે છે. તેઓ આ પીંછીઓ વડે જમીન અથવા બીજી જગ્યાઓ કે જ્યાં તેમને ચાલવાનું હોય

છે તેને સાફ કરે છે, કારણ કે તેમ કર્યાથી કોઈ જીવના ઘાત થાય નહિ. આ શકને લીધે તેમના વડવાઓને અને ઉપરીઓને ઘણી વખત જમીન સાફ કરતાં મેં જોયા છે. તેમના સૌથી મોટા નાયકના હાથ નીચે તેની આજ્ઞામાં રહેનારા એક લાખ માણસો હશે. અને દરેક વર્ષે આમાંનો એક ચૂંટાય છે. મેં તેઓમાં આઠ-નવ વર્ષની ઉંમરના છોકરાઓ પણ જોયા, કે જેઓ દેવ જેવા લાગતા હતા. તેઓ હિંદુસ્તાનના નહિ પરંતુ યુરોપના હોય એવા લાગતા હતા. આટલી ઉંમરે તેમના માતા-પિતા તેમને ધર્મને માટે અર્પણ કરી દે છે.

તેઓ પૃથ્વીને અનાદિ માને છે. અને માને છે કે આટલા વખતમાં (અનાદિકાળમાં) તેમના ઈશ્વરે ૨૩ પેગમ્બરો (પ્રવર્તકો) મોકલ્યા. અને આ છેલ્લા યુગમાં બીજો એક મોકલ્યો, એટલે ચોવીશ થયા. આ ચોવીસમાને થયે બે હજાર વર્ષ થઈ ગયાં છે. અને તે વખતથી અત્યાર સુધીમાં બીજા પ્રવર્તકોએ નહિ બનાવેલાં એવાં પુસ્તકો તેઓના કબજામાં છે.

ફાધર **ઝેવીયરે** અને મેં આ બાબત તેમની સાથે વાત કરી અને પૂછ્યું કે – આ છેલ્લા પ્રવર્તકથી જ તમારો ઉદ્ધાર છે કે શું ?

ઉપર્યુક્ત બાબનશા અમારો દુભાષિયો હતો. અને તેઓએ અમને કહ્યું કે– આ બાબતની આપણે ફરીથી વાત કરીશું. પણ અમે બીજે દિવસે ત્યાંથી નીકળી ગયા, તેથી અમારાથી ફરી ત્યાં જવાયું નહિ. જો કે તેઓએ અમને ઘણો આગ્રહ કર્યો હતો.'' ('સૂરીશ્વર અને સમ્રાટ' પરિશિષ્ટ-૬, પૃ. ૩૯૭ થી ૪૦૨)

નોંધ – આ પત્રો **પેરૂશીના** પૃ. ૬૯ તથા પૃ. ૫૨માં લેટીનમાં છપાયા હતા અને **મેકલેગને** જર્નલ ઑફ એશિયાટિક સોસાયટી ઑફ બેંગાલ, વો. ૪૫, અંક : ૧, પૃ. ૭૦માં આપ્યા હતા. સુપ્રસિદ્ધ ઇતિહાસકાર ડૉ. વિન્સેંટ સ્મિથે તા. ૨-૧૧-૧૯૧૮ના દિવસે શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિને આ પત્રોનો અંગ્રેજી અનુવાદ મોકલ્યો હતો.

પહેલો પત્ર તા. ૩-૯-૧૫૯૫ એટલે વિ. સં. ૧૬૫૨ના શ્રાવણમાં, જુલસી સન ૪૦, હીજરી સન ૧૨૦૩માં બા૦ અકબરના સમયે લખાયો છે.

એ જ રીતે બીજો પત્ર તા. ૬-૧૧-૧૫૯૫માં લખાયો છે.

મોગલ બાદશાહોના દરબારમાં યતિ, વ્રતી, શ્રમણ અને સેવડા – આ શબ્દો જૈન શ્વેતાંબર સાધુઓને માટે વપરાયા છે.

આ લેખમાં જે આઠ-નવ વર્ષની ઉંમરના સાધુઓ હોવાનું લખ્યું છે તે સંભવતઃ આ૦ વિજયસિંહસૂરિ વગેરે અર્થાત્ પં૦ મુક્તિસાગર, આ૦ રાજસાગરસૂરિ, ખુશફહમ મુનિ નંદિવિજયજી, ખુશફહમ મુનિ સિદ્ધિચંદ્રજી, મુનિ ભાવચંદજી, મુનિ હેમવિજય અને મુનિ દેવવિમલ વગેરે હોય.

બા૦ જહાંગીરનાં ફરમાનો નં. ૯ થી ૧૩

ફરમાન નવમું

ધર્મસ્થાનોની રક્ષા, કરમાફ અને અહિંસાનું ફરમાન

આ ફરમાન પોતાના સમગ્ર રાજ્યની અંદર નિમાયેલા હાકેમો, અમલદારો, જાગીરદારો, મુત્સદ્દીઓ અને આખા ગુજરાતના સૂબા અને નાયબ સૂબાઓ ઉપર કાઢવામાં આવ્યું છે. એમાં તેમણે (બા૦ જહાંગીરે) જણાવ્યું છે કે –

''પરમેશ્વરની પ્રીતિ ત્યારે જ મેળવી શકાય છે કે જ્યારે રાજ્યમાં રહેતી દરેક જાતની યા કોમની રૈયતના મનને આસૂદા (સુખ) હોય અને નિશ્ચિંતપણું હોય. હાલમાં શ્રાવક હરખા (હરખચંદ) પરમાનંદજીએ જહાંપનાહના દરબારમાં આવી અમલદારો મારફતે અરજ કરી કે, વિજયસેનસૂરિ, વિજયદેવસૂરિ અને ખુશફહમ નંદિજી (નંદિવિજયજી) તેઓ અમારા આચાર્યો છે. તેમનાં દેરાં અને ધર્મશાળા ઠેકઠેકાણે છે અને તેઓ હંમેશાં પવિત્ર ધાર્મિક કામમાં, સેવાપૂજામાં અને ઈશ્વરને યાદ કરવામાં મશગૂલ રહે છે. ખરેખર, અમને મજકુર શ્રાવક હરખા પરમાનંદજીની વફાદારીની ખબર છે કે એ અમારું શ્રેય ચાહનાર વફાદર માણસ છે, તેથી અમારા જહાંપનાહના દરબારમાંથી હુકમ કાઢવામાં આવે છે કે, 'એ કોમની ધર્મશાળા કે તેમના દેરાંમાં કોઈએ મુકામ કરવો નહીં અને તેની નજદીકમાં પણ કોઈ રીતની દખલગીરી કરવી નહીં; અને તેઓ તેને ફરીથી નવાં બનાવવા માગે તો તેમાં અડચણ કરવી નહીં. વળી, તેમના શિષ્યોના મકાનમાં પણ કોઈએ ઉતારો રાખવો નહીં. તેઓ જો સોરઠના મુલકમાં શત્રુંજયની જાત્રા કરવા જાય તો કોઈએ તેમની પાસે કશું માગવું નહીં.'

દરેક અઠવાડિયામાં બે વારના દિવસે, એટલે રવિવાર તથા ગુરુવારે, દર મહિને તે મહિનાના પહેલા દિવસે, તેમજ ઈદ (તહેવાર)ને દહાડે, તેમજ દર વર્ષે યૂર ઈરાની છઠ્ઠા શહેરેયૂર શહેરેવર માસમાં..... તેમજ અમારી ઉંમરનાં જેટલાં વર્ષ વીતી ગયાં છે તે વર્ષો ગણી દર વર્ષે એક દિવસ – એ પ્રમાણે અમારા આખા રાજ્યમાં કોઈ પણ જાનવરની કતલ કરવી નહીં, તેમ તેનો શિકાર કરવો નહીં તેમજ પક્ષી, માછલાં વગેરે જીવોને પકડવાં નહીં યા મારવાં નહીં. આ હુકમ પ્રમાણે ચાલવાને સૌએ કોશિશ કરવી. એનાથી વિરુદ્ધ વર્તવાને કોઈને અવકાશ જ નથી.''

નોંધ : બા૦ અકબર મરણ પામ્યો તે પછી જહાંગીર બાદશાહ થયો, ત્યારે તેના વિરોધમાં બળવા ફાટી નીકળ્યો. હવે દીન ઈલાહી રાજ્ય નથી, અકબર નથી, જહાંગીરી અરાજકતા છે; તો હવે અકબરનું ફરમાન માને કોણ ? આમ સમજી સોરઠના નાયબ સૂબેદાર ખુરમ જેવા ઉતાવળિયા ઝનૂની મુસલમાન અમલદારો જૈનતીર્થો–ધર્મસ્થાનોને

નુકસાન કરશે તો ? આવી વિચારણાથી આ૦ વિજયસેનસૂરિએ બા૦ જહાંગીરને ખબર આપી આ ફરમાન મેળવ્યું હતું.

બા૦ જહાંગીર પોતાના પિતાના પગલે ચાલવા ચાહતો હતો. તેણે પિતાના દરેકે દરેક ફરમાનોને અવસર આવતાં પોતાની મહોર મારી સમર્થન કર્યું હતું.

સંભવ છે કે, સં. ૧૬૬૨-૬૩માં બા૦ જહાંગીરે મહો૦ ભાનુચંદ્રની હયાતીમાં કે વિહાર પછી તેની પ્રેરણાથી અને **હરખચંદ પરમાનંદની** માગણીથી આ ફરમાન આપ્યું હોય.

જો કે બા૦ જહાંગીરના રાજકાળમાં કોઈ ગરબડ બની નથી. બા૦ શાહજહાંના રાજકાળમાં શાહજાદા ઔરંગઝેબે અમદાવાદમાં ગરબડ કરેલી, જે અંગે બા૦ શાહજહાંએ યોગ્ય પ્રબંધ કર્યો હતો. (પ્રક. ૫૮, પૃ. ૨૩૩ થી ૨૩૭, ફરમાન–૩.)

બા૦ ઔરંગઝેબે પં૦ પ્રતાપકુશળજીનું બહુમાન કર્યું હતું (પૃ. ૧૪૫–૧૪૬). બા૦ ઔરંગઝેબના રાજકાળમાં અજમેરના સૂબાઓએ ગરબડ કરી હતી. બા૦ ઔરંગઝેબે ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ, પં૦ ભીમવિજયગણિને વીસમું ફરમાન આપી જૈન ધર્મસ્થાનો જૈનોને પાછાં અપાવ્યાં હતાં. (પૃ. ૧૪૬)

બા૦ ઔરંગઝેબે ઉપર પ્રમાણે ભટ્ટા૦ વિજયપ્રભસૂરિને ધર્મસ્થાનોની સ્વતંત્રતાનું ફરમાન આપ્યું હતું. તે બંને ફરમાનોની અસલ નકલ અમને મળી નથી.

ફરમાન દશમું

અહિંસાનું ફરમાન (અનુવાદ)

અલ્લાહુ અકબર

(તા. ૨૬ માહે ફરવરદીન સને પના કરાર મુજબ ફરમાનની નકલ.)

તમામ રક્ષિત રાજ્યોના મોટા હાકેમો, મોટા દીવાનો, મહાન કામોના કારકુનો, રાજકારભારના બંદોબસ્ત કરનારાઓ, જાગીરદારો અને કરોડપતિઓએ જાણવું કે, દુનિયાને જીતવાના અભિપ્રાય સાથે અમારો ઇન્સાફી ઇરાદો પરમેશ્વરને રાજી કરવામાં રહેલો છે; અને અમારા અભિપ્રાયનો પૂરો હેતુ તમામ દુનિયા કે જેને પરમેશ્વરે બનાવી છે, તેને ખુશી કરવા તરફ રજૂ થયેલો છે. (તેમાં) ખાસ કરીને પવિત્ર વિચારવાળાએ અને મોક્ષધર્મવાળા કે જેમનો હેતુ સત્યની શોધ અને પરમેશ્વરની પ્રાપ્તિ કરવાનો છે, તેમને રાજી કરવા તરફ અમે (વધારે) ધ્યાન દઈએ છીએ. તેથી આ વખતે **વિવેકહર્ષ, પરમાનંદ, મહાનંદ** અને **ઉદયહર્ષ** કે જેઓ તથા યતિ (તપાગચ્છના સાધુ) વિજયસેનસૂરિ, વિજયદેવસૂરિ અને **નંદિવિજયજી** કે જેઓ ખુશફહમના ખિતાબવાળા છે, તેમના ચેલાઓ છે, તેઓ આ વખતે અમારી હજુરમાં હતા; અને તેઓએ દરખાસ્ત કરી વિનંતી કરી કે, 'જો સમગ્ર રાજ્યમાં અમારા પવિત્ર બાર દિવસો, જે શ્રાવણ–ભાદરવાના

પર્યુષણના દિવસો છે, તેમાં હિંસા કરવાની જગ્યાઓમાં કોઈપણ જાતના જીવોની હિંસા કરવામાં નહીં આવે તો, આપને માન મળવાનું કારણ થશે, અને ઘણા જીવો આપના ઊંચા અને પવિત્ર હુકમથી બચી જશે. તેમ તેનો સારો બદલો આપના પવિત્ર, શ્રેષ્ઠ અને મુબારક રાજ્યને મળશે.'

અમે બાદશાહી રહેમનજર દરેક નાત-જાતના અને ધર્મના હેતુ તથા કામને ઉત્તેજન આપવા બલ્કે દરેક પ્રાણીને સુખી કરવા તરફ રાખી છે. તેથી એ વિનંતી કબૂલ કરી દુનિયાએ માનેલો અને માનવાલાયક જહાંગીરી હુકમ થયો કે, મજકુર બાર દિવસોમાં દર વર્ષે હિંસા કરવાની જગ્યાઓમાં તમામ રક્ષિત રાજ્યની અંદર પ્રાણીઓને મારવામાં આવે નહીં અને એ કામની તૈયારી કરવામાં પણ આવે નહીં. વળી એ સંબંધી દર વર્ષનો નવો હુકમ કે સનદ (પણ) માગવામાં આવે નહીં. એ હુકમ મુજબ અમલ કરી ફરમાનથી વિરુદ્ધ વર્તવું નહીં. એ ફરજ જાણવી જોઈએ.

નમ્રમાં નમ્ર અબુલખૈરના લખાણથી અને મહમ્મુદ સૈદની નોંધથી.

નકલ અસલ મુજબ છે.



આ સિક્કો વાંચી શકાતો નથી.

('સૂરીશ્વર અને સમ્રાટ', પૃ. ૩૮૨ થી ૩૮૭)

નોંધ : બા૦ જહાંગીરને જૈન સાધુઓ પ્રત્યે ઘણું માન હતું. તે પિતાના પગલે પગલે રાજવ્યવહાર ચલાવવા ચાહતો હતો.

આથી પિતાજીએ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ વગેરેને જે જે ફરમાનો આપ્યાં હતાં તેણે એમના ચેલાઓને પિતાનાં તે તે અસલી ફરમાનોને તાજાં કરી નવાં ફરમાન આપ્યાં હતાં. જૂનાં ફરમાનોને સમર્થન આપ્યું હતું.

તેણે આ ફરમાન જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિના પરિવારના સાધુ પં૦ **વિવેકહર્ષગણિને** જુલસી સન ૫, ઈલાહી સન ૫૫, ફરવરદિન મહિનો તા. ૨૬, હીજરી સન ૧૦૧૯ (અથવા ૧૦૨૧) મહિનો મહોરમ, ઈ. સ. ૧૬૫૧, વિ. સં. ૧૬૬૬ (અથવા ૧૬૬૮)ના ચૈત્ર સુદમાં આગરામાં આપ્યું હતું.

મહો૦ વિવેકહર્ષગણિ ત્યારે પંન્યાસ હતા. તેઓ સં. ૧૬૬૬ થી સં. ૧૬૬૯ સુધી તે પ્રદેશમાં વિચર્યા હતા.

(પ્રક. ૫૫–મહો૦ વિવેકહર્ષગણિ, પૃ. ૪૧૯)

ફરમાન અગિયારમું

અહિંસા, કરમાફ તથા ધર્મસ્થાનોની રક્ષાનું ફરમાન

અલ્લાહુ અકબર

અબ્બુ(બ્દુ)લ મુજફ્ફર સુલતાન શાહ સલીમ ગાજીનું
દુનિયાએ માનેલું ફરમાન
(અસલ મુજબ નકલ)

મોટાં કામો સંબંધી હુકમ આપનારાઓએ, તેને અમલમાં લાવનારાઓએ, તેમના કારકુનોએ તથા વર્તમાન તેમજ ભવિષ્યના મામલતદારો..... વગેરેએ અને ખાસ કરીને **સોરઠ સરકારે** બાદશાહીનું માન મેળવીને તથા આશા રાખીને જાણવું કે, **ભાનુચંદ્ર** યતિ અને ખુશફહમના ખિતાબવાળા **સિદ્ધિચંદ્ર** યતિએ અમને અરજ કરી કે, ''જજિઓ (મુંડકાવેરો), જકાત, ગાય-ભેંસ-પાડા અને બળદ એ જાનવરોની બિલકુલ હિંસા, બીજા દરેક મહિનાના મુકરર દિવસોમાં હિંસા, મરેલાંના માલનો કબજો કરવો, લોકોને કેદ કરવા, અને **શત્રુંજય પર્વત** ઉપર માથાદીઠ સોરઠ સરકાર, જે કર લેતા તે એ બધી બાબતો આલા હજરતે (અકબર બાદશાહે) માફ કરી અને તેની મનાઈ કરી છે.'' તેથી અમારી પણ દરેક ઉપર સંપૂર્ણ મહેરબાની (સદ્‌ભાવ) છે. ઉપરાંત **એક બીજો મહિનો** કે ''જેની અંતમાં અમારો જન્મ થયો છે'' તે ઉમેરીને નીચે લખેલી **તફસીલ** (વિગત) મુજબ માફી આપી છે. અમારા શ્રેષ્ઠ હુકમ મુજબ અમલ કરી તેની વિરુદ્ધ કે આડે માર્ગે જવું જોઈએ નહીં. **વિજયસેનસૂરિ** અને **વિજયદેવસૂરિ** કે જેઓ ત્યાં (ગુજરાતમાં) છે, તેમના હાલની ખબરદારી કરી, જ્યારે **ભાનુચંદ્ર** અને **સિદ્ધિચંદ્ર** ત્યાં આવી પહોંચે ત્યારે તેમની સારસંભાળ રાખી, જે કામ કરવાનું તેઓ રજૂ કરે તેને પૂર્ણ કરી આપવું જોઈએ; કે જેથી તેઓ જીત કરનાર રાજ્યને હંમેશાં (કાયમ) રહેવાની દુઆ કરવામાં સુખી મનથી કામે લાગેલા રહે. વળી **ઉના** પરગણામાં એક **વાડી** છે કે જ્યાં તેમણે પોતાના **ગુરુ હીરવિજયજીનાં પગલાં** સ્થાપન કર્યાં છે, તેને જૂના રિવાજ પ્રમાણે **વેરા** વગેરેથી **મુક્ત** જાણી, તે સંબંધી કંઈ હરકત કે અડચણ કરવી નહીં.

લેખ થયો તા. ૧૪ શહેરેવર મહિનો સને ઈલાહી ૫૫.

પેટાભાગનો ખુલાસો :–

મહિનો ફરવરદિન, તે દિવસો, કે જે દિવસોમાં સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય છે. ઈદનો દિવસ, મેહર (મિહિર)ના દિવસો, દરેક મહિનાના સોમવારો, તે દિવસો કે જે સૂફિયાનના બે દિવસોની વચમાં આવે છે. રજબ મહિનાનો **સોમવાર**, અકબર બાદશાહના જન્મનો મહિનો, જે **શાઅબાન** મહિનો

કહેવાય છે. દરેક શમશી (Solar) મહિનાનો પહેલો દિવસ કે જેનું નામ ઓરમજ છે. બાર બરકતવાળા દિવસો કે જે શ્રાવણ મહિનાના છેલ્લા છ દિવસો અને ભાદરવાના પહેલા છ દિવસો છે.

અલ્લાહુ અકબર

નકલ અસલ મુજબ છે.



(આ સિક્કાના અક્ષરો વાંચી શકાતા નથી.)



આ સિક્કામાં 'કાજી અબ્દુ(લ)સ્સમી'નું નામ છે.

અસલ મુજબ નકલ છે.



આ સિક્કામાં 'કાજી ખાન મુહમ્મદ'નું નામ છે. બીજા અક્ષરો વંચાતા નથી.

('સૂરીશ્વર અને સમ્રાટ', પૃ. ૩૮૮ થી ૩૯૦,
તેમાંના ફરમાન ચોથાનો અનુવાદ)

નોંધ : બા૦ જહાંગીર મહો૦ ભાનુચંદ્રગણિનો એક રીતે વિદ્યાર્થી અને બીજી રીતે મિત્ર હતો. તેણે તેમને પણ પોતાના પિતાએ આ૦ હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિએ આપેલા ફરમાન તાજાં કરી, તેમાંના બધા હુકમોનો સમાવેશ કરી આ ફરમાન આપ્યું હતું.

જો કે ફરમાનમાં ઈલાહી સન ૫૫, શહેરીવર, પારસી છઠ્ઠા મહિનાની તા. ૧૪મી આપી છે. તે હિસાબે ત્યારે જુલસી સન ૫, ઈલાહી સન ૫૫ શહેરીવર મહિનો તા. ૧૪, ઈ. સ. ૧૬૧૦, વિ. સં. ૧૬૬૬નો ચૈત્ર મહિનો એમ આવે. પરંતુ મહો૦ **ભાનુચંદ્ર** ગણિવર તથા **સિદ્ધિચંદ્ર** ગણિ ત્યારે મારવાડ-ગુજરાત તરફ હતા, પણ આગરામાં નહોતા.

કદાચ આ ફરમાનના અનુવાદમાં કે સાલવારી મેળવવામાં ૧૦ વર્ષનો ફરક લેખાયો હોય તો, આ ફરમાનની સાલ જુલસી સન ૧૫, ઈલાહી સન ૬૫, શહેરીવર છઠ્ઠો મહિનો તા. ૧૪, હીજરી સન ૧૦૨૯ રવિઉસ્સાની મહિનો; ઈ. સ. ૧૬૨૦; વિ. સં. ૧૬૭૬ના ચૈત્ર સુદિ ૧૫ના રોજ આપ્યું હોય એમ દીસે છે.

(પ્રક. ૫૫–મહો૦ ભાનુચંદ્રગણિ, પૃ. ૩૯૮ થી ૪૦૨)

ફરમાન બારમું

ગુરુદેવના સમાધિસ્તૂપ માટે ભૂમિદાનનું ફરમાન

નુરૂદ્દીન મહમ્મદ જહાંગીર બાદશાહ ગાજીનું ફરમાન હંમેશાં રહેવાવાળું આલીશાન ફરમાન જે તા. ૧૭ રજબઉલ મુરજ્જબ હીજરી સન ૧૦૨૪નું છે, તેની નકલ –

હવે આ ફરમાનને પ્રગટ અને પ્રસિદ્ધ કરવાનો મહત્ત્વનો પ્રસંગ પ્રાપ્ત થયો. એમ ફરમાવવામાં આવે છે કે, માપણી કરેલી દશ વીઘા જમીન ખંભાતની નજીકના ચોરાસી પરગણાના મહમ્મુદપુર (અકબરપુર) ગામમાં નીચે લખ્યા પ્રમાણે ચંદુ સંઘવીને માટે મદદે-મુઆરા નામની જાગીર ખરીફના પ્રારંભ નૌશકાનઈલ (જુલાઈ) મહિનાથી કાયમને માટે આપવામાં આવે, જેથી તેની ઊપજનો ઉપયોગ, દરેક ફસલ, દરેક સાલ પોતાના ખર્ચને માટે તે કરે અને અનંત બાદશાહી અસ્ખલિત રહેવાને માટે તે પ્રાર્થના કરતો રહે.

હાલના અને હવે પછીના અધિકારીઓ, તલાટીઓ, જાગીરદારો અને માલના ઠેકેદારોને માટે ઉચિત છે કે, તેઓ આ પવિત્ર અને ઊંચા હુકમને હંમેશાં ચાલુ રાખવાનો પ્રયત્ન કરે.

ઉપર લખેલા જમીનના ટુકડાની માપણી કરીને અને તેની મર્યાદા બાંધીને તે જમીન ચંદુ સંઘવીને તાબે કરે, તેને તકલીફ ન આપે, તેમ તેની પાસેથી કોઈ પણ કારણને બાને કંઈપણ વસ્તુની માગણી ન કરે; જેમકે–પટ્ટો બનાવવાનું ખર્ચ, નજરાણું, માપણીનું ખર્ચ, જમીન કબજામાં આપવાનું ખર્ચ, રજિસ્ટ્રીનું ખર્ચ, તલાટીનું ફંડ, તહેસીલદાર અને દારોગાનું ખર્ચ, વેઠ, શિકાર અને ગામનું ખર્ચ, નંબરદારીનું ખર્ચ, જેલદારી સેંકડે ૨ ટકા ફી, કાનુગોની ફી, કોઈ ખાસ કામને માટે સાધારણ વાર્ષિક ખર્ચ, ખેતી કરવા વખતે અમુક ફી, અને એવી તમામ જાતની દીવાની અને સુલતાની તકલીફોથી તેને કાયમને માટે **મુક્ત** કરવામાં આવે છે. એને માટે હરસાલ કોઈ નવો હુકમ કે સૂચનાની આવશ્યકતા નથી. જે કંઈ હુકમ કરવામાં આવ્યો છે તેને તોડવો ન જોઈએ અને આને તેઓએ પોતાનું સરકારી કામ સમજવું જોઈએ.

તા. ૧૭મી, અસ્ફંદાર મુઝ ઈલાહી મહિનો ૧૦મું વર્ષ.

બીજી બાજુનો અનુવાદ :–

તારીખ ૨૧, અમરદાદ, ઈલાહી ૧૦મું વર્ષ, જેની બરાબર રજબઉલ મુરજ્જબ હીજરી સન ૧૦૨૪ની ૧૭મી તારીખ અને ગુરુવાર છે.

પૂર્ણતા અને ઉત્તમતાના આધારરૂપ સાચા અને જ્ઞાની એવા **સૈયદ અહમદ**

કાદરીએ મોકલવાથી, બુદ્ધિશાળી તથા વર્તમાન સમયના જાલીનૂસ (ધન્વંતરી વૈદ્ય) અને હાલના ખ્રીસ્ત એવા જોગીએ આપેલા ટેકાથી, વર્તમાન સમયના પરોપકારી રાજા **સુભાને** આપેલી ઓળખથી, અને સૌથી નમ્ર શિષ્યોમાંના શિષ્ય અને નોંધનાર **ઈસહકના** લખાણથી, ચંદુ સંઘવી પિતા બોરુ (?) પિતા (પિતામહ) વજીવન (વરજીવન) રહેવાસી આગ્રાનો તેને **મદદે મુઆરા** નામની જાગીર આપવામાં આવી. ચંદુ સંઘવી પિતા બોરુ (?), પિતા (પિતામહ) વ(ર)જીવન, રહેવાસી **આગરા** સબજવમ (સેવડાને માનનારા), જેનું કપાળ પહોળું, ભ્રમર પહોળી, ઘેટા જેવી જેની આંખો, કાળો રંગ, મૂંડેલી દાઢી, મોં ઉપર માતાના ઘણા ડાઘ, બંને કાનમાં ઠેકાણે ઠેકાણે છેદ, મધ્યમ ઊંચાઈ અને જેની લગભગ ૬૦ વર્ષની ઉંમર છે, તેણે બાદશાહની ઊંચી દ્રષ્ટિને એક રત્નની જડેલી વીંટી ૧૦મા વર્ષના ઇલાહી મહિનાની ૨૦મી તારીખે ભેટ કરી અને તેણે અરજ કરી કે, '**અકબરપુર** ગામમાં ૧૦ વીઘા જમીન તેના સદ્‌ગત ગુરુ વિજયસેનસૂરિના મંદિર, બાગ, મેળો અને સન્માનની યાદગીરી માટે ભેટ આપવામાં આવે.' સૂર્યના કિરણોની માફક ચળકાટવાળો અને બધી દુનિયાને માનવાલાયક એવો હુકમ થયો કે, ''**ચંદુ સંઘવીને** ગામ **અકબરપુર** પરગણા ચોરાસી કે જે ખંભાતની નજીક છે. ત્યાં દશ વીઘા ખેતીની જમીનનો ટુકડો મદદે મુઆરા નામની જાગીર તરીકે આપવામાં આવે.'' હુકમ પ્રમાણે તપાસ કરીને લખવામાં આવ્યું. માર્જિનમાં લખ્યું છે કે, 'લખનાર સાચો છે.'

જુમલુતુલ મુલ્ક મદારૂલ મહામ **ઐતમા** દુદ્દૌલાના હુકમ – ફરી બીજી વખત અરજી કરવામાં આવે.

'મુખલીસખાન' જેઓ મહેરબાની કરવાને લાયક છે, તેઓએ બાદશાહની સામે બીજીવાર અરજી પેશ (રજૂ) કરી. (પુનઃ આ કાગળ રજૂ કરવામાં આવે છે.) તા. ૨૧ માહ-યૂર (શહેરેવર શહેરેયૂર) ઇલાહી સન ૧૦.

જુમલુતુલ મુલ્ક મદારૂલ હુકમ છેલ્લો. મહામીનો હુકમ–અરજી જુમલુતુલ મદારૂલ મહા (વાજબી) બનાવવામાં આવે. મતો આ છે કે – મોજા મહમ્મુદપુરથી આને (ચંદુ સંઘવીને) માફી આપવામાં આવે.



સિક્કો બરાબર વંચાતો નથી.

આ નકલ અસલ છે.

('સૂરીશ્વર અને સમ્રાટ', તેમાંના ફરમાન છઠ્ઠાનો અનુવાદ)

નોંધ : બા૦ જહાંગીર આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ, મહો૦ ભાનુચંદ્ર

ગણિ વગેરેનો ઉપાસક હતો અને તેઓનાં કામ અંગે સર્વરીતે ધ્યાન આપી મોટી મદદ દેતો હતો.

આ૦ વિજયસેનસૂરિનું સં. ૧૬૭૩માં ખંભાતમાં સ્વર્ગગમન થયું. જૈનોએ તેમનો અકબરપરામાં અગ્નિસંસ્કાર કર્યો.

બા૦ જહાંગીરે આગરાના સંઘવી ચંદ્રપાલ જૈનને તે સ્થાનને ઉત્સવસ્થાન બનાવવા માટે ૧૦ વીઘા જમીન ભેટ આપી, તેનું ખંભાતના સૂબાએ ફરીવાર માગવાથી બીજી વાર આપેલું આ ફરમાન છે.

બા૦ જહાંગીરે જુલસી સન ૧૦, ઈલાહી સન ૬૦, બારમો અસ્પંદાર મહિનો તા. ૧૭મી, ગુરુવારના રોજ વિનંતી થવાથી મહિનો શહેરેવર તા. ૨૭મીના રોજ, હીજરી સન ૧૦૨૪, મહિનો રજબ ઉલ મુરજબ (અથવા .....) તા. ૧૭મીએ, ઈ. સ. ૧૬૧૫, ઓગસ્ટ મહિનો, ચૈત્રાદિ વિ. સં. ૧૬૭૩, કાર્તિકાદિ સં. ૧૬૭૨, શ્રાવણ .....ને રોજ આ ફરમાન આપ્યું હશે.

આ ફરમાનમાં સંઘવી ચંદ્રપાલની ઓળખાણ વ્યવસ્થિત આપી છે કે બીજો માણસ આ ફરમાન રજૂ કરી તે જમીન લઈ ન શકે.

(પ્રક. ૫૮, પૃ. ૧૪૩; પ્રક. ૫૯, પૃ. ૩૮૭–૩૮૮)

ફરમાન તેરમું

બા૦ જહાંગીરે આ૦ વિજયદેવસૂરિને લખેલો પત્ર

અલ્લાહુ અકબર

હકને ઓળખનાર, યોગાભ્યાસ કરનાર, **વિજયદેવસૂરિએ અમારી ખાસ** મહેરબાની મેળવીને જાણવું કે, ''તમારી સાથે પત્તન (માંડવગઢ)માં મુલાકાત થઈ હતી તેથી ખરા મિત્ર તરીકે ઘણું કરીને (હું) તમારા સમાચાર પૂછતો રહું છું. મને ખાતરી છે કે, તમે પણ અમારી સાથે **ખરા મિત્ર** તરીકેનો સંબંધ છોડશો નહીં.'' આ વખતે તમારો શિષ્ય **દયાકુશળ પંન્યાસ** અમારી પાસે હાજર થયો છે. તમારા સમાચાર તેની દ્વારા જાણ્યા છે. (તેથી) અમે બહુ ખુશી થયા. તમારો ચેલો પણ બહુ અનુભવી અને તર્કશક્તિવાળો છે. તેના ઉપર અમે મહેરબાનીની નજર રાખીએ છીએ. અને જે કંઈ તે કહે છે તે મુજબ કરવામાં આવે છે. અહીંનું જે કામકાજ હોય તે તમારા પોતાના શિષ્યને લખવું કે જેથી હજૂરમાં જાણવામાં આવે, જેનાથી તેના ઉપર (અમે) દરેક રીતે ધ્યાન દઈશું. અમારા તરફથી સુખે (બેફિકર) રહેશો અને પૂજવાલાયક જાતની પૂજા કરી અમારું રાજ્ય કાયમ રહે એવી દુઆ કરવામાં ક્રમે લાગતા રહેશો. વિશેષ કંઈ લખવાનું નથી.

લખ્યું તા. ૧૯ મહિનો શાહબાન સને ૧૦૨૭



આ સિક્કામાં **'જહાંગીર મુરીદ શાહ નવાજખાન'** આટલા અક્ષરો છે.
('સૂરીશ્વર અને સમ્રાટ', પૃ. ૩૯૧-૩૯૨)

નોંધ : બા૦ જહાંગીરે પં૦ કલ્યાણકુશળગણિના શિષ્ય પં૦ દયાકુશળગણિ મારફત તપાગચ્છના ભ૦ **વિજયદેવસૂરિને** હીજરી સન ૧૦૨૭, શાઅબાન મહિનો તા. ૧૯મી, જુલસી સન ૧૩, ઈલાહી સન ૬૩, તા. ૧૯-૭-૧૬૧૮, વિ. સં. ૧૬૭૪ના અષાડ મહિનામાં આ પત્ર લખી મોકલ્યો હતો.

બા૦ જહાંગીરે સં. ૧૬૭૩માં માંડવગઢમાં આ૦ વિજયદેવસૂરિની જીવનચર્યાની વિવિધ રીતે પરીક્ષા કરી તેમને **'મહાતપા'**નું બિરુદ આપ્યું હતું.

આ પત્ર ભટ્ટા૦ વિજયદેવસૂરિના શુદ્ધ જ્ઞાનબળ, તપોબળ તથા પ્રભાવક જીવને બાદશાહ ઉપર જે છાપ પાડી હતી તેનો પરિચય આપે છે. સાથોસાથ બા૦ જહાંગીરનો સરળ સ્વભાવ અને ગુણશોધક દ્રષ્ટિનો પણ ખ્યાલ કરાવે છે.

(પ્રક. ૫૫, પૃ. ૪૧૨; ભાગ : ૪, પ્રક. ૬૦—આ૦ વિજયદેવસૂરિ)

વિશેષ નોંધ :– અમારી ભાવના હતી કે – મોગલ બાદશાહોના સમયના જે જે વિવિધ ફરમાનો મળતા હોય, તે તે મૂળ ફરમાનોના ફોટા, અરબી કે ઉર્દુ ફરમાનોનાં હિંદી લિપિમાં અક્ષરશઃ શબ્દપાઠો તથા સૌના હિંદી, અંગ્રેજી અને ગુજરાતી ભાષાના અનુવાદો વગેરેનો **સર્વસંગ્રહ** આ ગ્રંથમાં એક સાથે પ્રકાશિત કરવો; પરંતુ તેમ કરવાથી પ્રસ્તુત ગ્રંથનો આકાર, કદ, કિંમત અને પ્રકાશિત કરવાના સમયમાં મોટો ફેરફાર થાય તેમ હતું. તેમજ આવું પ્રકાશન કર્યા બાદ આ પછીના ભાગોનાં પ્રકાશનો પણ લંબાય તેમ હતું, આથી તેવો સંગ્રહ કરવાના વિચારોને રોકી, હાલ આ ગ્રંથમાં ભા. ૪, પૃ. ૧૫૫ થી (ભાગ ૩, આવૃત્તિ પ્રથમ, પ્રક. ૪૪, પૃ. ૧૧૧ થી ૧૮૩ સુધીમાં) ઉપલબ્ધ ફરમાનોના માત્ર ગુજરાતી અનુવાદો જ આપ્યા છે, કોઈ સાહિત્યપ્રેમી **સંસ્થા** કે સજ્જન આવો 'સર્વસંગ્રહ' છપાવશે, તો અમને ખાતરી છે કે–તેને આ **અનુવાદો** અને **નોંધોમાંથી** ઘણી કિંમતી સહાય મળશે, તેમજ તે દેશસેવા સાહિત્યસેવાનો મોટો લાભ ઉઠાવી, **સાચો ઈતિહાસ** રજુ કરવાના યશના ભાગી બનશે.

બા૦ અકબરનો જુલસી સન :–

અમે આ પ્રકરણના ગત પૃ. ૧૫૫–૧૫૬માં બા૦ અકબરે ચલાવેલ ઈલાહી સંવતનો નિર્દેશ કર્યો છે. તેનો વિશેષ પરિચય આ પ્રમાણે જાણવો.

બા૦ અકબર હી. સ. ૯૬૩ રવિ ઉસ્સાની મહિનાની તા. ૨ શુક્રવાર

વિ. સં. ૧૬૧૨ ફા. સુદ ૪ સને તા. ૧૪-૨-૧૫૫૬ ના રોજ ગાદીએ બેઠો. (પૃ. ૧૧૮) તેણે ગાદીએ બેઠા પછી ૨૪ મે વર્ષે, એટલે વિ. સં. ૧૬૩૬ સને ૧૬૭૯ માં દીન-ઈ-ઇલાહી મત સ્થાપ્યો (અથવા રાજ્યારોહણથી ૨૯મા વર્ષે), રાજ્યારોહણની તારીખો-તિથિઓમાં ૨૪ દિવસો ઉમેરી ૨૫મા દિવસે સૌર પ્રારંભનું ગણિત મેળવી, હી. સન ૯૬૩ના રવિ ઉસ્સાની મહિનાની તા. ૨૮મી વિ. સં. ૧૬૧૨ના ફાગણ વદ અમાસ, સને તા. ૧૧-૩-૧૫૫૬ ને રોજ રાજ્યારંભના દિવસે સાયન મેષાર્ક, પોપગ્રેગરીની સાયન વ્યવસ્થા પ્રમાણે આજની ચાલુ ગણતરીએ તા. ૨૧-૩-૧૫૫૭ ના રોજ સાયન મેષાર્ક મુકરર કરી, હી. સન ૯૬૨, રવિ ઉસ્સાની મહિનાની તા. ૨૮ વિ. સં. ૧૬૪૧ અને સને ૧૫૮૪ થી પોતાનો નવો ફસલી સન ચલાવ્યો. જેનાં બીજાં નામ જુલસી સન, ઇલાહી સન, દીન-ઈ-ઇલાહી સન પણ છે.

તેમાં તેણે ઈરાની નામોવાળા ૧૨ મહિના અને ૧ થી ૩૨ સુધીની તારીખો રાખેલી હતી. જેનો પ્રારંભ સાયનમેષથી છે. મોગલ બાદશાહોનાં ફરમાનો, ઘણી જિનપ્રતિમાઓના પરિકર અને ગાદીમાં ઇલાહી સન (અલાહી) તથા હીજરી સન નોંધાયેલા મળે છે. (જૈન સત્ય પ્રકાશ, ક્ર. ૧૦૦,૧૦૧,૧૦૨, પૃ. ૨૦૪)

યાદ રાખવું કે – ઈરાની સન તે પારસીઓનો જૂનો ફસલી સન છે. તે વિવિધ જાતનો છે. તેમાં ૧૨ મહિનાના ૧ થી ૩૦ દિવસો, એમ કુલ ૩૬૦ દિવસો હોય છે. અને ગાથાઓના ૫ દિવસો ઉમેરી ૩૬૫ દિવસો મનાય છે.

તેમજ મહમ્મદ પયગંબર શાકે ૫૪૪, હિંદી વિ. સં. ૬૯૭ના શ્રાવણ સુદ ૧ની રાતે તે સમયના અંગ્રેજી પંચાંગ પ્રમાણે તા. ૧૫-૭-૬૨૧ ગુરુવારની રાતે ચંદ્રદર્શન કરીને એટલે શુક્રને પરોઢિયે મક્કાથી હિજરત કરી મદિના ગયા. ત્યારથી હીજરીસન શરૂ થયો છે. તેમાં ચંદ્ર દેખાય, ત્યારથી મહિનો બેસે છે. વિક્રમ વર્ષમાં મહિનો વધે ત્યારે હીજરી સનમાં મહિનો વધતો નથી, તેમાં ત્યારે પછીનો મહિનો હોય છે. આ રીતે ૩૩ વર્ષો જતાં વિક્રમ સંવત અને હીજરી સનના વર્ષોકોમાં એકેક વર્ષ ઓછા થવાનો ફરક પડતો જાય છે.

હીજરી સનમાં મહિનાની કે તિથિઓની વધઘટ હોતી નથી. હીજરી સાલમાં એક પછી એક વારા ફરતી **મહોરમ** વગેરે ૧૨ મહિનાઓ આવે છે. તેના દરેક મહિનાના ૩૦ કે ૨૯ દિવસો અને વર્ષના ૩૫૫ કે ૩૫૪ દિવસો હોય છે.

(૧) **બા૰ અકબરે** સન ૧૫૮૪ વિ. સં. ૧૬૪૧ થી ઈરાની સન તથા હીજરી સનની ઉપર લખ્યા પ્રમાણે ભેળસેળ કરી, નવો ફસલી દીન-ઈ-ઇલાહી, **જુલસી સન** ચલાવ્યો.

(૨) બા૦ શાહજહાંએ હીજરી સન ૧૦૪૬ ના મહોરમ તા. ૧ થી પોતાનો નવો ફસલી-જૂલૂસ સન ચલાવ્યો.

(૩) હૈદ્રાબાદના નવાબ નિઝામે તા. ૬-૧૦-૧૯૪૬ થી નવો નિઝામી ફસલી સન ચલાવ્યો હતો, જે માત્ર બે વર્ષ ચાલ્યો હતો.

(વિવિધ સંવતો માટે જુઓ 'જૈન સત્ય પ્રકાશ',
ક્ર. ૧૦૦, ૧૦૧, ૧૦૨, પૃ. ૨૭૪)

જૈનધર્મ-પ્રેમી રાજાઓ, મંત્રીઓ તથા જૈન શ્રેષ્ઠીવર્યો

બાદશાહ (દિલ્હી અધિપતિ) હેમુ વિક્રમાદિત્ય (પૃ. ૧૧૫ થી ૧૧૮), બાદશાહ અકબર (પૃ. ૧૧૮ થી ૧૩૬), બાદશાહ જહાંગીર (પૃ. ૧૩૬ થી ૧૪૪) વગેરે મોગલ બાદશાહો અને તેમણે આપેલાં વિવિધ ફરમાનો (પૃ. ૧૫૫ થી પૃ. ૧૮૧) તથા વજીર અબુલફજલ, સૂબો અજીજ કોકા, સૂબો મુરાદબક્ષ, સૂબો ખૂરમ વગેરેનો પરિચય આ જ પ્રકરણમાં આવી જાય છે – હવે આ૦ હીરવિજયસૂરિજીના અનુરાગી અન્ય રાજાઓ આદિની વિગત જોઈએ.

રાજા માલદેવ – જોધપુરના રાઠોડવંશમાં તે ૧૬મો રાજા હતો. તે મહો૦ ધર્મસાગરગણિ અને આ૦ હીરવિજયસૂરિનો ભક્ત હતો.

રાજા સુરત્રાણ (સુલતાન) દેવડો – તે સિરોહીનો રાજા હતો, ઉગ્ર સ્વભાવનો હતો. તે આ૦ હીરવિજયસૂરિનો ધર્મોપદેશ સાંભળી શાંત બન્યો, પ્રજાપ્રેમી બન્યો અને સૂરિજીનો ભક્ત બન્યો. તેણે સૂરિજીના ઉપદેશથી અમારિ પ્રવર્તન અને કરમુક્તિ જાહેર કરી હતી. (પૃ. ૯૯)

શ્રીમાલી શક્યા (કે રાક્યાન)નો વંશ –

૧. સંઘવી નાલ્હા – તે પાંડવોની ગુપ્ત નિવાસભૂમિ વૈરાટનગરનો વતની હતો. જૈનધર્મી હતો. તેને શ્રીદેવી નામે પત્ની હતી.

૨. સં૦ ઈશ્વર, પત્ની ઝબકૂ.

૩. સં૦ રત્નપાલ, પત્ની મેદાઈ.

૪. સં૦ દેવદત્ત, પત્ની ધમ્મૂ.

૫. સં૦ ભારમલ્લ – તે બા૦ અકબરનો પ્રીતિપાત્ર અને રાજા ટોડરમલનો માનીતો હતો. રાજા ટોડરમલે તેને ઘણાં ગામોનો રક્ષક નીમ્યો હતો.

૬. સં૦ ઈન્દ્રરાજ – તેને બે પત્નીઓ હતી. ૧ જયવંતી અને ૨ દમયંતી. તેને ચુહડમલ્લ અને ચતુર્ભુજ નામે બે પુત્રો હતા.

સં૦ ઈન્દ્રરાજને બીજો ભાઈ અજયરાજ નામે હતો. તેને વિમલદાસ નામે પુત્ર હતો, જેને નગીના નામે પત્ની હતી. ત્રીજો ભાઈ સ્વામીદાસ નામે હતો,

તેને પુત્ર સં૦ જગજીવન (પત્ની મોતી) અને પૌત્ર સં૦ કચરા નામે હતો.

સં૦ ઇન્દ્રરાજ વૈરાટ ગામનો માલિક હતો. તે તપાગચ્છનો શ્રાવક હતો. આ૦ હીરવિજયસૂરિનો ઉપાસક હતો. તેણે વૈરાટમાં 'ઇન્દ્રવિહાર' નામે જિનપ્રાસાદ બંધાવ્યો. શાકે ૧૫૦૯ (સને ૧૬૪૪)ના ફાગણ સુદિ ૨ ને રવિવારે વૈરાટનગરમાં મૂળનાયક ભ૦ વિમલનાથ, ભ૦ પાર્શ્વનાથ, ભ૦ ચંદ્રપ્રભ, ભ૦ ઋષભદેવ વગેરે પ્રતિમાઓ ભરાવી અને મોટો ઉત્સવ કરી તેની આ૦ હીરવિજયસૂરિના શિષ્ય મહો૦ કલ્યાણવિજયગણિના હાથે પ્રતિષ્ઠા કરાવી. આ જિનપ્રાસાદની પ્રશસ્તિ પં૦ લાભવિજયે રચી. પં૦ સોમકુશલગણિએ શિલા ઉપર લખી અને તેને સરરફ ભગતે ઉત્કીર્ણ કરી. (પ્રા. જૈ. લે., લેખાંક : ૩૭૯)

આજે પણ વૈરાટનગરમાં આ શિલાલેખ જિનાલયમાં વિદ્યમાન છે. તેમના વંશજો શ્રીમાન લાલા ખૈરાતીલાલજી, લાલા બાબુમલજી, લાલા જવાહરલાલજી વગેરે (તેમનો પરિવાર) દિલ્હીમાં વસે છે. (પ્રક. ૪૦, પૃ. ૩૮૭)

મંત્રી સમરથ ભણશાલી – તે પાટણમાં મંત્રીપદે હતો. તેણે શ્રી હીરવિજયસૂરિના આચાર્યપદનો પાટોત્સવ ઘણા ઠાઠમાઠથી ઉજવ્યો હતો.

શેઠ થાનમલજી અને માતા ચંપા શ્રાવિકા –

શેઠ રાજમલજી (રાજસિંહજી) ફતેહપુર સિક્રી પાસેના અભિરામાબાદ (ઈબ્રામીહાબાદ)માં રહેતો હતો. ધનાઢ્ય ઓશવાલ જૈન હતો. તેને ચંપા નામે પત્ની હતી અને થાનમલ (થાનસિંહ) નામે પુત્ર હતો. ચંપાબેન ધર્મપ્રેમી હતી. પવિત્ર જીવન ગાળતી જૈન શ્રાવિકા હતી. મોટી તપસ્વિની હતી.

તેણે બાદશાહ અકબરના દિલમાં શ્રદ્ધાનો હથોડો મારી (છ માસનાં) તપસ્યા રૂપી ટાંકણા વડે 'પાર્શ્વનાથ' અને 'હીરવિજયસૂરિ' એમ બે શબ્દો કોતર્યા હતા. બાદશાહ આ શબ્દોના ચમત્કારોથી ધીમે ધીમે હિંદુ (જૈનધર્મપ્રેમી) બની ગયો હતો. (પ્રક. ૫૮, પૃ. ૯૧ તથા પૃ. ૧૨૨)

શેઠ થાનમલમાં ધર્મશીલ માતા ચંપાદેવીના ગુણો ઊતર્યા હતા. તે માતૃભક્ત હતો. વિવેકી જૈન હતો. બાદશાહ અકબરનો માનીતો હતો. બાદશાહ અકબર ગુજરાત જીતવા ગયો ત્યારે તેને સાથે લઈ ગયો હતો. તે વખતે સં. ૧૬૨૮માં અમદાવાદમાં તપાગચ્છના આ૦ વિજયહીરસૂરિ પાસે લોંકાગચ્છના ઋષિ મેઘજી વગેરે ૨૮ યતિઓએ સંવેગી દીક્ષા સ્વીકારી હતી. શેઠ થાનમલજીએ આ ઉત્સવમાં બાદશાહી વાજાં લાવી શાસનની પ્રભાવના કરી દીક્ષા-ઉત્સવ ઊજવ્યો હતો. શેઠ થાનમલ અને આગરાના જૈન સંઘે બાદશાહ અકબરની પ્રેરણાથી સં. ૧૬૩૮માં આ૦ વિજયહીરસૂરિને ફતેહપુર સિક્રી પધારવા ગંધાર વિનંતીપત્ર મોકલ્યો હતો.

આ૦ વિજયહીરસૂરિ ગંધારથી વિહાર કરી સાંગાનેર પધાર્યા ત્યારે શેઠ થાનમલ તેમની સામે સાંગાનેર ગયો અને ગુરુદેવને બહુમાનપૂર્વક ફતેહપુર સિક્રી લઈ આવ્યો.

બા૦ અકબરે સં. ૧૬૪૦માં ફતેહપુરમાં આ૦ વિજયહીરસૂરિને 'જગદ્‌ગુરુ'ની પદવી આપી. આથી આગરા અને ફતેહપુરના જૈન સંઘે તે પદવીનો આનંદ ઉત્સવ ઊજવ્યો. એ વેળાએ મેડતાના શા૦ સદારંગે એક જૈન ભોજકને દાનમાં હાથી આપ્યો. સદાનંદે એક બીજો હાથી અકૂ ભાટને પણ તુષ્ટિદાનમાં આપ્યો. શેઠ થાનમલે તે હાથીને શણગાર પહેરાવ્યો અને તે શણગાર અકૂ ભાટને દાનમાં આપ્યો.

શેઠ થાનમલજીએ સં. ૧૬૪૦માં ફતેહપુરમાં જિનપ્રાસાદ બનાવી તેની આ૦ વિજયહીરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. આચાર્યે આ પ્રતિષ્ઠા ઉત્સવમાં પં૦ શાંતિચંદ્રગણિને ઉપાધ્યાય બનાવ્યા, મુનિ ભાનુચંદ્રગણિને પંન્યાસ બનાવ્યા તથા બાદશાહ અકબરના પ્રીતિપાત્ર જેતા શાહને દીક્ષા આપી મહો૦ લાભવિજયના શિષ્ય બનાવી મુનિ જીતવિજય નામ આપ્યું.

શેઠ થાનમલજીએ સં. ૧૬૪૧માં અભિરામાબાદ (ઈબ્રાહીમાબાદ)માં આ૦ વિજયહીરસૂરિ પાસે પોતાના ઘર દેરાસરની પ્રતિષ્ઠા કરાવી અને સં. ૧૬૪૧માં અભિરામાબાદમાં તેમને ચાતુર્માસ રાખ્યા.

શેઠ થાનમલજી અને શા૦ ભાનુમલ તથા કલ્યાણમલે લાહોરના ઉપાશ્રયમાં મહો૦ ભાનુચંદ્રગણિના ઉપદેશથી શાહજાદા જહાંગીર (સલીમ)ની વિષકન્યાની શાંતિ માટે અભિષેક–શાંતિપાઠ કરાવ્યો.

શા૦ ભાનુમલ અને કલ્યાણમલ –

તે બંને ભાઈઓ હતા. આગરાના રહેવાસી હતા. ચોરડિયા ગોત્રના ઓશવાલ જૈન હતા. ચોરડિયાઓ શરૂઆતથી જ ઉપકેશગચ્છના અને શ્વેતાંબર જૈન રહ્યા છે. બંને ભાઈઓ બાદશાહ અકબરના માનીતા હતા.

આ બંને ભાઈઓ આ૦ વિજયહીરસૂરિના ભક્ત હતા. તેઓ પણ આચાર્યશ્રીને ફતેહપુર સિક્રી લઈ આવવા શેઠ થાનમલની સાથે સાંગાનેર સામે ગયા હતા.

તે ભાઈઓએ સં. ૧૬૪૦માં આગરાના રોશન મહોલ્લામાં ચિંતામણિ પાર્શ્વનાથનું ચૈત્યાલય બનાવી તેમાં આ૦ હીરવિજયસૂરિના હાથે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની શ્યામ રંગની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

તે પછી મહો૦ ભાનુચંદ્રગણિના પ્રયત્નથી બા૦ અકબરની પરવાનગી મેળવી તેનો રંગમંડપ, શિખર વગેરે બનાવી મોટો જિનપ્રાસાદ બનાવ્યો. જોકે તે જિનાલયના ચાલુ કામકાજમાં મુસ્લિમ અમલદારોએ દખલ કરી હતી પરંતુ મહો૦

ભાનુચંદ્રગણિએ તે બધાને કુનેહથી સમજાવી લીધા હતા.

ધીમે ધીમે આ જિનપ્રાસાદમાં નાનાં મોટાં નવાં દેરાંઓ બનતાં ગયાં. શ્રીસંઘે બીજા જિનપ્રાસાદોની પ્રતિમા લાવીને તેમાં સ્થાપન કરી હતી. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના ખરચ માટે બાદશાહે રોશન મહોલ્લો ભેટ આપ્યો હતો.

એકવાર અંગ્રેજી રાજ્યમાં આગરાના કિલ્લા પાસે જમીન ખોદતાં તેમાંથી ભ૦ શીતલનાથની શ્યામ રંગની પ્રાચીન પ્રતિમા મળી આવી હતી. આથી આગરાના કલેક્ટરે જાહેર કરેલું કે જેની આ પ્રતિમા હોય તે ખાતરી આપીને લઈ જાય. શૈવો, વૈષ્ણવો વગેરે ત્યાં ગયા. સૌએ કહ્યું કે આ તો જૈનોના દેવ છે. આથી દિગંબરના ભટ્ટારક શાસ્ત્રીઓ અને જૈનો ત્યાં પ્રતિમા લેવા ગયા. તેઓએ ઘણી મહેનત કરી પણ તે પ્રતિમાને કોઈ ઉઠાવી શક્યું નહીં. ત્યારે આ૦ વિજયહીરસૂરિની પરંપરાના (૬૩) મહો૦ મેઘવિજયગણિ, (૬૪) પં૦ મેરુવિજયગણિ, (૬૫) પં૦ માણેકવિજયગણિ, (૬૬) પં૦ ભાણવિજયગણિના શિષ્ય (૬૭) પં૦ કુશલવિજયગણિ અને પં૦ તત્ત્વવિજયગણિ આગરામાં હતા.

શૈવો, દિગંબર જૈનો વગેરેએ તેમની પાસે આવીને કહ્યું : ''તે જૈન પ્રતિમા છે પણ કોઈથી ઉઠાવી શકાતી નથી. કદાચ આપના ત્યાં જવાથી ભગવાન ઊઠે તો આપ પધારો અને પ્રતિમાને લઈ આવો.''

પંન્યાસજી મહારાજ ત્યાં ગયા અને સૌને કહ્યું : ''મહાનુભાવો ! તમે સૌ ઉઠાવવા પ્રયત્ન કરો, ન ઊઠે તો પછી હું યોગ્ય કરું. કોઈને મનમાં એમ ન થાય કે હું ઉઠાવી લાવત.'' પછી સૌએ પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ ગયો. પંન્યાસજીએ આઠ વર્ષનાં ચાર બાળકોને સ્નાન કરાવી, પૂજાનાં કપડાં પહેરાવી ઊભાં રાખ્યાં અને પછી પ્રતિમા ઉપર વાસક્ષેપ નાખી પ્રતિમાને ઉપાડી. પ્રતિમાજી બહાર નીકળી આવ્યાં. ચાર બાળકો પાસે ઉપડાવી ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં લાવી સં. ૧૮૧૦માં પં૦ કુશલવિજયગણિએ આગરામાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયમાં ડાબી તરફના ચોકમાં એક સ્વતંત્ર વેદી તથા સિંહાસન તૈયાર કરાવી એ ભ૦ શીતલનાથની પ્રતિષ્ઠા કરી.

જૈન–અજૈન સહુ કોઈ આ ચમત્કારી પ્રતિમાનાં દર્શને આવવા લાગ્યાં, માનતા માનવા લાગ્યાં અને સૌની શ્રદ્ધા વધવા લાગી.

વાસ્તવમાં ગ્વાલિયર અને કનોજના રાજા નાગાવલોકના રાજગુરુ આ૦ બપ્પભટ્ટિસૂરિએ પ્રતિષ્ઠા કરેલી આ પ્રાચીન જિનમૂર્તિ છે. એમ આ પ્રતિમા અસલમાં શ્વેતાંબરાચાર્ય–પ્રતિષ્ઠિત છે, તેથી જ તો શ્વેતાંબર મુનિની વિનંતી સ્વીકારી તે પ્રતિમા ઉપડી શકી અને અહીં લાવી શકાઈ. ભગવાનનાં દર્શન કરવાની સૌને છૂટ છે પણ તેની પૂજા તો શ્વેતાંબર જૈન વિધિ પ્રમાણે જ થાય

છે. તેનો અભિષેક, ચંદનપૂજા, પુષ્પપૂજા વગેરે થાય છે. ચક્ષુ, મુગુટ, આંગી વગેરે પણ ચડાવાય છે; છતાં ચમત્કારી હોવાથી દિગંબર અને સ્થાનકવાસી જૈનો પણ પોતાના દેવ માનીને દર્શન કરે છે.

પં૦ કુશલવિજયગણિએ તે જ ચોકમાં, તે જ મુહૂર્તમાં ચૌમુખજીની પણ પ્રતિષ્ઠા કરી હતી. સાથોસાથ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં તથા પાછળના ઉપાશ્રયમાં મણિભદ્ર વીરની પણ પ્રતિષ્ઠા કરી હતી. ચોકમાં ચૌમુખજી અને ભ૦ શીતલનાથની ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠાનો શિલાલેખ દીવાલમાં ચોડેલો વિદ્યમાન છે.

આગરાના રોશન મહોલ્લામાં ચોરાશી (ચોરડિયા) કુટુંબના ઘણાં ઘરો છે. તે સૌ તપાગચ્છના ભાવિક જૈનો છે.

(વિશેષ જુઓ : આગરા, પૃ. ૧૯૯થી ૨૦૧)

શેઠ મૂલાશાહ – તે અમદાવાદના અહમદપરામાં રહેતો હતો. ધનાઢ્ય જૈન વેપારી હતો. ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ હીરવિજયસૂરિનો ભક્ત હતો. શેઠ મૂલાશાહે સં. ૧૬૨૮ના ફાગણ સુદિ ૭ ને સોમવારે અહમદપરામાં કરાવેલ પદવી મહોત્સવમાં આ૦ હીરવિજયસૂરિએ ઉપા૦ વિમલહર્ષગણિને મહોપાધ્યાય બનાવ્યા, પં૦ જયવિજયગણિને ઉપાધ્યાય બનાવ્યા (પછી જે આ૦ વિજયસેનસૂરિ બન્યા) અને મુનિ પદ્મસાગર, મુનિ લબ્ધિસાગર વગેરે ૬ને પંન્યાસ બનાવ્યા.

('વિજય પ્રશસ્તિ મહાકાવ્ય', સર્ગ : ૭, શ્લો. ૬૭ થી ૭૨)

શેઠ મૂલાશાહે સં. ૧૬૫૦માં શત્રુંજયતીર્થે શ્રી આદીશ્વરદાદાની ટૂંકમાં મોટો જિનપ્રાસાદ બનાવી આ૦ હીરવિજયસૂરિના વરદ્ હસ્તે પ્રતિષ્ઠા કરાવી.

સંઘવી ઉદયકરણ – તે ખંભાતનો વતની હતો. ધનાઢ્ય હતો. તેણે સં. ૧૬૩૮ મહા સુદિ ૧૩ના ખંભાતમાં પોતે બનાવેલ ભ૦ ચંદ્રપ્રભ જિનાલયની પ્રતિષ્ઠા આ૦ હીરવિજયસૂરિ પાસે કરાવી. તે જ જિનાલયમાં સં. ૧૬૫૩માં તેણે શ્રી હીરવિજયસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા આ૦ વિજયસેનસૂરિના હસ્તે કરાવી.

તેણે આ૦ હીરવિજયસૂરિના ઉપદેશથી મારવાડ–મેવાડનાં જૈન તીર્થોનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. (જુઓ પ્રક. ૫૮, પૃ. ૯૧)

શેઠ રામજી ગંધારીઆ –

તે ગંધારનો વતની હતો. વર્ધમાન શ્રીમાલીનો પુત્ર હતો (પ્રક. ૫૭, પૃ. ૩૨). કોટિધ્વજ વેપારી હતો. વહાણવટું કરતો હતો. વહાણ અને વહાણને લગતો સામાન વેચતો હતો. તે તપાગચ્છના ભટ્ટા૦ વિજયદાનસૂરિ, આ૦ હીરવિજયસૂરિ અને આ૦ વિજયસેનસૂરિનો ભક્ત હતો.

ખંભાતમાં સં. ૧૬૩૮ના મા. સુદ ૧૩ને દિવસે સં૦ ઉદયકરણે આ૦ હીરવિજયસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. ગંધારના શેઠ રામજીએ આ ઉત્સવમાં આવી આચાર્યશ્રીને ગંધાર પધારવા વિનંતી કરી; પરંતુ તેને ગચ્છનાયક ગંધાર પધારે એવી આશા નહોતી. પણ ગચ્છનાયકે તે પછી પોતાના મુનિપરિવાર સાથે ખંભાતથી ગંધાર તરફ વિહાર કર્યો.

સં૦ ઉદયકરણે ગંધારમાં શેઠ રામજીને ગચ્છનાયકના ગંધાર તરફના વિહારના સમાચાર એક સાધારણ માણસ પાસે કહેવડાવ્યા.

શેઠ રામજી ગુરુદેવના ગંધાર પધારવાના સમાચાર સાંભળી ઘણો ખુશ થયો. તેણે એ ખુશાલીમાં જ આ સમાચાર લાવનાર માણસને પ્રીતિદાન–ઇનામ આપવાનો નિર્ણય કર્યો. શેઠે તે માણસ આગળ વખારોની ચાવીઓ મૂકી કહ્યું: ''ભાઈ ! આ ચાવીના જૂડામાંથી તને પસંદ પડે તે ચાવી લે, તેમાંથી જે વખારની એ ચાવી હશે તેમાંનો બધો માલ-સામાન તને ઇનામમાં મળશે.''

ખબર લાવનાર માણસ ભોળો હતો. તેણે ચાવીના જૂડામાંથી મોટામાં મોટી ચાવી લીધી. તે ચાવીવાળી વખારમાં વહાણ માટે વપરાતાં દોરડાં હતાં. શેઠે તે માણસને લાખોની રકમના આ દોરડાં ઇનામમાં આપ્યાં.

('જૈન સત્ય પ્રકાશ', વર્ષ : ૧૪; અંક ૧૦, ક્રમાંક : ૧૬૬)

શેઠ રામજી ગંધારીઆએ સં. ૧૬૫૦માં શત્રુંજય ઉપર ચૌમુખજીનો મોટો જિનપ્રાસાદ બંધાવી તેની આચાર્યશ્રીના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેમજ તળાજા અને શ્રી ગિરનાર તીર્થમાં મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો.

સંઘવી અકૂ શેઠ – તે આગરા પાસેના ફિરોજાબાદનો વતની હતો. ધનાઢ્ય અને ચતુર જૈન હતો. આ૦ હીરવિજયસૂરિનો ભક્ત હતો. સં. ૧૬૪૦માં સૂરિજી ફિરોજાબાદ પધાર્યા ત્યારે અકૂ શેઠની ઉંમર ૯૬ વર્ષની હતી; છતાં ત્યારે પણ એમની આંખમાં ચમક હતી; દાંતમાં યુવાનની મજબૂતાઈ હતી, એમના શરીરનો બાંધો સશક્ત હતો. તેમણે પોતાની હયાતીમાં પોતાના કુટુંબના ૫૧ પાઘડીબંધ પુરુષોને જોયા હતા. તેમના કુટુંબનો પરિવાર ઘણો વિશાળ હતો.★

★ અમે ઈ.સ. ૧૯૩૨-૩૩માં નાથનગરથી ચંપાપુરી જતા હતા. ત્યારે રસ્તામાં અમને ભારતનો પ્રસિદ્ધ ઐતિહાસિક નરવીર નાના ફડનવીસ મળ્યો હતો. તેના કહેવા પ્રમાણે ત્યારે તેની ઉંમર ૧૨૨ વર્ષની હતી. તેણે અમને પાસેના કબ્રસ્તાનમાં લઈ જઈ બહુમાનથી બેસાડી ઈ.સ. ૧૮૫૭ના બળવાનો ઇતિહાસ કહી સંભળાવ્યો હતો. ત્યારે તેનું શરીર વૃદ્ધ છતાં બાંધી દડીનું ઠીંગણું હતું. રૂપાળું હતું. તેની આંખ અને દાંતની પંક્તિ સાબૂત હતી. આંખ ચમકદાર હતી. બુદ્ધિ સતેજ હતી. તેના કહેવા પ્રમાણે તેનો જન્મ ઈ.સ. ૧૮૧૦માં થયો હતો અને બળવાના સમયે તેની ઉંમર ૪૮ વર્ષની હતી.

સોની આભુ ઓશવાલનો વંશ (તેજપાલ અને સિદ્ધાચલ જીર્ણોદ્ધાર) –

૧. **આભુ** – તે ઓશવાલ હતો. તેની 'સોની' અટક હતી. તેને પદ્મા નામે પત્ની હતી.

૨. **શિવરાજ** – તે મોટો સોની હતો અને મહાપુણ્યશાળી હતો.

૩. **સીધર, ૪. પર્વત, ૫. કાળો.**

૬. **વાઘજી** – તેને રજાઈ નામે પત્ની હતી.

૭. **વછીઓ** – તેને સુહાસિની અને પદ્મા નામે બે પત્નીઓ હતી. શેઠ વછીઆ અને પદ્માદેવીને સોની કુંવરજી નામે પુત્ર હતો.

૮. **સોની તેજપાલ** – તે શેઠ વછીઆ અને સુહાસિનીદેવીનો પુત્ર હતો. તેને **તેજલદે** નામે પત્ની હતી. બંને જણા આ૦ હીરવિજયસૂરિ અને આ૦ વિજયસેનસૂરિના ભક્તો હતા. સોની તેજપાલે આ૦ વિજયસેનસૂરિના ઉપદેશથી સં. ૧૬૪૬માં ખંભાતમાં (૧) ભ૦ સુપાર્શ્વનાથ અને (૨) ભ૦ અનંતનાથનાં **જિનાલયો** બનાવ્યાં. ચિત્તોડના **દોશી કર્માશાહે** સં. ૧૫૮૭માં શત્રુંજય મહાતીર્થનો મોટો સોળમો ઉદ્ધાર કરાવ્યો હતો. તે પછી પણ એ જિનપ્રાસાદ જીર્ણ થઈ જતાં **આ૦ હીરવિજયસૂરિ** અને **આ૦ વિજયસેનસૂરિના** ઉપદેશથી સોની **તેજપાલે** શત્રુંજયતીર્થના તે મૂળ જિનપ્રાસાદનો બે લાખ લ્યાહરી ખરચીને મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમાં ૭૪ થાંભલા કરાવ્યા, બાવન હાથ ઊંચા મુખ્ય શિખર ઉપર ઊંચો સ્વર્ણકળશ મુકાવ્યો. બીજા નાના-મોટા ૧૨૪૫ કળશો બનાવ્યા અને તે જિનપ્રાસાદનું નામ **'નંદિવર્ધન જિનપ્રાસાદ'** રાખવામાં આવ્યું. આ સિવાય ત્યાં ચારે બાજુએ ચાર ગોખ બનાવ્યા, ૪ મુનિવરોની આકૃતિઓ બનાવી અને ૭૨ દેરીઓ બનાવી. (પ્રક. ૫૮, પૃ. ૧૦૦–૧૦૧)

તેના સાવકાભાઈ **કુંઅરજી સોનીએ** પણ શત્રુંજય મહાતીર્થમાં સં. ૧૬૪૯માં આઠ પગથિયાંવાળો **'અષ્ટાપદાવતાર'** નામનો નવો વિશાળ જિનપ્રાસાદ બનાવ્યો. તેમજ **શેઠ રામજી ગંધારિયાએ** આ મૂળ પ્રાસાદમાં બીજો **ચૌમુખ જિનપ્રાસાદ** બનાવ્યો. **શા૦ કુંઅરજીએ** ત્રીજો જિનપ્રાસાદ અને **શેઠ મૂળજીએ** ચોથો જિનપ્રાસાદ બંધાવ્યો. આ દરેક જિનપ્રાસાદો તેમજ સોની તેજપાલના 'નંદિવર્ધન જિનપ્રાસાદ'નું બાંધકામ ઠક્કર જશુની દેખરેખ નીચે થયું હતું. આ બધા જિનપ્રાસાદમાં 'વાસ્તા' નામના શિલ્પીએ ભવ્ય શિલ્પકામ કર્યું હતું.

જગદ્‌ગુરુ **આ૦ હીરવિજયસૂરિએ** સં. ૧૬૪૯માં પાટણમાં ચોમાસું કર્યું, અને પછી તેમણે ત્યાંથી છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શત્રુંજયતીર્થની યાત્રા માટે વિહાર કર્યો. તે અમદાવાદ થઈ **ધોળકા** પધાર્યા. ભારતના ઘણા પ્રદેશોમાંથી

છ'રી પાળતા અનેક **યાત્રાસંઘો** અહીં ધોળકા પાસે આવી મળ્યા. સંઘવી સોની **તેજપાલ** અને તેની પત્ની **તેજલદે** પણ ખંભાતથી નીકળી, ત્યાં આવી પહોંચ્યાં. તે વખતે સોની સાથે ત્યાં ૩૬ સુખપાળો (પાલખી) હતા. તેમજ હાથી, ઘોડા, ઊંટ તથા યાત્રિકો વગેરે મોટી સંખ્યામાં હતા. તે બધા સંઘો પાલીતાણા પહોંચ્યા. સંઘોએ સરોવરના કાંઠે પડાવ નાખ્યો. સંઘમાં પ્રતિદિન 'શત્રુંજય માહાત્મ્ય' વિશે વ્યાખ્યાનો ચાલું હતાં.

સોની તેજપાલે નંદિવર્ધન પ્રાસાદની પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય કર્યો અને બહારથી બીજા જૈનોને આમંત્રણ આપી બોલાવ્યા. આ પ્રતિષ્ઠા ઉત્સવમાં ગંધાર વગેરેના ૭૨ યાત્રાસંઘો આવ્યા હતા. માણસોની સંખ્યા અગણિત હતી. રહેવાની જગા નાની હોવાથી યાત્રાળુઓ તળાવના કાંઠે ખુલ્લામાં બેસીને રસોઈ કરતા હતા.

સંઘભક્તિ – મહો૦ રામવિજય ગણિવરે એકવાર કુદરતી હાજતે જતાં-આવતાં આ દ્રશ્ય જોયું. તેમણે સોની તેજપાલ અને તેજલદેને બોલાવી, તેઓનું આ તરફ ધ્યાન ખેંચ્યું. તેમના ઉપદેશથી સોની તેજપાલે સઘળા સંઘોને પોતાના રસોડે જમવા વિનંતી કરી અને હંમેશને માટે **સાધર્મિકવાત્સલ્ય** ચાલુ રાખ્યું. સંઘમાંના સૌએ સોની તેજપાલની આ પ્રકારની ભક્તિની ખૂબ પ્રશંસા કરી.

જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિએ સં. ૧૬૫૦ના (પ્રથમ ચૈત્રમાં) નંદિવર્ધન જિનપ્રાસાદ વગેરે પ્રાસાદોની પ્રતિષ્ઠા કરી.

(મહાકવિ ઋષભદાસનો 'હીરવિજયસૂરિ-રાસ')

સોની તેજપાલે ઉદ્ધાર કરેલ વિમલાચલમંડન આદીશ્વર જિનપ્રાસાદની પ્રશસ્તિ આસુકવિ પં૦ હેમવિજયગણિએ રચી. મહો૦ સહજસાગરના વિદ્વાન શિષ્ય પં૦ (ઉપા૦) જયસાગરે તેને પથ્થર (શિલાલેખ) પર અક્ષરોરૂપે લખી અને સલાટ 'માધવ' તથા નાનાએ તેને કોતરી. આ પ્રશસ્તિ ૧ થી ૬૮ શ્લોકની છે.

સોની તેજપાલે સં. ૧૬૫૮માં અમદાવાદના ઝવેરીવાડમાં ભ૦ જગવલ્લભ પાર્શ્વનાથના પ્રતિષ્ઠા ઉત્સવમાં આ૦ વિજયસેનસૂરિના હાથે ભ૦ ઋષભદેવની ૭૧ આંગળ ઊંચી જિનપ્રતિમાની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી હતી.

ખંભાતમાં જિનાલય – સોની તેજપાલની પત્ની સંઘવણ તેજલદેએ પતિની આજ્ઞાથી ખંભાતમાં 'ભોંયરાવાળુ જિનાલય' બનાવી, તેની સં. ૧૬૬૧ના વૈશાખ વદિ ૭ના રોજ લક્ષ્મીનો ઉદાર હાથે સદ્‌વ્યય કરી આ૦ વિજયસેનસૂરિના કરકમલથી પ્રતિષ્ઠા કરાવી હતી.

સંઘવી નાનુ – તે સંઘપતિ હતો. તેને **દુર્જનશલ્ય** નામે પુત્ર હતો. સંઘવી દુર્જનશલ્યે આ૦ હીરવિજયસૂરિના ઉપદેશથી ઘણાં જિનાલયોના જીર્ણોદ્ધાર કરાવ્યા, જિનપ્રતિષ્ઠા કરાવી, સંઘપૂજા કરી તથા છ'રી પાળતા તીર્થયાત્રાના સંઘો કાઢ્યા.

કવિ કૃષ્ણદાસે સં. ૧૬૧૫ના વૈશાખ માસમાં તેના વર્ણનમાં 'દુર્જનશાલ બાવની' બનાવી છે.

સં૦ દુર્જનશલ્ય જડિયો – આગરામાં જગુશાહ નામે જડિયા ગોત્રનો ઓશવાલ જૈન હતો. તેને ત્રણ પુત્રો હતા. ૧. સંઘવી વિમલદાસ, ૨. સંઘવી દુર્જનશલ્ય, ૩. સંઘવી હીરાનંદ. **હીરાનંદ** આગરામાં જૈન સંઘમાં આગેવાન હતો. રાજમાન્ય હતો. તેની પત્ની મણિદેવીએ મેડતામાં સં. ૧૭૦૦ થી ૧૭૦૫ લગભગમાં આ૦ વિજયસિંહસૂરિના હાથે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી (પટ્ટા૦ સમુ૦ ભા-૧, પૃ. ૯૬). આગરાના રોશન મહોલ્લામાં હીરાનંદના નામની હીરાનંદગલી પ્રસિદ્ધ છે.

શાહ સદારંગ – તે મેડતાનો વતની હતો. આગરામાં રહેતો હતો. બાદશાહ અકબરે સં. ૧૬૪૦માં ફતેહપુરના બાદશાહી દરબારમાં આ૦ હીરવિજયસૂરિને 'જગદ્‌ગુરુ'નો ખિતાબ આપ્યો. આથી આગરા, ફતેહપુર, અમિરામાબાદના જૈનોએ તે પદવીઉત્સવ ઊજવ્યો.

અકૂ નામનો ભાટ તે સભામંડપમાં આવ્યો હતો. તેને તેની ભાભીએ મ્હેણું માર્યું હતું કે, 'શું હાથી ઉપર બેસીને આવો છો કે ઊંચા-નીચા થઈ રહ્યા છો !' અકૂએ આ સભામાં સૌની વચ્ચે જગદ્‌ગુરુ શ્રી વિજયહીરસૂરિની ઘણી પ્રશંસા કરી તથા ઘણાં નવાં નવાં કવિતો તેમની પ્રશંસામાં બનાવ્યાં.

શા૦ સદારંગે ખુશ થઈને કહ્યું : ''દેવીપુત્ર ! માંગો માંગો, જે જોઈએ તે માંગો. દેવ-ગુરુની કૃપાથી તમારી આશા પૂરી થશે.''

અકૂ તરત જ બોલી ઊઠ્યો : ''જગદ્‌ગુરુ અને મહાજન મારા ઉપર ખરેખર તુષ્ટ થયા હોય તો મારે એક હાથી જોઈએ.''

શા૦ સદારંગે તરત જ એક હાથી મંગાવી તેના વડે જગદ્‌ગુરુનું લૂંછણું ઉતારી તે હાથી અકૂ ભાટને આપ્યો ત્યારે આ મંડપમાં એક જૈન ભોજક બેઠો હતો તે બોલી ઊઠ્યો : ''ગુરુદેવના લૂંછણા ઉપર તો જૈન ભોજકનો હક્ક છે. તો તે હાથી મને જ મળવો જોઈએ. બીજાને તે અપાય જ નહીં.''

શા૦ સદારંગે આ વાત સ્વીકારી, તે હાથી જૈન ભોજકને આપી દીધો, અને ગુમાસ્તાને મોકલી બીજો હાથી વેચાતો મંગાવ્યો, જે અકૂ ભાટને તુષ્ટિદાનમાં આપી દીધો.

અભિરામાબાદના શા૦ થાનમલ જૈન ઓશવાલે પોતાના ગુમાસ્તા પાસે હાથીનો શણગાર મંગાવી તે હાથીને પહેરાવ્યો. તેણે હાથી સાથે તે શણગાર પણ અકૂ ભાટને પ્રીતિદાનમાં આપ્યો.

અકૂ ભાટ તો ખુશ ખુશ થઈ ગયો. તે ત્યાંથી હાથી ઉપર બેસીને નીકળ્યો ને પોતાને ગામ પોતાના ઘેર પહોંચ્યો. તેણે રસ્તામાં જગદ્‌ગુરુની ઘણી પ્રશંસા કરી હતી. અકૂની ભાભી તો હાથી દેખી ખુશ ખુશ થઈ ગઈ. અકૂ ભાટને હાથી મળ્યો ને ભાભીનું મહેણું ભાંગ્યું. પણ હવે હાથીને રાખવો ક્યાં ? અને ખવડાવવું શું ? એ પ્રશ્ન ઊઠ્યો. અંતે તેણે ભાભીની પરવાનગી લઈ એક મોટા જાગીરદારને આ હાથી વેચી દીધો. અકૂ ભાટને તેના બદલામાં સો રૂપિયા મળ્યા અને તેણે આ રીતે સંતોષ માન્યો.

શા૦ સદારંગે આ ઉત્સવમાં બીજા બાવન ઘોડાનું દાન કર્યું અને આગરા-દિલ્હીના પ્રદેશમાં બધા જૈનોના ઘરદીઠ બબ્બે શેર પ્રમાણ સાકર-મીઠાઈની પ્રભાવના કરી. (પ્રક. ૫૮, પૃ. ૯૭)

(–મહો૦ રવિવર્ધન કૃત 'પટ્ટાવલી સારોદ્ધાર')

શેઠ મેઘજી અને ધર્મશીલ લાડકીબાઈ :

શેઠ મેઘજી દીવબંદરનો વતની, રાજમાન્ય મોટો વેપારી અને જૈન સંઘનો આગેવાન હતો. તેને લાડકીબાઈ નામે પત્ની હતી. તે બંને જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિનાં પરમ ઉપાસક હતાં. લાડકીબાઈ ધર્મસંનારી અને પરમ પવિત્ર શ્રાવિકા હતી. તેની જીવનચર્યા જોઈ ફિરંગી અને યવનો વગેરે પણ નમ્ર બની તેનાં ચરણોમાં મસ્તક ઝુકાવતા હતા. તેના પ્રત્યે સૌને પૂજ્યભાવ અને આદરભાવ હતો.

શેઠ મેઘજીએ સપત્ની સાથે મોટો જિનપ્રાસાદ બનાવ્યો. સં. ૧૬૫૨માં તેની પ્રતિષ્ઠા કરાવી. ઉનામાં શ્રી હીરવિજયસૂરિની ચરણપાદુકાની અને તેમના સ્તૂપની પ્રતિષ્ઠા કરાવી હતી. શત્રુંજયતીર્થમાં જગદ્‌ગુરુની પાદુકાની પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૬૬૪માં ઉનામાં આ૦ વિજયસેનસૂરિના હાથે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

થિરશાહ ભણશાલી – તે લોદ્રવાનો વતની હતો.★ ઘીનો મોટો વેપારી હતો. તેને કૃષ્ણવેલી મળી જવાથી ધન વધતું ગયું. લોદ્રવામાં ત્યાંના રાજા ધીરસિંહ ભારીએ સં. ૧૧૯૬ પછી સહસ્રફણા પાર્શ્વનાથનો જિનપ્રાસાદ બંધાવેલો તેનો આ થિરશાહે જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમાં મોટી જિનપ્રતિમાઓ સ્થાપન કરી. તેની

★ 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી' પુસ્તકમાં પૃ. ૨૩ માં છેલ્લે 'જેસલમેરના પીરૂશાહ'નો ઉલ્લેખ છે તે અને આ એક જ છે.

બે પત્નીઓ અને બે પુત્રોના શ્રેય માટે ચાર દેરીઓ બનાવી. અને આ૦ જિનરાજસૂરિના હાથે સં. ૧૬૭૫માં પ્રતિષ્ઠા કરાવી. નવરત્નોની જિનપ્રતિમાઓ કરાવી. ગ્રંથભંડારો સ્થાપન કર્યા. કરોડો રૂપિયાનો પુણ્યકાર્યમાં ખર્ચ કર્યો. સં. ૧૬૮૨માં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. તેણે બાદશાહ અકબરને ૯ હાથી અને ૫૦૦ ઘોડા આપ્યા. અકબરે તેને રાયજાદાનો ખિતાબ આપી બહુમાન કર્યું, તેના વંશજો રાય ભણશાલી કહેવાય છે.

ભણશાલીનો અર્થ ભાંડશાલી કહેવાય છે.

(–'જૈન સાહિત્યસંશોધક' ખંડ : ૨, અંક : ૩, પૃ. ૧૬-૧૭)

મંત્રી સંગ્રામસિંહ અને મંત્રી કર્મચંદ્ર બચ્છાવત –

સંગ્રામસિંહ તે બચ્છાવત ગોત્રનો ઓશવાલ જૈન હતો. ખરતરગચ્છનો શ્રાવક હતો. તે બિકાનેરના રાજા રાવ કલ્યાણમલનો મંત્રી હતો. તેણે સં. ૧૫૯૩માં બિકાનેરમાં ભ૦ નેમિનાથના જિનાલયની આ૦ જિનમાણિક્યસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. આચાર્યશ્રીએ તેમની વિનંતીથી પોતાના મુનિપરિવારને ક્રિયોદ્ધાર કરવા ઉત્સાહિત કર્યા હતા, જેને પરિણામે આ૦ જિનચંદ્રસૂરિ તથા ઉપા૦ કનક-તિલકગણિ વગેરેએ સં. ૧૬૧૩ના ક્રિયોદ્ધાર કર્યો હતો.

(પ્રક. ૪૦, પૃ. ૩૮૦)

રાજા કલ્યાણમલે મંત્રી સંગ્રામસિંહના મરણ બાદ તેના પુત્ર કર્મચંદ્રને પોતાનો મંત્રી બનાવ્યો. તેના પુત્ર રાજા રાયસિંહે મંત્રી કર્મચંદ્રને મહામાત્ય બનાવ્યો. કર્મચંદ્ર બુદ્ધિમાન, ચતુર અને જૈનધર્મ-પ્રેમી હતો પણ ખરતરગચ્છનો વિશેષ રાગી હતો. (પ્રક. ૪૦, પૃ. ૩૮૪-૩૮૫ : ટિપ્પણી)

તેણે રાવ કલ્યાણમલને કહી બિકાનેર રાજ્યમાં જીવદયા પળાવી. આબૂના જિનાલયને સમરાવ્યું. સં. ૧૬૩૫ના દુકાળમાં ગરીબોને મોટી મદદ આપી. સાધર્મિકોને વિવિધ જાતની સહાય આપી. સેનાધિપતિ તુરસેમખાન સિરોહીની લૂંટમાં હજારો જિનપ્રતિમાઓ ઉઠાવી લાવ્યો હતો. મંત્રી કર્મચંદ્રે તેને છોડાવી. મંત્રીએ તેના બંદીવાનોને પણ છોડાવ્યા. શેઠ સારંગશાહને પણ મદદ કરી.

મંત્રીએ ઘણાં જૈનતીર્થો, જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. જિનાગમો વ્યાખ્યાનમાં સાંભળ્યાં, આગમો અને વિવિધ ગ્રંથો લખાવ્યા. નવાં જિનાલયો બંધાવ્યાં. બિકાનેર રાજ્યમાં ચાર પર્વી પળાવી. સતલજ નદી, ડેક નદી અને રાવી નદીની મચ્છી-જાળ બંધ કરાવી. તેણે ફલોધીમાં આ૦ જિનકુશળસૂરિનો અને આ૦ જિનદત્તસૂરિનો પણ સ્તૂપ બનાવ્યો.

તે ખરતરગચ્છનો અતિરાગી શ્રાવક હતો. આથી તેણે બિકાનેરની વસતિમાં ખરતરગચ્છના આચાર્યોનો પ્રવેશ ખુલ્લો રાખી બીજા જૈનાચાર્યોનો પ્રવેશ બંધ કરાવ્યો.

તેને ભાગ્યચંદ અને લક્ષ્મીચંદ એમ બે પુત્રો થયા.

રાવ રાયસિંહની નારાજગીથી મંત્રી કર્મચંદ્ર પોતાના પરિવાર સાથે બિકાનેર છોડી મેડતામાં જઈ વસ્યો. બા૦ અકબરને આ વાતની ખબર પડી તેથી તેણે રાવ રાયસિંહને કહી મંત્રી કર્મચંદ્રને લાહોર પોતાની પાસે બોલાવી પોતાના જનાનખાના વિભાગનો મંત્રી બનાવીને રાખ્યો.

લાહોરમાં શાહજાદા જહાંગીરની બેગમે મૂળ નક્ષત્રમાં એક કન્યાને જન્મ આપ્યો. મંત્રી કર્મચંદ્રે શાંતિપાઠ ભણાવી તેનું અભિષેક જળ છંટાવ્યું. આથી સૌનો વહેમ નીકળી ગયો. મંત્રી કર્મચંદ્રે આ૦ જિનચંદ્રસૂરિને ખંભાતથી લાહોર બોલાવ્યા. આચાર્યશ્રી સં. ૧૬૪૮ના ફાગણ સુદિ ૧૨ના રોજ લાહોર પધાર્યા. બા૦ અકબરે આ૦ જિનચંદ્રસૂરિના ઉપદેશથી દ્વારકા પ્રદેશની અને શત્રુંજય તીર્થની રક્ષાનું સૂબા આજમખાનને ફરમાન લખી મોકલ્યું. ઉપરાંત કાશ્મીરથી અગિયારે સૂબા ઉપર અષાડ સુદિ ૯ થી ૧૫ સુધીનું અમારિનું ફરમાન મોકલી આપ્યું. ઉપા૦ માનસિંહને બાદશાહે પોતાની સાથે રાખ્યા. મંત્રી રોહિતાગમાં રહ્યો. બાદશાહ કાશ્મીર જીતી લાહોર આવ્યો. આ૦ જિનચંદ્રસૂરિ પણ લાહોર આવ્યા. અહીં આ૦ જિનચંદ્રસૂરિને યુગપ્રધાનપદ મળ્યું.

આ૦ જિનચંદ્રસૂરિએ આ ઉત્સવમાં શ્રુતસાગર જયસોમરત્નગણિને પાઠકપદ પ્રદાન કર્યું તેમજ ગુણવિજય અને સમયસુંદરગણિને પણ ઉપાધ્યાયપદ આપ્યું. આ બધું મંત્રી કર્મચંદ્રના પ્રયાસથી થયું. આથી સંઘે મંત્રી કર્મચંદ્રને યશનું તિલક કર્યું, તેમનું બહુમાન કર્યું. પછી મંત્રી કર્મચંદ્રે અબુલ ફજલને સાથે લઈ તેની મારફત બા૦ અકબરને ૧૦,૦૦૦ રૂપિયા, ૧૦ હાથી, ૧૨ ઘોડા તથા વિવિધ જાતનાં વસ્ત્રો ભેટ કર્યાં તેમજ શાહજાદા સલીમને મહેલે જઈ તેની સામે ભેટણું ધરી તેને પણ સંતુષ્ટ કર્યો.

મંત્રી કર્મચંદ્રે યુગપ્રધાન શ્રી જિનચંદ્રસૂરિની યાદીમાં સંવત્સરી, ચોમાસી, પક્ખીમાં 'જયતિહુઅણ' સ્તોત્ર દાખલ કર્યું.

સૂરિજીએ સં. ૧૬૫૧ ફાગણ સુદિ બીજના રોજ અમારિ પળાવી. ખંભાતના દરિયામાં એક વર્ષ સુધી મત્સ્યની જાળ બંધ કરાવી.

વાચક ગુણવિજયે મંત્રીની પ્રેરણાથી સં. ૧૬૫૫ના મહા વદિ ૧૦ (પોષ વદિ ૧૦) ને ગુરુવારે અનુરાધા નક્ષત્રમાં રાધરનગરમાં ચોમાસું રહેલા પાઠક

જયસોમરત્નગણિની નિશ્રામાં 'મંત્રીરાજ શ્રી કર્મચંદ્ર વંશાવલી પ્રબંધ' રચ્યો. (ભા. ૪ની પ્રથમ આવૃત્તિ, પ્રક. ૫૯, પૃ. ૨૭૯ થી ૨૮૨)

(–'જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંગ્રહ', રાસ ૮મો, પૃ. ૧૦૬ થી ૧૩૩ તથા શ્રી જિનવિજય સંગ્રહિત રાસસાર, પૃ. ૪૨ થી ૭૪.)

લોઢા વંશાવલી –

૧. શેઠ **શ્રીશૃંગ** – તે **લોઢા ગોત્રનો ઓસવાલ જૈન** હતો. ગુણવાન, રૂપાળો, તત્ત્વનો જાણકાર અને **વ્રતધારી** જૈન હતો.

૨. **ધનરાજ** – તે બાર વ્રતધારી હતો.

૩. **વેશરાજ** – તે શીલવ્રતવાળો હતો. તેને જેઠમલ અને **શ્રીરંગ** એમ બે પુત્રો હતા. મોટા જેઠમલને **જીણાશાહ** અને મલ્લ નામે બે પુત્રો હતા.

૪. **શ્રીરંગ** – તે જિનભક્ત હતો.

૫. **રાજપાલ** – તેને રાજશ્રી નામે પત્ની તથા **ઋષભદાસ** અને **પ્રેનન** નામે પુત્રો હતાં. રાજપાલ ઉદાર હતો. તેના બંને પુત્રો તત્ત્વના જાણકાર હતા.

૬. **ઋષભદાસ** – તેનું બીજું નામ **રેષા** પણ મળે છે. તે રાજમાન્ય, દયાળુ અને ધર્મપ્રેમી હતો. તેને **રેખશ્રી** નામે સુશીલ પત્ની હતી તથા **કુંરપાલ** અને **સોનપાલ** એમ બે પુત્રો હતા. ઋષભદાસે આગરાના દેરાસરમાં ભ૦ પદ્મપ્રભ-સ્વામીની નવી પ્રતિમાની **પ્રતિષ્ઠા** કરી. સં. ૧૬૧૮માં અંચલગચ્છના (૫૭મા) **આ૦ ધર્મમૂર્તિસૂરિના** ઉપદેશથી સમેતશિખર તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. **પાવાપુરી** તીર્થનો નાનો સંઘ કાઢ્યો. અંચલગચ્છના (૫૮મા) **કલ્યાણ-સાગરસૂરિ**ની દેશના સાંભળી 'ચોથું વ્રત' ઉચ્ચાર્યું. સં. ૧૫૫૬ના માહ સુદિ ૫ ને ગુરુવારે પોતાનું જ્ઞાનદ્રવ્ય વાપરી આગરામાં **ગ્રંથભંડાર** બનાવ્યો.

૭. **સં૦ કુંરપાલ, સોનપાલ** – તે બંને ભાઈઓ રૂપાળા અને ધર્મપ્રેમી હતા. સમ્રાટ **જહાંગીરના** મંત્રીઓ હતા. તેઓએ સં. ૧૬૧૮માં સમેતશિખરજીમાં જિનાલયોનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો. સં. ૧૬૨૮માં આગરામાં **પોષાળ** બંધાવી. સં. ૧૬૬૫માં મોટો ઉપાશ્રય બનાવ્યો. સં. ૧૬૨૮માં મોટાં બે જિનાલયોનો પાયો નાખ્યો; પણ ત્યાં 'નદીના પ્રવાહ'નો ભય હોવાથી, તેઓએ આગરાની હાથીશાળની ભૂમિમાં સં. ૧૬૬૫ના માહ સુદિ ૩ ને દિવસે ફરીથી તે મંદિરોનો પાયો નાખ્યો. તે તૈયાર થતાં સં. ૧૬૭૧ ના વૈશાખ સુદિ ૩ ના રોજ તે બે જિનપ્રાસાદોમાં ભ૦ **શ્રેયાંસનાથ** તથા ભ૦ **મહાવીરસ્વામી** વગેરે ૪૫૦ જિન-પ્રતિમાઓની ભટ્ટા૦ **કલ્યાણસાગરસૂરિ**ના વાસક્ષેપથી અંજનશલાકા કરાવી, **પ્રતિષ્ઠા** કરાવી.

ઉક્ત પ્રતિમાના ગાદીલેખોમાં બાદશાહ **જહાંગીરનું** નામ ઉત્કીર્ણ છે. પણ

કોઈ ચાડીયાએ બાદશાહને ઊલટું સમજાવી, ક્રોધિત બનાવ્યો. **બાદશાહ જહાંગીરે** ત્યાં આવીને પ્રતિમા જોઈ અને ''ભ૦ પાર્શ્વનાથની ફણા ઉપર'' પોતાના નામના લેખો જોઈ તે શાંત પડ્યો, તેમજ જિનપ્રતિમાઓની ભવ્ય મુદ્રા જોઈ પ્રસન્ન થયો અને ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા તથા આચાર્યને નમસ્કાર કરીને પાછો વળ્યો. (પ્રક. ૪૦, પૃ. ૪૨૧; પ્રક. ૫૮, પૃ. ૧૩૯)

આગરામાં ભ૦ શ્રેયાંસનાથના જિનપ્રાસાદનો પ્રશસ્તિ લેખ (શ્લો. ૩૯ નો) પરિમાત્રા લિપિમાં હતો.

શેઠ કુંરપાલ–સોનપાલે શત્રુંજયતીર્થનો યાત્રાસંઘ કાઢ્યો હતો. હાથી, ઘોડા વગેરેનું દાન આપ્યું હતું.

મંત્રી કુંરપાલને **અમૃતદેવી** નામે પત્ની હતી તથા ૧ સંઘરાજ, (પત્ની સંઘશ્રી), ૨ દુર્ગરાજ (પત્ની દુર્ગશ્રી) અને ૩ ધનપાલ એમ ત્રણ પુત્રો તથા બે પુત્રીઓ હતી.

મંત્રી સોનપાલને **કાશ્મીરાદેવી** નામે પત્ની હતી તથા ૧ **રૂપચંદ**,* ૨ ચતુર્ભૂજ અને ૩ તુલસીદાસ (પત્ની તુલસીદેવી) એમ ત્રણ પુત્રો હતા. તેમજ બે પુત્રીઓ હતી, તે પૈકીની **જાદા** નામની પુત્રી રૂપાળી અને સ્વભાવે ગંભીર હતી. તેને **જેઠમલ નામે** પુત્ર હતો.

૮. **સંઘરાજ** – તેને સંઘશ્રી નામે પત્ની હતી અને ચાર પુત્રો હતા.

૯. **સૂરદાસ** – તે સં. ૧૬૭૧ માં વિદ્યમાન હતો.

આજે આગરામાં લોઢા કુટુંબના ઘણા જૈનો છે.

(ભા. ૩ની પ્રથમ આવૃત્તિનું પ્રક. ૪૫, પૃ. ૩૯૨ થી ૩૯૫)

લાલનવંશ (શેઠ વર્ધમાન અને પદમશી)

(ભા. ૨ની પ્રથમ આવૃત્તિ, પ્રક. ૪૧, પૃ. ૬૯૮ થી ૭૦૨ અત્રે ઉદ્ધૃત)

પીલુઆ (પીલુડી)ના ઠા૦ રાવજીને ચાર પુત્રો હતા. તે પૈકી ચોથા પુત્ર લાલનને કોઢનો રોગ થયો. તે અંચલગચ્છના ૪૨મા આ૦ જયસિંહસૂરિના

★ સં૦ રૂપચંદ અને તેની ત્રણ પત્નીઓના પાળિયામાં કિંમતી ઇતિહાસ કોતરેલો છે. અમદાવાદમાં દૂધેશ્વરની ટાંકી પાસેના એક ખેતરમાં છેક નદી કિનારે કૂવો છે તેના થાળામાં એક આરસનો જોડેલો પાળિયો છે. તે પાળિયામાં એક ઘોડેસવાર પાસે ત્રણ સ્ત્રીઓ છે. ઉપર ખૂણામાં સૂર્યચંદ્રની આકૃતિઓ છે, તેમાં આ પ્રકારે લેખ છે –

સંવત્ ૧૬૭૨ વર્ષે વइશાખ સુદિ ૩ ગરેઉ સં૦ સોનપાલ પુત્ર સં૦ રૂપચંદ ભારજા રૂપશ્રી, કામા, કેશર, જણી ત્રણે સા (સહ) ગમન કીધો । શ્રીપાતસાહ સલેમ વિજયરાજ્યે શ્રી જહાંગીર દલી શ્રી અહિમદાબાદનગરે સાધ્રમતિતીરે સમં ભવતિ, ઓસવાલ જ્ઞાતીય વૃદ્ધશાખાયાં લોઢાગોત્રે ઋષભદાસ તત્પુત્ર સં૦ કુઅરપાલ સોનપાલ ।

(–ગુજરાતનું પાટનગર અમદાવાદ, પ્રક. ૪૬, પૃ. ૬૬૮)

પ્રભાવથી શમી ગયો. આથી શેઠ રાવજી અને લાલનનો પરિવાર ઓસવાલમાં ભળી ગયો, તેનાથી લાલનવંશ ચાલ્યો; જેની વંશાવલી નીચે મુજબ છે –

(૧) **લાલન** – તેને બે પુત્રો હતા. ક્રમે વંશજ : (૨) માણેક, (૩) મેઘો, (૪) લુંભો, (૫) સહદેવ, (૬) ટેડાજી, (૭) લૂણોજી, (૮) સેવાજી – એક શિલાલેખમાં અહીંથી ૧૨ મા વંશજ સુધીનાં નામોમાં ફેરફાર મળે છે.

(૯) સિંહ, (૧૦) હરપાલ, (૧૧) દેવનંદ, (૧૨) પર્વત, (૧૩) વચ્છરાજ-પત્ની વાછલદેવી, (૧૪) અમરસિંહ - પત્નીનું નામ વૈજયંતી, જેનું બીજું નામ લિંગદેવી હતું. અમરસિંહ આરીખાણામાં રહેતો હતો. તેને **વર્ધમાન**, ચાંપશી અને **પદમશી** એમ ત્રણ પુત્રો થયા.

(૧૫) શેઠ વર્ધમાન તથા પદમશી –

વર્ધમાન સૌથી મોટો હતો. તેને વન્નાદે પત્નીથી વીર અને વીજપાલ તથા નવરંગદે પત્નીથી જગડૂ અને ભારમલ પુત્રો હતા. બીજા ભાઈ ચાંપશીને અમરચંદ નામે પુત્ર તથા રામજી, ભીમજી નામે પૌત્રો અને લાછલદે નામે પૌત્રી હતી. ત્રીજા ભાઈ **પદમશીને** કમલાદે પત્ની હતી, જેનું મૂળ નામ સુજાણદે હતું. તેને શ્રીપાલ, કુંઅરપાલ અને રણમલ એમ ત્રણ પુત્રો થયા. શ્રીપાલને નારાયણ પુત્ર અને કૃષ્ણદાસ નામે પૌત્ર હતો. કુંઅરપાલને સ્થાવર અને વાઘજી નામે પુત્રો હતા.

શેઠ **વર્ધમાન** અને પદમશી સાથે રહેતા હતા. તેઓને આરીખાણામાંથી સિદ્ધરસ મળી આવ્યો. એટલે તેઓ **ભદ્રેશ્વર** જઈને રહ્યા. તેઓને સમુદ્રના વેપારી ચુલીનચંગની સાથે કંતાનની આડતનો વેપાર કરવાથી ધન વધવા માંડ્યું. તેઓએ સં. ૧૬૫૦માં અંચલગચ્છના ૫૮મા આ૦ **કલ્યાણસાગરસૂરિ**ની અધ્યક્ષતામાં શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. તેઓનો વચેટભાઈ ચાંપશી તથા વેવાઈ **રાજસી** નાગડા પણ સંઘમાં સાથે હતા. ભાદરણ નદીના કાંઠે સંઘવીનો હાથી ગાંડો થઈ ગયો પરંતુ બંને ભાઈઓ હાથી ઉપર તે દિવસે બેઠા નહોતા.

આ સંઘમાં ૨૦૦ સાધુઓ, ૩૦૦ સાધ્વીઓ અને ૧૫૦૦૦ યાત્રિકો હતા. સંઘ માગશર વદિમાં પાલિતાણા પહોંચ્યો. એ જ માગશર વદિમાં શેઠ વર્ધમાન, શેઠ પદમશી અને શેઠ **રાજસી** નાગડાએ શત્રુંજય પર દેરાસરો બંધાવવા માટે પાયા નાખ્યા. આ સંઘમાં બત્રીશ લાખ કોરી વપરાઈ હતી. આ ભાઈઓ તથા રાજસી જામનગરના **જામ જસવંત**ના આગ્રહથી કાયમને માટે **જામનગર** આવીને વસ્યા. તેઓએ શત્રુંજયનો બીજો સંઘ ૪ લાખ કોરી ખર્ચીને કાઢ્યો હતો. તેઓએ શત્રુંજય તીર્થ ઉપર આ૦ કલ્યાણસાગરસૂરિની અધ્યક્ષતામાં સં. ૧૬૭૫ના વૈશાખ સુદિ ૩ ના રોહિણી દિને ભ૦ શાંતિનાથ વગેરે ૨૦૪ જિનપ્રતિમાની તથા સં.

૧૬૭૬ના ફાગણ સુદિ ૨ ને શુક્રવારે રેવતી નક્ષત્ર દિને ભ૦ શ્રેયાંસનાથ વગેરે ૧૦૦ જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી.

વળી, આ બંને ભાઈઓએ **જામનગર**માં આ૦ **કલ્યાણસાગર**ની અધ્યક્ષતામાં સં. ૧૬૭૬ના વૈશાખ સુદિ ૩ ને બુધવારે તથા સં. ૧૬૭૮ના વૈશાખ સુદિ ૫ ને શુક્રવારે ભ૦ **શાંતિનાથ**ના ૭૨ દેરીઓવાળા દેરાસરમાં અંજનશલાકા અને (૫૦૧ જિનપ્રતિમાઓની) પ્રતિષ્ઠા કરાવી, જેમાં સાત લાખ કોરી વાપરી.

આજે જામનગરમાં વર્ધમાન શાહનું દેરાસર અત્યંત પ્રસિદ્ધ છે. તેનું કેટલુંક કામ સલાટોની બેદરકારીથી બાકી રહી ગયું છે.

આ ભાઈઓએ હાલારના છીકારી ગામ તથા મોડપરમાં પણ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. ગિરનાર, તારંગા, આબૂ વગેરે તીર્થોના જિનપ્રાસાદોના જીર્ણોદ્ધાર કરાવ્યા હતા.

એક વાર જામનરેશે શેઠ **વર્ધમાન**ને ૯,૦૦૦ કોરીની ચિઠ્ઠી લખી મોકલી. અને તે જ ચિઠ્ઠીમાં દુષ્ટ મતિવાળા ઠક્કર હડમત લુહાણાએ બે મીંડાં વધારી દીધાં હતાં. બંને શેઠ ચિઠ્ઠી વાંચી મુંઝાયા. દેવીએ આવીને તેઓને ચિત્રાવલી આપી તેથી શેઠે તરત જ ૯,૦૦,૦૦૦ કોરી રાજાના ખજાનામાં મોકલી દીધી. શેઠ વર્ધમાન તથા પદમશી આમાં કોઈ દુષ્ટ માનવીનો હાથ છે અને કોઈક ષડ્યંત્ર રચાયું છે એમ સમજીને તરત જ જામનગર છોડી ચાલ્યા ગયા અને ભદ્રેશ્વર જઈને વસ્યા.

તેઓએ **પાવાગઢ**માં મહાકાલીદેવીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ભદ્રેશ્વરમાં અરિષ્ટરત્નની ભ૦ નેમિનાથની, માણેકની ભ૦ વાસુપૂજ્યની, નીલમની ભ૦ પાર્શ્વનાથ અને ભ૦ મલ્લીનાથની પ્રતિમાઓ ભરાવી. નવપદ અને જ્ઞાનપંચમીનાં ઉજમણાં કર્યાં. ભદ્રેશ્વર વગેરે તીર્થોના જીર્ણોદ્ધાર કરાવ્યા. કલ્યાણક ભૂમિઓમાં દાન આપ્યું. સાધર્મિકોના ઉદ્ધારમાં સાત લાખ કોરી વાપરી. સં. ૧૬૮૫માં ભદ્રેશ્વરમાં અમરસાગરજીને આચાર્યપદ અપાવ્યું. ચારણોને હજારો ઊંટ વગેરેનું દાન આપ્યું.

શેઠ **વર્ધમાન** સં. ૧૬૮૯ના કાર્તિક સુદિ ૧૫ ની સવારે **પૌષધ**ની સ્થિતિમાં આરાધના કરતાં સ્વર્ગે ગયા. શેઠ પદમશીએ તેમના અગ્નિસંસ્કારની ભૂમિમાં **વાવ** બંધાવી. તે વાવની પાસે ભ૦ શાંતિનાથની દેરી કરાવી. થોડા દિવસ પછી ચિત્રાવલી પણ ચાલી ગઈ. સં. ૧૬૮૯માં ભદ્રેશ્વરમાં મરકી, મહાવાત અને જળપ્રલય વગેરે કુદરતી કોપ ઊતર્યા ને ભદ્રેશ્વર તારાજ થયું, ઉજ્જડ થયું. આથી શેઠ પદમશી પોતાના પરિવાર સાથે **માંડવી** બંદરમાં જઈને વસ્યો, અને શેઠ વર્ધમાનના પુત્રો પોતાના પરિવાર સાથે ભૂજ જઈને વસ્યા. શેઠ **પદમશી** સં. ૧૬૯૪ના પોષ સુદિ ૧૦ના રોજ માંડવી બંદરમાં મરણ પામ્યો.

(૧૬) **જગડૂશાહ** – તે શેઠ વર્ધમાનનો મોટો પુત્ર હતો. દાનેશ્વરી હતો. તે સં. ૧૬૯૧માં ભૂજનગરમાં જઈને વસ્યો.

(–આ૦ અમરસાગરનું સં. ૧૬૯૧ ના શ્રાવણ સુદિ ૭ના રોજ ભૂજમાં બનેલું 'વર્ધમાન–પદ્મસિંહચરિત્ર' અને અન્ય વહીવંચા સુંદરરૂપનો મારવાડી વર્ધમાન પ્રબંધ, ચારણ મેરુનાં ૭૦૦ કવિતો, શત્રુંજય તથા જામનગરના શિલાલેખો, અંચલગચ્છની ગુજરાતી મોટી પટ્ટાવલી પૃ. ૧૬૭ થી ૧૭૩; ૨૬૬ થી ૨૯૨; ૩૧૧ થી ૩૪૨)

લાલનવંશનો શા૦ **વેલજી** નગરપારકરમાં રહેતો હતો. તેને વરંજાગ અને જેસોજી નામે પુત્રો હતા. જેસોજીને લક્ષ્મી પ્રસન્ન હતી. તેણે ભારતનાં મોટાં નગરોમાં અને ગામોમાં સાકર અને સિક્કાની લહાણી કરી. આ૦ મેરુતુંગસૂરિ (સં. ૧૪૩૨ થી ૧૪૭૩)ના ઉપદેશથી ઉમરકોટમાં ભ૦ પાર્શ્વનાથનો ૭૨ શિખરવાળો જિનપ્રાસાદ કરાવ્યો. શત્રુંજય તીર્થનો મોટો યાત્રાસંઘ કાઢ્યો. તેને 'જગદ્દાતાર'નું બિરુદ મળ્યું હતું. (–અંચલગચ્છની મોટી પટ્ટાવલી, પૃ. ૧૭૨-૧૭૩, ૨૨૫, જેસોજી પ્રબંધ)

વિક્રમની ઓગણીશમી શતાબ્દીમાં જામનગરના ફતેહચંદ કપૂરચંદ **લાલન** એક વિદ્વાન અને વિચારક થયા. તેણે ભારત બહાર અમેરિકા વગેરે દેશોમાં જઈને વ્યાખ્યાનો દ્વારા સૌને જૈનધર્મનો પરિચય કરાવ્યો. તે દર સાલ વર્ષભરમાં ૧૮૦૦ સામાયિક કરતા હતા.

એ જ અરસામાં જામનગરમાં શ્રી હંસરાજ શામજી લાલન થયા. તે કર્મગ્રંથના અજોડ અભ્યાસી હતી. તેમણે શ્રાવક-શ્રાવિકાઓ તેમજ સાધુ-સાધ્વીઓને દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરાવ્યો હતો. આ ગ્રંથના લેખકોએ પણ સં. ૧૯૭૩ના ચાતુર્માસમાં પાલિતાણામાં પાટણવાળી ધર્મશાળામાં કર્મગ્રંથનો અભ્યાસ તેમની પાસે કર્યો હતો.

તેમના પુત્રો હીરાલાલ તથા પૌત્રો મનસુખલાલ વગેરે પણ વિદ્વાનો, સાહિત્યપ્રેમી અને ધર્મપ્રેમી છે.

નગરસ્થાપના..... આગરા ..... નગરસ્થાપના

બાદશાહ અકબરે સં. ૧૬૧૨ કે સં. ૧૬૧૯માં યમુના નદીના કિનારે આગરા નગર વસાવ્યું.

સંભવ છે કે નદીના બંને કાંઠે આગરા વસ્યું હોય, કેમકે બાદશાહ જહાંગીરના સમયે આ૦ વિજયસેનસૂરિએ ચાતુર્માસના ક્ષેત્રાદેશના પટ્ટામાં બંને સ્થાને જુદા જુદા ગીતાર્થ મુનિઓને ચાતુર્માસ કરવાની આજ્ઞા આપેલી છે.

નદીના ઉત્તર કિનારે આગરામાં બે મોટાં જિનાલયો બન્યાં હતાં. તે પછી

જૈનોનો ત્યાં વસવાટ ઘટી જતાં અથવા નદીના પાણીના કારણે જિનાલયોને ઘસારો લાગતાં તેમાંની જિનપ્રતિમાઓને દક્ષિણ આગરામાં આવેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદ પાસેના ચોકમાં દેરીઓ બનાવી તેમાં પધરાવી હતી.

આગરામાં જૈનોનાં ઘર ઘણાં છે, જિનાલયો અને ઉપાશ્રયો પણ છે. અહીં શ્વેતાંબર જૈન દેરાસરો નીચે પ્રમાણે છે –

(૧) રોશન મહોલ્લામાં શ્વેતાંબર જૈનોનું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું મોટું જિનાલય છે. તેની આ૦ હીરવિજયસૂરિએ સં. ૧૬૪૦માં પ્રતિષ્ઠા કરી હતી.

મહો૦ શ્રી ભાનુચંદ્રગણિના ઉપદેશથી શ્રીસંઘે તેને વિશાળ બનાવ્યું હતું. આ મંદિરના ખર્ચ માટે બાદશાહે રોશન મહોલ્લો ભેટ આપ્યો હતો, જે પછીથી ધીમે ધીમે શ્રીસંઘના હાથમાંથી છૂટી ગયો.

(૨) બાદશાહ જહાંગીરના માનીતા સંઘવી ચંદ્રપાલે બંધાવેલું શ્રી શાંતિનાથનું ચૌમુખજીનું મંદિર તથા શ્રી અષ્ટાપદજીનું મંદિર, જેની પ્રતિષ્ઠા મહો૦ શ્રી વિવેકહર્ષગણિએ કરી હતી.

શ્વેતાંબર આચાર્યના હસ્તે પ્રતિષ્ઠિત શ્રી શીતલનાથની શ્યામરંગી પ્રાચીન ભવ્ય જિનપ્રતિમા આ મંદિરના ચોકમાં છે. પં૦ કુશળવિજયગણિએ સં. ૧૮૧૦માં આ પ્રતિમાને અહીં સ્થાપન કરી છે. તેનો શિલાલેખ ચોકની દીવાનમાં ચોડેલો છે. જૈન-જૈનેતર સૌ આ પ્રતિમાના દર્શન કરે છે. તેની પૂજા કરવાનો હક્ક માત્ર શ્વેતાંબર જૈનોનો છે. (જુઓ : પૃ. ૧૮૬–૧૮૭)

બહાર ચોકમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા તથા જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિની પ્રતિમા બિરાજમાન છે.

(૩) શ્રી હીરાનંદ મુકીમે બંધાવેલ શ્રી સિમંધરસ્વામીનું મંદિર છે. તેમાં મૂળનાયક તરીકે શ્રી ચંદ્રાનન ભગવાનની પ્રતિમા છે.

(૪) તગા બજારમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથનું મંદિર છે.

(૫) મોતી કટરામાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું મંદિર છે, જે સં. ૧૭૫૦ પહેલાં બંધાયેલું છે.

(૬) નમક મંડીમાં શ્રી શાંતિનાથનું મંદિર છે.

(૭) મોતી કટરામાં શ્રી ગોડી પાર્શ્વનાથનું વિશાળ મંદિર છે, જે શ્રી વેદે બંધાવ્યું છે.

(૮) શ્રી ચંદ્રપ્રભ ભગવાનનું મંદિર.

(૯) શ્રી સુવિધિનાથનું મંદિર.

(૧૦) શ્રી નેમિનાથનું મંદિર.

(૧૧) શ્રી વાસુપૂજ્યસ્વામીનું મંદિર.

(૧૨) શ્રી મહાવીરસ્વામીનું મંદિર.

(૧૩) બેલનગંજમાં શ્રી સુપાર્શ્વનાથનું મંદિર છે. આ મંદિર શ્રી લક્ષ્મીચંદ વેદે બંધાવેલું છે.

(૧૪) શાહગંજમાં શેઠ હીરાચંદ નીલચંદના બાગમાં 'શેઠજીકા મંદિર'થી ઓળખાતું મંદિર છે. તેના ભોંયરામાં મૂળનાયક તરીકે ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા છે. વળી, એ જ ભોંયરામાં શ્રી માણિભદ્ર યક્ષેન્દ્રની ચમત્કારી પ્રતિમા છે.

બાગમાં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિનો સ્તૂપ તથા તેમની ચરણપાદુકાવાળી દેરી છે, તેથી જૈનો આ સ્થાનને 'શ્રી જગદ્‌ગુરુની દાદાવાડી' નામથી ઓળખે છે. બાગની બહાર દેરીમાં આ૦ જિનદત્તસૂરિની પાદુકા છે.

ફત્તેપુર સિકરી –

આગરાથી દક્ષિણમાં ૧૯ માઈલ દૂર ફત્તેપુર નામે ગામ છે. ફત્તેપુર અને સિકરી બંને જોડિયાં ગામો છે, વચ્ચે એક નાની પહાડી છે. તેની ઉપર બાદશાહ અકબરે પોતાના ધર્મગુરુનું સ્થાન બનાવ્યું હતું તથા પહાડ પર કિલ્લામાં રાજમહેલ બનાવ્યો હતો. ત્યાં બાદશાહ વધુ રહેતો હતો. બંને તરફથી કિલ્લા ઉપર આવવાના માર્ગો છે. રાજમહેલ વચ્ચે બાદશાહની કચેરી છે. ચારે બાજુએ સૌને રહેવાના કમરાઓ છે. બધા કમરાઓને જુદા જુદા રસ્તાઓથી કચેરી સાથે જોડી દીધા છે.

કિલ્લામાં એક ખૂણે શ્રી વિજયહીરસૂરિનો ઉપાશ્રય છે. તેમાં સિકરી તરફનો ભાગ ખુલ્લો છે. ઉપાશ્રયમાં ગ્રંથો રાખવાનાં ભંડકિયાં છે. ઉપાશ્રયના એક સ્તંભ ઉપર છ લેશ્યાનું ચિત્ર કંડારેલું છે. વળી, માંગલિક સાથિયા, છ લેશ્યા, મધુબિંદુ વૃક્ષ વગેરે જૈન સ્થાપત્યનાં આલેખનો છે. આથી આ સ્થાન જૈન ઉપાશ્રય હોવાનું નક્કી થાય છે.

સામાન્ય જનતા આ સ્થાનને હિંદુઓની ધર્મશાળાના નામથી ઓળખે છે. અહીં શેઠ થાનમલજીની માતા ચંપાબહેને તપ દ્વારા બાદશાહ ઉપર સારી અસર ઉપજાવી હતી.

અહીં આ૦ વિજયહીરસૂરિએ સં. ૧૬૩૯માં બાદશાહને ધર્મોપદેશ આપ્યો હતો. ધર્મોપદેશથી પ્રભાવિત થયેલા બાદશાહે તેમને સં. ૧૬૪૦માં ફત્તેપુરમાં 'જગદ્‌ગુરુ'નું બિરુદ આપ્યું હતું અને પોતાના સમગ્ર રાજ્યમાં અમારિપહટ વગડાવ્યો હતો. (હીરસૌભાગ્ય, સર્ગ : ૧૪, શ્લો. ૨૦૫)

તે પછી જગદ્‌ગુરુએ સં. ૧૬૪૦માં ફત્તેપુરમાં શેઠ થાનમલના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી હતી અને સં. ૧૬૪૦નું ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું હતું.

આજે અહીં એકે જૈનનું ઘર નથી, જૈન મંદિર પણ નથી; માત્ર બાદશાહી મહેલ ભૂતકાળની ગૌરવગાથા ગાતો ટેકરી પર ઊભો છે.

ઉદયપુર – રાણા ઉદયસિંહે સં. ૧૬૨૫માં ઉદયપુર વસાવ્યું.

માલપુરા –

રાજા માલદેવે સં. ૧૬૧૬ અથવા સં. ૧૬૧૯માં માલપુરા વસાવ્યું હતું. બીજા ઉલ્લેખ મુજબ માલખાને માલપુરા વસાવ્યું. વસ્તુતઃ માલખાને એને વિશેષ આબાદ બનાવ્યું હોય એવો વિશેષ સંભવ છે, કેમકે માલખાને એને વસાવ્યું હોત તો માલખાનાબાદ કે એવું બીજું મુસલમાની નામ રાખ્યું હોત; પણ હિંદુ રાજાએ વસાવેલું હોવાથી માલપુરા નામ છે.

જૈન મુનિઓના પાદુકાલેખોમાં એનું બીજું નામ દ્રવ્યપુરનગર જણાવેલું છે.

બાદશાહ જહાંગીરે સં. ૧૬૭૨માં પં૦ સિદ્ધિચંદ્રગણિને ઘરબારી બનાવવા બળજબરીથી હુકમ કર્યો હતો, ત્યારે પં૦ સિદ્ધિચંદ્ર આગરાથી નીકળી માલપુરા આવ્યા હતા અને ત્યાં ચાતુર્માસ કર્યું હતું.

બાદશાહ જહાંગીરે પં૦ સિદ્ધિચંદ્રને આગરા પાછા બોલાવ્યા, તેથી ચાતુર્માસ પૂર્ણ થતાં તેઓ ફરીથી ત્યાં ગયા હતા.

મહો૦ ભાનુચંદ્રગણિ અને પં૦ સિદ્ધિચંદ્રગણિના ઉપદેશથી શેઠ બાગલાલ વગેરે શ્રીસંઘે માલપુરામાં શ્રી ચંદ્રપ્રભુનો મોટો જિનપ્રાસાદ બંધાવેલો અને જગદ્‌ગુરુની દાદાવાડી બનાવવા માટેની પણ વ્યવસ્થા રાખી હતી. મહોપાધ્યાયજી આગ્રાથી ગુજરાત જતા માલપુરા આવ્યા ત્યારે તેમના હાથે જિનાલયની પ્રતિષ્ઠા થઈ અને મંદિરના શિખરે સ્વર્ણકળશ ચડાવવામાં આવ્યો હતો.

તપાગચ્છના ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિના આજ્ઞાવર્તી પં૦ જયસાગરગણિના ઉપદેશથી માલપુરાના શ્રીસંઘે સં. ૧૬૭૮માં ત્યાં શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરની પ્રતિમાનું પરિકર બનાવી તેમની પાસે પ્રતિષ્ઠા કરાવી હતી. ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિના હસ્તક સં. ૧૬૯૦ના જેઠ વદિ ૧૧ના રોજ જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિની પ્રતિમાની શ્રીસંઘે પ્રતિષ્ઠા કરાવી હતી.

આ પ્રતિમા આજે અહીં જિનમંદિરમાં વિદ્યમાન છે. વિજયગચ્છના જૈનોએ વિજયગચ્છના ભટ્ટા૦ શ્રીકલ્યાણસાગરસૂરિના ઉપદેશથી શ્રી મુનિસુવ્રતસ્વામીનો મોટો જિનપ્રાસાદ બનાવ્યો હતો. તેમાં સં. ૧૬૯૧ના વૈશાખ સુદ ૧૨ ને ગુરુવારે

ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિના આજ્ઞાવર્તી પં૦ લબ્ધિચંદ્રગણિના હાથે શ્રીસંઘે મૂળનાયકની પ્રતિષ્ઠા કરાવી.★

આ૦ વિજયસિંહસૂરિ સં. ૧૭૦૦ થી ૧૭૦૫માં કિસનગઢ, માલપુરા, બુંદી, ચવલેશ્વર વગેરે સ્થળોએ વિચર્યા હતા.

અમે જયપુરથી વિહાર કરી સં. ૧૯૮૦ લગભગમાં માલપુરા ગયા હતા ત્યારે ત્યાં બે જિનાલયો વિદ્યમાન હતાં. (૧) તપાગચ્છનો શ્રી સુમતિનાથનો જિનપ્રાસાદ અને (૨) વિજયગચ્છનો શ્રી આદીશ્વરનો જિનપ્રાસાદ.

૧. શ્રી સુમતિનાથ જિનપ્રાસાદ – આમાં ચોવીશ દેરીઓ છે પણ તે ખાલી છે. તેમાં બિરાજમાન કરવાની ચોવીશ જિનપ્રતિમાઓ મૂળ ગભારામાં વિરાજિત છે.

આ પ્રતિમાઓ ઉપર ભટ્ટા૦ શ્રી વિજયસોમસૂરિ વગેરે જૈનાચાર્યોના લેખો ઉત્કીર્ણ છે. મંદિરમાં વિવિધ ગચ્છના આચાર્યોએ પ્રતિષ્ઠિત કરેલી ધાતુની પંચતીર્થી પ્રતિમાઓ ઘણી છે. તેમાં કેટલાક પ્રતિમાલેખોમાં આ પ્રકારે ઐતિહાસિક વિશેષતા જાણવા મળે છે –

(૧) મલ્લવાદીગચ્છના આચાર્યના હસ્તે પ્રતિષ્ઠિત ભ૦ પાર્શ્વનાથની બે પ્રતિમાઓ. (૨) કિસનગઢના પોરવાડ સોમાકે તપાગચ્છીય આ૦ હેમવિમલસૂરિ (સં. ૧૫૪૮-૧૫૮૩) દ્વારા પ્રતિષ્ઠિત કરેલ ભ૦ ધર્મનાથની પ્રતિમા. (૩) ડીસાના શ્રાવકે ભરાવેલ અને તપાગચ્છના આ૦ જયચંદ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરેલી ભ૦ શાંતિનાથની પ્રતિમા. (૪) ડીડીલાવાલા પોરવાડ વ્યવ૦ દેદાએ ભરાવેલ સં. ૧૪૯૩ના વૈશાખ સુદ ૯ના રોજ પ્રતિષ્ઠિત શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા.

આ મંદિરમાં એક સ્તૂપ ઉપર પાદુકાપટ્ટ છે, જેના ઉપર અર્ધા ભાગમાં છ જિનપાદુકાઓ છે અને નીચેના અર્ધાભાગમાં આઠ માંગલિકો છે; જેની સં. ૧૬૯૫ના વૈશાખ સુદ ૧૫ ને રવિવારે પુષ્ય નક્ષત્રમાં પં૦ તેજસાગરગણિએ પ્રતિષ્ઠા કરેલી છે.

આ મંદિરમાં પાયચંદગચ્છના મુનિ સુખાનંદની પણ ચરણપાદુકા છે.

૨. શ્રી આદિનાથનો જિનપ્રાસાદ – આ મંદિર 'છોટા મંદિર' અથવા 'વિજયગચ્છનું મંદિર' એ નામોથી ઓળખાય છે. મંદિરમાં પાંચ જિનપ્રતિમાઓ છે. તેના ઉપરના લેખો વંચાતા નથી.

આ મંદિરમાં ખરતરગચ્છીય ભટ્ટા૦ શ્રી જિનસાગરસૂરિએ પ્રતિષ્ઠિત કરેલી

★ ૬૧–મહો૦ દેવચંદ્રગણિ, ૬૨–ઉપા૦ હીરચંદ્રગણિ,
૬૩–પં૦ જિનચંદ્રગણિ, ૬૪–પં૦ લબ્ધિચંદ્રગણિ.
(જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૫૮, ૬૦, ૬૫)

સં. ૧૬.....ના મહા સુદ ૫ના આ૦ જિનદત્તસૂરિની ગુરુમૂર્તિ છે. સં. .....ની આ૦ જિનકુશલસૂરિની પ્રતિમા પણ છે તથા સં. ૧૬૮૪ના વૈશાખ વદ ૭ ને ગુરુવારે સ્થાપન કરેલી વિજય(કે સાગર)ગચ્છના ભટ્ટા૦ શ્રી જ્ઞાનસાગરસૂરિની કે તેમના શિષ્યની ચરણપાદુકા છે.

મંદિરની નીચે ઊતરતાં નિસરણીની સામે શ્રી માણિભદ્રનું સ્થાન છે. મંદિરની પાસે જૈન ધર્મશાળા છે. ધર્મશાળાની બહાર મંદિરની નીચેના ભાગમાં સડક ઉપર ભૈરૂજીની દેરી છે.

જયપુરના નાજીમ ગુલાબચંદજી ઢઢ્ઢાની માતા શેઠાણી રાજકુંવરબાઈએ સં. ૧૯૬૨ના કા. સુદ ૬ ના આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તથા ગાદી બનાવી હતી અને પૂ૦ આત્મારામજી મહારાજની પ્રતિમા પધરાવી હતી.

શાસનદેવીની મૂર્તિ – સં. ૧૬૬૭ની આ૦ જિનકુશળસૂરિની અને સં. ૧૯૫૧ની શ્રી રઘુનાથસાગરજી આદિની ચરણપાદુકાઓ તેમજ શાસનદેવીની મૂર્તિ પણ અહીં છે.

મંદિરમાં વિવિધ ગચ્છના આચાર્યોએ પ્રતિષ્ઠિત કરેલી ધાતુપ્રતિમાઓ ઘણી છે.

તપગચ્છના યતિઓનું સમાધિસ્થાન –

માલપુરા ગામની બહાર એક વિશાળ મેદાનમાં આ સ્થાન આવેલું છે. તેમાં જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિની ચરણપાદુકા સ્થાપન કરી દેરી બનાવેલી છે. તે પછી તપગચ્છના શ્રી વિજયદેવસૂરિસંઘની સાગરશાખાના ગીતાર્થોની ચરણ-પાદુકાઓ સ્થાપન કરવામાં આવી છે. એટલે ત્યાંના જૈનો આ સ્થાનને 'તપગચ્છની દાદાવાડી'ના નામથી ઓળખે છે. તેમાં આવેલાં સ્થાનો આ પ્રકારે છે –

૧. જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિની ચરણપાદુકા – તે એક મોટી દેરીમાં સ્થાપન કરેલી છે પણ આજે આ સ્થાન 'દાદુપંથીઓ'ના કબજામાં છે.

૨. ચરણપાદુકા પટ – આમાં (૧) પં૦ શ્રી સુવિધિસાગર પાદુકા, (૨) પં૦ શ્રી જિનરંગસાગર પાદુકા, (૩) લેખ, (૪) શ્રી આદિનાથ પાદુકા, (૫) પં૦ શ્રીપ્રતાપસાગર પાદુકા અને (૬) પં૦ શ્રી નિત્યસાગર પાદુકા વિરાજમાન છે. તેમાં અષ્ટ માંગલિક કંડારેલાં છે. તેની સં. ૧૮૪૨ના વૈશાખ વદ ૫ ને શુક્રવારે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. (પ્રક. ૫૫, પૃ. ૩૮૬, ક્રમાંક : ૮-૨)

૩. ચરણપાદુકાની ચોકી – આમાં તપગચ્છના શ્રી વિજયદેવસૂરિસંઘના સાગરશાખાના (૧) પં૦ શ્રી ચારિત્રસાગર, (૨) પં૦ શ્રી સુજાણસાગર, (૩)

પં૦ શ્રી કલ્યાણસાગર અને (૪) પં૦ શ્રી ખેમસાગરની પાદુકાઓ છે. તેની સં. ૧૭૭૧ના જેઠ સુદ ૧૧ ને રવિવારે પ્રતિષ્ઠા થઈ હતી.

૪. પં૦ શ્રી દયાસાગરની પાદુકા – આ પાદુકાની તેમના શિષ્યો મુનિશ્રી જ્ઞાનસાગર અને મુ૦ ઘાસીસાગરે સં. ૧૮૮૭ના ફા. સુદ ૫ ને ગુરુવારે પ્રતિષ્ઠા કરી હતી.

૫. પં૦ શ્રી વીરસાગરની પાદુકા – આ પાદુકાની સં. ૧૮૮૭ના ફાગણ સુદ ૫ ને ગુરુવારે પ્રતિષ્ઠા થઈ હતી.

૬. પં૦ શ્રી ઘાસીસાગરની પાદુકા – આ પાદુકાની તેમના ચેલા શ્રી રઘુનાથ (સાગર)જીએ સં. ૧૯૬૦ના જેઠ સુદ ૫ ને ગુરુવારે પ્રતિષ્ઠા કરી હતી.

ખરતરગચ્છની દાદાવાડી – આ સ્થાન ગામથી બે ફર્લાંગ દૂર છે. તેમાં સં. ૧૯૬૪ના જેઠ સુદ ૧૧ ને દિને આ૦ જિનકુશલસૂરિની પાદુકા વિરાજમાન થઈ હતી. (જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૫૮, ૬૦, ૬૭, ૭૦)

સાંગાનેર –

જયપુરથી ૬ માઈલ દૂર સાંગાનેર સં. ૧૪૦૩માં વસ્યું. અહીં તપાગચ્છીય શ્વે. જૈન સંઘનું મોટું જિનાલય છે. આ૦ હીરવિજયસૂરિનાં પગલાં આવેલ છે.

સૂરિજી સં. ૧૬૩૯માં ફત્તેપુર સિક્રી ગયા ત્યારે આ નગરમાં પધાર્યા હતા. બા૦ અકબરે તેમને ફત્તેપુર સિક્રી જલદી આવવાની વિનંતી કરવા માટે મહો૦ વિમલહર્ષગણિ, પં૦ સિંહવિમલગણિ વગેરે મુનિવરો અને આગરાના શેઠ થાનમલ વગેરે જૈનોને આ નગરમાં મોકલ્યા હતા. આચાર્યશ્રી તેમની સાથે વિહાર કરતા કરતા ફત્તેપુર સિક્રી પધાર્યા હતા.

આ૦ વિજયસેનસૂરિ સં. ૧૬૪૯માં ગુજરાતથી લાહોર જતાં આ સાંગાનેર નગર થઈને ગયા હતા.

પં૦ ઉદયસૌભાગ્યગણિએ સં. ૧૬૫૩ના કા. સુદ ૭ ને રવિવારે સાંગાનેરમાં 'નારચંદ્ર જ્યોતિષ' નામક ગ્રંથની પ્રતિલિપિ પૂરી કરી હતી.

पण्डितचक्रचूडामणि पण्डितश्रीशंकरसौभाग्य–तच्छिष्यग० पुण्यसौभाग्य–मुनिउदय-सौभाग्येन लिखितम्, उदयसौभाग्यमुनिना संवत् १६५३ वर्षे कार्तिक सुदि सप्तमी रविवारे सांगानेरनगरे लिखितमिदं शास्त्रम् ।

(શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશ. નં. ૫૧૪)

આ૦ હીરવિજયસૂરિની મૂર્તિ, પાદુકા, સ્તૂપ વગેરે

ઉના – જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિ સં. ૧૬૫૨ના ભાદરવા સુદિ ૧૧ના રોજ ઉનામાં કાળધર્મ પામ્યા, ત્યારથી તે નગર ગુરુ-તીર્થરૂપ બન્યું છે. સૂરિજીના

સમાધિસ્થાન માટે ઉપા૦ ભાનુચંદ્રગણિના ઉપદેશથી બાદશાહ અકબરે ૧૦૦ વીઘા જમીન ઉના શ્રીસંઘને ભેટ આપી હતી. આ જમીન ઉપર સૂરિજીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. આ સ્થળે એક વિશાળ છત્રીમાં સૂરિજીની ચરણપાદુકા અને સ્તૂપ પ્રતિષ્ઠિત છે. આ સ્થાન ઉના ગામથી એક-દોઢ કિલોમીટર નદી કાંઠે 'શાહીબાગ' નામે ઓળખાય છે.

(જૈન તીર્થ સર્વસંગ્રહ, ભા.૧, ખંડ : ૧, પૃ. ૧૩૬)

અજારા તીર્થ – અહીં પણ આ૦ હીરવિજયસૂરિ આદિ ગુરુદેવોની ચરણ-પાદુકા જિનપ્રાસાદની ફરતી પ્રતિષ્ઠિત છે.

ખંભાત – અત્રે સં. ૧૬૫૩માં શ્રી ચંદ્રપ્રભ જિનાલયમાં આ૦ હીરવિજય-સૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા તેમના પટ્ટધર ભટ્ટા૦ વિજયસેનસૂરિના હસ્તે થઈ હતી. (પ્રક. ૫૯, પૃ. ૩૫૯)

અમદાવાદ – અહીં સિકંદરપુર (બીબીપુર)માં સં. ૧૬૫૬માં જગદ્‌ગુરુના પગલાંની પ્રતિષ્ઠા આ૦ વિજયસેનસૂરિના હાથે થઈ હતી.

દોશીવાડાની પોળમાં અષ્ટાપદજી દેરાસરમાં આ૦ હીરવિજયસૂરિની કાષ્ટમયી ગુરુમૂર્તિ આવેલ છે.

જેસલમેર – પં૦ આનંદવિજયગણિના ઉપદેશથી સં. ૧૬૫૯માં શ્રીસંઘે જેસલમેરમાં મોટો ગ્રંથભંડાર બનાવ્યો અને તેમાં આ૦ હીરવિજયસૂરિની મૂર્તિ પધરાવી (ભા. ૩, પ્રક. ૫૫, પૃ. ૪૨૬).

આબૂ–દેલવાડા તીર્થ – અત્રે વિમલવસહીમાં સં. ૧૬૬૧માં આ૦ હીરવિજયસૂરિની પરિકરવાળી ગુરુમૂર્તિ ઉપા૦ લબ્ધિસાગરગણિએ પ્રતિષ્ઠિત કરી છે. આ ગુરુમૂર્તિના પરિકરમાં બે બાજુએ બે મુનિવરો છે અને તેમની નીચે બે શ્રાવકો બેઠા છે. (ભા. ૨, પ્રક. ૩૭, પૃ. ૨૪૨)

હૈદ્રાબાદ – અહીંના સૂબા યુસુફખાને પં૦ કેશરકુશલગણિને શહેરની બહાર વિશાળ જમીન ભેટ આપી. એ જમીન ઉપર પં૦ કેશરકુશલગણિએ તપાગચ્છ જૈન સંઘને ઉપદેશ આપી સં. ૧૬૬૭ લગભગમાં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિનો 'હીરવિહાર' બનાવ્યો. (પ્રક. ૫૫, પૃ. ૪૧૪.)

વડલી – આસુકવિ પં૦ હેમવિજયગણિ નોંધે છે કે, ''(ભટ્ટા૦ વિજયદાન-સૂરિના સ્વર્ગગમન સ્થળ) વડલીમાં ત્યાંના શ્રીસંઘે ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ હીરવિજયસૂરિના સ્તૂપો બનાવ્યા.'' ('વિજય પ્રશસ્તિ મહાકાવ્ય' રચના સં. ૧૬૬૭; પ્રક. ૫૭, પૃ. ૧૧)

સુરત – અહીં નિઝામપુરામાં ઉપા૦ રત્નચંદ્રગણિએ સં. ૧૬૭૬ના પોષ સુદ ૧૩ના રોજ 'હીરવિહાર' ગુરુમંદિરની પ્રતિષ્ઠા કરી (પ્રક. ૫૫, પૃ. ૩૯૭; પ્રક. ૫૭, પૃ. ૫૯).

માલપુરા – અત્રે સં. ૧૬૯૦ જેઠ વદિ ૧૧ના રોજ આ૦ હીરવિજયસૂરિની મૂર્તિની પ્રતિષ્ઠા ભટ્ટા૦ વિજયદેવસૂરિના હસ્તે કરવામાં આવી. આ ગુરુમૂર્તિ આજે પણ અહીં જિનમંદિરમાં વિદ્યમાન છે.

માલપુરા ગામની બહાર 'તપગચ્છની દાદાવાડી' નામે ઓળખાતા સ્થાનમાં શ્રી હીરવિજયસૂરિનાં પગલાંની એક દેરી આવેલ છે. આજે આ સ્થાન 'દાદુપંથીઓ'ના કબજામાં છે. (પ્રક. ૫૮, પૃ. ૨૦૪)

આયડ તીર્થ (ઉદયપુર) – અહીં સં. ૧૬૯૨માં ઉપા૦ ભાનુચંદ્રગણિના હસ્તે આ૦ હીરવિજયસૂરિનાં પગલાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં. (પ્રક. ૩૬, પૃ. ૧૯૫–ટિપ્પણી.)

સાંગાનેર – અહીં શ્વે. તપાગચ્છીય જૈન સંઘનું મોટું જિનાલય છે, જેમાં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિની ચરણપાદુકા બિરાજમાન છે. (પ્રક. ૫૮, પૃ. ૨૦૫)

સિરોહી – અહીંના મહામાત્ય સંઘવી તેજપાલની માતા ઉછરંગદેવીએ વિ. સં. ૧૯૯૫ના વૈશાખ સુદ ત્રીજે દશા–ઓશવાલના શ્રી આદીશ્વર જિનાલયમાં આ૦ હીરવિજયસૂરિની મૂર્તિની પ્રતિષ્ઠા ભટ્ટા૦ વિજયતિલકસૂરિના હાથે કરાવી.

આગરા – રોશન મહોલ્લામાં શ્રી શાંતિનાથજીના ચૌમુખ જિનાલયની બહાર ચોકમાં શ્રી હીરવિજયસૂરિની મૂર્તિ પ્રતિષ્ઠિત છે.

શાહગંજમાં 'શેઠજી કા મંદિર' નામે ઓળખાતા શેઠ હીરાચંદ નીલચંદના બાગમાં શ્રી હીરવિજયસૂરિનો સ્તૂપ અને ચરણપાદુકાની દેરી આવેલ છે. આ સ્થાન 'જગદ્‌ગુરુની દાદાવાડી' નામે પણ ઓળખાય છે. (પ્રક. ૫૮, પૃ. ૨૦૧)

કિશનગઢ – સં. ૧૭૭૧માં જૈન સંઘે શ્રી હીરવિજયસૂરિના નામની વિશાળ દાદાવાડી બનાવી છે.

દહેજબંદર – મુસલમાનના આક્રમણ સમયે ગંધાર તીર્થમાં મૂળનાયક શ્રી અમીઝરા પાર્શ્વનાથને ભોંયરામાં ભંડારી દેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના પ્રતિમાજીઓને બાજુના રજપૂત રાજ્ય દહેજમાં મોકલી આપ્યા હતા. આ મૂર્તિઓમાં આ૦ હીરવિજયસૂરિની ૩૦ સે.મી. ઊંચી એક ગુરુમૂર્તિ પણ હતી, જે આજે પણ દહેજબંદરે છે.

★

રાજનગરનો નગરશેઠ વંશ

[સંપાદકીય નોંધ : પ્રથમ આવૃત્તિમાં અઠ્ઠાવન(૫૮)મું પ્રકરણ 'રાજનગરનો નગરશેઠ વંશ' એ શીર્ષક નીચે આપવામાં આવ્યું હતું, જ્યારે બીજી આવૃત્તિમાં આ પ્રકરણ 'આચાર્ય હીરવિજયસૂરિ' શીર્ષક નીચે આપવામાં આવ્યું છે. આ અંગેની વિશેષ સમજણ આગળ 'સંપાદકીય પ્રસ્તાવના'માં આપવામાં આવી છે.]

સિસોદિયા ઓશવાલ જૈન, શાખા કાકોલા

સિસોદિયા રાજવંશ –

વહીવંચા અને કુલગુરુઓ સ્પષ્ટ કહે છે –

''સિસોદિયા સાંડેસરા, ચૌદસિયા ચૌહાણ;
ચૈત્યવાસિયા ચાવડા, કુલગુરુ એહ પ્રમાણ.''

સાંડેરકગચ્છના ભટ્ટારક શ્રી યશોભદ્રસૂરિ, ભટ્ટા૦ શ્રી શાલિભદ્રસૂરિ અને ભટ્ટા૦ શ્રી બલિભદ્રસૂરિ વગેરે આચાર્યો મેવાડના સિસોદિયા અને રાવ–રાણાઓના રાજગુરુ હતા. (પ્રક. ૩૪, પૃ. ૪૭૧ થી ૪૭૮)

વલભીનગરના રાજા શિલાદિત્ય ભટ્ટાર્ક અથવા બાપ્પા રાવલની વંશ-પરંપરામાં મેવાડના ચિત્તોડ, નાગદા અને ઉદેપુરની ગાદીએ ઘણા રાવ–રાણાઓ થયા છે. તે પૈકી (૩૫) રાણો રણસિંહ, (૩૬) ક્ષેમસિંહ અને (૩૭) સામંતસિંહ થયા. (પ્રક. ૨૩, પૃ. ૩૧૯ થી ૩૨૧)

રાણો રણસિંહનાં બીજાં નામો સમરસિંહ અને સંગ્રામસિંહ પણ મળે છે.

સિસોદિયા જૈન –

સિસોદિયા ઓશવાલ જૈનોની બાબતોમાં જે પ્રમાણભૂત આધારો મળે છે તે આ પ્રકારે જાણવા મળે છે.

૧. કવિબહાદુર શ્રી દીપવિજયગણિ લખે છે કે –

રાણો સમરસિંહ દિલ્હીની રાજકુમારીને પરણ્યો હતો. તેને ચાર સંતાન થયાં. તે પૈકી મોટા બે પુત્રો નેપાળ ગયા અને ત્યાંના રાજા બન્યા, જેના વંશજો ગુરખા (ગૌરક્ષક-ગોરખા) તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

ચોથો પુત્ર રાવ કરણસિંહ (ક્ષેમસિંહ) ચિત્તોડની ગાદીએ બેઠો. તેને માહપ, રાહપ અને ધીરજી એમ ત્રણ પુત્રો થયા.

રાજકુમાર ધીરજીના શરીરમાં કોઢ રોગ નીકળ્યો અને સાંડેરકગચ્છના ભટ્ટારકના પ્રયત્નથી તેનો કોઢ રોગ મટી ગયો. રાણાએ 'ધીરજને કોઢ રોગ મટશે તો તે રાજકુમાર તમને આપીશ.' એમ વચન આપેલું. આથી રાણાએ તે કુમાર ભટ્ટારકજીને સોંપ્યો. ભટ્ટારકજીએ તેને જૈન બનાવી* તેનું સિસોદિયા-

★ તેઓ જૈનધર્મી બન્યા તેની એક અલગ વાત 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી' ➡

ગોત્ર સ્થાપ્યું અને તેને ઓશવાળ જૈન જ્ઞાતિમાં દાખલ કર્યા. રાણાએ તેને ગામ-ગરાસ આપ્યાં.

રાણા કરણસિંહના મરણ પછી મોટો કુમાર માહપ (સામંતસિંહ) મેવાડની ગાદીએ બેઠો.

રાજકુમાર ધીરજના સિસોદિયા ઓશવાલ જૈન વંશમાં શેઠ શાંતિદાસ થયા, જેને બાદશાહ જહાંગીર 'મામા' કહી બોલાવતો હતો.

શેઠ શાંતિદાસ અમદાવાદના નગરશેઠ બન્યા, જે સિસોદિયા ગોત્રના વીશા ઓશવાલ જૈન હતા. તેના વંશમાં આજે (નથુશાના પુત્ર) દીપાશાહ, ખુશાલશાહ વગેરે વિદ્યમાન છે. (–'સોહમકુલરત્ન પટ્ટાવલી', ઉલ્લાસ ૨, ઢાળ : ૧૫, કડી ૧ થી ૧૯; 'પટ્ટાવલી સમુચ્ચય', ભા. ૨, પૃ. ૨૯–૩૦)

૨. શિલાલેખ (વિ. સં. ૧૬૭૦ તેમજ ૧૯૦૫) –

શ્રી શત્રુંજયતીર્થમાં અમદાવાદના નગરશેઠ હેમાભાઈ વખતચંદે સં. ૧૮૮૬ના મહા સુદિ ૫ ના રોજ બંધાવેલી હેમાભાઈની ટૂંક છે. તેમાં નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ ભગવાન શ્રી અજિતનાથનો જિનપ્રાસાદ બંધાવ્યો છે, તેની દક્ષિણ દીવાલમાં (વિ. સં. ૧૯૦૫નો) શિલાલેખ છે કે –

નગરશેઠ પ્રેમાભાઈના પૂર્વજોની વિગત :

તેનો વંશ–સિસોદિયા, ગોત્ર–કુંકુમરોલા,
જ્ઞાતિ–ઓશવાલ (શાખા–કાકોલા) આદિ.

➡ (લે. માલતીબહેન કે. શાહ), પૃ. ૭-૮માં તથા 'પ્રતાપી પૂર્વજો' પુષ્પ બીજું (લે. ડુંગરશીભાઈ સંપટ), પૃ. ૧ થી ૫માં મળે છે, જે સંક્ષિપ્તમાં આ પ્રમાણે છે –

જૈનધર્મનો પાયો નાખનાર અને તેને વિશાળ વટવૃક્ષ રૂપે ફેલાવનાર અનેક મહાનુભાવો–ખાસ કરીને ચોવીસેય તીર્થંકરો ક્ષત્રિય રાજવંશના હતા. શ્રેષ્ઠી શ્રી શાંતિદાસના પૂર્વજો પણ ક્ષત્રિય રાજવંશના હતા તેમજ જૈનધર્મી પણ બન્યા હતા. આ પૂર્વજોમાં પ્રથમ જૈનધર્મી બનનાર પદ્મસિંહ થઈ ગયા. તેમના જીવનમાં એક એવો પ્રસંગ બન્યો કે,

એક દિવસ મૃગયા ખેલતો પદ્મસિંહ હરણને મારી, તે લઈને પાછો ફરતો હતો. ત્યાં વનવગડામાં સાધુઓને જોયા. તેમને અભિવંદન કરવા ઊભો રહ્યો. વયોવૃદ્ધ સાધુએ તેને કરુણાભાવે પૂછ્યું : ''વત્સ ! નિર્દોષ, શાંત અને અસહાય પ્રાણીઓના પ્રાણ લેવામાં ખેલવા જેવું શું છે ?''

પદ્મસિંહે ઉત્તર આપતાં કહ્યું : '' ગુરુદેવ ! અમારો ક્ષત્રિયોનો આ ધર્મ છે.'' સાધુએ જીવમાત્રનું રક્ષણ કરવાનો ઉપદેશ આપતાં કહ્યું : ''ક્ષત્રિયોનો ધર્મ તો પ્રાણીમાત્રનું રક્ષણ કરવાનો છે.''

પદ્મસિંહ આ સદુપદેશ સાંભળી ગળગળો થઈ ગયો; અને હવે પછી ક્યારેય પ્રાણીહત્યા ન કરવાની પ્રતિજ્ઞા લીધી. પ્રાંતે સાધુઓને પોતાના મુકામે આગ્રહપૂર્વક લઈ ગયો અને ત્યારથી તેણે કુટુંબપરિવાર સાથે જૈનધર્મ અંગીકાર કર્યો.

તે કુળદેવી આશાપુરી અને ક્ષેત્રપાલ બરડાને પૂજતા હતા. તેના પૂર્વજોની વંશાવલી• આ પ્રમાણે છે –

(૧) કુલોત્પત્તિ – રાજા સામંતસિંહ રાણો.
(૨) પુત્ર (પૌત્ર) કૌરપાલ – આ૦ ધર્મઘોષસૂરિએ તેને જૈન બનાવ્યો.
(૩) પુત્ર હરપતિ, (૪) શા૦ વાછા (વત્સાશાહ),
(૫) શા૦ સહસ્રકિરણ, (૬) શેઠ શાંતિદાસ,
(૭) શેઠ લક્ષ્મીચંદ, (૮) શેઠ ખુશાલચંદ (ભાર્યા–ઝમકુ),
(૯) શેઠ વખતચંદ, (૧૦) શેઠ હેમાભાઈ, (૧૧) શેઠ પ્રેમાભાઈ.

• શ્રી ડુંગરશીભાઈ સંપટ લિખિત અને 'જૈન' પત્ર દ્વારા સને ૧૯૪૧માં પ્રકાશિત 'પ્રતાપી પૂર્વજો' પુષ્પ બીજું, પૃ. ૬ ઉપર આપેલ શ્રી શાંતિદાસ નગરશેઠના પૂર્વજોની વંશાવલી –

પદ્મ (પદ્મસિંહ)–પત્ની પદ્માદેવી
|
ક્ષમાધર–પત્ની જીવન
|
સાહુલવા–પત્ની પાટી
|
હરપતિ (પદ્માશાહ)–પત્ની પુનાઈ
|
વાછા (વત્સા શેઠ)–પત્ની સાગરદેવી (કે ગુરુદે/ગોરદે)
|
સહસ્રકિરણ (સહસો)–
પત્ની ૧. કુમારી (કુંઅરબાઈ) અને ૨. સૌભાગ્યદેવી

પુત્ર : વર્ધમાન* વિરમદેવી પુત્ર : શાંતિદાસ卐 રૂપમ પંજિકા દેવકી

ટિપ્પણી અંતર્ગત 卐 શ્રી શાંતિદાસ શેઠ અને તેમના કુટુંબીઓનો ઉલ્લેખ પાલિતાણા–શત્રુંજયગિરિ ઉપર આવેલ મૂળનાયક શ્રી આદિનાથ ભ૦ના જમણી બાજુના પરિકરમાંની મૂર્તિઓના શિલાલેખમાં (જે પરિકર શ્રી શાંતિદાસ શેઠે ભરાવેલ છે તેમાં) જોવા મળે છે કે –

"(૧) સં. ૧૬૭૦ વર્ષે શ્રી અહમ્મદાવાદવાસ્તવ્ય શ્રી ઉ(ઓ)સવાલ જ્ઞાતીય વૃદ્ધશાખીય સાહ (૨) વાછા ભાર્યા ગોરદે સુત સા (૦) સહસકરણ ભાર્યા સોભાગદે સુતેન સાહ વર્ધમાન લઘુભ્રાતા (૩) સાંતિદાસ નામ્ના ભાર્યા સુરમદે સુત સા૦ પનજી પ્રમુખ કુટુંબયુતેન સ્વમાતુલ સા૦ શ્રીપાલ પ્રેરિતેન (૪) શ્રી આદિનાથપરિકરઃ પ્રતિમા-ચતુષ્કસહિતઃ કારિતઃ પ્રતિષ્ઠિતશ્ચ શ્રી તપાગચ્છે ભટ્ટારક શ્રી હેમ [વિમલસૂરિ]."

(જુઓ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ લિખિત 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ', ભા. ૧, પૃ. ૮૬)

★ આ શિલાલેખમાં વર્ધમાનનો ઉલ્લેખ સોભાગદેના પુત્ર તરીકે થયો છે અને વાછાનાં પત્નીનું નામ ગોરદે અપાયું છે.

તપાગચ્છની સાગરશાખાના ભટ્ટારકો (૧) શ્રી રાજસાગરસૂરિ, (૨) શ્રી વૃદ્ધિસાગરજી, (૩) શ્રી લક્ષ્મીસાગરજી, (૪) શ્રી કલ્યાણસાગરજી, (૫) શ્રી પુણ્યસાગરજી, (૬) શ્રી ઉદયસાગરજી, (૭) શ્રી આનંદસાગરજી, (૮) શ્રી શાંતિસાગરજી–સં. ૧૯૦૫.

(–શ્રી જિનવિજયજી સંપાદિત 'પ્રાચીન જૈન લેખસંગ્રહ',
ભા. ૨, લે. નં. ૯૧ અને પર્યાલોચન લેખાંક : ૧)

(૮) સંવેગીપક્ષી તપા. પં૦ ખીમાવિજયશિષ્ય પં૦ ધીરવિજયશિષ્ય પં૦ વીરવિજયશિષ્ય શ્રી રંગવિજયગણિ. (ઉક્ત લેખસંગ્રહ–લે. નં. ૧૦૨)

૩. વીર દયાલશાહ –

ઇતિહાસથી જાણવા મળે છે કે, સંઘવી તેજરાજ વીશા ઓશવાલ સિસોદિયા વંશનો સરૂવર્યાગોત્રનો જૈન હતો. તે મારવાડમાં (ગોલવાડમાં) રહેતો હતો. તેના વંશમાં વીર દયાલશાહ થયો, જે ઉદયપુરના રાણા રાજસિંહનો દીવાન હતો.

ક્ષેમસિંહ મો૦ રાઠોડ પોતાના સં. ૨૦૦૪ના 'ઓશવાલ કોમનો ઇતિહાસ' પુસ્તકમાં (પ્રકરણ ત્રીજું, ઓશવાલ વિશેનો વિભાગ, પૃ. ૧૯૩ થી ૨૦૭માં) દયાલશાહનો પરિચય આપે છે તે આ પ્રમાણે છે –

વીર દયાલશાહ ઓશવાલ બચપણથી દેશાભિમાની, કુલાભિમાની, ધર્માભિમાની હતો.

તે વીશ વર્ષની ઉંમરે પોતાનું ક્ષાત્રવટ બતાવવા પિતાથી રિસાઈને મારવાડ છોડી મેવાડના ઉદયપુરમાં આવી એક મુસાફરખાનામાં રહ્યો ને રાજ્યની ઘોડાહારમાં નોકર બન્યો. પોતાની હોંશિયારી અને ઉદયપુરના રાજપુરોહિતના આગ્રહથી તેના ગુપ્ત મંત્રણા વિભાગના દફ્તરમાં મહેતો બન્યો. પણ આ રાજપુરોહિત દેશદ્રોહી હતો કેમકે તે ઔરંગઝેબ સાથે ભળી ગયો હતો.

વીર દયાલશાહે આ હકીકત જાણી તે બંનેનાં કાવતરાંનાં ગુપ્ત પત્રોનો ખટલો રાણા રાજસિંહના હાથમાં લાવી મૂક્યો અને વિનંતી કરી કે, 'બાપુ ! પુરોહિતથી ચેતતા રહેજો.' રાણાએ પુરોહિતના કાવતરાથી ચેતી જઈ મેવાડને બચાવી લીધો અને વીર દયાલશાહને ધીમે ધીમે ઊંચો અધિકાર આપી છેવટે રાજ્યના મહામાત્યપદે પ્રતિષ્ઠિત કર્યો.

વીર દયાલશાહે ઘણાં યુદ્ધો ખેડ્યાં. શત્રુઓને હંફાવી પોતાની વીરતાનો પરિચય કરાવ્યો. આ રીતે દયાલશાહ મંત્રીએ મેવાડનું પૂરી તકેદારીથી રક્ષણ કર્યું હતું.

[ઉદેપુરના રાણા રાજસિંહના મહામાત્ય દયાલશાહે સં. ૧૭૧૭માં મેવાડમાં દુષ્કાળ પડતાં, આચાર્ય માનસૂરિના ઉપદેશથી, સંઘ સાથે મળીને મોટી રકમ એકઠી કરી

રાહતકાર્યો શરૂ કર્યાં. રાજ્ય તરફથી પણ મંત્રી દયાલશાહે અનાજ તથા ઘાસ વગેરે આપવા શરૂ કર્યાં. વળી 'રાજસમંદ' નામનું તળાવ બંધાવવાનું નક્કી કરી લોકોને રોજી-રોટી આપવાનું શરૂ કર્યું. એ જ રીતે આચાર્યશ્રીના ઉપદેશથી કાંકરોલી અને રાજનગર વચ્ચે રાજસમંદ સરોવરની પાસે આવેલ એક પહાડી પર ધર્મકાર્યરૂપ જિનપ્રાસાદ બંધાવવાનો નિર્ણય કરી, તે દ્વારા લોકોને રોજી આપવાનું કામ પણ શરૂ કર્યું. આજે આ જિનપ્રાસાદ (સં. ૧૭૩૨માં પ્રતિષ્ઠિત થયેલ) દયાલશાહની યાદમાં રાજસમંદ નગરમાં 'દયાલશાહના કિલ્લા' નામે જાણીતો છે.

આ ઉત્તુંગ જિનાલય દૂરથી વિશાળ કિલ્લા જેવું લાગતાં બા૦ ઔરંગઝેબ 'મેવાડનો રાણો આ કિલ્લાથી અજેય બનશે' એવું માની તેને તોડી પાડવા સં. ૧૭૩૦માં ચઢી આવ્યો; પરંતુ દયાલશાહે કેવલ જિનાલય જ બનતું હોવાની સત્ય હકીકત સમજાવતાં ઔરંગઝેબ પાછો ચાલી ગયો.

આ 'દયાલશાહ કિલ્લા'ની પાસે જ 'નવચોકી' નામનું સ્થાન છે. આ નવચોકીની કારીગરી અત્યંત મનોહર છે. આ નવચોકીમાં મેવાડના રાજાઓની પ્રશંસા કરતું પચાસ સર્ગનું એક કાવ્ય શિલાલેખના રૂપમાં કોતરેલું છે. આ પ્રશસ્તિમાં પણ દયાલ-શાહનું નામ અને તેમની વીરતાનું વર્ણન મળે છે. (બીજી આવૃત્તિની સંપાદકીય નોંધ.)]

નોંધ : આ પહેલાં (પ્રક. ૪૪, પૃ. ૨૫ થી ૨૭ અને પ્રક. ૫૩, પૃ. ૨૭૯ થી ૨૮૧માં) તેનો વિશેષ પરિચય આપ્યો છે.

આ ઉપરાંત નીચેના ગ્રંથોમાં સિસોદિયા રાજવંશના ઉલ્લેખો મળે છે.

૪. કવિવર શ્રી ક્ષેમવર્ધનગણિ કૃત 'પુણ્યપ્રકાશરાસ'.

૫. પં૦ કૃપાસાગરગણિ કૃત 'ભટ્ટારક રાજસાગરસૂરિરાસ'.

૬. પં૦ તિલકસાગરગણિ કૃત 'નેમિસાગર નિર્વાણરાસ'.

૭. ૮. ૯. વિવિધ શિલાલેખો, જિનપ્રતિમાલેખો, ગ્રંથપ્રશસ્તિઓ–પુષ્પિકાઓ.

વંશ, ગોત્ર, શાખા –

સિસોદિયાવંશના ઓશવાલ જૈનોનાં વિવિધ ગોત્રો બન્યાં.

અમદાવાદના નગરશેઠના પૂર્વજોનું કુંકુમરોલા ગોત્ર હતું. કોઈ કોઈ સ્થાને તેની કાકોલા શાખા બતાવી છે. આ ગોત્ર અને શાખામાં નહિવત્ ભેદ છે. સંભવ છે કે, આ વંશનો વૈષ્ણવ તીર્થધામ કાંકરોલી અથવા કાલીકાંકર ગામ સાથે સંબંધ હોય. (–પ્રક. ૫૦, પૃ. ૧૯૨)

નોંધ – નવા નવા પ્રતિમાલેખો, ગ્રંથપ્રશસ્તિઓ વગેરે મળશે તો તેમના પૂર્વજો, ગોત્ર, શાખા વગેરે વિશે વિશેષ જાણવા મળશે. અમને વિશ્વાસ છે કે, સં. ૧૬૫૪ની જિનપ્રતિમાના પ્રતિષ્ઠા-લેખમાં (પૃ. ૨૧૪) શા૦ સહસ્રકિરણના પૂર્વજો તથા પુત્ર–પૌત્રોનાં નામ આપ્યાં હશે.

ભૂલાનગર અને તેની કેટલીક વિગતો –

એમ માનવામાં આવે છે કે, અમદાવાદના નગરશેઠના પૂર્વજો વાસ્તવમાં ભૂલાનગરના વતની હતા, જે મેવાડથી નીકળી મેવાડના નૈઋત્યમાં મારવાડ સ્થિત આવેલા ભૂલાનગરમાં આવીને વસ્યા હોય.

આ નગર સિરોહી રાજ્યમાં પેરિસ સમા ગણાતા રોહિડા નગરની પાસે હતું. રોહિડાથી મોટા પોસીના સુધીનો પાકો રસ્તો મોટર રોડ છે. રસ્તામાં સનવાડા, નાનું ભૂલા, મોટું ભૂલા, કાલીકાંકર વગેરે ગામો છે.

(પ્રક. ૫૦, પૃ. ૧૯૨)

એવો સંભવ જણાય છે કે, મેવાડના મહારાણા પ્રતાપે દિલ્હીના બા૦ અકબર સાથેની અથડામણ વખતે આ ભૂલાનગરમાં વસવાટ કરી શાંતિ મેળવી હોય.

ભૂલાનગર પાસેના પ્રદેશમાં એવો વહેમ પ્રચલિત છે કે 'પાંચમના કામમાં પંચા પડે.' અમદાવાદના નગરશેઠના કુટુંબમાં પણ સારાં કામ માટે પાંચમનો દિવસ અશુભ મનાય છે.

આ વિશે એવી દંતકથા સંભળાય છે કે –

''એક કુમારી કન્યા પોતાના ગામથી પાંચમના દિવસે કોઈ શુભ કામ માટે નીકળી હતી પણ રસ્તામાં તે ઘણી હેરાન થઈ ગઈ. છેવટે મરણ પામી. ત્યારથી પાંચમ અશુભ મનાય છે.''

આ ઘટના ભૂલાનગર અને નગરશેઠના કુટુંબ વચ્ચે પ્રાચીન સંબંધ હોવાનું પૂરવાર કરે છે.

ઉદયપુરના સિસોદિયા રાજવંશ અને અમદાવાદના નગરશેઠવંશ વચ્ચે છેલ્લાં વર્ષો સુધી ભાઈચારા જેવો સંબંધ હતો. એકબીજાના શુભ પ્રસંગે એકબીજાને આમંત્રણ આપી બોલાવતા હતા. તેમ જ વિવાહ વગેરેમાં ચાંદલો આપવો, જન્મ પ્રસંગે ભેટણું આપવું વગેરે મર્યાદા જાળવતા હતા.

કોઈ મોગલસેનાએ આ ભૂલાનગરને ભાંગી-તોડી ખેદાન-મેદાન કર્યું, જે ગામ આજે દફણપટ્ટણ છે.

સિરોહી રાજ્યે ભૂલાનગરની પુરાણી જમીનને ખોદાવી ત્યારે તેમાંથી જિનપ્રતિમાઓ વગેરે નીકળ્યાં હતાં. તે પ્રતિમાઓ રોહિડા જૈન સંઘને આપવામાં આવ્યાં હતાં, જે રોહિડાના જૈન દેરાસરમાં બિરાજમાન છે.

આટલી પ્રાસંગિક હકીકતો નોંધી હવે આપણે નગરશેઠના કુટુંબની વંશાવલી જોઈએ.

નગરશેઠ શાંતિદાસના પૂર્વજો અને વંશજોની વંશાવલી

[૧] **પદ્માશાહ** – સંભવ છે કે એમનું બીજું નામ હરપતિ હોય અને ઉદયપુરના રાણા સામંતસિંહના ત્રીજા કે ચોથા વંશજ હોય.

[૨] **વત્સાશાહ** – તેમનું બીજું નામ શા૦ વાછો પણ જાણવા મળે છે. તેમને ગુરુદે (ગોરદે) નામની પત્ની હતી. તેમનું કુટુંબ તપાગચ્છીય આ૦ વિજયહીરસૂરિ અને આ૦ વિજયસેનસૂરિનું ભક્ત અને ઉપાસક હતું.

આશુકવિ પં૦ હેમવિજયગણિ જણાવે છે કે,

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૪ના મહા સુદિ ૫ ના રોજ અમદાવાદના અકમીપુરમાં ધનકુબેર શેઠ ભોટાશાહના જિનાલયની પ્રતિષ્ઠા કરી અને તે જ ઉત્સવમાં, તે જ દિવસે મહો૦ ધર્મસાગરગણિના શિષ્ય શ્રી લબ્ધિસાગરને ઉપાધ્યાયપદવી આપી.

વળી, તે જ દિવસે અમદાવાદના શેઠ વત્સા (વાછા) ઝવેરીના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી.* સં. ૧૬૫૪ના એ જ વર્ષનું ચાતુર્માસ અમદાવાદના અકમીપુરમાં કર્યું.

સં. ૧૬૫૫માં અમદાવાદના ઢીંકવાપાડાની જમીન ખોદતાં ત્યાંથી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા નીકળી આવી. તે પ્રતિમાનું આ૦ વિજયસેનસૂરિએ વિજયચિંતામણિ પાર્શ્વનાથ નામ રાખી તેને અમદાવાદના સીકંદરપુરના એક જિનાલયમાં પધરાવી અને સં. ૧૬૫૫નું ચાતુર્માસ સીકંદરપુરમાં કર્યું. સં. ૧૬૫૬ના માગસર સુદિ ૫ ના રોજ સીકંદરપુર (બીબીપુર)માં શ્રીસંઘે બંધાવેલા જિનાલયમાં એ વિજયચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. સાથોસાથ અમદાવાદના વીશા શ્રીમાલી શેઠ લહુઆના શ્રી શાંતિનાથના ઘરદેરાસરની પ્રતિમાની અને કાવીના ગાંધી કુંઅરજી નાગર જૈનના ભ૦ ધર્મનાથની પ્રતિમાની અંજનશલાકા કરી. (–વિજયપ્રશસ્તિ કાવ્ય સર્ગ; પ્રક. ૪૨, પૃ. ૫૩૨; પ્રક. ૫૯, પૃ. ૩૬૧ થી ૩૬૩, પ્રતિષ્ઠા વિભાગ)

બાદશાહ અહમ્મદશાહે સં. ૧૪૬૮માં અમદાવાદ નગર વસાવ્યું. શહેરને આબાદ કરવા માટે બહારથી મોટા મોટા વેપારી જૈનોને આમંત્રણ આપી વસાવ્યા.

★ શેઠ વસ્તાશાહ અમદાવાદ રહેતા હતા તેમ આ વાતથી જાણી શકાય છે; પણ 'પ્રતાપી પૂર્વજો'ની વિગત (પૃ. ૬ ઉપર) જુદી છે તે જોઈએ –

''(વસ્તા–વાછા શાહના પુત્ર) સહસ્રકિરણના સમયમાં મેવાડમાં મુસલમાની આક્રમણથી ઉથલપાથલ થઈ. સહસ્રકિરણનું ગામ અને જમીનદારી મુસ્લીમ આક્રમણકારીઓએ ઝુંટવી લીધાં. તેઓ ત્યાંથી અનેક દેશ-દેશાવરો ભમતા અસહાય અને એકાકી અમદાવાદમાં આવી પહોંચ્યા.''

જૈનો અમદાવાદ નગરનો જિનાલયો, ગ્રંથભંડારો, હવેલીઓ અને વેપાર વગેરેથી વિકાસ કરતા રહ્યા. (પ્રક. ૪૪, પૃ. ૩૮ થી ૪૮)

શા૦ વત્સાએ પણ (સં. ૧૬૫૪માં) ભવ્ય ઘરદેરાસર બનાવ્યું. તેમની ભાવના હતી કે હવે ઘરમાં મોટો ગ્રંથભંડાર પણ બનાવવો. એમના પુત્ર સહસ્રકિરણે તેમની એ ભાવના પૂરી કરી.

સંભવ છે કે એ સમયે પૌત્ર વર્ધમાન અને શાંતિદાસ બાળકરૂપે હોય.

૩ શા૦ સહસ્રકિરણ –

તેમનાં બીજા નામો સહસકિરણ, સહસકરણ, શેષકરણ પણ મળે છે. તેમને (૧) કુંઅરબાઈ અને (૨) સૌભાગ્યદે એમ બે ભાર્યાઓ હતી. તેમને કુંઅરબાઈથી વર્ધમાન અને સૌભાગ્યદેથી શાંતિદાસ એમ બે પુત્રો થયા.

શેઠ સહસ્રકિરણ જેવા ધર્મપ્રેમી હતા તેવા વિદ્યાપ્રેમી પણ હતા. શા૦ વત્સાએ અમદાવાદમાં પોતાનું સ્વતંત્ર ઘરદેરાસર બંધાવ્યું હતું, જ્યારે પુત્ર સહસ્રકિરણે સં. ૧૬૫૪-૫૫માં જૂના ગ્રંથો વેચાણ ખરીદીને તેમ જ નવા નવા ગ્રંથો લખાવી ઘરમાં પોતાનો જ નવો ગ્રંથભંડાર બનાવ્યો.

આ જૂના ગ્રંથોની પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ હતી તેમની તેમ રહેવા દઈને તેની નીચે પોતાની નવી પુષ્પિકાઓ લખાવી. સાધારણ રીતે પોતાના દરેક ગ્રંથમાં નીચે પ્રમાણે એકસરખી નોંધ મળે છે.

"साह श्रीवच्छ, भार्या गुरुदे, सुत सहस्रकिरणेन भंडारे गृहीत्वा सुत वर्धमान–शांतिदासपालनार्थम् ।"

તેમણે આ રીતે ગ્રંથોમાં પોતાના પિતા, માતા, પોતે અને બંને પુત્રોનાં સ્પષ્ટ નામો લખાવ્યાં છે.

આથી સ્પષ્ટ થાય છે કે, તેમણે પોતાના બંને પુત્રોના જન્મ પછી ગ્રંથભંડાર સ્થાપન કર્યો હતો. એ પણ નક્કી છે કે, નગરશેઠ શાંતિદાસનો સમય સં. ૧૬૪૫ થી ૧૭૧૫ છે. એ સમયમાં ઘણા ગ્રંથો ખરીદાયા અને લખાયા છે.

તે આ ગ્રંથો અધ્યયન કરતા મુનિવરોને આપતા અને અભ્યાસ કરી લીધા પછી પાછા ગ્રંથભંડારમાં મૂકી દેતા. (–પ્રશસ્તિસંગ્રહ, ભા. ૨ની પ્રશસ્તિ નં. ૧૩૫–નેમિનાથચરિત્ર પુષ્પિકા)

નોંધ : જુદા જુદા ગ્રંથભંડારોનાં છપાયેલાં સૂચિપત્રો અને નોંધની ચોપડીઓ (લિસ્ટો) જોવાથી જાણવા મળે છે કે –

આ નગરશેઠના વંશજોએ જુદા જુદા પ્રસંગે આ ભંડારના ઘણા ગ્રંથો (૧) આગરાના બાદશાહ અકબરનો ગ્રંથભંડાર, (૨) લીંબડી–શ્રીસંઘનો જ્ઞાનભંડાર,

(૩) પૂના–ભાંડારકર ઇન્સ્ટીટ્યૂટનો ગ્રંથસંગ્રહ, (૪) અમદાવાદ–શ્રી મુક્તિવિજયનો ગ્રંથભંડાર અને (૫) અમદાવાદ–આ૦ શ્રી વિજયનેમિસૂરિ ગ્રંથભંડાર વગેરેને આપ્યા છે.

કારણ કે, લીંબડીના ગ્રંથભંડારની 'અંગચૂલિયા પઈન્નય'ની પ્રતિમાં આ ગ્રંથભંડારની ઉપર પ્રમાણેની નોંધ છે. તેમજ પૂનાના ભાંડારકર ઇન્સ્ટીટ્યૂટના 'જૈન પ્રશસ્તિ સંગ્રહ' ભા. ૨ ની નં. ૪૫૭, ૪૬૮, ૪૭૬, ૪૮૮ અને ૫૬૮ વગેરે પ્રતિઓમાં આ ગ્રંથભંડારની ઉપર દર્શાવેલી નોંધ છે.

વિ. સં. ૧૯૯૦ના ફાગણ–ચૈત્ર માસમાં અમદાવાદના નગરશેઠના વંડામાં નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈએ વિનંતી કરી અખિલ ભારતવર્ષીય શ્વેતાંબર શ્રમણનું સંમેલન કરાવ્યું હતું.

અમે પણ તેમના પ્રતિનિધિ શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ દિલ્હીમાં અમને વિનંતી કરવા આવવાથી દિલ્હી પ્રદેશમાંથી વિહાર કરી અમદાવાદ આવ્યા અને તેમની વિનંતીથી નગરશેઠના વંડામાં તેમના જ બંગલામાં ઘણો કાળ રહ્યા હતા. એ સમયે શેઠ કસ્તૂરભાઈ મણિભાઈ, શેઠાણી માણેકબેન અને પુત્રો અરૂણભાઈ અને જગદીશભાઈએ પોતાના ઘરમાં રહેલો પ્રાચીન ગ્રંથભંડાર બતાવ્યો અને વ્યવસ્થિત કરાવ્યો હતો. અમે તે વખતે કેટલાક ગ્રંથોની પ્રશસ્તિઓ, પુષ્પિકાઓ અને ઉક્ત નોંધોની નકલ કરી લીધી હતી.

ખુશી થવા જેવું છે કે, અમદાવાદના જૈન સાહિત્ય પ્રદર્શને શ્રી પ્રશસ્તિસંગ્રહના ગ્રંથો છપાવ્યા છે. તેના બીજા ભાગમાં પ્રશસ્તિ નં. ૨૫, ૧૦૭, ૧૩૫, ૨૪૭ અને ૮૩૨ વગેરેની નીચે ઉક્ત ગ્રંથભંડારની નોંધ છે.

નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈએ છેવટે પોતાના ઘરમાં બાકી રહેલો ગ્રંથસંગ્રહ અને શ્રી મુક્તિવિજયજી ગણિનો ગ્રંથભંડાર અમદાવાદના (તેમના જ નગરશેઠ કુટુંબપરિવારની સંસ્થા) શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરને તેમના નામે રાખવાની શરતે આપ્યો છે. આ સંસ્થાના વ્યવસ્થાપકો આ ગ્રંથોની પ્રશસ્તિઓ છપાવે તો તેમાંથી ઘણો ઉપયોગી જૈન ઇતિહાસ પ્રાપ્ત થશે; અને નગરશેઠના વંશની બાબતમાં પણ જરૂરી પ્રકાશ પડશે.

શેઠ વર્ધમાન –

તે શેઠ સહસ્રકિરણ અને તેમની ભાર્યા કુંઅરબાઈનો મોટો પુત્ર હતો.

ઉલ્લેખ મળે છે કે, શેઠ વર્ધમાન અને તેમના ભાઈ શાંતિદાસે અમદાવાદમાં સરસપુર (બીબીપુર)ના શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો જીર્ણોદ્ધાર કરી મોટો જિનપ્રાસાદ બનાવ્યો અને તેમાં સં. ૧૬૮૨ના જેઠ વદિ ૯ ને ગુરુવારે

મોટી પ્રતિષ્ઠા કરાવી હતી. આ મંદિરનાં દરેક કામ શેઠ વર્ધમાનની દેખરેખ નીચે થયાં હતાં. તેમની માતા કુંઅરબાઈ ત્યારે વિદ્યમાન હતાં અને તેમણે આ જિનાલયમાં શ્રી મુનિસુવ્રતસ્વામીની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.*

૪ નગરશેઠ શાંતિદાસ (સં. ૧૬૪૫ થી ૧૭૧૫) –

તે શેઠ સહસ્રકિરણનો નાનો પુત્ર હતો. તેની માતાનું નામ સૌભાગ્યદે હતું. તેનો જન્મ સં. ૧૬૪૫માં થયાનું મનાય છે.

તે બાળપણથી તીવ્ર બુદ્ધિશાળી હતો, પુણ્યશાળી હતો. તેમણે શરૂઆતથી જ ઝવેરાતનો ધંધો શરૂ કર્યો. તેઓ ધીમે ધીમે અનુભવથી મોટા ઝવેરી બન્યા. અમદાવાદ, સુરત, ખંભાત વગેરે સ્થળે ફરીને ઝવેરાત વેચતા હતા.

શેઠ શાંતિદાસ ગામ–પરગામ જ્યાં જ્યાં જાય ત્યાં સવારે ઊઠી દેવદર્શન, ગુરુદર્શન વગેરે નિત્યવિધિ કરી અને પછી જ ખાઈ–પી પોતાના કામે જતા. એ એમનો દૈનિક કાર્યક્રમ હતો.

તપાગચ્છના પ૩મા ભટ્ટા૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય મહો૦ વિદ્યાસાગર-ગણિની પરંપરામાં મહો૦ ધર્મસાગરગણિના શિષ્ય ઉપા૦ લબ્ધિસાગરગણિ થયા.

તેમને (૧) મુનિશ્રી નેમસાગર અને (૨) મુનિશ્રી મુક્તિસાગર એ બે શિષ્યો હતા. તે બંને ગૃહસ્થપણામાં સગા ભાઈઓ હતા. સાધુપણામાં પણ ગુરુભાઈઓ હતા. બંને બુદ્ધિમાન, વિદ્વાન અને મોટા વાદી હતા.

આથી સં. ૧૬૫૫માં (૫૯મા) ભટ્ટા૦ વિજયસેનસૂરિના હાથે પંન્યાસ બન્યા. બંને બાલબ્રહ્મચારી હતા. પં૦ મુક્તિસાગરગણિને પદ્માવતી દેવીનું ઇષ્ટ હતું.

કવિવર પં૦ ક્ષેમવર્ધનગણિ લખે છે કે –

આ બંને પંન્યાસો સુરતમાં ચાતુર્માસ હતા ત્યારે સુરતમાં એક મોટો શેઠ શાંતિદાસ કરીને રહેતો હતો.■ તેને પુત્ર–પુત્રી કંઈ સંતાન નહોતું. આથી એક દિવસ શેઠે બંને પંન્યાસો પાસે આવી, વાંદી, કરગરીને અરજ કરી –

★ શા૦ સહસ્રકિરણનો મોટો પુત્ર વર્ધમાન સુશીલ, શાણો અને બુદ્ધિમાન હતો. તે અને શાંતિદાસ બંને ભાઈઓ ઘણી હોંશિયારીથી ધંધો ચલાવતા હતા. વર્ધમાન પેઢીનો અંદરનો વહીવટ અને શાંતિદાસ બહારનો વહીવટ સંભાળતા. બંને ભાઈઓએ મળીને (સં. ૧૬૭૦માં) શત્રુંજયતીર્થનો યાત્રાસંઘ કાઢ્યો હતો. શેઠ વર્ધમાનને ૬ પુત્રો હતા. તેમાં એક વસ્તુપાલ નામે પુત્ર હતો. ('પ્રતાપી પૂર્વજો'માંથી સાભાર.)

■ આ સમયે સુરતના શેઠ શાંતિદાસ, અમદાવાદના શેઠ સહસ્રકિરણના પુત્ર શાંતિદાસ ઝવેરી અને અમદાવાદના દોશી મનિયા શ્રીમાલીના પુત્ર શેઠ શાંતિદાસ એમ ત્રણ શાંતિદાસો થયા છે.

''ગુરુદેવ ! આપની કૃપાથી આ સેવક પાસે અનર્ગલ ધન છે; પણ એવું કોઈ અંતરાયકર્મ નડે છે કે અમારા પછી આ ધનને વાપરનાર–દાનપુણ્ય કરનાર એવો કોઈ જીવ નથી (અમને કોઈ સંતાન નથી). ગુરુદેવ ! આ અંતરાયકર્મ તૂટે અને શ્રાવકનું ઘર આબાદ બને એવો કોઈ ઉપાય બતાવો.''

બંને પંન્યાસોએ સુરતના શેઠ શાંતિદાસની આ વાત સાંભળી. તેઓએ શાંતિદાસ શેઠને સાન્ત્વના આપી અને મંત્રવિધિની વિગત જણાવી કહ્યું કે, ''અમારી જાપવિધિને છ મહિના પૂરા થાય તેના બરાબર બીજે દિવસે સવારે તમે જાતે જ આવીને હાજર થજો.''

એ પછી બંને પંન્યાસોએ સં. ૧૬૬૦ના ચૈત્ર માસમાં ઉપાશ્રયમાં નીચે ભોંયરામાં બેસીને સર્વકાર્યસાધક શ્રી ચિંતામણિ મંત્રનો જાપવિધિ શરૂ કર્યો.

આ મંત્રનો નિયમ એવો હતો કે, આ મંત્ર નિરંતર બલિબાકુલા અને આરતી વગેરે વિધિ સાથે જાપ કરવાથી ૬ મહિને સિદ્ધ થાય. જાપની સમાપ્તિ સમયે ધરણેન્દ્ર નાગરૂપે આવી સામે ઊભો રહે ત્યારે સાધક નીડર બની રહે અને તેની જીભ સાથે જીભ મેળવે તો ધરણેન્દ્ર પ્રત્યક્ષ થઈ શ્રાવકને વરદાન આપે.

અણચિંતવી કૃપા –

પંન્યાસોએ છ મહિના સુધી વિધિપૂર્વક જાપ કર્યો. છ મહિના પૂરા થયા. બીજે દિવસે સવારે સુરતના શેઠ શાંતિદાસ આવ્યા નહીં. ત્યારે જોગાનુજોગ એવું બન્યું કે, અમદાવાદના શેઠ (સહસ્રકિરણના પુત્ર) શાંતિદાસ ઝવેરી વેપાર અર્થે સુરત આવ્યા અને તે જ દિવસે તે જ અવસરે બ્રાહ્મ મુહૂર્તમાં જિનાલયમાં દર્શન કરી બંને પંન્યાસોને વાંદવા ઉપાશ્રયમાં આવ્યા. નામ સામ્યના કારણે પં૦ મુક્તિસાગર ગણિ સમજ્યા કે સુરતના શાંતિદાસ શેઠ આવ્યા છે, એટલે શાંતિદાસ ઝવેરીને ભોંયરામાં લઈ જઈ પોતાની સામેના આસને બેસાડી જણાવ્યું કે,

''શાંતિદાસ ! ડરશો નહિ, હિંમત રાખજો. ધરણેન્દ્ર નાગરૂપે આવી તમારા શરીર ઉપર ચડશે. માથા ઉપરથી આગળ ઊતરી જીભના લબકારા મારશે ત્યારે તમે તે નાગરાજની જીભ સાથે પોતાની જીભ અડાડી દેજો. એટલે ધરણેન્દ્ર પ્રસન્ન થઈ તમને વરદાન આપશે. પરિણામે રાજ્ય મળશે, રાજ્યનું માન, ધન, યશ અને પુત્રપરિવાર વધશે.''

અમદાવાદના શાંતિદાસ ઝવેરી તો કંઈ સમજ્યા વિના ચુપચાપ ભોંયરામાં જઈ ગુરુદેવની કૃપા સમજી આસન ઉપર બેસી ગયા. પંન્યાસજીએ જાપ શરૂ કર્યો. ધરણેન્દ્ર નાગરૂપે આવી શરીર ઉપર ચડ્યો. જીભના લબકારા મારવા લાગ્યો. પણ આ શાંતિદાસે બીકથી પોતાની જીભ બહાર કાઢી નહીં. ધરણેન્દ્ર તરત નીચે ઊતરી અદ્રશ્ય થઈ ગયો.

પં૦ મુક્તિસાગરગણિએ કહ્યું, ''શાંતિદાસ ! તમે જીભ કાઢી નાગની જીભ સાથે મેળવી હોત તો રાજા બનત. પણ તમે ડરી ગયા ને જીભ મેળવી નહીં. છતાં તમે મોટા રાજમાન્ય બનશો.'' (પ્રક. ૫૫, પૃ. ૩૭૮ થી ૩૮૩)

શ્રેષ્ઠી શાંતિદાસ ઝવેરી ખુશી થતો થતો સુરતથી અમદાવાદ ગયો અને ત્યાંથી સં. ૧૬૬૧માં આગરા ગયો. બાદશાહ અકબરે આગરામાં પોતાના રાજદરબારમાં સૌ ઝવેરીઓને બોલાવ્યા હતા.

શાંતિદાસ ઝવેરી પણ સૌ ઝવેરીઓ સાથે રાજદરબારમાં ગયા. તેમણે ત્યાં મોતીની સાચી પરીક્ષા કરી બતાવી અને તેની વાજબી કિંમત પણ જણાવી મોટી નામના પ્રાપ્ત કરી. તેમને મોગલ દરબારમાં મોટાં માન-સન્માન મળ્યાં અને બાદશાહ અકબરે પણ તેમને શાહી ઝવેરીની પદવીથી નવાજ્યા.

[શેઠ શાંતિદાસે પોતાનો ઝવેરાતનો વેપાર ખૂબ વધારી દીધો. થોડા વખતમાં એ હિંદનો સુપ્રસિદ્ધ ઝવેરી બની ગયો... હજી તેની પચીશી વીતી નહોતી તેટલામાં તો તેણે હિંદભરમાં મહાન ધનવાન અને અમીર તરીકેની વિખ્યાતી મેળવી લીધી. બા૦ શાહજહાંએ મયૂરાસન બનાવવા માટે ૬ કરોડ રૂપિયા ખર્ચેલા. તેમાંનું ઘણું ઝવેરાત શાંતિદાસ શેઠે આપ્યું હતું. નગરશેઠને પોતાની મોટી હવેલી હતી. સિંહદ્વાર પાસે રાજદ્વારની પેઠે નોબતો વાગતી હતી. એને ત્રણ ડેલીઓ હતી. પહેલી ડેલી ઉપર હથિયારબંધ આરબોની બેરખ બેસતી હતી. બીજી ડેલી ઉપર ભૈયાઓની ચોકી હતી. ત્રીજી ડેલી ઉપર રજપુતોની ચોકી હતી. શેઠને મશાલ તથા છડી રાખવાની શાહી પરવાનગી હતી. ભારે દબદબા અને ઠાઠમાઠથી શેઠનું કુટુંબ રહેતું હતું. પાંચસો ઘોડાં, તેટલી જ ગાયો-ભેંસો શેઠને ત્યાં રહેતાં. પાર વગરનાં માફા, સીગ્રામો, રથો, પાલખીઓ રાખતા હતા. જ્યારે જૈનોનો રથયાત્રાનો વરઘોડો નીકળતો ત્યારે સોના-ચાંદીના સાજવાળા વાહનો નગરશેઠને ત્યાંથી આવતાં હતાં. શેઠની હિંદના ઘણા ભાગોમાં આડતો અને દુકાનો હતી. ઝવેરાતનો વેપાર અને શરાફીની બેંકો શેઠ નીભાવતા હતા. ('પ્રતાપી પૂર્વજો' પુષ્પ બીજું-માંથી)]

એક વાર બાદશાહ અકબરની એક બેગમ કોઈ કારણસર અમદાવાદમાં આવી હતી. શ્રી શાંતિદાસ ઝવેરીએ તેની ખૂબ ખાતર-બરદાસ્ત કરી. બેગમે પ્રસન્ન થઈ તેમને ધર્મભાઈ બનાવ્યો.

બાદશાહ અકબરના મરણ પછી તેનો મોટો પુત્ર જહાંગીર હિંદનો બાદશાહ બન્યો. તેણે અમદાવાદથી શાંતિદાસ ઝવેરીને બોલાવ્યા અને તેમને 'મામા' કહી તેમનું ઘણું માન-સન્માન કર્યું. પછી તો ઝવેરી શાંતિદાસને અમદાવાદના 'નગરશેઠ'ની પદવી આપી• અને ગુજરાતના સૂબાનો હોદ્દો આપ્યો.

• શેઠ શાંતિદાસ ઝવેરીને પોતાની આવડત, કુશળતા અને વિશ્વાસ સંપાદન કરવાની શક્તિને પ્રતાપે મોગલ બાદશાહ દ્વારા અમદાવાદનું 'નગરશેઠપદ' પ્રાપ્ત થાય છે. આ નગરશેઠ-પદ માત્ર તેમના પૂરતું જ મર્યાદિત ન રહેતાં પેઢી દર પેઢી તેમના જ ➡

શેઠ શાંતિદાસ ઝવેરી સમજી ગયા કે આ બધું ગુરુદેવની કૃપાનું ફળ છે. તેમણે પં૦ નેમિસાગરગણિ અને પં૦ મુક્તિસાગરગણિને વિનંતી કરી અમદાવાદ પધરાવ્યા. તેમણે પોતાના મનથી પં૦ શ્રી મુક્તિસાગરનું પં૦ રાજસાગરગણિ નામ રાખ્યું અને તેમને વિનંતી કરી કે, ''ગુરુદેવ ! આપની કૃપાથી મને ગુજરાતની સૂબાગીરી મળી છે. એટલે આ રાજ્યની સૂબાગીરી આપની જ છે. આપ ગુરુદક્ષિણામાં તે સ્વીકારી મને ઋણમુક્ત કરો.''

પંન્યાસજી હસીને બોલ્યા, ''શેઠ ! અમે પાંચ મહાવ્રત ધારણ કરેલાં છે. અમે માતા, પિતા, ઘર, માલ-મિલકત, કુટુંબ-પરિવાર છોડીને નીકળ્યા છીએ – સાધુ બન્યા છીએ એટલે અમે રાજ્યને શું કરીએ ? છતાં તમારે ગુરુભક્તિનો લાભ લેવો હોય તો ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરિને આમંત્રણ આપી અમદાવાદમાં પધરાવો. તેમને પ્રસન્ન કરી અમને બન્નેને તેમના વરદ હસ્તે ઉપાધ્યાયપદ અપાવો.''

નગરશેઠ શાંતિદાસે તપાગચ્છના ૫૯મા ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિને વિનંતી કરી ભારે માન-સન્માનથી અમદાવાદમાં પધરાવ્યા અને અવસર જોઈ વિનંતી કરી કે, ''આપશ્રી કૃપા કરીને પં૦ નેમિસાગરગણિ અને પં૦ મુક્તિસાગરગણિને ઉપાધ્યાય બનાવો.''

ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરિએ નગરશેઠ શાંતિદાસની વિનંતીથી સં. ૧૬૬૫ માં, અમદાવાદમાં માત્ર પં૦ નેમિસાગરગણિને ઉપાધ્યાયપદ આપ્યું પણ પં૦ મુક્તિસાગરગણિને ઉપાધ્યાયપદ ન આપ્યું.

◆ વંશ- વારસદારો આજ પણ ભોગવી રહ્યા છે. આ નગરશેઠના નામ ક્રમશઃ નીચે મુજબ છે –

૧. નગરશેઠ શાંતિદાસ ઝવેરી
૨. નગરશેઠ લક્ષ્મીચંદ
૩. નગરશેઠ ખુશાલચંદ
૪. નગરશેઠ નથુશા
૫. નગરશેઠ વખતચંદ
૬. નગરશેઠ હેમાભાઈ
૭. નગરશેઠ પ્રેમાભાઈ
૮. નગરશેઠ મણિભાઈ પ્રેમાભાઈ
૯. નગરશેઠ ચીમનલાલ લાલભાઈ
૧૦. નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈ
૧૧. નગરશેઠ વિમળભાઈ મયાભાઈ
૧૨. નગરશેઠ અરવિંદભાઈ.

[– જુઓ 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી', પૃ. ૪૬-૪૭]

આથી નગરશેઠ શાંતિદાસે ગચ્છનાયકને ફરી વિનંતી કરી કે, ''પં૦ મુક્તિસાગરગણિને ઉપાધ્યાયપદ આપો.''

ગચ્છનાયકે ઠંડો જવાબ આપતાં જણાવ્યું કે, ''મહાનુભાવ ! હું તમારી લાગણી સમજું છું; પરંતુ તમે સમજી શકો છો કે પદવી એ જેને તેને લહાણી કરવાની વસ્તુ નથી. તે કોને આપવી, કોને ન આપવી, ક્યારે આપવી અને ક્યારે ન આપવી તેનો વિચાર કરવો પડે છે.''

ગચ્છનાયકે આટલો ખુલાસો કરી મૌન પકડ્યું. નગરશેઠને આ ખુલાસાથી ખોટું લાગ્યું પણ તેમણે 'જેવી આપની મરજી' કહી તે વખતે મનમાં જ નક્કી કર્યું કે, હવે હું ઉપા૦ નેમિસાગરજીને આચાર્ય બનાવીશ અને તેમના હાથે જ પં૦ મુક્તિસાગરગણિને ઉપાધ્યાય અને આચાર્યપદવી અપાવીશ.

ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિએ પં૦ મુક્તિસાગરને ઉપાધ્યાય બનાવ્યા નહીં તેથી આ૦ શ્રી વિજયદેવસૂરિ પણ તેમને ઉપાધ્યાય બનાવતા નહોતા.

ઉપા૦ નેમિસાગરગણિ સં. ૧૬૭૪માં કાળધર્મ પામ્યા. આથી નગરશેઠ શાંતિદાસે એક નિર્ણય કર્યો કે, હવે સીધા જ પં૦ મુક્તિવિજયગણિને ઉપાધ્યાય અને આચાર્ય બનાવવા.

ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિ સં. ૧૬૭૯માં ખંભાતમાં ચાતુર્માસ સ્થિત હતા. એ સમયમાં ખંભાતના નગરશેઠ વ્યવહારિક કામ માટે ચોમાસામાં અમદાવાદ આવ્યા. શેઠ શાંતિદાસે અવસર જોઈ સૂબાની સત્તા હાથમાં લઈ ખંભાતના શેઠને પોતાને ત્યાં અતિથિ તરીકે રાખી નજરકેદ બનાવ્યા અને તેને રૂઆબથી જણાવ્યું કે, ''શેઠ ! તમારે ખંભાતના ઝાડ જોવાં છે કે નહીં ? જો એ જોવાની ઇચ્છા હોય તો ખંભાતમાં રહેલા આ૦ વિજયદેવસૂરિ પોતાની જાતે જ પં૦ મુક્તિસાગરગણિને ઉપાધ્યાયપદ આપી આચાર્ય બનાવવાની કબૂલાત આપે એવો પ્રબંધ કરો અને તો જ તમે અહીંથી છૂટીને ખંભાત જઈ શકશો.''

ખંભાતના શેઠે સઘળી વાત ખંભાત પહોંચાડી. તેમનાં ધર્મપત્નીએ આ વાત જાણી કે તરત જ ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિ પાસે જઈ આંખમાં આંસુ લાવી પોતાના સૌભાગ્યની ભિક્ષા માગી.

સકલ સમાચારથી અવગત ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિએ ના છૂટકે મુક્તિસાગર ગણિને ઉપાધ્યાયપદવી આપવાની મૂક સમ્મતિના પ્રતિકરૂપે એક પત્રમાં પોતાના હસ્તાક્ષરથી 'શ્રી જિનાય નમઃ' લખી તેમાં વાસક્ષેપ નાખી તે પત્ર શેઠાણીને આપ્યો.

શેઠ શાંતિદાસે આ પત્ર મળતા સં. ૧૬૮૦માં અમદાવાદમાં પં૦ મુક્તિસાગર ગણિને ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિનો વાસક્ષેપ નાખી ઉપાધ્યાય પદવી આપી; અને

ત્યારથી શેઠની ભાવના મુજબ તેઓ ઉપા૦ રાજસાગરગણિ નામથી ઓળખાવા લાગ્યા.

ગચ્છવૃદ્ધિ –

ઝવેરી શાંતિદાસે સાગર(શાખા)ગચ્છના ચારે સંઘોને વિસ્તૃત બનાવવા સામ, દામ, દંડ અને ભેદ એ ચારે નીતિથી કામ લીધું હતું.

કડુઆમતના શાહ કલ્યાણજી સં. ૧૬૮૫માં રચેલી પટ્ટાવલીમાં જણાવે છે કે –

સં. ૧૬૭૯માં થરાદમાં કડુઆમત અને તપાગચ્છના શ્રાવકો વચ્ચે ઝગડો પડ્યો. આથી રાધનપુરના તપાગચ્છના યુવાન શ્રાવકોએ તોફાન કરી રાધનપુરના કડુઆમતનો ઉપાશ્રય તોડી નાખ્યો. કડુઆમતના જૈનોએ બાદશાહ જહાંગીર પાસે આની ફરિયાદ કરી દાદ માગી.

કદાચ બહુ તપાસણી થાય તો આ ઘટનામાં રાધનપુરના તપાગચ્છના જૈનોનો દંડ થાય એવી પરિસ્થિતિ હતી. આથી અમદાવાદના નગરશેઠ શાંતિદાસે રાધનપુરના તપાગચ્છના યુવાનોને જણાવ્યું કે, ''જો તમે અમારા તપાગચ્છની સાગરશાખામાં દાખલ થાઓ તો તમને સૌને બચાવી લઈશ.'' એ રીતે સૌનાં સાગરશાખામાં દાખલ થવાનાં વચન લીધાં.

પછી ઝવેરી શાંતિદાસે કડુઆમતના જૈનોને ખાતરી આપી જણાવ્યું કે, ''તમે આ કેસ પાછો ખેંચી લો. હું રાધનપુરમાં તમારો નવો ઉપાશ્રય બંધાવી દઈશ.''

પરિણામે કડુઆમતવાળાએ કેસ પાછો ખેંચી લીધો. પછી રાધનપુરના તપાગચ્છના જુવાનો સાગરશાખામાં ભળ્યા અને શેઠ શાંતિદાસે રાધનપુરમાં કડુઆમતનો નવો ઉપાશ્રય બનાવી આપ્યો.

બીજી તરફ તપાગચ્છના યુવાનો સાગરશાખામાં ભળ્યા હતા. તેમણે ઉપાશ્રયને પોતાના અધિકાર નીચે લેવા ધાર્યું. આ રીતે રાધનપુરમાં તપાગચ્છમાં સં. ૧૬૮૦માં બે પક્ષો પડ્યા. સાથોસાથ ઉપાશ્રયના બે ભાગ પડ્યા.

(કડુઆમતની મોટી પટ્ટાવલી, વિવિધ ગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ. ૧૫૩)

ઇતિહાસ કહે છે કે, દિલ્હીના બાદશાહ શાહજહાં (સં. ૧૬૮૪થી ૧૭૧૫)ના રાજકાળમાં સં. ૧૭૦૧માં અમદાવાદમાં શ્વેતાંબર તપાગચ્છ અને લોંકાગચ્છના જૈનો વચ્ચે જ્ઞાતિ વ્યવહારનો ઝઘડો પડ્યો હતો ત્યારે મહાજનોએ લોંકાગચ્છના જૈનો સાથે રોટી-બેટીનો વ્યવહાર બંધ કર્યો હતો.

આથી લોંકાગચ્છના જૈનોએ ગુજરાતના સૂબેદાર દારા શિકોહને અરજી કરી હતી કે, ''મહાજને અમારી સાથે રોટી-બેટીનો વ્યવહાર બંધ કર્યો છે. તે અંગે

તમે મનાઈ હુકમ આપો અને હુકમ કરો કે અમારી સાથે બેસી રોટી-બેટીનો વ્યવહાર શરૂ કરે.''

સૂબા મહમ્મદ દારા શિકોહે સં. ૧૭૦૧ના ભાદરવા સુદિ ૧ના રોજ એક ફરમાન બહાર પાડી જાહેર કર્યું કે, ''પરસ્પરમાં રોટી-બેટીનો વ્યવહાર કરવો કે ન કરવો એ તેઓની સ્વતંત્રતાનો વિષય છે. તેમની સ્વતંત્રતામાં રાજ્ય દખલ કરી ન શકે. અમારી ભાવના છે કે, કોઈએ એક-બીજાને હેરાન કરવા નહીં છતાં કોઈ કોઈને હેરાન કરશે તો અમારે વચમાં પડીને દખલ કરવી પડશે.''

(પ્રક. ૫૮, પૃ. ૨૩૧, ફરમાન - ૨ જુઓ)

નગરશેઠના મનોરથો –

નગરશેઠ શાંતિદાસની દ્રઢ આસ્થા હતી કે હું દેવ, ગુરુ અને ધર્મના પ્રતાપે જ સારી સ્થિતિએ પહોંચ્યો છું. એટલે દેવ, ગુરુ અને ધર્મનો જ મારા ઉપર ઉપકાર છે તો હવે મારે પણ દેવ, ગુરુ અને ધર્મની ભક્તિ-ઉપાસના કરવી જોઈએ અને લાભ લેવો જોઈએ.

(૧) સિકંદરપુરમાં બિરાજમાન ભ૦ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો મારા ઉપર મોટો ઉપકાર છે. મારી ફરજ છે કે, તે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો મોટો જીર્ણોદ્ધાર કરી તેમાં ત્રણ શિખરો, ત્રણ ગભારા, ત્રણ રંગમંડપો અને ત્રણ ખેલામંડપો એમ છ મંડપો અને ત્રણ શૃંગાર ચોકીવાળો અને ચારે બાજુએ કોટથી સુશોભિત ભવ્ય અને વિશાળ જિનપ્રાસાદ-તીર્થધામ બનાવવું.

(૨) ઉપા૦ રાજસાગરગણિને આચાર્ય બનાવી તેમના ભક્તોની સંખ્યા વધારવી.

(૩) આ જિનાલયના પ્રતિષ્ઠા–ઉત્સવમાં ધામધૂમથી જિનભક્તિ તથા સાધર્મિકવાત્સલ્ય વગેરે કરી જૈનધર્મની પ્રભાવના કરવી.

શેઠ શાંતિદાસે આ મનોરથોને સફળ કરવા પ્રયત્નો શરૂ કર્યા.

૧. સં. ૧૬૭૮માં સિકંદરપુરના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનું કામ શરૂ કર્યું. (સં. ૧૬૭૮માં તેનું શિલાસ્થાપન થયું.) સાથોસાથ અંજનશલાકા અને પ્રતિષ્ઠા માટે નાની-મોટી જિનપ્રતિમાઓ તૈયાર કરવાનું કામ પણ ધમધોકાર શરૂ કર્યું.

૨. ઉપા૦ શ્રી રાજસાગરગણિને આચાર્ય બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા; પરંતુ ત્યારે તપાગચ્છમાં ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિસંઘ અને ભટ્ટા૦ શ્રી વિજયાનંદસૂરિ-સંઘ એમ બે પક્ષો હતા. હવે જો કોઈ નવા ભટ્ટારક બને તો ત્રીજો પક્ષ ઊભો થાય. એવી સ્થિતિ કોઈને પસંદ નહોતી. આથી તે બન્ને પક્ષોના જોડાણનું વાતાવરણ ફેલાયું. (પ્રક. ૫૫, પૃ. ૩૬૫ થી ૩૬૭, ક્રમાંક : ૨૯)

બંને પક્ષોએ સં. ૧૬૮૧ના ચૈત્ર સુદિ ૯ના રોજ પુનર્વસુ નક્ષત્રમાં અમદાવાદના કાળુપુરના ઉપાશ્રયમાં મોટું સંમેલન મેળવી બંને પક્ષોને એક કરવાની યોજના ઘડી, પણ તે નિષ્ફળ ગઈ. સાથોસાથ ઉપા૦ શ્રી રાજસાગરગણિને આચાર્ય બનાવવાની વાત વિસારે પડી.

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદની પ્રતિષ્ઠા –

શેઠ શાંતિદાસની ધારણા હતી કે ઉપા૦ શ્રી રાજસાગરગણિને આચાર્ય બનાવી તેમના હાથે અમદાવાદના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં મહાપ્રતિષ્ઠા કરાવવી; પરંતુ તપાગચ્છના બે પક્ષોની એકતાની યોજનામાં એ વાત બંધ પડી. હવે તરતમાં કે થોડા સમયમાં પણ તેમને ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિના હાથે આચાર્ય બનાવી શકાય એ શક્ય જ નહોતું.

શેઠે વિચાર્યું કે તેઓ આચાર્ય ક્યારે બનશે તે અચોક્કસ છે. બીજી તરફ મોટા જીર્ણોદ્ધારપૂર્વક જિનપ્રાસાદ તૈયાર થઈ ગયો છે. શાસ્ત્રોની આજ્ઞા મુજબ તેને ખાલી રાખી શકાય એમ નથી. વળી, ઘણી જિનપ્રતિમાઓ તૈયાર થઈ ગઈ છે તેને પણ અંજનશલાકા કે પ્રતિષ્ઠા કર્યા વિના રાખવી તે પાલવે તેમ નથી, તો હવે ઉપા૦ શ્રી રાજસાગર ગણિવરના હાથે જ ઉપાધ્યાયપદમાં જ આ મહાપ્રતિષ્ઠા કરાવી લેવી એ વધુ હિતાવહ છે.

શેઠે સં. ૧૬૮૨ના જેઠ વદિ ૯ ને ગુરુવારનો પ્રતિષ્ઠા દિવસ નક્કી કર્યો. શ્રી જૈન સંઘોને પ્રતિષ્ઠા-ઉત્સવમાં પધારવા આમંત્રણો મોકલવામાં આવ્યાં. સિકંદરપુર–બીબીપુરમાં ઉત્સવ શરૂ કર્યો અને જેઠ વદિ ૯ના રોજ મહો૦ વિવેકહર્ષ ગણિવરની અધ્યક્ષતામાં મહો૦ શ્રી રાજસાગર ગણિવરના હાથે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો નવો બાવન દેરીઓવાળો જિનપ્રાસાદ, તેની પરકમ્મા–ભમતીના પરિવારની નાની-મોટી દેરીઓની અને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ વગેરે જૂની અને નવી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. આ સમયે તે પ્રતિમાનું શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ નામ હતું તેને બદલે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ નામ રાખવામાં આવ્યું.

આ જિનપ્રાસાદ સરસપુરના બીબીપુરમાં ઉત્તરાભિમુખ હતો. તેમાં મૂળનાયક તરીકે પ્રાચીન નાની શ્યામરંગની શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા હતી.

તેમાં બાવન દેરીઓમાં નાની-મોટી જિનપ્રતિમાઓ અને મોટી ચાર જિનપ્રતિમાઓ સ્થાપન કરી હતી.

શેઠ શાંતિદાસ જાણતા હતા કે, આ મુસ્લિમ શાસનમાં જિનપ્રાસાદની રક્ષા કરવી એ વિકટ કામ છે. કોઈ આસમાની–સુલતાની ક્યારે થાય એ કલ્પી ન શકાય; પણ એવો પ્રસંગ આવે તો આ બધી પ્રતિમાઓને સરળતાથી સુરક્ષિત સ્થાને પહોંચાડી શકાય એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

તે વિચારથી આ જિનપ્રાસાદથી પોતાની હવેલી સુધી ચાર મોટા રથ એકી સાથે ચાલી શકે એવી મોટી સુરંગ તેમણે બનાવી, જેથી બધી પ્રતિમાઓને રથ કે ગાડાં દ્વારા આ રસ્તે થઈ સીધા પોતાની હવેલીએ પહોંચાડી શકાય.

શેઠ શાંતિદાસે આ જિનપ્રાસાદને તીર્થધામ જેવું બનાવવા ઘણી ઉદારતા તેમજ દીર્ઘદ્રષ્ટિ દાખવી હતી. તેમણે આ જિનપ્રાસાદ, પ્રતિમાઓ, સુરંગો વગેરેમાં નવ લાખ રૂપિયા ખરચ્યા હતા. તેમજ પ્રતિષ્ઠા–ઉત્સવમાં તથા વેતિય (સોનાની વીંટી)ની પ્રભાવના વગેરેમાં અગિયાર લાખ ખરચ્યા હતા.

[શેઠ શાંતિદાસ હવે પોતાના સમયનો મોટો ભાગ આ જિનપ્રાસાદના નિર્માણ પાછળ ગાળવા માંડ્યા. એ માટે પોતાના દ્રવ્ય અને શક્તિનો પણ છૂટે હાથે ઉપયોગ કરવા લાગ્યા... એ નિઃસંશય વાત છે કે આ મંદિર આખા હિંદમાં ખૂબ પ્રસિદ્ધ બન્યું હતું. એના સૌંદર્ય અને આકર્ષકપણા વિશે અનેક પ્રશસ્તિઓ લખાય છે તેમજ પરદેશી વિદ્વાનોએ પણ વર્ણનો લખ્યાં છે....

'ચિંતામણિ પ્રશસ્તિ' નામે સંસ્કૃત ગ્રંથમાં આ દેરાસરનું વર્ણન કરવામાં આવ્યું છે કે, ''સં. ૧૬૭૮ (સને ૧૬૨૧)માં વર્દ્ધમાન અને શાંતિદાસ અતિ વિપુલ લક્ષ્મીના સ્વામિત્વને પામ્યા. એમના કુટુંબીજનો સાથે તેઓ ઉચ્ચ ચારિત્રવાન જીવન ગાળતા હતા. એમણે મંદિરો બાંધવાથી ભાગ્યનો વિકાસ થાય છે એવા મંતવ્યથી મહાન સુંદર મંદિર બાંધ્યું હતું. મંદિરના દ્વાર પાસે આશીર્વાદ માટે પંચ પત્ર હતાં. મંદિરના ઊંચા વિશાળ પગથિયાં સ્વર્ગ તરફ લઈ જવાની સંજ્ઞા બતાવતાં હતાં. મંદિરમાં ૬ ભવ્ય આવાસ હતા. તે મેઘનાદ, સિંહનાદ, સૂર્યનાદ, રંગમંડપ, ખેલામંડપો અને ગઢગોત્ર એવાં નામોથી ઓળખાતા હતા. બે મિનારા અને ૪ મંદિરો તેની આસપાસ હતાં. નીચે ભોંયરામાં મૂર્તિઓ પધરાવવામાં આવી હતી.''.....

જર્મન પ્રવાસી આલ્બર્ટ ડી. મેન્ડેલસ્લોએ સને ૧૬૩૮માં હિંદનો પ્રવાસ ખેડ્યો હતો. તે આ મંદિર માટે લખી ગયેલ છે કે, ''મેં જ્યારે અમદાવાદનો પ્રવાસ કર્યો ત્યારે આ મંદિરના બંધાવનાર જીવતા હતા. એમણે તરતમાં જ આ મંદિર બંધાવ્યું હતું. મંદિર અતિ સુંદર હતું. મંદિરની આસપાસ ઊંચી દીવાલ હતી. વચ્ચે મોટો વિશાળ ચોક હતો. મુખદ્વાર પાસે કાળા આરસપહાણના બે મોટા હાથીઓ પૂરા કદના સ્થપાયેલા હતા. તેના ઉપર શેઠની મૂર્તિ બેસાડી હતી. મંદિરના ઉપર છત હતી. ભીંતો ઉપર શ્રેષ્ઠ કારીગરીવાળી અનેક વેલો, પક્ષીઓ, અપ્સરાઓ, રાજ્યદરબારો, દેવક્રીડાઓ વગેરે કોતરવામાં આવી હતી. ચારે તરફ અનેક નાની દેરીઓમાં તીર્થંકરોની અસંખ્ય મૂર્તિઓ હતી. મધ્ય ભાગમાં ત્રણ મોટાં ગર્ભદ્વાર અને આંતર મંદિરો હતાં. તેમની વચ્ચે પ્રતિમાજીઓ હતી. પીત્તળની દીવીઓ ઉપર દીપમાળા ત્યાં પ્રકાશ નાખતી હતી.''.....

પ્રસિદ્ધ ફ્રેંચ મુસાફર ટ્રેવેનીઅર લખે છે : ''ભીંતો અને છત ઉપર ખંભાતના અકીકના જાતજાતના પથ્થરોના ટુકડા બેસાડી રમ્યતા વધારી હતી.'' ..... જુઓ 'પ્રતાપી પૂર્વજો' પુષ્પ બીજું.]

આચાર્ય પદવી –

શેઠ શાંતિદાસે સં. ૧૬૮૬ના જેઠ સુદિ ૧૪ના રોજ અમદાવાદમાં શ્રી મહાવીરસ્વામીના જિનપ્રાસાદમાં મહોત્સવ કરી ઉપા૦ રાજસાગર (અર્થાત્ મુક્તિસાગર) ગણિને આચાર્યપદવી આપી, તેમજ બીજા મુનિરાજોને ઉપાધ્યાય, પંન્યાસ વગેરે બનાવી તપાગચ્છની સાગરશાખાનો ચતુર્વિધ સંઘ સ્થાપન કર્યો. તે સંઘમાં સાગર, વર્ધન, સૌભાગ્ય વગેરે શાખાના મુનિવરો પણ ભળ્યા હતા. તે વખતે આચાર્ય શ્રી રાજસાગરસૂરિ તરીકે સ્થાપન કર્યા.*

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની પ્રશસ્તિ –

'શ્રી ચિંતામણિ પ્રશસ્તિ'ની રચના પં૦ સત્યસૌભાગ્યગણિના શિષ્ય શ્રી વિદ્યાસૌભાગ્ય દ્વારા સં. ૧૬૯૭ પોષ સુદ ૨ ને શુક્રવારના રોજ કરવામાં આવી છે, એમ આપણને તેની પુષ્પિકા ઉપરથી જોવા મળે છે.

('શ્રી ચિંતામણિ પ્રશસ્તિ'ની હસ્તપ્રત અંગે 'આ. ક. પેઢીનો ઇતિહાસ' ભા–૧માં પૃ. ૯૧-૯૨ ઉપર આ રીતે માહિતી આપવામાં આવી છે :

''અમદાવાદના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસરની પ્રતિષ્ઠા થયા પછી પંદરેક વર્ષે, વિ. સં. ૧૬૯૭માં એની લાંબી પ્રશસ્તિ રચવામાં આવી હતી. છએક દાયકા પહેલાં તો આ પ્રશસ્તિની નકલ એક જ્ઞાનભંડારમાંથી, પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીને મળી; અને એનો ઉપયોગ શ્રી રત્નમણિરાવ ભીમરાવે એમના 'ગૂજરાતનું પાટનગર અમદાવાદ' નામે પુસ્તકમાં કર્યો હતો. ઉપરાંત શ્રી એમ. એસ. કોમિસેરિયટે પણ એમના 'સ્ટડીઝ ઈન ધી હિસ્ટરી ઓફ ગુજરાત' અને 'હિસ્ટરી ઓફ ગુજરાત' ભાગ બીજો – આ નામે પુસ્તકોમાં કર્યો હતો. પણ પછીથી ૮૬ શ્લોકની એ પ્રશસ્તિ એવી રીતે ખોવાઈ ગઈ છે કે હજી સુધી એ ઉપલબ્ધ થઈ શકી નથી. આમ છતાં, સદ્‌ભાગ્યે, 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પૃ. ૫૬૯માં કરવામાં આવેલ એક નોંધ ઉપરથી એમ જાણવા મળે છે કે, આ પ્રશસ્તિની એક અશુદ્ધ નકલ રોયલ એશિયાટિક સોસાયટીની મુંબઈ શાખામાં સચવાયેલી છે, તેનો નંબર 'વે.નં. ૧૭૫૬' છે. જુઓ 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી', પૃ. ૧૦૨.)

આ પ્રશસ્તિના પ્રારંભિક શ્લોકમાં કહ્યું છે –

> प्रसीद वर्धमान ! ससृजतुरतुलं शान्तिदासस्य शुभ्रं
> भास्वद्‌बीबिपुरे सत्तपगणतरणिः पार्श्वचिन्तामणिर्यः ।
> श्रीमद् जहांगीरराज्ये युवतिनृपयुते तस्य कुर्मः प्रशस्तिम् ॥३॥

આ પ્રશસ્તિમાં શાંતિદાસની ધર્મપત્નીઓનાં નામ (૧) ....., (૨) કપૂરા, (૩) ફૂલા, (૪) વાછી.

★ શેઠ વર્ધમાનને વસ્તુપાલ નામે પુત્ર હતો, જેને ઉક્ત આચાર્યપદવી પ્રસંગે ખૂબ છૂટથી દ્રવ્ય ખર્ચ્યું હતું. (ડૉ. માલતીબહેન કે. શાહકૃત 'નગરશેઠ શાંતિલાલ ઝવેરી' પુસ્તક, પૃ. ૬૩)

પુત્રો – (૧) પનજી, (૨) રતનજી, (૩) કપૂરચંદ, (૪) લક્ષ્મીચંદ.

પ્રતિમાલેખ – શેઠ શાંતિદાસે સં. ૧૬૮૨માં ઉપા૦ શ્રી મુક્તિસાગરગણિના હાથે અંજનશલાકા કરાવી તેમાં જિનપ્રતિમાઓ ઉપર ગાદીની નીચે આ પ્રમાણે લેખ છે –

"संवत् १६८२ वर्षे ज्ये. व. ९ गुरुवासरे अहिमदावाद वास्तव्य – श्री ओसवाल-ज्ञातीय-वृद्धशाखीय [सिसोदिया सा० वाछाभार्या बाई गोरदेसुत]

(–પ્રક. ૫૫, પૃ. .....?)

सा० सहस्रकिरणभार्या बाई कुंअरीबाइ – सौभाग्यदेपुत्रेण युत सा० पनजीप्रमुख कुटुम्बयुतेन [श्री शत्रुञ्जयादितीर्थ महापुस्सरे यात्रासमवाय संघपति ललामतिलकेन] सा० श्री शान्तिदासनाम्ना स्वश्रेयार्थे श्री... जिनबिम्बं स्वयं कारितप्रतिष्ठायां प्रतिष्ठापितम। प्रति तपागच्छे भट्टा० श्री विजयसेनसूरि पट्टालेक भट्टा० श्री विजयदेवसूरिवारके महो० श्री विवेकहर्षगणीनामणु शिष्य महोपाध्याय श्री मुक्तिसागरगणीभिः [श्रीयेऽस्तु] ॥"

નોંધ – કોઈ કોઈ નાની પ્રતિમાની ગાદીમાં [ ] કૌંસમાં આપેલા શબ્દો નથી.

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદનો ધ્વંશ –

બાદશાહ જહાંગીર સં. ૧૬૮૪માં મરણ પામ્યો. પછી બાદશાહ શાહજહાં દિલ્હીનો બાદશાહ બન્યો. તેણે ગુજરાતનું રાજ્ય ચલાવવા માટે પોતાના તરફથી તેર સૂબાઓ મોકલ્યા હતા, જે પૈકી છઠ્ઠો આઝમખાન, સાતમો મીરઝા ઈમરતખાન, આઠમો શાહજાદો ઔરંગઝેબ (સને ૧૬૪૪ થી ૧૬૪૬), નવમો સૂબો શાયસ્તખાન (સને ૧૬૪૬ થી ૧૬૪૮), દસમો સૂબો મહમ્મુદ દારાશિકોહ (સને ૧૬૪૮ થી ૧૬૫૨) અને બારમો સૂબો શાહજાદો મુરાદબક્ષ (સને ૧૬૫૪ થી ૧૬૫૭ સુધી) હતો.

ગુજરાતનો આઠમો સૂબો શાહજાદા ઔરંગઝેબ ધર્મઝનૂની હતો. તેણે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો વિશાળ જિનપ્રાસાદ જોઈ વિચાર્યું કે, અમારા સૂર્ય જેવા તેજસ્વી જાગતા-જીવતા કટ્ટર મુસલમાની રાજકાળમાં હિંદુઓનું આવું નવું મોટું તીર્થધામ બને તે કોઈ રીતે ઠીક નથી. તો હવે એને તોડીફોડી જમીનદોસ્ત કરવું અથવા બદલીને મુસ્લિમ ધર્મસ્થાન બનાવવું જોઈએ. તેના પાસવાનોએ આ બાબતમાં તેને ઉશ્કેર્યો.

આથી તેણે સં. ૧૭૦૧ (સને ૧૬૪૫)માં સિકંદરપુરના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદને તોડી નાખ્યો અને તેમાં જરૂરી પરિવર્તન કરી તેની મસ્જિદ બનાવી દીધી.

આમ થવાથી ગુજરાતમાં મોટું બંડ થયું. શેઠ શાંતિદાસે સૂબા ઔરંગઝેબના

આ તોફાન માટે બાદશાહ શાહજહાંને અરજી લખી મોકલી. તેમ જ અમદાવાદના મુલ્લા અબ્દુલ હકીમે પણ બાદશાહને પત્ર લખી જણાવ્યું કે, ''સૂબાના હાથે આ હિચકારી ઘટના બની છે.''

બાદશાહ શાહજહાંએ સં. ૧૭૦૫ના શ્રાવણ માસમાં શાહજાદા મહમ્મદ દારાશિકોહના હાથે લખાયેલું ફરમાન સને ૧૬૪૮ (સં. ૧૭૦૫)માં ગુજરાતના નવમા સૂબા શાયસ્તખાનને મોકલી તે દ્વારા હુકમ કર્યો કે –

''શાહજાદા ઔરંગઝેબે શાંતિદાસ ઝવેરીના તાબાના દેરાસરને તોડી મોટો ફેરફાર કરી મસ્જિદ બનાવી છે તેને શાહી ખજાનાના ખર્ચે સુધારી તે અસલી જે રૂપમાં હતું તે રૂપમાં જ નવેસર બનાવી શાંતિદાસ શેઠને તે દેરાસર પાછું સોંપવું અને તેને 'પહેલાંની જેમ પોતાના ધર્મના કામોમાં વાપરે' તેમાં કોઈએ કશી દખલ કરવી નહીં. અને જો તેમાં ફકીરોને વસાવ્યા હોય તો તે ફકીરોને ત્યાંથી હઠાવી બીજે લઈ જવા. કોઈ મુસલમાનો તેનો સામાન, ઈંટો, આરસની પુતળીઓ વગેરે ચીજો લઈ ગયા હોય તો તેમની પાસેથી પાછા અપાવવા અથવા તેની કિંમતની રકમ તેની પાસેથી ભરપાઈ કરાવવી.''

(જુઓ એમ. એસ. કોમીસેરીએટનો 'ધિ જર્નલ ઓફ ધિ યુનિવર્સિટી ઓફ બોમ્બે' માસિકમાં 'ધિ ઈમ્પિરિયલ મુગલ ફરમાન' લેખ; ફાર્બસ – 'રાસમાલા'; 'જૈન ઐતિહાસિક રાસમાલા' ભા–૧, પૃ. ૨૯; સદ્‌ગત મણિલાલ વખતચંદનો 'અમદાવાદનો ઇતિહાસ' પૃ. ૧૪૨-૧૪૩ અને યુગધર્મ.)

બાદશાહ શાહજહાંના હુકમથી શાહી ખજાનાના ખર્ચે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ સં. ૧૬૮૨માં જેવો બન્યો હતો તેવો જ નવો તૈયાર કરાવી શેઠ શાંતિદાસને સોંપ્યો.* શેઠ શાંતિદાસે તેમાં સં. ૧૭૦૫-૧૭૦૬માં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રતિષ્ઠા કયા આચાર્યના હાથે કરાવી તેનો ઉલ્લેખ અગર સં. ૧૭૦૫-૧૭૦૬ના પ્રતિષ્ઠા સમયનો કોઈ પ્રતિમાલેખ મળતો નથી. આથી નિર્ણય કરી શકાય તેમ નથી.

સંભવ છે કે બાદશાહી ખરચે ફરીવાર નવો જિનપ્રાસાદ બન્યો ત્યારે કદાચ

★ ફરમાનના રૂપમાં શાહી હુકમથી અમદાવાદના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસરની આ ઇમારત પાછી મેળવ્યા છતાં આ ઇમારતમાં જૈનો ફરી વખત પૂજા-પ્રાર્થના-ભક્તિ કરે તે શક્ય ન બન્યું. ઔરંગઝેબે આ સ્થાનમાં એક વાર ગાયનો વધ કર્યો હતો એટલે એક વખત અપવિત્ર થયેલા આ સ્થાનમાં પ્રભુજીની પ્રતિષ્ઠા ફરી ન કરી શકાય એ માન્યતાને કારણે જૈનો ઇમારતનો દેરાસર તરીકે ઉપયોગ ન કરી શક્યા. પરિસ્થિતિ તો એ થઈ કે જેમ જૈનો તેને દેરાસર તરીકે વાપરી શકે તેમ ન હતા તેમ બાદશાહ શાહજહાંના ફરમાનથી મુસલમાનો પણ તેને મસ્જિદ તરીકે વાપરી શકે તેમ ન હતા... ➡

સુરંગ વગેરે બનાવ્યાં ન હોય. કારણ કે એ ગુપ્ત માર્ગની બાદશાહી અમલદારો કે મિસ્ત્રીઓને બતાવવાની જરૂર નહોતી. એ પણ બનવાજોગ છે કે આ પ્રતિષ્ઠા કદાચ ભટ્ટા૦ શ્રી રાજસાગરસૂરિના હાથે કરાવી હોય.

જિનપ્રતિમાઓનું સ્થાનાન્તર –

પ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી મગનલાલ વખતચંદ લખે છે કે, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું જૈન દેરાસર જે પહેલાં હતું તેવું બનાવી શેઠ શાંતિલાલને સોંપ્યું. પણ કેટલાંક વર્ષ બાદ ફરી આફત આવી. એક મુસલમાન અમલદારને થયું કે આ દેરું વટલાવી તેમાં પ્રવેશ કરી નમાજ પઢવી જોઈએ.

શેઠ ખુશાલચંદે (અથવા શેઠ વખતચંદે) આ વાત સાંભળી અને ત્યાંથી જિનપ્રતિમાઓને ઉઠાવી ગાડાઓ મારફત ઝવેરીવાડમાં લઈ આવ્યા.

(પ્રક. ૫૮, પૃ. ૨૫૮ થી ૨૬૦)

નગરશેઠ શાંતિદાસને મળેલાં ફરમાનો

નગરશેઠ શાંતિદાસ ઝવેરીને તથા જૈનોને બાદશાહ શાહજહાં, ગુજરાતના સૂબા શાહજાદા મુરાદબક્ષ અને બાદશાહ ઔરંગઝેબ દ્વારા વિવિધ હેતુઓ માટેનાં ફરમાનો મળ્યાં હતાં. જેમ કે – જૈન તીર્થો અને અન્ય જૈન ધર્મસ્થાનોની માલિકી તથા રક્ષાનાં, માલ-મિલકતની સલામતીનાં, ઝવેરાત આદિ વેપારમાં દખલગીરી ન કરવાનાં, શરાફી ધીરધારની વસુલીનાં અને જ્ઞાતિવ્યવહારની સ્વતંત્રતાનાં ફરમાનો.

બા૦ શાહજહાંએ આપેલાં ફરમાનો –

આ ફરમાનોમાં પહેલી આવૃત્તિ મુજબ (સુધારા–વધારા સાથે) બા૦ શાહજહાં દ્વારા ચાર ફરમાનો નગરશેઠ શાંતિદાસ તથા જૈનોને નીચે પ્રમાણે આપવામાં આવ્યાં. (**સંપાદકીય નોંધ :** ૧૦ ફરમાનો, જે આ બીજી આવૃત્તિમાં ૪ ફરમાનો પછી વિગતે આપવામાં આવશે.)

(૧) સં. ૧૬૯૨માં માલ-મિલકતની સલામતીનું.
(૨) સં. ૧૭૦૧માં જ્ઞાતિવ્યવહારની સ્વતંત્રતાનું.
(૩) સં. ૧૭૦૫માં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ નવો બનાવી પાછો સોંપવાનું.

◆ આ સંજોગોમાં આ ઇમારતની ધીમે ધીમે જૈનો અને મુસલમાનો – બન્ને તરફથી અવગણના અને ઉપેક્ષા થઈ. તેથી તે કાળે તેના ઘણા પથ્થરો અને માલસામાન લોકો ઉપાડી ગયા. અને સમય જતાં એ બધી સામગ્રી એવી નામશેષ થઈ ગઈ, કે જેથી લાખો રૂપિયાના ખર્ચે બંધાયેલ આ ઇમારત વેરણછેરણ થઈને, અવગણાઈને નાશ પામી; અને આજે તો એ ઇમારતના થોડાસરખા પણ અવશેષો રહ્યા નથી.

('નગરશેઠ શાંતિદાસ ઝવેરી', પૃ. ૯૭-૯૮નો સાર.)

(૪) સં. ૧૭૧૩માં શ્રી શત્રુંજય પહાડ તથા પાલિતાણા ગામ ઈનામમાં આપ્યાનું.

બા૦ શાહજહાં હીજરી સનના જમાદિ ઉસ્સાની (બીજા) મહિનાની તા. ૧થી પોતાનો જુલસી સન મનાવતો હતો. તેથી તેના જુલસી સન અને ઈલાહી સનમાં મોટું અંતર પડતું હતું. તેના જુલસી સનમાં આશરે ૭૦ મેળવવાથી ઈલાહી સન આવતો હતો.

ઉપરની વિગતનાં ચાર ફરમાનો ગુજરાતના સૂબા શાહજાદા ઔરંગઝેબ, શાહજાદા દારાશિકોહ તથા શાહજાદા મુરાદબક્ષની સૂબાગીરીમાં આપવામાં આવ્યાં હતાં. આ ફરમાનો ક્રમમાં નીચે મુજબ છે.

(૧) માલમિલકતની સલામતી-રક્ષાનું ફરમાન –

શેઠ શાંતિદાસની પેઢી બાદશાહ શાહજહાં, તેના શાહજાદાઓ અને સૂબાઓ વગેરે માટે ધીખતી બેંક હતી. તેઓને જ્યારે જોઈએ ત્યારે ને જેટલી જોઈએ તેટલી રકમ ત્યાંથી મળી શકતી હતી.

બીજી તરફ દાદાગીરીમાં ટેવાયેલા તોફાની મુસલમાનો હિંદુઓનાં ઘરોમાંથી ધન, માલ-મિલકત, અનાજ, ઘોડા, ગાય વગેરે અને સ્ત્રીઓ-કન્યાઓને ઉઠાવી જતા હતા અને મકાન, બાગ, મૂડી વગેરે દબાવી બેસતા હતા.

બાદશાહ શાહજહાંએ તોફાની મુસલમાનો નગરશેઠના પરિવાર તથા મકાનો ઉપર આવીને આફત ન ઉતારે એટલા ખાતર ખબરદારી રાખવા ગુજરાતના સૂબાઓ ઉપર એ સૌની સલામતીનું ફરમાન લખી મોકલી સૌને સાવધાન કર્યા હતા. જેમ કે –

''ગુજરાતના સૂબાના હાકેમને માલુમ થાય જે સતિદાસ (શાંતિદાસ) ઝવેરી અરજ કરે છે કે, આલાદરજ્જાના બાદશાહના હુકમ મુજબ મજકુર શહેરમાં તેની માલેકીની હવેલીઓ, દુકાનો, બીજી મિલકત તથા બાગ-બગીચા છે. આ ઉપરથી હુકમ આપવામાં આવે છે કે, જહાંપનાહ બાદશાહની કચેરીનો એ ઝવેરી તથા ખેરખ્વાહ વેપારી છે, તેથી કોઈ પણ માણસ એ હવેલીમાં જઈ ઉતારો કરે નહીં, એવો મનાઈહુકમ કાઢવો. અને એ દુકાનોનું ભાડું ઉઘરાવે તેમાં એને કોઈ અડચણ કરવી નહીં. અને બાદશાહી ફરમાન મુજબ જે બાગ-બગીચા મળેલા છે, તે બાબતમાં કોઈએ કંઈ દખલ કરવી નહીં. વળી, વિશેષ હુકમ કરવામાં આવે છે કે, એ સૂબાના અમલદારોમાંથી કોઈ પણ માણસે કોઈ પણ રીતના કાયદાનું બહાનું કાઢી એની માલ-મિલકત લઈ લેવાનો પ્રયત્ન એના પ્રત્યે કે એના ફરજંદો પ્રત્યે કરવો નહીં કે–જેથી એ તથા એના ફરજંદો નિશ્ચિંતપણે પોતાના વતનમાં આબાદ

થઈ 'અમારી પાદશાહત હંમેશાં ચાલુ રહે' એવી ખુદા પાસે અરજ કરતા રહે. અમારા આ હુકમથી વિરુદ્ધ યા ઊલટું કોઈએ વર્તવું નહીં.

લખ્યું તા. બીજી નૂરમાહ ઇલાહી સન ૮મો.''

ટીપ : લેખની ઉપરના ભાગમાં મહોર-સિક્કો શાહજહાં બાદશાહનો છે અને બીજો સિક્કો દારાશિકોહનો છે. (હીજરી સન ૧૦૪૫.)

નોંધ : ફરમાનમાં ઇલાહી સન ૮ આપ્યો છે, તે જુલસી સન હોવો જોઈએ. આ રીતે ગણતાં સંભવ છે કે, બાદશાહ શાહજહાંએ શેઠ શાંતિદાસ ઝવેરીને જુલસી સન ૮, ઇલાહી સન ૭૮ નૂરમહિનો તા. ૨ જી, હીજરી સન ૧૦૪૫, ઈ. સ. ૧૬૩૫ અને વિ. સં. ૧૬૯૨માં ફરમાન આપ્યું હશે.

પરંતુ વિચારણીય પ્રશ્ન એ છે કે, તે સાલમાં ગુજરાતનો સૂબો મુહમદ દારાશિકોહ નહિ પણ શાહજાદો મહમ્મદ ઔરંગઝેબ આલમગીર હતો.

(૨) જ્ઞાતિવ્યવહારની સ્વતંત્રતાનું ફરમાન –

(**સૂચના :** આ ફરમાન પણ ગુજરાતના હાકેમ તથા અમલદારોના ઉપર કાઢવામાં આવ્યું છે. – અનુવાદક)

''સદરહુ શહેરમાં રહેતા મહાજનોમાં **લોંકા** નામની એક કોમ વસે છે. તે કોમ અમારા દરબારમાં આવી, તેણે અમારી મદદ માટે અરજ ગુજારી કે – **'શાંતિદાસ, સૂરદાસ** વગેરે મહાજનો અમારી જોડે ખાનપાનનો તથા સગપણનો વ્યવહાર રાખતા નથી.' આ ઉપરથી સૂર્ય જેવા પ્રકાશિત દરબારમાંથી એવો હુકમ કાઢવામાં આવે છે કે, **ઊંચા દરજ્જાના શરીઅત તથા દેદીપ્યમાન એવા (અમારા) ધર્મ પ્રમાણે પરસ્પર** ખાવાપીવાનો અને સગપણનો **વ્યવહાર રાખવો. એ બંને પક્ષની રાજીખુશી તથા રજામંદી (ઇચ્છા) ઉપર આધાર રાખે છે.** તેથી જો એમની તે બાબતની ઇચ્છા હોય તો તેમણે એક બીજા જોડે સગપણનો વ્યવહાર બાંધવો તથા પરસ્પર જમવા–ખાવાની છૂટ રાખવી; પણ જો તેમ ઇચ્છા ન હોય તો કોઈ પણ શખ્સે કોઈ બીજાને તે બાબત અડચણ કરવી નહીં અને એ સંબંધે કોઈએ કોઈને હેરાન કરવું નહીં. તેમ છતાં જો કોઈ કોઈને હેરાન કરશે તો (અમારા) ધર્મ પ્રમાણે તેનો ન્યાય થશે, તેથી કોઈએ અમારા ફરમાનથી વિરુદ્ધ વર્તવું નહીં.

લખ્યું તારીખ ૨૭ માહે રજબઉલ મુરજ્જબે ગાદીએ બેઠાનું વરસ ૧૮મું તે હીજરી સન ૧૦૩૪.''

નોંધ – આ લેખના ઉપરના ભાગમાં એક મોટી ચોરસ મહોર છે, તેમ એક વર્તુલ આકારની મહોર છે. તે વર્તુલની આસપાસ નવ ગોળાકાર મહોર છે અને તે દરેકમાં બાદશાહના વડવાઓનાં તમૈર (તૈમૂર) સુધીનાં નામો છે. પાછળ મહમ્મદ દારાશિકોહની મહોર છે. અને **ઈસ્લામીખાન** મારફત સનદ નીકળી છે, એમ લખ્યું છે. – **અનુવાદક**

વિશેષ નોંધ :–

આ ફરમાન એ સમયે જૈન સમાજમાં ઉઠેલ એક વા-વંટોળનો ખ્યાલ આપે છે. મુસલમાની યુગમાં દર બીજી–ત્રીજી સદીમાં જૈન સંઘમાં નવા નવા મતવાદો ઊભા થયા. સમાજે તેનો સામનો કરવા મજબૂત પ્રયત્નો કર્યા.

લોંકાશાહે 'લોંકામત' ચલાવ્યો, ત્યારે આવો વા-વંટોળ ઊઠ્યો હતો. આ ફરમાનથી સમજાય છે કે, નગરશેઠ **શાંતિદાસ** ઝવેરી અને શેઠ સૂરદાસ વગેરે જૈનોએ લોંકામતમાં ભળનારાઓ સાથે રોટી-બેટીનો વ્યવહાર બંધ કર્યો, આથી નવા લોંકામતવાળાએ ગુજરાતના સૂબાને અરજ કરી હતી કે, 'અમદાવાદના જૈનીએ અમારી સાથે ખાનપાન અને **રોટી-બેટી**નો વ્યવહાર બંધ કર્યો છે, તેને ચાલુ કરાવવો.' પરંતુ સૂબાએ આ ફરમાન આપી **જાહેર** કર્યું કે, 'આ વ્યવહાર દરેકની મરજી ઉપર આધાર રાખે છે. તેમાં કોઈનું દબાણ ચાલી શકે નહીં.' છતાં ખાસ એ જરૂરી છે કે, કોઈએ કોઈને અડચણ કરવી નહીં. કોઈએ કોઈને હેરાન કરવા નહીં.

આ ફરમાન ગુજરાતના સૂબા મહમ્મદ દારાશિકોહે કાઢ્યું હતું. મહમ્મદ દારાશિકોહ બાદશાહ શાહજહાંનો શાહજાદો હતો. તે ઈ. સ. ૧૬૪૮ થી ૧૬૫૨ સુધી ગુજરાતનો સૂબો હતો.

સંભવ છે કે, બાદશાહે સૂબા મારફત જુલસી સન ૧૮, હીજરી સન ૧૦૫૫, રજબઉલ મુરજબ મહિનાની તા. ૨૭મી, ઈ. સ. ૧૬૪૪, વિ. સં. ૧૭૦૧ ભાદરવા સુદિ ૧ના રોજ આ ફરમાન આપ્યું હોય.

જો કે આ ફરમાનમાં હીજરી સન ૧૦૩૪ લખ્યો છે, પણ ઉર્દૂમાં અક્ષરોની લગભગ સામ્યતા હોવાથી લેખકની કે અનુવાદકની ભૂલ થઈ હોય તેમ લાગે છે. કેમકે હીજરી સં. ૧૦૩૪માં દિલ્હીનો બાદશાહ શાહજહાં નહીં પણ જહાંગીર હતો. એટલે સંભવ છે કે બાદશાહ જહાંગીર તરફથી ગુજરાતનો સૂબો શાહજહાં હતો, ત્યારે તેના તરફથી આ ફરમાન અપાયું હોય. અને શાહજહાં દિલ્હીનો બાદશાહ બન્યો ત્યારે ગુજરાતના સૂબા શાહજાદા ઔરંગઝેબ આલમગીર સને ૧૬૪૪ થી ૧૬૪૬ અથવા ગુજરાતના સૂબા મહમ્મદ દારાશિકોહના સમયે ફરી તાજું કરાવ્યું હોય.

આ ફરમાનમાં ઈસ્લામખાનનું નામ પણ મળે છે.

આ ફરમાનમાં શેઠ *સૂરદાસનું નામ છે. તે ત્યારે અમદાવાદમાં જૈન સંઘનો

★ સં. ૧૭૫૬ પોષ શુદ ૧૨ શનિવારે સિદ્ધિયોગમાં પાટણમાં પં૦ સત્યવિજયજી ગણિવરનું સ્વર્ગગમન થયું ત્યારે પાટણમાં જે સૂરચંદ શા હતા, તે આમનાથી જુદા જાણવા. તેમણે ત્યારે બંદીવાનો છોડાવ્યા, પંન્યાસજી મહારાજનો સ્વર્ગગમન ઉત્સવ કર્યો વગેરે.
('પં૦ સત્યવિજયગણિ નિર્વાણ રાસ')

મુખ્ય આગેવાન હતો. તેણે અમદાવાદમાં 'સૂરદાસ શેઠની પોળ' બનાવી હતી, જે હાલ પ્રસિદ્ધ છે.

તેને (૧) રતન અને (૨) ધનજી એમ પુત્રો હતા.

(૧) ગારિયાધારના ઠા૦ કાંધાજી ગોહિલ વગેરેએ વિ. સં. ૧૭૦૭, સને ૧૬૫૧માં **શેઠ શાન્તિદાસ સહસ્રકિરણ** અને શેઠ **રતના સૂરા** સાથે જ ''શત્રુંજયતીર્થના રખોપાનો કરાર કર્યો હતો.''

(જુઓ પ્રક. ૫૮, પૃ. ૩૨૧ થી ૩૨૩)

શેઠ 'રતન સૂરા' વિ. સં. ૧૭૭૦ સુધી વિદ્યમાન હતો. અને 'સૂરતના સંઘપતિ પ્રેમજી પારેખ'ના યાત્રાસંઘ સાથે શત્રુંજય મહાતીર્થની યાત્રા કરવા ગયો હતો. (જુઓ પ્રક. ૫૭–'સૂરતના સંઘપતિઓ' પૃ. ૪૦)

(૨) શેઠ ધનજીએ સં. ૧૬૯૯માં મહો૦ યશોવિજયગણિને ભણવા કાશી મોકલવા વિનંતી કરી અને પોતે પંડિતના ખર્ચ માટે બે હજારનું વચન આપ્યું હતું.

શેઠ ધનજીએ ભટ્ટા૦ વિજયદેવસૂરિના ઉપદેશથી સં. ૧૭૧૨ માગસરમાં અમદાવાદમાં આઠ હજાર મહમુદી ખરચી ભટ્ટા૦ વિજયપ્રભસૂરિનો ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ કર્યો હતો. (પ્રક. ૬૦, પૃ. ૪૨૪)

(૩) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ નવો બનાવી પાછો સોંપવાનું ફરમાન (નકલ : ૧) –

બિસમિલ્લા રહેમાન રહીમ

મહોર શાહજાદા	તોગરા દસ્ખત શાહજાદા	તોગરા દસ્ખત શાહજાદા
⬇	⬇	⬇
બાદશાહ ગાજી ઈબન શાહજાદા મહમદ દારાશિકોહ	નિશાન અલીશાન શાહજાદા બુદેલ અકબાલ મહમદ દારાશિકોહ	ફરમાન અબદુલ મુજફર શાહબુદ્દીન મહમદ સાહબ કુરાન સાની શાહજાદા બા૦ શાહ ગાજી

હાકેમો તથા સૂબેદારો તથા મુત્સદ્દીઓ (હાલના તથા) આવનાર અને સૂબા ગુજરાતના ખસુસન લાયક તરેહ તરેહના સજાવાર આલી મરતબાં જમા મરદી ખાસ ગેરતખાન તથા મેહેરબાની સુલતાનની મુસ્તહેલ મુસ્ત સબરના જાન નારકે અને પહેલાં આ મુકરદમાની વચમાં દહેરાં તે વખતના શેઠ શાંતિદાસ ઝવેરી હુકમે

આલીસન સાદન તરેહ તરેહનાં ઉનતૂલ મુલક **શાહસ્તાખાનનો** હુકમ થયો કે, શાહજાદા ઔરંગઝેબ બહાદુરે તે જગોએ મહેરાબી કેટલીએક કરીને તેનું નામ **મસ્જિદ** પાડ્યું. તે વખતે મુલ્લાં અબદુલ હકીમે અરજ કરી કે, ''એ મકાન સરેનામ વાફીક તથા ગેરહકનાં તાલુકાના સબબ હુકમ મસ્જિદનો નથી રાખતો, વાસ્તે હુકમ જાંહાં ફરમાબરદારીનો બુજરગજારી થાય છે, જે મકાન શાંતિદાસની મિલકતમાં તાલુક રાખે છે.'' તથા મહેરાબીને સકરના સબબથી શાહજાદા નામદારે તે જગોમાં નવું બનાવ્યું છે, તે એમ મુજાહેમ ન થવું ને તે મહેરાબો કાઢી નાખજો અને મકાન મજકુરને તેને હવાલે કરજો. આ દિવસમાં હુકમ જાંહાંતનો માનવા જેવો સૂરજની રોશની જેવો એવો થાય છે. મહેરાબી શાહજાદે કામગારી મોટા મસ્તબાની કરી હતી. તે બહાલ રાખી દેવલરવેસે મહેરાબો ભીંતે પડદા સબબથી નજદીક મહેરાબ કરજો. તે વાસ્તે હુકમ થયો છે જે કે ખુદાવંત બાદશાહ બુલંદ તેમના નોકર તેમની મેહેરબાનીથી દેવલ મજકુરને શાંતિદાસને બક્ષે છે. પ્રથમના દસ્તુર માફીક તે મકાન તેમના કબજામાં રાખે. હરેક રીતે તેમને ગમે તેમ વાફીક પોતાના ધરમ પ્રમાણે પરમેશ્વરનું ભજન કરે. તેમાં કોઈ આદમી તેને ઈજા કરે નહીં તથા બીજા ફકીર લોકો તે જગો મકાન કરી રહ્યા છે, તેમને ત્યાંથી કઢાવી શાંતિદાસને ઈજા તથા કીનાથી ખુલાસો કરજો. તથા અરજીમાં પહોંચો છે કે બીજા વહોરા લોકોએ દેવળની ઇમારતનો મસાલો ઉઠાવી ગયા છે, એ હકીકત બ્યાન કરી, ઉપર મસાલો તેમનાથી લઈ તેમને પહોંચાડજો. અગર એમનો સામાન ખર્ચ કર્યો હોય તેની કિંમત તેમની પાસેથી લઈ શાંતિદાસને પહોંચાડજો. એ બાબતમાં તમામ તાકીદ જાણીને હુકમ ફેરવશો નહીં. તા. ૨૧ જમાદીલો આલ્વેરશાંની સન ૧૦૫૮, ફરમાન ઉપર સહી તથા મહોર મારી પછવાડે ફરમાન નિશાની.

તરજુમો કરનારની સહી
જંગબાહાદૂર કાશીદીનની (ફારસીમાં સહી છે).

નોંધ : આનો અસલ ફારસી દસ્તાવેજ શેઠ પ્રેમાભાઈ હેમાભાઈને ત્યાં છે. ને તરજુમાની તથા અસલ ફારસીની નકલો દશક્રોઈના મામલતદાર સાહેબને ત્યાં તારીખ માહે સને ૧૮૮૮ના રોજ રેવન્યુ સર્વેના સુપરિન્ટેન્ડેન્ટ ફરનાન્ડીઝ સાહેબને જોવા સારુ આપી છે. (–જૈન ઐતિહાસિક રાસમાળા, ભા.૧, સમાલોચના, પૃ. ૨૯)

(૩) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ નવો બનાવી પાછો સોંપવાનું ફરમાન (નકલ : ૨) –

(**સૂચના** : ગુજરાતના સૂબા તથા અમલદારોના અંગે જે ખિતાબો વગેરે વાપર્યા છે, તેનો અમે અનુવાદ કર્યો નથી. **–અનુવાદક**)

ગુજરાતના હાલના તથા હવે પછીના સૂબાઓને માલૂમ થાય કે અત્યાર

પહેલાં ગૂબ્દે ઉલ્ અકરાન્ **શાંતિદાસ** ઝવેરીના દેરાસરની બાબતમાં ઉમ્ દત્ ઉલ્ મુલ્ક **શાયસ્તાખાન** નામ પર ફરમાન નીકળ્યું હતું કે શાહજાદા સુલતાન **ઔરંગઝેબ** બહાદુરે ત્યાં થોડા મહેરાબ (કમાનો) બનાવી, તેને મસ્જિદનું નામ આપેલું, અને તે પછી મુલ્લા અબ્દુલ હકીમે અરજ કરી જણાવ્યું કે, ''એ મકાન પર બીજો માણસ પોતાનો હક હોવાનો દાવો કરે છે, તેથી આપણા પાક ધર્મ મુજબ એ મસ્જિદ ગણાય નહીં.'' આ ઉપરથી બાદશાહી હુકમ નીકળ્યો હતો કે, ''એ મકાન **સતિદાસ (શાંતિદાસ)**ની મિલકત જોડે તાલ્લુક (સંબંધ) ધરાવે છે અને નામદાર શાહજાદાએ મહેરાબની સીકલવાળા મકાનનો ત્યાં પાયો નાખ્યો છે, તેથી તેને કોઈ રીતે હરકત થવી જોઈએ નહીં. **તેથી એ મહેરાબને ત્યાંથી ખસેડી નાખવો** અને મજકુર મકાન તેને હવાલે કરી દેવું.'' હવે આ બાબતમાં આખી દુનિયા જેને તાબે છે એવા બાદશાહનો **હુકમ** નીકળ્યો છે કે, ''ઊંચા દરજ્જાના નામદાર શાહજાદાએ એ મહેરાબ બનાવ્યો છે, તે કાયમ રાખવો અને દેરાસર અને મહેરાબની વચમાં મહેરાબની પાસેથી એક દિવાલ ચણી લેવી કે જેથી એ બે વચ્ચે એક પડદો થાય. એટલા માટે હુકમ કરવામાં આવે છે કે, ઊંચા દરજ્જાના બાદશાહના **બંદાઓએ** જ્યારે મજકુર સતિદાસ (શાંતિદાસ)ને એ દેરાસર મહેરબાનીની રાહે **બક્ષિસ** જ આપ્યું છે, ત્યારે આગળની રીત મુજબ તે તેનો કબજો લઈ લે અને પોતાના ધરમ મુજબ જેમ ચાહે તેમ તેમાં પૂજા કરે અને કોઈ પણ માણસ તેમાં તેને હરકત કે અટકાવ કરી શકે નહીં. વળી, કેટલાએક ફકીરો, જેઓ ત્યાં મુકામ કરી પડ્યા છે તેમને ત્યાંથી ખસેડી સતિદાસને તેમના તરફથી થતી અડચણ તથા તેમના તરફથી ઊભા થતા કજિયામાંથી મુક્ત કરવો.'' અને અમને એવું પણ જણાવવામાં આવ્યું છે કે, 'બાવરી જાતના કેટલાએક એ દેરાસરની ઈમારતનો મસાલો લૂંટી ગયા છે, તો ગમે તે પ્રકારે પણ એ મસાલો પાછો મેળવી મજકુર શખ્સને આપવો.' અને જો તે લોકોએ તે મસાલો વાપરી નાખ્યો હોય તો તેમની પાસેથી તેની કિંમત લઈને સતિદાસને આપવી, આ બાબત આ **બાદશાહી ફરમાન** છે એમ ગણી, તેનાથી વિરુદ્ધ યા ઊલટું કોઈએ ચાલવું નહીં.

લખ્યું તા. ૨૧ મહિનો જમાદિઉલસ્સાની સને ૧૦૮૧.

નોંધ : મથાળે મહોર–સિક્કો શાહજહાંના પુત્ર દારાશિકોહનો છે.

[ખાસ નોંધ : ફારસી ભાષાના સમર્થ અભ્યાસી અને ગુજરાતના સાક્ષરરત્ન શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ ફાર્બસ ગુજરાતી સભાના સાહિત્યસંગ્રહમાંની જૂની સનદો અને જૂનાં ફરમાનોના આધારે 'કેટલાક અપ્રસિદ્ધ જૂના લેખો' એવા મથાળા હેઠળ –

૧. બા૦ જહાંગીરનું જૈન મંદિર, ઉપાશ્રય, તીર્થરક્ષા, અમારિ ફરમાન. (જુઓ આ જ પ્રકરણમાં આગળ પૃ. નં. ૧૭૩–૧૭૪)

૨. બા૦ શાહજહાંએ શત્રુંજય પહાડ ભેટ આપ્યો તે માટેનું ફરમાન.

૩. બા૦ શાહજહાંએ જ્ઞાતિવ્યવહારની સ્વતંત્રતા આપ્યાનું ફરમાન.
૪. બા૦ શાહજહાંએ નગરશેઠના મકાનોની રક્ષા માટે આપેલું ફરમાન.
૫. બા૦ શાહજહાંએ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસર નવું બનાવી પાછું સોંપવાનું ફરમાન.
૬. બા૦ આલમગીર અને જનરલ ગોડાર્ડનો શાંતિનો ઢંઢેરો.

આ ૬ ફરમાનો ઈ. સ. ૧૯૨૪માં ભાવનગરમાં ભરાયેલી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના રિપોર્ટમાં પ્રકાશિત કરાવ્યાં છે, જેના આધારે અમે આ નોંધ લખી છે. (જુઓ 'જૈન સત્યપ્રકાશ', વર્ષ ૯, અંક ૨, ક્ર. ૯૮, પૃ. ૪૭થી ૫૪).

શ્રી કૃષ્ણલાલ ઝવેરીએ અનુવાદિત કરેલાં આ ફરમાનોની હકીકતને પુષ્ટ કરે એવું એક લખાણ શ્રી હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાએ લખેલ 'ટચુકડી સો વાતો' નામક પુસ્તકમાંથી ઉધ્ધૃત પરિશિષ્ટ રૂપે આપ્યું હતું. અમો તેને અહીં સારરૂપે (નકલસાર ફરમાન) આપીએ છીએ.]

(૩) નકલસાર ફરમાન –

સામાન્ય રીતે એવું મનાય છે કે, મુસલમાનો હિંદુઓને જુલમથી વટાળતા (વટલાવતા), તેમનાં દેવાલયો તોડી નાખતા અને હિંદ ધર્મનો ઉચ્છેદ કરવા મથતા. કેટલાક મુસલમાન બાદશાહો ''આવાં કાર્ય કરવાથી પોતાના ધર્મને લાભ થાય છે'' એમ ગણતા, જ્યારે બીજાઓ ''હિંદુ–મુસલમાનોને સરખા ગણી તેમને અદલ ઇન્સાફ આપવામાં, સર્વધર્મને માન આપવામાં આવે, અન્ય ધર્મ સાથે ભાઈચારો વધારવામાં આપણું કર્તવ્ય રહેલું છે એમ સમજતા.'' **બાબર, અકબર, જહાંગીર** અને **શાહજહાં** આ બાદશાહો બીજા વર્ગના થઈ ગયા.

અમદાવાદના નગરશેઠ **શાંતિદાસ** ઝવેરીએ ઘણા પૈસા ખરચીને મોટું જૈન દેવાલય બંધાવ્યું હતું. શાહજાદા **ઔરંગઝેબના** હુકમથી તે દેવળ તોડી પાડીને તેને ઠેકાણે **મસીદ** બાંધવામાં આવી. તેથી નારાજ થઈ **શાંતિદાસ** બાદશાહને ફરિયાદ કરવા દિલ્હી ગયા. શાહજહાંએ શેઠની સર્વ હકીકત સાંભળીને ન્યાયની ખાતર પોતાના શાહજાદા **દારાશિકોહની** સહીથી પરવાનો લખી મોકલ્યો. તેમાં અમદાવાદના હાકેમને એવું ફરમાવ્યું કે, **'તેણે મસીદને સ્થળે નવું દેરું બાંધી આપવું,** જૂના દેવળનો જે સરસામાન મુસલમાનોએ લઈ લીધો હોય તેનો કબજો શેઠને સોંપવો. હવે પછી કોઈએ તેમને હેરાનગતિ કરવી નહીં. તથા અમુક અમુક જૈન તહેવારોએ શહેરમાં જીવહિંસા કરવી નહીં.' **પરધર્મી બાદશાહે** જેવો ઇન્સાફ આપ્યો તેવો ઇન્સાફ બીજા **પરધર્મી મહારાજા** ભાગ્યે જ આપી શકે.

વળી, બાદશાહ શાહજહાંએ જૈનોના પૂજ્ય **શેત્રુંજા પર્વત**ની આસપાસ તેમ **પાલીતાણા**માં જીવહિંસા ન કરવાનો પરવાનો કાઢ્યો હતો. એ અગાઉ અકબર અને જહાંગીર બાદશાહે પણ જીવહિંસા ન કરવાના પરવાના કાઢ્યા હતા તથા

જૈનધર્મને મદદ કરવાના હુકમો કર્યા હતા. આવા ન્યાયી બાદશાહો મુસલમાન હોવા છતાં પણ તેમને માટે હિંદુઓ વફાદારી બતાવે એમાં શી નવાઈ ?

શેઠ શાંતિદાસ ઠેઠ, દિલ્હી દ્વાર જૈ ચઢ્યા,
પાદશાહ પાસ અર્જ, આપવા ત્યહાં અડ્યા;
દેહરો બાંધી આપવા, મસીદ પાડી નાખવા,
ન્યાયનો ઠરાવ કીધ, શાહ નામ રાખવા.

(જૈન સત્યપ્રકાશ, વર્ષ : ૯, અંક ૨,
ક્રમાંક : ૯૮, પૃ. ૪૭ થી ૫૪)

નોંધ : બા૦ શાહજહાંએ શાહજાદા મહમ્મદ દારાશિકોહના હાથે ગુજરાતના સૂબા શાયસ્તીખાન ઉપર જુલસી સન ૨૨, હીજરી સન ૧૦૫૮ મહિનો જમાઉદ્દીલ–જમાઉસ્સાની (બીજા)ની તા. ૨૧મીના રોજ ઈ. સ. ૧૬૪૮ જુલાઈ, વિ. સં. ૧૭૦૫ના શ્રાવણ મહિનામાં આ ફરમાન લખી મોકલ્યું હતું. તેણે તેમાં 'અમદાવાદના સરસપુરનો શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ અસલ હતો, તેવો બનાવી શાંતિદાસ ઝવેરીને પાછો સોંપી દેવાનો બાદશાહી હુકમ કર્યો હતો.' અમે ઉપર આ ફરમાનની ૩ જાતની નકલો આપી છે. તેમાંની બીજી નકલમાં સને ૧૦૮૧ લખ્યો છે, તે ક્યો સંવત છે તે સમજાતું નથી.

(૪) શ્રી શત્રુંજય ગિરિરાજ (પર્વત) અને પાલિતાણા ગામ ઈનામમાં આપ્યાનું ફરમાન (નકલ : ૧) –

મુરાદબક્ષ તરફથી મળેલી સનદ

(શાહજહાંના દીકરા અને ગુજરાતના સૂબા મુરાદબક્ષે
પરશિયન ભાષામાં લખેલી સનદનો તરજુમો.)

મહેરબાન ખુદાના નામે

સીલ

સોરઠની સરકારના હાલના અને ભવિષ્યના હિસાબો શાહી મહેરબાનીથી અને ઉમેદથી ઉમદા થાય છે. એ હિસાબ રાખનારાઓને માલૂમ થાય જે, ''**શાંતિદાસ** ઝવેરી જે અમીરોમાં પહેલા દરજ્જાના છે'' તેમણે અમારા સ્વર્ગસમા દરબારમાં બધા દરબારીઓ સમક્ષ જાહેર કર્યું છે કે, ''સોરઠ સરકારના તાબામાં આવેલા **પાલિતાણા** નામના ગામ આગળ **શેત્રુંજા** નામનું જૈનલોકોનું યાત્રાનું ધામ આવેલું છે, અને આજુબાજુના લોકો ત્યાં યાત્રાએ જાય છે.'' ઉમદા દરજ્જાવાળા તરફથી મહેરબાનીની રાહે એવો હુકમ કરવામાં આવ્યો છે કે,

''અમીરોમાં સૌથી ઊંચા દરજ્જાના મજકુર ઇસમને આ મોસમની શરૂઆતથી મજકુર ગામ **ઇનામ** તરીકે આપવામાં આવ્યું છે,'' જેથી આ ગામને એમનું ઇનામ ગણીને એમાં કોઈ જાતની દખલગીરી કરવી નહીં.

આજુબાજુના જિલ્લાના તથા પ્રદેશના લોકો આ જગ્યાએ નિર્ભય થઈને યાત્રા કરવા આવે, આ બાબતમાં તાકીદનો આ ખાસ હુકમ જાણી એને પાળવામાં કોઈએ કસૂર કરવી નહીં.

પવિત્ર મહોરમ મહિનાના ૨૯ મા દિવસે લખ્યું, અમારા સારા રાજ્યના ૩૦ મા વરસમાં.

સીલ

દ :– નમ્ર સેવક
અલીનખાન
નકલ દીવાન કચેરીમાં રાખી લીધી છે.
(ખરો તરજુમો)
(સહી :) ગુલામ મોહીદ્દીન–તરજુમો કરનાર

(૪) શ્રી શત્રુંજય પર્વત અને પાલિતાણા ગામ ઇનામમાં આપ્યાનું ફરમાન (નકલ : ૨) –

સોરઠ સરકારના હાલમાં કામ કરતા તથા ભવિષ્યમાં થનાર અમલદારો, જેઓ સુલતાનની મહેરબાનીની આશા રાખે છે તથા તે મહેરબાનીને યોગ્ય ગણવા માગે છે. તેમને માલૂમ થાય કે ગૂબ્દે ઉલ્ અકરાન (એક ખિતાબ છે.) **શાંતિદાસ** ઝવેરીએ સ્વર્ગ સમાન અમારા દરબારમાં એક અરજદાર તરીકે અરજ કરી જણાવ્યું કે, ''સદરહુ સરકારના તાબાના પરગણામાં મોજે **પાલિતાણા** નામે એક ગામ આવેલું છે, તેમાં જૈનોની પૂજાનું એક સ્થાન જેને શેત્રુંજો કહે છે તે આવેલું છે, અને ત્યાં આસપાસના માણસોની તીર્થ માટે જાત્રા કરવા આવ-જાવ થયા કરે છે.'' તેથી ઊંચા દરજ્જા અને ઉમદા પદવીવાળા (બાદશાહ)નો હુકમ કાઢવા તથા પ્રદર્શિત કરવામાં આવે છે કે, પાનખર ઋતુની શરૂઆતથી (પિચીઈલ મહિનાથી) મજકુર મોજે (ગામ) ઉપર જણાવેલા ગૂબ્દે ઉલ્ અકરાનને અમે મહેરબાનીની રાહે ઇનામમાં આપ્યું છે.

(અમને આ પછીનું લખાણ મળ્યું નથી.)
(જુઓ જૈન સત્યપ્રકાશ, ક્રમાંક–૯૮)

નોંધ : બા૦ શાહજહાંએ જુલસી સન ૩૦, મહિનો મહોરમ ઉલહરામની તા. ૨૯મી, હીજરી સન ૧૦૬૬, ઈ. સ. ૧૬૫૬, વિ. સં. ૧૭૧૩ના કાર્તિક સુદિ ૧ના રોજ –

ગુજરાતના સૂબા શાહજાદા મુરાદબક્ષ (ઈ. સ. ૧૬૫૪ થી ૧૬૫૭) ઉપર આ ફરમાન લખી મોકલી શેઠ શાંતિદાસ ઝવેરીને શત્રુંજય પહાડ તથા પાલિતાણા ઇનામમાં આપેલ હતાં.

બા૦ અકબરે આ૦ હીરવિજયસૂરિને તથા બા૦ શાહજહાંએ શેઠ શાંતિદાસ ઝવેરીને શત્રુંજય તીર્થ ભેટ તરીકે આપ્યાં હતાં. આથી જ પાલિતાણાના ઠાકોરે જ્યારે શત્રુંજય તીર્થનો મુંડકાવેરો લેવાનું નક્કી કર્યું ત્યારે તેણે જૈન મુનિવરો અને શેઠ શાંતિદાસ ઝવેરીના વંશજોનો મુંડકાવેરો લેવાનું માફ જાહેર કર્યું હતું.

[**સંપાદકીય નોંધ** : બાદશાહ શાહજહાંનાં ઉપરોક્ત ચાર ફરમાનો આપણે જોયાં. હવે 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી' પુસ્તકમાં બા૦ શાહજહાંનાં નોંધપાત્ર ૧૦ (દશ) ફરમાનો હોવાનું અને તે વિગતવાર આપવાનું અમે અગાઉ (પૃ. ૨૧૯માં) જણાવ્યું હતું, એ જોઈએ.

પ્રથમનાં જે ત્રણ ફરમાનો (પૃ. ૨૨૯ થી ૨૩૭ જુઓ) – ૧. માલમિલકતની સલામતીનું, ૨. જ્ઞાતિવ્યવહારની સ્વતંત્રતાનું અને ૩. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદ પાછું સોંપવાનું – છે તે 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી' (જુઓ અનુક્રમે પૃ. ૧૩૫, ૧૪૧ અને ૯૪)માં પણ એ જ વિગતે છે. જ્યારે ચોથું ફરમાન 'શ્રી શત્રુંજય પહાડ તથા પાલિતાણા ગામ ઇનામમાં આપ્યાનું' તા. ૭ નવેમ્બર ૧૬૫૬ (વિ. સં. ૧૭૧૩)નું, બા૦ શાહજહાંના ૩૦મા વર્ષના રાજ્યકાળનું (એક જ સમયનું નકલ ૧ અને ૨નું ફરમાન) જે છે તેવું જ એક વધુ ફરમાન (નં.૫) 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી'ના પૃ. ૧૨૯માં તા. ૨૧ જૂન ૧૬૫૭નું આપવામાં આવ્યું છે. તેની વિશેષ વિગત નીચે મુજબ છે –

ફરમાન નં. ૫ : શત્રુંજય–પાલિતાણા ઈનામમાં આપ્યાનું –

બા૦ શાહજહાંના ૩૧મા વર્ષના રાજ્યકાળમાં, તેની માંદગીની જાહેરાત અને તેના શાહજાદાઓ વચ્ચેની ગાદીવારસની લડાઈના થોડાક સમય પહેલાં જ, તા. ૨૧ જૂન ૧૬૫૭ના આ ફરમાનમાં જણાવવામાં આવ્યું છે : ''પાલિતાણા કે જે શત્રુંજય તરીકે ઓળખાય છે તે પરગણું **બે લાખના દામના બદલામાં** અલ્તમયા (બક્ષિસ)રૂપે આપવામાં આવે છે. રાજ્યના અમલદારોએ આ હુકમને ધ્યાનમાં રાખીને એ પરગણું શેઠ શાંતિદાસ અને તેના પેઢી દર પેઢીના વારસોને મળ્યા કરે એ જોવું અને એ પણ ધ્યાનમાં રાખવું કે આ ફરમાનથી બધા વેરાઓ, ખંડણી વગેરે ભરવામાંથી પણ શાંતિદાસ ઝવેરીને મુક્તિ મળી જાય છે અને દર વર્ષે તે અંગે નવી સનદ કોઈએ માગવી નહિ.''

(નોંધ : પાલિતાણા ઇનામમાં આપ્યાંનાં ફરમાનો મુરાદબક્ષ અને ઔરંગઝેબ દ્વારા પણ મળ્યાં છે, જે આ દશ ફરમાનો પછી જોઈશું.)

ફરમાન નં. ૬ : જૈન તીર્થો અને સંસ્થાઓની રક્ષાને લગતું –

જૈન તીર્થો અને જૈન સંઘની માલિકીની અન્ય સંસ્થાઓની રક્ષા કરવા માટેનું ફરમાન બા૦ શાહજહાં દ્વારા ઈ. સ. ૧૬૨૯-૩૦માં, પોતાના રાજ્ય-કાળના બીજા વર્ષના સમય દરમિયાન, ઝવેરી શાંતિદાસને અપાયેલું છે. ગુજરાતના સૂબાને ઉદ્દેશીને લખાયેલા આ ફરમાનમાં શાહજહાં જણાવે છે : ''ચિંતામણિ (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસર), શત્રુંજય, શંખેશ્વર અને કેશરીનાથ (કેશરીઆજી) તીર્થ અને અમદાવાદની ત્રણ, ખંભાતની ચાર, સુરતની એક અને રાધનપુરની એક એટલી પોશાળો – આ શાંતિદાસ ઝવેરીની માલિકીનાં છે. આ દેરાસરો કે સ્થાનો જૈનોને માટે ફાળવવામાં આવેલ હોવાથી બીજી કોઈ વ્યક્તિએ તેમાં પ્રવેશવું નહીં, અથવા તો ત્યાં પગપેસારો કરવો નહીં.'' ('ન.શાં.ઝ.' પૃ. ૧૨૧)

ફરમાન નં. ૭ અને ૮ : શંખેશ્વર તીર્થના ઈજારાને લગતાં –

શાહજહાં બાદશાહના રાજ્યારોહણના ૩૦મા વર્ષે એટલે કે ઈ. સ. ૧૬૫૬-૫૭માં અપાયેલા ફરમાનમાં જણાવવામાં આવ્યું છે : ''મુંજપુર તાલુકામાં આવેલ શંખેશ્વર ગામ, કે જે પહેલા રાજદરબાર દ્વારા સનદ તરીકે ચાલતું હતું, તે શાંતિદાસ સાહુને રૂા. ૧૦૫૦માં ઈજારા તરીકે આપવામાં આવે છે. શાંતિદાસ જાગીરદારોના નિયમોને અધીન થઈને જરૂરી રકમ ભરપાઈ કરે છે. વર્તમાન અને ભવિષ્યના જાગીરદારોએ આ ગામ, ઉપર દર્શાવેલ વ્યક્તિના નામે ભૂત-કાળની જેમ ચાલુ રાખવું અને તેમાં કોઈ ફેરફાર ન કરવો. જાગીરદારોને યોગ્ય રકમ ભરપાઈ કરતા હોવાને કારણે શાંતિદાસ સાહુને તે ગામની સમૃદ્ધિ અને લોકોના કલ્યાણ માટે ઉત્સાહથી પ્રયત્નો કરવાની છૂટ આપવામાં આવે છે.''

લગભગ આ જ મતલબનું બીજું ફરમાન તા. ૨૩મી ડિસેંબર ૧૬૫૭ના દિવસે અપાયેલ છે.

આ બંને ફરમાનો દ્વારા આપણને એ હકીકત જાણવા મળે છે કે શાંતિદાસ ઝવેરીને શંખેશ્વર ગામ પહેલાં સનદરૂપે મળ્યું હશે અને પછી આ ફરમાનો મુજબ રૂા. ૧૦૫૦માં ઈજારા તરીકે આપવામાં આવેલ હશે. (જુઓ પૃ. ૧૨૧થી ૧૨૩)

ફરમાન નં. ૯ અને ૧૦ : ઝવેરાતના ધંધા અને મિલકત અંગે –

ઝવેરાતના ધંધા અને મિલકતના રક્ષણ અંગેના બે ફરમાનો તા. ૨૭મી ઓગસ્ટ ૧૬૪૨ના અને તા. ૨૬મી સપ્ટેમ્બર ૧૬૪૨ના બા૦ શાહજહાંએ આપ્યાં હતાં. તેમાં રાજ્યના અમલદાર વગેરેને ઉદ્દેશીને જણાવવામાં આવ્યું છે : ''ઝવેરી શાંતિદાસ ..... વારંવાર ઝવેરાત અને બીજી વસ્તુ ખરીદે છે, તો તેમની વચ્ચે દખલ કરવી નહિ અને તેમના પ્રત્યે સારો વર્તાવ રાખવો..... શાંતિદાસ શેઠની હવેલી, દુકાનો, સંપત્તિ અને બગીચો – આ બધાની બાબતમાં વચ્ચે કોઈએ માથું મારવું નહિ અને તેના (શાંતિદાસના) મૃત્યુ પછી તેની સંપત્તિ

અને માલમિલકત તેના સંતાનો અને વારસદારોને આપવા અંગે પણ દખલ કરવી નહિ અને આ હુકમથી વિરુદ્ધ વર્તવું નહિ.'' (જુઓ પૃ. ૧૩૫–૧૩૬)

ગુજરાતના સૂબા મુરાદબક્ષે આપેલાં ત્રણ ફરમાનો –

બા૦ શાહજહાંના પુત્ર અને ગુજરાતના સૂબા મુરાદબક્ષે તા. ૨૦, જૂન ૧૬૫૮ના શત્રુંજય–પાલિતાણા ભેટ આપ્યાનું ફરમાન અને તા. ૨૨, જૂન ૧૬૫૮ના શેઠ શાંતિદાસના પુત્ર (પ્રક. ૫૮, આવૃત્તિ પહેલી, પૃ. ૧૪૨ મુજબ લક્ષ્મીચંદે નહિ પણ) માણેકચંદે અગાઉ ઘીરેલા રૂા. સાડા પાંચ લાખ પરત ચૂકવવાના બે ફરમાનો, અમદાવાદના બે અમલદારોને ઉદ્દેશીને લખી આપ્યાં હતાં. મુરાદબક્ષે ટૂંક સમય માટે – તા. ૫-૧૨-૧૬૫૭ થી તા. ૨૬-૬-૧૬૫૮ દરમિયાન – પોતાની જાતે ગુજરાતનો બાદશાહ બની ઉક્ત ત્રણ ફરમાનો આપ્યાં હતાં. આ ફરમાનો આપ્યા પછી ફક્ત ચાર જ દિવસમાં એટલે કે તા. ૨૬-૬-૧૬૫૮ના બા૦ શાહજહાંના પુત્ર ઔરંગઝેબે મુરાદબક્ષને કેદ કરતાં અને પોતે બાદશાહ બનતાં આ ફરમાનો નાઅમલી અને નિરર્થક બની ગયાં હતાં; અને તેને લીધે જ શાંતિલાલ શેઠે બા૦ ઔરંગઝેબ પાસેથી આ ફરમાનો પુનઃ મેળવ્યાં હતાં.

બા૦ ઔરંગઝેબે આપેલાં ફરમાનો –

ઔરંગઝેબે દિલ્હીમાં તા. ૨૧ જુલાઈ ૧૬૫૮ના રાજ્યારોહણ યોજી પોતાની જાતે બાદશાહ તરીકે જાહેર થયો હતો અને પછી ભાઈઓ દારા, સુજા, મુરાદબક્ષને હરાવી તથા પિતા શાહજહાંને નજરકેદ કરી, પૂરેપૂરી સત્તા મેળવી, તા. ૫ જૂન ૧૬૫૯ના સત્તાવાર ગાદીનશીન થયો હતો.

ફરમાન (૧) : શત્રુંજય-પાલિતાણા ભેટ આપતું –

ઔરંગઝેબ દ્વારા ધર્મઝનૂની સ્વભાવ તેમજ રાજગાદી મેળવવા માટેની લડાઈ ('જૈન પરં. ઇતિહાસ'ની પહેલી આવૃત્તિ, ભા. ૪, પૃ. ૧૪૩ જુઓ) છતાં તેના પ્રથમ રાજ્યારોહણના આઠમા જ દિવસે, તા. ૨૯ જુલાઈ ૧૬૫૮ના, શત્રુંજય-પાલિતાણા આપ્યાને સમર્થન કરતું એક ફરમાન શેઠ શાંતિદાસને મળ્યું હતું. ('નગરશેઠ શાંતિદાસ ઝવેરી', પૃ. ૧૩૧–૧૩૨.)

ફરમાન (૨) : સાડા પાંચ લાખ પરત આપવા અંગેનું –

શેઠ શાંતિદાસે જેમ અગમચેતી, સલામતી, મુત્સદ્દીગીરી, ધૈર્ય, કાર્યનિષ્ઠા, કાર્યનિપુણતા અને હિંમતથી ઉપરોક્ત ફરમાન મેળવ્યું હતું એ જ રીતે તેમના પુત્ર માણેકચંદે ઘીરેલા રૂા. સાડા પાંચ લાખ પરત મળે તે માટેનું ફરમાન પણ મેળવી લીધું હતું.

બા૦ ઔરંગઝેબે તા. ૧૦ ઓગસ્ટ ૧૬૫૮ના આપેલા આ ફરમાનમાં રહેમતખાનને ઉદ્દેશીને જણાવ્યું હતું કે, ''અગ્રણી શાંતિદાસે અમારા ધ્યાનમાં એ હકીકત આણી છે કે મુરાદબક્ષે અમદાવાદ ખાતે પાંચ લાખ પચાસ હજારની

લોન શાંતિદાસના પુત્ર માણેકચંદ.... વગેરે પાસેથી લીધી છે..... અમે શાહી તિજોરીમાંથી એક લાખ રૂપિયા મંજૂર કરી આપીએ છીએ અને આ જ મતલબનું ફરમાન શાહ નવાઝખાનને મોકલીએ છીએ. આ રકમ જરા પણ વિલંબ અને ખચકાટ વગર આપવી.'' (જુઓ પૃ. ૧૪૨ થી ૧૪૫)

ફરમાન (૩) : શેઠ શાંતિદાસ મારફત પ્રજાજોગ સંદેશો –

બા૦ ઔરંગઝેબે ઉપરોક્ત દિવસે જ અન્ય એક ફરમાન, પ્રજાજોગ સંદેશો પાઠવતું, શેઠ શાંતિદાસને લખીને આપ્યું હતું. તેમાં લખ્યું હતું કે, ''શાંતિદાસ ઝવેરીને અમદાવાદ પહોંચ્યા પછી તેણે તે પ્રદેશના સર્વે વેપારીઓ, મહાજનો અને પ્રજાજનોને, યોગ્ય વ્યવસ્થાની અમારી ઇચ્છા અને પ્રજા પ્રત્યેના અમારા માનની લાગણી, કે જે ગુણો જગતની સુવ્યવસ્થા અને માનવતાની બાબતને લગતા નિયમોના કારણરૂપ છે, તેને પ્રજાજનો સમક્ષ જાહેર કરવી; અને જણાવવું કે પોતપોતાનાં સ્થાનો અને મકાનોમાં ગોઠવાઈ જઈને મનની શાંતિ અને હૃદયના સંતોષ સાથે પોતાના ધંધારોજગારને આગળ વધારે, અને ઈશ્વર દ્વારા અપાયેલી રાજ્યની શાશ્વતતા માટે પ્રાર્થના કરે. આ ઈશ્વર અંત વગરની શાશ્વત સ્થિતિ અને આદિ વગરનો શાશ્વત આધાર છે.

''અમદાવાદના પ્રદેશના અગત્યની બાબતોને લગતા વર્તમાન અને ભવિષ્યના મુત્સદ્દીઓએ ઉપર દર્શાવેલ વ્યક્તિ (શાંતિદાસ) પ્રત્યે, તે રાજદરબાર, કે જે જગતનું આશ્રયસ્થાન છે, તેનો જૂનો સેવક છે, એટલે સારો વર્તાવ રાખવો. તેઓએ રાજદરબારને લગતી તેની આર્થિક બાબતોમાં મદદ કરવી અને એ ખાસ ધ્યાનમાં રાખવું કે કોઈ તે વ્યક્તિ (શાંતિદાસ) અને તે જગ્યાના બીજા રહેવાસીઓની બાબતમાં દખલ કરે નહિ કે અવરોધ ઊભા કરે નહિ. મુત્સદ્દીઓએ આ ફરમાનને અગત્યનું ગણવું અને આ હુકમની અવગણના કરવાથી દૂર રહેવું.'' આ ફરમાનમાં શેઠ શાંતિદાસ પ્રત્યે ઉચ્ચ વર્તાવ દાખવવાનું પણ જણાવ્યું છે. (જુઓ પૃ. ૧૪૭ થી ૧૫૦)

ફરમાન (૪) : શત્રુંજય, ગિરનાર અને આબૂ પર્વત (તીર્થ) આપતું –

મોગલ બાદશાહો દ્વારા શેઠ શાંતિદાસને શત્રુંજય-પાલિતાણા ઇનામમાં મળ્યાનાં ચાર ફરમાનો અગાઉ આપણે જોઈ ગયા. હવે શત્રુંજય ઉપરાંત ગિરનાર અને આબૂ તીર્થ આપતું એક નવું ફરમાન આપણે જોઈએ. બા૦ ઔરંગઝેબે તા. ૧૨ માર્ચ (પહેલી આવૃત્તિના ભા. ૩, પ્રક. ૪૪, પૃ. ૧૬૦ મુજબ માસ ફેબ્રુઆરી) ૧૬૬૦ના આ ફરમાનમાં જણાવ્યું છે કે –

''સહસભાઈના પુત્ર (આ એક જ ફરમાન એવું છે કે જેમાં શાંતિદાસના પિતાનું નામ આપવામાં આવ્યું છે) અને શ્રાવક જ્ઞાતિના (અગ્રણી) શ્રી શાંતિદાસ ઝવેરીએ ખાસ માન અને આશા સાથે માગણી કરી છે.... તેથી શત્રુંજા તરીકે

પ્રખ્યાત પાલિતાણાનો પર્વત અમે શ્રાવક જ્ઞાતિના શ્રી શાંતિદાસ ઝવેરીને આપીએ છીએ. વળી ત્યાં ઊગતા ઘાસનો ઉપયોગ ઢોરને ચરાવવા માટે અને પર્વત પર મળી આવતું ઇમારતી લાકડું જેનો ઉપયોગ પણ શ્રાવક જ્ઞાતિ પોતાની ઇચ્છા મુજબ કરી શકશે. શત્રુંજાના પર્વત અને મંદિરને જે કોઈ સંભાળે તે પાલિતાણાની આવકનો હકદાર થાય અને તેઓએ કાયમી સરકારને ચાલુ રાખવા માટે પ્રાર્થના ચાલુ રાખવી. વર્તમાન અને ભવિષ્યના વહીવટદારો, અમલદારો, જાગીરદારો અને કરોડીઓએ આ લખાણમાં કંઈ સુધારો કે ફેરફાર ચલાવવો નહીં.

''આ ઉપરાંત ગિરનાર નામે જાણીતો જૂનાગઢનો પર્વત અને શિરોહીના મુલકના તાબામાં રહેલ આબૂ પર્વત–આ બંને પર્વતો શ્રાવક જ્ઞાતિના શાંતિદાસ ઝવેરીને, તેમને પૂર્ણ સંતોષ થાય એટલા માટે, ખાસ માનરૂપે આપીએ છીએ. અમલદારો માટે એ જરૂરી છે કે તેઓ આ પર્વતોમાં બીજા કોઈને ઘૂસવા ન દે અને રાજાઓમાંથી કોઈ તેમાં દખલ ન કરે. અને તેમણે તેને (શાંતિદાસને) હંમેશાં મદદ કરવી; એ કાર્ય શાહી આનંદને લાવનારું બનશે. અને તેમણે દરેક વર્ષે (નવી) સનદની માગણી કરવી નહીં અને આ ત્રણ પર્વતો, કે જે શાંતિદાસને આપણે આપી દીધા છે, તે અંગે જો કોઈ દાવો કરશે તો તે વ્યક્તિ પ્રજા અને ઈશ્વરના બંનેના ઠપકા અને શાપને પાત્ર બનશે. બીજી જુદી સનદ પણ તેમને આપવામાં આવી છે.'' ('નગરશેઠ શાંતિદાસ ઝવેરી', પૃ. ૧૩૨ થી ૧૩૪)

નગરશેઠ શાંતિદાસ ઝવેરીને આવાં અનેક અને વિવિધ શાહી ફરમાનો પ્રાપ્ત થયાં હતાં. આ વાત જેમ એક વ્યક્તિ માટે વિરલ કહી શકાય તેમ રાજકીય, ધાર્મિક, સામાજિક અને જનહિતની દ્રષ્ટિએ પણ મૂલ્યવાન કહી શકાય. આ ફરમાનો આજપર્યન્ત તેના અસલ રૂપમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે તથા બીજા કેટલાંક સ્થળોએ સચવાઈ રહ્યાં છે.

સંપાદકીય નોંધ –

'નગરશેઠ શાંતિદાસ ઝવેરી' પુસ્તકમાંથી બા૦ શાહજહાંનાં ૧૦ ફરમાનો અને છેલ્લે બા૦ ઔરંગઝેબનાં ચાર ફરમાનો આપણે વિગતવાર જોયાં. હવે 'જૈન પરંપરાનો ઇતિહાસ'ની પહેલી આવૃત્તિના ભાગ : ૩ અને ભાગ : ૪ માં આપેલ વિગત અહીં બીજી આવૃત્તિમાં એક સાથે આપણે જોઈએ.

ઔરંગઝેબનું અગત્યનું ફરમાન

શ્રી શાંતિદાસ શેઠને હીજરી સન ૧૦૭૦ના રજબ માસની ૧૦મી તારીખે ઔરંગઝેબ પાસેથી એક ફરમાન મળ્યું, એમાં શ્રી શાંતિદાસની કદરદાની કરવામાં આવી હતી. અને તે માટે શત્રુંજય, જૂનાગઢ નજીકનો ગિરનાર અને શિરોહી રાજ્યનો આબૂ – એમ ત્રણે પહાડ ભેટ આપવામાં આવ્યા હતા. પર્વતો પર થતા ઘાસચારા, સાગ, બળતણ પણ શ્રાવક કોમને અર્પણ કરવામાં આવ્યાં હતાં.

આ ફરમાનમાં અમલદારોને તેના અમલ માટે ખાસ તાકીદ કરવામાં આવી હતી. અન્ય રાજાઓ શ્રી શાંતિદાસને સંતાપે નહીં બલ્કે તેમને સહાયભૂત થઈને પોતાની કૃપા મેળવે તેની ખાસ નોંધ પણ છે. ઉપરાંત તે વખતે દર વર્ષે જમીન-જાગીરની સનદ તાજી કરાવવી પડતી હતી; તે નહિ કરવાનો પણ તેમાં ઉલ્લેખ છે. છેવટે ફરમાનમાં લખ્યું છે કે, ''જે કોઈ પ્રાન્ત અને પહાડ અમે (શ્રી શાંતિદાસને) સોંપ્યો છે, તે માટે કોઈ દાવો કે આક્રમણ કરશે તો તે લોકોની બદદુઆ અને અલ્લાહની લ્યાનતને પાત્ર બનશે.''

રૂા. સાડાપાંચ લાખ પરત આપવાનું ફરમાન

શ્રીચંદ્ર પરમાર (તીર્થો આપ્યાં પૂર્વેના એક ફરમાન અંગે) લખે છે કે– શ્રી શાંતિદાસે (તેના પુત્ર માણેકચંદે શાહજાદા મુરાદબક્ષને) હીજરી સન ૧૦૬૧ના જિલ્હજ મહિનામાં (વિ. સં. ૧૭૦૮માં) ઘીરેલા આ રૂપિયા માટે ઔરંગઝેબ પાસેથી ફરમાન મેળવ્યું.

આ ફરમાનમાં તે વખતના ગુજરાતના દીવાન રહેમતખાન અને સૂબા નવાઝખાન પર આ કરજ પેટે રૂા. એક લાખ રાજ્યની તિજોરીમાંથી વિના વિલંબે ભરપાઈ કરવાની તાકીદ કરવામાં આવી હતી.

('ગુજરાત સમાચાર', તા. ૨૮-૪-૧૯૬૨, પૃ. ૯)

આ લેખ ઉપરથી તારવી શકાય છે કે (૧) બા૦ ઔરંગઝેબે ગુજરાતના સૂબા નવાઝખાન ઉપર રકમ પાછી વાળવાનું ફરમાન મોકલ્યું હતું અને (૨) બા૦ ઔરંગઝેબે હીજરી સન ૧૦૭૦ના રજબ મહિનાની તા. ૧૦મીએ, વિ. સં. ૧૭૧૭ ચૈત્ર સુદિ ૯, ૧૦ કે ૧૧ના રોજ સને ૧૬૬૦ના ફેબ્રુઆરીમાં શેઠ શાંતિદાસને શત્રુંજય, ગિરનાર અને આબૂ તીર્થો ઈનામ આપ્યાં.

અમારી ઇચ્છા છે કે, આ બંને ફરમાનો જોયા પછી ભવિષ્યમાં આ ઇતિહાસના છેલ્લા પ્રકરણોમાં કે બીજી આવૃત્તિઓમાં વિશેષ પ્રકાશ પાડવો.

(**જરૂરી નોંધ** : ભાગ-૩ની પ્રથમ આવૃત્તિ, પૃ. ૧૫૯-૧૬૦માં લેખક પૂ૦ દર્શનવિજયજી 'ત્રિપુટી મહારાજે' આ સંબંધી કહ્યું તેમ વિશેષ પ્રકાશ પાડવા ભાગ-૪ની પ્રથમ આવૃત્તિ, પ્રક. ૫૮, પૃ. ૧૩૭ અને પૃ. ૧૪૩-૧૪૪માં સં. ૧૭૧૪ના એક નવા ફરમાન ઉપર વિગતે લખ્યું છે, તે આપણે જોઈએ.)

વિશેષ નોંધ (સં. ૧૭૧૪નું પાલિતાણા ઈનામમાં આપ્યાનું ફરમાન) –

ખાસ ઘટના એ છે કે, બાદશાહ ઔરંગઝેબે સં. ૧૭૧૪માં શેઠ શાંતિદાસને પાલિતાણા ઇનામમાં આપ્યાનું (મુરાદબક્ષે આપ્યા પછીનું) ફરમાન કાઢી સમર્થન આપ્યું હતું. (ભાગ : ૪, પ્રથમ આવૃત્તિ, પૃ. ૧૩૭)

★ ★ ★

બાદશાહ ઔરંગઝેબે પણ લડાઈના મોખરેથી જુલસી સન ૩૨, તીરકસ મહિનાની તા. ૯ મી, હીજરી સન ૧૦૬૮ રમજાન મહિનાની ૯-૧૦ મી તારીખ, સને ૨૩-૨-૧૬૫૮, ચૈત્રાદિ વિ. સં. ૧૭૧૪ના જેઠ સુદિ ૧૦ કે ૧૧ ના દિવસે એક ફરમાન (પાલિતાણા ઈનામમાં આપ્યાનું) લખી ગુજરાતના દીવાન રહેમતખાન ઉપર લખી મોકલ્યું હતું.

(– તા. ૨૮-૪-૧૯૬૨નું 'ગુજરાત સમાચાર')

ઔરંગઝેબે શેઠ શાંતિદાસને શ્રી શત્રુંજય પહાડ તથા પાલિતાણા ગામ ઈનામમાં આપવાનું જે ફરમાન આપ્યું હતું, તેનો અંગ્રેજી તરજુમો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના રિપોર્ટમાં પ્રકાશિત થયો છે, તેનો સાર આ પ્રકારે છે –

'સોરઠ પ્રાંતમાં પાલિતાણા તાલુકો છે, જે અમદાવાદના સૂબાના હાથ નીચે છે, જેની આવક (કરવેરા વગેરે) બે લાખ રૂપિયાની થાય છે.

શેઠ શાંતિદાસ ઝવેરીએ વિનંતી કરી કે, ''હીજરી સન ૧૦૬૧ના રમજાન મહિનાની ૧૯મી તારીખે કોર્ટે હુકમ કર્યો હતો કે આ પાલિતાણા પહાડ અરજદારને ઈનામ તરીકે મંજૂર કર્યો છે, તો મારી (શાંતિદાસની) ઈચ્છા છે કે, તમારી કોર્ટ એવું ફરમાન પણ આપે કે અમે અરજદારને પહેલાંની જેમ પાલિતાણા તાલુકો કાયમી ઈનામ તરીકે ચાલુ રહે.''

તો ગુજરાતના અત્યારના સૂબાઓ, નાયબ સૂબાઓ તથા ભવિષ્યના સૂબાઓની ફરજ છે કે તેઓ અમારા આ પવિત્ર ફરમાન–હુકમને હંમેશને માટે બરાબર માનતા રહે અને પાલિતાણા શત્રુંજય વિભાગ ઉપરના અરજદારના વંશ-પરંપરાના હક્કો કાયમી રહે. તેમ જ સૂબા કે વ્યવસ્થા કરનારાઓએ તેમની પાસેથી કર લેવા નહીં, બીજી માગણી પણ કરવી નહીં; અને માગણી માટે નવા નવા પ્રશ્નો ઉઠાવવા નહીં. તેમની પાસે દર વર્ષે આ અંગેની સનદ પણ માગવી નહીં.

તે સૂબાઓ અને નાયબ સૂબાઓએ આ મર્યાદા પ્રમાણે જ વર્તવું. આમાં ફેરફાર કરવો નહીં. હીજરી સન ૧૦૬૮ તીરકસ મહિનાની તા. ૯ મી.'

આ ફરમાનના પાછળના ભાગમાં લખાણ છે કે, નવાબનું ફરમાન – અનેક વિશેષણોવાળા પ્રખ્યાત વિજયી રાજકુમાર મહમ્મદ સુલતાન બહાદુર વિજયી મહમ્મદ ઔરંગઝેબ શાહબહાદુરના પુત્ર.

નોંધ : બાદશાહ શાહજહાં અને ઔરંગઝેબે નગરશેઠ શાંતિદાસ ઝવેરીને પાલિતાણા ગામ અને શ્રી શત્રુંજય પહાડ ઈનામમાં આપ્યાં હતાં, તે પછી નગરશેઠના કુટુંબે જ ગારિયાધારના ગોહિલોને વળાવો–ચોકીનું રખોપું આપી તે ગોહિલોને પાલિતાણામાં વસાવ્યા હતા. આર્થિક મદદ આપી પાલિતાણા પ્રદેશના રાજા બનાવ્યા હતા. પણ રખોપાના પ્રશ્ને રુઆબનું રૂપ લીધું ત્યારે

અંગ્રેજ સરકારે વચમાં દખલ કરી રખોપામાંથી ટેક્સનું જે ધોરણ બાંધ્યું તેમાંથી નગરશેઠના કુટુંબના સૌ મનુષ્યો માટે તા. ૨૭-૩-૧૮૮૨ના રોજ માફી જાહેર કરાવી હતી. (ભા. ૪, પ્રથમ આવૃત્તિ, પૃ. ૧૪૩-૧૪૪)

૩. પાંચ લાખનું ધીરાણ અને પરતની વિગત –

સને ૧૬૫૭–૫૮ (વિ. સં. ૧૭૧૩-૧૪)માં શાહજાદા ઔરંગઝેબ અને શાહજાદા મુરાદબક્ષે બંનેએ મળીને લૂંટારા કાનજી કોળીને પકડવા માટે તથા જોધપુરના રાજા જસવંતસિંહને જીતવા માટે ૯૯ હજાર સૈનિકોનું લશ્કર ઊભું કરવા માટે શેઠ શાંતિદાસ પાસે પાંચ લાખ રૂપિયાની મોટી રકમની માગણી કરી હતી.

આથી શેઠ લક્ષ્મીચંદે (માણેકચંદે *) શાહજાદા મુરાદબક્ષને તે રકમ પૂરી પાડી હતી.

શાહજાદા મુરાદબક્ષે પોતાનું કામ પતી જતા શેઠને સુરત, ભરૂચ, ખંભાત અને વીરમગામની ઊપજની રકમ એકઠી કરીને આપી; વળી, મીઠાની ઊપજમાંથી અમુક રકમ આપી. આમ પાંચ લાખ રૂપિયામાંની ઘણી રકમ ભરપાઈ કરી આપી હતી.•

શાહજાદા ઔરંગઝેબે પણ પોતાની ગુજરાતની સૂબાગીરી દરમિયાન હુકમ–ફરમાન કાઢીને શેઠ શાંતિદાસને પૂરેપૂરી રકમ દેણદારો પાસેથી અપાવી હતી.

(**સંપાદકીય નોંધ :** આપણે આગળ જોયું તેમ પૂજ્ય ગુરુદેવ લેખકશ્રીએ બા૦ ઔરંગઝેબનું એક વધુ ફરમાન (પૃ. ૨૪૫ ઉપર) આલેખ્યું છે. તેમ છતાં, 'વિશેષ પ્રકાશ પાડવા'ની તેઓશ્રીની ભાવના, પાછલા વર્ષોની અતિ અસ્વસ્થ તબિયતને લીધે, કદાચ પૂરી ન થઈ હોય અને તે તે વાતોથી આપણે અજાણ રહી ગયા હોય, એમ અમને લાગે છે. આ જ કારણે અમે પૂજ્ય ગુરુદેવની ભાવનાને યથાશક્તિ ચરિતાર્થ કરવા 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી'માં આપેલાં નોંધપાત્ર બધાં જ ફરમાનો ઉપર પ્રગટ કર્યાં છે.)

શત્રુંજય ગિરિરાજ અને યાત્રાળુઓના રખોપાનો કરાર –

અમદાવાદના શેઠ શાંતિદાસ ઝવેરી અને શેઠ રતન સૂરાએ (તપાગચ્છના

★ જુઓ 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી' પૃ. ૧૬૨, પાદનોંધ નં. ૨૮.

● મુરાદબક્ષે પ્રાયઃ કાંઈ રકમ શેઠને ભરી ન હતી. તેણે રકમ પરત આપવાનું ફરમાન લખી આપ્યું હતું, પરંતુ તે તરત જેલમાં જતા કાંઈ જ રકમ ન ભરી શક્યો; અને એટલે જ શેઠ શાંતિદાસે ત્યાર પછી બા૦ ઔરંગઝેબ પાસેથી એ જ રકમ પરત આપવાનું ફરમાન મેળવ્યું હતું. ('નગરશેઠ શાંતિદાસ ઝવેરી' પૃ. ૧૪૩ થી ૧૪૭.)

કારખાનાએ) સં. ૧૭૦૭ના કાર્તિક સુદિ ૧૩ ને મંગળવારે ગારિયાધારના જાગીરદાર ગોહિલ કાંધાજી વગેરે ગોહિલ કુટુંબને શ્રી શત્રુંજય પહાડ તથા તેના યાત્રાળુઓની રક્ષા માટે વળાવો અને ચોકી માટે રકમ મુકરર કરી કરાર સાથે રખોપાનું કામ સોંપ્યું હતું. (પ્રક. ૫૮, પૃ. ૩૨૧ થી ૩૨૩)

છ'રી પાળતા યાત્રાસંઘો –

શેઠ શાંતિદાસે સં. ૧૬૮૨ પહેલાં શ્રી શત્રુંજય અને શ્રી ગિરનાર તીર્થના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢી સંઘપતિનું તિલક પ્રાપ્ત કર્યું હતું.

[શેઠ શાંતિદાસ સં. ૧૬૬૯માં શત્રુંજયતીર્થની યાત્રાર્થે ગયા ત્યારે ત્યાં જીર્ણ થઈ ગયેલા દેવાલયોનો પોતાના તરફથી જીર્ણોદ્ધાર કરવાની વ્યવસ્થા કરતા આવ્યા..... ઉપરોક્ત કામ પુરું થતાં બંને ભાઈઓએ (શેઠ વર્ધમાન અને શાંતિદાસે) સં. ૧૬૭૫માં પં૦ મુક્તિસાગરજીના હસ્તે પ્રતિષ્ઠા કરાવવાનું અને તેમની નિશ્રામાં છ'રી પાળતો યાત્રાસંઘ કાઢવાનું નક્કી કર્યું.... બા૦ જહાંગીરે યાત્રાસંઘના રક્ષણ અને સહાય માટે આજ્ઞાપત્રો અમદાવાદના સૂબા આઝમખાન વગેરે અમલદારો પર મોકલી આપ્યા. સૂબાએ ૫૦૦ માણસોનું સૈન્ય આપ્યું. સંઘમાં સેંકડો સાધુ-સાધ્વીઓ અને પંદરસો ભાવિકો જોડાયાં.... છ'રી પાળતો સંઘ પાલિતાણા પહોંચ્યો. સિદ્ધાચલ ઉપર તીર્થમાળ પહેરી તથા જીર્ણોદ્ધાર થયેલ જિનમંદિરોમાં મહોત્સવ કર્યો અને ભ૦ આદીશ્વરના મૂળ મંદિરમાં દાદાની પ્રતિમાની બંને બાજુ ગોખમાં નવાં જિનબિમ્બોની પ્રતિષ્ઠા કરાવી... આ બંને ગોખ આજે પણ વિદ્યમાન છે. આમાં જે ગોખની વાત છે તે ગોખ મૂળનાયક શ્રી આદીશ્વર દાદાની પ્રતિમાની આસપાસ રહેલ પરિકરમાં આવેલ છે. આ પરિકરના ગોખની મૂર્તિઓમાં જે શિલાલેખો કોતરેલા છે તેની વિગત શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ લિખિત 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઈતિહાસ' (ભા. ૧, પૃ. ૮૫-૮૬)માં છે.]

('પ્રતાપી પૂર્વજો' પુષ્પ બીજું તથા 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી'માંથી સારરૂપ.)

સં. ૧૭૧૩માં શ્રી શત્રુંજય પહાડ અને પાલિતાણા ભેટ મળ્યા બાદ શ્રી શત્રુંજયનો ભટ્ટા૦ રાજસાગરસૂરિની અધ્યક્ષતામાં મોટો યાત્રાસંઘ કાઢ્યો હતો. ત્યાં તેણે મૂળનાયક શ્રી ઋષભદેવ ભ૦ના જૂના પરિકરને બદલે નવું પરિકર બનાવી ભટ્ટા૦ રાજસાગરસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી અને તેમાં શ્રી શત્રુંજય ભેટ મળ્યાનો ઉલ્લેખ કરાવ્યો. શ્રી શત્રુંજય તીર્થના મંદિરોની ચારે બાજુ 'મોટો વિશાળ કિલ્લો' બનાવ્યો. શ્રી શત્રુંજયની તળેટીમાં વાવ બંધાવી.

શેઠે આ સિવાય નવાં જિનાલયો, જીર્ણોદ્ધાર, સાધર્મિકોની ભક્તિ, ગ્રંથલેખન, દુષ્કાળમાં જનતાને અનાજ, પાણી, કપડાં વગેરેની સહાય-દાન વગેરે શુભ કાર્યો કર્યાં.

શેઠ શાંતિદાસ સં. ૧૭૧૫માં અમદાવાદમાં સ્વર્ગસ્થ થયા.

(પં૦ કૃપાસાગર કૃત 'ભટ્ટા૦ રાજસાગરસૂરિ નિર્વાણ રાસ')

[શેઠ શાંતિદાસ મોટા ઝવેરી હતા, શરાફી હતા અને રાજકારણી હતા; પરંતુ તેનાથી વધુ મોટા જૈનધર્મી હતા. ધર્મના કાર્યમાં અને પ્રભુસેવામાં જીવન

ગુજારવું એને પોતાનું અહોભાગ્ય સમજતા હતા.... શાંતિદાસ શેઠને ધન કરતાં ધર્મ વહાલો હતો. પાદશાહને તેઓ મોટા પ્રમાણમાં નાણાં ધીરતા હતા, જેમાં તેમનું લક્ષબિન્દુ પોતાના ધર્મના તીર્થો-મંદિરોનું રક્ષણ મેળવવાનું હતું..... ઘણાં તીર્થો-મંદિરોનો વહીવટ તેમના હાથમાં હતો. તેઓ જૈનોના પ્રતિનિધિ તરીકે પાદશાહ પાસે અરજી કરી એમના (તીર્થોના) ફરમાનો મેળવતા હતા. તેઓ એ માટે ભારે સંપત્તિ અને શક્તિ ખર્ચતા હતા....

શાંતિદાસ ઝવેરી અમદાવાદના નગરશેઠ અને મહાજનના અગ્રેસર તરીકેની ફરજો બનાવતા હતા.... વેપારનું ઊંડું જ્ઞાન, ન્યાય કરવાની સાચી સમજ અને નિઃપક્ષપૂર્ણ ભાવથી, પંચના સ્થાને રહી, તેઓ અનેક વાંધા-તકરારોનો સંતોષકારક નિવેડો લાવતા હતા.... અમદાવાદની પાંજરાપોળનો વહીવટ સંભાળતા હતા. – 'પ્રતાપી પૂર્વજો' પુષ્પ બીજુંમાંથી સારરૂપ.]

નગરશેઠ શાંતિદાસનો પરિવાર –

શેઠ શાંતિદાસનાં ધર્મપત્નીઓ અને તેના પુત્રોનાં નામ આ પ્રમાણે મળે છે.

સં. ૧૬૮૨ અથવા સં. ૧૬૯૭ના પ્રશસ્તિલેખમાં ચાર પત્નીઓનાં નામ મળે છે.

(૧) શ્રીમતી રૂપા (અર્થાત્ સુરમદે). તેનાથી પનજી નામે પુત્ર થયો. સં. ૧૬૯૭ પહેલાં તે મરણ પામી હતી.

(૨) શ્રીમતી કપૂરાદેવી – તેને રતનજી નામે પુત્ર થયો.

(૩) શ્રીમતી ફુલાદે – તેને કપૂરચંદ નામે પુત્ર થયો.

(૪) શ્રીમતી વાછીદેવી – તેને લક્ષ્મીચંદ નામે પુત્ર થયો.

૧. પ્રશસ્તિમાં ઉલ્લેખ છે કે, શેઠને સં. ૧૬૮૨ સુધી (૧) પનજી, (૨) રતનજી, (૩) કપૂરચંદ અને (૪) લક્ષ્મીચંદ નામે પુત્રો હતા.

૨. પં૦ શીલવિજયજી ગણિવરે સં. ૧૭૪૬માં રચેલી 'તીર્થમાલા'માં જણાવ્યું છે કે, શેઠ શાંતિદાસને (૧) રતનજી, (૨) લક્ષ્મીચંદ, (૩) માણેકચંદ અને (૪) હેમચંદ એમ ચાર પુત્રો હતા.

૩. પં૦ ક્ષેમવર્ધનગણિએ 'પુણ્યપ્રકાશરાસ'માં નોંધ્યું છે કે, શાંતિદાસ શેઠને (૧) પનજી, (૨) રતનજી, (૩) લક્ષ્મીચંદ, (૪) માણેકચંદ અને (૫) હેમચંદ એમ પાંચ પુત્રો હતા.

૪. પં૦ કૃપાસાગરગણિએ (કે તેમના શિષ્ય શ્રી તિલકસાગરજીએ) સં. ૧૭૨૨માં રચેલા 'શ્રી રાજસાગરસૂરિ નિર્વાણરાસ'માં શેઠને (૧) રતનજી, (૨)

લક્ષ્મીચંદ, (૩) માણેકચંદ અને (૪) હેમચંદ એમ ચાર પુત્રો હતા એમ જણાવ્યું છે.

૫. નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈના ઘરમાં રહેલ 'નગરશેઠના ગ્રંથ-ભંડાર'ની 'પ્રશ્નવ્યાકરણ'ની મૂળ પાઠની ૩૪ પત્રોની પોથી છે, તેમાંની પુષ્પિકામાં શેઠ શાંતિદાસને પાંચ પુત્રો હોવાની નોંધ છે. તે પુષ્પિકા આ પ્રમાણે છે –

"भट्टारक श्रीमन्नसूरि विजयराज्ये वाचककनकराजमुनि लाभसागर–मुनि हीरसुन्दरेण लिखितम् स्तम्भतीर्थे ।" संवत् १६१३ वर्षे शाके १४७९ प्रवर्त्तमाने स्तम्भतीर्थमहानगरे

परिशिष्ट : ગ્રંથભંડારની વિશેષ નોંધ : **साह श्री सहस्रकिरण सुततपगच्छोद्-योतकारक – दिल्हीपतिपातशाह प्रदत्तगज-तुरङ्गादिलक्ष्मीधारकद्विपञ्चाशत्सच्छिखरोपशोभित श्री चिन्तामणि प्रासादकारक - श्री शत्रुञ्जयोज्जयन्ताद्यनेकतीर्थयात्रासंघपति (तिलक) लालामधारक – संघमुख्यशाह श्री शान्तिदाससुत शा० पनजीकेन स्वभ्रातृशाहरतनजी – शा० लक्ष्मीचन्द – शा० माणेकचन्द – शा० हेमजीप्रभृतीनां परिपालनार्थ श्री उग्रसेनपुरे कोशः कारितः ॥"**

આ વિવિધ નોંધોમાં શા૦ પનજી અને શા૦ કપૂરચંદનાં નામો માટે વિસંવાદ નોંધાયેલા છે.

અમને લાગે છે કે, શા૦ પનજી શેઠ શાંતિદાસનો મોટો પુત્ર હતો. કદાચ તેને શાંતિદાસના મોટાભાઈ વર્ધમાને ખોળે લીધો હોય અને તે લોકવ્યવહારમાં બહુ ભાગ લેતો ન હોય. તેમજ શેઠાણી ફૂલાદેનો પુત્ર કપૂરચંદ શેઠ શાંતિદાસની વિદ્યમાનતામાં જ સં. ૧૭૧૩ની સાલ અગાઉ મરણ પામ્યો હોય. તેને કોઈ પુત્ર પરિવાર નહોતો.

શાંતિદાસ ઝવેરીનાં પત્નીઓ અને તેના પુત્રો

પત્નીઓ:	રૂપાદે*	કપૂરદેવી	ફુલાદેવી	વાછીદેવી
પુત્રો:	પનજી	રતનજી (રત્નાજી) (જન્મ ઈ.સ.૧૬૨૯)	કપૂરચંદ (ઈ.સ.૧૬૩૮)	લક્ષ્મીચંદ (ઈ.સ.૧૬૪૦)

આ ઉપરાંત શાંતિદાસ શેઠને પાછળથી માણેકચંદ નામે પુત્ર (કઈ પત્નીથી તેની કોઈ વિગત મળતી નથી) થયો હતો. આ માણેકચંદ પછીથી (તે અને તેના વંશજો) સુરતમાં વસ્યા. તેને કેશરીચંદ નામે પુત્ર થયો. પૂર્વે તેણે સૂબા મુરાદબક્ષ (શાહજહાંના પુત્ર)ને પૈસા (૪,૨૨,૦૦૦) ધીર્યા હતા. ('પ્રતાપી પૂર્વજો')

* પુત્ર પનજીની માતાનું નામ સુરમદે હતું. (જુઓ 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી', પૃ. ૧૭, પાદનોંધ–૯.)

શેઠ શાંતિદાસના છ પુત્રો –

(૧) પનજી – આ સૌથી મોટો પુત્ર હતો. તે લોકવ્યવહારમાં બહુ ભાગ લેતો નહોતો. તે પિતાના ગ્રંથભંડાર માટે નવા નવા ગ્રંથો લખાવતો હતો. દાની હતો. જનતાને દુષ્કાળમાં તેમજ નિરંતર અન્ન, કપડાં અને પૈસાની મદદ કર્યા કરતો. તેને દેવકી નામે પત્ની હતી અને કલ્યાણચંદ નામે પુત્ર હતો. સંભવ છે કે, કલ્યાણચંદ અને તેની માતા સં. ૧૭૪૬ પહેલાં મરણ પામ્યાં હોય.

(૨) રતનજી – તેને ..... નામે પત્ની હતી અને ખીમચંદ નામે પુત્ર હતો. (અને બીજો હીરાચંદ નામે પુત્ર હતો.)★

(૩) કપૂરચંદ – સંભવ છે કે તે સં. ૧૭૧૩ પહેલાં મરણ પામ્યો હોય.

(૪) લક્ષ્મીચંદ – તેને ખુશાલચંદ નામે પુત્ર હતો. તેના વંશમાં જ નગરશેઠ હેમાભાઈ વગેરે થયા છે.

(૫) માણેકચંદ – તેને .... નામે ભાર્યા હતી અને કેસરીચંદ નામે પુત્ર હતો. તેના વંશજો સુરતમાં જઈને વસ્યા. તેનો મોટો પરિવાર સુરતમાં છે.

(૬) હેમાભાઈ.

નોંધ : આ બધા ભાઈઓએ સં. ૧૭૧૭ના દુકાળમાં જનતાને વિવિધ પ્રકારની મદદ કરી હતી.

(શેઠ હઠીસંગ કેશરીચંદ માટે જુઓ પૃ. ૭૪૧ તથા મગનલાલ કપૂરચંદ માટે જુઓ પૃ ૭૪૫ થી ૭૫૬ : 'ગુજરાતનું પાટનગર અમદાવાદ')

પરિવારના ધર્મકાર્યો –

શેઠ શાંતિદાસના પરિવાર સંબંધી વિશેષ શુભ ઘટનાઓ નીચે પ્રકારે નોંધાયેલી મળી આવે છે.

૧. ભટ્ટા૦ રાજસાગરસૂરિએ સં. ૧૬૯૮ના પોષ સુદિ ૧૫ ને ગુરુવારે .....માં પં૦ હર્ષસાગરને આચાર્યપદવી આપી, આ૦ વૃદ્ધિસાગરસૂરિ નામ રાખી, પોતાની પાટે સ્થાપન કર્યા.

શેઠ પનજી તથા તેમની પત્ની દેવકીએ સં. ૧૭૦૭ના વૈશાખ સુદિ ...ના રોજ અમદાવાદમાં ભટ્ટા૦ વૃદ્ધિસાગરસૂરિનો વંદના મહોત્સવ કર્યો.

★ હીરાચંદ – તેના માટે સં. ૧૭૩૩ના ભાદરવા સુદિ ૩ ને ગુરુવારે 'વિવેકવિલાસ' લખાવ્યો. સુરતના સંઘવી પ્રેમચંદ પારેખે અને કપૂરચંદ ભણશાલીએ શેઠ હીરાચંદને સં. ૧૭૭૦ના ચૈત્ર સુદિ ૧૦ના રોજ શ્રી શત્રુંજયના છ'રી પાળતા યાત્રાસંઘમાં સાથે લીધા હતા. (પ્રક. ૫૭, પૃ. ૪૦)

૨. ભટ્ટા૦ વૃદ્ધિસાગરસૂરિએ સં. ૧૭૪૫ના વૈશાખ વદિ ૨ ને મંગળવારે .....માં પં૦ શ્રી નિધિસાગરને આચાર્યપદવી આપી અને આ૦ લક્ષ્મીસાગરસૂરિ નામ રાખી પોતાની પાટે સ્થાપન કર્યા. શેઠ લક્ષ્મીચંદે આચાર્યપદવીના ઉત્સવમાં દ્રવ્ય–ખરચ કર્યું.

૩. ભટ્ટા૦ રાજસાગરસૂરિ સં. ૧૭૨૧ના ભાદરવા સુદિ ૬ ના રોજ અમદાવાદમાં સ્વર્ગસ્થ થયા.

૪. ભટ્ટા૦ વૃદ્ધિસાગરસૂરિ સં. ૧૭૪૭ના આસો સુદિ ૩ ને ગુરુવારે અમદાવાદના રાજપુરામાં સ્વર્ગસ્થ થયા ત્યારે શેઠ લક્ષ્મીચંદ તથા શેઠ રતનજીના પુત્ર શા૦ અમીચંદ વગેરે ત્યાં હાજર હતા. તેઓએ ભક્તિ કરી સ્વર્ગગમન ઉત્સવ ઉજવ્યો. (–સં. ૧૭૫૫માં પં૦ શ્રી દીપસૌભાગ્ય ગણિકૃત 'ભટ્ટા૦ શ્રી વૃદ્ધિસાગરસૂરિરાસ')

૫ નગરશેઠ લક્ષ્મીચંદ –

નગરશેઠ શાંતિદાસનો એ ચોથો પુત્ર હતો. તેની માતાનું નામ વાછીદેવી હતું. તેને ..... નામે પત્ની હતી અને ખુશાલચંદ નામનો પુત્ર હતો. શેઠ લક્ષ્મીચંદ બુદ્ધિશાળી, વ્યવહારુ, પ્રવીણ અને ધર્મપ્રેમી હતા. શેઠ શાંતિદાસના સ્વર્ગવાસ પછી તે અમદાવાદના નગરશેઠ બન્યા હતા. તેઓ બહોળો વેપાર ખેડવામાં અને મોગલ બાદશાહો સાથેના દરેક સંબંધો જાળવી રાખવામાં ખૂબ કુશાગ્ર હતા. બાદશાહોની પણ તેમના પ્રત્યે પૂરેપૂરી મહેરબાની હતી. બા૦ બહાદુરશાહે તેમને પ્રથમ પંક્તિના અમીર બનાવી પાલખી, છત્ર અને મશાલનું માન આપ્યું હતું.

શેઠ લક્ષ્મીચંદે ભટ્ટા૦ વૃદ્ધિસાગરસૂરિ બીમાર થતાં તેમની ખૂબ ભક્તિ કરી. છેવટે તેમણે સૂરિજીનો સ્વર્ગગમન–ઉત્સવ ઉજવ્યો.

૬ નગરશેઠ ખુશાલચંદ –

શેઠ ખુશાલચંદે અમદાવાદમાં વાઘણપોળમાં પોતાના દાદા નગરશેઠ શાંતિદાસના પુણ્યાર્થે તેની યાદગીરીમાં શ્રી આદીશ્વરનો મોટો જિનપ્રાસાદ બંધાવ્યો અને તેમાં સં. ૧૬૮૨માં (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠા સમયે) અંજનશલાકા થયેલ જિનપ્રતિમાઓ લાવી પધરાવી.

અમદાવાદ શહેરની પ્રજાની રક્ષા :

સને ૧૭૦૫ થી ૧૭૬૫ સુધીમાં મરાઠા, પઠાણ, પેશવા અને ગાયકવાડ વગેરે પક્ષો ગુજરાત–સૌરાષ્ટ્રમાં પોતાનું રાજ્ય સ્થાપવા મથતા હતા. આથી કોઈ પણ પક્ષનો અમદાવાદ ઉપર ઓચિંતો હલ્લો થતાં પરિણામે જનતાના જાન, ધન-માલ વગેરેની નુકસાની સહન કરવી પડતી. ત્યારે ગુજરાતમાં હીજરી સનનો વ્યવહાર હતો.

હીજરી સન ૧૧૩૭, સને ૧૭૨૫ અને ચૈત્રાદિ વિ. સં. ૧૭૮૨માં અમદાવાદ ઉપર એકાએક આફત આવી. તે પહેલાં અહીં કમાલુદ્દીન બાબી સૂબો હતો અને તે પછી અહીં મોઝીનખાન સૂબો થયો હતો. વજીર બાદશાહ કમરુદ્દીન દિલ્હીવાળો હતો.

હીજરી સન ૧૧૩૭માં દક્ષિણના લૂંટારા મરાઠાઓએ અમદાવાદને લૂંટવા અને અમદાવાદની જનતાને મારી નાખવા–બાન પકડવા ઘેરો ઘાલ્યો અને શહેરનો કબજો લઈ પ્રજાને લૂંટવી એવી ધાસ્તી બતાવી.

આથી શહેરના ઉદ્યમ-વેપાર બંધ થયા, શહેર બહાર જવા-આવવાનું બંધ થયું, શાહુકાર વગેરે હેરાન થયા; ત્યારે નગરશેઠ ખુશાલચંદ મરાઠા સરદારને મળ્યા અને મોટી રકમ આપી, સમજાવી ફોજોનો ઘેરો ઉઠાવરાવ્યો. આથી અમદાવાદનાં પુરુષો, સ્ત્રીઓ, છોકરાં, માલમિલકત બધું બચી ગયું ને વેપાર ચાલુ થયો. નગરશેઠે શહેર ઉપર મોટો અહેસાન કર્યો. આથી શહેરના મોટા હિંદુ-મુસલમાન શાહુકારો, બીજા નાના શાહુકારો, વેપારીઓ તથા વિવિધ હુન્નર–ઉદ્યોગવાળા બધાએ મળીને નિર્ણય કર્યો કે –

''રૈયતની જમાબંધી ઉપર દર સેંકડે ચાર આના નગરશેઠ ખુશાલચંદ, તેના પુત્ર નથુશા તથા તેના વંશવારસદારોને વંશપરંપરાના હક્કો આપીશું.''

આ પ્રમાણે સહી-સિક્કા સાથે લખાણ કર્યું, જે નીચે મુજબ છે :

જમાબંદી ઉપર દર સેંકડે ચાર આના આપવાનું ફરમાન

અમદાવાદની પ્રજાએ નગરશેઠ ખુશાલચંદ અને નથુશાહ વગેરેને વંશપરંપરાના હક્કે જકાતના ચાર આના બાંધી આપ્યા તેનો પટ્ટો.

(હીજરી સન ૧૧૩૭, ઈ. સ. ૧૭૨૫, વિ. સં. ૧૭૮૨)

રાજેશ્રી કુમાલસદાર તથા લખતંગ વર્તમાન
ભાલશહેર, અમદાવાદ. ગોશાલીઆશી.

અખંડિત લક્ષ્મી અલંકૃત રાજમાન સ્નેહાંકિત **રઘુનાથ બાજીરાવ** આશરવાદ તા. નમસકાર સહુર સન શલાસ બંમશેન મઆવ અલફ **નથુશાં વલદ ખુશાલચંદ નગરશેઠ શહેર** મજકુર એમણે હજુરમાં આવીને અરજ ગુજારી કે અમો શેઠ અસલના વતનદાર બાદશાહની ચાકરી કરતા આવ્યા છીએ, અને હીજરી સને ૧૧૩૭ના વરસમાં હમીદખાનના મનમાં મરાઠાઓની ફોજો આવીને શહેરની આસપાસ મોરચાં દીધાં અને શહેર લઈને રૈયત લૂંટવી એવી ધાસ્તી નાખી. તે ઉપરથી ઉદ્યમ વેપાર સર્વે શહેરમાં બંધ થયા. શહેરમાંથી કોઈ બહાર જઈ આવી ન શકે એવું થયા ઉપરથી શહેરના શાહુકાર વગેરે લોકો ઘણા જ હેરાન થયા. તે ઉપરથી **અમારા તીર્થરૂપ ખુશાલચંદ** એમણે મહેનત તથા ધીરજથી મરાઠા

સરદારને મળીને સરકારમાં **'ગાંઠના પૈસા'** ખરચ કરીને મરાઠાઓની ફોજોના મોરચાં ઉઠાવવાથી શહેરમાં ઉદ્યમ વેપાર સારો ચાલવા માંડ્યો. તે માટે શહેરના શાહુકાર વગેરે લોક ઘણા ખુશી થયા કે, ખુશાલચંદે પોતાની ગાંઠના પૈસા ખર્ચ કરીને શહેરના વાસ્તે તેઓ ઘણા ઉપયોગી થયા. એમના વડે આપણા છોકરા તથા માણસ તથા માલમિલકત, જણસભાવ સરવે રહ્યું. એવડો **અહેસાન** સર્વના ઉપર એમણે કર્યો. એમને આપણે શું આપવું એવું કીશોરદાસ વલદ રણછોડદાસ તથા અવચલદાસ વલદ વલ્લભદાસ તથા મહમ્મદ વલદ અબદુલ તથા હેબાવ અબદુલ આકાં વલદ શાહંતભાઈ – એ ચાર **માતબર શાહુકાર** અને બીજા સરવે શાહુકાર અને ઉદ્યમી સમસ્ત વેપારી લોક વગેરે મળીને વિચાર કર્યો અને પોતાની ખુશરજામંદીથી 'મહાલ કોટવાલની છાપો તથા કોટ મનીઆર શહેર મજકુર અહીં આમ દરફતી થઈને માલની કિંમત સરકારના હાંસલમાં ઠરાવ થાય. તે ઉપરથી સરકારની જમાબંદી સિવાય રૈયતની નીસબતે દર સેંકડે ચાર આના પ્રમાણે અમારા બાપને પુત્ર-પુત્રાદિ વંશ પરંપરા કરી આપશું.' અમારું રાજીનામું (રાજીખુશીથી) કરી આપ્યું છે, તથા આ પ્રમાણે કમરૂદ્દીનખાન વજીર બાદશાહ દિલ્લીવાલાનો પરમાણો **મોઝીનખાન** અહીંના સૂબા એમનો કાગળ સિક્કા સહિત તથા શહેરના મુસદ્દી, કાજી, બક્ષી તથા વકાએન નગર તથા સવાને નગાર એમનો કાગળ સિક્કા સહિત કરી આપ્યો છે. એ પ્રમાણે ભોગવટો ચાલતો આવ્યો તે ઉપરાંત અમારા ખુશાલચંદ ગુજરી ગયા તે વખત માજી **સૂબા કમાલુદ્દીનખાન બાબી** એમની પાસે સદરહુ પ્રમાણે કાગળપત્ર જાહેર કર્યા તે ઉપરથી રૈયતની રજામંદીથી સદામત ભોગવટા પ્રમાણે અમારા નામે કાગળ સિક્કા સહિત કરી આપ્યો છે. એમ આજ સુધી ચાલતું આવ્યું છે તે માટે હાલ સરકારનો અમલ થયો. અને અમે સાહેદ ચાકરીના ઉમેદવાર છીએ તો સાહેબ મહેરબાન થઈ તે પહેલાની હકીકત તથા શાહુકારનું રાજીનામું તથા સૂબા તથા મુત્સદ્દીએ એમના કાગળ તથા ભોગવટો ચાલતો આવ્યો છે તે દિલમાં ઉતારી આ પ્રમાણે હાલ કરાર કરીને કાગળ આપવા જોઈએ, માટે તે ઉપરથી દિલમાં આવતાં એમના વડીલ પરાં-પુરવથી એકનિષ્ઠાએ સેવા કરતા આવ્યા છે. તેઓ સાહેબ ચાકરીના ઉમેદવાર છે, એમનું ચલાવવું જરૂર તથા રૈયતે ખુશીથી પોતાની રાજી રજામંદીથી ચાર આંના કરી આપ્યા તે પ્રમાણે રાજીનામુ તથા સૂબા–મુત્સદ્દી એમના કાગળ છે તથા આજ સુધી ભોગવટો ચાલતો આવ્યો છે. એવું જાણીને એમના ઉપર મહેરબાન થઈને સદરહુ પ્રમાણે **નથુશા** એમને કોટ પારવાનો તથા છાપો કાટાં મણીઆર તથા શહેર મજકુર આહીં આમદ રફતી માલ કિંમત ઠરાવ થશે તે માલ ઉપર સેંકડે ચાર આના પ્રમાણે સરકારની જમાબંદી સિવાય રૈયતની નીસબત સદામત પ્રમાણે કરાર કરી આપીને આ કાગળ કરી આપ્યો છે તો સદરહુ પ્રમાણે રૈયત રજામંદીથી રૈયત નીસબત તથા એમના પુત્ર-પુત્રાદિ વંશપરંપરા એમની

તરફ ચાલુ રાખવું. દર વરસે નવા કાગળની જરૂર ન રાખવી. આ કાગળની નકલ રાખીને અસલ કાગળની જરૂર ન રાખવી, આ કાગળની નકલ રાખીને અસલ કાગળ ભોગવટાદારને પાછો આપવો. સારાંશ વાત એ કે શાહુકારની રજામંદીથી સદામત ચાલતા આવ્યા પ્રમાણે ચલાવવું જાણવું.

ચંદ્ર ૧૯ જમાદીલાકર ખરઆંગના મહોરનબ.

આદી
મસરએ
રસુલુલ્લહા
કાજી મુસ્તફીદખાં
૧૧૫૦

નકલ અસલ મુજબ છે.

અગાઉના દીવાન મરહુમ **મોઝીનખાન** તથા પેસ્તરના કાજી મરહુમ **અબદુલ અહમદખાન** તથા મરહુમ બક્ષી અમાઉલદારખાન તથા હકીકત લખનાર **કબીર આલીખાન** મરહુમના મોહથી શાબીત થયેલા કરારનામા એવી રીતે કે આ નીચે લખેલા માણસો એકરાર અને કબુલ કરે છે. તેમના નામની યાદી –

કિશવરદાસ રણછોડદાસ,	સુંદરદાસ કેવાદાસ,
કવલનેણ રઘનાથદાસ,	થાવરજી બલ્લમ,
જેચંદ બલ્લમ,	ભૂખણદાસ બલાખીદાસ,
અબુબકર શાહાભાઈ,	તારાચંદ મોરારજી,
બનમાળીદાસ ગોકુળદાસ,	મહમદ અબદુલ વાહીદ

વગેરે અમદાવાદના વેપારીઓ તથા સોદાગર જત હીજરી સને ૧૧૩૭માં દખણી (મરાઠા) લૂંટારાએ ભારી ફોજ લઈ અમદાવાદને લૂંટવા તથા ત્યાંના રહેનારાઓને મારી નાખવા તથા કેદી બનાવવાના ઈરાદાથી શહેર ઉપર ઘેરો ઘાલ્યો હતો. અમો વગેરે શહેરના રહેનારાઓને ત્યાંથી ભાગી જવાનું અથવા તેઓના હાથથી છુટા થવાનું સુઝતું નહોતું. એવા કઠણ વખતમાં અમારા જાનમાલને બચાવવાને માટે **શેઠ ખુશાલચંદ લખમીદાસ બીન શાંતિદાસ ઝવેરીએ** ઘટતી તરદદુદ અને કોશીશ પેશ પહોંચાડી પોતાના ઘરના ઘણા પૈસા ખરચીને અમોને તે લૂંટારાઓના હાથથી બચાવ્યા. તે માટે અમો અમારી ખુશીથી એકરાર કરીએ છીએ કે – અમદાવાદના કોઠાની છાપના કાપડ પાછળ અમારા માલમાંથી સેંકડે ચાર આના **સદરહુ શેઠ તથા તેમની ઓલાદને** આપતા રહીશું. તે ના આપવામાં કશી તરેહનો વાંધો કે કસુર કરીશું નહીં, ને અમારા આ કરારથી અમો ફરીશું નહીં. માટે આ રાજીનામાની રાહે લખી આપીએ છીએ કે બીજીવાર કામ આવે તા. ૧૦ મી માહે શાબાન સને ૧૧૩૭.

અસલ ઉપરથી ઉકલ્યા મુજબ તરજુમો.

મુનશી હુસેનઅલી ગુલામઅલી સહી દઃ પોતાના.

તરજુમાની નકલ મુકાબલ કરનાર **પ્રાણજીવન નથુભાઈ, કારકુન.**

શ્રાવકો તરફથી માગી તા. ૨૮ જુન સને ૧૮૮૩.

આપવા હુકમ તા. ૨૮ જુન સને ૧૮૮૩.

તૈયાર કરાવી આપી તા. ૨૯ જુન ૧૮૮૩.

ખરી નકલ – આ૦ પો૦ એજન્ટ

મશાલ તથા પાલખીની સનદ –

અ : આબદાગીરી તથા મશાલના પગાર સનંદ (સનદ)

રાજેશ્રી કમાળશદાર વરતમાનભાળ
શહેર અમદાવાદ ગો૦ શા૦

અખંડિત લક્ષ્મી અલંકૃત રાજમાન સનેહાંકીત **ગોવિંદરાવ ગાયકવાડ** સેના ખાસખેલ સમશેર બહાદુર, દંડવ્રત રામ રામ. સુરસંન શીત-તી સેઈન મઈઆ **અલફ-વખતચંદશા** શેઠ શહેર મજકુરના એમને સરકારમાંથી આબદાગીરી તથા મશાલ આપી છે. તે બાબત બે આશામીનો પગાર રૂા. ૮/- નીમણુંક છે. તે નીમણુંક પ્રમાણે સદરહુ દરમાયો રૂા. ૮ આપતા જવું. મશાલનું તેલ દરરોજ પકુ પાશેર પામે છે, તે પ્રમાણે આપ્યા જવું. દર સાલ નવીન પત્રની અપેક્ષા ન લેતાં આ પત્રની નકલ તેઓએ માગી લઈ આ પત્ર ભોગવટા માટે શેઠ મજકુરને પરત પાછો આપવા. **જાણી જે ચંદ્ર-બશાવા** માહે રબીઉલ અવલ.



આ : રાજે શ્રી ભગવંતરાય ગંગાધર કમાળસદાર

પ્રગણે અમદાવાદના સરકાર ભાગ ગો૦ શા૦

અખંડિત લક્ષ્મી અલંકૃત રાજમાન સનેહાંકીત **આણંદરાવ ગાયકવાડ** મૈયાતેન **અલફ રાજેશ્રી વખતચંદ ખુશાલચંદ** શેઠ વારેબ શહેર મજકુરનાએ સરકાર ચાકરીની બહુ મહેનત કરી સબબ તેમને બહુમાન સરકાર સરકારમાંથી ચંદ્ર ૧ માહે સવાલ સાલ મજકુરથી પાલખી આપી છે. તેની તે તહેનાત એક સાલના ચાર મહિનાના રૂા. ૧૦૦૦ (એક હજાર) તથા પાલખીના સરંજામ બાબત એક

સાલ અડધું–બે સાલ મળીને રૂા. ૩૦૦ (ત્રણસો) પ્રમાણે સાલ દર સાલ પ્રગણે મજકુરથી આપવી. નીમણુંકમાં મજયે મલશે. ચંદ્ર ૨૩ રમજાન.





પાલખીની સનદ શેઠ વખતશાને મળેલી.

૬ : આબદાગીરીની સનદ

નકલ



આંગના પત્ર સરકાર રાજેશ્રી **માનાજીરાવ** ગાયકવાડ તાહા; **વખતચંદ ખુશાલચંદ શેઠ** સુરશન આરબાંસમાંન મઈઆવા અલફ તમોને સરકારે કીરપાવંત થઈ આબદાગીરી આપી છે. તેનો અનુભવ લઈ સરકાર ચાકરી એકનિષ્ઠાથી કરવી છે.

૧૪ માહે શાબાંન



(જૈન ઐતિહાસિક રાસમાળા, ભા. ૧, સમાલોચના પૃ. ૩૩ થી ૩૫)

નોંધ : હીજરી સન ૧૧૩૭, સને ૧૭૨૫, વિ. સં. ૧૭૮૨માં મરાઠાની સેનાએ અમદાવાદને ઘેરો ઘાલી અમદાવાદને જીતીને લૂંટવા વિચાર કર્યો હતો. આથી પ્રજામાં અશાંતિ વધી. આ સમયે નગરશેઠ શાંતિદાસના વંશના શેઠ ખુશાલચંદે પોતાની ગાંઠના પૈસા ખર્ચ કરી મરાઠાના સેનાપતિ હમીદખાનને ખુશ કરી શહેર લૂંટવાનું મોકુફ રખાવ્યું. નગરશેઠના આ ઉપકારના બદલામાં અમદાવાદના શાહુકાર તથા વેપારી પ્રજાએ મળીને રાજ્યની **જમાંબધી** પ્રમાણે દર સેંકડે ચાર આનાની રકમ શેઠ ખુશાલચંદ તથા તેના વંશજોને આપવી, તેમ નક્કી કર્યું હતું.

શેઠ ખુશાલચંદના પુત્ર શેઠ નથુશાહે (રાજમાન) રઘુનાથ બાજીરાવને અરજી કરી, આ રકમ પોતાને અને પોતાના વંશજોને મળે તેની સનદ મેળવી હતી.

ત્યારથી નગરશેઠના વંશજોને આ રકમ મુસલમાની રાજ્યમાં બરાબર મળતી રહી હતી. અને બ્રીટીશ રાજ્યે તા. ૨૫-૭-૧૯૨૦ના રોજ તે રકમને બદલે દર સાલની

ઉચક રકમ રૂા. ૨૧૩૩ બાંધી આપી હતી.

નગરશેઠનું કુટુંબ દર સાલ જેઠ વદિ ૯ના રોજ આ રકમમાંથી દૂધપાક, પુરી, શાક અને પતરવેલીયાનું જમણ કરી જમતું હતું. તેમાં નગરશેઠના કુટુંબના સૌ માણસો તથા નગરશેઠના કુટુંબની કુંવારી કે પરણેલી પુત્રીઓ સૌ જમતા હતા. માત્ર પુત્રીઓના પુત્રો કે પુત્રીઓ જમતા ન હતા.

ગુજરાતના બા૦ અહમદશાહે અમદાવાદ વસાવ્યું ત્યારથી તેણે રાજ્ય તરફથી દરેક ગરીબો, અનાથો વગેરેને હંમેશાં ચણા આપવાનું ચાલુ કર્યું હતું.

મુસલમાની રાજ્યમાં, બ્રીટીશ રાજ્યમાં અને કોંગ્રેસના (સ્વતંત્ર ભારતના) રાજ્યમાં આ દાન ચાલુ રહ્યું છે. આજે પણ અમદાવાદના માણેકચોકમાં રાણીના હજીરામાં આ દાન અપાય છે.

લોકશાહી રાજ્યમાં પણ પ્રજાહિતના બદલામાં શેઠ કુટુંબને ઉપકારની યાદીમાં ઉપર મુજબની રકમ જે અપાય છે, વિશ્વાસ છે કે ભવિષ્યમાં પણ આપવાનું ચાલુ રહેશે.

શેઠ ખુશાલચંદના પુત્ર શેઠ નથુશાએ રાજા રઘુનાથ બાજીરાવને પોતાને અને પોતાના વંશજોને જમાબંધી મળવાની જે અરજ કરી સનદ મેળવી હતી, તેની નકલ અમે ઉપર આપી છે. ઉપરાંત, રાજા **ગોવિંદરાવ ગાયકવાડ સરકાર** વગેરેએ રાજ્ય તરફથી નગરશેઠ વખતચંદને મશાલ, પાલખી તેમજ તેના સામાનના રૂા. ૩૦૦ તથા તહેનાતના દર સાલ રૂા. ૧૦૦૦ આપવાનું નક્કી કરી તેમને જે સનદો આપવામાં આવી તે પણ ઉપર બતાવી છે.

ત્યારબાદ આનંદરાવ ગાયકવાડ, સયાજીરાવ ગાયકવાડ વગેરેએ નવી નવી સનદો આપી તે સનદોને કબૂલ રાખી હતી.

(જૈન ઐતિહાસિક રાસમાલા, ભા. ૧, સમાલોચના પૃ. ૩૪ થી ૩૭)

વિશેષ નોંધ : બ્રીટીશ સરકારે નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈને અમદાવાદના કલેક્ટર જે. ડબલ્યુ. હેલો (J. W. Halaw) અને ન્યાયમૂર્તિ એ. બી. વાર્ડન (A. B. Warden) તરફથી લખાઈ આપેલી, જેમાં નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ કરેલી પ્રજાહિત તથા રાજ્ય હેતુનાં કામો અને સખાવતોની વિગતોના આધારે તથા ભલામણથી ઓનરેબલ રાવબહાદુરનો ખિતાબ આપ્યો હતો. તેમજ મુંબઈ ઈલાકાની હાઈકોર્ટમાં જિલ્લાવાર વકીલોની ખુરશીમાં તેમની તરફના વકીલની અને રાજકોટ એજન્સીની કચેરીમાં પાલિતાણાના ઈજારદાર (જાગીરદાર) અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અધ્યક્ષ તરીકે ખુરશી આપી હતી.

અમે શેઠ પ્રેમાભાઈનો વિશેષ ઈતિહાસ હવે પછી આપીશું.

વજીર કમરુદ્દીનખાન દિલ્હીવાળાને આ લખાણ (ઉપરોક્ત ફરમાન) બતાવ્યું અને પાસ કરાવ્યું. તેમજ અમદાવાદના મોટા વ્યાપારી, સોદાગર હિંદુ-મુસલમાન સૌએ હીજરી સન ૧૧૩૭ શાઅબાન મહિનાની ૧૦મી તારીખે શેઠ

ખુશાલચંદ લક્ષ્મીચંદે પ્રજાના જાન-માલ બચાવી ઉપકાર કર્યો તે બદલ કોડીની છાપના કાપડમાંથી અર્થાત્ જેટલો માલ શહેરના કાંટા ઉપર છપાય તે ઉપર દર સેંકડે ચાર આના આપવાના પોતાના પૂર્વજોના કાગળને સમર્થન આપ્યું.

જકાતની આ રકમ બ્રીટીશ રાજ્યે તા. ૨૮-૬-૧૮૮૩ના પત્રો વગેરે તપાસી-મેળવી તા. ૨૫-૭-૧૯૨૦ના રોજ આ રકમને બદલે દર સાલની ઉચક રકમ રૂપિયા ૨૧૩૩ સરકારી તિજોરીમાંથી આપવાનું નક્કી કર્યું હતું.

જિનપ્રતિમાઓનું સ્થાનાંતર (વિ. સં. ૧૭૯૯) –

ઇતિહાસ લેખક શ્રી મગનલાલ વખતચંદ લખે છે કે –

ગુજરાતમાં જોધપુરનો રાજા અભયસિંહ રાઠોડ સૂબો હતો. તેના વતી રત્નસિંહ ભંડારી ગુજરાતનો (નાયબ) સૂબો બન્યો હતો.

(જુઓ આવૃત્તિ પહેલી, ભા. ૪, પૃ. ૩૭૯, ૩૮૬ અને ૩૮૯ તથા 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી', પૃ. ૧૮૯)

તે પછીના સૂબાના સમયે એક મુસલમાન અમલદારના ભેજામાં એવી ધૂન આવી કે આ દેરું (મંદિર) વટલાવી, તેમાં પેસી નિમાઝ પઢાવવી જોઈએ.

શેઠ ખુશાલચંદે આ વાત સાંભળી. તેઓ ત્યાંની જિનપ્રતિમાઓને ઉઠાવી ગાડાંઓ મારફત ઝવેરીવાડમાં લઈ આવ્યા. તેમાંની ત્રણ મોટી પ્રતિમાઓને તેણે શેઠ શાંતિદાસની સ્મૃતિમાં બનાવેલ શ્રી આદીશ્વર ભ૦ના ભોંયરામાં પધરાવ્યા. મૂળનાયક શામળા ચિંતામણિ પાર્શ્વનાથને ઝવેરીવાડના શેઠ વખતચંદના પુત્ર સૂરજમલે બનાવેલા જિનાલયમાં પાછળથી પધરાવ્યા. આ દેરાસર આજે વાઘણપોળમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસર તરીકે પ્રસિદ્ધ છે.

[તે તીર્થરૂપ પણ મનાય છે. જૈનોને આ સ્થાન માટે એવો વિશ્વાસ છે કે, કોઈ પણ પુરુષ કે સ્ત્રી લાગલગાટ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું છ મહિના સુધી અખંડ દર્શન કરે તો તેમનાં મનોવાંછિત ફળે છે. આથી દૂર દૂરના જૈનો–અજૈનો અહીં નિરંતર દર્શન કરવા આવે છે.]

મુસલમાનોએ સરસપુરનો જિનપ્રાસાદ વટલાવ્યો. રંગમંડપ, ઘૂમટ, પૂતળીઓ વગેરેને તોડી-ફોડી વિકૃત કરી નાખ્યાં. આ જૂનું દેરાસર સરસપુરની પશ્ચિમે ખંડેરરૂપે ઊભું છે. (– અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૧૪૨-૧૪૩)

વૃદ્ધવાણી –

શા૦ મગનલાલ વખતચંદે ઉપર્યુક્ત દેરાસરનો જે ઇતિહાસ આપ્યો છે તે અંગે વૃદ્ધવાણી પરંપરાથી તેવી ચાલે છે કે –

શેઠ ખુશાલચંદ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદની પ્રતિમાઓને, જે શેઠ શાંતિદાસે ત્યાંથી પોતાની હવેલી સુધી સુરંગો બનાવી હતી તે રસ્તે, રથો મારફત ઝવેરીવાડમાં બધી પ્રતિમાઓને લઈ આવ્યા.

શેઠ ખુશાલચંદે શ્રી આદીશ્વરનો જિનપ્રાસાદ બંધાવ્યો હતો, તેમાં શ્રી ધર્મનાથ વગેરે જિનપ્રતિમાઓ હતી તેને ઉપર લાવી પધરાવી અને ભોંયરામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાંથી લાવેલી વિશાળકાય શ્રી આદિનાથની ત્રણ પ્રતિમાઓને પધરાવી. આજે એ ત્રણ પ્રતિમાઓ તેમાં બિરાજમાન છે.

આ ઉપરના ઈતિહાસમાં અને વૃદ્ધવાણીમાં ઘણું સત્ય છુપાયેલું છે પરંતુ વિશેષ તપાસને અંતે જાણવા મળે છે કે –

શેઠ ખુશાલચંદ વિ. સં. ૧૭૯૯માં કે ૧૮૦૦માં મુસલમાનો શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયને તોડી-ફોડી નાખશે એ ભયથી અગમચેતી વાપરી તે જિનાલયની બધી પ્રતિમાઓ ઝવેરીવાડમાં લઈ આવ્યા. તેમાંની ત્રણ જિન-પ્રતિમાઓ શેઠ ખુશાલચંદના દેરાસરમાં, એક પ્રતિમા શ્રીપાલ ઝવેરીએ બંધાવેલા નીશા પોળના શ્રી જગવલ્લભ પાર્શ્વનાથના દેરાસરમાં ઉપરના ભાગે અને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસરના મૂળનાયકની પ્રતિમાને શેઠ સૂરજમલે બંધાવેલા નવા દેરાસરમાં પધરાવી હોય એ હકીકત બરાબર લાગે છે.

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનાં ત્રણ શિખરોના ત્રણ ગભારા હતા. ત્રણ મૂળનાયકો હતા તે પૈકીના બે બાજુમાંની એક મૂળનાયક પ્રતિમાને ઉપર કહ્યું તેમ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથના દેરાસરમાં પધરાવી હોય એમ લાગે છે.

એકંદર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદની સં. ૧૬૮૨ની પ્રતિષ્ઠિત પ્રતિમાઓમાંની ઘણી પ્રતિમાઓ આજે શેઠ ખુશાલચંદના શ્રી આદીશ્વરના જિનપ્રાસાદમાં, શેઠ શ્રીપાલ ઝવેરીના શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલયમાં, શેઠ વખતચંદના છઠ્ઠા પુત્ર શેઠ સૂરજમલના જિનાલયમાં તેમજ શેઠ વખતચંદ, તેનાં ધર્મપત્ની તથા પુત્રોએ સં. ૧૮૫૫ના ફાગણ સુદિ ૨ ના રોજ અમદાવાદની વાઘણપોળમાં બંધાવેલા શ્રી અજિતનાથના જિનાલયમાં અને સરસપુર ગામમાં બનેલ નવા જિનાલય વગેરેમાં વિદ્યમાન છે.

ઉપર જણાવેલો શ્રી મગનલાલ વખતચંદનો ઈતિહાસ તથા વૃદ્ધવાણી વગેરે ઉપર ગંભીર પરિશીલન કર્યા પછી અમને લાગે છે કે તે વિચારો માની તેમાં ફેરફાર કરવો જરૂરી છે.

(૧) શેઠ શાંતિદાસે શ્રી ચિંતામણિ જિનપ્રાસાદથી ઝવેરીવાડ સુધી ભૂગર્ભમાં સુરંગો બનાવી હતી પણ સં. ૧૭૦૫માં બાદશાહી ખર્ચે જિનપ્રાસાદ ફરીથી બંધાયો ત્યારે આ સુરંગો બનાવી નહીં હોય.

(૨) શેઠ ખુશાલચંદ સં. ૧૭૯૯માં કે ૧૮૦૦માં ત્યાંની બધી જિનપ્રતિમાઓ ઝવેરીવાડમાં લાવ્યા તે સુરંગ વાટે નહીં પણ કોઈને જાણ ન થાય તેવા રસ્તે લાવ્યા હોય.

(૩) શેઠે આ દરેક જિનપ્રતિમાઓને પ્રથમ ઝવેરીવાડમાં લાવી કોઈને ખબર ન પડે તેમ ગુપ્ત સ્થાને ભંડારી રાખી હોય. પછી તેમણે અથવા તેમના પુત્રોએ નવાં નવાં જિનાલયો બંધાવી તેમાં પધરાવી હોય.

(૪) વિશાલકાય જિનપ્રતિમાઓને લાવી શેઠ ખુશાલચંદના જિનપ્રાસાદમાં બેસાડી હોય પણ પ્રતિમાઓ વિશાલકાય હોવાથી લાવતાં લાવતાં નજીવી તૂટફૂટ થઈ હોય.

આથી તે સમયના ભટ્ટારકની આજ્ઞાથી તેમની પ્રાણપ્રતિષ્ઠા ખેંચી લઈ ઉચિત સાધનોથી સંસ્કાર આપી ફરીથી પ્રાણપ્રતિષ્ઠા કરી હોય અથવા તે પ્રતિમાઓ રસ્તામાં વ્યંગ (તૂટફૂટ) થઈ જતાં સં. ૧૮૦૦માં તેવી જ બીજી જિનપ્રતિમાઓ બનાવી તેને શ્રી આદીશ્વરના દેરાસરમાં પધરાવી હોય.

શ્રી આદીશ્વરના જિનાલયના ભોંયરામાં બિરાજમાન શ્રી આદીશ્વર ભગવાનની મોટી ત્રણ પ્રતિમાઓની ગાદીમાં ઉત્કીર્ણ લેખો વાંચ્યા પછી અમે ઉપર્યુક્ત ચોથી હકીકતની કલ્પના કરી છે.

આ ત્રણે પ્રતિમાઓમાં થોડા ફેરફાર સાથે નીચે પ્રમાણે લેખ ઉત્કીર્ણ છે –

''।।શ્રી।। સંવત્ ૧૮૦૦ વર્ષે શાકે ૧૬૬૬ પ્રવર્તમાને જ્યેષ્ઠ સુદિ ૧૦ ગુરૌ શ્રી અહિમદાવાદવાસ્તવ્ય ઓશંજ્ઞાતીય-વૃદ્ધશાસ્ત્રાયાં પુણ્યપવિત્રશ્રેષ્ઠિ શાન્તિદાસ-સહસ્રકિરણ-તત્પુત્ર શ્રેષ્ઠિ લક્ષ્મીચન્દ્ર-તત્પુત્ર શ્રેષ્ઠિ ખુશાલચન્દ્રેણ શ્રી આદિનાથબિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં સકલસંઘસાહાય્યેન પ્રતિષ્ઠિતં સાગરગચ્છે ભટ્ટા૦ શ્રી રાજસાગરસૂરિ-તત્પટ્ટે ભટ્ટા૦ શ્રીવૃદ્ધિસાગરસૂરિ-તત્પટ્ટે ભટ્ટા૦ શ્રી કલ્યાણસાગરસૂરિભિઃ ।। સંઘસ્ય મુખ્યબિરુદધારિણા શાન્તિદાસ શુભધર્મસૂરિણા ભદ્રં કરોતુ સંઘસ્ય ।।''

સ્પષ્ટ વાત છે કે, ''શેઠ ખુશાલચંદે સં. ૧૮૦૦માં પ્રાચીન જિનપ્રતિમાઓને સંસ્કાર આપી અથવા તેના જેવાં જ હૂબહૂ જિનબિંબો બનાવી શ્રી કલ્યાણસાગર-સૂરિના હાથે સ્થાપન કર્યાં છે.''

એવો પણ ઉલ્લેખ મળે છે કે, શેઠ ખુશાલચંદ ગુજરાતના હીરા હતા. તેમને આસફઝા નિઝામ ઉલ્મુલ્ક કહેતા. તેમણે પાલિતાણાનો સંઘ કાઢ્યો હતો. તેઓ સને ૧૭૪૮ (વિ. સં. ૧૮૦૫)માં સ્વર્ગસ્થ થયા.

(–ફાર્બસ 'રાસમાળા' પ્રસ્તાવના તથા 'ગુજરાતનું પાટનગર અમદાવાદ')

નગરશેઠ ખુશાલચંદને ત્રણ પુત્રો હતા. ૧. શેઠ નથુશાહ, ૨. શેઠ જેઠમલ અને ૩. વખતચંદ.

૭-અ શેઠ નથુશાહ –

શેઠ ખુશાલચંદનો આ મોટો પુત્ર હતો. ઉદાર હતો. ગર્ભશ્રીમંત, પરગજુ અને પ્રજાવત્સલ હતો. તેણે કટોકટીમાં અમદાવાદની પ્રજાના સંરક્ષણના કાર્યમાં પોતાનું ધન ખરચ્યું હતું.

(૧) સને ૧૭૨૫ (વિ. સં. ૧૭૮૨)માં મરાઠા સૈન્યે અમદાવાદને ઘેરો ઘાલી અમદાવાદ તાબે કરી જનતાને લૂંટવાનું નક્કી કર્યું હતું ત્યારે શેઠ ખુશાલચંદ તથા શેઠ નથુશાહે મરાઠા સરદારને મોટી રકમ આપી, ખુશ કરીને અમદાવાદનો ઘેરો ઉઠાવડાવ્યો હતો.

અમદાવાદની પ્રજાએ આ અહેસાનના બદલામાં તેમને તથા તેમના કુટુંબના વંશજોને ગામનાં કાલાંની જકાતમાંથી દર સેંકડે ચાર આના આપવાનો હક્ક-પટ્ટો કરી આપ્યો હતો. શેઠ નથુશાહે રઘુનાથ બાજીરાવને આ હક્ક પ્રમાણે હંમેશાં રકમ મળતી રહે એની અરજી કરી નવી સનદ મેળવી લીધી હતી.

(૨) દિલ્હીમાં ૨૧ મો બાદશાહ આલમગીર થયો. તેને ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ રૂા. ૨૬,૦૦,૦૦૦ – છવ્વીસ લાખનું વર્ષાસન બાંધી આપી અલાહાબાદમાં વસાવ્યો, તેમજ બંગાળના નવાબ મુબારક ઉદ્દૌલા અને જગત-શેઠને વર્ષાસન બાંધી આપ્યાં.

બાદશાહ આલમગીર (ત્રીજા) વતી લોર્ડ ગોડાર્ડ (ગાર્ડન) અને બંગાળના નવાબ સૈફ ઉદ્દૌલાએ વિ. સં. ૧૮૩૬ના મહા વદિ ૧૧, ૧૨, ૧૩ના દિવસોમાં અમદાવાદને ઘેરો ઘાલ્યો. જનરલ ગાર્ડને સં. ૧૮૩૬ મહા વદિ ૧૩, તા. ૧૭-૨-૧૭૮૦ના રોજ અમદાવાદને જીતી લીધું. પછી પોતાના સૈનિકોને મરજીમાં આવે તેમ અમદાવાદને લૂંટવાનો હુકમ કર્યો.

એ સમયે આ લૂંટને રોકવા લોર્ડ ગાર્ડનને સમજાવવા નગરશેઠ નથુશાહ, શહેર કાજી શેખ મહમ્મદસાલે અને બાદશાહી દીવાન મીયાં મિરજા અબુ એ ત્રણ જણા મળ્યા. તેને લૂંટનો હુકમ પાછો ખેંચી લેવા જણાવ્યું, ખૂબ સમજાવ્યો, ઘણી કોશિશ કરી પણ તેણે માન્યું નહીં.

શહેરકાજી અને દીવાને શેઠ નથુશાહને જણાવ્યું કે, આને મોટી રકમ આપવાથી કદાચ માની જાય અને શહેરને લૂંટવાથી રોકાય. શેઠે તરત જ જનરલ ગાર્ડનની સામે મોટી રકમની થેલી નજરાણા તરીકે મૂકી. તેથી તે ખુશ થયો. તેણે પોતાના સૈનિકોને તરત જ હુકમ કર્યો કે, અમદાવાદને લૂંટશો નહીં તેમજ શેઠના કહેવાથી તેની પાસેથી શાંતિનો ઢંઢેરો લખાવ્યો અને પિટાવ્યો કે, 'હવે જનતાને કોઈ લૂંટશે નહીં. સૌ નિશ્ચિંત બની પોતપોતાના રોજિંદા કામ કરે.' લૂંટ ફરી બંધ થઈ. શેઠ નથુશાહની રકમે કામ કર્યું. પ્રજા આનંદિત થઈ.

અમદાવાદમાં શાંતિનો ઢંઢેરો –

[બા૦ આલમગીર વતી લોર્ડ ગાર્ડન તથા બંગાળનો નવાબ સૈફ ઉદ્દૌલ્લાએ જુલસી સન ૨૨, હીજરી સ. ૧૧૯૨ મહિનો સફર, તા. ૫મી (અથવા જુલસી સન-૩૫) તા. ૧૭-૨-૧૭૮૦, વિ. સ. ૧૮૩૬ મહા સુદિ ૧૩ના રોજ અમદાવાદમાં શાંતિનો ઢંઢેરો પીટાવ્યો હતો.]

અસલ મુજબ નકલ

નથુ (નાનુ) શંકર સૂબા વગેરે અમદાવાદની રૈયત, એ શહેરના (નથુશા નગરશેઠ વગેરે) વતનીઓ તથા ત્યાં રહેનારા અને વસનારા સઘળાને માલૂમ થાય કે, હવે સૌ લોકોએ ખાતરી રાખી પોતાના મકાનમાં રહેવું અને કોઈ પણ રીતનો અંદેશો કે ડર પોતાની હમેશની રહેણીકરણી સંબંધે ન રાખતાં રોજના કામકાજમાં મશગૂલ બની જવું. કારણ ? કોઈ પણ માણસ તેમને કોઈ રીતની અડચણ કે અટકાવ કરશે નહીં, આ બાબત તેણે ખાતરી રાખવી અને આમાં લખ્યા મુજબ તેણે વર્તવું.

લખ્યું તા. ૫ મહિનો સફર, હી. સ. ૧૧૯૪ તે ગાદીએ બેઠા સને ૨૨ (અંગ્રેજીમાં સહી Thomas Goddard)

નોંધ : સાક્ષરરત્ન શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી લખે છે કે, '' 'બા૦ આલમગીર ત્રીજો અને જ૦ ગોડાર્ડ (ગાર્ડન)નો ઢંઢેરો', શ્રી ફોર્બ્સ ગુજરાતી સભાના સંગ્રહમાં કેટલીક જૂની ફારસી સનદો અને કેટલાંક જૂનાં બાદશાહી ફરમાનો છે, એ સનદો તથા ફરમાનોની સંખ્યા મોટી નથી પરંતુ જે છે તે કેટલેક ભાગે ગુજરાતના ઇતિહાસને ઉપયોગી છે. એ સંગ્રહમાંથી એક ફારસી લેખનું ભાષાંતર થોડા વખત ઉપર 'ગુજરાતી'ના દિવાળી અંકમાં **'પેશ્વા સાથેનો એક કરાર'** એ મથાળા હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. ગુજરાતની અર્વાચીન સ્થિતિને લગતો એ કરાર હતો. એ સ્થિતિ જોડે સંબંધ રાખતો **એક બીજા લેખ** એ સંગ્રહમાંથી મળી આવ્યો છે. જે વખતે **જનરલ ગોડાર્ડ** (General Goddard)ના હાથમાં અમદાવાદ આવ્યું તે વખતે એણે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું તે જાહેરનામાની ખરી નકલ **ગોડાર્ડની** સહી સાથેની એ સંગ્રહમાંથી મળી આવી છે. દરેક વિજયી **સેનાપતિ** એવી રીતના જાહેરનામાં કે ઢંઢેરા પોતાના તાબામાં આવેલી રૈયતના સાંત્વન અર્થે બહાર પાડતા હોય છે અને હજી પણ પાડે છે. છેલ્લી મોટી લડાઈ વખતે જર્મનો પણ એવાં જાહેરનામાં ઠેર ઠેર બહાર પાડતા હતા. આ જાહેરનામું ટૂંકું પણ મુદ્દાસર છે.'' **– અનુવાદક**

શાહઆલમ બાદશાહ, ગાઝી અમીર ઉદ્દૌલા, જનરલ ગોડાર્ડ, બહાદુર ફતેહજંગ ફીદવી (હીજરી) સને ૧૧૯૪.

(સને ૧૯૨૪નો 'ગુજરાતી સાહિત્ય પરિષદનો રિપોર્ટ';
'જૈન સત્યપ્રકાશ', ક્રમાંક ૯૮, પૃ. ૪૭ થી ૫૪;
'ગુજરાતનું પાટનગર અમદાવાદ', પ્રક. ૧૩, ૧૪)

શેઠ નથુશાહના વંશમાં અનુક્રમે (૮) દીપાશાહ, (૯) હીરાશાહ, (૧૦) તલકચંદ, (૧૧) ચુનીલાલ વગેરે થયા છે.

૭-બ શેઠ જેઠમલ – તે નગરશેઠ ખુશાલચંદનો બીજો પુત્ર હતો.

જેઠાશાહનો ચોતરો –

મકાખાડી પાસે (શત્રુંજય પહાડના ચડાવમાં રસ્તા ઉપર) આશરે છ ફૂટ ઊંચો એક ચોતરો છે. ચડતાં ચડતાં તે ચોતરા પાસે ઊભા રહીએ તો ત્યાંથી પહાડ ઉપરની નવે ટૂકનાં જિનાલયોનાં ભવ્ય શિખરોના દર્શન થાય છે. ત્યાંથી આગળ ચાલીએ એટલે હનુમાનના હડે જવાય છે. આ ચોતરો જેઠાશાહનો ચોતરો કહેવાય છે.*

શેઠ જેઠમલના વંશમાં અનુક્રમે (૮) રાયચંદજી, (૯) મૂળચંદ, (૧૦) હરિલાલ --

તેમણે સં. ૧૯૬૯ના ફાગણ સુદિ ૨ ના રોજ શ્રી મહાવીર જિનપ્રાસાદમાં લાકડાનો ભંડાર બનાવીને મૂક્યો.

૭-ક નગરશેઠ વખતચંદ –

તે નગરશેઠ ખુશાલચંદ અને જમકુબાઈનો ત્રીજો પુત્ર હતો (સં. ૧૭૯૬ કા. વદ બીજના જન્મ થયો હતો). નાનપણથી જ તે બુદ્ધિમાન, કાર્યદક્ષ, ચતુર, પરગજુ અને ધર્મપ્રેમી હતો. અમદાવાદનો તે નગરશેઠ હતો.

ઇતિહાસ કહે છે કે, કર્નલ હર્ટલી (જનરલ ગોડાર્ડ)એ વિ. સં. ૧૮૩૬ના મહા સુદિ ૧૧ (તા. ૧૫-૨-૧૭૮૦)ના રોજ અમદાવાદ સર કર્યું. અને અમદાવાદને લૂંટવાનો હુકમ આપ્યો ત્યારે (૧) શેઠ વખતચંદ ખુશાલચંદ, (૨) શહેર કાજી શેખ મહમ્મદસાલે તથા (૩) બાદશાહી દીવાન મિયાં મિરઝા અબુ

★ જેઠાશાહ નામની ત્રણ પ્રસિદ્ધ વ્યક્તિઓ થઈ તે આ પ્રમાણે –

(૧) અમદાવાદના શાહ દેધર શ્રીમાલીના વંશના (૯) સંઘવી ઘેલાશાહનો પૌત્ર. સંભવ છે કે તેના પૌત્ર સં૦ કુંઅરજીએ વિ. સં. ૧૬૧૫ કે ૧૬૨૦માં આ ચોતરો બનાવ્યો હોય. (– પ્રક. ૪૫, પૃ. ૯૮)

(૨) અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરીના પૌત્ર નગરશેઠ ખુશાલચંદનો પુત્ર. સંભવ છે કે, નગરશેઠ ખુશાલચંદના પૌત્ર નગરશેઠ હેમાભાઈએ આ ચોતરો બનાવ્યો હોય.

(૩) શત્રુંજયની મોતીશાહની ટૂકમાં વીશા ઓશવાલ શેઠ જેઠાચંદે સં. ૧૮૮૩માં બનાવેલો ૧૦૨૪ શિખરવાળો સહસ્રકુટ છે. આ જેઠાચંદના નામે ઉક્ત ચોતરો બન્યો હોય.

એ ત્રણે જણાએ કર્નલ હર્ટલી પાસે જઈ કરગરીને લૂંટ બંધ રખાવી હતી અને શાંતિનો ઢંઢેરો પીટાવ્યો હતો.

(– અમદાવાદનો પ્રાચીન ઇતિહાસ, ગુજરાતી પંચ સં. ૧૯૬૬નો દિવાળી અંક; સ્વ. મગનલાલ વખતચંદ કૃત 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૮૪; ફાર્બસકૃત રાસમાળા–પ્રસ્તાવના)

નગરશેઠ વખતચંદ અને પાલિતાણાના ૨૨ મા ઠા૦ ઉનડજી બંને ગાઢ મિત્રો હતા. ઠા૦ ઉનડજીને ભાવનગરના રાજા વખતસિંહજી સાથેની લડાઈમાં આરબો વગેરે સેનાનું ઘણું ખરચ થવાથી નાણાભીડ આવી. તેણે વિ. સં. ૧૮૩૬માં નગરશેઠ વખતચંદને પાલિતાણા અને બીજાં ગામો ગોંડલના ઠા૦ શુભાજીને વચ્ચે જામીન રાખી મૂળ ગરાશિયાના હક્ક સાથે ઈજારે આપ્યાં.

(– પ્રક. ૫૮, પૃ. ૩૨૬–૩૨૭)

અમદાવાદના સૂબાએ વિ. સં. ૧૮૬૪ (સને ૧૮૦૮)માં અપુત્રીયાના ધનના વારસાહક્કો માટે ગરબડ કરી. આથી શેઠ વખતચંદે સૂબાને મળી–સમજાવીને નક્કી કરાવ્યું કે, ''અપુત્રીયાનું ધન મરનારના દોહિત્ર કે પુત્રીને મળે.''

(–ગુજરાતનું પાટનગર અમદાવાદ, પ્ર. ૧૪, પૃ. ૧૫૬; પ્ર. ૨૦, પૃ. ૭૩૯)

શેઠ વખતચંદ અને શેઠાણી જડાવબાઈનાં ધર્મકાર્યો –

શેઠ વખતચંદને જડાવ નામે પત્ની હતી તથા સાત પુત્રો હતા. આ જડાવબાઈ ખંભાતના શેઠ જયચંદ હીરાચંદની પુત્રી હતી.

શેઠ અને શેઠાણીએ કરેલાં ધર્મકાર્યો જાણવા જેવાં છે –

(૧) સં. ૧૮૫૫ના ફાગણ સુદિ ૨ ના રોજ વાઘણપોળમાં શ્રી અજિતનાથનો જિનપ્રાસાદ બનાવવો શરૂ કર્યો અને સં. ૧૮૬૦ના બીજા ચૈત્ર સુદિ ૧૧ના વિજયમુહૂર્તે ભટ્ટા૦ શ્રી ઉદયસાગરસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી. (–નગરશેઠ શાંતિદાસનો રાસ, પૃ. ૮૪)

(૨) સં. ૧૮૬૮ વૈશાખ સુદિ ત્રીજ ને બુધવારે શેઠ ખુશાલચંદે બનાવેલ શ્રી આદીશ્વરના જિનપ્રાસાદના ભોંયરામાં સં. ૧૬૮૨ના લેખવાળી આદીશ્વરની ત્રણ જિનપ્રતિમાઓની પ્રાયઃ પ્રતિષ્ઠા કરાવી અને બીજી જિનપ્રતિમાઓને તેમજ વિવિધ તીર્થપટ્ટો વગેરેને તે જિનાલયમાં પધરાવ્યાં.

[એવો પણ ઉલ્લેખ મળે છે કે, શેઠ વખતચંદ, શેઠાણી જડાવબાઈ, તેમનાં સાત પુત્રો, સાત પુત્રવધૂઓ, પુત્રી વગેરેએ (૧) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદ, (૨) શ્રી આદિનાથ જિનપ્રાસાદ અને (૩) શ્રી અજિતનાથ જિનપ્રાસાદનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હોય. ભટ્ટા૦ હેમસાગર તથા ચમત્કારી યતિવર પં૦ અમૃતવિજયગણિના હાથે

ત્યારે જિનપ્રતિમાઓ, દેવ-દેવીઓની મૂર્તિઓ, જિનચરણપાદુકાઓ વગેરેની પ્રતિષ્ઠા થઈ હતી અને શેઠ-શેઠાણીની યુગલમૂર્તિ પણ બનાવી ઊભી રાખી હતી.

(૩) શેઠ વખતચંદની પત્ની જડાવબાઈએ શ્રી મહાવીરસ્વામીનો જિનપ્રાસાદ બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી.

(૪) શેઠ વખતચંદે શ્રી અજિતનાથ, શ્રી આદીશ્વર અને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનાં જિનાલયો તેમજ ઊજમબાઈની હવેલી (ઊજમફોઈની ધર્મશાળા)ની વચ્ચે એકબીજામાં જઈ શકાય તેવું મોટું ભોંયરું બનાવ્યું.

સંભવતઃ તેમના પુત્રોએ સં. ૧૯૦૨માં આ ત્રણે જિનપ્રાસાદોની પ્રતિષ્ઠા કરાવી ત્યારે આ ભોંયરું પૂરી દીધું હોય.

(૫) શેઠ વખતચંદે શ્રી અજિતનાથના જિનપ્રાસાદની પાછળ સાગરગચ્છની મોટી પોષાળ બનાવી.

(૬) શેઠ વખતચંદના સમયે અમદાવાદના ઝવેરીવાડમાં મોટાં ૨૭ જિનાલયો હતાં.

(૭) શેઠ વખતચંદે ભટ્ટા૦ આણંદસાગર અને ભટ્ટા૦ શાંતિસાગરની અધ્યક્ષતામાં અમદાવાદથી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

[તેમણે સં. ૧૮૬૪માં શત્રુંજય–ગિરનારનો મોટો સંઘ કાઢ્યો હતો. સં. ૧૮૬૮માં તેઓ કુટુંબ સાથે નવ્વાણું યાત્રા કરવા માટે, મોટું ઉજમણું કરીને શત્રુંજય ગયા હતા.

શેઠ વખતચંદના વહીવટ દરમિયાન મુગલ, મરાઠા, ગાયકવાડ (પેશ્વા) અને બ્રિટીશ વગેરે રાજસત્તાના યુગપલટામાંથી પસાર થવાનું હતું, જેમાં તેમણે કુશળતાથી રાજ્યસંબંધ, ધંધાદારી અને નગરશેઠનો માન-મરતબો જાળવી રાખ્યો હતો તે તેમની કાર્યદક્ષતા અને સમયજ્ઞતા સૂચવે છે. જુઓ 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી', પૃ. ૧૯૪-૧૯૫ અને 'પ્રતાપી પૂર્વજો' પૃ. ૬૯.]

ગાયકવાડ સરકાર ગોવિંદરાવે રાજેશ્રી વખતચંદ ખુશાલચંદને દર સાલ માટે આબદાગીરી તથા મશાલ અને તે માટેનો ખરચ અને બે માણસોનો ખરચ આપવાની સનદ આપી હતી. તેમજ દર સાલના રોકડા ૧૦૦૦ રૂપિયાનો હક્ક કરી આપ્યો હતો. અને સરંજામની વ્યવસ્થા કરી આપી હતી. એ જ રીતે આણંદરાવ ગાયકવાડ તેમજ માનાજીરાવ ગાયકવાડે પણ ગોવિંદરાવની આબદાગીરીને કાયમ રાખી હતી.

(– પ્રક. ૫૮, આબદાગીરીની સનદ, પૃ. ૨૫૫–૨૫૬)

શેઠ વખતચંદ વિ. સં. ૧૮૭૦ના ફાગણ વદિ ૪ ને રવિવારના રોજ વિજયમુહૂર્તમાં અમદાવાદમાં સ્વર્ગસ્થ થયા. તેમના પાંચમા પુત્ર નગરશેઠ હેમાભાઈએ (ભાર્યા કુંકુબેને) પિતાજીના મરણ પાછળ અમદાવાદ અને વડોદરા

એમ બંને શહેરોની જનતાને સં. ૧૮૭૦ના વૈશાખ સુદિ ૯ ના રોજ ઘેબરનું જમણ આપી ઘુમાડાબંધ ગામને જમાડ્યાં હતાં.

ઉપા૦ શ્રી ક્ષેમવર્ધનગણિએ સં. ૧૮૭૦ના અષાડ સુદિ ૯ ના રોજ અમદાવાદમાં શેઠ શાંતિદાસનો 'પુણ્યપ્રકાશરાસ' રચ્યો, તેમાં શેઠ વખતચંદ સુધીનો ઇતિહાસ આપ્યો છે.

ભટ્ટા૦ આનંદસાગરસૂરિ ત્યારે અમદાવાદમાં અને ભટ્ટા૦ શાંતિસાગરસૂરિ પાટણમાં ચાતુર્માસ સ્થિત હતા.

શ્રી ઊજમબાઈએ વિ. સં. ૧૯૧૬ના શ્રાવણ સુદિ ૨ ના રોજ શા૦ જીવરાજ પાસે તેની (પુણ્યપ્રકાશ રાસની) નકલ કરાવી હતી.

નગરશેઠ વખતચંદનો પરિવાર –

નગરશેઠ વખતચંદને જડાવબેન નામે ભાર્યા હતી. તેનાથી તેમને સાત પુત્રો અને એક પુત્રી (ઊજમબાઈ) થયાં.

પુત્ર (૧) શેઠ ઇચ્છાભાઈ – શત્રુંજયના ચડાવમાં ઘોળી પરબની ઉપર અનુક્રમે ઇચ્છાભાઈનો કુંડ, ફૂલવાડી, નીમી પરબ વગેરે બનાવ્યાં હતાં.

પુત્ર (૨) શેઠ પાનાચંદભાઈ.

પુત્ર (૩) શેઠ મોતીભાઈ.

પુત્ર (૪) શેઠ અનોપભાઈ.

પુત્ર (૫) નગરશેઠ હેમાભાઈ.

પુત્ર (૬) શેઠ સૂરજમલ.

પુત્ર (૭) શેઠ મનસુખભાઈ.

ઉપરોક્ત ત્રીજા નંબરના પુત્ર **મોતીભાઈ**ના પુત્ર (વંશજ ક્રમશઃ)–

(૮) શેઠ ફતેચંદભાઈ, ભાર્યા ઊજળીબાઈ, બીજું નામ અચરતબાઈ.

(૯) શેઠ ભગુભાઈ, ભાર્યા હરકોરબાઈ. તેમણે હેમાભાઈની ટૂકમાં દેરી કરાવી.
(– શ્રી જિનવિજય સંપાદિત 'પ્રાચીન લેખસંગ્રહ' ભા. ૨, લેખાંક : ૭૧)

(૧૦) શેઠ દલપતભાઈ, ભાર્યા ગંગાબેન.

(૧૧) લાલભાઈ, મણિભાઈ, જગાભાઈ, ચંચળબેન, જશોદાબેન, હીરાબેન.
શેઠ લાલભાઈ, ભાર્યા મોહિનાબાઈ.
જગાભાઈ, ભાર્યા કંચનબેન, પુત્ર અંબાલાલ.

(૧૨) શેઠ કસ્તૂરભાઈ, ભાર્યા શારદાબેન.

(૧૩) ૧ સિદ્ધાર્થભાઈ,
૨ શ્રેણિકભાઈ.

૧૦. શેઠ શ્રી દલપતભાઈ ભગુભાઈએ વિ. સં. ૧૯૨૧માં શત્રુંજય-તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. પૂ. મૂળચંદજી મહારાજ વગેરે તે સંઘમાં સાથે ગયા હતા, જ્યારે પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ વગેરે ભાવનગરથી પાલિતાણા પધાર્યા હતા.

શેઠ દલપતભાઈની ધર્મપત્ની **ગંગાબહેન** – તે મહં૦ અનુપમાદેવીની યાદ કરાવે તેવા ગંભીર અને પરમ ઉદારમૂર્તિ હતાં. એ ચારે પ્રકારના સંઘની ગરિમા વહન કરતાં ધર્મમાતા જેવાં હતાં. એ જ કારણે તેમની ગંગામા તરીકે પ્રસિદ્ધિ હતી. ઉપરોક્ત શત્રુંજયતીર્થના છ'રી પાળતા યાત્રાસંઘમાં ગંગામાના આ વિરલ ગુણગણની સૌને અનુભૂતિ થઈ હતી.

તેમણે આ૦ શ્રી વિજયધર્મસૂરિના શિષ્ય પરમ શાંતમૂર્તિ, સંવેગી, ચમત્કારી, ખાખી મુનિશ્રી રત્નવિજયજી મહારાજના ઉપદેશથી સં. ૧૯૬૭માં કાર્તિક વદિ ૯ થી માગશર વદિ ૧૦ રવિવાર સુધી અમદાવાદના ચારે સંઘને અમદાવાદની શહેરયાત્રા કરાવી. મુનિશ્રી રત્નવિજયજી મહારાજે તેનું સ્તવન (રાસ) ઢાળ ૧૧ રચ્યું. આ મુનિશ્રીએ વિવિધ સ્તવનો અને પદો પણ રચ્યાં છે, ને તે છપાવી તા. ૧૩-૧-૧૯૧૦ના રોજ પ્રસિદ્ધ કરાવ્યાં છે.

ગંગામા પૂ૦ શ્રી નેમિસાગરજી મ૦ અને પૂ૦ મૂળચંદજી મહારાજનાં અનુરાગી શ્રાવિકા હતાં. સાગરગચ્છના સર્વગીતાર્થ મુનિઓમાં ક્રિયાકાંડનો લોપ, કપટક્રિયા કે પાંચ મહાવ્રતો માટેની શિથિલતા ન પેસી જાય તે માટે તકેદારી રાખતાં. કોઈમાં ઊણપ દેખે તો વાહલસોયી માતાની જેમ તેને ચેતવણી આપતાં. પોતાના પરિવારમાં ધર્મમર્યાદાનો ભંગ, અભક્ષ્ય ભક્ષણ વગેરે ન થાય તે માટે સાવચેતી રાખતાં હતાં.

૧૧. **સરદાર લાલભાઈ** – તેમનો જન્મ તા. ૨૫-૭-૧૮૬૩માં થયો હતો અને મરણ તા. ૫-૬-૧૯૧૨ના બુધવારે થયું હતું.

તેમના જીવનકાળમાં તેમણે ઘણાં ધર્મકાર્યો કર્યાં હતાં. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખપદે પણ તેઓએ તીર્થરક્ષા વગેરેનાં કાર્યો ભારે જહેમતપૂર્વક પાર પાડ્યાં હતાં. સં. ૧૯૬૮ના ફાગણ વદિ ૮ ને સોમવાર; તા. ૨૮-૧૨-૧૯૧૨ના રોજ અમદાવાદમાં નગરશેઠના વંડામાં નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈની અધ્યક્ષતામાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની જાહેર શોકસભા મળી હતી. તેઓ તા. ૫-૬-૧૯૧૨માં મરણ પામ્યા અને તા. ૨૧-૮-૧૯૧૨ના દિવસે શેઠ ચીમનલાલ લાલભાઈ પ્રેમાભાઈ મરણ પામ્યા, તે અંગે શોકસભામાં બીજો-ત્રીજો ઠરાવ કરી દિલગીરી દર્શાવી હતી.

[**અગત્યની નોંધ : –**

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિમાં શેઠશ્રી લાલભાઈ દલપતભાઈના જીવનની ઉપરોક્ત વિગત નહીંવત હોય આ બીજી આવૃત્તિમાં તેમનો જીવનપરિચય લેવાની અમારી ભાવના છે. તે માટે પ્રયત્ન ચાલુ છે. તે પરિચય આ ગ્રંથના છેલ્લા પ્રકરણ પછી આપેલ 'પૂરવણી'માં પ્રગટ કરીશું.

એ જ રીતે પ્રથમ આવૃત્તિમાં શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ, શેઠશ્રી શ્રેણિકભાઈ વગેરેના નામ જ ઉલ્લેખવામાં આવ્યા હોય, એમના પણ પરિચય આ બીજી આવૃથિમાં 'પૂરવણી'માં પ્રગટ કરવાની અમારી ભાવના છે.

તેમ છતાં, શેઠશ્રી કસ્તૂરભાઈ વિષે શ્રી નીતિનભાઈ રતિલાલ દેસાઈ સંપાદિત 'અમૃત–સમીપે' ગ્રંથમાં પ્રગટ થયેલ મુખ્ય મુખ્ય અંશો માત્ર ઝાંખીરૂપે અહીં રજૂ કરીએ છીએ. સવિશેષ 'પૂરવણી' જોવા વિનંતી.]

શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈની જીવન–ઝાંખી

(જન્મ : તા. ૧૯-૧૨-૧૮૯૪ ★ સ્વર્ગવાસ : તા. ૨૦-૧-૧૯૮૦)

શ્રી કસ્તૂરભાઈ શેઠે આપણી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ તરીકે તેમજ જૈનસંઘના અગ્રગણ્ય સુકાની તરીકે જૈન ધર્મ, (તીર્થ–) સંઘ અને સંસ્કૃતિની જે સેવાઓ કરી છે તે આ યુગના જૈનસંઘના ઇતિહાસમાં સોનેરી અક્ષરોથી અંકિત થઈ શકે એવી છે.....

સને ૧૯૨૬માં, ૩૨ વર્ષની ઉંમરે એમણે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખપદની મોટી જવાબદારી સ્વીકારી હતી. પેઢીના સંચાલનનું કામ જેમ મોટું હતું તેમ શેઠની કાર્યશક્તિ પણ અસાધારણ હતી. ઉપરાંત, લીધેલી જવાબદારીને સફળ રીતે પૂરી કરવાની દ્રઢ નિશ્ચયશક્તિ, ખંત, ધીરજ, સાહસિકવૃત્તિ અને શાણપણની પણ કુદરતે એમને બક્ષિસ આપી હતી....

પેઢીના પ્રમુખ તરીકે, ૪૫ વર્ષ જેટલા લાંબા ગાળામાં (સને ૧૯૭૦ સુધીમાં) તેઓએ જૈન ધર્મ અને સંઘના યોગ-ક્ષેમ માટે જે અનેકવિધ કાર્યવાહી બજાવી છે, તેનો વિચાર કરતાં આપણું મસ્તક સહેજે ઝુકી જાય છે....

..... જૈનસંઘની એકતા અને આચારશુદ્ધિને ટકાવી રાખવા માટે, સને ૧૯૬૩ની સાલમાં, તેઓએ બોલાવેલ શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રમણોપાસક શ્રીસંઘ સમ્મેલન એ જૈન પરંપરાના ઇતિહાસની એક અસાધારણ અને શકવર્તી ઘટના હતી....

અને એમના હાથે થયેલા પ્રાચીન તીર્થોના જીર્ણોદ્ધારો તો જૈન તેમજ ઇતર તીર્થોના જીર્ણોદ્ધારોના ઇતિહાસમાં આદર્શ અને અનુકરણીય લેખાય એવા


છે. રાણકપુર, કુંભારિયા, આબૂ-દેલવાડા, ગિરનાર અને તારંગા તીર્થના જીર્ણોદ્ધારો અને શત્રુંજય તીર્થમાં થઈ રહેલ કળામય નવસર્જન જોઈને એના માર્ગદર્શકની સ્થાપત્ય-સૂઝ અને અંતરની ઘગશ માટે ખૂબ ખૂબ બહુમાન અને પ્રશંસાની લાગણી જાગી ઊઠે છે....

જૈનસંઘનું આવું સુકાનીપદ એમની બહુવિધ શક્તિ અને પ્રવૃત્તિનું એક મહત્ત્વનું પાસુ છે... એ સિવાય પણ તેઓ પોતાની ઔદ્યોગિક કાબેલિયત, દેશનાં (રાષ્ટોપયોગી) કામોમાં પણ ઊલટપૂર્વક ભાગ લેવાની ઘગશ, કેળવણીનો વિસ્તાર કરવાની આગવી દ્રષ્ટિ અને પ્રવૃત્તિ (તે અંતર્ગત એલ. ડી. એન્જિનિયરીંગ કોલેજની સ્થાપના વગેરે), તેમજ સંકટ સમયે (દુષ્કાળ, જળપ્રલય જેવાં સંકટો વખતે) બહુજનસમાજની સેવા કરવાની ભાવનાને લીધે દેશનું અને સમાજનું જે કાર્ય કરી રહ્યા છે, એ પણ બીજાઓને માટે દાખલારૂપ બની રહે, એવું સમૃદ્ધ અને પ્રશંસનીય છે....

..... ગુજરાતના ગૌરવસમું લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર તેઓની ધર્મ, સંસ્કૃતિ અને સાહિત્યના અધ્યયન–સંશોધન પ્રત્યેની પ્રીતિની સાક્ષી પૂરે છે. .....

સ્વતંત્રતાની લડતના અધિનાયકોમાં, લોકશાહી રાજ્યતંત્રમાં, વેપારી આલમમાં, ઉદ્યોગપતિઓમાં અને સામાન્ય જનસમૂહમાં દાયકાઓ સુધી એકધારી લોકપ્રિયતા ટકાવી રાખવી અને સૌના આદરપાત્ર બની રહેવું એ કંઈ નાનીસૂની વાત ન ગણાય. અંતરમાં સત્વનું ખમીર, બુદ્ધિમાં કર્તવ્યનિષ્ઠા, નિશ્ચયમાં પારદર્શિતા, પ્રયત્નમાં મક્કમતા અને જીવનમાં જાગરૂકતા હોય તો જ બની શકે એવી આ બાબત છે.

નગરશેઠ વખતચંદના સાત પુત્રો (ક્રમ કંઈક આગળ-પાછળ સમજશો)



નગરશેઠ વખતચંદના સાત પુત્રો
તેમાંના એક પુત્ર શ્રી પાનાચંદભાઈનો પરિવાર

પુત્ર : લલ્લુભાઈ
ભોગીલાલ
લાલભાઈ

ચીનુભાઈ (૧)	મનુભાઈ (૨)	કલ્યાણભાઈ (૩)	રમણભાઈ (૪)	નરેન્દ્રભાઈ (૫)	સુરેન્દ્રભાઈ (૬)	ગુણેન્દ્રભાઈ (૭)
સંતાનો(૧)ના :		રજનીકાંતભાઈ,	રમેશભાઈ,	ગિરીશભાઈ,		રશ્મી
		બિન્દુ				ઉરેશ
		શૈલેષભાઈ				હરેશ
		પ્રીતિ				
સંતાનો(૨)ના :		કીર્તિ				
		કૌશલ				
		જાનકી				
સંતાનો(૩)ના :		પ્રિયમાન,	ઉદયન			
			સંજીવ			
			ઉર્મિણી			
સંતાનો(૪)ના :		જવાહર,	ગૌતમ,		વિક્રમ	
					બિમલ	
					બિજલ	
સંતાનો(૫)ના :		પ્રકાશ,	અમિત			
		સૌરીન				
સંતાનો(૬)ના :		ચિંતન				
		સીમા				
		નિશા				
સંતાનો(૭)ના :		નાનક				
		સેલીસા - અલીસ્સા				

નોંધ : આ પરિવારનું એક સંમેલન અમદાવાદમાં તા. ૨૮-૧૨-૧૯૯૮ ને સોમવારના મળ્યું. તેના **કન્વીનર શૈલેષભાઈ** રજનીકાંતભાઈ શેઠ હતા.
સરનામું : શકુંતલા બિલ્ડીંગ, પહેલે માળે, ફ્લેટ નં.૨, ૩૮, મહર્ષિ કર્વે માર્ગ, મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

શેઠ વખતચંદના ચોથા પુત્ર અનોપભાઈનો પરિવાર –

(૮) શેઠ અનોપભાઈ.

(૯) શેઠ ડાહ્યાભાઈ, ભાર્યા ઊજળીબાઈ.

(૧૦) શેઠ સારાભાઈ – તેઓ વિચક્ષણ, બુદ્ધિશાળી, સાહસી અને બહાદુર જૈન હતા. કુશળ વેપારી હતા. રાજા-મહારાજાઓના મિત્ર હોવાથી રાજતંત્રના અચ્છા ખેલાડી હતા. તેમનું સૂત્ર હતું કે, નગરશેઠના કુટુંબમાં આપસમાં ક્લેશ થાય તેવી કોઈ ઘટનાને વજન આપવું નહીં અને નગરશેઠના કુટુંબની પ્રત્યેક વ્યક્તિના ઊંડાણમાં ઊતરવા પ્રયત્ન કરવો. તેમના પ્રયત્નથી જ શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ ઊંચે દરજ્જે ચડ્યા છે.

આ૦ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ કહેતા હતા કે અમદાવાદમાં ૧. શેઠ કસ્તૂરભાઈ મણિભાઈ, ૨. શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ અને ૩. પ્રતાપસિંહ મોહનલાલ બુદ્ધિશાળી વ્યક્તિઓ છે, તેઓ જે ધારે તે કરી શકે તેવા છે. શેઠ સારાભાઈ આ૦ શ્રી વિજયકમલસૂરિ મ૦ તથા આ૦ શ્રી વિજયનેમિસૂરિ મહારાજના ભક્ત હતા.

એક વાર તેઓ વ્યાપારી મૂંઝવણમાં સપડાયા. આપઘાત કરવાની તૈયારીમાં હતા પણ આ૦ શ્રી વિજયકમલસૂરિ મહારાજનો વાસક્ષેપ માથે પડતાં તેમને માર્ગ સૂઝી આવ્યો અને બચી ગયા.

તેમણે સેરિસાતીર્થનું ભવ્ય જિનાલય બંધાવ્યું. સંઘ કાઢ્યો. તેઓ દેશી રજવાડાઓના માનીતા હતા. લેડી ઇરવિન તેમને ધર્મબંધુ માનતી હતી. તેમના કહેવાથી તે જનતાને મોટી રાહત આપતી હતી. તેઓ સવારે ઊઠી, નિત્ય વિધિથી પરવારી બ્રાહ્મમુહૂર્તમાં ઊજમફોઈની ધર્મશાળામાં ગુરુવંદન કરી મોટી શાંતિનો પાઠ સાંભળતા.

(૧૧) પુત્ર રમણભાઈ, ભાર્યા : વસુબેન.

શેઠ વખતચંદ અને તેમના પુત્ર હેમાભાઈનો પરિવાર –

(૭) શેઠ વખતચંદ.

(૮) શેઠ હેમાભાઈ, ભાર્યા : કંકુબાઈ.

(૯) મોટો પુત્ર શેઠ નગીનદાસ, ભાર્યા : ઇચ્છાકુમારી.

શેઠ પ્રેમાભાઈ, ભાર્યા : જીવકોરબેન, ભાર્યા : સાંકળીબેન.

હેમાભાઈની પુત્રીઓ : રુક્મિણી, પ્રસન્નબેન, મોતીકુંઅર.

(– શ્રી શત્રુંજય ફરમો, પૃ. ૯૦)

(૧૦) શેઠ મયાભાઈ પ્રેમાભાઈ, ભાર્યા : મુક્તાબાઈ.
(૧૧) શેઠ વિમલભાઈ, ભાર્યા : લલિતાબેન.
(૧૨) શેઠ અરવિંદભાઈ, ભાર્યા : પદ્માબેન.
(૧૨) વિનોદભાઈ, ભાર્યા : વંદનાબેન.
(૧૩) શેઠ આનંદભાઈ.

★

(૧૦) શેઠ લાલભાઈ પ્રેમાભાઈ, ભાર્યા : શણગારદેવી.
(૧૧) શેઠ ચીમનભાઈ, ભાર્યા : મહાલક્ષ્મી.
(૧૨) શેઠ સાહેબસિંહ, ભાર્યા : પ્રભાદેવી.
(૧૨) શેઠ બિપીનભાઈ, ભાર્યા : ભાનુબેન.
(૧૩) શેઠ ગૌતમકુમાર.

★

(૧૦) શેઠ મણિભાઈ પ્રેમાભાઈ, ભાર્યા : મોહિનીબાઈ.
(૧૧) શેઠ કસ્તૂરભાઈ, ભાર્યા : માણેકબેન.
(૧૧) શેઠ ઉમાભાઈ.
(૧૨) શેઠ ઉમાભાઈની પુત્રી બબીબેન.
(૧૨) શેઠ જગદીશભાઈ, ભાર્યા : સુનિતાબેન.
(૧૩) પુત્રી દક્ષા.
(૧૪) પુત્ર ધીમંત.

(વધુ જુઓ પૃ. ૨૮૧ થી ૨૮૩)

શેઠ વખતચંદના છઠ્ઠા પુત્ર સૂરજમલ, પુત્રવધૂ પ્રધાનબાઈ –

શેઠ સૂરજમલે વાઘણપોળમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ બંધાવ્યો. તેમાં પ્રાયઃ સં. ૧૮૬૮ના વૈશાખ સુદિ ૩ ના મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની (શ્યામ વર્ણની અલૌકિક) મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી તેમજ બીજી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા સં. ૧૮૮૨માં કરાવી. એ જ સમયે શ્રી સંભવનાથ, શ્રી શાંતિનાથ વગેરેનાં દેરાસર બન્યાં અને પ્રતિષ્ઠા થઈ. તેણે શ્રી શત્રુંજય-તીર્થમાં હેમાભાઈની ટૂકમાં દેરી બનાવી.

શેઠ સૂરજમલ બહાદુર અને ધર્મપ્રેમી હતો. અમદાવાદની રતનપોળમાં 'સૂરજમલનું ડેલું' નામથી પ્રસિદ્ધ સ્થળ એનું નિવાસસ્થાન હતું.

શેઠ વખતચંદના સાતમા પુત્ર મનસુખભાઈ હતા. તેમને ખીમચંદ, છગનભાઈ, મેના અને રૂપા નામે સંતાનો હતાં.

ઊજમબાઈ (ઊજમફઈ) –

આ નગરશેઠ વખતચંદની પુત્રી, હેમાભાઈની બહેન અને પ્રેમચંદભાઈની ફોઈ હતાં, આથી તેમનું નામ ઊજમફોઈ તરીકે પ્રસિદ્ધ બન્યું. તેમનું લગ્ન શેઠ મોહનલાલ મણિલાલ ઝવેરીના પિત્રાઈ ભાઈ (લક્ષ્મીચંદ) સાથે અગર એ કુટુંબમાં થયું હતું. તે નાનપણથી વિધવા બન્યાં, ત્યારથી તે ભાઈઓની સાથે રહી ધર્મધ્યાન કરતાં રહેતાં.

સાત ભાઈઓની વચ્ચે આ એક જ બહેન હતાં. આથી શેઠ વખતચંદે પોતાના વારસામાં ૭ પુત્રોની સાથે પુત્રીને પણ ૮મો પુત્ર માની વાઘણપોળની હવેલી, બીજાં મકાનો, મોટી મૂડી, દરદાગીના આપ્યાં હતાં.

તે ભટ્ટા૦ શાંતિસાગરસૂરિ અને તપગચ્છાધિરાજ શ્રી મૂલચંદજી મહારાજના શ્રાવિકા હતાં. તેમણે ભટ્ટા૦ શાંતિસાગરસૂરિના હાથે ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી. શ્રી શત્રુંજયતીર્થમાં નંદીશ્વર દ્વીપનો ૫૭ ચૌમુખજી અને ૫૭ શિખરોયુક્ત વિશાળ અને મનોરમ્ય જિનપ્રાસાદ બંધાવ્યો, જેની પ્રતિષ્ઠા સં. ૧૮૮૯ના વૈશાખ વદ ૧૩ના થઈ. આ જિનપ્રાસાદ 'ઊજમફઈની ટૂક' નામે પણ પ્રસિદ્ધ છે. આ ટૂક ઊજમફઈએ પોતાના લગ્ન પ્રસંગે કરિયાવરમાં ઇચ્છતા બની હતી. અમદાવાદ–દોશીવાડાની પોળમાં અષ્ટાપદજી જિનાલયમાં પણ ઊજમફોઈએ નંદીશ્વર દ્વીપની પૂર્ણ રચના કરાવી છે. અમદાવાદના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં સં. ૧૯૦...માં શ્રી શાંતિનાથનો ચૌમુખ જિનપ્રાસાદ વગેરે કરાવ્યાં છે.

તેમણે પૂ૦ મૂલચંદજી ગણિવરના ઉપદેશથી પોતાની હવેલીને યોગ્ય ફેરફાર કરી સં. ૧૯૨૮ના રોજ શ્રીસંઘને ધર્મધ્યાન કરવા માટે ધર્મશાળા (ઉપાશ્રય) બનાવી અને પૂ૦ શ્રી મૂલચંદજી મહારાજ વગેરે જે દલપતભાઈ ભગુભાઈના વંડાની મેડી ઉપર હતા તે સૌને ત્યાંથી અહીં પધરાવી હવેલીનું શ્રીસંઘને દાન કર્યું, તેનું તામ્રપત્ર બનાવ્યું. તેમણે પોતાના વસિયતનામામાં આ ઊજમફઈની ધર્મશાળામાં (ઉપાશ્રયમાં) બિરાજમાન મુનિવરોની ભક્તિ, પઠન-પાઠનની વ્યવસ્થા, ચાતુર્માસની વ્યવસ્થા તેમજ ધર્મશાળામાં તપ કરનારા છઠ્ઠ-અઠ્ઠમ વગેરેની ભક્તિ માટે વ્યવસ્થા કરી હતી.

૮ નગરશેઠ હેમાભાઈ –

તે નગરશેઠ વખતચંદના પુત્ર હતા. તેમનો સં. ૧૮૪૦માં જન્મ થયો અને ૭૩ વર્ષની ઉંમરે સં. ૧૯૧૪ના મહા વદિ ૧૧ના સ્વર્ગવાસ થયો.

નગરશેઠ હેમાભાઈ મોટા મનના, બુદ્ધિશાળી, ધર્મકાર્યમાં તત્પર, વિદ્યાપ્રેમી, લોકોન્નતિમાં કાર્યરત અને સપરિવારમાં પણ જાગ્રત વડીલ હતા.

શેઠ હેમાભાઈ, તેમના ભાઈઓ, બહેનો, પુત્રો, પત્ની કંકુબાઈ વગેરે પરિવાર પૂ૦ મૂલચંદજી મહારાજના ત્યાગ, તપ, જ્ઞાન અને ધર્મઘગશ તથા ઉપદેશથી અત્યંત પ્રભાવિત હતા.

પાલિતાણાના ૨૨મા (બાવીશમા) ઠાકોર ઉન્નડજીએ સને ૧૭૯૫માં પેશકશી ઉઘરાવનાર શિવરામ ગારદાને આશરો આપ્યો. આથી ભાવનગરના ઠા૦ વખતસિંહજી સાથે વેર બંધાયું. શ્રી શત્રુંજયની ગાળીમાં બંને ઠાકોરો લડ્યા. ઠાકોર ઉન્નડજી નાસીને શ્રી શત્રુંજયની ગાળીમાં છુપાયો. પરિણામે પાલિતાણાનાં ગામો ઉજ્જડ બન્યાં. ઊપજ ઘટી. ઉડાઉ ખર્ચ ચાલુ રહ્યો. રાજ્યને માથે ખરચ વધી ગયું. યુદ્ધ માટે આરબોને રોક્યા હતા તેનું મોટું દેવું થઈ ગયું. આથી નાણાંભીડ થઈ.

છેવટે ઠા૦ ઉન્નડજીએ નગરશેઠ વખતચંદ ખુશાલચંદને ત્યાં ગોંડલના ઠાકોર શુભાજીને વચ્ચે રાખી પાલિતાણા તથા બીજાં ગામો ઈજારે આપી તેની મોટી રકમ ઉપાડી કરજ ચૂકવ્યું.

ઈજારો – આમાં એવી વ્યવસ્થા હતી કે શેઠ મૂળ ગરાસિયાના હક્કો ભોગવે. પોતાના નેક કામદારો રાખી પાલિતાણા વગેરેની આવક લે અને દર સાલ ઠાકોરને રૂા. ૪૭૦૦૦ આપે. ઠાકોર અગર તેના વંશજો આ કરજ પેટે ઉપાડેલી મૂળ રકમ પાછી ન વાળે ત્યાં સુધી આ પ્રમાણે ચાલે.

આ ઈજારો વિ. સં. ૧૮૩૬ થી ૧૯૦૦ (સને ૧૭૮૦ થી ૧૮૪૩) સુધી – એમ ૬૩ વર્ષ ચાલુ રહ્યો. આ ઈજારાના કાળમાં પાલિતાણાની પ્રજા આબાદ બની હતી. જૈનોએ પણ શહેરમાં જૈન ધર્મશાળાઓ બનાવી અને શ્રી શત્રુંજયતીર્થમાં ઘણી નવી નવી ટૂકો બનાવી હતી. ૨૫મા ઠા૦ પ્રતાપસિંહ (સને ૧૮૪૪) સુધી આ ઈજારો ચાલુ રહ્યો.

(– પ્રક. ૫૮, પૃ. ૩૨૬ થી ૩૨૮)

[પાલિતાણાના રાજવી કાંધાજી વગેરેની આર્થિક સ્થિતિ કથળી જવાથી તેમને સં. ૧૮૨૧માં રૂા. ૪૨ હજારની રકમથી સમગ્ર પાલિતાણા રાજ્ય નગરશેઠ હેમાભાઈને ત્યાં ગિરવે મૂકવું પડ્યું હતું. આ સમયમાં શત્રુંજયતીર્થના યાત્રિકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા શેઠ હેમાભાઈએ જરૂરી કાર્યવાહી હાથ ધરી તીર્થના રખોપાનો બીજો કરાર પ્રાપ્ત કર્યો હતો. – વધુ વિગત માટે જુઓ 'શેઠ આ. ક. પેઢીનો ઇતિહાસ' ભા. ૧, પૃ. ૧૯૬ થી ૨૦૧.]

ખુરશી – આ હિસાબે શેઠ હેમાભાઈ પાલિતાણા રાજ્યના આરામદાર હતા. આથી રાજકોટની હાઈકોર્ટમાં સૌરાષ્ટ્રના જિલ્લાઓના વકીલોની ખુરશીઓ જેમ હતી તેમ નગરશેઠ હેમાભાઈના વકીલની પણ એક સ્વતંત્ર ખુરશી હતી.

તેમજ રાજકોટની એજન્સીમાં શેઠ હેમાભાઈની પાલિતાણાના ઈજારદાર તરીકે અને શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના અધ્યક્ષ તરીકે એક સ્વતંત્ર ખુરશી હતી.

નોંધ : શેઠ કસ્તૂરભાઈ મણિભાઈએ અમને એકવાર કહ્યું હતું કે, આ સ્વતંત્ર ખુરશીઓના વકીલનો મોટો ખરચ આવતો હતો તેથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને જનરલ સભાના જૈનોએ આ ખર્ચ નકામો માની ખુરશી બંધ કરવાની સૂચના કરી. ત્યારથી આપણો વકીલ ત્યાં રહેતો નથી. તેથી જ આપણને ઠાકોરો સાથેના કજિયામાં જુદા જુદા વકીલો રોકવા પડે છે.

ગામ ભેટ – એજન્સીએ સને ૧૮૬૧ (વિ. સં. ૧૯૧૮)માં ગાયકવાડ સરકારનું રાંચરડા ગામ શેઠ હેમાભાઈને ઈનામમાં અપાવ્યું હતું, જે તેમના વંશજોના હાથમાં છે. આ ગામની ઊપજમાંથી અમુક રકમ ખોડા ઢોર (અમદાવાદ પાંજરાપોળ) માટે આજપર્યન્ત કાઢવામાં આવે છે.

શેઠ હેમાભાઈએ વિ. સં. ૧૮૯૩માં શ્રી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો અને અમદાવાદથી પાલિતાણા સુધી દરેક પડાવે ધર્મશાળાઓ બંધાવી હતી. (– ફાર્બસ રાસમાળા; જૈન ઐતિહાસિક રાસમાળા, ભા.૧, નિવેદન - સમાલોચના, પૃ. ૧૭,૨૦)

[શેઠ હેમાભાઈએ અમદાવાદ–ઝવેરીવાડામાં અને તીર્થો માતર, સરખેજ, નરોડામાં તથા પેથાપુર જેવાં નાનાં ગામોમાં દેરાસરો બંધાવ્યાં હતાં. જૂનાગઢમાં એક વિશાળ ધર્મશાળા બંધાવી હતી, જે અત્યારે 'હેમાભાઈની ધર્મશાળા' નામે જાણીતી છે.... હેમાભાઈ શેઠે પોતાને રહેવા હવેલી બંધાવી હતી. તેની લંબાઈ માણેકચોકથી નાગોરી સરાહ સુધીની અને પહોળાઈ રતનપોળથી પીરમશાહના રોજા સુધીની હતી. એ રાજમહેલ જેવી મોટી અને સેંકડો ખંડવાળી હતી... કમનસીબે સં. ૧૯૩૧ના હવેલીમાં આગ લાગી હતી. આ હવેલીની વિશાળતાનો ખ્યાલ એ ઉપરથી આવી શકશે કે તે આગને કાબૂમાં લેતાં બે દિવસ લાગ્યા હતા અને તેમાંથી સામાન-કાટવળો ફેરવતાં ધુંધવાએલા અગ્નિની જ્વાળાઓ બુઝાવવા માટે બંબાઓને તેમજ તે સ્થળના રક્ષણ-ચોકી માટે પોલિસપાર્ટી અને ઘોડેસવારોની ટુકડીને લગભગ એક મહિના સુધી દિવસ-રાત ખડે પગે રોકાવું પડ્યું હતું; એટલું જ નહિ પણ તે હવેલીમાંથી સરસામાન-કાટવળો ફેરવી લેવા પછી ત્યાં પડી રહેલ રાખના જ લગભગ બે લાખ રૂપિયા ઉપજ્યા હતા તેમ કહેવાય છે. આ આંકમાં કદાચ ફેરફાર હોય છતાં એટલું તો સ્પષ્ટ થાય છે કે આવો આંકડો શેઠ કુટુંબ સૈકાજૂનું શ્રીમંત ઝવેરીનું ઘર હોઈને તેના ખેરા-ઝેરામાં બળીજળી ગયેલ જર-ઝવેરાત તેમજ ઝરીયાન–વસ્ત્રાભૂષણની રાખનું મૂલ્ય શેઠ કુટુંબની શ્રીમંતાઈનો આબેહૂબ ખ્યાલ આપે છે... નગરશેઠ હેમાભાઈએ

પોતાના પૂર્વજોનાં યશ-કીર્તિ, ધન-સંપત્તિ, માન-મરતબો, ઐશ્વર્ય-વૈભવ સર્વમાં વૃદ્ધિ કરી હતી. જુઓ 'પ્રતાપી પૂર્વજો' પૃ. ૭૦ થી ૭૭.]

હિમાવસહી –

શેઠ હેમાભાઈને શત્રુંજયતીર્થ ઉપર પોતાના નામની ટૂક સં. ૧૮૮૨માં બંધાવી અને સં. ૧૮૮૬ના મહા સુદિ ૫ના પ્રતિષ્ઠા કરાવી.

(શ્રી જિનવિજય સંપાદિત 'પ્રાચીન જૈન લેખસંગ્રહ' ભા.૨, લે.નં. ૫૯)

તે ટૂકમાં તેના વંશજોએ ઘણી જિનપ્રતિમાઓ ભરાવી છે.

(૧) નગરશેઠ હેમાભાઈના પુત્ર નગીનદાસની ભાર્યા ઇચ્છાવહુએ પોતાના પતિના શ્રેય માટે હિમાવસહી ટૂકમાં ભ૦ ચંદ્રપ્રભની દેરી બનાવી અને ભટ્ટા૦ શાંતિસાગરસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. ('એપ્રિગ્રાફિકા ઇન્ડિકા' ભા. ૨, પ્રક. ૬, શિલાલેખ નં. ૫૨; 'પ્રાચીન જૈન લેખસંગ્રહ' ભા. ૨, લે.નં. ૫૯)

(૨) અમદાવાદના વીશા ઓશવાલ શા૦ મોતીલાલ મલુકચંદે હેમાભાઈની ટૂકમાં શ્રી ચતુર્વિંશતિ જિનપટ્ટની પ્રતિષ્ઠા કરાવી.

('પ્રાચીન જૈન લેખસંગ્રહ' ભા. ૨, લે.નં. ૫૭)

(૩) સં. ૧૮૮૯ના વૈશાખ સુદિ ૧૩ ને બુધવારે શેઠ વખતચંદની પુત્રી ઊજમબાઈએ ભ૦ ધર્મનાથની દેરી બનાવી અને ભટ્ટા૦ શાંતિસાગરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. આ નાની દેરી પાંચ ભાયાના દેરાસર પાસે છે.

('પ્રાચીન જૈન લેખસંગ્રહ' ભા. ૨, લે.નં. ૬૨)

(૪) સં. ૧૮૮૯ના વૈશાખ સુદિ ૧૨ (૧૩) ને બુધવારે ઊજમબાઈએ હેમાભાઈની ટૂકમાં ડ્રીંકારવાળો શ્રી ચતુર્વિંશતિજિનપટ્ટ બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી. ('પ્રાચીન જૈન લેખસંગ્રહ' નં. ૬૨ અથવા ૬૭)

(૫) શેઠ હેમાભાઈના પુત્રો નગીનદાસ અને ઇચ્છાવહુ, પ્રેમાભાઈ અને સાંકલીવહુ તથા પુત્રીઓ રુકમિણી, પ્રસન્નબેન, મોતીકુંઅર અને શેઠ હેમાભાઈની ભાર્યા કંકુવહુ – તે સૌએ શેઠ હેમાભાઈ, તેના પિતા વખતચંદ, માતા જડાવબાઈ અને દાદા ખુશાલચંદના શ્રેય માટે સં. ૧૮૮૯ના વૈશાખ સુદિ ૧૩ ને બુધવારે હેમાભાઈની ટૂકમાં ચૌમુખજી બનાવી તેની પ્રતિષ્ઠા ભટ્ટા૦ શાંતિસાગરસૂરિ પાસે કરાવી. (– 'પ્રાચીન જૈન. લે.' ભા. ૨, લે.નં. ૬૫)

(૬) શેઠ હેમાભાઈના પુત્ર શેઠ પ્રેમાભાઈએ શેઠ હેમાભાઈની ટૂકમાં ભ૦ અજિતનાથનો જિનપ્રાસાદ બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી.

(૭) શેઠ વખતચંદના પુત્ર શેઠ મોતીભાઈ, તેમના પુત્ર ફતેહભાઈની

ભાર્યા ઉજળીબાઈ (અપરનામ– અચરતબાઈ)ના પુત્ર શેઠ ભગુભાઈએ શેઠ હેમાભાઈની ટૂકમાં એક દેરી બનાવી. ('પ્રાચીન જૈન લે.' ભા. ૨, લે.નં. ૭૧)

(૮) સં. ૧૮૮૯ વૈશાખ સુદિ ૧૩ના જય તલેટીના બે કાળા હાથી ઉપર, વિશામાના ચોતરા ઉપર દેરી બનાવી અને તેમાં ભ૦ આદિનાથનાં પગલાંની પ્રતિષ્ઠા કરાવી. (– 'શત્રુંજય ફરમો' પૃ. ૬)

નગરશેઠ હેમાભાઈની સાર્વજનિક સખાવતો –

(૧) અમદાવાદમાં અંગ્રેજી નિશાળ.

(૨) હેમાભાઈ ઇન્સ્ટીટ્યુટ નામની પુસ્તકશાળા, સંગ્રહસ્થાન, કન્યાશાળા અને હોસ્પિટલ વગેરે પ્રજા–ઉપયોગી કામો તેમની સહાયથી થયાં છે.

(૩) સં. ૧૯૦૪માં શરૂ થયેલી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા)ને સારી મદદ આપી હતી.

(૪) ગુજરાત કોલેજ માટે ૧૦૦૦૦ (દશ હજાર) રૂપિયાનું દાન.

(૫) શહેર સુધરાઈ માટે સારી જહેમત ઉઠાવી.

નગરશેઠ હેમાભાઈનો પરિવાર –

તેમને કંકુબાઈ નામે ધર્માનુરાગી પત્ની, બે પુત્રો અને ત્રણ પુત્રીઓ હતાં.

(૧) પુત્ર નગીનદાસ – તે શેઠનો મોટો પુત્ર હતો. સંભવ છે કે તે સં. ૧૮૮૬-૮૯ પહેલાં મરણ પામ્યો હોય ! કેમકે તેની ભાર્યા ઇચ્છાવહુએ હિમાવસહીમાં તેના શ્રેય માટે શ્રી ચંદ્રપ્રભની દેરી બનાવી હતી. (જુઓ પૃ. ૨૭૭)

ઇચ્છાવહુ ખૂબ ધાર્મિક વૃત્તિની હતી. તેણે પોતાના પતિની ભાવના અનુસાર સં. ૧૯૦૫-૧૦ લગભગમાં સાગરશાખાના યતિવરને વિનંતી કરી શ્રી શત્રુંજયતીર્થનું મોટું વર્ણન કરી ફરમો તૈયાર કરાવ્યો હતો. તેમાં પોતાના પતિ તથા ભત્રીજા મયાભાઈની પ્રેરણાથી આ ફરમો બન્યો એમ લખેલું છે.

એવી સંભાવના છે કે, ઇચ્છાવહુએ ભત્રીજા મયાભાઈને પોતાના ખોળે બેસાડવાનો વિચાર કર્યો હોય.

(૨) પુત્ર પ્રેમાભાઈ.

(૩) પુત્રી રુકમિણી.*

(૪) પુત્રી પ્રસન્નબેન.*

(૫) પુત્રી મોતીકુંઅર. ('પ્રાચીન જૈન લે.', લે. નં. ૬૫)

★ નગરશેઠ હેમાભાઈની આ બંને પુત્રીઓનાં લગ્ન શેઠ હઠીસિંગ કેશરીસિંગ સાથે થયાં હતાં.

૯ નગરશેઠ પ્રેમાભાઈ –

તે નગરશેઠ હેમાભાઈના પુત્ર હતા. તેમને જીવકોર અને સાંકળીબાઈ નામે ભાર્યાઓ હતી. તેમનો જન્મ સં. ૧૮૭૧ના કાર્તિક માસમાં થયો હતો અને સં. ૧૯૪૩ના આસો વદિ ૮ ના રોજ સ્વર્ગવાસ થયો હતો.

તેઓ બાહોશ, કાર્યદક્ષ, સુશિક્ષિત અને અંગ્રેજીના સારા અભ્યાસી હતા. પિતા હેમાભાઈના હાથ નીચે વ્યવહારિક અને રાજકીય રીતે ઘડાયા હતા. પૂ૦ શ્રી મૂલચંદજી ગણિવરના અનન્ય ભક્ત હતા. તેમના સાધુપરિવારની સર્વ રીતે ભક્તિની વ્યવસ્થા કરતા. તેમનો શિષ્યપરિવાર વધે તે માટે પણ સર્વ રીતે પ્રયત્નશીલ રહેતા; અને તે માટે મોટી રકમ વાપરતા.

શેઠ પ્રેમાભાઈએ ભારતના શ્વેતાંબર જૈન સંઘના આગેવાનોને મેળવી સં. ૧૯૩૬ના ભાદરવા વદિ ૧ (તા. ૧૮-૯-૧૮૮૦)ના રોજ પોતાના વંડામાં સર્વની સંમતિથી પૂ૦ શ્રી મૂલચંદજી મહારાજ વગેરે ગીતાર્થોના ઉપદેશથી શ્રી શત્રુંજય તીર્થના વહીવટી કારખાનાનું નામ સાધારણ રીતે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હતું તે કાયમ રાખ્યું અને આઠ ઠરાવો બનાવી તેનું લોકશાહી પદ્ધતિએ બંધારણ ઘડ્યું. (– પ્રક. ૫૮, પૃ. ૩૩૬–૩૩૭)

નગરશેઠ પ્રેમાભાઈના સાર્વજનિક કાર્યો –

જી. ડબલ્યુ. હેલો (કલેક્ટર) અને એ. ડબલ્યુ. વાર્ડને (ન્યાયમૂર્તિએ) નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ કરેલાં દાનોની નોંધ લીધી ને તે અંગ્રેજ સરકારને લખી મોકલી. એ દાનની વિગત આ પ્રકારે છે –

૧. સન્ ૧૮૫૬માં 'હઠીસિંહ અને પ્રેમાભાઈ હોસ્પિટલ' (કે જે અત્યારે ઘીકાંટા પરની સિવિલ હોસ્પિટલ) માટે રૂા. ૨૨૧૫૦.
૨. સન્ ૧૮૫૭માં હેમાભાઈ ઈન્સ્ટીટ્યુટ લાઈબ્રેરીને રૂા. ૭૦૦૦.
૩. સન્ ૧૮૫૭માં ગુજરાત કોલેજના ફંડમાં રૂા. ૧૦૦૦૦.
૪. મુંબઈની ગ્રાંટ મેડિકલ કોલેજમાં સુવર્ણચંદ્રક માટે રૂા. ૧૮૦૦.
૫. સન્ ૧૮૬૩માં મુંબઈના વિક્ટોરિયા મ્યુઝિયમ ફંડમાં રૂા. ૧૩૫૦.
૬. સન્ ૧૮૬૪માં મુંબઈના રાણીબાગ ફંડમાં રૂા. ૧૦૦૦૦.
૭. સન્ ૧૮૬૩-૬૫ના ત્રિવર્ષી દુકાળમાં જનતાને ખૂબ મદદ કરી.
૮. સં. ૧૯૩૪ ના દુકાળમાં જનતાને રૂા. ૨૦૦૦૦ની મદદ.
૯. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા)ને રૂા. ૨૦૦૦.
૧૦. તેઓને પોતાની ખાનગી ટપાલ-વ્યવસ્થા ગામોગામની હતી. તેના દ્વારા સન્ ૧૮૫૬-૫૭માં અંગ્રેજ સરકારને ટપાલની વ્યવસ્થા કરી આપી હતી. જુઓ : 'પ્રતાપી પૂર્વજો' પૃ. ૭૯.

આ બધાં પ્રજા–ઉપયોગી તેમજ સરકારને ઉપયોગી કાર્યો કરવાથી તા. ૧-૧-૧૮૭૭ (સં. ૧૯૨૨)માં બ્રિટીશ સરકારે શેઠ પ્રેમાભાઈને 'રાવબહાદુર'નો ખિતાબ આપ્યો હતો. મુંબઈ સરકારે રાજસભામાં ઓનરેબલ સભ્યપદે તેમજ માનદ્ મેજિસ્ટ્રેટપદે નિમણૂક કરી હતી. અમદાવાદની મ્યુનિસિપાલિટીના તેઓ પ્રમુખ પણ હતા. લોર્ડ ક્લાઈવે પણ નગરશેઠના કુટુંબને વિવિધ પ્રકારની સનદો આપી હતી. ('જૈન ઐતિહાસિક રાસમાળા', ભા. ૧, સમાલોચના : પૃ. ૩૧ અને ૩૫)

પાલિતાણાના ઠાકોરે શેઠ પ્રેમાભાઈ ઉપર લૂંટનું તહોમતનામું મૂક્યું હતું; પણ પાછળથી કોર્ટના ફરમાન મુજબ ઠાકોરે દિલગીરી જાહેર કરી હતી.
(જુઓ પૃ. ૩૩૧)

પાલિતાણાના ઠાકોર અને નગરશેઠ પ્રેમાભાઈ વગેરે જૈન અગ્રણીઓ વચ્ચે સને ૧૮૮૬ એપ્રિલમાં શ્રી શત્રુંજયનો રખોપા કરાર થયો. તેમાં જૈનોએ (આ. ક. પેઢીએ) પાલિતાણાના ઠાકોરને ૪૦ વર્ષ સુધી દર વર્ષે રૂા. ૧૫ હજાર આપવા નક્કી થયું. (જુઓ પૃ. ૩૪૧)

શેઠ પ્રેમાભાઈએ સં. ૧૯૦૭ના શ્રી શત્રુંજય તીર્થમાં સગાળપોળ ઉપર નવું મકાન બનાવી ત્યાં ટકોરખાનું બેસાડ્યું. તેમજ સં. ૧૯૧૦માં તીર્થના ચડાવમાં માનમોડિયાની ઉપરના કરમતોડિયાની ઉપર વિસામો બનાવ્યો.
('શત્રુંજય ફરમો', અનુક્રમે પૃ. ૨૧૧ અને પૃ. ૮)

શેઠ પ્રેમાભાઈએ 'હિમાવસહી' ટૂકમાં શ્રી અજિતનાથ ભ૦નો જિનપ્રાસાદ બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી અને તેની દક્ષિણ દિશામાં શિલાલેખ બનાવી લગાવ્યો. (જુઓ પૃ. ૨૦૯–૨૧૦)

તેમણે તીર્થ ઉપર 'શેઠ પ્રેમાભાઈની ટૂક' બંધાવી. પાલિતાણા ગામમાં તેમજ નરોડા, સરખેજ, બરવાળા, ગુંદી-કોઠ, માતર, ઉમરાળા વગેરે ગામે ધર્મશાળાઓ બંધાવી. કેશરિયાજી અને પંચતીર્થીનો મોટો સંઘ કાઢ્યો.

અમદાવાદ : જીર્ણોદ્ધાર આદિ –

અમદાવાદના જમાલપુરમાં શા૦ ટોકરશી શાહના નામની પોળ છે. તેમાં જિનપ્રાસાદ પણ તેમનો બનાવેલો છે. તેના પૌત્ર ચાંપશી શાહ સં. ૧૬૭૭ના મહા સુદિ ૫ ના રોજ વિદ્યમાન હતા. શેઠ પ્રેમાભાઈએ તે જિનપ્રાસાદનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. અમદાવાદનો જૈન સંઘ દર સાલ કાર્તિક સુદિ ૧૫ ના રોજ ત્યાં (શત્રુંજયપટ્ટની) યાત્રા કરવા જાય છે, તે સિવાય દેરાસરની વર્ષગાંઠના દિવસે પણ કેટલાક ભક્તો યાત્રા કરે છે.

શેઠ પ્રેમાભાઈએ સાગરશાખાના ભટ્ટારક શ્રી શાંતિસાગરસૂરિ તથા સંવેગી

ગીતાર્થ શ્રી મુક્તિવિજયજી ગણિના લઘુ ગુરુભાઈ શ્રી આત્મારામજી મહારાજ અને શ્રી આણંદવિજયજી મ૦ના ઉપદેશથી સં. ૧૯૪૧ના ફાગણ સુદિ ૫ ના રોજ રાજનગરમાં ઊજમફોઈના જૂના ઝવેરાતનાં પૂંઠિયાં, રૂમાલ, ચંદરવાનો જીર્ણોદ્ધાર કરાવી તેમાં સાચા મોતીનો શિલાલેખ કરાવ્યો.

અમદાવાદ–ઝવેરીવાડામાં શ્રી મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું.

('ગુજરાતનું પાટનગર અમદાવાદ' પૃ. ૬૬૬)

(૯) નગરશેઠ પ્રેમાભાઈનો પરિવાર –

ત્રણ પુત્રો – શેઠ પ્રેમાભાઈને ભાર્યા જીવકોરવહુથી ૧. શેઠ મયાભાઈ, ૨. શેઠ લાલભાઈ, ૩. શેઠ મણિભાઈ એમ ત્રણ પુત્રો હતા.

(૧૦) મોટા પુત્ર મયાભાઈ – તે નાનપણથી જ શરીરે અશક્ત હતા અને આત્મચિંતનમાં મગ્ન હતા. આથી વ્યવહાર, સામાજિક કાર્યો કે ધર્મકાર્યોમાં આગેવાનીભર્યો ભાગ લેતા ન હતા. આથી પિતાના મરણ પછી તે નગરશેઠ ન બન્યા.

તેમને મુક્તાબાઈ નામે પત્ની હતી. તેનું બીજું નામ કદાચ જેકોરબાઈ હોય. મુક્તાબાઈ નિશ્ચયનય તરફી વલણવાળાં હતાં આથી ભટ્ટા૦ શાંતિસાગરસૂરિથી પ્રભાવિત થયાં હતાં. પછી શ્રી રાયચંદ મતના અનુયાયી હતાં અને તેમાં આગેવાનીભર્યો ભાગ લેતાં હતાં.

(૧૧) નગરશેઠ વિમળભાઈ અને શેઠ સારાભાઈ – શેઠ મયાભાઈને ૧. વિમળભાઈ અને ૨. સારાભાઈ એમ બે પુત્રો હતા અને નિર્મળાબેન નામે પુત્રી હતી. બંને પુત્રો સ્વભાવે શાંત, સરળ, માતૃભક્ત અને આપસમાં અત્યંત પ્રેમવાળા હતા. પુત્ર-પૌત્રો કાલે જુદા થાય પણ બંને ભાઈઓની જોડી સાથે જ રહે એવો પ્રેમ હતો.

વિમળભાઈ શેઠ મયાભાઈના મોટા પુત્ર હતા. પ્રેમાભાઈ પછી નગરશેઠ તે જ બને પણ ઉંમર નાની હોવાથી શેઠ મણિભાઈ પ્રેમાભાઈ, શેઠ ચીમનલાલ લાલભાઈ, શેઠ કસ્તૂરભાઈ મણિભાઈ અને ત્યાર પછી જ શેઠ વિમલભાઈ નગરશેઠ બન્યા.

શેઠ વિમલભાઈનાં ધર્મપત્ની લલિતાબહેન ધર્મપ્રેમી, સરલ અને વિવેકી હતાં. નગરશેઠના સાધ્વીમહારાજના ઉપાશ્રયનાં અધ્યક્ષ હતાં.

શેઠ સારાભાઈના પત્ની મધુબેન પણ સરલ અને ધર્મપ્રેમી છે. તેમનો વંશવિસ્તાર આ પ્રકારે છે : (૧૨) શ્રી વિનોદભાઈ, ભાર્યા : વંદનાબેન. (૧૩) પુત્ર દીપક, પુત્રી બ્રહ્મ.

(૧૦) **શેઠ લાલભાઈ** – તે શેઠ પ્રેમાભાઈના બીજા પુત્ર હતા. તેને શણગારદેવી નામે પત્ની હતાં.

(૧૧) શેઠ ચીમનભાઈ – શેઠ લાલભાઈને ચીમનભાઈ નામે પુત્ર હતો. તેનો જન્મ સને ૧૮૮૪ (વિ. સં. ૧૯૪૦)માં થયો હતો; અને મૃત્યુ તા. ૨૧-૮-૧૯૧૨ ના રોજ ૨૬ વર્ષની ઉંમરે થયું હતું.

તે બહુ બુદ્ધિશાળી, ચતુર, કાર્યદક્ષ, પ્રજાવત્સલ અને પરગજુ સ્વભાવના હતા. નગરશેઠ મણિભાઈના મરણ પછી તે નગરશેઠ બન્યા. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અધ્યક્ષ પણ બન્યા.

(–'જૈન ઐતિહાસિક રાસમાલા' સમાલોચના : પૃ. ૨૪)

વૃદ્ધો કહે છે કે, એકવાર અંગ્રેજ સરકારના કોઈ નવા ટેક્ષના કારણે અમદાવાદમાં મોટી હડતાલ પડી. અમદાવાદના કમિશનરે શેઠ ચીમનલાલ લાલભાઈને સાથે લઈ દુકાને દુકાને ફરીને દુકાનો ખોલાવી પણ બંને જણ આગળ વધે કે તરત જ પાછળ દુકાનો બંધ થાય. એમ આખા બજારની દુકાનો ઊઘડી અને બંધ થઈ. કમિશનર કહે કે આમ કેમ બને છે ? શેઠે જણાવ્યું, ''પ્રજાનું મન સંતોષો તો જ હડતાલ મટે. બળજબરી કે શરમાશરમીથી કામ નહીં બને.'' કમિશનરે તરત જ પ્રજાની માગણી સ્વીકારી. બજારો ખુલ્લાં થયાં. શેઠ ચીમનલાલ આ રીતે રાજમાન્ય અને પ્રજાવત્સલ હતા.

તેમનાં પત્ની મહાલક્ષ્મીબેન ધર્મસંસ્કારી અને પરોપકારી હતાં. તે હતાં ત્યાં સુધી નગરશેઠના વંડામાં ચારે સંઘો (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) અવારનવાર લાભ આપવાં આવતાં-જતાં. તેમણે મુશ્કેલીના પ્રસંગે શેઠની મારકીટ બીજી મોટી રકમની લાલચ છોડીને શ્રીસંઘના આયંબિલખાતામાં ઓછી કિંમતે આપી દીધી. આયંબિલશાળા સદ્ધર બની. તેમણે પોતાના પિયરના બાબાસાહેબને દત્તક લીધા.

(૧૨) શેઠ સાહેબસિંગ ઉર્ફે બાબાસાહેબ, ભાર્યા : પ્રભાદેવી.

(૧૩) શ્રી સૂર્યકાંત અને ભાર્યા સૂર્યબાળા, શ્રી નીતિનભાઈ અને ભાર્યા ભાઉબેન, શ્રી મંગળદાસ, શ્રી સુવર્ણજીત.

(૧૦) નગરશેઠ મણિભાઈ – તે શેઠ પ્રેમાભાઈના સૌથી નાના ત્રીજા પુત્ર હતા. પિતાના હાથ નીચે ઘડતર એવું ઉત્તમ થયું કે પિતાના મૃત્યુ બાદ તેમનો વિશાળ કારોબાર તેમજ નગરશેઠપદ ૨૪ વર્ષની વયે મણિભાઈ સંભાળી શક્યા. ૨૭ વર્ષની વયે તેઓ મ્યુનિસિપાલિટીના સભ્યપદે, તે પછી બે વખત ઉપ-પ્રમુખપદે અને સને ૧૮૯૮માં પ્રમુખપદે નિમાયા, જે મૃત્યુપર્યન્ત તે સ્થાને રહ્યા.

સં. ૧૯૫૬ના (છપ્પનીઆ) દુષ્કાળમાં નગરશેઠ મણિભાઈની ઉદાર સહાય અને આગેવાની નીચે 'પુઅર હાઉસ' અને 'કેટલ કેમ્પ' ખોલવામાં આવ્યાં હતાં. આ સમયે દુષ્કાળની સાથોસાથ રોગચાળો પણ ફાટી નીકળ્યો. શેઠ તેમાં પણ દિવસ-રાત જોયા વગર લાગી ગયા; પણ સેવાકાર્ય કરતાં કરતાં તેમને શીતળાનો ચેપી રોગ લાગુ પડ્યો અને સં. ૧૯૫૬માં જ ૪૭ વર્ષની નાની ઉંમરે તેઓ મૃત્યુ પામ્યા.

શેઠ મણિભાઈને મોહિનીબાઈ નામે ધર્મપત્ની અને કસ્તૂરભાઈ તથા ઉમાભાઈ નામે પુત્રો હતા.

(૧૧) શેઠ કસ્તૂરભાઈ મણિભાઈ – તે બહુ બાહોશ, કાર્યદક્ષ અને ચતુર હતા. આ૦ શ્રી વિજયનેમિસૂરિના ભક્ત હતા. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખપદ દરમિયાન પાલગંજના રાજા પાસેથી પુનઃ સમેતશિખરજી તીર્થ રૂા. ૨,૪૨,૦૦૦માં ખરીદી લઈ તે પર્વત ફરીવાર શ્વેતાંબર જૈન સકલ સંઘ હસ્તક બનાવ્યો હતો. (જુઓ આ જ પ્રકરણમાં 'જગતશેઠ', પૃ. ૩૦૩ અને પહેલી આવૃત્તિ, પ્રક. ૪૪, પૃ. ૧૯૦).તેમણે જૈન સંઘના કેટલાક જરૂરી પ્રશ્નોની વિચારણા માટે વિનંતી કરી સં. ૧૯૯૧માં અખિલ ભારતવર્ષીય જૈન સાધુ સમ્મેલન ભર્યું. તે સંમેલને કેટલાક ઠરાવો કરી ચર્ચાના પ્રશ્નોને શાંત કર્યા. સં. ૨૦૦૪ના પોષ વદિ ૩ ના રોજ એમનું મૃત્યુ થયું.

(– ફાબર્સ, 'રાસમાળા' – પ્રસ્તાવના)

તેમનાં પત્ની માણેકબેન અમદાવાદનાં સુપ્રસિદ્ધ સન્નારી, દયાપ્રેમી, વિદ્યાપ્રેમી હતાં. શેઠ મોહનલાલ મગનલાલનાં પુત્રી હતાં. તેઓ સુશીલ, વિવેકી, કાર્યદક્ષ અને ધર્મપ્રેમી હતાં. તેમને આંતરડાનું દર્દ હતું ને મરણ પામ્યાં. મૃત્યુના દિવસે આ ગ્રંથલેખક શ્રી દર્શનવિજયને ફળ વહોરાવી શુદ્ધ ભાવથી નવકાર ગણતાં સ્વર્ગસ્થ થયાં.

તેમને ૧. પ્રિયકાંત, ૨. અરુણ, ૩. જગદીશ એમ ત્રણ પુત્રો હતા અને પ્રિયંવદા, પ્રમીલા અને ઈલા એમ ત્રણ પુત્રીઓ હતી. તે સૌ વિદ્યાવ્યાસંગી અને ધર્મપ્રેમી હતાં. તેમની પરંપરા આ પ્રકારે છે :–

(૧૨) પ્રિયકાંત બાર-ઍટ-લૉ.

(૧૨) જગદીશભાઈ, ભાર્યા : સુનિતાબેન.

(૧૩) પુત્ર ધીમંત, પુત્રી દક્ષા.

(– પટ્ટા. સમુચ્ચય, ભા. ૨, પૃ. ૨૧૭ થી ૨૧૯)

★ ★ ★

જગતશેઠનો વંશ

વિક્રમની અઢારમી સદીના મધ્યકાળથી મુર્શિદાબાદમાં જગતશેઠનો વંશ શરૂ થયો છે, જેનો ટૂંકો ઇતિહાસ આ પ્રમાણે છે.

૧. શેઠ હીરાચંદ –

નાગોરનો વેપારી હતો, શ્વેતાંબર જૈન હતો. નાગોરીગચ્છના કોઈ ભટ્ટારકના આશીર્વાદ લઈ તે પટણા જઈ વસ્યો ત્યારે પટણા કપાસ, સરસવ, એરંડા, નીલ, મીઠું વગેરે વસ્તુઓનું વેપારી મથક હતું. શેઠને શરૂઆતમાં કંઈ લાભ થયો નહીં પણ તેને એક વૃદ્ધાની સેવા કરવાથી તેની પાસેનું પુષ્કળ ધન પ્રાપ્ત થયું. આથી શેઠે પટણામાં પેઢી ખોલી.

તેને ગોરધન, સદાનંદ, રૂપચંદ, મલુકચંદ, અમીચંદ, જ્ઞાનચંદ અને માણેકચંદ એમ સાત પુત્રો તથા ધનબાઈ નામે પુત્રી હતી. શેઠે પુત્રો માટે સાત પેઢીઓ સ્થાપન કરી. તે પછી એ સ્વર્ગવાસી થયો.*

૨. શેઠ માણેકચંદ –

તે શેઠ હીરાચંદનો સાતમો પુત્ર હતો. બંગાળની ગાદી ગૌડ, ટાંડા, રાજમહેલ અને ઢાકામાં ફરી ફરીને મુર્શિદાબાદમાં આવી. ઇસ્લામખાંએ સં. ૧૬૬૪માં ઢાકામાં એ સ્થાપન કરી હતી. પછી શાહજહાંનો પુત્ર સૂજા મીર જુમલા અને સાએતખાંએ પણ ફેરવી ફેરવીને ઢાકામાં સ્થાપન કરી. એક બ્રાહ્મણનો પુત્ર પારસી પાસે દાસ તરીકે વેચાયો. પારસમાં ગયો. મુસલમાન બની મુર્શિદકુલી જફરખાં નામ રાખી ઔરંગઝેબના સમયે હિંદમાં આવ્યો. ઈ. સ. ૧૭૦૧ (વિ. સં. ૧૭૫૭)માં બંગાળનો દીવાન બન્યો. તે અને શેઠ માણેકચંદ મિત્રો બન્યા.

★ દિલ્હીના બાદશાહો – (૧૧) ઔરંગઝેબ (મૃત્યુ ઈ.સ. ૧૭૦૭), (૧૨) બહાદુર-શાહ આલમ (મૃત્યુ ઈ.સ. ૧૭૧૨), (૧૩) જહાંદરશાહ (મૃત્યુ ઈ.સ. ૧૭૧૨), (૧૪) ફરુખશિયર (મૃ. ઈ.સ. ૧૭૧૯), (૧૫) રફીઉદરજાત (મૃ. ઈ.સ. ૧૭૧૯), (૧૬) રફીઉદ્દૌલા (મૃ. ઈ.સ. ૧૭૧૯), (૧૭) મહમ્મુદશાહ (મૃ. ઈ.સ. ૧૭૪૮), (૧૮) અહમ્મદશાહ (મૃ. ઈ.સ. ૧૭૫૪), (૧૯) આલમશાહ બીજો (મૃ. ઈ.સ. ૧૭૫૯), (૨૦) શાહજહાં બીજો (મૃ. ઈ.સ. ૧૭૫૯), (૨૧) આલમશાહ ત્રીજો (મૃ. ઈ.સ. ૧૮૦૬), (૨૨) અકબરશાહ (મૃ. ઈ.સ. ૧૮૩૭), (૨૩) બહાદુરશાહ બીજો.

ઈ.સ. ૧૭૩૮માં નાદિરશાહે હિંદ પર ચડાઈ કરી. ચિકલીજખાંએ (આસફશાહે) નિઝામ રાજ્યની સ્થાપના કરી. બા૦ આલમે અંગ્રેજોનું ૨૬૦૦૦૦૦ (છવ્વીસ લાખ)નું પેન્શન લઈ અલાહાબાદમાં વાસ કર્યો. બા૦ બહાદુરશાહ બીજાનું ઈ.સ. ૧૮૫૭માં પેન્શન બંધ થયું. (પ્રક. ૫૮, પૃ. ૧૪૪ થી ૧૫૨)

મુર્શિદ ઔરંગઝેબના પૌત્ર આજિમ ઓસમાન સૂબાના કાવતરાથી બચીને મકસુદાબાદ જઈ રહ્યો. તેણે મકસુદાબાદને મુર્શિદાબાદ નામ આપ્યું. [આ શહેર કલકત્તાથી ૧૯૭ કિ.મી.ના અંતરે આવેલ છે. અહીં જગતશેઠનો મહેલ જાફરગંજની દરગાહથી ૨ કિ.મી. દૂર છે. અહીં જોવાલાયક સ્થળોમાં એક કાઠગોલા છે, જ્યાં પંજાબના એક શ્રેષ્ઠીનું બગીચા સાથેનું મકાન છે. જાહોજલાલી અને દુર્લભ વસ્તુઓ અહીં સચાવાયેલ છે.] શેઠ માણેકચંદને અહીં લાવીને વસાવ્યો. શેઠે સં. ૧૭૫૯માં મહિમાપુરમાં કોઠી સ્થાપી. મુર્શિદખાં બંગાળનો દીવાન હતો. બંગાળ–ઉડિસાનો નાયબ નાજીમ બન્યો અને સમ્રાટ (મુગલ બાદશાહ) પાસેથી ખિતાબ મેળવી નવાબ બન્યો.

તેણે શેઠ પાસે સં. ૧૭૬૨ (ઈ.સ. ૧૭૦૬)માં મહિમાપુર પાસે ગંગાકિનારે ટંકાશાળ ખોલાવી અને રૂા. ૨૫,૦૦૦ (પચીસ હજાર) આપી ટંકશાળમાં પોતાની મુદ્રાઓ ઢાળવાનું શરૂ કર્યું. સાથે દિલ્હીના બાદશાહ બહાદુરશાહ આલમના પણ ટંકશાળમાં સિક્કાઓ ઢાળ્યા. લંડન કંપની તથા ઈંગ્લિશ કંપનીએ આપસનો વિરોધ છોડી ઈસ્ટ ઇન્ડિયા કંપની સ્થાપન કરી. તેણે પણ પોતાની પ્રવૃત્તિ જમાવવા પ્રયત્ન આરંભ્યો.

ટંકશાળમાં ઈ.સ. ૧૭૨૮માં રૂા. ૩૦૪૧૦૩ની આવક થઈ. મુર્શિદખાં દર સાલ રૂા. ૧,૩૦,૦૦,૦૦૦ દિલ્હી મોકલતો હતો.

શેઠે દિલ્હીમાં દુકાન રાખી હતી. શેઠ હુંડિયામણથી આ રકમ તથા જમીનદારોની રકમ સરળતાથી મોકલી શકતો હતો. આથી દિલ્હી અને મુર્શિદાબાદ વચ્ચેનો સંબંધ મજબૂત થયો હતો. બાદશાહ ફરુખશિયર (ઈ.સ. ૧૭૧૩ થી ૧૭૧૯), મુર્શિદખાં અને શેઠ એ ત્રિપુટીમાં પ્રેમ વધતો ગયો. બાદશાહ ફરુખશિયરે નવાબના આગ્રહથી ઈ.સ. ૧૭૧૫માં શેઠ માણેકચંદને શેઠની પદવી આપી. મણિથી મઢેલી 'શેઠ' અક્ષરોવાળી મહોર આપી અને ફરમાન લખી આપ્યું. આ દિવસથી 'જગતશેઠવંશ'ની શરૂઆત થઈ. (શેઠ માણેકચંદને અને તેમના વંશજોને 'શેઠ-જગતશેઠ'ની પદવી વગેરેનાં જે જે ફરમાનો પ્રાપ્ત થયાં હતાં તે 'જગતશેઠ'ના વંશની પ્રસ્તુત માહિતી આપ્યાં પછી પૃ. ૨૯૬થી સર્વ ફરમાનો ક્રમશઃ આપવામાં આવશે.) નવાબને શેઠ ઉપર ઘણો વિશ્વાસ હતો. તેણે તેને ત્યાં પોતાના પાંચ કરોડ રૂપિયા રાખ્યા હતા. તે તેની સલાહ પ્રમાણે રાજ્ય વ્યવસ્થા ચલાવતો હતો.

શેઠનો ઈ.સ. ૧૭૨૨ (વિ. સં. ૧૭૭૮)માં સ્વર્ગવાસ થયો. તેને સંતાન નહોતું. તેનો સ્મૃતિસ્તંભ મહિમાપુરના મયાબાગમાં હતો, જે ગંગાના વહેણમાં તણાઈ જઈ નાશ પામ્યો.

૩. જગતશેઠ ફત્તેચંદ –

શેઠ માણેકચંદને કંઈ સંતાન નહોતું. તેણે દિલ્હીની પેઢીમાં બનારસના શેઠ ઉત્તમચંદ અને પોતાની બહેન ધનબાઈના પુત્ર ફત્તેચંદને મુનીમ તરીકે રાખ્યો હતો. તે બુદ્ધિમાન અને કાર્યદક્ષ હતો. મામાના ખોળે આવ્યો હતો. બાદશાહ ફરુખશિયરે મુનીમ ફત્તેચંદ પાસેથી ઘણીવાર મોટી મોટી રકમની મદદ લીધી હતી.

આથી તેણે માણેકચંદને 'શેઠ'ની પદવી આપી હતી અને બાદશાહ મહમ્મદે ઈ.સ. ૧૭૨૨ અથવા ૧૭૨૪માં શેઠ ફત્તેચંદને 'જગતશેઠ'ની પદવી અને તેના પુત્ર આનંદચંદને 'શેઠ'ની પદવી આપી અને ફરમાન લખી આપ્યું ને શિરપાવ આપ્યો (જુઓ ફરમાન). બાદશાહ શેઠ ફત્તેચંદને નવાબ બનાવવા ચાહતો હતો પણ જગતશેઠે તે પદ મુર્શિદકુલીને જ યોગ્ય છે એમ કહી નવાબ બનવાનો ઇન્કાર કરી દીધો હતો. આથી નવાબનો પ્રેમ શેઠ ઉપર ખૂબ વધ્યો. નવાબને બિહારનું પણ શાસન મળ્યું. મુર્શિદકુલીખાં ઈ.સ. ૧૭૨૫માં મરણ પામ્યો.

નવાબ સરફરાજ – મુર્શિદખાં પછી તે બંગાળનો નવાબ (સને ૧૭૨૫ થી ૧૭૩૯) બન્યો. મુર્શિદખાંનો તે જમાઈ હતો. તે દર સાલ દોઢ કરોડ રૂપિયા દિલ્હી મોકલતો હતો. તેણે જગતશેઠ તથા તેના પુત્ર રાય રાયાજી આનંદચંદની સલાહથી જમીનદારો અને ખેડૂતોને સુખી કર્યા. આ સમયે જગતશેઠ ધનકુબેર મનાતો હતો. નવાબ સરફ વિષયી અને લોભી હતો. પ્રજાપ્રિય નહોતો. તેના અંતઃપુરમાં દોઢ હજાર સ્ત્રીઓ હતી. આ નવાબ અને જગતશેઠ વચ્ચે મૈત્રી જામી જ નહીં. અલીવર્દીખાંએ નવાબ સરફને મારી નાખ્યો.

નવાબ અલીવર્દીખાં – નવાબ સરફ પછી અલીવર્દીખાં નવાબ બન્યો. તે સ્વભાવે મીઠો અને પ્રજાપ્રેમી હતો. જગતશેઠનો તે પરમ મિત્ર હતો. તે 'બંગાળનો અકબર' કહેવાતો હતો.

આ સમયે બંગાળમાં આંતરવિગ્રહ ખૂબ ચાલ્યો, મરાઠા અને અફઘાનો પણ ચડી આવ્યા. મરાઠા સેનાપતિ ભાસ્કરપંતે દરખાન બાળ્યું, મુર્શિદાબાદ લૂંટ્યું. મીર હબીબે મહિમપુર લૂંટ્યું, તેણે જગતશેઠની ગાદીમાંથી ૨ કરોડ એકસરખી આર્કટ મુદ્રાઓ લૂંટી લીધી.

આ સમયે બંગાળમાં એવી લોકખ્યાતિ હતી કે, 'જગતશેઠ ધારે તો ગંગાનો પુલ માત્ર પોતાના રૂપિયાથી જ બાંધી શકે.' ભાસ્કરપંત ફરીથી જ્યારે લૂંટવા આવ્યો ત્યારે અલીવર્દીખાંએ તેને વિશ્વાસથી ફસાવી મારી નાખ્યો.

જગતશેઠ ફત્તેચંદ ઈ.સ. ૧૭૪૪ (વિ. સં. ૧૮૦૦)માં સ્વર્ગસ્થ થયો ત્યારે અલીવર્દીખાંને ઘણું દુઃખ થયું. શેઠ ફત્તેચંદને ૧. આનંદચંદ, ૨. મયાચંદ

અને ૩. મહાચંદ એમ ત્રણ પુત્રો હતા. તે સૌ વિ સં. ૧૮૦૦ પહેલાં સ્વર્ગવાસી થયા હતા.

૪. જગતશેઠ મહતાબરાય –

તે શેઠ ફત્તેચંદનો પૌત્ર અને શેઠ આનંદચંદનો પુત્ર હતો. તેણે દાદાનો બધો કારભાર માથે ઉપાડી લીધો. બાદશાહ અહમદે ઈ. સ. ૧૭૪૮માં શાહ મહતાબરાયને 'શેઠ'ની પદવી અને પછી તુરંત બે મહિને 'જગતશેઠ'ની પદવી તથા શેઠ સ્વરૂપચંદને 'મહારાજા'ની પદવી ફરમાન સાથે આપવામાં આવી (જુઓ ફરમાન). તે જ દિવસે શિરાજ ઉદ્દૌલાને બંગાળનો નવાબ બનાવ્યો પણ શિરાજનો કુટુંબપરિવાર તેની વિરોધમાં હતો.

નવાબ શિરાજ અંગ્રેજોનો કટ્ટર શત્રુ હતો. કલકત્તાના કિલ્લા અંગે અંગ્રેજો સાથે ઝઘડો ઊઠ્યા બાદ તે જૂના અમલદારો અને જગતશેઠ ઉપર શંકાશીલ બન્યો. સૈયદ સૌકતને નવાબની સનદ મળતાં શિરાજે જગતશેઠને દોષિત ઠરાવી કેદમાં પૂર્યો અને પછીથી છોડ્યો. લોર્ડ ક્લાઈવે નવાબને સમજાવવા શેઠને પત્ર લખ્યો હતો. શેઠે તેને દેશાભિમાનવાળો ઉત્તર આપ્યો હતો.

જગતશેઠ મહતાબરાયના માણસે કલકત્તા જઈ તા. ૯-૨-૧૭૫૭માં ઈસ્ટ ઇન્ડિયા કંપની અને નવાબ વચ્ચે સંધિ કરાવી, જેમાં કંપનીને જમીન ખરીદવા, ટંકશાળ ખોલવા, પોતાના સિક્કા પડાવવા વગેરેના હક્કો મળ્યા હતા.

એકવાર કંપની અને નવાબ વચ્ચે મૈત્રી થઈ અને તૂટી ગઈ. નવાબ શેઠને પજવતો હતો. નવાબ ચંચળ સ્વભાવનો હતો. જગતશેઠના મહેલમાં મીર ઝાફર, ઘસીટા બેગમ, રાજા રાજવલ્લભ, રાજારામ નારાયણ, રાજા મહેન્દ્ર, રાજા કૃષ્ણચંદ્ર વગેરે રાજા તથા જમીનદારોની એક ગુપ્ત મંત્રણા થઈ. જેમાં સૌપ્રથમ હિંદુ રાજા બનાવવાનો નિર્ણય થયો, પણ ઠરાવ ઊડી ગયો. રાજા કૃષ્ણચંદ્રે 'મીર ઝાફરની મદદ લેવી, જરૂર પડે તો કંપનીની પણ મદદ લેવી પણ શિરાજને તો હઠાવવો જ' એવો ઠરાવ મૂક્યો. એ ઠરાવ સૌએ મંજૂર કર્યો.

લોર્ડ ક્લાઈવે આ જાણીને યુદ્ધની તૈયારી કરી. પરિણામે પ્લાસીનું યુદ્ધ થયું. શિરાજ ભાગી ગયો. તે દાનાશાહ નામે ફકીર બન્યો. યુક્તિથી પકડાયો અને મુર્શિદાબાદમાં તેનો વધ થયો. ઈ.સ. ૧૭૫૭માં તેને ખેરસબાગમાં દફનાવવામાં આવ્યો. આ ઘટના જગતશેઠના કલંકરૂપ બની ગઈ લેખાઈ છે.

મીર ઝાફર નવાબે ખજાનો ખાલી થવાથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાની ટંકશાળમાં લાભ ન થવાથી ધનની તંગીમાં જગતશેઠ પાસેથી લાખો રૂપિયાની રકમ લીધી હતી; પરંતુ હવે તે નવાબ પણ જગતશેઠ મહતાબરાય ઉપર વહેમની

નજરે જોવા લાગ્યો. જગતશેઠ મહતાબરાય અને શેઠ સ્વરૂપચંદ હવે ધર્મનું આરાધન કરવું એ ઉદ્દેશથી સમેતશિખર તીર્થમાં જઈને રહ્યા.

બાદશાહ અહમદે ઈ.સ. ૧૭૫૨, વિ. સં. ૧૮૦૯, હીજરી સન ૧૧૬૫માં જગતશેઠ મહતાબરાયને સમેતશિખર, મધુવન કોઠી, જયપાર નાળું, પ્રાચીન નાળું, જલહરીકુંડ, પારસનાથ તળેટી વચ્ચેની ૩૦૧ વીઘા જમીન, પારસનાથ પહાડ વગેરે ભેટ આપ્યાં હતાં. (જુઓ ભા. ૩, આવૃત્તિ પહેલી, પ્રક. ૪૪, પૃ. ૧૮૧, ફરમાન : ૩૦મું)

જગતશેઠની ભાવના હતી કે, સમેતશિખર મહાતીર્થના મંદિરોનો જીર્ણોદ્ધાર કરવો. એવામાં તપગચ્છના પં૦ શ્રી દેવવિજયજી ગણિ સમેતશિખર તીર્થની યાત્રા માટે ત્યાં પધાર્યા. તેમના ઉપદેશથી જગતશેઠે આ મહાતીર્થનો મોટો ઉદ્ધાર કરવાનો વિચાર કર્યો. પોતાના સાત પુત્રો તથા સમગ્ર પરિવારને તીર્થમાં તેઓ લઈ આવ્યા. સૌની સમ્મતિ સાથે મોટો ઉદ્ધાર કરવા તથા મધુવનમાં નવાં જિનાલયો બંધાવવાનો નિર્ણય લઈ લીધો. શેઠે આ કામ જેસલમેરની પેઢીના મુનીમ મૂળચંદજી તથા પોતાના ચોથા પુત્ર સુગાળચંદને સોંપ્યું અને જીર્ણોદ્ધારનો આરંભ કર્યો.

બાદશાહ જહાંદરનો બીજો પુત્ર બાદશાહ આલમગીર બીજો જેનું નામ અબુઅલીખાન બહાદુર હતું તેણે ઈ.સ. ૧૭૫૫ (હીજરી સં. ૧૧૬૮, વિ.સં. ૧૮૧૨ના જેઠ સુદિ ૧૨)ના પારસનાથ પહાડને (સમેતશિખરને) કરમુક્ત જાહેર કર્યો અર્થાત્ વેઠવેરો, લાગાન, જકાત, મૂંડકાવેરો વગેરે માફ કર્યાં હતાં. (જુઓ ભા. ૩, આવૃત્તિ પહેલી, પ્રક. ૪૪, પૃ. ૧૮૧, ફરમાન : ૩૧. આ સમયે ખુશાલચંદ નહીં પણ મહતાબરાય પ્રાયઃ હતા.)

જગતશેઠ મહતાબરાય વગેરે ઘણા મહિનાઓ સુધી ત્યાં રોકાયા હતા એટલે નવાબને વહેમ પડ્યો કે જગતશેઠ યાત્રાનું બહાનું કાઢીને બાદશાહ આલમને મળવા ગયા છે. કદાચ મારી વિરુદ્ધ કાવતરું કરી રહ્યા હોય. નવાબે આ વહેમથી જગતશેઠને તાકીદથી મુર્શિદાબાદ બોલાવ્યા. પણ નવાબને સાચી વાત જાણવામાં આવી ત્યારે તેમનો વહેમ નીકળી ગયો. નવાબ અને શેઠ વચ્ચે ફરી મૈત્રીસંબંધ બંધાયો. મીર કાસીમ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની મદદ લઈ મીર ઝાફરને હઠાવી બંગાળનો નવાબ બન્યો.

હવે જગતશેઠે રાજકારણમાં ભાગ લેવાનું બંધ કર્યું અને પોતાના સાત પુત્રોને રાજખટપટથી દૂર રાખવા જુદાં જુદાં શહેરોમાં સાત પેઢીઓ ખોલાવી ત્યાં બેસાડી દીધા.

ઈસ્ટ ઇન્ડિયા કંપની અને મીર કાસીમ વચ્ચે ગિરિયકમાં યુદ્ધ થયું, તેમાં મીર કાસીમ હાર્યો. આથી મીર કાસીમે ગુસ્સે થઈ સંભ્રાંત બની જગતશેઠ

મહતાબરાય, મહારાજા સ્વરૂપચંદ વગેરેને મરાવી નાખ્યા, ને શેઠના ઘરબાર, માલમિલકત અને પેઢી વગેરે લૂંટી લીધાં. મીર કાસીમ સૂજા સાથેના યુદ્ધમાં પણ હાર પામતાં ફકીર બની દિલ્હી ચાલ્યો ગયો ને ત્યાં જ મરણ પામ્યો.

જગતશેઠ મહતાબરાયને ૧. ખુશાલચંદ, ૨. ગુલાબચંદ, ૩. સમીરચંદ, ૪. સુખલાલ એમ ચાર પુત્રો હયાત હતા. મહારાજા સ્વરૂપચંદને ૧. ઉદયચંદ, ૨. અભયચંદ અને ૩. મિહિરચંદ એમ ત્રણ પુત્રો હતા. શેઠ સુખલાલનું બીજું નામ સુગાલચંદ પણ મળે છે.

આ સમયે નવાબ શિરાજ, મીર ઝાફર, મીર કાસીમ કે સૂજાના શાસનકાળમાં સાહસી બાબુ મેઘરાજની તથા નવાબજાદીની એક રોમાંચક ઘટના બની હતી.

બાબુ મેઘરાજ –

નવાબો અને જગતશેઠના અણબનાવનાં બીજાં ગમે તે કારણો હોય પણ બાબુ મેઘરાજની ઘટના પણ તેના એક કારણરૂપે હોય તેમ મનાઈ છે.

અજિમગંજ અને મુર્શિદાબાદના વૃદ્ધો કહે છે કે – નવાબનો રાજમહેલ નદી કિનારે હતો. ઝનાના મહેલના ઝરૂખા નદી તરફ પડતા હતા. ઝનાનાની સ્ત્રીઓ નદીના પ્રશાંત જળ અને તેમાં સ્નાન કરતાં સ્ત્રી-પુરુષોને જોતી રહેતી.

બાબુ મેઘરાજ નામનો એક ઓશવાલ જૈન યુવાન હંમેશાં નદીના રસ્તે થઈ ગંગાનદીમાં સ્નાન કરવા જતો. મેઘરાજ કસરતબાજ, દેખાવડો અને અમોઘ બાણાવળી હતો. એક દિવસ તે રોજની આદત મુજબ એ રસ્તે થઈ સ્નાન કરવા જતો હતો ત્યારે રસ્તામાં એક લીલા રંગની નવી ચૂંદડી પડેલી જોઈ. મેઘરાજે ઊંચે જોયું તો સામે ઝરૂખામાં એક ફૂટડી નવયૌવના શાહજાદી જોઈ રહી હતી.

મેઘરાજે તે ચૂંદડી બાણ ઉપર ચડાવી તેના ઝરૂખામાં પહોંચાડી દીધી. શાહજાદીએ કુરનિસ બજાવી હસીને તેના પર એક ફૂલ ફેંક્યું. મેઘરાજે તે ફૂલ છાતીએ દબાવી, આંખે અડાડી સાથે લીધું અને તે ગંગા નદીને રસ્તે ગયો.

પછી તો મેઘરાજ હંમેશાં નાહીને પાછો વળે ત્યારે શાહજાદી તેના ઉપર ફૂલ વરસાવતી અને મેઘરાજ ફૂલને સત્કારી હસતો હસતો ચાલ્યો જતો.

એક વખત શુક્રવારનો દિવસ હતો. એક વૃદ્ધાએ આવીને મેઘરાજને જણાવ્યું કે, ''જનાબ ! તમે જેને લીલી ચૂંદડી ઓઢાડી છે તે તો આ જીવનમાં તમારી જ ચૂંદડી ઓઢવાની જીદ લઈને બેઠી છે. તો મારી સાથે ચાલો અને તમારી ચૂંદડી ઓઢાડી જાઓ.''

મેઘરાજ વૃદ્ધા સાથે જલહરીના રસ્તેથી શાહજાદીના મહેલમાં જઈ ઊભો રહ્યો. શાહજાદીએ તેનો સત્કાર કર્યો અને જણાવ્યું કે, ''હું મોગલબાળા છું,

ને તમારી સાથે લગ્ન કરીને તમારી દાસી બની રહેવા ચાહું છું. અલ્લાની સાક્ષીએ પ્રતિજ્ઞા કરું છું કે તમે મારા ખાવિંદ બનો એટલે મને બધુંય મળી ગયું માનીશ. જો કે તમે હિંદુ છો પણ હું તમારાં ખાનપાન, વ્યવહાર કે ધર્મની બાબતમાં કશી દખલ કરીશ નહીં. દિલ્હીની બાદશાહી મળે તો પણ તમને આજીવન છોડીશ નહીં. આ જિંદગી તમારા ચરણમાં આપું છું.''

મેઘરાજ પીગળી ગયો. તે બંને પહેલી મુલાકાતમાં જ ચિર-પરિચિત જેવા અજોડ પ્રેમી બની ગયાં. પછી તો મેઘરાજ હંમેશાં શાહજાદી પાસે આવવા લાગ્યો. મેઘરાજે ઈદના દિવસે શાહજાદીના આગ્રહથી ઈદની રાત મહેલમાં જ પસાર કરી.

નવાબે આ વાત જાણી એટલે બીજે દિવસે તે યુવાનને પકડી લાવવા પોતાના માણસોને હુકમ કર્યો. માણસો તેને પકડવા શાહજાદીના મહેલમાં આવ્યા. મેઘરાજ શાહજાદીના ઇશારાથી ચેતી જઈ ઝરૂખામાંથી નદીમાં સીધો કૂદકો મારી, પાણીમાં ડૂબકી દઈ, દૂર દૂર નીકળી ગયો. પકડનારા માણસો પાછા ચાલ્યા ગયા.

પણ મેઘરાજ એક દિવસ પકડાયો. તેને નવાબ સામે ઊભો રાખવામાં આવ્યો. નવાબ ભારે ગુસ્સામાં હતો. તેણે નિશ્ચય કરી લીધો કે આ યુવાનને હાથીના પગતળે છૂંદાવી નાખવો. તેણે જગતશેઠને બોલાવી મેઘરાજની બીના કહી અને પોતાનો નિર્ણય પણ તેમની આગળ જાહેર કર્યો.

જગતશેઠે કહ્યું : ''શાહજાદીની ભાવના પારખીને જે ઠીક લાગે તે રસ્તો લેવો.''

શાહજાદીએ નીડરપણે જાહેર કર્યું : ''આમાં બાબુનો કશો દોષ નથી. જે કંઈ હોય તે મારો દોષ છે એટલે જે દંડ દેવો હોય તે મને દેવો જોઈએ પણ નિર્દોષ મરવો જોઈએ નહીં.''

શાહજાદીએ નવાબની પાસે બાબુને બચાવવા આજીજી કરીને સાથોસાથ જણાવ્યું કે, ''હું તેની બીબી બની ચૂકી છું ને મેં તેમની આગળ પ્રતિજ્ઞા કરી છે કે, તેમનાં અન્નપાન, વ્યવહાર કે ધર્મમાં મારે કશી દખલ કરવી નહીં.''

નવાબ મૂંઝાયો. શું કરવું ? તેને એક યુક્તિ સૂઝી ને જગતશેઠને બોલાવ્યા. તેમને કહ્યું : ''જગતશેઠ ! મેઘરાજ તમારી જ્ઞાતિનો છે પણ તમે તેની સાથે એક ભાણામાં બેસીને ભોજન કરો તો આ યુવાન તમને સોંપું. જો તમે તેમ નહીં કરો તો હું તેને મુસલમાન બનાવી તેની સાથે શાહજાદીના નિકાહ (લગ્ન) પઢાવીશ.''

જગતશેઠે નવાબની શરત સ્વીકારી મેઘરાજને બચાવી લીધો. નવાબે મેઘરાજને પોતાની શાહજાદી આપી અને તેને અમુક ઘોડેસવારની સેનાનો વડો અમલદાર બનાવ્યો.

નવાબ સમજી ગયો કે, જગતશેઠે દૂરંદેશી વાપરી મેઘરજને બચાવી લીધો છે પણ આ રીતે મારી બેઇજ્જત પણ કરી છે, તો તેનો બદલો જરૂર લેવો જોઈએ. નવાબે શેઠના અંતઃપુરની એક સ્ત્રી પાસવાન, ખવાસ કે સેવગણીને ઉઠાવી લાવી પોતાના જનાનખાનામાં દાખલ કરી.

જનતાએ આ ઘટના જાણી ત્યારે મેઘરાજના સાહસને સૌએ અભિનંદન આપ્યાં અને નવાબની મૂર્ખાઈ પર હાસ્ય વેર્યું.

એ પ્રદેશમાં એક કહેવત ચાલે છે :

''રાજા તો મેઘરાજ ઔર સબ રજૈયા,
નદી તો ગંગાનદી ઔર સબ નદૈયા,
બાબુ તો મેઘરાજ ઔર સબ બલૈયા.''

આ વૃદ્ધવાણી છે. સંભવ છે કે નવાબ અને જગતશેઠ વચ્ચેના અણ-બનાવનાં તત્ત્વો આમાં છૂપાયાં હોય.*

૫. જગતશેઠ ખુશાલચંદ –

નવાબ મીર કાસીમે જગતશેઠ મહતાબરાય વગેરેને મરાવીને તેમનું ઘર, માલમિલકત તથા પેઢી વગેરે લૂંટી લીધું હતું. આથી જગતશેઠનો પરિવાર ભારે મુશ્કેલીમાં મુકાયો હતો. ખુશાલચંદ અને ઉદયચંદ બંને નાની ઉંમરના છતાં સાહસી અને બુદ્ધિશાળી હતા. બંનેએ થોડીક આર્થિક સગવડ કરી નવી પેઢી સ્થાપન કરી. બધા ભાઈઓની જવાબદારી પણ ઉપાડી લીધી. સાથોસાથ જગતશેઠે સમેતશિખર મહાતીર્થના ઉદ્ધારનું કામ શરૂ કર્યું હતું તેને પણ ચાલુ રાખ્યું. પિતાનો બધો વ્યવહાર યથાવત્ ચાલુ રાખ્યો.

કારણ, જગતશેઠના ઘરમાં ગુપ્ત ધન હતું જેની એક માત્ર શેઠ ખુશાલચંદને જ ખબર હતી. એમના આત્મસંતોષની એ મોટી મૂડી હતી.

મીર ઝાફર ફરીથી બંગાળનો નવાબ બન્યો પણ કોઢિયો બનીને ૭૪ વર્ષની વયે ગુજરી ગયો. નવાબ અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ જગતશેઠ પાસેથી જે રકમ લીધી હતી તે પાછી વાળી નહીં, જ્યારે રાજ્યની કાઉંસિલે ઊલટામાં જગતશેઠ પાસે રાજ્યની મોટી રકમ લેણી હોવાનું કહી જાહેર કર્યું કે, ''આ રકમ ખોટી ઊભી કરવામાં આવી છે માટે આપવાની નથી.''

મીર કાસીમે શેઠ મિહિરચંદ અને શેઠ ગુલાબચંદને પકડાવી મુંગેરની જેલમાં કેદ કર્યા. આથી ગવર્નર જનરલે નવાબ કાસીમને તા. ૪-૪-૧૭૬૩ના રોજ પત્ર લખ્યો; તેમાં સૂચના કરી કે, ''બંને શેઠને છોડી દો.''

★ અજિમગંજ અને વીરમગામની પાઠશાળાના ધાર્મિક અધ્યાપક શ્રી પોપટલાલ ઝીંઝુવાડાવાળાએ અમને વાત કહી સંભળાવી હતી. તેમાં પ્રાસંગિક સંસ્કાર આપી આ વાત અહીં રજૂ કરી છે. ઇતિહાસની કડી મેળવવામાં આ ઘટના ઉપયોગી જણાય છે.

મીર કાસીમે તા. ૨૦-૫-૧૭૬૩ના રોજ મુંગેરથી ગવર્નર જનરલને મીઠો ઠપકો આપ્યો. પરિણામ શૂન્ય હતું. પછી શેઠ ખુશાલચંદે મીર કાસીમને મોટી રકમ આપી બંને ભાઈઓને છોડાવ્યા.

બાદશાહ આલમ (ત્રીજા)એ વિ. સં. ૧૮૨૨ (તા. ૨૯-૪-૧૭૬૬)ના રોજ શેઠ ખુશાલચંદને જગતશેઠની પદવી આપી અને શેઠ ઉદયચંદને મહારાજાની પદવી આપી, મહોર આપી, શિરપાવ આપ્યો અને ફરમાન લખી આપ્યું. (જુઓ ભા. ૩, આવૃત્તિ પહેલી, પ્રક. ૪૪, પૃ. ૧૮૨, ફરમાન ૩૨મું)

બાદશાહે સૈફ ઉદ્દૌલ્લાને બંગાળનો નવાબ બનાવ્યો અને લોર્ડ ક્લાઈવને બંગાળનાં બે ગામોની દીવાની આપી. લોર્ડ ક્લાઈવે મુર્શિદાબાદમાં પોતાને દીવાની મળ્યાનો જલસો ઊજવ્યો.

જગતશેઠે તેને પત્ર લખી પોતાની પડતી દશાનો ચિતાર રજૂ કર્યો. ક્લાઈવે પ્રથમ તો તેને તુમાખીભરેલો ઉત્તર વાળ્યો હતો પણ પછી એ ૧૮ વર્ષના ખુશાલચંદને જ ઈસ્ટ ઇન્ડિયા કંપની વતી નવાબના દીવાન તરીકે નીમ્યો.

નવાબ સૈફ ઉદ્દૌલાએ આ નાની ઉંમરના ખુશાલચંદ દીવાનની સલાહથી ઈ. સ. ૧૭૬૬ થી ૧૮૦૧ સુધી રાજવ્યવસ્થા કરી હતી. જગતશેઠ ખુશાલચંદ, નવાબ અને ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી લેણી રકમ ન મળવાથી મૂંઝાતો હતો; તેથી જ તે કંપનીના શરણે ગયો. લોર્ડ ક્લાઈવે તેને ઈસ્ટ ઇન્ડિયા કંપની તરફથી ત્રણ લાખ રૂપિયાનું વર્ષાસન બાંધી આપવાની વાત જણાવી પણ શેઠે પોતાને બાર લાખ રૂપિયાનો વાર્ષિક ખર્ચ છે એમ જણાવી તે વર્ષાસન લીધું નહીં.

શેઠ ખુશાલચંદે સમેતશિખરના ઉદ્ધારનું કામ ચાલુ રાખ્યું હતું. તેની ભાવના હતી કે ''૨૦ તીર્થંકરોની નિર્વાણભૂમિની પાકી જાણ મેળવી પહાડની ટેકરીઓ ઉપર તે તે સ્થળે ૨૦ દેરીઓ બનાવવી.''

તેથી શેઠ ખુશાલચંદ અવારનવાર હાથી ઉપર બેસી સમેતશિખર જતા હતા પણ કંઈ નિર્ણય કરી શક્યા નહીં.

આથી તેમણે પં૦ શ્રી દેવવિજયજી ગણિવરના બતાવ્યા મુજબ ''અઠ્ઠમનું તપ'' શરૂ કર્યું અને શ્રી પદ્માવતીદેવીનો જાપ શરૂ કર્યો.

દેવીએ તેમને સ્વપ્નમાં જણાવ્યું કે, ''પહાડ ઉપર જ્યાં જ્યાં કેશરનો સાથિયો બન્યો હોય ત્યાં ત્યાં તીર્થંકરોનું મૂળ નિર્વાણસ્થાન જાણવું; અને તે જ સ્થાનોમાં કુદરતે કેશરથી આંક લખ્યા હોય તે આંક પ્રમાણે તે તીર્થંકરોનું નિર્વાણસ્થાન બનાવવું.''

શેઠ ખુશાલચંદે આ દૈવી સંકેત મુજબ પહાડ ઉપર વીશ તીર્થંકરોના ૨૦ નિર્વાણ સ્થાનો નક્કી કર્યા. ત્યાં ચોતરા બનાવ્યા, ચરણપાદુકાઓ બનાવી તથા

ઉપર નાની નાની દેરીઓ બનાવી. વળી, જળનું સ્થાન હતું ત્યાં પાસે જ જળમંદિર નામનો મોટો જિનપ્રાસાદ બનાવ્યો અને નવી જિનપ્રતિમાઓ ભરાવી ત્યાં બેસાડી.

જગતશેઠ ખુશાલચંદ તેમજ તેમના ભાઈ સુગાળચંદે બાદશાહ આલમ (ત્રીજા)ના રાજ્યમાં સૈફ ઉદ્દૌલાના નવાબી શાસનમાં વિ. સં. ૧૮૨૫ (ઈ. સ. ૧૭૬૮)ના મહા વદિ ૫ ના રોજ શ્રી સમેતશિખર મહાતીર્થમાં તપાગચ્છના (૬૬ મા) ભટ્ટારક શ્રી વિજયધર્મસૂરિ (વિ. સં. ૧૮૦૩ થી ૧૮૪૧)ના વરદ્ હસ્તે મોટો જીર્ણોદ્ધાર કરી સર્વ દેરીઓમાં ચરણપાદુકાઓની, જળમંદિર જિનપ્રાસાદમાં જિનપ્રતિમાઓની અને જે તે દેરીઓની તથા મધુવનમાં શામળિયા પાર્શ્વનાથ વગેરે જિનપ્રાસાદોની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રતિષ્ઠાવાળી જિનપાદુકાઓ તથા જિનપ્રતિમાઓ ઉપર ભટ્ટા૦ વિજયધર્મસૂરિ તથા શેઠ ખુશાલચંદ અને શેઠ સુગાળચંદનાં નામો ઉત્કીર્ણ થયા છે.

શ્રી સમેતશિખર મહાતીર્થનો આ મોટો ૨૧ મો ઉદ્ધાર ગણાય છે. પં૦ દયારુચિ ગણિએ સં. ૧૮૩૫ના મહા સુદિ ૫ ના રોજ શિવપુરીમાં (સિરોહી–છાપરીમાં) ભટ્ટા૦ શ્રી વિજયધર્મસૂરિની આજ્ઞાથી પં૦ દેવવિજય ગણિએ બતાવેલા વર્ણન પ્રમાણે 'સમેતશિખર તીર્થરાસ' (ઢાળ : ૨૧) રચ્યો છે.

શેઠ બંધુઓએ મધુવનમાં કોઠી બનાવી હતી ત્યાં ધર્મશાળા બંધાવી. એક કિલ્લામાં સાત ભાઈઓના સાત જિનપ્રાસાદો બનાવી તેમાં શામળિયા પાર્શ્વનાથ વગેરે જિનપ્રતિમાઓ પધરાવી. કોઠીની બહાર શ્રી સમેતશિખર મહાતીર્થની સ્થાપનારૂપ ભોમિયાજીનું મંદિર બનાવ્યું. રાસકાર પં૦ શ્રી દયારુચિ ગણિ મધુવનને ''સમેતશિખરજીની ૨૧ મી ટૂક'' બતાવે છે.

શેઠ ખુશાલચંદે નિર્વાણભૂમિઓનાં ચોક્કસ સ્થાનોની ગૂંચ ઉકેલી છે જે તેમની જૈન ઇતિહાસમાં સદા યાદ રહે એવી ધર્મભક્તિનું સ્મરણ કરાવે છે.

મહારાજા સ્વરૂપચંદની સં. ૧૮૭૩ની પાષાણમૂર્તિ આજે દિગંબર મંદિરમાં છે, જે તેમના વંશજોએ બનાવી હશે અને કોઈ આકસ્મિક પ્રસંગે દિગંબર જૈનોના કબજામાં ગઈ હશે.

શેઠે તીર્થનો વહીવટ શ્વેતાંબર જૈન સંઘને સોંપ્યો. આજે પણ આ તીર્થ શ્વેતાંબર જૈનોના વહીવટમાં છે. શેઠે પહાડની ઇનામી જમીન પોતાના તાબામાં રાખી હતી, જે ઈ. સ. ૧૭૯૫ પછી પાલગંજના રાજ્યમાં ભળી ગઈ.

જગતશેઠ ખુશાલચંદે આ ઉપરાંત બીજાં પણ લોકોપયોગી શુભ કાર્યો ઘણાં કર્યાં હતાં. તેમણે પોતાની માતા કે પત્નીની યાદમાં ૧૦૮ વાવો ખોદાવી. જગતશેઠની કોઠી પાસે મહિમાપુરમાં ખુશાલબાગ બનાવ્યો.

લોકોને સાધારણ ખ્યાલ હતો કે જગતશેઠનું કુટુંબ નિર્ધન હતું પણ માત્ર શેઠ ખુશાલચંદને જ જેની ખબર હતી તે ગુપ્ત ધન દ્વારા ઘણાં બધાં શુભ કાર્યો

તેમણે કર્યાં હતાં. આ રીતે લક્ષ્મીનો સદુપયોગ કર્યો પણ મરણ સુધી તેમણે પોતાના ગુપ્ત ધનની કોઈને વાત કરી નહીં.

લોર્ડ વોરન હેસ્ટીંગે જમીનદારોનો નવો બંદોબસ્ત કર્યો. આથી બંગાળના ઘણાં સુખી કુટુંબો તારાજ બની ગયાં ને ઘણાં ગરીબ કુટુંબો તવંગર બની ગયાં. તેની ભાવના હતી કે, જગતશેઠને વંશવારસનો હક્ક કે કંઈ આપવું. પણ તે અલાહાબાદ જઈ પાછો મુર્શિદાબાદ આવ્યો. જગતશેઠ ખુશાલચંદ તે પહેલાં (ઈ. સ. ૧૭૮૪ પહેલાં) સ્વર્ગવાસી થયા. તેમને એક પણ પુત્ર નહોતો. તેથી તેણે મરણ પહેલાં પોતાનો ગુપ્ત ભંડાર કોઈને બતાવ્યો નહીં. આથી વારસદારો તે ગુપ્ત ધન પામ્યા નહીં.

જગતશેઠ ખુશાલચંદના મરણ બાદ જગતશેઠનું કુટુંબ ધનથી અને ધર્મથી પણ ઘસાતું ગયું. અને મુર્શિદાબાદ નગર, નવાબવંશ, નાજિમવંશ અને વોરન હેસ્ટીંગ વગેરે સૌનું ધીમે ધીમે પતન થયું.*

૬. **જગતશેઠ હરખચંદજી** – તે શેઠ ખુશાલચંદના ભાઈ સમીરચંદનો પુત્ર હતો. બચપણથી જ જગતશેઠ ખુશાલચંદને ખોળે આવ્યો હતો. બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ દિલ્હી રાજ્યની લગામ હાથમાં આવતાં પદવીઓ આપવાનું પણ પોતાના હાથમાં લીધું હતું.

ગવર્નર જનરલ વોરન હેસ્ટીંગે વિ. સં. ૧૮૪૦ (ઈ.સ. ૧૭૮૪)માં બ્રિટિશ સરકારને જણાવ્યા વિના શેઠ હરખચંદને ખિતાબ તથા જગતશેઠની પદવી આપી હતી. વોરન હેસ્ટીંગ પછી લોર્ડ કોર્નવાલીસ ઈ. સ. ૧૭૮૬ થી ગવર્નર જનરલ બની આવ્યો. તે વડી અદાલતને મુર્શિદાબાદથી હઠાવી કલકત્તા લઈ ગયો. તેણે બંગાળના જમીનદારોનો નવો બંદોબસ્ત કર્યો. જમીનના હક્કો નક્કી કર્યા. તેણે શરૂઆતમાં ૧૦ વર્ષ સુધી, પછી જીવનપર્યંત અને છેવટે વંશવારસોને સર્વ હક્કો આપ્યા.

જગતશેઠ હરખચંદ પાસે પારસનાથ પહાડની જે ઇનામી જમીન હતી તે બંદોબસ્ત કરતી વખતે તે પાલગંજ રાજ્યમાં દાખલ થઈ ગઈ. જગતશેઠે તે તરફ ધ્યાન આપ્યું નહીં. (જુઓ પ્રક. ૫૮, પૃ. ૩૦૨)

જગતશેઠ હરખચંદને કંઈ સંતાન નહોતું. તેણે પુત્રની કામનાથી

★ વોરન હેસ્ટીંગ અહીં વાઈસરોય હતો ત્યારે ચેતસિંહ, અવધની બેગમ અને રુહેલખંડ વગેરે સ્થાનોથી તેણે લાંચ લીધી હતી તથા નંદનકુમારને કાવતરું કરી મારી નાખવામાં આવ્યો હતો. તેના ઉપર ઈ.સ. ૧૭૮૫થી ૭ વર્ષ સુધી લંડનની પાર્લામેન્ટમાં લાંચ વગેરે બાબતોનો કેસ ચાલ્યો હતો. જો કે પાર્લામેન્ટે તેની સ્વદેશભાવનાને મહત્તા આપી માફી આપી પણ તેનાં કલંકો કાયમી બની રહ્યાં. તે ઈ.સ. ૧૮૧૮માં મરણ પામ્યો.

(પ્રક. ૫૮, પૃ. ૩૦૦–૩૦૧)

વૈષ્ણવધર્મમાં પ્રવેશ કર્યો છતાં તેને પુત્ર થયો નહીં. તેના વંશજો કસોટીવાળું જિનમંદિર અને કૃષ્ણમંદિરની પૂજા-ઉપાસના કરતા હતા.

૭. **જગતશેઠ ઇન્દ્રચંદ્રજી** – નવાબ મીર કાસીમ પછી નવાબવંશમાં અનુક્રમે મીર ઝાફર, નજિમ ઉદ્દૌલા, સૈફ ઉદ્દૌલા, મુબારક ઉદ્દૌલા, બાબરજંગ, આલીજા, બાબાજા, હુમાયુન અને મનસુરખાં થયા હતા. મનસુરખાંનું બીજું નામ ફૈરુદુજી પણ મળે છે. મનસુરખાંએ ઇંગ્લેંડ જઈ 'બંગાળ, બિહાર, ઓરિસા નવાબ નાજિમ' પદ ખરીદી લીધું. તેના વંશજોમાં આજે પણ એ પદવી ચાલુ છે.

જગતશેઠ ઇન્દ્રચંદ્રજી અને વિષ્ણુચંદ્રજી એ બે ભાઈઓએ મજિયારો વહેંચી લીધો અને જુદા પડ્યા. બ્રિટિશ સરકારે શેઠ ઇન્દ્રચંદ્રજીને વિવાહ વખતે ખેરાત આપી અને પછી જગતશેઠની પદવી આપી તથા મહારાજા સ્વરૂપચંદના પુત્ર શેઠ ઉદયચંદને મહારાજાની પદવી આપી. આ છેલ્લા 'જગતશેઠ' અને 'મહારાજા' હતા.

વૃદ્ધવાણી એવી છે કે, બ્રિટિશ સરકારે શેઠ ઇન્દ્રચંદ્રજીને જગતશેઠની પદવી આપી ત્યારે એક અબજોપતિ મુસલમાન અમીરે બ્રિટિશ સરકારને વિનંતી કરી કે, 'મને જગતશેઠની પદવી આપો.' ગવર્નર જનરલ શેઠ ઇન્દ્રચંદ્રને ત્યાં ગયો ત્યારે શેઠ ઇન્દ્રચંદ્રે તેને એક ઝવેરાતનો બનેલો પલંગ ભેટ કર્યો. તેને નીલમના ત્રણ પાયા હતા.

ગવર્નર જનરલે અબજોપતિ મુસલમાનને ત્યાં જઈ પલંગના ત્રણ પાયા બતાવી ચોથા પાયાની માગણી કરી પણ પાયો લાવી શકે તેમ નહોતો. એટલે એ અબજોપતિ મુસલમાન શરમાયો અને મૌન બની રહ્યો. ગવર્નર જનરલે આવી ગર્ભશ્રીમંતાઈ અને ઉદારતાથી શેઠ ઇન્દ્રચંદ્રને જગતશેઠની પદવી આપી. બ્રિટિશ સરકારે તે પછી સૌને માટે જગતશેઠની પદવી આપવાનું બંધ કર્યું એટલે ઇન્દ્રચંદ્રજી છેલ્લા જગતશેઠ હતા.

૮. **શેઠ ગોવિંદચંદ્રજી** – તે તદ્દન નિર્ધન બની ગયો હતો. બ્રિટિશ સરકારે તેને ઈ.સ. ૧૮૪૩ (વિ.સં. ૧૯૦૦)માં દર મહિનાની રૂા. ૧૨૦૦ની આજીવિકા બાંધી આપી. તે સં. ૧૮૬૨ (વિ. સં. ૧૯૧૯)માં મરણ પામ્યો, એટલે બ્રિટિશ સરકારે તેની પત્ની રાણી પ્રાણકુંવરીને રૂા. ૩૦૦નો માસિક ખર્ચ બાંધી આપ્યો. બ્રિટિશ સરકાર તરફથી જગતશેઠના વંશજોને આ છેલ્લું વર્ષાસન હતું.

૯. **શેઠ ગોપાલચંદ્રજી, શેઠ ગુલાબચંદ્રજી** – બ્રિટિશ સરકારે આ સમયે જગતશેઠના વંશજોનું વર્ષાસન બંધ કરી દીધું પણ શેઠ ગુલાબચંદ્રને રૂા. ૫૦૦૦ આપી નવો બંગલો કરાવી આપ્યો.

૧૦. **શેઠ ફત્તેહચંદ્રજી, શેઠ ઉદયચંદ્રજી** – આ બંને શેઠ ગુલાબચંદ્રજીના પુત્રો હતા.


બંગાલી સન્ ૧૭૧૯માં શ્રી નિખિલરાય (બી.એલ.એમ.)એ બંગાલી ભાષામાં 'જગતશેઠ' નામનું પુસ્તક લખ્યું, ઉપેન્દ્રનાથ ભટ્ટાચાર્યે તેને પ્રકાશિત કર્યું. બ્રિટિશ સરકારે તેને જપ્ત કર્યું.

શેઠ ફત્તેહચંદ્રજી પાસેથી તે પુસ્તક મેળવી તેના આધારે પ્રસ્તુત ઇતિહાસ લખ્યો છે.

૧૧. શેઠ સૌભાગ્યચંદ્રજી – તે શેઠ ફત્તેહચંદ્રજીનો પુત્ર છે. તે આજે વિદ્યમાન છે.

★ ★ ★

શ્રેષ્ઠી માણેકચંદને 'શેઠ' પદવીનું ફરમાન



આ જય અને મંગળયુક્ત સમયમાં આ મહામાન્ય અને વિશ્વાસયોગ્ય આદેશથી માણેકચંદને આ ચિરસ્થાયી રાજ્ય તરફથી માણેકચંદ શેઠનો ખિતાબ મળ્યો છે. પ્રસ્તુત રાજ્યનો સમુદાય વર્તમાનકાલીન અને ભવિષ્યકાલીન હાકિમ, સ્ટાફ અને મુત્સદ્દી વિગેરેને ઉચિત છે કે તેઓ ઉલ્લિખિત વ્યક્તિને શેઠ માને.

આમાં વિશેષ યત્ન કરવો આવશ્યક છે. એ પ્રમાણે હુજૂર આલિ તરફથી તાકીદ કરવામાં આવી છે. ઈતિ તારીખ ૮ જિલહજ્જ.

(પૃષ્ઠની પાછલી બાજુમાં નિમ્ન પ્રકારે લખ્યું છે.)

જે મહામાન્ય, રાજ્યપ્રતિષ્ઠાના આધાર સ્વરૂપ, જે સામ્રાજ્યના વિશ્વાસુ, ઉત્તમ (પ્રશસ્ય) વંશવાળો, ઉચ્ચ પદાધિકારી તથા શક્તિસંપન્ન જે રાજ્ય તથા ધનનો બંદોબસ્ત કરનાર, જે તલવાર લેખિની ચલાવવામાં અતિકુશળ, જે પતાકા ઉડાડવામાં સમર્થ, જે સારો બંદોબસ્ત કરનાર નિરપેક્ષ વજીર, જે સામ્રાજ્યના કઠિન વ્યાપારમાં આલંબન સ્વરૂપ, જે વજીર મંડપમાં વિશ્વાસુ અને બંધુ, તે જ મિનુદ્દૌલા બહાદુર જાફર જંગ શેપા સાલારનો સેનાનિવેશ બરાબરેષુ.

(મહોર)
મહમ્મદ ખારશાએર
બાદશાહ ગાજી આલા
દુલ્લાહ શેપા સાલાર
ઈયાર બાઉકાફિરી
કુતબલ મુલ્ક એ
મિનુદ્દૌલા સૈયદ આબદખાં
બહાદુર જાફર જંગ.

નોંધ : બા૦ ફરૂખશાએરે જુલસી સન-૩, હીજરી સન-૧૧૨૭ જિલહીજ મહિનાની તા. ૮ મી, ઈ. સ. ૧૭૧૫, વિ. સં. ૧૭૭૧માં શેઠ માણેકચંદને શેઠની પદવીનું ઉપર પ્રમાણે ફરમાન આપ્યું હતું. બાદશાહે આ ફરમાનમાં મોગલવંશના બાદશાહ તૈમુરથી આરંભીને પોતાના સુધીનાં બાદશાહોનાં નામ આપ્યાં છે.

શ્રી નિખિલરાયે બંગાલી સંવત ૧૭૧૯માં બંગાળી ભાષામાં **જગત્‌શેઠ** નામે પુસ્તક બનાવી પ્રકાશિત કરાવ્યું હતું. અંગ્રેજ સરકારે તેને જપ્ત કરાવ્યું, આથી તેની નકલો આજે મળી શકતી નથી.

આ જગત્‌શેઠ પુસ્તકના પરિશિષ્ટ **ख** માં દિલ્હીના બાદશાહો તરફથી જગત્‌શેઠ અને જગત્‌શેઠના વંશજોને મળેલાં શેઠ પદવી અને જગત્‌શેઠ પદવીનાં ચાર ફરમાનો પ્રકાશિત થયાં છે, અમે તેના આધારે અહીં ગુજરાતી અનુવાદો આપ્યાં છે, જેની નકલો શ્રી ચારિત્રવિજયજી જૈન જ્ઞાનમંદિર, જૈન સોસાયટી–અમદાવાદમાં છે.

શેઠ ફત્તેચંદને 'જગતશેઠ' પદવીનું અને શ્રી આનંદચંદને 'શેઠ' પદવીનું ફરમાન

ઈશ્વરનું નામ

પરમેશ્વરનું નામ

શાહ મહમ્મદ નાસિરૂદ્દિન અબુલફત્તેહ બાદશાહ ગાજી	શાહ અબુલ ફત્તેહ નાસિરુદ્દિન એબને મહમ્મદ જાહાન સાહ બહાદુર બાદશાહ ગાજી સાહેબ કેરાની શાની	એબને શાહ આલમ બાદશાહ એબને આલમગીર બાદશાહ ઈત્યાદિ

આ જયયુક્ત અને આનંદયુક્ત સમયમાં આ ચિરસ્થાયી સામ્રાજ્ય સૂર્યના કિરણસમા જગત્માન્ય અને જગતને વશ કરનાર આદેશથી શેઠ ફતેચંદને વિશ્વાસ તથા ગૌરવની સાક્ષીરૂપ 'જગત્શેઠ પદ' તથા પહેરામણી અર્થાત્ અંબાડી-હાથી, તેમજ તેના પુત્ર આનંદચંદને 'શેઠ પદ' તથા પહેરામણી સમર્પિત કરવામાં આવેલ છે. પ્રવર્તમાન રાજ્યનો સમુદાય આજના તથા ભવિષ્યના હાકિમ, સ્ટાફ તથા મુત્સદ્દી વગેરેને ઉચિત છે કે, ઉલ્લિખિત શેઠ ફતેચંદને **'જગત્શેઠ ફતેચંદ'** તેમજ તેમના પુત્રને 'શેઠ આનંદચંદ' માને. આ બાબતમાં દરેકે વિશેષ પ્રયત્ન તથા ખ્યાલ દેવો આવશ્યક છે. જુલસી સન ૪, તારીખ ૧૨ મી રજબ.

(પાછળના પાના ૫૨ નીચે પ્રમાણે લખેલ છે.)

જે રાજ્ય તથા રાજનીતિના મહત્ત્વ તથા ગૌરવનો જાણકાર છે, જે રાજધર્મના ગૂઢતત્ત્વનો જ્ઞાતા છે, જે યુદ્ધમાં આગળ ચાલનાર તથા સૈન્યદળનો પરિપાલક છે. સમયોચિત વિચારનો દેનાર, જે સામ્રાજ્યનો વિશ્વાસુ, પ્રશસ્ય વંશવાળો, ઉચ્ચ-પદાધિકારી, શક્તિસંપન્ન, જે રાજ્ય તથા ધનનો બંદોબસ્ત કરનાર, જે પતાકા ઉડાડવામાં સમર્થ, સારી વ્યવસ્થા કરનાર, નિરક્ષેપ વજીર, જે સામ્રાજ્યના કઠિન વ્યાપારમાં અવલંબનરૂપ, જે વજીર મંડળમાં વિશ્વાસુ અને બંધુ (છે) તે જ નિજામ ઉલમુલ્ક ફતેજંગ બહાદુર સેપા સાલાર સેનાનિવેશ બરાબરેષુ નિજામ ઉલમુલ્ક.

નોંધ : બાદશાહ મહમ્મુદે જુલસી સન ૪, રજબ મહિનાની તા. ૧૨મી, હીજરી સન ૧૧૩૪, ઈ. સ. ૧૭૨૨ (અથવા ૧૭૨૪), વિ. સં. ૧૭૭૯ (અથવા ૧૭૮૧)ના રોજ શા૦ ફતેચંદને જગત્શેઠની પદવી તથા તેમના પુત્ર આનંદચંદને શેઠ પદવી આપી.

શ્રી મહતાબરાયને 'શેઠ' તથા 'જગતશેઠ' પદવીનું અને શેઠ સ્વરૂપચંદને 'મહારાજા' પદવીનું ફરમાન

(**નોંધ** : બા૦ અહમ્મદશાહે શ્રી મહતાબરાયને જુલસી સન ૫, જિલ્કાદ મહિનાની તા. ૨, હીજરી સન ૧૧૬૧, ઈ. સ. ૧૭૪૮, ચૈત્રાદિ વિ. સં. ૧૮૦૫ના વૈશાખ સુદમાં **'શેઠ'**ની પદવી અને જુલસી સ. ૫, જિલહજ્જ મહિનાની તા. ૨૭, હી. સં. ૧૧૬૧, ઈ. સ. ૧૭૪૮, ચૈત્રાદિ વિ. સં. ૧૮૦૫ના અષાડ મહિનામાં **'જગતશેઠ'**ની પદવી અને તે જ દિવસે શેઠ સ્વરૂપચંદને **'મહારાજા'**ની પદવી આપી. તેનાં ફરમાનો નીચે મુજબ છે.)

પરમેશ્વરનું નામ (લાલ શાહીમાં)
ઈશ્વરનું નામ (ગોળમહોર)

૧	૧૩	૧૨
પુત્ર	પુત્ર	પુત્ર
જહાંદરશાહ	અમીર તૈમૂર સાહેબ કેરાન	મીરણશાહ

(દસ્ખત લાલશાહીમાં)

અહમ્મદશાહ બહાદુર પુત્ર મહમ્મદશાહ મજાહેદ્દીન સાહેબ કેરાન શાની બાદશાહ ગાજી

૨	૯	૮
ફર્રુખસિયર	રફીઉદ્દરજાત	મોહમ્મદશાહ
બાદશાહ	બાદશાહ	બાદશાહ

અહમ્મદશાહ બહાદુર પુત્ર મહમ્મદશાહ અબુલનાસીર મજાહેદ્દીન સાહેબ કેરાન શાની બાદશાહ ગાજી સન એક

૧૧	૧૦	૯
પુત્ર	પુત્ર	પુત્ર
સુલતાન મહમ્મદશાહ	સુલતાન અબુલૈયદશાહ	ઉમરશેખશાહ

૪	૫	૬	૭
બાદશાહ	બાદશાહ	બાદશાહ	બાદશાહ
મોહમ્મદશાહ	અહમ્મદશાહ	આલમગીરસાની	શાહજહાન
ફર્રુખ	ફર્રુખ	ફર્રુખ	ફર્રુખ
૮	૭	૬	૫

આ જયયુક્ત, મહામાન્ય તથા જગદ્વશીભૂતકારી આદેશથી મૃત શેઠ આનંદચંદ્રના પુત્ર મહતાબરાયને 'શેઠ પદવી' તથા સરપાવ પહેરામણી અર્થાત્ અંબાડી અને હાથી વિગેરે સમર્પિત કરવામાં આવેલ છે. પ્રવર્તમાન રાજ્યના આજના તથા ભવિષ્યના હાકેમ તથા સ્ટાફ તથા મુત્સદ્દી વિગેરે મંડળને ઉચિત છે કે તેઓ ઉલ્લિખિત વ્યક્તિને શેઠ તરીકે માને. તે બાબતમાં વિશેષ યત્ન તથા ખ્યાલ દેવો આવશ્યક છે. ઈતિ, તારીખ ૨–જિલ્કાદ ૨૩ સન જુલસી.

(પાછળના પાના પર નીચે મુજબ લખેલું છે.)

(મહોર)

મહમ્મદશાહ બાદશાહ ગાજીસન અને અહમ્મદ શાહ ફિદર વજીર એતેમાદ કામરૂદ્દિનખાન હોસેન બહાદુર નરસત જંગ એ માહેદઉલ્લા

જે મહામાન્ય, રાજ્યસંસ્થિતિના આધાર સ્વરૂપ, જે સામ્રાજ્યનો વિશ્વાસુ, પ્રશસ્ય વંશવાળો, ઉચ્ચ પદાધિકારી, સમાર્થ્યવાળો, જે પ્રધાન કાર્ય તથા આજ્ઞાપાલનમાં તૈયાર છે, રાજ્યધર્મના તત્ત્વોનો પરિજ્ઞાતા છે, જે સામ્રાજ્યનો આધારરૂપ, રાજ્યનો

વિશ્વાસુ આજ્ઞાદાતા, જે દિગ્વિજયી રાજ્ય તથા ધનનો સારો બંદોબસ્ત કરનાર, ભાગ્ય તથા ઐશ્વર્ય સંપત્તિના માર્ગને દર્શાવનાર, જે સમ્રાટનો મનોનીત બંધુ, જે યુદ્ધમાં અગ્રેસર, જે સૈન્ય દળમાં પણ અગ્રેસર, જે ઉચ્ચ પદાધિકારી, મંત્રીમંડળમાં સર્વશ્રેષ્ઠ, જે મહામાન્ય અમીરગણમાં સર્વ પ્રધાન, જે તરવાર તથા કલમ ચલાવવામાં અતિકુશળ, જે ધ્વજા ફરકાવનાર, જે સમયોચિત વિચારોનો દેનાર, જે સમ્રાટનો નિરપેક્ષ વજીરસમૂહમાં વિશ્વાસુ બંધુ, જે સમસ્ત રાજ્યના કઠિન કામોમાં અવલંબન સ્વરૂપ, જે દરબારનો વિશ્વાસુ (છે) તે જ કામરૂદ્દીન હોસેન બહાદુર. નસરતજંગનો સેનાનિવેશ બરાબરેષુ.

(**જરૂરી નોંધ** : 'શેઠ'ના ફરમાનમાં જે કોઠો છે તે જ 'જગતશેઠ'માં હોય આપેલ નથી. બાકી, લખાણ નીચે પ્રમાણે છે.

આ જયયુક્ત અને આનંદયુક્ત સમયમાં ચિરસ્થાયી સામ્રાજ્યના જગત્માન્ય તથા જગદ્વશીભૂતકારી આદેશથી મહતાબરાયને વિશ્વાસ તથા ગૌરવની મૂળ સંપત્તિરૂપ 'જગતશેઠ' પદ સમર્પિત થયેલ છે. પ્રવર્તમાન રાજ્યનો સમુદાય આજના તથા ભવિષ્યના હાકેમ, સ્ટાફ તથા મુત્સદ્દી વિગેરેને ઉચિત છે કે તેઓ ઉલ્લિખિત વ્યક્તિને 'જગતશેઠ મહતાબરાય' માને (લેખે), આ બાબતમાં વિશેષ પ્રયત્ન તથા ખ્યાલ કરવો આવશ્યક છે. ઇતિ, તારીખ ૨૭ જિલહજ્જ. (પાછલા પાના પર લખેલું મહોર વગેરે જે દરેક વાંચી શકાતા નથી.)

[**નોંધ** : 'જગતશેઠ'નાં આ બધા ફરમાનો ભા. ૩, પ્રથમ આવૃત્તિ, પ્રકરણ ૪૪, પૃ. ૧૬૭થી ૧૮૨ અંતર્ગત ફરમાન નં. ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩માં આપેલાં છે.]

બ્રિટિશ રાજ્ય

બ્રિટનની ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતનું શાસન કરવા માટે બ્રિટનથી જૂદા જૂદા **ગવર્નરોને** નીમી, ભારતમાં મોકલ્યા હતા. તે આ પ્રમાણે –

(૧) **લોર્ડ ક્લાઈવ** –

દિલ્હીના ૧૯મા બા૦ **આલમ** (ત્રીજા)એ સને ૧૭૬૬માં સૈફ ઉદ્દૌલ્લાને બંગાલનો નવાબ બનાવ્યો. અને બ્રિટનની ઈસ્ટ ઇન્ડિયા કંપનીને **બંગાળના દીવાન**ની પદવી આપી આથી લોર્ડ ક્લાઈવે તે પદવીનો આનંદ ઉત્સવ મનાવ્યો; અને મુર્શિદાબાદના ૧૬ (૧૮) વર્ષના **શેઠ ખુશાલચંદ**ને ઈસ્ટ ઇન્ડિયા કંપની વતી બંગાળની **દીવાનગીરી** માટે ગોઠવ્યો.

(૨) **વોરન હેસ્ટીંગ** (સને ૧૭૭૨ થી ૧૭૮૫) –

વોરન હેસ્ટીંગે અવધના દીવાન મહારાજા **નંદકુમાર**ને અંગ્રેજી જજ

(ન્યાયધીશ) **ઈલાઈજાઈમ્પે** મારફત 'મુજિમ અલી' નામે મુસલમાનના સ્વપ્નના નામે રજુ કરેલી કલ્પિત **શાહેદીને** જ સાચી બતાવી, મહારાજાને દોષિત ઠરાવી **ફાંસી** અપાવી હતી.

લોર્ડ મૈકોલેએ જજ્જ ઈમ્પે અંગે 'પોતાનું દુઃખ પ્રદર્શિત કરતાં' જણાવ્યું હતું કે –

"इम्पेने न्यायधीशके पद पर स्थित होने पर भी, एक राजनैतिक मसलेको सुलझानेके लिए 'अन्याय पूर्वक' एक मनुष्यको **फांसी** पर लटका दिया है, जैक्रे नामक जज्जने जबसे इंग्लेंडके टौवर में 'जहरका प्याला पिया है' तबसे अब तक किसी सज्जनने इंग्लिश न्यायका इतना **अपमान** नहि किया था ।"

મહારાજાએ સંધ્યા સમયે ફાંસીના માંચડા ઉપર ચડી, જનોઈ હાથમાં લઈ પ્રભુ પ્રાર્થના કરી, ગળામાં દોરી પહેરી, એક બ્રાહ્મણના હાથે જ ફાંસી લીધી.

ભારતનો ઈતિહાસ લખે છે કે આ ફાંસી તે બ્રહ્મહત્યા, રાજહત્યા, માનવહત્યા અને સ્વતંત્રતાની હત્યા જ હતી.

(તા. ૫-૯-૧૯૩૭નું સચિત્ર નવયુગ પૃ. ૨૩, ૨૮ શ્રી ઈન્દ્રદેવનો 'કિધર કો ?' શિર્ષક લેખ).

વોરન હેસ્ટીંગ બ્રિટન ગયો ત્યારે તેની વિરુદ્ધમાં લાંચ વગેરે ગુનાઓ અંગે લંડનની પાર્લામેન્ટમાં 'સાત વર્ષ સુધી કેસ ચાલ્યો.' અંતે પાર્લામેન્ટે તેને **દેશનો વફાદાર** માણસ સમજીને બધા ગુનાઓ માટે માફી આપી. તે સને ૧૮૧૮માં મરણ પામ્યો.

તેણે શેઠ **હરખચંદને** વિ. સં. ૧૮૪૦ એટલે સને ૧૭૮૪માં ખિતાબ અને 'જગત્‌શેઠની પદવી' આપી હતી.

(૩) **લોર્ડ કાર્નવાલીસ** (સને ૧૭૮૬ થી ૧૭૯૩) – તેણે બંગાળમાં જમીનદારી અંગે **નવો બંદોબસ્ત** કર્યો. જગતશેઠ **હરખચંદની** પારસનાથ પહાડની જમીન હતી તે જમીન આ નવો બંદોબસ્ત થતાં સને ૧૭૮૬માં **પાલગંજ રાજ્યમાં** દાખલ થઈ ગઈ.

(૧૪) **લોર્ડ ડેલહાઉસી** (સને ૧૮૪૮ થી ૧૮૫૬) –

આ સમયે ભારતમાં નહેરો અને પૂલોમાં સુધારો થયો તથા **તાર-ટપાલ, રેલ્વે** અને **શિક્ષણખાતું** વગેરે નવેસરથી શરૂ થયાં.

[**સર મેકોલ્હે** ભારતને માટે શિક્ષા પ્રણાલી મુકરર કરી અને તેણે સાફ સાફ જાહેર કર્યું કે "કોઈ ભી હિન્દુ જિસને અંગ્રેજી શિક્ષા પ્રાપ્ત કરલી હૈ વહ અપને ધાર્મિક અનુરાગકો કભી અક્ષુણ્ણ નહીં રખ શકતા ! મેરા દ્રઢ વિશ્વાસ હૈ કિ હમારી

શિક્ષા–પ્રણાલી યોજના પર અમલ કિયા જાય તો ૩૦ વર્ષ કે ભીતર ભારતકી ઉચ્ચ જાતિઓમેં એક ભી મૂર્તિપૂજક નહીં બચેગા.

નોંધ : સ્પષ્ટ વાત છે કે અંગ્રેજી રાજ્ય ગયું. તે પ્રજા પાસેથી લેવાના ગુણો પણ તેની સાથે ગયા. માત્ર ઉપર લખ્યા મુજબ ભારતીય સંસ્કૃતિની ઘાતક એકલી શિક્ષણપ્રણાલી ટકી રહી છે. દેશનેતાઓએ ભારતીય સંસ્કૃતિને પુનર્જીવન આપવા સવેળા ઉચિત પ્રબંધ યોજવો જોઈએ.

બીજી પણ એક નોંધપાત્ર ઘટના છે.

ભેળસેળ : દૂધમાં ૪૦ ટકા, લોટમાં ૨૮ ટકા, માખણમાં ૭૫ ટકા, તેલોમાં ૪૨ ટકા, ચામાં ૧૫ થી ૨૦ ટકા, મરચાંમાં ૨૭ ટકા, હીંગમાં ૯૧ ટકા, આઈસ્ક્રીમમાં ૭૩ ટકા, શરબતોમાં ૪૦ ટકા, ઘીમાં ઘણા ટકા ભેળસેળ થાય છે. (જૈન સાપ્તાહિક–સામયિક સ્ફુરણ, તા. ૧૭-૩-૧૯૬૨ શનિવાર.)

ઝવેરાતમાં પણ ભેળસેળ ચાલુ છે. લોકભોગ્ય સાહિત્યમાં પણ ભેળસેળ ચાલુ છે. ગુજરાતી ઐતિહાસિક નવલિકાઓમાં ૯૯ ટકા ભેળસેળ હોય છે; જેમાં લોટ જેટલી કલ્પિત વસ્તુ હોય છે અને લોટમાં જેટલું મીઠું નખાય છે તેટલા પ્રમાણમાં માત્ર સાચી વસ્તુ હોય છે.

હિંદી ભાષાના સાક્ષરોએ હિંદી સાહિત્યમાંના આવા સાહિત્યને ઘાસલેટી સાહિત્ય તરીકે ઓળખાવી તેને દૂર કરી હિંદી સાહિત્યને શુદ્ધ બનાવવા પ્રયત્ન કર્યો છે.

ગુજરાતી સાક્ષરોએ પણ આ દાખલો લઈ શુદ્ધ ગુજરાતી સાહિત્ય બનાવવું જોઈએ.]

(૧૫) લોર્ડ કેનીંગ (સને ૧૮૫૬ થી ૧૮૫૮) –

સને ૧૮૫૭માં હિંદુસ્તાનમાં મોટો બળવો ફાટી નીકળ્યો, આથી ઈંગ્લેંડની **બ્રિટિશ સરકારે** ભારતનું શાસન ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી પોતાના હાથમાં લીધું. લોર્ડ કેનીંગે સને ૧૮૫૬માં ટપાલની સુંદર વ્યવસ્થા કરી આપવાના કારણે નગરશેઠ પ્રેમાભાઈ વગેરે કુટુંબને અનેક સનદો અને ખિતાબ આપ્યાં હતાં.

(જુઓ પ્રક. ૫૮, પૃ. ૨૮૦)

૧. મહારાણી **વિક્ટોરિયા** (સને ૧૮૫૭ થી તા. ૨૨-૨-૧૯૦૧) –

વોયસરોય કેનીંગ (સને ૧૮૫૭–૧૮૫૮) –

તેણે 'ખેડૂતો માટે એક નવો કાયદો' બનાવ્યો.

વોયસરોય લોર્ડ **લીટન** (સને ૧૮૭૬ થી ૧૮૮૦) –

સને ૧૮૭૭માં **દિલ્હીમાં મોટો દરબાર** ભરાયો, જેમાં રાણી વિક્ટોરિયાને 'ભારતની રાજરાજેશ્વરી'ની પદવી અપાઈ.

૨. **સાતમો એડ્વર્ડ** (સને ૧૯૦૧ થી ૧૯૧૦) –

તેનો પણ **દિલ્હી દરબાર** ભરાયો.

વાયસરોય લોર્ડ **મીન્ટો** (સને ૧૯૦૫ થી ૧૯૧૦) –

સાતમો એડ્વર્ડ મરણ પામ્યો.

૩. **પાંચમો જ્યોર્જ** (સને ૧૯૧૦ થી .....) –

વોયસરોય **લોર્ડ હાર્ડીંગ** (સને ૧૯૧૦ થી ૧૯૧૬) –

તા. ૧૨-૧૨-૧૯૧૧ના રોજ **દિલ્હી દરબાર** ભરાયો. સને ૧૯૧૪માં દુનિયાના પશ્ચિમી દેશોમાં **મોટું યુદ્ધ** થયું.

પાલગંજના રાજાએ અમદાવાદની શેઠ આ. ક.ની પેઢીના પ્રમુખ **નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈને** તા. ૯-૩-૧૯૧૨ના રોજ ૨,૪૨,૦૦૦ (બે લાખ બેંતાલીશ હજાર) રૂપિયામાં **પારસનાથનો** પહાડ વેચ્યો. આ પહાડ જગત્‌શેઠની 'ઇનામી મિલકત' હતી, છતાં તેના દુર્લક્ષ્યથી પાલગંજના રાજ્યમાં દાખલ થયો હતો તે ફરીવાર **શ્વે. જૈન સંઘના** તાબામાં આવ્યો. (તા. ૧૨-૩-૧૯૧૨ સં. ૧૯૬૮ ફા. વદ ૯ મંગળવારના સ્થાનિક પ્રતિનિધિઓની મિટીંગનો ઠરાવ તથા તા. ૨૯-૧૨-૧૯૧૨નો શેઠ આ. ક. પેઢીનો જનરલ મિટીંગનો ઠરાવ નં. ૧૧)

લોર્ડ ચેમ્સફર્ડ (સને ૧૯૧૬ થી ૧૯૨૦) –

આ સમયે ભારતમાં **અસહયોગનું** આંદોલન થયું.

લોર્ડ ઈરવીન (સને ૧૯૨૬ થી ૧૯૩૧).

લોર્ડ વિલીંગ્ડન ( ).

સ્વતંત્ર ભારત

બ્રિટનની સરકારે તા. ૧૪-૮-૧૯૪૭ની મધ્ય રાતે એટલે તા. ૧૫-૮-૧૯૪૭ના પ્રારંભે, ૧૨ કલાક ૧ મિનિટે ભારતને **સ્વતંત્ર** જાહેર કર્યો. તેણે **પં. જવાહરલાલ નહેરૂને** ભારત સોંપ્યું અને પં. નહેરૂએ ભારતમાં લોકશાહી સામ્રાજ્ય સ્થાપી રાજતંત્ર ચલાવ્યું.

રાણપુરા નગરશેઠનો વંશ

[**નોંધ** : આ વંશમાં જ પૂ. મુનિશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી મહારાજ) થઈ ગયા. તેમનું સંસારી નામ મગનલાલ હતું. આગળ પૃ. ૩૧૧ જુઓ.]

'संघाधिपत्यादि पदप्रतिष्ठासमान्वितैर्भव्य जनैर्विशालैः ।
दानादिजन्मोदयपुण्यभूमिः श्रीमालवंशो विदितो जगत्याम् ॥'

આ વંશની ચડતીપડતી અને સ્થાનાંતરનો ઇતિહાસ સમકાલીન રાજ્ય-

ક્રાંતિ, જુદા જુદા સંવતો તથા ભિન્નમાલ, ગુજરાત-પાટણ, રાણપુર, પછેગામ, દડવા વગેરેની ઉત્પત્તિ અને વિકાસ સાથે સંકળાયેલ છે.

ગુજરાતના પડિહારો તથા દક્ષિણના રાષ્ટ્રકૂટોના વંશનો ઇતિહાસ પહેલાં (પ્રક. ૩૨, પૃ. ૪૪૩માં) આવી ગયો છે.

ભારતના કેટલાએક સંવતો –

સામાન્ય રીતે ભારતમાં આશરે ૭૨ સંવતો પ્રવર્તે છે. જૈન ઇતિહાસમાં સંવતો નીચે મુજબ મળે છે.

૧. વીરસંવત – ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણથી કાર્તિક સુદિ ૧ થી શરૂ થાય છે.

૨. મૌર્યસંવત – વીરસંવત ૧૫૫માં મૌર્ય ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક થયો. વિક્રમસંવતમાં ૨૫૫ ઉમેરવાથી આ સંવત આવે છે.

૩. વિક્રમસંવત – વીરસંવત ૪૧૧ કાર્તિક સુદિ ૧ થી શરૂ થયો. વિક્રમ-સંવતમાં ૪૧૦ ઉમેરવાથી વીરસંવત આવે છે.

૪. શકસંવત – વિક્રમસંવત ૧૩૬ના ચૈત્ર સુદિ ૧ થી શરૂ થાય છે.

૫. ઈસ્વીસન – વિક્રમસંવતમાં ૫૬-૫૭ ઘટાડવાથી આ સંવત આવે છે.

૬. વલ્લભીસંવત (ગુપ્તસંવત) – વિક્રમસંવત ૩૭૬ના કાર્તિક સુદિ ૧ થી શરૂ. વિક્રમસંવતમાંથી ૩૭૫ ઘટાડવાથી આ સંવત આવે છે.

૭. વહીસંવત – વિક્રમસંવત ૪૭૨માં ચૈત્યસ્થિતિ થઈ ત્યારથી ચૈત્યવાસીઓએ પોતાના ભક્તોની વંશાવલિ લખવાની શરૂઆત કરી છે.

જો કે અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં વિ. સં. ૭૭૨ થી વહીવંચાનો પ્રારંભ બતાવ્યો છે; પરંતુ પૂ. જયંતવિજયજી મહારાજે આ પટ્ટાવલીમાં ૩૦૦ વર્ષોનો ફરક આવે છે એમ શ્રી શંખેશ્વર તીર્થના ઇતિહાસમાં સ્પષ્ટ કર્યું છે. એ હિસાબે વિ. સં. ૪૭૨ અને પટ્ટાવલીના ૭૭૨ એ બરાબર છે. આ સંવતનું બીજું નામ ભાટસંવત કહીએ તો પણ ઠીક છે.

૮. ગુજરાત સંવત – અણહિલપુર પાટણની શિલાસ્થાપના સં. ૮૦૨ના વૈશાખ સુદિ બીજથી થઈ છે. વનરાજ ચાવડાનો રાજ્યાભિષેકવિધિ સં. ૮૨૧માં થયો છે એટલે વિ. સં. ૮૦૨ અને વિ. સં. ૮૨૧ એ ગુજરાત સંવતો છે.

૯. શતાંક સંવત – ભારતીય સંવતવારીના અભ્યાસીઓ એમ માને છે કે, પ્રાચીનકાળમાં ભારતમાં પાંચ ગુરુવર્ષ એટલે ૬૦ સંવત્સરથી વર્ષમેળ લેવાતો હતો.

તે પછી દર સો સો વર્ષે સંવત બદલાતો હતો. આ જ રીતે વિ. સં. ૧૦૦૦ પછી હજારનો અંક કાઢી નાખી બાકીના શતકના આંકો લેવાથી શતાંક સંવત આવે છે.

વાયડગચ્છના આ૦ શ્રી જીવદેવસૂરિએ વાયડમાં સં. ૭માં પ્રતિષ્ઠા કરાવી છે તો સમજી શકાય છે કે આ સંવત ગુજરાત સંવત હશે અથવા શતાંક સંવત હશે. (– પ્રક. ૩૪, પૃ. ૪૬૦)

શ્રીમાલનગર – આ નગરનાં ૧ શ્રીમાલ, ૨ રત્નમાલ, ૩ પુષ્પમાલ અને ૪ ભિન્નમાલ નામો મળે છે. ચીનની ભાષામાં 'પિ–લો–મો–લો' એવું નામ મળે છે. શ્રીમાલનગર એ ગુજરાતનું પાટનગર હતું. એ સમયે ભિન્નમાલથી ગુજરાત–પાટણ સુધીનો પ્રદેશ 'ગુજરાત' કહેવાતો હતો. (– પ્રક. ૩, પૃ. ૮૦)

અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે, શ્રી શંખેશ્વરગચ્છના આ૦ શ્રી ઉદયપ્રભસૂરિ સં. ૭૭૨માં આચાર્ય બન્યા. તેમણે સં. ૭૯૫માં ભિન્નમાલના રાજા ભાણને શ્રાવકનાં બાર વ્રત આપ્યાં.

આ આચાર્યની વિદ્યમાનતામાં એટલે સં. ૭૭૨ થી સં. ૭૯૫ના ગાળામાં ચૈત્યવાસી જૈન આચાર્યોના સંમેલને શ્રાવકોની વહેંચણી અને તેની નોંધ રાખવાની વ્યવસ્થા માટે વહી લખવાનો પ્રારંભ કર્યો હતો.

પૂ૦ શ્રી જયંતવિજયજી મહારાજે બતાવેલા ફરક મુજબ સં. ૭૭૨ તે વાસ્તવમાં ૪૭૨ સમજવો જોઈએ.

બીજા ઇતિહાસોમાં ઉલ્લેખ છે કે વિ. સં. ૪૭૨ એ વહીવંચાઓનો વહીપ્રારંભનો દિવસ છે. તેઓ પ્રાયઃ ત્યારથી સાલવારી લખે છે. આનું બીજું નામ ભાયાવત સંવત પણ કહી શકાય.

ચૈત્યવાસીઓ ધીમે ધીમે શિથિલ થયા. તેમની પરંપરામાંથી મત્થેરણ, વહીવંચા, ભાટ, બારોટ વગેરે જ્ઞાતિઓ નીકળી છે.

મૌર્ય-પ્રતિહાર વંશ – શ્રીમાલનગરમાં પ્રથમ મૌર્યપ્રતિહારોનું રાજ્ય હતું. વિક્રમ સંવત ૮૬૦માં રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદે (ત્રીજાએ) પડિહાર રાજા યશોવર્માને કનોજ તરફ ભગાડી ગુજરાત પોતાને તાબે કર્યું અને પોતાના નાના ભાઈ ઇન્દ્રને લાટનું રાજ્ય આપી અહીં રાષ્ટ્રકૂટ વંશનું રાજ્ય સ્થાપન કર્યું.

ગુજરાતના પડિહારો અને દક્ષિણના રાષ્ટ્રકૂટોના વંશનો ઇતિહાસ પહેલાં આવી ગયો છે. (પ્રક. ૩૨, પૃ. ૪૪૩ થી ૪૪૮)

જો કે રાષ્ટ્રકૂટો દક્ષિણ તરફના છે. ત્યાં તેઓ પ્રાયઃ દિગંબર જૈનધર્મના ઉપાસક હતા, તો પણ સંભવ છે કે ગુજરાતમાં આવ્યા બાદ શ્વેતાંબર આચાર્યોના

પરિચયથી તેઓ સાંડેરાવગચ્છના શ્વેતાંબર આ૦ શ્રી બલભદ્રસૂરિના ઉપાસક બન્યા હોય. (–પ્રક. ૩૪, પૃ. ૪૯૧)

રાષ્ટ્રકૂટવંશ (રાઠોડ) – આનું અપભ્રંશ કે અલ્પાક્ષરી નામ રાઠોડ છે. દક્ષિણના રાષ્ટ્રકૂટવંશના રાજા દંતિવર્માના રાઠોડવંશમાં અનુક્રમે (૯) કવિ વલ્લભ ધ્રુવ (વિ. સં. ૮૩૬ થી ૮૫૦), (૧૦) ત્રીજા ગોવિંદ રાઠોડ (વિ. સં. ૮૫૦ થી ૮૭૦), (૧૧) પહેલો અમોઘવર્ષ, (૧૫) ચોથો ગોવિંદ, (૧૬) ત્રીજો અમોઘવર્ષ, (૧૭) ત્રીજો કૃષ્ણ, (૧૮) ખોટ્ટિગ, (૧૯) બીજો કર્ક (વિ. સં. ૧૦૩૦) વગેરે રાજાઓ થયા છે. (–પ્રક. ૩૨, પૃ. ૪૪૩-૪૪૪)

જોધપુરના રાઠોડ રાજાઓ પણ શ્વેતાંબર જૈન આચાર્યોના ભક્તો હતા તથા જૈનધર્મના પ્રેમી હતા. આથી અનુમાન થાય છે કે, રાઠોડો ખંડિલગચ્છ કે સાંડેરાવગચ્છના આચાર્યોના ઉપાસક હશે. આ રીતે શ્રીમાલનગરમાં ઘણાં વર્ષો સુધી રાઠોડ રાજ્ય રહ્યું.

અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં એવો પણ ઉલ્લેખ છે કે, મહમ્મદ ઘોરીએ સં. ૧૦૭૧ લગભગમાં શંખેશ્વરગચ્છના આ૦ વીરચંદ્રની વિદ્યમાનતામાં ભિન્નમાલ ભાંગ્યું.

સાધારણ ઇતિહાસમાં મહમ્મદ ગિઝનીએ ઈ. સ. ૧૦૦૧ થી ૧૦૩૦માં ભારત પર ૧૧ વાર ચડાઈ કર્યાનો ઉલ્લેખ છે. છેલ્લી સવારી ઈ. સ. ૧૦૨૪ (વિ. સં. ૧૦૮૦)માં કરીને સોમનાથ પાટણ ધ્વસ્ત કર્યું. ગિઝનીએ અગાઉની ચડાઈઓમાં ભિન્નમાલ, સાચોર વગેરે સ્થાનો ભાંગ્યાં હતાં એટલે સં. ૧૦૭૧માં ભિન્નમાલ ભાંગ્યાની હકીકત પુરવાર થાય છે.

સમકાલીન રાજવંશો પૈકીના ગુજરાતના સુલતાનો (બાદશાહો)નો વંશ અગાઉ (પ્રક. ૪૪, પૃ. ૩૮ થી ૫૫માં) આવી ગયો છે, જ્યારે સૌરાષ્ટ્રનો ગોહિલવંશનો ઇતિહાસ હવે પછી આ જ પ્રકરણમાં આવશે.

પાટણ – વનરાજ ચાવડાએ વિ. સં. ૮૦૨ના વૈશાખ સુદ ૨ ના રોજ અણહિલપુર પાટણની શિલાસ્થાપના કરી. વિ. સં. ૮૨૧માં પાટણમાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો.

પાલનપુર (જગાણા) – એક મત પ્રમાણે ચંદ્રાવતીના રાજા અરણ્યરાજ પરમારે વિ. સં. ૧૦૧૫ પછી પાલનપુર વસાવ્યું છે. જ્યારે બીજા મત પ્રમાણે ચંદ્રાવતીના રાજા ધારાવર્ષદેવ (વિ. સં. ૧૨૨૦ થી ૧૨૭૬)ના નાનાભાઈ પ્રહલાદને સં. ૧૨૭૪માં પાલનપુર વસાવ્યું. (–પ્રક. ૩૬, પૃ. ૧૯૦-૧૯૧)

પાલનપુર ચંદ્રાવતીના રાજ્યમાં હતું. અલ્લાઉદ્દીને સં. ૧૩૬૮માં ચંદ્રાવતી

ભાંગ્યું ત્યારે ચંદ્રાવતી, પાલનપુર, જગાણાના પરમારો ત્યાંથી નીકળી ગયા અને મૂળી આવી વસ્યા. (–પ્રક. ૩૫, પૃ. ૧૧૨ થી ૧૧૬)

સૌરાષ્ટ્રનો ગોહિલવંશ – ગોહિલ રાજવંશનો મોહનદાસજી મારવાડથી સૌરાષ્ટ્ર આવ્યો. તેના પૌત્ર સેજકજીએ સેજકપુર ગામ વસાવી ગોહિલની ગાદી સ્થાપન (સને ૧૨૬૦, વિ. સં. ૧૩૧૭માં) કરી. તેના પુત્ર રાણજીને ઉમરાળા (રાણપુર)નો ગરાસ મળ્યો.

રાણપુર – રાણજી ગોહિલે ઈ. સ. ૧૩૦૪ પછી રાણપુર વસાવ્યું. મહમ્મદ બેગડાના પુત્ર અહમદશાહ સિકંદરે ઈ. સ. ૧૪૭૪માં રાણપુર ભાંગ્યું.

પછેગામ – વલ્લભીની ચડતી-પડતી પ્રસંગે પરા જેવું પછેગામ વસ્યું. ઠાકોર સરતાનજી ગોહિલના બીજા પુત્ર દેવજીને લગભગ ઈ. સ. ૧૫૭૦ (વિ. સં. ૧૬૨૭)માં પછેગામનો ગરાસ મળ્યો. તેની પાટીમાં ઉમરાલા અને વળાની વચ્ચેની પાટીની (હિસ્સાની) ઘણી જમીન હતી.

દડવા (દદ્દાવિહાર) –

વલ્લભીવંશની રાજકુમારી દુદાએ દુદ્દવિહાર બનાવ્યો. તેણે એ વિહારને માટે ઘણી જમીન, વાવો વગેરે આપ્યાં હતાં.

વલ્લભીના નં. ૫૬ના તામ્રપત્રથી જાણવા મળે છે કે દાંત્રેટીયાની વાવ કે ઊજમવાવ અને બડોદની દક્ષિણે એક મોટી વાવ હતી, જેમાં આદિત્યદેવ (સૂર્ય)નાં ચરણો બિરાજમાન હતાં, તેથી તે વાવ આદિત્યદેવ પાદીયાની વાપી (સૂર્યદેવના પગલાંવાળી વાવ) નામથી પ્રસિદ્ધ હતી. તે દદ્દાવિહારના તાબામાં હશે. દદ્દાવાવનું અપભ્રંશ કે અલ્પાક્ષરી દદ્દવા બની શકે.

દદ્દવામાં પહેલાં સૂર્યની સ્થાપના થઈ હશે, પછી દેવીપૂજાના યુગમાં સૂર્યને બદલે સૂર્યપત્ની રત્નદેવી–રયણદેવીની સ્થાપના થઈ હશે. એટલે આજે તે વાવ રાંદલની વાવ તરીકે ઓળખાય છે.

વૃદ્ધવાણી એવી છે કે, વાવમાં કાળુભારની નદીનાં પાણીની મોટી સર (નીક) આવતી હતી. વાવનું પાણી પગથિયાં બહાર નીકળી ગામમાં ચાલ્યું જતું હતું, તેથી લોકોએ તે વાવમાં ઊતરી ગાડીનું પૈડું ભરાવી સરને રોકી દીધી છે. ત્યારથી તેમાં પાણીનો ભંડોળ ઓછો છે. આજે સુકાળ હોય કે દુકાળ હોય તો પણ આ વાવમાં પાણી બરાબર બની રહે છે.

દડવાની વાવમાં રાંદલની સ્થાપના છે. આ સ્થાન સૌરાષ્ટ્રમાં તીર્થ તરીકે વિખ્યાત છે. યાત્રિકો રવિવારે અને મંગળવારે દર્શન કરવા તથા માનતા પૂરવા

આવે છે. સૌરાષ્ટ્રમાં વિવાહમાં 'દડવાની રાંદલ'ને નોતરી તેનો ઘોડો ખુંદાવે છે. એ રીતે વિવાહવિધિમાં દડવાની રાંદલ એ પણ મુખ્ય સ્થાન ભજવે છે.

રાણપુરના નગરશેઠ કુટુંબના શા૦ લક્ષ્મીચંદ મોતીચંદ વગેરે જૈન ભાઈઓએ રાંદલની વાવ પાસે જાહેર મોટી ધર્મશાળા બંધાવી છે.

(–પ્રક. ૨૩, પૃ. ૩૧૮–ટિપ્પણી)

રાણપુરના નગરશેઠની વંશાવલી –

આટલો પ્રાસંગિક ઇતિહાસ છે. હવે મઢડાના વતની બારોટ પ્રભુદાસ કુંઅરજી ધોળકાવાળાની વહીમાં રાણપુરના નગરશેઠના વંશની વંશાવલીમાં એક વંશતાલિકા મળે છે તે જોઈએ.

પૂર્વ ઘટના – રાઠોડો ભિન્નમાલમાં હતા, જે જૈન બન્યા, જૈનાચાર્યોએ તેઓને શ્રીમાલજ્ઞાતિમાં દાખલ કર્યા. તેઓનું ગોત્ર રાઠોડ, કુલ ચવાલસ અને કુલદેવી અંબાજી સ્થાપન કર્યાં. તેઓ રાઠોડ શ્રીમાલી કહેવાયા.

આ વંશનો એક પુરુષ પોતાના કુટુંબ સાથે ભિન્નમાલ નગર ભાંગવાથી વહી સં. ૧૭૨ (વિ. સં. ૬૪૪)માં ભિન્નમાલથી નીકળી પાલી આવી વસ્યો. તેના વંશજો વહી સં. ૪૧૨ (વિ. સં. ૮૮૪)માં પાટણ આવી વસ્યા. તેના વંશજો વહી સં. ૮૭૨ (વિ. સં. ૧૩૪૪)માં પાલનપુર તાબે જગાણામાં જઈ વસ્યા. તેના વંશજો સં. ૧૩૬૮માં જગાણાથી નીકળી મૂળી જઈ વસ્યા. તેના વંશજો સં. ૧૩૭૨માં મૂળીથી નીકળી રાણપુર આવી વસ્યા.

૧. શેઠ વીરસંગ – તે સં. ૧૩૭૨માં રાણપુર આવી વસ્યો. ત્યાં તેને 'નગરશેઠ'ની પદવી મળી. ત્યારથી તે તથા તેના વંશજો રાણપુરા નગરશેઠ કહેવાયા. તે દશા શ્રીમાલી જૈન હતો.

૨. વાઘો – તે શેઠ વીરસંગની સાથે જ રાણપુર આવ્યો હતો.

૩. રતનસંગ – તે પણ વીરસંગની સાથે જ રાણપુર આવ્યો હતો.

૪. શેઠ મેઘજી.

૫. શેઠ પૂંજો.

૬. શેઠ આંબો.

૭. શેઠ પંચાણ – તે દડવા આવી વસ્યો. સંભવ છે કે તેના પૂર્વજો ઠાકોર ભાણજી ગોહિલના વંશજો સાથે ઉમરાળા કે પછેગામ આવ્યા હશે, અને તે સં. ૧૬૨૭ લગભગમાં પછેગામના ઠા૦ દેવજીનો કારભારી બન્યો હશે. તે બુદ્ધિશાળી હતો. તેણે પછેગામની પાર્ટીના દડવાની વાવ પાસેની જમીનની સુવ્યવસ્થા માટે વાવ પાસે નાનકડું ગામ વસાવ્યું હશે. તેનું

નામ દડવા ગામ હશે. તેણે અહીં પોતાના કુટુંબને વસાવ્યું. તે ત્યાં નગરશેઠ કહેવાયા. તે પછી અહીં ચભાડિયા વગેરેના વેપારીઓ આવી વસ્યા, જે ચભાડિયા તરીકે ઓળખાયા. આ જ રીતે પાસેના ગામના બ્રાહ્મણો, કણબી, વસવાયા વગેરે આવી ત્યાં વસ્યા.

શેઠ પંચાણ કાર્યકુશળ હતો. તેથી તેણે ગરાસદારોને ખુશ રાખી કરકસર કરી દડવા ગામને વધારી વ્યવસ્થિત ગામ બનાવ્યું.

૮. શેઠ કેશવજી.

૯. શેઠ માલજી – તેને પાંચ પુત્રો હતા. ૧ કુંઅરજી, ૨ મોનજી, ૩ નાનજી, ૪ વાલજી, ૫ કાનજી.

૧૦. કુંઅરજી – તે દડવામાં રહ્યો. તેને ૧ ખોડો, ૨ લવજી, ૩ પ્રેમજી એમ ત્રણ પુત્રો હતા.

૧૧. શેઠ ખોડાને ૧ વાઘજી, ૨ પીતાંબર, ૩ માવજી એમ ત્રણ પુત્રો થયા.

૧૨. શેઠ વાઘજીને ..... હતા.

(૧૨) શેઠ પીતાંબરને શેઠ જેઠાલાલ નામે પુત્ર હતો.

૧૩. શેઠ જેઠાલાલને ૧ મોતીચંદ, ૨ ચત્રભૂજ, ૩ જાદવજી, ૪ ફૂલચંદ એમ ચાર પુત્રો થયા. શેઠ મોતીચંદની પુત્રી દિવાળીબાઈને ૧ લક્ષ્મીચંદ, ૨ અમૃતલાલ, ૩ હરગોવિંદદાસ, ૪ શિવલાલ, ૫ હીરાલાલ, ૬ વાડીલાલ અને ૭ અમૂલખ એમ સાત પુત્રો થયા.

તેમાંના શેઠ લક્ષ્મીચંદ વગેરે ભાઈઓએ દડવામાં રાંદલની વાવ પાસે જાહેર મોટી ધર્મશાળા બનાવી છે. લક્ષ્મીચંદને ચાર, અમૃતલાલને ત્રણ, શિવલાલને ચાર, હીરાલાલને બે, વાડીલાલને ત્રણ અને અમૂલખને ચાર પુત્રો છે.

શેઠ જેઠાલાલના બીજા પુત્ર (૧૪) ચત્રભુજને રમણીકલાલ નામે પુત્ર છે.

શેઠ જાદવજીને ધીરજલાલ, શાંતિલાલ, ભાઈલાલ એમ ત્રણ પુત્રો છે.

શેઠ ફૂલચંદને નગીનદાસ અને ભોગીલાલ એમ બે પુત્રો છે.

(૧૦) શેઠ કુંવરજીના પુત્ર લવજી કુંઅરજીને ૧ ધીરજલાલ, ૨ કશલચંદ, ૩ ચાંપશી એમ ત્રણ પુત્રો હતા. ચાંપશીને રાયચંદ અને તેને મોહનલાલ નામે પુત્ર હતો.

(૯) શેઠ માલજીના અન્ય પુત્રો કે જેઓ –

શેઠ મોનજી – તેનો પરિવાર વડોદમાં જઈ વસ્યો.

શેઠ નાનજી – તેનો પરિવાર વડોદમાં જઈ વસ્યો.

શેઠ વાલજી – તેનો પરિવાર દડવામાં જઈ વસ્યો.

શેઠ કાનજી – તેનો પરિવાર વડોદમાં જઈ વસ્યો.

(૧૦) શેઠ વાલજીને ૧ ભવાન, ૨ જહા અને ૩ મૂલજી એમ ત્રણ પુત્રો થયા.

(૧૧) શેઠ જહાને પુત્રો : ૧ સુંદરજી, ૨ તેજપાલ, ૩ ધરમશી, ૪ લીલો.

(૧૨) શેઠ સુંદરજીને ૧ નરશી અને ૨ ત્રિકમજી નામે પુત્રો થયા.

(૧૩) શેઠ નરશીને પુત્ર કાનજી અને શેઠ ત્રિકમજીને પુત્રો આણંદજી, ફૂલચંદ અને ત્રિભુવનદાસ હતા.

(૧૪) શેઠ ફૂલચંદને ચુનીલાલ નામે પુત્ર અને શેઠ ત્રિભુવનદાસને નાનુભાઈ, રતિભાઈ, પરમાનંદ (પ્રેમચંદ) અને બાલુ નામે પુત્રો હતા.

(૧૫) શેઠ નાનુભાઈને બાબુ નામે પુત્ર હતો.

(૧૨) શેઠ તેજપાલ જહાને ૧ શામજી, ૨ ગોપાળજી, ૩ પાનાચંદ એમ ત્રણ પુત્રો હતા. તેમાં શેઠ શામજીનો પુત્ર દિયાલભાઈ સ્વામીનારાયણ સંપ્રદાયમાં સાધુ બન્યો. ગોપાળજીને પરિવાર નહોતો. શેઠ પાનાચંદને ૧ ગુલાબચંદ, ૨ મોહનલાલ, ૩ મગનલાલ એમ ત્રણ પુત્રો થયા. તેમાં **મગનલાલે મુનિ ચારિત્રવિજયજી** (કચ્છી) પાસે દીક્ષા લીધી ને **મુનિ દર્શનવિજય (ત્રિપુટી)** તરીકે પ્રસિદ્ધ થયા, જે આ જૈન પરંપરાના ઇતિહાસના મુખ્ય લેખક છે.

શ્રી રાણપુરી નગરશેઠ વંશવૃક્ષ -

શાખે–યાદવ, ગોત્ર–વૃષ્ણી, ત્રિ–પ્રવર, શાખા–માધ્યન્દી, વેદ–યજુર્વેદ, કુલદેવી અંબાજી માતા.

૧. વીરચંદ શેઠ – રાણપુરના રાણજી ગોહિલના કારભારી બન્યા.

૨. વાઘુ શેઠ.

૩. રતનસંગ શેઠ.

૪. મેઘજી શેઠ.

૫. પૂંજા શેઠ.

૬. આંબા શેઠ.


૭. પંચાણ શેઠ – સં. ૧૮૨૭માં દડવામાં નગરશેઠ અને કામદાર બન્યા.

૮. કેશવજી શેઠ.


૯. માલજી શેઠ.

★ ★ ★


૯. શેઠ માલજી કેશવજી (દડવા–રાંદલના)




શેઠ માલજી કેશવજી (દડવા–રાંદલના)



મોનજી શેઠ વડોદવાળા



મોનજી
દેવસી
દામજી
ગોરધન
નારણદાસ
લક્ષ્મીચંદ
છગનલાલ
શામજી
પાનાચંદ
વલ્લભ
પરમાનંદ
હરજીવન
પોપટલાલ
અમૃતલાલ
વર્ધમાન
કેશવજી (વાંકાનેર)
હિંમત
ભરત
નાનચંદ
હરીશ
રાજન
પ્રશાંત
ધીરજલાલ
જીવણલાલ
ત્રંબકલાલ
ડાહ્યાલાલ
ચંદ્રકાંત
કિશોર
વિક્રમ
ભૂપેન્દ્ર
ગુણવંત
શશિકાંત
પ્રસન્નકુમાર
હર્ષદરાય
ધ્રુવજી
નાનો
દુર્લભજી
જાદવજી
જગજીવન
રતિલાલ
રાયચંદ
કેશવલાલ
કાનજી
રમેશ
મનસુખ
હિંમતલાલ
વસંત
અનૂપ
યશવંત
૪
૫
પ્રતાપ
૨
૩
કાંતિલાલ
અનોપચંદ
પ્રવીણચંદ્ર
હર્ષદ
રમેશ

શેઠ નાનજી વડોદવાળા


નાનજી
જીવો
ગોયર
ગોપાલ
વેલશી
ભવાન
ત્રિભોવન
રતનશી
નરશી
જાદવજી
પોપટલાલ
વીરજી
અમૃતલાલ
૨
૩
શિવલાલ
રતિલાલ
તલસી
ત્રિકમલાલ
૧
૨
પરસોત્તમ
ચુનીલાલ
રાયચંદ
હિંમતલાલ
વડોદ
કાલીદાસ
ચીમનલાલ
ડામર
નટવર
મનસુખ
બાબો

વાલજી શેઠ (દડવા-રાંદલના) અટક પટ
વાલજી
જયાશેઠ
મૂલજી
ભવાન
તેજપાલ
ધરમસી
લીલાશેઠ
ગોપાલ
પાનાચંદ
ડાહ્યાલાલ
મોહનલાલ
વનમાલીદાસ
મગનલાલ
અમૃતલાલ
ચંપતીલાલ
હરગોવિંદદાસ
ગુણવંત
હસમુખ
ત્રિકમજી (અટક પટ)
નરસી
કાનજી
ત્રિભોવનદાસ
ફૂલચંદ
ચુનીલાલ
આણંદજી
ગિરધરલાલ (નાનુભાઈ)
રતિલાલ
પ્રેમચંદ
બાબુલાલ
રમેશ
રજની
બાબુલાલ
રસિકલાલ
મહેન્દ્ર
ભૂપેન્દ્ર
બાબો
જિતેન્દ્ર
૧
૨

માંડવા જલાલપુરમાં આ શેઠ કુટુંબના ભૂરાલાલ શેઠ, આંબા શેઠ, કલા શેઠ વગેરેનાં ઘરો છે.



સૌરાષ્ટ્રનો ગોહિલ રાજવંશ

[**નોંધ** : આ વંશમાં આપેલા સંવતોમાં ફરક છે.

રાણજી ગોહિલ પછીના બે રાજાઓનાં નામ મળતાં નથી. અમે રાજાઓના નંબર પણ બદલ્યા છે.]

ગોહિલ વંશનો મૂળ પરિચય પહેલાં (પ્રક. ૨૩, પૃ. ૩૧૯ થી ૩૨૧માં) આવી ગયો છે. વિક્રમની બીજી સહસ્રાબ્દી પછી એ વંશનો ઇતિહાસ ટૂંકમાં નીચે મુજબ છે.

૧. **મોહનદાસ ગોહિલ** – તે મારવાડમાં લૂણી નદીના કાંઠે આવેલા ખેરગઢમાં ચંદ્રવંશી રાજા હતો. **રાઠોડ** રાજાએ તેના ઉપર ચડાઈ કરીને તેના ઝાંઝણ વગેરે પુત્રોને મારી નાખ્યા. એટલે મોહનદાસ ગોહિલ પોતાના પરિવાર સાથે ખેરગઢ છોડી, સૌરાષ્ટ્રમાં થાનગઢ પાસેના **શાહપુર ગામમાં** આવીને વસ્યો. તેણે જૂનાગઢના રા' મેપાના પુત્ર ખેંગારને પોતાની પુત્રી પરણાવી **મૈત્રી સંબંધ** બાંધ્યો. રા' એ ૧૨ ગામની સરહદનું રક્ષણકાર્ય સોંપ્યું.

૨. **ઝાંઝણ** – તે ખેરગઢમાં મરણ પામ્યો.

૩. **સેજકજી** – તે દાદા સાથે સૌરાષ્ટ્રમાં આવ્યો અને તેણે જૂનાગઢના રા'ની મહેરબાની મેળવી સને ૧૨૬૦ (વિ. સં. ૧૩૧૭)માં **સેજકપુર** વસાવ્યું અને ગોહિલની ગાદી સ્થાપન કરી. તેણે પોતાના ૩ પુત્રોને ૩ રાજ્ય વહેંચી આપ્યાં. તે સને ૧૨૯૦માં મરણ પામ્યો.

(૧) તેણે **રાણજીને** ઉમરાલા (રાણપુર)નો ગરાસ આપ્યો. (૨) **સારંગજીને** અર્થિલા વગેરે ૨૪ ગામોનો ગરાસ આપ્યો. તેના પુત્ર **નોંઘણજીએ લાઠીમાં** ગાદી સ્થાપન કરી. (૩) **શાહજીને** માંડવી ચોવીસીનો ગરાસ આપ્યો. જેના વંશજોએ માંડવી, ગારિયાધાર તથા પાલિતાણામાં રાજ્ય કર્યું.

૪. **રાણજી ગોહિલ** – તે બહાદુર હતો. તે સને ૧૩૦૪ (વિ. સં. ૧૩૬૧) પછી નદી કિનારે **રાણપુર** વસાવી ત્યાં રહેતો હતો, ત્યારે વલભીમાં **એભલ** (ત્રીજો) નામે રાજા હતો. વલભીમાં એક લગ્ન પ્રસંગે કપોળ વાણિયા અને તેઓના કંડોલિયા ગોરોની વચ્ચે અચાનક ક્લેશ થયો. એભલે તે સૌનો વિનાશ કરાવ્યો. **રાણજી ગોહિલે** આ બનાવને આગળ ધરી એભલ ઉપર ચડાઈ કરી. તેને મારી સને ૧૩૦૭માં વળા (વલ્લભીપુર)નું **રાજ્ય** જીતી લીધું. એટલે તે ઉમરાલા અને વાલાક પ્રદેશનો પણ રાજા થયો.

એ પછી તેનો પૌત્ર ગાદીએ આવ્યો. એ સમયે અમદાવાદમાં મહમ્મદ બેગડા (સને ૧૪૫૯ થી ૧૫૧૧)નું રાજ્ય હતું.

તેને ૧ મુજફરશાહ, ૨. અહમદશાહ **સિકંદર** અને ૩ લઘુ મહમ્મુદ એમ ત્રણ પુત્રો હતા. મહમ્મદ બેગડાએ પુત્ર અહમદશાહને દ્વારિકા, સોમનાથ, ગિરનાર, શત્રુંજય વગેરે સ્થળોમાં મોકલીને પવિત્ર સ્થાનોનો વિનાશ કરાવ્યો. તેમજ સને ૧૪૭૪ (વિ. સં. ૧૫૩૧)માં તેને સૌરાષ્ટ્રમાં ફરીથી મોકલ્યો. અહમદશાહે સીધેસીધા રાણપુર પર હલ્લો કર્યો અને રાણજીના પૌત્રને કહેવરાવ્યું કે, ''તમે તમારી એક રાણી અમને સોંપી દો, નહીંતર લડવાને તૈયાર થાઓ.'' **ગોહિલ તો વટનો કટકો** હતો. તેણે જવાબ વાળ્યો કે, ''ખબરદાર રહેજો, હું યુદ્ધના મેદાનમાં જવાબ દેવા આવું છું.''

અહમદશાહને જૂનાગઢના વિજયનો ગર્વ હતો તેનો એ ગર્વ આ જવાબથી ઓગળી ગયો. તેણે તરત જ સાવધાનીથી કામ લીધું. રાજા રાણજી (રામજી) ગોહિલે બહાદુર સૈનિકોને સાથે લઈ યુદ્ધ માટે પ્રયાણની તૈયારી કરી. તેણે છેલ્લે જતાં રાણીવાસમાં જઈને પોતાની ૮ રાણીઓને મળી હિંમત આપતાં જણાવ્યું કે, ''હું લડવા જાઉં છું. મુસલમાન સેનાને મારી હઠાવી, જલદી પાછો આવીશ. પણ એક વાત ધ્યાનમાં રાખજો કે, મારી સાથે મારો વિજયધ્વજ ફરકતો રહેશે. જ્યાં સુધી તે ફરકતો હોય ત્યાં સુધી રાણજી જીવતો છે એમ જાણવું. તે નમે ત્યારે રાણજી રામજીના ચરણમાં જઈને વસ્યો છે એમ માનજો.'' રાણીઓએ રાણજીને હૃદયના પ્રેમથી વધાવ્યો. તેને માંગલિક ચિહ્નોથી વધાવી વિદાય આપી. રાણજી ત્યાં જઈ અહમદશાહની સેનાને મારી, પાછી હઠાવી, **વિજય** મેળવીને પાછો વળ્યો.

તેનો વિજયધ્વજ બરાબર ફરકતો હતો. તે બધા એક ગામને પાદર વિશ્રામ લેવા રોકાયા. ત્યાં સૌએ પાણી પીધું. વિજયધ્વજ ઝાલનાર માણસે પાણી પીવા માટે પોતાના બન્ને હાથને છૂટા કરવા વિજયધ્વજને પાસેના રસ્તામાં સુવાડી દીધો. બસ ! આ કારણે રાણપુરના મહેલમાં કેર વળી ગયો. આઠે રાણીઓએ જાણ્યું કે 'ધ્વજ ફરકતો નથી' એટલે તેઓએ રાજમહેલ ઉપર ચડી, એક ઝરૂખામાંથી નદીમાં પડતું મૂક્યું. રાજમહેલ સૂનો થઈ ગયો. રાણજી ગોહિલે આવી હોંશભેર રાજમહેલમાં પ્રવેશ કર્યો, પણ ત્યાં તો 'સ્મશાનની શાંતિ' હતી. ગોહિલ સમજી ગયો અને ત્યાંથી શોકાતુર વદને પાછો વળ્યો, આખા રાણપુરમાં શોકનું વાતાવરણ ફેલાઈ ગયું.

અહમદશાહને રાણપુરમાં કંઈક નવા-જૂની બન્યાની જાણ થતાં તે પાછો ફર્યો અને તેણે રાતોરાત રાણપુર ઉપર છાપો માર્યો; અને રાજા ગોહિલ તથા સૈનિકો વગેરે સૌને પકડીને કેદ કરી લીધા.

અહમદશાહે હુકમ કર્યો કે, ''રાજમહેલમાંથી રાણીઓને પકડી ઉઠાવી લાવો.'' સૈનિકો દોડતા ગયા પણ તે ખોટા રૂપિયાની જેમ ત્યાંથી પાછા વળ્યા અને જણાવ્યું કે, ''જનાબ ! રાણીવાસમાં રાણી તો શું પણ એક છોકરી કે દાસી પણ નથી.'' અહમદશાહ વાત સમજી ગયો, તેણે ગુસ્સે થઈને સૌને બળજબરીથી મુસલમાન બનાવ્યા. બસ, રાજા અને બધા સૈનિકો મુસલમાન બન્યા. (સૌરાષ્ટ્રની રસધાર)

રાણપુરના ઊંચી કોમના હિંદુ બ્રાહ્મણો, વાણિયા વગેરે આ ધાર્મિક આક્રમણથી ગભરાયા. જે આજ સુધી ગોહિલોના વાસની વચ્ચે જૈનમંદિર પાસે રહેતા હતા તે બધા પોતપોતાની રક્ષા માટે પોતાના કુટુંબને લઈ રાણપુર છોડી વળા, ઉમરાળા, લાઠી, માંડવી વગેરે સ્થાને ચાલ્યા ગયા. કોઈ કોઈ તો વચલો વાસ છોડીને નદી તરફ આવી વસ્યા.

૫. ગજીભા.

૬. રાણજી (રામજી) – સંભવ છે કે (૪) રાણજી ગોહિલે રાણપુર વસાવ્યું હોય અને (૬) રાણજી ગોહિલના સમયે રાણપુરના વિનાશની ઘટના બની હોય.

૭. મોખડજી – તે બહાદુર હતો. તેણે રાણપુર છોડી ઘોઘામાં આવી ગાદી સ્થાપન કરી. તે પીરમબેટનો બાદશાહ કહેવાતો હતો. દરિયામાં આવતાં જતાં વેપારીઓનાં વહાણો લૂંટી લેતો. એ રીતે એ ચાંચિયાનું કામ કરતો. આથી દિલ્હીનો બાદશાહ મહમ્મદ બીન ગુસ્સે ભરાયો. તેણે ઘોઘા ઉપર સેના મોકલી. મોખડજી યુદ્ધમાં લડતાં લડતાં સને ૧૩૪૭માં પાસેના ખદરપુરમાં મરાયો.

૮. ડુંગરજી – (સને ૧૩૪૭ થી ૧૩૭૦) તેની ગાદી ઘોઘામાં હતી.

૯. **વીજોજી** – (સને ૧૩૭૦ થી ૧૩૯૫).

૧૦. **કહાનોજી** – (સને ૧૩૯૫ થી ૧૪૨૦).

૧૧. **સારંગજી** – (સને ૧૪..... થી ૧૪૭૦) તેણે સને ૧૪૨૦ (વિ. સં. ૧૪૭૭)માં ઉમરાલામાં ગાદી સ્થાપન કરી. (પ્રક. ૫૮, પૃ. ૩૨૦)

૧૨. **શિવજી** – (સને ૧૪૭૦ થી ૧૫૦૦).

૧૩. **જેતોજી.**

૧૪. **રામદાસજી** – (સને ૧૫૦૦ થી ૧૫૩૫).

૧૫. **સરતાનજી** – (સને ૧૫૩૫ થી ૧૫૭૦).

૧૬. **વીસોજી** (સને ૧૫૭૦ થી ૧૬૦૦) – તે ચાર ભાઈઓ હતા. તે પૈકીના ૧. **વીસોજીને ઉમરાળા**, ૨. દેવોજીને **પછેગામ**, ૩. વીરોજીને 'અવાણિયા' અને ૪. માંકોજીને 'નવાણિયા'નો ગરાસ મળ્યો.

પાલિતાણાના ઠાકોર કાંધાજી ગોહિલે બ્રાહ્મણોના શિહોરને પોતાના તાબામાં લેવા વ્યવસ્થા ગોઠવી હતી; પણ **વીસોજી ગોહિલે** ઓચિંતો છાપો મારી શિહોર જીતી લીધું.

૧૭. **ધુનોજી** – મૃત્યુ : સને ૧૬૧૯.

૧૮. **રતનજી પહેલો.**

૧૯. **હરભમજી.** (૧૯. **ગોવિંદજી.**)

૨૦. **અખેરાજજી** (વિ. સં. ૧૬૯૬).

૨૧. **રતનજી બીજો.**

૨૨. **ભાવસિંહજી પહેલો** – તેણે સં. ૧૭૧૯ ના વેશાખ સુદિ ૩ ના રોજ વડવા પાસે **ભાવનગર** બંદર વસાવ્યું અને શિહોરને બદલે ભાવનગરમાં ગાદી સ્થાપન કરી. તેણે સુરતના સં૦ પ્રેમજી પારેખના સંઘનું વળાવીયું કર્યું હતું. (પ્રક. ૫૭, પૃ. ૪૧, સુરતના સંઘપતિઓ)

૨૩. **અખેરાજજી** – તેણે ચાંચિયાઓને સજા કરી તેથી તેને **તળાજા** બંદર ઇનામમાં મળ્યું.

૨૪. **વખતસિંહજી*** (આતાભાઈ) – વખતસિંહજીએ સને ૧૭૮૪માં વાજા રજપૂતોના કબજામાંથી મહુવા જીતી લીધું.

૨૫. **વજેસિંહજી.**

(– ગોરધનદાસ મહેતા શિહોરવાળાનું 'સૌરાષ્ટ્રનું ઇતિહાસ દર્શન'.)

---

* અમે આ રાજવંશના રાજાઓના અનુક્રમ નંબરો ફેરવ્યા છે. સંભવ છે કે આ રાજવંશ તેમજ પાલિતાણાના ગોહિલ રાજવંશના રાજાઓની સાલવારીમાં પણ ફેરફાર હોય.

પાલિતાણાનો ગોહિલવંશ

૧. **મોહનદાસ** ગોહિલ.

૨. ઝાંઝણજી.

૩. **સેજકજી** – મૃત્યુ સને ૧૨૯૦ (પ્રક. ૫૮, પૃ. ૩૧૬)

૪. **શાહજી** – પાલિતાણાના વાયવ્યખૂણામાં આવેલા **માંડવી** ગામનાં ૨૪ ગામોનો (પટ્ટો) ગરાસ તેને તેના પિતાએ આપ્યો. જૂનાંગઢના **રા'એ** તેને તે ગામનો **પટ્ટો** કરી આપ્યો હતો. ઠા૦ શાહજીએ ગારિયાધારની આસપાસના 'ચોમાલિયા ડાંગરોના (ડુંગરોના) ગામો' જીતી લીધાં. તેણે પૂર્વમાં દરિયાકાંઠા સુધી પોતાનું **રાજ્ય** વિસ્તાર્યું.

વિ. સં. ૧૯૮૦માં માંડવીમાં ૭૦૦ માણસોની વસતી હતી.

૫. સરજણજી.

૬. **અરજણજી (પહેલો)** – તેણે ગારિયાધારમાં પોતાની ગાદી સ્થાપિત કરી.

૭. **નોંઘણજી (પહેલો)** – એના સમયમાં **મુસલમાનો** માંડવી ગામને દબાવીને બેઠા હતા, પણ નોંઘણજીએ તે પાછું લીધું. રાણજી ગોહિલનો વંશજ **૧૧મો ઠા૦ સારંગજી** સગીર વયનો હતો આથી ઠા૦ નોંઘણજીએ તેને 'ઘોઘાની ગાદી' અપાવવા મદદ કરી. તેના બદલામાં ઠા૦ સારંગજીએ નોંઘણજીને વિ. સં. ૧૪૭૭ (સને ૧૪૨૦) લગભગમાં **ત્રાપજ** વગેરે ૧૨ ગામ આપ્યાં.

(પ્રક. ૫૮, પૃ. ૩૧૯)

ત્યાંના ગોહિલો પાલિતાણાના ભાયાત છે. સમય જતાં ત્રાપજ પુનઃ ભાવનગરમાં ભળી ગયું.

૮. જસોજી, ૯. શવોજી, ૧૦. બનોજી, ૧૧. હદોજી.

૧૨. **કાંધોજી** (પહેલો) – એના સમયમાં શિહોરના બ્રાહ્મણોમાં ઝઘડો ઊભો થયો. એક પક્ષે કાંધાજી ગોહિલને લાવી તેને શિહોર સોંપી દેવાનો પેંતરો રચ્યો. પણ બીજા પક્ષની માગણીથી ઉમરાળાના **૧૬મા ઠા૦ વીસોજી ગોહિલે** ઓચિંતો છાપો મારી શિહોર પોતાના કબજે કરી લીધું. (પ્રક. ૫૮, પૃ. ૩૧૯)

૧૩. **ઠા૦ નોંઘણજી (બીજો)** – તે તથા **લોમા ખુમાણ** (કાઠી) વચ્ચે 'ગઢવીને હાથી આપવાના કારણે' વેળાવદરની સીમમાં યુદ્ધ થયું. તેમાં ઠાકોરના ૧૮ પુત્રો ખપી ગયા. ઠાકોર પોતે નાસી ગયા.

શિહોરનો ૧૭મો **ઠા૦ ધુનોજી** ઠા૦ નોંઘણજીની મદદે આવ્યો. તે પણ માર્યો ગયો. લોમા ખુમાણે વિ. સં. ૧૬૭૬ (સને ૧૬૧૯)માં ગારિયાધારમાં પોતાનું **સીંધી લશ્કરી થાણું** ગોઠવ્યું.

ઠા૦ **નોંઘણજી** અહીંથી નાશી 'માળવાના જવાશાના રાજ્ય'માં ગયો. ત્યાં તે રાજકુમારીને પરણ્યો. તેનાથી તેને બે પુત્રો થયા. તેમાંનો એક પુત્ર જવાશાની ગાદીએ બેઠો. ઠા૦ નોંઘણજી વિ. સં. ૧૬૯૬ (સને ૧૬૪૦)માં **શિહોર** આવ્યો. ત્યાંના ૨૦મા ઠાકોર **અખેરાજજીની** કુમક લઈ **પાલિતાણા** આવ્યો. અને અમદાવાદના **નગરશેઠ** વગેરેની મદદથી તેણે ગારિયાધાર પાછું મેળવ્યું. લોમા ખુમાણ કાઠીની પત્ની **બછીઆણીએ** ખુમાણ અને ઠા૦ નોંઘણજી વચ્ચેનો કજિયો પતાવ્યો, તેથી ઠાકોરે તેને **ચણી ગામ** ભેટ આપ્યું.

આ સમયે દિલ્હીમાં બા૦ શાહજહાં (સં. ૧૬૮૪ થી ૧૭૧૫) હતો. તેના સૂબાઓ અમદાવાદમાં રહીને ગુજરાતનું રાજ્ય ચલાવતા હતા. સૌરાષ્ટ્રમાં તેના તરફથી નાનો સૂબો થાણેદાર કામ કરતો. સૂબા **ઔરંગઝેબના** સમયે પાલિતાણામાં કામ પર ગોરી બેલમના વંશના મુસલમાનો હતા. તે પ્રજાને તેમજ શત્રુંજય તીર્થના યાત્રાળુઓને દરેક પ્રકારે **રંજાડતા** અને **લૂંટતા** હતા.

આ કારણથી **શેઠ શાંતિદાસ ઝવેરીએ** ગારિયાધારના ઠા૦ **નોંઘણજી** (બીજા) વગેરેને ધન-દોલતની મદદ કરી અને તેઓના દ્વારા આ ત્રાસનું નિવારણ કરાવ્યું. આ ઘટના બન્યા પછી શેઠ શાંતિદાસ તથા ગારિયાધારના ઠાકોરો વચ્ચે **મૈત્રી સંબંધ** વધવા લાગ્યો. શેઠ શાંતિદાસને વિચાર આવ્યો કે, ''આ ઠાકોરોને તીર્થની રક્ષાનું કામ સોંપાય, અને તેઓનો પાલિતાણામાં વસવાટ થાય તો સારું.'' ઠાકોર પણ આવો સંબંધ બાંધવા ઉત્સુક હતા.

૧૪. અરજણજી (બીજો).

૧૫. ઠા૦ કાંધાજી (બીજો) – નગરશેઠ શાંતિદાસનો ઉક્ત વિચાર અમલમાં આવ્યો અને ઠા૦ કાંધાજીએ શેઠ શાંતિદાસ ઝવેરી, શેઠ રતન સૂરા અને તપાગચ્છના કારખાનાને તથા જૈન સંઘને સં. ૧૭૦૭ના કાર્તિક શુદિ ૧૩ ને મંગળવારે તીર્થની પાકી ચોકીનો કરાર લખી આપ્યો. તેમાં સારા માણસોની સાખ પણ કરાવી. એ રીતે ઠા૦ કાંધાજીએ શત્રુંજય તીર્થના યાત્રાળુઓના **રખોપા**નું કામ માથે લીધું. તે **રખોપા-કરાર** આ રીતે મળે છે.

સંવત્ ૧૭૦૭ (સને ૧૬૫૧)નો રખોપા કરાર

॥ ૐ ॥ સંવત ૧૭૦૭ વર્ષે કાર્તિક વદિ ૧૩ ભોમે ગોહિલ શ્રી કાંધાજી તથા નારાજી તથા હમીરજી તથા બાઈ પદમાદે તથા પાટમદે જત લખતં અમિ (અમે) શ્રી શેત્રંજાની ચોકી પુહુરૂ કરું છું તથા સંઘની ચોકી કરું છું, તે માટે તેનું પરઠ કીધો છે. શાહ શાંતિદાસ સહસકરણ તથા શાહ રતન સૂરા તથા સમસ્ત સંઘ મળી શ્રી શેત્રંજઈ સંઘ આવઈ તથા છઠીઆં છઠ વિહિવા આવિ તથા પાલુ લોક આવિ, તેનું અમિ કરાર કીધું છે, તે અમો બાપના બોલશું પાળવું. તેની

વગત્ય શ્રી શેત્રુંજઈ સંઘ આવી તેની ચોકી પુહુરૂ કરવો. જે સંઘ આવિ તે પાસિ મલણું કરી લેવું તેની વગત. સુખડી મણ ૧ તથા લુગડાના જામી ૨॥ (અઢી) મોટી સંઘિછઠીઆ તથા પાલુ સંઘ આવિ તે પાસે મલણું ન લેવું. ગાડી ૧ જામી ૨॥ અંકે અઢી લેવી. મોટા સંઘ મધે પ્યાદા હુઅિ તેનું ન લેવું. બીજું છઠવિયા આવી તેની માણસ ૧૦૦ જામી ૬૦ લેવી. મલણું માગવું નહીં. વળી બીજું માણસ પાલુ આવી તે જણ ૧ ની જામી ૦॥ અંકે અરધી લેવી, અદકું કાંહી ન લેવું. સંઘ શ્રી શેત્રંજઈ જાત્રા કરવા આવી તે પાસેથી એ કરારિ લેવું. ગચ્છ ૮૪ ચોરાશીનું એ કરારિ લેવું. તથા એ કરાર બાપના બોલશું પાળવું તથા શ્રી આદીશ્વરની સાખી પાળવું, રણછોડજીની સાખી પાળવું. શ્રી તપાગચ્છ કારખાના પાસિ ન લેવું. અત્ર મતૂએ લખું તે પ્રમાણે છે.

	અત્ર સાખ્ય
૧ ગોહિલ કાંધાજી	૧ ગો૦ ગોમલજી
૧ બાઈ પદમાદે	૧ ગો૦ લખમણજી
૧ બાઈ પાટમદે	૧ ગો૦ ભીમજી
લખતં દો૦ કડવા નાથા	૧ રા૦ જાદવ
એ લખું ન પાલીએ તો	૧ શા૦ જગપાલ
અમદાવાદ મધ્યે જવાબ	૧ ઠા૦ પરબત
કરીએ.	૧ દો૦ કડવા

લખતં ભાટ પરબત નારાયણએ લખું, પાલિ નહિ તો અમિ જમાન છું. અમદાવાદ મધે જવાબ કરું સહી તથા ભાટને અડગ કરા છે તે પાળવું સહી સહી.

અસલ ઉપરથી નકલ મુકાબલ કરનાર કારકુન રાજારામ નીલકંઠરાવ.

આણંદજી કલ્યાણજી (પેઢી) તરફથી માગી :	
તા. ૨૮મી જુલાઈ સને ૧૮૭૬	ખરી નકલ
સહી થઈ, તૈયાર થયા તા. ૧૧	(સહી) I. B. Peile
સપ્ટેમ્બર સને ૧૮૭૬.	પોલીટિકલ એજંટ

બા૦ શાહજહાંનો શાહજાદો દારાશિકોહ ગુજરાતનો સૂબો હતો ત્યારે વિ. સં. ૧૭૦૭ (સને ૧૬૫૧) કાર્તિક વદિ ૧૪ ને ભોમવારે ઠા૦ કાંધાજી ગોહિલ વગેરેએ શેઠ શાંતિદાસ સહસકિરણ ઝવેરી, શા૦ રતન સૂરા, તપગચ્છ કારખાનું વગેરેને શત્રુંજય તીર્થના રક્ષણથી પૂરી જવાબદારી લઈ ઉપર મુજબનો **રખોપા કરાર** કરી આપ્યો હતો.

આ ઉપરથી સમજાય છે કે– ઠા૦ કાંધાજી ગોહિલ રાજા નહોતા પણ ઠાકોર જ હતા, આ કરારમાં ઠા૦ કાંધાજી, નારાજી, હમીરજી, બાઈ **પદમાદે**, બાઈ **પાટમદે**નાં નામ છે અને સહીમાં ગોહિલ ગોમલજી, ગો૦ લખમણજી,

ગો૦ ભીમજી વગેરેનાં નામો છે. બનવાજોગ છે કે તે સૌ એ કુટુંબના સાથીદારો કે ચોકીપહેરાના ભાગીદારો હોય. તે બધા નોકરી-ધંધો કરવા ઇચ્છતા હોય. જે **રાજા–રાણી** હોય તે આવો કરાર લખી આપે જ નહીં. આ તો **ધંધાદારી** અને ઇમાનદારીનો **કરાર** હતો. આ કરારમાં લખાણ પાળવાની એકનિષ્ઠા છે, વફાદારીની પ્રતિજ્ઞા છે. ધંધો લેવાની તમન્ના દેખાય છે.

ગોહિલો આ કરારમાં પ્રતિજ્ઞા કરે છે કે, ''અમિ કરાર કીધું છે તે અમો બાપના બોલશું પાળવું તથા શ્રી આદીશ્વરની સાખી પાળવું, રણછોડજીની સાખી પાળવું.''

આ કરારના સાક્ષીઓ પણ ખાતરી આપે છે કે, ''એ લખું પાલીએ નહીં તો અમિ જમાન (જામીન) છું. અમદાવાદ મધે જવાબ કરું સહી તથા ભાટને અડગ કરા છે તે પાળવું સહી સહી.''

આ કરારમાં દો૦ **કડવા** નાથા સાક્ષી છે, તે તેમના કામદાર હશે. સંભવ છે કે તે દો૦ કડવા નાથાના વંશમાં જેઠા પચાણ અને **જીવાભાઈ** વગેરે હોય. તેઓ પાલિતાણામાં રહેતા હતા.

કરાર પાળવા માટે ગોહિલો, ગોર, રજપૂતો, વાણિયા અને ભાટો વગેરે સાક્ષીઓ હતા. આ કરાર મુજબ દિવસે વળાવો કરવાનો અને રાતે ચોકી ભરવાની હતી.

રખોપાના બદલામાં ૧૦૦ માણસે ૬૦ જામી અને એક માણસની ૦॥ જામી લેવાની હતી. આ જામી તે જામનગરી કોરી હતી, જેની કિંમત અંગ્રેજી રાજ્યના ૯ પૈસા થાય.*

જામનરેશે સં. ૧૮૪૦ થી કોરીનું ચલણ શરૂ કર્યું હતું, જેનું નામ **જામી** કે જામનગરી કોરી હતું. એ વખતે આ પ્રકારે ચલણી નાણું પ્રચલિત હતું –

સિક્કાઓ –

૧ રૂપિયો	= ૩॥ કોરી	જામશાહી કોરી	= ૦–૪–૬
૦॥ કોરી	= ૧૫ દોકડા	દિવાનશાહી	= ૦–૪–૬
૧ કોરી	= ૩૦ દોકડા	રાણશાહી	= ૦–૫–૩
૧ ઢીંગલો	= ૧॥ દોકડો	રીખાલ	= ૨–૮–૦
૧ ઢબુ	= ૩ દોકડા	જૂની જામશાહી કોરી	= ૦–૬–૦
(પાન : ૧૫૬)		(પાન : ૩૮૪)	

(ઘનજીભાઈ શાહે રચેલી 'કાઠિયાવાડ લોકલ ડિરેક્ટરી'ના આધારે)

★ ઉદેપુરથી કેશરિયાજી જનારને વળાવાના ૧૧ દોકડા આપવા પડતા, તે અને આ રકમમાં લગભગ સમાનતા છે.

૧૬. ઠા૦ **શવોજી** – તે સં. ૧૬૩૨ના વૈશાખમાં ખારા ગામ પાસે કુમો ખુમાણ કાઠી સાથે યુદ્ધ કરતાં મરણ પામ્યો.

૧૭. ઠા૦ સરતાણજી (પહેલો).

૧૮. ઠા૦ કાંધાજી (ત્રીજો).

૧૯. ઠા૦ પૃથ્વીરાજજી – તે તેજસ્વી હતો. તેણે વિ. સં. ૧૭૦૭ના વંશ પરંપરાગત આવેલા રખોપા કરારની જવાબદારીને પુરી રીતે અદા કરવા માટે નગરશેઠની સહાયથી ગારિયાધાર છોડી પાલિતાણામાં નિવાસ કર્યો અને પાલિતાણાને પોતાનું **ગાદીનગર** બનાવ્યું. તેણે અહીં રહીને જૈનસંઘ તથા જૈનતીર્થની રક્ષાનો ભાર રખોપા કરારના લખાણ મુજબ ઉપાડી લીધો હતો. પરંતુ સં. ૧૭૭૦માં શેઠ પ્રેમજી પારેખનો સુરતથી પાલિતાણામાં છ'રી પાળતો યાત્રાસંઘ આવ્યો ત્યારે તેણે પ્રથમ તો તેનું મોટું સ્વાગત કર્યું પણ પછી તેને વધુ રકમનો લોભ થયો. તેણે મોટી રકમ માગી. પરિણામે ઠાકોર અને સંઘ વચ્ચેનો મામલો બગડ્યો. સામસામે યુદ્ધના મોરચા ગોઠવાયા. લાકડી, ભાલા, તીર, ગોફણ અને બંદુકની ગોળીઓ ચાલી, રાજ્યના ૨૦ માણસો મર્યા અને અંતે અમદાવાદના નગરશેઠ કુટુંબના **શેઠ હીરજી ઝવેરીએ** વચમાં પડી સમાધાન કરાવ્યું, પછી મામલો સુધર્યો. (જુઓ પ્રક. ૫૭, પૃ. ૪૨–૪૩)

પણ રાજ્યનો ખજાનો હતો જ નહીં, આથી રાજાને ધન એકઠું કરવાની ઘણી જરૂર હતી. તેથી, ત્યારપછીના સંઘો પાસેથી રાજા રખોપા–કરારને બદલે નજરાણાની રકમ લેતા. તે દરમિયાનમાં યાત્રાએ આવતા નાના–મોટા સંઘો પણ રખોપાકર માફ કરાવી મુક્તાઘાટ કરાવી લેતા હતા.

ઠા૦ પૃથ્વીરાજજી સં. ૧૭૯૦ (સને ૧૭૩૪)માં મરણ પામ્યો.

૨૦. ઠા૦ નોંઘણજી (ત્રીજો) – તેણે પાલિતાણા શહેરનો કિલ્લો બંધાવ્યો. તેને ૧ સરતાનજી, ૨ ઉનડજી, ૩ અલુભાઈ અને ૪ જેઠીભાઈ એમ ચાર પુત્રો હતા. તે સં. ૧૮૨૧ (સને ૧૭૬૪)માં મરણ પામ્યો.

૨૧. ઠા૦ સરતાનજી (બીજો) – તેણે વજીર પાતાભાઈ ઘોઘારીની ઘોડી માગી હતી. પાતાભાઈએ કારભારી પદમશી અને રાજપુત્ર અલુભાઈને પક્ષમાં લઈ ઠા૦ સરતાનજી તથા તેના મોટા પુત્રને ઠાર માર્યા અને અલુભાઈને રાજા બનાવ્યો.

શ્રી ધનજીભાઈ શાહ 'કાઠિયાવાડ લોકલ ડિરેક્ટરી'માં લખે છે કે, સને ૧૮૩૧માં માલૂમ પડ્યું કે કાઠિયાવાડના રજવાડાની પરિસ્થિતિ વિચિત્ર હતી. તે ગુનેગારોને સજા કરી શકતા નહીં, એવા કામોમાં ઈન્સાફ આપવા **કોર્ટ સ્થાપવાની** જરૂર હતી.

શહેરસુધારો, ન્યાયખાતુ, બહારવટિયા કે લૂંટનારા માટેનો બંદોબસ્ત નહોતો. બીજી રીતે તે રાજાઓમાં રાજ્ય ચલાવવાની યોગ્યતા પણ ન હતી. જો કે તાલુકેદારો કોઈને દેહાંત દંડ દઈ શકત, પણ તે ગેરઈન્સાફ કરે તો તેને માટે ન્યાયાલયો નહોતાં. મોટા રાજા, નાના રાજા અને ભાયાતો વચ્ચેના ઝઘડામાં પોલિટિકલ એજંટ વચ્ચે પડતા, પણ ઝગડો પતતો નહીં.

એક્ટિંગ પોલિટિકલ એજંટ મિ. કીનલોક **ફાર્બસ સાહેબે** સને ૧૮૬૦માં જાહેર કર્યું છે કે, ''કાઠિયાવાડ વધુ પાછળ હઠે છે, તો દેશીરાજ્યોમાં યોગ્ય સુધારાની જરૂર છે'' (પાના : ૩૭, કલમ ૨૩). છતાં અસંતોષ ચાલુ રહ્યો; કેમકે – ગરાસિયાઓને રાજ્ય તરફથી ન્યાય મળતો નહિ. ગરાસિયાને બહારવટે જવાનો પ્રતિબંધ હતો, અને તેની ફરિયાદ કોઈ સાંભળતું ન હતું. આ હરકત દૂર કરવા માટે સને ૧૮૭૩માં રાજાઓએ એજન્સીને એક કોર્ટ સ્થાપવાની સમ્મતિ આપી કે, જેમાં રાજાઓ અને ભાયાતોના ઝગડામાં પૂરી તપાસ કરી યોગ્ય ન્યાય આપવો. આથી (**રાજકોટ**) **કોર્ટની** સ્થાપના થઈ (પાના : ૪૦, કલમ ૨૪). ભયજનક લોકો માટે પાછળથી પીલ સાહેબ (સને ૧૮૭૪ થી ૧૮૭૮)ના સમયે પાકો બંદોબસ્ત થયો. ઘણા ઉચિત સુધારા-વધારા થયા, જેમાં સફળતા મળી હતી. (પૃ. ૪૦)

૨૨. **ઠા૦ ઉન્નડજી** –તે સરતાનજીનો ભાઈ હતો. તે દામનગરના ગાયકવાડી થાણેદાર રાજગોર **રતનજી** તથા કાઠી **ઓઢા ખુમાણની** મદદથી અલુભાઈને હરાવી, પાલિતાણાનો રાજા બન્યો. તેણે ગાયકવાડી પેશકશી ઉઘરાવનાર શિવ રાજા ગારદાને આશરો આપ્યો. આથી ભાવનગરના ઠા૦ **વખતસિંહજી** સાથે તેને વેર બંધાયું. બન્ને ઠાકોરો લડ્યા, પરિણામે પાલિતાણા પરગણાનાં ગામ ઊજડ થયાં, ઉપજ ઘટી ગઈ, ઊડાઉ ખર્ચ ચાલુ રહ્યો, રાજ્યને માથે કરજ વધી ગયું.

જો કે કાઠિયાવાડનાં બીજાં રાજ્યો આવી નાણાભીડની સ્થિતિમાં પોતાનાં ગામ ઈજારે મૂકતા હતા. બીજાં રાજ્યોએ નાણાભીંસમાં જ્યારે જ્યારે પોતાનાં ગામ બીજા રાજ્યમાં ઈજારે મૂક્યાં ત્યારે તે ગામ તેમને પાછાં મળ્યાં નથી, અદાલતોમાં આવા દાખલા ત્યારે નોંધાયા હતા.★

★ (૧) જસદણવાળા જામનગરના મહાલ આટકોટ પાસેથી સને ૧૮૭૦–૭૧ સુધી દર સાલ ''આકાશી વાળાવો'' લેતા હતા, જેને એજન્સીએ સને ૧૮૭૪–૭૫માં કાઢી નાખ્યો હતો.

(૨) પાટડીએ દસાડા તાલુકાનું **ગોરિયાવાડ** ગામ ગીરો રાખ્યું, જે અંગે ૨૫–૩૦ વર્ષો સુધી કેસ ચાલ્યો અને હજારો રૂપિયાનો ખરચ થયો.

(૩) પાલિતાણા રાજ્યે **ગણઘોળ** ગીરો મૂક્યું હતું જે તેને પાછું મળ્યું નહીં.

(૪) આમરણનાં ૨૪ ગામ માથાં આપીને મેળવેલાં હતાં, જેને જામરાજા બથાવી બેઠો.

ઠા૦ **ઉન્નડજીએ** પોતાનાં ગામ અમદાવાદના **નગરશેઠને** ત્યાં ઈજારે મૂકવામાં લાભ જોયો. કારણ કે **ઉન્નડજી** અને **શેઠ વખતચંદ બંને ગાઢ મિત્રો હતા.** ઠાકોર તેમને બહુ માનતો હતો. છેવટે ઠા૦ ઉન્નડજીએ વિ. સં. ૧૮૩૬ થી ૧૮૪૨ સુધીમાં ગોંડલના ઠા૦ શુભાજીને વચ્ચે જામીન રાખી, પોતાના પાલિતાણા વગેરે ગામો **નગરશેઠ વખતચંદ ખુશાલચંદને** ત્યાં ઈજારે મૂકી મોટી રકમ ઉપાડી, કરજ ચૂકવ્યું.

ઈજારો – આમાં એવી વ્યવસ્થા હતી કે શેઠ **મૂળ ગરાસિયાના હક** ભોગવે, શેઠ પોતાના નેક કામદારો રાખી પાલિતાણા વગેરેની આવક લે અને ઠાકોરને ખરચ માટે દર સાલ ૪૭૦૦૦/- રૂપિયા આપે. ઠાકોર કે તેના વંશજો ઉપાડેલી મૂળ રકમ પાછી ન વાળે, ત્યાં સુધી આ પ્રમાણે થયા કરે. આ ઈજારો સને ૧૮૪૩ સુધી ચાલુ રહ્યો હતો.•

નગરશેઠના કામદારો પાલિતાણામાં રહીને બધી વ્યવસ્થા કરતા હતા. કામદારો નેક હતા. તે સમયે પાલિતાણાની પ્રજાએ પણ આબાદ રહીને વ્યાજબી રીતે વ્યવહાર ચલાવ્યો હતો.

જૈનોએ આ ઈજારાના ગાળામાં શત્રુંજયતીર્થમાં **નવી નવી ટૂંકો** બનાવી તથા શહેરમાં રાજ્યનો વેરો ન ભરનાર બ્રાહ્મણ, બાવાઓ વગેરેની જમીન પાકા દસ્તાવેજો કરી વેચાતી ખરીદી લીધી અને તેમાં **ધર્મશાળાઓ બનાવી.**

નગરશેઠનો વંડો (ધૂડિયો વંડો) છે ત્યાં એક બાવાનો મઠ હતો, એ જાહેર વાત છે. આ જમીનવેચાણના દસ્તાવેજો પાલિતાણા રાજ્યના દફ્તરમાં હતા. રાજ્યે તેનો નાશ કર્યો હતો, પણ રાજ્ય બહાર એજન્સીમાં **સોનગઢ** વગેરે સ્થાને તેના **દસ્તાવેજો** સુરક્ષિત હતા.

પાલિતાણાના (૨૬મા) ઠા૦ સૂરસિંહજીએ કર્નલ ડબલ્યુ. **લોગ** સાહેબને (સને ૧૮૪૧ના મેથી ૧૮૫૯ ફેબ્રુઆરી સુધી) અરજીમાં જણાવ્યું કે, ''જૈનોએ

• શત્રુંજય તીર્થે હાથીપોળના દરવાજા ઉપર આ પ્રમાણે લેખ છે તે જી. બુલહરના 'એપ્રિગ્રાફિકા ઇન્ડિકા' ભા. ૨, પ્ર. ૬ માં નં. ૫૨ નો શિલાલેખ છે –

''સંવત ૧૮૩૭ના વર્ષે ચૈત્ર સુદિ ૧૫ દિને સંઘ સમસ્ત મળી કરીને લખાવ્યું છે જે હાથીપોળના ચોક મધ્યે કોઈ દેરાસર કરવા ન પામે અને જો કદાચિત દેરાસર કોઈ કરાવે તો તીર્થ તથા સમસ્ત સંઘનો ખૂની છે. સમસ્ત સંઘ દેશાવરના ભેળા મળીને એ રીતે લખાવ્યું છે, તે ચોક મધ્યે આંબલી તથા પીપળાની સાહમા દક્ષિણ તથા ઉત્તર દિશે તથા પૂર્વ પશ્ચિમ દિશે જે કોઈ દેરાસર કરાવે તેને સમસ્ત સંઘનો ગુનહો છે, સહી છે.''

– સં. ૧૮૩૭ ના વર્ષે ચૈત્ર સુદિ ૧૫ દિને.

(– શ્રી જિનવિજયજી સંપાદિત ''પ્રાચીન જૈન લેખસંગ્રહ'' ભા. ૨, પૃ. ૩૩૬)

વેરા ભરનારાની વસતીમાં ધર્મશાળાઓ બંધાવી છે.'' પરંતુ એજન્સીમાં રહેલા દસ્તાવેજોએ એ વાતને જૂઠી ઠરાવી હતી.

આ ઈજારો (૨૫મા) ઠા૦ પ્રતાપસિંહ અને ઠા૦ સૂરસિંહ સુધી ચાલ્યો હતો. જુદા જુદા કેસના કાગળોથી માલુમ પડે છે કે – આ ઈજારાના કાળમાં સને ૧૮૨૫–૩૦માં **શેઠ હઠીસીંગભાઈએ** પણ બીજી રૂપિયા ૩૦,૦૦૦ (ત્રીસ હજાર)ની રકમ આપી હતી. આ ઈજારો નગરશેઠ હેમાભાઈ અને પ્રેમાભાઈ સુધી ચાલ્યો.

ઠા૦ ઉન્નડજી સાત પુત્રોને મૂકીને સં. ૧૮૭૭ (સને ૧૮૨૦)માં મરણ પામ્યો. ઉન્નડજીના સમયે સં. ૧૮૩૭ અને ૧૮૪૩માં સુરતના **સંઘવી પ્રેમચંદ મોદીએ** શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો હતો. ઠા૦ ઉન્નડજીએ તેની સાથે મીઠો વર્તાવ રાખ્યો હતો. તેણે ઠા૦ ઉન્નડજીને મોટી રકમ આપી, સૌ યાત્રિકોનો રખોપાકર માફ કરાવ્યો હતો. સં૦ પ્રેમચંદ મોદીએ સં. ૧૮૪૩ મહા સુદિ ૧૧ના મોદીની ટૂકની પ્રતિષ્ઠા કરાવી હતી. (પ્રક. ૫૭, પૃ. ૫૦ થી ૫૨)

આ સમયે જૈનોએ બીજી ઘણી નવી ટૂકો બનાવી પ્રતિષ્ઠા કરાવી.

૨૩. **ઠા૦ કાંધાજી** (ચોથો) – ૧૫મા ઠા૦ કાંધાજી (બીજા) વગેરેએ સને ૧૮૫૧માં શત્રુંજયના રખોપાનું કામ માથે લીધું હતું, તેના વંશજોએ પ્રામાણિકપણે તીર્થની સેવા કરી, તેથી તે સૌને લાભ થયો. જૈનસંઘની ઓથમાં રહીને તેણે ધન મેળવ્યું અને સૈન્ય પણ વધાર્યું. ગારિયાધારનું રાજ્ય મજબૂત બનાવ્યું. આ કામ ઠા૦ ઉન્નડજી (સને ૧૮૨૦) સુધી એકનિષ્ઠાથી થતું રહ્યું, પરંતુ તેનો વારસદાર ઠા૦ કાંધાજી ચોથો ભદ્રિક છતાં વિચિત્ર સ્વભાવના દીવાનોની શીખવણીથી પૈસા ભેગા કરવા માટે તેણે એક ભૂલ કરી કે, શત્રુંજયનું રખોપું **આરબોને** ત્યાં ગીરે મૂક્યું. આથી પાલિતાણા રાજ્યમાં રાજગોર, બ્રાહ્મણ, રજપૂત, વ્યાપારી, બારોટો વગેરેનો જાત્રાઓમાં ત્રાસ વધ્યો.

સને ૧૮૨૦માં કાઠિયાવાડમાં રાજ્યોની બાબતે પ્રથમ પોલિટિકલ એજન્ટ કપ્તાન **બારનવેલ** નિમાયો ત્યારે દફતરમાં પાલિતાણાની સ્વતંત્ર રાજ્ય તરીકે નોંધ થઈ ન હતી, કેમકે રાજ્ય અમદાવાદના નગરશેઠના હાથમાં હતું. નગરશેઠ હેમાભાઈ વખતચંદ અને શેઠ મોતિશાહ મુંબઈવાળાએ સને ૧૮૨૦માં મુંબઈ સરકારને અરજી કરી કે, ''આરબો શત્રુંજય તીર્થની આશાતના કરે છે તે દૂર કરાવો.''

શેઠે મુંબઈના ગવર્નર પ્રેસિડન્ટ ઈન કાઉન્સીલ સ્ટુઅર્ટ એલ. **હિસ્ટન**ને સને ૧૮૨૦માં અરજી કરી કે અમે પાલિતાણા રાજ્ય ગીરો રાખ્યું છે. ઠાકોરને તે પાછું અપાવી અમને તેની મૂળ રકમ અપાવો. **બારનવેલે** હુકમ કર્યો કે,

''આરબોને ડુંગર ઉપરથી ઉતારવા, ન ઊતરે તો લેફ્ટનેન્ટ સ્ટીકનના તાબાનું લશ્કર મોકલી તેઓને ઉતારવા.''

ઠા૦ કાંધાજીએ આરબોને નીચે ઉતાર્યા, પરંતુ રખોપાની બાબતમાં નવી દખલ ઊભી કરી.

ઠાકોરે રખોપાની રકમ વધારવા માગણી કરી. સરકારે માર્ગ કાઢ્યો કે, નગરશેઠ ગાયકવાડ સરકારને અરજી કરી તેની પાસેથી પાલિતાણાની ખંડણી ભરવાની રકમમાંથી રૂા. ૪૦૦૦/-ની રકમ ઓછી કરાવે. આથી હંમેશને માટે આ તકરાર શમી જાય; પણ તેમ થયું નહીં.

આથી મિ. બારનવેલે સને ૧૮૨૫માં રખોપાની રકમમાં વધારો કર્યો. તે રકમ ઠાકોર, રાજગોર અને ભાટ (બારોટ) એમ ત્રણ ભાગીદારોએ વહેંચી લેવાની હતી. જૈનોએ 'હવે પછી રખોપાની રકમ વધારવાનો પ્રશ્ન ન ઊઠે અને જાત્રાળુની રક્ષા થાય' એમ કાયમી નીતિ માની આ વ્યવસ્થા સ્વીકારી.

ઠાકોરે પણ આફત, ફિતૂર કે આસમાની-સુલતાની મજરે આપવાની– **વળતર પાછું આપવાની** કબૂલાત કરી પાકી રખોપાચોકીનો આ કરાર કર્યો હતો.

વિ. સં. ૧૮૭૯ મહા સુદિ ૨; તા. ૯-૧૨-૧૮૨૧થી એકતાલીસ (૪૧) વર્ષો સુધી આ નવા કરાર પ્રમાણે વ્યવસ્થા બની રહી હતી.

ઠા૦ કાંધાજીના રાજકાળમાં જૈનોએ શત્રુંજય ઉપર નગરશેઠ શાંતિદાસે બનાવેલા શત્રુંજયતીર્થ ઉપરના કિલ્લાનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેમજ ઘણી નવી ટૂંકો બનાવી. આ ઠાકોર રાજ્યને કરજમાંથી છોડાવી શક્યો નહીં. તે ૯૫ વર્ષની ઉંમરે વિ. સં. ૧૮૯૬ (સને ૧૮૪૦)માં મરણ પામ્યો.

૨૪. **ઠા૦ નોંઘણજી ચોથો** – તે બહુ સાદો, ઠરેલ અને પાકી ઉંમરનો હતો આથી તેનો યુવરાજ પ્રતાપસિંહ તેનું રાજ્ય ચલાવતો હતો. યુવરાજે સં. ૧૮૯૮ (સને ૧૮૪૨)માં રાજ્યનો ઈજારો બંધ કર્યો. ત્યારે નગરશેઠ તરફથી પાલિતાણાનો વહીવટ શેઠ મોતિ કડીયા કરતો હતો.

યુવરાજ પ્રતાપસિંહજીએ બજારની વચ્ચે માંડવી પાસે પોતાના તોફાની ઘોડાને તલવારથી કાપી નાખ્યો અને મોટે અવાજે બોલ્યો કે, ''મોતિયા કામદારની પણ આ જ દશા થશે.'' મોતિ કડીયાએ આ વાત સાંભળી, ત્યાંથી નીકળીને સીધો અમદાવાદ જતો રહ્યો અને **ત્યારથી ઈજારો બંધ થયો.**

૨૫. **ઠા૦ પ્રતાપસિંહજી** – તેણે આશરે સં. ૧૯૦૦ (સને ૧૮૪૪)માં રાજ્યની લગામ હાથમાં લીધી, અને તે વિ. સં. ૧૯૧૭ (સને ૧૮૬૦)માં મરણ પામ્યો.

૨૬. ઠા૦ **સૂરસિંહજી** – તે સને ૧૮૬૧માં ગાદીએ આવ્યો. તેણે રાજ્યની આવક વધારી જૈનો ઉપર રૂા. ૨/-નો મુંડકાવેરો ઠરાવ્યો. આથી જૈનોએ રાજકોટની કોર્ટમાં કેસ માંડ્યો. ઠાકોર વધુ પડતા જુસ્સાવાળો હતો. તેણે રાજ્યની રકમ વધારવા વિવિધ ઉપાયો યોજ્યા.

રાજ્યની મુરાદ : ઠાકોરોની મનોભાવના

(૨૪) ઠા૦ નોંઘણજી, (૨૫) ઠા૦ પ્રતાપસિંહજી, (૨૬) ઠા૦ સૂરસિંહ વગેરેની મુરાદો હતી કે –

(૧) શત્રુંજય પહાડ ઉપર જૈનોની ટૂકો વગેરે મિલકત છે તેના ઉપર રાજ્યની માલિકી અને સર્વોપરી સત્તા સ્થાપવી. પોતે ભારતના સર્વ જૈનોના રાજા બની રહેવું.

(૨) વિવિધ ઉપાયો વડે રખોપાની રકમ વધારવી.

(૩) જૈનોની એકતા તથા શેઠ આ૦ ક૦ પેઢીને તોડવી અને જૈનોમાં ભાગલા પડાવી રાજ્યની સત્તા જમાવવી.

તે ઠાકોરોએ પોતાના આ ઉદ્દેશને સફળ બનાવવા વિવિધ પ્રયત્નો કર્યા હતા, એ પ્રયત્નોમાંના કેટલાક આ પ્રકારે હતા.

કર્નલ ડબલ્યુ. લોંગ (સને ૧૮૪૫ મે થી ૧૮૫૯ ફેબ્રુઆરી) – તેણે સને ૧૮૪૫માં તપાસ કરી જાહેર કર્યું કે, ''ઠા૦ નોંઘણજીએ અરજીમાં જણાવ્યું છે કે, 'શેઠના હાથમાંથી ઈજારો જવાથી નારાજ થઈને અમારા યુવરાજને (પ્રતાપસિંહને) ખોટી સલાહ આપી ઉશ્કેરે છે; અને જૈનોએ પાલિતાણાની વેરા ભરતી પ્રજાની રાવળી જમીનોમાં ધર્મશાળાઓ બંધાવી છે.' ઠાકોર આમ જણાવે છે પણ અમને તપાસ કરતાં માલૂમ પડ્યું કે, તેમની આ બધી **વાતો ખોટી** છે.''

ઠાકોરે નવી નવી **સતામણી** શરૂ કરી. આથી એજન્સીએ તે સતામણીને દૂર કરવા પાલિતાણામાં એજન્સીના અમલદાર **રામરાયને** ગોઠવ્યો.

ઠાકોરે શત્રુંજય પહાડ ઉપરનાં લાકડાં, ઘાસ વગેરે લઈ જનારા ઉપર જકાત નાખી ટેક્સ નાખ્યો. ઠાકોરે સને ૧૮૬૧માં પહાડ ઉપરનું જૈનોનું ખોડાઢોરનું ગામ જપ્ત કર્યું. એજન્સીએ વચ્ચે પડીને ખોડાઢોર ખાતાને અમદાવાદ પાસેનું **રાંચરડા** ગામ આપ્યું. જૈનોએ ખોડાઢોરનું ખાતું છાપરીયાળીમાં સ્થાપન કર્યું.

પોલિટિકલ એજન્ટ આર. એચ. **કીટીંજે** (તા. ૩૧-૧-૧૮૬૩ થી તા. ૮-૭-૧૮૬૭) ઠાકોરને શરૂમાં જ સલાહ આપી કે શહેરની સુધરાઈ કમિટી બનાવવી, અને એજન્સીની મંજૂરી મેળવી કામ કરવું.

સને ૧૮૬૪માં ઠા૦ સૂરસિંહજીનાં લગ્ન થયાં, ત્યારે રાજ્યે જૈનોનો વંડો, ધર્મશાળા વગેરે મકાનો માગી લીધાં, પણ તે પાછાં આપતાં ઘણી મુશ્કેલી ઊભી કરી. શેઠ આ૦ ક૦ની પેઢીના એજન્ટ પાસે મહેમાનો માટે પાકું સીધું માગી તોફાનો કરાવ્યાં.

વિ. સં. ૧૯૨૧ મહા શુદ ૭ ગુરુવારે સવારે શેઠ કેશવજી નાયકે ટૂક બનાવી હતી તેમાં ઠાકોરે દખલ કરી. તેના શિલાલેખમાં પોતાને રાજા તરીકે લખાવવાનું દબાણ કર્યું હતું, તે દિવસથી જૈનોએ પહાડ ઉપર નવી ટૂકો બનાવવાનું બંધ કર્યું.

તળેટીમાં બાબુ ઘનપતસિંહજીએ બંધાવેલી ટૂકમાં પણ રાજ્યે દખલ કરી રકમ લીધી.

ઠાકોરે જૈનો પાસેથી વધુ રકમ મેળવવા 'જૈનો અમને નજરાણું મળણું આપે છે' એવી બનાવટી નોંધબુક એજન્સી પાસે મૂકી વિનંતી કરી કે, ''જૈનો અમને દર સાલ આટલી રકમ ભરે એની જાથુકની વ્યવસ્થા કરવી જોઈએ.''

કમીશન – એજન્સીએ આની તપાસ માટે જૂનાગઢના દીવાન ગોકળભાઈ અને પોરબંદરના દીવાન કબા ગાંધીનું કમીશન નીમ્યું. કમીશને જાહેર કર્યું કે, 'ચોપડી (નોંધબુક) વિશ્વાસ કરવા લાયક નથી.'

ઠાકોરે અંગ્રેજ સરકારને સને ૧૮૨૫[?]માં વિનંતી કરી કે, ''હવેથી મને જૈનો પાસેથી દર સાલના રૂા. ૨૦૧૦૦/- અપાવવા જોઈએ.''

સરકારે આ કામ માટે પોલિટિકલ એજન્ટ આર. એચ. **કીટીંજને** નીમ્યો. સર કીટીંજે તા. ૫-૧૨-૧૮૬૩માં સંપૂર્ણરીતે ઠાકોરની તરફેણ કરી જણાવ્યું કે –

(૧) **જૈનો ધનાઢ્ય** છે, તો તે મોટી રકમ આપી શકે. (કલમ ૫, ૧૪)

(૨) આ રકમ રખોપું નહીં પણ મુંડકાવેરો છે.

(૩) બારનવેલવાલા દસ્તાવેજમાંના 'દસ્તાવેજ' શબ્દને અને તેણે બાંધેલી વર્ષોની મુદત તથા બે ઈસમો જેવા વચ્ચે થયેલા કરારને તથા નક્કી કરેલી **રખોપાની રકમને** રદ કરી. (કલમ ૭, ૯, ૧૪)

(૪) ઠાકોર જૈનોની પૂરેપૂરી રક્ષા કરે. (કલમ ૯)

(૫) જૈનો ઠાકોરને દર સાલ રૂા. ૧૦,૦૦૦/-ની રકમ આપે. (ક. ૧૪)

સર કીટીંજે ઠાકોરના કહેવાથી શેઠ હેમાભાઈ ઉપર દબાણ કરી જૈન સંઘના એજન્ટ તરીકે સને ૧૮૬૧ થી દાખલ થયેલા નિમકહલાલ **દલસુખરાયને** છૂટો

કરાવ્યો અને સરકારના વિશ્વાસપાત્ર **ગોપીનાથને** દાખલ કરાવ્યો. એ પછી ઠાકોરની સતામણી ચાલુ રહી. તે પછી તો એજન્સીએ પાલિતાણામાં એજન્સીનું થાણું ગોઠવ્યું, જેમાં ત્રિકમરાય ગુલાબરાયને થાણેદાર તરીકે ગોઠવ્યો.

પછીના પો૦ એજન્ટ કર્નલ **એસ. સી. લોએ** પણ સને ૧૮૭૦માં ઠાકોરને આ બાબત ચેતવણી આપી. તે પછી કા. પો. એજન્ટ તરીકે **જે. બી. પીલે** (તા. ૨૯-૧-૧૮૭૩ થી તા. ૨૮-૫-૧૮૭૮) આવ્યા.

સને ૧૮૭૨માં પાલિતાણામાં ઈડરના યાત્રાસંઘના ચોકીદારોએ ઈડરના સંઘને લૂંટ્યો. રાજ્યે વળતર આપવામાંથી છટકી જવા માટે સરકાર સમક્ષ જાહેર કર્યું કે, આ ચોરીમાં નગરશેઠ પ્રેમાભાઈનો હાથ છે.

જે. બી. પીલે આનો કેસ ચલાવ્યો. સને ૧૮૭૫માં પૂનાના સેશનકોર્ટના જજ્જ અને મુંબઈના હાઈકોર્ટના રજિસ્ટરનું કમીશન નિમાયું. **કમીશને** જાહેર કર્યું કે –

(૧) પાલિતાણાના અમલદારોએ આ બાબતના કાગળોમાં ગરબડ કરી છે.

(૨) ઠાકોરે નગરશેઠ ઉપર જે આક્ષેપ કર્યો છે, તેની તેઓ દિલગીરી જાહેર કરે.

(૩) રાજ્ય સંઘને ચોરીના **વળતર**ના રૂા. ૪,૫૦૦/- આપે.

(૪) રાજ્યના અમલદારો વજનદાર નથી, તો હવે પછી રાજ્ય પોતાના ન્યાયધીશો અને પોલિસ અમલદારો એજન્સીની મંજૂરીવાળા રાખે.

આમ થવાથી રાજ્યે તે સૌના સ્થાને નવા નીમ્યા.

રાજ્યે સને ૧૮૭૭ (સં. ૧૯૩૩–૩૪) ભાદરવા વદિ અમાસના શત્રુંજય પહાડ ઉપર જૈન મંદિરોવાળા વિભાગમાં ઢેડોનો મેળો ભરાવી, ડુંગળી વગેરે ખવરાવી જૈન મંદિરો વગેરેને અપવિત્ર બનાવ્યાં.

સોનગઢના ડેપ્યુટી આસિસ્ટન્ટ **વામનરાવ બાલકૃષ્ણે** આ મેળાની ખબર મળતાં જ ત્યાંનો રીપોર્ટ લેવા અબ્દુલખાનને પાલિતાણા મોકલી પાકો રીપોર્ટ મેળવ્યો. વામનરાવે તે રીપોર્ટ એજન્સીને મોકલ્યો.

એજન્સીને પણ ચારે બાજુની તપાસ કરતાં ખાતરી થઈ ગઈ કે, રાજ્યે ઈરાદાપૂર્વક આ મેળો ભરાવ્યો છે. એજન્સીએ રાજ્યને હવે પછી આવો મેળો ભરવાની મનાઈ કરી. અને આવાં આવાં તોફાનોને રોકવા ચોક ગામમાં રાજ્યના ખર્ચે સને ૧૮૭૬ થી ૧૮૮૦ સુધી અબ્દુલખાનનું **થાણું** ગોઠવ્યું. પછી જૈનો અને ઠાકોર વચ્ચે કેસ ચાલ્યો.

સરકારે કા. પો. એજન્ટ જે. બી. પીલેને અને ન્યાયખાતાના આસિસ્ટન્ટ **ઈ. ટી. કેન્ડીને** આ કેસ સાંભળવા નીમ્યા. પીલ સાહેબે કેસ ચલાવ્યો. તેણે પહેલાં ફરમાન કાઢ્યું કે, ''પહાડ અંગે જે સ્થિતિ છે, તેમાં કોઈએ કશોય ફેરફાર કરવો નહીં.''

ઈ. ટી. કેન્ડીએ બંને પક્ષના પુરાવા માગ્યા. જૈનોએ સને ૧૬૫૬ થી ૧૮૭૫ સુધીના પુરાવા આપ્યા, બીજો જરૂરી ઇતિહાસ પણ આપ્યો.

રાજ્યે આ કેસ માટે બેરિસ્ટર બ્રાઉની તથા **બદરૂદ્દીન તૈયબજીને** રોક્યા હતા. રાજ્યે આ કેસમાં જૈનોના જરૂરી પુરાવાઓનો નાશ કરવા બાજી ગોઠવી.

રાધનપુરના મસાલીઆ કુટુંબના જૈનોએ થોડો વખત શત્રુંજયનો વહીવટ કર્યો હતો. ઈ. ટી. કેન્ડીએ તે ચોપડા રાજકોટ મંગાવ્યા, રાજ્યે રાજકોટથી નવ કોસ દૂર બેટી નદીના કાંઠે કાવાડવા ગામ પાસે તે ચોપડા લુંટાવ્યા.

રાજ્યે પીલ સાહેબના ફરમાનનો અનાદર કરી પહાડ ઉપર ગઢમાં જૈનોનો કબજો હતો તે ઉઠાડી, રાજ્યનો કબજો બતાવવા, પોતાના સિપાઈઓને ઉપર ચડાવી જૈનોના ચોકીદારોને કાઢી મૂક્યા. ગઢની ચાવીઓ ઝૂંટવી લઈ પોતાના સિપાઈઓને પહેરા ઉપર ગોઠવી દીધા. મંદિરમાંના ઘણા શિલાલેખોને કઢાવી નાખ્યા, કે જૈનો પોતાનો હક્ક સાબિત કરી શકે નહીં. (મોટી ટૂકમાં આવેલ) પોળનાં જૂનાં પાટિયાં ફેંકી દીધાં. **નોંઘણપોળનું** નવું પાટિયું લગાવી દીધું.

રાજ્યે જૈનોની લૂંટારાઓથી તીર્થ બચાવવા માટે ગઢમાં રાખેલી જંજાળી તોપોને નીચે ઉતરાવી તેને નકામી બનાવી દીધી. જૈન સંઘની પેઢીના મુનીમ **સુંદરજી મોતીચંદ** હરખાનો હાથ ખાંડણીયામાં ખંડાવ્યો, કે જેથી તે પત્ર લખી શકે નહીં; તેમજ બહાર ખબર ન જાય એ માટે પાલિતાણાની ચારે બાજુએ ચોકી ગોઠવી દીધી. મુનીમ ઉપર પણ ચોકી ગોઠવી, પરંતુ ત્યાં બિરાજમાન **પૂ૦ શ્રી વૃદ્ધિચંદ્રજી** મહારાજની કૃપાથી મુનીમ અમદાવાદમાં જઈ શેઠ પ્રેમાભાઈને મળ્યો અને તેમને બધી હકીકત જણાવી. શેઠની સૂચના મુજબ તે મુંબઈના ગવર્નર પાસે પહોંચી ગયો.

અમદાવાદના **નરવીર વીરચંદ ભગત** જૈને પણ ગુપ્તપણે પાલિતાણા જઈને સર્વ હકીકત મેળવી અને અમદાવાદના જૈન સંઘને જણાવી. સરકારે આ બાબતની તપાસ કરવા હંટર કમીશન નીમ્યું. કમીશને તપાસ કરી જે. બી. પીલે ઉપર આ ઘટનાનો પૂરો રીપોર્ટ મોકલ્યો.

કા. પો. એજન્ટ જે. બી. પીલે આ રીપોર્ટથી સર્વ હકીકત જાણી પાલિતાણામાં ફરીવાર આવું તોફાન ન થાય એ ખાતર ત્રિકમરાય ગુલાબરાયનું

થાણું ગોઠવ્યું અને એજન્સીએ સને ૧૮૭૫ માં શત્રુંજય ઉપરના સર્વ શિલાલેખોની નકલ ઉતરાવી.*

ઈ. ટી. કેન્ડીએ તા. ૨૬-૧૨-૧૮૭૫ના રોજ ઠરાવ ઘડ્યો તેનો સાર આ પ્રમાણે હતો :

(૧) જૈનો પહાડ ઉપર નવાં મંદિરો બનાવવાને હકદાર છે.

(૨) ઠાકોર ગઢની અંદરની મિલકતના હકદાર નથી.

(૩) પહાડ ઉપર, ઉપરનાં મકાનો, રસ્તાઓ અને તે મકાનો અંગેની ઇમારતો બનાવવા ઠાકોર જૈનોને હેરાન કરી શકે નહીં.

એજન્સીએ સરકારની સૂચનાથી આ ઠરાવ તથા તે ઉપર **જે. બી. પીલેના અભિપ્રાયની** નકલો (૧) ઠાકોર અને (૨) જૈનોને મોકલી; અને આ અંગે જેને જે કહેવું હોય તે કહેવાની છૂટ આપી. છેવટે સરકારે તે બધી વિગતો તપાસી, જે. બી. પીલેને નીચે મુજબ નિકાલ આપવા જણાવ્યું, **તેનો સાર** આ હતો –

(૧) કેસ નં. ૧૬૪૧ – જૈનો ગઢમાં મંદિર બાંધે, તેમાં ઠાકોરે કશીય રકમ માગવી નહીં.

(૨) ઠાકોરે જૈનોના સિદ્ધાંત વિરુદ્ધ કોઈ પણ મકાનનો ઉપયોગ કરવો નહીં.

(૩) ઠાકોર ગઢ કે ગઢ બહારનાં જે જે દેરાસરો છે તેની કોઈ જાતની રકમ લેવાનો દાવો કરી શકે નહીં.

(૪) જૈનો ગઢ બહાર દેરાસર બનાવે તો, ઠાકોરને દર ચોરસવારે એક રૂપિયો આપી જમીન ખરીદી લે.

(૫) ઠાકોર પહાડ ઉપર જનારા જૈનોને કોઈપણ વાતે હેરાન કરે નહિ.

(૬) રાજ્યે પહાડ ઉપર રસ્તાઓની આજુબાજુ ૫૦૦ વાર સુધીના ભૂમિભાગમાં ચોકીથાણું બેસાડવું નહીં.

આ નિકાલ તા. ૧૬-૩-૧૮૭૭ ના રોજ મુંબઈ ગવર્મેન્ટના સેક્રેટરીએ

★ આજ રીતે ફરીવાર મુંબઈ સરકારની આર્કિઓ લોજિકલ સર્વે તરફથી મિ. **કાઉસેન્સે** સને ૧૮૮૮-૮૯માં શત્રુંજય પહાડ ઉપરના દરેક શિલાલેખોની નકલો લીધી હતી. ડૉ. **જી. બી. બુલ્હરે** એપ્રિગ્રાફિકા ઇન્ડિકા (ભા. ૨ જો, પ્રકરણ છઠ્ઠા)માં આ શિલાલેખો પ્રકાશિત કરાવ્યા છે.

સોરઠના સૂબા ખુરમની ધર્માન્ધતાથી અથવા પાલિતાણા–શત્રુંજય તીર્થનો કબજો લેવાની ધૂનથી અહીં જે જે જિનપ્રતિમાઓ ખંડિત થઈ હતી તેમાંની ઘણીને જૈનોએ શત્રુંજયમાં પહાડ ઉપર જ ભંડારી રાખી હતી.

તૈયાર કર્યો. કા. પો. એજન્ટ મિ. જે. બી. પીલેએ તા. ૫-૪-૧૮૭૭ના રોજ વેરાવળમાં તેની નકલ તૈયાર કરી શેઠ આ૦ ક૦ની પેઢીને આપી.

પહેલાંના આર. એચ. કીટીંજે તો રાજ્યના પક્ષમાં જ વલણ રાખ્યું હતું, કેમકે તેને તો ''જૈનો ધનાઢ્ય છે'' એ જ ખટકતું હતું (જુઓ પૃ. ૩૩૦, ક્રમ : ૧) જ્યારે ઈ. ટી. કેન્ડીએ પૂરી તપાસ કરી પ્રામાણિકપણે ન્યાય તોળ્યો, કેમકે તે ન્યાયખાતાનો આસિસ્ટંટ હતો. તે ધનિક અને નિર્ધન બન્ને પક્ષોને ન્યાયમાર્ગથી એક કરવા ઇચ્છતો હતો.

મુંબઈ હાઈકોર્ટના રજિસ્ટ્રાર **ટોમ** સાહેબ મહારાણી વિક્ટોરિયાનો તા. ૧-૧-૧૮૭૬ નો ઢંઢેરો સંભળાવવા પાલિતાણા આવ્યા.

માનવતા –

ટોમ સાહેબ તથા સોનગઢનો પોલિટિકલ એજન્ટ જી. એમ. હંટર, પાલિતાણાનો જૈન સંઘનો એજન્ટ ઉદયશંકર દલપતરામ નાગર પટણી, મુનીમ નરસિંહભાઈ દીપચંદ, ઠા૦ સૂરસિંહજીનો નાનો રાજપુત્ર **ઠા૦ સામંતસિંહ** અને રાજમાન્ય શેઠ ઓસમાન વગેરે શત્રુંજય પહાડ ઉપર ચડ્યા હતા. સૌ ફરી ફરી એક પછી એક શત્રુંજયનાં મંદિરોને જોતા હતા. એવામાં રાજ્યના એક અમલદારે ચૌમુખજીના દેરાસર પાસે સૌ પહોંચ્યા ત્યારે ટોમ સાહેબને 'મંદિરની અંદર પેસવા વિનંતી કરી.' તે અમલદાર સમજતો હતો કે, સાહેબ બૂટ પહેરીને દેરાસરમાં પ્રવેશ કરશે, તો ઠીક થશે. પણ આસિસ્ટન્ટ પો. એજન્ટ જી. એમ. હંટરે અને બીજા સાથીદારોએ ટોમ સાહેબને જણાવ્યું કે, ''આપ પ્રવેશ કરશો તો જૈનોનાં મન દુભાશે, પરિણામે જૈન સમાજમાં મોટો ખળભળાટ મચી જશે. તેથી પ્રવેશ કરવો જોઈએ નહીં.'' તેઓએ આ રીતે ટોમ સાહેબને પ્રવેશ કરતા રોક્યા હતા.

જો કે તે વખતે એ મંદિરમાં ઘણા જૈન યાત્રિકો હતા. તેઓએ બહાર આવી ટોમ સાહેબને જણાવ્યું કે, ''તમે મંદિરમાં બૂટ સહિત પેસશો તો અમારી લાગણી દુભાશે.''

ટોમ સાહેબ કે હંટર સાહેબે યાત્રિકોની આ વાત સાંભળી તેઓને ખુશ કરવા તે દેરાસરના પૂજારીને પાંચ રૂપિયા આપ્યા અને જણાવ્યું કે, ''કંઈ ભૂલ થઈ હોય તો, તેની શુદ્ધિ કરાવી લેજો.''

વૃદ્ધો કહે છે કે, પૂજારીએ આ રકમ આ૦ ક૦ની પેઢીના ચોપડામાં જમા કરાવી હતી, કે ભંડારમાં મૂકી હતી તે જાણવા મળ્યું નથી.

હંટર કમીશનની તપાસ પૂરી થઈ. ત્રિકમરાયનું થાણું ઊઠ્યું. રાજ્યે જૈનોની તીર્થરક્ષણની શક્તિનો અભાવ બતાવવા ઘાડું પડાવ્યું.

રાજ્યે સુરતના શેઠ ભૂખણદાસે બંધાવેલ ભૂખણવાવ, તેની જમીન અને ભૂખણવાડીનો કબજો લીધો. રાજ્યે ઘાસના રક્ષણ માટેની ચોકીના બાનાથી રસ્તા પાસેની જમીનમાં છાપરાં બંધાવ્યાં. વળી, પહાડ ઉપરના જળકુંડમાં પાણી આવવાના રસ્તાઓ રોકાવ્યા. પહાડ ઉપરની મહાદેવની દેરી, અંગારશા પીરની જગા, જૈનોની માલિકીની હોવા છતાં રાજ્યે તેમાં દખલ કરવા યુક્તિ ગોઠવી, પણ એજન્સીએ રાજ્યને તેમ કરતાં રોક્યું. સરકારે સર ઈ. ટી. કેન્ડીએ આપેલા ચૂકાદાની છઠ્ઠી કલમનો (પૃ. ૩૩૩) અનાદર થતો સમજીને તે છાપરાં કઢાવી નાખ્યાં.

રાજ્યે સને ૧૮૭૮ બાદ ઈ. ટી. કેન્ડી અને જે. બી. પીલેના ગયા પછી સર કીટીંજે કરેલા રખોપાના દસ્તાવેજને રદ કરાવી રખોપાની મોટી રકમ વધારવા ચળવળ શરૂ કરી.

રાજ્યે સરકારને ''હવે શાંતિ બની રહેશે, કૈં ગડબડ થશે નહીં'' એવા બહાના નીચે ખાતરી આપી જણાવ્યું કે, હવે ચોકનું અબ્દુલખાનનું થાણું ઉઠાવી લેવું જોઈએ અને રખોપાની રકમ નક્કી કરવા માટે જૈન યાત્રાળુઓની ગણતરી કરવાનું કામ અમને સોંપવું જોઈએ વગેરે.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની (શ્રી શ્વેતાંબર જૈનસંઘની) સ્થાપના

આપણે પહેલાં જોયું છે કે – બા૦ અકબરે શ્રી શત્રુંજય તીર્થ આ૦ વિજયહીરસૂરિને સર્વ સત્તા સાથે ભેટ આપ્યું હતું. તેમજ બા૦ શાહજહાં વગેરેએ પણ શત્રુંજય તીર્થ અને પાલિતાણા ગામ અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને ઇનામમાં આપ્યાં હતાં. (જુઓ પૃ. ૧૬૧, ૨૩૭ વગેરે ફરમાનો)

ઇતિહાસ કહે છે કે – આ૦ વિજયહીરસૂરિજીની પરંપરાના પટ્ટધરો શત્રુંજય તીર્થની યોગ્ય વ્યવસ્થા માટે પાલિતાણા શહેરમાં યોગ્ય ગીતાર્થ યતિવરોને રાખતા હતા, અને તેમની દોરવણી પ્રમાણે તીર્થનો વહીવટ ચાલતો હતો. આ માટે ત્યાં તપગચ્છનું કારખાનું પણ સ્થપાયું હતું, તેના ઉલ્લેખો આ પ્રમાણે મળે છે –

(૧) ગારિયાધારના ઠા૦ કાંધાજી (બીજા) વગેરેએ સં. ૧૭૦૭ કાર્તિક સુદ ૧૩ ભોમવારથી શત્રુંજય તીર્થ અને યાત્રિકોની રક્ષા માટેની જવાબદારી રાખી, રખોપા કરાર લખી આપ્યો. તેમાં તેઓ શેઠ શાંતિદાસ સહસકરણ, શાહ રતન સૂરા અને તપગચ્છના કારખાનાનું નામ લખે છે. તો સ્પષ્ટ છે કે– સં. ૧૭૦૭માં ત્યાં તપગચ્છની પેઢી હતી. (પ્રક. ૫૮, પૃ. ૩૨૧ થી ૩૨૩)

(૨) મહો૦ વિજયવિજય ગણિવરે સં. ૧૭૧૦ જેઠ સુદ ૧૦ ગુરુવારે શત્રુંજય તીર્થની મોટી ટૂંકમાં શેઠ રાયસિંહ કુહાડા (ઓસવાળ) મેડતાવાળાના

સહસ્રકૂટની પ્રતિષ્ઠા કરી, ત્યારે ત્યાં (૧) પં૦ શાંતિવિજયજી ગણિવર, (૨) પં૦ દેવવિજય ગણિવર અને (૩) પં૦ મુરુવિજય ગણિવર વગેરે હતા.

(શ્રી જિનવિજયજીનો 'પ્રાચીન જૈન લેખસંગ્રહ' ભા. ૨, લેખ નં. ૩૦,૩૧)

આથી સ્પષ્ટ છે કે – શત્રુંજય તીર્થના વહીવટ માટે ત્યાં તપગચ્છના ગીતાર્થ યતિવરો રહેતા હતા અને તપગચ્છનું કારખાનું હતું.

સંભવ છે કે જૈન સંઘે ત્યારબાદ ઈજારાના કાળમાં સં. ૧૮૩૭થી આ કારખાનાનું બીજું નામ **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી** પણ રાખ્યું હોય, કેમકે જૈન સંઘ અને પાલિતાણા રાજ્યના અદાલતી મામલામાં પણ આ૦ ક૦નું નામ મળે છે. તેથી જ રાધનપુરના મસાલીઆ કુટુંબના જૈનોએ ઘણા વર્ષો સુધી અહીંનો વહીવટ કર્યો હતો.

આપણને ઉલ્લેખ મળે છે કે – સાધારણ રીતે પહેલેથી જ ત્યાં આ૦ ક૦ પેઢીના નામથી કામ ચાલતું હતું, છતાં ભારતના સંઘે સં. ૧૯૩૬માં મળી આ૦ ક૦ પેઢીના નામે થયેલા જૂના-નવાં સૌ કામોને સમ્મતિ આપી, તેમજ ફરીવાર આ૦ ક૦ પેઢીની સર્વ સમ્મત સ્વતંત્ર સ્થાપના કરી હતી, જેનો સળંગ ઇતિહાસ આ પ્રમાણે છે –

પાલિતાણા રાજ્યે બ્રિટિશ સરકારને જણાવ્યું કે– આ૦ ક૦ની પેઢી હાલમાં જૈન સંઘના નામે શત્રુંજય તીર્થનો વહીવટ કરે છે. પરંતુ આ આ૦ ક૦ની પેઢી જૈનસંઘ માન્ય છે કે નહીં ? તે પ્રથમ નક્કી થવું જોઈએ. અને તે પેઢી સંઘ માન્ય હોય તો જૈન સંઘના આગેવાનો દ્વારા તેનું વ્યવસ્થિત બંધારણ થવું જોઈએ.

રાજ્યની આ દરખાસ્ત હોવાથી તે સૌના સમાધાન માટે શેઠ આ૦ ક૦ પેઢીએ ભારતના જૈનસંઘને સર્વ વસ્તુ જણાવી, આમંત્રી, અમદાવાદ બોલાવ્યો.

વિ. સં. ૧૯૩૬ ભાદરવા વદ ૧; તા. ૧૯-૯-૧૯૮૦ના દિવસે ૧૧ વાગે અમદાવાદમાં રાવબહાદુર નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈના મકાનમાં (વંડામાં) શેઠ પ્રેમાભાઈ હેમાભાઈની અધ્યક્ષતામાં ભારતના સમસ્ત શ્વેતાંબર જૈન સંઘની સભા મળી અને ગંભીર વિચાર કર્યો. આ સભામાં ૧૦૩ ગામના શ્વેતાંબર જૈન સંઘના પ્રતિનિધિઓ હાજર હતા. અને તે તે ગામોના તથા બીજા ગામોના જૈન સંઘના સભાના કામને સમ્મતિ આપનારા પત્રો પણ આવ્યા હતા. આ સકલ સંઘે ત્યારે સર્વાનુમતે ૮ ઠરાવો પાસ કર્યા હતા, જે આ પ્રમાણે હતા–

(૧) આ૦ ક૦ પેઢીના નામે આજ સુધી તેમજ હવે પછી થનારા તીર્થ બાબતનાં સઘળાં કામોની બહાલી-સમ્મતિ.

(૨) આ૦ ક૦ની પેઢીના વહીવટ માટે અમદાવાદના સ્થાનિક આઠ પ્રતિનિધિ વહીવટદારોની કમિટીની નિમણુંક.

(૩) તેઓને મદદનીશ બહારના આઠ પ્રતિનિધિઓનાં નામો.

(૪) સ્થાનિક પ્રતિનિધિઓની સત્તા. અને નગરશેઠ શાંતિદાસના વારસદારોનો પ્રમુખપદ હક્ક વગેરે સ્વીકાર.

(૫-૬) બીજા જિલ્લાના પ્રતિનિધિઓ બાબત.

(૭) આ સભાનો રીપોર્ટ પ્રસિદ્ધ કરવા બાબત.

(૮) આ૦ ક૦ પેઢીના જૂના વહીવટદારો તથા સભાપતિનો ઉપકાર.

નોંધ : સ્પષ્ટ વાત છે કે, ભારતના શ્વે૦ જૈન સંઘે સર્વાનુમતે ૧૯૩૬ ભાદરવા વદ ૧; તા. ૧૯-૯-૧૮૮૦ ના રોજ **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની** કાયમી સ્થાપના કરી–થઈ છે.

ત્યારે અમદાવાદમાં બિરાજમાન તપગચ્છાધિરાજ **પૂ૦ મૂલચંદજી** ગણિવર વગેરે ગીતાર્થ મુનિવરો તથા વિદ્યમાન યતિવરો વગેરેના **''સંઘે શક્તિઃ કલિયુગે''** તથા **સુષમ દુષમ** કાળરૂપી ઘનઘોર અંધારામાં તીર્થો જ **દીવાદાંડી** સમા છે અને **''તીર્થંકર પરમાત્માની છત્રછાયામાં એક થઈ તીર્થરક્ષા કરજો.''** વગેરે મહાત્માઓના ઉપદેશથી તથા નગરશેઠોના પ્રભાવથી તથા પોતાની ધર્મરુચિ અને તીર્થભક્તિથી એકતા કેળવી, ભારત જૈન સંઘે શેઠ આ૦ ક૦ પેઢીને સર્વમાન્ય **સંઘશાહી** જૈન સંસ્થા બનાવી. આથી સર્વત્ર જૈનસંઘમાં આનંદ સાથે આશ્ચર્ય થયું. સરકારને અને રાજ્યને સમાધાન થયું. જૈનોનો આ સંપ પ્રત્યક્ષ જોવા મળ્યો.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું કાયમી બંધારણ

ભારતના શ્રી શ્વેતાંબર જૈનસંઘે સં. ૧૯૬૯ના માગશર વદિ ૫, ૬, ૭; શનિ, રવિ, સોમ; સને ૧૯૧૨ની ડિસેમ્બરની તા. ૨૮, ૨૯, ૩૦ ના રોજ અમદાવાદમાં નગરશેઠના વંડામાં નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈના પ્રમુખપદે સભા યોજી સર્વાનુમતે ૧૯ ઠરાવ પાસ કર્યા. અને ધારાધોરણ બનાવી પાકું કાયમી બંધારણ બનાવ્યું હતું.

ત્યારબાદ શેઠ આ૦ ક૦ પેઢીએ તા. ૧૨-૩-૧૯૨૦ ના મળી ભારતના જૈનસંઘને બોલાવવાનું નક્કી કર્યું. તા. ૫-૧૧-૧૯૨૦ ના રોજ સૌ સંઘોને આમંત્રણ મોકલી અમદાવાદ બોલાવ્યા અને સભા મળી.

(જુઓ 'અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પ્રકાશિત હિન્દી, અંગ્રેજી, ગુજરાતી બંધારણ પુસ્તિકા', માસિક 'જૈન યુગ' અંક ૧૦મો)

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું તંત્ર નક્કી થયું, એજન્સીએ રાજ્ય તરફથી શાંતિ રાખવાની પાકી બાંહેધરી મળવાથી અબ્દુલખાનનું થાણું ઉઠાવી લીધું. પછી રાજ્યે જ યાત્રિકોની ગણતરી કરવા માટે રા૦ બ૦ દુલેરાય વગેરે અમલદારોને નીમ્યા; અને મરજી પ્રમાણે ગણતરી કરવાનું નક્કી કર્યું.

નોંધ : પોલિટિકલ એજન્ટ આર. એચ. **કીટીંજે** તા. ૫-૧૨-૧૮૬૩ના રોજ વઢવાણ મુકામેથી આપેલા ફેંસલાની ૨૧મી કલમમાં સાફ જણાવ્યું હતું કે, ''દરમાં ફેરફાર કરવાની માગણી થાય ત્યારે ગણત્રી કરવાનું કામ કાઠિયાવાડની પોલિટિકલ એજન્ટ તરફથી નિમાયેલા માણસો અથવા સિવિલ સત્તા ધરાવનાર સરકારી અમલદાર તરફથી નિમાયેલા માણસો કરશે.'' આમ હોવા છતાં પણ રાજ્યે પોતે જ આપખુદ રીતે ગણતરી કરવાનું કામ કર્યું.

રાજ્યે સન ૧૮૮૧-૮૨ માં યાત્રિકોની ગણતરીની વ્યવસ્થા ગોઠવી, પાલિતાણામાં ભૈરવપરામાં ટિકિટઘર રાખ્યું. ત્રણ જાતની ટિકિટો બનાવી, પણ આથી તો યાત્રિકોને હાડમારી વધી. પરિણામે યાત્રાળુઓ ઘટી ગયા. રાજ્યે બનાવટી યતિઓ મોકલી મારવાડ અને દક્ષિણના જૈનોને પાલિતાણાની યાત્રાએ બોલાવ્યા. આ પ્રચારથી કાનપુર પાસેના કંપૂ ગામના ૫-૬ જૈનો પાલિતાણા આવ્યા. રાજ્યે આ૦ ક૦ની પેઢીના માણસોનો દેખાવ રચી તેઓનું સ્વાગત કર્યું, અને તેઓની પાસેથી આ૦ ક૦ની પેઢીની વિરુદ્ધનો તથા રાજ્યની પ્રશંસા કરતો પત્ર લખાવી લીધો. રાજ્યે આ૦ ક૦ની પેઢીના મુનીમ વગેરેને હેરાન કર્યા. તેઓના ઉપર કેસ ચલાવ્યો અને દંડ કરાવ્યો.

મુંબઈ સરકારે આ હાડમારીની વિગત જાણી, ઠા૦ સૂરસિંહજીને મુંબઈ બોલાવ્યા, ને ઠપકો આપ્યો. ઠા૦ સૂરસિંહજી મુંબઈથી પૂના જતાં ઘોડાગાડીમાં જ પાણીના અભાવે હૃદય બંધ પડી જવાથી સને ૧૮૮૫ માં મરણ પામ્યા.

૨૭. ઠા૦ માનસિંહજી – તેણે સૌ પ્રત્યે ઉદારતાનો વર્તાવ રાખ્યો. તેનો સં. ૧૯૧૮ જેઠ સુદિ ૮; તા. ૭-૬-૧૮૬૨ બુધવારના જન્મ થયો હતો. અને સં. ૧૯૪૨ના માગશર વદિ ૨, તા. ૨૩-૧૨-૧૮૮૫ના રાજ્યાભિષેક થયો હતો.

શ્રી ધનજી શાહ 'કાઠિયાવાડ લોકલ ડિરેક્ટરી'માં 'રજવાડાની પરિસ્થિતિ' વિભાગમાં લખે છે કે –

પાલિતાણા

બીજા વર્ગનું સંસ્થાન

ક્ષેત્રફળ	૨૮૯ ચોરસ માઈલ
ગામ	૮૭
ઉપજ	રૂા. ૫,૦૦,૦૦૦

રાજ્યની સામાન્ય હકીકત

આ સંસ્થાન ગોહિલવાડ પ્રાંતના મધ્ય ભાગમાં આવેલું છે. ત્યાંના રાજા ગોહિલ રાજપુત છે. ગોહિલો કાઠિયાવાડમાં આવ્યા, તે વખતે તેમના સરદાર

સેજકજી નામે હતા. અત્યારના રાજાઓ તેમની ઓલાદના છે. સેજકજીના દીકરા શાહજીએ અહીં (માંડવીમાં) ગાદી સ્થાપી હતી. તેને કાંતો જૂનાગઢના રા' પાસેથી અથવા પોતાના ભાઈ સારંગજી પાસેથી માંડવીનો ટપો જાગીરમાં મળ્યો હતો. તે પછી થોડી મુદત વીતતાં તેના વંશજોએ ગારિયાધાર જીતી ત્યાં ગાદી સ્થાપિત કરી, અને તે પછી થોડા સમયમાં પાલિતાણામાં ગાદી લઈ આવ્યા.

એવું કહેવાય છે કે, પાલિતાણાનું મૂળ નામ પાલીસ્થાન હતું. તેમાં 'પાલી' એ બૌદ્ધ લોકોની ભાષાનું નામ છે અને 'સ્થાન' એટલે ઠેકાણું. જ્યારે કાઠિયાવાડમાં બૌદ્ધમતનો ઘણો ફેલાવો થયો ત્યારે તેનું મુખ્ય મથક પાલિતાણા હતું.

રાજ્યકર્તા – ઠાકોર સાહેબ માનસિંહજી હાલ ગાદી ઉપર છે..... તેણે કોઈ કોલેજ કે નિશાળમાં કેળવણી લીધી નથી, તોપણ તેઓ અંગ્રેજી ભાષાનું સારું જ્ઞાન ધરાવે છે.

મહાલ – આ સંસ્થાનના બે મહાલ છે, ૧ પાલિતાણા અને ૨ ગારિયાધાર. આ સંસ્થાનમાં ૧૫ ગુજરાતી નિશાળો અને એક કન્યાશાળા છે. તળ પાલિતાણામાં એક હોસ્પિટલ છે.

પર્વત – પાલિતાણાથી આશરે ૧ માઈલ દૂર દક્ષિણ તરફ શત્રુંજયનો ડુંગર છે, જે જૈન ધર્મમાં ઘણો પવિત્ર ગણાય છે. તે દરિયાની સપાટીથી ૧૯૭૭ ફૂટ ઊંચો છે ને તેનાં બે શિખરો છે. આખો ડુંગર દેરાંથી ભરેલો છે, જેમાં આદિનાથ, કુમારપાલ, વિમલશાહ, સંપ્રતિ રાજા અને ચૌમુખજીનાં દેરાં પ્રખ્યાત છે. તેમાંનું છેલ્લું દેરું એટલું બધું ઊંચું છે કે, ૨૫ માઈલ છેટેથી તે દેખાય છે. હિંદુસ્તાનમાં જૈનધર્મના પાંચ પવિત્ર ડુંગરોમાં આ સૌથી વધારે પવિત્ર ગણાય છે, તેથી લાખો યાત્રાળુઓ દર વર્ષે અહીં આવે છે. દેરાંઓની આસપાસ એક કિલ્લો બંધાયેલો છે, આ ડુંગરના મથાળે અંગારશાપીરની જગા છે, પણ તે કિલ્લાની બહાર છે.

નદી – પાલિતાણા સંસ્થાનમાં શેત્રુંજી અને ખારી નદી છે. ખારી નદી આગળ જતાં શેત્રુંજીને મળે છે વગેરે વગેરે.

સને ૧૮૮૫ – એક તરફ ઠા૦ માનસિંહજીને જૈનો સાથેના ઝઘડામાં પોતાના પિતા ઠા૦ સૂરસિંહજીને જે રખડપટ્ટી કરવી પડતી હતી, તે તેના ધ્યાનમાં હતી જ. આથી તેને આવા ઝગડાથી કંટાળો હતો; બીજી તરફ જૈનો પણ 'દરિયામાં રહેવું અને મગરમચ્છ સાથે વેર બાંધવું' એ સ્થિતિથી કંટાળી ગયા હતા. આમ હોવાથી બંને પક્ષોએ મનમાં નિર્ધાર કર્યો કે – 'આપસમાં પ્રેમનો વર્તાવ રાખી જાથુક (હંમેશ)ની શાંતિ બની રહે તેમ કરવું.'

ઠા૦ માનસિંહ સને ૧૮૮૫ માં પાલિતાણાની ગાદીએ બેઠા. તે વખતે જૈનોએ પાલિતાણા આવીને ઠાકોરનો સારો સત્કાર કર્યો અને ગાદી બેસવાના ઉત્સવમાં પૂરો ભાગ લીધો. આ પ્રસંગે સ્વ. શેઠ હઠીસીંગનાં પત્ની શેઠાણી **હરકોરબાઈએ** ઠાકોરની સામે રૂા. ૨૫,૦૦૦/-ની થેલી ધરી અને અમદાવાદ તેમજ મુંબઈના જૈનોએ પણ મોટી રકમ આપી.

'ઈજારાના વખતમાં જે જૈન ધર્મશાળાઓ બની હતી તેની જમીન રાવળી હોય કે રાવળી ન હોય પણ રાજ્યને તેની રકમ મળવી જોઈએ' આ બાબતમાં ઠાકોરને અસંતોષ હતો. 'માત્ર રૂપિયાની જ વાત છે ને !' એમ કહી અમદાવાદ નિવાસી શેઠ **મનસુખભાઈએ** ઠાકોરના મનને સંતુષ્ટ કરવા રાજ્યાભિષેક પ્રસંગે રૂા. ૨૫,૦૦૦/-ની રકમ આપી અને તે બાબતે સમાધાન કર્યું. ઠાકોરે પણ શેઠ મનસુખભાઈની વાતનો સ્વીકાર કર્યો. છતાં સંભવ છે કે, ઠાકોરને પૂરો સંતોષ થયો ન હોય.

એકંદરે ઠાકોરનો રાજ્યારોહણ ઉત્સવ આનંદથી ઉજવાયો. ઠાકોર અને જૈન સંઘમાં સપૂર્ણ શાંતિ બની રહી, પરંતુ 'ઝઘડો ચાલે તો જ આપણી નોકરીને નિમકહલાલ બનાવી શકાય' આવી કામગીરી માટે ટેવાયેલા કર્મચારીઓને આ 'ૐ શાંતિ'નો રોજિંદો જાપ પસંદ ન હતો. એટલે સમય જતાં એ જાપનો સૂર ધીમે ધીમે બદલાયો, અને અમલદારોની જે ભાવના હતી તેવો નવો ધંધો ખેલવાની શરૂઆત થઈ.

સને ૧૮૮૬ – રખોપાનો પ્રશ્ન ઊભો જ હતો. કા. પો. એજન્ટ **કર્નલ જોન૦ ડબલ્યુ. વોરસને** સરકારને જણાવ્યું કે, સાર્વભોમ સત્તાએ ઠાકોર અને જૈન સંઘની વચ્ચે પડીને યોગ્ય રસ્તો લાવવો જોઈએ. નહિતર વધુ કાળ જતાં વિશેષપણે સીધી રીતે વચ્ચે પડવું અનિવાર્ય બનશે. સરકારે તેની આ સલાહથી આ ઝઘડાનો નિકાલ લાવવા તેને જ નીમ્યો.

૨૩મા ઠા૦ કાંધાજી (ચોથા) તથા ૨૪મા ઠા૦ નોંઘણજી (ચોથા)એ પો. એ. આર. બારનવેલની દરમિયાનગીરીથી સં. ૧૭૭૮ના માગસર શુદ ૧૫; તા. ૯-૧૨-૧૮૨૧ ના રોજ પોતાના ૪ હજાર, રાજગોરના ૨૫૦ અને બારોટોના ૨૫૦, એમ કુલ કુલ ૪૫૦૦/- રૂા.નો રખોપા કરાર કર્યો. કરારની નીચે ઠા૦ કાંધાજી, ગોહિલ નોંઘણજી, ગો૦ અજાભાઈ ઉનડજી, વીસાભાઈ ઉનડજી, બીજા સાક્ષીઓ તથા આર. બારનવેલની સહીઓ છે.

(પ્રક. ૫૮, પૃ. ૩૨૮)

કર્નલ ડબલ્યુ. વોરસને તા. ૮-૩-૧૮૮૬ના ગોપનાથમાં ઠા૦ માનસિંહજી ગોહિલ તથા શેઠ પ્રેમાભાઈ હેમાભાઈ વગેરે જૈન આગેવાનોની વચ્ચે ૪૦ વર્ષનો

નવો **રખોપા કરાર** કરાવ્યો. મુંબઈ સરકારે આ કરારને મંજૂરી આપી. આથી તા. ૧૩-૪-૧૮૮૬ ના રોજ ગોપનાથમાં આ કરાર બહાર પાડ્યો, જેનો સારાંશ આ પ્રકારે હતો.

(૧) જૈનસંઘ ઠાકોરને દર સાલ રૂા. ૧૫,૦૦૦/૦ આપે.

(૨) આ કરાર તા. ૧-૪-૧૮૮૬ થી ૪૦ વર્ષ સુધી ચાલુ રહેશે.

(૩) બંને પક્ષકારોને ૪૦ વર્ષ બાદ કરારની રકમમાં ફેરફાર કરવાની છૂટ રહેશે, પણ તેને મંજૂર રાખવાની સત્તા અંગ્રેજ સરકારના હાથમાં રહેશે.

આર. એચ. કીર્ટીજે પહેલાંના તા. ૫-૧૨-૧૮૬૩ ના કરારમાં મલણું-ભેટણું-જકાત બંધ કરાવ્યાં હતાં, છતાં ડબલ્યુ. વોરસને ઠાકોરના પક્ષમાં જકાતનો હક યુક્તિથી દાખલ કરાવ્યો. તેણે જણાવ્યું કે, પાલિતાણાના દરબારે જૈનોને નજીવા દરે જગા આપવી અને તેના બદલામાં જૈનો પાસેથી પોતાની પ્રજા પાસેથી લેવાતી જકાતના દરે જકાત લેવી. (તા. ૧૯-૩-૧૮૮૬ ની કલમ ૧૪માં)

ડબલ્યુ. વોરસને એક તરફથી જૈનો ઉપર જકાત નાખી છતાં બીજી તરફથી સરકારને જણાવ્યું કે, ઠા૦ માનસિંહજી જકાત બંધ કરે છે; એમ જણાવીને તેની ઉદારતાનાં વખાણ કર્યાં. (કલમ ૧૦મી)

એકંદરે જૈનો ઉપર જકાત નાખતાં, જમીનના દર વધ્યા અને સાથોસાથ જકાતના પણ દર વધ્યા. જૈનોને ઉપયોગમાં આવે તેવી દરેક ચીજોના દરમાં વધારો થયો.

આમાં વિચારણીય વસ્તુ એ છે કે, દસ્તાવેજોને અનુસરવું કે એજન્સીના આ લખાણને અનુસરવું ? એટલે વચલા ગાળાના દસ્તાવેજોનું હવે સ્થાન જ ન રહ્યું.

સને ૧૮૮૫-૧૮૮૬ – સુરતના શેઠાણી **જસકુંવરે** પાલિતાણામાં ધર્મશાળા બાંધવાનું શરૂ કર્યું. તેમાં કડિયા અને મજૂરો પાલિતાણાના હતા. એક મજૂરે ભૂલથી કે કોઈની શિખવણીથી પાસેની રાજ્યની જમીનમાં રહેવા ચાર આનાની કિંમતનો એક પથ્થર ઉઠાવી, ધર્મશાળાના પથ્થરો સાથે મૂક્યો. રાજ્યે ચાર આનાની કિંમતનો પથ્થર છે એમ જણાવી શેઠાણીને જ ચોર બનાવી, ચોકીમાં બેસાડી દીધાં. અને રાજ્યની કોર્ટમાં કેસ ચલાવ્યો. પરિણામે સુરતવાળાએ મુંબઈ સરકારને અપીલ કરી, જેમાં રૂપિયા ચારથી પાંચ હજાર ખરચાયા.

મુંબઈના શેરબજારનો મોટો વેપારી **શેઠ પ્રેમચંદ રાયચંદ** શત્રુંજયની યાત્રાએ આવ્યો, તે અને ઠાકોર માનસિંહજી વચ્ચે સાધારણ વાત ચાલતી હતી. શેઠ એ વખતે મુંબઈના શેરબજારના બેતાજ બાદશાહ મનાતા હતા. શેઠે ઠાકોરને

જણાવ્યું કે, ''આ તીર્થનો ઝઘડો કાઢી નાખો.'' ઠાકોરે જવાબમાં કહ્યું કે, ''તમે કહો તો શત્રુંજય તીર્થ તમને ભેટ આપી દઉં.''

શેઠે કહ્યું : ''શેઠો અને સોદાગરો ભેટ લેવા ઇચ્છે નહીં, તે તો રાજા-મહારાજાઓનાં માન-સન્માન ઇચ્છે. મારે આ ભેટ ન જોઈએ, પણ જેટલી જોઈએ તેટલી રકમ માગો. રકમ તમારી અને તીર્થ મારું.''

આ પ્રમાણે મૈત્રીભાવે વાતચીત ચાલી, પણ કંઈ નિર્ણય થયો નહીં. શેઠને એકાએક મુંબઈ જવું પડ્યું; અને એ વાત માત્ર વાત રૂપે જ બની રહી.

ઠાકોરે પ્રસંગ આવતાં આ ખાનગી વાતચીતને આગળ ધરી સરકારને જણાવ્યું હતું કે, શત્રુંજયનો પહાડ (મારો) પોતાનો છે. એટલે હું તેને વેચી શકું છું વગેરે.

સને ૧૮૯૦-૧૮૯૧ – ઠા૦ માનસિંહજી તે પછી બૂટ પહેરી, મુખમાં સળગતી ચિરૂટ રાખી શત્રુંજય તીર્થ ઉપરની ટૂકોમાં અને દેરાસરોમાં ફર્યા. જૈનોએ તેને તેમ કરતાં રોક્યા, પણ તેણે કોઈનું માન્યું નહીં અને તીર્થ અપવિત્ર બનાવ્યું.

જૈનોએ આ હકીકત એજન્સીને જણાવી. પ્રથમ તો જૈનોને આનો ન્યાય લેવા માટે રાજ્યની કોર્ટમાં જવું પડ્યું, તે પછી એજન્સીએ જ આ વાત હાથમાં લીધી. એજન્ટ ટુ ધી ગવર્નર કર્નલ કેનેડીએ આ કૃત્યને વખોડવાલાયક ગણી એજન્સીના ગેઝેટમાં નોટિસ છપાવી જાહેર કર્યું કે, ''કોઈએ શત્રુંજય પહાડ ઉપર, ટૂકોમાં કે દેરાસરોમાં બીડી પીતાં કે જોડા પહેરીને જવું નહીં.'' આ ઝઘડામાં બંને પક્ષોને હજારો રૂપિયાનો ખરચ થયો.

રાજ્યે **મહાદેવનાં** પગલાંનો કેસ ચલાવ્યો. તેને માત્ર જૈનોની અભંગ માલિકીમાં દખલ કરવી હતી, પરંતુ કિલ્લામાં જૈનોનો જ કબજો હતો.

શેઠ લાલભાઈ દલપતભાઈ આ નિમિત્તે અંતરવાયણું (અંતર પારણું) કરીને રાજકોટ ગયા, ત્યાં ઉપવાસના દિવસે કેસનું કામ ચાલ્યું; અને ઉપવાસમાં જ રાજકોટથી પાછા વળ્યા. તેમણે બીજે દિવસે અમદાવાદ પારણું કર્યું.

રાજ્યે જૈનોની અભંગ માલિકીમાં દખલ કરવા પીરની જગાની મરામત કરવાના બહાને પહાડ ઉપર જમાદાર, કડિયો, સામાન વગેરે મોકલાવ્યાં. જૈનોએ આ મરામતમાં વાંધો લીધો. આમાં પણ બંનેને ઘણો ખરચ થયો.

રાજ્યે **મહાદેવની** દેરી માટે પણ આવી જ તજવીજ ગોઠવી.

પહાડ ઉપર જૈનોનો દારૂગોળો હતો. જૈનોએ ગવર્નર સર ફિલીપ્સ જેમ્સ ફર્ગ્યુશન, ગવર્નર રીયર્ડ ટેંપલ વગેરેને દારૂગોળો ભરી મોટી તોપોથી **સલામી**

આપી હતી. રાજ્યે આ દારૂગોળો લઈને તેનો પણ નાશ કર્યો. આમ રાજ્યે જૈનોના તીર્થરક્ષણનાં સાધનોનો પણ નાશ કર્યો.

આમ અનેકવિધ કનડગતો ચાલુ રહી. પાલિતાણાના બારોટો પણ રાજ્યની હુંફથી ધાંધલ કરતા હતા. શેઠ **જુવાનમલજીએ** બારોટોની આંધળી સત્તાને મર્યાદિત કરી.

સને ૧૯૦૫ (સં. ૧૯૬૧) – બારોટ હઠીસિંગના દીકરા દીવાસિંગે તા. ૧૦-૪-૧૯૦૫ (વિ. સં. ૧૯૬૧ના ચૈત્ર શુદિ ૬) ને મંગળવારે પાલિતાણાથી તળેટીના રસ્તામાં પંજાબી તાર્કિક મુનિ **શ્રી દાનવિજયજીના** શિષ્ય મુનિ **દીપવિજયજી** કે **ધર્મવિજયજીના** મોં ઉપર કામળી ઢાંકી ગળું દબાવ્યું, તેમજ તા. ૧૨-૪-૧૯૦૫ (સં. ૧૯૬૧ના ચૈત્ર સુદિ ૮)ને ગુરુવારે બારોટો તથા ઠા૦ માનસિંહજીના અમલદારો અને અંગરક્ષકો વગેરે ૪૦ જણા દારૂ પી, હાથમાં ધોકા લઈ મુનિ દીપવિજયજીને મારવા પહાડ ચડ્યા. તીર્થના ચોકીદારોએ મોટો દરવાજો બંધ કર્યો છતાં ધાંધલ કરનારે જબરબસ્તી કરી દરવાજો ઉઘડાવ્યો.

પૂજ્ય ગુરુદેવ **શ્રી ચારિત્રવિજયજીએ** દાદાગુરુ આ૦ **વિજયકમલસૂરિ** અને પૂ૦ મુ૦ **હંસવિજયજી** વગેરેની આજ્ઞા લઈ બારોટોની સામે થઈ, બારોટોના પડતા ધોકાઓની સામે આડો દાંડો ધરી, પોતાનો બચાવ કર્યો. આથી તે ધોકા બારોટોની ઉપર જ પડ્યા. બારોટોની ૨૨ ડોળીઓ ભરાણી, અને પહાડની નીચે ગઈ. ગુરુજીએ મુનિશ્રી દીપવિજયજીને એ રીતે બચાવી લીધા.

('શ્રી ચારિત્રવિજય' પુસ્તક, પૃ. ૫૦-૫૧)

ગુરુદેવ શ્રી ચારિત્રવિજયજી દાદાગુરુની આજ્ઞાથી **ઘેટીના** રસ્તે થઈ સાંજ સુધીમાં **બોટાદ** જઈ પહોંચ્યા. તે પછી કેસ ચાલ્યો.

જૈનો આ ધાંધલથી બારોટો પ્રત્યે નારાજ થયા અને તેની (બારોટોની) અધોદશા બેઠી. જૈનો બક્ષિસ વગેરે આપતા બંધ થયા.

બારોટોએ આ ઝઘડાના કારણે આવક ઘટવાથી ગુસ્સે ભરાયને વિના કારણે આ૦ વિજયવલ્લભસૂરિના શિષ્ય પં૦ સોહનવિજય જ્યારે તેઓ શહેર બહાર ઠલ્લે ગયા હતા ત્યારે પકડી, હાથ-પગ બાંધી, કાંટાવાળા ખાડામાં ધકેલી દીધા. વિવેકી જૈનો માને છે કે, ''શ્રી જૈન સંઘે **જૈન મંદિરો** આ બારોટોનો ગૂજારો ચલાવવા માટે બનાવ્યા નથી.''

આજે કોંગ્રેસના લોકશાહી શાસનમાં મહારાજા, રાજા, જમીનદારો, જાગીરદારો, શેઠો કે સામુદાયિક લાગા વગેરે કંઈ રહ્યું નથી અને લોકશાહી તંત્રે **શત્રુંજય તીર્થનો રખોપાકર પણ** માફ કર્યો છે (પ્રક. ૫૮, પૃ. ૩૫૧).

તો હવે બારોટોની બાબતમાં પણ આવું સ્વતંત્ર વલણ રાખી, તેઓની સાથેનો આ વિચિત્ર સંબંધ હટાવી દેવો જોઈએ. અને જૈન સંઘે સદાને માટે **સ્વાશ્રયી** બની રહેવું જોઈએ.

ઠાકોર માનસિંહ ભયંકર વ્યાધિમાં તા. ૨૮-૮-૧૯૦૫માં મરણ પામ્યા.

સને ૧૯૦૬-૧૯૦૭ – કચ્છમાંથી શા૦ દેવશી પુનશીનો યાત્રાસંઘ પાલિતાણા આવ્યો, ત્યારે રાજ્યે તેમને સમજાવી આ૦ ક૦ની પેઢી વિરુદ્ધ તૈયાર કર્યા. પરિસ્થિતિથી અજાણ તીર્થસંઘે રાજ્યની અનુકૂળતાની પ્રશંસા કરી, રાજ્યને માનપત્ર આપ્યું અને રૂા. ૨૦૦-૩૦૦ ભેટ આપ્યા.

આ૦ ક૦ની પેઢીના વંડાની એક બારી શહેરમાં ભીડભંજન મહાદેવની જગામાં પડતી હતી. રાજ્યે 'અહીં રાણીઓ દર્શન કરવા આવે છે' એવું બહાનું બતાવી પોતાની સત્તા વાપરી તે બારી બંધ કરી; અને તેની મજૂરીનો ખરચ આ૦ ક૦ની પેઢીનો સગરામ વેચી વસૂલ કર્યો.

૨૮. ઠા૦ બહાદુરસિંહજી – ઠા૦ **માનસિંહજી** સં. ૧૯૬૨માં મરણ પામ્યા ત્યારે નરેશ **બહાદુરસિંહની** ઉંમર છ વર્ષની હતી. તે સગીર વયના હોવાથી એજન્સીએ પાલિતાણામાં રાજ્ય ચલાવવા માટે પોતાના **એજન્ટો** મોકલ્યા.

(૧) **એડ્મિનિસ્ટ્રેટર ટ્યૂડર ઓવન** – તે રાજ્ય ચલાવવામાં વ્યવહારદક્ષ હતો.

(૨) **એડ્મિનિસ્ટ્રેટર મેજર એચ. એચ. સ્ટ્રોંગ** – તે સીધોસાદો, સમજદાર અને લોકપ્રિય અંગ્રેજ અમલદાર હતો.

લોકો આ એજન્ટ વિશે એમ કહેતા કે, સોનગઢમાં જે આસિસ્ટન્ટ પો. એજન્ટ મિ. **મિક્સ** છે તે ઉગ્ર સ્વભાવનો અંગ્રેજ છે, જ્યારે પાલિતાણામાં મેજર **સ્ટ્રોંગ** છે તે ઠંડા સ્વભાવનો અંગ્રેજ છે. તેણે પાલિતાણામાં પાંચ વર્ષ રાજ્ય કર્યું.

તેના સમયમાં તા. - -૧૯૧૩ વિ. સં. ૧૯૬૯ ના જેઠ વદિ ૮ની રાતે પાલિતાણામાં પ્રજાસંહારક **જળપ્રલય** થયો હતો, તે વખતે **જૈન ગુરુકુળ** રાજ્યના બહાદુર બિલ્ડીંગમાં હતું. મધ્યરાતે પૂજ્ય ગુરુદેવ **શ્રી ચારિત્રવિજયજી** કચ્છીની પ્રેરણાથી ગુરુકુળના કાર્યકરો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વગેરેએ આ હોનારતમાંથી ૪૦૦ માણસો, બીજાં પશુઓ વગેરેના પ્રાણ બચાવ્યા હતા. અને તે સૌની ઉપર મોટો ઉપકાર કર્યો હતો.

મેજર ટ્રોંગે રાજ્યના પારસી ખાનસાહેબ ડૉ. હોરમસજી કાવજી જાવરાના ચીફ મેડિકલ ઓફિસરના રિપોર્ટથી ''આ મહા ઉપકારની હકીકત'' જાણી સવારે

ગુરુકુળના મકાનમાં આવી, ગુરુદેવનું ભાવભીનું સ્વાગત કર્યું. તેમણે 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' વગેરે દૈનિક પત્રોમાં આ ઉપકારીઓનું વર્ણન પ્રકાશિત કરાવ્યું. અને ગુરુદેવ વગેરેનો ફોટો લેવરાવી તેની નકલ (વિલાયતમાં) રાજા બહાદુરસિંહજીને મોકલી.

મેજર ટ્રોંગે થોડા દિવસ પછી ગુરુમહારાજને કહ્યું : ''આપે પાલિતાણાની પ્રજા ઉપર મોટો ઉપકાર કર્યો છે. બદલામાં રાજ્યે કંઈ કરવું જોઈએ. તમને ગુરુકુળ માટે યોગ્ય જમીન મળે તો કેમ રહેશે ?''

આ વાત પછી મેજર ટ્રોંગે વિલાયતમાં ભણતા બાળરાજા બહાદુરસિંહની સમ્મતિ મેળવી, જૈન ગુરુકુળને ઓછી કિંમતથી જમીન આપી. તેમાં મકાન બનાવવા તેણે પોતે આવી સં. ૧૯૭૦ વૈશાખ સુદ ૩ ના રોજ ગુરુકુળના નવા મકાનનો પાયો નાખ્યો, અને ગુરુકુળને આબાદ કરવા દરેક પ્રકારે મદદ કરી.

પાલિતાણા નરેશ શ્રી બહાદુરસિંહજી (કે. સી. આઈ.)એ સં. ૧૯૭૭ વૈશાખ વદ ૧૧; તા. ૧૩-૫-૧૦૨૯ના રોજ ગુરુકુળમાં મોટા મેળાવડામાં કે. ભા. વિદ્યાર્થીગૃહનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

ગુરુદેવની કૃપાથી જૈન સંઘના કામમાં પાલિતાણા રાજ્ય તરફની આ પહેલ વહેલી **સહાનુભૂતિ** લેખાય છે.

બહાદુરસિંહજી સને ૧૯૧૯ ના નવેમ્બર મહિનામાં પાલિતાણાની ગાદીએ બેઠા.

પાલિતાણાના નરેશ રખોપાકરારને ચાલીશ વર્ષ થઈ જવાથી તા. ૧૩-૪-૧૯૩૯ થી **રખોપાની રકમનો** પ્રશ્ન ઉઠાવવાના હતા.★ આથી ભારતના **શ્રી જૈન સંઘે** સં. ૧૯૮૨ ના પોષ સુદ ૧-૨-૩ ના અમદાવાદમાં એકત્ર મળી શેઠ સારાભાઈ ડાહ્યાભાઈની દોરવણી મુજબ ૩૨ વર્ષના **શેઠ કસ્તૂરભાઈ લાલભાઈને** શેઠ આ૦ ક૦ પેઢીના પ્રમુખપદે નીમ્યા.

★ અમોએ સં. ૧૯૮૧-૮૨માં વઢવાણ કેમ્પથી અમદાવાદ શેઠ આ૦ ક૦ પેઢીને આ બાબતમાં લગભગ ૧૮ પત્રો લખ્યા હતા.

અમારી પાસે પણ સં. ૧૯૮૧ના ભાદરવા વદ ૮ ગુરુવાર, આસો સુદ ૭ ગુરુવાર તથા આસો વદ ૧૧ ભોમવાર તેમજ સં. ૧૯૮૨ કાર્તિક સુદ ૫, કાર્તિક સુદ ૧૧ અને માગસર સુદ ૩ ગુરુવારના પત્રોની કાચી નકલો છે. બીજા પત્રો અમદાવાદમાં શેઠ આ૦ ક૦ પેઢીના દફતરમાં સુરક્ષિત હશે.

તથા શેઠ આ૦ ક૦ પેઢીએ અમોને અમારા તમામ પત્રોની તા. ૧૫-૧૦-૧૯૨૫ તથા તા. ૨૦-૯-૧૯૨૫ (સં. ૧૯૮૧ આસો વદ ૧૩) વગેરે દિવસોએ પહોંચો આપી હતી, તેમજ તા. ૨૦-૯-૧૯૫૨નું મેમોરિયમ પણ મોકલ્યું હતું.

અને શત્રુંજય તીર્થની યાત્રા બાબત ઘણા વિચારોના પરિણામે 'જાહેર જૈન જનતાની જે ભાવના હોય તે મુજબ આગળનું પગલું લેવા નક્કી કર્યું.' આથી ગામે ગામના જૈન સંઘમાં રખોપા કર હતો તે જ યાત્રાવેરો બન્યો છે, તેને બંધ કરવો એવી ભાવના જોરદાર બની. અને ભારતના જૈન સંઘે એક અવાજે તુરત માટે શત્રુંજયની યાત્રા બંધ કરવા નક્કી કર્યું. આ યાત્રા જે દિવસથી બંધ થઈ તે દિવસે મુંબઈ, ગુજરાત અને સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ ગુજરાતી અખબારોએ પોતાના પ્રતિનિધિઓને પાલિતાણા મોકલી પૂરી તપાસ કરાવી, પોતાના છાપામાં તે યાત્રા બંધના દ્રશ્યો રજુ કરી, હૃદયદ્રાવક સમાચાર રૂપે વર્ણન આપ્યું હતું.

ભારત જૈન સંઘે આ રીતે સં. ૧૯૮૨માં શત્રુંજય તીર્થની યાત્રા બંધ રાખી હતી. અમારામાંથી મુનિ **શ્રી ન્યાયવિજયજીએ** આ પ્રસંગે જૈન સંઘ અને પાલિતાણા ઠાકોરની જૂની મૈત્રી તથા વિરોધના પ્રસંગોની બાબત જુદા જુદા છાપાઓમાં વિવિધ લેખો આપી ઘણી છણાવટ કરી હતી, જેમાંથી જૈન-અજૈન જનતાને ઘણો ઇતિહાસ જાણવા મળ્યો હતો. આ ઇતિહાસના મુદ્દાઓ ઉપર આવી ગયા છે.

તા. ૨૬-૫-૧૯૨૮ ના રોજ સિમલામાં વાયસરોય ઈરવીનની દખલગીરીમાં દરબાર બહાદુરસિંહજી અને જૈન સંઘના આગેવાનો આ૦ ક૦ની પેઢી વગેરેએ આપસમાં મળીને શત્રુંજય તીર્થની સમસ્ત બાબતમાં અત્યાર સુધીના પ્રશ્નોના ઉકેલ રૂપે કરેલા સમાધાનના કરારો આ પ્રમાણે છે.

અમે અહીં 'વીરશાસન'માં પ્રકાશિત થયેલ કરારની નકલ આપીએ છીએ.

શ્રી શત્રુંજયના એગ્રિમેન્ટ (સમાધાન)ના કરારો

તા. ૨૬-૫-૧૯૨૮ : સિમલા

પાલિતાણા દરબારની વતી પાલિતાણાના નામદાર ઠાકોર સાહેબ અને હિંદુસ્તાનના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાય વતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની વચ્ચે થયેલા કરારનું લખાણ બહાર પડ્યું છે. તે કરારની નીચે મુજબ કલમો છે :

૧. શ્રી શત્રુંજય પર્વત સને ૧૮૭૦ની ૧૬મી માર્ચના ઠરાવમાં નક્કી કરવામાં આવેલા જૈનોના હક અને તેમાં બાંધેલી હદો અંદર પાલિતાણા દરબારના રાજ્યમાં છે અને તેનો એક ભાગ છે.

૨. ધાર્મિક ઉપયોગ સારૂ તથા તેવાજ બીજા કામો સારૂ ગઢની અંદર આવેલી બધી જમીન, ઝાડ, મકાન અને બાંધકામનો ઉપયોગ અને વહીવટ–

ફક્ત પોલીસના કામ સિવાય પાલિતાણાના દરબારની કોઈપણ જાતની હકુમત અને દખલગીરી સિવાય જૈનો કરવાને હકદાર છે.

૩. જૈનોને ગઢની દીવાલો સારી સ્થિતિમાં રાખવાને તથા રીપેર કરવા તથા ફરી બાંધવાને માટે પરવાનગી માગવાની જરૂર નથી. પણ તેઓએ તેમ કરવામાં હાલની જગ્યા તથા ઉંચાઈ પહોળાઈમાં ફેરફાર કરવાનો નથી પરંતુ તેઓ હાલના હૈયાત દેરાસરના કોઈ પણ ભાગને લગતી ગઢની દીવાલ હોય તો તે દેરાસરની ઉંચાઈમાં ફેરફાર કરતાં, ગઢની બીજી દીવાલ પ્રમાણે ઉપયોગ કરી શકશે. તેઓને વળી ગઢની દીવાલોના બીજા ભાગો વધારેમાં વધારે પચીસ ફીટની ઉંચાઈ સુધી વધારવાને છુટ છે.

૪. દરબાર તરફની કોઈ પણ જાતની દખલગીરી વગર ડુંગર ઉપરના ગઢ બહારના દેવાલયોનો જૈનો વહીવટ કરવા હકદાર છે.

૫. પગલાં, દેરીઓ અને છત્રીઓ જે ગઢ બહાર ડુંગર ઉપર આવેલાં છે તે અને કુંડ અને વીશામાઓ (છેવટના બે જાહેરના ઉપયોગ સારૂ વાપરવાની છુટ રાખી) જૈનોની માલિકીના છે અને જૈનો પરવાનગી મેળવ્યા સિવાય તેનું સમારકામ કરી શકશે.

૬. આ કુંડમાં પાણી આવવાની નીકોને સમારકામ કરી, સારી હાલતમાં રાખવાનું કામ પાલિતાણા દરબારને કરવાનું છે.

૭. જૈનોને કોઈપણ જાતની પરવાનગી માગ્યા સિવાય જાહેરના ઉપયોગ સાથે ડુંગરની તલાટીથી તે ગઢ સુધી મોટા રસ્તાને નામે ઓળખાતો રસ્તો અને તેની બાજુની દીવાલો કોઈ પણ જાતની પરવાનગી માગ્યા સિવાય જૈનો રીપેર કરી શકશે. અને જાહેર પ્રજાને તે રસ્તાનો ઉપયોગ કરવાની છુટ રહેશે.

૮. પાલિતાણા દરબારે પોતાના ખર્ચે નીચેના સાત રસ્તાઓ નીભાવવાના છે. (૧) મોટા રસ્તાથી શ્રીપુજની ટૂકે જતો રસ્તો. (૨) ઘેટીની પાયગાનો રસ્તો. (૩) રોહીશાલાની કેડીનો રસ્તો. (૪) છ ગાઉના ડુંગરનો રસ્તો. (૫) શેત્રુંજી નદીની કેડી. (૬) દોઢ ગાઉના ડુંગરનો રસ્તો અને (૭) છ ગાઉ રસ્તાને મળતા શાખા રસ્તાઓ અને બીજા રોહીશાલા રસ્તાની નીકળી છ ગાઉના ડુંગરને મળતા રસ્તાઓને લગતું સમારકામ કરી સારી હાલતમાં રાખશે અને જૈનોને તે ઉપર અને તે રસ્તે જવા આવવાની સંપૂર્ણ છુટ છે.

૯. મિ. કેન્ડીના રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે જૈનેતર દેવસ્થાનોની હકુમત જૈનોની રહેશે. આની અંદર અંગારશાપીરનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને મહાદેવનું દેવળ બહાર રાખવામાં આવ્યું છે. સદરહુ (દેવળ) સૂરજ કુંડ અને ભીમ કુંડને ગઢમાં રાખી, ગઢની દીવાલમાંથી છુટું પાડવું અને તેનો રસ્તો ગઢની બહારથી કાઢવો.

૧૦. ગઢની અંદર આવેલા દેવાલયો, ટૂકો વગેરે તેમજ ગઢ બહારના મંદિરો જોવા આવનાર ગૃહસ્થોના વર્તાવ માટે, વ્યાજબી **નિયમો** અને **હુકમો** કાઢવાનો **જૈનોને હક** રહેશે પણ આ નિયમો અને આ હુકમો જૈનેતર મંદિરોની વ્યાજબી ને બરાબર પૂજાને હરકતકર્તા હોવા જોઈએ નહીં.

૧૧. મોટા રસ્તાની હદ, ડુંગર પરના અને ગઢની બહારના દેવાલયો, પગલાં, દેરીઓ, છત્રીઓ, વીશામાઓ, કુંડો એક નકશામાં દર્શાવવામાં આવશે. જે નકશો આ કરારનો એક ભાગ ગણાશે. અને તે નકશો બંને પક્ષ તરફથી કબુલ રાખવામાં આવશે.

૧૨. જૈન દેવાલયમાં મૂર્તિઓ ઉપર ચઢાવવા સારૂ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી લાવેલા દાગીના તથા ઝવેરાત ઉપર પાલિતાણા દરબાર કોઈપણ જાતનો કર અથવા લાગો લેશે નહીં. આ માફી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના મુનીમ તરફથી એકરારના આધારે આપવામાં આવશે.

૧૩. આ કરારમાં દર્શાવવામાં આવેલા જૈનોના હક સંબંધમાં અને તે કરારોનું આ કરાર અનુસાર પાલન કરાવવામાં કાંઈ વાંધો ઉત્પન્ન થાય તો તે બાબતમાં જૈનો તરફથી પાલિતાણા રાજ્યના ઠાકોર સાહેબને અરજ કરેથી પોતે Executive તરીકે તે બાબતમાં નિકાલ કરશે, અને જો જૈનો એવા નિકાલથી અસંતોષ પામે તો, મહેરબાન ગવર્નર જનરલ એજન્ટ સાહેબને તે હુકમ સામે અરજ કરવાને હકદાર છે. જે નામદાર, પક્ષકારોને સાંભળીને પોતાનો ફેંસલો આપશે, ને તે ફેંસલા ઉપર બન્ને પક્ષોને ઉપરી સત્તાઓને અપીલ કરવા હક રહેશે.

૧૪. પાલિતાણા દરબાર લેવાને અને જૈનો પાંત્રીસ વરસ સુધી દરેક વરસ વાસ્તે પૂરી નક્કી કરેલી રૂા. સાઠ હજારની રકમ આપવા કબુલ કરે છે. આનો અમલ તા. ૧ જુન ૧૯૨૮ થી શરૂ થશે અને પહેલો હપ્તો તા. ૧ જુન ૧૯૨૯ ને દિવસે અને ત્યાર પછી વરસો વરસ ઉપલી તારીખે મુદ્દત સુધી કરવો પડશે. આ અને ત્યાર પછી મળવાની ઉપલી રકમ બદલ દરબાર સાહેબ જૈનો પાસેથી કોઈ પણ પ્રકારનો યાત્રાકર અથવા લાગા નહીં નાખવાનું કબુલ કરે છે. આ રકમમાં રખોપુ, મલણું વગેરે સર્વે આવી જાય છે.

૧૫. ઉપર દર્શાવેલી પાંત્રીસ વર્ષની મુદત પૂરી થતાં કોઈપણ પક્ષકારને ઉપર જણાવેલી મુકરર કરેલી રકમમાં ફેરફાર કરવા અરજ કરવાની છુટ છે, અને તેવે વખતે બન્ને પક્ષોને સાંભળીને એવો ફેરફાર મંજૂર કરવો કે નહિ એ બ્રિટિશ સરકારની મુનસફી ઉપર રહેશે. આવી દરેક વખતે ચોક્કસ રકમ કેટલી ઠરાવવી, અને કેટલી મુદત સારૂ ઠરાવવી તે બ્રિટિશ સરકાર નિયત કરશે.

૧૬. સદરહુ રકમ, મુદત પૂરી થયે એક મહિનાની અંદર ભરપાઈ ન થાય તો પાલિતાણા દરબારે તે પછી કેમ વર્તવું તે બાબતમાં નામદાર ગવર્નર જનરલના એજન્ટ સાહેબ નક્કી કરશે.*

આગલા હુકમો રદ

૧૭. મુંબઈ સરકારના પોલિટિકલ ડિપાર્ટમેન્ટના નં. ૧૮૩ T ટી.ના તા. ૫-૭-૧૯૨૨ના તથા નંબર ૪૪-૧-૬ના તા. ૨૫-૫-૧૯૨૩માં જણાવેલા મુંબઈ સરકારના હુકમો તથા નામદાર સેક્રેટરી ઓફ સ્ટેટસ ઓફ ઈન્ડિઆના હુકમો જે મુંબઈ સરકારના નંબર ૧૨૮૧ B ના તા. ૯-૧૦-૨૪ના કાગળથી બહાર પાડવામાં આવ્યા હતા, તે આ કરારની વિરુદ્ધ અથવા મળતા ન હોય તે આખો અથવા તેના તેટલા ભાગનો અમલ બંધ પાડવામાં આવ્યો છે (તેને રદ સમજવા).

૧૮. બધી અપીલો તથા અરજીઓ જે પક્ષકારોએ આ કરારમાં જણાવેલી બાબતો સંબંધી કરી હતી તેનો આ કરારથી નિકાલ કરવામાં આવ્યો છે, તેમ સમજવું.

૧૯. દરબાર શબ્દમાં પાલિતાણા રાજ્ય આવી જાય છે, જ્યારે જૈન શબ્દનો અર્થ હિંદુસ્તાનના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાય વતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના હાલના અને તેમની પછી આવાનારા **વહીવટદારો** થાય છે.

૨૦. આ કરારનામું બન્ને પક્ષોએ રજુ કર્યું છે, અને તે ઉપર તા. ૨૬-૫-૧૯૨૮ ના રોજ હિંદી સરકારે બહાલી આપી છે.

સહી કીકાભાઈ પ્રેમચંદ.	(સહી) **બહાદુરસિંહજી,**
સહી કસ્તૂરભાઈ એમ. નગરશેઠ.	ઠાકોર સાહેબ પાલિતાણા.
,, માણેકલાલ મનસુખભાઈ	**સાક્ષીઓ.**
,, સારાભાઈ ડાહ્યાભાઈ	અમારી રૂબરૂ,
,, અમૃતલાલ કાળીદાસ.	
સહી પ્રતાપસિંહ મોહોલાલભાઈ.	(સહી) સી. એચ. સેતલવડ.
જૈન કોમના સ્વીકારેલા પ્રતિનિધિઓ.	(સહી) ભુલાભાઈ જે. દેસાઈ

★ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા વિગેરે વર્તમાન પત્રોમાં આ (૧૬મી) કલમમાંથી "In the event of the said." શબ્દો પછી નીચે દર્શાવેલ શબ્દો રહી ગયા જણાય છે. તે મૂળ કરારનામામાં તે શબ્દો નીચે પ્રમાણે છે.

"Annual payment not being made within a."

(તા. ૧-૬-૧૯૨૮ નું 'જૈન' પત્ર, પૃષ્ઠ ૪૧૦)

તા. ૨૬ મે ૧૯૨૮ ના રોજ સિમલા મુકામે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિઆ તરફથી બહાલ અને મંજુર કરવામાં આવેલું.

(સહી) ઈરવીન, વાઈસરોય અને ગવર્નર જનરલ. (તા. ૨૬-૫-૨૮)

(વિશેષ માટે જુઓ તા. ૧-૬-૧૯૨૮નું 'વીરશાસન' પૃ. ૫૪૯-૫૫૦ પુ. ૬, અંક ૩૬મો તથા તા. ૨-૬-૧૯૨૮ નું સાપ્તાહિક ''સૌરાષ્ટ્ર'' પુસ્તક ૭, અંક ૩૪ મો અને તા. ૧-૬-૧૯૨૮ નું સાપ્તાહિક ''જૈન'' પૃ. ૪૦૯, ૪૧૦)

લોકશાહી ભારતમાં સૌરાષ્ટ્રે કરેલ યાત્રાકર માફની જાહેરાત

પાલિતાણાના નરેશ બહાદુરસિંહજી અને શ્વેતાંબર જૈન સંઘના આગેવાન ગૃહસ્થોએ તા. ૨૬-૫-૧૯૨૮ને દિવસે સિમલામાં લોર્ડ ઈરવીનની રૂબરૂમાં અને તેની દરમ્યાનગીરીમાં પરસ્પરની વાટાઘાટથી શત્રુંજય તીર્થ બાબત સમજૂતીનો ખરડો નક્કી કર્યો હતો. તેમાં ૧૪મી કલમમાં એવી વ્યવસ્થા હતી કે, 'જૈનો તા. ૧-૬-૧૯૨૮ થી દરસાલ પાલિતાણાના દરબારને ૬૦ હજાર રૂપિયા આપે. અને દરબાર જૈનો પાસેથી બીજો કોઈ કર લે નહીં અને યાત્રાળુઓના જાનમાલનું રક્ષણ કરે.' થોડાએક વર્ષ એમ ચાલ્યું.

પછી ભારતદેશ તા. ૧૫-૮-૧૯૪૭ના પ્રાતઃકાળથી સ્વતંત્ર થયો. અને ભારતનાં દેશી રાજ્યો સને ૧૯૪૮માં સ્વતંત્ર ભારતમાં ભળ્યાં. આ અવસરે પાલિતાણાના દરબારની ભાવના હતી કે, 'જૈનો આ વિલીનીકરણ પહેલાં શત્રુંજયપહાડને વેચાતો લઈ લે અથવા રખોપાની અમુક રકમ રોકડી આપી દે તો જૈનો હંમેશને માટે આ પહાડના કાયમી માલિક બની જાય, અર્થાત્ હંમેશને માટે રખોપાકર કે બીજા કરમાંથી મુક્ત બને.'

જૈનસંઘના આગેવાનોને દરબારની આ ભાવના માટે દરબાર પ્રત્યે માન ઉપજ્યું; પણ વિશેષ વિચાર-વિનિમય કરતાં જણાયું કે, 'સ્વતંત્ર ભારતમાં મોટાં-નાનાં રાજ્યો, જાગીરદારો અને જમીનદારોની સલામતી કેટલા પ્રમાણમાં જળવાશે તેની કલ્પના આજે કરી શકાય નહીં. તો આ પરિસ્થિતિમાં જૈન સંઘ દરબાર પાસેથી આ પહાડને ખરીદે કે રખોપાકર બંધ કરાવે તે સલામતીવાળી યોજના નથી જ.' એટલે જૈનોએ તેમ કરવામાં સંઘનું હિત નથી તે જોતાં પહાડ ખરીદવાની કે રખોપાકર બંધ કરાવવાની યોજનાને જતી કરી.

પછી તો સૌરાષ્ટ્રનું લોકશાહી રાજ્ય સ્થપાયું. ત્યારે શ્વેતાંબર જૈન સંઘના આગેવાનો શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ વગેરેએ સૌરાષ્ટ્ર સરકારને મળી, વિનંતી કરી કે પાલિતાણાનું રાજ્ય શત્રુંજય તીર્થના યાત્રિકો પાસેથી જે કર લે છે તે આ બિન સાંપ્રદાયિક લોકશાહીમાં સર્વથા બંધ કરવો જોઈએ.

આથી સૌરાષ્ટ્રની લોકશાહી સરકારે તા. ૧૯-૩-૧૯૪૮ ના રોજ પાલિતાણા રાજ્ય જૈનો પાસેથી જે કર લે છે તે લેવાનું સદાને માટે બંધ કર્યું. અર્થાત્ લોકશાહી રાજ્યમાં આવો કર ન લેવાય એમ સ્પષ્ટતા કરી લોકશાહી રાજ્ય સ્થપાયું, ત્યારથી કાયમને માટે યાત્રાકર માફ કર્યો.

ત્યારબાદ સૌરાષ્ટ્ર રાજ્યના સેક્રેટરીએ રાજકોટના સૌરાષ્ટ્ર સચિવાલય તરફથી આ કર મુક્તિની (૧) જોઈન્ટ સેક્રેટરી નાણાખાતું, (૨) એકાઉન્ટ જનરલ યૂનાઈટેડ સ્ટેટ ઓફ સૌરાષ્ટ્ર, (૩) સેક્રેટરી રાજ્ય પ્રમુખ, (૪) કલેક્ટર ગોહિલવાડ જિલ્લો, (૫) શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ - અમદાવાદ, (૬) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી-પાલિતાણા, (૭) સુપરિટેન્ડેન્ટ ગવર્મેન્ટ છાપખાનું--જે સૌરાષ્ટ્ર અંગેની બાબત પત્રિકા (ગેઝેટ) છાપે છે તે– સૌને આ કરમુક્તિનાં લખાણની એકેક નકલ મોકલાવી આપી હતી.

સૌરાષ્ટ્ર ગેઝેટ પત્રિકાએ તા. ૨૬-૮-૧૯૪૯ના રોજ અંગ્રેજીમાં આ કરમુક્તિની જાહેરાત કરી હતી. જેમાં પાંચ કલમો આપી પૂરી વિગત આપી હતી.

આ કરમુક્તિના લખાણની મૂળ નકલ તથા ગેઝેટની નકલ શેઠ આ૦ ક૦ પેઢી પાસે અમદાવાદમાં સુરક્ષિત છે.

[**નોંધ** : અમને વિ. સં. ૨૦૧૮ ભાદરવા વદ ૭ ને ગુરુવાર; તા. ૨૦-૯-૬૨ ના રોજ અમદાવાદમાં શેઠ આ૦ ક૦ની પેઢીના મુખ્ય મુનીમ શ્રી શિવલાલ કેશવલાલે આ૦ ક૦ના ચપરાસી અલીમીયાં સાથે આની અંગ્રેજી નકલ મોકલી હતી. અમે તેના આધારે આ લખ્યું છે.

૨૯. ઠા૦ શિવકુમાર.

(પાલિતાણા તાલુકાના હેડમાસ્તર તથા પ્રાથમિક શાળાઓના સુપરવાઈઝર માસ્તર ચાંપશી ગુલાબચંદ શાહે સં. ૧૯૮૦ (સને ૧૯૨૪)માં રચેલી પાલિતાણા સંસ્થાનની શાળા–ઉપયોગી ભૂગોળ (આવૃત્તિ : પાંચમી)નો 'ઇતિહાસ વર્ણન' વિભાગ, પાન : ૨૬ થી ૩૬ના આધારે.)

[ગામ પૂજાપરા, પો. માણસા, એજન્સી મહીકાંઠાના વતની **શા૦ ગોપાલદાસ હેમચંદ** જે રાજકોટ એજન્સીના દફતરોના વ્યવસ્થાપક હતા, તેમણે સને ૧૮૨૦ થી ૧૮૬૩ સુધીની ''જૈન સંઘ તથા ઠાકોરની અરજીઓ વગેરેનો સંગ્રહ'' અને બીજા દફતરના આ બાબતના કાગળો તપાસી, સાલવારી સાથેની એક નોંધ તૈયારી કરી હતી. અમે તેના આધારે આ ઇતિહાસમાં શત્રુંજય તીર્થ બાબતનું લખાણ લખ્યું છે.]

આચાર્ય વિજયસેનસૂરિ

तत्पट्टमब्धिमिव रम्यतमं सृजन्तः
स्तोमैर्गवां सकलसन्तमसं हरन्तः ।
कामोदनुसंकुवलयप्रणया जयन्ति
स्फुर्जत्कला विजयसेनमुनीन्द्रचन्द्रः ॥२५॥

तदनु मनुजमन्योऽनन्यसामान्यभाग्य–
स्त्रिभुवनगुरुपट्टे सूरिशक्रो बभूव ।
विजयिविजयसेनः फेनपिण्डावदातः
प्रसृमरवरकीर्तिर्मूर्तिमान् पुण्यराशिः ॥

(–મહો૦ કીર્તિવિજયગણિકૃત 'વિચાર રત્નાકર પ્રશસ્તિ', શ્લો. ૧૮)

तत्पट्टोन्नतपूर्वपर्वतशिरः स्फूर्तिक्रियाहर्मणिः
सूरिः श्रीविजयादिसेनसुगुरुर्भव्येष्टचिन्तामणिः ।
शुभ्रैर्यस्य गुणैरिवानघघनैरावेष्टितः शोभते
भूगोलः किल यस्य कीर्तिसुद्रशः क्रीडाकृते कन्दुकः ॥

(–વિનયવિજયકૃત 'સુબોધિકા પ્રશસ્તિ')

अविमलमलमकार्षीत् सद्गुरोस्तस्य पट्टं
विजयिविजयसेनः सूरिगुग्रप्रतापः ।
महति सदसि शाहेर्वादिनो निष्प्रभावान् ।
रविरिव निजगोभिस्तारकान् यो बभूब ॥

(–માનવિજયજીકૃત 'ધર્મસંગ્રહની પ્રશસ્તિ')

વંદુ હીરજી સેનજી જોડલી, દોઉ જિનશાસન વડનૂર;
જીરે મુનિગણ ભાટક ચંદ્ર છે, વલી સોહમકુલ નભસૂરિ. વંદો.૧૩

(–સોહમકુલ પટ્ટાવલી રાસ, ઉ. ૪, ઢાળ : ૪૭)

જિહાં એ ગુરુ કરે વિહાર, અઢી જોયણમાંહે વિસ્તાર;
તિહાં નહીં મરકી અને દુકાળ, એ ગુરુવર વંદુ ત્રિકાળ. ૧૫
તેહ સમાન ગુણ રયણ નિધાન, વિજયસેનસૂરિ યુગપ્રધાન;
શાંતિચંદ્ર વાચકનો શિષ્ય, અમરચંદ્ર નમે નિશાદિશ. ૧૬

(–યુગપ્રધાન સંખ્યા સજઝાય, ચો. ૧૬)

ભટ્ટારક વિજયસેનસૂરિનો જીવનવૃત્તાંત

મારવાડમાં જેસલ પહાડની પાસે નાડલાઈ ગામ છે. ત્યાં કર્માશાહ નામે ઓસવાલ જૈન રહેતા હતા. તેનાં પત્ની કોડમદેવીથી સં. ૧૬૦૪ના ફાગણ સુદિ ૧૫ ના રોજ એક બાળકનો જન્મ થયો. જન્મના શુભ મુહૂર્તમાં લગ્નકુંડલી આ રીતે હતી –

પહેલે સ્થાને વૃષભનું લગ્ન, ચોથે સિંહનો ચંદ્ર, છઠ્ઠે તુલાનો રાહુ, આઠમે ધનનો શનિ, નવમે મકરનો મંગલ, દસમે કુંભનો રવિ તથા બુધ, અગિયારમે મીનનો ગુરુ તથા શુક્ર અને બારમે મેષનો કેતુ હતા. આ બાળક ગર્ભમાં હતો ત્યારે માતાએ સ્વપ્નમાં સિંહને જોયો આથી માતા-પિતાએ બાળકનું નામ જયસિંહ રાખ્યું. (–વિજયપ્રશસ્તિ કાવ્ય, સર્ગ : ૨, શ્લો. ૩૧, ૩૨, ૫૧)

શા૦ કર્માશાહે પત્નીની સમ્મતિ મેળવી સં. ૧૬૧૧માં, ખંભાતમાં તપાગચ્છના ભટ્ટારક વિજયદાનસૂરિ પાસે દીક્ષા લીધી. ભટ્ટા૦ વિજયદાનસૂરિએ દીક્ષા આપી, આ૦ વિજયહીરસૂરિના શિષ્ય તરીકે જાહેર કર્યા અને તેનું નામ રાખ્યું મુનિ કમલવિજય.

કોડમદેવીનો ભાઈ જયતો પાલી શહેરનો સંઘપતિ હતો. તે તેની બેન કોડમદેવી અને ભાણેજ જયસિંહને પાલી લઈ ગયો. તે પછી માતા કોડમદેવી અને પુત્ર જયસિંહ એ બંનેએ સંઘપતિ જયતાની આજ્ઞા લઈ ભટ્ટારક વિજયદાનસૂરિ પાસે સુરતમાં જઈ પોતાને દીક્ષા આપવા વિનતિ કરી.

દીક્ષા અને સૂરિ, ભટ્ટારક આદિ પદપ્રદાન –

ભટ્ટા૦ વિજયદાનસૂરિએ સં. ૧૬૧૩ જેઠ સુદિ ૧૧ના રોજ સુરતમાં સિંહ લગ્નમાં માતા અને પુત્રને દીક્ષા આપી. એ સમયે દીક્ષાકુંડલી આ રીતે હતી: એટલે પહેલે સ્થાને સિંહલગ્ન, ત્રીજા તુલાના સોમ અને મંગળ, પાંચમે ધનનો ગુરુ, નવમે મેષના શનિ અને રાહુ, અગિયારમે વૃષભનો શુક્ર, બારમે મિથુનનો સૂર્ય અને બુધ હતા. આ પ્રમાણેની ગ્રહસ્થિતિ હતી ત્યારે બંનેને દીક્ષા આપી માતાનું નામ સાધ્વી કલ્યાણશ્રીજી અને પુત્ર જયસિંહકુમારને આ૦ વિજયહીરસૂરિના શિષ્ય બનાવી તેનું નામ મુનિ જયવિમલ રાખવામાં આવ્યું.

(–વિજયપ્રશસ્તિ કાવ્ય, સર્ગ : ૫, શ્લો. ૮૪–૮૭)

ગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિએ મુનિ જયવિમલને પાટણ આ૦ વિજયહીરસૂરિ પાસે મોકલ્યા. મુનિ જયવિમલે ગુરુ પાસે રહી વ્યાકરણ, કોશ, સાહિત્ય, છંદ, જૈનેતર ન્યાયગ્રંથો તથા જૈન ન્યાયગ્રંથો, વિવિધ વિષયના વિજ્ઞાનગ્રંથો અને જિનાગમોનો અભ્યાસ કર્યો.

આ તરફ ગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિ સં. ૧૬૨૧ના વૈશાખ સુદ ૧૨ના રોજ પાટણ પાસેના વડલી ગામમાં સ્વર્ગસ્થ થયા. તેમની પાટે આ૦ વિજયહીરસૂરિ આવ્યા. (પ્રક. ૫૭, પૃ. ૧૦)

ગચ્છનાયક શ્રી વિજયહીરસૂરિએ સં. ૧૬૨૬ના ફાગણ સુદિ ૧૦ના ખંભાતમાં મુનિ જયવિમલને પંન્યાસ પદ આપ્યું અને સં. ૧૬૨૮ના ફાગણ સુદિ ૭ ને સોમવારે અમદાવાદના અહમદપરામાં ઉપાધ્યાય બનાવ્યા. વળી, એ જ દિવસે અર્થાત્ ફાગણ સુદિ ૭ ને સોમવારે વૃષભ લગ્નમાં પહેલે વૃષભનો ચંદ્ર, ત્રીજે કર્કનો રાહુ, છઠ્ઠે તુલાનો મંગળ અને શનિ, દશમે કુંભનો સૂર્ય અને બુધ, અગિયારમે મીનનો ગુરુ અને શુક્ર હતા. ત્યારે આવી લગ્નકુંડલીમાં અને પૃથ્વીતત્ત્વનો સ્વર ચાલતો હતો ત્યારે શેઠ મૂલાશાહે (પ્રક. ૫૮, પૃ. ૧૮૭) કરેલ પદવી ઉત્સવમાં ઉપા૦ જયવિમલગણિને આચાર્યપદ આપી તેનું નામ આ૦ વિજયસેનસૂરિ રાખ્યું. (–વિજયપ્રશસ્તિ, સર્ગ : ૭, શ્લો. ૬૭–૭૨)

આ૦ વિજયહીરસૂરિએ એ જ મુહૂર્તમાં ઉપા૦ વિમલહર્ષગણિને મહોપાધ્યાયની પદવી આપી તથા મુનિ પદ્મવિજય, મુનિ લબ્ધિસાગર ગણિ વગેરે છ ગણિવરોને પંન્યાસ પદવી અર્પણ કરી.

આ૦ વિજયહીરસૂરિએ સં. ૧૬૩૦ના પોષ વદિ ૧૪ (માગ. સુદિ ૧૪)ના પાટણમાં આ૦ વિજયસેનસૂરિને ભટ્ટારકપદ આપી પોતાની પાટે સ્થાપન કર્યા. આ સમયે ત્યાં તેમનો વંદના–ઉત્સવ ઊજવાયો હતો.

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૩૨ના વૈશાખ સુદિ ૧૩ ના રોજ પાવાગઢમાં ચાંપાનેરના શેઠ જયવંતના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી.

સુરતમાં વાદ-વિજય –

આચાર્યશ્રીએ સં. ૧૬૩૨માં સુરત ચાતુર્માસ કર્યું. આ સમયે આચાર્યશ્રીએ ચિંતામણિ, ભટ્ટમિશ્ર વગેરે પંડિતો અને નગરજનોની મોટી સભામાં દિગંબર ભટ્ટારક વાદી ભૂષણને હરાવ્યો હતો.

(–વિજયપ્રશસ્તિ કાવ્ય, સર્ગ : ૮, શ્લો. ૪૪)

ગચ્છનાયક આ૦ વિજયહીરસૂરિએ સં. ૧૬૩૮માં ગંધારમાં અને આ૦ વિજયસેનસૂરિએ પાટણમાં ચોમાસું કર્યું. આ૦ વિજયહીરસૂરિ સં. ૧૬૩૯ના મહા મહિનામાં ગંધારથી વિહાર કરી અમદાવાદ, પાટણ થઈ આ૦ વિજયસેનસૂરિને મળીને ગચ્છરક્ષાની યોગ્ય વ્યવસ્થા બતાવી ફત્તેપુરસિક્રી પધાર્યા. આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૩૯-૪૦માં બીજે સ્થાને ચોમાસા કર્યા અને સં. ૧૬૪૨માં પાટણમાં ચોમાસું કર્યું.

પાટણમાં શાસ્ત્રાર્થ –

ખરતરગચ્છવાળાઓએ સં. ૧૬૪૨ના ચોમાસામાં પાટણમાં મોટી સભામાં

આ૦ વિજયસેનસૂરિને શાસ્ત્રાર્થ માટે બોલાવ્યા. મહો૦ ધર્મસાગરગણિના 'પ્રવચનપરીક્ષા' ગ્રંથ માટે આ શાસ્ત્રાર્થ યોજાયો હતો. ૧૪ દિવસ સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો અને આ૦ વિજયસેનસૂરિએ આ શાસ્ત્રાર્થમાં જય પ્રાપ્ત કર્યો.

(–વિજયપ્રશસ્તિ કાવ્ય, સર્ગ : ૧૦, શ્લો. ૩–૪)

ખરતરગચ્છવાળાઓએ પાટણમાં હાર થવાથી સં. ૧૬૪૩માં અમદાવાદમાં સૂબા ખાનખાનાની રાજસભામાં કલ્યાણરાજ અને રાજ્યના અધિકારી વર્ગની મદદથી મોટા ઉમરાવો, મોટા પંડિતો અને નગરજનોની હાજરીમાં શાસ્ત્રાર્થ માંડ્યો. આ૦ વિજયસેનસૂરિના શિષ્યોએ કલ્યાણરાજ, ખરતરનો જૈન સંઘ તથા સભાજનોનો પ્રવચનપરીક્ષા બાબતનો ભ્રમ ભાંગી જય મેળવ્યો. સંઘે તે શિષ્યોને સૂબા ખાનખાનાની મદદથી તથા તેણે આપેલા વાજાગાજાના ઉત્સવથી ઉપાશ્રયમાં પ્રવેશ કરાવ્યો. (પ્રક. ૫૫, પૃ. ૩૫૪ – વિગતે જુઓ)

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૪૩ ફાગણ સુદિ ૧૧ના રોજ અમદાવાદમાં શ્રી અહિવદેવીના ઘરદેરાસરના પ્રતિષ્ઠા–મહોત્સવમાં ઈડરના શેઠ સ્થિરપાલ ઓસવાલ જૈનના ૯ વર્ષના પુત્ર વાસણને તેની માતા રૂપાઈદેવીની આજ્ઞા મળવાથી દીક્ષા આપી. પોતાનો શિષ્ય બનાવી તેનું નામ મુનિ વિદ્યાવિજય. આચાર્યશ્રીએ તે જ દિવસે અમદાવાદમાં શ્રી અહિવદેવીના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી. સં. ૧૬૪૩ના જેઠ સુદિ ૧૦ ને શુક્રવારના રોજ ગંધારમાં શેઠ ઇન્દરજીના ભ૦ મહાવીરસ્વામીના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી. આચાર્યશ્રીએ સં. ૧૬૪૩માં ખંભાતમાં ચોમાસું કર્યું.

શ્રી વિજયહીરસૂરિને વંદન –

આ૦ વિજયસેનસૂરિ સં. ૧૬૪૪માં પોતાના મુનિપરિવારને સાથે લઈ ખંભાતથી વિહાર કરી સિરોહી પધાર્યા. ત્યાં ફતેપુરસિક્રીથી પધારેલા જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિને વંદન કર્યું.

ખંભાતના શેઠ વજિયા–રાજિયા પારેખ ખંભાતથી છ'રી પાળતા સંઘપૂર્વક આ૦ વિજયસેનસૂરિ સાથે સિરોહી ગયા હતા. તેમણે જગદ્‌ગુરુને વિનંતી કરી કે, 'આપ ખંભાત પધારો અગર આપના પટ્ટધરને મોકલો.'

આ૦ વિજયસેનસૂરિએ ગુરુઆજ્ઞાથી સિરોહીથી વિહાર કરી સં. ૧૬૪૪માં ખંભાત આવ્યા અને ચાતુર્માસ કર્યું.

ખંભાતમાં ચિંતામણિ પાર્શ્વનાથ આદિનો પ્રતિષ્ઠા મહોત્સવ –

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૪૫ના જેઠ સુદિ ૧૨ ને સોમવારે ખંભાતના સાગવટ પાડામાં શેઠ વજિયા–રાજિયા પારેખે બંધાવેલા જિનાલયમાં તેમણે ભરાવેલી જિનપ્રતિમાઓની તથા અન્ય અનેકે ભરાવેલી પ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરી.

આ પ્રતિષ્ઠા મહામહોત્સવમાં ખંભાતના ૧. ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ અને ૨. ભ૦ મહાવીરસ્વામી, ૩. નેજાગામ માટે ભ૦ ઋષભદેવ, ૪. કાવીના સર્વ-જિનપ્રાસાદ માટે ભ૦ મહાવીરસ્વામી, ૫. ગંધાર માટે ભ૦ નવપલ્લવિયા પાર્શ્વનાથ, ૬. વરડોલા માટે ભ૦ કરહેડા પાર્શ્વનાથ, ૭. વરડોલા ગામમાં મૂળનાયક ભ૦ નેમિનાથ વગેરે જિનપ્રતિમાઓની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરી.★

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૪૫માં ગંધાર જઈ ભ૦ નવપલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી ત્યારથી ગંધાર બંદર તીર્થ બન્યું.●

બાદશાહનું નિમંત્રણ –

સં. ૧૬૪૮માં રાધનપુરમાં જગદ્‌ગુરુ આ૦ શ્રી વિજયહીરસૂરિ અને આ૦ શ્રી વિજયસેનસૂરિ ચોમાસું રહ્યા હતા ત્યારે લાહોરથી બાદશાહ અકબરે ફરમાન લખી મોકલ્યું કે –

''આપને શત્રુંજયનો પહાડ ભેટ આપવામાં આવે છે અને જૈનોનો શત્રુંજયનો કર માફ કરવામાં આવે છે.

હવે તમે તમારા પટ્ટધર આ૦ વિજયસેનસૂરિને લાહોર મોકલો.''

આ૦ શ્રી વિજયસેનસૂરિએ સં. ૧૬૪૯ માગસર સુદિ ત્રીજના ગુરુની આજ્ઞા પ્રમાણે રાધનપુરથી વિહાર કર્યો. તેઓ પાટણ, આબૂ, સિરોહી, રાણકપુર, વરકાણા, નાડલાઈ, ડીંડુઆણક, વૈરાટનગર, મહિમનગર, લોધિયાણા અને ગંજ થઈ સં. ૧૬૪૯ના ચૈત્ર સુદિ ૧૧ના રોજ લાહોર પધાર્યા.■

લોધિયાણાથી લાહોર ૬ ગાઉ થાય. શેખ અબુલ ફજલનો ભાઈ શેખ ફૈજી લોધિયાણામાં આવી આ૦ શ્રી વિજયસેનસૂરિને મળ્યો.

પં૦ નંદિવિજય ગણિવરે લોધિયાણામાં સૌની સામે આઠ અવધાન કર્યાં. શેખ ફૈજી તે જોઈ ખુશ થયો. તેણે બાદશાહ પાસે જઈ આ અવધાનની વાત જણાવી.

પં૦ ભાનુચંદ્રગણિ ગંજમાં આ૦ વિજયસેનસૂરિની સામે આવ્યા. જગદ્‌ગુરુ વિજયહીરસૂરિના સુખ-સમાચાર પૂછ્યા. આચાર્યશ્રીએ તેને જગદ્‌ગુરુ તરફથી ધર્મલાભ સંભળાવ્યો અને સાતાના સમાચાર આપ્યા.

★ ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના ભોંયરામાં આ૦ વિજયસેનસૂરિએ જ સં. ૧૬૫૭માં ૩૩ આંગળ પ્રમાણ ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરી હતી.

● આ૦ વિજયસેનસૂરિએ તે પછી સં. ૧૬૫૯ કે ૧૬૬૨માં વૈશાખ વદિ ૬ ને ગુરુવારે ગંધાર બંદરમાં બીજી પણ પ્રતિષ્ઠા કરી.

■ મહિમનગરમાં જૈન ઘરો હતાં. તેઓ સાધુ મહારાજોને ચોમાસું કરાવતા હતા. પં૦ કમલવિજય ગણિવરે સં. ૧૬૬૭માં હીસાર–મહિમમાં ચોમાસું કર્યું હતું.

બાદશાહી રાજસભામાં આગમન અને પ્રશ્નોના ખુલાસા –

બાદશાહ અકબર રાજસભામાં બેઠો હતો ત્યારે આ સભામાં મંડોવરના રાજા મલ્લદેવનો પુત્ર ઉદયસિંહ, કચ્છનરેશ જ્ઞાનસિંહ, રાજા માનસિંહ, ખાનખાના અબુલફજલ, આઝમખાન, ભિલોટના ગઝનીખાન, બીજા ઉમરાવો, હિંદુ રાજાઓ, મોગલ સરદારો, બ્રાહ્મણો, પંડિતો વગેરે બેઠા હતા.

બાદશાહ સૌ પ્રથમ પં૦ નંદવિજય ગણિવરનાં આઠ અવધાનો અને તેમની યાદદાસ્ત જોઈ ખુશ થયો. તેણે 'ખુશફહમ'નું બિરુદ આપ્યું.

બાદશાહ અકબરની સભામાં પંડિતો મૂંઝાયા. એમને એમ થયું કે જૈન સેવડાઓ ત્યાગી અને વિદ્વાન હોય છે. જે આવે છે તે બાદશાહ ઉપર પ્રભાવ પાડે છે. આથી બાદશાહ જૈનો તરફ વધુ ને વધુ ખેંચાતો જાય છે. તો હવે આપણે તેનો ઉપાય કરવો જોઈએ, જેથી જૈનોનો પ્રભાવ ઓસરવા માંડે.

એક પંડિતે બાદશાહને જણાવ્યું કે, નામદાર ! આ પંડિતો ઘણી બાબતમાં અમારાથી જુદા પડે છે. ૧. જૈનો ઈશ્વરને માનતા નથી. ૨. સૂર્યને માનતા નથી. ૩. ગાયને પૂજતા નથી. ૪. ગંગાને પવિત્ર માનતા નથી વગેરે વગેરે.

આ૦ વિજયસેનસૂરિએ બાદશાહના પૂછવાથી બધા પ્રશ્નોના એક પછી એક શાંત સ્વભાવે અને ગંભીરતાથી ખુલાસા આપ્યા –

"य शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्मेति मीमांसकाः
अर्हन्नित्यथ जैनशासनरताः कर्तेति नैयायिकाः
सोऽयषां विद्धातु वाञ्छितफलं त्रैलोकथनाथो हरिः ॥"

(હનુમન્નાટક)

(૧) જૈનો સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ ઈશ્વરને માને છે. નિરાકાર કે સાકાર નિરંજન ઈશ્વરને માને છે જેને જૈનો અરિહંત કે સિદ્ધ તરીકે ઓળખાવે છે. જૈનોનાં મંદિરો છે, તીર્થો છે વગેરે વગેરે.

(૨) વ્રતધારી સાધુઓ અથવા ગૃહસ્થો સૂર્ય આથમે ત્યારથી સૂર્ય ન ઊગે ત્યાં સુધી અનાજ-પાણી લેતા નથી.

(૩) જૈનો ગાયના ગળામાં બંધન થાય ત્યારથી તે બંધન ન છૂટે ત્યાં સુધી અનાજ-પાણી લેતા નથી.

(૪) જૈનો જન્માભિષેકમાં ખુદ તીર્થંકરોને અને અન્ય કલ્યાણક ઉત્સવ પ્રસંગે પણ વિવિધ અભિષેકોમાં જિનપ્રતિમાઓને ગંગાના પાણી અને ગાયના દૂધ વડે અભિષેક કરે છે.

આથી સમજાશે કે વિદ્વાન પંડિતોએ જૈનો માટે જે જે શંકાઓ કરી છે તે પાયા વિનાની–નિરાધાર છે.

તે પછી બીજા સેંકડો વિદ્વાનોએ આવા જુદા જુદા પ્રશ્નો પૂછ્યા. આચાર્યશ્રીએ સમાધાન આપી સૌને સંતુષ્ટ કર્યા.

આ૦ વિજયસેનસૂરિવરે બાદશાહી રાજસભામાં કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિએ 'યોગશાસ્ત્ર' (પ્રકાશ-૬)ના એક શ્લોક નમો દુર્વારરાગાદિ૦ ના ૭૦૦ અર્થ કરી બતાવ્યા.

તે પછી આ૦ વિજયસેનસૂરિએ બાદશાહ અકબર અને શેખ અબુલ ફજલના કહેવાથી પં૦ ભાનુચંદ્રગણિને મહોપાધ્યાયની પદવી આપી. આ પદવીના ઉત્સવમાં શેખ અબુલ ફજલે છસો રૂપિયાનું દાન કર્યું. જૈન સંઘે પણ વિવિધ દાનો કર્યાં.

સવાઈહીર –

બાદશાહ અકબરે આ૦ વિજયસેનસૂરિને જગદ્‌ગુરુ આચાર્ય વિજયહીરસૂરિના યોગ્ય પટ્ટધર છે એમ સમજી 'સવાઈહીર'નું બિરુદ આપ્યું.

બાદશાહ અકબરે આ૦ વિજયસેનસૂરિના ઉપદેશથી આચાર્યશ્રીને છ મુદ્દાઓ ઉપર ફરમાન લખી આપ્યું. તેમાં ૧. ગાય, બળદ, ભેંસ, પાડાને મારવા નહીં. ૨. મરેલાનું ધન લેવું નહીં. ૩. ગુલામ તરીકે પકડવા નહીં વગેરે વગેરે.

(પ્રક. ૫૮, ફરમાન : છઠ્ઠું, પૃ. ૧૬૫)

આચાર્યશ્રીએ સં. ૧૬૪૯, સં. ૧૬૫૦ અને સં. ૧૬૫૧નાં ત્રણ ચાતુર્માસ લાહોરમાં વિતાવ્યા.

ગુરુદેવનું નરમ સ્વાસ્થ્ય અને સ્વર્ગગમન –

સં. ૧૬૫૨માં તેમને એવા સમાચાર મળ્યા કે ગુરુદેવ આ૦ વિજયહીરસૂરિનું સ્વાસ્થ્ય બગડ્યું છે. આ સમાચાર તેમણે બાદશાહને પણ જણાવ્યા. તેમની સંમતિ મેળવી આચાર્યશ્રીએ ત્યાંથી વિહાર કર્યો. તેમણે વિહાર કરતાં કરતાં મહિમનગર આવી ચોમાસું (પર્યુષણપર્વ) કર્યું અને ત્યાંથી ગુજરાત તરફનો વિહાર ચાલુ રાખ્યો. તેઓ ગુજરાતમાં પધાર્યા. સં. ૧૬૫૨ના ભાદરવા સુદિ ૧૪ની સવારે તેઓ પાટણ પહોંચ્યા.

જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિનું સ્વાસ્થ્ય સં. ૧૬૫૧ના ચોમાસામાં બગડ્યું હતું તેથી ઉનાના સંઘે તેમને વિહાર કરવા ન દીધો અને સં. ૧૬૫૨નું ચોમાસું પણ ઉનામાં કરાવ્યું. જગદ્‌ગુરુએ સં. ૧૬૫૨ના ભાદરવા સુદિ ૧૧ના દિવસે ઉનામાં અનશન સ્વીકારી આરાધના કરતાં કરતાં શુભ ધ્યાનથી સ્વર્ગગમન કર્યું.

ઉનાના સંઘે આ સમાચાર ગામેગામ મોકલ્યા. આ સમાચાર ભાદરવા સુદિ

૧૩ના રોજ પાટણ પહોંચ્યા. આથી પાટણના સંઘે ભાદરવા સુદિ ૧૪ની સવારે ઉપાશ્રયમાં જગદ્‌ગુરુને વંદન કરવા સંઘને એકત્ર કર્યો. સૌ આવ્યા. આ૦ વિજયસેનસૂરિ પોતાના પરિવાર સાથે ત્યાં હતા. તેમણે સંઘ પાસેથી ગચ્છનાયકના સ્વર્ગવાસના સમાચાર જાણ્યા. પછી તો આચાર્યમહારાજ અને શ્રીસંઘે સાથે જ જગદ્‌ગુરુનું દેવવંદન કર્યું.

આચાર્યશ્રીને ઘણું દુઃખ થયું હતું. શ્રીસંઘે તેમને વિવેકપૂર્વક સમજાવી શાંત કર્યા.

ગચ્છનાયક –

આચાર્ય વિજયસેનસૂરિ ગચ્છનાયક થયા. જૈન ગ્રંથકારો જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિને ગણધર શ્રી સુધર્માસ્વામી અને આ૦ વિજયસેનસૂરિને શ્રી જંબૂસ્વામીની જોડીની ઉપમા આપે છે. કેમ કે તેઓ ભસ્મગ્રહ ઊતરી જવાથી તેમના શાસનમાં જ્ઞાન-દર્શન-ચારિત્રમાં સર્વતોમુખી વૃદ્ધિ થયાનું તથા શ્રમણસંઘની ઉન્નતિ થયાનું માને છે. તેમના હાથે ઘણી દીક્ષાઓ થઈ હતી.

અનેક સ્થાનોએ પ્રતિષ્ઠા –

ગચ્છનાયક આ૦ શ્રી વિજયસેનસૂરિ, મહો૦ કલ્યાણવિજયગણિ, પં૦ ધનવિજયગણિ વગેરે પાટણથી વિહાર કરી ખંભાત પધાર્યા.

સં૦ ઉદયકરણે સં. ૧૬૩૮ના મહા (કે માગસર) સુદિ ૧૩ના રોજ જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિ પાસે ભ૦ ચંદ્રપ્રભુના જિનાલયની પ્રતિષ્ઠા કરાવી હતી. પણ તે વખતે બનાવેલી હીરવિજયસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા બાકી રાખી હતી. તેની આ૦ વિજયસેનસૂરિ, મહો૦ કલ્યાણવિજયગણિ વગેરેના હાથે સં. ૧૬૫૩ના માગસર વદિ ... સોમવારે ખંભાતના ભ૦ ચંદ્રપ્રભુના જિનાલયમાં પ્રતિષ્ઠા કરી. તેઓએ સં. ૧૬૫૩નું ખંભાતમાં ચોમાસું કર્યું.

સં. ૧૬૫૪ના મહા વદિ પના રોજ અમદાવાદના અકમીપુરમાં ધનાઢ્ય શેઠ મોટા શવજી (ભોટા શાહ)ના જિનાલયની પ્રતિષ્ઠા કરી અને તે જ ઉત્સવમાં મહો૦ ધર્મસાગરગણિના શિષ્ય પં૦ લબ્ધિસાગરગણિને ઉપાધ્યાયપદ અર્પણ કર્યું. તે દિવસે વાછા (વત્સ) ઝવેરીના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી અને સં. ૧૬૫૪નું ચાતુર્માસ અમદાવાદમાં અકમીપુરમાં કર્યું.

શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથ –

આ૦ વિજયસેનસૂરિ સં. ૧૬૫૫માં અમદાવાદમાં કૃષ્ણપુર–કાલુપુર પધાર્યા ત્યારે અમદાવાદમાં બાદશાહ તરફથી કાજી હુસેન સૂબો હતો.

એ સમયે આચાર્યશ્રીના કેટલાક શિષ્યોને સ્વપ્ન આવ્યું કે ઢીંકવા પાડા પાસેની અમુક જમીનને ખોદો. શિષ્યોએ આચાર્યશ્રીને અને આચાર્યશ્રીએ શ્રાવકો-પુરુષોને આ વાત કહી. તે પુરુષોએ સૂબાને આ વાત જણાવી અને તેની પરવાનગી મેળવી. એ જમીનને ખોદવામાં આવી ત્યારે તેમાંથી પાર્શ્વનાથની કૃષ્ણરંગની નાની પણ ભવ્ય જિનપ્રતિમા મળી આવી.

આ૦ વિજયસેનસૂરિએ ત્યાં આવી તે પ્રતિમાને બહાર કઢાવી અને તેને સિકંદરપુરમાં પધરાવી. તેમણે તે પ્રતિમાનું 'વિજયચિંતામણિ પાર્શ્વનાથ' નામ રાખ્યું.

આચાર્યશ્રીએ સં. ૧૬૫૫માં અમદાવાદના સિકંદરપુરમાં ચોમાસું કર્યું અને મોટું જિનાલય બનાવવાનો ઉપદેશ કર્યો. અમદાવાદના શ્રીસંઘે ત્યાં વિશાળ જિનપ્રાસાદ બંધાવ્યો. આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૬ના માગસર સુદિ પના રોજ અમદાવાદના સિકંદરપુર (બીબીપુર)માં તે જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી અને તેમાં શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાને બિરાજમાન કરી. ત્યાં એ જ જિનપ્રાસાદમાં આ૦ વિજયહીરસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી.

તે જ દિવસે લહુઆ (લવજી) શ્રીમાલીના ભ૦ શાંતિનાથના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી. ગાંધી કુંઅરજી નાગર જૈને કાવીબંદરમાં 'રત્નતિલક' જિનપ્રાસાદ બંધાવ્યો તેમાં પધરાવવા માટે ભ૦ ધર્મનાથની જિનપ્રતિમાની અંજનશલાકા કરી. આચાર્યશ્રીએ આ જ ઉત્સવમાં પં૦ નંદિવિજયગણિને ઉપાધ્યાયપદવી આપી અને મુનિ વિદ્યાવિજય તથા મેઘજી ઋષિ (મુનિ ઉદ્યોતવિજય)ને પંન્યાસપદવી આપી.

તેમણે ગીતાર્થોને પછી વાસક્ષેપ આપી કાવીબંદર મોકલી ગાંધી કુંઅરજીના રત્નતિલક જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી.

આચાર્યદેવે અમદાવાદથી વિહાર કરી લાડોલ જઈ ત્રણ મહિના સુધી સૂરિમંત્રનું ધ્યાન કર્યું. અધિષ્ઠાયકદેવે પ્રસન્ન થઈને જણાવ્યું કે પં૦ વિદ્યાવિજય ગણિવર સૂરિપદ તેમજ ગચ્છનાયકપદને યોગ્ય છે.

આથી આચાર્યશ્રીએ સં. ૧૬૫૬માં લાડોલમાં પં૦ વિદ્યાવિજયગણિને ઉપાધ્યાયપદ પ્રદાન કર્યું. તે પછી બધા ઈડર, તારંગા, શત્રુંજયતીર્થ, ઉનામાં જગદ્‌ગુરુના સ્તૂપ વગેરેની યાત્રા કરી ખંભાત પધાર્યા.

આ૦ વિજયસેનસૂરિએ ખંભાતમાં સં. ૧૬૫૬ના વૈશાખ સુદિ ૪ ને સોમવારે પદવી મહોત્સવમાં ઉપા૦ વિદ્યાવિજયગણિને આચાર્ય બનાવ્યા અને તેમનું નામ આ૦ વિજયદેવસૂરિ રાખ્યું તથા પં૦ મેઘજી ઋષિ (પં૦ ઉદ્‌દ્યોતવિજય)ને ઉપાધ્યાયપદ અર્પણ કર્યું. શેઠ મલજીએ આ પ્રસંગે આમંત્રણ–પત્રિકા કાઢી મહોત્સવ ઉજવ્યો.

આ પદવી મહોત્સવ સાથે ઠક્કર કીકાના ઘરદેરાસરનો પ્રતિષ્ઠાઉત્સવ શરૂ થયો. આચાર્યશ્રીએ સં. ૧૬૫૬ના વૈશાખ સુદ ૭ ને બુધવારે ખંભાતમાં ઠ૦ કીકાના ભ૦ નેમિનાથ પંચતીર્થી ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી તથા શ્રી કાનજીભાઈ મોઢના ભ૦ પાર્શ્વનાથની પંચતીર્થીના ઘરદેરાસરની અને ગાંધી કુંઅરજી નાગર જૈન વગેરે ત્રણ ભાઈઓએ કાવી માટે ભરાવેલ ભ૦ ઋષભદેવની ચરણપાદુકાની અંજનશલાકા કરી. વળી, આ જ ઉત્સવમાં આચાર્યદેવના હસ્તે ગાંધી કુંઅરજી નાગર જૈને પોતાની પત્ની તેજલદેના નામથી અને તેના પુત્ર કાનજીના નામથી કાવીતીર્થના 'રત્નતિલક' જિનપ્રાસાદ માટે ભ૦ ધર્મનાથનાં પરિકરની તથા ભ૦ શાંતિનાથ અને ભ૦ સંભવનાથની જિનપ્રતિમાની અંજનશલાકા કરાવી. ઉપરાંત, પં૦ રાજવિજયગણિને વૈશાખ સુદ ૭ ના એ જ દિવસે ઉપાધ્યાય બનાવ્યા.

(–વિજયપ્રશસ્તિ કાવ્ય, સર્ગ : ૧૭, શ્લો. ૬૦)

ખંભાતમાં આ મહામહોત્સવમાં ૭૦૦ ઉપરાંત મુનિવરો એકઠા થયા હતા. આચાર્યશ્રીએ સં. ૧૬૫૬માં ચાતુર્માસ ખંભાત કર્યું. તે પછી તેઓ પાટણ પધાર્યા.

પાંચ બોલનો પટ્ટક –

આ સમયે તપાગચ્છમાં મહો૦ ધર્મસાગરગણિની પરંપરાના મુનિવરોએ વિવિધ સ્થાનોમાં વિવિધ પ્રશ્નો ઉઠાવી ગચ્છભેદનાં કારણો આપ્યાં. સુરતના સંઘમાં પણ આ અંગે ક્લેશનું વાતાવરણ જન્મ્યું હતું.

આચાર્યશ્રીએ તેની શાંતિ માટે સં. ૧૬૫૭ના માગસર વદિ ૪ ને શનિવારે પાટણમાં પાંચ બોલનો નવો પટ્ટક બનાવી બધાં ગામોમાં મોકલ્યો. તે આ પ્રકારે હતો –

૧. સૌએ ૧૨ બોલના (આ૦ વિજયહીરસૂરિએ બહાર પાડેલા) પટ્ટા ઉપર શ્રદ્ધા રાખવી.

૨. ગીતાર્થોએ ચોમાસામાં તથા પજુસણમાં સંઘની સભામાં ૧૨ બોલનો પટ્ટ જરૂર વાંચવો–વંચાવવો.

૩. તથા પ્રશ્નોત્તર સમુચ્ચય, હીરપ્રશ્ન (વગેરે ત્રણ) ગ્રંથો પણ અવશ્ય વાંચવા. કોઈએ આ ત્રણ ગ્રંથો વાંચવાનો વિરોધ કરવો નહિ.

૪. કોઈએ આ ત્રણ ગ્રંથ સિવાયનાં છૂટાં ચર્ચાપત્રો, આલાવાઓ વગેરે વ્યાખ્યાનમાં વાંચવા નહિ, વંચાવવા નહિ.

૫. સૌએ ૧૨ બોલના પટ્ટકની આજ્ઞા મુજબ માર્ગાનુસારીપણે વર્તવું.

આચાર્યશ્રીએ સુરત સંઘને પણ એ નવો પટ્ટક મોકલવા સાથે તેને સલાહ આપતો ભલામણપત્ર પણ મોકલ્યો હતો.

ગચ્છનાયકે સં. ૧૬૫૭માં અમદાવાદમાં શેઠ મેઘજીની ભ૦ અજિતનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. ચોમાસું પણ અમદાવાદ કર્યું. સં. ૧૬૫૮માં અમદાવાદમાં શેઠ શ્રીપાલ ઝવેરીએ ભરાવેલી ૬૭ આંગળ ઊંચી અને ૧૧ ફણાવાળી ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની શ્રી શામળિયા પાર્શ્વનાથ જિનાલયના ભોંયરામાં પ્રતિષ્ઠા કરી અને તેનું નામ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ રાખ્યું.

ગચ્છનાયકે આ પ્રતિષ્ઠા ઉત્સવમાં ખંભાતના સોની તેજપાલ ઓસવાલની ભ૦ ઋષભદેવની ૭૧ આંગળ ઊંચી જિનપ્રતિમાની અને પાટણના સોની તેજપાલની ભ૦ સુપાર્શ્વનાથની ૪૭ આંગળ ઊંચી જિનપ્રતિમાઓની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરી.

છ'રી પાળતો યાત્રાસંઘ –

આ૦ વિજયસેનસૂરિના ઉપદેશથી અમદાવાદના શેઠ સૂરાએ સં. ૧૬૫૮માં આ૦ વિજયસેનસૂરિ વગેરે મુનિપરિવાર તથા ચતુર્વિધ સંઘને સાથે લઈ અમદાવાદથી આબૂ વગેરે તીર્થોનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેણે રસ્તામાં દરેક ગામોમાં જૈનોના ઘરદીઠ મહમ્મુદિકાની લહાણી-પ્રભાવના કરી હતી.

સંઘપતિએ આબૂતીર્થને મોતી, સોના-ચાંદીનાં પુષ્પો તથા વિવિધ ફળોથી વધાવ્યો. સંઘ આબૂ, સિરોહી, રાણકપુર, નાડલાઈ, વરકાણા વગેરે તીર્થોની યાત્રા કરી અમદાવાદ પાછો આવ્યો. સંઘપતિએ અમદાવાદ આવી અમદાવાદમાં જૈન શ્રાવકોના ઘરદીઠ એક્કેક રૂપિયાની લહાણી-પ્રભાવના કરી.

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૯ના વૈશાખ વદિ ૬ ને ગુરુવારે ગંધાર બંદર પધારી શ્રી અમીઝરા પાર્શ્વનાથ વગેરે ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરી. બીજા ઉલ્લેખ પ્રમાણે આ પ્રતિષ્ઠા સં. ૧૬૬૨માં થઈ હતી.

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૯નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. અમદાવાદના જૈનોએ સં. ૧૬૫૯માં એકંદરે એક લાખ મહમ્મુદિકા ખરચી વિવિધ ધર્મકાર્યોનો લાભ લીધો હતો.

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૬૦માં રાધનપુરમાં ચોમાસું કર્યું. ત્યાંના સૂબા પહાડીએ આચાર્યદેવની ઘણી ભક્તિ કરી. તે વ્યાખ્યાનમાં હંમેશાં આવતો હતો. જૈનોએ બાર વ્રતગ્રહણ, ઉપધાન વગેરે વિવિધ આરાધનાઓ ઓચ્છવપૂર્વક કરી.

રાધનપુરના શ્રીસંઘે રામસેન તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ૦ વિજયસેનસૂરિએ રાધનપુરના સંઘ સાથે રામસેનતીર્થમાં ભ૦ ઋષભદેવની યાત્રા કરી અને રાધનપુર આવી વાસણ જોટાના મોટા જિનાલયની પ્રતિષ્ઠા કરી.

આ૦ વિજયસેનસૂરિ અને મહો૦ સોમવિજયગણિ વગેરેએ સં. ૧૬૬૨ના વૈશાખ સુદિ ૧૫ ને સોમવારે પાટણમાં દોશી શંકર વીશા પોરવાડની પત્ની વહાલીએ ભરાવેલ જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિની મૂર્તિની પ્રતિષ્ઠા કરી.

સૌરાષ્ટ્રમાં વિહાર : યાત્રા, પ્રતિષ્ઠાઓ આદિ –

આ૦ વિજયસેનસૂરિ સપરિવાર સં. ૧૬૬૪માં સુરતથી વિહાર કરી સૌરાષ્ટ્રમાં પધાર્યા અને સં. ૧૬૬૪ના ચૈત્ર સુદિ ૧૫ના રોજ દીવબંદરના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શત્રુંજય તીર્થમાં પધાર્યા.

ગુજરાતના પાટણ, અમદાવાદ, ખંભાત, સુરત વગેરે શહેરોના જૈન સંઘો પણ ગચ્છનાયક યાત્રાએ પધાર્યા છે એ હિસાબે સં. ૧૬૬૪ના ચૈત્ર સુદિ ૧૫ના રોજ શત્રુંજયની યાત્રાએ આવ્યા. તેમણે ગચ્છનાયકને વિનંતી કરી કે, ''આપ સૌરાષ્ટ્રનો ઉપકાર કરવા ભાવના રાખો છો પણ અમારા ગુજરાતનું શું ? તો કૃપા કરીને આ૦ વિજયદેવસૂરિને ગુજરાતમાં વિચરવાની આજ્ઞા આપો.'' ગચ્છનાયકની આજ્ઞાથી આ૦ વિજયદેવસૂરિએ ગુજરાતના સંઘ સાથે એ તરફ વિહાર કર્યો.

જ્યારે ગચ્છનાયક દીવબંદરના સંઘ સાથે પાલિતાણાથી વિહાર કરી ઉના નગરે પધાર્યા.

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૬૪માં ઉનામાં ૧. દીવના શેઠ મેઘજીનાં શ્રાવિકારત્ન લાડકીબાઈનાં જિનાલયોની, ૨. ઉનાની શેઠાણી અમૂલાબાઈનાં જિનાલયની અને ૩. દીવના શેઠ કાલિદાસના જિનાલયની પ્રતિષ્ઠા કરી.★

આચાર્યશ્રીએ આ પ્રદેશમાં સં. ૧૬૬૪ થી ૧૬૬૬ દરમિયાન ઉનામાં ત્રણ, પ્રભાસપાટણમાં બે અને દેલવાડામાં ત્રણ જિનપ્રતિષ્ઠાઓ કરી હતી.

સં. ૧૬૬૫માં દીવબંદરના સૂબા, કાજી, કેપ્ટન કૈલાસ દીવાન અને પાદરીએ દેલવાડા આવી આચાર્યશ્રીને દીવ પધારવા વિનંતી કરવાથી ઉપા૦ નંદિવિજયગણિને ત્યાં ત્રણ દિવસ રહેવાની આજ્ઞા આપી, દીવ મોકલ્યા હતા અને તેમણે સૂબા વગેરે અધિકારીઓને ધર્મોપદેશ આપ્યો હતો. પોર્ટુગીઝના દીવબંદરનો ફિરંગી સૂબો કાલાવશ સૂરિજીના ઉપદેશથી દયાપ્રેમી બન્યો હતો.

પછી આચાર્યશ્રીએ દીવબંદરથી છ'રી પાળતા સંઘ સાથે ગિરનારતીર્થની યાત્રા કરી ત્યારે ગુજરાતના સૂબા આઝમખાનનો પુત્ર ખુરમ સૌરાષ્ટ્રનો નાયબસૂબો હતો. તે ઉગ્ર સ્વભાવનો હતો. જૂનાગઢમાં રહેતો હતો. ગચ્છનાયકે સં. ૧૯૬૫માં જૂનાગઢમાં તેને ઉપદેશ આપી પ્રજા પ્રત્યે રહેમ રાખે એવો બનાવ્યો હતો.

★ આ૦ વિજયસેનસૂરિએ સૌરાષ્ટ્રમાં કરેલાં ચોમાસાં અને પ્રતિષ્ઠાઓની ચોક્કસ સાલવારી મળતી નથી તેથી અમે અહીં આપી નથી.

આચાર્યશ્રીએ સં. ૧૬૬૫માં પ્રભાસપાટણમાં ચોમાસું કર્યું અને અહીં બે જિનપ્રતિષ્ઠાઓ કરી. તે પછી સૌ દેલવાડા પધાર્યા. ત્યાં પણ દીવબંદરના ફિરંગીઓ, અમલદારો વગેરેનો દીવબંદર પધારવા પત્ર આવ્યો. આથી આચાર્યદેવ સપરિવાર દીવબંદર પધાર્યા અને તેમણે ત્યાં સૌને ધર્મોપદેશ આપી પ્રજાપ્રેમી અને અહિંસાપ્રેમી બનાવ્યા.

આચાર્યશ્રીએ સં. ૧૬૬૬માં દેલવાડામાં ત્રણ જિનપ્રતિષ્ઠા અને ત્યાં જ ચોમાસું કર્યું. ત્યાંથી વિહાર કરી ભાણવડ અને જામનગરના જૈનસંઘની વિનંતીથી ભાણવડ પધાર્યા. જામનગરના જૈન સંઘે ભાણવડ જઈ આચાર્યદેવને ચોમાસું કરવા વિનંતી કરી.

આચાર્યશ્રીએ સં. ૧૬૬૭–૬૮માં જામનગરમાં ચોમાસું કર્યું. આચાર્યશ્રીએ જામનગરના જામરાવને ઉપદેશ આપ્યો. આથી તે વધુ પ્રજાપ્રેમી અને દયાપ્રેમી બન્યો. જૈન સંઘે ચોમાસામાં ઘણું દાન-પુણ્ય કર્યું.

ગુજરાતના જૈનોએ જામનગર આવી આચાર્યદેવને ગુજરાત પધારવા વિનંતી કરી. આથી ગચ્છનાયકે સૌરાષ્ટ્રથી વિહાર કરી ગુજરાત તરફ વિહાર કર્યો. તેમણે શંખેશ્વરતીર્થની યાત્રા કરી. આ૦ વિજયસેનસૂરિ અને આ૦ વિજયદેવસૂરિ અહીં મળ્યા. સં. ૧૬૬૯માં તેમણે પાટણમાં ચાતુર્માસ કર્યું.

ગચ્છનાયક સં. ૧૬૭૦માં અમદાવાદ પધાર્યા. આ૦ વિજયદેવસૂરિ સાથે જ હતા. ગામોગામના જૈન સંઘો પણ વાંદવા આવ્યા. અમદાવાદના જૈનોમાં ૧૨ વર્ષથી જ્ઞાતિભેદનો ઝગડો ચાલતો હતો. આચાર્યદેવે સં. ૧૬૭૦માં ચોમાસું કર્યું ત્યારે ઉપદેશ આપી તે ઝઘડો મટાડી જૈન સંઘમાં સંપ કરાવ્યો.

આચાર્યશ્રીએ સં૦ ૧૬૭૧ના મહા મહિનામાં બે અને વૈશાખમાં બે એમ ચાર જિનપ્રતિષ્ઠાઓ કરી.

પરિવાર અને પ્રભાવ –

ગચ્છનાયક આ૦ વિજયસેનસૂરિના પરિવારમાં ૧ આ૦ વિજયદેવસૂરિ, ૮ ઉપાધ્યાયો, ૧૫૦ પંન્યાસો અને ૨૦૦૦ સાધુ-સાધ્વીઓ હતાં.

આચાર્યશ્રીના ઉપદેશથી શત્રુંજય મહાતીર્થ, તારંગા તીર્થ, વીજાપુર, રાણકપુર તીર્થ, કુંભારિયા તીર્થ, પાટણનો પંચાસરા જિનપ્રાસાદ, નારંગપુરીય પાર્શ્વનાથ જિનપ્રાસાદ, રામસેન તીર્થ, શંખેશ્વર તીર્થ, વરકાણા તીર્થ વગેરે સ્થાનોમાં જીર્ણોદ્ધાર થયા.

(–હેમવિજયકૃત વિજયપ્રશસ્તિ કાવ્ય; ગુણવિજયકૃત 'વિજયસેનસૂરિ-નિર્વાણરાસ; ઐતિહાસિક સજ્ઝાયમાળા નં. ૩૬)

આ૦ વિજયસેનસૂરિના વરદ્ હસ્તે પાવાગઢ તીર્થ–ચાંપાનેર, અમદાવાદ,

ખંભાત, વરડોલા, ગંધાર, કાવી, સુરત, રાધનપુર, ઉના, દેલવાડા, પ્રભાસપાટણ વગેરે ઘણાં સ્થાનોમાં જિનપ્રતિષ્ઠાઓ થઈ હતી. ખંભાતમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, અમદાવાદમાં શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથ અને શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ, કાવીતીર્થ, ગંધારબંદર વગેરે પ્રભાવક તીર્થોની સ્થાપના થઈ હતી. ઘણાં તીર્થોમાં જિનાલયોના જીર્ણોદ્ધાર થયા હતા. ઘણી પદવીઓ અપાઈ હતી. ઘણી દીક્ષાઓ થઈ હતી. આચાર્યશ્રી વિજયસેનસૂરિ તે વખતે શ્રમણસંઘમાં ગૌતમ અવતાર સમા ગણાતા હતા.

તેમણે લાહોરમાં બાદશાહ અકબરને, દીવમાં ફિરંગીઓને, જૂનાગઢમાં સૂબા ખુરમને તેમજ સિરોહીનરેશ, જામનગરનરેશ વગેરેને ઉપદેશ આપી પોતાના ભક્તો બનાવ્યા હતા. તેઓ 'સવાઈહીર' એટલે ગુરુ કરતાં સવાયા મનાતા હતા !

'વીરવંશાવલી'માં એક વિશેષ ઉલ્લેખ છે કે,

''આ૦ વિજયસેનસૂરિ સં. ૧૬૬૯માં પાટણમાં હતા ત્યારે મહો૦ નેમસાગરગણિએ મહો૦ સોમવિજયગણિ સાથે ઝઘડો કર્યો હતો. તેમણે ત્યારે ૩૬ બોલવિચાર રચ્યો હતો, આથી આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૭૧ના વૈશાખ સુદ ૩ ના રોજ અમદાવાદમાં હાજા પટેલની પોળમાં ચતુર્વિધ સંઘ સમક્ષ મહો૦ નેમસાગરગણિ પાસે પાંચ બોલના પટ્ટથી વિરુદ્ધ વર્તનનો મિચ્છામિ દુક્કડં દેવડાવ્યો હતો.''

એ પછી આ૦ વિજયસેનસૂરિએ ૧. સર્વજ્ઞશતક, ૨. ધર્મતત્ત્વવિચાર, ૩. પ્રવચનપરીક્ષા, ૪. ઈરિયાવહીકુલક વગેરે ગ્રંથોને ગચ્છના ગીતાર્થ મુનિવરોની સમ્મતિથી પ્રામાણિક તરીકે જાહેર કર્યા હતા.

(–વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ. ૨૨૫)

આ કારણે ઉપા૦ વિનયવિજય ગણિવર લખે છે કે –

''જેણઈ ઉત્સૂત્ર નિવારી દૂરઈ, વિમલ કિયો મુનિપંથ;
વિજયસેનસૂરિ શિરોમણિ, ઉદયો મહાનિગ્રન્થ.'' ૬૨

(–પટ્ટાવલી સજ્ઝાય, ભા. ૨)

સ્વર્ગગમન –

ભટ્ટારક વિજયસેનસૂરિએ સં. ૧૬૭૧ના પોતાના ચોમાસાનો આદેશ ખંભાતમાં આપ્યો.

આ૦ વિજયસેનસૂરિ ૬૭ વર્ષની ઉંમરે સં. ૧૬૭૧ના જેઠ વદિ ૧૧ના રોજ સૂર્યોદયવેળાએ ખંભાતના મહમ્મદપરામાં ચઉસરણાં વગેરે ભણી આરાધના કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામી ગયા.

પં૦ ગુણવિજયગણિ 'વિજયસેનસૂરિ નિર્વાણ રાસ'માં લખે છે – ''સંઘે બે હજાર મહમ્મુદી ખરચી ભટ્ટારકને પૂજ્યા અને મલબારી સુખડની માંડવી બનાવી.''

એક ભ્રામક ઉલ્લેખ મળે છે કે –

''દેહવરૂં થયું તિહાં ગુરુ કેરૂં, ચલું જલ નીલું નાખઈ રે;
તવ પાસઈ કીરતિવિજય બુધ, તેહનઈ ગુરુ ઈમ ભાખેરે. ૬૬૭
(–વિજયતિલકસૂરિરાસ, અધિકાર બીજો, પૃ. ૫૯)

ઇતિહાસ કહે છે કે, આ૦ વિજયસેનસૂરિના સ્વર્ગગમન પછી તપાગચ્છના શ્રમણસંઘમાં બે પક્ષો પડ્યા હતા. બંને પક્ષો એક-બીજા ઉપર આક્ષેપ કરતા હતા.

કોઈ કોઈ વિદ્વાન એમ માને છે કે ગચ્છનાયક વિજયસેનસૂરિનું અવસાન શકમંદ બન્યું હોય. આચાર્યશ્રીની જન્મકુંડલીના શિષ્યસ્થાનમાં રહેલો ધનનો શનિગ્રહ પણ આ શંકાનું સમર્થન કરે છે.

બનવાજોગ છે કે, ગચ્છનાયકે આ ફૂલ્યાફાલ્યા પોતાના શ્રમણસંઘના બે ભાગ પડશે એવી આગાહી થઈ હોય અને તેમને તેનો આઘાત લાગ્યો હોય.

એકંદરે આ૦ વિજયસેનસૂરિ તે સમયના સફળ ગચ્છનાયક હતા. તેમનું સ્વર્ગગમન થતાં આ૦ વિજયદેવસૂરિ ગચ્છનાયક બન્યા.

આધાર ગ્રંથો –

૧. પં૦ વિદ્યાઋષિ શિષ્ય પં૦ દયાનંદગણિ રચિત સં. ૧૬૭૨નું 'વિજયસેનસૂરિ ચરિત્ર.'

૨. ભટ્ટા૦ વિજયદેવસૂરિના વીપા ઋષિના શિષ્ય પં૦ વિદ્યાચંદ્રગણિ રચિત 'વિજયસેનસૂરિ નિર્વાણરાસ', કડી-૫૭.

૩. પં૦ વિદ્યાધરવિમલકૃત 'વિજયસેનસૂરિ સજ્ઝાય', કડી-૯.

૪. પં૦ હેમવિજય ગણિવરનું સં. ૧૬૮૮માં રચાયેલ 'વિજયપ્રશસ્તિ મહાકાવ્ય.'

૫. મહો૦ ગુણવિજયગણિકૃત સં. ૧૬૮૮ના કારતક સુદિ પના સિરોહી કે ઈડરમાં રચાયેલ 'વિજયપ્રશસ્તિ કાવ્ય'ની સંસ્કૃત ટીકા–વિજયદીપિકા.

૬. મહો૦ ગુણવિજયગણિકૃત 'શ્રી તપાગણપતિ ગુણપદ્ધતિ.'

૭. મહો૦ ગુણવિજયગણિકૃત 'વિજયસેનસૂરિ નિર્વાણ રાસ.'

૮. ઉપા૦ મેઘવિજયગણિકૃત 'શ્રી તપાવલી પટ્ટાવલી સૂત્ર વૃત્ત્યનુસંધાન.'

૯. મહો૦ ધર્મસાગરગણિકૃત 'તપાગચ્છ પટ્ટાવલી–તપાગચ્છ ગુર્વાવલી.'

૧૦. મહો૦ ઉદ્દ્યોતવિજયગણિની પરંપરામાં થયેલા દયાકુશલગણિએ સં. ૧૬૪૯માં રચેલો 'લાભોદયરાસ.'

૧૧. મહો૦ કનકવિજયગણિના પ્રશિષ્ય પં૦ ગુણવિજયગણિકૃત 'વિજયસેનસૂરિ સજ્ઝાય.'

૧૨. મહો૦ રત્નચંદ્રગણિએ સં. ૧૬૭૭ કે ૧૬૮૨માં રચેલ કુમતાહિ વિષજાંગુલી.'

ખંભાતના મહમ્મુદપરામાં સ્તૂપ –

આ૦ વિજયસેનસૂરિનો સં. ૧૬૭૧ના જેઠ વદિ ૧૧ના ખંભાતના મહમ્મુદપરામાં સ્વર્ગવાસ થયો. આ સ્થાન ત્યારે ખંભાત પાસે ચોવીસ પરગણામાં હતું. તેનું બીજું નામ અકબરપુરા પણ મળે છે.

દિલ્હીના બાદશાહ જહાંગીરે આગરાના રાજ્યમાન્ય સંઘવી ચંદુ (ચંદ્રપાલ)ને તેની માગણી મુજબ ફરમાન લખી આપ્યું કે, ''સંઘવી ચંદુના સદ્‌ગુરુ સ્વ૦ આ૦ વિજયસેનસૂરિના અગ્નિસંસ્કાર સ્થળે ખંભાતના અકબરપુરામાં સ્તૂપ તેમજ બાગબગીચો બનાવવા અને મેળો ભરવા ૧૦ વીઘા જમીન કાયમને માટે આપવામાં આવે છે.'' (જુઓ પ્રક. ૫૮, પૃ. ૧૭૮, ફરમાન નં. ૧૨ તથા પ્રક. ૫૯માં પૃ. ૩૮૭ પર પ્રભાવક જૈનોમાં 'સંઘવી ચંદુ')

'હીરપ્રશ્ન', 'સેનપ્રશ્ન' વગેરે ગ્રંથો –

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૦માં 'સુમિત્રકુમારરાસ' રચ્યો છે. મહો૦ મેઘવિજયગણિના કથન મુજબ આ૦ વિજયસેનસૂરિએ કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિના ગ્રંથ 'યોગશાસ્ત્ર'નો પ્રથમ શ્લોક **'નમો દુર્વારરાગાદિ'**ના ૭૦૦ અર્થ કર્યા હતા અને 'સૂક્તાવલી' નામે ગ્રંથો રચ્યા છે.

આ૦ વિજયહીરસૂરિ અને આ૦ વિજયસેનસૂરિ સમર્થ વિદ્વાનો હતા. જૈન–જૈનેતર શાસ્ત્રોના પૂરા અભ્યાસી હતા. તેમણે રચેલ 'હીરપ્રશ્ન સમુચ્ચય' અને 'સેનપ્રશ્ન રત્નાકર' ગ્રંથ ઉક્ત યોગ્યતાની સાક્ષી પૂરે છે. ગાગરમાં સાગર જેવા આ બંને ગ્રંથોમાં આપેલા ઉત્તરોથી તેમના જ્ઞાનની પ્રતીતિ થઈ શકે છે.

તેમના પ્રશ્નો સાધારણ રીતે ગુજરાતી ભાષામાં થયા હતા. કેમકે અમને જૂના ગ્રંથભંડારમાંથી મળેલા એક પ્રશ્નપત્રમાં આ૦ હીરવિજયસૂરિએ ફત્તેપુરથી પોતાના શિષ્યને મારવાડમાં પ્રશ્નોત્તરો લખી મોકલ્યા હતા. તેની ગુજરાતી ભાષામાં નકલ હતી. એટલે સંભવ છે કે પ્રશ્ન સંગ્રહ કરનાર વિદ્વાન મુનિવરે તે તે પ્રશ્નોત્તરોને સંસ્કૃત ભાષામાં ગોઠવી 'હીરપ્રશ્ન' તથા 'સેનપ્રશ્ન' ગ્રંથો તૈયાર કર્યા હોય.

આ૦ વિજયસેનસૂરિએ પોતાના મુનિવરો અને ગૃહસ્થોએ જે જે પ્રશ્નો પૂછ્યા તે સૌના શાસ્ત્ર, તર્ક અને પરંપરાના આધારે ઉત્તરો આપ્યા હતા. આ પ્રશ્નોત્તરોના સંગ્રહનું નામ છે 'સેનપ્રશ્ન'.

જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય અને મહો૦ કલ્યાણવિજય ગણિના દીક્ષાશિષ્ય પં૦ શુભવિજયગણિએ સં. ૧૬૭૩ થી સં. ૧૬૭૫ના ગાળામાં ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી 'સેન પ્રશ્નોત્તર રત્નાકર' ગ્રંથ રચ્યો હતો. તેમાં ચાર ઉલ્લાસ છે. પ્રશ્ન કરનારનાં નામો આ છે –

ઉલ્લાસ પહેલો –

	પ્રશ્નકર્તા	પ્રશ્ન	પૃષ્ઠ
૧.	મહો૦ વિમલહર્ષગણિ	૬	૩ થી ૫
૨.	મુનિવિજયગણિ	૬	૬ થી ૭
૩.	મહો૦ કલ્યાણવિજયગણિ	૬	૮ થી ૧૦
૪.	ઉપા૦ મેઘવિજયગણિ	૩	૧૧
૫.	ઉપા૦ સોમવિજયગણિ	૫૮	૧૨ થી ૩૬
૬.	મહો૦ ભાનુચંદ્રગણિ	૬	૩૭
૭.	ઉપા૦ વિવેકહર્ષગણિ	૧૮	૪૪
૮.	ઉપા૦ વિજયરાજગણિ	૩	૪૫
૯.	ઉપા૦ ધર્મવિજયગણિ	૩૦	૪૬ થી ૫૪
	કુલ	૧૩૬	પ્રશ્નોત્તર છે.

ઉલ્લાસ બીજો –

૧.	પંડિત આનંદવિજયગણિ	૪૨	૭૩
૨.	રવિસાગરગણિ	૪	૭૬
૩.	વૃદ્ધ પંડિત કમલવિજયગણિ	૧	૭૬
૪.	વૃદ્ધ પંડિત કમલવિજયગણિ	૪૮	૯૧
૫.	પંડિત હાનર્ષિગણિ	૧૨	૯૫
૬.	નગર્ષિગણિ	૧૧	૯૮
૭.	વિષ્ણુઋષિગણિ	૧૧	૧૦૦
૮.	રત્નચંદ્રગણિ	૨૫	૧૦૯
૯.	જયવિજયગણિ	૮	૧૪૪
૧૦.	ધનવિજયગણિ	૨૪	૧૨૨
૧૧.	વૃદ્ધ પંડિત શુભવિજયગણિ	૧૦	૧૨૪
૧૨.	પંડિત દેવવિજયગણિ	૧	૧૨૫

	પ્રશ્નકર્તા	પ્રશ્ન	પૃષ્ઠ
૧૩.	પંડિત કાનજી(કાન્હર્ષિ)ગણિ	૩	૧૨૫
૧૪.	પંડિત કનકકુશલગણિ	૫	૧૨૭
૧૫.	પંડિત દર્શનસાગરગણિ	૨	૧૨૮
૧૬.	પંડિત વિવેકસાગરગણિ	૨	૧૨૮
૧૭.	પંડિત રામવિજયગણિ	૪	૧૨૮
	કુલ	૨૧૩	પ્રશ્નોત્તરો છે.

ઉલ્લાસ ત્રીજો –

૧.	ગ્રંથકર્તા પં૦ શુભવિજય	૨.	પં૦ દેવવિજયગણિ
૩.	પં૦ વિનયકુશલગણિ	૪.	પં૦ રત્નહર્ષગણિ
૫.	પં૦ પદ્માનંદગણિ	૬.	પં૦ વિદ્યાવિજયગણિ
૭.	પં૦ કાનર્ષિગણિ	૮.	પં૦ જયાનંદગણિ
૯.	પં૦ કુંવરવિજયગણિ	૧૦.	પં૦ ચારિત્રોદયગણિ
૧૧.	પં૦ કીર્તિવિજયગણિ	૧૨.	પં૦ ધનહર્ષગણિ
૧૩.	પં૦ જયવંતર્ષિગણિ	૧૪.	પં૦ ભક્તિસાગરગણિ
૧૫.	પં૦ શુભકુશલગણિ	૧૬.	પં૦ પ્રેમવિજયગણિ
૧૭.	પં૦ મુનિવિમલગણિ	૧૮.	પં૦ દેવવિજયગણિ
૧૯.	વટપલ્લીય પં૦ પદ્મવિજય	૨૦.	પં૦ મેઘવિજયગણિ
૨૧.	પં૦ શ્રુતસાગરગણિ	૨૨.	પં૦ કનકવિજયગણિ
૨૩.	પં૦ કનકવિજયગણિ	૨૪.	પં૦ દયાવિજયગણિ
૨૫.	પં૦ ગુણવિજયગણિ	૨૬.	પં૦ ચંદ્રવિજયગણિ
૨૭.	પં૦ અમરચંદ્રગણિ	૨૮.	પં૦ સત્યસૌભાગ્યગણિ
૨૯.	પં૦ જીવવિજયગણિ	૩૦.	પં૦ જસસાગરગણિ
૩૧.	પં૦ હર્ષચંદ્રગણિ	૩૨.	પં૦ ધર્મવિજયગણિ
૩૩.	પં૦ વિદ્યાવિજયગણિ	૩૪.	પં૦ ધીરકુશલગણિ
૩૫.	પં૦ સોમકુશલગણિ	૩૬.	પં૦ હેમસાગરગણિ
૩૭.	પં૦ રંગવર્ધનગણિ	૩૮.	પં૦ પ્રેમવિજયગણિ
૩૯.	પં૦ નાકર્ષિગણિ	૪૦.	શ્રી માણિક્યવિજયગણિ
૪૧.	શ્રી સૌભાગ્યહર્ષગણિ	૪૨.	પં૦ દામર્ષિગણિ
૪૩.	પં૦ જ્ઞાનસાગરગણિ	૪૪.	શ્રી ભાણ(જીવ)વિજયગણિ
૪૫.	શ્રી સુરવિમલગણિ		કુલ ૪૭૭ પ્રશ્નોત્તરો છે.

ઉલ્લાસ ચોથો –

૧.	જેસલમેર સંઘ	૨.	મુલતાન સંઘ
૩.	દેવગિરિ સંઘ	૪.	વષા સંઘ
૫.	ફત્તેપુર સંઘ	૬.	રાજપુર સંઘ
૭.	આગરા સંઘ	૮.	ઉજ્જૈની સંઘ
૯.	કાકનગર સંઘ	૧૦.	વટપલ્લીય સંઘ
૧૧.	પાટણ સંઘ	૧૨.	અમદાવાદ સંઘ
૧૩.	ખંભાત સંઘ	૧૪.	સુરતબંદર સંઘ
૧૫.	દીવબંદર સંઘ	૧૬.	નવાનગર સંઘ
૧૭.	સીસાંગ સંઘ	૧૮.	મહેમદાબાદ સંઘ
૧૯.	સાચોર સંઘ	૨૦.	ભિન્નમાલ સંઘ
૨૧.	બિભીતક સંઘ	૨૨.	જાલોર સંઘ
૨૩.	પાલી સંઘ	૨૪.	માલપુર સંઘ
૨૫.	ઉણીયાર સંઘ	૨૬.	મેદિનીદ્રંગ સંઘ
૨૭.	ડુંગરપુર સંઘ	૨૮.	ઉદયપુર સંઘ

કુલ ૨૨૧ (૭૧) પ્રશ્નોત્તરો છે.

આ ચારે ઉલ્લાસોમાં એકંદર કુલ ૧૦૧૭ પ્રશ્નોત્તરો છે.

શ્રમણ પરંપરાઓ

જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિ અને આ૦ વિજયસેનસૂરિના સમયમાં જૈન સંઘમાં ઘણા વિદ્વાન શ્રમણો થયા હતા. તે પૈકી કેટલાકનો પરિચય અગાઉ આવી ગયો છે, બીજાઓનો પરિચય આ પ્રકારે છે.

[**વિશેષ નોંધ** : ૫૯મા ભટ્ટા૦ વિજયસેનસૂરિ પછી ૬૦મા ભટ્ટારક આ૦ વિજયદેવસૂરિ તપાગચ્છની મુખ્ય પરંપરામાં આવે છે. આથી તેમની શિષ્યપરંપરા હવે પછીના પ્રકરણ : ૬૦માં આવશે.]

પરંપરા પહેલી –

(૬૦) મહો૦ કમલવિજયગણિ – આ૦ વિજયદાનસૂરિએ સં. ૧૬૧૧માં ખંભાતમાં કર્માશાહને દીક્ષા આપી અને મુનિ કમલવિજય નામ રાખ્યું. તેમને પોતાના પટ્ટધર આ૦ વિજયહીરસૂરિના શિષ્ય બનાવ્યા. પછી ક્રમશઃ ગુરુએ પંન્યાસ અને ઉપાધ્યાય બનાવ્યા. તેઓ આ૦ વિજયસેનસૂરિના સંસારીપણે પિતા હતા.

કેટલાક ગ્રંથલેખકો ઉપા૦ કમલવિજયગણિને વૃદ્ધ પંન્યાસ તરીકે ઓળખાવે છે અને આ૦ વિજયસેનસૂરિના ઉપાધ્યાય તરીકે પણ બતાવે છે. આથી અમે ઉપા૦ કમલવિજયગણિને આ૦ વિજયસેનસૂરિની પરંપરામાં ગોઠવ્યા છે. (આ૦

વિજયહીરસૂરિના શિષ્યગણમાં આ નામ આવતું હોય ત્યાં પણ પ્રક. ૫૮માં નામ-પરિચય આપેલ છે.)

ઉપા૦ કમલવિજય ગણિવરને પં૦ સત્યવિજયગણિ, પં૦ કીર્તિવિજયગણિ, પં૦ ધનવિજયગણિ વગેરે શિષ્યો હતા. તેમાં પં૦ કીર્તિવિજયે સં. ૧૬૮૭ના કારતક સુદિ ૧૦ના રોજ દેલવાડામાં ભટ્ટા૦ વિજયદેવસૂરિના રાજ્યમાં સાધ્વી હેમઋદ્ધિના શિષ્યા કલ્યાણઋદ્ધિ માટે પક્ખીસૂત્રની પ્રત લખી.

(શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશ. નં. ૬૯૫)

મહો૦ કમલવિજય સં. ૧૭૧૦ પછી કાળધર્મ પામ્યા હશે, એટલે સંભવ છે કે તેમની ઉંમર સવાસો વર્ષની અને દીક્ષાપર્યાય સો વર્ષનો હશે* !

(૬૧). **પં૦ સત્યવિજયગણિ** – તે સં. ૧૭૧૯ના પોષ વદિ ૧૪ના રોજ સ્વર્ગે ગયા. (જુઓ વિશેષ પરિચય : પ્રકરણ ૬૨)

(૬૨) **પં૦ સૌભાગ્યવિજયગણિ** – તે મેડતાના શા૦ નરપાલની પત્ની ઇન્દ્રાણીના પુત્ર હતા. તેનું નામ હતું શામળદાસ. તેણે સં. ૧૭૧૯માં પં૦ સત્યવિજયગણિ પાસે દીક્ષા સ્વીકારી અને તેમનું નામ સૌભાગ્યવિજય રાખવામાં આવ્યું. તેઓ પંન્યાસ થયા હતા.

પં૦ સૌભાગ્યવિજયગણિએ 'જિનસ્તવન ચોવીસી' બનાવી છે. તેઓએ સં. ૧૭૪૭ થી સં. ૧૭૭૨ સુધી વિચરી વિવિધ જૈન તીર્થોની યાત્રા કરી હતી. તેઓ ૧૭૭૩ના કારતક (માગસર) વદ ૭ ને શનિવારે પુષ્યનક્ષત્રમાં વીશમા રવિયોગમાં પહેલા પ્રહરમાં અવરંગાબાદ નગરમાં સૌ જીવો સાથે ખમતખામણાં કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

(–જૈન સત્યપ્રકાશ, ક્ર. ૧૧, પૃ. ૪૧૭)

તપાગચ્છની રત્નશાખાના (૫૯) ભટ્ટા૦ વિજયરત્નસૂરિના શિષ્ય (૬૦) પં૦ સોમવિમલગણિના શિષ્ય (૬૧) પં૦ યુગવિમલગણિના શિષ્ય (૬૨) પં૦ રામવિમલગણિ વગેરે પં૦ સૌભાગ્યવિજયગણિની સાથે તીર્થયાત્રામાં હતા. પં૦

★ આ સમયે કમલવિજયગણિ નામના ઘણા મુનિઓ થયા તે આ પ્રમાણે –

(૧) મહો૦ લક્ષ્મીભદ્રીય શાખાની વાચક પરંપરામાં થયેલા પં૦ અમરવિજયગણિના શિષ્ય (૫૭) પં૦ કમલવિજયગણિ.

(૨) જગદ્‌ગુરુ આ૦ વિજયહીરસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય તથા મહો૦ સોમવિજય-ગણિના શિષ્ય મુનિ કમલવિજયગણિ.

(૩) ભટ્ટા૦ વિજયાનંદસૂરિના મહો૦ કમલવિજયગણિ–તેમણે ભટ્ટા૦ વિજયદાનસૂરિ, ભટ્ટા૦ વિજયહીરસૂરિ, ભટ્ટા૦ વિજયસેનસૂરિ, ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને ભટ્ટા૦ વિજયપ્રભસૂરિનું શાસન જોયું હતું.

રામવિમલગણિએ 'તીર્થયાત્રાવર્ણન રાસ' લખાવ્યો હતો. તેમણે તેમાં રસ્તાનાં તીર્થો, ગામો વગેરેનું વિશદ વર્ણન આપ્યું હતું.

પરંપરા બીજી –

(૫૯) ભટ્ટા૦ વિજયસેનસૂરિ.

(૬૦) **પં૦ મેરુવિજયગણિ** – મારવાડના રોહા ગામના શેઠ શ્રીવંત ચૌહાણ પોરવાડના કુટુંબના દશ ભાઈ-બહેનોએ લોંકાગચ્છની યતિ દીક્ષા છોડી તપાગચ્છના આ૦ વિજયહીરસૂરિ પાસે સં. ૧૬૨૮ થી સં. ૧૬૫૧ સુધીમાં સંવેગી દીક્ષા સ્વીકારી હતી. આચાર્યશ્રીએ તે સૌને પોતાના હાથે દીક્ષા આપી પોતાના પરિવારના જુદા જુદા ગીતાર્થોના શિષ્ય બનાવ્યા હતા.

શેઠ શ્રીવંતનો ત્રીજો પુત્ર મેઘો નામે હતો. તેનું લોંકાગચ્છમાં મેઘજી ઋષિ નામ હતું. જગદ્‌ગુરુએ તેનું નામ મેરુવિજય રાખી આચાર્ય વિજયસેનસૂરિના શિષ્ય બનાવ્યા.

મુનિ મેરુવિજય બુદ્ધિવાન અને વિદ્યાવાન હતા, તેથી આચાર્યે તેમને પંન્યાસ પદવી પ્રદાન કરી હતી. તેમણે યમકમય બે ચતુર્વિંશતિ સ્તોત્રો રચ્યાં હતાં.

નોંધ : મહો૦ કલ્યાણવિજયગણિની પરંપરાના પં૦ નયવિજયગણિએ સં. ૧૬૯૨માં અમદાવાદમાં પોતાના શિષ્ય બાલમુનિ જશવિજય (યશોવિજય)ને ભણવા માટે બે સ્તોત્રોની પ્રતિઓ લખી હતી.

(૬૧) પં૦ લાવણ્યવિજયગણિ.

(૬૨) **મુનિ માણેકવિજયજી** – તેનો અમદાવાદમાં સં. ૧૬૪૦ના જન્મ થયો હતો. તેનાં નામ મનજી અને મનરાજ, મનિયા વગેરે પણ હતાં. તેણે માનવસેવા, સાધર્મિકભક્તિ, જિનપ્રતિમાઓ અને જિનાલયોના નિર્માણ, તીર્થોના જીર્ણોદ્ધાર વગેરેનો ઉદાર દિલથી ખૂબ લાભ લીધો. આ સદ્‌કાર્યોથી તેનું કુટુંબ શેઠ મનિયા શ્રીમાલીના નામથી વિખ્યાત બન્યું.

શેઠ મનિયાએ શત્રુંજયતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. ભ૦ વિમલનાથની પ્રતિષ્ઠા કરાવી. યતિઓને પ્રતિલાભ્યા. ૮૪ જૈન ગચ્છોમાં રૂપિયાની લહાણી કરી. મોટી જિનપૂજાઓ ભણાવી. સાત ક્ષેત્રોને પુષ્ટ કર્યાં. આ રીતે ધર્મકાર્યમાં સાત લાખ રૂપિયા વાપર્યા.

શેઠ મનિયા ૭૦ વર્ષની ઉંમરે બીમાર થયા. આથી વૈરાગ્યભાવે પં૦ મેરુવિજયગણિના હાથે દીક્ષા લીધી. પં૦ મેરુવિજયગણિએ તેનું નામ મુનિ માણેકવિજય રાખ્યું અને તેમને પં૦ લાવણ્યવિજયના શિષ્ય બનાવ્યા. મુનિ માણેકવિજય શુદ્ધ ચારિત્ર પાળી સં. ૧૭૧૧માં અમદાવાદમાં અનશન સ્વીકારી આરાધના કરતાં શુદ્ધિપૂર્વક કાળધર્મ પામ્યા. (પ્રક. ૫૯, પૃ. ૩૯૧)

(૬૩) મુનિ વિજયવિજય.

પરંપરા ત્રીજી –

(૫૯) ભટ્ટા૦ વિજયસેનસૂરિ.

(૬૦) મહો૦ નયવિજયગણિ – લોંકાગચ્છના અમદાવાદની ગાદીના શ્રીપૂજ ઋષિ મેઘજી વગેરે ૧૮ યતિઓએ સં. ૧૬૨૮માં અમદાવાદમાં તપાગચ્છના ભટ્ટારક વિજયહીરસૂરિ પાસે સંવેગી દીક્ષા લીધી. આ૦ વિજયસેનસૂરિએ તેમને દીક્ષા આપી પોતાના કે પોતાના ગુરુભાઈઓના શિષ્યો બનાવ્યા. તે બધામાં નાની ઉંમરનો એક બાલ ઋષિ હતો. વિજયસેનસૂરિ ત્યારે ૨૪ વર્ષની ઉંમરના હતા. તેમણે ગુરુઆજ્ઞાથી તે ઋષિનું નામ મુનિ નયવિજય આપી પોતાના શિષ્ય બનાવ્યા હતા.

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૭ના માહ મહિનામાં શંખેશ્વરતીર્થમાં પં૦ નયવિજયગણિને ઉપાધ્યાય બનાવ્યા હતા.

(૬૧) પં૦ જ્ઞાનવિજયગણિ.

(૬૨) પં૦ વીરવિજયગણિ.

(૬૩) પં૦ વિદ્યાવિજયગણિ – તેઓ મહો૦ નયવિજયગણિના હસ્તદીક્ષિત શિષ્ય હતા. તેમણે પાંચ કલ્યાણકનું સ્તવન રચ્યું છે.

(૬૪) પં૦ લબ્ધિવિજયગણિ.

(૬૫) પં૦ ખીમાવિજયગણિ.

પરંપરા ચોથી –

(૬૦) મહો૦ નયવિજયગણિ.

(૬૧) પં૦ કુંઅરવિજયગણિ – તેમણે સં. ૧૬૫૨માં 'હીરવિજયસૂરિ શલોકો' રચ્યો.

પરંપરા પાંચમી –

(૫૯) આ૦ વિજયસેનસૂરિ.

(૬૦) પં૦ હંસવિજયગણિ – તેમનાં બીજાં નામો પં૦ હર્ષવિજય અને પં૦ વિજયહંસ પણ મળે છે.*

વીરમગામના મહો૦ સોમવિજયગણિ વગેરે ત્રણ ભાઈ-બહેનની તથા અન્ય ૧૮ ભાઈ-બહેનોની સં. ૧૬૦૦ થી ૧૬૦૭ સુધીમાં આ૦ વિજયહીરસૂરિ પાસે દીક્ષા થઈ. તે ૧૮માંથી એક મુનિ વિજયહંસ નામે હતા. તે સં. ૧૬૫૦ના

★ આ૦ વિજયસેનસૂરિ સં. ૧૬૬૭ના ચાતુર્માસ માટે લખે છે કે –
પં૦ વિજયહંસગણિ અને પં૦ જયવિજયગણિનું ચોમાસું સાંગાનેર હતું.
(–ક્ષેત્રાદેશપટ્ટક, પ્ર. ૫૫, પૃ. ૧૯૫)
પં૦ જયવિજય આ૦ હીરવિજયસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

પ્રથમ ચૈત્ર સુદિ ૧૫ની શત્રુંજયયાત્રામાં જગદ્‌ગુરુની સાથે હતા. તે તપાગચ્છની હર્ષ, સુંદર કે કુશલ શાખાના હતા. તેમના ગુરુનું નામ જાણવા મળતું નથી પણ તેઓ આ૦ વિજયહીરસૂરિના હસ્તદીક્ષિત હતા તેથી તેમને જ પોતાના ગુરુ તરીકે બતાવે છે. સંભવ છે કે, તેમણે તપાગચ્છના બે પક્ષો પડ્યા ત્યારે પોતાને તે બંનેથી નિરાળા અને મધ્યસ્થ બતાવવા માટે આ નીતિ સ્વીકારી હોય.

(૬૧) પં૦ વિજયસુંદરગણિ – બીજું નામ વિજયકુશળગણિ પણ મળે છે. તે મહાપંડિત હતા. આ૦ વિજયસેનસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા. પં૦ કનકકુશળગણિએ સં. ૧૬૫૫માં મેડતામાં પં૦ વિજયકુશલગણિની વિનંતીથી 'જ્ઞાનપંચમી કથા' (ગ્રં. ૧૫૨) રચી. પં૦ વિનયસુંદરે તેની પહેલી પ્રત લખી.

(૬૨) **પં૦ વિનયસુંદરગણિ** – તેમનું બીજું નામ વિનયકુશળગણિ પણ મળે છે. તે પં૦ વિજયહંસના હસ્તદીક્ષિત શિષ્ય હતા અને તે મહાપંડિત હતા.

પં૦ વિનયકુશલે સં. ૧૬૫૨માં સ્વોપજ્ઞ વૃત્તિવાળું 'મંડલપ્રકરણ' રચ્યું છે. તેનું મહો૦ લાભવિજયગણિએ સંશોધન કર્યું હતું. તેમણે સં. ૧૬૫૩માં વિજાપુરમાં 'તપાગચ્છ ગુર્વાવલી' (કડી : ૨૭) રચી છે. તેમણે તે 'ગુર્વાવલી'માં આ૦ વિજયસેનસૂરિ સુધીના પટ્ટધરોનું વર્ણન કર્યું છે અને જણાવ્યું છે કે, અત્યારે તપાગચ્છમાં ૧. ઉપા૦ ધર્મસાગરગણિ, ૨. ઉપા૦ વિમલહર્ષગણિ અને ૩. ઉપા૦ કલ્યાણવિજયગણિ એ ત્રણ ઉપાધ્યાયો છે. તેઓએ સં. ૧૬૫૩ના વૈશાખ સુદ ૪ ને બુધવારે મેડતામાં ગાદરિયા પદમશીએ ભરાવેલી ભ૦ શાંતિનાથની પ્રતિમાની ભટ્ટા૦ વિજયસેનસૂરિની આજ્ઞાથી પ્રતિષ્ઠા કરી.

(પ્રા. જૈ. લે., ભા. ૨, લે. ૪૪૧)

પં૦ વિનયસુંદરગણિએ સં. ૧૬૭૨માં આગરામાં 'વિચાર સપ્તતિકા'ની પ્રતિ અને સં. ૧૭૨૧ના માગસર સુદ ૧૫ના રોજ સુરતમાં સુશ્રાવિકા વરીબાઈને ભણવા માટે કવિ .....સેવકે બનાવેલ ભ૦ ઋષભદેવના ૧૩ ભવોના સ્તવન (ગા. ૨૪૫)ની ૧૪ પાનાની પ્રતિ લખી છે.

(શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા. ૨, પ્રશસ્તિ નં. ૭૧૫)

પં૦ વિનયસુંદરગણિ વિજયદેવસૂરિસંઘના ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આજ્ઞામાં હતા.

(૬૩) પં૦ કીર્તિકુશલગણિ – તે સં. ૧૭૯૧માં વિદ્યમાન હતા. તેમના ગુરુભાઈ પં૦ શાંતિકુશલે સ્તવન–સજ્ઝાય રચ્યાં છે. પં૦ માનકુશલગણિ અને પં૦ શાંતિકુશલગણિ* સં. ૧૭૯૫માં દેવપત્તનમાં હતાં.

(શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશ. નં. ૭૧૨)

★ પં૦ શાંતિકુશલે સં. ૧૬૬૭માં ભટ્ટા૦ વિજયસેનસૂરિના રાજ્યમાં 'ગોડી પાર્શ્વનાથ સ્તવન' (કડી : ૩૨) બનાવ્યું છે. (–ગોડીજી સ્મારક ગ્રંથ, પૃ. ....)

(૬૪) મહો૦ પદ્મસુંદરગણિ – તેમણે સં. ૧૭૯૯ના આસો સુદ ૧૫ ને રવિવારે સુરતમાં 'નવવાડની સજ્ઝાય' રચી છે.

પરંપરા છઠ્ઠી –

(૬૧) પં૦ વિજયસુંદરગણિ.

(૬૨) પં૦ ઉદયરુચિગણિ – મેડતાથી નૈઋત્ય ખૂણામાં ૧૪ માઈલ દૂર રહેલ કિષ્કિંધાનગર–કેકંદના શા૦ નાપાજી ઉછતવાલ ઓશવાલે કેકંદમાં સં. ૧૬૬૫માં સલાટ તોડર પાસે પોતાના ન્યાયસંપન્ન દ્રવ્યથી ભ૦ આદિનાથનો નવો મોટો જિનપ્રાસાદ બંધાવ્યો. તેમાં મોટો મંડપ અને બે બાજુએ બે ચોકી બનાવી. તપાગચ્છના ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી ઉપા૦ લબ્ધિસાગરગણિ તથા પં૦ વિજયકુશલગણિએ તે ઋષભદેવના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી. પં૦ ઉદયરુચિગણિએ તેની ૪૬ શ્લોકાત્મક પ્રશસ્તિ રચી. પં૦ સહજસાગરગણિના શિષ્ય પં૦ જયસાગરે તેને શિલા ઉપર લખી અને સલાટ તોડરે તેને ઉત્કીર્ણ કરી. (પ્રા. જૈ. લે., ભા. ૨, લે. નં. ૩૭૮)

તેમની પરંપરામાં ૧૯મી શતાબ્દીમાં પં૦ રૂપરુચિગણિ વગેરે થયા. પં૦ દયારુચિગણિએ તપાગચ્છના ભટ્ટા૦ વિજયધર્મસૂરિની આજ્ઞાથી પં૦ દેવવિજયગણિએ બતાવેલ વર્ણનના આધારે સં. ૧૮૩૫ના મહા સુદિ ૫ના રોજ શિવપુરીમાં (છીપરી કે સિરોહીમાં) 'સમ્મેતશિખરરાસ' ઢાળ : ૨૧ (ગ્રં. ૯૦૧) રચ્યો છે.

તપાગચ્છની રુચિપરંપરાના પં૦ માણેકરુચિ ઇન્દોરમાં વિદ્યમાન છે.

પં૦ દોલતરુચિ મગરવાડામાં માણિભદ્રવાળી ગાદીએ હતા.

પરંપરા સાતમી –

(૫૯) આ૦ વિજયસેનસૂરિ.

(૬૦) પં૦ સોમકુશળગણિ – તે તપાગચ્છની કુશલ શાખાના હતા પણ તેમના ગુરુનું નામ મળતું નથી. તેઓ આ૦ વિજયસેનસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા. તેમની આજ્ઞામાં જ હતા. તે તેમને પોતાના ગુરુ તરીકે બતાવે છે. સંભવ છે કે, તેમણે તે વખતે તપાગચ્છના બે પક્ષો પડ્યા ત્યારે પોતાને તે બંનેથી નિરાશા થતાં મધ્યસ્થ બતાવવા માટે આ નીતિ સ્વીકારી હોય.★

તેમને ૧. પં૦ કનકકુશલગણિ અને ૨. પં૦ પુણ્યકુશલગણિ એમ બે વિદ્વાન શિષ્યો હતા.

★ વૈરાટ્યનગરના સંઘપતિ ઇન્દ્રરાજ શ્રીમાલીએ ઇન્દ્રવિહાર (જિનપ્રાસાદ) બનાવી તેની સં. ૧૬૪૪ના મહો૦ કલ્યાણવિજયના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેની પ્રશસ્તિ પં૦ લાભવિજયગણિએ રચી અને પં૦ સોમકુશલે શિલા ઉપર લખી.

(૬૧) પં૦ કનકકુશલગણિ – તે પં૦ કમલવિજયગણિના વિદ્યાશિષ્ય તેમ જ મહો૦ શાંતિચંદ્રગણિના પણ વિદ્યાશિષ્ય હતા. (–રોહિણી કથા)

તેમને ઘણા ગ્રંથો રચ્યા છે –

૧ જિનસ્તુતિ (ગ્રં. ૨૮), સં. ૧૬૪૧.
૨ ઋષભનમ્રસ્તોત્ર (ગ્રં. ૪૫૭), સં. ૧૬૫૨.
૩ કલ્યાણમંદિરસ્તોત્ર–વૃત્તિ (ગ્રં. ૬૦૦), સં. ૧૬૫૨.
૪ ભક્તામરસ્તોત્ર–વૃત્તિ, સં. ૧૬૫૨, સાદડી.
૫ ગોડીજી પાર્શ્વનાથ સ્તવન.
૬ ચતુર્વિંશતિજિન સ્તોત્ર–વૃત્તિ (ગ્રં. ૫૦૧), સં. ૧૬૫૨.
૭ પંચમી પર્વસ્તુતિ–વૃત્તિ, સં. ૧૬૫૨.
૮ વિશાલલોચન ચૈત્યવંદન વૃત્તિસંગ્રહ, સં. ૧૬૫૨, સાદડી.
૯ દેવાઃ પ્રમોડયં૦ સ્તોત્રવૃત્તિ.
૧૦ શોભનસ્તુતિ–વૃત્તિ.
૧૧ સકલાર્હત્ ચૈત્યવંદન–વૃત્તિ, સં. ૧૬૫૪.
૧૨ જ્ઞાનપંચમી કથા* (ગ્રં. ૧૫૨), સં. ૧૬૫૫, મેડતા.
૧૩ દાનપ્રકાશ (પ્ર. ૮, શ્લો. ૭૯૦), સં. ૧૬૫૬.
૧૪ રત્નાકર પંચવિંશતિ–વૃત્તિ, સં. ૧૬૫૬.
૧૫ સાધારણ જિનસ્તવન–વૃત્તિ, સં. ૧૬૫૬.
૧૬ સુરપ્રિયમુનિકથા, સં. ૧૬૫૬.
૧૭ રોહિણીકથા, શ્લો. ૨૦૨, સં. ૧૬૫૭.
૧૮ સ્નાતસ્યા૦ સ્તુતિ–વૃત્તિ, સં. ૧૬૫૮.
૧૯ જ્ઞાનપંચમી–બાલાવબોધ, સં. ૧૬૮૦.
૨૦ વરદત્ત–ગુણમંજરી બાવની, શ્લો. ૫૨.
૨૧ હરિશ્ચંદ્રરાજાનો રાસ, સં. ૧૬૯૭.
૨૨ દિવાળી કલ્પ.

(–એપિગ્રાફિકા ઇંડિકા ૨/૫૯; પ્રા. જૈ. લે. સં., ભા. ૨, બે. નં. ૧૩નું વિવરણ; જૈનયુગ–નવું વર્ષ બીજું, અંક : ૩; જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૫૬)

★ પં૦ કનકકુશલગણિએ પં૦ વિજયસુંદરગણિની વિનંતીથી 'જ્ઞાનપંચમી કથા' રચી, જેનું પં૦ પદ્મવિજયગણિ અને પં૦ જયવિજયગણિએ સંશોધન કર્યું તથા પં૦ વિજયસુંદર-ગણિએ પહેલી પ્રતિ લખી.

પરંપરા આઠમી –

(૫૯) આ૦ વિજયસેનસૂરિ.

(૬૦) પં૦ સોમકુશલગણિ.

(૬૧) પં૦ પુણ્યકુશલગણિ – તેમણે સં. ૧૬૫૯ના માઘ વદિ ૧૩ના રોજ 'ભરત-બાહુબલી મહાકાવ્ય' સર્ગ : ૧૮ (ગ્રં. ૧૫૩૪) રચ્યું છે.

ગ્રંથકારો –

આ સમયે ઘણા મુનિઓ–ગ્રંથકારો થયા હતા.

૧ પં૦ કુશલરાજકીર્તિગણિએ સં. ૧૬૩૩માં વીરપુરમાં આ૦ વિજયસેનસૂરિના રાજ્યમાં 'વિજયચંદ્રકેવલિચરિત્ર' (શ્લો. ૪૯૦૦) રચ્યું છે.

૨ તપાગચ્છની કમલકલશશાખાના ૫૯ ભટ્ટા૦ નર્બુદાચાર્યે સં. ૧૬૬૫માં 'કોકશાસ્ત્ર' ચોપાઈબંધ કાવ્ય રચ્યું છે.

૩ તપાગચ્છની સોમશાખાના પં૦ લક્ષ્મીકુશલગણિએ સં. ૧૬૮૪માં 'વૈદ્યકસારોદ્ધાર' રચ્યો છે.

૪ તપાગચ્છની સોમશાખાના પં૦ દેવશીલગણિએ સં. ૧૬૧૯ના બીજા શ્રાવણમાં વડગામમાં 'વેતાલપચીસી' રચી.

૫ પં૦ હેમાનંદે સં. ૧૬૪૬માં 'વેતાલપચીસી' રચી.

૬ પં૦ વરતાગણિ ભ્રાતા પં૦ યાદવગણિના શિષ્ય મુનિ વિજય (જિનવિજય) સં. ૧૬૫૨ના આસો વદ ૨ ને ગુરુવારે આ૦ વિજયસેનસૂરિના રાજ્યમાં વિદ્યમાન હતા.

૭ (૧) પં૦ ચતુરવિજયજી, (૨) પં૦ વિવેકવિજયજી, (૩) પં૦ પ્રમોદ-વિજયજી, (૪) પં૦ નેમવિજયજી સં. ૧૬૫૯માં સમીમાં હતા.

૮ વડગચ્છના ભટ્ટા૦ ભાવદેવસૂરિના શિષ્ય મુનિદેવે ગ્રંથ રચ્યો છે.

૯ ઉપા૦ રવિવર્ધનગણિએ સં. ૧૭૩૯માં પાટણમાં 'તપગચ્છ પટ્ટાવલી' રચી છે. આ૦ જિનપ્રભસૂરિનો સંસ્કૃત કલ્પ લખ્યો છે.

૧૦ પં૦ પદ્મસાગરગણિએ સં. ૧૬૫૭માં પીપાડથી મુનિ પ્રેમસાગરની વિનંતીથી ભટ્ટા૦ વિજયસેનસૂરિના રાજ્યમાં 'ઉત્તરજ્ઝયણસુત્ત'ની બૃહદ્વૃત્તિની પ્રાકૃત કથાઓને સંસ્કૃતમાં ઉતારી.

૧૧ પં૦ નગર્ષિગણિએ સં. ૧૬૫૭ના વૈશાખ સુદ ૭ ને શુક્રવારે હર્ષણ યોગમાં ભટ્ટા૦ વિજયસેનસૂરિના રાજ્યના અને આ૦ વિજયદેવસૂરિના યૌવરાજ્યમાં સંસ્કૃતમાં 'સ્થાનાંગસૂત્ર'ની દીપિકા (ગ્રં. ૧૮૦૦) રચી. તેનું પં૦ વિમલહર્ષગણિએ સંશોધન કર્યું હતું.

૧૨ પં૦ ગુણહર્ષગણિએ તેમના ગુરુ ભટ્ટા૦ વિજયદેવસૂરિના રાજ્યમાં 'દિવાળી સ્તવન' (ઢાળ : ૧૦) રચ્યું છે અને 'દિવાળી સજ્ઝાય' (કડી : ૧૧) રચી છે.

(**મહો૦ મેઘવિજયજી** – તે ગુજરાતી લોંકાગચ્છ–નાનીપક્ષના, બાલાપુરની ગાદીના શ્રીપૂજ ઋષિ કેશવજીની ગાદીએ આવેલા ઋષિ મેઘજી, જેઓએ વિ. સં. ૧૬૬૦માં પાટણમાં શ્રી વિજયસેનસૂરિના પરિવારના પં૦ કૃપાવિજયગણિ પાસે સંવેગી દીક્ષા સ્વીકારી, અને જેમનું નામ મુનિ મેઘવિજયજી રાખવામાં આવ્યું, જે પાછળથી મોટા ગ્રંથકાર મહોપાધ્યાય મેઘવિજયજી તરીકે પ્રસિદ્ધિ પામ્યા. જુઓ 'શાસનપ્રભાવક શ્રમણભગવંતો' ભા. ૧, પૃ. ૩૩૪-૩૩૫)

તીર્થસ્થાપના–નિર્માણ

આ૦ વિજયસેનસૂરિએ ઘણાં તીર્થોનાં જિનાલયોના જીર્ણોદ્ધાર કરાવ્યા હતા. ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરી હતી. ઘણાં તીર્થોની સ્થાપના કરી હતી.

(**નોંધ** : તેમણે પ્રતિષ્ઠા કરેલી પંચતીર્થી ધાતુ મૂર્તિઓમાં કલાભરી વિશેષતા જોવા મળે છે.)

૧. ખંભાતમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદ –

આ૦ વિજયસેનસૂરિના વરદ્ હસ્તે સં. ૧૬૪૫ના જેઠ સુદિ ૧૨ ને સોમવારે શ્રીમાળી શેઠ વજિયા–રાજિયા પારેખે ખંભાતમાં, સાગવટ–પાડામાં બંધાવેલ ભવ્યાતિભવ્ય જિનાલયમાં તેમણે ભરાવેલી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથાદિ જિનપ્રતિમાઓની તેમજ અન્ય અનેકે ભરાવેલી પ્રતિમાઓની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહામહોત્સવપૂર્વક કરવામાં આવી હતી. જેમકે –

(૧) ખંભાતમાં સાગવટપાડામાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય.

(૨) ખંભાતમાં શ્રી મહાવીરસ્વામીનું જિનાલય.

(૩) ખંભાતથી એક કોશ દૂર નેજા ગામમાં ભ૦ ઋષભદેવનું જિનાલય.

(૪) કાવીબંદરના સર્વજિતપ્રાસાદ માટે શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા.

(૫) ગંધારના જિનપ્રાસાદ માટે શ્રી નવપલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિમા.

(૬) વરડોલામાં કરહેડા પાર્શ્વનાથનો જિનપ્રાસાદ.

(૭) વરડોલા ગામ માટે ભ૦ નેમિનાથની પ્રતિમા વગેરે.

ખંભાતમાં આચાર્યદેવના હાથે મોટો જિનપ્રાસાદ અને જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા શેઠ વજિયા–રાજિયાએ કરાવી હતી. આ ચિંતામણિ જિનપ્રાસાદમાં ઉપરનો ભાગ અને ભોંયરું પણ બનાવ્યું હતું. મૂળનાયક ભ૦ ચિંતામણિ

પાર્શ્વનાથની ૪૧ આંગળ ઊંચી અને ૭ ફણાવાળી પ્રતિમા પધરાવી હતી. તેની બંને બાજુએ ધરણેન્દ્ર તથા પદ્માવતીની મૂર્તિઓ બિરાજમાન હતી. આ સિવાય મૂળ દેરાસરમાં ભ૦ શાંતિનાથની ૨૭ આંગળ ઊંચી નવી જિનપ્રતિમા વગેરે પ્રતિમાઓ પધરાવી હતી.

આ જિનપ્રાસાદના ભોંયરામાં જિનાલય બંધાવ્યું હતું. તે ભોંયરું ચોખ્ખું અને દશ હાથ ઊંચું હતું. ભોંયરામાં ઊતરવા માટે પંદર પગથિયાં હતાં. ભોંયરાના દરવાજા ઉપર ગણેશ (અથવા શ્રી પાર્શ્વયક્ષ)ની પ્રતિમા હતી. ભોંયરામાં છ દરવાજા હતા. વીશ દ્વારપાલ હતા. તેમાં પાંચ પ્રતીહારો હતા. બાર થાંભલા હતા. સાત નાની દેરીઓ હતી. પચીસ જિનપ્રતિમાઓ બેસાડી હતી. ધ્વજાદંડ પણ હતો.

આ૦ વિજયસેનસૂરિએ સર્વ જિનપ્રતિમાઓ અને દેવ-દેવીઓની મૂર્તિની પ્રતિષ્ઠા કરી હતી.

વિશેષ ઇતિહાસ મળે છે કે, આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૭માં અમદાવાદની કોઠારી પોળમાં ભ૦ મહાવીરસ્વામીના જિનાલયના ભોંયરામાં શા૦ પુણ્યપાલ વગેરે ત્રણ ભાઈઓએ ભરાવેલ ભ૦ શીતલનાથ અને ભ૦ સંભવનાથની પ્રતિષ્ઠા કરી ત્યારે ખંભાતના શેઠ વજિયા–રાજિયા પારેખે ભરાવેલા ભ૦ ઋષભદેવની ૩૭ આંગળ ઊંચી જિનપ્રતિમાની પણ અંજનશલાકા કરી હતી. આ પ્રતિમાને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદના ભોંયરામાં પધરાવી હતી.

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદની ૭૨ શ્લોકાત્મક પ્રશસ્તિ પં૦ કમલવિજયગણિના શિષ્ય મહાકવિ પં૦ હેમવિજયગણિએ બનાવી છે. પં૦ લાભવિજયગણિએ તેનું સંશોધન કર્યું હતું. તેમના ગુરુભાઈ મહો૦ કીર્તિવિજય-ગણિના શિષ્ય પં૦ કાંતિવિજયગણિએ તેને આરસની શિલા ઉપર લખી અને શિલ્પી શ્રીઘરે તેને ઉત્કીર્ણ કરી હતી.

૨. અમદાવાદનું શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય –

તપાગચ્છના નાયક આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૪ના મહા સુદિ પના રોજ અમદાવાદના અકમીપુરમાં ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી અને ત્યાં જ ચાતુર્માસ નિર્ગમન કર્યું. અમદાવાદમાં ત્યારે બાદશાહ અકબર તરફથી કાજી હુસેન સૂબો હતો. એ ચોમાસા પછી સં. ૧૬૫૫માં અમદાવાદના કૃષ્ણપુર (કાળુપુર)માં પધાર્યા ત્યારે શિષ્યો પૈકી કેટલાક અગ્રણી મુનિઓને સ્વપ્ન આવ્યું કે, તમે ઢીગવાવાડા (ઢીંકવાપાડા)ની પાસેની અમુક જમીન ખોદાવજો. મુનિઓએ શ્રાવકો દ્વારા સૂબાને આ વાત જણાવી. તેની પરવાનગી મેળવી તે જમીન ખોદાવી. ખોદતાં ખોદતાં ત્યાંથી પાર્શ્વનાથની કૃષ્ણ રંગની ભવ્ય જિનપ્રતિમા

નીકળી આવી. આ૦ વિજયસેનસૂરિએ ત્યાં આવી સૂબાની પરવાનગી મેળવી તે જિનપ્રતિમાને બહાર કઢાવી અમદાવાદના સિકંદરપુરમાં પધરાવી. ગચ્છનાયકે તેનું નામ શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ રાખ્યું.

આચાર્યશ્રીએ સં. ૧૬૫૫માં સિકંદરપુરમાં ચાતુર્માસ કરી શ્રીસંઘને મોટો જિનપ્રાસાદ બંધાવવાનો ઉપદેશ આપ્યો અને શ્રીસંઘે ત્યાં મોટો જિનપ્રાસાદ બંધાવ્યો.

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૬ના માગસર સુદિ ૫ ના અમદાવાદમાં સિકંદરપુર (બીબીપુર)માં શ્રીસંઘે બંધાવેલા ભવ્ય જિનાલયમાં શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી.*

૩. અમદાવાદનું શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલય –

ભટ્ટા૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૮માં અમદાવાદમાં શેઠ શ્રીપાલ ઝવેરીએ ભરાવેલી ૬૩ આંગળ ઊંચી ૧૧ ફણાવાળી ભ૦ પાર્શ્વનાથની જિનપ્રતિમાની શ્રી શામળિયા પાર્શ્વનાથ જિનાલયના ભોંયરામાં પ્રતિષ્ઠા કરી તેનું નામ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ રાખવામાં આવ્યું.

૪. ગંધારતીર્થ :

ગંધારના વતની અને ખંભાતમાં આવીને વસેલા ભાઈઓ શ્રી વજિયા અને રાજિયા પારેખે આ૦ વિજયસેનસૂરિના હાથે સં. ૧૬૪૫ જેઠ સુદિ ૧૨ના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠા તથા ગંધારના શ્રી નવપલ્લવિયા પાર્શ્વનાથ ભ૦ની અંજનશલાકા કરાવી; અને એ જ વર્ષમાં શ્રી વજિયા–રાજિયા પારેખે ગંધારમાં બંધાવેલ નૂતન જિનપ્રાસાદે શ્રી નવપલ્લવિયા પાર્શ્વનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા આ૦ વિજયસેનસૂરિના જ હસ્તે કરાવી; અને ત્યારથી ગંધારબંદર તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું. આચાર્યશ્રીએ સં. ૧૬૪૫નું ચાતુર્માસ ગંધારમાં જ કર્યું.

તપાગચ્છના આ૦ સૌભાગ્યહર્ષસૂરિના શિષ્ય પં૦ કલ્યાણહર્ષે સં. ૧૫૯૪માં ગંધારમાં 'કૃતવર્મારાસ' રચ્યો.

ગંધાર બંદર પહેલેથી જ જૈન વસતીથી ભરપૂર હતું. આભૂ પોરવાડના વંશજ વ્યવહારી પરબત અને વ્ય૦ કાનજીએ સંડેરથી આવી ગંધારમાં મોટી

★ અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદનો મોટા પાયે જીર્ણોદ્ધાર કરી, લગભગ ૨૬ વર્ષે, સં. ૧૬૮૨ના જેઠ વદિ ૯ ને ગુરુવારે ઉપા૦ મુક્તિસાગર ગણિવરના હાથે ખૂબ ધામધુમથી પ્રતિષ્ઠા કરાવી. આ સમયે પ્રતિમાનું નામ ભ૦ વિજયચિંતામણિ પાર્શ્વનાથ હતું તેને બદલે ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ નામ રાખવામાં આવ્યું. (પ્રક. ૫૮, પૃ. ૨૨૪)

જિનપ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે અચલગચ્છના આ૦ જયાનંદસૂરિ તથા આ૦ વિવેકસૂરિ પાસે સમ્યક્ત્વપૂર્વક બાર વ્રત અને ચોથું બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યાં. ત્યારે તેમણે ત્યાંના દરેક ઉપાશ્રયમાં કલ્પસૂત્રની પ્રતિઓ આપી હતી. દરેક ઉપાશ્રયમાં ગુરુઓની રૂપાનાણાથી પૂજા કરી. જૈનોને જમાડી વસ્ત્રોની પ્રભાવના કરી. સં. ૧૫૭૧માં જિનાગમ ગ્રંથભંડાર બનાવ્યો. તેમણે આ ભંડાર માટે સં. ૧૬૯૬માં આ૦ હીરવિજયસૂરિના શિષ્યો પાસે 'નિશીથચૂર્ણિ'ની પ્રતિ લખાવી.

એ સમયે ગંધારમાં વ્ય૦ પરબત, વ્ય૦ કાનજી, વ્ય૦ પોઈયા, વ્ય૦ સહસ્રવીર, વ્ય૦ ઉદયકરણ, શ્રાવિકાઓ બાઈ વીકા, બાઈ કકૂ, બાઈ રઢી, બાઈ પોસી વગેરેએ ઘણા ગ્રંથો લખાવ્યા. (પ્રક. ૪૫, પૃ. ૧૦૦–૧૦૧)

ગંધારના શ્રીમાલી વર્ધમાન, પુત્રો રામજી ગંધારિયા વગેરે, આભૂ પોરવાડના વંશજ વ્ય૦ વઈયા (પાઈયા), વ્ય૦ સમરિયા પોરવાડ, પરી (પરીખ) દેવજી શ્રીમાલી, ભાર્યા કમલાદેવી, પુત્ર મુથા પરીખ, ગૂર્જર શ્રીમાલી શ્રીકરણ દોશીની ભાર્યા અમરી, પુત્ર હંસરાજ, સંઘવી સીપા (શ્રીપાલ) પોરવાડ, ભાર્યા ગીસુ અને પુત્રો જીવંત વગેરે, દોશી તેજપાલની ભાર્યા ભોટકીના પુત્રો દોશી પંચાણ, ભીમજી, નાનજી અને દેવરાજ વગેરેએ સં. ૧૬૨૦માં શ્રી શત્રુંજયતીર્થ ઉપર તપાગચ્છના ભટ્ટા૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિ પાસે ઘણી દેરીઓની પ્રતિષ્ઠા કરાવી. (પ્રક. ૫૭, પૃ. ૮–૯.) આ૦ વિજયહીરસૂરિએ ગંધારમાં ૩૦૦ સાધુ અને ૭૦૦ સાધ્વીઓ સાથે ત્રણ ચાતુર્માસ કર્યાં હતાં. ત્યારે અહીં ૧૭ દેરાસર હતા.

આ૦ વિજયહીરસૂરિ સં. ૧૬૩૮માં ગંધારમાં રામજી ગંધારિયાના આગ્રહથી પોતાના મોટા પરિવાર સાથે ચોમાસું રહ્યા હતા. તેમને ત્યાં જ ફત્તેપુરસિક્રી પધારવા માટે બાદશાહ અકબરનું આમંત્રણ મળ્યું અને તેઓ સં. ૧૬૩૯ના માગશર વદિ ૭ના રોજ ગંધાર બંદરથી વિહાર કરી ફત્તેપુરસિક્રી પધાર્યા.

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૩૪ના જેઠ સુદિ ૧૦ ને શુક્રવારે ગંધારમાં શેઠ ઈંદરજીએ ભરાવેલા ભ૦ મહાવીરસ્વામીના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી.

સં. ૧૬૪૫ની પ્રતિષ્ઠા પછી પણ સં. ૧૬૫૯માં આ૦ વિજયસેનસૂરિએ ગંધારના સંઘે ભરાવેલ શ્રી અમીઝરા પાર્શ્વનાથ અને બીજી ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

આ૦ વિજયદેવસૂરિએ ગંધારના સંઘે ભરાવેલ ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા તથા ભ૦ મુનિસુવ્રતસ્વામીની પ્રતિષ્ઠા સં. ૧૬૭૭ના માગસર સુદ ૭ ને રવિવારે ખંભાતમાં કરી.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૭૧૦ના વૈશાખ સુદ ૧૦ ને શુક્રવારે ગંધાર

અને અમદાવાદ, ખંભાત, પાટણ, સુરત, કાવી વગેરે જૈન સંઘોની ઉપસ્થિતિમાં ગંધાર તીર્થે પોતાના શિષ્ય પં૦ વીરવિજયગણિને આચાર્યપદ આપ્યું હતું; અને તેમનું નામ વિજયપ્રભસૂરિ રાખવામાં આવ્યું હતું.

મહો૦ ગુણવિજયગણિએ સં. ૧૬૮૮ લગભગમાં આ૦ વિજયસિંહસૂરિના સમયે ગંધારના જૈન માલજીને ખુશ કરવા માટે 'શ્રી તપગણપતિ ગુણપદ્ધતિ' રચી.

મહો૦ વિનયવિજયગણિએ સં. ૧૭૧૩માં ગંધારમાં ભટ્ટા૦ વિજયપ્રભસૂરિના રાજ્યમાં 'શાંતસુધારસ' નામક કાવ્યગ્રંથો રચ્યો.

[**સંપાદકીય નોંધ** : વિ. સં. ૨૦૫૭ આસપાસ પ્રાપ્ય વિગત મુજબ, વર્તમાનમાં અહીં ત્રણ દેરાસર છે. (૧) શ્રી અમીઝરા પાર્શ્વનાથ. (૨) ભ૦ મહાવીરસ્વામી. આ દેરાસર ફરતી દેરીઓ છે, જે પૂર્વે શ્રી અમીઝરા પાર્શ્વનાથના દેરાસર ફરતી હતી. (૩) ભ૦ મહાવીરસ્વામી.

આ ત્રણે દેરાસરના મૂળનાયક અને બીજી કેટલીક જિનપ્રતિમાઓ પ્રાચીન છે. અહીં કાચના જડતરકામવાળા કેટલાક તીર્થપટ્ટો પણ પ્રાચીન અને કલાત્મક છે.

આ દેરાસરની લાઈનમાં જ, પાછળના ભાગે, લગભગ ૧ કિલોમીટર દૂર એક ખંડેર દેરાસર છે. આ દેરાસરના ભોંયરામાં જે પ્રતિમાજીઓ હતાં તે આજથી લગભગ ૧૫૦ વર્ષ પહેલા ત્યાંથી લાવી અહીં બિરાજમાન કરવામાં આવ્યાં હતાં. તેમાં પહેલાં અને બીજાં દેરાસરના મૂળનાયક જે ત્યાંથી જ લાવવામાં આવ્યાં હતાં. દહેજબંદરમાં બિરાજમાન મૂળનાયક ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા પણ ત્યાંથી જ દહેજ લાવવામાં આવી હતી. ગંધારનું ત્રીજું છેલ્લું દેરાસર છે તે સં. ૨૦૨૮માં નવું બંધાવવામાં આવ્યું છે, જેની પ્રતિષ્ઠા આ૦ વિજય-રામચંદ્રસૂરિ હસ્તે થઈ છે.

અહીં અને આસપાસના ગામોમાં તેલના કૂવા નીકળી આવ્યા છે. આજથી ૧૫-૨૦ વર્ષ પહેલા અહીં નજીકના એક તેલના કૂવામાં અકસ્માત મોટી આગ લાગતાં દેરાસરની પ્લીથમાં અને કોઈ કોઈ જગ્યાએ પાછળની દીવાલમાં તીરાડો પડી ગઈ છે.]

૫. કાવી તીર્થ અને નાગરવંશ –

[**નોંધ** : નાગરગચ્છ–જ્ઞાતિ–વંશ અને કાવી તીર્થની કેટલીક વિગત અગાઉ પ્રક. ૪૨, પૃ. ૫૩૦ થી ૫૩૩ ઉપર આપી છે.]

કાવી એ ખંભાતના અખાતને મહી નદી મળે છે તેના સંગમ સ્થાને આવેલું છે. કાવીનું પ્રાચીન નામ કંકાવટી હતું.

વિ. સં. ૧૬૫૦ પૂર્વે કાવી તીર્થ નાગર જૈનો દ્વારા જીર્ણોદ્ધારપૂર્વક ખ્યાતિ

પામ્યું. નાગરગચ્છ તેનાથી પણ વધુ પ્રાચીન છે. વિ. સં. ૮૮૪ના ગોવિંદરાજના તામ્રપત્રમાં કાપિકાનો ઉલ્લેખ છે કે શ્વેતાંબર જૈન ગચ્છોમાં નાગરગચ્છ પ્રાચીન છે. જૈન મહાજનોની ૮૪ જ્ઞાતિઓમાં નાગર પણ એક જ્ઞાતિ છે. આ નાગરજ્ઞાતિમાં એક નાગરવંશ થઈ ગયો, જેની વંશાવલી આ પ્રમાણે છે :

(૧) **ગાંધી દેપાલજી** – તે વડનગરનો ભદ્રસિયાણા ગોત્રનો દશા નાગર જૈન હતો.

(૨) અલુમો. (૩) લાકડચંદ.

(૪) બાદુઆ (બાડુકચંદ) – તે વડનગરથી ખંભાત આવીને વસ્યો. આ૦ હીરવિજયસૂરિના ઉપદેશથી દ્રઢ જૈનધર્મી બન્યો અને પરિવાર તેમજ ધનથી સંપન્ન થયો. તેને પોપટી અને હીરા નામે બે પત્નીઓ હતી. પોપટીને કુંવરજી અને હીરાને ધર્મદાસ તથા વીરદાસ નામે પુત્રો હતા.

કાવીમાં લાકડાં, ઈંટ અને માટીથી બનાવેલું શ્રી શત્રુંજય તરીકે ઓળખાતું શ્રી આદીશ્વરનું પ્રાચીન જિનાલય હતું. તેને પોતાની લક્ષ્મી વાપરી જીર્ણોદ્ધાર કરાવતાં શ્રેષ્ઠી બાદુઆએ પૂર્વ–પશ્ચિમમાં ૯૦ ફૂટ અને ઉત્તર-દક્ષિણમાં ૬૧ ફૂટ પરિમાણ ભૂમિમાં બાવન જિનાલયવાળો ભ૦ ઋષભદેવનો સર્વજિતપ્રાસાદ તૈયાર કરાવ્યો.

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૪૫ જેઠ સુદ ૧૨ના ખંભાતમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની પ્રતિષ્ઠા કરી અને તે જ સમયમાં ગાંધી બાદુઆના કાવીના સર્વજિતપ્રાસાદ માટે ભરાવેલા ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમાની અંજનશલાકા પણ કરી હતી.

ત્યારબાદ, આ૦ વિજયસેનસૂરિ રાધનપુરથી લાહોર તરફ વિહાર કરતા શેઠ બાદુઆએ પોતાના ત્રણે પુત્રોને સાથે રાખીને આચાર્યશ્રીના વાસક્ષેપથી તેમના શિષ્યો પાસે સં. ૧૬૪૯ના માગસર સુદ ૧૩ ને સોમવારે સર્વજિતપ્રાસાદમાં પ્રાચીન મૂળનાયક શ્રી ઋષભદેવ ભ૦ની અને શ્રી મહાવીરસ્વામી ભ૦ની નૂતન પ્રતિમા વગેરેની પ્રતિષ્ઠા કરાવી હતી. આ સર્વજિતપ્રાસાદ મજબૂત અને નયનરમ્ય બન્યું હતું.

ગાંધી બાદુઆ સં. ૧૬૫૪માં સ્વર્ગસ્થ થયા હોય, કેમકે તેના ત્રણે પુત્રોએ સં. ૧૬૫૬ના વૈશાખ સુદિ ૭ ને બુધવારે આ૦ વિજયસેનસૂરિના હાથે ખંભાતમાં ઠક્કર કીકાના ઘરદેરાસરના પ્રતિષ્ઠા ઉત્સવમાં કાવીના સર્વજિતપ્રાસાદ માટે ભ૦ ઋષભદેવની ચરણપાદુકાની અંજનશલાકા કરાવી હતી.

(૫) ગાંધી કુંવરજી – તેને તેજલદે નામે પત્ની હતી અને કાનજી નામે પુત્ર હતો. ગાંધી કુંવરજીએ સં. ૧૬૫૪માં સર્વજિનપ્રાસાદની નજીકમાં

'રત્નતિલક' નામે જિનપ્રાસાદ બંધાવ્યો (આ બંને જિનપ્રાસાદો સાસુ-વહુના નામે પણ પ્રસિદ્ધ છે). આ રત્નતિલક જિનપ્રાસાદના મૂળનાયક ભ૦ ધર્મનાથની અંજનશલાકા સં. ૧૬૫૬માં, અમદાવાદમાં આ૦ વિજયસેનસૂરિએ કરી હતી. ઉપરાંત, સૂરિજીના હાથે ખંભાતમાં ગાંધી કુંવરજીએ પોતાની પત્ની તેજલદે તથા પુત્ર કાનજીના નામથી ભ૦ ધર્મનાથનું પરિકર તેમજ ભ૦ શાંતિનાથ, ભ૦ સંભવનાથ વગેરે પ્રતિમાઓની અંજનશલાકા કરાવી હતી.

કાવી તીર્થનો વહીવટ પૂર્વે જંબૂસર શ્રીસંઘ સંભાળતો હતો, વર્તમાનમાં શ્રી રિખવદેવજી જૈન દેરાસર પેઢી વહીવટ સંભાળે છે.

આજે પણ અહીં બંને ગગનચુંબી જિનાલયો ઊભાં છે, જે **નાગર જૈનો**ની કીર્તિ ગાઈ રહ્યા છે.

પારેખ આલ્હણસી શ્રીમાલીનો વંશ –

૧. આલ્હણસી – તે **વીશા શ્રીમાલી** હતો. ગંધારનો રહેવાસી હતો. સંભવ છે કે, તેના પિતાનું નામ દેધર શ્રીમાલી હોય.

૨. **દેલ્હણસી** – ઇતિહાસપ્રેમી પૂ૦ મુનિશ્રી જયંતવિજયજી મ૦ લખે છે કે, આબૂગિરિરાજની પ્રદક્ષિણામાં સિરોહી રાજ્યના મઢાર ગામથી દક્ષિણમાં પાંથાવાડાને રસ્તે ૧ ગાઉ ઉપર સાથસેણ ગામ છે. પહેલા આ ગામ સિરોહી રાજ્યમાં હતું હવે પાલનપુર રાજ્યમાં છે. અહીં જૈનોનાં ઘર નથી. લોકવાયકા એવી છે કે, એક વાર અહીં જૈનોનાં ૨૦૦ ઘર હતાં. તેઓએ અહીં નવું જિનાલય બનાવવા નક્કી કર્યું. પાસેના જૂના **સાથસેણ**ના જીર્ણ જિનાલયનો સામાન લાવી બંધાવવાનો પ્રારંભ કર્યો. પણ ગામના જાગીરદાર સાથે તકરાર થઈ. પછી બીજો કોઈ જૈન અહીં આવી વસ્યો જ નહીં. આથી જિનાલય અધુરું રહ્યું. પછી બહારના જૈનોએ સં. ૧૭૨૧ની જિનપ્રતિમાઓ લાવી બેસાડી. તેમાંની આજે ત્યાં ૪ પ્રતિમા બિરાજમાન છે. સાથસેણમાં પ્રાચીન વિશાલ જિનપ્રાસાદ છે. તેને શિખર છે. ચારે બાજુ કિલ્લો છે. ડાબી ચોકીના થાંભલાના ઉપલા પાટડા ઉપર લેખ છે કે – શ્રાવક દેલ્હણે સં. ૧૨૪૪માં અહીં ભ૦ પાર્શ્વનાથની દેરી બનાવી વગેરે.

અહીંનો વહીવટ સં. ૧૯૨૨ થી મઢાર, પાંથાવાડુ વગેરે પાંચ ગામના જૈનો કરે છે. ('જૈન' પત્ર, વર્ષ : ૧૯, અંક : ૧૪, પૃ. ૨૬૧)

૩. **ધનરાજ.**

૪. **ઉલ્હણસી** – તેનું બીજું નામ 'મુહશી' પણ મળે છે. તે ઉદાર હતો.

૫. **સમરશી.**

૬. **અર્જુન.**

૭. **ભીમ** – તેની પત્નીનું નામ લાલુ હતું.

૮. **જસિયા** – તેનું બીજું નામ **જય** પણ મળે છે. તેને જસમાદે નામે પત્ની હતી તથા **વજિયા** અને **રાજિયા**, એમ બે પુત્રો હતા.

૯. **વજિયા પારેખ** – તેને વિમલાદેવી નામે પત્ની હતી અને **મેઘજી** નામે પુત્ર હતો. મેઘજીને 'મયગલ્લ' નામે પત્ની હતી.

સં૰ વજિયા–રાજિયાનાં ધર્મકાર્યો :

આ પારેખ કુટુંબ જગદ્‌ગુરુ આ૰ **વિજયહીરસૂરિ**, આ૰ વિજયસેનસૂરિ, આ૰ વિજયતિલકસૂરિ અને આ૰ **વિજયાનંદસૂરિ**નું ઉપાસક હતું. ધર્મપ્રેમી હતું. બંને ભાઈઓ વજિયા–રાજિયા ગંધારના વતની હતી. તે **ખંભાત** જઈને વસ્યા. ત્યાં તેઓને વેપારમાં ઘણું ધન મળ્યું. તેઓએ ઘણું દાન પણ કર્યું. તેઓએ **ગોવામાં** દુકાન કરી, ત્યાં તેમનો મોટો વેપાર ચાલ્યો. તેઓ ગંધાર, ખંભાત અને ગોવામાં રહેતા હતા. દિલ્હીનો બા૰ **અકબર**, ખંભાતનો **નવાબ** અને ગોવાનો મલેક ફિરંગી **પરત કાલયશાહ** બંને ભાઈઓને ઘણું માન આપતા. તે સૌએ તેઓના યાત્રાસંઘોના **કરો માફ** કર્યા હતા. તેઓ આબૂ, રાણકપુર, **ગોડી પાર્શ્વનાથ** વગેરે તીર્થોના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢી **સંઘપતિ** બન્યા હતા. ખંભાત સરકારે તેમની વિનંતીથી દીવબેટ પાસેના ઘોઘલા ગામની હિંસા બંધ કરાવી હતી.

જિનપ્રતિષ્ઠાઓ – તેઓએ ખંભાતમાં વિ. સં. ૧૬૪૫ના જેઠ સુદિ ૧૨ ને સોમવારે ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરમાં **આ૰ વિજયસેનસૂરિ**ના હસ્તે મોટી જિનપ્રતિષ્ઠા કરાવી. (વિગતે જુઓ આ જ પ્રકરણમાં પૃ. ૩૭૮–૩૭૯)

ગંધાર તીર્થ – ઉપરોક્ત પ્રતિષ્ઠા પ્રસંગે આચાર્યશ્રીના હસ્તે વિવિધ જિન-પ્રતિમાઓની અંજનશલાકા કરાવી, તેમાં ગંધાર માટે નવપલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિમાની અંજનશલાકા કરાવી હતી. પછી આજ વર્ષે સં. ૧૬૪૫માં શેઠ વજિયા–રાજિયા પારેખે ભટ્ટા૰ વિજયસેનસૂરિને ગંધાર લઈ જઈ તેમના હસ્તે ત્યાં પોતે બનાવેલા નવા જિનપ્રાસાદની તથા નવપલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. સૂરિજીનું સં. ૧૬૪૫નું ચોમાસું પણ ગંધારમાં કરાવ્યું.

દુકાળ – સં. ૧૬૬૧માં ગુજરાતમાં ભયંકર દુકાળ પડ્યો ત્યારે શેઠ વજિયા–રાજિયાએ ચાર હજાર મણ અનાજ આપી ઘણાં કુટુંબોને મોતમાંથી બચાવ્યાં હતાં. તેમણે ઘણા કેદીઓને છોડાવ્યા હતા અને ઘણા પ્રાણીઓને જીવિતદાન અપાવ્યું હતું.

ગચ્છભેદ – આ૰ વિજયસેનસૂરિના સ્વર્ગગમન પછી તપાગચ્છમાં (૧) વિજયદેવસૂરિસંઘ અને (૨) વિજયાનંદસૂરિસંઘ એમ બે શાખાઓ બની હતી.

કવિ બહાદુર પં૦ દીપવિજયજી જણાવે છે કે, આ ગચ્છભેદમાં અમદાવાદના **સોમકરણ** મનિયા શ્રીમાળી અને ખંભાતના **પારેખ રાજિયા–વજિયા શ્રીમાલી**ની મોટી મદદ હતી, એટલે કે તેઓ આણંદસૂરસંઘમાં ભળ્યા હતા.

(–સોહમકુલ પટ્ટાવલી, ઢાળ : ૪૮, કડી : ૮;
પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પૃ. ૯૭)

પદવીપ્રદાન – આ૦ વિજયાનંદસૂરિએ સં. ૧૭૦૬ના અષાડ વદિ ૧૩ના રોજ ખંભાતના અકબરપરામાં શ્રી વિજયરાજસૂરિને આચાર્યપદ તથા **ભટ્ટારકપદ** આપ્યાં હતાં. આ પદવીનો ઉત્સવ શેઠ વજિયા–રાજિયાએ કર્યો હતો. તેમણે આ ઉત્સવમાં **સૌને** 'પરવાળાની માળા' આપી હતી.

(–પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પુરવણી પૃ. ૨૬૫)

તે પછી સં. ૧૭૦૭માં ખંભાતના અકબરપરામાં **ભટ્ટા૦ વિજયરાજસૂરિ**નું ચોમાસું થયું. **શેઠ વજિયાએ** ત્યારે ગુરુભક્તિનો ભારે લાભ લીધો હતો.

કર્માદાન – ભટ્ટા૦ વિજયાનંદસૂરિ અમદાવાદ તરફ વિહાર કરી સં. ૧૭૧૧માં ફરીવાર ખંભાત પધાર્યા. ત્યાં તેમણે ચોમાસું કર્યું. **પારેખ વજિયા-રાજિયા** સમુદ્રમાં **વહાણવટુ** કરતા હતા. એક દિવસે વ્યાખ્યાન સમયે ભટ્ટારક ધર્મોપદેશ દેતા હતા. ત્યારે મહેતાએ આવીને શેઠ વજિયા પારેખને ખબર આપી કે, ''આપણાં વહાણો **લોઢું ભરીને** આવી ગયાં છે. તેમાંનો સામાન જલદી ઉતારી લઈએ કે જેથી આપણને ઘણો લાભ થશે.''

ભટ્ટારકજીએ વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે, શ્રાવકોએ લોઢાનો વેપાર કરવો ન જોઈએ. કારણ કે લોઢામાંથી તરવાર, તીર, ભાલા, કોશ, કોદાળી, દાતરડી છરા વગેરે બને છે. આ બધી વસ્તુઓનો પ્રાણીઓનો ઘાત કરવામાં ઉપયોગ થાય છે, તેથી તે **અધિકરણ** મનાય છે. લોઢાનો વેપાર કરવાથી ચીકણા કર્મ બંધાય છે અને **ભારે પાપબંધન** થાય છે, માટે આ વેપારનો ત્યાગ કરવો જોઈએ વગેરે વગેરે.

પ્રાયશ્ચિત્ત – પારેખે આ ઉપદેશ સાંભળી લોઢાનો વેપાર ન કરવો, એવો સંકલ્પ કર્યો. અને વહાણમાં જે લોઢું આવ્યું હતું તેને સમુદ્રમાં જ દૂર નખાવી દીધું. તેમણે ભટ્ટારકજી સામે ઊભા થઈને પ્રતિજ્ઞા કરી કે, ''હવે હું આજથી લોઢાનો વેપાર કરીશ નહીં'' એમ કહી ભટ્ટારકજીની પાસે આજ સુધી કરેલા વેપારનું પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું અને સાથોસાથ જાહેર કર્યું કે, ''હું જ્યાં સુધી જીવું ત્યાં સુધી નવકાર મંત્રનો જાપ કરનાર દરેક સ્ત્રી-પુરુષને એકેક **પરવાળાની માળા** આપીશ કે જેથી મારા પાપોની શુદ્ધિ થાય.''

શેઠ વજિયાએ ઉપર પ્રમાણે લોઢાના વેપારનો ત્યાગ કર્યો અને ગુરુમહારાજ

પાસે શ્રાવકનાં બાર વ્રત સ્વીકાર્યાં.

(–વીરવંશાવલી, વિવિધ ગચ્છીય પટ્ટાવલી, પૃ. ૨૨૫, ૨૨૬;
પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પુરવણી પૃ. ૨૨૫, ૨૨૬)

૧૦. શેઠ મેઘજી પારેખ – તે વજિયા પારેખનો પુત્ર હતો. તેને **મયગલ્લદેવી** નામે પત્ની હતી.

નોંધ : વજીરપુરના ધર્માત્મા આશાકરણ પારેખના આગ્રહથી તપાગચ્છીય (૬૨) ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ, (૬૩) પં૦ ગંગવિજય શિષ્ય (૬૪) પં૦ મેઘવિજયે સ્તવન ચોવીસી બનાવી. (પ્રક. ૬૧, પૃ. ૪૫૮, ૩૨મી પરંપરા)

નોંધ : સંભવ છે કે દેઘર શ્રીમાલીના વંશજો વાસ્તવમાં તપાગચ્છની વૃદ્ધપોષાળના શ્રાવકો હોય. પછી લઘુપોષાળમાં, પછી વિજયાનંદસૂરિ શાખામાં અને પછી ફરીવાર વિજયદેવસૂરિ શાખામાં ભળ્યા હોય !

સંઘવી ચંદુ (ચંદ્રપાલ) –

તે આગરાનો વતની હતો. રાજમાન્ય હતો. બા૦ અકબર અને બા૦ જહાંગીરનો માનીતો હતો. બા૦ જહાંગીર જ્યાં જાય ત્યાં તેને સાથે લઈ જતો.

તે જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ અને આ૦ વિજય-દેવસૂરિનો ભક્ત હતો. બાદશાહ જહાંગીર તેનો પરિચય આપે છે કે, ''ચંદુ સંઘવી છે. તેના પિતાનું નામ .... છે. દાદાનું નામ વરજીવન છે. તે આગરાનો વતની છે. સેવડાનો ઉપાસક છે. તેનું કપાલ પહોળું છે. ભવાં પહોળાં છે. ઘેટાના જેવી ભુખરી આંખો છે. રંગે તે શ્યામ છે. તેની દાઢી મુંડેલી છે. તેના મોં પર શીતળાનાં ચાઠાં છે. તેના બંને કાનમાં ઘણા છેદ પડેલા છે. તેની ઊંચાઈ મધ્યમ કદની છે. તેની ઉંમર લગભગ ૬૦ વર્ષની છે.''

તેણે પહેલાં એકવાર ઈલાહી સન્ ૧૦, ઈલાહી મહિનો અસ્ફંદાર, હીજરી સન્ ૧૦૨૪ રજબ મુરજબ તા. ૧૧મી ગુરુવારે બાદશાહને વિનંતી કરી હતી. અને બીજીવાર તેણે ઈલાહી વર્ષ ૧૦ના રજબ મહિનાની ૨૦મી તારીખે બાદશાહના ચરણમાં રત્નજડિત વીંટીનું નજરાણું ધર્યું હતું અને માગણી કરી હતી કે, ''અમારા ગુરુદેવ આ૦ વિજયસેનસૂરિ સં. ૧૬૭૧ના જેઠ વદ ૧૧ના રોજ ખંભાત પાસે ચોવીસ પરગણાના મહમ્મુદપુરામાં કાળધર્મ પામી સ્વર્ગવાસી થયા છે. તેમના અગ્નિસંસ્કારના સ્થાને સમાધિમંદિર બનાવવું છે. ત્યાં બાગ બનાવવો છે. ખંભાતના મહમ્મુદપુરાની તે જમીન આ સેવકને ભેટરૂપે મળે એવો હુકમ કરી તેનું ફરમાન આ સેવકને આપવા મહેરબાની કરશો.''

તેની આ વિનંતીને ધ્યાનમાં લઈ બાદશાહે તા. ૧૭ રજબઉલ મુજબ,

હીજરી સન્ ૧૦૨૪, ઈ.સ. ૧૬૧૫ (વિ. સં. ૧૬૭૧)ના રોજ ફરમાન લખી આપ્યું કે –

''સંઘવી ચંદુના ગુરુ સદ્‌ગત આ૦ વિજયસેનસૂરિના અગ્નિસંસ્કારને સ્થાને તેમના સમ્માનની યાદગીરી માટે મંદિર, મેળો, બાગબગીચો બનાવવા માટે અકબરપુરામાં ૧૦ વીઘા જમીન કાયમને માટે ભેટ આપવામાં આવે છે.

વિશેષ સૂચના એ છે કે, કોઈએ આ હુકમને તોડવો નહીં. તે જમીન માપીને ચંદુ સંઘવીને સોંપી દેવી. તેમાં કોઈએ બીજી કોઈ જાતની દખલ કરવી નહીં. તેના બદલામાં કંઈ રકમ માગવી નહીં, તે જમીન ઉપરના ખર્ચની કિંમત, સરકારી કર, સર્વજાતની ફીઝ વગેરે હંમેશને માટે માફ કરવામાં આવે છે.''

(પ્રક. ૫૮, ફરમાન નં. ૧૨, પૃ. ૧૭૮ થી ૧૮૦)

આ૦ વિજયસેનસૂરિના સ્વર્ગગમન બાદ આ૦ વિજયદેવસૂરિ તપાગચ્છમાં નાયક બન્યા. પરંતુ તપાગચ્છમાં ૧ વિજયદેવસૂરિ સંઘ અને ૨ વિજયાનંદસૂરિ સંઘ એ બે પક્ષો પડ્યા હતા. બીજા પક્ષવાળાઓએ પં૦ સિદ્ધિચંદ્ર દ્વારા પહેલા પક્ષને હલકો પાડવા બાદશાહ જહાંગીરના કાન ભંભેર્યા હતા કે, આ૦ વિજય-દેવસૂરિ આ૦ વિજયસેનસૂરિની ગાદીએ છે તે, તે પદને લાયક નથી. આથી બા૦ જહાંગીરે સં. ૧૬૭૪માં આ૦ વિજયદેવસૂરિને માંડવગઢમાં બોલાવી તેમની પરીક્ષા કરી તો તેમને ખરા સાધુ જાણી 'મહાતપા'નું બિરુદ આપ્યું હતું અને ચંદુ સંઘવીને આજ્ઞા કરી કે, ગુરુજીને રાજદરબારમાં બાદશાહી વાજાં સાથે સ્વાગત કરી તમારા ઉપાશ્રયે લઈ જવા.

સંઘવી ચંદ્રપાલ (ચંદુ) ગુરુદેવને સપરિવાર બાદશાહી વાજાંગાજાં સાથે ઉપાશ્રયે લઈ ગયો. સં૦ ચંદ્રપાલે આ ગુરુસ્વાગતમાં આચાર્યશ્રીના પગલે પગલે સોનામહોર મૂકી લૂંછણું કર્યું હતું અને યાચકોને ઘણું દાન આપ્યું હતું.

(તપાગચ્છ પટ્ટાવલી, સમુચ્ચય ભા. ૧, પૃ. ૮૩)

કવિ સારંગ – તે મડાહડ ગચ્છના આ૦ જ્ઞાનસાગરસૂરિનો ઉપાસક શ્રાવક હતો. વિદ્વાન હતો. મહા કવિ હતો. તેણે સં. ૧૬૩૮માં જાલોરમાં 'બિલ્હણ પંચાશિકા ચોપાઈ', સં. ૧૬૫૧માં 'ભોજપ્રબંધ ચોપાઈ' અને સં. ૧૬૭૮માં પાલનપુરમાં 'કૃષ્ણરુક્મિણીવેલી'ની સંસ્કૃત ટીકા રચી હતી.

(પ્રક. ૩૭, પૃ. ૨૦૮)

વૈદ્ય – તેમણે સં. ૧૬૯૨માં વૈદ્યકનો 'નયનસુખ' ગ્રંથ બનાવ્યો.

કવિવર ઋષભદાસ –

તેમણે પોતાનો જીવન પરિચય તથા દિનચર્યા સ્વરચિત 'હીરવિજયસૂરિ રાસ'માં આપ્યાં છે.

કવિવર ઋષભદાસે ૩૪ રાસાઓ, ૫૮ સ્તવનો, વિવિધ સ્તુતિઓ, ગીતો વગેરે રચ્યાં છે. તેમની ઘણી રચનાઓ આજે સુલભ છે.

[નોંધ : 'જિનસંદેશ' પત્રના તા. ૭-૩-૧૯૮૫ના અંકમાં તેના તંત્રી શ્રી ગુણવંતભાઈ એ. શાહે 'કવિ ઋષભદાસ'ની વિગત આપી છે. અહીં બીજી આવૃત્તિમાં તે સારરૂપ સાભાર રજૂ કરીએ છીએ –

શ્રાવક કવિ ઋષભદાસના જીવન પ્રસંગો જાણવા માટે કોઈ સાધન ઉપલબ્ધ નથી. તેમની કૃતિઓમાં તેમણે આપેલ પોતાના પરિચયથી માત્ર આટલું જ જાણવા મળે છે કે, તેમના દાદાનું નામ મહિરાજ હતું અને તે વિસનગર રહેતા હતા. તેમના પિતાનું નામ સાંગણ (સારંગ) હતું. વેપાર-ધંધાના વિકાસ માટે તે (પરિવાર સાથે) ખંભાત આવીને સ્થિર થયા હતા. તેમની માતાનું નામ સરૂપાદે હતું. તેમને એકથી વધુ ભાઈ-બહેન હતાં. તેમનાં પત્ની અને સંતાનો વિશે કંઈ જ જાણવા મળતું નથી, એટલું જ નહિ; તેમની જન્મ સંવત અને મૃત્યુ સંવત પણ ઉપલબ્ધ નથી.

કવિ ઋષભદાસની વિવિધ કૃતિઓની રચના સંવતથી તેમનો સર્જનકાળ જાણી શકાય છે. સં. ૧૬૬૨ થી ૧૬૮૮ સુધી, પૂરી એક પચીશી સુધી તેમણે વિવિધ કાવ્ય સર્જન કર્યું છે. આ સમયમાં ૩૪ રાસાઓ, ૫૮ સ્તવનો વગેરેની રચનાઓ કરી છે. અનેક જૈન કવિઓએ વિવિધ રાસો રચ્યા છે પરંતુ સૌથી વધુ ૩૪ રાસ રચનાર કવિ ઋષભદાસ એક માત્ર છે. વળી, સં. ૧૬૭૦માં તેમણે રચેલ 'કુમારપાળ રાસ'ની ગાથા વિક્રમ નોંધાવે છે. ૪૫૦૬ ગાથાનો આ એક માત્ર વિરાટ રાસ છે.

પચ્ચીસ વરસના સમયગાળામાં તેમણે ૪૦ થી ૪૫ હજાર ગાથા પ્રમાણ કાવ્ય-સર્જન કર્યું છે. તેમણે પોતાની કૃતિઓ દ્વારા જૈન સાહિત્યને સમૃદ્ધ કર્યું છે, એટલું જ નહિ; ગુજરાતી ભાષાને પણ સમૃદ્ધ કરી છે. સાથોસાથ, 'હીરવિજયસૂરિ રાસ' દ્વારા તેમણે આ આચાર્યપ્રવરનો દસ્તાવેજી ઇતિહાસ આપ્યો છે અને 'મલ્લિનાથ રાસ' વગેરે દ્વારા ખંભાતના ઘણા જૈનોનો પરિચય પણ આપ્યો છે.]

દોશી મનિયા શ્રીમાલીના પૂર્વજ અને વંશજ (નં.૧) –

(૧) દોશી રંગા – તેને લહુઆ નામે પુત્ર હતો.

(–પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા. ૨, લે. ૨૭૮)

(૨) **દોશી લહુઆ** – તેનું બીજું નામ લવજી દોશી પણ મળે છે. તેને ચંપાઈ નામે પત્ની હતી. તે ચાંપાનેરથી આવી અમદાવાદમાં હાજા પટેલની

પોળમાં વસ્યો હતો. તેનું ગોત્ર વાલેલા હતું. તે જ્ઞાતિએ વીશા શ્રીમાલી જૈન હતો.

શેઠ લહુઆએ સં. ૧૬૫૬ના માગશર સુદિ ૫ ને ગુરુવારે અમદાવાદના સિકંદરપુરમાં શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠાના દિવસે સિકંદરપુરમાં ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિના હાથે પોતાના શ્રી શાંતિનાથના ઘર દેરાસરની પ્રતિષ્ઠા કરાવી હતી.

દોશી લહુઆને પનજી અને સુમતિ એમ બે પુત્રો હતા. લહુઆએ પછી દીક્ષા લીધી હતી.

(૩) દોશી પનજી – તેનું બીજું નામ પનિયો પણ મળે છે. તેને ૧. હીરજી, ૨. મનજી, ૩. મદનજી, ૪. રતનજી અને ૫. ધરમજી એમ પાંચ પુત્રો હતા. આમાંનો દોશી હીરજી પ્રાયઃ તેમનો પૌત્ર હોય.

(૪) દોશી મનજી ઉર્ફે મનિયા શેઠ –

તે દોશી પનજીનો બીજો પુત્ર હતો. તેનું બીજું નામ મનરાજ પણ મળે છે. તે વખતે આ કુટુંબ શેઠ મનિયાના નામે ઓળખાતું હતું અને તે નામે વિખ્યાત થયું.

તેનો સં. ૧૬૪૦ના અષાડ સુદિ ૧૧ ના રોજ અમદાવાદમાં જન્મ થયો હતો. તે ધર્માત્મા હતો. તેણે સાધર્મિક ભાઈઓને જમાડી પાનસોપારી આપી વસ્ત્રોની પહેરામણી કરી હતી. સાધર્મિકો તથા વીશાશ્રીમાલી જ્ઞાતિમાં સૌને ખાંડ ભરેલી થાળી અને મહમ્મુદી સિક્કો આપી લહાણી કરી હતી. તેણે પાંચ પર્વીના પારણાં કરાવ્યાં હતાં. અમદાવાદનાં બધાં જિનાલયોમાં પૂજા ભણાવી હતી અને શ્રી પાર્શ્વનાથનું નવું જિનાલય બંધાવ્યું હતું.

તેણે સં. ૧૭૦૨ના મોટા દુકાળમાં ગરીબોને સર્વ પ્રકારની સહાય કરી હતી અને દુકાળને દૂર કરવા માટે જહેમત ઉઠાવી હતી. જનતા તેને બીજો જગડુશાહ કહી બોલાવતી હતી. તેણે રત્નોની ૨૧ જિનપ્રતિમાઓ ભરાવી હતી તથા શ્રી વિમલનાથ વગેરેની બીજી ઘણી જિનપ્રતિમાઓ ભરાવી હતી. તેમાં સ્ફટિકની એક જિનપ્રતિમા આજે તેમના વંશજો પાસે વિદ્યમાન છે. પ્રાયઃ તેણે રાણકપુર, હમીરગઢ, અચલગઢ, કુંભારિયા, મોઢેરા વગેરે સાત જૈન તીર્થોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

તેણે પ્રતિષ્ઠિત કરાવેલી ઘણી જિનપ્રતિમાઓમાં કોઈ કોઈ પ્રતિમામાં કોતરેલા લેખો પણ મળે છે. તે આ પ્રમાણે –

૧. અમદાવાદના દોશી પનિયા શ્રીમાલીના પુત્ર શેઠ મનિયાએ સં.

૧૭૧૦ના જેઠ સુદિ ૬ ને ગુરુવારના રોજ ભ૦ વિમલનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

(—અમદાવાદના જમાલપુર દરવાજા પાસેના ટોકરશી શાહની પોળના જિનપ્રાસાદના ભોંયરામાં મૂળનાયક ભગવાનની ડાબી બાજુની પ્રતિમા ઉપર લેખ છે. પૃ. ૨૭૧ જુઓ)

૨. અમદાવાદના દોશી મનિયા શ્રીમાલી, તેની પત્ની સત્યદેવી, તેનો પુત્ર મદનજી, તેની પત્ની કસ્તૂરદેવી, તેના પુત્ર દોશી દીપચંદે સં. ૧૭૧૦ના જેઠ સુદિ ૬ ને ગુરુવારે ગુરુપુષ્યયોગમાં પોતાનાં માત-પિતાના કલ્યાણ માટે ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા ભરાવી, તેની ભટ્ટા૦ વિજયાનંદસૂરિની આજ્ઞાથી ભટ્ટા૦ વિજયરાજસૂરિએ પ્રતિષ્ઠા કરી.

(—અમદાવાદમાં ખાડિયા—ગોલવાડના જિનાલયમાં બિરાજમાન પ્રતિમા ઉપરનો લેખ.)

શેઠ મનિયાએ શ્રી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેણે પોતાને ત્યાં ભટ્ટારકજી આદિની પધરામણી કરાવી, બધા યતિઓને પ્રતિલાભ્યા હતા. ૮૪ ગચ્છોમાં રૂપિયાની લહાણી કરી હતી. મોટી જિનપૂજાઓ ભણાવી તથા સાતે ક્ષેત્રોને પોષ્યા હતા.

ઉપા૦ શ્રી શિવવિજયજી ગણિવરના શિષ્ય પં૦ શીલવિજયજી ગણિએ સં. ૧૭૪૬માં રચેલી 'તીર્થમાલા'માં લખ્યું છે કે :

શેઠ મનિયાના પૂર્વજમાં લવજી, પનજી અને વંશજમાં શાંતિદાસ, સોમકરણ અને સુરચંદ વગેરે થયા હતા.... દોશી મનિયાએ ધર્મના કાર્યોમાં ૭ લાખની રકમ વાપરી હતી. (તીર્થમાલા)

શેઠ મનિયાના શરીરે ૭૧ વર્ષની ઉંમરે રોગ થયો. તેણે વૈરાગ્ય પામી પં૦ મેરુવિજય ગણિના હાથે તપાગચ્છના (૫૯) ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિ ગણિના શિષ્ય (૬૦) પં૦ શ્રી મેરુવિજય ગણિના શિષ્ય (૬૧) પં૦ શ્રી લાવણ્યવિજય ગણિના શિષ્ય (૬૨) મુનિ શ્રી માણેકવિજય નામથી દીક્ષા લીધી. તેમનું સં. ૧૭૧૧માં અમદાવાદમાં અનશન સ્વીકારી આરાધના કરતાં કરતાં કાળધર્મ પામી સ્વર્ગગમન થયું હતું. તેમને મુનિ વિનયવિજય નામે શિષ્ય હતો.

શેઠ મનિયાને ૧. શાંતિદાસ, ૨. સોમકરણ વગેરે પુત્રો હતા.

(૫) શેઠ શાંતિદાસ –

શેઠ મનિયાનો તે મોટો પુત્ર હતો.

''व्योमयुग्म भीताब्दवाह शशधर (૧૭૨૦) प्रोज्जृम्भमाणप्रथं
नानादेशदरिद्रदीन जनतामन्नादिदानायुधैः ।

सत्रागाररणाङ्गणे निहतवान् दुर्भिक्षविश्वद्विषं
हाजापाटकमण्डनः सं. जयति श्री शान्तिदासो भटः ॥

'શાંતિદાસ મનિયાસુત, કવિ આયા હૈ તેરે શરણ.'(–વીર વંશાવલી)

શેઠ શાંતિદાસે સં. ૧૭૨૦ના જીવલેણ દુકાળમાં દાનશાળાઓ તથા પરબો બનાવી ગરીબોને અનાજ-પાણી પૂરાં પાડ્યાં હતાં. ઘી, સાકર, ખાંડ, ગોળ વગેરે અને કપડાં, વાસણ, દવા વગેરે આપ્યાં હતાં; અને સૌને દુકાળના ભયથી વિમુક્ત કર્યા હતા.

શેઠ શાંતિદાસે હમીરગઢ, તારંગા, કુંભારિયા, નાંદિયા, રાણકપુર, ભીલડિયાજી, શંખેશ્વર વગેરે તીર્થોનો જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરાવી હતી.

કવિબહાદુર દીપવિજય મહારાજ લખે છે કે –

ગુજરાત શાંતિદાસ મનિયાના, અચલગઢે છે પ્રાસાદ વા૦
ચૌદસેહે ચુમાલીશ મણ ધાતુની પ્રતિમા પૂરે આશ વા૦

(– સોહમ્ કુલ પટ્ટાવલી, ઉલ્લાસ : ૪, ઢાળ : ૫૦, જય. ૬, કડી : ૬, પૃ. ૧૦૦)

સં. ૧૭૨૧માં અચલગઢ (આબૂ) તીર્થમાં શ્રી ઋષભદેવનો નવો જિન-પ્રાસાદ બનાવી ભટ્ટા૦ વિજયરાજસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

(– પ્રક. ૩૭, પૃ. ૨૪૯)

સં. ૧૭૨૫માં આબૂ–અચલગઢ ઉપર પોતાના નામથી શ્રી શાંતિનાથનો જિનપ્રાસાદ બનાવ્યો. શ્રી શાંતિનાથ વગેરે તીર્થંકરોની સ્ફટિક–રત્નની ૧૧ જિનપ્રતિમાઓ ભરાવી, તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

(– પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પૃ. ૨૬૬)

શેઠ શાંતિદાસે ધર્મકાર્યમાં સારી એવી રકમ વાપરી હતી. મહોપાધ્યાય ભાવવિજયજી ગણિ લખે છે કે –

દોશી શાંતિદાસે મોટાં મોટાં તીર્થોના છ'રી પાળતા ઘણા યાત્રાસંઘો કાઢ્યા હતા. દોશી સુમતિદાસ વગેરે તેના પરિવારમાં હતા.

(૬) દોશી સૌભાગ્યચંદ –

તેનું બીજું નામ દોશી સુરચંદ પણ મળે છે.

પં૦ શ્રી સત્યવિજય ગણિવરે સં. ૧૭૮૭ના વૈશાખ વદિ ૭ ને સોમવારે ખંભાતબંદરમાં શેઠ શાંતિદાસના પુત્ર સૌભાગ્યચંદની વિનંતીથી 'જિનસ્તવન ચોવીશી' રચી. (– પટ્ટા૦ સમુચ્ચય, ભા. ૨, પૃ. ૨૫૫)

દોશી મનિયા શ્રીમાલીનો વંશ (નં.૨) –

૫. દોશી સોમકરણ – તે દોશી મનિયાનો બીજા પુત્ર હતો. તેનું બીજું નામ દોશી સોમચંદ પણ મળે છે. તે મોટે ભાગે ખંભાતમાં રહેતો હતો અને અવારનવાર સુરત આવ-જા કરતો હતો.

કવિબહાદુર પં૦ દીપવિજયજી ગણિ લખે છે કે –

'સોમકરણ મનિયા રાજનગર તણા રે,
રાજિયા–વજિયા સુજાણ;
પાટમહોત્સવ કીધો બહુ ભાવશું રે,
શ્રી રાજનગર માંહે જાણજ્યો. ૮

આથી સ્પષ્ટ છે કે, રાજનગર–અમદાવાદના દોશી સોમકરણ મનિયા અને ખંભાતના રાજિયા–વજિયા પારેખે ભટ્ટા૦ વિજયાનંદસૂરિનો સ્વતંત્ર ગચ્છ સ્થાપવામાં મુખ્ય ભાગ લીધો હતો.

(– સોહમકુલ પટ્ટાવલી - ઉલ્લાસ ૪; ભટ્ટા૦ વિજયતિલકસૂરિ વર્ણન, પટ્ટાવલી સમુચ્ચય - પુરવણી પૃ. ૮૭)

શેઠ શાંતિદાસ પછી અમદાવાદની વીશા શ્રીમાલી જ્ઞાતિના સોમકરણ શેઠ બન્યા હતા. આજે પણ તેમના વંશજો એ જ્ઞાતિના શેઠ છે – તેમના વંશજોના હાથમાં જ્ઞાતિની શેઠાઈ છે.

૬. શેઠ સૂરજમલ – તે દોશી સોમકરણનો પુત્ર હતો.

૭. શેઠ જેચંદ.

૮. શેઠ જોઈતારામ.

૯. શેઠ અમરચંદ.

૧૦. શેઠ રાયચંદ.

૧૧. શેઠ મોહોલ્લાલ.

૧૨. શેઠ સાંકળચંદ – તેમને પાર્વતીબાઈ નામે પત્ની હતી.

૧૩. શેઠ મયાભાઈ – અમદાવાદના શેઠ સાકળચંદભાઈ અને તેમનાં પત્ની શેઠાણી પાર્વતીબાઈથી મયાભાઈનો જન્મ સં. ૧૯૪૬ના પ્ર. ભા. સુદ ૧ ના રોજ થયો હતો.

મયાભાઈ બુદ્ધિશાળી હતા, ધર્મપ્રેમી અને લોકપ્રિય પણ બન્યા. તેમને ધીરજબેન નામે પત્ની હતાં, જે અમદાવાદની જહાંપનાહની પોળના શેઠ જેશિંગભાઈ ઠાકરશીની પુત્રી હતાં. તે સુશીલ, ઘરરખુ અને ધર્મપ્રેમી હતાં.

શેઠ મયાભાઈ અમદાવાદની વીશાશ્રીમાલી જ્ઞાતિના શેઠ હતા અને અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના માનદ્ વહીવટદાર સભ્ય હતા.

મુનિ દર્શનવિજય, મુનિ જ્ઞાનવિજય અને મુનિ ન્યાયવિજય (ત્રિપુટી)ના ઉપદેશથી અને નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈના કહેવાથી મેરઠ, મુજફ્ફરનગર વગેરે પ્રદેશમાં નવા બનેલા જૈનોને સહાય કરવા સ્થાપેલ શ્વે. મૂ. ધર્મપ્રચારક સમિતિના શેઠ મયાભાઈ પ્રમુખ બન્યા હતા.

તેઓ સં. ૨૦૦૬ પ્રથમ અષાડ વદ ૬ (તા. ૫-૭-૧૯૫૦)ની વહેલી સવારે કલાક ૪ ને મિનિટ ૫૫ના સમયે ૬૦ વર્ષની ઉંમરે શ્રી શત્રુંજયતીર્થનું ધ્યાન કરતાં કરતાં સમાધિપૂર્વક મરણ પામ્યા.

ધીરજબેન સં. ૨૦૧૭ના બીજા જેઠ વદ ૨ ને શુક્રવાર (તા. ૩-૬-૧૯૬૧)ના રોજ અમદાવાદમાં મરણ પામ્યાં હતાં.

શેઠ મયાભાઈને ૧. નરોત્તમભાઈ, ૨. કસ્તૂરભાઈ અને ૩. કલ્યાણચંદ નામે ત્રણ પુત્રો છે. શેઠ મયાભાઈના મરણ પછી તેમના કુટુંબના શ્રી ચારુભાઈ ભોગીલાલ વીશા શ્રીમાલી જ્ઞાતિના શેઠ છે અને આ. ક.ની પેઢીના સ્થાનિક સભાસદ છે.

૧૪. શેઠ નરોત્તમભાઈ – તેઓ શાંત અને ધર્મપ્રેમી છે. શેઠ આ. ક. પેઢીના માનદ સભાસદ છે.

દોશી મનિયા શ્રીમાલીના પૂર્વજ અને વંશજ (નં. 3) –

૧. દોશી રંગા

૨. દોશી લહુઆ

૩. દોશી સુમતિદાસ – તે દોશી લહુઆનો બીજા નંબરનો પુત્ર હતો. ઉત્તરાધ્યયનની ટીકાના રચનાર મહો૦ ભાવવિજયજી ગણિએ સંસ્કૃત ગદ્ય ટીકાની પ્રશસ્તિમાં તેમનું નામ નોંધ્યું છે. તેમને સૌભાગ્યદેવી નામે પત્ની હતી અને જયકરણ, કીકાભાઈ અને કેશવ વગેરે પુત્રો હતા.

૪. દોશી જયકરણ – તેમને દોશી કાનજી નામે પુત્ર હતો. આ પિતા-પુત્ર માટે ભાગે ખંભાત રહેતા. તેમણે સં. ૧૬૯૪ના કારતક સુદિ ૫ ના રોજ ખંભાતમાં ૪૫ આગમો મૂળ પંચાંગી સાથે લખાવ્યાં હતાં.

(– શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા. ૨, પ્રશ. નં. ૭૩૦, ૭૩૨)

દોશી મનિયા શ્રીમાલીના પૂર્વજ અને વંશજ (નં. ૪) –

૧. દોશી રંગા

૨. દોશી લહુઆ

૩. દોશી પનિયા

૪. દોશી સમરદાસ

૫. દોશી હીરજી – આપણે વંશ નં. ૧માં તેને દોશી પનિયાનો પુત્ર બતાવ્યો છે, પણ તે વાસ્તવમાં દોશી પનિયાનો પૌત્ર હતો.

પ્રતિમાલેખ મળે છે કે – ''શ્રીરંગા વીશાશ્રીમાલી, પત્ની કીબાટી, સુત લહુઆ, સુત પનિયા, સુત સમરા, સુત હીરજીએ સં. ૧૬૭૫ના મહા સુદિ ૪ ને શનિવારે કુંભારિયામાં શ્રી નેમિનાથ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવી તેમાં આ૦ વિજયદેવસૂરિ તથા પં૦ કુશલસાગરગણિના હાથે ભ૦ આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.'' (– પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા.૨, લેખ નં. ૨૭૮)

卐

પ્રકરણ : સાઈઠમું

આચાર્ય વિજયદેવસૂરિ

तथा चाहार्यगाम्भीर्य शौर्य शौण्डीर्य वीर्यवान् ।
अभङ्गभाग्यसौभाग्यवैराग्यादिगुणार्णवः ॥४५॥
राजते विजयश्रीभिर्भाजिष्णुर्भुवनाद्भुतः ।
श्रीमद्विजयदेवाह्वः सूरीन्द्रश्चन्द्रनिर्मलः ॥४७॥

(–વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, સર્ગ : ૧૧)

तत्पट्टदुग्धजलनिधिश्चन्द्रः श्रीविजयदेवसूरीन्द्रः ।
गौतमतः प्रति संप्रति जयति भारतभूषणः भगवान् ॥६॥

(–વિજયપ્રશસ્તિ મહાકાવ્યની દીપિકા વ્યાખ્યા પ્રશસ્તિ)

તત્પટોધર ગુણનિલો એમાં, શ્રી વિજયદેવસૂરીંદ, સુણો૦
શીલ સત્ત્વગુણ આગતો એમાં, ઊગીયો અભિનવચંદ. સુણો૦ ૪૫

(–ધર્મદાસ કૃત 'હીરવિહાર સ્તવન', 'જૈન સત્યપ્રકાશ' માસિક)

તાસ પાટિ ઉદયાચલ, નિર્મળ ભાનુ સમાન,
શ્રી વિજયદેવસૂરિ, ઉદય યુગપ્રધાન;
શ્રી વીર જિણેસર, શાસન શોભાકાર,
ઇણ પંચમ આરઈ, ગુરુ ગૌતમ અવતાર.

(–ઉપા૦ વિનયવિજય રચિત ગણધર પટ્ટાવલી સજ્ઝાય; પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પુરવણી પૃ. ૧૮૩ થી ૧૮૫)

સંક્ષિપ્ત જીવનપરિચય –

આ૦ વિજયદેવસૂરિનો જન્મ 'ઉકેશ' જાતિના મહાજન પરિવારમાં સં. ૧૬૩૪ના પોષ સુદિ ૧૩ રવિવારે ઈડરમાં થયો હતો. તેમનાં પિતાનું નામ સ્થિરપાલ, માતાનું નામ રૂપાઈ અને પોતાનું નામ વાસણ, વાસ કે વાસો હતું.

ગ્રહોની દ્રષ્ટિએ તેમનો જન્મ રોહિણી નક્ષત્રમાં વૃષભ લગ્નમાં થયો હતો. તેમની જન્મ કુંડલી આ મુજબ મળે છે : પહેલે સ્થાને વૃષભનો ચંદ્ર, પાંચમે સ્થાને કન્યાનો ગુરુ તથા કેતુ, છઠ્ઠે તુલાનો શનિ, સાતમે વૃશ્ચિકનો મંગલ તથા શુક્ર, આઠમે ધનનો રવિ, બુધ (તથા શનિ) અને અગિયારમે મીનનો રાહુ હતો

ત્યારે ઈડરમાં સ્થિરપાલ ઓશવાલને ઘેર સં. ૧૬૩૪માં વાસણ નામના બાળકનો જન્મ થયો હતો. (–વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, સર્ગ :૧૦, શ્લો.૫૩ થી ૫૬)

પિતા સ્થિરપાલ મરણ પામ્યા ત્યારથી બાળ વાસણનું મન ઉત્તરોત્તર ધર્મ તરફ ઢળતું ગયું. આથી માતા રૂપાઈએ પુત્ર વાસણને ઈડરથી અમદાવાદ લઈ જઈ ભટ્ટા૦ વિજયસેનસૂરિને વહોરાવ્યો અને તેને દીક્ષા આપવાની રજા આપી. શેઠાણી રૂપાઈએ પોતે દીક્ષા લીધી કે કેમ ? તેનો ઉલ્લેખ મળતો નથી.

દીક્ષા – ભટ્ટા૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૪૩ના મહા સુદિ ૧૦ના રોજ અમદાવાદમાં સંઘે કરેલા દીક્ષા મહોત્સવમાં વાસણને દીક્ષા આપી પોતાનો શિષ્ય બનાવ્યો અને તેનું નામ મુનિ વિદ્યાવિજય રાખવામાં આવ્યું.

પદપ્રદાન – સં. ૧૬૫૬ના માગસર સુદિ પાંચમે અમદાવાદના સિકંદરપુર (બીબીપુર)માં દોશી લહુઆ શ્રીમાલીએ બનાવેલા શ્રી શાંતિનાથ ઘરદેરાસરની પ્રતિષ્ઠામાં ભટ્ટા૦ વિજયસેનસૂરિના હાથે પં૦ નંદિવિજયગણિને ઉપાધ્યાયપદ અને મુનિ વિદ્યાવિજયને પંન્યાસપદ આપવામાં આવ્યું. એ જ વર્ષે લાટાપલ્લી (લાડોલ)માં પં૦ વિદ્યાવિજયગણિને ઉપાધ્યાયપદ આપ્યું. અહીં ભટ્ટા૦ વિજયસેનસૂરિએ ત્રણ મહિના સુધી સૂરિમંત્રનું ધ્યાન કર્યું. અધિષ્ઠાયકદેવે પ્રસન્ન થઈ જણાવ્યું કે, ''ઉપા૦ વિદ્યાવિજય ગચ્છનાયકપદે યોગ્ય છે.''

આચાર્યપદ – ભટ્ટા૦ વિજયસેનસૂરિએ ખંભાતમાં સં. ૧૬૫૬ના વૈશાખ સુદિ ૪ ને સોમવારે મૃગશીર્ષ નક્ષત્રમાં અમૃતસિદ્ધિયોગમાં ચોથા રવિયોગમાં વૃષભ લગ્નમાં પહેલે વૃષભનો ચંદ્ર, ત્રીજે કર્કનો મંગળ તથા ગુરુ, છઠ્ઠે તુલાનો શનિ, નવમે મકરનો રાહુ, દશમે કુંભનો શુક્ર અને બારમે મેષનો રવિ તથા બુધ હતા એટલે રવિ, ચંદ્ર, ગુરુ, શુક્ર તથા શનિ ઉચ્ચના હતા ત્યારે શેઠ સાધુમલ્લજી તથા સોમચંદ્રે કરેલ પ્રભુપ્રતિષ્ઠા ઉત્સવમાં તથા સૂરિપદના સમારોહમાં ઉપા૦ વિદ્યાવિજયગણિને આચાર્ય બનાવી તેમનું નામ આ૦ વિજયદેવસૂરિ રાખ્યું. (–વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, સર્ગ : ૧૭, શ્લો. ૬૦)

ખંભાતમાં આ પ્રસંગે તપાગચ્છના ૭૦૦ મુનિરાજા પધાર્યા હતા. બંને આચાર્યોએ સં. ૧૬૫૬માં ખંભાતમાં ચાતુર્માસ કર્યું.

ભટ્ટારકપદ – આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૭ના પોષ વદિ ૭ ને રવિવારે હસ્તનક્ષત્રમાં હસ્તાર્કમાં પાટણમાં પારેખ સહસ્રવીરે પચાસ હજાર મહમ્મુદી ખરચી ઊજવેલા વંદના મહોત્સવમાં આ૦ વિજયદેવસૂરિને ભટ્ટારક બનાવી પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા અને તેમને ગચ્છની અનુજ્ઞા આપી.

ત્યાંથી સૌ શંખેશ્વરતીર્થની યાત્રાએ પધાર્યા. અહીં લોંકાગચ્છના ઋષિએ સં. ૧૬૨૮માં સંવેગીમાર્ગ સ્વીકાર્યો હતો, તેમાંના જયવિજયને (સં. ૧૬૫૭ના મહા મહિનામાં) ઉપાધ્યાયપદવી આપી. અહીં મારવાડથી સંઘપતિ હેમરાજ છ'રી પાળતો યાત્રાસંઘ લઈ આવ્યો હતો (પ્રક. ૪૪, પૃ. ૨૧). તે સંઘે અહીં બંને આચાર્યોને વંદન કર્યું. શંખેશ્વરથી બંને આચાર્યો અમદાવાદના અકમીપુર પધાર્યા અને ત્યાં સં. ૧૬૫૭-૫૮નું ચાતુર્માસ કર્યું.

પ્રતિષ્ઠાદિ ધર્મકાર્યો –

આચાર્ય વિજયદેવસૂરિએ ભટ્ટા૦ વિજયસેનસૂરિની આજ્ઞાથી સં. ૧૬૫૯ના માગસર સુદ ૫ ને બુધવારે વિજાપુરના દોશી મેઘજી વગેરેએ બનાવેલ ચોવીસી જિનપટાની પ્રતિષ્ઠા કરી. (આ પટ વિજાપુરમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં વિદ્યમાન છે.)

આ૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૬૪ના ફાગણ સુદ ૮ ને શનિવારે પાટણમાં દોશી શંકર વીશા પોરવાડની ધર્મપત્ની વહાલીએ બનાવેલ ભટ્ટા૦ વિજયસેનસૂરિની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (–પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા. ૨, લે. નં. ૫૧)

તપાગચ્છના ગીતાર્થોએ સં. ૧૬૬૪ના ફાગણ ફાગણ સુદ ૮ ને શનિવારે પાટણમાં શ્રાવિકા વહાલીએ બનાવેલ યુવરાજ આ૦ વિજયદેવસૂરિની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (પ્રા. જૈન લેખસંગ્રહ, ભા. ૨, લે. નં. ૫૧૩)

આ૦ વિજયદેવસૂરિ તથા ઉપા૦ લબ્ધિસાગરગણિએ સં. ૧૬૬૫માં મેડતા પાસે કેર્કીદ ગામમાં ભ૦ આદિનાથ જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા. જૈ. લે.સંગ્રહ, ભા. ૨, લે. નં. ૩૭૭)

આ૦ વિજયદેવસૂરિએ ભટ્ટા૦ વિજયસેનસૂરિની આજ્ઞાથી સં. ૧૬૬૬ના પોષ વદ ૮ ને ગુરુવારે અમદાવાદના શા૦ જયતમાએ બનાવેલ ભ૦ શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. (–પ્રા. જૈ. લે.સંગ્રહ, ભા. ૨, લે. નં. ૪૯૭)

ભટ્ટા૦ વિજયસેનસૂરિના પટ્ટધર આ૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૭૩ના પોષ વદિ ૫ ને શુક્રવારે પાટણના મણિયાતી પાડામાં ઉજમચંદ, મૂલચંદ, લલ્લુચંદ અને મગનચંદના ઘરદેરાસરમાં પાટણના વીશાશ્રીમાલી દોશી ધનજીની પત્ની મરઘાના પુત્ર સંતોષીએ બનાવેલ ભ૦ ઋષભદેવની સ્ફટિકની પ્રતિમાના પરિકરની પ્રતિષ્ઠા કરી હતી. (આ ઘરદેરાસરમાં સુંદર કોરણી કરેલી છે.)

(પૃ. ૪૨૮ તથા પ્રા. જૈ. લે. સં., ભા. ૨,
લેખાંક : ૩૨૫, ૫૩૨)

આચાર્યશ્રીએ આ ઉત્સવમાં પં૦ કનકવિજયજીને ઉપાધ્યાયપદવી અર્પણ કરી.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૭૪ના મહા વદ ૧ને ગુરુવારે પુષ્યનક્ષત્રમાં નાડલાઈ તીર્થમાં ભ૦ આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા. જૈ. લે. સં., ભા. ૨, લેખાંક : ૩૩૭)

આ૦ વિજયદેવસૂરિ અને પં૦ કુશલસાગરગણિએ સં. ૧૬૭૫ના મહા સુદિ ૪ ને શનિવારે આરાસણ (કુંભારિયાજી) તીર્થમાં શ્રી પાર્શ્વનાથ જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવી મૂળનાયક ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા (અને શ્રી નેમિનાથના જિનપ્રાસાદમાં મૂળનાયકની પ્રતિમા ખંડિત થતાં શ્રેષ્ઠી રાજપાલ વોરાએ ભરાવેલ ભ૦ નેમિનાથની નવી પ્રતિમા) બિરાજમાન કરી તેમજ એ જ દિવસે અમદાવાદના વીશાશ્રીમાળી દોશી મનિયાના વંશજ શ્રી હીરજીએ શ્રી નેમિનાથ જિનપ્રાસાદના જીર્ણોદ્ધારપૂર્વક ભ૦ આદિનાથની ભરાવેલ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા આ૦ વિજયદેવસૂરિએ કરી. (પ્રક. ૩૭, પૃ. ૨૫૪ તથા પ્રક. ૫૯, પૃ. ૩૯૫)

(પ્રા. જૈ. લે. સં., ભા. ૨, લે. ૨૭૭, ૨૭૮, ૨૯૩)

આ૦ વિજયદેવસૂરિના શુભ હસ્તે સં. ૧૬૭૬ના વૈશાખ વદિ ૬ ને શુક્રવારે શત્રુંજયતીર્થમાં શ્રી આદીશ્વરના મોટા જિનપ્રાસાદ પાસે એક દેરીમાં શ્રીમાલી મંત્રી વાછાએ શેઠ શિવજી ભણશાલીની મદદથી પ્રતિષ્ઠા કરાવી.

(પ્રા. જૈ. લે. સં., ભા. ૨, લે. નં. ૨૫)

ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી પં૦ જયવિજયગણિએ સં. ૧૬૮૨ના વૈશાખ સુદિ ૧૦ ને સોમવારે માંડવગઢના વીશા ઓશવાલ સપટદેએ ભરાવેલ ભ૦ મલ્લિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (તા. ૩-૮-૧૯૭૭ના રોજ માંડવ-ગઢમાંથી નીકળેલાં ૯ પ્રતિમામાંથી એક પ્રતિમા ઉપરનો લેખ, લેખ નં. ૧૫)

તપાગચ્છમાં વિભાજન : બે ગચ્છનાયકો થયા –

ભટ્ટા૦ વિજયસેનસૂરિએ આ૦ વિજયદેવસૂરિને પંન્યાસ, ઉપાધ્યાય, આચાર્ય અને ગચ્છનાયક–ભટ્ટારક બનાવ્યા હતા. ખંભાતમાં સં. ૧૬૫૬માં ૭૦૦ મુનિવરો વગેરે ચતુર્વિધ સંઘની હાજરીમાં આચાર્ય બનાવ્યા હતા ને સૌની સમ્મતિથી પોતાની પાટે પાટણમાં સં. ૧૬૫૭માં ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા હતા. પરંતુ સં. ૧૬૭૩ના પોષ સુદિ ૧૨ ને બુધવારે સિરોહીમાં તપાગચ્છમાં નવો 'ઉપાધ્યાયમત' નીકળ્યો, તેના ગચ્છનાયક ભટ્ટા૦ વિજયતિલકસૂરિ થયા. [તે પછી તેમના શિષ્ય 'વિજયાનંદસૂરિ' એ નામે પ્રસિદ્ધિ પામ્યો.]

(જુઓ ભાગ ૩, પ્રક. ૫૫, પૃ. ૩૬૧)

આમ સં. ૧૬૭૩માં બે ગચ્છનાયક થતાં ભટ્ટારક વિજયસેનસૂરિના પિતા

સ્થવિર પં૦ (ઉપા૦) કમલવિજયગણિ, બીજા પં૦ કમલવિજયગણિ, મહો૦ કલ્યાણવિજયગણિ, ઉપા૦ ઉદ્‌દ્યોતવિજયગણિ, ઉપા૦ નયવિજયગણિ, ઉપા૦ રાજવિજયગણિ, તપાગચ્છની વિજયશાખા, સાગરશાખા, વર્ધનશાખા, સૌભાગ્યશાખા, કુશલશાખા, વિમલશાખા વગેરેના ગીતાર્થો વગેરે ભટ્ટા૦ વિજયદેવસૂરિને ખરા ગચ્છનાયક માનતા અને તેમના પક્ષમાં રહ્યા.

તપાગચ્છમાં ત્યારથી બે મતો ચાલ્યા. તે બંને વચ્ચે સંઘર્ષ ચાલુ થયો. પરંતુ ભટ્ટા૦ વિજયદેવસૂરિને પોતાની જવાબદારીનું પૂરું ભાન હતું. આથી તેમણે પોતાનું વિહારક્ષેત્ર વિશાળ બનાવ્યું. તેઓ જૈનધર્મની સેવા અને પ્રભાવનામાં તત્પર અને કર્તવ્યનિષ્ઠ હતા.

નોંધ : અહીં નોંધપાત્ર ઘટના એ છે કે, તપાગચ્છના મુનિવરો બે પક્ષમાં વહેંચાઈ ગયા; પણ કોઈ મુનિવરો બંને પક્ષમાં ન ભળ્યા. તે પોતાને આ૦ હીરવિજયસૂરિ પરંપરાના બતાવતા હતા. (પ્રક. ૫૫, પૃ. ૨૬૨)

મહાતપા –

આ૦ વિજયદેવસૂરિ સં. ૧૬૭૩માં ખંભાતમાં ચાતુર્માસ માટે પધાર્યા હતા પણ બાદશાહ જહાંગીરના આમંત્રણથી તેઓ માંડવગઢ પધાર્યા. બા૦ જહાંગીરે આચાર્યશ્રીની જીવનચર્યા જોઈ–જાણીને તેમને ત્યાં 'મહાતપા'નું બિરુદ આપ્યું.

[નોંધ : પ્રક. ૫૮, પૃ. ૧૪૦ ઉપર 'મહાતપા' સંબંધી બધી વિગતો આપેલ છે, જે અહીં પુનઃ સારરૂપ આપીએ છીએ.]

ભટ્ટા૦ વિજયદેવસૂરિની પરીક્ષા –

બાદશાહ જહાંગીર સં. ૧૬૭૩માં માંડવગઢ હતો. પં૦ સિદ્ધિચંદ્રગણિ સિરોહીમાં ઉપાધ્યાય બની, ત્યાં પહોંચી ગયા અને તેમણે બા૦ જહાંગીરને ભંભેર્યો કે, ''આ૦ વિજયસેનસૂરિની ગાદીએ આ૦ વિજયદેવસૂરિ ગચ્છનાયક બન્યા છે, પણ તેમને પોતાના સ્થાનની જવાબદારીનું ભાન નથી. આથી બીજા મુનિવરોએ તેમની આજ્ઞા તજી નવા ગચ્છનાયક (આ૦ વિજયતિલકસૂરિને) બનાવ્યા છે.'' (અને વધુમાં નવા ગચ્છનાયક તરફી વાત કરી.)

બા૦ જહાંગીરે આ સાંભળી આ૦ વિજયદેવસૂરિને ગુજરાતમાંથી માંડવગઢ બોલાવ્યા. ઝીણવટથી તેમની જીવનચર્યાની તપાસ કરી; પણ (ઊલટું) તેમના ત્યાગ, તપ અને વિદ્વત્તા વગેરેનો અનુભવ કરી, સંતોષ પામી, આ૦ વિજયદેવસૂરિને મોટા ત્યાગી–તપસ્વીરૂપે 'જહાંગીરી મહાતપા' (દુનિયાના મોટા ઓલિયા)નું બિરુદ આપ્યું.

★ ★ ★

બા૦ જહાંગીરે હીજરી સન ૧૦૨૭માં (સં. ૧૬૭૪માં) આગરાથી એક પત્ર આ૦ વિજયદેવસૂરિને લખી વિદ્વદ્વર્ય પં૦ દયાકુશલગણિ (પ્રક. ૫૫, પૃ. ૪૧૨) મારફત તેમની ઉપર મોકલ્યો (ફરમાન નં. ૧૩) :

''તમારી સાથે માંડવગઢમાં મુલાકાત થઈ હતી તેથી ખરા મિત્ર તરીકે ઘણું કરીને (હું) તમારા સમાચાર પૂછતો રહું છું. મને ખાતરી છે કે, તમે પણ અમારી સાથે ખરા મિત્ર તરીકેનો સંબંધ છોડશો નહીં. પંન્યાસ દયાકુશળ દ્વારા તમારા (સુખશાતાના) સમાચાર જાણી અમે બહુ ખુશ થયા છીએ..... અહીંનું જે કામકાજ હોય તે પં૦ દયાકુશલને લખવું કે જેથી હજૂરમાં જાણવામાં આવે, જેનાથી તેના ઉપર (અમે) દરેક રીતે ધ્યાન દઈશું. અમારા તરફથી સુખે રહેશો.'' (પ્રક. ૫૮, પૃ. ૧૮૦, ફરમાન–૧૩)

દેવવાણી –

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૭૬માં સાબલીમાં ચાતુર્માસ કર્યું. તેમણે વિજયાનંદસૂરિના પક્ષ અને સાગરમતવાલા સાથેના કલેશથી દુઃખ પામી ઉપાય શોધવા સૂરિમંત્રનો જાપ તથા ધ્યાન કર્યું. સૂરિમંત્રના અધિષ્ઠાયકદેવે ભટ્ટારકને જણાવ્યું કે, 'આપના પછી થનાર ભટ્ટારકનો જન્મ થયો છે, હજી દીક્ષા થઈ નથી. દીક્ષા લઈ યોગ્ય સમયે ગચ્છનાયક ભટ્ટારક બનશે. તો હમણાં ભાવિ ગચ્છનાયકનો વિચાર કરવો નહીં. છતાં હાલ ઉપા૦ કનકવિજયગણિને આચાર્ય બનાવો તેથી શાસનને લાભ જ થશે. તેઓ ત્યાગી, સંયમી, સંવેગી અને ગીતાર્થ છે. સાધુ–સાધ્વીઓ માટે યોગ્ય સમયે શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરશે.'

(ભટ્ટારક વિજયપ્રભસૂરિનો સં. ૧૬૭૩ના મહા સુદ ૧૧ના જન્મ થયો અને સં. ૧૬૮૬માં દીક્ષા થઈ.)

ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને ઉપા૦ કનકવિજયગણિએ સં. ૧૬૭૭ના મહા સુદ ૫ ને રવિવારે ખંભાતમાં ખંભાત માટે ભ૦ પાર્શ્વનાથ તથા ગંધાર માટે ભ૦ પાર્શ્વનાથ તથા ભ૦ મુનિસુવ્રતસ્વામીની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

(પ્રા. જૈ. લે. સં., ભા. ૨, લે. નં. ૪૫૭, ૪૫૮, ૪૫૯)

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૭૭ના વૈશાખ સુદિ ૩ ના રોજ મેડતામાં પ્રતિષ્ઠા ઉત્સવમાં મેડતા માટે ભ૦ મુનિસુવ્રસ્વામી તથા સમદડિયા શા૦ ..... ઓશવાલની ભ૦ મુનિસુવ્રતસ્વામી વગેરે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(પ્રા. જૈ. લે. સં., ભા. ૨, લે. નં. ૪૩૮, ૪૪૦)

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૭૭ના વૈશાખ સુદ ૭ ને બુધવારે સાબલીમાં ગીતાર્થો, સાધુ–સાધ્વીઓ માટે ૫૮ બોલનો પટ્ટક બનાવ્યો.

પં૦ મુક્તિસાગરને અનિચ્છાએ ઉપાધ્યાયપદવી –

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ ખંભાતથી અમદાવાદ નગરશેઠ શાંતિદાસ ઝવેરી ઉપર (અનિચ્છાએ) વાસક્ષેપ મોકલી પં૦ મુક્તિસાગરને ઉપાધ્યાય બનાવ્યા.

[નોંધ : આની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ જાણવી.]

ભટ્ટા૦ શ્રી વિજયસેનસૂરિએ પં૦ મુક્તિસાગરને ઉપાધ્યાય બનાવ્યા નહીં તેથી જ આ૦ વિજયદેવસૂરિ પણ તેમને બનાવતા નહોતા.

ઉપા૦ નેમિસાગરગણિ સં. ૧૬૭૪માં કાળધર્મ પામ્યા. આથી નગરશેઠ શાંતિદાસે એક નિર્ણય કર્યો કે, હવે સીધા જ પં૦ મુક્તિવિજયગણિને ઉપાધ્યાય અને આચાર્ય બનાવવા.

ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિ સં. ૧૬૭૯માં ખંભાતમાં ચાતુર્માસ સ્થિત હતા. એ સમયમાં ખંભાતના નગરશેઠ વ્યવહારિક કામ માટે ચોમાસામાં અમદાવાદ આવ્યા. શેઠ શાંતિદાસે અવસર જોઈ સૂબાની સત્તા હાથમાં લઈ ખંભાતના શેઠને પોતાને ત્યાં અતિથિ તરીકે રાખી નજરકેદ બનાવ્યા અને તેને રૂઆબથી જણાવ્યું કે, ''શેઠ ! તમારે ખંભાતનાં ઝાડ જોવાં છે કે નહીં ? જો એ જોવાની ઇચ્છા હોય તો ખંભાતમાં રહેલા આ૦ વિજયદેવસૂરિ પોતાની જાતે જ પં૦ મુક્તિસાગર ગણિને ઉપાધ્યાયપદ આપી આચાર્ય બનાવવાની કબૂલાત આપે એવો પ્રબંધ કરો અને તો જ તમે અહીંથી છૂટીને ખંભાત જઈ શકશો.''

ખંભાતના શેઠે સઘળી વાત ખંભાત પહોંચાડી. તેમનાં ધર્મપત્નીએ આ વાત જાણી કે તરત જ ભટ્ટા૦ વિજયદેવસૂરિ પાસે જઈ આંખમાં આંસુ લાવી પોતાના સૌભાગ્યની ભિક્ષા માગી.

સકલ સમાચારથી અવગત ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિએ નાછૂટકે પં૦ મુક્તિસાગરગણિને ઉપાધ્યાયપદવી આપવાની મૂક સમ્મતિના પ્રતિકરૂપે એક પત્રમાં પોતાના હસ્તાક્ષરથી 'શ્રી જિનાય નમઃ' લખી તેમાં વાસક્ષેપ નાખી તે પત્ર શેઠાણીને આપ્યો.

શેઠ શાંતિદાસે આ પત્ર મળતા સં. ૧૬૮૦માં અમદાવાદમાં પં૦ મુક્તિસાગરગણિને ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિનો વાસક્ષેપ નાખી ઉપાધ્યાય પદવી આપી; અને ત્યારથી શેઠની ભાવના મુજબ તેઓ ઉપા૦ રાજસાગરગણિ નામથી ઓળખાવા લાગ્યા (જુઓ પ્રકરણ ૫૮, પૃ. ૨૨૧–૨૨૨) અને સં. ૧૬૮૬માં નગરશેઠે ઉપા૦ રાજસાગરને આચાર્યપદે સ્થાપન કર્યા.

મુનિસંમેલન નિષ્ફળ : ઉપા૦ કનકવિજયને આચાર્યપદ –

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ અને ભટ્ટા૦ વિજયાનંદસૂરિએ સં. ૧૬૮૧ના ચૈત્ર

સુદ ૯ ને રવિયોગમાં અમદાવાદમાં કાળુપુરના જૈન ઉપાશ્રયમાં તપાગચ્છના શ્રમણોનું સમ્મેલન કર્યું.

જો કે તે સમ્મેલન નિષ્ફળ નિવડ્યું. (જુઓ વિગતે પ્રક. ૫૫, પૃ. ૩૬૫ થી ૩૬૮, ક્રમાંક : ૨૯.) આથી ભટ્ટા૦ વિજયદેવસૂરિએ ત્યારે ઉપા૦ કનકવિજયને આચાર્ય બનાવવાની વાત મૂકી અને સૌની સંમતિ લીધી.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૮૧ના વૈશાખ સુદ ૬ (અથવા સં. ૧૬૮૨ના મહા સુદ ૬)ના રોજ ઈડરમાં શા૦ સહજૂએ કરેલા પદવી મહોત્સવમાં ઉપા૦ કનકવિજયગણિને આચાર્ય બનાવી પોતાના યુવરાજ તરીકે સ્થાપન કર્યા અને તેમનું નામ વિજયસિંહસૂરિ રાખવામાં આવ્યું.

(–પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૧, પુરવણી પૃ. ૯૩, ૯૬)

ભટ્ટા૦ વિજયદેવસૂરિ તથા આ૦ વિજયસિંહસૂરિએ સં. ૧૬૮૩ના અષાડ વદ ૪ (જેઠ વદ ૪)ને ગુરુવારે જાલોરમાં ભ૦ ધર્મનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. સં. ૧૬૮૩નું ચાતુર્માસ જાલોરમાં કર્યું.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૮૪ના મહા સુદિ ૧૦ ને સોમવારે જાલોરમાં મંત્રી જયમલ મુહણોતે કરેલ વંદના મહોત્સવમાં આ૦ વિજયસિંહસૂરિને ભટ્ટારક બનાવી પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા અને તેમને ગચ્છની અનુજ્ઞા આપી. ત્યારબાદ તેઓએ મેડતાના સં૦ શામકરણ માટે ભ૦ કુંથુનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (પ્રા. જૈ. લે. સં., ભા. ૨, લે. નં. ૩૫૯, ૪૩૭)

કમલદલની પ્રતિષ્ઠા – ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિએ સં. ૧૬૮૫ના અષાડ વદિ ૪ ને ગુરુવારે સિરોહીમાં (શ્રી અજિતનાથ જિનાલય મધ્યે) શા૦ પૂંજા અને ઉછરંગદેના પુત્ર સંઘપતિ તેજપાલના ભ૦ પાર્શ્વનાથના સમવસરણના કમલદલની પ્રતિષ્ઠા કરી અને સં. ૧૬૮૫માં સિરોહીમાં ચાતુર્માસ કર્યું. (પ્રક. ૫૧, પૃ. ૨૧૦–૧૧)

(**નોંધ** : આ૦ વિજયસિંહસૂરિ સં. ૧૬૮૧ થી સં. ૧૬૯૫ સુધી ભટ્ટા૦ વિજયદેવસૂરિની સાથે જ વિચર્યા હતા. તેમ છતાં હવે પછી માત્ર ભટ્ટા૦ વિજયદેવસૂરિનું નામ આવે તો પણ આ૦ વિજયસિંહસૂરિ સાથે સમજવા.)

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૮૬ના વૈશાખ સુદ ૮ના રોજ પાલીમાં મેડતાના સુરાણા કર્મણ તથા તેની માતાની ભરાવેલ ભ૦ સુમતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (પ્રા. જૈ. લે. સં., ભા. ૨, લે. ૪૪૨)

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૮૬માં સાદડીમાં ઉદયપુરના રાણા કર્ણસિંહની રાજસભામાં ગીતાર્થોને મોકલી લોંકાગચ્છવાળાઓને શાસ્ત્રમાં હરાવ્યા. રાજા કર્ણસિંહ આ૦ વિજયદેવસૂરિનો ભક્ત હતો. (પ્રક. ૪૪, પૃ. ૨૫ તથા પટ્ટા૦ સમુચ્ચય, ભા. ૧, પુરવણી પૃ. ૯૩)

પાલીમાં જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા –

સં. ૧૬૮૬ના વૈશાખ સુદ ૮ ને શનિવારે પુષ્ય નક્ષત્રમાં જોધપુરનરેશ ગજસિંહના શાસનમાં તથા પાલીરાજ જગન્નાથ સોનગરા ચૌહાણના રાજ્યમાં પાલીના શ્રીમાલી ચંડાતેયા શા૦ મોહિલ, તેની પત્ની સૌભાગ્યદેના પુત્રો શા૦ ડુંગર અને ભાખર એ બંને ભાઈઓએ (પ્રક. ૪૪, પૃ. ૬ મુજબ શ્રીમાલી ઈશ્વર, અટોલ વગેરેએ) ૨૪ દેરીવાલા નવલખા પાર્શ્વનાથ જિનપ્રાસાદનો સવા પાંચ હજાર ખરચી મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેની ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેમાં ભ૦ પાર્શ્વનાથ તથા ભ૦ મહાવીર-સ્વામીની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. ૨૪ દેરીઓમાં ૨૪ જિનેશ્વરોની પ્રતિમાઓ ભરાવી. સ્વર્ણ કળશ–ધજા–દંડ અને ધ્વજા ચડાવ્યાં.

આ જિનપ્રતિમા આજે પાલીના લોઢાવાસના ભ૦ શાંતિનાથના જિનપ્રાસાદમાં મૂળનાયક તરીકે વિરાજમાન છે.

ઉક્ત સૂરિવરોએ પાલીમાં મોટી અંજનશલાકા કરાવી તેમાં આગરાનિવાસી કુહાડ ગોત્રના શા૦ જસવંત ઓશવાલે તેમના ઉપદેશથી ભ૦ પાર્શ્વનાથની જિનપ્રતિમા ભરાવી અને વીઘર ગામના જૈન સંઘે વીઘર ગામના જિનપ્રાસાદને બીજે માળે શિખરમાં સૂરિદેવોના હાથે આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા. જૈ. લે. સં., ભા. ૨, લે. નં. ૩૯૩થી ૩૯૫ અને ૩૯૯)

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૮૬ (હિન્દી સં. ૧૬૮૭)ના જેઠ સુદિ ૧૧ ને ગુરુવારે ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા. જૈ. લે. સં., ભા. ૨, લે. નં. ૩૬૬)

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૮૬ના પ્રથમ અષાડ વદ ૫ ને શુક્રવારે જાલોરમાં જોધપુરનરેશ ગજસિંહે સકલ રાજ્યવ્યવહારમાં નિયુક્ત કરેલ મંત્રી જયમલ મુહણોતે જાલોરમાં મોટો પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો, તેમાં ઘણી જિન-પ્રતિમાઓની અંજનશલાકા કરી.

(પ્રક. ૩૬, પૃ. ૧૮૧ તથા પ્રક. ૬૦, પૃ. ૪૧૮)

શાસ્ત્રાર્થ –

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૮૭માં સુરતમાં નવાબ માજર મલિકની રાજસભામાં પોતાના સાધુઓને નિયુક્ત કરી 'સર્વજ્ઞશતક'ની પ્રામાણિકતા અંગે શાસ્ત્રાર્થ કર્યો અને તેમાં વિજય પ્રાપ્ત કર્યો.

(જુઓ વિગતે : પ્રક. ૫૫, પૃ. ૩૬૮–૩૬૯, ક્ર. ૩૦)

બીજાપુર–કન્નડ આદિ દક્ષિણ પ્રદેશોમાં અનેક ધર્મકાર્યો –

ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિ સુરતથી વિહાર કરી

કુંભારિયાતીર્થ પધાર્યા અને ત્યાંથી આગળ ધીમે ધીમે વિહાર કરતા દક્ષિણમાં બીજાપુર પધાર્યા.

તેઓએ સં. ૧૬૮૭થી ૧૬૯૪ સુધી કન્નડ, તિલંગ, ગોલકુંડા, ખાનદેશ વગેરે દક્ષિણ પ્રદેશોમાં વિચરી અનેક જિનમંદિરોની સ્થાપના અને જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા તેમજ મુનિવરોની પદવીઓ વગેરે કરી. અહીં સાત ચોમાસાં કર્યાં તેમાં બીજાપુરમાં ચાર, ઔરંગાબાદમાં એક અને બુરહાનપુર બે ચોમાસાં કર્યાં.* સાત જિનપ્રતિષ્ઠા કરી. પદવીમાં એક ઉપાધ્યાય અને પચાસ પંન્યાસો નવા બનાવ્યા.

આચાર્યોએ સં. ૧૬૮૭માં બીજાપુરમાં શા૦ દેવચંદ (કે વીરચંદ–વેલચંદ)ની પહેલી જિનપ્રતિષ્ઠા કરી, અને ત્યાં ચોમાસું કર્યું. શા૦ દેવચંદે પ્રતિષ્ઠા ઉત્સવમાં સોળ હજાર રૂપિયા ખરચ્યા હતા.

અહીં પ્રતિષ્ઠાનો એક લેખ આ પ્રમાણે મળે છે :

"दक्षिणस्यां च कन्नडीवीजापुरे पुरे तथा
प्रतीच्यां च कच्छदेशे प्रतिष्ठा येन निर्ममे" ॥१९॥

(વિજયપ્રશસ્તિ–વિજયદીપિકા ટીકા)

બીજાપુરના બા૦ ઈદલશાહે ગચ્છનાયકને બીજાપુરમાં ઘણા દિવસો સુધી વિનંતી કરી રોક્યા હતા અને તેઓ રહ્યા ત્યાં સુધી ગોવધ વગેરે હિંસા બંધ કરાવી હતી. આથી જૈનશાસનની પ્રભાવના થઈ હતી. ગચ્છનાયકે બીજાપુરના સંઘ સાથે સમુદ્ર કિનારે કરાડ પાર્શ્વનાથ અને કલિકુંડ પાર્શ્વનાથ વગેરેની યાત્રાઓ કરી હતી.

આચાર્યોએ બુરહાનપુરમાં આંતરે આંતરે બે ચોમાસાં કર્યાં હતાં અને બુરહાનપુરના સંઘ સાથે અંતરીક્ષજી તીર્થ અને કુલ્પાકજી તીર્થ પધાર્યા. ત્યાં પં૦ કૃષ્ણવિજયગણિએ 'કુલ્પાકમંડન ઋષભદેવ સ્તવન' (કડી–૨૧) રચ્યું. ત્યાંથી સંઘ સાથે સહુ ગોલકુંડા પાસેના ભાગ્યનગર વગેરે સ્થળે પધાર્યા. ભાગ્યનગરના બાદશાહ કુતુબશાહને ઉપદેશ આપ્યો. તેની રાજસભામાં ભટ્ટોની સાથે શાસ્ત્રાર્થ કરી, વિજય મેળવી જૈનધર્મનો સારો પ્રસાર કર્યો હતો. ભટ્ટોને ગચ્છનાયકની વિદ્વત્તા ઉપર બહુમાન થયું હતું. બાદશાહ પણ પ્રતિબોધ પામ્યો હતો.

★ બુરહાનપુરના એક ચોમાસામાં ઉપા૦ અમરચંદ્ર, ઉપા૦ લાવણ્યવિજય, મહો૦ સોમવિજયની પરંપરાના પં૦ ભીમવિજય, પં૦ ઉત્તમવિજય, શાંતિવિજય, લક્ષ્મીવિજય વગેરે ચોમાસું હતા. (–તા. ૨૯-૧૨-૧૯૬૨, જૈન સાપ્તાહિક પત્ર)

તે સાલ કિસનગઢમાં તેમના આજ્ઞાધારક પં૦ નયવિજય, પં૦ હસ્તિવિજય, પં૦ ઋદ્ધિવિજય, ઉદયવિજય (વિજયસિંહસૂરિના શિષ્ય), મુક્તિવિજય (વિજયપ્રભસૂરિના શિષ્ય) વગેરે હતા. તેમણે શ્રાવણ સુદ પના રોજ વિજ્ઞપ્તિપત્ર મોકલ્યો હતો.

મહો૦ ધર્મસાગરગણિ લખે છે કે, ભટ્ટા૦ વિજયદેવસૂરિએ ઔરંગાબાદમાં ચોમાસું કર્યું. બીજો એવો ઉલ્લેખ મળે છે કે, ભટ્ટા૦ વિજયદેવસૂરિ ઔરંગાબાદમાં ચોમાસું હતા ત્યારે મુનિ વિનીતવિજય તેમની સાથે હતા.*

(–શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશસ્તિ નં. ૭૬૧)

આચાર્યશ્રીએ દક્ષિણમાં સં. ૧૬૯૩ના ફાગણ સુદ ૩ના રોજ મોટી અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરી હતી. તેમના ઉપદેશથી ત્યાં ઘણી જિનપ્રતિમાઓ બની હતી અને તેની અંજનશલાકા કરી તે પછી તેઓ વિહાર કરી ગયા. બંને આચાર્યોએ સં. ૧૬૯૫માં માંડવગઢમાં ચોમાસું કર્યું હતું. તે પછી પાયચંદગચ્છના આ૦ જયચંદ્રસૂરિએ માંડવગઢમાં કોઈ કોઈની પ્રતિષ્ઠા કરી હતી.

[**નોંધ** : માંડવગઢની ઉક્ત વાત પ્રક. ૫૩, પૃ. ૩૦૮–૩૦૯માં વિગતે આપી છે. અહીં તેનો સાર જાણવો કે – ભટ્ટા૦ વિજયદેવસૂરિના ઉપદેશથી માંડવગઢમાં નવાં જિનાલય, જિનપ્રતિમાઓ વગેરે બન્યાં. તેઓએ ત્યાં જ અંજનશલાકા કરી તેમજ સં. ૧૬૯૫–૯૬નું ચાતુર્માસ કર્યું. ચોમાસા પછી ખાસ કારણે ત્યાંથી વિહાર કરી ગયા. આથી કોઈ કોઈ જિનપ્રતિમાની તપાગચ્છના ગીતાર્થોએ તથા પાયચંદગચ્છના આ૦ જયચંદ્રસૂરિએ સં. ૧૬૯૬માં પ્રતિષ્ઠા કરી હતી.]

બંને સૂરિઓએ સં. ૧૬૯૭માં વિંધ્યનગર (બીજાપુર–કર્ણાટક)માં જિનપ્રતિષ્ઠાઓ કરી અને ભટ્ટા૦ વિજયદેવસૂરિએ વિંધ્યનગરમાં તથા આ૦ વિજયસિંહસૂરિએ ઉદયપુરમાં ચોમાસું કર્યું.

પછી બંને આચાર્યોએ સં. ૧૬૯૮માં આમણોરમાં ૧, દેલવાડામાં ૧, નાંહીગગામ (ગોગુંદા)માં ૧, આઘાટમાં ૧, અન્ય એક એમ પાંચ પ્રતિષ્ઠાઓ કરી હતી તથા મેડતામાં બે જિનપ્રતિષ્ઠાઓ કરી હતી.

સં. ૧૬૯૮–૯૯નું ચાતુર્માસ ઉદયપુરમાં સાથે જ કર્યું. ત્યાં ઉદયપુરના રાણા જગતસિંહને ઉપદેશ આપી જીવદયાપ્રેમી અને જૈનધર્મપ્રેમી બનાવ્યો.

(જુઓ પ્રક. ૪૪, પૃ. ૨૫; પ્રક. ૫૫, પૃ. ૪૦૩; પ્રક. ૬૧)

સં. ૧૭૦૦નું ચાતુર્માસ પાલી કર્યું.

★ સંભવ છે કે, તેઓ સં. ૧૬૯૯માં નહીં પણ સં. ૧૬૯૮માં ઔરંગાબાદમાં ચોમાસું હોય, કેમકે તેઓ સં. ૧૬૮૭ થી ૧૬૯૪ સુધી દક્ષિણમાં વિચર્યા હતા અને સં. ૧૬૯૯માં તો ઉદયપુરમાં ચોમાસું હતા.

બીજી વિચારણીય વસ્તુ એ છે કે, બા૦ ઔરંગઝેબે સં. ૧૭૦૭માં ઔરંગાબાદ વસાવ્યું હતું. તો સંભવ છે કે, ગચ્છનાયક તે શહેરની જૂની વસ્તીવાળા ગામમાં ચોમાસું રહ્યા હોય. દક્ષિણમાં વરંગલ ગામ છે તેનું પ્રાચીન નામ ઉરંગલ છે.

આ૦ વિજયદેવસૂરિએ સં. ૧૭૦૧માં બીજાપુરમાં બીજો પ્રતિષ્ઠા ઉત્સવ કર્યો; ત્યારે પણ શા૦ દેવચંદે આઠ હજાર રૂપિયા વાપર્યા હતા. ગચ્છનાયકે આ પ્રસંગે મુનિ વીરવિજયને પંન્યાસપદવી આપી. સં. ૧૭૦૨માં મેડતામાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી ચોમાસું કર્યું. સં. ૧૭૦૩માં જાલોરમાં ચોમાસું કર્યું. સં. ૧૭૦૪માં આ૦ વિજયસિંહસૂરિ ત્યાં આવી મળ્યા. પછી તેઓ ત્યાંથી વિહાર કરી આબૂની યાત્રાએ પધાર્યા. આ દરમિયાન ભટ્ટા૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયસિંહસૂરિ, પં૦ સત્યવિજય, પં૦ વીરવિજય, મહો૦ વિનયવિજયગણિ, મહો૦ ભાવવિજયગણિ પરસ્પર મળ્યા. સૌએ સંવેગી ક્રિયોદ્ધાર કરવાનો નિર્ણય કર્યો અને સૌ ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞામાં રહી સંવેગી બને એવી ગોઠવણ કરી.

જો આ૦ વિજયસિંહસૂરિ ક્રિયોદ્ધાર કરી સંવેગી બને તો પં૦ સત્યવિજયગણિને ગચ્છનાયક બનાવવા અને તે પણ સંવેગી બને તો પં૦ વીરવિજયને ગચ્છનાયક બનાવવા. આવી વ્યવસ્થા ગોઠવી હતી.

આ મુલાકાતમાં એક પ્રસંગે પં૦ વીરવિજયગણિએ મહો૦ વિનયવિજયજીને બાલોચિત ભાષામાં કહ્યું કે, ''આપ જ્ઞાની છો, સાચા-ખોટાની પરખ છે, ભટ્ટા૦ વિજયદેવસૂરિને મહાન માનો છો પણ તેમની આજ્ઞામાં નથી એનું કારણ સમજાતું નથી.'' મહો૦ વિનયવિજયજી ગણિએ 'ઇન્દુદૂત'ના શ્લો. ૧૨૫–૧૨૬ની ત્યારે યાદ આપી હતી.

બંને આચાર્યોએ સં. ૧૭૦૪માં ઈડરમાં ચોમાસું કર્યું. અહીં પાટણની શ્રાવિકા અવંતીએ ભરાવેલી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ૬૪ ઇન્દ્રોના જન્માભિષેક વગેરે મોટો વિધિ કરવામાં આવ્યો હતો.

બંને આચાર્યો તથા મહો૦ ભાવવિજયગણિ સં. ૧૭૦૫માં પાટણના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શ્રી અંતરીક્ષજી તીર્થની યાત્રાએ પધાર્યા.

(ઉપરોક્ત મહો૦ ભાવવિજયજી ગણિ પૂર્વ કર્મના ઉદયથી આંખે આંધળા થઈ ગયા હતા. તેમને મનમાં વિશ્વાસ હતો કે, અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવંતની યાત્રા કરવાથી લાભ થશે. એટલે તેઓ પાટણના શ્રીસંઘ સાથે અહીં યાત્રાએ પધાર્યા. તેમણે અહીં પ્રભુ સામે બેસી એકાગ્રતાથી અને ઉલ્લાસથી સ્તોત્ર ગાયું. એ રીતે ભક્તિ કરતાં આંખનાં પડળ ઉઘડી ગયાં અને તેમને પ્રભુનાં દર્શન થયાં. તેમણે ત્યાં જ પ્રભુનું જે સ્તોત્ર 'અંતરીક્ષ પાર્શ્વનાથ માહાત્મ્ય' બનાવ્યું તે આજ ઉપલબ્ધ છે. મહો૦ ભાવવિજયજીએ સં. ૧૭૦૮ આસો સુદ ૧૦ના વિજાપુરમાં 'ચંપકમાલાચરિત્ર' રચ્યું.

અહીંના (સિરપુર) શ્વેતાંબર જૈન સંઘે સં. ૧૭૧૫માં અંતરીક્ષજી તીર્થનો જીર્ણોદ્ધાર કર્યો. સં. ૧૭૧૫ના એ જ વર્ષે ચૈત્ર સુદ ૬ ને રવિવારે અંતરીક્ષ પાર્શ્વનાથના દેરાસરના ભોંયરામાં મહો૦ ભાવવિજયગણિના હસ્તે શ્રી માણિભદ્ર વીરની સ્થાપના કરવામાં આવી. કેટલાંક વર્ષ બાદ અહીં શ્રીસંઘ દ્વારા ભટ્ટા૦ વિજયદેવસૂરિ તથા મહો૦ ભાવવિજયજીનાં ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરવામાં આવી. જુઓ પ્રક. ૩૮, પૃ. ૩૨૫ તથા પહેલી આવૃત્તિ–પ્રક. ૬૦, પૃ. ૨૯૫.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ અહીં સં. ૧૭૦૫ના ફાગણ વદ ૬ ને બુધવારે ઔરંગાબાદના વીશા પોરવાડ શા૦ અમીચંદની પત્ની ઈન્દ્રાણીએ ભરાવેલ જિનપ્રતિમાઓની અંજનશલાકા કરી અને પાટણ તથા દક્ષિણના સંઘને અંતરીક્ષ પાર્શ્વનાથના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરવાનો ઉપદેશ આપ્યો.

અંતરીક્ષજી તીર્થે ભ૦ વાસુપૂજ્યની ધાતુ પ્રતિમા ઉપર પ્રતિમાલેખ મળે છે, જેની વિગત આ પ્રમાણે છે :

"संवत् १७०५ वर्षे फागण वदि ६ बुधे श्रीमदवरङ्गबाद वास्तव्य प्राग्वाटज्ञातीय द्रग्र (?) शाखायां सा० अमीचन्दभार्या बाइ इन्द्राणीनाम्ना स्वकुट(टु)म्बश्रेयसे स्वकारितप्रतिष्ठायां श्री वासुपूज्यजिनबिम्बं कारितं प्रतिष्ठितं च तपागच्छाधिराज श्री विजयसेनसूरीश्वरपट्टालंकारभट्टारक श्रीश्रीश्री विजयदेवसूरिभिः श्री अन्तरीक्ष पार्श्वनाथ-प्रतिमालंकृत श्री सिरपुरनगरे ॥ शुभं भवतु ॥ श्री ॥"

– વિ. સં. ૧૭૦૫ના ફાગણ વદિ ૬ ને બુધવારે ઔરંગાબાદના વતની, પોરવાડ જ્ઞાતિના, દ્રગ્ર (?) શાખાના અમીચંદની પત્ની ઈન્દ્રાણી નામની બાઈએ પોતાના કુટુંબના કલ્યાણ માટે પોતે કરાવેલી પ્રતિષ્ઠામાં શ્રી વાસુપૂજ્ય ભગવાનનું બિંબ પધરાવ્યું અને તપાગચ્છાધિરાજ શ્રી વિજયદેવસૂરિએ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથની પ્રતિમાથી અલંકૃત સિરપુરનગરમાં તેની પ્રતિષ્ઠા કરી. ('જૈન આત્માનંદ પ્રકાશ' માસિકમાં છપાએલ પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મહારાજનો લેખ.)

બંને સૂરિએ સં. ૧૭૦૫માં ખંભાતમાં ચોમાસું કર્યું. આ૦ વિજયસિંહસૂરિએ સં. ૧૭૦૬ના મહા સુદિ ૧૩ ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં પાટણમાં ગુરુનિશ્રામાં સંવેગી સાધુ–સાધ્વી યોગ્ય ૪૫ બોલનો પટ્ટક બનાવ્યો. બંને આચાર્યોએ સં. ૧૭૦૬માં પાટણમાં અને સં. ૧૭૦૭માં અમદાવાદમાં ચાતુર્માસ કર્યું.

સં. ૧૭૦૮માં આ૦ વિજયદેવસૂરિ ખંભાત ચોમાસું પધાર્યા. જ્યારે આ૦ વિજયસિંહસૂરિ અમદાવાદના રાજપરા પાસે નવીનપુરામાં પધાર્યા. સં. ૧૭૦૮ના અષાડ સુદિ ૨ના રોજ તેઓ ૬૪ વર્ષના દીક્ષાપર્યાયમાં, ૭૪ વર્ષની ઉંમરે, ગીતાર્થો પાસે અતિચાર આલોવી અનશન સ્વીકારી સમાધિથી કાળધર્મ પામ્યા.

નવા ભટ્ટારક –

તપાગચ્છના ગચ્છનાયક શ્રી વિજયદેવસૂરિએ આ૦ વિજયસિંહસૂરિને સં. ૧૬૮૧માં આચાર્ય અને સં. ૧૬૮૪માં ભટ્ટારક બનાવ્યા; પરંતુ દૈવવશાત્ સં. ૧૭૦૮માં તેઓ સ્વર્ગવાસ પામ્યા.

તપાગચ્છમાં બે પક્ષો પડતા અને તેમાં સંઘર્ષ વધતો હતો ત્યારે નવા ભટ્ટારક નીમવામાં મોટું જોખમ સમાયેલું હતું. અંતે ગચ્છનાયકે સંઘમાન્ય સ્થવિર ગીતાર્થોની સમ્મતિ લઈ ગંધારમાં રહેલા આ૦ વિજયસિંહસૂરિના શિષ્ય પં૦ વીરવિજયગણિને આચાર્ય અને ભટ્ટારક બનાવવાનો નિર્ણય કર્યો.

આ૦ વિજયદેવસૂરિ ગંધાર પધાર્યા. ગંધારના સંઘે આ પ્રસંગે પદવી ઉત્સવની આમંત્રણ-પત્રિકા બધે મોકલી. બહારના જૈન સંઘોને પણ ગંધાર બોલાવ્યા. એટલે અમદાવાદ, ખંભાત, પાટણ, સુરત, કાવી વગેરે સ્થળોના જૈનસંઘો ત્યાં આવ્યા.

આ૦ વિજયદેવસૂરિએ સં. ૧૭૧૦ના વૈશાખ સુદિ ૧૦ ને શુક્રવારે ગંધાર તીર્થમાં પં૦ વીરવિજયગણિને આચાર્યપદવી આપી પોતાની પાટે સ્થાપન કર્યા અને તેમનું નામ આ૦ વિજયપ્રભસૂરિ રાખ્યું.

આ૦ વિજયદેવસૂરિએ સં. ૧૭૧૦માં સુરતમાં ચાતુર્માસ કર્યું અને સં. ૧૭૧૧ના માગશર માસમાં અમદાવાદમાં શહેરના સંઘમુખ્ય શા૦ સૂરાના પુત્ર શ્રેષ્ઠી ધનજીએ આઠ હજાર મહમ્મુદી ખર્ચીને કરેલ ગુણાનુજ્ઞાના નંદિ-મહોત્સવમાં આ૦ વિજયપ્રભસૂરિને ભટ્ટારક પદવી આપી પોતાની પાટે ગચ્છનાયક બનાવ્યા.

ક્રિયોદ્ધાર અને શુદ્ધ સંવેગી માર્ગ –

પં૦ સત્યવિજયગણિએ આ૦ વિજયસિંહસૂરિએ દોરેલ બોલ ૪૫ના પટ્ટક પ્રમાણે ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયપ્રભસૂરિની આજ્ઞામાં રહી સં. ૧૭૧૧માં ક્રિયોદ્ધાર કરી શુદ્ધ સંવેગી માર્ગ પ્રવર્તાવ્યો.

પં૦ ઋદ્ધિવિમલગણિ, મહો૦ વિનયવિજયગણિ, મહો૦ યશોવિજયગણિ, પં૦ નયવિજયગણિ વગેરે ૧૮ મુનિઓ તથા સાધ્વી શ્રી સહજશ્રી વગેરે સાધ્વીઓએ સંવેગીપણું સ્વીકાર્યું.

ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયપ્રભસૂરિએ સં. ૧૭૧૧ અને સં. ૧૭૧૨નું ચાતુર્માસ અમદાવાદ કર્યું. અમદાવાદમાં માસકલ્પ કરી સં. ૧૭૧૩માં તેઓ સોરઠ પધાર્યા અને દીવબંદરમાં ભણશાળી રાયચંદ પ્રમુખ સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી.

આ સમયે દીવમાં ફિરંગી હાકેમના હુકમથી સૌ ધર્માચાર્યોને ઉપદેશ

આપવાનો પ્રતિબંધ ચાલુ હતો. આચાર્યોએ અમલદારોને ઉપદેશ દ્વારા સમજાવી દીવમાં સૌને ધર્મોપદેશ આપવાની છૂટ અપાવી.

ભટ્ટા૦ વિજયદેવસૂરિનો સ્વર્ગવાસ –

ભટ્ટા૦ વિજયદેવસૂરિ આદિ શત્રુંજયતીર્થથી પુનઃ સોરઠ પધાર્યા. ત્યાં ઉનામાં શ્રી આદિનાથ વગેરે જિનાલયો, જિનપાદુકાઓ અને ગુરુપાદુકા તેમજ અજારા પાર્શ્વનાથ તીર્થ વગેરેની યાત્રા કરી. ત્યાર પછી સોરઠના સમસ્ત જૈનોની વિનંતીથી ચોમાસા માટે ઉના પધાર્યા. ભટ્ટા૦ વિજયદેવસૂરિએ કાલચિહ્નના અણસારથી જિનપ્રતિમાની સામે આરાધના શરૂ કરી. સં. ૧૭૧૩ના અષાડ સુદિ આઠમે તિવિહાર અનશન શરૂ કર્યું. અષાડ સુદ ૧૦ની રાતે ચઉવિહાર અનશન સ્વીકાર્યું. આ૦ વિજયપ્રભસૂરિ પાસે નિર્યામણા કરી છેલ્લા સમય સુધી તેઓ આગમના પાઠો સાંભળતા રહ્યા; અને અષાડ સુદ ૧૧ના પ્રાતઃકાળે સમતા અને સમાધિપૂર્વક સ્વર્ગવાસી બન્યા.

ગુપ્ત પ્રયાગના સંન્યાસીએ જાહેર કર્યું કે, વિજયદેવસૂરિ દેવ બન્યા છે. સ્વર્ગવાસના સ્થાને ભણશાલી ગૃહસ્થે સ્તૂપ બનાવ્યો ને તે પછી વિજયપ્રભસૂરિ તપાગચ્છ સંઘના નાયક બન્યા. તેઓએ વિજયદેવસૂરિને યુગપ્રધાન નિહાળ્યા અને તેમના બની તેમનું ચરિત્ર બનાવ્યું. ('વિજયદેવસૂરિ નિર્વાણ રાસ')

ભટ્ટા૦ વિજયદેવસૂરિનો ગુણવૈભવ –

તેઓ શાંત સ્વભાવી, અલ્પભાષી, વિદ્વાન, જ્ઞાનગંભીર, ત્યાગી, તપસ્વી, સંયમી અને સંવેગી હતા. બધા તેમને ગૌતમાવતાર માનતા હતા. તેમનામાં આચાર્યના ૩૬ ગુણો હતા. (–વિજયદીપિકાવૃત્તિ-પ્રશસ્તિ, શ્લો. ૬ થી ૧૯)

તેઓ તપાગચ્છની વિભિન્ન શાખાઓ પૈકી વિજય, સાગર, વિમલ, ચંદ્રના મુનિવરોને પોતાના ભાઈની જેમ માનતા હતા. વિરોધપક્ષવાળા તેમની વિરુદ્ધમાં કંઈ બોલે તો તેઓ મૌન રહી શાંત રહેતા અને પોતાની સાથેના મુનિવરોને 'સત્યનો સદા જય છે' એમ કહી આશ્વાસન આપી શાંત રાખતા હતા.

તેમની આ ઉદાર ભાવનાનું એ પરિણામ આવ્યું કે વિજયાનંદસૂરિસંઘના ઘણા શ્રમણો અને શ્રાવકો વગેરે તેમની પરંપરા તરફ વળ્યા હતા. આથી જ બંને શાખાના (૬૬) ભટ્ટા૦ વિજયધર્મસૂરિ તથા (૬૭) ભટ્ટા૦ વિજયલક્ષ્મીસૂરિએ નવાનગરમાં એકબીજા સાથે ભાઈ-ભાઈનો વ્યવહાર રાખી મેળ બનાવી રાખ્યો હતો.

છેવટે તપાગચ્છમાં આજે એ પક્ષભેદ રહ્યો નથી; બંને પક્ષો મળી એક શ્રી વિજયદેવસૂરિસંઘ જ બની ગયો છે. (આ૦ વિજયદેવસૂરિના નામથી 'દેવસૂરસંઘ' બન્યો. આજે એ જૈનજગતમાં સૌથી મોટો સંઘ છે.)

ભટ્ટા૦ વિજયદેવસૂરિ ગંભીર વિચારક હતા. સમકાલીન મોટા સ્થવિર ગીતાર્થો જેવા કે – મહો૦ કમલવિજયગણિ, મહો૦ કલ્યાણવિજયગણિ, મહો૦ ઉદ્‌દ્યોતવિજયગણિ વગેરે વૃદ્ધ મુનિઓનું બહુમાન કરતા અને સંઘના હિતકાર્યમાં તેમની સલાહ મુજબ વર્તતા હતા. આ૦ વિજયસિંહસૂરિ અને આ૦ વિજયપ્રભસૂરિને તેમની સમ્મતિથી જ ગચ્છનાયક બનાવ્યા હતા.

તેઓ સંવેગી જીવન ગાળતા હતા. તેમની 'નિત નિત વંદું રે, મુનિવર એહવા' એ સજ્ઝાય તેમના સંવેગી જીવનની સાક્ષી આપે છે. તેઓ પોતે જ ક્રિયોદ્ધાર કરી સંવેગી મુનિ બનવા તૈયાર હતા. પરંતુ એમ કરવાથી કદાચ દેવસૂરસંઘ, આનંદસૂરસંઘ, ભટ્ટારકસંઘ અને સંવેગીસંઘ એવા ભેદો કાયમી વહેંચાઈ જાય.

આથી જ તેમણે સં. ૧૬૭૭ના વૈશાખ સુદ ૭ ને બુધવારે સાબલીમાં ૫૮ બોલનો પટ્ટક તથા સં. ૧૭૦૬ના મહા સુદિ ૧૩ના રોજ પાટણમાં આ૦ વિજયસિંહસૂરિ પાસે સંવેગી સાધુ–સાધ્વી ગીતાર્થો યોગ્ય ૪૫ બોલનો પટ્ટક બનાવ્યો હતો.

તેમણે પોતાના પટ્ટધર ભટ્ટા૦ વિજયસિંહસૂરિ, પં૦ સત્યવિજય વગેરેને સંવેગી બનવાને તૈયાર કર્યા હતા. આથી જ પં૦ સત્યવિજયગણિએ ક્રિયોદ્ધાર કર્યો હતો.

ભટ્ટા૦ વિજયદેવસૂરિ તપાગચ્છના બીજા પક્ષવાળાઓ સાથે સમભાવે વર્તતા હતા. જો કે બીજા પક્ષવાળા મહો૦ ધર્મસાગરગણિ પ્રત્યે નારાજ હતા, આથી વિજયાનંદસૂરિ પક્ષવાળાએ ભટ્ટા૦ વિજયદેવસૂરિને તેમના મળતિયા બતાવવાથી તેમના પ્રત્યે નાખુશ રહેતા હતા; પરંતુ સં. ૧૬૮૭માં સુરતના શાસ્ત્રાર્થમાં ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સત્ય પ્રકાશિત વિજય મેળવ્યો આથી બીજા પક્ષવાળા તેમજ ગચ્છવાળા તેમના પરિચયમાં આવ્યા. શ્રી શ્રીવલ્લભ પાઠક જેઓ ખરતરગચ્છના મુનિ હતા છતાં વિજયદેવસૂરિના આદર્શ જીવનથી આકર્ષાઈને તેમના ચરિત્ર વિષયક 'વિજયદેવ માહાત્મ્ય' નામે મોટો કાવ્યગ્રંથ રચ્યો છે.

આ૦ વિજયસેનસૂરિ શત્રુંજયતીર્થની યાત્રાએ ગયા ત્યારે આ૦ વિજયદેવસૂરિ વગેરે ૩૫૦ મુનિવરો હતા.

પં૦ સાધુવિજયગણિના શિષ્ય પં૦ સૌભાગ્યવિજયગણિ લખે છે – 'મેવાડનો રાણો જગતસિંહ અને દક્ષિણનો સુલતાન તેમના ભક્તો હતા.'

તેમણે બે આચાર્યો, ૨૫ ઉપાધ્યાયો, ૫૦૦ પંન્યાસો (તેમાં ઈડરમાં ૬૪ અને દક્ષિણમાં ૫૦ સાધુઓને પંન્યાસ બનાવ્યા હતા.) અને ૨૦૦ સ્વશિષ્યો બનાવ્યા હતા. તેમના સંઘમાં ૨૫૦૦ સાધુઓ, ૫૦૦૦ સાધ્વીજીઓ અને ૭ લાખ શ્રાવક–શ્રાવિકાઓ હતાં. તેમના એક શ્રાવકે ૧ લાખ ૫૯ હજાર સાધર્મિકોને

જમાડ્યા હતા. તેમણે રાજનગર પાસેના અહમદપરામાં ચોમાસું કરી તેઓ બીબીપુરામાં પધાર્યા હતા ત્યારે આગરાથી તેમને વંદન કરવા આવેલા શા૦ ગોરધનદાસે ૯ હજાર ત્યાહરી ખરચી ૮૪ ગચ્છોમાં મોટી પ્રભાવના કરી હતી.

ભટ્ટારક વિજયદેવસૂરિએ છઠ્ઠ, અઠ્ઠમ, ઉપવાસ, આયંબિલ વગેરે વિવિધ તપો ઘણી સંખ્યામાં કર્યાં હતાં. તેમણે પાંચ કરોડ પ્રમાણ સજ્ઝાય–સ્વાધ્યાય કર્યો હતો. તેમને રોજ પાંચ વિગઈનો ત્યાગ હતો, ૧૧ દ્રવ્યોથી વધુ દ્રવ્યો વાપરતા નહોતા. દિવસે સૂતા નહોતા. તેમને કષ્ટ પ્રસંગે ૧૮ યક્ષો આવી સહાય આપી તેમનું કષ્ટ નિવારતા હતા.

આચાર્ય વિજયદેવસૂરિ મોટા પ્રભાવક હતા. ઉદયપુરનો રાણો કર્ણસિંહ, રાણો જગતસિંહ, ઈડરનરેશ કલ્યાણમલ, જોધપુરનરેશ ગજસિંહ અને દીવના ફિરંગી અમલદારો તેમના ભક્ત હતા. આની વિશેષ વિગતો નીચે મુજબ જાણવી –

૧. બાદશાહ જહાંગીરે આચાર્યશ્રીને 'મહાતપા'નું બિરુદ આપ્યું હતું (પ્રક. ૬૦, પૃ. ૪૦૦). ૨. ઉદયપુરના રાણા કર્ણસિંહ (પૃ. ૪૦૩), ૩. રાણા જગતસિંહ : ભટ્ટા૦ વિજયદેવસૂરિ તથા આ૦ વિજયસિંહસૂરિના ઉપદેશથી તે જીવદયાપ્રેમી અને જૈન ધર્મપ્રેમી બન્યો. તેણે મેવાડમાં ગૌવધ વગેરે બંધ કરાવી અમારિ પ્રવર્તાવી. દર ચૌદશે શિકાર પર પ્રતિબંધ મૂક્યો. મેવાડના તીર્થોમાં જિનેશ્વરની ૭ (કે આઠ) પ્રકારી પૂજા થતી રહે તેવો રાજ્ય તરફથી પાકો બંદોબસ્ત કર્યો. રાજ્યભંડારમાં ધર્મવિભાગ ખોલ્યો. મચીંદદુર્ગ પરના ચૈત્યાલયનો જીર્ણોદ્ધાર પુનરોદ્ધાર કર્યો. વરકાણા તીર્થમાં દર વર્ષ માટે પોષ વદિ ૮, ૯, ૧૦ ને ૧૧ના મેળાના દિવસોમાં સર્વ જાતની જકાત-મહેસુલ અને યાત્રાકર માફ કર્યાં. (પૃ. ૪૦૬.) ૪. ઈડરનરેશ રાયમલ (રણમલ) તથા કલ્યાણમલ : આચાર્યના ઉપદેશથી રાજા કલ્યાણમલજીએ ઈડરગઢ પર રણમલચોકીની સ્થાપના કરી અને ત્યાં ભ૦ નેમિનાથનું દેરાસર બંધાવ્યું. (પ્રક. ૩૬, પૃ. ૧૯૪.) ૫. જોધપુરનરેશ ગજસિંહ (પ્રક. ૫૨, પૃ. ૨૨૪). ૬. દીવના ફિરંગી અમલદારો (પૃ. ૪૦૯–૪૧૦).

(–'ઐતિહાસિક સજ્ઝાયમાલા'; 'જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંગ્રહ', પૃ. ૧૭૫ થી ૧૭૮; દયાકુશલગણિકૃત 'વિજયદેવસૂરિ સજ્ઝાય'; પં૦ સૌભાગ્યવિજયકૃત 'વિજયદેવસૂરિ નિર્વાણરાસ'; પં૦ લાલકુશલગણિકૃત 'આ૦ વિજયસિંહસૂરિ સજ્ઝાય'; ઐતિહાસિક રાસમાળા નં. ૩૩, ૩૪, ૩૫; વિજયપ્રશસ્તિ મહાકાવ્ય અને વિજયદીપિકા વૃત્તિ; તપાગચ્છ પટ્ટાવલી; તપગણપતિ ગુણ પદ્ધતિ; દેવાનંદાભ્યુદય મહાકાવ્ય; વિજયદેવ માહાત્મ્ય; લેખસંગ્રહ; ગુરુમાલા આદિ ગ્રંથો.)

વિશેષ જિનપ્રતિષ્ઠાઓ –

આ૦ વિજયદેવસૂરિએ પાટણમાં ૪ જિનપ્રતિષ્ઠાઓ કરી, જેમાં જૈન સંઘે અડધો લાખ રૂપિયાનો ખરચ કર્યો હતો. ખંભાત મહાતીર્થમાં ૩ જિનપ્રતિષ્ઠાઓ કરી, જેમાં જૈનોએ ૧૪ હજાર રૂપિયા ખરચ્યા હતા. અમદાવાદમાં ૨ જિનપ્રતિષ્ઠાઓ કરી, જેમાં જૈનોએ લાખ રૂપિયા ખરચ્યા હતા.

આ ઉપરાંત નડિયાદમાં ૧, શરદૂંગમાં ૧, વડનગરમાં ભ૦ મહાવીરસ્વામીની ૧, ઈટાદરામાં યવનોએ ભ૦ ઋષભદેવની પ્રતિમા ભેદી નાખી હતી ત્યાં નવી ભ૦ ઋષભદેવની પ્રતિમા સ્થાપન કરી.

સં. ૧૬૭૭માં સાલડીમાં ૨, સં. ૧૬૮૫માં આરાસણમાં મૂળનાયકની પ્રતિષ્ઠા, સોનગઢમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા, માલવામાં ૨, ઉજ્જૈનમાં ૧, રામપુરમાં ૧, દક્ષિણમાં કન્નડના વિજાપુરમાં શા૦ વીરચંદે કરાવેલી પ્રતિષ્ઠા*, કચ્છમાં ૧, મેડતામાં ૨, ઈડરમાં સં. ૧૬૪૧ના માગશર સુદ ૬ના એક, સં. ૧૭૦૫ના માગશર માસમાં બીજી અને અન્ય એક મળી ત્રણ પ્રતિષ્ઠા અને સં. ૧૭૦૫ના ફાગણ વદ ૬ ને બુધવારે અંતરીક્ષજી તીર્થમાં પ્રતિષ્ઠાઓ કરી.

દીવબંદરના સંઘવી ગોવિંદજીએ શત્રુંજયતીર્થમાં નવો મોટો જિનપ્રાસાદ બનાવી ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞા મેળવી તેમના શિષ્યોના હાથે ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

ગચ્છભેદો-શાખા –

(૧) આ સમયે સં. ૧૬૭૨ થી તપાગચ્છનું ચોથું નામ 'વિજયદેવસૂરિસંઘ' પડ્યું. તેનું બીજું નામ 'ઓશવાલસંઘ' પણ મળે છે, જેની બે પરંપરા ચાલી હતી. (૧) શ્રીપૂજ પરંપરા, (૨) સંવેગી પરંપરા. તપાગચ્છના ભટ્ટારકની આજ્ઞામાં ૧૩ ગાદીઓ હતી.

(–શ્રમણવંશ વૃક્ષ, પૃ. ૩૯; પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પૃ. ૨૫૬)

આ રીતે વિજયદેવસૂરિસંઘમાં ઘણા ગચ્છો આવી મળ્યા હતા. આથી તપાગચ્છ વિશાળ બન્યો હતો.

(૨) સં. ૧૬૭૩માં સિરોહીમાં ભટ્ટા૦ વિજયતિલકસૂરિથી તપાગચ્છમાં સાતમી વિજયાનંદસૂરિશાખા નીકળી, જેનાં બીજાં નામ 'ઉપાધ્યાયમત' અને 'પોરવાડગચ્છ' પણ મળે છે.

(૩) સં. ૧૬૮૬ના જેઠ સુદિ ૧૪ ને રવિવારે અમદાવાદમાં ભટ્ટા૦

★ दक्षिणे पञ्च कनडी वीजापुरे पुरे तथा ।
प्रतीच्यां कच्छदेशे च प्रतिष्ठा येन निर्ममे ॥११॥ – विजयदीपिका वृत्ति.

રાજસાગરસૂરિથી તપાગચ્છના દેવસૂરિસંઘમાં આઠમી 'સાગરશાખા' નીકળી.
(–આત્માનંદ જૈનપ્રકાશ, અંક ૪, પૃ. ૧૫;
કુમતાહિવિષ જાંગુલી, પ્રક. ૫૮)

(૪) સં. ૧૭૧૧માં ભટ્ટા૦ વિજયપ્રભસૂરિથી તપાગચ્છમાં નવમી 'શ્રીપૂજ' યતિપરંપરા ચાલી અને મૂળ પરંપરા 'સંવેગી' તરીકે પ્રસિદ્ધિ પામી.

(૫) સં. ૧૭૪૮ના ફાગણ સુદ ૫ ના સંડેર ગામમાં ભટ્ટા૦ જ્ઞાનવિમલસૂરિથી તપાગચ્છની સોળમી 'વિમલશાખા' નીકળી.

આ ગચ્છભેદો પ્રસંગે વિવિધ ઘટનાઓ બની હતી, જેવી કે – (૧) હિતોપદેશ, (૨) વિજયાનંદસૂરિપત્ર, (૩) વિજયદેવસૂરિપત્ર વગેરે.

વિક્રમની ૧૭–૧૮મી સદીમાં ઉપર મુજબ તપાગચ્છના ભેદો પડ્યા હતા. ઉપરાંત અંચલગચ્છ, ખરતરગચ્છમાં વિવિધ ભેદો, નાગોરી લોંકાગચ્છ, ઢુંઢીયા, બ્રહ્મર્ષિમત, તેરાપંથી, દિગંબર તેરાપંથી વગેરે નીકળ્યા હતા.

ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞામાં સાધ્વી હેમઋદ્ધિજી તથા કલ્યાણઋદ્ધિજી વગેરે સાધ્વીઓ હતાં.

ભટ્ટા૦ વિજયાનંદસૂરિની આજ્ઞામાં સાધ્વીજી લાભશ્રીજી, સાધ્વી સહજશ્રીજી વગેરે સાધ્વીઓ હતાં.

ખરતરગચ્છની આચાર્યીય શાખામાં ભટ્ટા૦ જિનસિંહની પછી ભ૦ જિનચંદ્ર થયા. ભટ્ટા૦ જિનચંદ્રને સં. ૧૬૭૩માં ચોમાસામાં જોધપુરમાં સ્વયંભૂ પાર્શ્વનાથ વિશે સ્વપ્ન આવ્યું.

પં૦ દયારત્નગણિ નામે વિદ્વાને 'ન્યાયરત્નાવલી' નામે ગ્રંથની રચના કરી; તેમજ સં. ૧૬૯૫માં તેમણે 'કાપડહેડારાસ' રચેલો મળે છે.

જૈન તીર્થો

(૧) કાપરડા સ્વયંભૂ પાર્શ્વનાથ તીર્થ –

પીપાડ સ્ટેશનથી બિલાડા જતી રેલ્વે લાઈનમાં શલાટી સ્ટેશનથી ૪ માઈલ દૂર અને પીપાડથી ૮ માઈલ દૂર તેમજ બિલાડાથી ૧૬ માઈલ (તથા જોધપુરથી ૫૦ કિલોમીટર) દૂર કાપરડા નામે ગામ છે, જેનાં બીજાં નામો કર્પટહેડક, કાપડહેડા વગેરે હોવાનું જાણવા મળે છે.

'ઐતિહાસિક રાસસંગ્રહ' ભા. ૩માં શ્રી દયારત્નમુનિએ સં. ૧૬૯૫માં 'શ્રી કાપડહેડા રાસ' રચેલો જોવા મળે છે. તેમાં જણાવ્યું છે કે, ખરતરગચ્છીય શ્રી જિનચંદ્રસૂરિને આવેલા સ્વપ્ન મુજબ – કાપરડા ગામમાં બાવળની ઝાડીમાં ત્રણ વાંસ ભૂમિની નીચે શ્રી પાર્શ્વનાથની પ્રતિમા હોવાનું જાણવા મળ્યું.

આચાર્યશ્રીએ એ ભૂમિમાંથી સં. ૧૬૭૪ના પોષ (ગુજરાતી માગશર) વદિ ૧૦ના રોજ સ્વયંભૂ પાર્શ્વનાથની પ્રાચીન ભવ્ય પ્રતિમા બહાર કઢાવી. આચાર્યશ્રીએ એ મૂર્તિને સંઘના મંદિર કે યતિજીના ઉપાશ્રયમાં સ્થાપન કરી.

જેતારણના રાય લાખણની પરંપરામાંથી ઊતરી આવેલા ઓશવાલજ્ઞાતિના ભંડારીગોત્રના શા૦ અમરજી ભંડારીને ભાણજી નામે પુત્ર હતો. તેને ભક્તાહ નામે પત્ની હતી તથા ૧ રતનજી, ૨ નારાયણ, ૩ નરસિંહ અને ૪ સોઢા નામે પુત્રો હતા. ભંડારી ભાણજી જોધપુરના રાજા ગજસિંહનો જેતારણનો હાકેમ હતો. તે રાજવ્યવસ્થા ખૂબ કુશળતાથી ચલાવતો હતો.

એક ચાડિયાએ હાકેમ ભાણજી વિરુદ્ધ રાજાના કાન ભંભેર્યા. રાજાએ ભાણજીને તાબડતોબ જોધપુર આવવા હુકમ કર્યો. ભાણજી જેતારણથી નીકળી જોધપુર જતાં વચ્ચે કાપરડા ગામ આવ્યો. તેને 'જિનદર્શન કર્યા વિના અનાજ-પાણી નહીં લેવાની' પ્રતિજ્ઞા હતી. આથી તેણે ગામના ઉપાશ્રયમાં યતિજી હસ્તક રહેલી સ્વયંભૂ પાર્શ્વનાથની પ્રતિમાનો પત્તો મળતાં ત્યાં દર્શન કરવા ગયો. દર્શન કરીને એણે આત્મસંતોષ અનુભવ્યો.

યતિજીને વાત કરતાં યતિએ જણાવ્યું કે, ''મહાનુભાવ ! ચિંતા કરવા જેવું નથી, તમે રાજા પાસે નિર્દોષ ઠરશો.'' ભાણજી જોધપુર પહોંચ્યો અને થયું પણ એમ જ. રાજા આગળ તે નિર્દોષ ઠર્યો એટલું જ નહીં ભાણજી ઉપર રાજાનો ભાવ વધ્યો. પછી તે પાછા ફરતાં કાપરડા આવ્યો. યતિજીએ ભાખેલા ભવિષ્યથી તેમના ઉપર એને શ્રદ્ધા થઈ હતી. ત્યાં આવી યતિજીનાં ભાવથી દર્શન કર્યાં. યતિજીએ તેને કાપરડામાં સ્વયંભૂ પાર્શ્વનાથનું જિનાલય બંધાવવાનો ઉપદેશ આપ્યો.

ભાણજીએ સં. ૧૬૭૫માં પોતાના પુત્ર નારાયણને ત્યાં રાખી મોટો જિનપ્રાસાદ બંધાવવાનો આરંભ કર્યો. ભાણજીને યતિજીના મંત્રપ્રભાવથી ઋદ્ધિ પ્રાપ્ત થઈ. તેણે ચાર માળનો સમતલ ભૂમિથી ૯૮ ફૂટ ઊંચો ચૌમુખ જિનપ્રાસાદ બંધાવ્યો.

ભાણજીએ સં. ૧૬૭૮ના વૈશાખ સુદ ૧૫ ને સોમવારે કાપરડામાં ખરતરગચ્છના ભટ્ટા૦ જિનચંદ્રસૂરિના હાથે આ ચૌમુખ જિનપ્રાસાદમાં સ્વયંભૂ પાર્શ્વનાથ વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી અને તે આચાર્યના વાસક્ષેપથી સં. ૧૬૮૧ના વૈશાખ સુદ ૩ના રોજ તેનો ધ્વજાદંડ, કળશ અને ધ્વજા ચડાવ્યાં તથા સં. ૧૬૮૬ (કે ૧૬૮૮)માં સ્વયંભૂ પાર્શ્વનાથનું પરિકર બનાવી આ૦ જિનચંદ્રસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી. આ પરિકરમાં તે અંગેનો લેખ ઉત્કીર્ણ છે.

આ જિનપ્રાસાદ ચાર માળનો ઉત્તરાભિમુખ છે. નીચે ભોંયરું છે. મંદિરમાં પાંચ ખંડો અને ચાર મંડપોની રચનાથી એની વિશાળતા અને ઊંચાઈ અસાધારણ લાગે છે. વિસ્તાર તો તારંગાના મંદિર કરતાં વધારે જણાય છે. ચારે માળમાં ચૌમુખજીની સ્થાપના છે. નીચે ઉત્તરમાં સ્વયંભૂ પાર્શ્વનાથ, પૂર્વમાં શાંતિનાથ, દક્ષિણમાં અભિનંદનસ્વામી અને પશ્ચિમમાં મુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે. બીજે માળે અનુક્રમે ભ૦ ઋષભદેવ, ભ૦ અરનાથ, ભ૦ મહાવીરસ્વામી અને ભ૦ નેમિનાથ બિરાજમાન છે. ત્રીજે માળે અનુક્રમે ભ૦ નેમિનાથ, ભ૦ અનંતનાથ, ભ૦ નેમિનાથ અને ભ૦ મુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે. જ્યારે ચોથે માળે અનુક્રમે ભ૦ પાર્શ્વનાથ, ભ૦ મુનિસુવ્રતસ્વામી, ભ૦ શીતલનાથ અને ભ૦ પાર્શ્વનાથ બિરાજમાન છે.

આ પ્રતિમાઓમાં સ્વયંભૂ પાર્શ્વનાથની પ્રતિમા ત્યાં પ્રગટ થઈ હતી તે અને ભ૦ શાંતિનાથની પ્રતિમા સંપ્રતિરાજાએ ભરાવેલી પ્રતિમાઓ જેવી પ્રાચીન જણાય છે.

તપાગચ્છીય આ૦ વિજયનેમિસૂરિ મહારાજે આ તીર્થને અજૈનોની કનડગતમાંથી બચાવી તીર્થોદ્ધાર કરાવ્યો. સં. ૧૯૭૫ના મહા સુદ પાંચમ (વસંત પંચમી)ના દિને તીર્થની સમગ્ર પ્રતિમાઓની પ્રતિષ્ઠા તેમણે કરી હતી.

અહીં દર સાલ ચૈત્ર સુદ ૧૫નો મેળો ભરાય છે. આ૦ વિજયનેમિસૂરિના ઉપદેશથી અમદાવાદના સંઘવી શા૦ માણેકલાલ મનસુખભાઈએ મંદિરને ફરતી વિશાળ ધર્મશાળા બનાવી છે.

(જુઓ અમારો 'જૈન તીર્થોનો ઇતિહાસ', પૃ. ૩૫૧ થી ૩૫૪)

૨. વરકાણા તીર્થ –

મારવાડમાં રાણી સ્ટેશનથી ૩ માઈલ દૂર અને નાડોલથી ૬ માઈલ દૂર વરકાણા નામે ગામ છે. એનું પ્રાચીન નામ હતું વરકનકપુર અથવા વરકનકનગર. 'સકલાતીર્થસ્તોત્ર'માં બીજાં તીર્થોની સાથે જ 'અંતરિક વરકાણો પાસ' એ પદ દ્વારા વંદન કરવામાં આવ્યું છે.

આજે આ ગામ પડી ભાંગ્યા જેવું નાના ગામડારૂપે છે, પણ ગોલવાડપ્રાંતની જૈન પંચાયતનું અને પંચતીર્થીનું મુખ્ય સ્થાન છે. અહીં જૈનોનું એક પણ ઘર નથી.

ગામની વચ્ચે બાવન જિનાલયવાળો વિશાળ જિનપ્રાસાદ છે, જેમાં રંગમંડપ અને નવચોકીના થાંભલા ઉપર સં. ૧૨૨૧નો લેખ છે. એટલે આ સમય પહેલાં અહીં જિનાલય હોવાનું સ્પષ્ટ થાય છે. મૂળનાયક તરીકે ભ૦ પાર્શ્વનાથની ધાતુની પ્રાચીન ભવ્ય પ્રતિમા છે.

જિનાલયના દરવાજામાં પેસતાં ડાબી બાજુના હાથી પાસે શિલાલેખ છે. તેમાં સં. ૧૬૮૬ના પોષ (ગુજરાતી માગશર) વદ ૮ ને શુક્રવારે મેવાડના રાણા જગતસિંહે ભટ્ટા૦ વિજયદેવસૂરિના ઉપદેશથી જાહેર કર્યું હતું કે, 'વરકાણામાં દર સાલ પોષ વદિ ૮ થી ૧૧ સુધી રોજ મેળો ભરાય છે તેમાં રાજ્યે યાત્રાળુનો કોઈ પ્રકારનો કર ન લેવો.'

(જુઓ પ્રક. ૪૨, પૃ. ૫૪૩ તથા પ્રક. ૫૫, પૃ. ૪૨૯–૪૩૦)

જૈન ધર્મપ્રેમી રાજાઓ, મંત્રીઓ અને શ્રેષ્ઠી શ્રાવક–શ્રાવિકાઓ

રાજાઓ : દિલ્હીના બાદશાહ જહાંગીર, ઉદયપુરનો રાણો કર્ણસિંહ, રાણો જગતસિંહ, જોધપુરનરેશ ગજસિંહ, ઈડરનરેશ કલ્યાણમલ, પાલીરાજ જગન્નાથ સોનગરા ચૌહાણ (પૃ. ૪૦૪), દક્ષિણ–બીજાપુરના બાદશાહ ઈદલશાહ (પૃ. ૪૦૫), ગોલકુંડા–ભાગ્યનગરના બાદશાહ કુતુબશાહ (પૃ. ૪૦૫), દીવના ફિરંગી અમલદારો વગેરે ભટ્ટા૦ વિજયદેવસૂરિના ભક્ત અને (અથવા) જૈન ધર્મપ્રેમી હતા. (પૃ. ૪૦૯–૪૧૦)

મંત્રીઓ : સિરોહી રાજ્યના મહામાત્ય સં૦ તેજપાલ (પૃ. ૪૦૩), જોધપુર રાજ્યનો દીવાન જયમલજી મુહણોત વગેરે પરમ જૈનધર્મી હતા.

મુહણોત વંશ –

રાઠોડની રાજવંશાવલીમાં ક્રમે જયચંદ, શિઓજી (શિવજી), આસ્થાન, રાયમલ અને રાવ કુહુલ આવ્યા. કુહુલ સં. ૧૩૫૭માં મંડોરની ગાદીએ બેઠો. તેને મોહનસિંહ નામે સૌથી નાનો ભાઈ હતો. તે તપાગચ્છના જૈનાચાર્યના ઉપદેશથી જૈન બન્યો. તેના વંશજો મુહણોત (ગોત્ર)ના ઓશવાલ જૈન કહેવાયા. (ક્ષેમસિંહ મો. રાઠોડનો 'ઓશવાલનો ઇતિહાસ', પૃ. ૧૬૦)

આ મુહણોત (ગોત્ર) વંશની ૨૩મી પેઢીએ સૂજા મુહણોત થયો. ૨૪મી પેઢીએ અચલસિંહ (અચલાજી) થયો. તે સુભટસેનથી ૧૭મી પેઢીએ હતો. ૨૫મી પેઢીએ જેસાજી (સેજાજી) મુહણોત થયો. તેને બે પત્ની અને પાંચ પુત્રો હતાં.

રાઠોડ રાજવંશના ઉક્ત રાવ કુહુલ પછી તેની આઠમી પેઢીએ રાવ જોધાજી થયા. તેણે સં. ૧૫૧૫માં નવું જોધપુર નગર વસાવ્યું. તેના પછી છઠ્ઠી પેઢીએ રાવ ગઢસિંહ થયા. (જુઓ ભા. ૨, પ્રક. ૩૬, પૃ. ૧૮૦–ટિપ્પણી, ભાગ ૩, પ્રક. ૫૨, પૃ. ૨૨૦ થી ૨૨૫–રાઠોડવંશ અને ભાગ-૪, પ્રથમ આવૃત્તિ : પ્રક. ૬૦, પૃ. ૩૧૭.)

જયમલજી મુહણોત (૨૬મી પેઢી) –

તે જેસાજી મુહણોત અને જયવંતી માતાનો પુત્ર હતો. તેનો સં. ૧૬૩૮ના

મહા વદિ ૮ના રોજ જન્મ થયો. તેને સરૂપદેવી અને સોહાગદેવી એમ બે પત્નીઓ હતી. તેને સરૂપદેવીથી નેણસી, સુંદરદાસ, આસલણ (આસકરણ) અને સોહાગદેવીથી નરસિંહ અને જગપાલ એમ પાંચ પુત્રો હતા.

જયમલ મુહલોત જોધપુરના ૨૦મા રાજા રાવ સુરસિંહજી અને ૨૧મા રાજા રાવ ગજસિંહ (સં. ૧૬૭૬ થી ૧૬૯૪)ના સમયે રાજ્યના પ્રતિષ્ઠિત પદે રહ્યો હતો.

રાવ ગજસિંહને જાગીરમાં સાચોર મળ્યું હતું. કચ્છનો પણજી એકાએક સાચોર ઉપર ચડી આવ્યો ત્યારે જયમલ મુહણોત ત્યાં હાકેમ હતો. તેણે લડાઈ આપી કચ્છવાઓને ત્યાંથી નસાડ્યા. પછી તે ફલોધી અને જાલોરનો પણ હાકેમ બન્યો. એ પછી રાવ જગસિંહે સં. ૧૬૮૬માં પોતાનો દીવાન બનાવ્યો.

મંત્રી જયમલ મુહણોત ભારે દાનેશ્વરી અને ધર્મિષ્ઠ હતો. તેણે સં. ૧૬૮૧ના પ્રથમ ચૈત્ર વદ ૫ ને ગુરુવારે જાલોરના પર્વત ઉપર કિલ્લામાં ભટ્ટા૦ વિજયદેવસૂરિના આજ્ઞાવર્તી મહો૦ વિદ્યાસાગરગણિના શિષ્ય પં૦ (મહો૦) સહજસાગરગણિના શિષ્ય પં૦ (મહો૦) જયસાગરગણિના હાથે નવા જિનાલયની તથા ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી. તેમજ કિલ્લા ઉપરનાં (શ્રી મહાવીરસ્વામીનું કુમારવિહાર, ચૌમુખજીનું મંદિર અને ત્રીજું એક એમ–) ત્રણ જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. મંત્રી જયમલ મુહણોતે સં. ૧૬૮૬ના પ્રથમ અષાડ (ગુજરાતી જેઠ) વદ ૫ ને શુક્રવારે અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી. (પ્રક. ૩૬, પૃ. ૧૭૯ થી ૧૮૧–જાલોરગઢ)

જયમલે નાડોલના શ્રી પદ્મપ્રભસ્વામીના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. જાલોર, સાચોર, જોધપુર અને શત્રુંજયતીર્થમાં નવાં જિનાલયો બંધાવ્યાં અને સં. ૧૬૮૬માં અંજનશલાકા કરાવેલી પ્રતિમાઓ બેસાડી. આજે નાડોલના રાજવિહારમાં બિરાજમાન મૂળનાયક ભ૦ પદ્મપ્રભ એ જ સાલના છે. તેમણે જાલોરના તપાવાસમાં ઉપાશ્રય બંધાવ્યો હતો અને બીજા અનેક ધર્મકાર્યો કર્યાં હતાં. તેનાં પત્ની સોહાગદેવી (સોહણદે)એ પણ સં. ૧૬૮૩માં જાલોરગઢના નૂતન જિનાલયમાં પ્રતિષ્ઠા કરાવી હતી.

સં. ૧૬૮૭માં ગુજરાત તથા મારવાડમાં ભયંકર દુકાળ પડ્યો ત્યારે દીવાન જયમલજીએ ઘણું ધન વાપરી જનતાને સારી એવી રાહત આપી હતી. તેને જનતાએ 'જગડુશાહ' તરીકે બિરદાવ્યો હતો.

('જૈન સત્યપ્રકાશ' વર્ષ : ૫, પૃ. ૪૩૭, ક્રમાંક : ૧૪૪)

જાલોરમાં આજે શ્વેતાંબર જૈનોનાં ૨૦૦ ઘર છે. કિલ્લા અને શહેરમાં થઈને ૧૪ જિનાલયો છે.

નેણસી મુહણોત અને સુંદરદાસ મુહણોત –

આ બંને ભાઈઓ શૂરવીર, લડવૈયા, દેશપ્રેમી અને ટેકીલા હતા.

દીવાન જયમલના પુત્રોમાં મુહણોત નેણસીનો સં. ૧૬૬૭માં જન્મ થયો હતો. તેણે જુવાનવયે રાજસેવામાં પ્રવેશ કર્યો. તે જોધપુરના રાવ ગજસિંહ તથા મહારાજા જસવંતસિંહ (યશવંતસિંહ) (સં. ૧૬૯૦ થી ૧૭૧૭)ના સમયે પ્રતિષ્ઠિત પદે હતો.

તેણે સેનાપતિપદે મહારાજાના ઉપદ્રવીઓને ખતમ કરી તેમના ગામ બાળી નાખ્યાં. પછી તો તે સં. ૧૬૮૪માં ફલોધીનો હાકેમ બન્યો. તેણે રાડધરના મહેચા મહેશદાસ ઉપર ચડાઈ કરી તેનો કિલ્લો તથા મકાનો પાડી નાખ્યાં. તેને ગામોને રંજાડ કરતો રોક્યો. બીજી તરફ તેના નાના ભાઈ સુંદરદાસે સં. ૧૭૦૨માં સોજત વિભાગનાં ગામોને લૂંટનારા રાવત નારાયણ ઉપર ચડાઈ કરી. તેના કુકડા, કોટ, કટાણા, માંકડ વગેરે ગામો ભાંગી નાખ્યાં. નેણસીએ સં. ૧૭૦૬માં જેસલમેરના ભટ્ટીઓના પક્ષમાં સહાયક બની પોકરણ પરગણું ભટ્ટીઓને અપાવ્યું. તેણે બા૦ ઔરંગઝેબના પક્ષવાળા સાથે યુદ્ધ કર્યું. રાજા જસવંતસિંહે સં. ૧૭૧૪ થી નેણસીને પોતાનો દીવાન બનાવ્યો.

મહારાજા જસવંતસિંહ સં. ૧૭૨૩માં ઔરંગાબાદ ગયો. દીવાન નેણસી અને સુંદરદાસ તેની સાથે હતા. સૌ કોઈ આ બે ભાઈઓની શૂરવીરતાના વખાણ કરતા હતા.

પણ ઈર્ષ્યાખોરોએ મહારાજાના કાન ભંભેર્યા. મહારાજા જસવંતે સં. ૧૭૨૩ના પોષ સુદ ૯ના બંને ભાઈઓને કેદ કરી લીધા ને સં. ૧૭૨૫માં છોડી દીધા. રાજ્યે એક લાખ રૂપિયાનો દંડ કર્યો; પરંતુ બંને ભાઈઓએ દંડનો એક પૈસો પણ આપવાનો ઈન્કાર કર્યો. (–મોગલ ઇતિહાસ, પૃ. ૧૮૯)

ભાટો કહે છે કે –

''લાખ લખારો નિપજે, ખરૂ બડ પીપલડી સાખ;
નટીયો મૂતો નેણસી, લોબોરણ તલ્વક. ૧
લેસો પીપલ લાખ, લાખ લખારા લાવશી;
લાંબો દેણ તલાક, નટીયા સુંદર નેણસી. ૨

આથી મહારાજાએ બંને ભાઈઓને ફરી કેદ કરી ઔરંગાબાદથી જોધપુર મોકલી દીધા. રસ્તામાં સિપાહીઓએ બંને ભાઈઓને બહુ ત્રસ આપ્યો. આથી બંને ભાઈઓ સં. ૧૭૨૭ ભાદરવા વદ ૧૩ (ગુજરાતી આસો વદિ અમાસ)ના ફૂલપરી ગામમાં પોતાના હાથે જ પેટમાં કટાર ભોંકી મરણ પામ્યા. આથી મહારાજાની બહુ બદનામી થઈ.

દીવાન નેણસી બહાદુર હતો. તે કવિ હતો અને ઇતિહાસપ્રેમી પણ હતો. આથી તેણે ભાટ, ચારણો પાસેથી કછાવા, રાઠોડા, પરમાર, સિસોદિયા, પડિહાર, ચૌહાણ, સોલંકી, ચાવડા, જાડેજા, ભટ્ટ વગેરે રાજપૂતવંશોની પ્રધાન શાખાઓ તથા પ્રસિદ્ધ કોમોનો ઇતિહાસ મેળવી 'મૂતા નેણસીરી ખ્યાત' નામે મોટો ઇતિહાસગ્રંથ રચ્યો છે, જે ગ્રંથને કાશીની નાગરીપ્રચારિણી સભાએ હિંદી ગ્રંથોના સંપાદન વિભાગ તરફથી પ્રકાશિત કર્યો છે.

પ્રસિદ્ધ પુરાતત્ત્વપ્રેમી પં૦ ગૌરીશંકર ઓઝાએ નેણસી મુહણોત અને તેના ઇતિહાસપ્રેમથી ખુશ થઈ તેને મારવાડનો અબુલફજલ કહીને નવાજ્યો છે.

કવિ નેણસી અને કવિ સુંદરદાસે પોતાની દુઃખદ અવસ્થામાં વેદના સહન કરતાં અતિ ભાવુક શબ્દોમાં કાવ્યો ઉચ્ચાર્યાં છે. તેનો નમૂનો આ છે –

નેણસી દહાડો જિતરે દેવ, દહાડે વિન નહીં દેવ રે;
સુરનર કરતાં સેવ, નેડા ન આવે નેણસી. ૧

સુંદરદાસ નર પૈ નર આવ્યા નહીં, આવા નહીં ધનપતિ;
સો દિન કેળવી છાણીએ, કહે તે સુંદરદાસ. ૨

નેણસી મુહણોતને ૧ કરમશી, ૨ વેરશી અને ૩ સમરસિંહ એમ ત્રણ પુત્રો હતા.

૨૮. કરમસી વગેરે – આ ત્રણ ભાઈઓ રાજસેવામાં દાખલ થયા. મહારાજા જસવંતસિંહે એ ત્રણે ભાઈઓ તથા સુંદરદાસના પુત્રને પણ કેદમાં નાખ્યા. દીવાન નેણસી અને સુંદરદાસના મરણ બાદ તેમને છોડી દીધા. આથી તે બધા જોધપુરનો પ્રદેશ છોડી નાગોર જઈ વસ્યા અને રાવ રામસિંહની સેવામાં દાખલ થયા.

રાવ રામસિંહ તે સં. ૧૭૩૨માં દક્ષિણના સોલાપુરમાં ગયો ત્યારે કરમસીને સાથે લઈ ગયો હતો. તે રાજા સં. ૧૭૩૨ના અષાડ વદિ ૧૨ના રોજ અચાનક બીમાર પડ્યો અને ચાર ઘડીમાં જ મરણ પામ્યો. તેની દવા ત્યાંનો હિંદુ વૈદ્ય કરતો હતો, જે માત્ર મરાઠી અને ગુજરાતી ભાષા જાણતો હતો. રાજાના કર્મચારીએ તેને પૂછ્યું : 'મહારાજનું અચાનક મરણ કેમ થયું ?' વૈદ્યે કહ્યું : 'કરમાનો દોષ છે.' (કર્મનો દોષ છે.) પણ કર્મચારીએ એ ઉત્તરનો સાર એવો કાઢ્યો કે, 'કરમસી મુહણોતે ઝેર આપવાથી રાજાનું મરણ થયું છે.' આમ માની કર્મચારીએ કરમસી મુહણોતને જીવતો દીવાલમાં ચણી દીધો.

૨૯. સામંતસિંહ અને સંગ્રામસિંહ મુહણોત – રામસિંહના પુત્ર રાવ ઇન્દ્રસિંહે કરમસી મુહણોતના પુત્ર પ્રતાપસિંહ મુહણોત તથા તેના કુટુંબના ઘણાને ઘાણીમાં પિલાવી મારી નાખ્યા. આમ બનવાથી કરમસી મુહણોતની સ્ત્રીઓ

પોતાના પુત્ર સામંતસિંહ અને સંગ્રામસિંહને લઈને નાસી અને કિશનગઢ જઈને વસી. પછીથી તે બધાં બિકાનેરમાં જઈ વસ્યાં.

જોધપુરનો ૨૩મો અજિતસિંહ (સં. ૧૭૫૧ થી ૧૭૮૧ સુધી) રાજા થયો. તેણે સામંતસિંહ અને સંગ્રામસિંહને જોધપુર લાવી વસાવ્યા, તેમને નોકરી આપી તેમજ જાગીર આપી.

૩૦. **ભગવતસિંહ મુહણોત** – સવાઈરામ, સવાઈકરણ, શુભકરણ, ફત્તેહકરણ મુહણોત.

૩૧. **સુરતરામ મુહણોત** – તેને ૨૬મા મહારાજા વિજયસિંહ રાઠોડે સં. ૧૮૨૦માં મારવાડનો દીવાન બનાવ્યો તેમજ જાગીર આપી અને મુસાહબ બનાવી 'રાવ' પણ બનાવ્યો.

૩૨. જ્ઞાનમલ મુહણોત – તે જોધપુરના રાજા વિજયસિંહ, ભીમસિંહ અને માનસિંહનો ઉચ્ચ પદાધિકારી હતો. માનસિંહનો પ્રીતિપાત્ર અને વિશ્વાસપાત્ર હતો.

૩૩. નવલમલ મુહણોત – તે રાવ માનસિંહનો માનીતો હતો. તેણે સં. ૧૮૬૧માં સિરોહીના રાવ વૈરીરાવને જીતવા મોકલ્યો હતો.

મુહણોતના વંશજો હાલ કિસનગઢ, જોધપુર અને માળવાના મૂલથાણમાં મોટી સંખ્યામાં વસે છે, જે ત્યાં જાગીરદારો તથા રાજમાન્ય અધિકારીઓ પણ છે.

ઓશવાલનાં વિવિધ ગોત્રો અને શાખાઓ –

૧	માલાણી	૨	(ચૌહાણ)	૩	નૌલખા
૪	ભૂતેડિયા	૫	પીપાડા	૬	સિસોદિયા
૭	હીરણ	૮	ગોગડ	૯	રૂણીવાલ
૧૦	વેગાણી	૧૧	હીંગડ	૧૨	લાંગા
૧૩	રામસોની	૧૪	ઝામડ	૧૫	ઝાબક
૧૬	છજલાણી	૧૭	છંડાણી	૧૮	હીરાઉ
૧૯	કેલાણી	૨૦	ગોખરુ	૨૧	ચૌધરી
૨૨	રાજવહોરા	૨૩	છોડિયા	૨૪	સામડા
૨૫	શ્રીશ્રીમાલ	૨૬	દૂધડ	૨૭	સૂરિયા
૨૮	મિહા	૨૯	જોધડ	૩૦	નક્ષત્ર
૩૧	નહાર	૩૨	પડિહાર	૩૩	ઝડિયા

(–ક્ષેમસિંહ મો. રાઠોડનો 'ઓશવાલ ઇતિહાસ' પૃ. ૧૬૯, ૧૭૦. વધુ માટે જુઓ પ્રક. ૪૧, પૃ. ૪૬૮)

શત્રુંજયતીર્થમાં મુહણોતવંશ દ્વારા પ્રતિષ્ઠા –

શત્રુંજય તીર્થમાં શ્રી આદીશ્વરની પહેલી ટૂકમાં અને વિમલવસહીમાં મુહણોત ગોત્રના ઓશવાલોએ ઘણાં જિનાલયો બનાવ્યાં છે તેમજ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી છે. તે આ પ્રકારે જાણવા મળે છે –

૧-૨. ભ૦ આદીશ્વરની ટૂકમાં એટલે પુંડરીક પોળની ભમતીમાં ભ૦ ધર્મનાથની બે દેરીઓ છે, જેમાં મુહણોત જયમલે સં. ૧૬૮૩માં અંજનશલાકા કરેલી જિનપ્રતિમાઓ બિરાજમાન છે.

૩. પુંડરીક પોળની પહેલી પ્રદક્ષિણા પૂરી થતાં ભ૦ વિમલનાથની દેરી છે, જેમાં જેસાજી મુહણોતના પુત્ર જયમલ મુહણોતે સં. ૧૬૮૬ના પ્રથમ અષાડ વદિ પના રોજ ભરાવેલી જિનપ્રતિમા છે. આ દેરીમાં બીજી પણ પાંચ જિન-પ્રતિમાઓ છે.

૪. હાથીપોળ પાસે પીપળાના ઝાડ નીચે વાઘણનું સ્થાન છે. તેની પાસે ભ૦ આદીશ્વરનું દેરું છે, જેને રતલામના મુહણોતે સં. ૧૮૮૬ના મહા સુદ ૫ ને શુક્રવારે બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી. તેની પાસે પટવાનું દેરું છે.

૫. વિમલવસહીમાં ભ૦ આદીશ્વરનો જિનપ્રાસાદ છે, જેમાં ૧૪ પ્રતિમાઓ બિરાજમાન છે. મુહણોતગોત્રના વીશા ઓશવાલજ્ઞાતિના ૧ શા૦ દયાચંદ, ૨ શા૦ મયાચંદ, ૩ શા૦ ખેમચંદ અને ૪ શા૦ જગજીવનદાસે પોતાના પરિવાર સાથે સં. ૧૮૬૦ના વૈશાખ સુદ ૫ ને સોમવારે આ જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી હતી.

૬. વિમલવસહીમાં ઘણા થાંભલાવાળો ચોતરો છે. ત્યાં ચૌમુખજીનો જિનપ્રાસાદ છે, જેમાં ભ૦ મહાવીર, ભ૦ ધર્મનાથ, ભ૦ ઋષભદેવ અને ભ૦ કુંથુનાથની ચૌમુખ મૂર્તિઓ બિરાજમાન છે. જોધપુરના મુહણોત વીશા શ્રીમાલી જયમલે સં. ૧૬૮૬ના જેઠ વદ ૫ (હિંદી – પ્રથમ અષાડ વદિ ૫) ને શુક્રવારે આ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવેલ છે.

આ ચૌમુખ જિનાલયની પાસે ભ૦ ધર્મનાથનું જિનાલય છે, જેમાં બાદશાહના પરિવારની મૂર્તિઓ બિરાજમાન છે. (શત્રુંજય ફરમો–મોટું વર્ણન)

કુહાડગોત્ર વંશ વીશા ઓશવાલ –

શત્રુંજય તીર્થમાં વિમલવસહીમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા છે. તેની પ્રતિષ્ઠા મેડતાના કુહાડ ગોત્રના ઓશવાલ શા૦ હરખચંદ અને ભાર્યા મનરંગદેવીના પુત્રો ૧ નેમિદાસ, ૨ શામલદાસ, ૩ વિમલદાસે સં. ૧૬૮૩ના જેઠ વદ ૫ ને શુક્રવારે કરાવી હતી.(–શત્રુંજય તીર્થ મોટું વર્ણન, પા. ૩૨)

પુંડરીક પોળમાં મોટા દેરાસરના દક્ષિણ બારણે સહસ્રકૂટ છે. તેની આગરાના કુહાડગોત્રના વીશાઓશવાલ શા૦ વર્ધમાન અને ભાર્યા વહાલબાઈના પુત્રો ૧ માનસિંહ, ૨ થાનસિંહ, ૩ રાયસિંહ, ૪ કનકસિંહ, ૫ ઉગ્રસેન તથા ઋષભદાસ, જગતસિંહ, જીવણદાસ પ્રમુખ પરિવાર સાથે રાયસિંહે સં. ૧૭૧૦ના જેઠ સુદ ૯ ને ગુરુવારે પ્રતિષ્ઠા કરાવી.

વિમલવસહીના ભ૦ ધર્મનાથના દેરાસર પાસે ભ૦ પદ્મપ્રભુનું અને તેની પાસે ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનું દેરું છે. આ વિમલવસહીનું છેલ્લું દેરું છે.

શેઠ જગમલ અને તેના વંશજો –

આ ઉછતવાલના વંશજો જોધપુર રાજ્યના રાજા ૧. મલ્લદેવ, ૨. ઉદયસિંહ, ૩. સૂરસિંહ અને યુવરાજ ગજસિંહના સમયમાં અને શાસનમાં થયા. રાજા સૂરસિંહ રાઠોડે (સં. ૧૬૬૧ થી ૧૬૭૬) પોતાના શાસનમાં ૭ કુવ્યસનો નિવાર્યાં, અમારિ પ્રવર્તાવી, જિનપૂજા માટે કાયમી નિભાવ કર્યો. તે મોટો દાની હતો. તેમણે રામરાજ્ય પ્રવર્તાવ્યું.

૧. જગમલ – તે મેડતાથી નૈઋત્ય ખૂણામાં ૧૪ માઈલ દૂર રહેલ કિષ્કિંધા (કેકિંદ)નો વતની હતો. ઉછતવાલ ગોત્રનો ઓશવાલ હતો. ધનાઢ્ય હતો. જૈનધર્મી હતો. ભટ્ટા૦ હેમવિમલસૂરિના શિષ્ય પં૦ વાનર્ષિગણિ (પં૦ વિજયવિમલ)ના શિષ્ય ઉપા૦ વિદ્યાધરવાચકનો એ પરમ ભક્ત હતો. તેણે તેમની પાસે ૩૨ વર્ષની ઉંમરે જોધપુરમાં ચોથું વ્રત સ્વીકાર્યું હતું.

૨. નથમલ – તે પુણ્યાત્મા હતો. મોટો દાની હતો. રાજમાન્ય હતો. તેને ગુર્જરદે નામે પત્ની હતી, જે ગૃહકાર્યમાં પ્રવીણ હતી. તે સુશીલ અને દેવ-ગુરુ-ધર્મમાં ભક્તિવાળી હતી.

૩. નાપાજી – તે લોકપ્રિય હતો. ધર્મી હતો. તેને નવલદે નામે પત્ની હતી. તેમને ૧. આશરાજ (પત્ની સરૂપાદેવી), ૨. અમૃત (પત્ની સૌલિકાદેવી), ૩. સુધર્મ (પત્ની ધારકા), ૪. ઉદય (પત્ની ઉછરંગદેવી) અને ૫. શાર્દુલ એમ પાંચ પુત્રો હતા.

આશરાજને વીરમ અને જીવરાજ તથા અમૃતને મનોહર અને વર્ધમાન નામે પુત્રો હતા.

શેઠ નાપાએ ઉપર બતાવેલા પોતાના પરિવાર સાથે સં. ૧૬૫૯માં શત્રુંજય તીર્થની યાત્રા કરી. સં. ૧૬૬૪માં આબૂ, રાણકપુર, નાડલાઈ અને શિવપુરી (સિરોહી)ની યાત્રા કરી. શેઠ નાપા અને શેઠાણી નવલદેએ સં. ૧૬૬૬ના ફાગણ સુદ ૩ના રોજ ચોથું વ્રત સ્વીકાર્યું ત્યારે મોટો ઉત્સવ કરતાં ઘણું ધન વાપર્યું

હતું. આ રીતે શેઠ નાપામાં દાન, શીલ અને પરોપકાર એમ ત્રણે ગુણોનો મહાયોગ હતો.

શેઠ નાપા જાતમહેનતથી ન્યાયસંપન્ન વૈભવશાળી હતા. તેનું ફળ લેવા કેકિંદનગરમાં સં. ૧૬૬૫માં સલોટ તોડર પાસે ભ૦ આદિનાથનો ભવ્ય જિનપ્રાસાદ બંધાવ્યો. તેમાં મોટો મંડપ અને બંને બાજુએ બે ચોકીઓ બનાવી. ભટ્ટા૦ વિજયદેવસૂરિ ઉછતવાલ ગોત્રના ઓશવાલવંશના શણગાર હતા. તેમની આજ્ઞાથી પધારેલા ઉપા૦ લબ્ધિસાગરગણિના હાથે પ્રતિષ્ઠા કરાવી. (પૃ. ૩૯૮)

મહાપંડિત પં૦ વિજયકુશલગણિના શિષ્ય પં૦ ઉદયરુચિગણિએ તેની ૪૬ શ્લોકપ્રમાણ પ્રશસ્તિ રચી અને પં૦ સહજસાગરના શિષ્ય પં૦ જયસાગરે તેને શિલા ઉપર લખી અને સલાટ તોડરે તેને શિલા ઉપર ઉત્કીર્ણ કરી.★

(–પ્રા. જૈ. લે. સં., ભા. ૨, લે. નં. ૩૭૭)

શેઠ સૂરા : તેના પુત્રો રત્ના અને ધનજી –

અમદાવાદના શા૦ સૂરાના પુત્ર શા૦ ધનજીએ સં. ૧૭૧૨ના માગશર માસમાં અમદાવાદમાં આઠ હજાર મહમ્મુદી ખરચી વંદના મહોત્સવ કર્યો ત્યારે ભટ્ટા૦ વિજયદેવસૂરિએ આ૦ વિજયપ્રભસૂરિને ભટ્ટારક પદવી આપી.

[**નોંધ** : અન્ય વિશેષ વિગતો નીચે મુજબ જાણવી.]

અમદાવાદના શેઠ સૂરાએ સં. ૧૬૫૮માં ભટ્ટા૦ વિજયસેનસૂરિ, આ૦ વિજયદેવસૂરિ વગેરે મુનિપરિવાર તથા ચતુર્વિધ સંઘને સાથે લઈ અમદાવાદથી આબૂ વગેરે તીર્થોનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેણે રસ્તામાં દરેક ગામોમાં જૈનોના ઘરદીઠ મહમ્મુદિકાની પ્રભાવના કરી હતી.

સંઘપતિ શેઠ સૂરાએ આબૂતીર્થને મોતી, સોના-ચાંદીના પુષ્પો તથા વિવિધ ફળો અને શ્રીફળથી વધાવ્યો હતો. સંઘ આબૂ, સિરોહી, રાણકપુર, નાડલાઈ, વરકાણા વગેરે તીર્થોની યાત્રા કરી અમદાવાદ પાછો આવ્યો. સંઘપતિએ અમદાવાદ આવી સમગ્ર નગરમાં જૈનોના ઘરદીઠ રૂપિયાની લહાણી કરી હતી.

★ આ૦ મુનિચંદ્રસૂરિ (સં. ૧૧૩૯ થી ૧૧૭૮)ના શિષ્ય આ૦ અજિતદેવસૂરિ તથા શેઠ ધાંધલે સં. ૧૧૯૧માં જીરાવલાતીર્થ સ્થાપન કર્યું.

આ૦ વાદિદેવસૂરિએ અને શેઠ પારસદાસે ફલોધીતીર્થ સં. ૧૨૦૪ના મહા સુદિ ૧૩ ને શુક્રવારે સ્થાપન કર્યું.

આ૦ મુનિચંદ્રસૂરિની પરંપરામાં ગુરુભાઈ નામે આ૦ આનંદસૂરિ થયા. તેમણે સં. ૧૨૩૦ અષાડ સુદિ ૯ના રોજ કિષ્કિંધામાં શેઠ ધાંધલના વંશજોએ બનાવેલ વિધિચૈત્યની પ્રતિષ્ઠા કરી. (પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા. ૨, લે. નં. ૩૭૮)

બાદશાહ શાહજહાંનું જ્ઞાતિવ્યવહારની સ્વતંત્રતાનું સં. ૧૭૦૧નું ફરમાન, કે જેમાં અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરીની સાથે શેઠ સૂરદાસનું નામ આવે છે; કારણ તેઓ પણ અમદાવાદના જૈનોમાં મુખ્ય આગેવાન હતા. તેમણે અમદાવાદમાં 'સૂરદાસ શેઠની પોળ' બનાવી હતી, જે હાલમાં પણ વિદ્યમાન અને પ્રસિદ્ધ છે.

તેમને (૧) રતના અને (૨) ધનજી એમ બે પુત્રો હતા.

ગારિયાધારના ઠાકોર કાંધાજી ગોહિલ વગેરેએ વિ. સં. ૧૭૦૭ (સને ૧૬૫૧)માં શત્રુંજય તીર્થના રખોપાનો કરાર નગરશેઠ શાંતિદાસ તેમજ શા૦ રતના સૂરા સાથે કર્યો હતો. (જુઓ પ્રક. ૫૮, પૃ. ૩૨૧ થી ૩૨૩)

શાહ ધનજીએ અમદાવાદમાં એક સમયે વ્યાખ્યાનમાં મુનિ (ઉપાધ્યાય) યશોવિજયજીનાં આઠ અવધાન સાંભળી, તેમની અનન્ય વિદ્વતા જોઈ તેમને કાશીમાં અભ્યાસ કરાવવાની ગુરુદેવ પં૦ નયવિજયજીને વિનંતી કરી. સાથે ચાંદીના બે હજાર દીનાર (રૂપિયા) આપવાની અને કાશીમાં પંડિતોને વખતોવખત જે આપવું પડે તેની પણ તૈયારી બતાવી.

આ શાહ ધનજી સૂરા અમદાવાદનો ઓશવાળ સંઘવી હતો. સં. ૧૬૮૭ના દુકાળમાં તેમણે દાનશાળા ચલાવી અને શ્રી શત્રુંજયતીર્થના કુલ અઢાર સંઘ કાઢેલા. ધનજી અને વડીલબંધુ રતનના પુત્ર પનજીએ સમેતશિખરની યાત્રાનો સંઘ કાઢેલો, એમાં એક લાખ એંશી હજારનું ખર્ચ કરેલું. (પુસ્તક : 'યશોજીવન પ્રવચનમાળા', પ્રવચનકાર : આ૦ પ્રદ્યુમ્નસૂરિ, પૃ. ૩૩ થી ૩૫–સારાંશ, સાભાર.)

શેઠ શિવા (સવા) અને સોમજી –

અમદાવાદની ઘના સુતારની પોળના સં૦ જોગીદાસની પત્ની જસમાદેને સોમજી નામે પુત્ર હતો. મહો૦ ક્ષમાકલ્યાણજી 'ખરતરગચ્છની પટ્ટાવલી'માં લખે છે કે શિવા અને સોમજી ભાઈઓ હતા. તેઓ ચીભડાનો વેપાર કરતા. ભટ્ટા૦ જિનચંદ્રસૂરિની કૃપાથી ધનવાન બન્યા. કિંવદંતી એવી પણ મળે છે કે –

શિવા (સવા) સૌરાષ્ટ્રનો વેપારી હતો. તેણે વિપત્તિમાં અમદાવાદના શેઠ સોમજી ઉપર રૂા. ૬૦,૦૦૦ (સાઈઠ હજાર)ની હૂંડી લખી મોકલી. તેમાં તેની આંખનાં આંસુનાં ટપકાં પડ્યાં હતાં. શેઠ સોમજીએ તેને ભારે આબરૂદાર વ્યક્તિ હશે એવું અનુમાન કર્યું. આ વ્યાપારી વિપત્તિમાં આવીને ફસાઈ ગયો લાગે છે એમ સમજી તેની હૂંડી સ્વીકારી લીધી. તેના લેણદારને રૂા. ૬૦,૦૦૦ ગણી આપ્યા. થોડા દિવસ પછી શિવાને વેપારમાં ધન આવતું ગયું. ત્યારે તે શેઠ સોમજીને અમદાવાદ રૂા. ૬૦,૦૦૦ આપવા આવ્યો.

શેઠ સોમજીએ તેને સાધર્મિક સમજી આપત્તિમાં આપેલી એ રકમને તેના ખાતે ઉધારી નહોતી, પણ સાધર્મિકની મદદ ખાતે દાનરૂપે લખી હતી. આથી તે રકમ પાછી લેવાની શેઠ સોમજીએ ના પાડી.

શિવાએ રકમ આપવા હઠ પકડી. પંચે ન્યાય કર્યો કે, 'આ રકમનું બંનેના નામથી મોટું જિનાલય બનાવવું.'

એવું કહેવાય છે કે, પછી શત્રુંજયતીર્થ ઉપર નવમી ટૂક શેઠ શિવા સોમજીની બની. કોઈ કહે છે કે, અમદાવાદમાં ભ૦ શાંતિનાથનું મંદિર બન્યું ત્યારથી બંને ભાઈઓ–મિત્રો બન્યા અને સાથે સાથે જ ધર્મકાર્યો કરતા રહ્યા. તેમણે કરેલાં ધર્મકાર્યોની નોંધ આ પ્રકારે જાણવા મળે છે –

૧. સંઘવી જોગીદાસ અને સં૦ સોમજીએ સં. ૧૬૪૪માં ભટ્ટા૦ વિજયચંદ્રસૂરિની અધ્યક્ષતામાં શત્રુંજય તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. તેમાં રૂા. ૩૬,૦૦૦ ખરચ્યા.

૨. સં. ૧૬૫૭માં અમદાવાદમાં ભટ્ટા૦ વિજયચંદ્રસૂરિના હાથે ભ૦ આદીશ્વરની પ્રતિષ્ઠા કરાવી.

૩. તેમણે જુદા જુદા તીર્થોના યાત્રાસંઘો કાઢ્યા, નવાં જિનાલયો બંધાવ્યાં, જીર્ણોદ્ધાર કરાવ્યા, પ્રતિષ્ઠાઓ કરાવી, મુનિવરોને પદવીઓ અપાવી ઉત્સવો કર્યા, સાધર્મિક વાત્સલ્ય કર્યાં, લહાણીઓ વહેંચી, ગ્રંથોની પ્રતિઓ લખાવી.

૪. અમદાવાદમાં ઘના સુતારની પોળમાં શિવા સોમજીની પોળમાં ભ૦ આદિનાથનું જિનાલય જ્યાં ભટ્ટા૦ જિનચંદ્રસૂરિની ચરણપાદુકા પધરાવી.

૫. અમદાવાદના ઝવેરીવાડમાં ચૌમુખજીની પોળમાં ભ૦ શાંતિનાથનું ચૌમુખજી મંદિર (જેનો જીર્ણોદ્ધાર શ્રી મોહનલાલ મગનલાલ ઝવેરીએ સં. ૧૯૨૦માં કરાવ્યો.) બંધાવ્યું.

૬. અમદાવાદની હાજા પટેલની પોળમાં ભ૦ શાંતિનાથનું જિનાલય બંધાવ્યું.

૭. સં૦ શિવા અને સોમજીએ શત્રુંજયતીર્થમાં શિવા સોમજીની ટૂક અને ચૌમુખ જિનપ્રાસાદ બનાવ્યો, તેમાં ૫૮ લાખ રૂપિયા ખરચ્યા. આ ટૂક પાસે ખરતરવહસીનાં નાનાં નાનાં જિનાલયો બન્યાં.

શેઠ સોમજીના મરણ પછી તેમના પુત્ર રૂપજીએ સં. ૧૬૭૫માં ભટ્ટા૦ જિનરાજસૂરિ અને ભટ્ટા૦ જિનસાગરસૂરિના હાથે શિવા સોમજીની ટૂકની પ્રતિષ્ઠા કરાવી હતી. સં૦ રૂપજીની પરંપરામાં છેલ્લા શેઠ બાલાભાઈ સાંકળચંદ થયા હતા. (–પ્રક. ૪૦, પૃ. ૩૮૬ તથા યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પૃ. ૨૪૦)

સંઘવણ કૂલબાઈ –

તે ખંભાતની વતની હતી. સુખી હતી, દાની હતી. સમ્યક્ત્વ સાથે બાર વ્રતની ધારક શ્રાવિકા હતી. તે જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિ, ભટ્ટા૦ વિજયસેનસૂરિ, આ૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિની ભક્ત–ઉપાસિકા શ્રાવિકા હતી.

તેણે શત્રુંજય, ગિરનાર વગેરે જૈન તીર્થોના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢ્યા હતા; તેથી તેણે સંઘપતિનું તિલક કરાવી 'સંઘવણ' બિરુદ પ્રાપ્ત કર્યું હતું. તેણે સં. ૧૭૦૫ના વૈશાખ સુદ ૨ના રોજ ખંભાતમાં મોટા મુનિપરિવાર સાથે પધારેલા ભટ્ટા૦ વિજયદેવસૂરિ તથા આ૦ વિજયસિંહસૂરિને 'વિવાગસુત્ત' તથા 'અણુત્તરોવવાઈ સુત્ત'ની પ્રતિઓ વહોરાવી હતી. પોતાને ભણવા માટે સં. ૧૭૧૦ વૈશાખ સુદ ૩ના તેણે 'ઉપદેશમાળા' લખાવી હતી.

(–ભાંડારકર ઈન્સ્ટીટ્યુટ–પૂના સંગ્રહિત જૈન પ્રશસ્તિસંગ્રહ, ભા. ૧, પ્રશ. નં. ૧૫૨ તથા શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશ. નં. ૭૯૦)

દુકાળો –

ગુજરાતમાં સં. ૧૬૨૯ થી ૧૬૩૨ એમ ચાર વર્ષો સુધી દુકાળ પડ્યો. સં. ૧૬૩૩માં સુકાળ થયો. શત્રુંજયતીર્થ ચાર વર્ષ સુધી ઉજ્જડ બની રહ્યું.

વળી, સં. ૧૬૬૧, સં. ૧૬૮૬, સં. ૧૭૦૨, સં. ૧૭૦૫, સં. ૧૭૧૫ અને સં. ૧૭૨૦માં ગુજરાત, મેવાડ, મારવાડ, મેવાતમાં મોટા દુકાળ પડ્યા ત્યારે ભટ્ટા૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયસિંહસૂરિ, ભ૦ વિજયપ્રભસૂરિ, ભ૦ વિજયાનંદસૂરિ વગેરેના ઉપદેશથી મંત્રી જયમલ મુહણોત, શેઠ શાંતિદાસ ઝવેરી, શેઠ શાંતિદાસ મનિયા અને શેઠ વજિયા–રાજિયા વગેરે જૈન મહાજનોએ પ્રજાને અનાજ-પાણી, કપડાં વગેરે વિવિધ પ્રકારની મદદ આપી હતી. ત્યારે સોરઠમાં દુકાળની અસર થઈ નહોતી.

શેઠ વજિયા–રાજિયા પારેખે સં. ૧૬૬૧ના દુકાળમાં ચાર હજાર મણ અનાજ આપી ઘણાં માનવ કુટુંબોને બચાવ્યાં હતાં.

મંત્રી જયમલ મુહણોતે સં. ૧૬૮૬ના દુકાળમાં સૌને મોટી મદદ આપી હતી. (–પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પુરવણી પૃ. ૭૭૩)

વિવિધ વસ્તુઓનું નિર્માણ –

ભટ્ટા૦ વિજયદેવસૂરિ તથા આ૦ વિજયસિંહસૂરિના સમયમાં વિક્રમની ૧૭–૧૮મી શતાબ્દીમાં વિવિધ વસ્તુઓનું ઉત્કૃષ્ટ નિર્માણ થયું તે આ પ્રમાણે છે –

ચૈત્યાલય – પાટણના મણિયાતીપાડામાં શેઠ લલ્લુચંદ મગનલાલ દાંતીના ઘરમાં બારીક કોરણીવાળું લાકડાનું સુંદર જિનાલય છે. તેમાં ભ૦ ઋષભદેવની સ્ફટિકરત્નની બનેલી પરિકરવાળી જિનપ્રતિમા છે. તેના પરિકર ઉપર પડીમાત્રામાં સંસ્કૃત ભાષામાં ભટ્ટા૦ વિજયદેવસૂરિનો લેખ નીચે મુજબ છે –

"संवत् १६७३ वर्ष पौषकृष्णपञ्चमी शुक्रे श्रीपत्तननगरवास्तव्यवृद्धशाखायां श्रीमालीज्ञातीय दो० धनजीभार्यामरघाइसुत दो० संतोषीकेन भार्यासहगलदे प्रमुख कुटुम्बयुतेन स्वश्रेयसे श्रीऋषभदेवपरिकरः कारितः प्रतिष्ठितश्च तपागच्छे भट्टारकपुरन्दर-भट्टारक श्रीविजयहीरसूरीश्वरशिष्य भट्टारक श्रीविजयसेनसूरीश्वरपट्टालंकारहारानुकारि भट्टारकप्रमुख भट्टारकश्रीविजयदेवसूरिभिरिति भद्रम् ॥"

આ ચૈત્યાલય (ઘરદેરાસર)માં સુંદર કોરણી અને પરિકર છે. (પ્રક. ૬૦, પૃ. ૩૯૮) ઉપરાંત, લાકડાનાં કલામય જિનાલયો તથા કમળવાળાં તીર્થંકરોનાં સમવસરણ તથા સહસ્રકૂટની રચના વગેરે ઉત્કૃષ્ટ થયાં છે. (આ રચનાઓમાં આ૦ વિજયસિંહસૂરિનું પ્રદાન મુખ્યતયા હોય અમે આ વિગતો અહીં પ્રથમ આવૃત્તિ મુજબ ન લેતાં બીજી આવૃત્તિમાં – આ૦ વિજયસિંહસૂરિના પ્રકરણમાં લીધી છે. જુઓ પ્રથમ આવૃત્તિ, પ્રક. ૬૧, પૃ. ૩૨૯ થી ૩૩૪.)

ગ્રંથભંડાર – પાટણના જૈનો સુરતમાં જઈ વસ્યા; તે જ્યારે પાટણમાં આવે ત્યારે સુરતવાળા તરીકે ઓળખાતા હતા. તે પૈકીના શા૦ રત્નો..... તથા દોશી સોમા ઓશવાળના વંશના દોશી ઉદયસિંહની પત્ની મરઘા વગેરે સં. ૧૬૭૨ના પોષ વદિ ૨ ને મંગળવારે ઘણાં જિનાગમો તથા અન્ય ગ્રંથો લખાવ્યાં હતાં.

(શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા. ૨, પ્રશસ્તિ નં. ૭૦૯ થી ૭૧૪.)

卐

પ્રકરણ : એકસઠમું

આચાર્ય વિજયસિંહસૂરિ

''તાપ પાટઈ પ્રતપઈ, જયવંતા યુવરાજ;
શ્રીસૂરિશિરોમણિ, વિજયસિંહ મુનિરાજ.''

(મહો૦ વિનયવિજયગણિ રચિત 'ગણધર પટ્ટાવલી સજ્ઝાય';
પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પુરવણી પૃ. ૧૮૩ થી ૧૮૫)

આ૦ વિજયસિંહસૂરિનો સં. ૧૬૪૪ના ફાગણ સુદિ ૨ ને રવિવારે મેડતામાં જન્મ થયો હતો. તેમના પિતાનું નામ નથમલજી ઓશવાલ અને માતાનું નામ હતું નાયકદેવી. તેમનું પોતાનું નામ કરમચંદ હતું.

સં. ૧૬૫૪ના મહા વદિ ૨ ના રોજ અમદાવાદના અકમીપુરામાં ભટ્ટા૦ વિજયસેનસૂરિના હાથે દીક્ષા થઈ ને તેમનું નામ મુનિ કનકવિજય રાખવામાં આવ્યું. સં. ૧૬૭૦માં આ૦ વિજયસેનસૂરિએ તેમને પંન્યાસપદ આપ્યું. સં. ૧૬૭૩ના પોષ વદિ ૫ ને શુક્રવારના રોજ પાટણમાં આ૦ વિજયદેવસૂરિના હસ્તે શેઠ સંતોષીએ બનાવેલા ભ૦ આદિનાથની સ્ફટિકની જિનપ્રતિમાના પરિકરના પ્રતિષ્ઠા ઉત્સવમાં તેમને ઉપાધ્યાયપદ આપવામાં આવ્યું. ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૮૧ના વૈશાખ સુદ ૬ ના અથવા સં. ૧૬૮૨ના મહા સુદિ ૬ ના ઈડરમાં શાહ સહજૂ પારેખે કરેલા પદવી મહોત્સવમાં આચાર્યપદ આપી તેમનું વિજયસિંહસૂરિ નામ રાખ્યું. સં. ૧૬૮૪ના મહા સુદિ ૧૦ ને સોમવારે જાલોરમાં સંઘપતિ મંત્રી જયમલ મુહણોતે કરેલા પ્રતિષ્ઠાપૂર્વકના વંદના મહોત્સવમાં ભટ્ટારકપદ આપવામાં આવ્યું.

(–પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પુરવણી પૃ. ૯૩, ૯૬)

કુટુંબપરિવાર અને ભાગવતી દીક્ષાઓ

મેડતામાં શેઠ નથમલ નાથુજી ઓશવાલ જૈન અને તેમનાં પત્ની નાયકદેવીને ૧ જેઠો, ૨ જશો (જેસા), ૩ કેશવજી, ૪ કરમચંદ (આ૦ વિજયસિંહસૂરિ), ૫ કપૂરચંદ એમ પાંચ પુત્રો હતા.

દીક્ષા – શેઠ નથમલે પુત્ર જેઠા અને જેસાને ગૃહકાર્યભાર સોંપીને ધર્મપત્ની નાયકદેવી સાથે આ૦ વિજયસેનસૂરિ પાસે સં. ૧૬૫૪ના મહા સુદિ ૨ના દિવસે દીક્ષા લીધી. તેમનું દીક્ષિત નામ જાણવામાં આવ્યું નથી. શેઠ અને શેઠાણી નાયકદેવીએ દીક્ષા લઈ સારી રીતે ચારિત્ર પાલન કર્યું.

કેશવજી – તે શેઠ નથમલનો ત્રીજો પુત્ર હતો. તેણે માતા-પિતાની દીક્ષા પૂર્વે આશરે સં. ૧૬૪૪ પહેલાં નાની ઉંમરમાં દીક્ષા લીધી. ભટ્ટા૦ વિજયસેનસૂરિએ તેને દીક્ષા આપી મહો૦ કીર્તિવિજયગણિના શિષ્ય બનાવ્યા અને તેમનું નામ મુનિ કાંતિવિજય રાખવામાં આવ્યું.

તેઓ અત્યંત ગુરુભક્ત હતા. ગુણના પક્ષપાતી ને મળતિયા સ્વભાવના હતા. વિદ્વાન અને કવિ હતા. તેઓ પંન્યાસપદ મેળવીને ઉપાધ્યાય બન્યા હતા. તેમના હસ્તાક્ષરો સુંદર હતા. આથી તેમના હાથે ઘણા શિલાલેખો અને ગ્રંથો લખાયા હતા.

ભટ્ટા૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૪૫ના જેઠ સુદિ ૧૧ ને સોમવારે ખંભાતના સાગવટ પાડામાં શેઠ વજિયા–રાજિયા પારેખના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની પ્રતિષ્ઠા કરી હતી. મહાકવિ હેમવિજયગણિએ તેની પ્રશસ્તિ રચી. પં૦ લાભવિજયગણિએ તેનું સંશોધન કર્યું. પં૦ કાંતિવિજયગણિએ તેને શિલા ઉપર લખી અને સ્થપતિ શ્રીધરે તેને ઉત્કીર્ણ કરી.

મહો૦ કીર્તિવિજયગણિએ સં. ૧૬૯૦ના આસો સુદ ૪ના રોજ વડોદરામાં 'વિચાર રત્નાકર' નામે ગ્રંથની રચના કરી. પં૦ કાંતિવિજયગણિએ તેની પ્રતિ લખી વડોદરાના જૈન ભંડારમાં મૂકી હતી. તે ગ્રંથની પુષ્પિકા આ પ્રકારે છે –

"श्री कीर्तिविजयवाचक शिष्यलेशेन कान्तिविजययेन ।
श्रिवटपद्रपुरस्थित चित्कोषे प्रतिरियं मुक्ता ॥१॥
(–શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશ. નં. ૭૧૧)

મહો૦ વિનયવિજયગણિએ સં. ૧૭૧૦માં પોતાના ગુરુભાઈ કાંતિવિજયને ભણવા માટે 'હેમલઘુપ્રક્રિયા' નામે સંસ્કૃત વ્યાકરણ ગ્રંથની રચના કરી.
(–પાટણના જૈન ગ્રંથભંડારમાં રહેલી સં. ૧૭૫૨માં લખેલી ગ્રંથની પુષ્પિકા)

ઉપા૦ કાંતિવિજયગણિએ ઘણા ગ્રંથો રચ્યા છે તે આ પ્રમાણે –

૧. જિનસ્તવન ચોવીસી, ૨. જિનસ્તવનવીશી, ૩. પાંચ મહાવ્રતની સજ્ઝાય (ઢાળ : ૪), ૪. રાત્રિભોજન ત્યાગ સજ્ઝાય, ૫. શીલપચ્ચીસી, ૬. સંવેગ રસાયણ બાવની (કડી : ૫૩), ૭. સં. ૧૭૪૫માં પાટણમાં 'સુજશવેલી' (ઢાળ : ૪), ૮. 'શ્રી રે સિદ્ધાચલ ભેટવા' સ્તવન, ૯. આતમજ્ઞાન પંચમીની સજ્ઝાય ઉપરાંત સ્તવનો, સજ્ઝાયો, પદો વગેરે.

કરમચંદ – (જુઓ આગળનું પૃષ્ઠ : ૪૩૦) દીક્ષા વખતનું નામ મુનિ કનકવિજય અને આચાર્યપદ પ્રાપ્ત થતાં વિજયસિંહસૂરિ નામથી ખ્યાતિ પામ્યા.

કપૂરચંદ – તે નથમલનો પાંચમો પુત્ર હતો. ભટ્ટા૦ વિજયસેનસૂરિએ તેને પણ માત-પિતા સાથે સં. ૧૬૫૪ના મહા સુદિ ૨ ના રોજ દીક્ષા આપી. તેમનું મુનિ કૃષ્ણવિજય નામ રાખી આ૦ વિજયદેવસૂરિના શિષ્ય બનાવ્યા. ભટ્ટા૦ વિજયદેવસૂરિ જ્યારે દક્ષિણમાં કુલ્પાકતીર્થની યાત્રાએ પધાર્યા ત્યારે પં૦ કાંતિવિજય તથા મુનિ કૃષ્ણવિજય વગેરે મુનિપરિવાર તેમની સાથે હતો. મુનિ કૃષ્ણવિજયે ત્યાં 'કુલ્પાકમંડન ભ૦ ઋષભદેવનું સ્તવન' રચ્યું. મુનિ કૃષ્ણવિજયનો વધુ પરિચય મળતો નથી. (–જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ....)

અગાઉ જણાવેલા મુનિ કનકવિજય શાંત હતા. વિજયસેનસૂરિને તેમને માટે મોટી આશા હતી કે તેઓ ભવિષ્યમાં મોટા પ્રભાવક બનશે. આથી આ૦ વિજયસેનસૂરિએ તેમને પંન્યાસ બનાવ્યા અને તે પછી ઉપાધ્યાય બનાવે તે પહેલાં જ આ૦ વિજયસેનસૂરિનો સં. ૧૬૭૧ના જેઠ વદ ૧૧ના રોજ સ્વર્ગવાસ થયો. આ૦ વિજયદેવસૂરિ પાટણમાં ત્યારથી ગચ્છનાયક–ભટ્ટારક બન્યા.

આ પછી એક તરફ ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૭૩ના પોષ વદિ ૫ ને શુક્રવારે પાટણમાં ગીતાર્થોની પ્રેરણાથી પં૦ કનકવિજયગણિને ઉપાધ્યાયપદવી આપી.* તો બીજી તરફ તપાગચ્છના અમુક ઉપાધ્યાયોએ સં. ૧૬૭૩ના પોષ વદિ ૧૨ના સિરોહીમાં વિજયતિલકસૂરિને નવા ભટ્ટારક બનાવી ઉપાધ્યાયગચ્છ જુદો પાડી ગચ્છભેદ ઊભો કર્યો.

દેવવાણી – આવી વિષમ પરિસ્થિતિમાં ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૭૬ના ચોમાસામાં સાબલીમાં વિજયાનંદસૂરિપક્ષ અને સાગરશાખા વચ્ચેની અથડામણ થઈ હતી તેને રોકવાનો ઉપાય મેળવવા અને નવો ગચ્છનાયક જાણવા ત્રણ મહિના સુધી સૂરિમંત્રનું ધ્યાન કર્યું.

સૂરિમંત્રના અધિષ્ઠાયકે ગચ્છનાયકને વિનયભાવે જણાવ્યું કે, ''આજે તમારા શિષ્યપરિવારમાં એવો કોઈ પુણ્યશાલી નથી કે જે ગચ્છનાયક બની શકે. એવો પુણ્યાત્મા દીક્ષા લઈ અવસરે તમારા પરિવારમાં દાખલ થશે, અને તમારા

★ ઉપા૦ કનકવિજયગણિ ઘણા થયા છે.

(૧) ૬૦માં મહો૦ કનકવિજયગણિ – તેમની શિષ્યપરંપરામાં મહો૦ મેઘવિજયગણિ થયા હતા. (–પ્રક. ૫૧, પૃ. ૨૦૪)

(૨) ઉપા૦ કનકવિજય જેમના શિષ્ય અમરવિજયગણિ સં. ૧૫૫૩-૫૪માં વિદ્યમાન હતા.

(૩) ઉપરોક્ત ઉપા૦ કનકવિજયગણિ તે આ૦ વિજયસિંહસૂરિ.

(૪) તપાગચ્છની નવી શાખાના ભટ્ટા૦ વિજયાનંદસૂરિને પં૦ કનકવિજયગણિ વગેરે શિષ્યો હતા.

હાથે જ ગચ્છનાયક બનશે. પરંતુ હાલ તરતને માટે ઉપા૦ કનકવિજયગણિને તમારી પાટે સ્થાપન કરો. આથી જૈનશાસનને ઘણો લાભ થશે.''

પટ્ટક – ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૭૭ના વૈશાખ સુદ ૭ ને બુધવારે સાબલીમાં શ્રમણસંઘની હાજરીમાં ૫૮ બોલવાળો ગીતાર્થ સાધુ-સાધ્વી મર્યાદા પટ્ટક બનાવ્યો.

મુનિ સમ્મેલન –

સં. ૧૬૮૧ના પ્રથમ ચૈત્ર સુદિ ૯ ના અમદાવાદના કાલુપુરમાં આવેલા જૈન ઉપાશ્રયમાં તપાગચ્છનું મોટું મુનિસંમેલન મળ્યું. આ સંમેલન નિષ્ફળ ગયું, છતાં સહુ બે બાબતોમાં એકમત થયા.

(૧) 'સર્વજ્ઞશતક' ગ્રંથને અપ્રમાણ જ માનવો.

(૨) ભટ્ટા૦ વિજયદેવસૂરિ હવે પોતાની પાટે જેને સ્થાપન કરે તેને બધાએ ગચ્છનાયક તરીકે મંજૂર રાખવા.

આ સંમેલનમાં સૌને અનુભવ થયો કે ઉપા૦ કનકવિજયગણિ શાંત, સંવેગી, ત્યાગી, વૈરાગી, તપસ્વી, જ્ઞાની, શાસનપ્રેમી, મળતાવડા અને બધા પ્રત્યે સમભાવ રાખનારા છે, ગંભીર છે, ભવિષ્યમાં મોટા પ્રભાવક થશે. આમ હોવાથી સૌ તેમને આચાર્યપદ મળે તેમાં ખુશ હતા.

આચાર્ય અને ગચ્છનાયક–ભટ્ટારકપદ પ્રદાન –

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૮૧ અથવા સં. ૧૬૮૨ના ઈડરમાં ઉપા૦ કનકવિજયગણિને આચાર્યપદ આપી તેમનું નામ વિજયસિંહસૂરિ રાખ્યું. અને સં. ૧૬૮૪ના મહા સુદિ ૧૦ ને સોમવારે જાલોરમાં આ૦ વિજયસિંહસૂરિને ભટ્ટારક બનાવી પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા.

(પ્રક. ૬૦, પૃ. ૪૦૩)

આ૦ વિજયસિંહસૂરિ સં. ૧૬૮૧થી લગભગ સં. ૧૬૯૫ સુધી ગુરુદેવની સેવામાં રહી તેમની સાથે જ વિચર્યા હતા. તે પછી આ પ્રમાણે વિચર્યા.

બંને આચાર્યોએ સં. ૧૬૯૭માં દક્ષિણના વિંધ્યનગર (બીજાપુર)માં જિનપ્રતિષ્ઠાઓ કરી અને ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૯૭માં ત્યાં જ ચોમાસું કર્યું; જ્યારે આ૦ વિજયસિંહસૂરિને ઉદયપુર ચાતુર્માસ મોકલ્યા. આ૦ વિજય-સિંહસૂરિએ ઉદયપુરના રાણા જગતસિંહને ઉપદેશ આપી જૈનધર્મથી વધુ પ્રભાવિત બનાવ્યો.

બંને આચાર્યોએ સં. ૧૬૯૮માં આમણોરમાં, દેલવાડામાં તથા નાહીગામમાં પ્રતિષ્ઠાઓ કરી. તેઓએ સં. ૧૬૯૮–૯૯માં ઉદયપુરમાં સાથે ચોમાસાં કર્યાં.

અહીંના રાજા જગતસિંહને પ્રેરણા આપી જૈનધર્મનાં અનેકવિધ સદ્‌કાર્યો કરાવ્યાં. (જુઓ પ્રક. ૬૦, પૃ. ૪૧૨)

આચાર્યોની આજ્ઞાથી ઉપા૦ સપ્તમચંદગણિએ સં. ૧૭૦૦ના મહા સુદ ૧૨ ના રોજ પાલીમાં સં૦ જયરાજ મુહણોતે બનાવેલ કમલદળવાળા જિનસમવસરણની પ્રતિષ્ઠા કરી. બંને આચાર્યોએ પાલીમાં સં. ૧૭૦૦નું ચોમાસું કર્યું.

ગુરુ-આજ્ઞાથી અલગ વિહાર અને સુંદર શાસનપ્રભાવના –

આ૦ વિજયસિંહસૂરિ ગુરુદેવની આજ્ઞાથી સં. ૧૭૦૧માં વિહાર કરી મારવાડ-મેવાત તરફ પધાર્યા.

તેમણે સં. ૧૭૦૧માં મેડતામાં પ્રભુપ્રતિષ્ઠા કરી. એ જ સાલમાં મેડતામાં બાદશાહના માનીતા શેઠ હીરાનંદ ઝવેરી આગરાવાળાની પત્ની શ્રાવિકા મણિબેને ભરાવેલ જિનપ્રતિમાની પણ પ્રતિષ્ઠા કરી. આગરાના ઘણા જૈનો આ ઉત્સવમાં મણિબેન સાથે મેડતા આવ્યા હતા.

આ૦ વિજયસિંહસૂરિએ સં. ૧૭૦૧માં મેડતામાં કુહાડ ગોત્રના વીશા ઓશવાલ જૈન શેઠ વર્ધમાનના પુત્ર રાયસિંહને શત્રુંજય તીર્થમાં સહસ્રકૂટનું દેરાસર બનાવવાનો ઉપદેશ આપ્યો. તે વખતે પાલિતાણામાં શ્રીપૂજની ગાદીએ શત્રુંજય તીર્થની રક્ષા માટે નીમેલ પં૦ શાંતિવિજયગણિ (આ૦ વિજયાનંદસૂરિના શિષ્ય), પં૦ દેવવિજયગણિ, પં૦ મેઘવિજયગણિ વગેરેને આજ્ઞા આપી કે તમારે સૌએ ધ્યાન રાખી શાસ્ત્રાનુસાર સહસ્રકૂટ બનાવવો. ત્યારથી શત્રુંજયમાં તે કૂટ બનાવવાનો આરંભ થયો. (જુઓ પૃ. ૪૩૬–૪૩૭)

આ૦ વિજયસિંહસૂરિએ સં. ૧૭૦૧માં કિસનગઢના રાજા રૂપસિંહ રાઠોડના મહામાત્ય રાયચંદની વિનંતીથી કિસનગઢમાં ચોમાસું કર્યું.

સં. ૧૭૦૨માં પણ કિસનગઢમાં મહામાત્ય રાયચંદ તથા સંઘે બનાવેલ ભ૦ શામળિયા પાર્શ્વનાથના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી.

આલ્હણપુરના રાજા મહેશદાસનો મંત્રી સુગુણચંદ આ પ્રતિષ્ઠા ઉત્સવમાં કિસનગઢ આવ્યો. તેણે અહીં આવી આચાર્યશ્રીને મહોત્સવપૂર્વક વંદન કર્યું. ગહુંલી કાઢી સોનામહોરો ચઢાવી.

આચાર્યશ્રીએ સં. ૧૭૦૨માં પણ કિસનગઢમાં ચોમાસું કર્યું અને સં. ૧૭૦૩માં કિસનગઢના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે માલપુર, બુંદી અને ચંબલેશ્વર પાર્શ્વનાથની યાત્રા કરી. તેમણે સં. ૧૭૦૩માં જયતારણમાં ચોમાસું કર્યું અને તે પછી સં. ૧૭૦૪માં જાલોરમાં ગુરુ પાસે ગયા હતા.

બંને આચાર્યો જાલોરથી વિહાર કરી આબૂતીર્થની યાત્રા કરી ઈડર પધાર્યા. ભટ્ટા૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયસિંહસૂરિ, પં૦ સત્યવિજયગણિ, પં૦ વીરવિજયજી,

મહો૦ વિનયવિજયગણિ આ વિહારમાં સાથે થઈ ગયા. તેઓએ ક્રિયોદ્ધાર કરી સંવેગીમાર્ગ પ્રકાશવાનો નિર્ધાર કર્યો. અને ઈડર આવી સંવેગીમાર્ગના પુનરુદ્ધારનો પાયો નાખ્યો. બંને આચાર્યશ્રીએ સં. ૧૭૦૪માં ઈડરમાં ચોમાસું કર્યું.

ત્યાંથી સં. ૧૭૦૫માં પાટણ પધારી છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શ્રીપુરમાં અંતરીક્ષ પાર્શ્વનાથની યાત્રા કરી. સં. ૧૭૦૫ના ફાગણ વદિ ૬ ને બુધવારે ઔરંગાબાદના શા૦ અમીચંદ વીશા પોરવાડની પત્ની ઇન્દ્રાણીનાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરી. સં. ૧૭૦૫ના વૈશાખ સુદ ૧માં ખંભાતમાં સંઘવણ ફૂલબાઈએ બંને આચાર્યોને સૂત્રો વહોરાવ્યાં. (પ્રક. ૬૦, પૃ. ૪૧૯)

સં. ૧૭૦૫માં બંને આચાર્યોએ ખંભાતનગરમાં ચોમાસું કર્યું.

આ૦ વિજયસિંહસૂરિએ સં. ૧૭૦૬ મહા સુદ ૧૩ ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં પાટણમાં ગુરુદેવની નિશ્રામાં સંવેગી સાધુ-સાધ્વી યોગ્ય ૪૫ બોલનો પટ્ટક બનાવ્યો અને સં. ૧૭૦૬માં પાટણમાં ચોમાસું કર્યું. સં. ૧૭૦૭માં ગુરુદેવની સાથે અમદાવાદમાં ચોમાસું કર્યું. સં. ૧૭૦૮માં ભટ્ટા૦ વિજયદેવસૂરિએ ખંભાતમાં ચોમાસું કર્યું અને આ૦ વિજયસિંહસૂરિને સં. ૧૭૦૮માં અમદાવાદમાં રાજપુરા પાસે નવાપુરા (નવીનપુર)માં ચોમાસું કરવાની આજ્ઞા આપી.

આ૦ વિજયસિંહસૂરિએ સં. ૧૭૦૮ના અષાડ સુદિ ૨ના રોજ ૭૪ વર્ષની વયે, ૬૪ વર્ષના દીક્ષાપર્યાયમાં અને ૨૮ વર્ષના સૂરિપદે અમદાવાદના નવાપુરામાં આવી ગીતાર્થો પાસે અતિચાર આલોવી, અનશન સ્વીકારી સમાધિપૂર્વક સ્વર્ગગમન કર્યું. અંતિમસંસ્કારમાં શ્રીસંઘે ઘણું દ્રવ્ય ખરચ્યું. ગુરુભક્તિમાં શેઠ ધોલાના પુત્ર અખા નામના અગ્રણી શ્રાવકે સારો ભાગ લીધો.

ચરણપાદુકા – પાટણના ઓશવાલ જૈન સંઘે ૧૭૦૯ના ફાગણ સુદ ૩ ને રવિવારે પાટણમાં આચાર્ય વિજયસિંહસૂરિની ચરણપાદુકા બનાવી તેની મહો૦ ભાનુચંદ્રગણિના પ્રશિષ્ય પં૦ વિવેકચંદ્રગણિએ ભટ્ટા૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી પ્રતિષ્ઠા કરી. (પ્રા. જૈ. લે.સં., ભા. ૨, લે. નં. ૫૧૪)

રાસ આદિની રચના – મહો૦ ઉદ્દ્યોતવિજયગણિની પરંપરાના પં૦ દયા-કુશલગણિએ સં. ૧૬૮૫માં 'ભટ્ટા૦ વિજયસિંહસૂરિપદ મહોત્સવ તથા આ૦ વિજયસિંહસૂરિ રાસ' રચ્યો છે. તેમજ વીરવિજય નામના મુનિએ 'શ્રી વિજય-સિંહસૂરીશ્વર નિર્વાણ સ્વાધ્યાય' રચ્યો છે.

સ્વભાવ પરિચય – આ૦ વિજયસિંહસૂરિ શાંત, ગુરુભક્ત, પરમસંવેગી અને શુદ્ધ સંયમ માર્ગના પક્ષપાતી હતા. તેમનો ઉપદેશ મીઠો અને અસરકારક હતો.

જિનપ્રતિષ્ઠાઓ –

ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિ સં. ૧૭૦૦ સુધી સાથે વિચર્યા હતા. એટલે તે દરમિયાન થયેલી જિનપ્રતિષ્ઠાઓમાં બંને સાથે જ હતા.

આ૦ વિજયસિંહસૂરિએ ત્યારે અને તે પછી આ૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી ઘણી જિનપ્રતિષ્ઠાઓ કરી હતી. તેના ઉલ્લેખો આ પ્રકારે મળે છે –

આ૦ વિજયસિંહસૂરિએ સં. ૧૬૯૩ના ફાગણ સુદ ૩ના રોજ મોટી અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરી હતી. ભાંદકતીર્થમાં નાગપુરના ઝવેરીના જિનપ્રાસાદમાં ભ૦ કુંથુનાથની પ્રતિમા બિરાજમાન છે તે ઉપર્યુક્ત પ્રતિષ્ઠા સમયની છે. (–જૈન સત્યપ્રકાશ, ક્ર. ૨૫૫, ૨૫૬)

આચાર્યશ્રીએ સં. ૧૭૦૧માં મારવાડમાં એક, મેડતામાં એક અને સં. ૧૭૦૨માં કિસનગઢમાં એક જિનપ્રતિષ્ઠા કરી હતી.

વિવિધ, આકર્ષક, પ્રશસ્ય કલામય નવનિર્માણ

આ૦ વિજયસિંહસૂરિએ જૈન પ્રતિમાવિધાન અને સ્થાપત્ય વગેરેમાં શાસ્ત્રાનુસાર નવું નવું શોધી આવશ્યક વધારો કરી કલાપ્રેમીઓ માટે નવા નવા આદર્શો રજૂ કર્યા હતા.

સંસ્કૃત સાહિત્યમાં કમલદલછત્ર વગેરે શબ્દાલંકારવાળાં પદ્યો બનાવાય છે. શીઘ્રકવિ પં૦ હેમવિજયગણિએ આવાં કેટલાંક પદ્યો રચ્યાં છે.

આ૦ વિજયસિંહસૂરિએ એ કાવ્યકલામાંથી શિલ્પકલાને જન્મ આપ્યો હતો.

શબ્દનિક્ષેપોમાંથી સ્થાપના નિક્ષેપો જન્માવ્યા હતા અને સમવસરણ તૈયાર કરાવી તેમાં તીર્થંકરોની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

શિલ્પકલાયુક્ત કમલદલની પ્રતિષ્ઠા –

૧. ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયસિંહસૂરિએ સં. ૧૬૮૫ના અષાઢ વદ ૪ ને ગુરુવારે સિરોહીમાં ભ૦ અજિતનાથના મંદિરમાં સં૦ તેજપાલના ભ૦ પાર્શ્વનાથના સમવસરણ કમલદલની પ્રતિષ્ઠા કરી હતી (પ્રક. ૬૦, પૃ. ૪૦૩). તેનો શિલાલેખ આ પ્રકારે મળે છે –

"श्री पार्श्वनाथ समवसरणं कारितम् । शा० तेजपालनाम्ना संवत् १६८५ आषाढ वदि ४ गुरौ श्रीसिरोहीवास्तव्य प्राग्वाट ज्ञातीय सा० पूजा भार्या उछरङ्गदेपुत्र सा० तेजपाल तत्पुत्र... वसता वर्धमान पौत्र धर्मदास-ऋषभदास कुटुम्बयुतेन स्वश्रेयसे श्री पार्श्वनाथ समवसरणं कारितं । प्रतिष्ठितं तपागच्छे भट्टा० श्रीविजयसेनसूरिपट्टे भट्टा० विजयदेवसूरिभिः आचार्य श्री विजयसिंहसूरि प्रमुख परिवार परिवृतैः ॥"

સિરોહીનાં વિવિધ મંદિરો તથા લેખ વગેરેના ફોટાઓ 'જૈનયુગ' સામયિક, નવું વર્ષ : ૩, અંક–૩માં પ્રકાશિત થયા છે.

૨. પાલીના જિનપ્રાસાદમાં ૨૪ તીર્થંકરોનું કમલસહિત સમવસરણનો લેખ આ પ્રકારે છે –

"संवत् १७०० वर्षे माघसितद्वादश्यां बुधे श्रीयोधपुरवास्तव्य ओसवाल ज्ञातीय मुहणोतगोत्रे जयराज (जयमल) भार्यामनोरथदे पुत्रसुभा पु० ताराचन्द-भोजराजादियुतेन श्री शीतल-पार्श्व-वीर-नेमिमूर्ति-स्फुर्तिम विंशति जिनबिम्ब बिराजितदल दशकं चतुर्विंशतिजिनकमलं कारित प्रतिष्ठित तपागच्छे भट्टारक श्री विजयसिंहसूरि निर्देशात् ३० सप्तमचन्द्रगणिभिः ॥

(–प्राचीन જૈન લેખસંગ્રહ, ભા. ૨, લે. નં. ૩૯૦)

ઉપરના બંને આચાર્યોની આજ્ઞાથી ઉપા૦ સપ્તમચંદ્રગણિએ સં. ૧૭૦૦ના મહા સુદ ૧૨ ને બુધવારના રોજ પાલીમાં મંત્રી જયમલ મુહણોતે ભરાવેલ ભગવાનના સમવસરણ કમલદલની પ્રતિષ્ઠા કરી.

સહસ્રકૂટનો નવો આવિષ્કાર –

સહસ્રકૂટની રચના તે આ૦ વિજયસિંહસૂરિનો શાસ્ત્રમાંથી તારવીને સૌની સામે રજૂ કરેલો નવો આવિષ્કાર છે. તેમણે સહસ્રકૂટનો આદર્શ રજૂ કર્યો ત્યારથી સહસ્રકૂટો બન્યાં દીસે છે.

સહસ્રકૂટમાં જિનેશ્વરોની સંખ્યા બે પ્રકારે હોવી સંભવે છે.

(૧) ૧૦ ક્ષેત્રની ૩ ચોવીશીના ૭૨૦ + દશ ક્ષેત્રોની ચોવીશીના પાંચ પાંચ કલ્યાણકો ૧૨૦ + ઉત્કૃષ્ટા જિનવર ૧૬૦ + શાશ્વતા જિન ૪ + મહાવિદેહ ક્ષેત્રના કલ્યાણક ૪ = ૧૦૦૮ થાય.

(૨) દશ ક્ષેત્રની ૩ ચોવીશીના જિન ૭૨૦ + ૧૨ ક્ષેત્રની ચોવીશીના પાંચ પાંચ કલ્યાણકો ૧૪૦ + ઉત્કૃષ્ટા જિનવર ૧૬૦ + મહાવિદેહ ક્ષેત્રના કલ્યાણક ૪ + (અથવા શાશ્વતા જિન ૪) એમ ગણતાં ૧૦૨૪ થાય.

પ્રસિદ્ધ સહસ્રકૂટોમાં પ્રથમ સહસ્રકૂટ –

આ૦ વિજયસિંહસૂરિ સં. ૧૭૦૧માં મેડતામાં ચોમાસું હતા ત્યારે તેમણે મેડતાના વતની કુહાડ ગોત્રના વીશા ઓશવાલ વર્ધમાન અને શેઠાણી વહાલદેના પુત્ર રાયસિંહને (જે આગરામાં વેપાર કરતો હતો) શત્રુંજયતીર્થમાં મોટી ટૂકમાં ભ૦ આદીશ્વરના મુખ્ય જિનપ્રાસાદની દક્ષિણ બાજુએ મુખ્ય દરવાજાની સામે ૧૦૨૪ જિનપ્રતિમાનો સહસ્રકૂટનો જિનપ્રાસાદ બનાવવાનો ઉપદેશ આપ્યો.

પાલિતાણાની તપાગચ્છની શ્રીપૂજની ગાદીએ ત્યારે શત્રુંજયતીર્થની રક્ષા માટે આ૦ વિજયાનંદસૂરિના શિષ્ય પં૦ શાંતિવિજયગણિ, પં૦ દેવવિજયગણિ, પં૦ મેઘવિજયગણિ વગેરે હતા. તેમને પણ આ કૂટ શાસ્ત્રાનુસાર બને તેમ કરવા

ધ્યાન રાખવા આજ્ઞા આપી હતી. સહસ્રકૂટ તૈયાર થયો પરંતુ આ૦ વિજયસિંહસૂરિ સં. ૧૭૦૮ના અષાઢ સુદ ૨ ના રોજ અમદાવાદમાં સ્વર્ગવાસી થયા. આથી ભટ્ટા૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયપ્રભસૂરિની આજ્ઞાથી મહો૦ વિનયવિજયગણિએ સં. ૧૭૧૦ના જેઠ સુદ ૧૦ (૯) ને ગુરુવારે શત્રુંજયતીર્થમાં તે સહસ્રકૂટની પ્રતિષ્ઠા કરી હતી. એ સહસ્રકૂટના થાંભલા ઉપર પદ્યમાં ૪ શ્લોકો અને ગદ્યમાં આ પ્રકારે લેખો છે –

"प्रत्यतिष्ठपदिदं खलु तीर्थं रायसिंह इह वर्धमानभूः ।
शासनाद् विजयदेवगुरोः सद्वाचकेन विनयाद विजयेन ॥१॥
श्री विजयसिंहसूरि स जयतु तपगच्छमौलिमाणिक्यम् ।
अजनिष्ट यदुपदेशात् सहस्रकूटाभिधं तीर्थम् ॥२॥
दिक्शशि० ॥३॥ यावज्जयति ॥४॥

अर्हम् ॥ ॐ स्वस्ति श्री संवत् १७१० वर्षे ज्येष्ठ शुक्ल षष्ठीतिथौ गुरुवारे श्रीउग्रसेनपुर वास्तव्य-उकेश ज्ञातीय-वृद्धशाखीय-कुहाडगोत्र सा० वर्धमान भा० वहालदे पु० (१) समानसिंह (२) थानसिंह (३) रायसिंह (४) कनकसिंह (५) ऋषभदासैः सा० जगत्सिंह-जीवणदास प्रमुखपरिवार युतैः स्वपितृवचनात् तत्पुण्यार्थं श्रीसहस्रकूटतीर्थं कारितं स्वप्रतिष्ठायां प्रतिष्ठापितम्, तपागच्छे भ० विजयहीरसूरि-पट्टप्रभावक भ० विजयसेनसूरि पट्टालंकार पातिसाहि श्री जहांगीरप्रदत्त महातपाबिरुदधारि अनेक-राजाधिराजप्रतिबोधकारि भट्टारक श्रीविजयदेवसूरि आ० श्री विजयप्रभसूरि निर्देशात् श्री हीरविजयसूरि शिष्यरत्न महोपाध्याय श्री पू० कीर्तिविजयग० शिष्योपाध्याय श्री विनयविजयगणिभिः प्रतिष्ठितम् ॥ श्रीरस्तु ॥ श्री शत्रुंञ्जयमहातीर्थकार्यकरपण्डित श्री पू० शान्तिविजय ग० देवविजय ग० मेघविजय ग० साहाय्यतः सिद्धमिदम् ॥ सूत्रधार मनजी ॥

(–એપિગ્રાફિયા ઇન્ડિકા, ભા. ૨, પૃ. ૭૩; પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા. ૨, લે. નં. ૩૧. ૩૨)

આ સહસ્રકૂટ સૌથી પ્રાચીન છે. તે પછી જ બીજા સહસ્રકૂટ બન્યા છે.

બીજો સહસ્રકૂટ – ખરતરગચ્છના સમર્થ વિદ્વાન મહો૦ દેવચંદ્ર ગણિવર મરોટથી વિહાર કરી ગુજરાતના પાટણમાં પધાર્યા. તેમણે પાટણમાં શાહની પોળમાં ચૌમુખજીની વાડી પાસેના જિનપ્રાસાદમાં આ૦ જ્ઞાનવિમલસૂરિ અને પાટણના નગરશેઠ જેતસીના પુત્ર શેઠ તેજસી શ્રીમાલીને સહસ્રકૂટના ૧૦૨૪ તીર્થંકરોના નામ સંભળાવ્યાં. શેઠ તેજસીએ સં. ૧૭૭૪માં સહસ્રકૂટનું દેરાસર બનાવ્યું, જે નગરશેઠના દેરાસર તરીકે વિખ્યાત છે. શેઠ તેજસીએ ભ૦ પાર્શ્વનાથ વગેરેની પિત્તળની હજારો પ્રતિમાવાળો સહસ્રકૂટનો ત્રિગડો કોઠો બનાવી તેની પૂનમિયાગચ્છના ભટ્ટા૦ ભાવપ્રભસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

મહો૦ દેવચંદ્રગણિએ 'સહસ્રકૂટસ્તવન'ની રચના કરી. નગરશેઠના ઘર-દેરાસર (સહસ્રકૂટનું દેરાસર, મણિયાતી પાડો, પાટણ)માં સહસ્રકૂટના ત્રિગડાની કિનારી (બોર્ડર) ઉપરનો લેખ છે કે –

"॥ संवत् १७७४ वर्षे ज्येष्ठ शुदि ८ सोमे पत्तनमध्ये श्री श्रीमालज्ञातीय-वृद्धशाखायां दो० श्री वीरासुत-दोसी शिवजीसुत दो० श्री मेघजीभार्या शहिजवहूसुत दो० श्री जयतसीभार्या रामवहूसुत-दोसी श्री तेजसीभार्या देवबाइसुता पुञ्जी सुत गुलाबद्विभार्या राधावहूसुता लाहरसी सुत मुलुकचन्द प्रमुख सपरिवारयुतः दो० तेजसीकेन सुखश्रेयोर्थं श्रीपार्श्वनाथादि बिम्बसहस्र पित्तलमय कोष्ठः कारितः पूर्णिमापक्षे भट्टा० श्रीभावप्रभसूरिभिः प्रतिष्ठितः ॥" (જુઓ ભા. ૨, પ્રક. ૪૦, પૃ. ૩૯૮)

આ સહસ્રકૂટની ત્રિગડાની નીચેની પરિધિ ઉપરનો લેખ છે કે –

"॥ सं० १७७४ ज्ये० सुदि ८ श्रीतेजसीभार्या देवबाइसुताः पुञ्जीसुत गुलाबद्विभार्या राधासुता लाहरसी...सुतमुलुकचन्द सपरिवार तेजसीकेन सुखश्रेयोर्थं श्रीपार्श्वनाथादि बिम्बसहस्र पित्तलमय कोष्ठः कारितः, पूर्णिमापक्षे भट्टा० श्रीमहिमाप्रभ-सूरिस्तत्पट्टे भट्टा० श्रीभावप्रभसूरिणामुपदेशात् कृतमहोत्सवेन प्रतिष्ठापितश्च ढण्ढेरक-संबन्धितः ॥"

ત્રીજો સહસ્રકૂટ – શત્રુંજયતીર્થમાં પાંચ પાંડવના દેરાસરમાં સં. ૧૮૬૦માં સહસ્રકૂટ બન્યો હતો. તેનો લેખ આ પ્રકારે છે –

"શા૦ ગટ્ટાભાઈ લલ્લુભાઈએ શત્રુંજયતીર્થમાં પાંચ પાંડવોના દેરાસરમાં સહસ્રકૂટ બનાવ્યો. તપાગચ્છના ભટ્ટારક વિજયજિનેન્દ્રસૂરિએ સં. ૧૮૬૦ના વૈશાખ સુદ પના રોજ શત્રુંજયતીર્થમાં તે સહસ્રકૂટની પ્રતિષ્ઠા કરી."

(–પ્રા. જૈ. લે.સં., ભા. ૨, લે. નં. ૪૮, ૪૯)

ચોથો સહસ્રકૂટ – શત્રુંજયતીર્થમાં મોતીશાહની ટૂકમાં વીશા ઓશવાલ શા૦ જેઠા બાલચંદનો સં. ૧૮૯૩ના વૈશાખ વદ ૨ ના રોજ પ્રતિષ્ઠા કરેલો ૧૦૨૪ જિનપ્રતિમાવાળો સહસ્રકૂટ છે.

(–શત્રુંજયતીર્થ હસ્તલિખિત મોટું તીર્થયાત્રા વર્ણન)

સાકરવસહીમાં સુરતના શ્રી દયાચંદનો સં. ૧૮૬૦ના વૈશાખ સુદ પનો ૧૦૨૪નો સહસ્રકૂટ છે.

સંવેગી શ્રમણ પટ્ટક –

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સમકાલીન નવા નવા ગચ્છભેદકોની પોતાની વાડો વધારવાની અભિલાષા અને પોતાના પરિવારના યતિઓની માનલાલસા તથા બીજી શિથિલતા દેખી તેની ભયંકર નુકસાનીમાંથી જૈન શાસનને બચાવવા માટે

શુદ્ધ સંવેગી માર્ગ પ્રવર્તાવી આ૦ વિજયસિંહસૂરિ, તેમના શિષ્યો અને તપાગચ્છના બીજા યોગ્ય યતિઓને ક્રિયોદ્ધાર કરી સંવેગી બનવા માટે તૈયાર કર્યા.

તપાગચ્છમાં મર્યાદાપટ્ટક –

સં. ૧૬૭૭ના વૈશાખ સુદ ૭ બુધવારે ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સાબલીમાં ગીતાર્થ સાધુ-સાધ્વી અને યતિઓ માટે ૫૮ બોલનો પટ્ટક બનાવ્યો હતો.

આ૦ વિજયસિંહસૂરિ પણ સૌનો પરિચય કરી જાણી ચૂક્યા હતા કે ઘણા ગીતાર્થો અને સાધ્વીઓ સંવેગી બનવા ઉત્સુક હતાં. આથી તેમણે પાટણમાં સં. ૧૭૦૬ના મહા સુદ ૧૩ ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં ગચ્છનાયક ભટ્ટા૦ વિજયદેવસૂરિની નિશ્રામાં સંવેગી શુદ્ધમાર્ગપક્ષી અને મધ્યસ્થ યતિઓ માટે ૪૫ બોલનો મર્યાદાપટ્ટક બનાવ્યો અને સંવેગીમાર્ગ પ્રકાશ્યો. તેમાં શુદ્ધ જીવન ગાળવા ઇચ્છનારે કેમ વર્તવું તેની મર્યાદા બાંધી હતી. તેમાં તેમણે સંવેગી મુનિઓએ કોની કોની સાથે વ્યવહાર રાખવો તેનો પણ ખુલાસો કર્યો હતો. તે આ પ્રમાણે (બોલ ૪૧માં) છે :

'તપાગચ્છની સામાચારી ઉપર, પંચાંગી ઉપર તથા વીતરાગ ભગવંતની પૂજા ઉપર જેને અવિશ્વાસ હોય તેની સાથે સર્વથા વ્યવહાર ન કરવો.' આ ૪૧મા બોલમાં શુદ્ધ જૈનમાર્ગનું જ નિર્મળ પ્રતિપાદન છે.

(–'જૈન ધર્મપ્રકાશ', સં. ૧૯૭૨, માગશરનો અંક; 'જૈન સત્યપ્રકાશ', ક્રમાંક : ૧૪૯; 'પટ્ટાવલી સમુચ્ચય', ભા. ૨, પુરવણી પૃ. ૨૫૮ થી ૨૬૨; શા. બાલાભાઈ કકલભાઈ નાગજી ભૂધરની પોળવાળાએ સં. ૧૯૭૨માં પ્રકાશિત કરેલ 'સંવિજ્ઞસાધુ યોગ્ય નિયમ સંગ્રહ')

આ પટ્ટકની બીજી એક નકલ મળે છે, જેમાં ૧ થી ૪૨ બોલ બતાવ્યા છે.

સંવેગી સાધુસમુદાય યોગ્ય વ્યવહાર મર્યાદાપટ્ટક બોલ ૧ થી ૪૨ – તેની નીચે આ પ્રમાણે પુષ્પિકાલેખ છે.

''ઇત્યાદિક મર્યાદાપટ્ટક સર્વ સંવેગીસમુદાયે પાળવા-પળાવવા વિશેષ બોલ શ્રી જગચ્ચંદ્રસૂરિકૃત મોટા પટ્ટકથી જાણવા. તદનુસાર આ૦ આણંદવિમલસૂરિ પ્રસાદીકૃત્ય ૫૭ બોલ, શ્રી વિજયદાનસૂરિ કૃત ૩૫ બોલ, શ્રી હીરવિજયસૂરિ કૃત ૧૬ બોલ.'' [નોંધ : આ૦ આણંદવિમલસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો : જુઓ પ્રક. ૫૬, પૃ. ૪૪૧. આ૦ વિજયદાનસૂરિએ સાત બોલનો પટ્ટક બનાવ્યો : જુઓ પ્રક. ૫૭, પૃ. ૪. આ૦ હીરવિજયસૂરિએ ૧૨ બોલનો પટ્ટક બનાવ્યો : જુઓ પ્રક. ૫૮, પૃ. ૯૯-૧૦૦.)

એવં ભલી રીતે મર્યાદા પાળવી. અત્ર પં૦ જયસોમગણિમતમ્
પં૦ જયવિજયગણિમતમ્
પં૦ સત્યવિજયગણિમતમ્
ગણિ ઋદ્ધિવિમલ
ઋષિ મણિચંદ્ર
ઋષિ વીરવિજય. (–શ્રી વિજયાનંદસૂરિ જન્મ શતાબ્દી વિશેષાંક : પૃ. ૨૨૧ થી ૨૨૪)

ઇતિહાસના પરિશીલનથી જણાય છે કે, આ૦ વિજયસિંહસૂરિ શમ-સંવેગ-સંયમ ગુણોથી રંગાયેલા હતા. ગીતાર્થોના પ્રીતિપાત્ર હતા. શ્રમણગણસંઘના વિશ્વાસભાજન હતા.

આથી જણાય છે કે તેઓ વધુ જીવ્યા હોત તો તપાગચ્છમાં દેવસૂરસંઘ, આનંદસૂરસંઘ, વિજયસંઘ, સાગરસંઘ, વિમલસંઘ, સંવેગીશાખા કે યતિશાખા વગેરે શાખાઓનો આગ્રહ ન જ રહેત.

આ૦ વિજયસિંહસૂરિએ એવી વ્યવસ્થા ગોઠવી હતી કે આપણે સૌ ઘર છોડી નીકળ્યા છીએ તો હવે તે ખરેખર છોડવાં.

ત્યાગ અને સંયમના આચરણ દ્વારા આદર્શ જીવન બનાવવું.

જેને જેને આવો મન-વચન-કાયાનો ઉલ્લાસ હોય તેણે ક્રિયોદ્ધાર કરીને સંવેગી મુનિ બનવું અને બીજાઓએ યતિ રહેવું.

મુનિ અને યતિ સૌએ ગચ્છનાયકની આજ્ઞા પાળવી. સૌએ આપસ આપસમાં હળીમળીને રહેવું.

અને ધર્મની પ્રભાવનાનાં કામોમાં સૌએ પૂરક બની રહેવું.

પં૦ નયવિજયગણિ તથા મહો૦ યશોવિજયગણિ ગુજરાતમાં પધારે પછી આ યોજનાને તરતમાં અમલમાં મૂકવાની હતી. પણ પાંચમા આરાના દુષ્પ્રભાવને લીધે તેમાં એકાએક રૂકાવટ આવી પડી.

આ૦ વિજયસિંહસૂરિનું સં. ૧૭૦૮ના અષાડ સુદિ ૨ના રોજ અમદાવાદમાં સંવેગી ભાવનામાં જ સ્વર્ગગમન થયું. આથી સૌમાં નિરાશાનું મોજું ફરી વળ્યું. હવે મુખ્ય પ્રશ્ન એ ઊઠ્યો કે નવા ગચ્છનાયક કોને બનાવવા ? છેવટે ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૭૧૦ના વૈશાખ સુદ ૧૦ના ગંધાર બંદરમાં ૧૨૫ વર્ષની ઉંમરના અને ૯૯ વર્ષના દીક્ષિત વૃદ્ધ સ્થવિર મહો૦ કમલવિજયગણિ અને ચતુર્વિધ સંઘની હાજરીમાં આ૦ વિજયસિંહસૂરિના શિષ્ય પં૦ વીરવિજયગણિને વિજયપ્રભસૂરિ નામે આચાર્ય બનાવ્યા. આથી સંઘમાં આનંદ પ્રવર્ત્યો. પછી ફરીવાર ક્રિયોદ્ધારનું વાતાવરણ ફેલાયું.

૬૨મા પટ્ટધર ભટ્ટારક શ્રી વિજયપ્રભસૂરિ

તેમનો જન્મ સં. ૧૬૭૩ના મહા સુદ ૧૧ના રોજ થયો હતો. તેમના જન્મ પછી ચાર જ વર્ષે ભવિષ્યના સંકેતરૂપ એક દૈવીઘટના ઘટી.

સૂરિમંત્રનું ધ્યાન અને દેવવાણી –

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૭૬માં સાબલીમાં ચાતુર્માસ કર્યું. તેમણે વિજયાનંદસૂરિપક્ષ અને સાગરશાખા વચ્ચેના ક્લેશને રોકવાનો ઉપાય મેળવવા અને નવો ગચ્છનાયક જાણવા ત્રણ મહિના સુધી સૂરિમંત્રનું ધ્યાન ધર્યું.

સૂરિમંત્રના અધિષ્ઠાયકદેવે વિજયદેવસૂરિને જણાવ્યું કે, ''આપના નવા ગચ્છનાયકનો જન્મ થઈ ગયો છે પણ તેની દીક્ષા હજુ થઈ નથી. અવસરે તે દીક્ષા લેશે અને આપના હાથે જ નવો ગચ્છનાયક બનશે....'' વગેરે.

(પ્રક. ૬૦, પૃ. ૪૦૧)

તે ત્યાગ-વૈરાગ્યના માર્ગે જશે અને ગચ્છનાયક બનશે તે દેવવાણીથી સ્પષ્ટ થયું. તેણે બાલવયમાં ઊંડા ધર્મસંસ્કાર મેળવ્યા અને સં. ૧૬૮૬માં ભટ્ટા૦ વિજયદેવસૂરિ પાસે દીક્ષા પણ અંગીકાર કરી. આ૦ વિજયસિંહસૂરિના તે શિષ્ય બન્યા અને મુનિ વીરવિજય નામે જાહેર થયા. મુનિ વીરવિજય શુદ્ધ સંયમ અને ક્રિયાના પાલનપૂર્વક શાસ્ત્રના અભ્યાસમાં ઉત્તરોત્તર આગળ વધ્યા. ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સં. ૧૭૦૧માં, દક્ષિણના બીજાપુર નગરે તેમને પંન્યાસપદથી અલંકૃત કર્યા.

કાળપ્રભાવ !

ઉક્ત વાત મુજબ ભટ્ટા૦ વિજયદેવસૂરિએ નવો ગચ્છનાયક જાણવા સં. ૧૬૭૬માં સૂરિમંત્રનું ધ્યાન ધરી અધિષ્ઠાયકદેવ પાસેથી જાણ્યું હતું કે, ''નવા ગચ્છનાયકે હજુ દીક્ષા લીધી નથી. અવસરે દીક્ષા લેશે અને ગચ્છનાયક બનશે.''

પરંતુ પરિસ્થિતિ એવી નિર્માણ થઈ કે તપાગચ્છના ભેદ અને ક્લેશને નિવારવા અનેક યત્નો અને મુનિસમ્મેલન પણ નિષ્ફળ નીવડતાં ઉપા૦ કનકવિજયગણિને સં. ૧૬૮૨માં વિજયસિંહસૂરિ નામે આચાર્યપદે અને સં. ૧૬૮૪માં ગચ્છનાયકપદે સ્થાપન કર્યા. જ્યારે ઉપરોક્ત દેવવાણી મુજબ નવા ગચ્છાધિપતિ સં. ૧૬૮૬માં હજુ તો દીક્ષિત બન્યા !

આ૦ વિજયસિંહસૂરિ સં. ૧૬૮૪માં નવા ગચ્છાધિપતિ બન્યા પણ દૈવવસાત તેઓ ભટ્ટા૦ વિજયદેવસૂરિની ઉપસ્થિતિમાં જ સં. ૧૭૦૬માં સ્વર્ગવાસ પામ્યા. આથી ભટ્ટા૦ વિજયદેવસૂરિ માટે નવા ગચ્છનાયકનો પ્રશ્ન ફરી ઉપસ્થિત થયો. 'દેવવાણી'ની ખરાખરી હવે પ્રત્યક્ષ આવીને ઊભી રહી.

નવા ગચ્છનાયક–ભટ્ટારક :

ગચ્છનાયક પદ કોને આપવું એ નિર્ણય કરવો કપરો હતો. ભટ્ટા૦ વિજયદેવસૂરિ ગીતાર્થોનું બહુમાન કરતા હતા અને તેમને પૂછીને જ સંઘનું સર્વ કાર્ય કરતા હતા. પં૦ સત્યવિજયગણિ વગેરે ગીતાર્થો ક્રિયોદ્ધાર કરવા અને સંવેગી માર્ગે જવા ઉત્સુક હતા. તેઓ આ પદ સ્વીકારવા સંમત ન હતા. જ્યારે પં૦ વીરવિજયગણિ ઉંમરમાં, દીક્ષાપર્યાયમાં અને પંન્યાસપદમાં પણ સૌથી નાના હતા. છતાં તેઓ આગળ પડતા ત્યાગી, વૈરાગી, જ્ઞાની, શાંત, સરળ, ઉદાર અને સમભાવી હતા. 'દેવવાણી' તો પૂર્વે હતી જ. આથી ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સંઘમાન્ય સ્થવિર ગીતાર્થોની સમ્મતિ મેળવી ગંધાર તીર્થમાં બિરાજતા પં૦ વીરવિજયગણિને આચાર્ય અને ભટ્ટારક બનાવી ગચ્છનાયકપદે સ્થાપવાનો નિર્ણય કર્યો.

મહો૦ મેઘવિજયગણિ લખે છે કે, ''આ૦ વિજયદેવસૂરિ ગંધાર પધાર્યા. ગીતાર્થો પણ ગંધાર પધાર્યા. ગંધારના સંઘે આ પ્રસંગે પદવી ઉત્સવની આમંત્રણ પત્રિકા સર્વ સ્થળે મોકલી. બહારના જૈનોને અને શ્રીસંઘોને પણ ગંધાર બોલાવ્યા હતા. એટલે અમદાવાદ, ખંભાત, પાટણ, સુરત, ભરૂચ, કાવી વગેરે સ્થળોના જૈનસંઘો પણ આવ્યા હતા.

આ૦ વિજયદેવસૂરિએ સં. ૧૭૧૦ના વૈશાખ સુદિ ૧૦ ને શુક્રવારે પુષ્ય નક્ષત્રમાં ગંધાર બંદરમાં ભ૦ મહાવીરસ્વામીના જિનાલયની પાસે બાંધેલા મોટા મંડપમાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં અને વિવિધ શહેરોના શ્રીસંઘોની સાક્ષીમાં પં૦ વીરવિજયગણિને આચાર્યપદવી આપી. પદવી પ્રદાનની વિધિ થયા પછી (સ્વ. ભટ્ટા૦ વિજયસેનસૂરિના પિતા) વૃદ્ધ સ્થવિર પં૦ કમલવિજય ગણિવરે મંડપમાં ચતુર્વિધ સંઘની વચ્ચે જાહેર કર્યું કે, ''ભટ્ટા૦ વિજયદેવસૂરિએ પં૦ વીરવિજયગણિને આચાર્ય બનાવ્યા છે અને તેમનું નામ વિજયપ્રભસૂરિ રાખવામાં આવ્યું છે.''

આ સાંભળી શ્રીસંઘે વીર ભગવાન, જૈનશાસન, પૂજ્ય ગચ્છાચાર્ય અને નવા આચાર્યની જય બોલાવી તથા એકત્ર થયેલાં પ્રત્યેક મુનિવરોએ સમ્મતિ આપી અને બધાય શ્રીસંઘોએ સાદર સ્વીકૃતિ આપી. આ શુભ પ્રસંગે અમદાવાદના શેઠ અખેચંદ (અભેચંદ) દેવચંદની ધર્મપત્ની સાહિબદેએ મહોત્સવ કર્યો હતો.

ભટ્ટા૦ વિજયદેવસૂરિ આદિએ ગંધારથી વિહાર કરી સં. ૧૭૧૦નું ચાતુર્માસ સુરત કર્યું. ત્યાંથી અમદાવાદ પધારી તેઓએ સં. ૧૭૧૧ના માગશર મહિનામાં વિજયપ્રભસૂરિને ભટ્ટારક બનાવી પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા અને તેને ગચ્છની અનુજ્ઞા આપી. આ પ્રસંગે અમદાવાદના સંઘમુખ્ય શેઠ સૂરાના

પુત્ર ધર્મનિષ્ઠ શ્રી ધનજીએ આ૦ વિજયપ્રભસૂરિનો ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ ૮૦૦૦ મહમ્મુદિકા ખર્ચીને ઉજવ્યો તેમજ સર્વ સંઘને પહેરામણી કરી સંઘપૂજન વગેરેનો લાભ લીધો.

આ ઉત્સવ સમયે સિરોહીમાં બે વર્ષથી જૈન યતિઓના વિહારનો જે પ્રતિબંધ હતો તે દૂર થઈ જવાના શુભ સમાચાર મળ્યા.

૬૨મા ભટ્ટા૦ વિજયપ્રભસૂરિએ ગુરુદેવની સાથે જ સં. ૧૭૧૨નું ચાતુર્માસ અમદાવાદ કર્યું. સં. ૧૭૧૩માં વિહાર કરી સોરઠ પધાર્યા. દીવબંદરથી ભણશાલી રાયચંદ પ્રમુખ સંઘ સાથે શત્રુંજયતીર્થની યાત્રા કરી.

આ૦ શ્રી વિજયદેવસૂરિનો સ્વર્ગવાસ –

સોરઠના સમસ્ત જૈનસંઘની વિનતિથી સં. ૧૭૧૩ના ચોમાસા માટે ઉના પધાર્યા. ગુરુવર વિજયદેવસૂરિએ કાળના અણસારને જાણી, આ૦ વિજયપ્રભસૂરિ પાસે નિર્યામણા કરી અને ચઉવિહારપૂર્વક અણસણ સ્વીકારી, સં. ૧૭૧૩ના અષાડ સુદ ૧૧ના પ્રાતઃકાળે સાધના અને સમાધિપૂર્વક સ્વર્ગગમન કર્યું.

તપાગચ્છના સંઘનાયક –

ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ હવે સંઘનાયક બન્યા. સંઘની તમામ જવાબદારી શિર પર આવી. જો કે ગીતાર્થોમાં નાના પણ સમર્થ હતા.

૬૨મા ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ સં. ૧૭૧૪માં દીવ પધાર્યા. શા૦ નેમિદાસના છ'રી પાળતા સંઘ સાથે તેઓએ શત્રુંજયતીર્થની યાત્રા કરી. સંઘવી નેમિદાસે ૮૦૦૦ મહમ્મુદિકા આ સંઘમાં વાપરી. ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ પુનઃ સોરઠ પધાર્યા. સં. ૧૭૧૪ થી ૧૭૨૩ એટલે ૧૦ વર્ષ સુધી તેમણે સોરઠમાં ચાતુર્માસ કર્યાં.

તપાગચ્છમાં બે શાખાઓ બની હતી પરંતુ પૂર્વે ભટ્ટા૦ વિજયદેવસૂરિએ સૌને પોતાના માની કુનેહથી તથા સંપૂર્ણ શાંતિથી કામ લઈ સંઘની એકતાને ટકાવી રાખી હતી. સંભવ છે કે આ સમયે ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ તેમની નીતિ પ્રમાણે જ સંઘની રક્ષા કરવા ઉત્સુક હતા; પરંતુ ચાર વર્ષમાં જ ગુરુદેવ સ્વર્ગે જતા તેમણે થોડાં વર્ષો પસાર કરી પછી જ ગુજરાત તરફ જવાનું ઉચિત ધાર્યું હોય.

સં. ૧૭૧૫, સં. ૧૭૧૭ અને સં. ૧૭૨૦માં બધે સ્થળે મોટા દુકાળો પડ્યા હતા. તેઓ સોરઠમાં દસ વર્ષ રહ્યા તેનું આ પણ એક કારણ હોય; પરંતુ તેમની ચરણકૃપાથી સૌ જનતાને અનાજ-પાણીની સગવડ થતી હતી.

તેમના ઉપદેશથી સં. ૧૭૨૧ના પોષ વદિ ૧૦ના રોજ જૂનાગઢમાં શા૦ પાસવીર પોરવાડે આગમોનો જૈન ગ્રંથભંડાર સ્થાપન કર્યો હતો.

'ઇન્દુદૂત' વિજ્ઞપ્તિપત્ર – ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ સોરઠથી વિહાર કરી સં. ૧૭૨૨-૨૩માં સુરત પધાર્યા અને તેમના ઉપર મહો૦ વિનયવિજયગણિએ સં. ૧૭૨૩માં જોધપુરથી 'ઇન્દુદૂત કાવ્ય'નો વિજ્ઞપ્તિરૂપે પત્ર મોકલી આપ્યો.

હવે ભટ્ટા૦ વિજયપ્રભસૂરિએ સુરત પધારી ગચ્છનાયકની લગામ હાથમાં લીધી. એટલે બધા ગીતાર્થો, બધા યતિઓ અને મુનિઓ તેમની આજ્ઞામાં આવી ગયા.

મર્યાદા – ગચ્છમર્યાદા એવી હોય છે કે, નાના-મોટા સૌ યતિવરો–મુનિવરો ગચ્છનાયકની આજ્ઞા માને. જેમ કે મોટા મહો૦ વિમલહર્ષગણિ, મહો૦ ધર્મસાગર-ગણિ, મહો૦ સોમવિજયગણિ, મહો૦ કીર્તિવિજયગણિ, મહો૦ કલ્યાણવિજયગણિ, મહો૦ કેવલવિજયગણિ, મહો૦ કનકવિજયગણિ વગેરે ગીતાર્થો પોતાનાથી નાના કે મોટા એવા ગચ્છનાયકો ભટ્ટા૦ વિજયહીરસૂરિ, ભટ્ટા૦ વિજયસેનસૂરિ, ભટ્ટા૦ વિજયદેવસૂરિ કે ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આજ્ઞા લેતા અને માનતા હતા; અને તે ભટ્ટારકો પણ તે તે ગીતાર્થોનું ખૂબ માન-સન્માન કરતા હતા.

આ રીતે પં૦ સત્યવિજયગણિ, મહો૦ વિનયવિજયગણિ, મહો૦ યશોવિજય-ગણિ વગેરે ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આજ્ઞા માનતા હતા અને ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ તે સૌનું બહુમાન કરતા હતા.

બીજી રીતે એમ પણ કહી શકાય કે, ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ સર્વથા પં૦ સત્યવિજય ગણિવરની સલાહ લઈને આજ્ઞાઓ ફરમાવતા. આવી મર્યાદા હોવાથી સંવેગી મુનિવરો અને યતિઓમાં સુમેળ બની રહ્યો હતો. પરિણામે તપાગચ્છનું મજબૂત એકમ બની ગયું હતું.

ઇતિહાસ કહે છે કે, ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ સં. ૧૭૩૨ થી ૧૭૩૫ સુધી મારવાડમાં વિચર્યા હતા. સં. .....માં બગડી ગામમાં ચાતુર્માસ રહ્યા હતા ત્યારે પં૦ હેમવિજયગણિ, પં૦ વિમલવિજયગણિ, પં૦ ઉદયવિમલ, પં૦ સત્યવિજયગણિ વગેરે ગીતાર્થો તથા મુનિવરો તેમની સાથે હતા. (ઉજ્જૈન સંઘનું વિજ્ઞપ્તિપત્ર)

ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ સં. ૧૭૪૯માં જેઠ વદ ૧૨ના ઉનામાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા હતા.

ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની શિષ્યપરંપરા –

(૬૩) ભટ્ટારક વિજયરત્નસૂરિ

પાલનપુર નિવાસી ઓશવાલ જ્ઞાતીય હીરાચંદ શાહની પત્ની હીરદેવીની કુક્ષિએ સં. ૧૭૧૧માં એમનો જન્મ થયો હતો. મૂળ નામ જેઠો (જયતસી) હતું. ગિરનાર યાત્રાએ જઈને માતા સહિત સં. ૧૭૧૭માં મુનિ જીતવિજયના નામથી દીક્ષા લીધી. સં. ૧૭૨૬માં માત્ર ૧૫ વર્ષની ઉંમરે પંન્યાસપદથી અલંકૃત

થયા. સં. ૧૭૩૨માં માઘ વદ ૬ ને રવિવારે નાગોરમાં મુણોત મોહનદાસે રૂા. બાર હજાર ખર્ચીને કરેલા ઉત્સવમાં ભટ્ટા૦ વિજયપ્રભસૂરિએ તેમને આચાર્યપદ પ્રદાન કરી, વિજયરત્નસૂરિ નામ આપી, પોતાની પાટ પર સ્થાપ્યા. સં. ૧૭૩૩માં નાડલાઈમાં શા૦ રાયકરણે ગણાનુજ્ઞાનો અને મેડતામાં વાંદણાનો મહોત્સવ કર્યો.

ભટ્ટા૦ વિજયરત્નસૂરિના ઉપદેશથી શંખેશ્વરતીર્થનો જીર્ણોદ્ધાર શ્રીસંઘે સં. ૧૭૬૦માં કર્યો. ભટ્ટા૦ વિજયરત્નસૂરિએ સં. ૧૭૬૪માં નાગોરના રાણા અમરસિંહને અને સં. ૧૭૭૧માં જોધપુરના રાજા અજિતસિંહને પ્રતિબોધ્યા હતા. તેમણે મેડતાનો ઉપાશ્રય જે મસ્જિદ બની ગયો હતો તે ઉપાશ્રય પાછો મેળવ્યો હતો. સંઘપતિ પ્રેમચંદ પારેખે આ૦ જ્ઞાનવિમલસૂરિના ઉપદેશથી સુરતથી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો સંઘ સં. ૧૭૭૦માં કાઢ્યો, તેમાં ભટ્ટા૦ વિજયરત્નસૂરિ પણ સાથે હતા. (પ્રક. ૧, પૃ. ૫૧; પ્રથમ આવૃત્તિ, પ્રક. ૬૪, પૃ. ૩૭૯) સં. ૧૭૭૩ના ભાદરવા વદ બીજને દિવસે ઉદયપુરમાં ૬૩ વર્ષની વયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. ત્યાં સ્તૂપ કરવામાં આવ્યો હતો. તેઓ ૧૪ વિદ્યાના જાણકાર હતા. (પ્રક. ૫૫, પૃ. ૩૮૭)

(૬૪) ભટ્ટારક વિજયક્ષમાસૂરિ

તેઓશ્રીનો જન્મ મારવાડના પાલી શહેરમાં ચતુરજીની ભાર્યા ચતુરંગદેની કુક્ષિએ સં. ૧૭૩૨માં થયો હતો. મૂળ નામ ખીમશી હતું. સં. ૧૭૩૯માં પાલીમાં ભટ્ટા૦ વિજયરત્નસૂરિના હસ્તે તેમના શિષ્ય તરીકે દીક્ષા લીધી. સં. ૧૭૫૬માં પંન્યાસપદથી અલંકૃત કરવામાં આવ્યા. ઉદયપુરમાં મહારાજા સંગ્રામસિંહની ઉપસ્થિતિમાં સં. ૧૭૭૩ના ભાદરવા સુદ ૮ ને મંગળવારે તેમને ગુરુદેવ શ્રી વિજયરત્નસૂરિ મહારાજે વિજયક્ષમાસૂરિ નામે આચાર્યપદ પ્રદાન કર્યું. તે સમયે દેવવિજય, લબ્ધિવિજય અને હિતવિજયને ઉપાધ્યાયપદે સ્થાપ્યા. આ મહોત્સવમાં ઉદયપુરના સંઘે વીશ હજારનો ખર્ચ કર્યો. સં. ૧૭૭૪ના મહા સુદ ૬ના દિવસે આ૦ વિજયક્ષમાસૂરિને ભટ્ટારકપદે સ્થાપવાપૂર્વક પટ્ટ-મહોત્સવ ઉજવાયો. મહોત્સવનો લાભ ઉદયપુરના શ્રીસંઘે લીધો. તે સમયે ૩૦૦ સાધુઓને પંન્યાસપદ આપવામાં આવ્યાં.

ભટ્ટા૦ વિજયક્ષમાસૂરિ મોટા જ્ઞાની અને સમર્થ વાદી હતા. તેઓશ્રી સં. ૧૭૮૫માં દીવમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા હતા.

(૬૫) ભટ્ટારક વિજયદયાસૂરિ

તેઓશ્રી વિજયક્ષમાસૂરિના પટ્ટધર હતા. સં. ૧૭૮૫માં દીવબંદરે સૂરિપદ પામ્યા. તેમને માંગરોળમાં ગચ્છના નાયકપદે સ્થાપવાપૂર્વક પટ્ટ-મહોત્સવ

ઉજવાયો. સુરતમાં ચૌદ ચાતુર્માસ કર્યાં હતાં. સં. ૧૮૦૯ના વૈશાખ વદ ૭ ને દિવસે ધોરાજીમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ત્યાં સ્તૂપ કરવામાં આવ્યો હતો.

(૬૬) ભટ્ટારક વિજયધર્મસૂરિ

તેઓશ્રીનો જન્મ મેવાડના રૂપનગરમાં ઓશવાલ પ્રેમચંદ સુરાણીની પત્ની પાટમદેની કુક્ષિએ થયો હતો. સં. ૧૮૦૩ના માગશર સુદ પાંચમે ઉદયપુરમાં ભટ્ટા૦ વિજયદયાસૂરિએ તેમને આચાર્યપદ પ્રદાન કરી વિજયધર્મસૂરિ નામથી જાહેર કર્યા હતા. સં. ૧૮૦૯માં મારવાડના કછોલી ગામમાં તેમને ગચ્છના નાયકપદે સ્થાપવામાં આવ્યા.

ભટ્ટા૦ વિજયધર્મસૂરિએ ભુજના અધિપતિના અન્યાય મટાડીને, તેને મદ્ય–માંસનો ત્યાગ કરાવી, જિનમાર્ગનો અનુયાયી બનાવ્યો હતો.

ભટ્ટા૦ વિજયધર્મસૂરિએ સં. ૧૮૨૨ના જેઠ સુદ ૧૧ ને બુધવારે તારંગા તીર્થમાં કોટિશિલાની દેરીમાં ભ૦ આદિનાથની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી હતી.

(ભા. ૪, આવૃત્તિ પ્રથમ, પ્રક. ૬૬, પૃ. ૩૮૯)

મુર્શિદાબાદવાળા જગતશેઠ તેમજ તેમના ભાઈ સુગાલચંદે શ્રી સમેતશિખર મહાતીર્થનો મોટો જીર્ણોદ્ધાર (૨૧મો ઉદ્ધાર) કરાવી, સં. ૧૮૨૫ના મહા સુદિ પાંચમના રોજ ભટ્ટા૦ વિજયધર્મસૂરિના વરદ્ હસ્તે ૨૦ તીર્થંકરોની સર્વ દેરીઓમાં ચરણપાદુકાઓની, જળમંદિરના જિનપ્રાસાદોની જિનપ્રતિમાઓથી તથા તલેટી-મધુવનમાં શ્રી શામળિયા પાર્શ્વનાથ વગેરે જિનપ્રાસાદોની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રતિષ્ઠાવાળી જિનપાદુકાઓ અને જિનપ્રતિમાઓ ઉપર ભટ્ટા૦ વિજયધર્મસૂરિ તથા જગતશેઠ ખુશાલચંદ અને શેઠ સુગાલચંદનાં નામો ઉત્કીર્ણ થયાં છે.

(પ્રક. ૫૮, પૃ. ૨૯૩)

ભટ્ટા૦ વિજયધર્મસૂરિની નિશ્રામાં મોદી પ્રેમચંદ લવજીએ સુરતથી શત્રુંજયતીર્થનો સં. ૧૮૩૬નો યાત્રાસંઘ અને બીજો સં. ૧૮૩૭ના પોષ સુદિ બીજને દિવસે સુરતથી શત્રુંજયતીર્થનો જલ-સ્થલ માર્ગનો નાનો સંઘ કાઢ્યો હતો. તેઓશ્રીના ઉપદેશથી મોદી પ્રેમચંદ લવજીએ શત્રુંજય તીર્થે એક મોટું જિનાલય બંધાવ્યું હતું; પણ તેની પ્રતિષ્ઠા ભટ્ટા૦ વિજયધર્મસૂરિ કાળધર્મ પામતા તેના શિષ્ય ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિના હસ્તે સં. ૧૮૪૩માં કરાવવામાં આવી હતી.

(પ્રક. ૫૭, પૃ. ૫૦ થી ૫૩)

ભટ્ટા૦ વિજયધર્મસૂરિ સં. ૧૮૪૧ના માગશર વદ ૧૦ના દિવસે મારવાડના બુલંદનગરે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. મેડતા મધ્યે સં. ૧૮૪૧માં ભંડારી ભવાનદાસે રૂા. બે હજારના ખર્ચે નિર્વાણમહોત્સવ કર્યો હતો.

(૬૭) ભટ્ટારક વિજયજિનેન્દ્રસૂરિ

મારવાડમાં શુદ્ધદંતિ (સોજલ)માં મહેતા હરખચંદની ધર્મપત્ની ગમનાબાઈની કુક્ષિએ સં. ૧૮૦૧માં એમનો જન્મ થયો હતો. સં. ૧૮૧૭માં દીક્ષા થઈ. સં. ૧૮૪૧ના માગશર સુદ પાંચમને દિવસે આચાર્યપદે અને સં. ૧૮૪૧ના મહા સુદ ૧૦ ને દિવસે ગચ્છના નાયકપદે સ્થાપવામાં આવ્યા. ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિના શુભ હસ્તે સુરતના સંઘવી પ્રેમચંદ મોદીએ શ્રી શત્રુંજયગિરિ પર બંધાવેલાં વિશાળ શ્રી સર્વતોભદ્ર જિનપ્રાસાદે (જે મોદી પ્રેમચંદની ટૂક–નામે પણ પ્રસિદ્ધ છે તેમાં) સં. ૧૮૪૩ના માઘ સુદ ૧૧ના દિવસે અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી.

ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિના હાથે શેઠ જગમાલે સં. ૧૮૪૮ના વૈશાખ વદ ૬ ને શુક્રવારે ગિરનાર તીર્થમાં શ્રી નેમિનાથની ટૂકમાં મુખ્ય જિનાલયની પાછળ ભ૦ આદિનાથ જિનાલયની પ્રતિષ્ઠા કરાવી. શેઠ જગમાલ તીર્થની વ્યવસ્થા કરતા હતા. (જુઓ ભા. ૪, આવૃત્તિ પ્રથમ, પ્રક. ૬૬, પૃ. ૩૯૫)

ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિની અધ્યક્ષતામાં (૧) સં૦ પ્રેમચંદ મોદી સુરતી, (૨) શા૦ ગોવિંદજી મશાલિયા રાધનપુરના અને (૩) લીંબડીના દીવાન શેઠ ઉદયરામજી – એ ત્રણેએ સંઘપતિ બની સુરતથી ગુજરાતના મોરવાડાનો શ્રી ગોડી પાર્શ્વનાથનો છ'રી પાળતો સંઘ કાઢી સં. ૧૮૫૨ ચૈત્ર વદ બીજના રોજ યાત્રા કરી સંઘમાળ પહેરી.

ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિએ સં. ૧૮૬૦માં, સુરતમાં શા૦ પ્રેમચંદ ઝવેરચંદ ઓશવાલ અને અન્ય શ્રાવકો દ્વારા ભરાવેલાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

તેમણે શ્રી શત્રુંજયતીર્થે છાલાકુંડની ઉપર શ્રીપૂજની ટૂકની પ્રતિષ્ઠા કરી. તેનું બીજું નામ જિનેન્દ્રટૂક પણ છે. ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિએ સિરોહીમાં પણ જિનેન્દ્રટૂકની સ્થાપના કરી હતી. તેઓએ રાંતેજમાં બાવન દેરીવાળા જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરી હતી. (જુઓ ભા. ૪, આવૃત્તિ પ્રથમ, પ્રક. ૬૭, પૃ. ૪૦૨; પ્રક. ૬૮, પૃ. ૪૧૨)

સં. ૧૮૬૦ના વૈશાખ સુદ પાંચમે શા૦ ગટ્ટાભાઈ લલ્લુભાઈએ શત્રુંજયતીર્થમાં પાંચ પાંડવોના દેરાસરમાં સહસ્રકૂટ બનાવ્યો, જેની પ્રતિષ્ઠા ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિના હસ્તે થઈ હતી. (પ્રક. ૬૧, પૃ. ૪૩૮.)

તેઓશ્રી સં. ૧૮૮૪ના પોષ વદ ૧૧ના સિરોહીમાં (કે શિહોરમાં) સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા.

(૬૮) ભટ્ટારક વિજયદેવેન્દ્રસૂરિ

મારવાડના સેવાત્રનગરમાં જન્મ. શ્રીશત્રુંજયતીર્થની છાયામાં પાલિતાણામાં દીક્ષા. ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિએ સં. ૧૮૭૭માં, શિરોહીમાં આચાર્યપદે સ્થાપ્યા.

સં. ૧૮૮૪ના મહા સુદ ૧ના ભટ્ટારકપદે સ્થાપ્યા. આ પ્રસંગે ઉદયપુરના મહારાણા યુવાનસિંહજીએ ચામર, છડી, અંગીર, પાલખી અને દુશાલા (કિંમતી બેવડી શાલ) મોકલી. ભટ્ટા૦ વિજયદેવેન્દ્રસૂરિના પ્રતિષ્ઠાલેખો સં. ૧૯૨૪ સુધીના મળે છે. તેમના પટ્ટધર શ્રી વિજયધરણેન્દ્રસૂરિ થયા. ઉનામાં આ૦ હીરવિજયસૂરિના અગ્નિસંસ્કાર સ્થાન 'શાહીબાગ'માં ઉપરોક્ત દરેક ભટ્ટારકોની ચરણપાદુકાની દેરીઓ છે.

૬૯. ભટ્ટા૦ વિજયધરણેન્દ્રસૂરિ.

(નોંધ : ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આ પાટપરંપરા 'વિજયભટ્ટારક' નામે ઓળખાય છે. આ માટે જુઓ આ જ પ્રકરણમાં પૃ. ૪૪૨–૪૪૩)

શિષ્યો અને શિષ્યપરંપરા –

આ૦ વિજયસિંહસૂરિ અને ઉપા૦ કનકવિજયગણિને ઘણા શિષ્યો હતા. ૧. મહો૦ ઉદયવિજયગણિ, ૨. પં૦ સત્યવિજયગણિ, ૩. પં૦ વીરવિજયગણિ,* ૪. પં૦ ભાવવિજયગણિ, ૫. પં૦ હર્ષવિજયગણિ વગેરે. તેમાંથી કોઈ કોઈ સંવેગી મુનિ બન્યા અને કેટલાય યતિ બની રહ્યા. તે સૌની શિષ્યપરંપરા ચાલી હતી. તે આ પ્રકારે –

આ૦ વિજયસિંહસૂરિની શિષ્યપરંપરા

સંવેગી વિજયપરંપરા પહેલી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ (સ્વ. સં. ૧૭૦૮).

૬૨ પં૦ સત્યવિજયગણિ.

૬૩ પં૦ કપૂરવિજયગણિ.

૬૪ પં૦ ક્ષમાવિજયગણિ.

યતિ શિષ્યપરંપરા બીજી –

૬૧ ભટ્ટા૦ વિજયસિંહસૂરિ.

૬૨ પં૦ સત્યવિજયગણિ.

૬૩ પં૦ જયવિજયગણિ – સંભવ છે કે યતિ રહ્યા હોય.

૬૪ પં૦ મેઘવિજયગણિ – તે શત્રુંજયતીર્થની રક્ષામાં નિમાયા હતા.

૬૫ પં૦ સુખવિજય.

★ અમારી પાસે એક 'કાલચક્રસજ્ઝાય'નું પાનું છે. તેના પ્રારંભમાં લખ્યું છે કે – "॥૬૦॥ ભટ્ટારક ૧૯ શ્રી વિજયસિંહસૂરિશિષ્ય પંડિત શ્રી ૫ વીરવિજયગણિ ગુરુભ્યો નમો નમઃ" આમાં ૧૯ અને ૫ એ બે અંકો તેમના પદસૂચક છે.

૬૬ પં૦ ચંદ્રવિજયગણિ – તે સં. ૧૭૭૮ના (આસો સુદ ૫ના રોજ) વડોદ ગામમાં ચોમાસું હતા.

યતિ શિષ્યપરંપરા ત્રીજી –

૬૧ મહો૦ કનકવિજયગણિ (ભટ્ટા૦ વિજયસેનસૂરિના પિતાથી જુદા) – તે આ૦ વિજયસિંહસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

૬૨ મહો૦ પુણ્યવિજયગણિ – તે ભટ્ટા૦ વિજયાનંદસૂરિ પક્ષના યતિ રહ્યા હોય.

૬૩ પં૦ ગુણવિજય – તે મહો૦ કનકવિજયગણિના હસ્તદીક્ષિત શિષ્ય હતા. તેમણે સં. ૧૬૭૨માં 'વિજયસેનસૂરિ નિર્વાણ સજ્ઝાય', સં. ૧૬૮૩માં 'જયચંદરાસ', સં. ૧૬૮૭ (સં. ૧૬૯૩)ના આસો વદ ૯ના ડીસામાં 'કોચર વ્યવહારિયા રાસ' રચ્યો છે.

૬૪ પં૦ માનવિજય – તે મોટા વિદ્વાન હતા.

૬૫ પં૦ વિમલવિજયગણિ. (૬૫) પં૦ સુરવિજયગણિ.

૬૬ પં૦ વિનીતવિજયગણિ – તેમણે સં. ૧૬૭૧ના મહા વદિ ૩ ને રવિવારે ભટ્ટા૦ વિજયઋદ્ધિસૂરિના શાસનમાં જાલોરમાં શ્રી ગોડી પાર્શ્વનાથની કૃપાથી શ્રી રામચંદ્ર શ્રમણ રચિત 'સિદ્ધાંતચંદ્રિકા' લખી. (૬૬) પં૦ વીરવિજયગણિ.

૬૭ મહો૦ રત્નવિજયગણિ – તેઓ પં૦ વિનીતવિજયગણિના શિષ્ય હતા. સં. ૧૭૩૦માં વિદ્યમાન હતા. (૬૭) પં૦ ખીમાવિજયગણિ.

(શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા. ૨, પ્રશ. નં. ૯૨૦)

૬૮ પં૦ અમરવિજયગણિ – તેમણે સં. ૧૭૮૮ના કારતક સુદ ૫ના બાલુસણમાં 'ચઉસરણ પઈન્નય'ની પ્રતિ લખી.

વિજયભટ્ટારક પરંપરા ચોથી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ.

૬૨ ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ (પં૦ વીરવિજયગણિ) – તે ક્રિયોદ્ધાર કરવા તૈયાર હતા પણ ભટ્ટા૦ વિજયદેવસૂરિએ તેમને ભટ્ટારક બનાવ્યા. (તેમનો અને તેમની પરંપરાનો વિગતે પરિચય પૃ. ૪૪૧ થી ૪૪૮ જુઓ)

૬૩ ભટ્ટા૦ વિજયરત્નસૂરિ.

૬૪ ભટ્ટા૦ વિજયક્ષમાસૂરિ.

૬૫ ભટ્ટા૦ વિજયદયાસૂરિ.

૬૬ ભટ્ટા૦ વિજયધર્મસૂરિ.

૬૭ ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિ.

૬૮ ભટ્ટા૦ વિજયદેવેન્દ્રસૂરિ.

૬૯ ભટ્ટા૦ વિજયધરણેન્દ્રસૂરિ.

૭૦ ભટ્ટા૦ વિજયરાજેન્દ્રસૂરિ.

૭૧ ભટ્ટા૦ વિજયમુનિચંદ્રસૂરિ.

૭૨ ભટ્ટા૦ વિજયકલ્યાણસૂરિ.

તપાગચ્છના ગચ્છનાયકો અને ગીતાર્થો યોગ્ય મુનિ કે યતિને ગચ્છનાયક બનાવતા હતા. જેમ કે ભટ્ટા૦ વિજયદેવસૂરિએ પં૦ વીરવિજયને ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ નામે આચાર્યપદ અને ભટ્ટારકપદ આપી ગચ્છનાયક બનાવ્યા.

વિમલશાખાના ભટ્ટારકે મુનિ કીર્તિવિમલને ગચ્છનાયક બનાવ્યા.

વાચનાચાર્ય માણેકસિંહસૂરિને ગચ્છનાયક બનાવ્યા, જે ફરી વાર સંવેગી મુનિ બન્યા હતા. સંઘે મુનિ મોતીવિજયજીને ગચ્છનાયક બનાવ્યા હતા.

શિષ્યપરંપરા પાંચમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ.

૬૨ મહો૦ ઉદયવિજયગણિ – તેમને ભટ્ટા૦ વિજયદેવસૂરિએ દીક્ષા આપી અને ઉપા૦ કનકવિજયગણિના શિષ્ય બનાવ્યા. તેમણે સં. ૧૭૨૮માં કિસનગઢમાં દિવાળીના રોજ 'શ્રીપાલરાસ' રચ્યો. તેની પ્રશસ્તિમાં તેમણે સમકાલિન ઐતિહાસિક હકીકતો નોંધી છે.

ભટ્ટા૦ વિજયપ્રભસૂરિએ સં. ૧૭૨૯માં સોજતમાં તેમને પંન્યાસ બનાવ્યા અને તે પછી મહોપાધ્યાય બનાવ્યા. તેમણે કિસનગઢમાં શામળિયા પાર્શ્વનાથના જિનાલયમાં આ૦ વિજયસિંહસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી.

(કિસનગઢ અને આ વિશે જુઓ પ્રક. ૬૧, પૃ. ૪૫૮ થી ૪૬૦ પછી.)

તેમણે દિવાળીનાં પાંચ પાંચ કડીના બે પદો બનાવ્યા હતાં, જે સજ્ઝાય તરીકે પ્રસિદ્ધ છે.

૬૩ પં૦ દેવવિજયગણિ – સં. ૧૭૬૦.

૬૪ પં૦ રવિવિજય – સં. ૧૭૨૫ આસો સુદ ૮. (૬૪) મુનિ કલ્યાણ-વિજય – સં. ૧૭૮૧.

શિષ્યપરંપરા છઠ્ઠી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ.

૬૨ ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ ભાણવિજયગણિ – તેઓ આ૦ વિજયસિંહસૂરિના શિષ્ય હતા.

સં. ૧૭૩૨ થી ૧૭૩૫ વચ્ચે તેઓ મહો૦ વિનયવિજયગણિની સાથે ઉજ્જૈન ચાતુર્માસ હતા. તેમના શિષ્ય પં૦ નયવિજયગણિએ 'સિદ્ધચક્રસ્તુતિ' રચી.

૬૪ મહો૦ લાવણ્યવિજયગણિ – તે ભટ્ટા૦ વિજયદેવસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય અને પં૦ ભાણવિજયના દીક્ષાશિષ્ય હતા.

ભટ્ટા૦ વિજયદેવસૂરિએ તેમને ઉપાધ્યાય બનાવ્યા હતા. તે ભટ્ટા૦ વિજયદેવસૂરિ, ભટ્ટા૦ વિજયસિંહસૂરિ, ભટ્ટા૦ વિજયપ્રભસૂરિના ઉપાધ્યાય હતા. તે શાંત, તપસ્વી, ત્યાગી અને મોટા વિદ્વાન હતા. તપાગચ્છના ગીતાર્થોમાં તેમનું ઊંચું સ્થાન હતું. મહો૦ માનવિજયગણિ તેમનો આ પ્રકારે પરિચય આપે છે –

"सिद्धान्त-व्याकरण-छन्दः काव्यादिशास्त्र निष्णातैः ॥
लावण्यविजयवाचकशक्रैः समशोधि शास्त्रमिदम् ॥१३॥

(–ધર્મસંગ્રહ પ્રશસ્તિ)

એટલે મહો૦ લાવણ્યવિજયગણિ સમકાલિન તપાગચ્છના ઉપાધ્યાયોમાં સૌથી મોટા હતા. સર્વમાન્ય હતા. તેમણે સં. ૧૭૩૧ના વૈશાખ સુદ ૩ના મહો૦ માનવિજયગણિકૃત 'ધર્મસંગ્રહ'નું સંશોધન કર્યું હતું.

૬૫ પં૦ મેરુવિજયગણિ.

૬૬ પં૦ વિનીતવિજયગણિ – તેઓ ભટ્ટા૦ વિજયદેવસૂરિ સાથે ઔરંગાબાદમાં હતા. તેમણે 'જિનસ્તવન ચોવીસી' રચી હતી.

શિષ્યપરંપરા સાતમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ ભાણવિજયગણિ. ૬૪ મહો૦ લાવણ્યવિજયગણિ.

૬૫ ઉપા૦ લક્ષ્મીવિજયગણિ – તે આ૦ વિજયસિંહસૂરિના શિષ્ય પં૦ હર્ષવિજયગણિના અથવા પં૦ ભાણવિજયગણિના દીક્ષા-શિષ્ય હતા અને મહો૦ લાવણ્યવિજયગણિના વાચના-શિષ્ય હતા.

૬૬ પં૦ તિલકવિજયગણિ – તેમણે સં. ૧૭૩૩ના કારતક સુદ ૯ ને શનિવારે રોહિણી નક્ષમાં ..... રચના કરી.

૬૭ પં૦ હસ્તિવિજયગણિ.

૬૮ પં૦ નેમવિજયગણિ – લઘુભ્રાતા પં૦ રૂપવિજયગણિ તે સં. ૧૭૬૫માં વિદ્યમાન હતા.

શિષ્યપરંપરા આઠમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ ભાણવિજયગણિ. ૬૪ મહો૦ લાવણ્યવિજયગણિ.

૬૫ ઉપા૦ લક્ષ્મીવિજયગણિ.

૬૬ પં૦ અમરવિજયગણિ – તેમણે સં. ૧૭૭૦માં નડિયાદના ચોમાસામાં 'સુરતના સં૦ પ્રેમજીના સંઘનો રાસ' (કડી : ૧૬૧) રચ્યો છે.

૬૭ પં૦ સૌભાગ્યવિજયગણિ.

૬૮ મુનિ જિતવિજય – તેમણે સં. ૧૮૧૦ના કારતક સુદ ૧૩ ને ગુરુવારે સુરતમાં 'ધન્ના–શાલિભદ્ર રાસ' લખ્યો, જે પં૦ જિનવિજયગણિએ સં. ૧૭૯૯ના શ્રાવણ વદ ૧૦ના રોજ સુરતમાં રચ્યો હતો.

શિષ્યપરંપરા નવમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ ભાણવિજયગણિ. ૬૪ મહો૦ લાવણ્યવિજયગણિ.

૬૫ પં૦ મહિમાવિજયગણિ.

૬૬ પં૦ નિત્ય (નીતિ) વિજયગણિ – જુઓ ૧૦મી પરંપરા.

૬૭ પં૦ જસવિજયગણિ – તે સં. ૧૮૧૦ ચૈત્ર સુદ ૧૦ના વિદ્યમાન હતાં.

૬૮ પં૦ ચંદ્રવિજયગણિ – તે પં૦ નીતિવિજયના દીક્ષાશિષ્ય હતા. સં. ૧૮૬૫ના પ્રથમ જેઠ સુદિ ૩ના રોજ ગોલવાડ–મારવાડના સેવાડી ગામમાં વિદ્યમાન હતા.

શિષ્યપરંપરા દશમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ ભાણવિજયગણિ. ૬૪ મહો૦ લાવણ્યવિજયગણિ.

૬૫ પં૦ મહિમાવિજયગણિ.

૬૬ પં૦ નિત્ય (નીતિ) વિજયગણિ – તેઓ મહો૦ લાવણ્યવિજયના હસ્તદીક્ષિત શિષ્ય હતા. તેઓ કવિ હતા. તેમણે સં. ૧૭૪૫ના વૈશાખ સુદ ૨ ને શુક્રવારે સુરત બંદરમાં સાધ્વી માણેકશ્રીજીની શિષ્યા સાધ્વી પ્રેમશ્રીની વિનંતીથી 'નવસ્મરણનો ટબો' લખાવ્યો.

૬૭ પં૦ દેવવિજયગણિ – તેઓ ભટ્ટા૦ વિજયક્ષમાસૂરિના મોટા ભાઈ હતા. તે સં. ૧૭૮૧માં ઘોઘામાં વિદ્યમાન હતા.

(૬૭) પં૦ ગંગવિજય – તેમણે સં. ૧૭૭૦ના કારતક સુદ ૧૩ ને શનિવારે માતરમાં ચોમાસામાં પં૦ દેવવિજયગણિથી અક્ષરજ્ઞાન પામી દાન પ્રબંધના આધારે 'વીરસેન-કુસુમરાસ' રચ્યો છે.

૬૮ પં૦ કપૂરવિજયગણિ.

૬૯ મુનિ ખીમાવિજય – તે સં. ૧૭૭૭માં સિદ્ધપુરમાં ચોમાસું હતા. સં. ૧૭૮૧માં તક્ષનગરમાં અને સં. ૧૭૮૩માં પાટણમાં ચોમાસું હતા.

૬૯ મુનિ ઋદ્ધિવિજયજી – તે મુનિ ખીમાવિજયના ગુરુભાઈ હતા. સં. ૧૭૭૬માં સાંતલપુરમાં હતા.

શિષ્યપરંપરા અગિયારમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ ભાણવિજયગણિ – સંભવ છે કે તેમનું બીજું નામ ભાનુવિજય હોય.

૬૪ પં૦ જિનવિજયગણિ – તેમણે સં. ૧૭૯૯ના શ્રાવણ વદ ૧૦ ને ગુરુવારે સુરતમાં 'ધન્ના–શાલિભદ્રરાસ' રચ્યો છે.

શિષ્યપરંપરા બારમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ ભાણવિજયગણિ.

૬૪ પં૦ રાજવિજયગણિ – તે સં. ૧૭૮૨માં રાનેરમાં હતા. તેમણે મેતાર્યમુનિની સજ્ઝાય અને રુક્મિણીની પૂર્વભવની 'વિચરંતા ગામો ગામ... આ છે લાલ' એ સજ્ઝાય રચી છે ને તે બહુ લોકપ્રિય બની છે.

શિષ્યપરંપરા તેરમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ હર્ષવિજયગણિ – તે પં૦ કનકવિજયના હસ્તદીક્ષિત શિષ્ય હતા. ભટ્ટા૦ વિજયસેનસૂરિના હાથે પંન્યાસ બન્યા; પરંતુ તે ભટ્ટા૦ વિજયપ્રભસૂરિની આજ્ઞામાં રહેતા હતા, તેથી તેમના શિષ્ય મનાતા હતા.

શિષ્યપરંપરા ચૌદમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ હર્ષવિજયગણિ.

૬૪ લક્ષ્મીવિજયગણિ – તે પં૦ હર્ષવિજયગણિના શિષ્ય હતા અને મહો૦ લાવણ્યવિજયગણિના વિદ્યાશિષ્ય હતા, તેથી તેઓ બંનેના શિષ્ય મનાતા હતા.

૬૫ ..... ૬૬ પં૦ રામવિજયગણિ.

૬૭ પં૦ પ્રેમવિજયગણિ – તે પં૦ રામવિજયગણિના શિષ્ય હતા. તેઓ સં. ૧૭૭૧માં ધમકડામાં હતા. તેઓ તથા તેમના ગુરુભાઈ મુનિ હેમવિજય સં. ૧૮૦૬માં નંગી ગામમાં હતા.

શિષ્યપરંપરા પંદરમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ હર્ષવિજયગણિ.

૬૪ પં૦ પ્રીતિવિજયગણિ – સંઘપતિ રંગજી વીશા પોરવાડ બુરહાનપુરનો વતની હતો. તેણે મગશી, ફલોધિ, રાણકપુર, વરકાણા, આબૂ, અચલગઢ અને

ગોડી પાર્શ્વનાથ તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. આથી તે સંઘપતિ કહેવાયો. તેને સં૦ ગોડીદાસ નામે પુત્ર હતો. પં૦ પ્રીતિવિજયે સં૦ ગોડીદાસને માટે 'માધવાનલ ચોપાઈ' લખી હતી.

શિષ્યપરંપરા સોળમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ લબ્ધિવિજયગણિ – તેઓ તથા તેમના શિષ્ય પં૦ દીપવિજયગણિ સં. ૧૭૭૭માં ધમકડામાં હતા.

૬૪ પં૦ દીપવિજયગણિ.

શિષ્યપરંપરા સત્તરમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ ઋદ્ધિવિજયગણિ – તેમણે સં. ૧૭૫૭ના આસો વદ ૨ના રોજ મુનિ દેવપાલને ભણવા માટે વીસનગરમાં 'ભુવનદીપક' નામક ગ્રંથ લખ્યો.

૬૪ પં૦ ગુણવિજયગણિ – તેમણે સં. ૧૭....ના ચૈત્ર સુદ પના સાદડીમાં 'ભુવનદીપકનો ટબો' રચ્યો.

૬૫ પં૦ યશોવિજયગણિ – સં. ૧૭૭૦.

શિષ્યપરંપરા અઢારમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ પં૦ પ્રેમવિજયગણિ – તે સં. ૧૭૬૧માં ઔરંગાબાદમાં હતા.

૬૪ પં૦ કાંતિવિજયગણિ -- તેમણે સં. ૧૭૬૯માં ડભોઈમાં 'એકાદશી સ્તવન', સં. ૧૭૭૫માં પાટણમાં 'મહાબલ–મલયાસુંદરીરાસ', સં. ૧૭૯૯માં રાધનપુરમાં 'સૌભાગ્યપંચમી માહાત્મ્ય સ્તવન', 'હીરાવધબત્રીશી', 'આઠમનું સ્તવન', 'જિનસ્તવન ચોવીશી' વગેરે કૃતિઓ રચી હતી.

શિષ્યપરંપરા ઓગણીસમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.

૬૩ મહો૦ વિમલવિજયગણિ – તેઓ ૬૩મા ભટ્ટા૦ વિજયરત્નસૂરિના મોટા સહોદર હતા. દીક્ષાવસ્થામાં ગુરુભ્રાતા હતા.* તેમજ તેમના ઉપાધ્યાય હતા.

★ પં૦ વિમલવિજયજી ઘણા થયા છે. તે આ પ્રમાણે –

(૧) વિજયદેવસૂરિસંઘના ભટ્ટા૦ વિજયપ્રભસૂરિના શિષ્ય મહો૦ વિમલવિજય.

(૨) વિજયાનંદસૂરિસંઘના ભટ્ટા૦ વિજયમાનસૂરિના શિષ્ય મહો૦ વિમલવિજય.

(૩) મહો૦ ધનવિજયગણિના શિષ્ય પં૦ વિમલવિજય (પ્રક. ૫૮)

(૪) મહો૦ કનકવિજયગણિની પરંપરાના પં૦ માનવિજયગણિના શિષ્ય પં૦ વિમલ-વિજય.

તે સં. ૧૭૩૨ થી ૧૭૩૫ સુધી પંન્યાસ હતા. તે સં. ૧૭૩૫ના ચૈત્ર સુદ ૭ના રોજ આગરામાં હતા.

૬૪ મહો૦ શુભવિજયગણિ – તે ૬૭મા ભટ્ટા૦ વિજયજિનેન્દ્રસૂરિના ઉપાધ્યાય હતા.

૬૫ પં૦ રામવિજયગણિ – તેઓ મહો૦ વિમલવિજયના હસ્તદીક્ષિત તથા વિદ્યાશિષ્ય પણ હતા. પં૦ રામવિજયગણિએ ઘણા ગ્રંથો રચ્યા છે. (પં૦ રામવિજયજી પણ ઘણા થયા છે.)

શિષ્યપરંપરા વીસમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.
૬૩ મહો૦ વિમલવિજયગણિ. ૬૪ મહો૦ શુભવિજયગણિ.
૬૫ ઉપા૦ નયનવિજયગણિ. (૬૫) પં૦ હસ્તિવિજયગણિ.

૬૬ પં૦ ભક્તિવિજયગણિ – તે પં૦ હિત(હસ્તિ)વિજયગણિના શિષ્ય હતા.

૬૭ પં૦ શુભવિજયગણિ – તે પં૦ હસ્તિવિજયગણિના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

શિષ્યપરંપરા એકવીસમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.
૬૩ મહો૦ વિમલવિજયગણિ. ૬૪ મહો૦ શુભવિજયગણિ.
૬૫ પં૦ હિતવિજયગણિ.
૬૬ પં૦ માણેક્યવિજયગણિ.
૬૭ પં૦ પદ્મવિજયગણિ.
૬૮ પં૦ જિતવિજયગણિ.*

શિષ્યપરંપરા બાવીસમી –

૬૧ આ૦ વિજયસિંહસૂરિ. ૬૨ આ૦ વિજયપ્રભસૂરિ.
